स्वामी भार्गव नानन्यौगिर

...i Ma Anandamayi Asram,
...2/44, Bhadaini,
VARANASI (U.P.)

स्वामी भागवतानन्द गिरि

(गीता)

प्रवचन सुधा

Sri Ma Anandamayi Asram,
B 1/24, Bhadaini,
P.O. VARANASI
(U.P.)

(મહેશ્વર ગ્રન્થમાળા – તૃતીય પુષ્પ)

હરિઃ ૐ તત્સત્

કૃષ્ણં વન્દે જગદ્‌-ગુરુમ્ ।

સર્વશાસ્ત્રમયી ગીતા ।

ગીતાના સાતમા અધ્યાયની

પ્રવચન–સુધા

(મુંબઈ વિલા-પાર્લા, સંન્યાસાશ્રમમાં શ્રીમત્પરમહંસ, પરિવ્રાજકાચાર્ય, શ્રોત્રિય, બ્રહ્મનિષ્ઠ, સકલ-નિગમાગમ-શાસ્ત્રનિષ્ણાત, સ્વામી મહેશ્વરાનન્દજી મહારાજ મહામંડલેશ્વર દ્વારા ગીતા પર અપાયેલાં સાતમા અધ્યાયનાં પ્રવચનોનો સંગ્રહ.)

અનુવાદક – શ્રી શાન્તિલાલ ઠાકર

प्रवचन-सुधा सेयं, शास्त्रदृष्टान्तसंस्कृता ।
लोकाज्ञानविषं हत्वा, मोदं सृजतु निर्भरम् ॥

શાસ્ત્રીય દૃષ્ટાન્તોથી સંસ્કારાયેલી આ પ્રવચન-સુધા લોકોના અજ્ઞાનરૂપી વિષને હણીને ખૂબ આનંદ સર્જો.

વિક્રમ સંવત્ ૨૦૧૨] [ઈ. સ. ૧૯૫૬

: પ્રકાશક :

શ્રી કાશીવિશ્વેશ્વર–આધ્યાત્મિક–
સંસ્કૃત–મહાવિદ્યાલય–સંન્યાસાશ્રમ–
વિલે–પારલા–મુંબઈ.

શ્રી વિશ્વનાથો વિજયતેતરામ્ ।
વન્દે વિશ્વેશ્વરં વિભુમ્ ।

गीताज्ञानामृतस्नानं, संसारमलनाशनम् ।
तत्र ये रसिकाः सन्ति, देवास्तेऽजामृताभयाः ।

ગીતા જ્ઞાનરૂપી અમૃતમાં સ્નાન સંસારના મલનો નાશ કરનારું છે, તેના જે રસિક લોકો છે, તે જન્મરહિત, અમર, ભયરહિત દેવો છે.

अर्था हसन्त्युचितदानविहीनलुब्धं,
भूम्यो हसन्ति मम भूमिरिति ब्रुवाणम् ।
अक्षा हसन्ति विषयेष्वधिरूढचित्तं,
मृत्युर्हसत्यमृतभक्तिविहीनमूढम् ॥

યોગ્ય દાન ન કરનાર લોભી પુરુષને ધનસંપત્તિ હસે છે, 'મારી જમીન છે' એમ કહેનારને ભૂમિ હસે છે, વિષયલંપટ પુરુષને ઇન્દ્રિયો હસે છે, પરમાત્માની ભક્તિ વિનાના મૂઢ પુરુષને મૃત્યુ હસે છે.

મૂલ્ય : રા। રૂપીઆ–મૂળ કીંમતથી પણ ઓછું.
પોસ્ટેજ–જુદું.

ગ્રન્થ મળવાનું સ્થાન :—
સંસ્કૃત વિદ્યાલય, સંન્યાસાશ્રમ, વિલે–પારલા, મુંબઈ.

: પ્રકાશક :
કોઠારીજી સ્વામી નારાયણગિરિજી
સંન્યાસાશ્રમ, વિઠ્ઠલભાઈ પટેલ રોડ,
વિલે–પારલા, મુંબઈ ૧૪.

: મુદ્રક :
શ્રી હરિહર પ્રિન્ટિંગ વર્ક્સ,
ખાડિયા, ચાર રસ્તા, ગોલવાડ,
અમદાવાદ.

શ્રી વિશ્વનાથો વિજયતેતરામ્



શ્રી કનખલ-હરિદ્વારવાસ્તવ્ય, શ્રીમત્પરમહંસ પરિવ્રાજકાચાર્ય, શ્રોત્રિય
બ્રહ્મનિષ્ઠ ન્યાયમાર્તણ્ડ, વેદાંતવાગીશ વિદ્યાવારિધિ દાર્શનિક સાર્વભૌમ
શ્રી ૧૦૦૮ સ્વામીશ્રી મહેશ્વરાનન્દજી મહારાજ મહામંડલેશ્વર

शशिनिमः श्रीशङ्करः पातु माम्।

हरिः ॐ तत्सत्

निष्कामतानो प्रशस्त आदर्श, तथा धन्यवाद तथा शुभ आशीर्वाद—

मुंबई निवासी, धर्मनिष्ठ, उदारहृदय, श्रीमान એક શેઠના (નામ છાપવાની અનુમતિ નથી) પ્રશસ્ત દ્રવ્યવ્યયથી છપાઈને આ 'પ્રવચનસુધા' આપ સજ્જન પાઠકોના હાથમાં આવી રહી છે, તે બહુ પ્રસન્નતાની વાત છે. ખૂબ આગ્રહ કરતાં છતાં શ્રીમાન્ શેઠજીએ આમાં પોતાનું નામ પ્રકાશિત કરવાનું સ્વીકાર્યું નથી. 'આ સર્વ સામગ્રી શ્રીહરિની છે, શ્રીહરિની જ પુનિત સેવામાં સમર્પિત થઈ રહી છે. તેમાં હું કોણ? અને મારું નામ કોણ? નામ પ્રગટ કરવાથી પણ શું થશે? નામનો પણ નાશ થાય છે. સંસારનાં નામરૂપ કદાપિ અવિનાશી હોઈ શકતાં નથી. અવિનાશી તો એક માત્ર સચ્ચિત્સુખઘન, વિશ્વાત્મા, ભગવાન્, શ્રીહરિ જ છે.' આ તેમની નિષ્કામતાની પ્રશસ્ત, આદર્શરૂપ પુનિત ભાવના હતી.

૮૦૦ પાનાંથી પણ વધારે પાનાંવાળા આ પુસ્તકને છપાવવામાં હજારો રૂપીઆ ખરચવા છતાં પણ નામનો મોહ ન રાખવો, તે કંઈ સાધારણ ત્યાગ નથી. માટે જ ભક્તોએ કહ્યું છે કે—'કાંચન તજનો સહજ હૈ, સહજ તિયાકો નેહ, માન–બડાઈ ઈર્ષ્યા, તુલસી દુર્લભ યેહ.' રૂપના મોહની પેઠે, નામનો પણ મોહ ભગવત્કૃપામાં તથા તત્ત્વજ્ઞાનમાં પ્રતિબંધક છે. તેથી જે નામનો પણ મોહ છોડીને, અજ્ઞાતરૂપે જનતા–જનાર્દનની સેવા કરવાનો પ્રશસ્ત (સુંદર) ભાવ રાખે છે, તેના ઉપર શ્રીભગવાનની વિશેષ

કૃપા થાય છે, અને તે ભગવત્કૃપા વડે પ્રાપ્ત થતી તત્ત્વજ્ઞાન-પ્રાપ્તિની યોગ્યતાને મેળવી લે છે.

કેટલાક શ્રીમંત, ધર્મભીરુ, સદ્‌ગૃહસ્થો વિના મૂલ્યે, ધર્માદા-રૂપે પુસ્તક લેવામાં સંકોચ રાખે છે, અને અમૂલ્ય આપવાથી એવો પણ સંભવ છે કે કોઇ યોગ્ય અધિકારીને પુસ્તક મળવું જોઇએ તે ન મળે, અને અયોગ્ય અધિકારીને એક કરતાં પણ વધારે મળે; વળી એક જગ્યાએ તેનો ખૂબ ભરાવો થઇ જાય અને બીજાં સ્થળોએ તે દુર્લભ બને–આવાં અનેક કારણોને ધ્યાનમાં રાખીને આ 'પ્રવચનસુધા'નું મૂલ્ય મૂળ કીંમત કરતાં પણ કંઇક ઓછું રાખવામાં આવ્યું છે. અને સાથે-સાથે જે અસંપન્ન, યોગ્ય અધિકારી છે–દાખલા તરીકે સાધુમહાત્મા, ગરીબ વગેરે, તેમની બરાબર તપાસ કરીને, તેમને વિનામૂલ્યે પણ આ પુસ્તક આપવામાં આવશે. અને સંપન્ન અધિકારીઓ પાસેથી જે મૂલ્યરૂપે દ્રવ્ય એકઠું થશે, તેના વડે બીજાં પણ ધાર્મિક પુસ્તકોનું પ્રકાશન કરવામાં આવશે. એવી ઉચિત વ્યવસ્થા વડે આનો સદુપયોગ, સર્વત્ર પ્રસાર, નવાં પુસ્તકોનું પ્રકાશન વગેરે અનેક લાભ સિદ્ધ થશે.

ઉક્ત, અપ્રકાશિત નામવાળા, ધર્મપ્રેમી, ભગવત્સ્નેહી, ઉદારહૃદય, શ્રીમાન્ શેઠજીને ભગવાન્, અંતર્યામી, લોકલીલા-સૂત્રધાર, શ્રીવિશ્વનાથ પરિવાર સહિત સદા આનંદ–પ્રસન્ન રાખે; ખાસ કરીને સ્વાસ્થ્ય, સદ્‌બુદ્ધિ, સમૃદ્ધિ, દીર્ઘાયુષ તથા સુયશ આપે; વળી નિષ્કામ ધર્મની ભાવના, ભક્તિ જ્ઞાન વગેરે દૈવી સદ્‌-ગુણોની અભિવૃદ્ધિ દ્વારા અનેક પ્રકારનો અભ્યુદય તથા નિઃશ્રેયસ્ આત્મકલ્યાણની સિદ્ધિ થાય–તે માટે હું શ્રીભગવાનને હાથ જોડીને પ્રાર્થના કરું છું, અને શુભ આશીર્વાદ આપું છું.

તથા આ ગ્રંથનો અનુવાદ કરવા માટે, છપાવવા યોગ્ય

નકલ કરવા માટે, પ્રૂફ–સંશોધન કરવા માટે નડિયાદના સુપ્રસિદ્ધ લેખક શ્રી. શાન્તિલાલ ઠાકર ધન્યવાદ તથા શુભ આશીર્વાદ માટે યોગ્ય છે. વળી અમદાવાદના હરિહર પ્રિન્ટિંગ પ્રેસે આ છાપવાના કામમાં યોગ્ય વ્યવસ્થા કરી છે તેને માટે તેના સંચાલકને, તથા અમદાવાદ નિવાસી, અમારા સેવક ભક્ત શ્રીમાન શેઠ બહેચર-લાલ દલસુખરામ શાહને અનેક શુભ આશીર્વાદ તથા ધન્યવાદ આપવામાં આવે છે.

મુંબઈ, ૨૪
વિક્રમ સંવત ૨૦૧૨
અક્ષય તૃતીયા } સ્વામી મહેશ્વરાનંદ મંડલેશ્વર

सूक्तिं कर्णसुधां व्यनक्तु सुजनस्तस्मिन्न मोदामहे
ब्रूतां वाचमसूयको विषमुचं तास्मिन्न खिद्यामहे ।
या यस्य प्रकृतिः स तां वितनुतां किं नस्तया चिन्तया,
कुर्मस्तत्खलु कर्म जन्मनिगडच्छेदाय यज्जायते ॥

સજ્જન કર્ણપ્રિય સારું વચન બોલે છે, તેનાથી અમે પ્રસન્ન થતા નથી દોષદષ્ટિવાળો દુર્જન વિષ જેવું કટુ વચન બોલે છે, તેનાથી અમે ખિન્ન થતા નથી. જેનો જેવો સ્વભાવ હોય છે, તે ભલે તેને પ્રગટ કરે. તેની આપણે ચિંતા ન કરવી જોઈએ. અમે તો તેજ કાર્ય કરીએ છીએ, જેની દ્વારા જન્માદિ બંધન કપાઈ જાય છે.

ॐ श्रीः ॐ

प्रस्तावना ।

निवेदनं – (प्राक्कथनम्)

निर्लिप्तस्य सदात्मबोधमहितस्याज्ञानसत्साक्षिणः
का बाधा विषयैर्विषं निगिलतः स्वेच्छोपपन्नैरपि ।
किंतु ज्ञानविरोधिनोऽनृततमास्त्याज्या इमेऽलं जनै-
रित्याख्यातुमिव प्रपन्नविरतिः स्याद्वः शिवः श्रेयसे ॥१॥

નિર્લેપ, સદા આત્મ બોધથી મહાન, અજ્ઞાનના સત્ સાક્ષી, વિષનું પાન કરવાવાળા ભગવાન શંકરને સ્વેચ્છાથી પ્રાપ્ત થયેલા વિષયો વડે શી હાનિ થાય? પણ "જ્ઞાનના વિરોધી, ખૂબ મિથ્યા, આ વિષયો મુમુક્ષુજનો માટે ખૂબ ત્યજવા યોગ્ય છે" એમ કહેવા માટે જેમણે વૈરાગ્યને સ્વીકાર્યો છે તેવા શિવ તમારું કલ્યાણ કરો. (૧)

धर्मोऽर्थः किमु ? यः सदैव विषयप्राप्त्यै श्रितः कामिभिः,
नार्थोऽर्थो भवितुं प्रभुः प्रतिपलं यो दुःखसम्भारकृत् ।
का स्यात् कामहतेऽर्थनीयभणिति यः सेवितो वर्धते,
मोक्षः केवलमर्थ्यतां व्रजति वः सोऽन्विष्यतां सज्जनाः ! ॥२॥

શું ધર્મ પુરુષાર્થ છે, જેનો હમેશાં કામી પુરુષો વિષય-પદાર્થોની પ્રાપ્તિ માટે આશ્રય કરે છે? જે હરક્ષણે અનેક દુઃખો આપે છે તે ધન પુરુષાર્થ થવા માટે યોગ્ય નથી–શક્તિમાન નથી. દુષ્ટ કામ પ્રાપ્ત કરવા યોગ્ય પુરુષાર્થ કહેવાય જ કેમ, કે જેનું સેવન કરતાં જે વૃદ્ધિને પામે છે? હે સજ્જનો, કેવળ મોક્ષજ આપે પ્રાપ્ત કરવા યોગ્ય પુરુષાર્થ છે, તેની ખોજ કરો. (૨)

नासौ क्वपि गतः सदैव भवतामन्तर्बहिः संस्थितः,
किन्त्वज्ञानवशादितस्तत इमे समार्गयन्ते मुधा ।

ज्ञानादेव भवेत्तदाप्तिरथ तत्स्यात् सदगुरोराश्रयात्,
'स प्राप्तव्य' इति श्रुतेरपि मतं किन्त्वस्त्यसौ दुर्लभः ॥ ३ ॥

તે મોક્ષ ક્યાંયે ગયો નથી. હંમેશાં આપની અંદર અને બહાર તે રહેલો છે. પણ અજ્ઞાનને લઇને આ લોકો વ્યર્થ તેને આમ તેમ ગોતે છે. જ્ઞાનથી જ તેની પ્રાપ્તિ થાય છે. જ્ઞાન સદ્ગુરૂના આશ્રયથી થાય છે. તે સદ્ગુરૂને પ્રાપ્ત કરવા જોઇએ. એવો શ્રુતિનો પણ મત છે. પણ તે દુર્લભ છે. (૩)

सौभाग्याज्जगतामनादिसमयात् केचिद् दयार्द्राः स्वयं
तत्त्वं बोधयितुं भ्रमन्ति भुवने सन्त्यक्तसङ्गा अपि।
सेयं साधुपरम्पराद्य कलिना दुष्टेऽपि लोके स्थिरा,
दुःखं यन्न सहन्त एतदधुना केचिन्युधा शासकाः ॥ ४ ॥

અનાદિ કાળથી જગતના સદ્ભાગ્યને લઇને કેટલાક દયાળુ મહાત્માઓ, નિઃસંગ હોવા છતાં, પોતે જાતે જ તત્ત્વનો બોધ કરવા માટે ભ્રમણ કરે છે. કલિયુગને લઈને દુષ્ટ બની ગયેલા લોકમાં આજે પણ તે સદ્ગુરુઓની પરંપરા સ્થિર છે. દુઃખની વાત છે કે હાલમાં કેટલાક ખોટા શાસનકારો તેને સહી શકતા નથી. (૪)

अक्षुण्णां तां विधातुं विदितकनखले बंगलाऽऽख्ये सुपीठे,
प्राप्तैः प्रेष्ठां प्रतिष्ठां सुविदितसकलश्रौततत्त्वैर्निरीहैः।
अद्वैतानन्दभाग्भिः सुविमलमतिभिः श्रीमहेशादिवाच्यैः,
श्रीमद्भिर्मण्डलेशैर्व्यरचि बहुविधं ग्रन्थजातं हितार्थम् ॥५॥

તે પરંપરાને વિઘ્નરહિત ચાલુ રાખવા માટે કનખલમાં 'બંગલા' નામથી વિખ્યાત સુંદર પીઠમાં પ્રિય પ્રતિષ્ઠાને પ્રાપ્ત થયેલા, સકળ શ્રુતિઓના તત્ત્વને જાણનારા, ઇચ્છારહિત, અદ્વૈતના આનંદને

ભોગવતા, અતિશય નિર્મળ બુદ્ધિવાળા, શ્રીમહેશ્વરાનંદ નામના મંડળેશ્વરે હિતકારી અર્થવાળાં, અનેક પુસ્તકો રચ્યાં છે. (૫)

तेषामेषाऽतिचित्रा श्रुतिशतपरमार्थावबोधोपयुक्ता,
नानावादोत्थतत्त्वप्रविशदनपरा युक्तियुक्ता सुरम्या ।
श्रीमद्गीताश्रितार्थप्रकटननिपुणा 'वाक्सुधा 'भाग्यलब्धा,
पेया सर्वैरनर्थज्वरशमनपटुः, श्रद्धयाऽऽकण्ठमेव ॥६॥

તેમની આ અતિવિસ્મયકારક, સેંકડો શ્રુતિઓના પરમાર્થ જ્ઞાનથી યુક્ત, અનેક પ્રકારના વાદોમાંથી પ્રગટતા તત્ત્વને સ્પષ્ટ કરવામાં નિપુણ, અનર્થના જ્વરને શાન્ત કરવામાં હોંશિયાર 'વાક્સુધા' (વાણીરૂપી અમૃત) સદ્‌ભાગ્યથી પ્રાપ્ત થઈ છે, તે બધાએ શ્રદ્ધાપૂર્વક ધરાઈને પીવા જેવી છે. (૬)

ઇતિ શમ્।

—વિશ્વંભર ઝા

(શ્રીકાશીવિશ્વેશ્વર-આધ્યાત્મિક-સંસ્કૃત-મહા વિદ્યાલયના પ્રધાન અધ્યાપક)

વિલા પાર્લા, સંન્યાસાશ્રમ, મુંબઈ નં. ૨૪
વિક્રમ સંવત્-૨૦૧૦, માર્ગ૦ શુ૦ ૫ મી તિથિ.

મુમુક્ષુ પાઠકવૃંદ !

એ નક્કી છે કે આ જીવ જન્મથી મૃત્યુ પર્યન્ત, જાગ્રત્ અવસ્થાથી માંડીને સુષુપ્તિ પર્યન્ત, હર ક્ષણે કંઈક ને કંઈક કામ કરતો જ રહે છે. છેવટે બીજું કંઈ કામ નહિ તો શ્વાસોચ્છ્વાસ લેવાનું તો ચાલતું જ રહે છે. તે પણ ક્રિયા જ છે. તેથી શ્રીકૃષ્ણ ભગવાને કહ્યું છે. કે–'न हि कश्चित् क्षणमपि जातु तिष्ठत्यकर्मकृत्।' (ગી૦ ૩/૫) આ ક્રિયા જરૂર પ્રયોજનવાળી છે, કારણકે પ્રયોજન વિના કોઈપણ જીવ પ્રવૃત્તિ કરતો નથી. કારણકે પ્રવૃત્તિનું કારણ ઇચ્છા છે, ઇચ્છાનો વિષય જ પ્રયોજન બને છે. તેથી પ્રયોજન વિના ઇચ્છા નથી હોતી, અને ઇચ્છા વિના પ્રવૃત્તિ બની શકતી નથી- તેથી સર્વ પ્રવૃત્તિઓ–સર્વ વ્યાપાર પ્રયોજનવાળા જ હોય છે. તેથી કહેવામાં આવ્યું છે કે–प्रयोजनमनुद्दिश्य न मन्दोऽपि प्रवर्तते।

આ પ્રયોજન શું છે? ક્યા થોડા શબ્દોમાં તેનું પ્રતિપાદન કરી શકાય, કે જે સર્વ જીવોની પ્રવૃત્તિઓમાં સંગત થઈ શકે? આ વિચારથી પૂર્વ આચાર્યોએ આ પ્રયોજનને ચાર માર્ગોમાં વહેચ્યું છે–'ધર્મ, અર્થ, કામ તથા મોક્ષ' તે જ પુરુષાર્થરૂપે નિર્ણીત થયા છે, કારણકે તેમને જ પુરુષ આત્મા ચાહે છે. સામાન્ય રીતે 'પુરુષ' શબ્દનો અર્થ અહીં 'આત્મા' જ લેવો જોઈએ, નહિ કે લિંગ–વિશેષ–યુક્ત આત્મા, કારણકે તે પ્રમાણે અર્થ લેવાથી 'પુરુષાર્થ' સંકુચિત થઈ જાય છે. પુરુષાર્થ (પુરુષ વડે અભિપ્રેત અર્થ) રૂપે કહેવાયેલા ચારમાંના પહેલા ત્રણ–ધર્મ, અર્થ તથા કામ વસ્તુતઃ પુરુષાર્થ બની શકતા નથી. તે આત્મા વડે ઇચ્છા કરાવા યોગ્ય નથી, તેથી આત્મા તેમને માટે પ્રવૃત્તિ કરતો નથી, તે વાત વિચાર કરવાથી પ્રતીત થાય છે. કારણકે

તેમને પ્રાપ્ત કરવા છતાં તેને શાન્તિ નથી મળતી, તેની પ્રવૃત્તિ બંધ નથી પડતી. કોઈ વસ્તુને પ્રાપ્ત કરવા તે બરાબર વ્યગ્ર રહે છે. કંઇક ને કંઇક કરતો જ રહે છે. પરંતુ શેને માટે તે અશાન્તિ છે, તે સમજી શકતો નથી.

કંઈક વધારે ગંભીર વિચાર કરતાં સ્પષ્ટ માલુમ પડે છે કે–તે જે પરમ સુખને ચાહે છે, તે તેને મળી રહ્યું નથી. તે પરમ સુખ જ મોક્ષ છે. તેથી તે મોક્ષ માટે જ સર્વ કાંઈ પ્રયત્નો કરે છે. જે કાંઈ તે ચાહે છે, તે તેના જ ભ્રમથી. જેવી રીતે પાણીમાં ડૂબતો આદમી જે કાંઈ સામે આવી જાય, તેને જ પાર જવાનું સાધન માની બેસે છે–પછી ભલેને વિષધર સર્પ સામે આવે! તેને પણ તે પકડી લેશે. પરિણામરૂપે તે પણ તેને કંઈક કષ્ટ જ આપે છે. તેને દેખીને તે ભયથી બીજા પ્રવાહ તરફ ભાગી જાય છે. તેવી રીતે આ અપાર સંસારસાગરમાં ડૂબતો જીવ પોતાના પદને (પરમ સુખને) પ્રાપ્ત કરવા માટે જ આ સાંસારિક વિષયોને ચાહે છે, તેમનો આશ્રય લે છે. પણ તે તેને પદની પ્રાપ્તિ કરાવવાને બદલે વધારે દુઃખ જ આપે છે; અને ડૂબવામાં જ સહાયક થાય છે. 'ધર્મ (યાગાદિ) કરવાથી અનેક, આ લોકનાં તથા પરલોકનાં સુખો મળે છે' એમ સાંભળીને જીવ તેને અનુકૂળ આચરણ કરે છે, તથા તેને ક્રમશઃ પ્રાપ્ત કરતો પણ જાય છે; પણ સ્વર્ગીય ઈન્દ્રપદને પ્રાપ્ત કરે છે, પણ ત્યાંયે શાન્તિ નથી. કામનાઓની શાન્તિ થતી નથી; ત્યાં સુધી કે વધતાં વધતાં 'આજે અમુક વ્યક્તિ ઘોર તપસ્યા કરી રહી છે. શું તે અમારું પદ તો નથી ચાહતીને? તેને કેવી રીતે તેના માર્ગમાંથી ભ્રષ્ટ કરાય?' આવી ચિંતાઓ ત્યાં પણ તેને ઘેરી વળે છે. તેથી તે વ્યાકુલ રહે છે. જ્યાં સુધી પુણ્ય રહ્યું, ત્યાં સુધી તે તે પદ પર કાયમ રહે છે. પુણ્યનો ક્ષય થતાં તે ફરીથી ધરાધામ પર

પડે છે, અને અનેક યોનિઓમાં ભ્રમણ કરે છે. આ રીતે યાગાદિ કર્મ પણ અમારે માટે ઈચ્છા કરવા યોગ્ય નથી, તેનાથી પણ અભીષ્ટની સિદ્ધિ થતી નથી, ઊલટું અંતમાં દુઃખ જ થાય છે—એવું સિદ્ધ થયું.

હવે 'અર્થ' (ધન)ને જુવો. 'ધન જ સર્વ કાંઈ છે. તેના ઉપાર્જનથી જ સર્વ સુખો સુલભ બને છે' એમ જાણીને આ જીવ ધન કમાવાની પ્રવૃત્તિ કરે છે. તેને અનુકૂળ કાર્યોમાં કર્તવ્ય-અકર્તવ્યનું ભાન પણ તે રાખતો નથી, ગમે તે રસ્તે ધન મળે, તેનો સ્વીકાર કરતાં તે ખચકાતો નથી, તે ધન પ્રાપ્ત પણ કરતો જાય છે, છતાં તેને ક્યાંયે વિશ્રામ નથી, ક્યાંયે શાન્તિ નથી. દિનભર તેની પ્રાપ્તિની ચિંતા, રાતભર તેની રક્ષાની ચિંતા. એક કોઠી (દુકાન) બની, તો બીજી, પછી ત્રીજી; આ પરંપરા ચાલુ જ રહે છે. ક્યાંક ભગવાનની ઈચ્છાથી વચમાં જ મોહ તૂટ્યો—ધનના ભાગીદારોમાંના ત્રણ નાના ભાઈઓમાંથી કોઈ એકની કૃપા થઈ ગઈ, તો તો દુઃખનો પાર નથી રહેતો. કહ્યું છે કે—

चत्वारो धनदायादाः धर्माग्निनृपतस्कराः ।
तेषां ज्येष्ठापमानेन त्रयः कुप्यन्ति सोदराः ॥

ધનના હિસ્સેદારો ચાર ભાઈ છે—ધર્મ, અગ્નિ, રાજા અને ચોર. તેમાં મોટા ભાઈ ધર્મના અપમાનથી નાના ત્રણ ભાઈઓ—અગ્નિ, રાજા અને ચોર કોપે છે. તેમના કોપ પછીની સ્થિતિ તો સ્પષ્ટ જ છે. સર્વ ધન સમાપ્ત થઈ જાય છે. તેનું દુઃખ અસહ્ય છે.

આ રીતે ધન પણ આપણને તે પરમ સુખ આપતું નથી, જેને આપણે ચાહીએ છીએ. હવે 'કામ'ને જુવો. ઉપભોગના

વિષયોને કામ કહે છે. તેમને માટે જ ધર્મ તથા અર્થનું ઉપાર્જન કરવામાં આવે છે. પણ તે વિષયોના ઉપભોગથી તો અશાન્તિ દહાડે બમણી અને રાતે ચાર ગણી વધતી જ જાય છે. છેવટે રાજા યયાતિની પેઠે કહેવું પડે છે કે—

"यत्पृथिव्यां व्रीहियवं हिरण्यं पशवः स्त्रियः ।
एकस्यापि न पर्याप्तमिति मत्वा शमं व्रजेत् ॥

પૃથ્વીમાં જેટલું અનાજ છે, સોનું છે, હાથી ઘોડા વગેરે પશુ છે, સુંદર સ્ત્રીઓ છે, તે સર્વ એક વ્યક્તિ માટે પણ પુરતું નથી, એકને પણ જો આ બધું પ્રાપ્ત થાય, તો પણ તેને સંતોષ નહિ થાય, એમ સમજીને પહેલેથી જ સંતોષ ધારણ કરવો જોઈએ, શાન્ત રહેવું જોઇએ-આ વચન હજારો વર્ષો સુધી વિષયોપભોગ કર્યા પછી યયાતિ રાજાએ કહ્યાં છે. આનાથી વધારે અનુભવમાં મૂકાયેલો વિચાર બીજે ક્યાં મળશે? કામોના ઉપભોગથી કામ (કામના)ની શાન્તિ થતી નથી-તે તો ભગવાન શ્રીકૃષ્ણે પણ સ્પષ્ટ શબ્દોમાં કહ્યું જ છે. તેથી 'કામ' પણ જીવ માટે ઈચ્છવા જેવો પુરુષાર્થ નથી, તે સિદ્ધ થયું.

પરિશેષથી-બાકી રહેવાથી 'મોક્ષ' જ એવી વસ્તુ રહી ગઈ, જેને આ જીવ ચાહે છે. તેજ સાચો પુરૂષાર્થ છે, કારણ કે તે પરમ સુખરૂપ છે. તેને પ્રાપ્ત કર્યા પછી ફરી કાંઈ કરવાની જરૂર નથી રહેતી. તેજ સર્વનું પ્રાપ્ય છે, સાધ્ય છે, અને બીજાં બધાં સાધન છે. બધાં તેને માટે જ છે, તે કોઈને માટે નથી. તે શી વસ્તુ છે? તેનું શું સ્વરૂપ છે? તે વિષયમાં દાર્શનિકોમાં કંઈક મતભેદ છે, પણ તે કેવલ પોતાની પ્રક્રિયાના ભેદને લઈને જ છે. વસ્તુતઃ કશો ભેદ નથી. એ વાત વિચાર કરવાથી સ્પષ્ટ માલમ પડે છે. પણ તેના વિચારની અહીં આવશ્યકતા નથી.

શ્રુતિવાક્યો અનુસાર અજ્ઞાનનો નાશ જ મોક્ષ છે, કારણ કે 'મોક્ષ' શબ્દનો અર્થ થાય છે 'બંધનનો નાશ થવો.' અજ્ઞાન જ બંધન છે, અને તે બંધનનો નાશ જ્ઞાનથી થાય છે. તેનો નાશ થતાં પોતાનું સાચું સ્વરૂપ પ્રતીત થાય છે, તેજ પરમ સુખ છે. તેના વિના સર્વ બેચેન છે. બાલકના ગળાનું ઘરેણું પીઠની બાજૂએ ખસી ગયું છે. તે તેને જોતું નથી, બહુ વ્યાકુલ થાય છે, બહુ જ રડે છે, વિચારે છે. કોઈક જ્યારે તેને કહે છે કે–અરે, એ તો તારા ગળામાં જ પડેલું છે; ત્યારે તે કેટલું રાજી રાજી થાય છે–જાણે કે ખોવાયેલું ભૂષણ તેને ફરી પ્રાપ્ત થયું! તે પ્રમાણે આ આત્મસ્વરૂપ પણ આપણી પાસે જ છે પણ અજ્ઞાનથી આપણે તેને જાણતા નથી, તેને જાણવા માટે વ્યાકુલ છીએ. પણ કેવી રીતે જાણીએ, તે જાણતા નથી. તેને માટે પરમદયાળુ શ્રુતિમાતા કહે છે 'કે–તેને જાણવા માટે તે બ્રહ્મચર્યાદિ નિયમોથી યુક્ત બનીને શ્રોત્રિય બ્રહ્મનિષ્ઠ ગુરુ પાસે જાય.' તો જ તેને જાણવાનો માર્ગ બતાવી શકશે. બીજો કોઈ ઉપાય નથી.

પણ તેવા ગુરુ મળે તે સહજ વાત નથી.–અને તે પણ આજકાલના સમયમાં! જીવોના સદ્‌ભાગ્યથી આ ભારતભૂમિ પર પહેલેથી જ ગુરુ–પરંપરા ચાલી આવે છે. કેટલાક દયાળુ લોકો પોતાનું મમતાસ્પદ ઘરબહાર સર્વકાંઈ છોડીને, વીતરાગ બનીને પણ કેવળ દુઃખી જીવોના ઉદ્ધાર માટે જ તત્ત્વજ્ઞાનનો ઉપદેશ આપતા આપતા ગમે ત્યાં વિચરે છે, અને પોતાના સદુપદેશોનાં વ્યાખ્યાનો દ્વારા તથા સદ્‌ગ્રન્થોના પ્રકાશઃદ્વારા અસંખ્ય મનુષ્યોનો ઉદ્ધાર કરે છે. આ પરંપરામાં ભગવાન શંકરાચાર્ય, પદ્મપાદાચાર્ય, સુરેશ્વરાચાર્ય વગેરે પ્રાચીન મહાત્માઓનાં નામ ઉલ્લેખને પાત્ર છે. તે પરંપરા ઘોર કલિકાળમાં પણ ચાલી રહી છે, અને ચાલુ

રહેશે. દુર્ભાગ્યને લઈને, આજકાલ દેશના કેટલાક શાસનકારો તેમને આદરપૂર્વક જોતા નથી, આ વિષયમાં ઉચિત વિચાર રાખતા નથી. પણ તેમની તે ધારણા કેટલાક, કેવળ વેષધારી સાધુઓને માટે છે, નહિ કે પૂજ્યતમ, સદુપદેશ–પ્રચારક, સદ્ધર્મ-પરાયણ, સમાજકલ્યાણકારી મહાત્માઓને માટે.

આ પરંપરાના આચરણને અક્ષુણ્ણ (કાયમ) રાખનાર, પ્રકૃત ગ્રન્થના પ્રવક્તા, પરમ તીર્થ 'કનખલ'માં આવેલા 'બંગલા' પીઠના અધિષ્ઠાતા, શ્રુતિ–સ્મૃતિ–પુરાણ સહિત સકળ દર્શનોના તત્ત્વજ્ઞાતા, તથા તે શાસ્ત્રોના ગૂઢ સિદ્ધાંતોને સાધારણ જનતા માટે પણ સુબોધ વાણીમાં પ્રકટ કરવામાં અદ્વિતીય–પ્રતિભા–સંપન્ન, શ્રોત્રિય, બ્રહ્મનિષ્ઠ, પરમ આદરણીય, પરમહંસ, પરિવ્રાજકાચાર્ય શ્રી ૧૦૦૮ સ્વામી મહેશ્વરાનંદજી મહામંડળેશ્વર–મહાનુભાવે અનેક ગ્રન્થરત્નોનું નિર્માણ કર્યું છે. તેમના અનુશીલનથી અસંખ્ય નરનારી કલ્યાણમાર્ગમાં અગ્રસર બન્યા છે. તેમના દ્વારા શ્રીમદ્ ભગવદ્ગીતાના સાતમા અધ્યાયના વ્યાખ્યાનરૂપ આ 'પ્રવચનસુધા' ગ્રંથરત્ન આપ લોકોની સમક્ષ આવ્યું છે. વસ્તુતઃ સંસારના વિષયોના વિષથી મૂચ્છિત માનવ-સમુદાય માટે તે 'સુધા'રૂપ જ છે, તે હકીકત આને પઢવાથી પ્રત્યક્ષ પ્રતીત થાય છે.

આમાં કેવી રીતે બીજે ગૂઢ રાખેલા વિષયોને અતિ સરલ રીતે સકળ જનો માટે હૃદયંગત કરવામાં આવ્યા છે, તેનો જો ઉલ્લેખ કરવા લાગીએ, તો વ્યર્થ પુનરુક્તિ થાય, અને વિસ્તાર પણ થાય. બુદ્ધિશાળી પાઠક જાતે જ જો આને આદિથી અંત સુધી વાંચી જશે, તો આ 'સુધા'ની માધુરીના આસ્વાદથી મુગ્ધ બનીને, વારંવાર તેને વાંચવા પ્રેરાશે, એવી મારી દઢ ધારણા છે.

આશા છે કે આનું પૂર્ણ રીતે અનુશીલન કરીને તથા તેને અનુકૂળ આચરણ કરીને માનવસમાજ કૃતકૃત્ય થશે. ગ્રન્થકર્તાનો ઉદ્દેશ પણ તે જ છે. અને તે જાણીને તેમને પરમ સંતોષ પણ થશે. એ ધારણાથી હું આ ગ્રન્થરત્ન આપ લોકોની સામે મૂકું છું, અને નિવેદન કરું છું કે–આને આપ વધારે ને વધારે માનવો પાસે પહોંચાડવામાં સહાયક થાઓ.

નિવેદક—
વિશ્વંભર ઝા
પ્રધાન અધ્યાપક,
શ્રી કાશીવિશ્વેશ્વર–અધ્યાત્મિક–
સંસ્કૃત મહાવિદ્યાલય

સંન્યાસાશ્રમ,
વિલેપારલે, મુંબઈ–૨૪,
માર્ગ૦ શુ. ૫મી, ૨૦૧૦
વિ૦સં૦

અનુવાદકના બે બોલ

પરમ પૂજ્ય મંડલેશ્વર સ્વામી શ્રી મહેશ્વરાનંદજીની 'પ્રવચન સુધા' મૂળ તેમણે હિંદીમાં આપેલાં, શ્રીમદ્ ભગવદ્-ગીતાના સાતમા અધ્યાય પરનાં વ્યાખ્યાનોનો સંગ્રહ છે. એક જ અધ્યાય પર તેમણે ૮૦૦ કરતાં વધારે પાનાંનો ગ્રંથ બને તેવાં વિસ્તૃત, સ્પષ્ટ, સરળ, સચોટ વ્યાખ્યાનો આપ્યાં છે. પાને પાને તેમની વિશદ વિદ્વત્તાનાં દર્શન થાય છે. છતાં વિદ્વત્તાના ભારથી આ વ્યાખ્યાનો લચી પડતાં નથી. પરિણામે તે વિદ્વદ્-ભોગ્ય બન્યાં છે, તેટલાં જ–બલકે તેથી વધારે આમજનતાને પણ ઉપયોગી અને જનસાધારણ–ભોગ્ય પણ બન્યાં છે. તે કંઈ નાની સૂની સિદ્ધિ ન કહેવાય. પોતાના વક્તવ્યને સ્પષ્ટ કરવા પૂજ્ય સ્વામીજીએ જે દષ્ટાંતો અને ઉદાહરણો આપ્યાં છે, તે શાસ્ત્રીય છે તેમ જ સ્વાનુભવમૂલક, સ્વતંત્ર પણ છે. સુસંબદ્ધતા આ વ્યાખ્યાનોનો ધ્યાન ખેંચે તેવો મહાન ગુણ છે. શાસ્ત્રોનાં પ્રમાણ યથાયોગ્ય, મુદ્દાને પરિપુષ્ટ કરે તેવાં અનેક ગ્રંથોમાંથી રત્નરૂપે ચૂંટી કાઢેલાં, કુશળ માળીએ શાસ્ત્રોદ્યાનમાંથી વીણી કાઢેલાં સુગંધી પુષ્પો જેવાં, સચોટ છે, હૃદયંગમ છે. અમે પહેલી વાર આ ગ્રંથ વાંચ્યો, ત્યારે અમને એમ થયું કે સમગ્ર ભગવદ્ ગીતા ઉપર: આવાં વ્યાખ્યાનોનો મહાગ્રંથ રચાય, તો કેવું સારું ? જનતાને કેટલો બધો લાભ થાય ? ખૂબી તો એ છે કે જે મુદ્દાઓની સ્પષ્ટ છણાવટ પૂજ્ય સ્વામીજીએ કરી છે, તે જીવનના સળગતા પ્રશ્નનું સમાધાન કરે તેવા છે, સમાજની શાન્તિ અને પ્રગતિ માટે અતિશય ઉપયોગી છે, સાચા હૃદયના, સાધકના દૈનિક જીવનમાં બલ પૂરે, ઉત્સાહ આપે, પ્રેરણા આપે, માર્ગ-દર્શક બને, સંતર્પક બને તેવા છે. શાસ્ત્રોને આ રીતે જનતા સામે રજૂ કરવામાં આવે, તો સાંસ્કૃતિક ઉન્નતિ થાય, સમાજ–માંગલ્ય પ્રતિષ્ઠિત થાય, વ્યક્તિગત જીવન ઉન્નત અને ઊર્ધ્વગામી બને, દેશ સુસંગઠિત થાય, સંકુચિત ભાવનાઓ અને વાડાબંધી

નાબૂદ થાય, ભારતીય દિવ્ય જીવનની ઉષાનો ઉદય થાય. સુરેખતા, સપ્રમાણતા, વિશદતા, શાસ્ત્રીયતા, તર્ક–સંગતતા, નવીન ઉન્મેષ, વર્ણનની છટા, વિસ્તાર કરીને મુદ્દો સરળ રીતે સમજાવવાની કળા–આ બધું અમને આ વ્યાખ્યાનોમાં નજરે પડયું છે. તેથી અમને આ ગ્રંથને હિંદીમાંથી ગુજરાતીમાં અનૂદિત કરવાની સ્વાભાવિક ઈચ્છા થઈ છે. પૂજ્ય સ્વામીજીએ તે અનુવાદ માટે મંજુરી આપી તે ગુજરાતી ધાર્મિક જનતા ઉપર મહાન ઉપકાર થયો છે. અનુવાદ કરતાં કરતાં મને અંગત રીતે તો મનનનો મહાન લાભ મળ્યો જ છે. આશા રાખું છું કે આ અનુવાદ દ્વારા ગુજરાતી ધર્મપ્રિય ભાઈઓને તથા બેનોને જરૂર લાભ થશે. અનુવાદ અક્ષરશઃ થાય, મૂળ ભાવ અનુવાદમ પ્રગટે તેની કાળજી રાખવા પ્રયત્ન કર્યો છે. છતાં કોઈ ક્ષતિ રહી ગઈ હોય, તો વિદ્વાનો પાસે તેની ક્ષમા–યાચના કરૂં છું.

પૂજ્ય સ્વામીજી સંસ્કૃતના મહાવિદ્વાન છે. ઋગ્વેદ, યજુર્વેદ અને અથર્વવેદનાં શતકો પસંદ કરીને, તેમના પર સંસ્કૃતમાં તેમણે જે ટીકાઓ–વ્યાખ્યાઓ લખી છે, તે જ તેમની વિદ્વત્તા, વેદાંતનિષ્ઠા,અભ્યાસ–પારંગતતા બતાવવા પૂરતાં છે. તેમની સંસ્કૃત શૈલી, મધુર છે, પારદર્શી છે, રમ્ય વાક્છટાથી યુક્ત છે, પાંડ-ત્યને, જેબ આપે તેવી છે. અમને તો તે શતકોનો પણ ગુજ-રાતીમાં અનુવાદ કરવાની ઇચ્છા છે. પરમ કૃપાળુ પરમાત્માની કૃપા હશે, અને પૂજ્ય સ્વામીજીની અનુજ્ઞા હશે, તો કોઇક દિવસ તે પણ ગુજરાતી સમાજને ચરણે ધરીશું.

માનવ જીવન, પરમ પુરુષાર્થ, સાધના, જ્ઞાન, ભક્તિ, વેદાંત, કર્મયોગ, દૈવી ગુણો વગેરે માટે અહીં કાંઇપણ લખવું નિરર્થક છે. આ ગ્રંથમાં તે જ અમૂલ્ય જીવન સામગ્રી ભરપૂર ભરેલી છે.

ભુલાઠાકરની પોળ, નડિયાદ. — શાન્તિલાલ ઠાકર
તા. ૧૨–૪–૫૫

૨

શ્રી

શ્રદ્ધાંજલિ

શ્રીમત્ પરમહંસ પરિવ્રાજકાચાર્ય શ્રોત્રિય બ્રહ્મનિષ્ઠ શ્રી ૧૦૮ સ્વામી શ્રી મહેશ્વરાનંદજી મહારાજ મહા મંડળેશ્વરથી ગુજરાતી તેમજ અન્ય જનતા ભાગ્યે જ અજાણ હશે. પૂજ્ય સ્વામી શ્રી પ્રસ્થાપિત તેથજ સંચાલિત ત્રણ આશ્રમો પૈકી એક "ગિરીશાનંદાશ્રમ" કનખલ. (હરિદ્વાર) માં, બીજું "સંન્યાસાશ્રમ" વિલે–પારલા, મુંબઈમાં, અને ત્રીજું "બાદ્રકાશ્રમ" નર્મદાતટ પર આવેલ છે. આ આશ્રમોમાં અનેક સાધુસંન્યાસી મહાત્માઓનો સતત વસવાટ રહ્યા કરે છે અને તેઓ દ્વારા ભક્તવૃંદોને દર્શનનો તેમજ જ્ઞાનામૃતનો લાભ મળ્યા કરે છે.

પૂજ્ય સ્વામી શ્રી એ લખેલા ગ્રંથો પૈકી એમના "પ્રવચન સુધા" નામે હિન્દી પુસ્તકનો ગુજરાતી અનુવાદ કરવામાં આવેલ છે. પૂજ્ય સ્વામીશ્રીના પરમ અનુગ્રહ અને પ્રેરણાથી આ ગ્રંથનું પ્રકાશન ગુજરાતી જનતાના હિતાર્થે છપાવી મારા પૂજ્ય માતા–પિતાજીની પુણ્ય સ્મૃત્યર્થે શ્રી સદ્ગુરૂદેવને સમર્પણ કરૂં છું.

ગુજરાતી જનતા આ પુસ્તકને જરૂર આવકારશે અને એનો સદુપયોગ કરી કૃતકૃત્ય થશે એજ અભ્યર્થના—

પૂના.
પૌષ, પૂર્ણિમા.
વિક્રમાબ્દ–૨૦૧૨

પ્રા૦ પો૦ વેદ

અનુક્રમણિકા

વિષય સૂચી	પૃષ્ઠ-સંખ્યા

વિષય સૂચી પૃષ્ઠ–સંખ્યા

વિષય સૂચી **પૃષ્ઠ સંખ્યા**

વિષય સુચી | પૃષ્ઠ સંખ્યા

વિષય સૂચી	પૃષ્ઠ-સંખ્યા
પરમપ્રિય-મોટું જીવન-પરમાત્મમય છે	૨૬૩
નીતિથી પોતાના કર્તવ્ય પર અડગ રહેવું એ ઉત્તમ તપ છે	૨૬૫
અનન્ય ભક્ત ભગવાનથી બીજું કંઈ માગતો નથી	૨૬૭
સંસારી તથા ભક્તની સમજ તમઝ-તેજની માફક છે	૨૬૯
તીવ્રચાહના પર ભગવાન જરૂર મલે છે	૨૭૧
શૂન્યની સિદ્ધિ ચેતન-અધિષ્ટાન દ્વારા જ થાય છે	૨૭૩
જગતની શૂન્યતાનો ઉપદેશ વૈરાગ્ય માટે છે	૨૭૫
ભગવાનના અનન્ત-દિવ્ય સામર્થ્ય સમ્પન્ન છે	૨૭૭
જગતના નિર્માણ માટે આક્ષેપ અને સમાધાન	૨૭૯
જગતના નિર્માણમાં માયામય સ્વભાવ જ પ્રયોજક છે	૨૮૧
અદ્વૈત આત્મતત્વનો નિશ્ચય થતાં તે નિવૃત્ત થઈ જાય છે	૨૮૩
કેનોપનિષદ્‌નું યક્ષ-ઉપાખ્યાન	૨૮૫
મિથ્યા દેહનો અભિમાન તુચ્છ અને અસાર છે	૨૮૭
ભગવાન સામર્થ્યથી જ બધા નાચકૂદ કરે છે.	૨૮૯
શાન્ત અને એકચિત્તથી જ ભગવત્તત્ત્વની અનુભુતિ થાય છે	૨૯૧
રાગદ્વેષાદિ દોષોના પ્રશમનથી જ બ્રહ્મજ્ઞાન થાય છે	૨૯૩
સંસારના મિથ્યાત્વનું અને આત્માની સત્યતાનું ચિંતન કરો	૨૯૫
વિવેક-વિચારવાન જ મસ્ત અને આનંદી રહે છે	૨૯૭
પરનિન્દા પોતાના હૃદયને તુરત જ દોષિત કરી દે છે	૨૯૯
સદા અનુદ્વિગ્ન અને આનંદમય રહેવું એ કુશળતા છે	૩૦૧
ચાર દિનકી ચાંદની ઓર ફિર અંધેરી રાત	૩૦૩
બંધ મુઠીથી આવ્યા છીએ અને ખાલી હાથે જવાના	૩૦૫
રામને ભજવાથી સઘળાં કામ થાય છે	૩૦૭
મૂઢની દુઃખમય અને વિવેકીની સુખમય દશા થાય છે	૩૦૯
સંસારના દરેક પાદર્થ વારંવાર બદલાતા રહે છે	૩૧૧
સાત્વિક બલ સુખ અને તામસ બલ દુઃખ આપે છે	૩૧૩

વિષય સૂચી — પૃષ્ઠ-સંખ્યા

વિષય સૂચી	પૃષ્ઠ–સંખ્યા
વેદાન્તના બધા વાદ અદ્વય–બ્રહ્મનો જ નિર્દેશ કરે છે	૩૬૭
અવશિષ્ટ–અમૃત–અભયઅદ્વયાનન્દ બ્રહ્મને તું માન	૩૬૯
તે પદાર્થ પુણ્યવાનને સુખ તથા પાપીને દુઃખ આપે છે	૩૭૧
દૃષ્ટિ વખતમાં સૃષ્ટિ તથા દૃષ્ટિથી વિશ્વસૃષ્ટિ દૃષ્ટિસૃષ્ટિ છે	૩૭૩
દૃષ્ટિ વિના વિશ્વસૃષ્ટિનો પ્રતિભાસ નથી થતો	૩૭૫
ભર્ગ–ચૈતન્ય જ્યોતિરૂપ જ્ઞાનજ જ્ઞેય છે, બીજું નહિ	૩૭૭
બિમ્બ જ પ્રતિબિમ્બ છે, તેનાથી બીજું નથી	૩૭૯
વિચારથી જન્યત્વનો પ્રતિષેધ તથા અજ તત્ત્વની સિદ્ધિ છે	૩૮૧
વેદાન્તના બધા વાદ અદ્વય બ્રહ્મનો નિર્દેશ કરે છે	૩૮૩
વિષયો ભોગવવાથી તૃપ્તિ થતી નથી, પણ તૃષ્ણા વધે છે	૩૮૫
વિષયોમાં પ્રીતિ રાખવાવાળો કદી સુખી થતો નથી	૩૮૭
વિષયોના મોહથી દુર્દશા તથા વિનાશનો હેતુ થાય છે	૩૮૯
મૂઢ માણસ દેખતાં છતાં આંધળો છે, સાંભળવા છતાં બહેરો છે	૩૯૧
મોહનો ત્યાગ કરે છે, તે વિષ્ણુનું પરમ પદ પામે છે	૩૯૩
દેહાભિમાનનો ત્યાગ તે આત્માનુભૂતિકાનું સાધન છે	૩૯૫
સમ્રાટ રાજાની ચાંડાલની ગંદી ઝુંપડીમાં આસક્તિ	૩૯૭
આ નિંદ્ય ઝુંપડીરૂપ શરીરની આસક્તિ છોડ	૩૯૯
મલમૂત્રના થેલારૂપ આ શરીર તું નહિં, તારૂં નહીં	૪૦૧
તું સદા સ્વચ્છ મહાન અવિનાશી અદ્વયાનન્દ આત્મા છે	૪૦૩
શ્રીમદ્ ભાગવત અધ્યાત્મ જ્ઞાનનો પૂર્ણ ખજાનો છે	૪૦૫
માયા કેવી છે? એનું વિવેચન	૪૦૭
માયા આવરણ અને વિક્ષેપ–શક્તિદ્વયથી સંયુક્ત છે	૪૦૯
માયાનો આદિ કોઈ બતાવી શકતું નથી.	૪૧૧
અનાદિ-માયાનો પણ બ્રહ્મજ્ઞાનથી બાધ થાય છે	૪૧૩
દૃષ્ટિભેદથી માયા તુચ્છ–અનિર્વચનીય અને વાસ્તવિક છે	૪૧૫
જ્ઞાનથી બાધ્ય હોવાનું કારણ–માયા મિથ્યા છે	૪૧૭

વિષય સૂચી	પૃષ્ઠ-સંખ્યા
ગજેન્દ્ર ઉપાખ્યાનનું આધ્યાત્મિક રહસ્ય	૪૭૧
આર્તભક્ત દ્રૌપદીનું ઉપાખ્યાન	૪૭૩
ભગવાન દ્વારા સુરક્ષિત થયેલા ભક્તો વિઘ્નવિજયી થાય છે	૪૭૫
આર્તભક્ત વ્રજવાસી તથા કારાગારવાસી રાજાઓનો સમૂહ	૪૭૭
રાજાઓ પ્રત્યે ભગવાનનો ઉપદેશ	૪૭૯
જિજ્ઞાસુ ભક્ત ઉદ્ધવ પ્રત્યે ભગવાનનો ઉપદેશ	૪૮૧
બ્રહ્મા તથા સનાદિ પ્રત્યે ભગવાનનો ઉપદેશ	૪૮૩
ઉદ્ધવના અનેક પ્રશ્નોના ઉત્તર	૪૮૫
જનક તથા યાજ્ઞવલ્કયના પ્રશ્નોત્તર	૪૮૭
વૈરાગ્યવાન રાજા જનકનું ચરિત્ર	૪૮૯
અત્રિ મહર્ષિનો યૌગિક ચમત્કાર	૪૯૧
શુષ્ક તર્ક–વિતર્ક કરવા તે બુદ્ધિનો દુરુપયોગ છે	૪૯૩
ધૈર્ય, કર્તવ્યપાલન તથા ભગદ્વિશ્વાસ સફળતાની ચાવી છે	૪૯૫
અર્થાર્થી ભક્ત ધ્રુવનું ઉપાખ્યાન	૪૯૭
વિશ્વાસથી ભક્તિ, ભક્તિથી કૃપા અને કૃપાથી વિશ્રામ	૪૯૯
ભગવાનના વાસ્તવિક સ્વરૂપનું વર્ણન કરનારી સ્તુતિ	૫૦૧
અર્થાર્થી શિવભક્ત ઉપમન્યુનું ઉપાખ્યાન	૫૦૩
ઉપમન્યુના અનન્ય ભક્તિભાવની પરીક્ષા	૫૦૫
ઉપમન્યુકૃત ભગવાન શંકરની સ્તુતિ	૫૦૭
રાક્ષસરાજ, અર્થાર્થી ભક્ત વિભીષણનું ઉપાખ્યાન	૫૦૯
વાનરરાજ સુગ્રીવનું ઉપાખ્યાન	૫૧૧
આર્તાદિ ચાર પ્રકારના ભક્તોના ક્રમનું તાત્પર્ય	૫૧૩
જ્ઞાનવાન જ એક ભક્ત છે, તથા ભગવાનને અતિપ્રિય છે	૫૧૫
જ્ઞાનવાન ભક્ત હર્ષ, દ્વેષ શોક તથા કામનાથી રહિત છે	૫૧૭
અન્ય ભક્તિ તથા અદ્વૈત જ્ઞાનનું એક જ તાત્પર્ય છે	૫૧૯
અનાત્મભાવના ત્યાગ દ્વારાજ આત્માનંદનો ઉપભોગ મળે છે	૫૨૧

વિષય સૂચી	પૃષ્ઠ સંખ્યાં
વીતરાગ મહાત્માનો ઉપદેશ	૫૨૩
કહે છે, પણ મળતું નથી, ગાયબ થઈ જાય છે	૫૨૫
કપિલમુનિનો અદ્વય-બ્રહ્મોપદેશ	૫૨૭
ભાગવતના કપિલ, સંખ્યાશાસ્ત્રના કપિલથી અન્ય છે	૫૨૯
બ્રાહ્મી-સ્થિતિ જ પરાભક્તિ છે	૫૩૧
ચાર માળવાળા ગૃહનું દૃષ્ટાંત	૫૩૩
દૃષ્ટાંતનો સિદ્ધાંતમાં સમન્વય	૫૩૫
પૂર્ણાનંદમયી, તુરીય અવસ્થાનું વર્ણન	૫૩૭
સ્વપ્ન તથા નિદ્રાનું વાસ્તવિક દૃષ્ટિએ વિવેચન	૫૩૯
શ્રી કૃષ્ણમાં અનન્ય પ્રેમભાવ રાખનારી ગોપીઓની દશા	૫૪૧
શ્રી રાધાનું તથા શ્રીકૃષ્ણનું અભિન્ન તથા સંશ્લિષ્ટ સ્વરૂપ	૫૪૩
શ્રી રાધાજીનું એક બીજું ચરિત્ર	૫૪૫
ચાતકના જેવો ભક્તોનો અનન્ય ભાવ	૫૪૭
આર્તાદિ ભક્તો ઉદાર છે, તથા જ્ઞાની ભક્ત ઉદારતમ છે	૫૪૯
રાજા ભોજ તથા કવિ કાલિદાસનું ચરિત્ર	૫૫૧
આત્મભાવમાં નિરવધિક પ્રીતિ	૫૫૩
અર્જુનના પ્રશ્નો તથા ભગવાનના ઉત્તર	૫૫૫
જે તું છે, તે હું છું; જે હું છુ, તે તું છે	૫૫૭
તે દૂર કરતાં પણ વધારે દૂર છે, સમીપ કરતાં પણ અતિસમીપ છે	૫૫૯
અજ્ઞાન દુઃખ તથા ભય છે, અને જ્ઞાન સુખ તથા અભય છે	૫૬૧
લૌકિક ઉત્કૃષ્ટતાઓ વાસ્તવિક નથી	૫૬૩
આધ્યાત્મિક ઉત્કૃષ્ટતાઓ જ વાસ્તવિક છે	૫૬૫
આધ્યાત્મિક ભાવનાઓ માટે આચાર્ય શંકરનો ઉપદેશ	૫૬૭
કર્ણ તથા અર્જુનનું ચરિત્ર	૫૬૯
શુભાશુભ ભાવનાઓનું ઇષ્ટાનિષ્ટ ફળ	૫૭૧
ધૂર્ત પાખંડીઓનો શાસ્ત્રવિરુદ્ધ દંભ	૫૭૩

વિષય સૂચી | પૃષ્ઠ–સંખ્યા

વિષય સૂચી	પૃષ્ઠ સંખ્યા
વેદોની અદ્વય-બ્રહ્મભાવના	૬૮૧
ભાવના અનુસાર ફળ	૬૮૩
ભગવદ્ભક્તની પ્રશસ્ત સમજ	૬૮૫
ભગવાનની શરણાગતિનો મહાન લાભ	૬૮૭
એકજ બ્રહ્મના ત્રણ ભાવ	૬૮૯
સાકાર તથા નિરાકાર બંને શાસ્ત્ર-પ્રતિપાદિત છે	૬૯૧
ભગવાન અજાયમાન પણ છે અને બહુધા વિજાયમાન પણ છે	૬૯૩
અથર્વવેદીય રુદ્રસૂક્તની આલોચના	૬૯૫
ઋગ્વેદ સંહિતાની પણ સાક્ષી	૬૯૭
નિરાકારના વર્ણનમાં સાકારનું મંગલાચરણ	૬૯૯
આચાર્ય મધુસુદન સ્વામીનું ભક્તિમય જીવન	૭૦૧
સાકાર દ્વારા નિરાકારનો પરિચય	૭૦૩
સાધુનું બેસવું તથા ઘુમવું કલ્યાણકારી છે	૭૦૫
ભગવાન શ્રી નૃસિંહનું પ્રાકટ્ય અને કાર્યસિદ્ધિ	૭૦૭
સાકારની આરાધનાથી લૌકિક ઇષ્ટ લાભ	૭૦૯
આવરક અન્નમયાદિ પાંચ કોશોનું વર્ણન	૭૧૧
એ કોશ વિકારી, અનાત્મા છે; અવિકારી આત્મા નહિ	૭૧૩
ભક્તિયોગ દ્વારા આત્મતત્ત્વનો અનુભવ	૭૧૫
નારદજીની કથા	૭૧૭
અશ્રદ્ધાનો વિપરીત ભાવ	૭૧૯
યોગ માયાના વિવિધ ફંદ	૭૨૧
માયાની પ્રબલતા	૭૨૩
દૃષ્ટાન્તનું તાત્પર્ય	૭૨૫
અતિક્રમણ દુષ્કર પણ છે, સુકર પણ છે	૭૨૭
બ્રહ્મદર્શી અનન્ય ભક્તનું આદર્શ જીવન	૭૨૯
શ્રી ભગવાન ત્રિકાલદર્શી છે	૭૩૧
શ્રી ભગવાન કાલના શાસક મહાકાલ છે	૭૩૩
અતિ ઉદારતાનો આદર્શ	૭૩૫
ભાવિ ભૂલાવે છે, એવું જ બને છે	૭૩૭
ગંગાજલનું દૃષ્ટાન્ત	૭૩૯

વિષય સૂચી **પૃષ્ઠ સંખ્યા**

★

श्री विश्वनाथो विजयतेतराम्

વસ્તુનિર્દેશ–સુમંગલમ્

यद्वात्मानं सकलवपुषामेकमन्तर्बहिस्थं,
दृष्ट्वा पूर्णं खमिव सततं सर्वभाण्डस्थमेकम् ।
नान्यत्कार्यं किमपि च ततः कारणाद्भिन्नरूपं,
निस्त्रैगुण्ये पथि विचरतः को विधिः को निषेधः ॥

સકલ ઘટોમાં રહેલા એક આકાશની સમાન, સકલ દેહોની અંદર–બહાર પૂર્ણરૂપે સતત રહેલા, એક, અદ્વય આત્માને જાણીને, તથા 'તે કારણરૂપ આત્માથી કાર્યરૂપ આ વિશ્વ અન્ય–ભિન્નરૂપવાળું નથી' એવો નિશ્ચય કરીને, ત્રિગુણાતીત બ્રહ્મ-ભાવના માર્ગમાં વિચરનાર મહાપુરુષ માટે વિધિ શો અને નિષેધ શો ? અર્થાત્ તે વિધિ–નિષેધથી અતીત બની જાય છે.

(શંકરાચાર્ય)

या क्षान्तिः समये श्रुतिः शिवशिवेत्युक्तौ मनोनिर्वृतिः
भैक्षे चाभिरुचि र्धनेषु विरतिः शश्वत्समाधौ रतिः ।
एकान्ते वसति र्गुरौ प्रविनतिः सद्भिः समं संगतिः
सत्त्वे प्रीति रनङ्गनिर्जितिरसौ सन्मुक्तिमार्गे स्थितिः ॥

અન્ય પ્રતિકૂલઆચરણ કરે તે સમયે ક્ષમા, હરસમયે શ્રુતિઓનો વિચાર, 'શિવ, શિવ' એવા ભગવન્નામોના ઉચ્ચારણમાં મનનો પ્રમોદ, ભિક્ષા–અન્નમાં રુચિ, ધનોમાં વૈરાગ્ય, સમાધિમાં સદા પ્રીતિ, એકાન્તમાં નિવાસ, ગુરુ પ્રત્યે નમ્રતા, સજ્જનો સાથે સંગતિ, સાત્ત્વિક જીવનમાં પ્રીતિ અને કામનો વિજય–આજ સાચા મુક્તિમાર્ગમાં સ્થિતિ છે. (અજ્ઞાત મહાત્મા)

मायाकल्पितमातृतामुखमृषाद्वैतप्रपञ्चाश्रयः
सत्यज्ञानसुखात्मकः श्रुतिशिखोत्थाखण्डधीगोचरः ।
मिथ्याबन्धविधूननेन परमानन्दैकतानात्मकं,
मोक्षं प्राप्त इव स्वयं विजयते विष्णुर्विकल्पोज्झितः ॥

માયાકલ્પિત પ્રમાતા જેમાં મુખ્ય છે એવો જે મિથ્યા-દ્વૈતપ્રપંચ, તેનું જે અધિષ્ઠાન છે; જે સત્ય પ્રકાશ તથા આનંદ રૂપ છે; જે શ્રુતિ શિરોમણિરૂપ ઉપનિષદ્‌ના મહાવાક્યથી ઉત્પન્ન થયેલી અખંડ બ્રહ્માકાર બુદ્ધિવૃત્તિનો વિષય છે, મિથ્યાબંધના નિવારણદ્વારા અનુભવ કરવા યોગ્ય, જે નિઃરતિશય, અપરિચ્છિન્ન સુખની એકતાનતારૂપ મોક્ષ છે, તેને પ્રાપ્ત થયેલ, જેવો તથા જે દૃશ્યવિકલ્પથી વર્જિત, ચિદાત્મારૂપ વિષ્ણુ છે, તે સદા વિજયી થઈ રહ્યા છે, અર્થાત્ પોતાના શાશ્વત મહિમામાં સદા સ્વતઃ પ્રતિભાસિત થઈ રહ્યા છે. (મધુસૂદન સરસ્વતી)

यौ तौ शङ्खकपालभूषितकरौ मुक्तास्थिमालाधरौ,
देवौ द्वारवतीश्मशाननिलयौ नागारिगोवाहनौ ।
द्वित्र्यक्षौ बलिदक्षयज्ञमथनौ श्रीशैलजावल्लभौ,
पापं नो हरतां सदा हरिहरौ श्रीवत्सगङ्गधरौ ॥

જે શંખવિભૂષિત હસ્તવાળા તથા કપાલવિભૂષિત હસ્તવાળા છે; જેમણે મોતીની માળા તથા મુંડોની માળા ધારણ કરેલી છે; જે દ્વારકામાં તથા શ્મશાનમાં નિવાસ કરે છે; જેમનાં ગરુડ તથા વૃષભ વાહન છે; જેમને બે તથા ત્રણ આંખો છે; જેમણે બલિરાજાના તથા દક્ષપ્રજાપતિના યજ્ઞનો ભંગ કર્યો છે; જે લક્ષ્મીવલ્લભ તથા પાર્વતીવલ્લભ છે; જેમણે શ્રીવત્સ તથા ગંગાજીને ધારણ કરેલાં છે, એવા તે હરિ તથા હર અમારાં પાપોનો વિનાશ કરે. (સ્કંદ-પુરાણ)


अस्माकं तु निसर्गसुन्दर चिराच्चेतो निमग्नं त्वयी–
त्यद्धाऽऽनन्दनिधे तथापि तरलं नाद्यापि संन्तृप्यते ।
तन्नाथ त्वरितं विधेहि करुणां येन त्वय्येकात्मतां,
याते चेतसि नाप्नवाम शतशो याम्याः पुनर्यातनाः ॥

હે સ્વભાવથી સુંદર ! હે આનંદનિધિ પ્રભો ! અમારું ચિત્ત એકમાત્ર આપ ભગવાનમાં જ બહુ સમયથી નિમગ્ન બની ગયું છે. તથાપિ તે ચંચલ ચિત્ત હજી સુધી સંતૃપ્ત થયું નથી. તેથી હે નાથ ! આપ શીઘ્ર જ અમારા પર એવી કૃપા કરો કે– જેથી આ ચિત્ત આપની સાથે એકાત્મભાવને પામે, અને અમને ફરીથી યમની અસંખ્ય દુઃખપૂર્ણ યાતનાઓ પ્રાપ્ત ન થાય.

(ઉદયનાચાર્ય)

कलाभ्यां चूडालंकृतशशिकलाभ्यां निजतपः–
फलाभ्यां भक्तेषु प्रकटितफलाभ्यां भवतु मे ।
शिवाभ्यामस्तोकत्रिभुवनशिवाभ्यां हृदि पुन–
र्भवाभ्यामानन्दस्फुरदनुभवाभ्यां नतिरियम् ॥

જે પરબ્રહ્મની ચેતન, પ્રગટ, દિવ્ય કલારૂપ છે, જેમનાં મસ્તકમાં ચન્દ્રની કલા સુશોભિત છે, જે પોતાનાં તપના ફલરૂપે અત્યંત તેજસ્વી છે, પોતાના ભક્તોમાં જેમણે અપાર કૃપારૂપ ફલ પ્રગટ કર્યું છે, ત્રિભુવનમાં જેમનું કલ્યાણકારી સ્વરૂપ વિસ્તૃત છે, જે હૃદયમાં ચિદાનંદરૂપે પ્રાદુર્ભૂત થઈ રહ્યાં છે, જે સ્વતઃ સ્ફુરિતપૂર્ણ આનંદરૂપે અનુભૂત થઈ રહ્યાં છે, તેવાં કલ્યાણમય ઉમામહેશ્વરરૂપી યુગલ–ભગવાન તથા ભગવતીને આ મારા પ્રણામ છે. (શંકરાચાર્ય)



શ્રીમાન્ પોપટલાલ પ્રાણજીવનભાઈ દવે
તથા તેમના ધર્મપત્ની રમાલક્ષ્મીબેન
જેમની ધાર્મિક ઉદાર સહાયતાથી આ પુસ્તકનું પ્રકાશન થયું

धन्यवाद एवं शुभाशीर्वाद

यह गुजराती अनुवादवाली प्रवचन-सुधा सौराष्ट्रके वढवाण-नगर-निवासी श्रीमान् धर्मानुरागी भगवत्स्नेही द्वे पोपटलाल प्राणजीवनदास बी. ए. की द्रव्य-सहायतासे तथा महेश्वर-ग्रन्थमालाके स्थायी फंडसे प्रकाशित की जा रही है। श्रीमान् पोपटलालभाई वर्तमानमें पोस्ट एवं टेलीग्राफ डीपार्टमेन्टमें सुप्रीन्टेन्डन्ट-ओफ्, आर्. एम्. एस्. बी डीवीजन पूनामें उक्तपद पर नियुक्त हैं। प्रथम वे पोस्ट मास्टर जनरल बोम्बे सर्कलकी हेड-ओफीसमें आसीस्टंट डीरेक्टर ओफ् पोस्टल सर्विसमें चार वर्ष के लिये नियुक्त थे। उन्होंने प्रथम पोस्ट विभागमें ता. १९-११-२९ को बडौदा सुप्रीन्टेन्डन्ट आर्-एम्-एस् की ओफीसमें कार्ल्क के रूपमें प्रविष्ट होकर अपने प्रामाणिकता-प्रवीणता-परिश्रम आदि अनेक सद्गुणोंके प्रभावसे आगे बढ़कर पोस्ट-विभागके गेझेटेड-ओफीसरका दरज्जा प्राप्त किया। और पोस्ट एवं टेलीग्राफके डीपार्टमेन्टमें अपनी ख्याति एवं यश प्राप्त किया।

इसप्रकार श्री पोपटलालभाई व्यावहारिक सर्विसमें जैसे सफल हुए, आगे बढे, यशोलाभ प्राप्त किया, वैसे इस धार्मिक सर्विसमें भी वे सफल होते जारहे हैं, साधन भजनमें भी आगे बढ रहें हैं, एवं धर्मसेवा, परोपकार आदि पुण्य-

कार्य से भी यशोलाभ प्राप्त कर रहे हैं, यह सब अभ्युदय उनके शुभ-संस्कारोंकाही पुनीत फल है। उस प्रकार उनकी धर्मपत्नी भगवती श्री रमालक्ष्मी देवी भी इस धार्मिक कल्याण-मार्गमेंभी आगे बढ रही हैं एवं सत्संग-भजन आदिके द्वारा आत्मकल्याणके मार्गमें अग्रसर होती जारही है। तथा उनके चि. सुपुत्र श्रीप्रवीणभाई एवं चि. श्री दीलिपभाई आदि परिवारभी शुभसंस्कार एवं धार्मिक-सद्भावोंसे समन्वित है, यह भी एक प्रकारका सुवर्णसुगन्धयोगही माना जासकता है। अतः इस महेश्वर-ग्रन्थमालाके संयोजकोंकी तरफसे-सपरिवार आपको सप्रेम अनेकानेक धन्यवाद दिया जाता है, तथा सपत्नीक आपका प्रशस्त फोटोभी इस पुस्तकके साथ ससन्मान प्रकाशित किया जा रहा है। लोकलीलासूत्रधार भगवान् श्रीविश्वनाथजीसे प्रार्थना की जाती है कि-वे सपरिवार आपको सदा स्वस्थ सुखी एवं समृद्ध बनाये रक्खें, एवं ऐहलौकिक तथा पारलौकिक-अभ्युदयके साथ परमार्थिक-निःश्रेयस लाभ प्रदानके लियेभी सर्वदा विशेषतः कृपाशील बने रहें, इसके लिये आपको पुनीत-शुभाशीर्वादरूप-नारायणनामोपहार भी समर्पित किया जा रहा है। इति शुभं भूयात् सर्वेषाम्।

ता. १२-७-५६
गुरुवार.

स्वामी महेश्वरानन्द मण्डलेश्वर.
संन्यासाश्रम, विलेपारला,
बम्बई

શુદ્ધિ—પત્રક

પૃષ્ટ	લીટી	અશુદ્ધ	શુદ્ધ	પૃષ્ટ	લીટી	અશુદ્ધ	શુદ્ધ
૨	૧	तद्धक्ता	तद्धक्ता	૫૫	૧૫	मूर्खं	मूर्खं
૨	૧	भवतु	मवतु	૫૮	૨૪	આશા	અશા
૩	૧૧	ऽप्युनु	ऽप्यनु	૬૧	૨૨	હાનિને	હાનીથી
૩	૧૪	स्यिं	रियं	૬૩	૮	चत्र	चित्र
૫	૧૭	यथार्मं	यथार्थं	૮૬	૧૦	षय	षम
૮	૨૩	विारग	विराग	૮૮	૧૧	પાયો	પાતો
૧૦	૨૧	व्यधि	व्याधि	૯૩	૫	रचि	रयि
૧૭	૧૧	ધટને	ધરને	૯૩	૫	सजा	सखा
૧૭	૧૧	બાળી	ખોળી	૧૦૦	૨	સાંભ	સાંભળ
૧૭	૨૩	તાથી	તાની	૧૦૪	૧૫	પુત્રતે	પુત્રને
૧૮	૨૬	ભાગ્યાં	લાગ્યાં	૧૦૬	૪	यां	स्यां
૨૬	૫	કહીએ	કરીએ	૧૧૩	૧૦	ક્રાર્યો	ક્રર્મો
૨૬	૭	કહીએ	કરીએ	૧૧૬	૧	આ	આમ
૩૦	૧૦	રોય	રોપ	૧૨૧	૪	વૃક્ષ	વૃદ્ધ
૩૧	૧૩	रमै	तमै	૧૨૧	૧૧	વૃક્ષ	વૃદ્ધ
૩૨	૧૫	ઘડાયી	ઘડાથી	૧૨૧	૧૪	ધિગ્ન	ધિમગ્ન
૩૪	૧૩	બંધ	ષેધ	૧૨૨	૭	હાલ	હાથ
૩૬	૪	બંધ	ષેધ	૧૨૭	૯	कस्त्म	कस्त्वम
૩૬	૧૨	ન્યાત્વ	ન્યત્વ	૧૨૭	૨૨	સામે	સાથે
૪૦	૧૪	સંખૂર્ણ	સંપૂર્ણ	૧૨૭	૨૩	તો	નો
૪૪	૭	દુર્લભ	દુર્બલ	૧૩૫	૧૧	એકાન્ત	એકાગ્ર
૪૪	૧૩	मट	भट	૧૪૦	૨	હારા	હીરા
૪૪	૧૩	सहहुबास्र	सहस्रबाहु	૧૪૮	૨૫	वृव	तृप

૧૫૧	૧	મનઅ	માંઅન	૩૦૦	૧૨	સ્વાએ	સ્વામીએ
૧૫૧	૨૪	ઘૂછ્યું	પૂછ્યું	૩૦૪	૧૬	વિચાર	વિસ્તાર
૧૫૭	૨	यर	पर	૩૨૧	૭	લઇને	જોઈને
૧૫૮	૧૭	કહે	કરે	૩૨૧	૭	શ્રુગા	શૃગાંર
૧૫૮	૨૦	કોઈ	કોઇનો	૩૨૨	૭	ગી	ગી મિત્ર
૧૬૩	૧૦	આ	અને	૩૩૫	૪	कसे	कैसे
૧૭૧	૯	લક્ષણુ	ચક્ષણુ	૩૩૫	૫	जसे	जैसे
૧૮૧	૪	વાયાળ	વાચાળ	૩૩૭	૯	मुवन	भुवन
૧૮૭	૫	षेधनाम्	षेधाद्	૩૪૩	૯	कज्पितः	कल्पितः
૧૮૮	૨	અર્થાત્	કાર્યરહિત છે	૩૪૩	૨૫	કલ્પિ	કલ્પિત
૧૮૮	૭	તેમનો	તેમનો અન્ય	૩૪૬	૨૦	સુબોધન	સુયોધન
૧૯૬	૧૫	અન્યય	અન્વય	૩૪૯	૮	તે	પણ
૧૯૬	૨૫	અન્યય	અન્વય	૩૪૯	૧૧	પ્રકૃતિ	પ્રકૃત
૧૯૭	૧૯	પ્રતિબંધ	પ્રતિષેધ	૩૫૧	૪	એઇયે	જોઇયે
૧૯૭	૨૦	પ્રતિબંધ	પ્રતિષેધ	૩૫૧	૧૧	દ્રય	દૃય
૨૨૮	૨૧	આગલા	આગમ	૩૫૨	૨૪	सयसे	सबसे
૨૩૯	૮	તના	તથા	૩૫૬	૨૭	चैत्र	मैत्र
૨૪૫	૧	દશ્ય	દૃય	૩૫૮	૧૮	दृष्टि	दृष्टि
૨૪૫	૧૧	સ્વપ	સ્વરૂપ	૩૫૯	૧૦	પ્રકારની	પ્રકારથી
૨૫૨	૧૫	અજ્ઞાન	અજ્ઞાત	૩૬૧	૭	અન્યતુ	સત્યતુ
૨૫૫	૨૫	સ	સદ્	૩૬૨	૧૨	તેમ	જ્ઞેય
૨૬૫	૨૨	સર્વ	સેવક	૩૬૨	૨૫	જાવ	જાય
૨૭૩	૭	કો	કોઈ	૩૬૪	૧૧	એક	એવું
૨૭૪	૨૪	રહેલુ	રહેતુ	૩૬૪	૨૩	યાર્યે	ચાર્યે
૨૮૦	૧૬	કરી	કહી	૩૬૫	૨	નુપત્તિ	નુપપત્તિ
૨૯૯	૨૬	પાડે છે	પાડતા હતા	૩૬૫	૧૦	ધર	ઘટ
				૩૬૭	૨૧	ન્તમાં	ન્તના

૩૯૭	૨	એટ	એક	૫૫૯	૧	જ્ઞાન	જ્ઞાત
૪૧૦	૨૪	પણ	પણ સત્વાદિ	૫૫૯	૨	આવે	આપે
૪૧૩	૧૩	જન્મત્વ	જન્યત્વ	૫૭૩	૨૦	ગ્રન્થ	પંથ
૪૧૫	૨૧	તાન	જ્ઞાન	૫૭૫	૧૪	આના	આપના
૪૩૩	૧૩	આનદકદ	આનંદકંદ	૫૭૮	૨૧	મના	મનાથી
૪૩૫	૧૭	કલણ	કલિલ	૫૭૯	૨૫	चतु	यज्ञु
૪૫૧	૧૭	ત્રમાં	ત્રના	૫૮૦	૨	मगबो	भगवो
૪૫૨	૧૩	યધર્મ	યાધમ	૫૮૨	૪	શ્રેષ્ઠ	શ્રેષ્ઠ છે.
૪૬૧	૮	માત્ર	પાત્ર	૬૦૩	૨૦	કાળી	કામી
૪૬૬	૯	નમનો	નામનો	૬૦૫	૨૦	કઠ	કંઠે
૪૭૪	૨૨	દુષ્ટ	રૂષ્ટ	૬૦૯	૩	નથી	નહિં
૪૯૪	૧૮	વખેરે	વગેરે	૬૨૧	૨૨	દેવ	દ્રવ
૪૯૪	૧૯	કરે	કહે	૬૨૪	૨૨	એવો	એવો
૪૯૫	૨૩	નાની	મોટી	૬૨૮	૨૩	राट्रभि	राष्ट्रभि
૪૯૫	૨૪	સુરૂચિ	સુનીતિ	૬૩૦	૨૫	અનિર્વચનીય	અર્ચનીય
૫૧૨	૧૪	ભાવ	ભક્તિ	૬૩૨	૪	तमसा	तपसा
૫૧૩	૧૧	હીરાના	હીરા	૬૩૫	૧૧	યક્ષુ	ચક્ષુ
૫૧૬	૨૦	ન્યાસ	ભ્યાસ	૬૩૫	૧૯	એકે	એક
૫૨૦	૧૩	धिभक्त	विभक्त	૬૩૭	૬	વિજ્ઞાન	વિદ્વાન
૫૨૦	૧૪	तमौ	तमो	૬૩૯	૧૩	પ્રવાહ	પ્રવાદ
૫૩૨	૬	ઘટ	ઘર	૬૩૯	૧૨	मार्या	भार्या
૫૩૩	૧૫	લાદ	લાદક	૬૪૫	૬	भजे	व्रजे
૫૩૮	૧૮	કરણ	કારણ	૬૪૬	૨૦	વિષય	વિશ્વ
૫૩૯	૨૪	શૌર્ય	શૌચ	૬૪૯	૧૯	તમે	તમો
૫૪૧	૯	બની	રહી	૬૫૩	૭	ભાવ	પ્રભાવ.
૫૫૬	૭	યતન	ચેતન	૬૫૫	૧૧	चव	चैव

૬૫૬	૯.	શ્વર	શ્વરમાં
૬૫૬	૧૮	બીજા	બીજાને
૬૫૯	૨૩	હશે	છે
૬૬૫	૪	મત્રી	મથી
૬૬૫	૧૫	અપાય	અપરાધ
૬૭૦	૨૨	બળ	બાળ
૬૭૭	૧૫	વનમાં	વનથી
૬૭૭	૧૯	કુલો	ફૂલો
૬૭૭	૨૨	વનમાં	વનથી
૬૮૬	૧૬	વિના	તથા
૬૮૬	૧૭	થઈ	કરી
૬૮૮	૨	माम	मामबुद्ध्यः
૬૮૮	૯	થયેલો	થયેલો
૬૮૯	૯	કારણે	કારણ
૬૯૧	૨૬	मानी	मानो
૬૯૩	૨૫	टप	उप
૭૦૨	૧૮	માઢે	માટે
૭૦૪	૨૨	સ્વાજી	સ્વામીજી
૭૦૮	૨૬	જ	જજ
૭૧૫	૧૦	કહે	કરે
૭૨૨	૨૫	તર	તરીના
૭૪૧	૨૬	આપી	આવી
૭૬૩	૧૪	મન્ય	માન્ય
૭૬૫	૨૧	કોઈપણ	અનેક
૭૮૦	૧	જેવાં	જેમાં

હરિઃ ૐ તત્સત્ ।

શ્રીવિશ્વનાથો વિજયતેતરામ્ ।

શ્રીમત્પરમહંસ-પરિવ્રાજકાચાર્ય-શ્રોત્રિય-બ્રહ્મનિષ્ઠ-દાર્શનિક-સાર્વભૌમ-ન્યાયમાર્તંડ-વિદ્યાવારિધિ-વેદાન્તવાગીશ મહામંડળેશ્વર પૂજ્યપાદ શ્રી ૧૦૮ સ્વામી મહેશ્વરાનંદજી મહારાજ દ્વારા મુંબઈ વિલેપાર્લા સંન્યાસાશ્રમમાં ગીતાપર કરાયેલાં પ્રવચનોનો સંગ્રહ.

પ્રવચન-સુધા

प्रवचनसुधा सेयं, शास्त्रदृष्टान्तसंस्कृता ।
लोकाज्ञानविषं हत्वा, मोदं सृजतु निर्भरम् ॥

શાસ્ત્રદૃષ્ટાંતોથી અલંકૃત આ પ્રવચનસુધા લોકોના અજ્ઞાનરૂપી વિષને દૂર કરીને પુષ્કળ આનંદ પ્રગટ કરો.

મંગલાચરણ

ॐ शं नो मित्रः, शं वरुणः । शं नो भवत्वर्यमा । शं न इन्द्रो बृहस्पतिः । शं नो विष्णुरुरुक्रमः । नमो ब्रह्मणे । नमस्ते वायो ! त्वमेव प्रत्यक्षं ब्रह्मासि । त्वामेव प्रत्यक्षं ब्रह्म वदिष्यामि । ऋतं वदिष्यामि । सत्यं वदिष्यामि ।

तन्मामवतु । तद्वक्तारमवतु । अवतु माम् । अवतु वक्तारम् ॥
ॐ शान्तिः शान्तिः शान्तिः ॥ (कृ. यजु० तैतिरीय १।१।१)

મિત્ર-પરમસ્નેહી હિતકારી પરમાત્મા અમને સુખશાન્તિ આપો. વરુણ-સર્વ મનુષ્યો માટે પસંદ કરવા યોગ્ય-આનંદનિધિ ભગવાન અમને સુખશાન્તિ આપો. અર્યમા-શ્રેષ્ઠ વરદાનો આપવાવાળા, ઇચ્છાઓને પૂરવામાં કલ્પવૃક્ષ, સર્વેશ્વર પ્રભુ અમને આનંદ આપો. ઇન્દ્ર-ઉત્તમ ઐશ્વર્યવાળા મહેશ્વર પ્રભુ અને બૃહસ્પતિ-બૃહતી (મહાન) વેદવાણીના તેમજ બૃહતી (મહાન) માયાના પતિ ભગવાન અમને સુખશાન્તિ આપો. વિશાળ પગલાં ભરનારા વિષ્ણુ પરમાત્મા અમને સુખશાન્તિ આપો. બ્રહ્મને નમસ્કાર છે. હે વાયુ-વાયુમાં પણ રહેલા પરમાત્મા! આપને નમસ્કાર છે. આપ જ સર્વમાં સદ્‌ઘન, ચિદ્‌ઘન, સુખઘનરૂપથી પ્રત્યક્ષ બ્રહ્મ છો. આપને જ હું પ્રત્યક્ષ બ્રહ્મ કહીશ. શાસ્ત્રમાં પરીક્ષા કરાયેલી યથાર્થ વસ્તુ હું કહીશ. અનુભવ કરેલી સત્ય વસ્તુ હું કહીશ. તે બ્રહ્મ મારી રક્ષા કરો. તે વેદવક્તા આચાર્યની રક્ષા કરો. શિષ્ય એવા મારી રક્ષા કરો. આચાર્ય ગુરુદેવની રક્ષા કરો. ૐ શાન્તિઃ શાન્તિઃ શાન્તિઃ, અર્થાત્ આધ્યાત્મિક, આધિભૌતિક અને આધિદૈવિક-ત્રણેય પ્રકારનાં દુઃખોની નિવૃત્તિ હો.

ध्यायेन्नित्यं महेशं रजतगिरिनिभं चारुचन्द्रावतंसं,
रत्नाकल्पोज्ज्वलाङ्गं, परशुमृगवराभीतिहस्तं प्रसन्नम् ।
पद्मासीनं समन्तात् स्तुतममरगणैर्व्याघ्रकृत्तिं वसानं,
विश्वाद्यं विश्ववन्द्यं, निखिलभयहरं पञ्चवक्त्रं त्रिनेत्रम् ॥

મહેશ-કૈલાસપતિ ભગવાન શ્રીશંકરનું પુરુષ સદા ધ્યાન કરે. જે શંકરભગવાન ચાંદીના પર્વતની સમાન શ્વેતવર્ણવાળા

અને મનોહર છે; જેમના મસ્તક ઉપર સુંદર બાલચંદ્રનું આભૂષણ શોભી રહ્યું છે; જેમનાં હાથપગ વગેરે સર્વ અંગો દિવ્ય રત્નની સમાન ઊજ્જવલ આભાયુક્ત (શોભાયુક્ત) છે; જેમના ચાર હાથમાં અનુક્રમે પરશુ, મૃગ, વરમુદ્રા અને અભયમુદ્રા રહેલાં છે; જે હમેશાં પ્રસન્ન–સ્મિતયુક્ત વદનવાળા છે, પદ્માસન વાળીને બેઠેલા છે; ચારે તરફ ઊભા રહેલા ઈન્દ્ર, વરુણ વગેરે દેવગણો જેમની સ્તુતિ કરી રહેલા છે; જેમણે વ્યાઘ્રચર્મ પહેરેલું છે, જે વિશ્વના મૂલકારણ છે અને તેથી સમસ્ત વિશ્વને વંદવા યોગ્ય છે; જે બધા જ પ્રકારના ભયોને દૂર કરવાવાળા અભયંકર દેવ છે, અને પાંચ મુખવાળા તથા ત્રણ નેત્રોવાળા છે.

यः पूर्णानन्दमग्नोऽप्यनुगतमनसां वल्लवीनां विधेयः,
 यश्चेन्द्रादेर्नियन्ता विजयहयतनूमार्जने सावधानः।
यश्च श्रीशः सुदाम्नः पृथुककणगणात्यादरास्वादयुक्तः,
 तस्य श्रीपादुकायाः भवतु कृतिरियं मालिका मल्लिकायाः॥

જે ભગવાન સનાતન પરબ્રહ્મ શ્રીકૃષ્ણ, એક તરફ પૂર્ણાનંદમાં મગ્ન છે, અર્થાત્ આપ્તકામ તથા નિત્યતૃપ્ત છે, અને બીજી તરફ તે પોતાનામાં મનને આસક્ત બનાવનારી પ્રેમી ગોપીઓના જાણે આજ્ઞાકારી દાસ બન્યા હોય તેવા દેખાય છે, અર્થાત્ ભક્ત ગોપિકાઓ પોતાની ઈચ્છા મુજબ તેમને નાચ નચાવી રહી છે. એક તરફ તે પરમાત્મા મોટા મોટા ઈન્દ્ર વગેરે દેવોના શાસક બનીને રહેલા છે, અને બીજી તરફ નોકરની માફક પોતાના પ્રિય ભક્ત અર્જુનના રથના ઘોડાને સાફ કરવામાં લાગી રહેલા દેખાય છે. જે ભગવાન વિશ્વને મોહ પમાડનારી લક્ષ્મીદેવીના સ્વામી છે, તે જ ભગવાન દરિદ્ર ભક્ત સુદામાએ આણેલા પૌંઆના દાણાને અતિ આદરપૂર્વક કંગાલની પેઠે ખાતા

દેખાય છે. આ પ્રમાણે પરસ્પર વિરુધ્ધરૂપે દેખાતા તે ભગવાનની શ્રીપાદુકામાં આ મારી રચના મલ્લિકા-પુષ્પોની માળા બનીને રહો.

वंशीविभूषितकरान्नवनीरदाभात्,
पीताम्बरादरुणबिम्बफलाधरोष्ठात्।
पूर्णेन्दुसुन्दरमुखादरविन्दनेत्रात्,
कृष्णात्परं किमपि तत्त्वमहं न जाने॥

જે શ્રીકૃષ્ણે હાથમાં વાંસળી લીધેલી છે, નવીન મેઘની પેઠે શ્યામસુંદર છે, જેમણે પીળાં રેશમી વસ્ત્રો પહેરેલાં છે, લાલ રંગના બિંબફળની પેઠે મનમોહક જેમનો ઉપલો તથા નીચલો હોઠ છે, પૂર્ણિમાના ચંદ્રની પેઠે આહ્લાદક જેમનું સુંદર મુખ છે, તથા કમળ પત્રની પેઠે આકર્ષક મનોહારી નેત્ર છે, તે શ્રીકૃષ્ણથી વધારે મહાન બીજું કોઈ તત્ત્વ હું જાણતો નથી, અર્થાત્ શ્રીકૃષ્ણ જ પરાત્પર સનાતન પૂર્ણબ્રહ્મતત્ત્વ છે.

(૧)

मय्यासक्तमनाः पार्थ, योगं युञ्जन् मदाश्रयः।
असंशयं समग्रं मां, यथा ज्ञास्यसि तच्छृणु॥
(ગીતા ૭।૧)

સર્વના અંતર્યામી પરમદયાળુ ભગવાન શ્રીકૃષ્ણ અર્જુનને નિમિત્ત બનાવીને બધા માનવીઓના કલ્યાણ માટે સ્વજ્ઞાન-પ્રાપ્તિનાં સાધનોનો ઉપદેશ આપે છે—હે પૃથાના પુત્ર પાર્થ! તું મારામાં આસક્ત મનવાળો થા, મારામાં યોગ જોડ, તથા મારોજ આશ્રય કર. એમ કરવાથી તું સંશયરહિત બનીને મને—પરમાત્માને સમગ્રરૂપે જાણી શકીશ. કેવી રીતે તું જાણીશ, તે સાવધાનતાથી શ્રદ્ધાપૂર્વક સાંભળ.

આ શ્લોકમાં આનંદનિધિ વિશ્વવંદ્ય ભગવાને અર્જુનને સાધ્ય તથા સાધનોનો ઉપદેશ આપ્યો છે. સાધનો સિવાય સાધ્યનો લાભ થતો નથી. સાધ્ય છે-ભગવાનનું સંપૂર્ણ યથાર્થ જ્ઞાન. તે પ્રમાણે સાધન છે ત્રણ. એક, ભગવાનમાં જ મનને આસક્ત બનાવવું. બીજું, ભગવાનને માટે જ યોગ કરવો, અને ત્રીજું, એક માત્ર ભગવાન પર જ વિશ્વાસ રાખવો, તેમનો જ આશ્રય (શરણુ) સંપાદન કરવો.

'એક ભરોસા એક બલ, એક આશ વિશ્વાસ.'

લોકો કહે છે કે—ભગવાનમાં મનને કેવી રીતે આસક્ત બનાવવું? અમારું મન તો સુંદર યુવતિ સ્ત્રીઓમાં, ભોગવિલાસોમાં, ધનવૈભવમાં, લોભાવનારાં શણગારેલાં ભવનોમાં, સિનેમાઓમાં વગેરે દુનિયાના મોહક પદાર્થોમાં અનાદિકાળથી આસક્ત બનીને બેઠેલું છે; ત્યાંથી હઠાવવા છતાં તે હઠતું નથી. શું કરીએ? જ્યાંસુધી મન ત્યાંથી હઠે નહિ, સર્વપ્રકારે તે પદાર્થોની આસક્તિ છોડે નહિ, ત્યાંસુધી ભગવાનમાં મનને આસક્ત બનાવવું તે આકાશ-પુષ્પની પેઠે અસંભવિત છે.

તેમનું કહેવું યથાર્મ છે. પરંતુ વિવેક વડે મનને દુનિયાથી હઠાવી શકાય છે, ભગવાનમાં આસક્ત બનાવી શકાય છે. વિવેક એક બહુ સામર્થ્યવાળું સાધન છે, તે બધાં સાધનોનું મૂળભૂત સાધન છે. વિવેક છે—ગુણદોષનું પરીક્ષણ, સત્ય તથા અસત્યનું પૃથકરૂપે વિવેચન કરવું ત, તેમને જુદાં પાડવાં તે. 'વિચ્—જુદું પાડવું' ધાતુ પરથી વિવેક શબ્દ બન્યો છે. સંસાર શું છે? તેનું સ્વરૂપ શું છે? કે જેથી કરીને અમારૂં મન અનાદિકાળથી અવિવેકને વશ બનીને તેમાં આસક્ત થઈ બેઠું છે, એને યથાર્થરૂપે સમજવું; અને તે પ્રમાણે સર્વાત્મા ભગવાન

શું છે? તેમનું વાસ્તવિક સ્વરૂપ શું છે? તેને શાસ્ત્ર તથા સદ્‌ગુરૂ દ્વારા યથાર્થ સમજવું—આ વિવેક છે.

જે રીતે તમે સંસારના બધા પદાર્થો સાથે વિવેક રાખો છો, પરીક્ષણ કરો છો—એક બહુ જૂનું-પુરાણું મકાન છે, જીર્ણવિશીર્ણ છે; અંધકાર, મચ્છર અને દુર્ગન્ધિથી ભરેલું છે, જલ્દી પડી જાય તેવું છે. અને બીજું એક સુંદર શણગારેલું ભવન છે, હમણાં જ નવું મજબૂત બનાવેલું છે, સ્વચ્છ છે; મચ્છર, દુર્ગન્ધિ વગેરેથી રહિત છે, બધા પ્રકારની સગવડો-વાળું છે. તમે આ બેમાંથી કયા મકાનને પસંદ કરશો? કયામાં મનને આસક્ત બનાવશો? આપના મનમાં આ બે મકાનોના ગુણદોષનું વિવેચન કરવાની શક્તિ છે; તેથી આપ જરૂર તે ખરાબ મકાન પરની આસક્તિ છોડીને પેલા સારા ભવન ઉપર જ પ્રેમ કરશો, તેમાં જ નિવાસ કરવાની અભિલાષા રાખશો.

તે પ્રમાણે આપ બજારમાં જાઓ છો, સારી વસ્તુઓ જ ખરીદો છો, ખરાબ વસ્તુઓને નથી લેતા, દરેક વસ્તુની સાથે વિવેક રાખો છો, સારી વસ્તુને જ પસંદ કરો છો, ખરાબને નહિ.

તે જ પ્રમાણે અહીં એક તરફ સારામાં સારી વસ્તુ આનંદનિધિ પરબ્રહ્મ ભગવાન છે, અને બીજી તરફ ખરાબમાં ખરાબ વસ્તુ દુઃખોના આલયરૂપ (નિવાસ સ્થાન રૂપ), અશાશ્વત-ક્ષણભંગુર સંસાર છે. ભગવાનને અર્જુનને ગીતામાં એ જ કહ્યું હતું—अनित्यमसुखं लोकमिमं प्राप्य भजस्व माम्‌ ॥ (૯,૩૩) હે અર્જુન! આ લોક અર્થાત્‌ નામરૂપાત્મક—અવિદ્યા વડે અધ્યારોપિત, મિથ્યા જગત્‌ અનિત્ય અને સુખ રહિત છે. જો કે તેના શબ્દાદિ વિષયોમાં કોઈકવાર કોઈકને સુખનો આભાસ થાય છે, પરંતુ તેમાં સ્થાયી સુખ નથી મળતું, તેનુ

પરિણામ વિરસ અને દુઃખ તથા ભયથી યુક્ત હોય છે. તેથી તેમાં પણ શાશ્વત સુખ નથી–એવો નિશ્ચય કર, તેવા લોકને પ્રાપ્ત કરીને તું તેમાં આસક્ત ન થા. આસક્તિ થવાનું કારણ ભ્રાન્તિ સિવાય બીજું કશું નથી. માટે તું એકમાત્ર, નિત્ય અવિનાશી, પૂર્ણ આનંદનિધિ એવા મારું–પરમપ્રિય સર્વાત્મા ભગવાનનું જ ભજન કર, તેમાં જ મનને આસક્ત બનાવ.

'असुखं' ની વ્યુત્પત્તિ છે–'अविद्यमानं सुखं यत्र सः, तम्' અર્થાત્ જેવી રીતે મરૂભૂમિમાં (રણમાં) ખરેખર જલ હોતું નથી, પરંતુ ભ્રાન્ત હરિણોને તેમાં જલનો ભાસ થાય છે. તેથી તેઓ અવિદ્યમાન જલથી તરસ છિપાવવા દોડે છે, પરેશાન થાય છે; છતાં તેમને જલ મળતું નથી. કયાંથી મળે? હોય તો મળે ને? તે પ્રકારે આ નામરૂપાત્મક જગત્‌માં પણ ખરેખર સુખ નથી, છતાં ભ્રાન્ત જીવોને તેના શબ્દાદિ પદાર્થોમાં સુખોનો આભાસ થાય છે, તેમને પ્રાપ્ત કરવા માટે જીવન પર્યંત, રાત દિવસ અનેક પ્રકારની ચેષ્ટાઓ કરે છે, દોડાદોડી કરે છે. પણ તેમને સુખ મળતું જ નથી, તેઓ દુઃખીના દુઃખી જ રહે છે. હોય તે વસ્તુ મળે, અવિદ્યમાન વસ્તુ કેવી રીતે મળે? ભલે ને તે દેખાય! છીપમાં ચાંદી પ્રતીત થાય છે (દેખાય છે), પણ અવિદ્યમાન હોવાથી તે મળતી નથી. માટે જ ભગવતી શ્રુતિ કહે છે કે भूमैव सुखम् (છાં–૭,૨૩,૧) ભૂમા, વ્યાપક, વિભુ મહાન પરમાત્મા જ સુખરૂપ છે. 'नाल्पे सुखमस्ति.' (છાં૦ ઉ૦) અલ્પ, ક્ષણભંગુર સંસારમાં સુખ નથી.

આ પ્રકારે યથાર્થ વિવેક વડે પરિચ્છિન્ન પદાર્થોમાં સુખ-બુદ્ધિનો પરિત્યાગ કરવાથી ધીમે ધીમે તેમની આસક્તિ પણ નિવૃત્ત થઈ જાય છે.

તે પ્રમાણે સંસારના આ શરીરાદિ પદાર્થોમાં સૌન્દર્ય-બુદ્ધિનો પરિત્યાગ કરવો જોઈએ. સૌન્દર્યબુદ્ધિ પણ આસક્તિનું કારણ છે. જે સ્ત્રી વગેરેનાં શરીરોને આપ સુંદર આકર્ષક સમજો છો, તે વસ્તુતઃ શું છે? તેમનું વિવેચન (પરીક્ષણ) કરો. એક પાતળી ચામડીએ તેમની અંદરના ધૃણિત માલમસાલાને ઢાંકી રાખ્યા છે, તેને ચપ્પુથી દૂર કરતાં તેમની સુંદરતાની પોલ ખુલી જાય છે. જે માંસ, હડ્ડી વગેરે ગંદી ચીજોને કસાઇ-ખાનામાં જોઈને અમે બહુ ઘૃણા કરીએ છીએ, નાક તથા મ્હોં મચકોડીએ છીએ, તે જ ચીજો આ પાતળી ચામડીની અંદર ભરેલી છે. વિચાર કરતાં તે મલમાંસના ગંદા થેલા સિદ્ધ થાય છે. સૃષ્ટિકર્તા પરમાત્માએ શરીરોને સોનાચાંદી વગેરે ધાતુઓનાં અથવા આરસપાણ વગેરેનાં ન બનાવતાં હાડ, માંસ, લોહી, પિત્ત, કફ વગેરે ધૃણિત પદાર્થો વડે નિર્માણ એટલા માટે કર્યાં છે કે આમના મૂળ સ્વરૂપને—અસલી સ્થિતિને જાણીને માનવી તેમાં અનુરાગનો પરિત્યાગ કરશે; એજ પરમાત્માનો અભિપ્રાય હતો. પરંતુ હાય રે અવિદ્યાની ભ્રાન્તિ! તેં! પણ ગજબ કર્યો. જે રસાયનથી રોગની નિવૃત્તિ થવી જોઇતી હતી, તેના જ દ્વારા રોગની અભિવૃદ્ધિ થઇ ગઈ. પણ વારંવાર વિવેકનો અભ્યાસ કરવાથી આ દૂરૂહ (કઠિન) ભ્રાન્તિને પણ હઠાવી શકાય છે. 'રંગ લાગત લાગત લાગત હૈ, ભ્રમ ભાગત ભાગત ભાગત હૈ.' માટે જ વિષ્ણુપુરાણમાં કહ્યું છે કે:—

स्वदेहाशुचिगन्धेन, न विरज्येत यः पुमान्।
विरागकारणं तस्य, किमन्यदुपदिश्यते॥

જે માણસ પોતાના દેહના દુર્ગન્ધપૂર્ણ અશુચિ પદાર્થોનું અવલોકન કરવા છતાં પણ તેમના પ્રત્યે રાગરહિત નથી બનતો, તેને વૈરાગ્ય માટે બીજો શો ઉપદેશ આપી શકાય?

અર્થાત્ આ શરીર જ અમારો ગુરુ બનીને અમને ઉપદેશ આપે છે. ઉપદેશ લેનાર કોઈ જોઈએ. સંસારમાં ઉપદેશક ગુરુઓ બહુ છે, શિક્ષા લેનાર શિષ્ય થોડા છે. આ શરીર પરિવર્તનશીલ છે, તેમની હંમેશાં એક જ સ્થિતિ નથી બની રહેતી. બાળક શરીર કોઈક વાર યુવાન બની જાય છે, યુવાન શરીર વૃદ્ધ બની જાય છે, વૃદ્ધ લોકો કેટલીક વાર મરી જાય છે, માટીનાં પૂતળાં માટીમાં મળી જાય છે. તંદુરસ્ત શરીર કેટલીક વાર રોગી બની જાય છે, સબલ તથા રમણીય શરીર દૂબળું તથા કદ્રૂપું બની જાય છે. શરીર કોઈનું બન્યું નથી. બાપનું પણ બન્યું ન હતું, દાદાનું પણ નથી બન્યું, તો પછી તારું બનીને કેવી રીતે રહેશે ? માટે તું તેના પર અનુરાગ છોડી દે.

અવધૂત-શિરોમણિ દત્તાત્રેયજીએ પણ ચોવીસ ગુરુઓથી વધારામાં આ શરીરને પણ પોતાનો શિક્ષક ગુરુ બનાવ્યું હતું. તે કહે છે કેઃ—

'देहो गुरुर्मम विरक्तिविवेकहेतुः,
विभ्रत्स्म सत्त्वनिधनं सततार्त्युदर्कम्।
तत्त्वान्यनेन विमृशामि यथा तथापि,
पारक्यमित्यवसितो विचराम्यसङ्गः ॥'

(ભા. ૧૧-૯-૨૫)

આ શરીર પણ મારો શિક્ષક ગુરુ છે. એના યથાવત્ આલોચનથી એ મારા વિવેક અને વૈરાગ્યનો હેતુ બન્યું છે. ઉત્પત્તિ અને વિનાશ તેના ધર્મ છે. તે કહે છે કે—હું પેદા થયું છું, માટે જરૂર મરવાનું. સંયોગનો અંત વિયોગમાં જ આવે છે. તે બાબતની એ શિક્ષા આપી રહ્યું છે. વળી નિરંતર

અનેક પ્રકારનાં કષ્ટો ભોગવવાં એ જ તેનું ઉત્તરોત્તર ફળ છે. જો કે તે મારું ઉપકારી છે, કારણકે તેના દ્વારા હું હરદમ તત્ત્વ ચિંતન કરતો રહું છું, તો પણ મારો એ નિશ્ચય છે કે—આ શરીર મારું નથી, પારકું છે, શિયાળ કૂતરાં વગેરેનું ભક્ષ્ય છે. તેથી હું તેના પર અહંતા તથા મમતાનો (હુંપણાનો તથા મારાપણાનો) પરિત્યાગ કરીને, અસંગ બનીને—મસ્ત બનીને વિચરું છું.

બીજે પણ કહ્યું છે કે—

'यदन्तरस्य देहस्य, बहिः स्याच्चेत्तदेव हि।
दण्डग्रहाः वारयेयुः शुनःकाकाँश्च मानवाः॥'

જે ઘૃણિત માલમસાલા આ શરીરની અંદર ભરેલા છે, તે જો બહાર આવી જાય, તો તો તેની બધી સુંદરતા—આકર્ષકતા નાસી જાય, દરેકને પોતાના હાથમાં એક દંડ રાખવો પડે, કારણકે કૂતરાં અને કાગડા મીઠાઈની ખુલ્લી દુકાનની પેઠે તેના પર તૂટી પડે, તેમને દૂર રાખવાં કઠણ થઈ પડે. માટે—

'इदं शरीरं कृमिजालसंकुलं, स्वभावदुर्गन्धमशौचमध्रुवम्।
रुजायुतं मूत्रपुरीषभाजनं, रमन्ति मूढा न रमन्ति पण्डिताः॥'

આ શરીર અનેક પ્રકારના, અગણિત કીટોના સમુદાયથી ભરપૂર છે, સ્વભાવથી જ દુર્ગન્ધિયુક્ત છે, તેની વાસ્તવિક શુદ્ધિ થઈ શકતી જ નથી; જલ વગેરેથી થોડીઘણી ઉપરચોટિયા શુદ્ધિ થાય છે. તે અધ્રુવ છે—કોઈ ને કોઈ વાર તેનો વિનાશ થાય જ છે, તે અનેક રોગોનો ભંડાર છે. 'शरीरं व्याधिमन्दिरम्' શરીરને રોગોનું ઘર કહ્યું છે. મલ તથા મૂત્રનો થેલો છે. તેમાં મૂઢ લોકો—અવિવેકી પુરૂષો જ રમણ કરે છે, અહંતા—મમતા બાંધે છે અને અનુરાગ કરે છે; વિવેકી—તત્ત્વદર્શી પુરૂષો એમાં

રમણ કરતા નથી, દૃક્‌-દૃશ્યના વિવેક વડે તેમાંથી અહંતા-મમતાનો પરિત્યાગ કરે છે, આ વિનાશી અને અશુદ્ધ પૂતળામાં અનુરાગ રાખતા નથી.

ધનાદિ વૈભવ પણ અનર્થનો જ હેતુ બને છે, ઉપાર્જનના સમયમાં અનેક પ્રકારનાં પાપો કરાવે છે, મળ્યા પછી તૃષ્ણા-ચિંતા વધારે છે, ખરચાતાં અને નાશ પામતાં મહાન્ સંતાપ આપે છે. માટે જગદ્‌ગુરુ આચાર્ય શ્રી શંકર સ્વામીએ કહ્યું છે કે-अर्थमनर्थं भावय नित्यं, नास्ति ततः सुखलेशः सत्यम् । આ ધનાદિ અર્થને તું સુખનું કારણ ન સમજીશ, દુઃખોનું કારણ હોવાથી તેને તું અનર્થ જ સમજ, તેમાં અનર્થની ભાવના કર, તેનાથી સુખનો છાંટો પણ મળતો નથી, આ યથાર્થ વાત છે.

આ સંસારના બધા પદાર્થો પરિવર્તનશીલ છે, આજ કંઈક હોય છે, કાલે કંઈક જુદા જ બની જાય છે; આજ અમે જેને અમૃતની પેઠે પ્રિય માનીએ છીએ તે કાલે વિષની પેઠે અપ્રિય બની જાય છે, સંસારમાં કદાપિ એક જ પ્રકારની સ્થિતિ ટકી રહેતી નથી, પરસ્પર વિરુદ્ધ ભાવોનું આવવું તેનું જ નામ સંસાર છે; કોઈક વખત સુખ આવે છે અને કોઈક વખત દુઃખ. માટે કહ્યું છે કે-सर्वे भावाः क्षणपरिणामिनः ऋते चितिशक्तेः । એક માત્ર ચેતનશક્તિ સિવાય સંસારના સઘળા પદાર્થો ક્ષણેક્ષણે બદલાતા રહે છે. યુવાવસ્થાની મસ્તી થોડાક દિવસ રહે છે, જોતાજોતામાં જ ઘડપણ આવી લાગે છે. ઘડપણમાં જુવાનીની બધી વાતો યાદ આવે છે, જેમને યાદ કરીને વૃદ્ધ માણસ મૂર્ખતાને વશ બનીને શોકથી સંતાપ પામે છે. એક વૃદ્ધે મને કહ્યું હતું કે-મહારાજ, હું જ્યારે જુવાન હતો ત્યારે ઘોડાની પેઠે ધમકતે પગલે ચાલતો હતો, દાંત બહુ સારા હતા; હું ખૂબ

ખાતો હતો, બધું જ પચી જતું હતું. હવે હું ઘરડો થઈ ગયો છું, મારાથી ચાલી શકાતું નથી. બધા દાંત પડી ગયા છે, ખાઈ શકાતું નથી, પચતું નથી. શરીરની અક્કડ ચામડી લબડી ગઈ છે. હાય રે ઘડપણ! તે પોતાના ઘડપણને જોઈને બહુ શોક તથા દુઃખ પ્રગટ કરતો હતો. મેં કહ્યું–તમે શરીરની આસક્તિ છોડી દો, ભગવાનનું ભજન કરો. તે મ્હોં બગાડીને કહેવા લાગ્યો–મહારાજ! મનીરામ (મન) જુવાન બનવાનું પસંદ કરે છે. મેં કહ્યું-તો પછી અનેક વાર મરો અને ઉત્પન્ન થાઓ અને દુઃખ ભોગવો. જ્યારે મનીરામ માનતા નથી, ત્યારે બીજું શું થઈ શકે? અવિવેકી મૂઢ લોકો આ પ્રકારે અનેક જાતના સંતાપોનો અનુભવ કરે છે. માત્ર વિવેકી–વિચારવાન લોકો જ આ સંતાપોથી મુક્ત બનીને શાન્તિ અને આનંદનો અનુભવ કરતા રહે છે. વિવેક સિવાય સંસારના આ પરિવર્તનશીલ શરીર વગેરે પદાર્થો ઉપર આસક્તિ હઠતી નથી. 'મોહ ગયે બિનુ રામપદ, હોય ન દૃઢ અનુરાગ' એ નિશ્ચિત સિદ્ધાન્ત છે.

મેડાબંધી મકાનમાં એક જ પાણીનો નળ ઉપર અને નીચે મૂકેલો છે. જ્યાં સુધી નીચેનો નળ ખુલ્લો રહે છે, ત્યાં સુધી પાણી ઉપર નથી ચઢતું. ઉપરવાળા બૂમો પાડે છે–અરે, નીચેનો નળ બંધ કરો, ઉપર પાણી આવવા દો. પાણી ત્યારે જ ઉપર ચઢે છે કે જ્યારે નીચેનો નળ બંધ કરે. આ જ રીતે આ મનીરામ પણ એક પ્રકારનો નળ છે. તે અનાદિ કાળથી સંસારની તરફ વહી રહ્યો છે. ઊર્ધ્વમૂલ (ઉપર છે મૂળ જેનાં તેવા) ભગવાનની તરફ તે ત્યારે જ વહી શકે, જ્યારે નીચેની શાખાઓવાળા સંસાર તરફ તેનું વહેવું બંધ થાય. તેનું વહન બંધ કરવા માટે એક વિવેક જ માત્ર સમર્થ છે. વિવેકના સામર્થ્યથી જ તે સંસારની આસક્તિ અને ચિંતનને છોડીને,

માત્ર ભગવાનમાં જ આસક્તિ કરી શકે છે. એ નિયમ છે કે–જેમાં અમારી આસક્તિ થઈ જાય છે, તેનું જ ચિંતન અમારૂં મન સતત કર્યા કરે છે. તેથી નિશ્ચય અને ભાવના કરવાં જોઈએ કે–આ અસાર સંસાર અસત્ય, અસુંદર અને સુખ-રહિત છે; એક માત્ર સર્વાત્મા પરબ્રહ્મ ભગવાન જ સત્ય છે, સુંદર છે, સુખપૂર્ણ છે. આ પ્રકારના દૃઢ વિવેકથી મન ભગવાનમાં જરૂર આસક્ત થશે. મનની ભગવાનમાં આસક્તિ જ ભગવાનના તત્ત્વજ્ઞાનની પ્રાપ્તિનું પ્રથમ સાધન છે. (૧)

'तुलसीदास हरिकी करुणा बिनु, विमल विवेक न होई।
बिनु विवेक संसार घोरनिधि, पार न पावे कोई॥'

(2) તત્ત્વજ્ઞાન પ્રાપ્તિનું બીજું સાધન છે–'मयि योगं युञ्जन्,' ભગવાનમાં કર્મયોગનો સંબંધ કરવો. જે કાંઈ છે તે ભગવાનનું જ છે, મારૂં કાંઈ નથી, હું પણ બીજા કોઈનો નથી, કેવલ ભગવાનનો છું, ભગવાન મારા છે.

"मेरा मुझमें कुछ नहीं, जो कुछ है सो तेरा।
तेरा तुझको सौंपते, क्या लागत है मेरा?॥'

એવો નિશ્ચય રાખવો, સતત એવી ભાવના રાખવી.

આ જગત્ ભગવાનનો બાગ છે, ભગવાન એનો માલિક છે, હું કેવળ ભગવાનની આજ્ઞાથી માળી બનીને કામ કરવા અહીં આવ્યો છું. હું કામ કરનાર માળી છું, માલિક નહિં. માલિક બનશો, તો બહુ દુઃખ ભોગવશો, રડશો. માળી બનશો, તો આનંદનો અનુભવ કરશો, સદા હસતા રહેશો. માટે માળી બન્યા રહો, માલિક ન બનો. સર્વ શાસ્ત્રોનો અને સર્વ મતોનો એક જ નિશ્ચય છે કે–ભગવાનને ગમે તે નામથી પુકારો પણ

તે જ સર્વ જગત્‌નો માલિક છે, સ્વામી છે, ઈશ્વર છે; એની ઈચ્છા પ્રમાણે જ જગત્‌માં સર્વ કાર્ય બનતાં રહે છે. જીવોની ઈચ્છાથી કંઈ બનતું નથી. તેથી વિવેકી હંમેશાં ભગવાનની ઈચ્છામાં જ પ્રસન્ન રહે છે, પોતાની જુદી ઈચ્છા કરીને દુઃખી નથી બનતો. માટે જ કોઈક ભક્તે ભગવાનને કહ્યું છે કે—

"तुम्हरी इच्छा होत है, जब प्रियतम दिनरात।
मेरी इच्छा करनकी, रही कौनसी बात॥
तुम्हरी इच्छामें प्रभो! है मेरा कल्याण।
मेरी इच्छा मत करो, मैं मूरख नादान॥"

માટે 'હું' અને 'મારૂં' તેવો ભાવ છોડીને એક માત્ર આનંદનિધિ ભગવાનની પ્રસન્નતાની ખાતર જ કર્તવ્ય સમજીને કર્મ કરતા રહેવું જોઈએ. આ જ ગીતાનો નિષ્કામ કર્મયોગ છે. કર્મનો સર્વ પ્રકારે પરિત્યાગ કોઈ પણ કરી શકતું નથી. પરંતુ અમે કર્તૃત્વના અભિમાનનો અને ફલાસક્તિનો વિવેક-વૈરાગ્ય દ્વારા પરિત્યાગ કરી શકીએ છીએ. આ જ ગીતાની 'બ્રહ્મકર્મ-સમાધિ' છે. બ્રહ્મની ખાતર કર્મ કરવું, સર્વમાં બ્રહ્મની ભાવના કરતા રહેવું, સદા સર્વત્ર બ્રહ્મના આનંદનો અનુભવ કરવો—આ જ બ્રહ્મકર્મ-સમાધિ છે.

સમાધિ માટે તમારે દુનિયાથી ભાગી જવાની જરૂર નથી. દુનિયા ક્યાં નથી? મનમાં પણ દુનિયા તો ભરેલી છે. જ્યાં ભાગશો, ત્યાં મનીરામ તો સાથે ને સાથે જ રહેશે. તે જ (મન) બધા ઉપદ્રવોની જડ છે (મૂળ છે). સર્વને—ત્યાગી વિરાગીઓને પણ, થોડું ઘણું દુનિયામાં તો રહેવું પડે છે. અર્જુન પણ કર્તવ્ય પાલન છોડી દઈને હિમાલયમાં ભાગી જવાની ઈચ્છા કરતો હતો. ભગવાને અર્જુનને યથાર્થ જ્ઞાનનો ઉપદેશ આપ્યો.

અર્જુન સમજી ગયો કે–હું કુશલતાપૂર્વક કરેલાં કર્મો વડે જ સમાધિ સુખનો અનુભવ કરી શકીશ. હું દુનિયાને બદલી નથી શકતો, પણ વિવેક વિચાર દ્વારા મારા મનને તો બદલી શકું છું. જેણે પોતાના મનને બદલી નાંખ્યું, તેણે આખા સંસારને બદલી નાંખ્યો. આપણે આખી પૃથ્વીને કંટક-રહિત નથી બનાવી શકતા, પરંતુ જો અમે મજબૂત જોડા પહેરી લઈએ તો અમારે માટે આખી પૃથ્વી કાંટા વગરની જ બની શકે છે. કહ્યું છે કે– उपानद्गूढपादस्य ननु चर्मावृतैव भू । આખી પૃથ્વીને કોઈ ચામડાથી ઢાંકી શકતું નથી, પણ આપણે આપણા પગને ચામડાથી (જોડાથી) ઢાંકી શકીએ છીએ. જેણે પોતાના પગને ચામડાથી (જોડાથી) ઢાંકી દીધા, તેને માટે નિશ્ચય સમજો કે આખી પૃથ્વી ચામડાથી ઢંકાઈ ગઈ, કારણકે હવે તેને કાંટો વાગી શકે તેમ નથી–ભલેને પછી તે કાંટાઓની વચમાં થઈને ચાલે.

योगः कर्मसु कौशलम् (૨, ૫૦)–આ ગીતાનો સિદ્ધાંત છે. કર્મ કરવામાં કુશળતા–એનું જ નામ યોગ છે. કર્મ તો અમારે કરવાનાં છે, પણ તેમાં એવી કુશળતા રાખવાની છે કે તે બંધનનો હેતુ ન બનતાં મુક્તિનો હેતુ બને. તે મુક્તિનો હેતુ ત્યારે જ બની શકે કે જ્યારે તેમને ભગવાનની ખાતર જ કરવામાં આવે; ભગવાન જ કરી રહ્યા છે, કરાવી રહ્યા છે, હું નથી કરી રહ્યો–એવો ભાવ રહે. કર્તૃત્વના અભિમાનના અભાવનો આ એક વિશુદ્ધ ભાવ છે. જ્યારે હું કર્તા નથી, ત્યારે ફલની અભિલાષા શા માટે રાખું? સમસ્ત ફલોના ફલરૂપ–સારરૂપ એકમાત્ર ભગવાન જ છે, હું તેમને જ ચાહું છું, તેમની પ્રસન્નતાને માટે જ તેમની ઈચ્છા પ્રમાણે કર્તવ્યનું પાલન કરી રહ્યો છું–હું યંત્ર છું, તે યંત્રી છે. મોટર ડ્રાઈવરને આધીન હોય છે. ડ્રાઈવરની જેવી ઈચ્છા હોય તેમ તે મોટરના

પૈડાને ઘુમાવે. મોટરને ચૂં કે ચાં કરવાનો કોઈ અધિકાર નથી. જેવી તારી ઈચ્છા હોય તેમ—આમ પણ વાહવાહ, અને તેમ પણ વાહવાહ. ચૂપચાપ મસ્ત બનીને, આનંદપ્રસન્ન રહીને કર્તવ્ય કર્યે જવું. સર્વ ક્રિયાઓનું લક્ષ્ય એકમાત્ર ભગવાન જ છે—એજ નિશ્ચય રાખવો. આનું નામ જ છે ભગવાનની ખાતર કર્મ કરવાં.

આ વિષયમાં જાજલિ અને તુલાધારનું વૃત્તાંત બહુ ઉપયોગી છે. જાજલિ એક ઋષિ હતા. તે પોતાના કર્તવ્યપાલનમાંથી વિમુખ બનીને તપ કરવા માટે સમુદ્રતટ પર ચાલ્યા ગયા હતા. ત્યાં તેમણે ખૂબ કાયા-કષ્ટરૂપ તપ કર્યું. તપશ્ચર્યામાં કેટલાંય વર્ષો વીતી ગયાં. તેમની જટામાં પક્ષીઓએ માળો બાંધ્યો, તેમાં ઈંડાં મૂક્યાં. ઈંડાંમાંથી બચ્ચાં થયાં. તે મોટાં થઈને ઉડી ગયાં; તોપણ જાજલિને તેની ખબર ન પડી. તેવી તેમની તપશ્ચર્યામાં નિશ્ચલતા હતી. પણ તેમની તપશ્ચર્યા ભગવદ્‌ભક્તિ અને જ્ઞાન વગરની હતી. તેથી તેમને તપશ્ચર્યાથી બહુ અહંકાર આવી ગયો. તે પોતાને સૌથી મોટા તપસ્વી માનવા લાગ્યા. તપશ્ચર્યાથી અનેક પ્રકારની સિદ્ધિઓ પણ પ્રગટ થવા લાગી. તે કોઈ પર પ્રસન્ન થઈ તેને વરદાન આપવા લાગ્યા, તો કોઈ પર નારાજ થઈને શાપ દેવા લાગ્યા. તેમનાં શાપ તથા વરદાન તરત ફળ આપતાં હતાં. લોકો તેમને મોટા સિદ્ધ મહાત્મા માનવા લાગ્યા. અહંકારથી, વરદાનથી, શાપથી અને ક્રોધથી તપશ્ચર્યાનો નાશ થઈ જાય છે.

એક દિવસ તે વૃક્ષની નીચે બેઠા હતા. ઉપરથી એક અજાણ્યા પક્ષીએ તેમના પર વિષ્ઠા કરી. તેમને પક્ષી ઉપર બહુ ગુસ્સો થયો. તેમણે ક્રોધભરી દૃષ્ટિ પક્ષી પર ફેંકી. પક્ષી તરત બળીને ભસ્મ થઈ ગયું. તેમને ખૂબ પ્રસન્નતા થઈ. જે તપશ્ચર્યા

વડે અહંકાર ક્રોધ વગેરે દોષોની નિવૃત્તિ થવી જોઈતી હતી, તેની જ વડે અજ્ઞાનને લઈને તે દોષોની અભિવૃદ્ધિ થઈ. તે સમયે તેમના સારા નસીબે આકાશવાણી થઈ–હે જાજલિ, તારૂં તપ તુચ્છ છે, અજ્ઞાનપૂર્ણ છે, ક્રોધ વગેરેથી તેનો વિનાશ થઈ રહ્યો છે. કાશીમાં રહેતા તુલાધારનું તપ સર્વોત્તમ છે, જ્ઞાનપૂર્ણ છે. તે વિનય, પ્રેમ વગેરે સદ્‌ગુણોનો વિકાસ કરનાર છે; અને અહંકાર, ક્રોધ વગેરે દોષોનો વિનાશ કરનાર છે. તું તેની પાસે જા, તેને શિક્ષાગુરૂ બનાવ, તેની પાસેથી શિક્ષા ગ્રહણ કર. વ્યર્થ અહંકાર તથા ક્રોધને ત્યજી દે.

આકાશવાણી સાંભળીને જાજલિ કાશી પહોંચ્યા. કાશીમાં જઈને તેમણે તુલાધારના ઘટને ખાળી કાઢ્યું. દૂરથી જાજલિ ઋષિને આવતા જોઈને તુલાધારે, પરિચિત હોય તેમ, કહ્યું, 'આવો, પધારો, હે જાજલિ ઋષિ, આપનું હું સ્વાગત કરૂં છું.' મધુર વાણીથી ઉપર પ્રમાણે બોલીને, માનપૂર્વક ઊભા થઈને, જાજલિઋષિનો તેણે પ્રસન્નતાપૂર્વક સત્કાર કર્યો. તેમને સુંદર આસન પર બેસાડીને તેમનો બધો વૃત્તાંત કહી સંભળાવ્યો. જાજલિને ખૂબ આશ્ચર્ય થયું કે–આને મારા જીવનના સમગ્ર વૃત્તાંતનું જ્ઞાન કેવી રીતે થયું? આ તો ઘરમાં રહેતાં છતાં, વ્યાપારીનું કામ કરતાં કરતાં પણ સર્વજ્ઞ બની ગયો; જ્યારે હું જંગલમાં રહીને ઘોર તપશ્ચર્યા કરતાં છતાં પણ કશું જાણતો નથી. જાજલિનું અભિમાન ગળી ગયું. તેમણે વિનયપૂર્વક તેને પૂછ્યું–આપે ઘરમાં રહીને પણ કયા પ્રકારનું તપ કર્યું છે, જેથી આપને સર્વજ્ઞતાથી સિદ્ધિ પ્રાપ્ત થઈ?

તુલાધારે પ્રેમથી કહ્યું–ભગવન્, હું માત્ર ભગવાનની પ્રસન્નતાની ખાતર જ મારા કર્તવ્ય કર્મનું પાલન કરૂં છું.

ભગવાનની ઇચ્છામાં હું પ્રસન્ન રહું છું. ભગવાન જ આ બધાના માલિક છે. હું તો માત્ર તેમનો આજ્ઞાંકિત માળી બનીને તેમના બગીચામાં કામ કરતો રહું છું. તેથી હું સર્વ પ્રકારનાં સાંસારિક શુભાશુભ દ્વન્દ્વોમાં મારા મનને સંતુષ્ટ અને પ્રસન્ન રાખું છું. મારી સર્વ ક્રિયાઓનું લક્ષ્ય એકમાત્ર ભગવાન જ હોય છે. તેથી મારી સર્વ ક્રિયાઓ પુણ્યમય જ હોય છે. સર્વ શરીરોમાં દ્રષ્ટા-રૂપે એકમાત્ર ભગવાન જ વિરાજમાન છે–એમ સમજીને હું સર્વનું હિત ચાહું છું. કોઈનું બુરૂં ચાહતો નથી. જે કોઈનું પણ બુરૂં નથી ચાહતો, નથી કહેતો, નથી કરતો, તેનું કદી બુરૂં થતું નથી. તેથી મારા જીવનનું આ વ્રત થઈ ગયું છે કે સર્વનું ભલુ ચાહવું. હું સર્વની ભલાઈમાં જ મારી ભલાઈ માનું છું. હું સારા, સદાચારી, ભક્ત, જ્ઞાની, શ્રેષ્ઠ પુરૂષોનો સમાગમ કરૂં છું. કાન વડે તેમના કલ્યાણકારી ઉપદેશો સાંભળું છું. આંખો વડે સર્વ વિશ્વમાં કલ્યાણ–સ્વરૂપ ભગવાનનું જ દર્શન કરૂં છું. છતાં હું મારા કર્તવ્યમાંથી કદી વિમુખ બનતો નથી. વૃદ્ધ માતપિતાની દેવની પેઠે ભક્તિપૂર્વક સેવા કરૂં છું. સદાચાર, સદ્વિચાર, સંતોષ અને શાન્તિ જ મારૂં જીવન છે, તે જ મારૂં તપ છે, તેનાથી જ સર્વના અંતર્યામી ભગવાન મારા પર પ્રસન્ન છે.

તુલાધારે પોતાના હાથના ઈશારાથી એક પિંજરાને બતાવીને ફરી કહ્યું–ભગવાન્! આ તે જ પક્ષીનાં બચ્ચાં છે કે જે સમુદ્ર-તટ પર આપની જટામાં જ પેદા થયાં હતાં. આ પક્ષી પણ ભગવાનની કૃપાથી મારે ઘેર રહીને બહુ જ્ઞાની થઈ ગયાં છે. તેઓ પણ આપને કંઈક કહેવા માગે છે. કૃપા કરીને આપ તેમના પણ થોડાક શબ્દો સાંભળો. તેમ બોલીને તુલાધારે તે પિંજરાને જાજલિની પાસે મૂક્યું. ત્યારે તે પક્ષીઓ પ્રસન્ન બનીને ઉપદેશ આપવા માગ્યાં–

'वनेऽपि दोषाः प्रभवन्ति रागिणां,
गृहेऽपि पञ्चेन्द्रियनिग्रहस्तपः।
अकुत्सिते कर्मणि यः प्रवर्तते,
निवृत्तरागस्य गृहं तपोवनम् ॥'

રાગી–અજ્ઞાની પુરૂષોને વનમાં પણ અનેક પ્રકારના અહંકાર, ક્રોધ વગેરે દોષો ઉત્પન્ન થાય છે; પરંતુ ઘરમાં રહેતાં છતાં પણ જે પુરુષ વિવેક વિચાર દ્વારા વિષયોના રાગનું નિવારણ કરીને પાંચેય ઇન્દ્રિયોનો નિગ્રહ કરે છે–ઇન્દ્રિયોને નિષિદ્ધ વિષયો તરફ જવા દેતો નથી–તેનું બહુ ભારે તપ છે. જે માણસ પ્રભુની પ્રસન્નતા ખાતર કર્મ કરે છે, તેનાં સર્વ કર્મો અકુત્સિત અર્થાત્ પવિત્ર બની જાય છે. આ પ્રકારે રાગરહિત મનુષ્યોને માટે ગૃહ પણ તપોવન બની જાય છે.

પક્ષીઓનું અને તુલાધારનું ભાષણ સાંભળીને જાજલિ ઋષિની આંખો ખુલી ગઈ. જ્ઞાનરહિત તપનો ત્યાગ કરીને, તે જ્ઞાન–ભક્તિપૂર્ણ સ્વકર્તવ્યપાલન રૂપ તપ કરવા લાગ્યા. આચાર્ય શંકરે કહ્યું છે કે–

'स्ववर्णाश्रमधर्मेण, तपसा हरितोषणात्।
साधनं प्रभवेत्पुंसां, वैराग्यादिचतुष्टयम् ॥'

પોતાના વર્ણ અને આશ્રમના ધર્મનું–કર્તવ્યનું પાલન કરવું તે જ તપ છે; તેથી શ્રી હરિ પરમાત્મા સંતુષ્ટ થાય છે. ભગવાનની કૃપાથી જ માનવ તત્ત્વજ્ઞાનનાં ચાર સાધન–વૈરાગ્ય વગેરે મેળવી લે છે.

આ પ્રમાણે ભગવાને અર્જુનને 'मयि योगं युञ्जन्' તે તત્ત્વજ્ઞાનના બીજા સાધનનો ઉપદેશ કર્યો.

(3) 'मदाश्रयः' એ ત્રીજું સાધન છે. ભગવાનનો જ આશ્રય કરવો, હમેશાં ભગવત્પરાયણ રહેવું. ભગવાનનો વિશ્વાસ જીવનને હંમેશાં સંતુષ્ટ રાખે છે. ભગવાનની શરણાગતિ મહાન્ ધર્મ છે. मुमुक्षुर्वै शरणमहं प्रपद्ये। (શ્વે૦ ઉ૦ ૬,૧૮) એ વેદોનો આદેશ છે. માટે મુમુક્ષુ બનો. સંસારનાં દુઃખ, ભય અને બંધનોથી છૂટવાની પ્રબળ ઈચ્છા રાખવી તે જ મુમુક્ષુતા છે, મુમુક્ષુ બન્યા સિવાય ભગવાનની શરણાગતિનો અધિકાર મળતો નથી. માટે હું મુમુક્ષુ બનીને ભગવાનનું શરણ ગ્રહણ કરૂં છું– એવી ભાવના રાખો. ભગવાનની શરણાગતિ એટલે ભગવાનના ખોળામાં બેસવું. જેવી રીતે એક નાનું બાળક પોતાના પિતાના ખોળામાં બેસીને મસ્ત રહે, ગભરાતું નથી, કોઈ પણ પ્રકારની ચિંતા કરતું નથી, તે પ્રમાણે ભગવાનનું શરણ લીધેલો ભક્ત હમેશાં મસ્ત રહે છે, ધૈર્ય અને ઉલ્લાસપૂર્વક બધે જ ભગવાનના પવિત્ર નામામૃતનું રસાસ્વાદન કરતો રહે છે. માટે

'यौवनं धनमायुष्यं पद्मिनीजलबिन्दुवत्।
अतीव चपलं ज्ञात्वाच्युतमेकं समाश्रयेत्॥'

યૌવન, ધન અને આયુષને કમળના છોડ પર રહેલા જલ-બિન્દુની માફક અત્યંત ચપલ–વિનાશી જાણીને, એકમાત્ર અચ્યુત–અવિનાશી ભગવાનનું જ શરણ ગ્રહણ કરવું જોઈએ.

મીરાંએ ભગવાનનો અનન્ય આશ્રય લીધો હતો. હમેશાં ભગવાનના સ્મરણમાં જ મસ્ત રહેવું તે ભક્ત મીરાનું જીવન હતું. 'મેરે તો ગિરધર ગોપાલ દૂસરો ન કોઈ રે!' એજ એની પ્રબલ ભાવના હતી. તેથી તે પોતાની વિરુદ્ધના લૌકિક વાતા-વરણની કાંઈ પણ પરવા કરતી ન હતી. પ્રભુપ્રેમમાં મસ્ત બનીને તે કહેતી હતી કે–

'क्या करेगी दुनिया पागल, होणी होय सो होई।
जो मरजी नन्दलालकी, बात बनेगी सोई॥'

વિરુદ્ધ વાતો સાંભળીને મેવાડનો રાણો મીરાંનો ખૂબ દ્વેષ કરી રહ્યો હતો. 'સાધુસંગ બૈઠ બૈઠ લોકલાજ ખોઈ'–મીરાંનો આ વ્યવહાર તેને બહુ જ ખરાબ લાગતો હતો. અનેકવાર મના કરવા છતાં જ્યારે મસ્તાની મીરાંએ ન માન્યું, ત્યારે ખૂબ ક્રોધે ભરાઈને રાણો મીરાંને મારી નાખવાની કોશીશ કરવા લાગ્યો. એક પાણીના પ્યાલામાં ઝેર ભેળવીને 'આ ભગવાનનું ચરણામૃત વૃંદાવનથી આવ્યું છે' એમ કહીને તે પ્યાલો મીરાંને મોકલી આપ્યો. મીરાંનું હૃદય અત્યંત ભાવુક હતું. તે કોઈને પણ પોતાનો વિરોધી માનતી જ ન હતી. ચરણામૃતનું નામ સાંભળીને તે ખૂબ પ્રેમાવિષ્ટ બની ગઈ.

'विषको प्याला भेजियो, मीराजीके हाथ।
कर चरणामृत पी गई, लेकर हरिका नाम॥'

ભાવુક નિર્મલ હૃદયનું પાવન હરિનામ ઝેરને અમૃત બનાવી શકે છે. ભગવાનના નામમાં ખૂબ સામર્થ્ય છે, પણ હૃદયમાંયે કંઈક સામર્થ્ય હોવું જોઈએ. હૃદયના સામર્થ્ય વગર નામનું સામર્થ્ય અપ્રગટ રહે છે, પ્રગટ થઈ શકતું નથી. એકમાત્ર ભગવાનનો જ આશ્રય, તેના પર પ્રબલ વિશ્વાસ, તેના પર જ અનન્ય પ્રેમ, હરેક શ્વાસ હરિનામની પવિત્ર સ્મૃતિથી યુક્ત હોવો તે, અંદર બહાર બધે જ ભગવદ્‌ભાવથી ભરેલું માનસ—આ જ હૃદયનું સામર્થ્ય છે. આ સામર્થ્યવાળા હૃદયથી મીરાંએ ભગવાનનું નામ લઈને વિષનું પાન કર્યું હતું–ચરણામૃતની પ્રબલ ભાવનાને વશ બનીને. સર્વ શાસ્ત્રોનો નિશ્ચિત સિદ્ધાંત છે કે-यादृशी भावना यस्य, सिद्धिर्भवति तादृशी।

ફરીથી રાણાએ કરંડિયામાં એક વિષધર સાપને પૂરીને, "નારાયણી–ગંડકી નદીમાંથી આ શાલિગ્રામ મળી આવ્યા છે,

પૂજા કરવા માટે તમને મોકલી આપ્યા છે' એમ કહીને તે કરંડિયો મીરાંને મોકલી આપ્યો. કંડિયાને જોઈને મીરાં ખૂબ રાજી થઇ. હૃદયમાં અવિશ્વાસનો છાંટો પણ ન હતો, વિશ્વાસમાં ખૂબ શક્તિ રહેલી છે. કંડિયાને પ્રેમથી ખોલવામાં આવ્યો. કાળો સાપ કાળા રંગનો શાલિગ્રામ બની ગયો. આ બધો ભગવાનની આશ્રયતાનો ચમત્કાર છે. એમાં 'નનુ-નચ' વગેરે શબ્દોથી સૂચવાતી શંકાને અવકાશ નથી. સર્વશક્તિમાન્ ભગવાન્ પોતાના ભક્તોને માટે શું શું નથી કરતો? તે સર્વ કંઈ કરે છે, અસંભવને પણ સંભવ બનાવે છે.

આ પ્રમાણે ભગવાનમાં જ આસક્ત મનવાળા, ભગવાનની ખાતર જ કર્મ કરવાવાળા, અને ભગવાનની જ આશ્રયતામાં રહેવાવાળા ભક્તો ઉપર ભગવાન નિર્મળ અનુગ્રહ-કૃપા કરે છે. ભગવાનની કૃપાથી ભક્તજનો ભગવાનના સમગ્ર સ્વરૂપને યથાવત્-સંશયરહિત જાણે છે.

ભગવાનના સ્વરૂપનું સંશયરહિત જ્ઞાન થવું બહુ દુર્લભ છે. મોટા મોટા પંડિતોને પણ શાસ્ત્રના સિદ્ધાંતમાં-જ્ઞાનમાં નિશ્ચય થતો નથી. કાશીના એક મોટા પ્રકાંડ વેદાન્તી પંડિત હતા. તે બહુ પ્રેમથી વેદાંત ભણાવ્યા કરતા હતા. એક દિવસ તે કહેવા લાગ્યા-ब्रह्म सत्यं जगन्मिथ्या, जीवो ब्रह्मैव नापरः-આ વાક્યને હું કહું છું તો ખરો; પણ એના અર્થનો મને નિશ્ચય નથી. મને તેમાં સંશય રહ્યા કરે છે. શું તે યથાર્થ હશે? કંઈ સમજમાં નથી આવતું. જ્યારે એક શાસ્ત્રોને જાણનાર પંડિતની આવી દશા છે, તો પછી સાધારણ મનુષ્યની તો વાત જ શી કરવી? માટે કઠોપનિષદ્‌માં બરાબર જ કહ્યું છે કે-

'नायमात्मा प्रवचनेन लभ्यो, न मेधया न बहुना श्रुतेन।
यमेवैष वृणुते तेन लभ्यः, तस्यैष आत्मा विवृणुते तनूं स्वाम्॥'
(१।२।२३)

આ અંતરાત્મા પરબ્રહ્મ વેદાદિ શાસ્ત્રોના કેવલ અધ્યયન દ્વારા પ્રાપ્ત થઈ શકે તેમ નથી, ધારણાશક્તિરૂપ મેધા વડે અને અધિક શ્રવણથી પણ તે પ્રાપ્ત થઈ શકે તેમ નથી. પણ જે સાધક તેનું વરણ કરે છે, અર્થાત્ તેની પ્રાર્થના કરે છે-તેને સાચા હૃદયથી ચાહે છે, તેનાથી જ તે પ્રાપ્ત થઇ શકે છે. ભલે તે શાસ્ત્રજ્ઞ પંડિત ન હોય, પણ તેના પ્રત્યે જ તે અંતરાત્મા પોતાના સમગ્ર સ્વરૂપને યથાવત્ પ્રગટ કરી દે છે.

આચાર્ય શ્રીશંકરસ્વામીએ પણ વિવેકચૂડામણિમાં કહ્યું છે કે-

'वाग्वैखरी, शब्दझरी, शास्त्रव्याख्यानकौशलम्।
वैदुष्यं विदुषां तद्वत्, भुक्तये न तु मुक्तये॥'

શાસ્ત્રજ્ઞ પંડિતોની ઝડઝમકવાળી સુંદર વૈખરી વાણી, પ્રવચનમાં મનોરંજક શબ્દોની ઝડી, અને શાસ્ત્રોનું વ્યાખ્યાન કરવાની કુશળતા, કોરા વિદ્વાનોની આ વિદ્વત્તા માત્ર બીજા વાણીઆઓની પેઠે ભોગપ્રાપ્તિ અને ધનાદિકના લાભ માટે જ હોય છે, મુક્તિને માટે નહિ. મુક્તિને માટે સાધનોની જરૂર હોય છે, શબ્દોના આડંબર માત્રથી મુક્તિ મળી શકતી નથી.

ભગવત્કૃપાનું ફળ તત્ત્વજ્ઞાન છે. મૂર્ખતાને લઈને લોકો સ્ત્રી, પુત્ર, ધન વગેરે લૌકિક લાભને ભગવત્કૃપાનું ફળ માને છે; પરંતુ એતો પુણ્યોનું ફળ છે, ભગવત્કૃપાનું નહિ. માટે જ ભગવાને પોતે ગીતામાં કહ્યું છે કે—

तेषां सततयुक्तानां, भजतां प्रीतिपूर्वकम्।
ददामि बुद्धियोगं तं, येन मामुपयान्ति ते॥
तेषामेवानुकम्पार्थ—महमज्ञानजं तमः।
नाशयाम्यात्मभावस्थो ज्ञानदीपेन भास्वता॥'

(૧૦।૧૦-૧૧)

હમેશાં મારા ચિંતનમાં લાગી રહેલા અને પ્રેમપૂર્વક મારું ભજન કરનારા તે ભક્તોને હું તત્ત્વજ્ઞાનરૂપ યોગ આપું છું, જેના વડે તેઓ મને પ્રાપ્ત થાય છે. અને તે ભક્તો પર અનુગ્રહ કરવા માટે જ હું પોતે તેમના અંતઃકરણમાં એકીભાવથી—ચિદાત્મરૂપે રહેલો હું અજ્ઞાનથી ઉત્પન્ન થયેલા મિથ્યાજ્ઞાનરૂપી અંધકારને। પ્રકાશપૂર્ણ તત્ત્વજ્ઞાનરૂપી દીપદ્વારા નાશ કરી નાંખું છું.

માટે જ ભગવાન અર્જુનની સાધનસંપત્તિ વડે પ્રસન્ન થઈને અર્જુન ઉપર પોતાનો અનુગ્રહ પ્રગટ કરવા માટે આદરપૂર્વક તત્ત્વજ્ઞાનનો ઉપદેશ દેવા લાગ્યા.

(૨) परोक्षज्ञान

परोक्षज्ञान ज्ञानं तेऽहं सविज्ञानमिदं वक्ष्याम्यशेषतः।
यज्ज्ञात्वा नेह भूयोऽन्यज्ज्ञातव्यमवशिष्यते॥

(ગીતા ૭।૨)

આનંદકંદ શ્રીકૃષ્ણ, પોતાની પ્રતિજ્ઞા પ્રમાણે અર્જુનને નિમિત્ત બનાવીને તત્ત્વજ્ઞાનનો ઉપદેશ આપે છે. હે અર્જુન! હું તારે માટે વિજ્ઞાનસહિત તત્ત્વજ્ઞાનને સંપૂર્ણરૂપે કહીશ—જેને જાણીને સંસારમાં પછી બીજું કાંઈ જાણવા યોગ્ય બાકી રહેતું નથી.

અહીં જ્ઞાનનો અર્થ છે—શાસ્ત્રો દ્વારા પ્રતિપાદન કરાયેલું, વિદ્વાન ગુરુ દ્વારા ઉપદેશાયેલું, યથાર્થ, અસંદિગ્ધ પરોક્ષ જ્ઞાન.

અને વિજ્ઞાનનો અર્થ છે-વિપરીત ભાવના વગેરે પ્રતિબંધોથી રહિત, અપરોક્ષ અનુભવજ્ઞાન, એમ સમજવું જોઈએ.

કેવલ પરોક્ષ જ્ઞાનથી અપરોક્ષ અવિદ્યા ભ્રાન્તિની નિવૃત્તિ થતી નથી. અપરોક્ષ ભ્રાન્તિની આગળ પરોક્ષ જ્ઞાન દુર્બળ છે પરોક્ષ જ્ઞાનથી જ્ઞેય તત્ત્વની સ્મૃતિ તો બની શકે છે, પરંતુ સાક્ષાત્કાર થઈ શકતો નથી અપરોક્ષ જ્ઞાનથી જ જ્ઞેયનો યથાવત્ સંપૂર્ણરૂપે સાક્ષાત્કાર થાય છે. પરોક્ષ જ્ઞાનથી ઈચ્છેલો લાભ પણ મળતો નથી. તમે જાણો છો કે આ પૃથ્વીની અંદર જલ ભરેલું પડ્યું છે. આપનું આ જ્ઞાન યથાર્થ છે–સંદેહરહિત છે. પરંતુ તેને ભરોંસે બેસીને તમે તમારી તરસ છિપાવી શકતા નથી, લૂખી-સૂકી ભૂમિને ભીની હરિયાળી બનાવી શકતા નથી. આ પરોક્ષ જ્ઞાનને પ્રયત્ન વડે અપરોક્ષ બનાવવું પડશે, જલની ઉપર રહેલાં માટીનાં પડરૂપી આવરણોને હઠાવવાં પડશે. ત્યારે જ તમે ઇચ્છેલો લાભ મેળવી શકશો.

લાકડામાં અગ્નિ છે. આપનું આ જ્ઞાન યથાર્થ છે. પણ પરોક્ષ હોવાને કારણે તેનાથી આપ ટાઢને દૂર કરી શકવાના નથી, રસોઈ બનાવી શકો તેમ નથી. ઘર્ષણ દ્વારા પરોક્ષ અગ્નિને-આવૃત અગ્નિ તમારે અપરોક્ષ–અનાવૃત બનાવવો પડશે. ત્યારે જ તમે તેના વડે ટાઢ દૂર કરી શકશો, રસોઈ બનાવી શકશો.

આ પ્રમાણે જ્ઞાનને વિજ્ઞાન બનાવવું જોઈએ. જ્ઞાનને વિજ્ઞાન બનાવવા માટે ધ્યાનની અપેક્ષા રહે છે. તે ધ્યાનને જ વેદાંતમાં નિદિધ્યાસન કહે છે. માટે જ ભગવાને ગીતામાં કહ્યું છે કે–**જ્ઞાનાદ્ધ્યાનં વિશિષ્યતે।** (૧૨, ૧૨) જ્ઞાનની અપેક્ષાએ ધ્યાન શ્રેષ્ઠ છે; કારણકે ધ્યાન વિના પરોક્ષ જ્ઞાન અપરોક્ષ બનતું નથી, પ્રતિબંધ–આવરણોની નિવૃત્તિ થતી નથી. માટે કહ્યું છે કે–

"**ધ્યાનેનાત્મનિ પશ્યન્તિ કેચિદાત્માનમાત્મના।**" (ગી. ૧૩।૨૪)

ઘટ, પટ વગેરે વિજાતીય (જુદા પ્રકારના) પ્રત્યય (વૃત્તિ-પ્રવાહ) રૂપી અંતરાયથી રહિત, ચિદાત્મ—બ્રહ્મ વિષયક સજાતીય (એક જ પ્રકારના) પ્રત્યયોના પ્રવાહરૂપ સતત આત્મ ચિંતનનું નામ જ ધ્યાન છે. તે શ્રવણ અને મનનનું ફળ છે. તેના દ્વારા જ આપણે આપણા પોતાનામાં પોતાનો સાક્ષાત્કાર કહીએ છીએ, અથવા પોતાની એકાગ્ર બુદ્ધિમાં પોતાના વિશુદ્ધિ મન દ્વારા પ્રત્યગ્ (અંદર) અભિન્ન બ્રહ્મનો અપરોક્ષ અનુભવ કહીએ છીએ.

આ પ્રમાણે ભગવાન વિશ્વાત્માના પૂર્ણ સ્વરૂપને, શાસ્ત્ર તથા ગુરૂ દ્વારા, જાણીને તથા ધ્યાન દ્વારા અપરોક્ષ અનુભવ કરીને, આ જગત્માં પછી બીજું કંઈ જાણવા યોગ્ય રહેતું નથી. '**ज्ञातव्यं नावशिष्यते**' ની સાથે '**कर्तव्यं नावशिष्यते**' પણ સમજવું જોઈએ. જે પ્રમાણે કંઇ જાણવા યોગ્ય બાકી રહેતું નથી, તે પ્રમાણે કંઇ કર્તવ્ય પણ શેષ રહેતું નથી. **तस्य कार्यं न विद्यते** (ગીતા ૩, ૧૭), **कृत्स्नकर्मकृत्** (ગીતા ૪, ૧૮) તેને માટે કાંઈ કોઈ કર્તવ્ય નથી, સમસ્ત કર્તવ્યો પરિપૂર્ણ થઇ જાય છે, કૃતકૃત્ય, જ્ઞાતજ્ઞેય, ધન્ય, જીવન્મુક્ત બની જાય છે.

તેથી આત્મજ્ઞાન કરતાં ચઢિયાતું બીજું કોઈ જ્ઞાન નથી. જેમ નદીઓ જઈને સમુદ્રમાં મળે છે, તેમ આ જ્ઞાનમાં બધા જ જ્ઞાનોની સમાપ્તિ થઇ જાય છે. તેથી જ મુંડકોપનિષદ્માં બ્રહ્મવિદ્યાને સર્વ વિદ્યાઓની પ્રતિષ્ઠા - આશ્રયરૂપ કહી છે. ગીતામાં તેને રાજવિદ્યા કહી છે, અર્થાત્ બધી જ વિદ્યાઓનો રાજા—એકમાત્ર સર્વોત્તમ વિદ્યા બ્રહ્મવિદ્યા છે. તેનાથી વધીને બીજો કોઇ લાભ માની શકાતો નથી. યથાર્થ રીતે જોતાં આત્મસાક્ષાત્કાર જ લાભ છે, જે શાશ્વત છે, પરમાનંદને આપવાવાળો છે, અમૃતત્વ અને અભયત્વથી પૂર્ણ છે, તેના કરતાં બીજા સાંસારિક લાભો લાભરૂપ માની શકાય તેમ નથી. જે

સાંસારિક પદાર્થો આજ છે અને કાલે નથી રહેતા, તથા સંયોગમાં ક્ષણિક કાલ્પનિક સુખ આપીને વિયોગમાં ખૂબ દુઃખ-શોક આપી જાય છે, તે મૃતપદાર્થો લાભરૂપ નથી, પણ વિવેકીની દૃષ્ટિમાં હાનિરૂપ જ સિદ્ધ થઈ જાય છે.

આ પ્રમાણે આત્મજ્ઞાન કરતાં બીજો કોઇ શાશ્વત આનંદ નથી. માટે જ તૈત્તિરીયોપનિષદ્‌માં કહ્યું છે કે—

'रसो वै सः।' 'रसꣳ ह्येवायं लब्ध्वाऽऽनन्दीभवति' (૨।૭।૧)

તે વિજ્ઞાત પ્રત્યગ્-અભિન્ન બ્રહ્મ જ નિશ્ચયપૂર્વક રસ છે, અર્થાત્ પૂર્ણ આનંદસ્વરૂપ જ છે. તે રસને પ્રાપ્ત કરીને મનુષ્ય આનંદી બને છે. **श्रोत्रियस्य चाकामहतस्य** (તૈ૦ઉ૦ ૨, ૭) અર્થાત્ કામનાવર્જિત શ્રોત્રિય (વેદવેત્તા) તત્ત્વદર્શી વિદ્વાનને સમસ્ત આનંદોનો અનુભવ થાય છે. તેના પરમાનંદમાં સમસ્ત આનંદોનો અંતર્ભાવ થઇ જાય છે (સમાવેશ થઇ જાય છે), જેમ બિંદુઓ સિંધુમાં સમાઈ જાય છે તેમ.

'यज्ज्ञात्वा ज्ञातव्यमन्यन्नावशिष्यते' તાત્પર્ય છે કે—તે પ્રત્યગભિન્ન બ્રહ્મના જ્ઞાનથી કશું પણ અજ્ઞાત રહેતું નથી, અજ્ઞાત પણ જ્ઞાત થઈ જાય છે. બધાં ઉપનિષદોમાં સમસ્ત ચરાચર વિશ્વની બ્રહ્મથી અનન્યતા સિદ્ધ કરવા માટે પ્રતિજ્ઞાઓ કરવામાં આવી છે, અને દૃષ્ટાંતો આપવામાં આવ્યાં છે.

પ્રતિજ્ઞાઓ આ છે—

'उत तमादेशमप्राक्ष्यो येनाश्रुतं श्रुतं
भवत्यमतं मतमविज्ञातं विज्ञातम्' (છાં. ઉ. ૬।૧।૨)

શાસ્ત્રવિદ્યાના અભિમાનથી સ્તબ્ધ બનેલા પોતાના પુત્ર શ્વેતકેતુ પ્રત્યે પિતા ઉદ્દાલક ઋષિ કહે છે કે— હે શ્વેતકેતુ! શું

તેં તારા ગુરૂને તે આદેશ (ઉપદેશ કરવા યોગ્ય વસ્તુ) પૂછયો હતો કે-જે એકના વિજ્ઞાનથી નહીં સંભાળેલી વસ્તુ સાંભળેલી બની જાય છે, મનન નહિં કરેલી વસ્તુ મનન કરેલી બની જાય છે, અને અવિજ્ઞાત વસ્તુ વિજ્ઞાત બની જાય છે?

'कस्मिन्नु भगवो विज्ञाते सर्वमिदं विज्ञातं भवति'

(મુંડક ઉપ. ૧,૧,૨)

શૌનક ઋષિ અંગિરા ઋષિની પાસે જઈને પોતાની જિજ્ઞાસા પ્રગટ કરે છે હે ભગવાન્! કયી વસ્તુના વિજ્ઞાનથી આ સમસ્ત વિશ્વ અજ્ઞાત હોવા છતાં પણ વિજ્ઞાત બની જાય છે? આ વચન પણ પ્રતિજ્ઞાનું જ જ્ઞાપક છે (બતાવે છે.)

'आत्मनि खल्वरे दृष्टे श्रुते मते विज्ञात इदं सर्वं विदितम्'

(બૃ. ઉ. ૪,૫૬)

યાજ્ઞવલ્ક્ય મહર્ષિ પોતાની ભાર્યા મૈત્રીયીને આત્મજ્ઞાનથી સર્વજ્ઞાનની પ્રતિજ્ઞાનો ઉપદેશ આપે છે-અરે મૈત્રિયિ! આત્માનું શ્રવણ કરવાથી, મનન કરવાથી, ધ્યાન કરવાથી અને સાક્ષાત્કાર કરવાથી નિશ્ચયપૂર્વક આ સમસ્ત વિશ્વ અવિદિત હોવા છતાં પણ વિદિત થઇ જાય છે. તેજ પ્રમાણે

'यथा सौम्यैकेन मृत्पिण्डेन सर्वं मृन्मयं विज्ञातं स्यात्, वाचारम्भणं विकारो नामधेयं मृत्तिकेत्येव सत्यम्।'

(છાં. ઉ. ૬,૧,૪)

વગેરે અનેક દૃષ્ટાંત છે. ઉદ્દાલક ઋષિ શ્વેતકેતુને બ્રહ્મનું સર્વાનન્ય સ્વરૂપ સમજાવવા માટે દૃષ્ટાન્ત આપે છે-હે સૌમ્ય-પ્રિયદર્શન! જેવી રીતે ઉપાદાન કારણરૂપ માટીના પિંડના જ્ઞાનથી તેના કાર્યરૂપ ઘટ, શરાવ (માંટીનો પ્યાલો) વગેરેનું જ્ઞાન થઈ

જાય છે; તે ઘટ, શરાવ વગેરે કાર્ય વસ્તુતઃ માટી રૂપ જ છે; તેમની અંદર બહાર એક માત્ર માટી જ વ્યાપ્ત છે; તે ઘટ, શરાવ વગેરે વિકાર વાણીનો વિષય–નામ માત્ર જ છે, તેમનાં નામ તથા આકાર કલ્પિત છે, વાસ્તવિક તો એક માત્ર માટી જ સત્ય છે. વિચાર કરતાં ઘટ, શરાવ વગેરે કાર્ય માટીથી અન્ય સિદ્ધ થતાં નથી, અનન્ય જ સિદ્ધ થાય છે.

એક બ્રહ્માત્માના જ્ઞાનથી સમસ્ત વિશ્વનું જ્ઞાન એટલા માટે થાય છે કે તે એક પરમાત્મા સમસ્ત વિશ્વનું ઉપાદાન કારણ છે. જેવી રીતે ઘટ, શરાવ વગેરે કાર્યોનું માટી ઉપાદાન કારણ છે, તેથી માટીને જાણી લેવાથી તેનાથી અભિન્ન ઉપાદેય કાર્યનું જ્ઞાન થઈ જાય છે; તેવી રીતે ઉપાદાન કારણરૂપ બ્રહ્માત્માના જ્ઞાનથી સમસ્ત વિશ્વનું તદભિન્નરૂપે–તેનાથી અભિન્નરૂપે જ્ઞાન થઈ જાય છે, બીજી કોઈ જાણવાની વસ્તુ બાકી રહી જતી નથી. જો પરમાત્માને જગતનું ઉપાદાન કારણ માનવામાં ન આવે, તો પૂર્વોક્ત ઉપનિષદોની પ્રતિજ્ઞાઓ તેમ જ દૃષ્ટાન્તો નિષ્ફળ બની જાય. માટે જ બાદરાયણાચાર્યે બ્રહ્મસૂત્રમાં કહ્યું છે કે–

'પ્રકૃતિશ્ચ પ્રતિજ્ઞાદૃષ્ટાન્તાનુપરોધાત્ (૧,૪,૨૩)

બ્રહ્મ વિશ્વની પ્રકૃતિ અર્થાત્ ઉપાદાન કારણ છે, તથા સૂત્રમાં 'ચ' શબ્દ મૂક્યો છે, તેથી નિમિત્ત કારણ પણ છે એમ સમજવું. તેમ માનવાથી એક વિજ્ઞાનથી સર્વવિજ્ઞાનની પ્રતિજ્ઞાનો તથા કાર્યકારણનો અભેદ જણાવનારાં મૃત્પિંડ વગેરે દૃષ્ટાન્તોનો ઉપરોધ થતો નથી–એ પ્રતિજ્ઞાઓ તથા દૃષ્ટાન્તો સફળ થઈ જાય છે.

આ ભગવદ્ગીતા ઉપનિષદોનો સાર છે. બધાં ઉપનિષદો ગાયો છે, તેમનું દૂધ ગીતામૃત છે, દોહનાર ગોપાલ શ્રીકૃષ્ણ છે.

તેથી ગીતાનો સિદ્ધાંત પણ ઉપનિષદોના સિદ્ધાંતથી કદાપિ વિરુદ્ધ હોઈ શકે નહિ. માટે જ ગીતાને પણ ઉપનિષદ્ તથા બ્રહ્મવિદ્યા કહેવામાં આવી છે. ઉપનિષદ્‌નું બીજું નામ વેદાન્ત છે. વેદાન્તનો સિદ્ધાંત અદ્વૈત છે. માટે જ શિષ્ટ આચાર્યોએ કહ્યું છે કે—

'सर्वे हि तावद्वेदान्ताः पौर्वापर्येण वीक्षिताः।
ऐकान्तिकाद्वैतपरा द्वैतमात्रनिषेधतः॥'

સંપૂર્ણ વેદાંત (ઉપનિષદ્, ગીતા, બ્રહ્મસૂત્ર તથા શ્રીમદ્‌ભાગવત-પ્રસ્થાન ચતુષ્ટય) પૂર્વાપર વિચારપૂર્વક બરાબર જોવાથી ત્રિવિધભેદ શૂન્ય-એકમેવાદ્વિતીય બ્રહ્માત્મતત્ત્વનું જ પ્રતિપાદન કરે છે, કારણકે અધ્યારોપ તથા અપવાદ દ્વારા દ્વૈતનિષેધમાં જ વેદાંતશાસ્ત્રોનું તાત્પર્ય નિશ્ચિત થાય છે. માટે

'एक ही से सब होत है, एक ही में सब समाय।
जो वह एक न जानिया, तो बहु जाने क्या होय?।'

આચાર્ય ભગવત્પાદ શ્રી શંકર સ્વામી પણ વેદાંતોનો આ જ ડિંડિમઘોષ કરે છે—

'यन्नादौ यच्च नास्त्यन्ते, तन्मध्ये भातमप्यसत्।
अतो मिथ्या जगत्सर्वमिति वेदान्त-डिण्डिमः॥
यदस्त्यादौ यदस्त्यन्ते, तन्मध्ये भाति हि स्वयम्।
ब्रह्मैवैकमिद सत्यमिति वेदान्त-डिण्डिमः॥
सत्तास्फुरणसौख्यानि भासन्ते सर्ववस्तुषु।
तस्माद् ब्रह्ममयं सर्वमिति वेदान्त-डिण्डिमः॥
सर्वात्मना स्थितं ब्रह्म, सर्वं ब्रह्मात्मना स्थितम्।
न कार्यं कारणाद्भिन्नमिति वेदान्त-डिण्डिमः॥'

જે નામરૂપાત્મક જગત્ આદિમાં નથી હોતું, અંતમાં પણ નથી રહેતું, તે મધ્યમાં ભાસતું હોવા છતાં વાસ્તવિક સિદ્ધ

નથી થતું, અસત્ય જ મનાય છે. તેથી આ જગત્ મિથ્યા જ છે એવો વેદાંતોનો ડિંડિમઘોષ છે (નગારૂં વગાડીને કહે છે.) જે બ્રહ્મતત્ત્વ આદિમાં છે, અંતમાં છે, તે મધ્યમાં પણ સ્વયં સચ્ચિદાદિ રૂપે ભાસે છે. તેથી આ બધું વસ્તુતઃ સત્ય બ્રહ્મસ્વરૂપ જ છે એવો વેદાંતોનો ડિંડિમઘોષ છે. સમસ્ત પદાર્થોમાં જેની સત્તા, સ્ફૂર્તિ (ચૈતન્ય) તથા સુખ ભાસી રહ્યાં છે, તેથી આ સર્વનામ-રૂપનો બાધ કરતાં બ્રહ્મમય જ છે એવો વેદાન્તોનો ડિંડિમ છે. બ્રહ્મ સર્વના આત્મારૂપે અવસ્થિત છે. આત્મા એટલે અભિન્ન સ્વરૂપ. તે જ રીતે સમસ્ત વિશ્વ બ્રહ્માત્મરૂપે અવસ્થિત છે, કારણકે વિચાર કરતાં કાર્ય કારણથી ભિન્ન સિદ્ધ થતું જ નથી, અભિન્ન જ સિદ્ધ થાય છે. આ સમસ્ત વેદાંતોનો ડિંડિમઘોષ છે.

શ્રીમદ્ભાગવત* ગીતાની પેઠે સમસ્ત વેદાંતોના સારરૂપ

---

* 'सर्ववेदान्तसारं यत् ब्रह्मात्मैकत्वलक्षणम् ।
वस्त्वद्वितीयं तन्निष्ठं कैवल्यैकप्रयोजनम् ॥
(ભા. ૧૨,૧૩,૧૨)

'सर्ववेदान्तसारं हि श्रीमद्भागवतमिष्यते ।
तद्रसामृततृप्तस्य नान्यत्र स्याद्रतिः क्वचित् ॥'
(ભા. ૧૨,૧૩,૧૫)

સંપૂર્ણ વેદાંતોના સારરૂપ—બ્રહ્મ તથા આત્માની એકતારૂપ—અદ્વિતીય વસ્તુ પરબ્રહ્મ છે, તે જ આ (ભાગવત) નો વિષય છે; તથા તેની નિષ્ઠા દ્વારા પ્રાપ્ત થનાર કૈવલ્ય મોક્ષ આનું પ્રયોજન છે.

શ્રીમદ્ ભાગવત સંપૂર્ણ વેદાંતોનો (ઉપનિષદોનો) સાર મનાય છે. જે પુરુષ તેના રસામૃતથી તૃપ્ત થયો છે, તેની બીજે કંઇ પ્રીતિ થઇ શકતી નથી.

છે. તેમાં બાદરાયણાચાર્ય વ્યાસ પણ પરમાત્માના પૂર્ણ સ્વરૂપનું આ પ્રકારે વર્ણન કરે છે-

त्वं ब्रह्म पूर्णममृतं विगुणं विशोकं,
आनन्दमात्रमविकारमनन्यदन्यत्।
विश्वस्य हेतुरुदयस्थितिसंयमानां,
आत्मेश्वरश्च तदपेक्षतयाऽनपेक्षः ॥ (૮,૧૨,૭)

હે ભગવાન્! આપ અમૃતરૂપ, નિર્ગુણ, શોક રહિત, એક-માત્ર આનંદ-સ્વરૂપ નિર્વિકાર પૂર્ણબ્રહ્મ છો. આપ સમસ્ત વિશ્વમાં અનન્ય પણ છો. અન્ય પણ છો, કારણકે આપ વિશ્વની ઉત્પત્તિ, સ્થિતિ તથા લયના કારણરૂપ છો. કારણની જ સત્તા તથા સ્ફૂર્તિને લઈને કાર્ય ભાસે છે. તેથી કાર્ય કારણથી કોઈ દિવસ અન્ય મનાતું નથી. આ રીતે કારણ જ કાર્યમાં અનન્યરૂપે (અભેદરૂપે) અવસ્થિત રહે છે. છતાંયે તે કાર્યથી અન્ય પણ મનાય છે. ઘડો માટીથી અન્ય સિદ્ધ થતો નથી, પણ માટી ઘડાયી અન્ય સિદ્ધ થાય છે, કારણકે ઘડાની ઉત્પત્તિ પહેલાં અને વિનાશની પછી કેવલ તદન્યરૂપે (ઘડાથી બીજેરૂપે) માટી રહે છે. પણ ઘડો વગેરે કાર્ય ઉપાદાન કારણથી પૃથક્ બનીને રહી શકતું નથી. આ લોકસિદ્ધ બાબત છે. માટે કારણરૂપ પરમાત્મા આ વિશ્વમાં અનન્ય છે-અભેદરૂપે અવસ્થિત છે, છતાં અન્ય અર્થાત્ કાર્યથી પૃથક્, સ્વયં શુદ્ધ સ્વરૂપમાં પણ અવસ્થિત છે. ગીતામાં પણ આજ અનન્યત્વનો સિદ્ધાંત કહેલો છે-

'न तदस्ति विना यत्स्यात्, मया भूतं चराचरम्। (૧૦,૩૯)

કોઇપણ ચરાચર ભૂત-પ્રાણી એવું નથી કે જે મારા વિના રહી શકે. આપણે લોકમાં કહીએ છીએ કે-न तदस्ति कटक-कुण्डलादिकमाभूषणजातं, यत् सुवर्णेन विनास्यात्। એવો

કોઈ કટક, કુંડલ વગેરે આભૂષણોનો સમુદાય નથી, જે સોના વિના રહી શકે. તે પ્રમાણે ભગવાને ગીતામાં પણ એવું કહીને સમસ્ત ચરાચર વિશ્વથી પોતાનું અનન્યત્વ સ્વરૂપ જ સિદ્ધ કર્યું છે.

તે જ પરમાત્મા પિંડ-બ્રહ્માંડરૂપ વિશ્વની અપેક્ષાએ જીવાત્મા પણ બની જાય છે અને ઈશ્વરાત્મા પણ બની જાય છે. શરીર વગેરે કાર્યકરણ-સંઘાતરૂપ પિંડની ઉપાધિથી તે જીવાત્મા કહેવાય છે; બ્રહ્માંડરૂપ ઉપાધિથી તેના શાસક ઈશ્વર બની જાય છે. તે બંને ઉપાધિઓની અપેક્ષા ન કરે, તો જીવ-ઈશ્વરત્વથી રહિત, અનપેક્ષ, નિરુપાધિક, શુદ્ધ બ્રહ્મરૂપ બની જાય છે.

તેથી અનુભવી સંતોએ પણ પોતાના વિશુદ્ધ ભાવને એ રીતે જ પ્રગટ કર્યા છે—

'ઈશ जीवमें भेद न जानो, साधु चोर सब अेक पिछानो ।
वासुदेव बिन अवर न कोउ, 'नानक' सोऽहं आतम सोउ ॥

તેથી ફરીથી ગુરુ નાનકદેવ કહે છે કે—

नां कोई वैरी, नांहि बिगाना(परायो)सकल संग हमको बन आई।
सबमें रम रहा प्रभु एको, पेख पेख नानक बिकसाई ॥

'પેખ પેખ' એટલે આ પ્રમાણે વિશ્વાનન્ય પ્રભુના પૂર્ણ સમરસ સ્વરૂપને જોઈ-જોઈને ગુરુ નાનકદેવનું મન ખૂબ જ વિકસિત કમલની પેઠે આનંદોલ્લાસથી હમેશાં પ્રફુલ્લિત રહે છે.

બધા માણસો પૂર્ણ બનવા ચાહે છે, પૂર્ણ આનંદની, પૂર્ણ જ્ઞાનની, પૂર્ણ સ્વતંત્રતાની, પૂર્ણ નિર્ભયતાની ચાહના રાખે છે; કોઈને પણ અપૂર્ણ રહેવાનું ગમતું નથી. છતાં તે પૂર્ણ વસ્તુ સાથે પ્રેમ નથી રાખતો, અપૂર્ણ-અલ્પ વસ્તુની સાથે જ પ્રેમ રાખ્યા કરે છે. એવી દશામાં તેની પૂર્ણતા

મેળવવાની ચાહના કેવી રીતે સફળ બની શકે? પૂર્ણ વસ્તુ નિત્ય શુદ્ધ-બુદ્ધ-મુક્ત-સ્વભાવ, અસંગ, અદ્વય, સ્વયંજ્યોતિ, આનંદઘનસ્વરૂપ, અંતરાત્મા બ્રહ્મ જ છે, જે સર્વત્ર અંદર બહાર ઓતપ્રોત છે. શ્રવણ દ્વારા તેનો જ નિશ્ચય કરવાથી, મનન દ્વારા તેની જ સતત ભાવના કરવાથી, તથા નિદિધ્યાસન દ્વારા તેમાં જ તન્મયતા પ્રાપ્ત કરવાથી, માનવ પૂર્ણત્વ મેળવી શકે છે. ઉપનિષદ્‌ના આ પ્રસિદ્ધ શાન્તિ મંત્રમાં તે પૂર્ણ તત્ત્વનું આ પ્રમાણે વર્ણન કરેલું છે—

पूर्णमदः पूर्णमिदं पूर्णात्पूर्णमुदच्यते।
पूर्णस्य पूर्णमादाय पूर्णमेवावशिष्यते॥ (બૃ. ઉ. ૧,૧,૫)

તે પણ પૂર્ણ છે, આ પણ પૂર્ણ છે, પૂર્ણમાંથી પૂર્ણ પ્રગટે છે. પૂર્ણમાંથી પૂર્ણનું ગ્રહણ કરવા છતાં એકમાત્ર પૂર્ણ જ બાકી રહે છે, અર્થાત્ અપૂર્ણત્વનો સર્વ પ્રકારે પ્રતિબંધ થઈ જાય છે.

આ શાન્તિમંત્રમાં બધાં ઉપનિષદોનો સાર ભરેલો છે. વિદેશી સમાલોચક વિદ્વાનો પણ આ મંત્રનો વિચાર કરીને આશ્ચર્યમુગ્ધ બની જાય છે, અને પ્રાચીન ભારતીય ઋષિઓની પૂર્ણતત્ત્વના વિવેચનની આ ગંભીર શૈલી પર અસંખ્ય ધન્યવાદના ઉદ્‌ગાર પ્રગટ કરે છે.

'अदः' શબ્દનો અર્થ વિપ્રકૃષ્ટ-પરોક્ષ છે. તે રીતે 'इदं' શબ્દનો અર્થ સંનિકૃષ્ટ-અપરોક્ષ છે. ઈશ્વર તત્ત્વ તથા તેની અવ્યક્ત-માયા ઉપાધિ પરોક્ષ હોવાથી 'अदः' શબ્દથી બોધિત થયાં છે. જીવતત્ત્વ તથા વ્યક્તપિંડરૂપ તેની ઉપાધિ અપરોક્ષ હોવાથી 'इदं' શબ્દથી બોધિત થયાં છે. આ પ્રમાણે ઈશ્વર તથા અવ્યક્તા-માયા, જીવ તથા વ્યક્તપિંડ વગેરે પણ પૂર્ણ છે, અર્થાત્ પૂર્ણબ્રહ્મની સત્તાથી વ્યાપ્ત છે, તેની સત્તાથી જ

સત્તાવાન્ બનીને ભાસી રહ્યાં છે. કારણ બ્રહ્મની પૂર્ણ સત્તાનો સ્વીકાર કરીને જ કાર્ય જગત્‌નો ઉદ્‌ગમ થાય છે. તેની પૂર્ણ સત્તા વિના કાર્યજગત્‌નું અસ્તિત્વ જ સિદ્ધ થતું નથી. કારણ બ્રહ્મની પૂર્ણ સત્તા–અનુગતિ તમે દુનિયામાં પણ અનેક સ્થળો પર જોઈ શકો છો.

એક દીવો છે, તેમાં પણ પૂર્ણ સત્તા રહેલી છે, તેથી તેનાથી તેના જેવા અસંખ્ય દીવા પ્રગટ થાય છે, છતાં તેની પૂર્ણ સત્તાનો ક્ષય થતો નથી. તેથી ઉત્પન્ન થનાર પ્રત્યેક દીવામાં પણ તેજ પૂર્ણ સત્તા અવસ્થિત રહે છે, તે કદી વહેંચાઈ જતી નથી, સમરસ અખંડ જ રહે છે. જો સત્તા વહેંચાઈ જાય, તો મૂળ દીવામાંથી તેના જેવી સત્તા રાખવાવાળા અસંખ્ય દીવા ઉત્પન્ન થઈ શકે નહિ. મૂળ દીવો પણ પહેલાંના જેવો દેખાય નહિ. તેથી આપણે નિશ્ચય કરીએ છીએ કે–કારણ દીપકમાં પણ પૂર્ણ–સત્તા વિદ્યમાન છે, તથા કાર્ય–દીપકોમાં પણ પૂર્ણ સત્તા વહેંચાયા વિના જ વિદ્યમાન છે.

તે પ્રમાણે એક બીજનું નિરીક્ષણ કરો. તેમાં પણ પૂર્ણ સત્તા વ્યાપ્ત છે. તેથી તે કારણ–બીજમાંથી તેના જેવાં–તેની પેઠે પૂર્ણસત્તાથી વ્યાપ્ત–અસંખ્ય બીજો પ્રગટ થાય છે. ઉત્પન્ન થયેલાં અસંખ્ય બીજોમાં મૂલબીજની પૂર્ણ શક્તિ–સત્તા વહેંચાઈ જતી નથી, કારણ કે આપણે જોઈએ છીએ કે–નિશ્ચયરૂપે સમજીએ છીએ કે ઉત્પન્ન થયેલા પ્રત્યેક બીજમાં પોતાના જેવાં અસંખ્ય બીજો ઉત્પન્ન કરવાની શક્તિ છે. તેમની આ શક્તિ પૂર્ણ સત્તા દ્વારા જ સિદ્ધ થાય છે. આ રીતે સંસારનાં સર્વ કારણોમાં તથા કાર્યોમાં પૂર્ણ સત્તાનો નિશ્ચય થાય છે.

આ પ્રમાણે પૂર્ણ સત્તાથી વ્યાપ્ત, પૂર્ણ સત્તામાં ઓતપ્રોત,

જીવ–ઈશ્વર–વ્યક્તાવ્યક્ત–કાર્યકારણ વગેરે સમસ્ત વિશ્વમાંથી પૂર્ણ સત્તાને લઈ લેવા છતાં પૂર્ણ સદ્રૂપ બ્રહ્મ જ બાકી રહે છે. અપૂર્ણ–નામરૂપાત્મક, જીવત્વ–ઈશ્વરત્વ વગેરેથી યુક્ત જગત્ બિલ્કુલ રહેતું જ નથી, તેનો સર્વ પ્રકારે પ્રતિબંધ થઈ જાય છે. જે રીતે સુવર્ણની સત્તાથી વ્યાપ્ત, એકમાત્ર સુવર્ણમાં જ ઓતપ્રોત, કટક કુંડલ વગેરે આભૂષણોમાંથી સુવર્ણ કાઢી લેવામાં આવે, તો શું કટક કુંડલ વગેરે આભૂષણો બાકી બચી શકે છે? નથી બચી શકતાં, તેમનો પ્રતિષેધ થઈ જાય છે, માત્ર સુવર્ણ જ બાકી રહી જાય છે, તે રીતે અપૂર્ણ નામરૂપાત્મક જગત્, જે અવિદ્યાથી અધ્યારોપિત છે, તેના અધિષ્ઠાનરૂપ પૂર્ણબ્રહ્મના બોધથી, પ્રતિષિદ્ધ થઈ જાય છે. સમસ્ત વિશ્વમાં પૂર્ણ બ્રહ્મનો અનન્યાત્વરૂપે બોધ થવો, તેજ પૂર્ણમાંથી પૂર્ણનું આદાન છે.

અહીં શૂન્યવાદી બૌદ્ધ કંઈક કહે છે કે–તે બાકી રહેનારૂં પૂર્ણતત્ત્વ શૂન્ય જ છે. પરંતુ તેમનું તે કથન ભ્રાન્તિપૂર્ણ છે. શૂન્યતત્ત્વ કદાપિ અવિભક્ત, સમરસ, સત્તાયુક્ત નથી હોતું. જો તેની સત્તા કે તેનું અસ્તિત્વ માન્યું જાય, તો તે શૂન્ય નથી રહેતું. તેથી તે શૂન્ય ચેતન જીવ, ઈશ્વર વગેરેમાં કદાપિ અનન્યરૂપે વ્યાપ્ત નથી બની શકતું, અને અધિષ્ઠાન પણ નથી બની શકતું.

તે માટે ભગવાન વેદવ્યાસે શ્રીમદ્‌ભાગવતમાં નિશ્ચય કર્યો છે કે–યોઽવશિષ્યેત સોઽસ્મ્યહમ્ । (ભા૦ ૨, ૧૦, ૩૨) તદમિતં બ્રહ્માદ્વયં શિષ્યતે । (ભા૦ ૧૦, ૧૪, ૧૮) જે અંતમાં અવશિષ્ટ રહે છે, તે હું સદ્રૂપ, ચિદ્રૂપ, આનંદરૂપ, પૂર્ણ પરમાત્મા જ છું. તે અનંત, અદ્વય બ્રહ્મ જ બાકી રહે છે; શૂન્ય નહિ. પૂર્ણ બ્રહ્મથી અતિરિક્ત (બીજા બધાનો) અપૂર્ણ–

કલ્પિત નામરૂપનો બાધ થઈ જાય છે, તેને વેદાન્તમાં બાધ-સામાન્યાધિકરણ કહે છે.

પ્રેમભક્તિનું પણ પૂર્ણ અદ્વૈતમાં જ પર્યવસાન થાય છે, દ્વૈતમાં નહિ. તેથી રસિક પ્રેમી ભક્ત એજ કહે છે—

'प्रेम प्रकट जब होत है, रहत न पावत आन (अन्य)।
तू-तूही रह जात हैं, 'मैं' का मिटत निशान॥
लाली मेरे लालकी, जित देखूँ तित लाल।
लाली देखन मैं चली, मैं भी हो गई लाल॥'

ગોપિકાઓ ભગવાનની અનન્ય ભક્ત હતી. તેમનાં મન હરદમ ભગવાન શ્રીકૃષ્ણમાં જ આસક્ત બન્યાં રહેતાં હતાં. भक्तिर्ज्ञानाय कल्पते। તે સિદ્ધાંત છે. ભક્તિનું ફળ તત્ત્વજ્ઞાન છે. પરિપક્વ થયેલી ભક્તિ જ જ્ઞાનરૂપમાં પરિણત થઈ જાય છે. ભગવાન પણ ગીતામાં એ જ કહે છે—

'भक्त्या मामभिजानाति, यावान्यश्चास्मि तत्त्वतः।
ततो मां तत्त्वतो ज्ञात्वा, विशते तदनन्तरम्॥

(૧૮,૫૫)

અનન્ય ભક્તિવડે તે ભક્ત મને પરમાત્માને સારી રીતે જાણી લે છે. વસ્તુતઃ હું જેટલો છું, જે છું, તેનું યથાર્થ જ્ઞાન ભક્તિના સામર્થ્યથી સંપન્ન થાય છે. તે ભક્તિ વડે મને પરમાત્માને તાત્ત્વિકરૂપથી જાણીને તત્કાળ જ તે મારા પૂર્ણ-અદ્વય સ્વરૂપમાં અનન્યભાવથી પ્રવિષ્ટ થાય છે. અર્થાત્ તે ભક્ત-તત્ત્વવેત્તાની દૃષ્ટિમાં મારા વાસુદેવ સિવાય બીજું કશું પણ બાકી રહેતું નથી. सर्वमिदमहं च वासुदेवः। પોતાની સાથે સર્વ કાંઈ વાસુદેવ જ રહી જાય છે.

માટે જ ગોપિકાઓની ભક્તિ પણ તત્ત્વજ્ઞાનરૂપ બની ગઈ

હતી. ગોપિકાઓ ભગવાનનો વાસ્તવિક પરિચય આપતાં કહેતી હતી કે—

'प्रेष्ठो भवान् तनुभृतां किल बन्धुरात्मा।

(ભા. ૧૦,૨૯,૩૨)

'न खलु गोपिकानन्दनो भवान्,

अखिलदेहिनामन्तरात्मदृक्।' (ભા. ૧૦,૩૧,૪)

આપ શ્રીકૃષ્ણ વસ્તુતઃ શરીરધારી પ્રાણીઓના અત્યંત પ્રિય હિતકારી આત્મા જ છો. એ નિશ્ચય છે કે આપ કેવળ યશોદાના પુત્ર જ નહિ, પણ સમસ્ત દેહધારીઓના સાક્ષી સ્વયંજ્યોતિસ્વરૂપ અંતરાત્મા છો. તેથી ગોપિકાઓ तन्मनस्काः तदालापाः तदात्मिकाः, कृष्णभावनाः (ભા. ૧૦,૩૦) બની ગઈ હતી. ભક્તિનું અંતિમ ફળ છે ભગવદ્ભાવની પ્રાપ્તિ. તે ગોપિકાઓએ પોતાની ભક્તિના સામર્થ્યથી મેળવી હતી. તેથી વ્યાસ કહે છે-ગોપીઓના શબ્દોમાં—

'कृष्णोऽहं पश्यत गतिं, ललितामिति तन्मनाः।

मा भैष्ट वातवर्षाभ्यां, तत्त्राणं विहितं मया॥'

(૧૦,૩૦,૧૯-૨૦)

હું સ્વયં શ્રીકૃષ્ણ છું. તમે મારી મનોહરગતિને તો જુઓ. અરે વ્રજવાસીઓ! તમે વાયુ તથા વર્ષાથી ડરો નહિ. મેં (શ્રીકૃષ્ણે) તેમાંથી બચવાનો ઉપાય કરી લીધો છે! આ પ્રમાણે, જેનું ચિત્ત કૃષ્ણમય બની ગયું હતું તેવી એક ગોપી બીજીઓને કહેવા લાગી હતી.

આ પ્રમાણે ભક્તિશાસ્ત્રનો પણ સિદ્ધાંત અભેદ જ નિશ્ચિત થાય છે. તેથી જ ભક્તિશાસ્ત્રમાં ભક્તિના પરમ આચાર્ય

મહર્ષિ નારદ કહે છે કે-तस्मिन् तज्जने च भेदाभावात् । ભગવાનમાં તથા ભક્તજનમાં આખરે ભેદનો અભાવ થઈ જાય છે. 'નાનક આપ મિલ્યો ગોવિંદસોં જ્યોં પાની સંગ પાની'

મહાત્મા તુલસીદાસે પણ કહ્યું છે કે—

સો જાને તુમ દેહૂ જનાઈ, જાનત તુમહિ તુમહી હોઈ જાઈ

માટે ભગવાન બાદરાયણાચાર્ય શ્રીમદ્ ભાગવતમાં શ્રીકૃષ્ણના સ્વરૂપનું અનેક પ્રસંગોમાં સર્વાભિન્ન, પરમ પ્રેમાસ્પદ, પૂર્ણ, વિશ્વાત્મારૂપે જ નિરૂપણ કરે છે. નમૂનારૂપે તેમનાં કેટલાંક વચન જુઓ—

श्री शुक उवाच—

'सर्वेषामपि भूतानां नृप! स्वात्मैव वल्लभः।
इतरेऽपत्यवित्ताद्यास्तद्वल्लभतयैव हि॥' (૧૦,૧૪,૫૦)
तस्मात्प्रियतमः स्वात्मा, सर्वेषामपि देहिनाम्।
तदर्थमेव सकलं, जगदेतच्चराचरम्॥
कृष्णमेनमवेहि त्वं, आत्मानमखिलात्मनाम्॥
जगद्धिताय सोऽप्यत्र, देहीवाऽऽभाति मायया॥
वस्तुतो जानतामत्र, कृष्णं स्थास्नु चरिष्णु च।
भगवद्रूपमखिलं, नान्यद्वस्त्विह किञ्चन॥(૧૦,૧૪,૫૪,૫૫,૫૬)

શ્રી શુકદેવજી બોલ્યા કે-હે રાજા પરિક્ષિત્! બધાં પ્રાણીઓને પોતાનો આત્મા જ સર્વથી વધારે પ્રિય છે. પુત્ર, ધન વગેરે બીજા પદાર્થો તો તે આત્માની પ્રિયતાને સંપાદન કરનાર છે, તેથી ગૌણ પ્રિય છે. જો તે પદાર્થો આત્માની પ્રિયતાનું (સુખ-પ્રયોજકતાનું) સંપાદન ન કરે, તો તે પુત્ર-વિત્ત વગેરેની પ્રિયતા જતી રહે છે. માટે જ બધા દેહધારીઓને પોતાનો આત્મા જ પ્રિયતમ છે. તેને માટે જ-તેની ખાતર જ

આ સંપૂર્ણ ચરાચર જગત્ છે. અર્થાત્ આત્મસુખની ખાતર જ જગત્ પ્રિય લાગે છે. તે પરમ પ્રેમાસ્પદ આત્મા જ તે શ્રીકૃષ્ણ છે. તે બધા જીવાત્માઓનું અભિન્ન સ્વરૂપ છે. જગત્‌ના કલ્યાણની ખાતર જ તે માયા દ્વારા દેહધારી, સાકાર શરીરવાળા હોય તેવા દેખાય છે. જે વાસ્તવિક તત્ત્વને જાણે છે, તેમની દૃષ્ટિમાં આ સ્થાવર-જંગમ સમસ્ત વિશ્વ કૃષ્ણરૂપ જ છે. સંપૂર્ણ જગત્ પૂર્ણબ્રહ્મ કૃષ્ણમય જ છે. કૃષ્ણથી અતિરિક્ત બીજી કોઈપણ વસ્તુ નથી.

માટે અવતારધારી, સાકાર શરીરવાળા ભગવાનનું જે કાંઈ ચરિત્ર હોય છે, તેમાં પણ અધ્યાત્મ તત્ત્વજ્ઞાનનો ઉપદેશ સૂચકરૂપે રહે છે. ભગવાનનો અવતાર મુખ્યત્વે ભક્તોની ખાતર જ હોય છે. 'મારો ભક્ત મને યથાર્થ રીતે જાણીને કૃતાર્થ અને ધન્ય બની જાય' એજ ભગવાનની ભાવના હોય છે. ભગવાનને સંપૂર્ણ રીતે જાણ્યા પછી કાંઈપણ જાણવાનું બાકી રહેતું નથી.

જુગારમાં સર્વસ્વ હારીને પાંડવો દ્રૌપદીની સાથે વનમાં જઈ રહ્યા હતા પાંડવો ધાર્મિક, પરોપકારી તથા પ્રજાવત્સલ હતા. તેથી પાંડવોની સાથે હસ્તિનાપુરની હજારો કરતાં પણ વધારે નાગરિક જનતા પણ વનમાં જવા માટે નીકળી પડી હતી. યુધિષ્ઠિર મહારાજે વિનયપૂર્વક ના પાડી, છતાં પણ પ્રેમવશ જનતા પાછી વળતી નહતી. વનમાં જતાં જતાં બે દિવસ થઈ ગયા. યુધિષ્ઠિર મહારાજને પોતાની ભૂખની પરવાહ નહતી; પણ પ્રેમવશ પોતાની સાથે સાથે આવતી જનતાની ભૂખની મોટી ચિંતા હતી. તેથી તેઓ બહુ સંતપ્ત બન્યા. યુધિષ્ઠિર મહારાજના સંતાપને જાણીને, તેમના પુરોહિત ધૌમ્ય મહર્ષિએ યુધિષ્ઠિજીને કહ્યું કે—

હે રાજન્! હું તમને એક સૂર્યમંત્રનો ઉપદેશ કરું છું. તમે ધર્માત્મા, નિર્મલ અંતઃકરણવાળા તથા સત્યવાદી છો. તેથી આ મંત્ર વડે સૂર્ય ભગવાનની આરાધના કરવાથી, સવિતા નારાયણ બહુ જ જલ્દીથી સર્વને માટે ભોજનપ્રબંધનો ઉપાય કરી દેશે-એવો મારો વિશ્વાસ છે. તેથી તમે આ મંત્રથી સૂર્યની આરાધના કરો.

પુરોહિતની વાત સાંભળીને યુધિષ્ઠિર મહારાજ બહુ પ્રસન્ન થયા. તેમની પાસેથી સૂર્યમંત્ર લઈને આરાધના કરવાની તેમણે શરૂ કરી દીધી. થોડા જ સમયમાં ભગવાન સવિતાદેવ પ્રસન્ન થયા, અને મૂર્તિમાન્ પ્રગટ થઈને યુધિષ્ઠિર મહારાજના હાથમાં એક થાળી-પાત્ર આપવા લાગ્યા. યુધિષ્ઠિર મહારાજે અત્યંત ભક્તિભાવથી નમસ્કાર કરીને પ્રસાદરૂપે સ્થાલીપાત્ર લઈ લીધું.

સૂર્ય ભગવાને કહ્યું—હે રાજન્! તમારે જેટલું જોઈશે, જેવું જોઈશે તેવું તૈયાર બનાવેલું પર્યાપ્ત (પૂરતું) ભોજન રોજરોજ તમને આ અક્ષય પાત્રમાંથી મળતું રહેશે. તમારી મહારાણી દ્રૌપદી પોતાને હાથે આમાંથી ભોજન કાઢીને બધાંને પીરસે. ગમે તેટલી સંખ્યામાં અનેક માણસો જમવા માટે પંક્તિમાં બેઠાં હશે, તો પણ આ પાત્રમાં ભોજન કદાપિ ખૂટશે નહિ. બધાંને પૂરતું તથા યથેષ્ટ ભોજન કરાવીને છેલ્લી દ્રૌપદી ભોજન કરે. ત્યાર પછી આ અક્ષયપાત્રનું દ્વાર-ઢાંકણું બંધ થઈ જશે પછી બીજીવાર ફરીથી તે દિવસે કશું નહિ મળે. બીજે દિવસે પૂરતું ભોજન આપવા માટે આ અક્ષયપાત્રનું ઢાંકણું ફરીથી ખુલશે.

એટલું કહીને અને અક્ષયપાત્ર આપીને સૂર્ય ભગવાન અંતર્ધાન થઈ ગયા. સૂર્ય ભગવાનની તરફથી બધાને માટે એ

એક સુંદર અન્નક્ષેત્ર ખુલી ગયું. તેના સંચાલનને માટે ધનની પણ જરૂર નહિ. ઘઉં, ચોખા, ઘી વગેરે ખરીદવા માટે બજારમાં જવાની પણ જરૂર નહિ. રસોઈઆની અને લાકડાંની પણ પરવા નહિ. પોતાની મેળે જ તૈયાર, ગરમાગરમ નરમાનરમ, યથેષ્ટ ભોજન-પુરી, કચોરી, ખીર, લાડુ, જલેબી, અમૃતી, દાળ, ભાત, શાક, રોટલી, ચોપડાં વગેરે કાચું પાકું, જેવું અને જેટલું જોઈએ તેવું અને તેટલું-તરત એક સાથે મળી જાય.

હવે શું? સર્વ પાંડવો તથા નાગરિકો ખૂબ રાજી થયા. સંસારમાં એક પેટની સમસ્યા બહુ વિકટ સમસ્યા મનાય છે. તે સમસ્યાનો નિકાલ કરવામાં ખૂબ બુદ્ધિશક્તિવાળી સરકારો પણ નિષ્ફળ નીવડે છે. ભક્ત લોક પણ કહે છે કે-ભૂખે ભજન ન હોઈ ગોપાલ! જો ભજન કરવા છતાં પણ તું અમારી ભૂખ ભાગતો નથી, તે 'લે લે તેરી યહ કંઠીમાલા!'

સૂર્ય ભગવાનની કૃપાથી ભોજનની સમસ્યા ઉકલી જતાં, હવે પાંડવો ગંગાતટ પર કામ્યક વનમાં સુંદર, એકાંત, શાન્ત, રમણીય સ્થાનમાં નિવાસ કરવા લાગ્યા. બધાને રહેવા માટે યથાયોગ્ય પર્ણકુટિઓ બનાવવામાં આવી. શ્રદ્ધા તથા વિનય-પૂર્વક અતિથિઓનો સત્કાર થવા લાગ્યો. મોટા મોટા વીતરાગ, ભગવત્પ્રેમી, વિદ્વાન્, ઋષિમહાત્માઓ પધારવા લાગ્યા સંકીર્તન, સત્સંગ, પ્રવચનોની ધૂમ મચી. પાંડવો ધાર્મિક અને ભગવાન પર પ્રેમ રાખનારા તો હતા જ. તેથી ભગવાનની ચર્ચાનો રંગ ખૂબ જામ્યો. હજારો કરતાં પણ વધારે મહાત્માઓ ત્યાં રહેવા લાગ્યા. જંગલમાં મંગલ થઈ ગયું. ગંગાતટનું પવિત્ર વાતાવરણ વધારે પવિત્ર બની ગયું. સમયસર મહારાણી દ્રૌપદી બધાને ચોવીસ કલાકમાં એકવાર યથેષ્ટ ભોજન જમાડતી હતી. જય-

જયકારની પ્રચંડ ધ્વનિથી શાન્ત અરણ્ય ગુંજી ઊઠતું હતું. પાંડવોની ધર્મપ્રિયતા, શ્રદ્ધા, ભક્તિ, ઉદારતા વગેરે સદ્‌ગુણોની મુક્તકંઠે ખૂબ પ્રશંસા થતી હતી.

સંસારમાં સત્સંગ એક બહુ જ દુર્લભ લાભ મનાય છે. ભગવાનની કૃપા વિના સત્સંગનો લાભ નથી મળતો. તેથી શાસ્ત્રોમાં સત્સંગની મુક્તકંઠે પ્રશંસા કરવામાં આવી છે, તેનો મહિમા ગવાયો છે—

गंगेवाघविनाशिनी, जनमनःसंतोषकृच्चन्द्रिका
तीक्ष्णांशोरपि सत्प्रभेव जगदज्ञानान्धकारापहा।
छायेवाखिलतापनाशनकरी, स्वर्धेनुवत् कामदं,
पुण्यैरेव हि लभ्यते सुकृतिभिः सत्संगतिर्दुर्लभा॥

જે પવિત્ર ગંગાની પેઠે પાપોનો વિનાશ કરે છે, પૂર્ણિમાની આહ્‌લાદક ચાંદનીની પેઠે સત્સંગી જનોના મનને ખૂબ સંતુષ્ટ કરે છે, સૂર્યદેવની સમુજ્જવલ દીપ્તિની પેઠે જગતના અજ્ઞાનરૂપી અંધકારનો વિનાશ કરે છે, ગાઢ શીતલ છાયાની પેઠે સંસારીઓના સમસ્ત સંતાપોનો નાશ કરે છે, અને જે સ્વર્ગીય કામધેનુની પેઠે બધી કામનાઓને પૂર્ણ કરે છે, તેવી દુર્લભ સત્સંગતિ પુણ્યશાળી મનુષ્ય પૂર્વ જન્મનાં પુણ્યોથી જ પ્રાપ્ત કરી શકે છે.

પાંડવો તથા તેમના સાથીઓ બહુ પુણ્યશાળી હતા. તેમને એકાંત પાવન સ્થાનમાં સત્સંગનો અલભ્ય લાભ મળવા લાગ્યો. સમયસર તે બધા કીર્તન, ભજન, ધ્યાન કરવા લાગ્યા. પોતાના ભાગ્યની તેઓ ખૂબખૂબ પ્રશંસા કરવા લાગ્યા. ભગવાન અંતર્યામી જે કાંઈ કરે છે તે સારૂં જ કરે છે—પછી ભલેને શરૂઆતમાં તે વિપરીત જેવું દેખાય! પરંતુ પરિણામ જોતાં ભગવાનના

હરેક વિધાનમાં અનુપમ કૃપા જ રહેલી છે. 'જો પ્રભુ કીન્નો ભલા કરિ માન્યો, યહ સુમતિ સંતન સંગ પાઈ ' (ગુરુ નાનક)

અહીં દુષ્ટ દુર્યોધન વગેરે કૌરવો એમ માનતા હતા કે- પાંડવો વનમાં જવાથી ભૂખ તથા તરસથી મરી જશે. પરંતુ જેમના ઉપર ભગવાનના હજારો હાથની છાયા રહે છે, તેમનું કદાપિ પણ અમંગળ થતું નથી. હજારો સામર્થ્યશાળી હાથ જેમની રક્ષા કરતા હોય, તેમનું બે હાથવાળા દુર્લભ માનવીઓ શું બગાડી શકવાના હતા ? છતાં દુષ્ટોનો સ્વભાવ જ એવો હોય છે કે તેઓ બીજાનું બગાડવાની જ ઇચ્છા કરે છે. જ્યારે કૌરવોએ પાંડવોનો એવો સારો વૃત્તાંત સાંભળ્યો, ત્યારે તેઓ બહુ દુઃખી થયા. શ્રી તુલસીદાસે ખળોના સ્વભાવનું એવું જ વર્ણન કર્યું છે—
'परहित हानि लाभ जिन्ह केरें। उजरें हरष विषाद बसेरें।'
'पर अकाज भट सहसबाहु से।' 'परहित-घृत जिनके मन माँखी'

અર્થાત્ બીજાઓના હિતની હાનિ જ જેમની દૃષ્ટિમાં લાભ છે; બીજાઓ ઉજ્જડ બની જાય-નાશ પામે તેથી જેમને હર્ષ થાય છે; અને બીજાઓ સ્થાયીરૂપે નિવાસસ્થાન મેળવે-સુખી થાય તેથી જેમને બહુ ખેદ થાય છે; જેઓ બીજાઓનું બુરું કરવામાં સહસબાહુ સમાન શૂરવીર બની જાય છે. અને બીજાઓના હિતરૂપી ઘી માટે જેમનું મન માંખી જેવું છે, અર્થાત્ જેવી રીતે માંખી ઘીમાં પડીને તેને બગાડી દે છે અને પોતે પણ મરી જાય છે, તેવી રીતે દુષ્ટલોક બીજાનાં સુધરેલાં કામોને, પોતે હાનિ વેઠીને પણ, બગાડી મૂકે છે.

પોતાના દુષ્ટ સ્વભાવ અનુસાર કૌરવો પાંડવોનું અનિષ્ટ કરવા માટે અનેક ઉપાયો શોધવા લાગ્યા. તેટલામાં ચાતુર્માસનો

સમય આવી પહોંચ્યો. ત્યાં હસ્તિનાપુરમાં દુર્વાસા મહર્ષિની ખૂબ મોટી જમાત આવી. ભાગવતમાં લખ્યું છે કે તેમની સાથે દશ હજાર શિષ્ય સાધકો રહેતા હતા. સો નહિ, હજાર નહિ, પૂરા દશ હજાર. બહુ મોટી સંખ્યા. આજકાલ માઈલો સુધીની લાંબી, કીડીઓના દળ જેવી, એટલી મોટી સંખ્યાનું ભ્રમણ મોટો ઉપદ્રવ મનાય–જ્યારે લોકોનું પોતાનું પેટ ભરવું તે પણ મુશ્કેલ થઈ પડે છે ત્યારે. પણ તે ત્રેતાયુગનો સમય બહુ સારો હોવો જોઈએ. ખાદ્ય (ભોજન) સામગ્રી પૂરતી મળતી હોવી જોઈએ, ઘી દૂધની નદીઓ વહેતી હશે, લોકોમાં પ્રબળ ધર્મભાવના જાગૃત હશે, લોકો બહુ પુણ્યશાળી હશે.

દુર્યોધને વિચાર કર્યો કે–દુર્વાસા મહર્ષિને જમાત સહિત અહીં જ ચાતુર્માસ કરાવવો; તેમની ખૂબ સેવા કરીને તેમને સંતુષ્ટ કરવા, તેમની દ્વારા કોઈ પણ પ્રકારે પાંડવોનું અનિષ્ટ થાય તો સારૂં થાય. એવો વિચાર કરીને દુર્વાસા ઋષિને પ્રાર્થના કરવામાં આવી. તેની પ્રાર્થનાનો સ્વીકાર થયો. દુર્યોધન રાજી થયો. બહુ ઉદારતાથી તે તેમની સેવા કરવા લાગ્યો. જોતાજોતામાં ચાતુર્માસ પૂરો થવા આવ્યો, છતાં પણ દુર્વાસાની મારફતે પાંડવોનું કેવી રીતે અનિષ્ટ કરાવવું તેના ઉપાયનો નિર્ણય ન થઈ શક્યો. છેવટે કૌરવોની મિટિંગમાં એ નિર્ણય થયો કે–કાર્તિક સુદ એકાદશીને દિવસે ચાતુર્માસ સમાપ્ત થઈ જાય, તે દિવસે દુર્વાસાની જમાતને વિદાય આપવી જોઈએ. તેમને એમ કહેવું કે–એકાદશીનો ઉપવાસ છે તે દિવસે આપ સૌ અહીંથી નીકળીને બારશને દિવસે કામ્યક વનમાં ગંગાતટ પર પહોંચો; ત્યાં અમારા ભાઈ પાંડવો રહે છે તે આપનું સૌનું સ્વાગત કરશે. તેઓ વ્રતના પારણાં પણ સારી રીતે કરાવશે. આપની સેવામાં કાંઈ પણ પ્રકારની કસર નહિ રહે.

તેમની અંદરનો દુષ્ટ ભાવ એ હતો કે-બહુ દૂર હોવાને કારણે બારશને દિવસે પણ તેઓ બહુ મુશ્કેલીથી સાંજરે બેત્રણ વાગે ત્યાં પહોંચી શકશે. પાંડવોને આટલી મોટી સંખ્યામાં અતિથિ સાધુઓ આવનાર છે તેની ખબર હશે નહિ. તે સમયે અક્ષયપાત્રમાંથી ભોજન મળશે નહિ. ભોજન ન મળતાં ઉપવાસી; ક્રોધી દુર્વાસા પાંડવોને કોઈને કોઈ શાપ આપશે. બસ, આપણો બેડો પાર થશે.

મિટિંગના નિર્ણય પ્રમાણે બધી વ્યવસ્થા થઈ ગઈ. તેમના અનુમાન પ્રમાણે દુર્વાસાની જમાત બારસને દિવસે લગભગ સાંજરે ત્રણ વાગ્યે કામ્યક વનમાં પહોંચી. ધર્માત્મા પાંડવોને કોઈની મારફતે ખબર પડી કે જમાત સાથે દુર્વાસા ઋષિ અહીં પધારે છે. પાંડવો ખૂબ રાજી થયા, પોતાના ભાગ્યની પ્રશંસા કરવા લાગ્યા, તેમનું સ્વાગત કરવા પોતે જાતે પત્ર, પુષ્પ વગેરે લઈ ચાલી નીકળ્યા. શ્રદ્ધા અને વિનયપૂર્વક તેમનું સૌનું યથેષ્ટ સન્માન કરવામાં આવ્યું. દુર્વાસાએ કહ્યું–'યુધિષ્ઠિર! અમે ચાલીચાલીને ખૂબ થાકી ગયા છીએ. કાલે ઉપવાસ હતો બધાંને બહુ ભૂખ લાગી છે. તેથી સૌથી પહેલાં તો બધાને માટે ભોજનની વ્યવસ્થા જલ્દી કરો તેટલામાં અમે સૌ ગંગામાં જઈ, સ્નાન વગેરે કરી, તરત આવી જઈએ છીએ.' યુધિષ્ઠિર મહારાજના મનમાં ખૂબ મોટી ધર્મભાવના હતી ધર્મકાર્યમાં ના કહેતાં તો તેમને આવડતું જ ન હતું. ભગવાન સર્વાત્માનો આશ્રય અને વિશ્વાસ હતો. તરત તે ભગવદ્ ભાવનાને તથા ભગવદ્ વિશ્વાસને વશ થઈને બોલી ઊઠયા–'ભગવન્! કૃપા-નિધાન! ગંગાસ્નાનને માટે આપ સૌ પધારો. ભગવાનની કૃપાથી આપ સૌને માટે જલ્દી ભોજનનો પ્રબંધ થઈ જશે.'

પેલી બાજૂએ સર્વ ગંગાસ્નાનાદિક કરવા માટે ચાલ્યા.

આ બાજૂએ મહારાજ યુધિષ્ઠિર તથા મહારાણી દ્રૌપદી વગેરે વિચારવા લાગ્યાં કે—આજ બહુ મોટું ધર્મસંકટ આવી પડ્યું છે. ભગવાનના હાથમાં જ આજ અમારી માનરક્ષા છે. આવા સમયમાં ગભરાવું તે ઉચિત નથી. શ્રદ્ધાપૂર્વક, ભક્તિપૂર્વક, ધૈર્યપૂર્વક ભગવાનનું ચિંતન જ કરવું જોઈએ. એવો વિચાર કરીને વિશ્વાસ તથા એકાગ્રતાપૂર્વક તેઓ ભગવાનને યાદ કરવા લાગ્યાં. તેમને વિશ્વાસ હતો કે—જ્યારે જ્યારે અમારા પર સંકટો આવ્યાં છે, ત્યારે ત્યારે સર્વસમર્થ ભગવાન નારાયણ શ્રીકૃષ્ણ જ અમારી રક્ષા કરતા આવ્યા છે. આ વખતે પણ તેઓ અવશ્ય રક્ષા કરશે જ એમાં સંશય નથી.

ભાવુક નિર્મલ હૃદયે કરેલું ભગવાનનું સ્મરણ કદાપિ નિષ્ફળ જતું નથી. અહીં ભક્તોનું હૃદય ભગવાનના ચિંતનમાં એકાગ્ર બની ગયું, અને ત્યાં ભગવાનનું અચલ સિંહાસન ડોલી ઊઠ્યું. ભગવાન તરત દોડયા. આંખો બંધ કરીને મહારાણી દ્રૌપદી પરમપ્રિય ભગવાનના ધ્યાનમાં લીન થઈ ગયાં હતાં. તેમની સમક્ષ ભગવાન પ્રગટ થયા, અને કહેવા લાગ્યા 'અરે દેવી દ્રૌપદી! આંખો ખોલ, હું આવી ગયો છું, બહુ દૂરથી ઉતાવળ કરીને આવ્યો છું. મને ખૂબ ભૂખ લાગી છે. ખાવાનું જલ્દી આપ.' દ્રૌપદીએ એકદમ આંખો ખોલી. સામે આનંદકંદ, કંદર્પકોટિસુભગ (કરોડો કામદેવો જેવા સુંદર), પરમ મનોહર ભગવાન શ્રીકૃષ્ણ દર્શન આપી રહ્યા છે. દ્રૌપદીના હૃદયમાં આનંદનો મહાસાગર ઊમટ્યો. મહારાજ યુધિષ્ઠિર વગેરે પણ ભગવાનના દર્શનથી બહુ સંતુષ્ટ થયા.

દ્રૌપદીએ ભગવાનને પ્રેમથી ગદ્ગદ મધુર વાણીમાં કહ્યું— 'પ્રભો! આજ કોણ જાણે સવારમાં કોનું અભાગિયાનું મોઢું

દીઠું હશે કે અમારા દ્વાર પર ભૂખ્યા અતિથિઓનાં ઝુંડનાં ઝુંડ આવ્યાં છે. આપ પણ ભુખ્યા જ પધાર્યા છો !' દ્રૌપદીએ માર્મિક વાણીમાં કહ્યું–'કૃપાનિધાન ! એ તો બતાવો કે આપ પોતે જ જો ભૂખ્યા છો, તો બીજાઓની ભૂખ કેવી રીતે દૂર કરશો?'

ભગવાન તરત મ્હોં બગાડીને બોલી ઊઠયા–' હું બીજું કશું જાણતો નથી. મને જલ્દી ખાવાનું આપ. शतं विहाय भोक्तव्यम् । સો કામ પડતાં મૂકીને પહેલું ખાવું જોઈએ !'

દ્રૌપદીએ કહ્યું–'પ્રભો ! આ વખતે કશું પણ નથી રહ્યું. જો હોત, તો આપને યાદ જ શા માટે કરત ?'

ભગવાન આશ્ચર્ય પ્રગટ કરતાં બોલ્યા–' અમે સાંભળ્યું છે કે સવિતા દેવે તમને અક્ષયપાત્ર આપ્યું છે. તેની દ્વારા તમને યથેષ્ટ, પૂરતું ભોજન મળતું રહે છે. તે વાત શું સાચી નથી ?'

દ્રૌપદીએ દઢતાપૂર્વક કહ્યું–' જીવનધન ! વાત તદ્દન સાચી છે. પરંતુ આ સમયે તેમાંથી ભોજન મળી શકે તેમ નથી. કાલે મળી શકે.'

ભગવાને કહ્યું–' અરે દેવિ, તું અક્ષયપાત્ર મને બતાવ તો ખરી. તેમાંથી આ સમયે ભોજન કેમ નહિ મળે ? જરૂર મળશે. મારા હાથમાં તો તે પાત્રને મૂક. પછી જો કે એમાંથી થોડું ઘણું પણ મળે છે કે નહિ !'

દ્રૌપદીએ પ્રસન્નતાપૂર્વક અક્ષયપાત્ર ભગવાનનાં કરકમળમાં મૂકયું. ભગવાન મંદમંદ સ્મિત કરતા તે પાત્રને જોવા લાગ્યા, તેમાં હાથ ફેરવવા લાગ્યા. તેમાં ચોંટી રહેલું એક શાકનું નાનું પાંદડું ભગવાનને મળ્યું. તેને હાથમાં લઈને, હસતાં હસતાં, ભગવાન દ્રૌપદીને કહેવા લાગ્યા–' જો, જો, મને ભોજન મળી ગયું. બસ, આટલા માત્રથી મારી તો શું, સમગ્ર વિશ્વની ભુખ

મટી શકે તેમ છે! તે વખતે ભગવાને 'अनेन विश्वात्मा तृप्यताम्। આનાથી વિશ્વાત્મા તૃપ્તિ પામો, એમ કહીને, તે પાંદડાને પોતાના મુખમાં મૂક્યું. ભગવાન તૃપ્ત થઈ ગયા, ઓડકાર આવવા લાગ્યા. અને તે કહેવા લાગ્યા—' આ પાંદડાંથી મારી ભારે ભૂખ ભાગી ગઈ, મને ખૂબ તૃપ્તિ થઈ ગઈ.'

ભગવાન તૃપ્ત થયા, એટલે બધા વિશ્વને તૃપ્તિ થઈ ગઈ. ખાસ જેમનું પેટ ભરવા માટે ભગવાનને અહીં પધારવું પડ્યું હતું, તે દુર્વાસાની જમાતના બધા સાધુઓનું પેટ ભગવાને ખૂબ ઠાંસી ઠાંસીને ભરી દીધું. તેમના અગ્રણી (નેતા) દુર્વાસા ઋષિનું પેટ તો બધાના કરતાં વધારે ભરી દીધું. અહીં સર્વ ઋષિ લોકોમાંથી કોઈ સ્નાન કરી રહ્યા છે, કોઈ ગંગાજલમાં ઊભા રહીને ગાયત્રી જપી રહ્યા છે, કોઈ નાક દબાવીને પ્રાણાયામ કરી રહ્યા છે, કોઇ વેદ મંત્રો વડે સૂર્ય ભગવાનને અર્ધ્ય આપી રહ્યા છે, કોઈ પુરૂષ-સૂક્તનો પાઠ કરી રહ્યા છે, તો કોઈ ધ્યાન મગ્ન બનીને પદ્માસન લગાવીને બેઠા છે. એક મિનિટ પહેલાં બધાંનાં પેટ ખાલી હતાં, પેટમાં ક્ષુધાગ્નિની જ્વાલા ભડભડ બળી રહી હતી. પણ હવે તેમને લાગે છે કે —અરે! મારું પેટ કેવી રીતે ભરાઈ ગયું ? એવું લાગે છે કે જાણે દબાવી દબાવીને ખાધું છે, પેટ તણાય છે. એક વ્યક્તિ બીજાને કહેવા લાગી—અરે યાર, મારા પેટની પણ એજ દશા છે. હવે પ્રાણાયામ કેવી રીતે થવાનો હતો ? હવે તો સૂઈ જવાનું મન થાય છે. ત્રીજો કહેવા લાગ્યો—મારું પેટ ફૂલી ગયું છે. હવે પવિત્ર ગાયત્રીનો જપ કરવા માટે ઊભા પણ રહેવાતું નથી. બધા ઋષિ લોકો પોતપોતાનો નિત્ય નિયમ છોડી દઈ ને, કોઈ બેસી ગયું, કોઈ સૂઈ ગયું, કોઈ પોતાના તંગ બનેલા પેટ પર પ્રેમપૂર્વક હાથ ફેરવવા લાગ્યું. કોઈ કહે છે કે—હું

કોઈ દિવસ આટલું દબાવીને ખાતો નથી. પણ કાંઈ સમજમાં નથી આવતું કે ખાધા વિના પેટ આટલું બધું કેવી રીતે ભરાઈ ગયું. એક વાચાળ, દર્શનશાસ્ત્રોના જાણકારે કહ્યું–कारणमन्तरेण कथं कार्यं सम्पन्नमभूत्। ભોજનરૂપ કારણ સિવાય ઉદરપૂર્તિ-રૂપ કાર્ય કેવી રીતે બની શક્યું ? જો આ પ્રમાણે કારણ વિના કાર્ય થવા માંડશે, તો પિતા વિના પુત્ર પણ ઉત્પન્ન થઈ શકશે ! બીજ વગર અનાજ ઊગશે !' આ શું બની રહ્યું છે ? 'किमपि कारणमन्विष्यताम्।' કંઈ કારણની ખોજ તો કરો. આ બાજૂએ દુર્વાસા પણ બહુ પરેશાન થઈ ગયા હતા. તેમને માટે તો શ્વાસ લેવો કે બેસવું પણ મુશ્કેલ બની ગયું હતું. તેમણે પોતાની દીર્ઘદૃષ્ટિથી વિચાર કર્યો કે—પાંડવો ભગવાનના ભક્ત છે. આ બધી ભગવાનની જ કરામત હોય તેમ માલમ પડે છે. ભગવાનને માટે કંઈ પણ અશક્ય નથી. તેમને તે વખતે રાજા અંબરીષની ઘટના યાદ આવી. તેમણે પોતાના બધા શિષ્યોને પાસે બોલાવીને કહ્યું-તમારુ સૌનું પેટ અદૃષ્ટ કારણથી ભરાઈ ગયું છે. તેથી પાંડવોની છાવણી તરફ જવું તે ઉચિત નથી. ભગવાન ભક્તને વશ છે. ભક્તોના આ કામને ભગવાને પૂરું કરી દીધું છે. દ્રૌપદીનાં ચીર પૂર્યાં હતાં, તે વાતનું સ્મરણ કરતાં તે કહેવા લાગ્યા–

विधीयते यद् यदुनन्दनेन, नापेक्ष्यते तत्र सहायशक्तिः ।
पञ्चालबालाञ्चलदीर्घतायाः, न तत्र तन्तुर्न च तन्तुवायः॥

ભગવાન યદુનંદન શ્રીકૃષ્ણ ભક્તરક્ષા માટે જે કાર્ય કરે છે, તે અલૌકિક જ હોય છે. તેમાં લૌકિક સહાય શક્તિની અપેક્ષા નથી હોતી. ભગવાનનાં કાર્યો સંકલ્પમાત્રથી સિદ્ધ બની જાય છે. જ્યારે ભર સભામાં દુષ્ટ દુઃશાસન દ્રૌપદીનાં વસ્ત્રો ખેંચી રહ્યો હતો, ત્યારે પોતાની પરમ ભક્ત, અનન્ય શરણાપન્ન

દ્રૌપદીની લાજ રાખવા માટે ભગવાને તેના શરીર પર અસંખ્ય સાડીઓનો ઢગ રચી દીધો હતો. તે સાડીઓને બનાવવા માટે ભગવાનને લૌકિક તંતુઓની તથા વણકરોની જરૂર પડી ન હતી. સંકલ્પ માત્રથી જ સાડીઓનો પર્વત જેટલો ઊંચો ઢગ રચી દીધો હતો. તે પ્રમાણે તેજ ભગવાને ભોજન કર્યા વિના જ આપણાં પેટ ભરી દીધાં છે. માટે પાંડવોની છાવણીને દૂરથી જ નમસ્કાર કરીને, સીધા જ ગંગા પાર જઈ ને, આપણે 'ગચ્છન્તિ' કરી જવું જોઈએ.

ગુરુની આજ્ઞા પ્રાપ્ત થતાં સર્વ શિષ્યો પોતાનો સામાન લઇ ને જવાને માટે તૈયાર થઈ ગયા, અને પોતાના ગુરુ દુર્વાસાજીને આગળ કરીને બધાજ ગંગાપાર થઈને જવા લાગ્યા.

અહીં છાવણીમાં આનંદનિધિ પ્રભુ શ્રીકૃષ્ણ ભીમસેનને કહેવા લાગ્યા—ભીમસેન! ગંગાતટ પર જઈને જો તો ખરો કે દુર્વાસાજીની જમાતને ભોજન માટે આવતાં આટલો વિલંબ કેમ થયો. ત્યાં જઈને તેમને બધાને અહીં બોલાવી લાવ. કહેજે કે—આપ સઘળા જલ્દી ચાલો, ભોજન તૈયાર છે.

ભીમસેન પણ આશ્ચર્યપૂર્વક વિચારવા લાગ્યો કે—અહીં ભોજનની કશી વ્યવસ્થા નજરે પડતી નથી, અક્ષયપાત્રનું દ્વાર પણ બંધ છે, અને આ શ્રીકૃષ્ણ મને ભોજન માટે દશ હજારની જમાતને જલ્દી બોલાવી લાવવા માટે મોકલી રહ્યા છે. બોલાવીને તે ખવડાવશે શું? પણ સાથે સાથે ભીમસેન તે નટખટ ભગવાનની ચમત્કારિક, સામર્થ્યશાલી, દુર્વિભાવ્ય (ન સમજી શકાય તેવી), લીલાનિપુણતાને પણ જાણતો હતો. તેથી શ્રદ્ધાથી અવનત થઈને (નમનશીલ બનીને) ભીમસેન બોલ્યો—જી, પ્રભો! હું આ ચાલ્યો.

ગંગાતટ પર પહોંચીને ભીમસેને જોયું તો ત્યાં તો જમાતનો એક પણ સાધુ ન મળે. બધા ક્યાં ગાયબ થઈ ગયા? દૂર દૃષ્ટિ ફેંકી, તો જણાયું કે તેઓ બધા ગંગા પાર કરીને ખૂબ જલ્દી જઇ રહ્યા છે. ભીમસેન ગંગા પાર કરીને, લાંબી છલંગો મારતો મારતો, તેમની નજીક પહોંચી ગયો, દુર્વાસા મહર્ષિને મળ્યો, અને વિનયપૂર્વક કહ્યું–ભગવાન! તમે બધા રસ્તો ભૂલી ગયા છો, પાછા વળો, ભોજન તૈયાર છે, ત્યાં બધા આપની રાહ જુવે છે.

દુર્વાસાજીએ કહ્યું કે–ઠીક, ભીમસેન! એ તો કહે કે ત્યાં દ્વારકાવાસી શ્રીકૃષ્ણ તો નથી આવ્યા! ભીમસેને જલ્દી જવાબ આપ્યો–હા, હા, આવ્યા છે, ભગવાન પધાર્યા છે. તેમણે જ મને આપને સૌને બોલાવવા મોકલ્યો છે. આપના સૌનાં દર્શન કરવા ભગવાન બહુ આતુર છે. ત્યારે દુર્વાસાજી પ્રેમથી બોલ્યા–ત્યારે તો ભાઈ! ભગવાનને અહીંથી જ અમારા દંડવત્ પ્રણામ કહેજે. પછી કહેજે કે–અમારી બધાની ભૂખ મટાડીને–બધાંની 'લેટર બોક્સ' ઠાંસી ઠાંસીને ભરીને, હવે અમને આપ બોલાવી રહ્યા છો? બસ, હવે તો કૃપા કરો–આટલું બોલીને દુર્વાસા અને તેમના સાથીઓ આગળ ચાલવા લાગ્યા, અને ભીમસેનને નિરાશ બનીને પાછા જવું પડ્યું.

શ્રીમદ્ ભાગવતમાં વેદવ્યાસે આ ચરિત્રનો સંક્ષેપમાં પાંડવોના શબ્દોમાં આ પ્રમાણે પરિચય આપ્યો છે—

'यो नो जुगोप वनमेत्य दुरन्तकृच्छ्राद्,
दुर्वाससोऽरिविहितादयुताग्रभुग्यः।
शाकान्नशिष्टमुपभुज्य यतस्त्रिलोकीं,
तृप्तामम‌ंस्त सलिले विनिमग्नसङ्घः॥' (૧,૧૫,૧૧)

પાંડવો કહે છે કે-શત્રુઓના ષડ્યંત્ર રચવાથી, દશ હજાર શિષ્યોની સાથે ભોજન કરનાર દુર્વાસા ઋષિની દ્વારા પ્રાપ્ત થનાર દુરન્ત (અપાર) કષ્ટથી ભગવાન શ્રીકૃષ્ણે વનમાં આવીને, અક્ષયપાત્રમાંનું એક નાનકડું ચોંટી રહેલું શાકનું પાંદડું ખાઈને અમારી રક્ષા કરી, કારણ કે તેમના તેમ કરવાથી જ ગંગાજલમાં સ્નાન કરતી વખતે તે મુનિમંડલી સાથે, અને પોતાની સાથે, સમસ્ત ત્રિલોકી (ત્રણેય લોક) ભોજનથી અત્યન્ત તૃપ્ત થઈ ગઈ હોય તેમ માલુમ પડયું હતું. તેથી જ તે ઋષિ લોકો અમારી પાસે ન આવતાં, ત્યાંથી જ બારોબાર ચાલ્યા ગયા હતા.

ભગવાનના આ પાવન ચરિત્રનું તાત્પર્ય શું છે? શાન્ત બુદ્ધિથી વિચાર કરવો જોઈએ. આનાથી ભગવાનનું વાસ્તવિક સ્વરૂપ અદ્વય, પૂર્ણ, વિશ્વાત્મા, અપરિચ્છિન્ન જ સિદ્ધ થાય છે. નહિ તો એક નાનકડા પાંદડાથી સમસ્ત વિશ્વના પ્રાણીઓની તૃપ્તિ કેવી રીતે સિદ્ધ થઈ શકે? એક માણુસ ખાય, અને તેનાથી બીજો જ કોઈ માણુસ તૃપ્ત બને-તે જોવામાં આવતું નથી. માટે ભગવાન પરિચ્છિન્ન માની શકાતા નથી; પણ મહાન્, વિભુ, સર્વાનન્ય, અંદર તેમ જ બહાર પૂર્ણ જ નિશ્ચિત થાય છે. તેથી વિખ્યાત 'અદ્વૈત સિદ્ધિ' ગ્રંથના લબ્ધપ્રતિષ્ઠ વ્યાખ્યાકાર ગૌડ બ્રહ્માનંદ સ્વામીએ આ ચરિત્રનું તાત્પર્ય આજ બતાવ્યું છે કે—

'द्रौपदीशाकमास्वाद्य, त्रिलोकी येन तर्पिता।
तज्जीवब्रह्मणोरैक्ये साक्षी ब्रह्मैव नो हरिः॥'

તે બ્રહ્મસ્વરૂપ શ્રીકૃષ્ણનું બધા જીવોની સાથે એકત્વ છે, અનન્યત્વ છે-આ બાબતમાં ભગવાનનું આ પાવન ચરિત્ર પણ પ્રમાણ છે.

આ પ્રમાણે તે સર્વાત્મા ભગવાનના જ્ઞાનથી, તેમનાથી

અભિન્ન વિશ્વનું જ્ઞાન થઈ જાય છે, બીજું જાણવાનું કશું બાકી રહેતું નથી. વિદ્વાન્ મહાત્માઓએ કહ્યું પણ છે કે—

'दर्शनं श्रवणं ज्ञानं, यत्र नान्यस्य विद्यते।
अखण्डैकरसं शान्तं ब्रह्माद्वयमुपास्महे॥'

જે સર્વાનન્ય પૂર્ણતત્ત્વને જાણવાથી, બીજી કોઈ વસ્તુનું દર્શન, શ્રવણ તથા જ્ઞાન કરવાનું બાકી રહેતું નથી (જ્યારે તેનાથી ભિન્ન બીજો કોઈ પદાર્થ જ નથી, ત્યારે તદ્વિષયક દર્શન વગેરે કેવી રીતે બની શકે? ન જ બની શકે), તે અખંડ, એકરસ, શાન્ત, દ્વૈતપ્રપંચોપશમ (જ્યાં દ્વૈતરૂપ પ્રપંચ શાન્ત થઈ જાય છે–નિષેધ પામી જાય છે તેવું), પરમાનંદપૂર્ણ, અદ્વય બ્રહ્મની જ અમે ઉપાસના કરીએ છીએ.

(૩)

'मनुष्याणां सहस्रेषु, कश्चिद्यतति सिद्धये।
यततामपि सिद्धानां, कश्चिन्मां वेत्ति तत्त्वतः॥' (૭।૩)

હજારો મનુષ્યોમાં કોઈ વિરલો જ મનુષ્ય મારી–પરમાત્માની પ્રાપ્તિ માટે યત્ન કરે છે, અને યત્ન કરનાર તે સિદ્ધ યોગીઓમાંથી પણ કોઈ ભાગ્યવાન્ જ મને તાત્ત્વિક રીતે જાણે છે.

આ શ્લોકમાં આનંદકંદ પ્રભુ આત્મજ્ઞાનની દુર્લભતા બતાવે છે. અનેક સાધનો વડે તથા મારી કૃપાથી જ મારો ભક્ત આત્મજ્ઞાન પ્રાપ્ત કરે છે.

આ સંસારમાં ઘણું કરીને હજારો માણસો દુનિયામાં જ આસક્ત બની રહે છે. 'જાના હૈ રહના નહીં, મરના બિસ્વાબિસ' આ ફાની, તુફાની દુનિયાને છોડીને અમારે એક દિવસ ખાલી

હાથે જવાનું છે તે જાણતાં છતાં, પ્રત્યક્ષ દેખતાં છતાં, તેઓ જાણતા નથી, દેખતા નથી. એવી મૂર્ખતા પોતાને બહુ બુદ્ધિશાળી માનનારા તથા કહેનારા પ્રદર્શિત કરે છે.

તેવી મૂર્ખતા તેઓ કેમ કરે છે? તેનું કારણ રાજર્ષિ ભર્તૃહરિજી બતાવે છે–

'आदित्यस्य गतागतैरहरहः संक्षीयते जीवितं,
व्यापारैर्बहुकार्यभारगुरुभिः कालो न विज्ञायते।
दृष्ट्वा जन्मजराविपत्तिमरणं त्रासश्च नोत्पद्यते,
पीत्वा मोहमयीं प्रमादमदिरामुन्मत्तभूतं जगत् ॥

પ્રતિદિન સૂર્યનારાયણના આવવાજવાથી અમારું આયુષ ક્ષીણ થતું જાય છે; સાંસારિક અનેક કાર્યોના ભારથી ગુરુભુત (બોજારૂપ બનેલા) વ્યાપારો વડે (કામકાજ વડે) જીવનનો કેટલોય અમૂલ્ય સમય વ્યતીત થઇ ગયો તેનો પત્તો જ નથી; પોતાની આંખો વડે જન્મ, ઘડપણ, વિપત્તિ તથા મરણ સ્વયં જુવે છે, છતાં તે મૂર્ખને ત્રાસ ઉત્પન્ન થતો નથી. તેનું કારણ શું છે? એમ ઊલટી ગંગા કેમ વહી રહી છે? કારણ બતલાવે છે કે–આ સમગ્ર જગત્ મોહપ્રચુર પ્રમાદરૂપ (અસાવધાનતારૂપ) શરાબ પીને ભાન ભૂલી ગયું છે. જેવી રીતે દારૂ પીધેલો માણસ પોતાનું તેમજ પારકું ભાન ભૂલી જાય છે, તેવી રીતે દુનિયાના લોકો પણ મોહરૂપી દારૂ પીને, પોતાના દેવદુર્લભ જીવનના અમૂલ્ય સમયનું ભાન ભૂલી ગયા છે; બીજાનાં ઘડપણ, મૃત્યુ, વિપત્તિ વગેરે દેખતાં છતાં પણ પોતાને અજર-અમર માન બેઠા છે, કારણકે તે ઉન્મત્ત બની ગયા છે.

પ્રથમ તો મનુષ્ય શરીર મળવું જ બહુ દુર્લભ છે. અનેક પૂરતા પ્રમાણમાં પુણ્યોનો ઉદય થયા વિના મનુષ્ય શરીર મળતું નથી. જલચર, સ્થલચર, નભચર વગેરે અસંખ્ય પ્રાણીઓમાં મનુષ્યજાતિ જ શ્રેષ્ઠ મનાય છે. માટે તેનું સ્વરૂપ તથા યોગ્યતા

પણ સર્વ જાતિઓ કરતાં સુંદર તથા વિશિષ્ટ છે. તેથી અનેક પ્રાણીઓમાં કોઈ વિરલો જ મનુષ્ય શરીર પ્રાપ્ત કરે છે. મહાત્મા તુલસીદાસે પણ એ જ કહ્યું છે કે-

'बडे भाग मानुष तन पावा, सुरदुर्लभ सद्ग्रन्थन गावा।
साधन धाम मोक्षकर द्वारा. (માનસ રામાયણ)

તેમાંયે આ પવિત્ર આર્યાવર્ત ભારતભૂમિમાં માનવ શરીરનો લાભ થવો તે સૌથી વધારે દુર્લભ મનાયું છે. આ ભૂમિની એક ખાસ વિશેષતા છે. જેમ કેસર માટે કાશ્મીર વગેરે એક ખાસ ભૂમિ હોય છે, બધા પ્રદેશોમાં કેસર મળી શકતું નથી, તેમ આ ભારતભૂમિ જ ખાસ કરીને પરમાત્માના પ્રાદુર્ભાવો-અવતારોની એક ખાસ ભૂમિ મનાય છે. તમે બધા દેશોના ધાર્મિક મતવાળા સજ્જનોને પૂછો કે-શું તમારા ભગવાન તમારા દેશમાં અવતાર ધારણ કરીને સ્વયં પ્રગટ થાય છે? તો તેઓ તરત સાફ ના પાડી દેશે. અરબસ્તાન, તુર્કસ્તાન વગેરે દેશવાળાઓ કહેશે કે-અમારા ખુદા અમારા દેશમાં પોતે જાતે જ નથી આવતા; જ્યારે કોઈક વખત બગડી ગયેલી વ્યવસ્થાને સુધારવાની જરૂર તેમને જણાય છે, ત્યારે તે પોતે જાતે ન આવતાં પોતાના કોઈ યોગ્ય પીર અથવા પયગંબરને મોકલી આપે છે. યુરોપવાળા લોકો પણ એમ જ કહેશે કે-અમારા પ્રભુ-ગૉડ સ્વયં અહીં અમારી ભૂમિમાં નથી આવતા, પોતાના વહાલા પુત્રને મોકલી આપે છે.

પણ ભારતભૂમિની ખાસ એક એ જ વિશેષતા છે કે-આ ભૂમિમાં સર્વસમર્થ ભગવાન પોતે અનેકવાર આવ્યા છે, તેમજ આવે છે. ભગવાન પોતે ગીતામાં કહે છે-सम्भवामि युगे युगे (૪, ૮) યુગ-યુગમાં હું પ્રગટ થાઉં છું, નિરાકારમાંથી સાકાર

બનીને ભારતની આ પાવન ધરામાં અવતાર લઉં છું. યુગયુગની મુદ્દત તો બહુ લાંબી છે, તેથી ભગવાને 'यदा यदा हि धर्मस्य' (ગી૦ ૪, ૭) કહ્યું—જ્યારે જ્યારે ધાર્મિક સજ્જન ભક્તોનું ડેપ્યુટેશન (શિષ્ટ મંડલ) મારી સમક્ષ આવે છે, પ્રેમી ભક્તો જ્યારે જ્યારે મને બોલાવે છે, ત્યારે ત્યારે—યુગની તો વાત દૂર રહી, પણ એક દિવસમાં યે અનેકવાર મારા પ્યારા ભક્તોને આનંદ આપવા માટે હું પ્રગટ થાઉં છું.

તેથી સ્વર્ગના દેવો પણ ભારતભૂમિની મહત્તાનાં ગાન ગાતાં ગાતાં કહે છે કે—

'गायन्ति देवाः किल गीतकानि,
धन्यास्तु ये भारतभूमिभागे।'

ભારતની પાવન ભૂમિમાં માનવ શરીર ધારણ કરનારાઓ ધન્ય છે, અર્થાત્ પ્રશંસનીય છે.

જ્યારે ભારતને જીતવા માટે સિકંદરે પોતાના દેશમાંથી નીકળવાની તૈયારી કરી હતી, ત્યારે તે પોતાના ગુરૂ સોક્રેટીસ પાસે આશીર્વાદ લેવા ગયો હતો. આશીર્વાદ પ્રાપ્ત કરીને તે બોલ્યો—ગુરુજી! હું ભારત જાઉં છું. તે દેશની કોઈ પણ વસ્તુની જરૂરિયાત હોય, તો મને કહો. હું આપને માટે તે જરૂર લાવીશ. ભારતનું નામ સાંભળીને સોક્રેટીસ બહુ રાજી થયો, અને કહેવા લાગ્યો—તે શબ્દોને કોઈક કવિએ આ રીતે લખ્યા છે—

'कहा सुकरात सुन राजन्! अगर जो तुम वहाँ जाना।
हमारे वास्ते लाना, तो एक ज्ञानी गुरु लाना॥
जिसका दिल है दरियाई, जो हरहाल मस्ताना।
पुनः यदि हो सके राजन्!, तो गंगाजल भी ले आना॥
जिसे मुनियोंने पी पीकर, गहरे-तत्त्वको जाना।

पुनः यदि हो सके राजन् ! तो वांसकी बंसुरी भी ले आना ॥
बजाकर मैं भी देखूँगा, कि-स्वर है कैसा मस्ताना ॥
अगर यदि हो सके राजन् ! तो गीता ग्रन्थ भी लाना ।
नृपति तुम भूल मत जाना', कहानो राम अरु सीता ॥'

આ પ્રમાણે આ ભારતની અનેક વિશેષતાઓ-જે બીજા દેશવાસીઓ માટે દુર્લભ છે-ગંગાજલ વગેરે, તે તેણે ગણાવી-મંગાવી. ગંગાજલ એક એવો દિવ્ય પદાર્થ છે કે જેને પચાસ વર્ષો સુધી શીશીમાં ભરીને રાખો, તો પણ કદાપિ બગડશે નહિ, હમેશાં તાજું અને સ્વચ્છ જ રહેશે. દુનિયાની બધી જ નદીઓનું જલ બેત્રણ દિવસમાં જ વાસી થઈ જાય છે, બગડી જાય છે, એમાં સૂક્ષ્મ પોરા પડે છે; પણ ગંગાજલ હંમેશાં શુદ્ધ રહે છે. પરીક્ષા કર્યા પછી, પરદેશી, ખાસ જાણકાર ડૉકટરોએ પણ ગંગાજલની બીજાં જલ કરતાં આ વિશેષતા માન્ય રાખી છે.

આ રીતે આ ભારત આધ્યાત્મિક તત્ત્વજ્ઞાનનું પ્રધાન કેન્દ્ર છે. આ પૂર્વ દેશ છે, અને યુરોપ વગેરે પશ્ચિમના દેશો છે. તેથી અહીં જ પ્રથમ ઋષિમુનિઓના પવિત્ર હૃદયાકાશમાં જ્ઞાનસૂર્યનો ઉદય થાય છે, અને અહીંથી જ તેનો પ્રકાશ પશ્ચિમ દિશાના દેશોમાં જાય છે. તેથી આ દેશની ધાર્મિક ભાવનાઓનો કાળને લઈને હ્રાસ થતો હોવા છતાં પણ કદાપિ લોપ થતો નથી. ઘોર કલિકાલમાં પણ ગંગાતટ ઉપર અનેક તત્ત્વદર્શી, સિદ્ધ મહાત્માઓનો નિવાસ હોય છે.

આવા પાવન ભારતમાં માનવ જન્મ મેળવીને પણ આત્મ-કલ્યાણ માટે પ્રયત્ન ન કરવો, ભગવાનનું તત્ત્વ જાણવા માટે કમ્મર ન કસવી, આશાશ્વત સંસાર પરથી પ્રીતિ હઠાવીને શાશ્વત આનંદનિધિ ભગવાનની ભક્તિ સંપાદન ન કરવી, તે

બહુ જ ખેદ તથા લજ્જાની વાત મનાય. કેટલાક માણુસો કહે છે કે–મહારાજ! શું કરીએ? અમારું પ્રારબ્ધ જ ખરાબ છે તેથી અમારૂં મન ભગવાનમાં લાગતું જ નથી. જો સારૂં પ્રારબ્ધ હોત, તો અમે જરૂર આત્મ કલ્યાણુ માટે પ્રયત્ન કરત.

તેમનું આમ કહેવું ભ્રાન્તિયુક્ત છે. પ્રારબ્ધ કેવળ સુખ-દુઃખ આપવામાં જ સમર્થ હોય છે. અમારી ભાવિ ઉન્નતિમાં તથા આત્મકલ્યાણુના પ્રયત્નમાં તે બાધક નથી બની શકતું તેને માટે પુરુષાર્થની જરૂર છે. પુરુષાર્થહીન માણુસ કોઈ પણ પ્રકારની ઉન્નતિ તથા તત્ત્વજ્ઞાનનાં સાધનોમાં પ્રગતિ નથી કરી શકતો. ભોગમાં પ્રારબ્ધ બળવાન છે, અને યોગમાં પુરુષાર્થ પ્રબળ છે. પરંતુ માણુસ ભ્રાન્તિથી ઊંધું કામ કરે છે. ભોગ જે પ્રારબ્ધાધીન છે, તેને માટે તે પુરૂષાર્થ કરતો રહે છે, અને યોગ જે પુરૂષાર્થને આધીન છે, તેને પ્રારબ્ધ ઉપર છોડી દે છે, અને પછી પુરૂષાર્થહીન, પ્રમાદી બનીને કહે છે કે–મારાથી શું બની શકે? પ્રારબ્ધમાં હશે તો સત્સંગ–ભજન થશે અને જ્ઞાન મળશે, નહિ તો હરિહર!

કોઈ એક રોગીને આંખ તથા પેટ બંનેનું દરદ થયું હતું. તે વૈદ્યની પાસે ગયો. આંખ અને પેટ વૈદ્યને બતાવ્યાં. વૈદે બંનેને માટે વાટેલી દવાનાં બે પડીકાં આપ્યાં, અને કહ્યું–આને આંખમાં નાંખજે અને આને ફાકી જજે. તે રોગી રોગની પીડાથી તો પીડાતો જ હતો, તેથી કયા રોગની કયી પડીકી છે તે ભૂલી ગયો. ભ્રાન્તિને લીધે પેટની દવા–જેમાં કાળી મરી વગેરે વાટેલું હતું તે દવા આંખમાં નાંખી, અને આંખની દવા–જેમાં કોઇક ઝેરી વસ્તુ હતી તે ફાકી ગયો. પછી તો તેને મટી જવાને બદલે રોગ વધી ગયો.

તે પ્રમાણે ભ્રાન્ત માનવી જે યોગસાધનમાં પુરુષાર્થની જરૂર છે ત્યાં પ્રારબ્ધ પર છોડી દે છે, અને ભોગપ્રાપ્તિ-જે પ્રારબ્ધને આધીન છે તેમાં સતત પ્રયત્ન કરતો રહે છે. તેથી જ શ્રીમદ્ ભાગવતમાં કહ્યું છે કે—

'तस्यैव हेतोः प्रयतेत कोविदो न लभ्यते यद्भ्रमतामुपर्यधः।
तल्लभ्यते दुःखवदन्यतः सुखं, कालेन सर्वत्र गभीररंहसा॥'

(ભા ૧,૫,૧૮)

વિચારશીલ માણસે-બુદ્ધિશાળી પુરુષે તે પુરુષાર્થને માટે-મોક્ષને માટે જ પ્રયત્ન કરવો જોઈએ. જે પુરુષાર્થ (પુરુષને અભિપ્રેત-સમસ્ત દુઃખોની નિવૃત્તિરૂપ તથા પરમાનંદની પ્રાપ્તિ-રૂપ અર્થ) ઉપર સ્વર્ગાદિ લોકોમાં ભ્રમણ કરનાર પુણ્યશાળી દેવોને માટે પણ દુર્લભ છે-ચાહતાં છતાં મળતો નથી, તથા નીચેની પશુ વગેરે યોનિઓમાં ભ્રમણ કરનાર પાપી પ્રાણીઓને પણ મળતો નથી. દેવો સ્વર્ગીય ભોગ વિલાસ તથા ઐશ્વર્યમાં અત્યન્ત આસક્ત હોય છે, તેથી વૈરાગ્યાદિ સાધન તેમને પ્રાપ્ત થતું નથી; તેમ પશુ વગેરે પ્રાણીઓમાં અત્યંત મૂઢતા હોય છે. તેથી દેવોને તથા પશુઓ વગેરે પ્રાણીઓને મોક્ષનો લાભ થતો નથી. તમે કહેશો કે-જો અમે મોક્ષ મેળવવા જ પ્રયત્ન કરવા માંડીએ, તો આ સંસારનું કામ કેવી રીતે ચાલશે? ખાવા-પીવાની વગેરે વસ્તુઓ કેવી રીતે મળશે? ઈષ્ટ વસ્તુના લાભથી થતું સુખ કેવી રીતે પ્રાપ્ત થશે? તેનું સમાધાન વ્યાસદેવ આ પ્રમાણે કરે છે કે-જેવી રીતે તમને અનિષ્ટ વસ્તુના લાભથી થતું દુઃખ, નહિ ચાહતાં છતાં-જબરદસ્તીથી પ્રાપ્ત થાય છે; દુઃખની તમે કોઈ દિવસ અભિલાષા રાખતા નથી, કોઈ પણ ૧૦૫ ડીગ્રીવાળો મેલેરિયા તાવ પોતાને મોકલી આપવા માટે ડોક્ટરને દવાખાનામાં પત્ર લખેલું નથી, અને છતાં બળજબરીથી

તાવ આવી જાય છે અને તેનાથી ઉત્પન્ન થતું દુઃખ ભોગવવું પડે છે. કોઈ એવી ઈચ્છા કરતું નથી કે–મારો વહાલો પુત્ર મરી જાય, અને છતાંયે તે મરી જાય છે, તેનાથી ઉત્પન્ન થતું દુઃખ ભોગવવું પડે છે. એમ કેમ થાય છે ? તમે વિચાર કરીને કહેશો કે–ઈષ્ટ વસ્તુના વિયોગથી તથા અનિષ્ટ વસ્તુના સંયોગથી ઉત્પન્ન થતું વિવિધ દુઃખ પાપોને લઈને દુષ્ટ પ્રારબ્ધના યોગથી મળે છે.

તેવી જ રીતે–તે દુઃખની પેઠે–સાંસારિક ઈષ્ટ વસ્તુના લાભથી તથા અનિષ્ટ વસ્તુની નિવૃત્તિથી ઉત્પન્ન થતું સુખ પણ, તમે નહિ ચાહો તો પણ–સારા પ્રારબ્ધના યોગથી, પુણ્ય કર્મોને લઈને મળશે જ. જેવી રીતે તમને દુનિયાનાં દુઃખો પ્રયત્ન ન કરવા છતાં પણ મળે છે, તેવી રીતે દુનિયાનાં સુખ પણ પ્રયત્ન ન કરવા છતાં પણ મળશે. સંસારનાં વિષય પદાર્થોથી ઉત્પન્ન થતાં સુખદુઃખ પ્રારબ્ધને આધીન છે, પુરુષાર્થને આધીન નથી.

कालेन सर्वत्र गभीररंहसा–સંસારમાં કાળ એક ગંભીર વેગવાન્ પદાર્થ છે. તેના વેગને પ્રાણીઓનાં અનેક પ્રકારનાં સુખદુઃખની દશાઓના પરિવર્તનના કારણરૂપ માન્યો છે. તમે સંસારમાં આ પ્રત્યક્ષ જુવો છો કે—

> 'समय बडो बलवान है, नहीं पुरुष बलवान।
> काबे अर्जुन लूटिया, वही धनुष वही बाण॥'

એક સમયે માણસ ખિલખિલાટ હસે છે, બીજે સમયે તે છાતી કૂટતો કૂટતો રડે છે; કોઈ સમયે લાભ લઈને પ્રસન્ન થાય છે, તો બીજે સમયે હાનિને ઉદ્વેગ પામે છે; કોઈ સમયે તે બાલ્યદશાની મુગ્ધતાનો અનુભવ કરે છે, કોઈ સમયે તે જુવાનીની સુંદરતાનો અને ઉદ્દંડતાનો અનુભવ કરે છે, તો કોઈ સમયે ઘડપણની દુર્દશાને જોતો જોતો મૃત્યુશરણનો અનુભવ કરે છે; કોઈ વખત સંપત્તિનો સમય આવે છે, તો કોઈ વખત વિપત્તિનો; કોઈ દિવસ હોળી, તો કોઈ દિવસ દિવાળી; કોઈ

વખત પૂર્ણિમાના પૂર્ણચંદ્રની આહ્‌લાદકારી મનોહારી મધુર ચાંદનીનું દર્શન થાય છે, તો કોઈ વખત અમાંસની ઘનઘોર, ભયંકર, કાળી ઘટાઓનું આહ્‌લાદહારી ભયકારી દર્શન થાય છે. તે રીતે

> कालः सर्वविषमकरः परिभवावमानमानदः कालः।
> कालः करोति पुरुषं दातारं याचितारं च ॥

કાળ જ સમ તથા વિષમનો કરનાર છે. કાળ જ કોઈ સમયે પરિભવ, કોઈ સમયે અપમાન તથા કોઈ સમયે સન્માનનો દાતા બને છે. કાળ જ માણસને કોઈ સમયે દાતા–અમીર બનાવે છે, અને કોઈ સમયે ભિક્ષુ બનાવે છે.

એક ઘડિયાળને ખોલીને જુવો. તેમાં અનેક નાનાં મોટાં ચક્રો ચાલતાં નજરે પડશે. તેમાં એક મૂળ ચક્ર, ચાવી આપેલું હોય છે. તેની સાથે બીજા ચક્રનો સંબંધ હોય છે, બીજાની સાથે ત્રીજાનું કનેકશન હોય છે, ત્રીજાની સાથે ચોથાનું, જેમાં સમય બતાવનાર કાંટાનું કનેકશન રહેલું હોય છે; તે કાંટા જુદા જુદા સમયની સૂચના આપ્યા કરે છે. તે રીતે આ સંસાર પણ એક પ્રકારનું ઘડિયાળ છે. તેમાં એક મૂળભૂત અવિદ્યાનું ચક્ર છે, તેની સાથે સંબંધ રાખનારૂં બીજું કામનાઓનું ચક્ર છે; ત્રીજું કર્મોનું ચક્ર છે; ચોથું કાળનું ચક્ર છે. આ કાળરૂપી ચક્ર પ્રાણીઓની શુભાશુભ દશાઓરૂપી જુદા જુદા સમયનું સુચક હોય છે. અવિદ્યા, કામ, કર્મ અને સુખદુઃખાદિ દ્વન્દ્વોનો પ્રયોજક કાળ–આ ચારેયના સમુદાયને જ સંસારચક્ર કહે છે.

સમયનો વેગ ખૂબ પ્રબળ છે. માટે જ ભગવત્પાદે કહ્યું છે કે—

दिनमपि रजनी सायं प्रातः, शिशिरवसन्तौ पुनरायातः।
कालः क्रीडति गच्छत्यायुस्तदपि न मुञ्चति आशावायुः॥
भज गोविन्दं भज गोविन्दं गोविन्दं भज मूढमते।

વારંવાર દિવસ ઉગે છે અને આથમે છે, રાત પડે છે અને વીતી જાય છે, સાંજ અને સવાર આવે છે અને જોતાં જોતામાં ચાલ્યાં જાય છે. આ પ્રમાણે શિશિર વસંત વગેરે અનેક ઋતુઓ પણ આવીને ચાલી જાય છે. આમ કાળ ભગવાનની વેગવાળી વિચિત્ર ક્રીડા નિરંતર ચાલી રહે છે. તેથી પ્રાણીઓનું આયુષ્ય ક્ષીણ થતું જાય છે. છતાં ખેદ અને શરમની વાત છે કે–હે મૂઢમતે! તને આ અસાર ક્ષણભંગુર સંસારની આશાઓરૂપી વાયુ છોડતો નથી. અરે મૂર્ખ, પ્રબળ વેગવાન કાળદેવે તારા બહુ અમૂલ્ય આયુષને ઘણું ખરૂં તો નષ્ટ કરી નાંખ્યું છે, હવે બહુ થોડું આયુષ બાકી છે, તેને તો તું સાર્થક બનાવ, તેના દ્વારા અંતર્યામી ગોવિંદ ભગવાનનું ભજન કરી લે.

જે અનિષ્ટ દૃશ્યને મનુષ્ય જોવાનું પસંદ કરતો નથી, તેને કાળનો વેગ સામે લાવીને ખડું કરી દે છે, તથા જે ઇષ્ટ દર્શન માટે મનુષ્ય ઝંખ્યા કરતો હોય છે–અનેક પ્રકારના પ્રયત્નો કરતો હોય છે, તેને ખૂબ દૂર હઠાવી દે છે. તેથી જ મર્યાદા-પુરૂષોત્તમ ભગવાન શ્રીરામ લક્ષ્મણની પ્રત્યે કાલની વિચિત્ર વેગવાન ક્રીડાનું, પોતાના દૃષ્ટાંતથી, વર્ણન કરતા કહે છે કે—

यच्चिन्तितं तदिह दूरतरं प्रयाति
यच्चेतसा न कलितं तदिहाभ्युपैति॥
प्रातर्भवामि वसुधाधिपचक्रवर्ती
सोऽहं व्रजामि विपिने जटिलः तपस्वी॥

વખત પૂર્ણિમાના પૂર્ણચંદ્રની આહ્‌લાદકારી મનોહારી મધુર ચાંદનીનું દર્શન થાય છે, તો કોઈ વખત અમાંસની ઘનઘોર, ભયંકર, કાળી ઘટાઓનું આહ્‌લાદહારી ભયકારી દર્શન થાય છે. તે રીતે

काल: सर्वविषमकर: परिभवावमानमानद: काल:।
काल: करोति पुरुषं दातारं याचितारं च ॥

કાળ જ સમ તથા વિષમનો કરનાર છે. કાળ જ કોઈ સમયે પરિભવ, કોઈ સમયે અપમાન તથા કોઈ સમયે સન્માનનો દાતા બને છે. કાળ જ માણસને કોઈ સમયે દાતા-અમીર બનાવે છે, અને કોઈ સમયે ભિક્ષુ બનાવે છે.

એક ઘડિયાળને ખોલીને જુવો. તેમાં અનેક નાનાં મોટાં ચક્રો ચાલતાં નજરે પડશે. તેમાં એક મૂળ ચક્ર, ચાવી આપેલું હોય છે. તેની સાથે બીજા ચક્રનો સંબંધ હોય છે, બીજાની સાથે ત્રીજાનું કનેકશન હોય છે, ત્રીજાની સાથે ચોથાનું, જેમાં સમય બતાવનાર કાંટાનું કનેકશન રહેલું હોય છે; તે કાંટા જુદા જુદા સમયની સૂચના આપ્યા કરે છે. તે રીતે આ સંસાર પણ એક પ્રકારનું ઘડિયાળ છે. તેમાં એક મૂળભૂત અવિદ્યાનું ચક્ર છે, તેની સાથે સંબંધ રાખનારૂં બીજું કામનાઓનું ચક્ર છે; ત્રીજું કર્મોનું ચક્ર છે; ચોથું કાળનું ચક્ર છે. આ કાળરૂપી ચક્ર પ્રાણીઓની શુભાશુભ દશાઓરૂપી જુદા જુદા સમયનું સુચક હોય છે. અવિદ્યા, કામ, કર્મ અને સુખદુઃખાદિ દ્વન્દ્વોનો પ્રયોજક કાળ-આ ચારેયના સમુદાયને જ સંસારચક્ર કહે છે.

સમયનો વેગ ખૂબ પ્રબળ છે. માટે જ ભગવત્પાદે કહ્યું છે કે—

दिनमपि रजनी सायं प्रातः, शिशिरवसन्तौ पुनरायातः।
कालः क्रीडति गच्छत्यायुस्तदपि न मुञ्चति आशावायुः॥
भज गोविन्दं भज गोविन्दं गोविन्दं भज मूढमते।

વારંવાર દિવસ ઉગે છે અને આથમે છે, રાત પડે છે અને વીતી જાય છે, સાંજ અને સવાર આવે છે અને જોતાં જોતામાં ચાલ્યાં જાય છે. આ પ્રમાણે શિશિર વસંત વગેરે અનેક ઋતુઓ પણ આવીને ચાલી જાય છે. આમ કાળ ભગવાનની વેગવાળી વિચિત્ર ક્રીડા નિરંતર ચાલી રહે છે. તેથી પ્રાણીઓનું આયુષ્ય ક્ષીણ થતું જાય છે. છતાં ખેદ અને શરમની વાત છે કે-હે મૂઢમતે! તને આ અસાર ક્ષણભંગુર સંસારની આશાઓરૂપી વાયુ છોડતો નથી. અરે મૂર્ખ, પ્રબળ વેગવાન કાળદેવે તારા બહુ અમૂલ્ય આયુષને ઘણુંખરૂં તો નષ્ટ કરી નાંખ્યું છે, હવે બહુ થોડું આયુષ બાકી છે, તેને તો તું સાર્થક બનાવ, તેના દ્વારા અંતર્યામી ગોવિંદ ભગવાનનું ભજન કરી લે.

જે અનિષ્ટ દૃશ્યને મનુષ્ય જોવાનું પસંદ કરતો નથી, તેને કાળનો વેગ સામે લાવીને ખડું કરી દે છે, તથા જે ઈષ્ટ દર્શન માટે મનુષ્ય ઝંખ્યા કરતો હોય છે-અનેક પ્રકારના પ્રયત્નો કરતો હોય છે, તેને ખૂબ દૂર હઠાવી દે છે. તેથી જ મર્યાદા-પુરૂષોત્તમ ભગવાન શ્રીરામ લક્ષ્મણની પ્રત્યે કાલની વિચિત્ર વેગવાન ક્રીડાનું, પોતાના દૃષ્ટાંતથી, વર્ણન કરતા કહે છે કે—

यच्चिन्तितं तदिह दूरतरं प्रयाति
यच्चेतसा न कलितं तदिहाभ्युपैति॥
प्रातर्भवामि वसुधाधिपचक्रवर्ती
सोऽहं व्रजामि विपिने जटिलः तपस्वी॥

હે લક્ષ્મણ! આ સંસારની આશ્ચર્યમય વિચિત્ર દશા છે: જે ઇષ્ટ પદાર્થના લાભ માટે અમે ચિંતા કર્યા કરીએ છીએ, ક્યારે મળે-ક્યારે મળે તેવી રાહ જોઈએ છીએ, તેને માટે અનેક પ્રકારના પ્રયત્નો કરીએ છીએ, તે કર્માધીન કાળની વિપરીત ગતિથી અમને નથી મળતો, અમારાથી તે હજારો ગાઉ દૂર ચાલ્યો જાય છે. તે જ પ્રમાણે જેનો અમને સ્વપ્નમાં પણ ખ્યાલ ન હતો, જેને અમે કદી જોવાનું પણ પસંદ કરતા ન હતા, તે અનિષ્ટ દૃશ્ય અમારી સામે આવીને એકદમ ભૂતની પેઠે ખડું થઈ જાય છે. આ બાબતમાં હે લક્ષ્મણ! તું મારો જ દાખલો લે. સવારમાં તો હું ચક્રવર્તી રાજા બનવાનો હતો, અયોધ્યાવાસી બધા લોકો મને રાજ્ય આપવા માગતા હતા, તે જ હું આજે જટા ધારણ કરીને, તપસ્વીનો વેષ પહેરીને, જંગલમાં જઈ રહ્યો છું. આ પણ સંસારચક્રનો એક વિલક્ષણ નમૂનો છે.

માટે આ સંસારચક્રમાં ઘૂમનારાં પ્રાણીઓને સુખ તથા દુ:ખ કર્માધીન કાળ દ્વારાજ મળતાં રહે છે. તેમને માટે પુરુષાર્થ જરૂરનો નથી. માટે એ સિદ્ધાન્ત યથાર્થ છે કે-ભોગમાં પ્રારબ્ધ પ્રબળ છે, અને યોગમાં-આત્મકલ્યાણ-મોક્ષના સાધનમાં પુરુષાર્થ પ્રબળ છે.

આ રીતે હજારો ભ્રાન્ત અને પ્રમાદી મનુષ્યોમાંથી કોઈ એક જ સમજદાર, વિવેકી, ભાગ્યશાળી માનવ પોતાના આત્મ-કલ્યાણ માટે-મોક્ષપ્રાપ્તિ માટે પ્રયત્ન કરે છે. તે પ્રયત્ન કરનાર માનવોને પણ કલ્યાણના માર્ગમાં અનેક પ્રકારનાં વિઘ્નો આવી પડે છે, આગળ વધવા દેતાં નથી, કેટલીક વાર આગળ વધવા દેવાને બદલે પાછળ ધકેલી મૂકે છે. આ વિઘ્નોનો સામનો, શૂરવીરની પેઠે, તેમને કરવો પડે છે. જે માણસ ધૈર્ય રાખીને

પોતાના પ્રયત્નને ચાલુ રાખે છે, અટકી પડતો નથી, તે કદાપિ ભગવાનની કૃપાથી સફળ થાય છે. માટે જ કઠોપનિષદ્‌માં કહ્યું છે કે—

श्रवणायापि बहुभिर्यो न लभ्यः
शृण्वन्तोऽपि बहवो यं न विद्युः।
आश्चर्यो वक्ता कुशलोऽस्य लब्धा
आश्चर्यो ज्ञाता कुशलानुशिष्टः॥ (કઠો. ૧,૨,૭)

જે પરમાત્મા અનેક અભાગી મનુષ્યોને તો સાંભળવા પણ મળતો નથી, અને ઘણા માણસો સાંભળતાં છતાં જાણી શકતા નથી, તે બ્રહ્માત્મતત્ત્વનું નિરૂપણ કરનાર વક્તા પણ આશ્ચર્યરૂપ છે, અર્થાત્ બહુ દુર્લભ છે. તેને પ્રાપ્ત કરનાર પણ કોઈ નિપુણ–સર્વ પ્રકારે જાગરૂક (સાવધાન) મહાપુરૂષ જ હોય છે, તથા કુશળ આચાર્ય દ્વારા જેને ઉપદેશ કરવામાં આવ્યો છે તેવો તેનો જ્ઞાતા પણ કોઈ એક આશ્ચર્યરૂપ જ હોય છે.

જ્યારે આ માનવ કોઈક પુણ્ય વિશેષના યોગથી સત્સંગનો પ્રેમી બને છે, કીર્તન ભજનમાં તેને રુચિ ઉત્પન્નથાય છે, બ્રહ્મ-ચર્ચામાં પ્રવૃત્ત થાય છે, ત્યારે ઇન્દ્રિયોના ગોલકોમાં અધિષ્ઠાતારૂપે બેઠેલા દેવતાઓ અનેક પ્રકારનાં વિઘ્નો નાંખે છે, તેને આગળ વધતો રોકે છે. કારણકે બૃહદારણ્યક ઉપનિષદ્‌માં કહ્યું છે કે—

तस्मादेषां तन्न प्रियं यदेतन्मनुष्या विद्युः। (૧,૪,૧૦)

તેથી દેવોને તે નથી ગમતું કે મનુષ્યો તે બ્રહ્મતત્ત્વને જાણે. આ બધા અજ્ઞાની મૂઢ માનવીઓ દેવોના પશુ છે. જે રીતે ગાય વગેરે પશુઓના માલિકને તે વાત કદાપિ ગમતી નથી કે—મારે આધીન રહેલાં આ પશુઓમાંથી કોઈને પણ કોઈ લઈ જાય, તે રીતે આ અજ્ઞાની માણસો પણ પશુઓની પેઠે દેવોનો ઉપકાર કરે છે; જેમ પશુ પોતાના માલિકને દૂધ વગેરે આપી

સંતુષ્ટ રાખે છે, તેવી રીતે અજ્ઞાની પણ અનેક પ્રકારના શબ્દાદિ વિષયોને ઇન્દ્રિયો દ્વારા પ્રાપ્ત કરીને, અથવા યજ્ઞોમાં હવિષ વગેરે આપીને દેવોને હમેશાં સંતુષ્ટ રાખે છે. તેથી દેવો કદાપિ તે ચાહતા નથી કે મનુષ્ય બ્રહ્મવિદ્યા દ્વારા બ્રહ્મભાવ પ્રાપ્ત કરીને તેમના પશુભાવમાંથી નિવૃત્ત થઈ જાય. તેથી જ દેવો બ્રહ્મવિદ્યાના માર્ગમાં અનેક પ્રકરાનાં વિઘ્નો નાંખે છે. દેવો આપણાથી દૂર નથી, આપણા શરીરનાં અનેક સ્થળોમાં બેઠેલા છે. તેથી તેઓ પોતાનાથી અધિષ્ઠિત થયેલી ઈન્દ્રિયો દ્વારા અનેક પ્રકારના મોહ ઉત્પન્ન કરે છે. આંખ દ્વારા તરુણ સુંદર સ્ત્રી, પુત્ર, ધન વગેરેમાં, કાન દ્વારા આકર્ષક સિનેમા વગેરેનાં અશ્લીલ સંગીતોમાં, જીભ દ્વારા અનેક પ્રકારનાં અભીષ્ટ ખાનપાન વગેરેમાં, નાક દ્વારા અત્તર તથા પુષ્પ વગેરેની સુગંધમાં, ચામડી દ્વારા કોમળ વસ્ત્ર, પરિધાન, શય્યા વગેરેમાં મોહ ઉત્પન્ન કરીને તેઓ તે સાધકને બ્રહ્માનુસંધાનથી વિમુખ બનાવી દે છે; દેહભાવને દૃઢ બનાવીને તેમાં જાતિઅભિમાન, કુલાભિમાન, વિદ્યાભિમાન વગેરે પેદા કરીને, ઉત્પન્ન થયેલા બ્રહ્મભાવને, ઝંઝાવાતની મધ્યમાં ઉત્પન્ન થયેલા દીવાની પેઠે, એક ક્ષણમાં જ નષ્ટ કરી દે છે, તથા સ્ત્રી, પુત્ર, સંબંધી વગેરે રૂપે મમતાનો અભિનિવેશ પેદા કરીને ત્યાગ-વૈરાગ્યના શાન્તિમય પ્રસન્ન માર્ગમાં આગળ વધતાં રોકી દે છે.

એક શેઠ છે. તેને અનેક નોકરો છે. તેઓ તેને આધીન રહીને તેની આજ્ઞા પ્રમાણે કામ કરતા રહે છે. શેઠને કદી પણ તે સારું નથી લાગતું કે-મારો નોકર મારી નોકરી મૂકી દઈને મારો શેઠ બની જાય, મારાથી પણ મોટો બની જાય, જે મારી સામે અંજલિ બાંધીને-હાથ જોડીને ઊભો રહેતો હતો તેની સામે મારે હાથ જોડીને ઊભું રહેવું પડે. આ રીતે દેવો પણ

અજ્ઞાની મનુષ્યોના શેઠ છે. જ્ઞાન વડે અજ્ઞાનને દૂર કરીને,સ્વતઃસિદ્ધ બ્રહ્મભાવને પ્રાપ્ત કરવાથી પહેલાંનો અજ્ઞાની-દેવોનો નોકર-હવે દેવોનો શેઠ તથા પ્રણામ કરવા યોગ્ય વ્યક્તિ બની જાય છે.

તેથી આપણાં શાસ્ત્રોમાં વિઘ્નોના નિવારણને માટે, વિઘ્નો ન આવે તેને માટે દેવોની આરાધનાનો તથા પ્રાર્થનાનો આદેશ કર્યો છે. તેથી સંતુષ્ટ બનીને દેવો પ્રતિકૂળ આચરણ છોડી દઈને અનુકૂળ-સહાયક થઈ જાય છે. માટે બ્રહ્મવિદ્યાના પવિત્ર માર્ગમાં આગળ વધવા માટે દેવોની પણ બ્રહ્મભાવે અવશ્ય આરાધના કરવી જોઇએ.

કોઈ એક વખતે આનંદકંદ, વિશ્વાન્તર્યામી, પ્રભુ, ભગવાન શ્રીકૃષ્ણે ભીમસેનને કહ્યું હતું કે—

विद्यायां धन्विनां कोटिः, तदर्धं हरिमन्दिरे।
तदर्धं जाह्नवीतीरे, तदर्धं दक्षिणे करे॥

બ્રહ્મવિદ્યામાં વિઘ્ન કરવા માટે એક કરોડ ધનુર્ધારી યોદ્ધાઓ ખડા રહે છે. જ્યાં ભગવાનનું પવિત્ર દર્શન તથા સત્સંગ થાય છે, ત્યાં હરિમંદિરમાં વિઘ્ન કરવા પચાસ લાખ યોદ્ધાઓ ખડા રહે છે. તેઓ મંદિરમાં જનારને રોકે છે. ગંગાતીર પર મોક્ષ-કારી પાપહારી સ્નાનલાભમાંથી માણસને રોકવા માટે પચીસ લાખ યોદ્ધાઓ ખડા હોય છે. અને દાન દેવામાં અડચણ કરવા માટે જમણા હાથમાં સાડા બાર લાખ યોદ્ધાઓ રહેલા છે, જેથી માણસ દાન આપવા માટે જમણો હાથ ખોલે નહિ.

આ શ્લોકને ભગવાનના શ્રીમુખારવિંદે સાંભળીને ભીમસેન હસતાં હસતાં કહેવા લાગ્યો-ભગવન્! આ શ્લોક તો મને, નરી ગપ સમાન, જુઠ્ઠો માલમ પડે છે. ભગવાને દૃઢતાપૂર્વક કહ્યું-નહિ, નહિ, તે કદી જૂઠો ન પડે. આ કોઈક શાસ્ત્રનું પ્રામાણિક વચન છે.

ભીમસેને કહ્યું-આવા વિઘ્નકારી યોદ્ધાઓ આટલી મોટી સંખ્યામાં ક્યાંય જોવામાં આવતા નથી; તો પછી આ વચન પ્રામાણિક કેવી રીતે મનાય?

ભગવાને કહ્યું-ક્યાંક ગુપચુપ સંતાઈને બેસી રહેતા હશે, તેથી જોવામાં નહિ આવતા હોય.

ભીમસેન બોલ્યો-ત્યારે તો જરૂર તેની પરીક્ષા કરવી જોઈએ. હું હમણાં જ ગંગાતટ પર જઈને જોઈશ કે ત્યાં યોદ્ધાઓ સંતાઈને રહે છે અને સ્નાન કરવામાં વિઘ્ન નાંખે છે કે નહિ.

ભગવાનની અનુમતિ મેળવીને ભીમસેન ગંગાતટ પર ગયો. ઘોડા પર બેસીને બંને કિનારાઓની ઝાડીઓમાં વિઘ્નકારી યોદ્ધાઓને તે સવારથી સાંજ સુધી શોધતો રહ્યો; પણ ભીમસેનને એક પણ યોદ્ધો મળ્યો નહિ. નિરાશ થઈને પાછા આવીને, ભીમસેન ભગવાનને કહેવા લાગ્યો-પ્રભો! તે શ્લોક તદ્દન ગપ્પું છે; ગંગાતટ પર એક પણ યોદ્ધો નથી.

હસતાં હસતાં ભગવાને ભીમસેનને કહ્યું-ઠીક ભાઈ, યોદ્ધો ન મળ્યો તો ભલે ન મળ્યો! પણ મહેરબાની કરીને એટલું તો કહે કે તું સવારથી સાંજ સુધી--દશ કલાક-ગંગાતટ પર ઘૂમતો રહ્યો, પણ તેં ગંગાસ્નાન કર્યું કે નહિ?

ભીમસેને આશ્ચર્ય પ્રગટ કરતાં કહ્યું-ભગવાન! સ્નાન કરવાનું તો હું ભૂલી ગયો! સ્નાન તો શું, પણ આચમન કે પ્રોક્ષણ પણ ન કર્યું! મારા માથામાં તો યોદ્ધાઓને શોધવાની ધૂન સવાર થઈને બેઠી હતી ને!

ત્યારે ભગવાન ભીમસેનની પીઠ થાબડતાં કહેવા લાગ્યા-ત્યારે તો શાસ્ત્રનું તે વચન પ્રામાણિક સિદ્ધ થયું! દૃષ્ટ નહિ

તો અદૃષ્ટ રહીને પણ યોદ્ધાઓ તો ત્યાં ખડા હતા; તેઓ તારા ગંગાસ્નાનમાં વિઘ્ન કરીને જ જંપ્યા !

ભગવાનનું યુક્તિયુક્ત વચન સાંભળીને ભીમસેન લજ્જિત બનીને ચુપ થઈ ગયો.

તાત્પર્ય એ છે કે બ્રહ્મવિદ્યામાં, હરિદર્શનમાં, દાનપુણ્યરૂપ સત્કાર્યમાં તથા ગંગાસ્નાનાદિકરૂપ પાવન તીર્થમાં સાંસારિક પદાર્થોમાં આસક્ત રહેનારી, તેમાં રાગદ્વેષ કરનારી તથા તેમના ચિંતનને નહિ છોડનારી આપણા મનની લાખો–કરોડો વૃત્તિ-ઓનેજ વિઘ્ન કરનાર, બળવાન, બાધક યોદ્ધાઓ સમજવા જોઈએ. તે જ આપણને તે સત્કાર્યો કરતાં રોકે છે, અનેક પ્રકારનાં વિઘ્નો નાંખે છે. આ સર્વના અનુભવની વાત છે. તેમનો પરાજય કર્યા વિના મનુષ્ય કલ્યાણમાર્ગમાં આગળ વધી શકતો નથી.

તેથી આપણા સ્વતઃપ્રમાણ–અમાનુષેય વેદોએ આ અસંખ્ય પ્રતિરોધોને ચાર વિભાગોમાં વહેંચીને બતાવ્યા છે. એક ધનાદિકની ઈચ્છા, બીજો દ્વેષ તથા ક્રોધ, ત્રીજો અશ્રદ્ધા-નાસ્તિકતા, અને ચોથો મિથ્યાભિનિવેશ. આ ચાર વિઘ્નોના નિવારણને માટે; તથા અમૃત, અભય, જ્યોતિઃસ્વરૂપ, આનંદ-પૂર્ણ બ્રહ્મધામ પ્રાપ્ત કરવા માટે (૧) દાન–ઉદારતા–નિઃસ્પૃહતા, (૨) પ્રેમ–ક્ષમા–સદ્ભાવ, (૩) શ્રદ્ધા–આસ્તિકતા, (૪) સત્યનું અન્વેષણ, સત્યાભિનિવેશ-આ ચાર સાધનોનો અનુક્રમે ઉપદેશ કર્યો છે, જે ઉપદેશ સામવેદમાં 'સેતુસામગાન' રૂપે પ્રસિદ્ધ છે.

हाउ ३ सेतूंस्तर दुस्तरान् ३ दानेनादानं हाउ ३ ।
अहमस्मि प्रथमजा ऋतस्या ३ ॥१॥

'હાઉ ૩' આ સામગાનને માટે છે. તેના દ્વારા કલ્યાણ-કામી મનુષ્યનું જોરથી સંબોધન કરવામાં આવે છે–અરે હે ભાઈ, તું આ ચાર દુસ્તર પ્રતિરોધક સેતુઓનું અતિક્રમણ કર, ઉલ્લંઘન કર. જેવી રીતે જલની ગતિને રોકનાર બંધ બાંધેલા હોય છે, તેવા આ સેતુઓનું ઉલ્લંઘન કરવું બહુ કઠિન છે, તેઓ આત્મ-કલ્યાણમાં–મોક્ષમાં પ્રતિબંધકરૂપ છે. તે અનર્થકારી સેતુઓને તું આ સદુપાયો દ્વારા તરી જા. દાન–ઉદારતા–ત્યાગરૂપી સાધનવડે તું અદાન–દાનધર્મનો વિરોધી લોભ–તૃષ્ણા–કૃપણતારૂપ સેતુનું અતિક્રમણ કર. દાનધર્મની પ્રાપ્તિને માટે તથા અદાનની નિવૃત્તિ માટે 'હું ઋત અર્થાત્ સત્ય બ્રહ્મનો પ્રથમ જન્મનાર, પરમ ઐશ્વર્યથી સંપન્ન સાક્ષાત્ હિરણ્યગર્ભ છું' એવી ભાવના કર. એવા મહાન હિરણ્યગર્ભરૂપ તારામાં લોભ તથા કૃપણતા શોભતાં નથી. માટે તું આ તુચ્છ લોભને–ધનાદિની ઇચ્છાને ત્યજી દે. અહીં 'ધનાદિકની ઇચ્છા' શબ્દ શબ્દાદિ વિષયોની ઇચ્છારૂપ કામનો પણ સૂચક છે. તેનો પણ તું નિઃસ્પૃહતા તથા વિવેક–વૈરાગ્ય દ્વારા પરિત્યાગ કર.

हाउ ३ सेतूंस्तर दुस्तरान् ३ अक्रोधेन क्रोधं हाउ ३।
पूर्वं देवेभ्यो अमृतस्य नाभा ३ हाउ ३ ॥१॥

અરે, તું ફરીથી આ ચાર દુસ્તર પ્રતિબંધક સેતુઓનું અતિક્રમણ કર. અક્રોધ એટલે ક્રોધનો વિરોધી ક્ષમા તથા પ્રેમ. અહીં 'અધર્મ' શબ્દની પેઠે 'વિરોધી'ના અર્થમાં 'નઞ્' છે, 'અભાવ'ના અર્થમાં નહિ. જેમ 'અધર્મ'નો અર્થ 'ધર્મનો અભાવ' નથી થતો પણ 'ધર્મનો વિરોધી' થાય છે, 'પાપ' થાય છે, તેવીરીતે. અક્રોધથી તું ક્રોધનું અતિક્રમણ કર. ક્ષમા તથા પ્રેમની પ્રાપ્તિ માટે હું વિષયદ્યોતક મન–ચક્ષુરાદિ ઇન્દ્રિયોથી પણ પહેલાં વિદ્યમાન છું, તેમનાથી પૃથક્ છું, તથા હું આનંદનિધિ, નિર્વિકાર, નિર્ભય, અમૃતની નાભિ (કેન્દ્ર) છું, અર્થાત્ હું સર્વાનુગત, અખંડ, એક-

રસ, વિશુદ્ધ, પૂર્ણ બ્રહ્મ જ છું ' એવા પ્રકારની સતત ભાવના કર્યા કર. એવા નિર્વિકાર બ્રહ્મરૂપ તારી પાસે દ્વેષ તથા ક્રોધ કેવી રીતે આવી શકે ? ન આવી શકે. ક્રોધ વગેરે મન સુધી જઈ શકે છે, પણ તેનાથી પર તું કે જે શુદ્ધ અસંગ આત્મા છે, ત્યાં ક્રોધાદિકની ગતિ નથી. માટે તું સર્વાત્મભાવનાના બલથી ક્ષમા તથા પ્રેમને નિરંતર ધારણ કર, તેમના દ્વારા ક્રોધ તથા દ્વેષને ત્યજી દે.

सेतूंस्तर दुस्तरान् हाउ २ श्रद्धया अश्रद्धां हाउ ३ ।
यो मा ददाति स २ देवामावाः हाउ २ ॥३॥

અરે, ફરી તું આ ચાર દુસ્તર પ્રતિબંધક સેતુઓનું અતિક્રમણ કર. તે ચાર સેતુઓ ખૂબ અનર્થકારી છે. માટે તારે જરૂર તેમને ઓળંગવા જોઈએ. શ્રદ્ધા વડે–આસ્તિક ભાવથી તું અશ્રદ્ધા–નાસ્તિકતાનું અતિક્રમણ કર. ‘હું તેજ સત્ય સનાતન પૂર્ણ પુરૂષ છું. જે કોઈ સાધક મને સર્વસ્વનું દાન કરે છે– આત્મનિવેદન કરે છે, તેજ સર્વાત્મદેવને-મને પ્રાપ્ત થાય છે’ આ પ્રકારની પોતાના આત્માના વિપુલ મહત્ત્વના અસ્તિત્વની ભાવનારૂપ શ્રદ્ધા વડે તું અશ્રદ્ધાનો નાશ કર. તારે પોતાના અસ્તિત્વમાં તો જરૂર શ્રદ્ધા રાખવી જોઈએ, તથા આત્માના અસ્તિત્વના મહત્ત્વના સાક્ષાત્કાર માટે પણ પ્રબળ પ્રયત્ન કરવો જોઈએ. **श्रद्धाश्रमाभ्यां सकलार्थसिद्धिः।** શ્રદ્ધા તથા પ્રયત્નથી બધા પ્રતિબંધોની નિવૃત્તિ તથા સમસ્ત ઈષ્ટ પદાર્થની સિદ્ધિઓ પ્રાપ્ત થાય છે.

सेतूंस्तर दुस्तरान् हाउ २ सत्येनानृतं हाउ ३ ।
अहमन्नमहमन्नमदन्तमाद्मि २ हाउ २ ॥४॥

અરે! ફરી હું (વેદ ભગવાન) કહું છું—વારંવાર બૂમ પાડીને કહું છું કે-આ ચાર દુસ્તર પ્રતિબંધક સેતુઓનું આ

સાધનો વડે અતિક્રમણ કર. સત્યથી અનૃતનું અતિક્રમણ કર. સત્ય તો એક માત્ર પરબ્રહ્મ જ છે. તેનાથી અન્ય નામરૂપાત્મક, દૃશ્ય, જડ, પરિચ્છિન્ન સંસાર અનૃત અર્થાત્ મિથ્યા છે. સત્ય બ્રહ્મની ભાવનાથી અનૃત સંસારનો નાશ કર, તથા સત્ય-ભદ્ર દર્શનથી, સત્ય ભાષણથી, સત્ય શ્રવણથી તથા સત્ય આચરણથી અનૃત-અભદ્ર દર્શનનું, અનૃત ભાષણનું, અનૃત શ્રવણનું તથા અનૃત આચરણનું અતિક્રમણ કર. 'અહો, હું અન્ન છું, હું અન્ન છું, અર્થાત્ સમગ્ર ભોગ્ય પ્રપંચ પણ હું જ છું. તેમ તેનું અદન (ભક્ષણ) કરનાર અગ્નિ આદિ ભોક્તા પણ હું જ છું. જે અત્તા (ભોકતા) છે, તે અન્નનો (ભોગ્યનો) પોતાનામાં હોમ કરી દે છે, તેથી હું વિશુદ્ધ બ્રહ્મ તે ભોકતાનો મારામાં હોમ કરી દઉં છું. સમસ્ત ભોગ્ય અને ભોકતાનો હોમ થઈ જતાં, જે વિશુદ્ધ પૂર્ણ, એકરસ, અખંડ બ્રહ્મ બાકી રહે છે તે જ હું છું'-આ પ્રમાણે સર્વ પ્રપંચના બાધની અવધિરૂપ, નિર્વિશેષ, કેવલાદ્વૈત, સત્ય બ્રહ્મના સતત અનુસંધાનથી અનૃતરૂપ ચોથા પ્રતિબંધકનું તું અતિક્રમણ કર.

वा एषा गतिः एतदमृतं स्वर्गच्छ ज्योतिर्गच्छ,

सेतूंस्तीर्त्वा चतुरः ॥५॥

(સામવેદગાન-સંહિતા)

બસ, આ જ ગતિ-ઉદ્ધારનો, આત્મકલ્યાણનો માર્ગ છે. તે જ અમૃત છે, અર્થાત્ અમૃતત્વરૂપ મોક્ષપ્રાપ્તિનું આ જ સાધન છે. આ સાધનો દ્વારા આ ચાર અનર્થકારી સેતુઓનું તું ઉલ્લંઘન કરીને, સ્વઃ-નિરતિશય અનંત આનંદને પ્રાપ્ત થા, તથા સ્વયંપ્રકાશ જ્યોતિ-ભર્ગને પ્રાપ્ત થા.

આ પ્રકારે ભગવાનના સાક્ષાત્કારને માટે પ્રયત્ન કરનારા સજ્જનોના કલ્યાણમાર્ગમાં અનેક પ્રકારનાં વિઘ્નો આવે છે,

તેમને લઈને ઘણા અટકી પડે છે, માયાના ચક્કરમાં ફસી પડે છે. કોઈક મહામાનવ જ ગુરુકૃપા તથા ઈશ્વરકૃપાના બળથી ભગવાનના તત્ત્વને યથાવત્ જાણીને કૃતાર્થ તથા ધન્ય બને છે. કહ્યું છે કે.

दुर्लभो विषयत्यागो, दुर्लभं तत्त्वदर्शनम् ।
दुर्लभा सहजावस्था, सद्गुरोः करुणां विना ॥

શબ્દાદિ :વિષયોનો ત્યાગ દુર્લભ છે, તત્ત્વદર્શન પણ દુર્લભ છે, તથા સહજ સમાધિ પણ દુર્લભ છે–અનેક પ્રકારનાં વિઘ્નો તથા નબળાઈઓને લઈને દુર્લભ છે. પણ આ વસ્તુઓની દુર્લભતા સદ્ગુરુની કૃપા ન હોવાને કારણે હોય છે, અર્થાત્ સદ્ગુરુની કૃપાથી આ દુર્લભ વસ્તુઓ પણ સુલભ બની જાય છે.

સદ્ગુરુ તથા પરમાત્માની કૃપા વિઘ્નોનું નિવારણ કરવાનું તથા તત્ત્વસાક્ષાત્કાર કરવાનું સામર્થ્ય આપે છે. પણ સદ્ગુરુની કૃપા તેજ માણસ પ્રાપ્ત કરી શકે છે, જે ગુરુની આજ્ઞાઓનું યથાવત્ પાલન કરે છે; શ્રદ્ધાપૂર્વક તેમની સેવા કરે છે. તે જ પ્રમાણે ભગવાનની કૃપા પણ તેજ મેળવી શકે છે, જે ભગવાનના દરેક વિધાનમાં સંતુષ્ઠ રહે છે, ભગવાનમાં વિશ્વાસ રાખે છે, તથા ભગવાનને શરણે જાય છે, 'ભગવાન મારે માટે જે કાંઈ કરશે તે સારું જ કરશે; જે કાંઈ કર્યું છે તે સારું જ કર્યું છે' એવો દૃઢ નિશ્ચય રાખીને જે સદા પ્રસન્ન રહે છે, જે શોક તથા દીનતાને પોતાના મનરૂપી ભવનમાં ઘુસવા દેતો નથી, હમેશાં નિર્ભય રહીને ભગવાનની આરાધનામાં, બ્રહ્મ-વિચારમાં, સત્સંગ તથા કીર્તનમાં, સેવા–પરોપકારમાં લાગ્યો રહે છે. દુનિયાની આવશ્યક ફરજ બજાવતાં છતાં જે માણસ દરેક હાલતમાં મસ્ત રહે છે, તે જ ભગવાનને પ્રિય લાગે છે,

ભગવાનની વિમલ કૃપાને પાત્ર બને છે. ગીતામાં ભગવાને આ જ કહ્યું છે.

> यो न ष्यति न द्वेष्टि न शोचति न कांक्षति ।
> शुभाशुभपरित्यागी भक्तिमान्यः स मे प्रिय ॥ (१२, १७)

ઈષ્ટ વસ્તુનો લાભ થવા છતાં હર્ષ પામતો નથી, કોઈ પણ અનિષ્ટ પદાર્થનો દ્વેષ કરતો નથી–કારણ કે તેણે સર્વત્ર દૃઢ ભગવદ્‌–ભાવના વડે ઈષ્ટ તથા અનિષ્ટ (શુભાશુભ) વસ્તુઓના દર્શનનો પરિત્યાગ કરી દીધો છે, અને તેથી જ જે કોઈપણ દિવસ કોઈ પણ વસ્તુ માટે શોક કરતો નથી તેમજ ઇચ્છા કરતો નથી–આ પ્રમાણે મારામાં જ ભક્તિ રાખનાર, સદા મસ્ત નિર્દ્વન્દ્વ રહેનાર, આનંદી માનવ જ મને–ભગવાનને પ્રિય છે. તેજ મારી કૃપાનો અધિકારી છે.

કોઈ એક વખત દેવર્ષિ નારદ વીણા બજાવતા, હરિગુણ ગાતા ગાતા, આ આર્યાવર્તના પવિત્ર ધરાધામમાં ભ્રમણ કરતા કરતા, એક તપસ્વી મહાત્માના એકાંત સ્થાનમાં પહોંચી ગયા. ત્યાં તેમનું ઘોર તપ જોઈને નારદ બહુ રાજી થયા. તે કાયક્લેશરૂપી ભારે તપ કરી રહ્યા હતા. તે કેવળ થોડા દૂધનો જ આહાર લેતા. માથા પર મોટી મોટી જટાઓ રાખી હતી. સમગ્ર શરીર ભસ્મ વડે શોભતું હતું. ગરમીમાં ચારે ખૂણે અગ્નિ રાખીને પંચાગ્નિ તપ કરતા હતા. હાથમાં મોટી લાંબી માળા રાખીને તે મંત્રજપ કર્યા કરતા હતા. ઠંડીમાં ગળા સુધી પાણીમાં બેસીને તથા ચાતુર્માસમાં વરસાદની ઝડીઓમાં બેસીને તપ કર્યા કરતા હતા. આ પ્રમાણે તેમની ભારે તિતિક્ષા જોઈને નારદજીએ તેમને પોતાનો પરિચય આપ્યો અને કહ્યું કે–હું દેવર્ષિ નારદ છું, ભગવાનની પાસે રહું છું. આ સમયે હું અહીંથી

વૈકુંઠમાં જઈ રહ્યો છું. તમારી આ તપશ્ચર્યાથી મને બહુ સંતોષ થયો છે. તમારે જો ભગવાનને કંઈ સંદેશો કહેવડાવવો હોય, તો હું તમારો સંદેશ પહોંચાડીશ, તથા તેનો ઉત્તર પણ તમારે માટે લઈ આવીશ.

નારદજીનાં વચન સાંભળીને તપસ્વીને પૂરો વિશ્વાસ તો ન આવ્યો કે તે ખરેખર નારદ જ છે કે કેમ, પણ કામચલાઉ વિશ્વાસ રાખીને તેમણે નારદજીને કહ્યું કે-જો તમે નારદ જ હો, તો ભગવાનને આ મારો સંદેશો કહેજો કે-મને આપનું દર્શન ક્યારે થશે? નારદજી તે તપસ્વીના સંદેશાને પોતાની ડાયરીમાં નોંધી લઈને આગળ વધ્યા, અને ગંગાસ્નાનની અભિલાષાથી ગંગાતટ પર ગયા.

ત્યાં એક બહુ રમ્ય, મનોહર, શાન્ત એકાન્ત આશ્રમ જોઈને નારદ ખૂબ રાજી થયા. વડ, પીપળો, આંબો, આંબલી વગેરે અનેક પ્રકારનાં વૃક્ષો તથા લતાઓથી ઢંકાયેલો તે આશ્રમ ખૂબ શોભી રહ્યો હતો. દેવમંદિર, સત્સંગ–કીર્તનભવન, અન્નપૂર્ણા-ભંડાર, ગૌશાલા, અતિથિશાલા વગેરે અનેક નાનાં–મોટાં સ્થાનોથી તે સુશોભિત હતો. ગંગાસ્નાન માટે બહુ સુંદર પાકો ઘાટ પણ ત્યાં બાંધવામાં આવ્યો હતો. ત્યાં બેસીને સાધુ મહાત્મા તથા ભક્ત લોકો ગંગાનાં દર્શન કરતા કરતા પોતાના જપ, પાઠ, ધ્યાન પણ કરી રહ્યા હતા. તે આશ્રમના અધ્યક્ષ મહાત્મા બહુ જ્ઞાની, વિદ્વાન, ભક્ત તથા સચ્ચરિત્ર હતા. તે હરહંમેશાં મસ્ત તથા પ્રસન્ન રહેતા, સદા વિશુદ્ધ આનંદને જ જોતા હતા, સાંભળતા હતા, ચાખતા હતા. તે આનંદમાં જ સૂતા હતા–જાગતા હતા. તેમની પાવન દૃષ્ટિમાં બધે હમેશાં આનંદનો મહાસાગર જ અંદર બહાર લ્હેરિયાં લઈ રહ્યો હતો. આનંદ જ બ્રહ્મ છે, પૂર્ણતત્ત્વ છે. હંમેશાં આનંદની ભાવના જ

તેમની ઉપાસના હતી. આનંદથી અતિરિક્ત, બીજા કોઈ દૃશ્યને તે પોતાના મનોમંદિરમાં તથા ઈન્દ્રિયોના માર્ગોમાં આવવા દેતા ન હતા. તે આશ્રમમાં નિયમપૂર્વક સ્વાધ્યાય, પ્રવચન, સત્સંગ, દેવપૂજા, કીર્તન વગેરે થતાં રહેતાં હતાં. દેવર્ષિ નારદ ત્યાંની સુંદર વ્યવસ્થા તથા તે અગ્રણી—તેજસ્વી મહાત્માનાં દર્શન કરીને બહુ રાજી થયા. તે મહાત્માજીની પાસે પણ નારદજીએ પોતાનો પૂરો પરિચય આપ્યો. તે સાંભળીને મહાત્મા બહુ ભક્તિભાવથી, પૂર્ણ વિશ્વાસ સાથે, નારદજીનાં ચરણોમાં પડ્યા. નારદજીનાં દર્શન કરીને 'હું ધન્ય છું, ધન્ય છું, વારંવાર ધન્ય છું' એમ કહેતા પોતાના ઉત્તમ ભાગ્યની પ્રશંસા કરવા લાગ્યા. શુભ આશીર્વાદ આપતા નારદજીએ મહાત્માને કહ્યું–મહાત્મન્! અહીંથી હું સીધો જ વૈકુંઠમાં ભગવાનની પાસે જવાનો છું. જો આપને ભગવાન પ્રત્યે કોઈ સંદેશો મોકલવો હોય, તો તે હું લઈ જઈ શકીશ, અને તેનો ઉત્તર પાછા વળતાં હું આપને આપીશ. કહો, ભગવાનને કંઈ કહેવું છે?

દયાળુ નારદજીની વાત સાંભળીને મહાત્મા બોલ્યા—કૃપા-નિધાન ભગવાનને હું બીજો તો શું સંદેશો મોકલું? ભગવાન ઘટઘટના અંતર્યામી છે, હૃદયની બધી વાતોને જાણે છે. તેમ-નાથી કશું જ છુપું રહેતું નથી. છતાં આપ કરુણાવશ કહી રહ્યા છો, તો આ મારો સંદેશો કહેજો કે-ભગવાન ક્યારે મને પોતાના પરમ રમણીય, સૌન્દર્યસાર સર્વસ્વ–સ્વરૂપનું દર્શન આપશે? બસ. આ જ એક માત્ર હૃદયની અભિલાષા છે. 'તથાસ્તુ' કહીને નારદજી ત્યાંથી આનંદપૂર્વક ચાલી નીકળ્યા. જલ્દી વૈકુંઠમાં પહોંચીને, ભગવાનના પવિત્ર શ્રીવિગ્રહનાં (મૂર્તિનાં) દર્શન કરીને, બહુ સંતુષ્ટ થયા. આમતેમ ભ્રમણની વાતો કહીને, તેમણે પેલા બે મહાત્માઓના સંદેશા કહી સંભળાવ્યા. ભગવાને તરત

તપસ્વીજીના સંદેશનો ઉત્તર આપ્યો કે–તેમને હજી ચાર જન્મ લેવા પડશે, અને ચારેય જન્મોમાં આ પ્રમાણે કઠિન તપશ્ચર્યા કરવી પડશે, ત્યારે છેલ્લા જન્મમાં તેમને મારાં દર્શન થશે.

ગંગાતીરવાસી મહાત્માના સંદેશાનો ઉત્તર આપતાં ભગવાન બોલ્યા કે તે મહાત્માને કહેજો કે તમારા આશ્રમમાં જે સૌથી મોટું પીપળાનું વૃક્ષ છે, તેના પર જેટલાં પાંદડાં છે, તેટલી વાર જન્મ લેવો પડશે, અને તે બધા જન્મોમાં જો મારી ભક્તિ કરતા રહેશો અને આ વખતની પેઠે જ સંયમ-નિયમોનું પાલન કરતા રહેશો, તો છેલ્લા જન્મમાં મારાં દર્શન પામશો.

ભગવાનના ઉત્તર લઈને નારદજી ફરીથી પૃથ્વી પર આવ્યા. 'પોતાનો ઉત્તર સાંભળીને તપસ્વી મહાત્મા તો ખૂબ રાજી થઈ જશે, પણ ગંગાતીરવાસી તે મહાત્મા બહુ દુ:ખી થશે' એવો સ્વગત વિચાર કરતા નારદજી પ્રથમ પેલા તપસ્વી મહાત્માની પાસે ગયા, અને ભગવાનનો ઉત્તર તેમને કહી સંભળાવ્યો. ઉત્તર સાંભળીને તપસ્વીને પ્રસન્નતા થવાને બદલે બહુ ઉદ્વેગ થયો. દિવેલ પીધા જેવું મ્હોં કરીને, તપસ્વીભગવાનને મહેણાં મારતા મારતા ગમે તેમ બકવા લાગ્યા–ઠીક, તમારા ભગવાન મને આ જન્મમાં દર્શન આપવા ચહાતા નથી, ચાર જન્મની વધારે મુદત મારે છે! વાહ વાહ! આ કેવો મોટો અન્યાય છે? હું કેવી મોટી તપસ્યા કરી રહ્યો છું, તેની તેમને હજી બરાબર ખબર જ પડી લાગતી નથી! વળી અહંકારપૂર્વક કહેવા લાગ્યા–બોલો, નારદજી, તમે મારા જેવો તપસ્વી બીજે ક્યાંયે જોયો છે? આપ તો બધી જગ્યાઓએ ફરતા રહો છો. વળી નાસ્તિકભાવ ધારણ કરીને કહેવા લાગ્યા-કોણ જાણે? ભગવાન નામની કોઈ વસ્તુ છે કે નહિ! અરે, બાપ રે બાપ, ચાર જન્મો

સુધી હેરાન થાઉં, તો પણ કોણ જાણે છે કે ભગવાન મળશે કે નહિ. વળી અજ્ઞાનથી ક્રોધાવેશમાં આવીને મૃગચર્મ તથા તુંબડીને ફેંકી દઈને, કહેવા લાગ્યા કે–આ હેરાનગતિ કરતાં તો દુનિયાની મોજમજા ભોગવવી સારી. પછી નારદજી પ્રત્યે અનાદર કરતાં કહેવા લાગ્યા–જાઓ, જાઓ અહીંથી. તમે પણ ગપ્પીદાસ, અને તમારા ભગવાન પણ ધોકેબાજ. તેવા ભગવાનને હું નથી માનતો.

તે તપસ્વી બાવાજીની આવી અસંબદ્ધ વાતો સાંભળીને નારદજી ચૂપચાપ ત્યાંથી ચાલી નીકળ્યા.

ત્યાંથી વિચાર કરતા નારદજી ગંગાતટ પર જઈ રહ્યા છે. મનમાં તે વિચારે છે કે–ગંગાતીર પર રહેનારા મહાત્મા તો પોતાનો ઉત્તર સાંભળીને આમના કરતાં પણ વધારે દુ:ખી થશે, અસંબદ્ધ ગમે તેવું બકવા માંડશે, પણ નારદજીએ નિશ્ચય કર્યો કે–મારે તો મારી પ્રતિજ્ઞા અનુસાર ઉત્તર આપવા ત્યાં જવું જ જોઈએ. એમ વિચાર કરતાં નારદજી થોડીક ક્ષણોમાં ગંગાતટ પર પેલા આશ્રમમાં આવી પહોંચ્યા. આવીને પેલા પ્રસન્ન મુખવાળા, આનંદી મહાત્માને મળ્યા. તેમના સંદેશાનો ઉત્તર કહી સંભળાવ્યો. સાંભળીને પેલા મહાત્મા ખૂબ પ્રસન્ન થયા. કહેવા લાગ્યા–ભગવાનની મારા પર ખૂબ કૃપા છે પીપળાનાં બધાં જ પાંદડાં જેટલા લાખો જન્મ લીધા પછી ભગવાન મળશે તો જરૂરને, સાકારરૂપે દર્શન આપશે તો ખરા ને! બસ, આપણે એવી કંઈ ઉતાવળ નથી. ભગવાન પોતાના તે રૂપથી નહિ, તો વિશ્વનાં અનંત રૂપોમાં દર્શન તો હર ક્ષણે આપી જ રહ્યા છે, આત્મારૂપે ભગવાન મળ્યા તો છે જ. અમને તો તે ભગવાનની ભક્તિમાં જ ભગવાનના દર્શનનો તથા મુક્તિનો મહાન્ શુદ્ધ આનંદ

મળી રહ્યો છે. એટલા અસંખ્ય જન્મો સુધી આનંદ તથા ઉલ્લાસપૂર્વક ભગવાનની પવિત્ર આરાધના કરવા માટે હું તૈયાર છું. આ પવિત્ર ગંગાતટ પર રહીને મને આ સંયમ, નિયમ વગેરેથી ખૂબ સંતોષ મળી રહ્યો છે; ભગવાનની કૃપાથી તથા ગુરુકૃપાથી પૂર્ણ, મારા આ જીવનમાં ખૂબ જ વિશુદ્ધ સુખ મળી રહ્યું છે. મને આવું જીવન લાખો જન્મ સુધી મળતું રહે તે તો બહુ પ્રસન્નતાની વાત છે. તેમાં નારાજ થવાની જરૂર જ ક્યાં છે? અમને ગંગાના પવિત્ર દર્શનમાં અનંત બ્રહ્મસુખનો લાભ મળે છે. ભગવાનના કલિકલ્મષહારી, પાવન નામસંકીર્તનની રસભરી ધૂનમાં તે બાંકેબિહારી, મુરલીમનોહર, ભગવાનની અનુપમ સુંદર છટાનાં દર્શન થાય છે. તે પ્રમાણે સ્વાધ્યાયમાં, પ્રવચનમાં તથા બ્રહ્મવિચારમાં પણ અમને અનંત, નિર્વિશેષ આનંદનો સાક્ષાત્કાર થાય છે. તેથી અમને મુક્તિની પણ પરવા નથી. મુક્તિ તો, વગર બોલાવ્યે, વગર ચાહે અહીં અમારી પાવન સાધનાઓમાં ઘૂસી જઈને-છુપી જઈને, પોતાનો મહાન આનંદ બળજબરીથી અમને આપી જ રહી છે. તેથી ગુજરાતના મહાન ભક્ત નરસિંહ મહેતાએ ગાયું છે કે—

हरिना जन तो मुक्ति न मागे, जनमोजनम अवतार रे,
नित सतसंग नित कीर्तन सेवा, भजवा नंदकुमार रे.

મહાત્માજીનાં આવાં સુંદર વચન સાંભળીને નારદજી ખૂબ રાજી થયા. તેજ વખતે નારદજીએ તથા મહાત્માજીએ આશ્ચર્યપૂર્વક જોયું, તો ભગવાન શંખ, ચક્ર, ગદા, પદ્મધારી નારાયણ, તે પીપળાના ઝાડના મૂળમાં પ્રગટ થઈને ચતુર્ભુજ રૂપે પોતાનું પાવન, મુનિમનહારી, ભવ્ય દર્શન આપી રહ્યા છે. તે મહાત્મા ભગવાનને સાષ્ટાંગ પ્રણામ કરીને, પુનઃ પુનઃ દર્શન કરીને, આનંદપુલકિત થઈ ગયા. ત્યારે નારદજી ભગવાનની પાસે

જઈને મહેણું મારતાં, પ્રેમથી કહેવા લાગ્યા કે-સરકાર, આપ તો તદ્દન જૂઠા નીકળ્યા! વૈકુંઠમાં કહેતા હતા કે આ મહાત્માને આટલા જન્મ લેવા પડશે, આટલા જન્મો સુધી સંયમ તથા નિયમપૂર્વક મારી આરાધના કરવી પડશે, ત્યારે અંતે મારું દર્શન થશે. પણ આપે તો તેમનો એક જન્મ પણ પૂરો ન થવા દીધો, અને થોડા જ કલાકમાં અહીં આવીને તેમને દર્શન આપી દીધું! ભગવાન હોઈને આપ આમ ઊલટી ગંગા કેમ વહાવો છો? આવું મોટું સફેદ જુઠાણું કેમ બોલો છો? તેનો ઉત્તર આપને આપવો પડશે.

હસતા હસતા શ્રી ભગવાન બોલ્યા : નારદ! કેટલી જગ્યાએ જૂઠ સત્ય બની જાય છે, અને કેટલીક જગ્યાએ સત્ય જૂઠ બની જાય છે. सत्यस्य वचनं श्रेयः, सत्यज्ञानं तु दुर्लभम्। સત્ય બોલવું તે પ્રશસ્ત છે (સારું છે), પણ સત્ય શું છે તેનું યથાર્થ જ્ઞાન પ્રાપ્ત કરવું દુર્લભ છે. જુવો, પેલો તપસ્વી કેટલો આળસુ તથા પ્રમાદી હતો. ચાર જન્મો સુધી પણ તે મારી ખાતર પ્રસન્નતાપૂર્વક તપ કરવા તૈયાર ન થયો. પણ આ મહાભાગ મહાત્માને જુવો, તેમનામાં આટલા લાખો જન્મ સુધી આળસ તથા પ્રમાદ છોડીને, મારી આરાધના કરવાનો કેટલો પવિત્ર ઉલ્લાસ ભરેલો છે? તેમની કેટલી સુંદર, પવિત્ર, આનંદમય, શુદ્ધ ભાવનાઓ છે? હું તો ભાવગ્રાહ્ય છું. આમના આટલા સુંદર, આનંદપૂર્ણ ભાવોથી જ ખેંચાઈને, પ્રગટ થયો છું. દર્શન દઈ રહ્યો છું. એટલું કહીને શ્રીભગવાન નારદજીની સાથે ત્યાંથી અંતર્ધાન થઈ ગયા.

આ દૃષ્ટાંતનું એ તાત્પર્ય છે કે-પોતાની સઘળી સાધનાઓ ઉલ્લાસથી, પ્રસન્નતા તથા એકાગ્રતાથી પૂર્ણ હોવી જોઈએ. સાધકના જીવનમાં ભગવાન પર પૂર્ણ વિશ્વાસ તથા ભગવાનની

આશ્રયતા હોવાં જોઈએ. કલ્યાણમાર્ગના બધા જ પ્રયત્નો આનંદ-પૂર્ણ તથા ભગવદ્ભાવથી ભરેલા હોવાં જોઈએ. ત્યારે જ તે ભગવાનની કૃપા પ્રાપ્ત કરીને સાધનમાર્ગનાં બધાં વિઘ્નોથી મુક્ત બની શકે છે, ત્યારે જ તે ભગવાનના તત્ત્વને યથાવત્ જાણીને કૃતકૃત્ય, ધન્ય તથા સફળ જન્મવાળો બની શકે છે. તેથી જ ભગવાને કહ્યું છે કે-कश्चित् मां वेत्ति तत्त्वतः। કોઈક બડભાગી વિરલો જ મારી કૃપાથી મને ખરી રીતે જાણી શકે છે.

જાણવા યોગ્ય 'माम्' પદાર્થ–ભગવત્તત્ત્વ શું છે? ભગવાન પોતે ગીતામાં પોતાનો તાત્ત્વિકરૂપે પરિચય આપતાં કહે છે કે–

क्षेत्रज्ञं चापि मां विद्धि सर्वक्षेत्रेषु भारत। (१३,२)
सर्वभूतस्थितं यो मां भजत्येकत्वमास्थितः। (६,३१)
यो मां पश्यति सर्वत्र सर्वं च मयि पश्यति। (६,३०)
सुहृदं सर्वभूतानां ज्ञात्वा मां शान्तिमृच्छति। (५,२९)
मामेकं शरणं व्रज। (१८,६६)

હે અર્જુન! તું સર્વક્ષેત્રોમાં અવિભક્તરૂપે રહેલા, છતાં અવિદ્યાવશ વિભક્તરૂપે દેખાતા ક્ષેત્રજ્ઞ જીવાત્માને મારું પોતાનું સ્વરૂપ જાણ. જેવી રીતે વિભાગરહિત સ્થિત રહેલું હોવા છતાં મહાકાશ અનેક ઘડાઓમાં જુદું જુદું હોય તેમ ઘટાકાશરૂપે દેખાય છે, તેવી રીતે સર્વ ભૂતોમાં એકીરૂપે સ્થિત હોવા છતાં પરમાત્મા વિભિન્ન શરીરાદિની ઉપાધિઓને લઈને જુદા જુદા હોય તેમ ક્ષેત્રજ્ઞ–જીવાત્મરૂપે પ્રતીત થાય છે. જેવી રીતે ઘટ ઉપાધિથી પૃથક્ થયેલું ઘટાકાશ મહાકાશ જ બની જાય છે–પહેલાં પણ મહાકાશ સ્વરૂપ જ હતું, કેવળ ઘટરૂપ ઉપાધિના અવચ્છેદકત્વનું તેનામાં આરોપણ થયું હતું–તે પ્રમાણે શરીરાદિ ઉપાધિઓથી પૃથક્ બનેલો ક્ષેત્રજ્ઞ–જીવાત્મા પરમાત્મા જ બની જાય છે, પહેલાં પણ તે તત્ત્વતઃ પરમાત્મસ્વરૂપ જ હતો, કેવળ

અવિદ્યાવશ શરીરાદિ ઉપાધિથી પ્રયુક્ત પરિચ્છિન્નત્વનો તેનામાં આરોપ થયો હતો, તેને વિદ્યાના સામર્થ્યથી દૂર કરતાં ક્ષેત્રજ્ઞ વસ્તુતઃ પરમાત્મા જ થઈ જાય છે. માટે હે ભારત! તું ક્ષેત્રજ્ઞાતા જીવાત્માને મારાથી–પરમાત્માથી અભિન્ન જ જાણ.

જે પુરુષ એકીભાવ (પૂર્ણ અદ્વય-બ્રહ્મભાવ)માં રહીને, બધાં જ ભૂતોમાં આત્મરૂપે રહેલા મને–સચ્ચિદાનંદઘન વાસુદેવને ભજે છે, તે ભજનમાં એવો તો તન્મય થઈ જાય છે કે તેની પાવન જ્ઞાનમય દૃષ્ટિમાં એક અદ્વય, પૂર્ણ, શાન્ત, આનંદરૂપ, બ્રહ્મ-જ્યોતિ સિવાય અંદર બહાર બીજું કશું પણ રહેતું નથી; કેવળ વાસુદેવ વાસુદેવ જ રહી જાય છે; આ જ તેની એકત્વાવસ્થિતિ છે. અહીં 'એકત્વ'નો અર્થ 'એકભાવ' છે. ભાવ અર્થમાં 'ત્વ' પ્રત્યય લાગે છે, 'तस्य भावस्त्वतलौ' આ વ્યાકરણનું સૂત્ર છે.

જે માણસ સંપૂર્ણ ભૂતોમાં મને–વાસુદેવને સર્વના અભિન્ન આત્મરૂપથી વ્યાપ્ત–પૂર્ણ જુવે છે, અને સંપૂર્ણ ભૂતોને મારામાં વાસુદેવમાં અવસ્થિત તથા તાદાત્મ્યાપન્ન જુવે છે, તે જ તત્ત્વ-દર્શી છે, જેવી રીતે सर्वेषु आभरणेषु सुवर्णं पश्यति, सुवर्ण च सर्वाण्याभरणानि पश्यति। વિચારશીલ માણસ કટક કુંડલ વગેરે સર્વ આભૂષણોમાં અભેદરૂપે રહેલા સુવર્ણને જુવે છે, તથા સુવર્ણમાં રહેલાં આભૂષણોને સુવર્ણથી તાદાત્મ્યાપન્ન જુવે છે; તે રીતે જેવી રીતે આભૂષણોના કલ્પિત નામરૂપોનો બાધ કરતાં એકમાત્ર સુવર્ણ જ બાકી રહે છે, તેવી રીતે આ ચરાચર વિશ્વમાં અવિદ્યાકલ્પિત નામરૂપોનો બાધ કરતાં એકમાત્ર પરબ્રહ્મ વાસુદેવ જ પૂર્ણાદ્વયાનંદરૂપે બાકી રહે છે. આ જ એકાત્મવાદ છે.

બધાં ભૂત પ્રાણીઓનો હું સુહૃદ્ છું, અર્થાત્ સ્વાર્થરહિત, અનન્યપ્રેમી, હિતકારી છું, કારણ કે હું જ સર્વનો પોતાનો

આત્મારામ છું. આ પ્રમાણે મને-પરમાત્માને તત્ત્વથી જાણીને માનવ શાન્તિને પ્રાપ્ત થાય છે.

મારા એકલાને શરણે આવ. હું પરમાત્મા એક જ છું. મને ગમે તે પ્રિય નામથી બોલાવો, અથવા કોઈપણ અભીષ્ટ આકાર–વિશેષે જુવો, પણ હું નામોના તથા આકાર–વિશેષોના ભેદથી પણ અનેક બની શકતો નથી, એક જ રહું છું. આ જ અમારાં વેદ, ગીતા વગેરે શાસ્ત્રોનો એકેશ્વરવાદ છે.

આ પ્રમાણે ભગવાનના તત્ત્વના યથાર્થ જ્ઞાનથી જ નિ:શ્રેયસ-મોક્ષની પ્રાપ્તિ થાય છે. ન્યાયદર્શનકાર મહર્ષિ ગૌતમ પણ ન્યાયશાસ્ત્રમાં તેજ કહે છે—

तत्त्वज्ञानान्निः श्रेयसाधिगयः। (१,१,१)
दुःखजन्मप्रवृत्तिदोषमिथ्याज्ञानानामुत्तरोत्तरापाये
तदनन्तरापायादपवर्गः। (१,१,२)

'इदं प्रतिकूल अनिष्टं'–આ પ્રતિકૂલ છે, અનિષ્ટ છે–આ જ્ઞાનનો જે વિષય છે તે દુ:ખ છે. દુ:ખને કોઈ ચાહતું નથી, તે બધાને પ્રતિકૂળ દેખાય છે, એવો સર્વને અનુભવ થાય છે. તે દુ:ખનું કારણ જન્મ છે. શરીર, ઇન્દ્રિયો વગેરેના સંઘાત (સમુદાય)ના નવીન પ્રાદુર્ભાવને જન્મ કહે છે. જન્મ ગ્રહણ:કર્યા વિના કોઈને પણ દુ:ખનો અનુભવ થતો નથી. શરીર દ્વારા જ દુ:ખ ભોગવાય છે. આ રીતે જન્મનું કારણ પ્રવૃત્તિ છે. અહીં 'પ્રવૃત્તિ'નો અર્થ શુભાશુભ કર્મ તથા તેનાથી સધાતા ધર્માધર્મ છે. અર્થાત્ શુભાશુભ કર્મોથી ધર્માધર્મનાં ફળરૂપ સુખદુ:ખ ભોગવવા માટે શરીરનો જન્મ થાય છે. પ્રવૃત્તિનું કારણ છે રાગ, દ્વેષ, ઈર્ષ્યા, લોભ વગેરે દોષ, કારણ કે દોષ વગર શુભાશુભ પ્રવૃત્તિ થતી નથી. તેથી દોષરૂપ કારણથી જ પ્રવૃત્તિ

થાય છે. આ દોષોનું કારણ છે મિથ્યાજ્ઞાન. 'अतस्मिन् तद्बुद्धिः' તેવી નહિ વસ્તુમાં 'તેવી છે' એમ બુદ્ધિ થવી, તેને મિથ્યાજ્ઞાન કહે છે. અર્થાત્ અન્યમાં અન્યજ્ઞાન મિથ્યા જ હોય છે, યથાર્થ જ્ઞાન નહિ, જેમ દોરીમાં સર્પનું જ્ઞાન. આ રીતે અનાત્મ દેહ વગેરેમાં આત્મજ્ઞાન, અનિત્યમાં નિત્યજ્ઞાન, અશુચિમાં શુચિ જ્ઞાન, દુઃખમાં સુખજ્ઞાન મિથ્યાજ્ઞાન છે. આ મિથ્યાજ્ઞાનની નિવૃત્તિ તત્ત્વજ્ઞાનથી જ થાય છે. પૂર્વોક્ત ન્યાય સૂત્રમાં મિથ્યાજ્ઞાન વગેરે ઉત્તરોત્તર કારણ છે, તથા દુઃખ વગેરે પૂર્વપૂર્વ કાર્ય છે. એ નિયમ છે કે કારણની નિવૃત્તિથી કાર્યની નિવૃત્તિ થાય છે. તત્ત્વજ્ઞાનથી મિથ્યાજ્ઞાનરૂપી કારણની નિવૃત્તિ થતાં દોષરૂપ કાર્યની નિવૃત્તિ થાય છે. દોષરૂપ કારણની નિવૃત્તિ થતાં પ્રવૃત્તિ-રૂપ કાર્યની નિવૃત્તિ થાય છે. પ્રવૃત્તિરૂપ કારણની નિવૃત્તિ થતાં જન્મરૂપ કાર્યની નિવૃત્તિ થાય છે. આ રીતે જન્મરૂપ કારણની નિવૃત્તિ થતાં દુઃખરૂપ કાર્યની નિવૃત્તિ થાય છે. સમસ્ત દુઃખો નિવૃત્ત થઈ જતાં આત્યંતિક નિઃશ્રેયસરૂપી મોક્ષ સિદ્ધ થાય છે.

આ મોક્ષને ન્યાયશાસ્ત્રમાં 'અપવર્ગ' નામથી કહ્યો છે. અપવર્ગનો એક અર્થ છે-જેમાં 'પ' વર્ગ રહેલો નથી તે, अविद्यमानः पवर्गो यत्र सः। પ વર્ગ છે પ,ફ,બ,ભ,મ-આ પાંચ અક્ષર. 'પ' એટલે પાપપુણ્ય; 'ફ' એટલે ફંદ-માયા; 'બ' એટલે બંધન-મોહમમતાનું; 'ભ' એટલે ભય-અનેક પ્રકારના; 'મ' એટલે મૃત્યુ. આ પાંચેય જેમાં નથી તે અપવર્ગ છે.

બીજો અર્થ છે-अपवर्जनं अपवर्गः। वृजी वर्जने ધાતુને घञ् પ્રત્યય લગાડવાથી 'અપવર્ગ' શબ્દ બને છે. જેમાં અવિદ્યાદિ અનિષ્ટોનો સર્વ પ્રકારે સર્વદા અત્યંતાભાવ (અપવર્જન) છે, તે પદને અપવર્ગ કહે છે. આ બંને અર્થોમાં વ્યુત્પત્તિનો ભેદ છે, પણ તાત્પર્ય એક જ છે; આ પ્રકારના અપવર્ગને (બ્રહ્મનિર્વાણ-

કૈવલ્યપદને) ભગવાનના તત્ત્વજ્ઞાનથી જ કોઈ એક મહામાનવ પ્રાપ્ત કરીને ધન્ય થઈ જાય છે.

(૪)

भूमिरापोऽनलो वायुः, खं मनो बुद्धिरेव च ।
अहङ्कार इतीयं मे भिन्ना प्रकृतिरष्टधा ॥
अपरेय.....

(ગીતા : ૭, ૪)

હે અર્જુન ! પૃથ્વી, જલ, અગ્નિ, વાયુ અને આકાશ તથા મન, બુદ્ધિ અને અહંકાર—આ આઠ પ્રકારે વિભક્ત થયેલી મારી અપર-નિકૃષ્ટ-જડ પ્રકૃતિ છે.

આનંદકંદ પ્રભુ શ્રી કૃષ્ણચન્દ્ર, પોતાની પ્રતિજ્ઞા અનુસાર, અર્જુનને નિમિત્ત બનાવીને, જ્ઞાન તથા વિજ્ઞાન બંનેનો ઉપદેશ આપતાં કહે છે કે-જે પૃથ્વી વગેરે જડ પદાર્થોનું લોક અવલોકન કરી રહ્યા છે, તે મારી અપરા પ્રકૃતિ છે. પ્રકૃતિનો પ્રસિદ્ધ અર્થ છે સ્વભાવ. સ્વભાવ પણ બે પ્રકારનો જોવામાં આવે છે. એક આરોપિત, તથા બીજો અનારોપિત, અર્થાત્ વાસ્તવિક. આ અપરા પ્રકૃતિ માયિક હોવાને લીધે આરોપિત સ્વભાવ છે. જેવી રીતે જીવનો આરોપિત સ્વભાવ છે દુઃખ, તથા અનારોપિત સ્વભાવ છે આનંદ, તેવી રીતે.

પૃથ્વી તે છે કે જે કઠિન માલમ પડે છે, જેનો અસાધારણ ધર્મ ગંધ છે. જલ મૃદુ તથા સ્નિગ્ધ છે, જેનો અસાધારણ ધર્મ રસ છે. અગ્નિ તે છે કે જે પ્રકાશ આપે છે તેમ જ બાળે છે, જેનો અસાધારણ ધર્મ રૂપ છે. વાયુ તે છે કે જે અંદર બહાર ઘૂમતો રહે છે, જેનો અસાધારણ ધર્મ સ્પર્શ છે. આકાશ તે છે કે જે સર્વને અવકાશ–ખાલી જગ્યા–પોલ આપે

છે, અને જેનો અસાધારણ ધર્મ શબ્દ છે. આમને પાંચ ભૂત કહેવામાં આવે છે. ભૂત પણ બે પ્રકારનાં હોય છે, ૧ સૂક્ષ્મ તથા બીજું સ્થૂલ. સૂક્ષ્મ ભૂત—અપંચીકૃત શબ્દાદિ તન્માત્રારૂપ હોય છે; અને પંચીકૃત થતાં સૂક્ષ્મ ભૂત સ્થૂલ બની જાય છે.

અનાદિ, અનિર્વચનીય માયા આ પાંચ ભૂતોનું પરિણામી ઉપાદાન કારણ છે. માયાથી જ આ પાંચેયની ઉત્પત્તિ થાય છે. તેથી કોઈ વિદ્વાને વ્યંગ્યભર્યા શબ્દોમાં માયાનું તથા તેના કાર્યરૂપ પંચ ભૂતોનું વર્ણન આ પ્રકારે કર્યું છે—

काचिद् व्यामोहमूर्तिः परपुरुषरता राक्षसी प्रादुरासीत्
सा गर्भिण्यर्भकौघं विषयमजनयत् पञ्चभूताभिधानम् ।
यात्येकं नीचमार्गैरतिजडमपरं धावतीतस्ततोऽन्यद्
बाह्यान्तः शून्यमन्यत् दहति तदपरं किं पुनस्तत्समाजे ॥

માયા કોઈ વ્યામોહની મૂર્તિ છે; તે અનાદિકાલથી સર્વની બહાર તથા અંદર અજ્ઞાન—મિથ્યાજ્ઞાનાદિરૂપે પ્રાદુર્ભૂત થઈ રહી છે. તે પરપુરૂષમાં રત છે, અર્થાત્ વ્યભિચારિણી છે. અહીં પર પુરૂષ, ક્ષર તથા અક્ષરથી અતીત પરમાત્મા છે. માયા તેમના જ આશ્રયે રહે છે, તથા તેમને જ વિષય કરે છે—અર્થાત્ આચ્છાદન કરે છે. જેવી રીતે શેવાળ—લીલ પાણીને આશ્રયે રહે છે તથા તેને જ વિષય કરે છે, આચ્છાદન કરે છે. વળી જે રીતે અંધકાર દિવાલને આશ્રયે રહે છે અને દિવાલને જ ઢાંકી દે છે, તે રીતે તે પરપુરૂષની આશ્રયતા તથા વિષયતા સંપાદન કરવી તે જ માયાની પરપુરૂષરતિ છે. તે માયા ભય, દુઃખ વગેરે આપનારી હોવાથી રાક્ષસી છે. પરપુરૂષના સંગથી ગર્ભિણી બનીને તેણે પંચભૂત નામના વિષમ (પરસ્પર—વિલક્ષણ) બાળકોને ઉત્પન્ન કર્યાં છે. જલ નામનું એક બાળક નીચે માર્ગે—નીચલી

સપાટીએ જાય છે. પૃથ્વી નામનું બીજું બાળક તદ્દન જડ છે, પોતે જાતે નથી હાલતું કે નથી ચાલતું. વાયુ નામનું ત્રીજું બાળક આમથી તેમ રાત દિવસ દોડતું જ રહે છે. આકાશ નામનું ચોથું બાળક અંદરથી તથા બહારથી શૂન્ય જેવું સુમસુમાકાર રહે છે. અગ્નિ નામનું પાંચમું બાળક સર્વને બાળતું જ રહે છે. જ્યારે માયા રાક્ષસીનાં આવાં વિલક્ષણ સ્વભાવનાં પાંચ બાળકો છે, ત્યારે આ પાંચેયના સમાજ રૂપ આ પાંચભૌતિક શરીરમાં તો તેમની વિલક્ષણ ચેષ્ટાઓનું કહેવું જ શું ? કોઈકવાર વાયુની વિષમતા હેરાન કરે છે, તો કોઈકવાર જલરૂપ કફની, તો કોઈકવાર અગ્નિરૂપ પિત્તની. આ સર્વને પ્રત્યક્ષ છે.

આ પાંચ ભૂતો માયાનાં પરિણામ છે, અને તેથી બ્રહ્મનાં વિવર્ત છે. જેવી રીતે દહીં દૂધનું પરિણામ છે. પરિણામનો અર્થ છે અન્યથાભાવ-વિકાર. બ્રહ્મ નિર્વિકાર, પૂર્ણ, અસંગ, અક્રિય, ચૈતન્યઘન હોવાને કારણે કોઈ પણ રૂપમાં પરિણત બની શકતું નથી. તેથી આ પાંચભૌતિક જગત્‌ને બ્રહ્મનું પરિણામ નહિ, પણ વિવર્ત માની શકાય છે. પરિણામમાં મૂળ વસ્તુ બગડી જાય છે, તે રૂપમાં નથી રહેતી, જેમ દહીં બનતાં દૂધ નથી રહેતું, પણ વિવર્તમાં મૂળ વસ્તુ–આધાર વસ્તુ જેમની તેમ અવિકૃત રહે છે. ભલે તેમાં કાલ્પનિક અન્યથા ભાવોનું ભાન થતું રહે. વિવર્તવાદને બરાબર સમજવા માટે સિનેમાનો પડદો સરસ દૃષ્ટાંત છે. સિનેમા આજકાલ બહુ પ્રસિદ્ધ વસ્તુ થઈ ગઈ છે. નગરોની તો શી વાત, પણ ગામડાંમાંયે તેમનો ખૂબ પ્રચાર થઈ ગયો છે !

સિનેમામાં સામે રહેલા પડદા ઉપર વીજળીના યંત્રથી તમે અનેક પ્રકારનાં દૃશ્યો જોઈ શકે છે. કોઈક વખત તેમાં

તમે ભયંકર, દિલ ધડકાવનારું ઝાંસીની રાણીનું યુદ્ધ જુવો છો. તેમાં ખૂબ ઊઘાડી તલવારો ચાલી રહી છે. મૂળાની અને ગાજરની પેઠે ધડાધડ દુશ્મનોનાં શિર, હાથ, પગ વગેરે કપાઈ કપાઈ ને નીચે પડી રહ્યાં છે. ખૂબ સ્ફૂર્તિથી તીક્ષ્ણ અણીવાળી બરછીઓ એક બીજાની છાતીઓમાં ભોંકાઈ રહી છે. રાણી લક્ષ્મીબાઈનું અદ્ભુત પરાક્રમ તથા ક્રોધે ભરાયેલી ચંડિકાના જેવી શસ્ત્રપ્રહારોમાં નિપુણતા જોઈને દંગ થઈ જવું પડે છે. એકદમ તમે કવયિત્રીનું ગીત 'ખૂબ લડી મરદાની, વહ તો ઝાંસીવાલી રાણી થી' ગાઈ ઊઠો છો. તમે પડદા ઉપર આટલા અસંખ્ય શસ્ત્રોના પ્રહાર જોયા, પણ શસ્ત્રોના પ્રહારથી પડદાનો એક પણ તંતુ કપાયો નથી. તે પ્રમાણે હાથી, રથ તથા ઘોડાઓની દોડમદોડા જોતાં છતાં તે પડદાની એક કોર પણ હાલતી નથી; તે તો જેમ હતો તેમ પોતાની વાસ્તવિક સ્થિતિમાં જ રહે છે.

કોઈક વાર તમે તે પડદા પર મૂશળધાર વરસાદ પડતો જુવો છો. ચારે બાજુએ જલના નાના મોટા પ્રવાહ જોરથી વહેતા જોવામાં આવે છે, તથા કોઈક વાર તમે હનુમાનજીનું લંકાદહન જુવો છો. મોટા મોટા મહેલ, બજાર, મકાન તથા તેમાં રહેલાં અનેક પ્રકારના અન્ન, વસ્ત્ર વગેરે પદાર્થો ભડભડ બળતા પ્રત્યક્ષ જુવો છો. તેજ પ્રમાણે કોઈક વખત સખત વાવાઝોડું આકાશમાં ઘાસ, પાંદડાં વગેરેને ઉરાડતું જુવો છો. પણ તે પડદાનો એકેય તંતુ જલપ્રપાતથી ભિંજાતો નથી, અગ્નિની આકાશ સુધી પહોંચતી જ્વાલાઓથી બળતો નથી, તથા ઝંઝાવાતથી હાલતો નથી. તે પડદો અવિકૃતરૂપે જ કાયમ રહે છે. આ વિવર્તવાદ છે.

પડદાને સ્થાને અહીં અવિકૃત બ્રહ્મ છે. વીજળીનું યંત્ર અહીં માયા છે. તેના દ્વારા બ્રહ્મમાં આકાશ

વગેરે અનેક પ્રકારની સૃષ્ટિઓ દેખાય છે. પણ બ્રહ્મ તે સૃષ્ટિઓથી કદાપિ વિકૃત બનતું નથી. તે અસંગ નિર્લેપ, અદ્વય ભાવમાં હતું, તેમ જ અખંડ, એકરસ બન્યું રહે છે. માટે જ ભગવત્પાદે રચેલા શારીરક મીમાંસા ભાષ્યના પ્રસિદ્ધ ભામતી-વ્યાખ્યાકાર વાચસ્પતિમિશ્ર કહે છે કે—

> अनिर्वाच्याविद्याद्वितीयसचिवस्य प्रभवतो
> विवर्ता यस्यैते वियदनिलतेजोऽबवनयः ।
> यतश्चाभूद्विश्वं चरमचरमुच्चावचमिद
> नमामस्तद् ब्रह्मापरिमितसुखज्ञानममृत्तम् ॥

અસંગ, અવિકૃત, અક્રિય, પૂર્ણાદ્વય બ્રહ્મ માયા વિના સૃષ્ટિનું સ્વયંનિર્માણ કરવા માટે અયોગ્ય છે. જેવી રીતે લાકડાં વગેરે વિના અગ્નિનું સ્વતઃ આનયન (લાવવું તે) અયોગ્ય છે, તે રીતે. લાકડાં વગેરે દ્વારા જ અગ્નિનું આનયન થાય છે. તેવી રીતે માયા દ્વારા જ બ્રહ્મ સૃષ્ટિનું નિર્માણ વગેરે કરી શકે છે, સ્વતઃ નહિ. માટે માયાના સહકારથી નિર્માણ થયેલાં આકાશ, વાયુ, અગ્નિ, જલ તથા પૃથ્વીરૂપ આ પંચભૂતો તે બ્રહ્મનાં વિવર્ત છે, પરિણામ નહિ. તે માયાવિશિષ્ટ બ્રહ્મથી જ આ ઉત્તમ, અધમ, ચર તથા અચરરૂપ વિશ્વ ઉત્પન્ન થયું છે. તે અનંત સુખ તથા જ્ઞાન રુપ, અમૃત બ્રહ્મને અમે નમસ્કાર કરીએ છીએ, અર્થાત્ તેના અનુસંધાનમાં અમે એકાગ્ર-તન્મય બની જઇએ છીએ.

तदात्मान स्त्रयमकुरुत। (તૈ૦ ઉ૦ ૨,૭) તેણે પોતાની જાતને જ સ્વયં વિશ્વરૂપે બનાવી દીધી. આ શ્રુતિના અર્થને ઉપર ઉપરથી સમજીને જેઓ આ વિશ્વને બ્રહ્મનું પરિણામ માને છે, તેઓ કૃપણબુદ્ધિ છે. વસ્તુનું વિવેચન કરવાની યથાવત્ શક્તિ

જેનામાં ન હોય, તે કૃપણુ અર્થાત્ સંકુચિત બુદ્ધિ કહેવાય છે. તેથી જ સંક્ષેપ શારીરકાચાર્ય સર્વજ્ઞાત્મમુનિ કહે છે કે—

कृपणधीः परिणाममुदीक्षते, क्षपितकल्मषधीस्तु विवर्तताम्।
स्थिरमतिः पुरुषः पुनरीक्षते, व्यपगतद्वितीयं परं पदम्॥
(૨,૮૯)

શ્રુતિનાં આ વચનોમાં કૃપણુ બુદ્ધિવાળો જ પરિણામવાદ જુવે છે; પણુ નિર્મળ-સમુદાર બુદ્ધિવાળો, જેનામાં વસ્તુવિવેચનનું બરાબર સામર્થ્ય છે તે વિવર્તવાદ માને છે. સ્થિરમતિ મહાપુરુષ તો જેમાં દ્વૈતપ્રપંચનો અત્યંતાભાવ છે, તેવા બ્રહ્માદ્વયરૂપ પરમ પદનું જ સદા અપરોક્ષ નિરીક્ષણુ કરતો રહે છે.

જો કે પૃથ્વી વગેરે આ પંચ મહાભૂત જડ, દૃશ્ય તથા પરિચ્છિન્ન પ્રતીત થાય છે, તથાપિ તેમની અંદર બ્રહ્માદ્વયની સત્તા, સ્ફૂર્તિ તથા આનંદ પૂર્ણરૂપે વિદ્યમાન છે, કારણુ કે આ સર્વ પદાર્થો બ્રહ્મની સત્તાથી જ અસ્તિરૂપે, બ્રહ્મની ચૈતન્યસ્ફૂર્તિથી જ ભાતિરૂપે, તથા બ્રહ્મના આનંદથી જ પ્રિયરૂપે પ્રતીત થાય છે. તેથી જ અમારા વૈદિક ઋષિઓને આ પૃથ્વી વગેરે ભૂતોમાં પણુ બ્રહ્મભાવ પ્રગટ થયો હતો. તે સર્વમાં સાક્ષાત્-અપરોક્ષ બ્રહ્મનું દર્શન કરતાં કરતાં પ્રેમથી મસ્ત બનીને, તેઓ ગાન કરતા હતા કે—

अदितिर्द्यौरदितिरन्तरिक्षमदितिर्माता स पिता स पुत्रः।
विश्वे देवा अदितिः पञ्चजना अदितिर्जातमदितिर्जनित्वम्॥
(ઋ. ૧,૮૯,૧૦; શુ.ય.જુ. ૨૫,૨૩; અથર્વ સં. ૭,૬,૧)

वै पृथिव्यदितिः। (શ. બ્રા. ૧,૧,૪૫)
इयं च देव्यदितिर्विश्वरूपी॥ (તૈ. બ્રા. ૧,૭,૬–૭)
अ सर्वतातिमदितिं वृणीमहे। (ઋ. ૧૦,૧૦૦,૧)

આ પૃથ્વી અદિતિ છે; નામરૂપની દૃષ્ટિએ પરિણામી નિત્ય હોવાને કારણે અદિતિ અર્થાત્ અખંડનીય છે, તથા બ્રહ્મદૃષ્ટિએ કૂટસ્થ નિત્ય હોવાને કારણે ત્રિકાલાબાધ્ય–પ્રત્યક્ (અંદર) ચિતિ-શક્તિરૂપ છે. આ દેવી અદિતિ વસ્તુતઃ બ્રહ્મરૂપ હોવાને કારણે વિશ્વરૂપ છે. સ્વર્ગ, અંતરિક્ષ, માતા, પિતા, પુત્ર, વિશ્વદેવ, પંચજન (ગંધર્વ, પિતર, દેવ, અસુર, તથા રાક્ષસ–આ પાંચનો સમુદાય) તથા ભૂત, ભવિષ્ય અને વર્તમાન આ બધું જ તે અદિતિ દેવીનું જ સ્વરૂપ છે. તેથી અમે તે સર્વાત્મિકા અદિતિ દેવીનું વરણ કરીએ છીએ, અર્થાત્ આદરપૂર્વક તેનું ધ્યાન કરીએ છીએ.

આ ભૂમિ બધાની માતા છે, સર્વનું પાલનપોષણ કરે કરે છે. તેમાં અવિનાશી ચૈતન્ય બ્રહ્મની સ્ફૂર્તિ છે. તેથી તે ચાતુર્માસમાં સર્વત્ર સસ્યશ્યામલા (ધાન્યના કણોથી શ્યામ), મનોહારિણી બની જાય છે. હિમાલય વગેરે મોટા મોટા પર્વતો તેના પ્રશસ્ત–ઉન્નત અવયવો છે. વૃક્ષો, લતાઓ, ગુલ્મ વગેરેથી સુશોભિત અરણ્ય તેનું સૌન્દર્ય છે, તેના વૃક્ષાદિક પ્રત્યેક અવ-યવમાં બ્રહ્મવેત્તાઓને બ્રહ્મનું દર્શન થાય છે. તેથી જ તેઓ મસ્ત બનીને પ્રેમથી ગાય છે કે–હરિહર બસા હૈ હરિયાલીયોંમેં, વો હી ઝૂલતા હૈ ઝુકી ડાલિયોંમેં.' આ રીતે ભગવાન સર્વનો સુહૃત્ છે અર્થાત્ નિઃસ્વાર્થ હિતકારી–પ્રેમી છે. તે પ્રમાણે આ ભગવતી પૃથ્વી માતા પણ સુહૃત્ છે. તેનું સૌહાર્દ સર્વને પ્રત્યક્ષ છે. માતાની પેઠે તેના અનંત ઉપકારો છે. તેથી અમારા બ્રહ્મવેત્તા ઋષિઓને આ પૃથ્વીમાતાનો અદિતિરૂપે–પરમબ્રહ્મરૂપે સાક્ષાત્કાર થયો હતો. તેથી તેઓ બ્રહ્મતત્ત્વને દૂરાતિદૂર–પરોક્ષ માનતા ન હતા, પણ વિશ્વના પ્રત્યેક પદાર્થમાં તેના 'સત્યં, સુંદરં' સ્વરૂપનો સાક્ષાત્ અનુભવ કરતા હતા. તેથી તેઓ

साक्षात्कृतधर्माणः अतीन्द्रियार्थद्रष्टारो महर्षयो भवन्ति'—આ ટાઈટલથી વિભૂષિત થયા હતા. (જેમણે ધર્મનો સાક્ષાત્કાર કર્યો છે તેવા, અતીન્દ્રિય પદાર્થનું દર્શન કરનારા મહર્ષિઓ બને છે.)

આ પ્રકારે તેઓ પાવન જલતત્ત્વમાં પણ આનંદપૂર્ણ બ્રહ્મનું દર્શન કરતા હતા. સંધ્યા વગેરે નિત્યકર્મમાં પણ તેઓ બ્રહ્મભાવથી જ જલની ઉપાસના કરતા હતા. તેઓ વેદમંત્રો દ્વારા કહેતા હતા કે—

आपो हि ष्ठा मयोभुवः, ता न ऊर्जे दधातन।
महे रणाय चक्षसे।
यो वः शिवतमो रसः, तस्य भाजयतेह नः।

(ઋ. ૧૦.૯,૧–૨) (શુ.યજુ. ૧૧,૫૦–૫૧) (અથર્વ. ૧,૫,૧–૨)

હે શ્રદ્ધેય જલ, આપ સાક્ષાત્ પરબ્રહ્મ સ્વરૂપ છો. તેથી આપ તે બ્રહ્મના બે પ્રકારના આનંદનું (સોપાધિક-લૌકિક, નિરુપાધિક-અલૌકિક) પ્રદાન કરો છો. આપ નિરંકુશ તૃપ્તિને ઉત્પન્ન કરનાર, તે અખંડ બ્રહ્મસુખના અનુભવ માટે અમને સ્થિર, શાન્ત તથા એકાગ્ર બનાવો. તે મહાન, રમણીય, અદ્વયાનંદરૂપ બ્રહ્મદર્શનને માટે જ અમે આપની ઉપાસના કરીએ છીએ. આપમાં જે અત્યંત કલ્યાણમય રસ અર્થાત્ વિશુદ્ધ બ્રહ્માનંદ છે, તેનું સેવન અમને પણ કરાવો, તેવી અમારી વિનમ્ર પ્રાર્થના છે.

આ પ્રકારે વેદોમાં અગ્નિની સ્તુતિ તથા આરાધના મુખ્ય છે, પ્રસિદ્ધ છે. અગ્નિની આરાધનાનું નામ જ યજ્ઞ છે.

अग्नमीडे पुरोहितं यज्ञस्य देवं... (ઋ. ૧, ૧, ૧) આ ઋગ્વેદ-સંહિતાનો સર્વથી પ્રથમ મંત્ર છે. તે અગ્નિની અગ્નિ

સ્તુતિ કરીએ છીએ, આરાધના કરીએ છીએ. એવો નિયમ છે કે સ્તુત્યની જ આરાધના કરવામાં આવે છે. તે યજ્ઞનો દેવ છે, તથા પુરોહિત છે, અર્થાત્ અમારી સૌની સમક્ષ રહેલો છે. આ રીતે त्वमग्ने! इन्द्रो वृषभः। त्वं विष्णुरुरुगायो नमस्यः। त्वं ब्रह्मा रयिवित् (ઋ. ૨,૧,૩), त्वमग्ने राजा वरुणः। त्वं मित्रो भवसि। त्वमर्यमा सत्पतिः (ઋ. ૨,૧,૪) त्वमग्ने! त्वष्टा (ઋ. ૨,૧,૫) त्वमग्ने! रुद्रो असुरः। त्वं शर्धो मारुतं (ઋ. ૨,૧,૬) त्वं देव सविता, त्वं भगो नृपते. त्वं वृत्रहा वसुपते सरस्वती (ઋ. ૨,૧,૧૧)—હે અગ્નિ, તું વૃષભ (શ્રેષ્ઠ) ઈન્દ્ર છે. તું નમસ્કાર કરવા યોગ્ય તથા અનેક લોકોની સ્તુતિઓ દ્વારા ગાવા યોગ્ય વિષ્ણુ છે. તું જ રયિવિત્ (વિવિધ ઐશ્વર્યોનો જ્ઞાતા) બ્રહ્મ છે. હે અગ્નિ, તું રાજા વરુણ છે, તું મિત્રદેવ છે, તું જ સત્પતિ (સજ્જનોના પાલક) અર્યમાદેવ છે. હે અગ્નિ, તું જ ત્વષ્ટા (વિશ્વકર્મા) દેવ છે. હે અગ્નિ, તું અસુર અર્થાત્ પ્રકૃષ્ટ બળશાળી રુદ્રદેવ છે. તું જ મરુત્ અર્થાત્ પવનોનું સંઘટ્ટનરૂપ બળ છે. તું જ સવિતા દેવ છે. હે નૃપતિ (નરોના પાલક), તું ભગદેવ છે. હે વસુપતિ, તું જ સકલ ઐશ્વર્યોનો સ્વામી વૃત્રહા (વૃત્રાસુરને હણનાર) છે. તું જ જ્ઞાનશક્તિરૂપ સરસ્વતી છે.

ઇત્યાદિ અનેક ઋચાઓથી નિશ્ચિત થાય છે કે અમારા પૂર્વજ ઋષિઓ અગ્નિની સર્વદેવમય–બ્રહ્મભાવથી જ આરાધના કરતા હતા. તેથી શ્વેતાશ્વતરોપનિષદમાં કહ્યું છે કે–

यो देवोऽग्नौ योऽप्सु यो विश्वं भुवनमाविवेश।
य ओषधीषु यो वनस्पतिषु तस्मै देवाय नमोनमः॥ (૨,૧૭)

જે દેવ (સત, ચિત, પૂર્ણાદ્વય, આનંદરૂપે દ્યોતમાન પ્રકાશનાર) અગ્નિમાં તથા જલોમાં પણ વિદ્યમાન છે, જે આ સમગ્ર ચરાચર, ભવનધર્મવાળા (ઉત્પન્ન થનાર) વિશ્વમાં પ્રવિષ્ટ થયો છે, જે દેવ ઘઉ ચોખા વગેરે ઔષધિઓમાં તથા મોટાં વૃક્ષરૂપ વનસ્પતિઓમાં પણ વિદ્યમાન છે, તે દેવને પુનઃ પુનઃ નમસ્કાર છે.

नमस्ते वायो ! त्वमेव प्रत्यक्षं ब्रह्मासि । (તૈ. ઉ ૧, ૧)

હે વાયુ! તમને નમસ્કાર છે, તમે જ પ્રત્યક્ષ બ્રહ્મ છો. **खं ब्रह्म ।** (બૃહ૦ ૫, ૧, ૧) ખં એટલે આકાશ બ્રહ્મ છે. આ પ્રમાણે પવન તથા આકાશમાં પણ બ્રહ્મની ભાવના કરીને અમારા ઋષિઓ આનંદમગ્ન બની જતા હતા. **यत्साक्षादपरोक्षाद् ब्रह्म** (બૃહ૦ ૩, ૪, ૨) આ શ્રુતિએ બ્રહ્મને આત્મરૂપે સાક્ષાત્ તથા વિશ્વરૂપે અપરોક્ષ કહ્યું છે.

આ શરીર પણ પાંચભૌતિક છે, તેમાં પણ આ પાંચ ભૂતોનું કનેકશન બનેલું છે. વિશ્વનો એવો કોઈ પણ પદાર્થ નહિ હોય, જેમાં આ પાંચેય ભૂત વિદ્યમાન ન હોય. આ શરીરમાં તમે કઠિન હાડકાં વગેરે રૂપે પૃથ્વીને, લોહી વગેરે દ્રવ પ્રવાહી રૂપમાં જલને પ્રત્યક્ષ જુવો છો. આની અંદર અગ્નિતત્ત્વ પણ વ્યાપ્ત છે, તમારી બંને હથેળિયોનું ઘર્ષણ કરો, તમને અગ્નિની ઉષ્ણતાનો અનુભવ થઈ જશે. રાંધેલા અનાજને ફરી પકાવવા માટે ઉદરમાં જઠરાગ્નિ બળી રહેલો જ છે. તેને ભગવાને ગીતામાં પોતાનું સ્વરૂપ કહ્યો છે-

अहं वैश्वानरो भूत्वा, प्राणिनां देहमाश्रितः ।
प्राणापानसमायुक्तः पचाम्यन्नं चतुर्विधम् ॥ (૧૫,૧૪)

હું ભગવાન જ સર્વ પ્રાણીઓના શરીરમાં વૈશ્વાનર અગ્નિરૂપે રહીને, પ્રાણ અને અપાનથી યુક્ત બનીને, ભક્ષ્ય, ભોજ્ય, લેહ્ય તથા ચોષ્ય-ચાર પ્રકારના અન્નને પચાવું છું.

ઠંડીમાં જેટલી વધારે કે ઓછી ઠંડી લાગે છે તે અનુસાર જ વધારે કે ઓછી વરાળ મુખમાંથી નીકળે છે. તે અંદર રહેલા અગ્નિની જ સૂચક છે. જો અંદરનો અગ્નિ હોલવાઈ જાય, તો આખું શરીર 'ગોવિંદાય નમોનમઃ'—બરફ જેવું ઠંડું થઈ જાય. ત્યારે લોક કહે છે કે—અમુક મનુષ્ય મરી ગયો.

એક સજ્જને જઠરાગ્નિની બાબતમાં બે શંકાઓ પ્રસ્તુત કરી હતી. જો તે જઠરાગ્નિ સર્વશક્તિમાન ભગવાનનું સ્વરૂપ છે, તો જેટલું ખાઈએ તેટલું પચી જવું જોઈએ; જો સ્વયં ભગવાન જ જઠરમાં અગ્નિરૂપે બિરાજે છે, તો અપચો કેમ થાય? ભગવાનની પાસે શક્તિની કમી ન હોય. (૨) અવિનાશી ભગવાન જ જ્યારે જઠરાગ્નિ બનીને બેઠા છે, તો તે મૃત્યુસમયે હોલવાઈ કેમ જાય છે? જો ભગવાન હોલવાઈ જાય, ઠંડા પડી જાય, તો ભગવાનને અવિનાશી કેમ માની શકાય?

એનો ઉત્તર એ છે કે—આ જઠરાગ્નિ ભગવાનનું સોપાધિક સ્વરૂપ છે, નિરુપાધિક નહિ. સોપાધિક સ્વરૂપમાં ઉપાધિના તારતમ્યનું—ન્યૂનાધિકતાનું ભાન થાય છે. જેવી રીતે ભગીરથના રથથી ખોદાઈ ગયેલા ખાડાથી અવચ્છિન્ન ગંગાજલમાં નૌકાઓ ઘૂમતી રહે છે, પણ તુંબડીમાં ભરેલા ગંગાજલમાં એક પણ નૌકા ફરી શકતી નથી, કારણ કે તુંબડીરૂપ ઉપાધિની અલ્પતાને કારણે તેનાથી અવચ્છિન્ન જલમાં નૌકાનું રહેવું યોગ્ય નથી; તેવી જ રીતે તમઃપ્રધાન, માયોપાધિક વૈશ્વાનર ભગવાનમાં સમસ્ત સંસારને પચાવવાનું સામર્થ્ય છે. તેથી કઠોપનિષદ્માં કહ્યું છે કે—

यस्य ब्रह्म च क्षत्रं च, उभे भवत ओदनः।
मृत्युर्यस्योपसेचनं, क इत्था वेद यत्र सः॥ (१,२,२५)

બ્રાહ્મણ તથા ક્ષત્રિયથી ઉપલક્ષિત સમસ્ત ચરાચર જગત્

તે પરમાત્માને માટે ભાતની સમાન ભક્ષ્ય છે, તથા સર્વનો સંહાર કરનાર મૃત્યુ જેમને માટે દાળશાક છે, ત પરમેશ્વર જે વિશુદ્ધ પૂર્ણ સ્વરૂપમાં રહેલા છે, તે શુદ્ધ સ્વરૂપને મારા— બ્રહ્મવેત્તા સિવાય બીજો કોઈ સાધારણ, માણસ, હું જાણું છું તે પ્રકારે, કોણ જાણી શકે? તેવું નચિકેતાને ધર્મરાજે કહ્યું હતું. અર્થાત્ મારા જેવો કોઈ બ્રહ્મવેત્તા જ તેમને જાણી શકે છે.

પરંતુ પિંડોપાધિક વૈશ્વાનરમાં ઉદરરૂપ ઉપાધિની અલ્પતાને કારણે બધું પચાવી શકવાનું સામર્થ્ય નથી. તે રીતે મૃત્યુ સમયે જઠરાગ્નિ હોલવાઈ જાય છે, તેનું તાત્પર્ય છે કે વિશિષ્ટ સ્વરૂપ સામાન્ય સ્વરૂપમાં મળી ગયું. જેવી રીતે બળતો દીવો હોલવાઈ જાય છે, તેનું પણ એજ તાત્પર્ય છે કે વ્યકત દીવો અવ્યકત બની ગયો. જે દીવો પહેલાં પ્રત્યક્ષ દેખાતો હતો, તે હવે અવ્યકત સ્વરૂપમાં સ્થિત હોવાને કારણે દેખાતો નથી, મરી નથી ગયો. જઠરાગ્નિ બાબતમાં પણ એમ જ સમજવું જોઈએ.

જેવી રીતે શરીરમાં અગ્નિતત્ત્વ છે, તેવી રીતે વાયુતત્ત્વ પણ વિદ્યમાન છે. આ શરીરમાં પ્રાણ જ સર્વ કાંઈ છે. તેથી સંસારમાં શ્વાસની જ સગાઈ મનાય છે. જ્યાં સુધી શરીરમાં શ્વાસ ચાલતો રહે છે, ત્યાં સુધી દુનિયાના લોકો પોતપોતાની સગાઈ બતાવતા કહે છે કે—આ મારો પતિ છે, આ મારી પત્ની છે, આ મારો ભાઈ છે, જમાઈ છે, પિતા છે, માતા છે વગેરે. જ્યારે આ શરીરમાંથી પ્રાણદેવતા નીકળી જાય છે, ત્યારે સર્વ ખેલ ખલાસ થઈ જાય છે. સઘળી સગાઈ એકદમ તૂટી ગઈ. ત્યારે પ્રાણરહિત આ શરીરને કોઈ પણ કહેતું નથી કે—આ મારો પતિ છે, આ મારી પત્ની છે કે ફલાણો છે. સગાંવહાલાં કહે છે કે—આ અમારો અમુક મરી ગયો. તે વાત શરીરને લીધે નથી કહેતા, કારણકે શરીર તો સામે જ નિશ્ચેષ્ટ

બનીને પડેલું છે, પણ કોઈક અવ્યક્ત વસ્તુ માટે તેઓ રડે છે, હાય હાય કરે છે, છાતી કૂટે છે, કહે છે કે અમે બાપને માટે, પતિને માટે રડીએ છીએ; પણ કોઈ કોઈને માટે રડતું નથી, પોતાના સ્વાર્થને માટે રડે છે. તેથી સંસારમાં સર્વ સંબંધ પ્રાણ રહે છે ત્યાં સુધી જ રહે છે. માટે પ્રાણ જ સર્વનો સંબંધી છે, શરીર નહિ. તેથી છાંદોગ્ય ઉપનિષદ્‌માં કહ્યું છે કે—

प्राणो ह पिता प्राणो माता प्राणो भ्राता
प्राणः स्वसा प्राण आचार्यः प्राणो ब्राह्मणः। (૭,૧૫,૧)

પ્રાણ જ પિતા છે, માતા છે, ભાઈ છે, બહેન છે, આચાર્ય છે, તથા બ્રાહ્મણ છે. જો શરીરને માતા, પિતા, બ્રાહ્મણ વગેરે માનવામાં આવે, તો શરીરને બાળી નાંખતા પુત્રને માતૃહત્યા, પિતૃહત્યા, બ્રાહ્મણહત્યા લાગે. માટે શરીર માતા, પિતા વગેરે નથી, પણ પ્રાણ જ સર્વનો માતા પિતા વગેરે સંબંધી છે.

તે રીતે શરીરમાં આકાશ પણ છે. જો આકાશ ન હોય, તો શ્વાસ લેવાનો, ખાવાપીવાનો અવકાશ (ખાલી જગ્યા) કોઈને ન મળે, કારણકે આકાશ જ અવકાશ દે છે. જે રીતે આકાશ શરીરમાં અવકાશ આપે છે, તે રીતે શરીરની બહાર પણ હરવાફરવાનો અવકાશ આપે છે. નહિ તો પૃથ્વી વગેરે ચાર ભૂતોના પરમાણુ સર્વત્ર ફેલાયેલા છે તેથી શરીર તેમના આઘાતથી જ્યાં છે ત્યાંનું ત્યાં જ સ્થિર થઈ જાય, જરા પણ હાલીચાલી શકે નહિ. પણ આકાશ તે સર્વમાં અવકાશ આપવા માટે સ્થિત છે (રહેલું છે), તે કારણે શરીરનું હાલવું ચાલવું વગેરે બની શકે છે.

તે પ્રકારે આ પંચભૂત શરીરની અંદર બહાર, સર્વત્ર તે પરમાત્માની પૂર્ણ સત્તા, સ્ફૂર્તિ તથા પ્રિયતાને ધારણ કરીને,

અમારી સામે કારણરૂપે તથા વૃક્ષ, પર્વત, સૂર્ય, ચન્દ્ર વગેરે કાર્યરૂપે સદા સર્વત્ર અવસ્થિત રહે છે, તેથી જ અમારા બ્રહ્મવેત્તા મહાનુભાવો આ સર્વમાં સાવચ્છિન્ન તથા નિરવચ્છિન્ન-બંને રૂપમાં બ્રહ્મતત્ત્વનું અવલોકન કરતા પૂર્ણ પ્રસન્નતાને પ્રાપ્ત કરે છે. તેથી શ્રીમદ્ ભાગવતમાં કહ્યું છે—

खं वायुमग्निं सलिलं महीं च
ज्योतींषि सत्त्वानि दिशो द्रुमादीन् ।
सरित्समुद्रांश्च हरेः शरीरं
यत्किं च भूतं प्रणमेदनन्यः ॥ (११,२,४१)

આકાશ, વાયુ, અગ્નિ, જલ તથા પૃથ્વી આ પંચભૂત, તથા તેમનાં ભૌતિક કાર્યો-સૂર્ય, ચન્દ્ર વગેરે જ્યોતિઓ, અનેક પ્રકારના દેવો, દાનવો, માનવ, પશુ, પક્ષી વગેરે પ્રાણીઓ, દશ દિશાઓ, વૃક્ષો વગેરે, નદીઓ તથા સમુદ્ર, જે કંઈ ભૂત-ભૌતિક સમુદાય છે, તે સર્વ ભગવાન શ્રીહરિનું જ સ્વરૂપ છે. માટે વિવેકી ભક્તે તે સર્વમાં શ્રીહરિની સાચી ભાવના કરીને, અનન્ય પ્રેમથી સર્વને પ્રણામ કરવા જોઈએ.

નામ તથા આકારની સાથે બ્રહ્મનું અવલોકન સાવચ્છિન્ન કહેવાય છે, તથા નામ તથા આકારનો બાધ કરીને કેવળ સત્-ચિત્-આનંદરૂપે બ્રહ્મનું અવલોકન કરવું તે નિરવચ્છિન્ન કહેવાય છે. તેથી બ્રહ્મવેત્તાઓની સમાધિ પણ બે પ્રકારની માનવામાં આવી છે—એક સવિકલ્પ તથા બીજી નિર્વિકલ્પ. સવિકલ્પ સમાધિમાં શબ્દાનુવેધ તથા અર્થાનુવેધ રહે છે. જે રીતે આપણે ઘટ, શરાવ વગેરે નામોનો, કંબુગ્રીવાદિ આકારોનો કલ્પિતરૂપે અનુભવ કરતાં છતાં પણ, વિચારના સામર્થ્ય વડે તે ઘટ, શરાવ વગેરેમાં મૃત્તિકાનો પણ યથાર્થ અનુભવ કરીએ છીએ, તેવી રીતે આ ભૂત-ભૌતિક પ્રપંચમાં કલ્પિત નામરૂપોનો અનુભવ કરતાં છતાં

પણ વિચાર તથા અનુસંધાનના બળથી બ્રહ્મનો અનુભવ કરવો તે શબ્દાનુવિદ્ધ તથા અર્થાનુવિદ્ધ સવિકલ્પ સમાધિ કહેવાય છે. સાવચ્છિન્નરૂપે બ્રહ્મનું અવલોકન કરતાં કરતાં જ્યારે વિશેષ તન્મયતા થઇ જાય છે—બ્રહ્મભાવના પરિપકવ બને છે, ત્યારે નામરૂપનો બાધ થઈ જાય છે, તે સમયે નિર્વિકલ્પ સમાધિ સિદ્ધ થાય છે. બ્રહ્મવેત્તાઓની આ સમાધિ જડ સમાધિ નથી હોતી, પણ ચૈતન્યસમાધિ હોય છે. તે કષ્ટસાધ્ય નથી, પણ આનંદસાધ્ય છે. તેમાં પ્રાણુનિરોધની આવશ્યકતા નથી, કેવળ અનન્ય શાન્ત, પ્રસન્ન બ્રહ્મભાવથી જ તેની સિદ્ધિ સહજમાં જ થઇ જાય છે. તેથી તેને સહજ-સમાધિ પણ કહે છે. આ વિષયમાં મહાત્મા કબીરે બહુ સુંદર કહ્યું છે કે—

साधो! सहज समाधि भली,
आंख न मूंदुँ कान न रूँधुं, तनिक कष्ट नहि धारु,
खुले नैन मैं हँस हँस देखूँ, सुंदर रुप पहिचानुं,
साधो! सहज समाधि भली.

गुरु प्रताप जा दिनसे जागी, दिन दिन अधिक चली,
उठत बैठत कबहुँ न छूटत, ऐसी लगन लगी.
दुनियाँ उजाड एक सम लेखुं, भाव मिटाउं दूजा
साधो! सहज समाधि भली.

જ્યાં સુધી આપણુને બ્રહ્મદર્શનની સાથેસાથે નામરૂપોનું પણ ભાન થાય છે, ત્યાં સુધી આપણે લૌકિક મર્યાદા અનુસાર, વિધિનિષેધનો ખ્યાલ રાખતાં રાખતાં વર્તવું જોઈએ. જ્યારે નામરૂપોનું ભાન નથી રહેતું, એકમાત્ર બ્રહ્મનું જ ભાન રહે છે, બ્રહ્મભાવમાં જ આપણે મસ્ત બની જઇએ છીએ, ત્યારે લૌકિક મર્યાદાઓ અનુસાર વિધિનિષેધના ભાનની જરૂર નથી રહેતી.

એક ભાવુક સત્સંગી હતો. તે એકાંતમાં જઇ ને બ્રહ્મનિષ્ઠ ગુરુનો ઉપદેશ સાંભતો હતો. ગુરુએ કહ્યું–આ સર્વજગત્ નારાયણ છે, તું પણ નારાયણ છે, જડચેતન સર્વ પદાર્થ નારાયણ છે–આવો નિશ્ચય, ભાવના કર. તેનાથી રાગદ્વેષ નાશ પામશે, મન પ્રસન્ન તથા શાન્ત બની જશે. શિષ્ય શ્રદ્ધાળુ તો હતો જ. તેથી તે પોતાનામાં તથા સર્વમાં નારાયણની ભાવના કરતો રહ્યો. એક દિવસ તે નગરમાં જતો હતો. માર્ગમાં તેને મોટી બુમ સંભળાઈ–રસ્તામાંથી દૂર હઠી જાઓ, ભાગીજાઓ, ગાંડો હાથી આવે છે. તેણે તે બૂમ સાંભળીને નાસી જતા લોકોને પણ દીઠા. પોતે પણ નાસી જવા તૈયાર તો થયો, પણ તેને ગુરુનો ઉપદેશ યાદ આવ્યો. ગુરુએ નિશ્ચયપૂર્વક કહ્યું હતું કે–સર્વ નારાયણ છે. તો પછી આ આવનારો ગાંડો હાથી પણ નારાયણ છે, હું પણ નારાયણ છું, તો પછી નારાયણે નારાયણથી શા માટે ભાગી જવું જોઈએ? જો હું નાસી જાઉં છું, તો ગુરુનો ઉપદેશ વ્યર્થ થાય છે. તેથી તે મરદનો બચ્ચો ગુરુના ઉપદેશની સચ્ચાઇની ખાતર માર્ગમાં જ ઊભો રહ્યો. લોકોએ તેને ચીસ પાડીને કહ્યું–અરે, અહીં આવી જા, ત્યાં ઊભો ન રહીશ. પણ તે ત્યાંથી હઠયો નહિ. હાથી સામે આવ્યો, અને તેને એક લાત મારી, નીચે પાડી નાંખી, ચાલતો થયો. સદ્ભાગ્યે તેને બહુ વાગ્યું તો નહિ, પણ તેણે ગુરુના ઉપદેશની પરીક્ષા તો કરી લીધી. ગુરુનો ઉપદેશ જુઠો પડયો. નારાયણે નારાયણને લાત કેમ મારી? કેમ નીચે પાડી નાંખ્યો? એમ વિચાર કરતો કરતો તે ગુરુ પાસે ગયો. બધો વૃત્તાંત કહી સંભાળ્યો. ગુરૂદેવ હસી પડયા. કહેવા લાગ્યા કે–તને હાથી દેખાતો હતો કે નહિ? તેણે જવાબ આપ્યો–દેખાતો હતો. ગુરુદેવ બોલ્યા–હાથીના મહાવતની તથા સર્વલોકોની ત્યાંથી ભાગી જવાની બૂમો તને સંભળાતી હતી કે નહિ? તેણે કહ્યું-સંભળાતી હતી. ત્યારે ગુરુદેવે કહ્યું-અરે ભોળા

ભગત, મહાવત તથા સર્વ લોકો શું નારાયણ ન હતા? તેમની બૂમો અનુસાર તારે–નારાયણે ભાગી જવું જોઈતું હતું. ભાગી જવાની બૂમો પણ નારાયણ જ હતી. તેં એકલા હાથીને નારાયણ ગણ્યો, બીજાઓને નહિ. આ કેવું નારાયણનું વિષમ જ્ઞાન! જ્યાં સુધી તને આ પદાર્થોનાં નામરૂપોનું દર્શન થતું રહે, ત્યાં સુધી તારે લૌકિક મર્યાદા અનુસાર જ વર્તવું જોઈએ. જ્યારે શુકદેવ તથા જડભરતની પેઠે બ્રહ્મભાવની મસ્તીના પૂરમાં નામરૂપોનો વિલય થઈ જાય–ભાન ન રહે, ત્યારે લૌકિક મર્યાદાઓના અનુસરણની કોઇ આવશ્યકતા નથી રહેતી. તે સમયે શરીરનું અદૃષ્ટ (પ્રારબ્ધ) જ શરીરની રક્ષા કરી લે છે.

શિષ્યને પોતાની ભૂલ સમજાઈ. શિષ્ય પૂછવા લાગ્યો–ગુરુદેવ! શુકદેવની બ્રહ્મભાવની મસ્તી કેવી હતી? કૃપા કરીને તેનું કંઈક વર્ણન કરો. ગુરુદેવે મસ્તાના શુકદેવના ચરિત્રનું વર્ણન કરવા માટે શ્રીમદ્ ભાગવતના આ ત્રણ શ્લોકો કહ્યા. પહેલો શ્લોક આ છે—

यं प्रव्रजन्तमनुपेतमपेतकृत्यं द्वैपायनो विरहकातर आजुहाव।
पुत्रेति तन्मयतया तरवोऽभिनेदुः,
तं सर्वभूतहृदयं मुनिमानतोऽस्मि॥
(१,२,२)

સર્વ પ્રકારનાં લૌકિક વૈદિક કર્મોનો ત્યાગ કરીને, એકલા દિગંબર વેશમાં વન તરફ જતા જે શુકદેવજીને, મહર્ષિ દ્વૈપાયન શ્રી વ્યાસે વિરહથી આકુળ બનીને, 'હે પુત્ર! હે પુત્ર!' એમ પોકાર્યા હતા, અને તે સમયે પિતાના શોકને દૂર કરવા માટે, બ્રહ્મ સ્વરૂપમાં પૂર્ણ તન્મયતાને કારણે જે પૂર્ણાત્મ બ્રહ્મ સ્વરૂપ શુકદેવજીની તરફથી, શુકદેવનાં આત્મભાવાપન્ન વૃક્ષોએ ઉત્તર

આપ્યો હતો, તે સમસ્ત ભૂતોના અંતરાત્મરૂપ તે મુનીશ્વરને હું નમસ્કાર કરું છું.

શિષ્યે પૂછ્યું-હે ગુરુદેવ! વૃક્ષોએ શોક દૂર કરવા માટે કેવો ઉત્તર આપ્યો હતો, તેનો મને કંઈક મર્મ સમજાવો. ગુરુદેવ બોલ્યા-'પુત્ર, પુત્ર' આ શબ્દના પડઘાથી વૃક્ષો પણ કહેવા લાગ્યાં કે-'હે પુત્ર, હે પુત્ર'-હે વ્યાસદેવ, તું કોને પુત્ર કહે છે? કોઈક સમયે તું પણ મારો પુત્ર થયો હોઈશ. આ સંસારમાં કોઈ કોઈનો હમેશાં પિતા નથી રહેતો કે પુત્ર નથી રહેતો. આસક્તિ વશ પિતા મટીને બીજા જન્મમાં પુત્ર થઈ જાય છે, વળી પુત્ર પિતા બની જાય છે. આ રીતે સંસાર બહુ વિચિત્ર છે, સ્વપ્ન પેઠે દૃષ્ટનષ્ટ સ્વભાવનો છે. માટે તું પુત્રનો મોહ ન રાખ, શોક ત્યજીને સુખી બન.

અથવા વૃક્ષો એમ કહેવા લાગ્યાં કે-હે વ્યાસ! અમને જો અમારી ઉપર હજારો-લાખો ફળ લાગે છે. તે બધાં અમારા પુત્ર સમાન છે. તેમને લોકો તોડી જાય છે, અથવા તે સ્વયં નીચે ગરી પડે છે, સડી જાય છે. છતાં અમે કદી પણ તેમને માટે શોક કરતાં નથી, સદા આનંદ પ્રસન્ન રહીએ છીએ. તે પ્રમાણે તું પણ શોક ન કર, આનંદ પ્રસન્ન રહે. કોણ કોનો બેટો છે, કોણ કોનો પિતા છે? સંસાર કેવળ માયાનો તમાસો માત્ર છે, કોઈ કોઈનું નથી.

પછી ગુરૂદેવે શિષ્યને શ્રી શુકદેવજીનું પાવન ચરિત્ર બતાવતા આ બે શ્લોકો કહ્યા—

तस्य पुत्रो महायोगी समदृङ् निर्विकल्पकः।
एकान्तमतिरुन्निद्रो गूढो मूढ इवेयते॥
दृष्ट्वानुयान्तमृषिमात्मजमप्यनग्नं

देव्यो ह्रिया परिदधुर्न सुतस्य चित्रम्।
तद्वीक्ष्य पृच्छति मुनौ जगदुस्तवास्ति
स्त्रीपुंभिदा न तु सुतस्य विविक्तदृष्टेः॥ (ભા. ૧,૪,૪-૬)

કૃષ્ણ દ્વૈપાયન વ્યાસનો પુત્ર શુકદેવ મહાયોગી, સમદર્શી, ભેદભાવરહિત, નિર્વિકલ્પ સમાધિનિષ્ઠ તથા એકાન્તમતિ છે, અર્થાત્ 'નેતિ, નેતિ' દ્વારા સમસ્ત દ્વૈત પ્રપંચનો બાધ થઈ જવાથી જે અંતે એક જ બાકી રહે છે તે પૂર્ણાદ્વય-બ્રહ્મનું નામ 'એકાન્ત' છે, તેમાં જ જેમની મતિ હંમેશાં સંલગ્ન છે, તથા જે સંસારના સ્વપ્નના કારણભૂત અવિદ્યા-નિદ્રામાંથી જાગી ગયા છે, અને તેથી જે સર્વસાધારણની દૃષ્ટિમાં મહાનરૂપે વ્યક્ત ન હોવાને કારણે મૂઢ જેવા દેખાય છે; એવા મસ્તાના બ્રહ્મવિદ્વરિષ્ઠ શુકદેવ સ્વચ્છંદગતિથી અરણ્યમાં આગળ જઈ રહ્યા છે, અને પિતા પાછળ પાછળ બૂમો પાડતા જઈ રહ્યા છે. માર્ગમાં એક સરોવર આવે છે. તેમાં દેવાંગનાઓ (અપ્સરાઓ) નગ્ન બનીને સ્નાન કરી રહી છે. પ્રથમ તેમણે શુકદેવને, જેમનું શરીર સુંદર યુવાન હતું તથા જે દિગંબર હતા-તેમને જોઇ ને પણ તેમને લજ્જા ન આવી, તેમણે વસ્ત્ર ધારણ ન કર્યાં, પહેલાંની પેઠે જ સ્નાનક્રીડા કરતી રહી. પછીથી પુત્રની પાછળ પાછળ જતા, વસ્ત્ર પહેરેલા, વૃદ્ધ શ્રી વ્યાસને જોઈને તરત જ અપ્સરાઓને લજ્જા આવી ગઈ, અને પોતાનાં વસ્ત્ર તેમણે પહેરી લીધાં, અને પૂંઠ ફેરવીને ઊભી. ત્યારે આ આશ્ચર્યને જોઈને મુનિવર વ્યાસથી તે દેવીઓને પૂછ્યા વિના ન રહેવાયું. તે બોલી ઊઠ્યા-અરે દેવીઓ, તમે કેમ ઊલટી ગંગા વહાવી રહી છો? તમારે મારા સુંદર યુવાન નગ્ન પુત્રથી લજ્જા કરવી જોઈતી હતી, પણ તેને જોઇને તમને શરમ ન આવી, તમે વસ્ત્રો ન પહેર્યાં, મ્હોં ન ફેરવી લીધું, અને મને વૃદ્ધને-જેના બધા વાળ ધોળા થઈ ગયા છે, જેનું મુખ બોખું છે જેમાં એક

પણ દાંત નથી, જેણે વસ્ત્ર પહેરેલાં છે તેવાને જોઈને તમને શરમ આવી, તમે વસ્ત્રો પહેરી લીધાં. આમ કેમ કર્યું ? મારાથી શરમાવાનું શું કારણ હતું ?

જ્યારે શ્રી વ્યાસે આ પ્રમાણે પૂછ્યું ત્યારે તે દેવીઓએ, જે પુરૂષની નજર ઓળખવામાં બહુ નિપુણ હતી તમણે કહ્યું કે–આપની દૃષ્ટિમાં સ્ત્રી–પુરૂષનો ભેદ હજી કાયમ છે, પણ આપના પુત્રની નિર્મળ બ્રહ્મભાવપૂર્ણ દૃષ્ટિમાં તેવો ભેદ નથી. તેમની દૃષ્ટિ સર્વને અખંડ, એકરસ, બ્રહ્મરૂપે જ જુવે છે, નામરૂપને પિછાનતી નથી; માટે અમે એમ કર્યું. અપ્સરાઓનું આવું યુકિતયુકત વચન સાંભળીને શ્રી વ્યાસને એકી સાથે શોક પણ થયો અને હર્ષ પણ થયો. શોક એટલા માટે થયો કે–હું આવા મહાન પુત્રનો પિતા હોવા છતાં કોરો ને કોરો જ રહી ગયો. હર્ષ એટલા માટે થયો કે–તે પ્રશંસનીય બ્રાહ્મ સ્થિતિ મેં નહિ તો મારા પુત્રે પ્રાપ્ત કરી છે, જેવી રીતે ગવર્નર નહિ બનેલા પિતાને પોતાના ગવર્નર બનેલા પુત્રને જોઈને હર્ષ થાય છે તેમ.

તેથી **सर्वं खल्विदं ब्रह्म** (છા૦ ૩, ૧૫, ૧)–નિશ્ચયપૂર્વક આ સર્વ જગત્ બ્રહ્મ છે–તે સિદ્ધાંત અનુસાર આ સમગ્ર ભુત–ભૌતિક જગત્ નામરૂપની દૃષ્ટિએ પરમેશ્વરની અપરા પ્રકૃતિ હોવા છતાં પણ વસ્તુતઃ સચ્ચિદાનંદની દૃષ્ટિએ ભગવદ્રૂપ છે, એમ સમજવું જોઈએ.

પાંચ ભૂતોની સાથે મન. બુદ્ધિ તથા અહંકાર પણ પરમેશ્વરની અપરા પ્રકૃતિ છે. સંકલ્પ–વિકલ્પ કરવા તે મનનું સ્વરૂપ છે; નિશ્ચય કરવો તે બુદ્ધિનું સ્વરૂપ છે, તથા અહંભાવ રાખવો તે અહંકાર છે. આ ત્રણેય દેવ, દાનવ, માનવ, પશુ, પક્ષી વગેરે સર્વ ઉત્તમ અધમ પ્રાણીઓની અંદર, ક્યાંક વિકસિત બનીને તો ક્યાંક અવિકસિત રહીને, ક્યાંક શુદ્ધરૂપે તો ક્યાંક મલિનરૂપે,

અવશ્ય વિદ્યમાન રહે છે. નાની નાની કીડીઓમાં પણ મન બુદ્ધિનો વિકાસ જોવામાં આવે છે. એવો કાંઈ નિયમ નથી કે ઉત્તમ માનવ વગેરે પ્રાણીઓમાં જ મનબુદ્ધિનો વિકાસ હોય, અને બીજે નહિ. નાની કીડીઓ જેટલું સમજે છે તેટલું માણસ પણ નહિ સમજતો હોય. તેઓ હમેશાં જૂથ બાંધીને જ રહે છે. ખાદ્યસામગ્રીનો પત્તો એકને લાગે કે તે બીજી બધીને ખબર આપે છે, બધી એક સાથે મળીને જ તેનો ઉપયોગ કરે છે. તે મનુષ્યની પેઠે સ્વાર્થવશ બનીને તેને માટે લડાઈ–ઝઘડો નથી કરતી. તેમનામાં બુદ્ધિ પણ બહુ હોય છે. પોતાના ભવિષ્યના સામૂહિક ગુજારા માટે તે ખાદ્ય-સામગ્રીનો સુરક્ષિત સ્થાનમાં સંગ્રહ પણ કરે છે.

એક વખત અમે બધા મહાત્માઓ જયપુર શહેરમાં, નગરની બહાર એક સ્કૂલમાં ઉતર્યા હતા. એક મહાત્મા મારી પાસે આવીને આશ્ચર્ય વ્યક્ત કરતા કરતા, કહેવા લાગ્યા–સ્વામીજી મહારાજ! ચાલો, હું આપને એક કારખાનું બતાવું. તેને જોઈ ને આપ ખૂબ રાજી થશો. પાસેના ઓરડામાં જ છે, ચાલો. ત્યાં જઈ ને અમે જોયું તો હજારો કીડીઓ લાઈનબંધ પાસેના જુવારના ખેતરમાંથી જુવાર લઈ આવતી જોઈ. એક દળ લાઇનબંધ ચૂપચાપ દાણા લાવતું હતું. બીજું દળ તે દાણામાં ચોંટી રહેલાં છોતરાં સાફ કરતું હતું. ત્રીજું દળ તે દાણાને સુરક્ષિત કોઠારમાં મૂકવાનું કામ કરી રહ્યું હતું. કીડીઓનાં તે દળ, કોઈ પણ સુપરવાઈઝર વિના, સુવ્યવસ્થિત રૂપે, આળસ છોડીને, ઝડપથી કાર્ય કરી રહ્યાં હતાં. અહીંનાં કારખાનાંમાં જો કોઈ નિરીક્ષક ન હોય, તો મજૂર લોકો કામ કરવાનું જ છોડી દે છે. પરંતુ કીડીઓના તે કારખાનામાં બહુ જ વ્યવસ્થિત કાર્ય થતું જોઈ ને નિશ્ચય થાય છે કે તેમનામાં પણ પોતાની રીતનો મન-બુદ્ધિનો વિકાસ જરૂર થયેલો હતો.

આ રીતે અહંકાર પણ સર્વમાં રહેલો છે. 'હું કરું છું,' 'હું કરીશ'–એમ બધા જ કહે છે. વિધાતાની–પ્રજાપતિની સૃષ્ટિ પણ અહંભાવપૂર્વક જ થાય છે. તે સૃષ્ટિની શરૂઆતમાં અહં-ભાવપૂર્વક એવો સંકલ્પ કરે છે કે–बहु स्यां प्रजायेय (છાં. ઉ. ૬, ૨, ૩,) એક હું મારી આશ્રિત માયા દ્વારા અનેક થઈ જાઉં, અસંખ્ય કાલ્પનિક નામરૂપોને ધારણ કરીને અનંત રૂપોમાં પ્રગટ થાઉં. માટે પ્રજાપતિની સૃષ્ટિમાં સર્વત્ર એકમાંથી અનેક બનવાનો સંકલ્પ પણ અહંભાવપૂર્વક જ થાય છે. એક નાના બીજમાં પણ તે જ અહંભાવનો સંકલ્પ અવ્યક્તરૂપે વિદ્યમાન રહે છે, તેથી તે એકમાંથી અનેક બને છે. માટે આદિ સૃષ્ટિકર્તા પ્રજાપતિનું 'अहम्' એક સામાન્ય નામ પડયું હતું. તે જ નામ પ્રજાપતિની સર્વ પ્રજામાં અત્યારે પણ દેખાય છે. આપના મકાનનું બંધ બારણું કોઈ ખખડાવે છે. આપ પૂછો છો–કોણ છે? તે ઉત્તર દે છે–બીજું કોઈ નહિ; એ તો 'હું' છું.

પણ આ અહંભાવ મનની પેઠે બે પ્રકારનો હોય છે–એક બંધનનું કારણ, અને બીજો મોક્ષનું કારણ. દેહ, ઇન્દ્રિયો વગેરે અનાત્મ વર્ગમાં થનારો અહંભાવ મિથ્યા હોવાને કારણે બંધનનો હેતુ બને છે. અને વાસ્તવિક સત્, ચિત્, આનંદરૂપ વિભુ આત્મામાં થનારો અહંભાવ યથાર્થ હોવાને કારણે મુક્તિનો પ્રયોજક બને છે. જેવી રીતે યથાર્થ જ્ઞાન મિથ્યા જ્ઞાનને હઠાવી દે છે, તેવી રીતે યથાર્થ અહંભાવ મિથ્યા અહંભાવને હઠાવી દે છે. તેથી અમારાં પ્રામાણિક ઉપનિષદોમાં ઉપદેશ આપ્યો છે કે—

नित्यशुद्धः चिदानन्दः सत्तामात्रोऽहमव्ययः।
अपरिच्छिन्नरूपोऽस्मि ह्यहमात्मा सदाशिवः॥
देहभावविहीनोऽस्मि चिन्ताहीनोऽस्मि सर्वदा।
सर्वदा पूर्णरूपोऽस्मि नित्यतृप्तोऽस्म्यहं सदा॥

चिद्रूपमात्रं ब्रह्मैव सच्चिदानन्दमद्वयम्।
आनन्दघन एवाहमहं ब्रह्मास्मि केवलम्॥
अहं ब्रह्मास्मि मन्त्रोऽयमनात्माख्यासुरान् हरेत्।
अहं ब्रह्मास्मि मन्त्रोऽयं सर्वशोकं विनाशयेत्॥
अहं ब्रह्मास्मि मन्त्रोऽयं मृत्युपाशं विनाशयेत्।
अहं ब्रह्मास्मि मन्त्रोऽयं द्वैतदुःखं विनाशयेत्॥
अहं ब्रह्मास्मि मन्त्रोऽयं ज्ञानानन्दं प्रयच्छति।
सप्तकोटिमहामन्त्रं जन्मकोटिशतप्रदम्॥
सर्वमन्त्रान् समुत्सृज्य एतं मन्त्रं समभ्यसेत्।
सद्यो मोक्षमवाप्नोति नात्र सन्देहमण्वपि॥

હું નિત્ય, શુદ્ધ, ચેતન, આનંદ, અવ્યય, સત્તા માત્ર સ્વરૂપ છું. અપરિચ્છિન્ન સદાશિવરૂપ આત્મા જ હું છું. હું તુચ્છ દેહભાવથી રહિત છું. હું સર્વદા ચિંતારહિત છું. હું સર્વદા પૂર્ણરૂપ છું. હું સદા નિત્યતૃપ્ત છું. ચિદ્રૂપ માત્ર સચ્ચિદાનંદ અદ્વય બ્રહ્મ જ હું છું. હું આનંદઘન છું. દ્વૈત-પ્રપંચોપશમ શાન્ત અવિકાર કેવલ હું બ્રહ્મ જ છું. આ 'અહં બ્રહ્માસ્મિ' મંત્ર અનાત્મામાં આત્મભાવરૂપી અસુરોને હણે છે. તે સમસ્ત શોકનો, મૃત્યુપાશનો તથા દ્વૈતદુઃખનો નાશ કરે છે. 'અહં બ્રહ્માસ્મિ' મંત્ર જ્ઞાનના મહાન આનંદને આપે છે. સાત કરોડ જે બીજા મંત્રો છે, તે સેંકડો કરોડો જન્મો આપવાવાળા છે. માટે તે બધા મંત્રો ત્યજી દઈને, આ 'અહં બ્રહ્માસ્મિ' મંત્રનો જ સદા અભ્યાસ કરવો જોઈએ—ચિંતન કરવું જોઈએ. તેના દ્વારા જલ્દી મોક્ષ પ્રાપ્ત થાય છે. તેમાં જરાયે સંદેહ નથી.

તેથી વાર્તિકકાર સુરેશ્વરાચાર્યજીએ નૈષ્કર્મ્ય સિદ્ધિમાં કહ્યું છે કે—

देहात्मज्ञानवज्ज्ञानं देहात्मज्ञानबाधकं ।
आत्मन्येव भवेद्यस्य स नेच्छन्नपि मुच्यते ॥

જે પ્રકારે અજ્ઞાનદશામાં દેહમાં આત્મભાવ છે–અહંભાવ છે, માણુસ છાતી ઠોકીને કહે છે કે–આ હું છું, અમુકનો જમાઈ છું કે ભાઈ છું, ફલાણાનો બેટો યા બાપ છું, બ્રાહ્મણ છું, ક્ષત્રિય છું, ગોરો છું, કાળો છું, જુવાન છું, વૃદ્ધ છું; તેવો જ આત્મભાવ–અહંભાવ પારમાર્થિક નિત્ય, શુદ્ધ, બુદ્ધ, મુક્ત, અસંગ, બ્રહ્માદ્વય, પૂર્ણ, આનંદનિધિ, સ્વસ્વરૂપમાં થઈ જાય, તો તે વાસ્તવિક આત્મભાવ (અહંભાવ) મિથ્યા દેહાત્મભાવનો બાધક થાય છે. તેવા આત્મભાવવાળો પુરુષ ન ઇચ્છે તો પણ મુક્ત બને છે.

રોજ સત્સંગમાં જવાનું, શ્રોત્રિય બ્રહ્મનિષ્ઠ મહાત્માઓ દ્વારા સ્વાધ્યાય કરવાનું તથા પ્રવચન સાંભળવાનું પણ આજ વાસ્તવિક ફળ છે કે–અમારા હૃદયના અસદ્ભાવો મટી જાય, સદ્ભાવો પ્રગટ થાય. સૂક્ષ્મ દૃષ્ટિથી નિરીક્ષણ કરતાં મા઼ મ પડે કે આપણા હૃદયમાં અનંત અસદ્ભાવો ભર્યા પડેલા છે. ઼ંદર વસ્તુ જોવાનો ભાવ, મનોહર શબ્દ સાંભળવાનો ભાવ, સરસ ખાવાનો ભાવ, સુંદર સુંદર વસ્ત્રો પહેરવાનો ભાવ, અનેક પ્રકારના વિષયો ભોગવવાનો ભાવ, સુંદર 'વાહવાહ' કરાવે તેવાં ઝડઝમકવાળાં વચનો બોલવાનો ભાવ, સુંદર વાહનોમાં અભિમાનપૂર્વક બેસવાનો ભાવ–આવા અસંખ્ય મિથ્યાભાવો આ સંસારના નકલી બજારમાં ઊંચાનીચા ઊછાળો મારી રહ્યા છે. કોઈકવાર ઐશ્વર્યસંપન્ન રાજા–મહારાજા બનવાનો ભાવ થઈ આવે છે, તો કોઈકવાર રૂપયૌવનથી ગર્વિતા રાણી–મહારાણી બનવાનો ભાવ ખડો થઈ જાય છે. કોઈકવાર મન થાય છે કે–હું માલદાર શેઠ બનું તો સારું. આ પ્રકારના અસદ્ભાવો આ સંસારના

ચક્રમાં ફસેલા, અવિદ્યાગ્રસ્ત, મૂઢ પ્રાણીઓમાં, સમુદ્રના તરંગોની પેઠે, ઉત્પન્ન થાય છે અને નીચે પછડાય છે. આ અસદ્ભાવો દુઃખ, શોક તથા ભયના જ કારણરૂપ છે, સુખાદિના કારણભૂત નથી.

અરે ભાઈ! તું આ અનાદિ સંસારમાં થનારા તારા અસંખ્ય જન્મોનો વિચાર કર. કોઈકવાર તું કર્મવશ રાજા, રાણી, શેઠ, શેઠાણી થયો હોઈશ. કેટલાયે વાર તેં આ સંસારના આપાત–રમણીય–ઉપર ઉપરથી રમણીય દેખાતા, મિથ્યા પદાર્થોને માટે ગરદન કપાવી હશે, લડાઈ ઝઘડા મચાવ્યા હશે. પણ અત્યારે તે પદાર્થો ક્યાં છે અને તું ક્યાં છે? આ અસદ્ભાવોની પાછળ પાછળ પાગલ બનનારને સુખ ક્યાંથી હોય? શાન્તિ ક્યાંથી મળે?

એક વાર મહાત્માઓનું મંડળ એક પ્રસિદ્ધ સ્ટેટમાં ગયું હતું. મહારાજાના આમંત્રણથી અમે તેમના મહેલમાં ગયા હતા. ત્યાં મહારાણી દર્શન કરવા આવી, અને કહેવા લાગી–મહારાજ! અમે નરકમાં પડ્યાં છીએ, નરકનું પ્રત્યક્ષ દુઃખ ભોગવી રહ્યાં છીએ. અમે કહ્યું–તમારી પાસે તો આટલાં બધાં કીંમતી હીરા-મોતી છે, સોનાચાંદી છે, સેંકડો દાસદાસીઓ છે, ખાવાપીવાની સુંદરમાં સુંદર વસ્તુઓ છે, રહેવા માટે સુંદર મહેલ છે; તો પછી નરકનું દુઃખ ક્યાંથી? તે કહેવા લાગી–મહારાજ! આ બધી વસ્તુઓ હૃદયને બાળતી રહે છે, સુખશાન્તિ નથી આપતી. તેમના સંપર્કથી હરદમ રોગ–શોક થતો જ રહે છે. તેનો મને પ્રત્યક્ષ અનુભવ છે. અમારાં દુઃખોને આપ નહિ સમજી શકો.

મહારાણીનું તે કહેવું યથાર્થ હતું. જેના હૃદયમાં રાત દિવસ રાગદ્વેષની હોળી ભડભડ બળી રહી હોય; કામ, ક્રોધ, મદ, માન, અહંકારનું વાવાઝોડું ઊડતું રહેતું હોય, તે ભલેને ગમે તેટલો મોટો મહારાજા હોય અથવા મહારાણી હોય–

સાક્ષાત્ ત્રિભુવનપતિ ઇન્દ્ર કેમ ન હોય? તો પણ તે બહારના ઐશ્વર્યમાત્રથી સુખી કેવી રીતે માની શકાય? સુખ તો જ્યારે હૃદયમાં શાન્તિ પ્રગટે છે, ત્યારે જ મળે છે. તેથી શ્રીમદ્ ભાગવતમાં કહ્યું છે કે—

न सुखं देवराजस्य, न सुखं चक्रवर्तिनः।
यत्सुखं वीतरागस्य मुनेरेकान्तवासिनः॥

જે નિર્મળ, એકરસ, શાશ્વત સુખ એકાન્તવાસી, વીતરાગ, બ્રહ્મનિષ્ઠ મુનિને મળી રહ્યું છે, તેવું સુખ નથી દેવરાજ ઇન્દ્રને પ્રાપ્ત થતું કે નથી સમ્રાટ ચક્રવર્તીને મળતું.

તેટલા માટે કલ્યાણની અભિલાષા રાખનાર સજ્જનોએ આ દુનિયાના શોક-દુ:ખ આપનારા બધા જ અસદ્ભાવોને દૂર કરવા જોઈએ, દૂર કરવાનો પ્રયત્ન કરવો જોઈએ. તેમણે નિશ્ચય કરવો જોઈએ તથા સતત ભાવના કરવી જોઈએ કે—મારે બીજું કાંઈ થવું નથી. હું રાજા બનવાનું નથી ચાહતો, નહિ રાણી, નહિ શેઠ, નહિ શેઠાણી. પણ હું તો તે પૂર્ણ, બ્રહ્મ, આનંદનિધિ બનવા ચાહું છું, વસ્તુત: હું તેજ છું, હું મારી જાતને ભૂલી ગયો છું. ભ્રાન્તિને લીધે કંઈક બીજું જ માની રહ્યો છું. તે ભ્રાન્તિને હું દૂર કરીશ. હવે હું બીજું કંઈ માનવા અથવા ચાહવા નથી ઇચ્છતો; તેને જ માનીશ, તેને જ ચાહીશ. તેમાં જ તલ્લીન રહીશ. તે જ કલ્યાણનો પ્રશસ્ત માર્ગ છે. હું તેના પર જ ચાલીશ. એ પ્રમાણે વિવેક વૈરાગ્ય દ્વારા સર્વ અસદ્ભાવોને તે દૂર કરે, દૃઢ આત્મબોધ વડે દેહાદિકનો અહંભાવ ત્યજી દઈ, ઈશ્વરે આપેલાં મન, બુદ્ધિ તથા અહંકારનો સદુપયોગ કરે, દુરુપયોગ ન થવા દે, તે પરમ શ્રદ્ધેય તત્ત્વના મનનમાં સદા મનને લગાવે, બુદ્ધિ વડે શાસ્ત્ર તથા ગુરુ દ્વારા

તે જ તત્ત્વનો દૃઢ નિશ્ચય કરે. એ રીતે તે અદ્વય, બ્રહ્મરૂપ, પૂર્ણ આનંદમાં પોતાના અહંભાવને સ્થાપે.

દુનિયાના મફતમાં મળેલા આ પદાર્થોમાં મિથ્યા અભિનિવેશ બાંધીને જીવ પાગલ બની જાય છે. જ્યારે તેના હૃદયમાં કોઈ શ્રૌત્રિય, બ્રહ્મનિષ્ઠ મહાત્મા દ્વારા નાની શેકડી, બ્રહ્મજ્ઞાનની બળતી ચિનગારી પડે છે, ત્યારે તેના હૃદયના સર્વ અસદ્‌ભાવો બળીને ભસ્મ થઈ જાય છે. આ વિષયમાં એક દૃષ્ટાંત સાંભળો.

એક મોટું નગર હતું. તેમાં રાજમાર્ગ ઉપર એક નગરશેઠનું ચાર માળવાળું મકાન હતું. તે મકાનની અગાશીમાં બેસીને શેઠનો પુત્ર એક દિવસ ત્યાંથી પસાર થતી, રૂની મોટી મોટી ગાંસડીઓથી લાદેલા ઊંટોની કતાર જોઈ રહ્યો હતો. પુરાણા જમાનામાં આ ઊંટો જ રણની માલગાડી હતાં. તેમની દ્વારા જ ત્યાંના લોકો વસ્તુઓની લેવડદેવડ કરતા હતા. તે નગરશેઠના દિકરાનું ચિત્ત તે રૂની મોટી મોટી ગાંસડીઓમાં એવું તો અટવાઈ ગયું કે તે બીજું બધું ભૂલી ગયો, તે ગાંસડીઓની જ ચિંતા કરવા લાગ્યો. 'અરે આને કોણ કાંતશે? કોણ વણશે? કોણ કાંતશે? કોણ વણશે?' આવા વિચારો જ તેના મનમાં ઘૂમવા લાગ્યા. તે એ શબ્દો જ બોલવા લાગ્યો. તે ચિંતામાં ને ચિંતામાં તે પાગલ થઈ ગયો, તેજ બકવા લાગ્યો. તેના પિતાને-શેઠને ખૂબ ચિંતા થવા લાગી-અરે, આ છોકરાને શું થઈ ગયું? હરદમ આ જ બકયા કરે છે કે-'કોણ કાંતશે? કોણ વણશે?' અનેક વૈદ્યો તથા હકીમોની દવા કરી, પણ તેથી રોગની તથા બકવાદની નિવૃત્તિ ન થઈ, કારણ કે વૈદ્યોને રોગનું મૂળ કારણ જ જડયું ન હતું.

એક દિવસ તે શેઠના મકાનમાં એક મહાત્મા પધાર્યા. શેઠે તે મહાત્મા પાસે પોતાના દીકરાની હાલત બહુ નમ્રતાપૂર્વક

કહી બતાવી. મહાત્માએ છોકરાને જોયો. તેઓ તરત પોતાની અલૌકિક પ્રાતભાથી રોગનું કારણ જાણી ગયા. મહાત્માએ નિશ્ચય કર્યો કે–આનું હૃદય ખૂબ નબળું છે. તેથી તે નકામી ચિંતાથી ઉદ્વિગ્ન થઈ ગયું છે. મહાત્માએ શેઠને કહ્યું–આપ ચિંતા ન કરો. છોકરો સારો થઈ જશે. તેના દિલમાં ઊલટી ચાવી લાગી ગઈ છે, તેમાં હવે સવળી ચાવી લગાવવી પડશે. તેમ કહીને તે મહાત્મા પેલા છોકરાને અગાશીમાં લઈ ગયા. ઊંટો ઉપર લાદેલી રૂની ગાંસડીઓની તે વાત કરવા લાગ્યા. છોકરો તે ગાંસડીઓની વાત સાંભળીને વધારે ચિંતાગ્રસ્ત બની ગયો. મહાત્માએ કહ્યું–અરે ભાઈ! રૂની તે બધી ગાંસડીઓ અમુક મેદાનમાં રાખવામાં આવી હતી. તેમનો ઢગલો પર્વતના શિખર જેટલો ઊંચો બન્યો હતો. ઓહોહો! શી વાત કહું! એમ કહીને તે હાથના ઈશારાથી બતાવવા લાગ્યા. પરંતુ એટલામાં કોઈક બીડી પીનારે સળગતી બીડી તેમાં ફેંકી. પછી તો શું કહેવું? રૂમાં આગ લાગી. બધું રૂ બળીને સાફ થઈ ગયું. આટલી મોટી ગાંસડીઓ સમાપ્ત થઈ ગઈ. હવે તું તેમની ચિંતા ન કરતો. બધો ખેલ ખલાસ થઈ ગયો. હરિઃ ૐ તત્સત્.

મહાત્માનાં આ પ્રકારનાં યુક્તિયુક્ત વચન સાંભળીને છોકરાની ચિંતા દૂર થઈ ગઈ. તેના હૃદયમાં નિશ્ચય થઈ ગયો કે–તે બધી ગાંસડીઓ બળી ગઈ. હવે તેમને કાંતવાની અને વણવાની વ્યર્થ ચિંતા શા માટે કરવી? પારકા માલમાં નિરર્થક આસકિત તથા ચિંતા છોડવાથી છોકરો સ્વસ્થ થઈ ગયો. તેના પિતા શેઠ પણ પ્રસન્ન થયા.

આ પ્રમાણે ઊંટોની ઉપર લાદેલી રૂની ગાંસડીઓના સામાનની પેઠે મૂઢ પ્રાણીઓના હૃદય પર હજારો અસદ્ભાવોની

ગાંસડીઓ બાંધેલી છે. તે મિથ્યાભાવોની ચિંતા તથા આસક્તિથી પોતાના સ્વરૂપાનંદથી ચ્યુત બનીને જીવ પાગલ જેવો બની ગયો છે. જ્યારે તેમાં જ્ઞાનાગ્નિની ચિનગારી પડે છે, ત્યારે તે સર્વ અસદ્ભાવો ભસ્મ થઈ જાય છે. એક અવિનાશી શાશ્વત બ્રહ્મભાવ જ માત્ર બાકી રહે છે. માટે ભગવાન ગીતામાં આ જ કહે છે કે—

ज्ञानाग्निदग्धकर्माणं तमाहुः पण्डितं बुधाः। (૪, ૧૯)

આત્મજ્ઞાનરૂપ અગ્નિ વડે જેણે પોતાનાં સમસ્ત કર્મોને ભસ્મ કરી નાંખ્યા છે, તેને બુદ્ધિશાળી લોકો પંડિત કહે છે. અહીં એવું સમજવું જોઈએ કે-જ્ઞાનરૂપી અગ્નિ કાર્યોનો સાક્ષાત્ નાશ નથી કરતો, પણ અજ્ઞાનનો સાક્ષાત્ નાશ કરે છે, કારણ કે જ્ઞાનને અજ્ઞાનની સાથે સાક્ષાત્ વિરોધ છે, જેમ પ્રકાશને અંધકારની સાથે. તેથી પ્રથમ જ્ઞાનદ્વારા અજ્ઞાનનો નાશ થઈ જાય છે. પછી અજ્ઞાનરૂપી કારણનો નાશ થતાં કામનારૂપી કાર્યનો નાશ થાય છે આમ જ્યારે કામનારૂપી કારણનો નાશ થાય છે. ત્યારે કર્મરૂપી કાર્યનો નાશ થાય છે. આ રીતે કર્મનું કારણ કામના છે, કામનાઓનું કારણ અવિદ્યા છે. તેથી જ્યારે જ્ઞાનાગ્નિ વડે અવિદ્યા તથા કામનાઓ બળી જાય છે, ત્યારે જ કર્મ દગ્ધ થઈ જાય છે. માટે ભગવાને ગીતામાં પૂર્વોક્ત શ્લોકમાં કહ્યા પ્રમાણે જ્ઞાનરૂપી અગ્નિ દ્વારા અવિદ્યા તથા કામનાઓ બળી ગયા પછી, જેમનાં કર્મ પણ બળી ગયાં છે તે મહાભાગને પંડિત કહે છે. પંડિતનું લક્ષણ છે કે—

पण्डिताः समदर्शिनः (ગીતા ૫,૧૮). नानुशोचन्ति पण्डिताः (ગીતા ૨,૧૧)—જે સમદર્શી છે તેઓ જ પંડિત છે. આમાં 'સમ' છે નિર્દોષ બ્રહ્મ-निर्दोषं हि समं ब्रह्म (ગીતા ૫,૧૯), તેનું જે બહાર તથા અંદર સર્વત્ર દર્શન કરે છે તેઓ સમદર્શી છે.

તેઓ કદી શોક કરતા નથી, વિપત્તિઓમાં પણ સદા આનંદ-મગ્ન રહે છે.

भिन्ना प्रकृतिरष्टधा–ભગવાનની પૂર્વોક્ત અપરા પ્રકૃતિ આઠ પ્રકારની છે. નામરૂપની દૃષ્ટિએ તેમાં દૃશ્યત્વ, જડત્વ તથા પરિચ્છિન્નત્વ હોવાને કારણે મિથ્યાત્વ છે. જેવી રીતે 'નવ'નો આંકડો એક પૂર્ણતાનો સૂચક છે, તેવી રીતે 'આઠ'નો આંકડો એક અપૂર્ણતાનો સૂચક છે. જે અપૂર્ણ (અલ્પ) હોય છે, તે મર્ત્ય (વિનાશી) હોય છે–**यदल्पं तन्मर्त्यम्** (છાં. ઉ. ૭,૧૪,૧) એ શ્રુતિનો ઉપદેશ છે. તેથી આ અષ્ટ પ્રકૃતિવાળો અપૂર્ણ સંસાર મિથ્યા છે. માટે મહાત્મા તુલસીદાસ કહે છે કે—

तुलसी प्रीति संसारकी, क्यों नहीं तजत नःशंक,
घटत घटत घट जात है, जैसे आठको अंक.

અરે મન, આ અસાર તથા અપૂર્ણ–મિથ્યા સંસારની પ્રીતિ નિઃશંક બનીને તું કેમ નથી છોડતું? આ સંસારની પ્રીતિ 'આઠ'ના આંકડાની પેઠે રોજ રોજ ઘટતી જ ચાલે છે. આઠને બે, ત્રણ, ચાર એમ અનુક્રમે ગુણીએ, તો ગુણાકારના આંકડાનો સરવાળો કરતાં એક એક અંક ઓછો થતો જાય છે. અંતે માત્ર એક જ બાકી રહે છે. અંતમાં બાકી રહેનાર એકનો અંક સંસારના અધિષ્ઠાન એકમેવાદ્વિતીય બ્રહ્મની સૂચના આપે છે. તેની ગણના આંકડાઓમાં આ પ્રમાણે થાય છે—

૮. ૮×૨=૧૬; ૧ + ૬ = ૭. ૮×૩=૨૪; ૨+૪ = ૬.
૮×૪=૩૨; ૩ + ૨ = ૫. ૮×૫=૪૦; ૪+૦ = ૪.
૮×૬=૪૮; ૪+૮ = ૧૨; ૧+૨=૩ ૮×૭ = ૫૬; ૫+૬=૧૧;
૧+૧ = ૨. ૮×૮=૬૪; ૬+૪=૧૦; ૧+૦=૧.

કાનપુરમાં એક વખત અમે બધા મહાત્માઓ એક ગૃહ-

સ્થને ત્યાં ભિક્ષા માટે ગયા હતા. દર્શન માટે ત્યાં આસપાસનાં બહુ ભાઈબહેનો આવ્યાં હતાં. તેમાં એક વૃદ્ધ બાઈ, જેની કમ્મર વળી ગઈ હતી, જે લાકડીને ટેકે મુશ્કેલીથી ચાલતી હતી, તે પોતાના બેત્રણ પૌત્રોની સાથે આવી. પોતે નમસ્કાર કરીને, તે પેલાં નાનાંનાનાં છોકરાંને પણ નમસ્કાર કરાવવા લાગી. પોતાના બોખા મુખથી તે કહેવા લાગી, 'મારે કાંઈ નથી જોઈતું. પણ આ બચ્ચાંને ખૂબ આપો. તે બહુ ઘરડાં થાય, માલદાર થાય, અને પોતાના બાપદાદાની આબરૂ વધારે.' તેટલામાં તેની વહૂ પણ બની ઠનીને દર્શન કરવા આવી. નમસ્કાર કર્યા પછી, તેની સાસૂ કે જેને ખૂબ જોરથી ઉધરસ આવતી હતી તેના સામે ઈશારો કરીને, હસતી હસતી, કહેવા લાગી—મહારાજ! તે બતાવો કે આ ક્યારે મરશે. પોતે દુઃખી થાય છે, અને બીજાંને દુઃખી કરે છે. ઉધરસને લઈને નથી તે સૂતાં, કે નથી ઘરવાળાંને ઊંઘવા દેતાં. હવે તો તે જલ્દી મરે તો સારું. કેમ સ્વામીજી! બરાબર છે ને?

વહૂની વાત સાંભળીને અમને પણ સંસારની સ્વાર્થી પ્રીતિ પર હાસ્ય આવ્યું. તુલસીદાસનો ઉપર કહેલો દોહો પણ યાદ આવ્યો. જે મરવાની અણી પર છે તે વૃદ્ધ ડોશીની પોતાના પરિવાર પર કેટલી બધી આસક્તિ છે, પોતાનાં છોકરાંનાં છોકરાં પર તે કેટલી બધી પ્રીતિ રાખે છે? તે પોતાને માટે કંઈ જ નથી માગતી, પરિવારને માટે સુખસંપત્તિની ઈચ્છા રાખે છે, પણ પરિવારનાં લોક ઈચ્છે છે કે—તે ક્યારે મરે! 'પરી ગરજ કછુ ઔર હૈ, સરી ગરજ કછુ ઔર!

આ રીતે આ અસાર મિથ્યા સંસારની સ્વાર્થી પ્રીતિ આઠના આંકડાની પેઠે ઘટતી ઘટતી ઘટી જાય છે. તેનો આ સુંદર નમૂનો જોવામાં આવ્યો!

ભગવત્પાદ આચાર્ય શ્રી શંકરે પોતાના ભાષ્યમાં આ વિવેચન કર્યું છે કે-આ આઠ તત્ત્વોમાં 'પ્રકૃતિ' શબ્દનો પ્રયોગ થવાથી, પૃથ્વી વગેરે પદો વડે સ્થૂલ ભૂતોનું ગ્રહણ નથી કરવાનું, કારણ કે સ્થૂલ, પંચીકૃત પંચ ભૂતો વિકૃતિ છે, પ્રકૃતિ નહિ. માટે અહીં પૃથ્વી વગેરે પદોથી અપંચીકૃત ગંધતન્માત્રાદિરૂપ સૂક્ષ્મ પંચ ભૂત સમજવાં જોઈએ; કારણકે તે જ સ્થૂલ પૃથ્વી વગેરે પંચ ભૂતોની પ્રકૃતિ બની શકે છે. તે રીતે 'મનઃ' પદથી મનનું કારણ અહંકાર સમજવું જોઈએ. તથા 'બુદ્ધિ' પદથી અહંકારનું કારણ, હિરણ્યગર્ભની સમષ્ટિ-બુદ્ધિરૂપ મહત્તત્ત્વ સમજવું જોઈએ. તથા 'અહંકાર' પદથી અવિદ્યારૂપ અવ્યક્ત, જે વિશ્વનું પરિણામી ઉપાદાન મૂળ કારણ છે, તેનું ગ્રહણ કરવું જોઈએ.

પણ આ અષ્ટધા ભિન્ન અપરા પ્રકૃતિમાં-આદિ, મધ્ય તથા અંતમાં-અંદરબહાર એક પૂર્ણતત્ત્વ અધિષ્ઠાનરૂપે વિદ્યમાન રહે છે. તેજ એક માત્ર અદ્વૈત, પારમાર્થિક તત્ત્વ આ પ્રકૃતિના દ્વૈતપ્રપંચમાં દર્શન કરવા યોગ્ય, જાણવા યોગ્ય તથા અન્વેષણ કરવા યોગ્ય છે. પ્રકૃતિનો આ નામ-રૂપાત્મક પ્રપંચ મિથ્યા હોવાને કારણે હેય-ત્યજવા યોગ્ય છે. તેની પ્રીતિ તથા ચિંતા છોડીને એક માત્ર પારમાર્થિક અદ્વેત સ્વરૂપમાં જ દૃઢ પ્રીતિ કરવી જોઈએ, તથા તેનું જ સતત ચિંતન કરવું જોઈએ. તે તત્ત્વ 'નવ' અંકની પેઠે સદા પૂર્ણ-એક રસ છે, મહાન્ છે. શાશ્વત છે, તે રામ છે, કૃષ્ણ છે, શિવ છે, પોતાનો આત્મા છે. માટે મહાત્મા તુલસીદાસે તે પૂર્ણાદ્વય રામનું ભજન કરવાનો ઉપદેશ આપતાં કહ્યું છે કે—

'तुलसी ऐसे रामको, क्यों नहीं भजत निःशंक।
आदि अन्तमें एक जो, जैसे नवको अंक॥'

નવનો આંકડો પૂર્ણાંક છે. આદિમાં, મધ્યમાં તથા અંતમાં તે 'નવ' જ રહે છે, કદાપિ આઠની પેઠે ઘટતો નથી. જો કે મધ્યમાં ઉપર ઉપરથી જોતાં આંકડાઓમાં વિષમતા દેખાય છે, પણ સમન્વયની દૃષ્ટિથી જોતાં તે વિષમતા દૂર થઈ જાય છે, અને સમાનરૂપે 'નવ'નો અંક જ સર્વત્ર દેખાય છે.

'નવ'ને બે, ત્રણ ચાર એમ અનુક્રમે ગુણીએ, અને તે ગુણાકારના અંકોનો સરવાળો કરીએ, તો આપણને આદિમાં, મધ્યમાં તથા અંતમાં નવના નવ જ જણાશે. તેની ગણના આ પ્રમાણે છે—

૯. ૯ × ૨ = ૧૮; ૧ + ૮ = ૯. ૯ × ૩ = ૨૭; ૨ + ૭ = ૯.
૯ × ૪ = ૩૬; ૩ + ૬ = ૯. ૯ × ૫ = ૪૫; ૪ + ૫ = ૯.
૯ × ૬ = ૫૪; ૫ + ૪ = ૯. ૯ × ૭ = ૬૩; ૬ + ૩ = ૯.
૯ × ૮ = ૭૨; ૭ + ૨ = ૯. ૯ × ૯ = ૮૧; ૮ + ૧ = ૯.
૯ × ૧૦ = ૯૦; ૯ + ૦ = ૯.

આ પ્રમાણે આ અષ્ટધા ભિન્ન કલ્પિત પ્રકૃતિના દ્વૈત પ્રપંચમાં એકમાત્ર અદ્વય, સર્વાત્મા, પૂર્ણ બ્રહ્મ જ અનુગત, અધિષ્ઠાનરૂપે વિદ્યમાન છે. તેમાં જ પ્રકૃતિ પ્રપંચનો અજ્ઞાન દશામાં અધ્યારોપ થાય છે, તથા જ્ઞાનદશામાં તેમાં જ તેનો અપવાદ થઈ જાય છે. અપવાદ થયા પછી તે જ પૂર્ણતત્ત્વ એક માત્ર બાકી રહે છે. તેથી તે પારમાર્થિક પરમતત્ત્વની જ અભેદરૂપે ભાવના કરવી જોઈએ. તેની સતત ભાવનાથી જ દુનિયાની દીનતા, વ્યગ્રતા, ઉદાસીનતા વગેરે કશ્મલ દૂર થઈ જાય છે; તથા બ્રહ્મની મહત્તા, પૂર્ણતા, આનંદતા, એકાગ્રતા, પ્રસન્નતા વગેરે પવિત્ર ભાવ પ્રગટ થઈ જાય છે. તેથી પૂજ્ય આચાર્ય મધુસૂદન સ્વામીએ અદ્વૈતસિદ્ધિમાં કહ્યું છે કે—

'अनादिसुखरूपता निखिल-दृश्यनिर्मुक्तता,
निरन्तरमनन्तता स्फुरणरूपता च स्वतः।
त्रिकालपरमार्थता त्रिविधभेदशून्यात्मता,
मम श्रुतिशतार्पिता तदहमस्मि पूर्णो हरिः॥'

મારી અનાદિ સુખરૂપતા, સમસ્ત દૃશ્ય (દ્વૈતપ્રપંચ)થી નિર્મુક્તતા, નિરંતર અનંતરૂપતા, સ્વત. સ્ફુરણ (ચૈતન્ય) રૂપતા, ત્રણે કાળમાં અબાધિત પરમાર્થતા તથા ત્રિવિધ (સજાતીય વગેરે) ભેદોની શૂન્યાત્મતા સેંકડો શ્રુતિસ્મૃતિઓથી સમર્પિત છે, તેથી હું ઉક્ત સેંકડો શ્રુતિઓથી સમર્પિત પૂર્વોક્ત નિખિલ વિશેષણોથી ઉપલક્ષિત મહાન આત્મા હરિ જ છું.

(૫)

'.......इतस्त्वन्यां प्रकृतिं विद्धि मे पराम्।
जीवभूतां महाबाहो! ययेदं धार्यते जगत्॥' (૭,૫)

હે મહાબાહુ અર્જુન! અપરા-જડ પ્રકૃતિથી અન્ય મારી જીવાત્મારૂપ પરા અર્થાત્ ચેતન પ્રકૃતિ છે એવું જાણ, જેના વડે આ સંપૂર્ણ જગત ધારણ કરવામાં આવે છે.

આનંદકંદ પ્રભુ ભગવાને અર્જુનને નિમિત્ત બનાવીને પ્રથમ અપરા પ્રકૃતિનો ઉપદેશ કર્યો, હવે તે પરા પ્રકૃતિનો ઉપદેશ કરે છે. આ પરા પ્રકૃતિ જીવાત્મા છે, જે પ્રભુનો જ ઉપાધિથી વિનિર્મુક્ત અનારોપિત સ્વભાવ છે. ગીતામાં બીજી જગ્યાએ પણ આ જ કહ્યું છે-स्वभावोऽध्यात्ममुच्यते। (૮, ૩), अहमात्मा गुडाकेश! सर्वभूताशयस्थितः। (૧૦, ૨૦). स्वो भावः स्वभावः। એમ અહીં કર્મધારય સમાસ સમજવો જોઈએ. स्वस्य भावः स्वभावः - એવો ષષ્ઠી તત્પુરુષ સમાસ

ગ્રહણ કરવો જોઈએ નહિ, કારણકે ષષ્ઠી તત્પુરુષ સમાસથી જઘન્યવૃત્તિરૂપ લક્ષણા લેવી પડે છે. તેથી ષષ્ઠી તત્પુરુષ સમાસની અપેક્ષાએ લક્ષણારહિત કર્મધારય સમાસ ગ્રહણ કરવો વધારે સારું છે, એવો પૂર્વમીમાંસા શાસ્ત્રમાં નિષાદસ્થપતિ-અધિકરણમાં પણ નિર્ણય કરાયો છે. જે અક્ષર પર બ્રહ્મ છે, તે જ આ દેહાદિમાં પ્રવિષ્ટ થઈને પ્રત્યગાત્મ ભાવનો અનુભવ કરી રહ્યું છે. **तत्सृष्ट्वा तदेवानुप्राविशत्।** (તૈ. ઉ. ૨, ૬.) આ શ્રુતિદ્વારા પણ આ જ સિદ્ધાંત નિશ્ચિત થાય છે. તેથી આ પ્રત્યક્ ચૈતન્યરૂપ **स्वो भावः** પોતારૂપ ભાવ પરબ્રહ્મ સ્વરૂપ જ છે, બ્રહ્મનો સંબંધી નથી, કારણ કે સંબંધ ભેદગર્ભિત હોય છે. ભેદરહિત પરબ્રહ્મ જ પ્રત્યગાત્મા છે, અન્ય નહિ. તે જ ભગવત્સ્વરૂપા ચેતનાત્મિકા પરા પ્રકૃતિ છે, અર્થાત્ અનારોપિત પરમાર્થસ્વભાવ છે. આ પ્રકારે સમસ્ત ભુતપ્રાણીઓના હૃદય દેશમાં અંતર્યામીરૂપે તથા પ્રત્યગાત્મરૂપે અવસ્થિત (રહેલું) જે ચૈતન્યાનંદઘન આત્મતત્ત્વ છે, તે હું વાસુદેવ પરમાત્મા છું—એવો તારે નિશ્ચય તથા ભાવના કરવાં જોઈએ.

तत्त्वमसि (છાં. ઉ. ૬, ૮, ૭), **अहं ब्रह्मास्मि** (બૃ. ઉ. ૧, ૪, ૧૦), **अयमात्मा ब्रह्म** (બૃ. ૨, ૫, ૧૯), **प्रज्ञानं ब्रह्म** (ઐ. ઉ. ૫, ૩), તે તું છે, હું બ્રહ્મ છું, આ આત્મા બ્રહ્મ છે, ક્ષેત્રજ્ઞાતા-પ્રજ્ઞાન આત્મા બ્રહ્મ જ છે—આ વેદોની મહાવાક્યરૂપ શ્રુતિઓ પણ આત્મચૈતન્ય સ્વભાવનું અખંડ, એકરસ, બ્રહ્મ સ્વરૂપે જ વર્ણન કરે છે.

તે પ્રકારે શ્રીમદ્ભાગવતના ચોથા સ્કંધમાં પુરંજનોપાખ્યાનમાં સ્વયં જગદીશ્વર ભગવાને તે પુરંજન નામવાળા જીવાત્મા પ્રત્યે જીવ તથા ઈશ્વરના અભેદજ્ઞાનનો ઉપદેશ કર્યો છે—

'माया ह्येषा मया सृष्टा, यत्पुमांसं स्त्रियं सतीम्।
मन्यसे नोभयं यद्वै, हंसौ पश्यावयोर्गतिम्॥

अहं भवान् न चान्यस्त्वं त्वमेवाहं विचक्ष्व भोः!।
न नौ पश्यन्ति कवयः, छिद्रं जातु मनागपि॥
यथा पुरुष आत्मानमेकमादर्शचक्षुषोः।
द्विधाभूतमवेक्षेत, तथैवान्तरमावयोः॥
एवं स मानसो हंसो, हंसेन प्रतिबोधितः।'

(૪,૨૮,૬૧–૬૪)

તું જે તને પૂર્વજન્મમાં પુરંજન નામવાળો પુરંજનીનો પતિ-પુરુષ સમજતો હતો, તથા આ વર્તમાન જન્મમાં સ્ત્રીની આસક્તિ તથા ચિંતનને લઈને મલયધ્વજ રાજાની રાણી સમજે છે, તે મારી રચેલી માયા જ છે, અર્થાત્ અન્યમાં અન્યનો આભાસમાત્ર છે. વાસ્તવમાં તું નથી પુરુષ, નથી સ્ત્રી, એમાંથી એક પણ નથી. આપણે બંને હંસ છીએ. આપણું જે વાસ્તવિક સ્વરૂપ છે તેને તું ઓળખ. હે મિત્ર! હું જે ઈશ્વર છું, તે જ તું (જીવાત્મા) છે. તું મારાથી ભિન્ન નથી. વળી જે તું છે, તે જ હું છું–એવો તું અભેદભાવનો નિશ્ચય કર. બુદ્ધિમાન પુરુષ આપણા બેમાં–અર્થાત્ જીવ તથા ઈશ્વરના પારમાર્થિક, પૂર્ણ-બ્રહ્માદ્વય સ્વરૂપમાં કોઈ વખતે થોડોક પણ ભેદ અથવા અંતર દેખતો નથી. જીવ તથા ઈશ્વરના સ્વરૂપમાં વાસ્તવિક ભેદ નથી, પણ પિંડ તથા બ્રહ્માંડ બે ઉપાધિઓથી પ્રયુક્ત, ઘટાકાશ-મહાકાશની પેઠે, કાલ્પનિક-મિથ્યા ભેદ છે. તેને દૃષ્ટાંત દ્વારા સ્પષ્ટ બતાવે છે કે-જેવી રીતે મનુષ્ય પોતાના એક જ રૂપને દર્પણમાં તથા બીજાના નેત્રમાં બે પ્રકારે જુવે છે–દર્પણમાં પોતાના રૂપને સ્પષ્ટ જુવે છે અને નેત્રમાં અસ્પષ્ટ તથા નાનું જુવે છે, તે રીતે આપણો બેનો ભેદ ઓપાધિક છે, વાસ્તવિક નહિ. દર્પણની પેઠે શુદ્ધ સત્ત્વપ્રધાન માયારૂપ ઉપાધિમાં ઈશ્વરનું સ્વરૂપ સ્પષ્ટ દેખાય છે, અને નેત્રની પેઠે મલિન અંતઃકરણમાં જીવનું સ્વરૂપ અસ્પષ્ટ

તથા નાનું હોય તેવું દેખાય છે. તે રીતે હંસરૂપી ઈશ્વરે મનરૂપી ઉપાધિવાળા હંસ—જીવાત્માને યથાર્થ અભેદસ્વરૂપનો બોધ કર્યો.

તે રીતે કૈલાસપતિ મહાદેવ શંકર ભગવાન પણ પોતાની પાસે બ્રહ્મવિદ્યા લેવા આવેલા શિષ્યરૂપ વૃક્ષ ઋષિઓને મૌન-વ્યાખ્યાન દ્વારા અભેદ, પ્રત્યક્ બ્રહ્મતત્ત્વનો ઉપદેશ આપે છે, તે વિષયનો આ પ્રસિદ્ધ શ્લોક છે. કોઈ શિવભક્ત ઋષિ કહે છે કે—

'चित्रं वटतरोर्मूले, वृद्धाः शिष्याः गुरुर्युवा।
गुरोस्तु मौनं व्याख्यानं, शिष्यास्तु छिन्नसंशयाः॥'

કૈલાસપર્વતના શિખર પર રહેલા વટવૃક્ષના મૂળમાં મને આ અદ્‌ભુત દર્શન થયું. સામે બેઠેલા ઉપદેશ સાંભળનારા મહર્ષિઓ—શિષ્યો વૃક્ષ છે, તથા સન્મુખ વ્યાઘ્રચર્મ પર બેઠેલા, ઉપદેષ્ટા ગુરૂ ભગવાન દક્ષિણામૂર્તિ શિવ તરૂણ છે. ગુરૂનું મૌનરૂપી વ્યાખ્યાન થાય છે, અને તે મૌન વ્યાખ્યાનને સાંભળીને તે શિષ્યો સંશયરહિત બનીને સમાધિમગ્ન થઈ જાય છે.

આ મૌનવ્યાખ્યાન શું છે? મૌન હોય, તો વ્યાખ્યાન ન થઈ શકે, અને વ્યાખ્યાન કરે તો મૌન ન રહી શકે. મૌનની સાથે વ્યાખ્યાનનો મેળ જ નથી ખાતો, કારણ કે મૌનવ્યાખ્યાનમાં 'વદતો વ્યાઘાત' દોષ આવી જાય છે. જેમ કોઈ કહે કે—**मम मुखे जिह्वा नास्ति, कथं वदेयम्।** મારા મુખમાં જીભ જ નથી, હુ કેવી રીતે બોલું? અથવા **मम पिता बालब्रह्मचारी आसीत्॥** અર્થાત્ મારા પિતા બાલબ્રહ્મચારી હતા, તેમણે લગ્ન કર્યું જ ન હતું—એમ જો કોઈ કહે, તો તેમાં વદતોવ્યાઘાત દોષ મનાય છે. એવું સાંભળીને લોક પેટ પકડીને હસી પડે છે, એકદમ બોલી ઊઠે છે કે—જો તારા મુખમાં જીભ નથી, તો આ વચન તું શેનાથી બોલે છે? તારો બાપ બાલબ્રહ્મચારી હતો, તો

તું ક્યાંથી આવ્યો ? જુઠ્ઠા ! આ રીતે મૌનવ્યાખ્યાન પણ અસંગત છે, યથાર્થ બની શકે તેવું નથી.

તેનું સમાધાન એમ છે કે ભગવાન કૈલાસપતિ શંકરનું મૌનવ્યાખ્યાન યથાર્થ બની શકે છે કે-તેના દ્વારા શિષ્યોને બ્રહ્મરૂપનો બોધ પણ થઈ શકે છે. ભગવાનનું મૌન પણ તૂટતું નથી, બોલવું પણ પડતું નથી, અને બ્રહ્મબોધનું વ્યાખ્યાન પણ થઈ જાય છે. એ મૌનવ્યાખ્યાન છે. હાલની ભદ્રામુદ્રા જેવી રીતે લોકમાં કંઈ પણ બોલ્યા સિવાય કેવળ હાથના ઈશારાથી વાતને સમજાવી શકાય છે, તેવી રીતે ભગવાન શંકર પણ ભદ્રામુદ્રા દ્વારા ત્રિગુણાત્મક સંસારના ત્યાગનો તથા જીવ-ઈશ્વરના અભેદનો ઉપદેશ આપે છે. તેથી દક્ષિણામૂર્તિ સ્તોત્રમાં ભગવત્પાદ આચાર્ય સ્વામીએ કહ્યું છે કે—

'बाल्यादिष्वपि जाग्रदादिषु तथा सर्वास्ववस्थास्वपि,
व्यावृत्तास्वनुवर्तमानमहमित्यन्तः स्फुरन्तं सदा।
स्वात्मानं प्रकटीकरोति भजतां यो भद्रया मुद्रया
तस्मै श्रीगुरुमूर्तये नम इदं श्रीदक्षिणामूर्तये ॥७॥'

બાલ્ય, કૌમાર વગેરે, તથા જાગ્રત્, સ્વપ્ન વગેરે સમસ્ત પરસ્પર વ્યભિચારી અવસ્થાઓમાં જે સદા અનુસ્યૂત રહે છે, તેમનો જે સાક્ષી દ્રષ્ટા છે, તે વિકારી અવસ્થાઓના આવવા-જવા છતાં પણ જે સદાકૂટસ્થ નિર્વિકાર, નિત્ય એકરસ જ રહે છે, તથા જે બુદ્ધિરૂપી ગુફામાં 'अहं' હું છું-એ પ્રકારના અનુભવથી સદા પ્રકાશિત રહે છે, જે શ્રદ્ધા-એકાગ્રતાથી ભજન કરનાર ભક્તોને માટે ભદ્રામુદ્રા દ્વારા ઉપદેશ આપીને પોતાના પૂર્ણ, બ્રહ્મરૂપ, સ્વાત્મરૂપને પ્રગટ કરે છે-તેવા શ્રીગુરૂમૂર્તિરૂપ શ્રીદક્ષિણામૂર્તિ ભગવાન મહાદેવને મારા શ્રદ્ધાભક્તિથી ભરેલા નમસ્કાર છે.

ઉપનિષદ્, ગીતા વગેરે સમસ્ત શાસ્ત્રોનો સંક્ષેપમાં આ ઉપદેશ છે કે-બ્રહ્મ સત્ય છે, જગત્ મિથ્યા છે, આ જીવ વસ્તુતાએ બ્રહ્મ જ છે. બસ, આ કરોડો ગ્રંથોનો સાર છે. આચાર્ય ભગવત્પાદે પણ એ જ કહ્યું છે-

श्लोकार्धेन प्रवक्ष्यामि, यदुक्तं ग्रन्थकोटिभिः।
ब्रह्म सत्य जगन्मिथ्या जीवो ब्रह्मैव नापरः॥'

કરોડો ગ્રંથોમાં જે વિસ્તારથી કહેલું છે, તેને હું અર્ધા શ્લોક દ્વારા સંક્ષેપમાં કહીશ. એક માત્ર બ્રહ્મ જ સત્ય છે, ત્રિકાલાબાધિત પરમાર્થ-સત્ય છે, અને આ ત્રિગુણાત્મક, નામરૂપવાળો સંસાર મિથ્યા છે, યથાર્થ નથી, તેમ આ જીવાત્મા વસ્તુતઃ બ્રહ્મ જ છે, અન્ય નહિ.

કૃપાળુ ભગવાન શંકર પોતાના શિષ્યોને આ સંક્ષિપ્ત સારભૂત ઉપદેશ હાથની ભદ્રામુદ્રા દ્વારા આપે છે. હાથમાં પાંચ આંગળીઓ છે, જેમનાં ક્રમપૂર્વક અંગુષ્ઠ, તર્જની, મધ્યમા, અનામિકા તથા કનિષ્ઠિકા એ નામ છે. હાથમાં એક બાજૂએ એકલો અંગૂઠો રહે છે, તથા બીજી બાજૂ-એ ચાર આંગળીઓ રહે છે. હાથમાં કોઈ પુસ્તક વગેરે પકડવા માટે એક બાજૂ અંગૂઠો દેખાય છે અને બીજી બાજૂએ ચાર આંગળીઓ એક-બીજાને મળેલી દેખાય છે. તેમાં અંગૂઠો પરમેશ્વરનું પ્રતીક છે. એક તરફ પરમેશ્વર તો બીજી તરફ આખી દુનિયા રહે છે. જેવી રીતે લોકમાં કહેવાય છે કે-અમુક માણસે અંગૂઠો બતાવ્યો, અર્થાત્ તે નીષ્ફળ નીવડયો, તેનું દેવાળું નીકળી ગયું. એમ સમજાય છે. તેવી રીતે અંગૂઠારૂપ પરમેશ્વરને યથાર્થ સમજવાથી-દર્શન કરવાથી આખો સંસાર સમાપ્ત થઈ જાય છે, તેનું દેવાળું નીકળી જાય છે. તેથી માનસ રામાયણમાં કહ્યું છે કે-જિહિ જાને જગ જાય હેરાઈ, જાગત યથા સ્વપ્ન ભ્રમ જાઈ.

જે પરમાત્માને જાણી લીધાથી આ સમગ્ર જગત્ ગાયબ થઈ જાય છે, લોપ થઈ જાય છે–જેવી રીતે જાગવાથી સ્વપ્નનો ભ્રમ નાશ પામે છે તેમ.

અંગૂઠાની પાસેની તર્જની આંગળી જીવાત્માની પ્રતીક છે. તેથી લોકમાં આ તર્જની આંગળી બતાવીને જ કોઈ દુર્બળની સામે પોતાનું અભિમાન બતાવવામાં આવે છે કે–યાદ રાખજે, તું શું સમજે છે? ચૂપ રહે, આ મેં કર્યું છે, શું બીજું કોઈ એવું કરી શકે તેમ છે? વગેરે. અભિમાન, કર્તૃત્વ, ભોક્તૃત્વ વગેરે જ જીવાત્માનું સંસારિક જીવન છે. તેમાં જ તે રાત દિવસ રચ્યોપચ્યો રહે છે. બાકી રહેલી ત્રણ આંગળીઓ–મધ્યમા, અનામિકા તથા કનિષ્ઠિકા ત્રણ ગુણોની પ્રતીક છે. જે સૌથી નાની કનિષ્ઠિકા છે, તે સત્ત્વગુણ પ્રદર્શિત કરે છે. સત્ત્વગુણ સંસારમાં બહુ થોડો છે, કોઈક જગ્યાએ હજારોમાંથી કોઈ એકમાં જ તે જોવામાં આવે છે. કનિષ્ઠિકાથી થોડીક મોટી અનામિકા અંગુલિ રજોગુણનો નિર્દેશ કરે છે. આજકાલની દુનિયામાં રજોગુણ ખૂબ વૃદ્ધિ પામેલો જોવામાં આવે છે બજારમાં, સિનેમામાં કલબમાં, વેશભૂષામાં–સર્વ જગ્યાએ રજોગુણનું જ દર્શન થઈ રહ્યું છે. સર્વ લોક–પછી તે યુવાન હોય કે યુવતી, છોકરો હોય કે છોકરી, બુઢ્ઢો હોય કે બુઢ્ઢી–આ ખાકના પૂતળાને–દેહને સજાવવામાં એટલાં બધાં વ્યસ્ત દેખાય છે કે તેની આગળ તેમને કાંઈ સૂઝતું જ નથી. રોજ રોજ દાઢી મૂછ સફાચટ કરી કલીન શેઈવ થાય છે. જેવી રીતે દિવાલ પર ચૂનો લગાવવામાં આવે છે, તેવી રીતે દિવસમાં ત્રણચાર વાર ઠંડો ચૂનો–સફેદ પાઉડર લગાવવામાં આવે છે. જેન્ટલમેનોની બધી શાન વાળનાં પટિયાં ઉપર સવાર થયેલી દેખાય છે. છોકરા હોય કે છોકરીઓ–સર્વ સિનેમાનાં અશ્લીલ ગાનોની તરજો ગાતાં નજરે પડે છે. વેદ, ગીતા વગેરે શાસ્ત્રોનાં વચનો સાંભળવાં અથવા બોલવાં તેમને માટે પાગલપણું મનાય છે. આ બધી રજોગુણની જ અભિવૃદ્ધિ છે. તે રીતે બીજી

મધ્યમા અંગુલિ, જે વચલી તથા સર્વથી લાંબી છે તે, તમોગુણનું પ્રતીક છે. સંસારમાં રજોગુણની પેઠે તમોગુણ પણ ખૂબ ફૂલ્યોફાલ્યો નજરે પડે છે. રાગ, દ્વેષ, વેર, વિરોધ, લડવું, મારવું, પીટવું–આ સર્વ તમોગુણનાં લક્ષણ છે.

આ પ્રકારે તે ત્રણ આંગળીઓ ત્રણ ગુણને તથા ત્રણ ગુણોથી બનેલા ત્રિગુણાત્મક સંસારને બતાવે છે. આ સંસારમાં તથા ત્રણ ગુણોમાં આ જીવાત્મા અનાદિ કાળથી આસક્ત બનીને બેઠો છે. તેથી ભગવાને અર્જુનને ઉપદેશ આપ્યો છે કે—**निस्त्रैगुण्यो भवार्जुन।** (ગીતા, ૨, ૪૫) હે અર્જુન! તું ત્રણેય ગુણોથી રહિત–નિસ્ત્રૈગુણ્ય બની જા, ક્રમપૂર્વક આ ત્રણ ગુણોનો વિજય કર. પહેલાં સદુપાયો વડે તમોગુણને છોડ, પછી સત્ત્વગુણનો આશ્રય લઈને રજોગુણને છોડ, પછી આત્મજ્ઞાન વડે સત્ત્વગુણનો પણ પરિત્યાગ કર.

ભગવાન સદાશિવ શંકર ભદ્રામુદ્રા દ્વારા એવો જ ત્રણ ગુણોનો ત્યાગ કરવાનો ઉપદેશ આપે છે. જ્યાં સુધી આ જીવ ત્રિગુણાત્મક સંસારમાં 'અહં–મમ' ભાવનો ત્યાગ નથી કરતો, ત્યાં સુધી તે ઈશ્વરને અભિમુખ–ઈશ્વરનો પ્રેમી નથી બની શકતો. જ્યારે તે વિવેક વિચાર દ્વારા ત્રિગુણાત્મક, અસાર સંસાર સાથે પોતાનો સંબંધ તોડી નાંખે છે, ત્યારે તે વિના વિલંબે ઈશ્વરાત્મા સાથે અભેદભાવથી મળી જાય છે. ભગવાન શંકરની ભદ્રામુદ્રાનું મૌનવ્યાખ્યાન શ્રદ્ધાળુ, ભક્ત, મહર્ષિઓને એ જ ઉપદેશ આપે છે કે–ત્રિગુણાત્મક સંસાર મિથ્યા છે, અવિદ્યા વડે કલ્પિત છે, તેને છોડો; તથા જીવાત્માને તે પરમેશ્વર સાથે જોડો-જે પરમેશ્વરથી વસ્તુતઃ તે અભિન્ન છે, અનન્ય છે. આજ વસ્તુ અંગૂઠાનું તર્જની સાથેનું કનેકશન (સંબંધ) સૂચિત કરે છે. તર્જની જ્યારે તેની સાથે જોડાયેલી ત્રણેય આંગળીઓથી અલગ

થઈ જાય છે, ત્યારે જ તેનો અંગૂઠાની સાથે મેળાપ થાય છે. આ ભદ્રા મુદ્રા છે.

તેથી જ શ્રીમદ્ ભાગવતમાં કહ્યું છે કે–

'विद्याकामस्तु गिरिशं' (૨,૩,૭) यजेत्।
'यत्पादपद्मं महतां मनोऽलिभिः,
निषेवितं ब्रह्मरसासवार्थिभिः॥' (૪,૪,૧૫)

બ્રહ્મવિદ્યાની કામનાવાળો પુરૂષ ભગવાન શંકરની આરાધના કરે. બ્રહ્મવિદ્યાદ્વારા લભ્ય, અખંડૈકરસ, બ્રહ્માનંદરૂપી આસવ (મદોન્મત્ત બનાવનારો પેય પદાર્થ) નું પાન કરવાની ઈચ્છાવાળા મહાપુરૂષોનાં મનરૂપી ભ્રમરો જે ભગવાન મહાદેવનાં ચરણકમળનું નિરંતર સેવન કરે છે.

ययेदं धार्यते जगत्। આ પદોથી ભગવાન તે પરાપ્રકૃતિની અર્થાત્ સ્વાનન્ય જીવાત્માની પ્રકૃષ્ટ મહત્તા સૂચિત કરે છે. તે ક્ષેત્રજ્ઞરુપી પરાપ્રકૃતિ જગતનાં નામરૂપોને વ્યવહાર યોગ્ય બનાવવા માટે સમગ્ર જગતની અંદર પ્રવિષ્ટ છે. શ્રુતિ પણ કહે છે કે– अनेन जीवेनात्मनानुप्रविश्य नामरूपे व्याकरवाणि। (છાં. ઉ ૬, ૩,૨) પોતે સરજેલાં આ સમસ્ત જડ શરીરમાં આ જીવાત્મારૂપે હું-ભગવાન અંદર દાખલ થઈને, અનભિવ્યક્ત નામરૂપોને અભિવ્યક્ત કરૂં–એવો પરમેશ્વરે વિચાર કર્યો,

તેથી આ મારી આત્મભૂત પરાપ્રકૃતિ સમસ્ત વિશ્વના પ્રાણોને ધારણ કરવામાં નિમિત્તભૂત છે. જીવાત્મા વિના શરીર વગેરે જડ વર્ગ પ્રાણોને ધારણ કરી શકતો નથી. તેથી હું જ પરાપ્રકૃતિ–જીવાત્મા બનીને આ જગતને ધારણ કરી રહ્યો છું.

જેવી રીતે હું પરમાત્મા સદ્રૂપ, ચિદ્રૂપ તથા આનંદરૂપ છું, તેવી રીતે આ જીવાત્મા પણ સદ્રૂપ, ચિદ્રૂપ તથા આનંદરૂપ છે.

તેથી પારમાર્થિક સ્વરુપની દૃષ્ટિએ અમે બંને અભિન્ન જ છીએ.

સર્વ જીવ પોતાની અવિનાશી સત્તાનો અનુભવ કરે છે. કોઈપણ પોતાના અસ્તિત્વનો અપલાપ (ઈન્કાર) કરી શકતું નથી એક નાના બાળકને પણ જો આપ પૂછો કે–त्वमसि किम्। શું તું છે? તો તરત તે બોલી ઊઠશે કે–**अहमस्मि**। હું છું. 'હું નથી' તેવું તે કદી પણ નહિ કહે. પોતાની સત્તાના અભાવનો અનુભવ કોઈ દિવસ કોઇને પણ થઈ શકતો નથી. પછી તમે તે બાળકને પૂછશો કે– **कस्त्वमसि**। તું કોણ છે? તો તેને અવિદ્યાની ભ્રાન્તિને લઈને, પોતાના સામાન્ય સ્વરૂપના અસ્તિત્વને જાણતો હોવા છતાં પણ વિશેષ સ્વરૂપને જાણતો હોતો નથી, તેથી પોતાના શરીરને બતાવીને કહે છે કે–હું આ છું. આ તેનું વિશેષાંશમાં મિથ્યાજ્ઞાન છે. બધે સામાન્ય (વિશેષ્ય) અંશનું જ્ઞાન ભ્રાન્તિરહિત હોય છે. કેવળ વિશેષણાંશમાં વિપરીત જ્ઞાન રહે છે. **सर्वं ज्ञानं धर्मिण्यभ्रान्तं प्रकारे तु विपर्ययः**। એવો વિદ્વાનોએ પણ સિદ્ધાંત કર્યો છે. **इदं रजतम्**–આમાં 'ઈદં' નું જ્ઞાન યથાર્થ છે (છીપલીનું). પણ રજત (ચાંદી) કે જે વિશેષણ છે, તેમાં જ કેવળ મિથ્યાજ્ઞાન માન્યું ગયું છે.

તેથી '**अहं**' નો '**नास्मि**' ની સાથે તથા '**नष्टो बभूव**' ની અન્વય થઇ શકતો નથી. અર્થાત્ 'હું' નો 'નથી' ની સાથે તથા 'નાશ પામ્યો' ની સામે મેળ ખાતો નથી. '**नश्**' ધાતુ 'અદર્શન'ના અર્થમાં છે. તેથી 'નષ્ટ' તો અર્થ થશે 'અદૃશ્ય' થયું. પોતાના અસ્તિત્વનો 'अहं अहं' રૂપે અનુભવ કરનાર બુદ્ધિશાળી માણસ કદી પણ એમ નથી કહી શકતો કે–હું મારો અનુભવ નથી કરી રહ્યો, કારણ કે હું નાશ પામ્યો છું. જો કોઇ કહે કે–

હું બહુ માંદો પડી ગયો હતો, અમુક દવાખાનામાં જઈને મરી ગયો, તો આપ તરત હસી પડશો અને તેને પાગલ અથવા અક્કલનો આંધળો સમજશો. તમે હસતાં હસતાં તરત બોલી ઊઠશો કે-અરે તું મરી ગયો છે, તો પછી આ કોણ બોલી રહ્યું છે? તેથી એ નિશ્ચિત થાય છે કે કોઇ પણ પોતાના મૃત્યુનો સાક્ષી બની શકતું નથી. શરીરનું મૃત્યુ બની શકે છે, પરંતુ આપણા પોતાના વાસ્તવિક સ્વરૂપનું કદાપિ મૃત્યુ થઈ શકતું નથી. માટે ભગવાને ગીતામાં કહ્યું છે કે-अविनाशि तु तद्विद्धि (૨, ૧૭), नित्यः सर्वगतः स्थाणुः (૨,૨૪), न जायते म्रियते वा कदाचित् (૨,૨૦), अजो नित्यः शाश्वतोऽयं पुराणो, न हन्यते हन्यमाने शरीरे (૨, ૨૦), -હે અર્જુન! તે આત્મતત્ત્વને તું અવિનાશી જાણ. તે નિત્ય, સર્વગત તથા સ્થાણુ છે. તે કદી પેદા થતું નથી, તેમ મરતું નથી તે અજન્મા છે, નિત્ય છે, શાશ્વત (સનાતન) છે, તથા પુરાતન છે. શરીરનું હનન થવા છતાં, તેનું કદી હનન થતું નથી. આ રીતે આત્માની સત્તા શાશ્વત છે, તેનો કદી વિલોપ થઈ શકતો નથી. તેથી પરમાત્માની પેઠે આત્મા સદ્રૂપ છે, ત્રિકાલાબાધિત પરમાર્થસત્તા વડે યુક્ત છે.

વળી જીવાત્મા ચિદ્રૂપ છે, જડ નથી, પણ ચેતન છે. તેથી કોઈપણ પ્રાણી પોતાને જડ માનતું નથી. જો કોઈ મનુષ્યને તમે ઠપકારૂપે કહો કે 'તું તો જડ છે,' તો તે નારાજ થઈ જાય છે. તેથી જાણવામાં આવે છે કે કોઈ પણ પ્રાણધારી પોતાને જડ માનવાનું પસંદ કરતો નથી. સર્વ જીવો પોતાને દ્રષ્ટા, શ્રોતા, મન્તા, વિજ્ઞાતા માને છે. 'હું દેખું છું, હું સાંભળું છું, હું માનું છું, હું જાણું છું' આ સર્વ અનુભવ આત્માની ચિદ્રૂપતાને સિદ્ધ કરે છે. જડ પદાર્થમાં એવો અનુભવ કદાપિ બની શકતો નથી.

તે રીતે આ જીવાત્મા આનંદરૂપ છે. તેથી સર્વ જીવો આનંદમાં જ રહેવા માગે છે. દુઃખમાં રહેવું કોઈને પણ પસંદ આવતું નથી. વિશુદ્ધ આનંદ જીવાત્માનું વાસ્તવિક-અનારોપિત સ્વરૂપ છે; દુઃખ કાલ્પનિક અને આરોપિત છે. તેથી દુઃખ ઔપાધિક ધર્મ છે, અને આનંદ સ્વાભાવિક ધર્મ છે. ઔપાધિક ધર્મ તે કહેવાય છે કે જે એકમાં રહે છે અને બીજામાં પ્રતીત થાય છે. જેવી રીતે સ્ફટિકમણિ (બિલોરી કાચ) ધોળા રંગનો છે, પણ જપાકુસુમ તેની પાસે પડેલું હોવાથી તે લાલરંગનો દેખાય છે. તે લાલરંગ સ્ફટિકનો પોતાનો નથી, પણ જપાકુસુમનો છે. પરંતુ સંનિધિદોષથી તેની લાલી સ્ફટિકમણિમાં ભાસે છે, અને તે લાલી તેના સ્વાભાવિક ધોળાપણાને તિરોહિત કરે છે. તેથી સ્ફટિકમાં ભાસતો લાલ રંગ ઔપાધિક ધર્મ છે, સ્વાભાવિક નહિ; સ્વાભાવિક ધર્મ તો તેની શુક્લતા છે. તે રીતે આનંદરૂપ આત્મામાં ભાસતું દુઃખ ઔપાધિક ધર્મ છે. તે દુઃખ મનનો ધર્મ છે, આત્માનો નહિ; પરંતુ મનના સાંનિધ્યથી આત્મામાં ભાસે છે, અને તે આત્માના આનંદને દબાવી દે છે. તેથી આનંદ આત્માનો સ્વાભાવિક ધર્મ છે, અને દુઃખ ઔપાધિક-આરોપિત ધર્મ છે. તેથી તમે જ્યાં આરોપિત ધર્મ જુવો છો, ત્યાં પ્રશ્ન કરો છો અને તેનો ઉત્તર પણ આપવામાં આવે છે. જેવી રીતે તમે હિમાલયમાં બદ્રીનારાયણના મંદિરની પાસે અત્યંત ગરમ પાણીનું ઝરણું તથા કુંડ જોઈને ત્યાંના પંડાઓને પૂછો છો કે-આવા શીતળ પ્રદેશમાં આ પાણી આવું ગરમ કેમ? આમાં હાથ ઘાલવો તે પણ ખૂબ જોખમકારક છે. હિમાલયમાં એક મોટી વિલક્ષણતા નજરે પડે છે કે-એક બાજુએ અત્યંત ગરમ જલ તથા બીજી બાજુએ અલકનંદાનું-ગંગાનું અત્યંત શીતળ જલ-બંનેમાં હાથ નાંખતાં તકલીફ જ ભોગવવી પડે છે. આપના તે પ્રશ્ન સાંભળીને પંડાઓ તરત ઉત્તર

આપે છે કે-આ પર્વતમાં તૈજસ દ્રવ્ય-ગંધકની ખાણ હોવી જોઈએ, જેના સંબંધથી આ પાણી ઊકળીને અત્યંત ગરમ બની જાય છે. અહીં જલનો સ્વાભાવિક ધર્મ શીતલતા છે, અને ઔપાધિક ધર્મ ઉષ્ણતા છે. જલના ઔપાધિક ધર્મ-ઉષ્ણતાના વિષયમાં તમે પ્રશ્ન કર્યો, અને તમને ઉત્તર પણ મળ્યો. જલના સ્વાભાવિક ધર્મ-શીતલતાની બાબતમાં તમે પ્રશ્ન પણ કરતા નથી, અને તેનો કોઈ ઉત્તર પણ આપી શકાતો નથી. કહ્યું છે કે-**शैत्यं हि यत्सा प्रकृतिर्जलस्य।** શૈત્ય જલનો સ્વાભાવિક ધર્મ છે.

તે પ્રમાણે જો આપ કોઈ મનુષ્યને રડતો અને દુઃખી જુવો છો, તો તરત પૂછો છો કે-તું દુઃખી કેમ છે? તેનો તે ઉત્તર આપે છે કે-મારી સ્ત્રી મરી ગઈ, મારું ધન લુંટાઈ ગયું; તેથી હું દુઃખી છું, રડું છું. પણ કોઈને વિકસિત કમલ જેવા પ્રસન્ન મુખવાળો જોઈને, તમે કદી પણ પૂછતા નથી કે-તું સુખી કેમ છે? જો તમે તેવો પ્રશ્ન કરો, તો તે વ્યંગ્ય કરીને આપને પૂછશે કે-વાહ, ભાઈ, વાહ! શું આપને મારું સુખ જોઈને ઈર્ષ્યા થાય છે? શું મારું સુખ આપથી દેખ્યું ખમાતું નથી? તેથી કોઈ બુદ્ધિશાળી માણસ તેવો ઉપાલંભ પ્રાપ્ત કરાવે તેવો પ્રશ્ન પૂછતો પણ નથી, અને તેનો કોઈ જવાબ પણ મળતો નથી, કારણકે ઔપાધિક ધર્મ-દુઃખ તથા ઉષ્ણતામાં જ પ્રશ્નોત્તર સંગત થાય છે. સ્વાભાવિક ધર્મ-આનંદ તથા શૈત્યમાં પ્રશ્નોત્તર યુક્તિયુક્ત મનાતા નથી. તેથી આનંદ જ જીવાત્માનો વાસ્તવિક ધર્મ છે, અનારોપિત સ્વરૂપ છે; તથા દુઃખ ઔપાધિક ધર્મ છે. આરોપિત સ્વરુપ છે. ઔપાધિક ધર્મની ધીમે ધીમે નિવૃત્તિ થતી પણ જોવામાં આવે છે. જેવી રીતે પાણીની ઉષ્ણતા ધીમે ધીમે દૂર થઈને સ્વાભાવિક શીતળતા જ બાકી રહે છે, તેવી રીતે સ્ત્રીપુત્રાદિકના

મરી જવાથી થનારું દુઃખ પણ હમેશાં ટકતું નથી, ધીમે ધીમે ચાલ્યું જાય છે. તે જ પહેલાં હાયહાય કરીને રોનારો, છાતી કૂટનારો, દુઃખી માણસ થોડા દિવસો પછી જાતે જ હસવા લાગે છે તથા આનંદનો અનુભવ કરવા લાગે છે. તેથી નિશ્ચય થાય છે કે–આનંદ આત્માનું સ્વાભાવિક–અનપાયી સ્વરૂપ છે.

જો દુઃખ આત્માનું સ્વાભાવિક સ્વરૂપ હોય, તો સુષુપ્તિ તથા સમાધિ દશામાં પણ તેનો અનુભવ થવો જોઈએ. પરંતુ શારીરિક રોગથી પીડાતો, દુઃખી માણસ પણ સુષુપ્તિમાં કોઇ પણ પ્રકારના શારીરિક દુઃખનો અનુભવ કરતો નથી, ત્યાં દુઃખનો લેશ પણ રહેતો નથી, કેવલ સુખનો જ અનુભવ થાય છે. તેથી રોગી પણ જાગ્યા પછી કહે છે કે–**सुखमहमस्वाप्सम्, न किंचिदवेदिषम्।** હું અત્યંત સુખપૂર્વક ઊંઘી ગયો હતો, ત્યાં મેં કશાયનો–દુઃખ વગેરેનો અનુભવ નથી કર્યો. સમાધિમાં તો દુઃખનું નામનિશાન પણ રહેતું નથી, આનંદ જ આનંદ રહે છે. જો તેમાં દુઃખ રહે, તો તેને માટે કોઈ પ્રયત્ન ન કરે, કારણકે કોઈ પણ દુઃખને ચાહતું નથી, એક ક્ષણવાર પણ દુઃખમાં રહેવું કોઈને ગમતું નથી. તેથી સમાધિમાં અવર્ણનીય, અતિ ઉત્તમ, વિશુદ્ધ, પૂર્ણ, એકરસ આનંદનો જ અનુભવ થાય છે.

તેથી હમારાં પ્રામાણિક ઉપનિષદોમાં કહ્યું છે કે—

'समाधिनिर्धूतमलस्य चेतसो,
निवेशितस्यात्मनि यत्सुखं भवेत्।
न शक्यते वर्णयितुं गिरा तदा,
स्वयं तदन्तःकरणेन गृह्यते'॥

જ્યારે ચિત્ત સમાધિમાં અભ્યાસ, વૈરાગ્ય વગેરે સાધનો દ્વારા રાગ, દ્વેષ વગેરે કશ્મલોથી રહિત થઇ જાય છે, ત્યારે તે શાન્ત તથા એકાગ્ર બનીને આત્માના પૂર્ણ વિશુદ્ધ આનંદમાં

નિમગ્ન બની જાય છે. તે સમયે તેને આત્માના અખંડ આનંદનો એવો મહાન્ અનુભવ થાય છે કે તેનું તે વાણીથી વર્ણન કરવામાં અસમર્થ બની જાય છે. સ્વયં તેનું અંતઃકરણ જ તે મહાન્ આનંદનો અનુભવ કરતું રહે છે.

પ્રશ્ન-જો આત્મામાં જ આનંદ છે, આત્માથી ભિન્ન બીજા કોઈ પદાર્થમાં આનંદ નથી, તો દુનિયામાં આ બધા માણસો આત્માને છોડીને, બહારના પદાર્થોથી જ-અર્થાત્ શબ્દાદિ વિષયો વડે જ આનંદનો અનુભવ કેમ કરે છે? તેમાં જ આનંદ માનીને કેમ પ્રવૃત્ત થાય છે? તેમની પ્રવૃત્તિથી એવું માલમ પડે છે કે-તેમાં પણ આનંદ છે. જો તેમાં આનંદ ન હોત, તો કોઈ પણ તેની ઈચ્છા ન કરત અને તેમાં પ્રવૃત્ત ન થાત.

સમાધાન-બહારના પદાર્થોમાં વસ્તુતઃ આનંદ નથી; આનંદ તો એક માત્ર આત્મામાં જ છે-આ શાસ્ત્રો વડે પ્રતિપાદન કરાયેલો તથા વિદ્વાન તત્ત્વદર્શીઓ વડે અનુભવાયેલો યથાર્થ સિદ્ધાંત છે. છતાં બહારના શબ્દાદિ વિષયોમાં આત્માના જ આનંદનું મિથ્યા ભાન થાય છે. તેથી તેમાં આનંદ દેખાય છે જરૂર, પણ મળતો નથી. મળે તો ત્યારે જ, જ્યારે આનંદ ત્યાં વિદ્યમાન હોય. વિદ્યમાન ન હોવાને કારણે મળતો નથી. તેમના દ્વારા માણસ લેવા જાય છે આનંદ, પણ આનંદને બદલે તે ભ્રાન્ત પ્રાણીઓને રોગ, શોક, કે ઉદ્વેગ વગેરે દુઃખનાં જ કારણ મળે છે. તેથી આનંદકંદ પ્રભુએ-શ્રીકૃષ્ણે ગીતામાં કહ્યું છે કે—

'ये हि संस्पर्शजा भोगाः दुःखयोनय एव ते।
आद्यन्तवन्तः कौन्तेय न तेषु रमते बुधः॥' (૫,૨૨)

ઈન્દ્રિયો તથા વિષયોના સંયોગથી ઉત્પન્ન થનારા જે સર્વ ભોગો છે, તે જો કે વિષયી, ભ્રાન્ત મનુષ્યોને સુખરૂપે ભાસે છે,

પણ તે નિઃસંદેહ દુઃખનાં જ કારણ બની જાય છે, સુખનાં નહિ. વળી આ સર્વ ભોગો આદિ તથા અંતવાળા છે, અર્થાત્ સંયોગ તથા વિયોગવાળા હોવાને કારણે ક્ષણભંગુર છે, અર્થાત્ એક ક્ષણ રહીને, સુખનું મિથ્યાભાન કરાવીને, બીજી ક્ષણે નાશ પામે છે. તેથી હે અર્જુન! બુદ્ધિશાળી વિવેકી મનુષ્ય તે ભોગોમાં કદી રમણ કરતો નથી, પ્રીતિ રાખતો નથી.

એવું વિષ્ણુપુરાણમાં પણ કહ્યું છે કે—

'यावतः कुरुते जन्तुः सम्बन्धान्मनसः प्रियान्।
तावन्तोऽस्य निखन्यन्ते हृदये शोकशंकवः॥'

આ પ્રાણી મનની ભ્રાન્તિને લીધે પ્રિય લાગનારા શબ્દાદિ વિષયો સાથે—સ્ત્રી પુત્રધનાદિક પદાર્થો સાથે જેટલા સંબંધ બાંધે છે, જેટલી પ્રીતિ વધારે છે, તેટલા જ તેના હૃદયમાં વિવિધ પ્રકારના, શોકના ખીલા ઠોકાય છે.

માટે શબ્દાદિ વિષયોમાં તથા સ્ત્રી, પુત્ર, ધન વગેરે પદાર્થોમાં, રણમાં ભાસતા જળની પેઠે, મૂઢ પ્રાણીઓને સુખ અવશ્ય દેખાય છે, પણ ખૂબ ભારે પ્રયત્ન કરવા છતાંયે મળતું નથી. તે વિષયમાં એક દૃષ્ટાન્ત સાંભળો.

એક મહારાણી મહેલની ઉપલી ખુલ્લી છતમાં પોતાનો બહુ કીમતી હીરાનો હાર એક જગ્યાએ રાખીને સ્નાન કરી રહી હતી. એટલામાં એક બાજ પક્ષી ત્યાં આવ્યું, અને તે હીરાના ચમકતા હારને ખાદ્ય પદાર્થ માનીને, ઝડપથી લઈને ઉડી ગયું. ઉડતું ઉડતું તે બહુ આઘે આવેલા એક સરોવરના તટ ઉપર ઊગેલા એક ઝાડની ઊંચામાં ઊંચી ડાળી ઉપર જઈને બેઠું. બેસીને હારના તે હીરાને ચાવવા લાગ્યું, પણ તે પંખીને તેમાં ફળના જેવી કોમળતાનો તથા આસ્વાદનો અનુભવ ન થયો. નકામા પરિશ્રમથી ખેદ પામેલું તે પંખી તે હારને

ત્યાં જ લટકતો મૂકીને ઉડી ગયું. તે મનોહર હારનું પ્રતિબિંબ સરોવરના સ્વચ્છ જલમાં દેખાવા લાગ્યું. સરોવરને કિનારે જતા એક મુસાફરને તે હાર સરોવરમાં નજરે પડયો. જોઈને તે બહુ રાજી થયો. તરત ચૂપચાપ લંગોટને કસીને, જ્યાં હાર દેખાતો હતો ત્યાં સરોવરમાં તે કૂદી પડયો. ડુબકી લગાવીને, જળમાં નીચે જઈને તેણે હારને ખૂબ શોધ્યો, પણ હાર મળ્યો નહિ. અંતે હતાશ બનીને તે બહાર નીકળ્યો. સ્વચ્છ જળમાં તે હાર ફરીથી ચમકવા લાગ્યો. ફરી તે જળમાં કૂદી પડયો, શોધ કરી, પણ બહુ પરિશ્રમ કરવા છતાં તે હાર મળ્યો નહિ. ફરીથી બહાર નીકળીને, તેણે જોયું તો સ્વચ્છ જળમાં હાર દેખાતો હતો. તે વિચારવા લાગ્યો–અરે, આ તે કેવી વાત! હાર દેખાય છે જરૂર, પણ મળતો નથી. હારને માટે તેણે વારંવાર પ્રયત્ન કર્યો, પણ તેને હાર મળ્યો નહિ. બહુ દુઃખી બનીને તે ત્યાંથી ચાલી નીકળ્યો.

તે રીતે એક બીજો મુસાફર આવ્યો. તેણે પણ સરોવરમાં હાર જોયો. તે પણ તેને લેવા માટે સરોવરમાં કૂદી પડયો, ખૂબ પ્રયત્ન કર્યો, પણ તેનો એ પ્રયત્ન નિષ્ફળ ગયો. તે વારંવાર હારને જળમાં દેખતો હતો, તેને મેળવવા વારંવાર પ્રયત્ન કરતો હતો, પણ હાર તેને પણ મળતો ન હતો. તે પણ આશ્ચર્યપૂર્વક 'દેખાય છે, પણ મળતો નથી' એમ કહેતો કહેતો ત્યાંથી વિદાય થયો.

તે રીતે તે સરોવરને કિનારે અનેક મુસાફરો આવ્યા, બધાએ અનેક પ્રયત્નો કર્યા, છતાં કોઈ પણ હાર મેળવવામાં સફળ થયો નહિ, કારણકે દેખાવા છતાં હાર વસ્તુત: પાણીમાં ન હતો.

એક મુસાફર બહુ બુદ્ધિશાળી તથા સત્સંગી હતો. તેણે પહેલેથી જ અનેક વ્યક્તિઓને મુખે સરોવરનો વૃત્તાન્ત સાંભળ્યો

હતો કે-હાર દેખાય છે, પણ મળતો નથી. તે પણ ત્યાં આવ્યો. આવીને તેણે ધ્યાનપૂર્વક જોયું. વિચાર કરતાં તેને માલૂમ પડ્યું કે–સરોવરનો હાર, પ્રતિબિંબ માત્ર (આભાસ માત્ર) છે; તેથી તેના વાસ્તવિક બિંબનું અન્વેષણ કરવું જોઈએ. તેથી તેણે, બીજા મૂઢ મુસાફરોની પેઠે, નીચે જોવાને બદલે ઉપર જોયું ઊર્ધ્વ દૃષ્ટિ કરતાં તેને વાસ્તવિક વિદ્યમાન હારનું ઊજ્જવલ, સુંદર, મનોહર સ્વરૂપ નજરે પડ્યું. વૃક્ષની ઉપર ચઢીને, તેણે ઊંચામાં ઊંચી ડાળી પર રહેલા તે હારને પ્રાપ્ત કરી, પોતાનો પ્રયત્ન સફળ કર્યો.

સિદ્ધાંત સમજવા માટે આ એક દૃષ્ટાંત છે. સિદ્ધાંતમાં હાર છે આત્માનો વિશુદ્ધ આનંદ. જ્યારે ચિત્તવૃત્તિઓ એકાંત, શાન્ત થાય છે, ત્યારે તેમના દ્વારા વિષયોમાં તેનું પ્રતિબિંબ દેખાય છે. આનંદનું પ્રતિબિંબ જોઈને મૂઢ લોકો વિષયોથી જ આનંદ પ્રાપ્ત કરવા પ્રયત્ન કરે છે; પરંતુ તેમને તેમાં આનંદ દેખાવા છતાં મળતો નથી, કારણકે વસ્તુતઃ વિષયોમાં આનંદ જ નથી, ક્ષણિક આનંદનો આભાસ માત્ર છે. જ્યારે ચિત્તવૃત્તિઓ ચંચલ–વ્યગ્ર થઈ જાય છે, ત્યારે તો તે વિષયોથી આનંદના આભાસનું પણ દર્શન નથી મળતું–જેવી રીતે મલિન તથા ચંચલ જલમાં પ્રતિબિંબનું દર્શન નથી થતું.

માટે ભગવત્પાદ, જગદ્ગુરુ, આચાર્ય શ્રીશંકર સ્વામીએ ગીતાભાષ્યમાં યથાર્થ જ કહ્યું છે કે–

'न संसारे सुखस्य गन्धमात्रमप्यस्तीति बुद्‌ध्वा विषयमृगतृष्णिकाया इन्द्रियाणि निवर्तयेत्।'

(ગી. ૫,૨૨)

સંસારમાં વાસ્તવિક, સ્થિર, વિશુદ્ધ સુખની ગંધમાત્ર પણ નથી–એવો નિશ્ચય કરીને વિવેકી પુરુષ શબ્દાદિ વિષયોરૂપી

મૃગતૃષ્ણિકાના મિથ્યા જલથી ઇન્દ્રિયોને નિવૃત્ત કરે, આસક્ત ન બનાવે.

વાસ્તવિક, શાશ્વત, પૂર્ણ આનંદરૂપ તો એક માત્ર અંતરાત્મા ઊર્ધ્વમૂલ ભગવાન જ છે–એવો નિશ્ચય કરીને, તે પરમાત્માના અનુસંધાનમાં જ પોતાની સઘળી વૃત્તિઓને એકાગ્ર બનાવે. બહારના શબ્દાદિ વિષયોમાં તથા સ્ત્રી, પુત્ર, ધન વગેરે પ્રિય પદાર્થોમાં ભ્રાન્તિવશ આનંદ દેખાય છે, પણ ત્યાં શોધતાં આનંદ મળતો નથી. માટે ભગવાને આ બહારના પદાર્થોને **દુઃખયોનયઃ**–દુઃખના જ હેતુ કહ્યા છે, '**સુખયોનયઃ**' સુખના હેતુ બતલાવ્યા નથી.

પ્રશ્ન–જો બહારના પદાર્થોમાં આનંદ નથી, તો બે ચાર નહિ, પણ લાખો કરોડો લોકો તેમની પાછળ કેમ પડે છે ?

સમાધાન–ભ્રાન્તિને લઈને. જેવી રીતે રણમાં વસ્તુતઃ જલ નથી, તથાપિ ભ્રાન્તિને લઈને તેમાં જલ દેખાય છે. તેથી ભ્રાન્ત મૃગ તે દેખાતા અવિદ્યમાન જલને માટે દોડી મરે છે, પરેશાન થાય છે; છતાં તે ભ્રાન્ત હરિણોને જલ દેખાવા છતાં પણ મળતું નથી, તેવી રીતે પ્રકૃતમાં પણ સમજવું જોઈએ.

ગમે તેટલું ઐશ્વર્ય તથા ધનાદિ સંપત્તિ હોય, અનુકૂળ ભોગ્ય વિષયોનો યથેષ્ટ લાભ હોય, છતાં જ્યાં સુધી મનમાં શાન્તિ થતી નથી, ત્યાં સુધી આનંદની પ્રાપ્તિ બહારના કોઈ પણ પદાર્થથી નથી થતી. **અશાન્તસ્ય કુતઃ સુખમ્ ॥** (ગીતા ૨-૬૬) એ નિયમ છે, અશાન્ત માનવીને સુખ ક્યાંથી મળે ? ક્યાંયથી નથી મળતું.

એક વૈભવશાળી નગરના મોટા સંપત્તિશાળી શેઠ હતા. તે સુંદર મોટરમાં બેસીને બહારથી પોતાના બંગલામાં આવ્યા.

મોટરનું હોર્ન સાંભળીને નોકરો દોડયા. આદરપૂર્વક તેમણે શેઠને મોટરમાંથી ઉતાર્યા. તે વખતે શેઠને પોતાની સુંદર, કીંમતી મોટર જોઈ ને, સુંદર સુશોભિત બંગલો જોઈ ને, બંગલાની અંદર અનેક પ્રકારના ફર્નિચરથી સુસજ્જિત ઓરડાઓ જોઈ ને, ઓરડામાં વસ્ત્રાભૂષણોથી અલંકૃત પોતાની પ્રેયસી ગૃહિણી—શેઠાણીને જોઈ ને તથા આધુનિક વેશભૂષાથી સુશોભિત, કોમળઅંગવાળાં પ્રિય બાળકોને જોઈ ને, બહુ આનંદ થયો. તેમને એવો નિશ્ચય થયો કે પોતાનાં પુત્ર, સ્ત્રી, સંપત્તિ વગેરે બહારના પદાર્થોથી જ આનંદ મળી રહે છે. ભોજનનો સમય થઈ ગયો હતો, એટલે મહારાજ દેખાયો. શેઠ તથા શેઠાણીની અનુમતિ મેળવીને રસોઈ-આએ તે દિવાનખાનાના મેજપર ભોજનના થાળ લાવવાનું શરૂ કર્યું. તેમાં વિવિધ પ્રકારની, ગરમાગરમ, મનપસંદ વાનીઓ પિરસવામાં આવી હતી. સ્ત્રી, પુત્ર વગેરેની સાથે શેઠજીનું ભોજન શરૂ થયું. તેમને નિશ્ચય થતો હતો કે—આ ગરમાગરમ બાસમતીના ચોખા તથા પૂરણપોળી તથા પત્તરવેલિયાંથી આનંદ જ આનંદ મળી રહ્યો છે. સાથે સાથે હાંસી, મજાક પણ થઈ રહી હતી.

તેટલામાં ટેલીફોનની ઘંટડી વાગી. શેઠજીએ ભોજન કરતાં કરતાં જ ફોન ઊઠાવ્યો. ફોન પાસે જ રાખવામાં આવ્યો હતો. તેમાં સમાચાર સાંભળીને, જાણે માથા પર વીજળી પડી હોય તેમ, શેઠ સ્તબ્ધ બની ગયા. દિવેલ પીધું હોય તેમ તેમનું મુખ ફિક્કું પડી ગયું. તે ફોનથી તેમને ખબર મળી હતી કે-રૂ તથા ચાંદીના ભાવ એકદમ બેસી ગયા છે. તેથી તેમને પચાસ લાખની ખોટ આવી હતી. હવે શું થાય ? તે સુંદર ભોજન, જેનાથી તેમને થોડા જ વખત પર અત્યંત સ્વાદરૂપ સુખ મળી રહ્યું હતું, તે નીરસ બની ગયું, માટીની પેઠે સ્વાદરહિત થઈ ગયું. તેથી તેમની ભોજનની રુચિ જ ઊડી ગઈ. પેટમાં દુઃખે છે—એમ

બ્હાનું કાઢીને, ભોજનની ખુરશી ઊપરથી તે એકદમ ઊઠી ગયા. જઈને આરામ ખુરશી પર પડતું નાંખ્યું. હવે હાંસી–મજાકની બધી વાતો સમાપ્ત થઈ ગઈ. તેમનું મન અત્યંત વિહ્વળ બની ગયું. તે જ બંગલો છે, તે જ શેઠાણી છે, તે જ બાળકો છે, તે જ વસ્ત્ર છે, તે જ હીરામોતીનાં આભૂષણો છે–આમાંથી કશાથી પણ તેમને હવે આનંદ મળતો નથી. ઉદ્વેગપૂર્વક તે વિચારી રહ્યા છે કે–હવે શું થશે? તે બંગલો રહેશે કે નહિ? તે હીરા–મોતીનાં ઘરેણાં રહેશે કે નહિ? ભૂલથી પણ કદાપિ ભગવાનને યાદ નહિ કરનાર તેમનું મન ચૂપચાપ અંદર ને અંદર બોલી ઊઠયું કે–હે પ્રભો! દીનદયાળ! મારી લાજ હવે તારા હાથમાં જ છે.

રાત પડી. શેઠ મખમલના ગાદલામાં સૂઈ રહ્યા છે; પણ તે કોમળ ગાદલાં પણ તેમને કાંટાની પેઠે ભોંકાય છે, તે પણ આનંદ નથી આપતાં. બોલાવવા છતાં નિદ્રાદેવી નથી આવતી. નિદ્રાદેવી ભગવાનના ઘરની દૂતી છે. તે ત્યારે સુનારને ભગવાનના ઘરમાં લઈ જવા માટે આવે છે, જ્યારે સૂનાર નિશ્ચિન્ત બનીને, સંસારની બધી ચિંતાઓ તરફથી મ્હોં ફેરવી લઈને, મસ્ત બનીને, હાથ પગ લાંબા કરીને, આંખો બંધ કરે છે.

આ દૃષ્ટાન્તથી એવો નિશ્ચય થાય છે કે–બહારના શબ્દાદિ વિષયોમાં તથા સ્ત્રી, પુત્ર, ધન વગેરેમાં સુખ નથી. જો સુખ હોત, તો તે શેઠને તે વિહ્વલ દશામાં તે પદાર્થો પહેલાંની પેઠે સુખ કેમ ન આપે? જો તે પદાર્થોનો સ્વભાવ જ સુખ આપવાનો હોય, તો મનની અશાન્ત અવસ્થામાં તે સ્વભાવ ક્યાં ચાલ્યો ગયો? સ્વભાવ તો અનપાયી, સર્વદા રહેવાવાળો હોય છે. તેથી માલમ પડે છે કે–મનની શાન્તિમાં જ સુખ રહે છે, બહારના પદાર્થોમાં સુખ રહેતું નથી. જ્યારે મનની વૃત્તિઓ એકાગ્ર તથા શાન્ત બને છે, ત્યારે જ તેમાં આત્માનંદનું પ્રતિબિંબ

પડે છે, તથા ત્યારે જ તે આનંદના પ્રતિબિંબવાળી વૃત્તિઓ દ્વારા બહારના પદાર્થોમાં ભ્રાન્તિથી સુખોની પ્રતીતિ થાય છે. જ્યારે વૃત્તિઓ વિક્ષિપ્ત બની જાય છે, ત્યારે તેમાં આત્માના આનંદનો આભાસ પડતો નથી; તેથી તે ઉદ્વિગ્ન વૃત્તિઓ દ્વારા બહારના પદાર્થોમાં સુખને બદલે દુઃખનું જ ભાન થાય છે.

તેથી વેદાન્તના પ્રસિદ્ધ ગ્રંથ પંચદશીમાં શ્રી વિદ્યારણ્ય સ્વામીએ પણ કહ્યું છે કે—

'विषयेष्वपि लब्धेषु, तदिच्छोपरमे सति।
अन्तर्मुखमनोवृत्तावानन्दः प्रतिबिम्बति॥
यद्यत्सुखं भवेत्तत्तद्ब्रह्मैव प्रतिबिम्बनात्।
वृत्तिष्वन्तर्मुखास्वस्य निर्विघ्नं प्रतिबिम्बनम्॥'

અભીષ્ટ શબ્દાદિ વિષયોનો લાભ થતાં, જ્યારે વિષયોની ઇચ્છા નિવૃત્ત થઈ જાય છે તથા મનની વૃત્તિઓ અંતર્મુખ અને શાન્ત બની જાય છે, ત્યારે તેમાં આત્માનંદનું પ્રતિબિંબ પડે છે. તેથી બહારના વિષયોદ્વારા પણ જે જે સુખ મળે છે, તે સર્વ સુખ બ્રહ્મનું પ્રતિબિંબ હોવાથી બ્રહ્મનું જ છે, વિષયોનું નહિ, કારણ કે એકાગ્ર વૃત્તિઓમાં જ બ્રહ્મના આનંદનું નિર્વિઘ્ન પ્રતિબિંબ પડે છે, વિક્ષિપ્ત વૃત્તિઓમાં નહિ.

તેથી એક માત્ર અંતરાત્મા ભગવાન જ પરમ આનંદરૂપ છે. તેથી આપણી પ્રામાણિક શ્રુતિઓ પણ તેને વિજ્ઞાનઘન તથા આનંદઘન કહે છે–'ઘન' :અર્થાત્ જેમાં વિજ્ઞાન તથા આનંદ ઠાંસીઠાંસીને–પૂર્ણરૂપે ભરેલાં છે, તે 'વિજ્ઞાનઘન' તથા 'આનંદઘન' કહેવાય. તે વાસ્તવિક આત્મા સર્વને પરમ પ્રેમનું આસ્પદ (સ્થાન) હોવાથી પણ પરમાનંદરૂપ સિદ્ધ થાય છે. લોકમાં પણ જોવામાં આવે છે કે–જે પદાર્થમાં જેટલો વધારે અથવા ઓછો પ્રેમ હોય છે, તે પદાર્થથી તેટલો જ વધારે અથવા ઓછો

આનંદ પ્રાપ્ત થાય છે. દૃષ્ટાન્તરૂપે-આપની પાસે સુવર્ણ, મોતી તથા હીરાની ત્રણ થાળીઓ રાખવામાં આવે; તેમાં આપનો એક સરખો પ્રેમ નથી, પણ તારતમ્યયુક્ત છે; સોનાની અપેક્ષાએ મોતીમાં, તથા મોતીની અપેક્ષાએ હીરામાં વધારે પ્રેમ છે. તેથી આપને હીરો જોવામાં તથા પ્રાપ્ત કરવામાં સૌથી વધારે પ્રેમ તથા આનંદ થાય છે. તે રીતે મોતી જોવાથી તેના કરતાં કંઈક ઓછો પ્રેમ થાય છે, તથા તેને પ્રાપ્ત કરતાં કંઈક ઓછો આનંદ મળે છે; અને સુવર્ણને જોઈને તેના કરતાં પણ ઓછો પ્રેમ થાય છે, તથા તેને પ્રાપ્ત કરીને કંઈક ઓછો આનંદ મળે છે.

તે રીતે પોતાનો આત્મા બહારનાં સ્ત્રી, પુત્ર, ધન, શરીર વગેરે સર્વ પ્રિય પદાર્થો કરતાં વધારે જ પ્રિય માલમ પડે છે, કારણ કે બહારના તે પદાર્થો આત્માની પ્રિયતાના સંપાદક હોવાથી જ પ્રિય લાગે છે. જો તે પદાર્થો પોતાનાથી પ્રતિકૂલ થઈ જાય, તો તે પ્રિય રહેતા નથી.

માટે 'સંક્ષેપ શારીરક' નામના ગ્રંથમાં શ્રી સર્વજ્ઞાત્મ મુનિ પણ કહે છે કે –

'सर्वं यदर्थमिह वस्तु यदस्ति किञ्चिद्,
पारार्थ्यमुज्झति च यन्निजसत्तयैव ।
तद्वर्णयन्ति हि सुखं सुखलक्षणज्ञाः,
तत्प्रत्यगात्मनि सम सुखताऽस्य तस्मात् ॥
प्रेमाऽनुपाधिरसुखात्मनि नोपलब्धः,
स प्रत्यगात्मनि कृमेरपि नित्यसिद्धः ।
प्रेयः-श्रुतेरपि ततः सुखताऽनुमानं,
नैयायिकोऽपि न दृगात्मनि निह्नुवीत ॥

(૧,૨૪-૨૫)

આ સંસારમાં સ્ત્રી, પુત્ર, ધન વગેરે જે કંઈ વસ્તુ છે, તે સઘળી જેને (અંતરાત્માને) માટે છે, તથા જે (અંતરાત્મા) બીજાને માટે નથી, જે પોતાની સત્તા માત્રથી અન્ય નિમિત્તતા (અન્યને માટે થનારી પ્રીતિની વિષયતા) છોડીને રહે છે; અર્થાત્ સ્ત્રી, પુત્ર, ધન વગેરે કોને માટે પ્રિય છે?—એવો પ્રશ્ન થાય, તો કહેવાય છે કે–આત્માને માટે. પરંતુ આત્મા કોને માટે પ્રિય છે?' એવું પૂછતાં જવાબ મળે છે કે-કોઇને માટે નહિ; આત્મા આત્માને માટે જ પ્રિય છે. આજ આત્મામાં પરાર્થતાનો અભાવ છે. તે આત્મવસ્તુને સુખનું લક્ષણ જાણનારા વિદ્વાનો 'સુખ' કહે છે. પ્રત્યગાત્મા આ પ્રકારના સુખ-લક્ષણથી યુક્ત છે, માટે આત્મા સુખથી અભિન્ન છે-સુખસ્વરૂપ છે.

માટે સુખથી અન્ય, બહારનાં સ્ત્રી, પુત્ર વગેરે કોઈ પણ પદાર્થમાં નિરપેક્ષ પ્રેમ જોવામાં નથી આવતો, અને પ્રત્યગાત્મામાં તો ક્ષુદ્રમાં ક્ષુદ્ર જંતુનો પણ સ્વાભાવિક, સર્વાનુભવસિદ્ધ, નિરપેક્ષ પ્રેમ જોવામાં આવે છે. માટે 'परमप्रेमास्पदत्व' રૂપ હેતુ વડે, તથા **तदेतत्प्रेयः पुत्रात्प्रेयो वित्तात्प्रेयोऽन्यस्मात्सर्वस्मादन्तरतरं यदयमात्मा।** (બૃ. ઉ. ૧,૪,૮) આ આત્મા પુત્રથી પ્રિય છે, ધનથી પણ વધારે પ્રિય છે, બીજી સર્વ વસ્તુઓથી વધારે પ્રિય છે; તે સર્વના અત્યંત અંતરમાં પોતાના રૂપે જ વિદ્યમાન છે– વગેરે શ્રુતિઓ વડે પણ આત્મા પરમાનંદરૂપ જ સિદ્ધ થાય છે. માટે જ્ઞાનરૂપ આત્મામાં સુખરૂપતાના સાધક અનુમાનનું નિરાકરણ નૈયાયિક વગેરે વિદ્વાનો પણ કરી શકતા નથી.

માટે જ બૃહદારણ્યક ઉપનિષદ્‌માં યાજ્ઞવલ્ક્ય મહર્ષિએ પોતાની ધર્મપત્ની મૈત્રેયીને, એકમાત્ર અંતરાત્માની પરમ પ્રિયતાનો ઉપદેશ દેતાં કહ્યું હતું કે—

'**स होवाच। न वा अरे पत्युः कामाय पतिः प्रियो भवति, आत्मनस्तु कामाय पतिः प्रियो भवति।**

न वा अरे जायायै कामाय जाया प्रिया भवति,
आत्मनस्तु कामाय जाया प्रिया भवति।
न वा अरे पुत्राणां कामाय पुत्राः प्रिया भवन्ति,
आत्मनस्तु कामाय पुत्राः प्रिया भवन्ति।'

(૨,૪,૬

મૈત્રેયીને યાજ્ઞવલ્કયે કહ્યું–હે મૈત્રેયી, પતિની ખાતર પતિ પ્રિય નથી હોતો, પણ પોતાના આત્માના સુખને માટે જ પતિ પ્રિય હોય છે. તેવી રીતે સ્ત્રીની ખાતર સ્ત્રી પ્રિય નથી હોતી, પણ પોતાના આત્માના સુખને માટે જ સ્ત્રી પ્રિય હોય છે. તે રીતે પુત્રોની ખાતર પુત્રો પ્રિય નથી હોતા, પણ પોતાના આત્માના સુખને માટે જ પુત્રો પ્રિય હોય છે.

શ્રુતિનો આ સિદ્ધાંત લોકમાં પણ પ્રત્યક્ષ દેખાય છે—

એક નગરમાં એક મોટા કરોડપતિ શેઠ રહેતા હતા. તેમને ઘણા પુત્રો હતા. પોતાના બંગલામાં પોતાનાં શેઠાણી સાથે અહીંતહીંની વાત કરતાં કરતાં તે એકદમ બેભાન થઈ ગયા. આજકાલ બીજી સઘળી વસ્તુઓ તો મોંઘી થઈ ગયેલી છે, પણ અસંયમની પ્રચુરતા તથા ચિંતાઓની અધિકતાને કારણે સર્વ રોગ સસ્તા થઈ ગયા છે, અને મૃત્યુ તો બોલાવ્યા વિના જ ગળું પકડવા માટે અકસ્માત્ દોડયું આવે છે. હવે શું બને? બંગલાના ટેલિફોન ખટપટ અવાજ કરવા મંડી પડયા. જોતજોતામાં તો સર્વ પુત્રો, સગાં સંબંધીઓ તથા ઈષ્ટ મિત્રો ત્યાં આવી પહોંચ્યા. આવીને પુત્રોએ જોયું કે પિતાજી નિશ્ચેષ્ટ બનીને પડયા છે, નથી દેખતા ને નથી બોલતા કે નથી સાંભળતા. પિતાજીની હાલત બહુ બુરી થઈ ગઈ છે. પુત્રોએ મોટરો મોકલીને જલ્દીથી વૈદ્યો તથા ડોકટરો બોલાવ્યા. પુત્રોએ ડોકટરોને કહ્યું–ગમે તેટલું ખર્ચ થાય, તેની પરવા નહિ; પણ

એકવાર પાંચ મિનિટ માટે પિતાજી સાથે વાતચીત કરાવી દો. ડૉકટરોએ જોયું–હજી દીવો તદ્દન હોલવાઈ ગયો નથી, અતિ મંદ પ્રકાશથી સહેજસહેજ બળી રહ્યો છે. તરત જ ડૉકટરોએ કેસર–કસ્તુરીનાં ઈન્જેકક્ષન આપ્યાં. તેમના પ્રભાવથી મરણને આરે ઊભેલા શેઠની આંખો ખુલી, તેમનું ભાન પાછું આવ્યું. તે જોઈને પુત્રો રાજી થયા.

ત્યાં એકઠા થયેલા લોકો વિચારી રહ્યા હતા કે–અંતિમ સમયે પુત્રો પોતાના પિતાના કલ્યાણની કંઈ વાતો કરશે પણ બરાબર ભાન આવ્યું કે તરતજ પુત્રોએ પોતાના સ્વાર્થની વાત કાઢી. કહેવા લાગ્યા–પિતાજી, બતલાવતા જાઓ કે શું કયાં રાખ્યું છે. પાસે ઊભેલાં શેઠાણી પણ રડતાં રડતાં બોલવા લાગ્યાં–હાયરે, તમે તો જાઓ છો, પણ મારું શું થશે? કોઈકે મનમાં કહ્યું–'તારું શું થવાનું હતું? તને તો આ બિચારો બધું જ આપીને ખાલી હાથે જાય છે!' તે વખતે તે શેઠાણી એમ નથી પૂછતી કે-આપને શું થાય છે? જે સદાને માટે સર્વસ્વ છોડીને, અકિંચન બનીને અહીંથી જઈ રહ્યો છે, તે ગરીબ બિચારા શેઠની કોઈને પડી નથી. સૌને પોતપોતાની પડી છે. સર્વ સગાંવહાલાં પોતાની મતલબની વાત કરે છે, તેના હિતની વાત વિચારતાં નથી. આ છે સંસારમાં સફેદ સ્વાર્થીપણાનો નમૂનો.

માટે જ ભગવત્પાદ આચાર્ય સ્વામીએ ઉપદેશ આપ્યો છે કે–

का ते कान्ता कस्ते पुत्रः संसारोऽयमतीव विचित्रः ।
कस्य त्वं कः कुत आयातः, तत्त्वं चिन्तय यदिदं भ्रातः ! ॥
भज गोविन्दं भज गोविन्दं गोविन्दं भज मूढमते ॥

કોણ તારી સ્ત્રી છે? કોણ તારો પુત્ર છે? અર્થાત્ નથી કોઈ તારી સ્ત્રી, અને નથી કોઈ તારો પુત્ર. નકામી તેમનામાં મમતા વધારીને દુઃખી શા માટે થઈ રહ્યો છે? આ સંસાર

બહુ વિચિત્ર છે, સ્વાર્થપ્રચુર છે; કોઈ કોઈનું નથી. જીવ એકલો જ આ સંસારમાં આવે છે, અને એકલો જ જાય છે. કોઈ સાથે આવતું નથી. માટે હે ભાઈ, તું કોનો છે? ક્યાંથી આવ્યો? આનો શાન્ત ચિત્તથી વિચાર કર. જો તું વિચાર કરવામાં જાતે અસમર્થ હોય, તો વિદ્વાન્, વીતરાગ, મહાત્માઓની પાસે જઈને આ વિષયનો વિચાર કર, અને નિરંતર શ્રી ગોવિંદ ભગવાનનું પ્રેમથી ભજન કર્યા કર.

આ પ્રમાણે પુત્રના સુખ માટે પુત્ર પ્રિય નથી લાગતો, પણ પોતાના સુખ માટે પુત્ર પ્યારો લાગે છે.

તેનું એક સેમ્પલ વિદ્યારણ્યસ્વામીએ 'પંચદશી' ગ્રંથમાં આ પ્રમાણે આપ્યું છે—

'श्मश्रुकण्टकवेधेन, बाले रुदति तत्पिता।
चुम्बत्येव न सा प्रीतिर्बालार्थे स्वार्थ एव सा॥'

સ્વામીજી એકવાર ભિક્ષા માટે વસ્તીમાં ગૃહસ્થોને ત્યાં જઈ રહ્યા હતા. ત્યાં આ એક ઘટના નજરે પડી. એક મોટી લાંબી મૂછોવાળા બાપ હતા. તે પોતાના નાના છ માસની ઉમ્મરવાળા પુત્ર સાથે પ્રેમ કરી રહ્યા હતા. તેના કોમળ, સુંદર મુખ પર પોતાનું મુખ લગાવીને, તે પુત્રને વારંવાર ચૂમી રહ્યા હતા. પણ તેમના કાંટા જેવા તીક્ષ્ણ, મૂછના વાળ બાળકના કોમળ ગાલમાં વારંવાર ભોંકાતા હતા, અને બાળક તેની પીડાથી રડી રહ્યો હતો; છતાં વારંવાર પ્યાર કરતા તે પિતાએ તેના રોવાની કે પીડાની પરવા ન કરી, અને તેનું કોમળ મુખ ચૂમતો જ રહ્યો. વિદ્યારણ્ય સ્વામી આ ઘટનાને જોઈને પ્રશ્ન કરે છે કે—તે મૂછવાળો બાપ પોતાના સુખને માટે પુત્ર સાથે પ્યાર કરે છે કે તે બચ્ચાના સુખને માટે? આપણે નહિ કહી શકીએ કે—તે બચ્ચાના સુખ માટે પ્યાર કરે છે, કારણકે બાળકને તો કાંટા જેવા મુછોના

વાળ ભોંકાવાથી પ્રત્યક્ષ દુઃખ થઈ રહ્યું છે. માટે નિશ્ચયપૂર્વક એમ કહેવું પડશે કે–પોતાના કોઈ કલ્પિત સુખ માટે જ પિતા તે પુત્ર સાથે પ્યાર કરે છે, પુત્રના સુખ માટે નહિ. પુત્રના દુઃખની તેને પરવા નથી, પણ પોતાના સુખની જ તેને પરવા છે.

न वा अरे वित्तस्य कामाय वित्तं प्रियं भवति,
आत्मनस्तु कामाय वित्तं प्रियं भवति ।

અરે મૈત્રેયી, ધનની ખાતર ધન પ્રિય નથી લાગતું, પણ આત્મસુખને માટે જ ધન પ્રિય લાગે છે.

હીરા, મોતી, સોનું, ચાંદી, નોટ વગેરે જેને આપ ધન સમજો છો, જેના પર આપ બહુ પ્રેમ રાખો છો, જેને આપ ખાસ અંદરના ઓરડામાં રાખેલી મજબૂત તિજોરીના ખાનામાં છુપાવીને રાખો છો, વારંવાર તેની યાદ કરો છો–આ બધું કોને માટે? શું તે ધનને ઠંડી લાગે છે? તેથી તમે તેને તિજોરીમાં બંધ કરી દો છો? આ પ્રકારે ધન માટે આપનો પ્રેમ તથા તેનું રક્ષણ ધનના કોઈપણ પ્રયોજન માટે નથી હોતું, પણ પોતાના સુખલાભરૂપી પ્રયોજન માટે હોય છે. તેજ ધન જ્યારે દુઃખનું કારણ બની જાય છે, ત્યારે આપ તરત તેને ત્યજી દો છો. આ પ્રત્યક્ષ વાત છે.

એક વખતે ઉત્તર પ્રદેશના કાનપુર નગરની એક ધર્મશાળામાં રાતે નવ વાગે મારું પ્રવચન થતું હતું. તે જ વખતે પાસેના એક ધનવાનના મકાનમાં હાથમાં પિસ્તોલ સાથે. ચાર ગુંડાઓ ઘૂસી ગયા. ધનિક પોતાના મુનીમ તથા પુત્રની સાથે, તીજોરી ખોલીને તે સમયે રૂપીઆ, નોટ વગેરે ગણી રહ્યો હતો. પિસ્તોલ તાકીને ગુંડાઓ કહેવા લાગ્યા–આ બધું ધન અમને સોંપી દો, નહિ તો આ પિસ્તોલની ગોળીનો અને તમારી

છાતીનો સંયોગ થશે. મુનીમ, શેઠ વગેરે ભયને લીધે થરથર કાંપતા કાંપતા ચાવીઓ ફેંકીને ચુપચાપ એક તરફ ઊભા રહ્યા. ગુંડાઓ જોત-જોતામાં લાખોની સંપત્તિ લઈને ભાગી ગયા. તે સમયે શેઠને દુઃખ તથા મૃત્યુનું કારણ હોવાને લીધે ધનનો પ્રેમ છોડવો પડયો. આ ધન હવે સુખને બદલે દુઃખ આપશે, જો હું તેને નહિ છોડું તો જલ્દી આ લોકો મને યમરાજને ત્યાં મોકલી દેશે-આમ સમજીને શેઠ ગુંડાઓને હાથ જોડીને કહેવા લાગ્યા-લઈ જાઓ, ભાઈઓ! એને ચુપચાપ લઈ જાઓ. હું કશું કહેવાનો નથી. માત્ર અમારા પર દયા રાખો. આ લૌકિક ઘટનાથી પણ એ જ નિર્ણય થાય છે કે-ધનની ખાતર ધન પ્રિય નથી લાગતું, પણ આત્મસુખને માટે જ ધન પ્રિય લાગે છે.

'न वा अरे ब्रह्मणः कामाय ब्रह्म प्रियं भवति,
आत्मनस्तु कामाय ब्रह्म प्रियं भनति।
न वा अरे क्षत्रस्य कामाय क्षत्रं प्रियं भवति,
आत्मनस्तु कामाय क्षत्रं प्रियं भवति ॥

બ્રાહ્મણની ખાતર બ્રાહ્મણ પ્રિય નથી લાગતો, પોતાના સુખને માટે બ્રાહ્મણ પ્રિય લાગે છે. તે રીતે ક્ષત્રિયની ખાતર ક્ષત્રિય (રાજા) પ્રિય નથી લાગતો, પણ પોતાના સુખને માટે જ તે પ્રિય લાગે છે.

તે બ્રાહ્મણ હોય, ક્ષત્રિય હોય કે બીજો કોઇ હોય, ગમે તે હોય, સંસારમાં તમે તેના પર પ્રેમ રાખો છો, તેને પોતાનો મિત્ર બનાવો છો, તે તેના પ્રયોજન માટે નહિ, પણ ખાસ કરીને પોતાના પ્રયોજનને જ ધ્યાનમાં રાખીને તેના પર પ્રેમ કરો છો, મિત્રતાનો સંબંધ બાંધો છો. અહીં 'પ્રયોજન'નો અર્થ છે-દુઃખોની નિવૃત્તિ તથા સુખની પ્રાપ્તિ. જો તેનાથી સ્વપ્રયોજનનો લાભ ન

થાય, તો તમે તેની સાથે પ્રેમ રાખવો છોડી દો છો, મિત્રતાની તલ્લાક (ડાઈવોર્સ) આપી દો છો. આ વાત દુનિયામાં સેંકડો જગ્યાઓએ જોવામાં આવે છે.

'ना वा अरे देवानां कामाय देवाः प्रिया भवन्ति,
आत्मनस्तु कामाय देवाः प्रिया भवन्ति।'

શિવ, વિષ્ણુ, રામ, કૃષ્ણ, ઇન્દ્ર, વરુણ, શક્તિ વગેરે દેવો તેમના પ્રયોજન માટે પ્રિય નથી લાગતા, પણ પોતાના પ્રયોજનને માટે પ્રિય લાગે છે.

તમે દેવો સાથે તથા ભગવાન સાથે પ્રેમ શા માટે કરો છો? તેમનું સ્મરણ, પ્રાર્થના, અર્ચના વગેરે શા માટે કરો છો? તેમના સુખને માટે નહિ, પણ આપના સુખ માટે—આ નિઃસંદેહ વાત છે. પ્રાર્થના કરતાં કરતાં તમે કહો છો કે—હે ભગવન્! હે સર્વશક્તિમાન્ પ્રભો! तारय संसारसागरतः, મને સંસારસાગરમાંથી તાર, જન્મમરણાદિ દુઃખોથી છોડાવ, મોક્ષસુખ અપાવ, હમારું કલ્યાણ કર—આ બધી પ્રાર્થનાઓ પોતાના પ્રયોજનને માટે જ હોય છે, ભગવાનને માટે નહિ. કોઈ પણ ભગવાનને માટે એવી પ્રાર્થના નથી કરતું કે—હે ભગવાન્! તારું કલ્યાણ થાઓ, તારું દુઃખ દૂર થાઓ, તું સદા આનંદમાં રહે. ભલેને ભગવાનનું કલ્યાણ થાય કે ન થાય, તેનું દુઃખ દૂર થાય કે ન થાય, તેને સુખ મળે કે ન મળે—તેની મને ખાસ આવશ્યકતા નથી, પણ મારું કલ્યાણ જરૂર થવું જોઈએ, મારું દુઃખ અવશ્ય દૂર થવું જોઈએ, મને અવશ્ય સુખ મળવું જોઈએ—આ આત્મપ્રયોજનનું લક્ષ્ય દેવોની પ્રાર્થનામાં પણ રહે છે.

જોકે સર્વાત્મા ભગવાન હમેશાં કલ્યાણમય જ હોય છે, તેમનામાં દુઃખનું નામનિશાન પણ હોતું નથી, તે હમેશાં

વિશુદ્ધ સુખના મહાસાગર જ હોય છે, અને તેથી તેમને માટે કલ્યાણ વગેરે પ્રયોજનની અપેક્ષા રહેતી નથી, છતાં પ્રકૃતમાં શ્રુતિ એમ સાબીત કરવા માંગે છે કે–ભગવાનની ખાતર–તેમના પ્રયોજન માટે ભગવાન પ્રિય લાગતા નથી, પણ આત્મપ્રયોજનને માટે ભગવાન પ્રિય લાગે છે.

અહીં વ્યંજનાવૃત્તિથી આત્મા તથા ભગવાનના એકત્વનો પણ નિર્ણય થઈ જાય છે. કેવી રીતે? આ પ્રકારે–જો આરાધ્ય ભગવાન આત્માથી ભિન્ન માન્યો જાય, તો ભગવાનમાં પરમપ્રેમરૂપ અનન્ય ભક્તિની સિદ્ધિ થતી નથી, કારણ કે સર્વને સ્વભાવિકરૂપે આત્મામાં જ પરમ પ્રીતિ થાય છે. 'દેવોને માટે આપણે દેવોમાં પ્રીતિ કરતા નથી, પણ પોતાના સુખને માટે જ કરીએ છીએ' વગેરે શ્રુતિવચનો દ્વારા તથા લૌકિક અનુભવો દ્વારા પણ આજ વાત સિદ્ધ થાય છે. આત્માથી જે કોઈ બીજો પદાર્થ હોય, ભલેને તે સ્ત્રી, પુત્ર વગેરે હોય કે પછી શિવ, વિષ્ણુ વગેરે દેવ હોય–તેમાં ગૌણ પ્રીતિ થાય છે, મુખ્ય નહિ. પોતાને માટે થનારી, બીજા પદાર્થોમાંની પ્રીતિ મુખ્ય નથી હોતી. સર્વ પદાર્થો આત્મા માટે જ છે, આત્મા બીજા કોઈના માટે નથી, તે અનન્ય છે. માટે આત્મામાં જ મુખ્ય પ્રીતિ છે.

છેવટે ભગવાનને આત્મસ્વરૂપ માનવાથી જ ભગવાન પ્રત્યે અનન્ય ભક્તિ સિદ્ધ થાય છે. તેથી આપણાં તમામ ઉપનિષદ્, ગીતા, ભાગવત વગેરે શાસ્ત્રો ભગવાનને આત્મરૂપે જ પ્રતિપાદન કરે છે. માટે ઉપનિષદ્, ગીતા વગેરેનાં વચનોના અર્થનો નિર્ણય કરનારી બ્રહ્મસૂત્ર મીમાંસામાં ભગવાન કૃષ્ણ દ્વૈપાયન વ્યાસે પણ કહ્યું છે કે—

आत्मेति तूपगच्छन्ति ग्राहयन्ति च। (૪, ૧, ૩)

વિશ્વનું કારણ આરાધ્ય, ઈષ્ટદેવ, પરમેશ્વર આત્મા જ છે, એમ નિશ્ચયરૂપે સમજવું જોઈએ. त्वं वा अहमस्मि भगवो देवते! अहं वै त्वमसि भगवो देवते!—હે ભગવન્ ! હે દેવ, જે તું છે તેજ હું છું; જે વસ્તુત: હું છું તે તું છે. અને વિદ્વાન્, આચાર્ય ગુરૂ પણ મુમુક્ષુઓ પ્રત્યે કહે છે—एष त आत्मा सर्वान्तरः (બૃ૦ ૩, ૪, ૧) एष त आत्मा अन्तर्याम्यमृतः (બૃ૦ ૩, ૭, ૨૩)—આ તારો આત્મા છે, જે સર્વાન્તર પરમેશ્વર છે. આ તારો આત્મા છે, જે અમૃતરૂપ અંતર્યામી ભગવાન છે—વગેરે ઉપનિષદોનાં અનેક વચનોથી પરમેશ્વરને આત્મરૂપે જ ગ્રહણ કરાવે છે.

न वा अरे सर्वस्य कामाय सर्वं प्रिय भवति,
आत्मनस्तु कामाय सर्वं प्रियं भवति।

હાથી, ઘોડા, ગાય, મોટર, મકાન, દુકાન, લાડુ, પુરી, કચોરી, કેળાં, સંતરાં, દ્રાક્ષ વગેરે સંસારની સર્વ ચીજો તેમની ખાતર પ્રિય લાગતી નથી, પણ આત્મસુખને માટે જ પ્રિય લાગે છે. માટે હે મૈત્રેયી, आत्मा वा अरे द्रष्टव्यः श्रोतव्यो मन्तव्यो निदिध्यासितव्यः। તે પરમપ્રેમાસ્પદ આત્માનું જ નિશ્ચયપૂર્વક દર્શન કરવું જોઈએ. તેના દર્શન માટે શાસ્ત્ર તથા ગુરૂ દ્વારા શ્રદ્ધાપૂર્વક તે આત્માનું જ શ્રવણ કરવું જોઈએ, એકાગ્રતાથી મનન કરવું જોઈએ, તથા મસ્ત બનીને તન્મયતાપૂર્વક તેનું જ ધ્યાન કરવું જોઈએ.

આ રીતે પોતાનો આત્મા પરમપ્રેમાસ્પદ હોવાને કારણે પણ પરમ આનંદસ્વરૂપ છે. તેથી સદ્રૂપ, ચિદ્રૂપ, આનંદરૂપ આત્મા ભગવાનની પરા પ્રકૃતિ છે, અર્થાત્ અભિન્ન સ્વરૂપ છે, જેના વડે સર્વ જગતનું ધારણ થાય છે. તેથી પણ તે ચેતનરૂપ વિભુ આત્મા ભગવાનનું અનન્ય સ્વરૂપ જ સિદ્ધ થાય છે.

(૬)

एतद्योनीनी भूतानि सर्वाणीत्युपधारय ।

अहं कृत्स्नस्ट जगतः प्रभवः प्रळयस्तथा ॥७, ६

માટે હે અર્જુન, તું એવો નિશ્ચય કર કે—આ સંપૂર્ણ ચરાચર ભૂત આ બે પરા તથા અપરા પ્રકૃતિઓથી જ બનેલાં છે, તથા હું ભગવાન સંપૂર્ણ જગતની ઉત્પત્તિનું તથા પ્રલયનું મૂળ કારણ છું.

આનંદનિધિ, સર્વસમર્થ, પ્રભુ શ્રીકૃષ્ણ અર્જુનને કહે છે કે—હું પરમેશ્વર મારી સર્વોત્તમ પરાપ્રકૃતિદ્વારા તથા નિકૃષ્ટ અપરા પ્રકૃતિદ્વારા, અર્થાત્ બંનેના સહકારથી આ નામરૂપાત્મક સમસ્ત જગતનું સર્જન કરું છું, પાલન કરું છું તથા અંતમાં મારામાં જ આ નિખિલ જગતનો વિલય કરી દઉં છું. અહીં 'પ્રભવ' શબ્દ વડે પરમાત્મામાં નિમિત્ત કારણતાની, તથા 'પ્રલય' શબ્દ વડે ઉપાદાનકારણતાની સિદ્ધિ કરવામાં આવી છે. જેવી રીતે કુંભાર વડે ઘડો, શરાવ વગેરે પાત્રોનો પ્રભવ માત્ર થાય છે, પણ કુંભારમાં તેના વડે સરજાયેલાં તે પાત્રોનો વિલય થતો નથી, તેથી તે કુંભાર તે પાત્રોનું નિમિત્ત કારણ મનાય છે, ઉપાદાન-કારણ નહિ. કાર્યના વિલયનો જે આધાર હોય છે, તે જ ઉપાદાન. કારણ બની શકે છે. ઘટ, શરાવ વગેરે કાર્યોનો વિલય એક માત્ર માટીમાં જ બની શકે છે, તેથી માટી જ તેમનું ઉપાદાન. કારણ મનાય છે. તેવી રીતે પરમાત્મા વડે બનાવેલું તથા સંરક્ષણ કરાયેલું આ સમગ્ર જગત એકમાત્ર પરમાત્મામાં જ વિલીન થાય છે, તેથી પરમાત્મા જ આ વિશ્વવનું ઉપાદાન કારણ મનાય છે. માટે આપણી કૃષ્ણયજુર્વેદની તૈત્તિરીય શ્રુતિ પણ પિતાપુત્રના પ્રશ્નોત્તર દ્વારા સિદ્ધ કરે છે.

ત્યારે જ ભગવાનમનઅન્યત્ ભક્તિની સિદ્ધિ થાય છે ૧૫૨

भृगुर्वै वारुणिर्वरुणं पितरमुपससार, अधीहि भगवो ब्रह्मेति ।
(તૈ. ઉ. ૩, ૧)

વરુણઋષિનો પુત્ર ભૃગુ છે. તે પોતાના પિતા વરુણ ઋષિની પાસે જઈ ને વિનયપૂર્વક કહેવા લાગ્યો કે–હે ભગવન્! આપ મને કૃપા કરીને બ્રહ્મનો ઉપદેશ કરો.

પુત્રની બ્રહ્મોપદેશ માટેની પ્રાર્થના સાંભળીને પિતા વરુણ ભૃગુને આ પ્રકારે બ્રહ્મનો ઉપદેશ આપવા લાગ્યા—

यतो वा इमानि भूतानि जायन्ते, येन जातानि जीवन्ति, यत्प्रयन्त्यभिसंविशन्ति, तद् विजिज्ञासस्व, तद् ब्रह्मेति ।:
(તૈ. ઉ. ૩. ૨)

આ શ્રુતિમાં જે 'यत्, શબ્દ છે, તે સત્ય, જ્ઞાન, અનંત આનંદરૂપ બ્રહ્મ વસ્તુનું બોધન કરે છે; તથા 'यत्' શબ્દની પાછળ જે પંચમી વિભક્તિ છે, તે તે વસ્તુમાં કારણતા બતાવે છે; અર્થાત્ જેમાંથી આ સર્વભૂત પ્રાણી ઉત્પન્ન થાય છે, ઉત્પન્ન થઈ જેના વડે જીવિત રહે છે, તથા અંતે મરીને જેમાં વિલીન થઈ જાય છે, તેને વિશેષરૂપે જાણવાની ઇચ્છા કર; તે જ બ્રહ્મ છે. તે રીતે શ્રુતિમાં તથા ગીતામાં **कृत्स्नस्य जगतः प्रभव-स्थितिविलयकारणत्वं**–એ બ્રહ્મનું તટસ્થ લક્ષણ કહ્યું છે. તટસ્થ લક્ષણ તેને કહેવામાં આવે છે કે જે **कादाचित्कत्वे सति व्यावर्तक** હોય, જે લક્ષણ પોતાના લક્ષ્યમાં કદાચિત્ રહેતું પોતાના લક્ષ્યને બીજા (અલક્ષ્ય) પદાર્થોથી પૃથક્ કરીને બતાવે; આ તટસ્થ લક્ષણ કહેવાય છે.

કોઈ અજાણી વ્યક્તિએ પૂછ્યું કે–રામલાલ વૈદ્યનું ઘર ક્યાં છે? તેણે હાથ વડે ઈશારો કરીને બતાવ્યું કે–જેની સામે મોટર ઊભી છે, તથા ત્રણ સ્ત્રીઓ ભેગી મળીને કંઈક વાત કરી રહી

છે, તે રામલાલ વૈદનું ઘર છે. પેલી વ્યક્તિએ હવે ઘરને ઓળખી લીધું, તે ઘરની તરફ જવા લાગી; એટલામાં ત્યાંથી મોટર પણ ચાલી ગઈ અને સ્ત્રીઓ પણ ખસી ગઈ. આ છે ઘરનું તટસ્થ લક્ષણ. ઘરની સામે મોટર તથા સ્ત્રીઓ થોડાક સમય માટે ઊભી હતી. તે સદાને માટે ત્યાં ઊભી રહેતી ન હતી, પણ તેમણે બીજાં ઘરોથી વ્યાવૃત્તિ (પૃથક્કરણ) કરીને રામલાલના ઘરનો પરિચય કરાવ્યો.

તે રીતે **प्रभवस्थितिविलयकारणत्वं**-આ તટસ્થ લક્ષણ બ્રહ્મ-પરમાત્મામાં સદા રહેતું નથી, પણ માયાની અધિષ્ઠાનતાના કાળમાં જ રહે છે; માટે તે લક્ષણ કાદાચિત્ક (કોઈક વખત રહેવા વાળું) છે, તથા બીજા મતવાદીઓથી સંમત પ્રધાન (પ્રકૃતિ), પરમાણુ, કાલ વગેરે કારણોથી બ્રહ્મરૂપ લક્ષ્યને પૃથક્ કરીને બતાવે છે. આ પ્રમાણે કાદાચિત્ક હોવાથી તથા વ્યાવર્તક હોવાથી **प्रभवस्थितिविलयकारणत्वं**-આ બ્રહ્મનું તટસ્થ લક્ષણ છે, સ્વરૂપ લક્ષણ નહિ.

પ્રશ્ન-આપનું અદ્વય બ્રહ્મ તો સર્વધર્મશૂન્ય-નિર્ધર્મક-નિર્ગુણ છે. તેમાં પૂર્વોક્ત કારણત્વરૂપ ધર્મ પણ રહી શકશે નહિ. તો પછી તે તેનું લક્ષણ કેવી રીતે બની શકે?

ઉત્તર-તે બ્રહ્મમાં કારણતા પણ વાસ્તવિક નથી, પણ માયા વડે આરોપિત છે. તેથી તે કાદાચિત્ક મનાય છે. જેવી રીતે **रजतं शुक्तेर्लक्षणं, यद्रजतं सा शुक्तिः।** ભ્રમસ્થલમાં શુક્તિનું (છીપનું) લક્ષણ ચાંદી છે, કારણ કે આરોપિત પદાર્થ અધિષ્ઠાનનું પરિચાયક લક્ષણ હોય છે. અને જે શુક્તિના અજ્ઞાનથી આરોપિત ચાંદી છે, તે વસ્તુતઃ છીપ જ છે, છીપથી પૃથક્ નથી, એવો વ્યવહાર થાય છે; તેવી રીતે જે જગતનું કારણ છે, તે બ્રહ્મ છે-તે કથનનું તાત્પર્ય એ છે કે-બ્રહ્મમાં જે અવિદ્યાકલ્પિત,

નામરૂપાત્મક જગતનું અધ્યાસાધિષ્ઠાનપણું છે, તે જ કારણત્વ છે, તે નિર્ગુણ-નિર્ધર્મક બ્રહ્મનું પણ લક્ષણ બની શકે છે આ આરોપિત જગત્ વસ્તુતઃ બ્રહ્મ જ છે, અધિષ્ઠાન બ્રહ્મથી પૃથક્ તેની સિદ્ધિ થતી જ નથી.

પ્રશ્ન–ત્યારે બ્રહ્મનું સ્વરૂપ લક્ષણ શું છે?

ઉત્તર–સત્ય, જ્ઞાન, અનંત, આનંદ વગેરે બ્રહ્મનું સ્વરૂપ-લક્ષણ છે. विज्ञानमानन्दं ब्रह्म (બૃ. ઉ. ૩, ૯, ૨૮), सत्यं ज्ञानमनन्तं ब्रह्म (તૈ. ઉ. ૨, ૧) વગેરે શ્રુતિઓએ પણ બ્રહ્મનું આ જ સ્વરૂપ લક્ષણ કહ્યું છે. માટે આચાર્ય વેદવ્યાસે બ્રહ્મસૂત્ર મીમાંસામાં પ્રથમ जन्माद्यस्य यतः। (બ્ર. સૂ. ૧, ૧, ૨)–આ સૂત્ર દ્વારા બ્રહ્મનું તટસ્થ લક્ષણ (જન્માદિકારણત્વરૂપ) બતાવીને, પછી ત્રીજા અધ્યાયના ત્રીજા પાદમાં आनन्दादयः प्रधानस्य (૩, ૩, ૧૧)–આ સૂત્રદ્વારા ઉપનિષદ્, ગીતા વગેરે બધાં શાસ્ત્રોમાં પ્રધાનરૂપે (મુખ્યરૂપે) પ્રતિપાદિત બ્રહ્મનું આનંદત્વ, સર્વગતત્વ, સર્વાત્મકત્વ, સત્યવિજ્ઞાનઘનત્વ વગેરે સ્વરૂપભૂત ધર્મોનું સ્વરૂપ-લક્ષણરૂપે વર્ણન કર્યું છે. स्वरूपं सत् व्यावर्तकं स्वरूपलक्षणम्। જે લક્ષણ પોતાના લક્ષ્યનું સ્વરૂપભૂત હોઈને, પોતાના લક્ષ્યને બીજાં અલક્ષ્યથી પૃથક્ કરીને બતાવે, તે સ્વરૂપભૂત લક્ષણ કહેવાય છે; કારણકે વેદાંતસિદ્ધાંતમાં જાતિ–વ્યક્તિનો તાદાત્મ્ય સંબંધ મનાય છે. તાદાત્મ્ય સંબંધ તેને કહેવાય છે કે જેમાં કાલ્પનિક ભેદ તથા વાસ્તવિક અભેદ રહે. તેથી પૃથ્વીત્વ જાતિનો પૃથ્વી–વ્યક્તિની સાથે વાસ્તવિક અભેદ હોવા છતાં પણ વ્યવહારની ખાતર કાલ્પનિક ભેદ મનાય છે. માટે તે પૃથ્વીત્વ લક્ષણ પૃથ્વીનું સ્વરૂપ હોઈને પણ બીજાં અલક્ષ્ય–જલાદિથી પથક્ કરીને પૃથ્વીનો પરિચય આપે છે. આ પ્રમાણે સત્ય, જ્ઞાન, આનંદ આદિ બ્રહ્મનાં સ્વભાવભૂત લક્ષણ છે, તથા લક્ષ્ય બ્રહ્મને

અલક્ષ્ય અસત્, જડ, દુઃખરૂપ જગતથી પૃથક્ કરીને તેનો પરિચય કરાવે છે.

જો કે સત્ય, જ્ઞાન વગેરે વસ્તુતઃ બ્રહ્મસ્વરૂપ છે, તેથી સત્યાદિલક્ષણોનું બ્રહ્મ લક્ષ્ય બની શકે નહિ, કારણકે અભિન્ન પદાર્થોનો પરસ્પર લક્ષ્ય-લક્ષણભાવ નથી હોતો, ભિન્ન પદાર્થોનો જ લક્ષ્યલક્ષણભાવ હોય છે, જેવી રીતે પૃથ્વી પૃથ્વીનું લક્ષણ નથી હોતું. છતાં તે તે ઉપાધિદ્વારા ભાસતા સત્યાદિ પદોના વાચ્યાર્થોની લક્ષ્ય-બ્રહ્મથી ભિન્નતા મનાય છે. તેથી ઔપાધિક ભેદને લઈને બ્રહ્મનો તથા સત્યાદિનો લક્ષ્યલક્ષણભાવ બની શકે છે. સત્યાદિ પદોનો ઔપાધિક વાચ્યાર્થ આ પ્રમાણે છે- બાધાભાવ. વિશિષ્ટ ચૈતન્ય સત્યપદનું વાચ્યાર્થ છે. નેત્રાદિજન્ય તત્તદાકાર-વૃત્ત્યવચ્છિન્ન ચૈતન્ય જ્ઞાન પદનું વાચ્યાર્થ છે. તથા પુણ્યજન્ય આનંદાકાર-વૃત્ત્યવછિન્ન ચૈતન્ય આનંદપદનું વાચ્યાર્થ છે. માટે બ્રહ્મરૂપી લક્ષ્યની સાથે સત્યાદિ લક્ષણોનો વાસ્તવિક અભેદ હોવા છતાં પણ ઔપાધિક-કાલ્પનિક ભેદ હોવાને કારણે લક્ષ્યલક્ષણભાવ બની શકે છે.

માટે જ પંચપાદિકા વ્યાખ્યાનમાં પદ્મપાદાચાર્યજીએ કહ્યું છે કે—

आनन्दो विषयानुभवो नित्यत्वं चेति सन्ति धर्माः
ब्रह्मणोऽपृथकत्वेऽपि पृथगिवावभासन्ते ॥

આનંદ, વિષયોનો અનુભવ અર્થાત્ જ્ઞાન, તથા નિત્યત્વ અર્થાત્ સત્યત્વ-આ ત્રણ ધર્મો બ્રહ્મના છે, તે વસ્તુતઃ બ્રહ્મથી અભિન્ન હોવા છતાં પણ ઉપાધિઓ દ્વારા પૃથક્ હોય તેમ પ્રતીત થાય છે.

આ પ્રકારે પરમાત્માના તટસ્થ લક્ષણ દ્વારા પ્રથમ પરિચય કરવામાં આવે છે; પછી સ્વરૂપ લક્ષણ દ્વારા. બ્રહ્મનું સ્વરૂપ

અજ્ઞાત તથા અદૃષ્ટ હોવાથી પ્રથમ સ્વરૂપ લક્ષણ દ્વારા બ્રહ્મનો પરિચય થતો નથી, તેથી પ્રથમ તટસ્થ લક્ષણનો નિર્દેશ કરવામાં આવે છે. લોકોમાં પણ એવો જ વ્યવહાર જોવામાં આવે છે. જેમકે કોઈએ કોઈને પૂછયું કે–તમે તે હરિલાલને ઓળખો છો? પેલાએ જવાબ આપ્યો–હું જાણતો નથી. ત્યારે તે કહે છે કે–અરે, જે મુંબઈમાં વિલેપાર્લેમાં શ્રીનિવાસમાં રહે છે, અમુક ફર્મના માલિક છે, જેમને જે.પી. ટાઈટલ મળ્યો છે. આ તે હરિલાલનું તટસ્થ લક્ષણ છે, કારણકે તે કાદાચિત્ક છે. જ્યારે તે તીર્થયાત્રાએ અથવા પરદેશ જાય છે, ત્યારે તે વિલેપાર્લેના શ્રીનિવાસ ભુવનમાં રહેતો નથી. કોઈ કારણસર ફર્મ છોડી દેતાં કે વેચી દેતાં, તે ફર્મનો માલિક પણ રહેતો નથી. કોઈ કારણસર તેનો જે. પી. ટાઈટલ પણ રહેતો નથી. છતાં તેનું તે તટસ્થ લક્ષણ બીજી રામલાલ વગેરે વ્યક્તિઓથી તેની વ્યાવૃત્તિ (પૃથકતા) કરાવી આપે છે.

પ્રથમ તે હરિલાલનું એવું તટસ્થ લક્ષણ સાંભળીને, પેલી વ્યક્તિને તેનું સ્વરૂપ જાણવાની ઈચ્છા થાય છે. તેનો ચહેરો કેવો છે? કદ કેવું છે? રંગ કેવો છે? તે બતાવો. ત્યારે પેલો માણસ તેના સ્વરૂપનો પરિચય આપે છે–તેનો ચહેરો ગોળ છે, મોટી મોટી આંખો છે, ઊંચું નાક છે, બદામી રંગ છે, મધ્યમ કોટિનું કદ છે. આ તે હરિલાલના સ્વરૂપનું લક્ષણ છે. માટે य एव पदपदार्थो लोके, त एव वेदेऽपि–જે પદપદાર્થ લોકમાં વ્યવહારમાં વપરાય છે, તે પ્રકારે જ વેદાદિ શાસ્ત્રોમાં પણ વ્યવહાર થાય છે, જુદે પ્રકારે નહિ. તે નિયમ પ્રમાણે જ ગીતા, ઉપનિષદ્ વગેરે શાસ્ત્રોની ઉપદેશપદ્ધતિમાં પણ લૌકિક મર્યાદાઓનું અનુસરણ કરવામાં આવ્યું છે.

તેથી ભગવાને ગીતામાં 'હું સમગ્ર જગત્‌ની ઉત્પત્તિ,

સ્થિતિ તથા લયનું કારણ છું' એવા તટસ્થ લક્ષણનો નિર્દેશ કર્યો છે. આ નામરૂપાત્મક સમગ્ર જગત્ કાર્ય છે. કાર્યનું અવશ્ય કોઈ કારણ હોય છે. કારણ વિના કોઈ કાર્ય થતું નથી, જેવી રીતે પિતા વિના પુત્ર થતો નથી. કોઈ સુંદર મકાનને જોઈને આપણે તેના નિર્માતાને પ્રત્યક્ષરૂપે ન જોતાં છતાં માનીએ છીએ. તે પ્રમાણે આ વિચિત્ર અદ્ભુત બ્રહ્માંડને જોઈને, તેના નિર્માતા ભગવાનને પ્રત્યક્ષરૂપે ન જોવા છતાં આપણે માનવો જોઈએ. જગત્માં ભાગ્યુંતૂટ્યું પણ કોઈ એવું મકાન નહિ હોય કે નાનો જેટલો જમીનનો ટૂકડો પણ નહિ હોય, કે જેનો કોઈ સ્વામી–માલિક ન હોય. અને જો કોઈ તેનો માલિક ન મળે, તો ભારત સરકારને તેની માલિક માનવામાં આવે જ છે. જ્યારે સાધારણ મકાનનો પણ કોઈ માલિક માનવામાં આવે છે, ત્યારે આ આટલા વિશાળ બ્રહ્માંડરૂપી મકાનનો શું કોઈ માલિક નહિ હોય? જરૂર તેનો સ્વામી હોવો જોઈએ. તે ભગવાન છે. તે જ જગતનું કારણ છે તથા સ્વામી છે.

તે અનંત શક્તિમાન છે, સર્વનો અંતરાત્મા છે, નિરાકાર હોવા છતાં પણ પોતાની માયાશક્તિથી સાકાર બની જાય છે. તે ભક્તોને માટે બહુ સુંદર છે, તથા દુષ્ટોને માટે પરમ ઉગ્ર–ભયંકર છે. તેજ પ્રાણીઓનાં કર્મનાં ફળનો પ્રદાતા–કર્માધ્યક્ષ છે. તે ઉપાસનાની સિદ્ધિ માટે, ભકતોની ભાવના અનુસાર અનેક વિગ્રહોને (શરીરોને) ધારણ કરે છે. અદ્વૈત વેદાન્તના આચાર્ય પણ ભગવાનની સ્તુતિ–પ્રાર્થના કરતાં કરતાં એજ કહે છે કે—

योऽनन्तोऽनन्तशक्तिः सृजति जगदिदं पालयत्यन्तरात्मा,
संविश्यान्ते निपीय स्वकमहिमगतः सत्यचिन्मूर्तिरास्ते ।

योऽनुग्रः सज्जनानां परमहिततमः पापिनामुग्रमूर्तिः,
सोऽस्माकं वाञ्छितानि प्रदिशतु भगवानात्मदः श्रीनृसिंहः ॥

જે પરમાત્મા અનંત છે, અર્થાત્ દેશ, કાળ તથા વસ્તુકૃત પરિચ્છેદોથી રહિત- અપરિચ્છિન્ન છે, અનંત શક્તિઓથી પૂર્ણ છે, માટે વિશ્વનો અંતરાત્મા બનીને આ જગતનું સર્જન કરે છે તથા પાલન કરે છે. સત્તા તથા સ્ફૂર્તિ પ્રદાન કરવા માટે તે જગતની અંદર પ્રવેશ કરે છે, તથા અંતમાં સર્વનો પોતાનામાં વિલય કરીને પોતાના અખંડૈકરસ મહિમામાં અવસ્થિત બનીને સત્યચૈતન્યઘનરૂપે રહે છે. તે જ નિર્ગુણ-નિરાકાર પરમાત્મા માયાશક્તિ દ્વારા સગુણ-સાકાર બનીને સજ્જનોને માટે સૌમ્યમૂર્તિ બનીને, તેમનો પરમહિતકારી બને છે. તથા તે જ પાપી-દુષ્ટો માટે ઊગ્રમૂર્તિ બનીને દંડ આપે છે. તે ભગવાન આત્મપ્રદાતા શ્રીનૃસિંહ અમને વાંછિત પદાર્થો આપો.

સંસારમાં જો તમે કોઈ સારી વ્યવસ્થા જુવો છો, તો તેનો કોઇ વ્યવસ્થાપક-શાસક જરૂર હોવો જોઈએ, તેવું માનો છો. તેવી રીતે ભારતની સર્વ પ્રકારની નિયમબદ્ધ રાજ્યવ્યવસ્થા જોઈને તમે તેની વ્યવસ્થાપક-શાસક ભારત સરકારને માનો છો, તેનો અપલાપ (ઈન્કાર) કદી પણ કરતા નથી. તે પ્રમાણે આ જગતમાં પણ અનેક પ્રકારની વ્યવસ્થાઓ જોવામાં આવે છે, અવ્યવસ્થિત કાર્ય થતું જોવામાં આવતું નથી. રાત દિવસ પછી વ્યવસ્થિતરૂપે આવે છે, રાત પછી દિવસ. વર્ષાઋતુ પછી શરદ, તથા શરદ પછી હેમંત, વસંત ગ્રીષ્મ વગેરે ઋતુઓનું ક્રમપૂર્વક પરિવર્તન પણ વ્યવસ્થિતરુપે જોવામાં આવે છે. પૂર્ણિમા પછી અમાવાસ્યા તથા વદ પછી સુદ અનવરત (સતત), એક પછી એક આવતાં જતાં રહે છે. ખેતરમાં ઘઉં વાવવાથી ઘઉં જ ઊગે છે, અને મગ

વાવવાથી મગ. એવું કોઈપણ દિવસ જોવામાં આવતું નથી કે-વાવે ઘઉં અને થાય ચણા, અને વાવે ચણા અને થાય મગ. આંબાના બીજમાંથી આંબો જ ઉગે છે, બોરસલ્લી નથી થતી. તે પ્રમાણે મનુષ્યથી મનુષ્ય જ પેદા થાય છે, ઘેટાં બકરાં નહિ, તથા ઘેટાં બકરાંથી ઘેટાં બકરાં જ થાય છે, હાથી ઘોડા નહિ. મનુષ્ય અમુક સમય સુધી બાળક રહે છે, અમુક સમય સુધી જુવાન, અમુક સમય સુધી વૃદ્ધ. જે જન્મે છે, તેને મોડાવહેલા એક દિવસ મરવું જ પડે છે.जातस्य हि ध्रुवो मृत्युः। (ગીતા. ૨, ૨૭) એ અટલ વ્યવસ્થા સર્વત્ર જોવામાં આવે છે. સર્વપ્રાણી જન્મજન્માંતરીય શુભાશુભ કર્મની વ્યવસ્થાને અધીન બનીને અનેક પ્રકારની સંપત્તિઓ તથા વિપત્તિઓનો અનુભવ કરે છે, કોઈક વખત ઈષ્ટલાભથી ફૂલ્યા સમાતા નથી, તથા અનિષ્ટ લાભથી 'હાય હાય' કરતાં થાકતા નથી; સુખથી ખીલી ઊઠે છે તથા દુઃખથી કરમાઈ જાય છે; કોઈક વખત રડે છે તો કોઈક વખત હસે છે, કોઈક વખત માણસ પ્રિય બનીને રાજી કરે છે તો કોઈક વખત તે જ પ્રિય માણસ અપ્રિય બનીને નારાજ કહે છે. કોઈક સ્વસ્થ (તંદુરસ્ત) રહે છે તો કોઈક રોગી, કોઈક વિદ્વાન છે તો કોઈ મૂર્ખ; કોઈ ધનવાન છે તો કોઈ ગરીબ, કોઈ ચિરંજીવી છે તો કોઈ સ્વલ્પજીવી જન્મતાં જ મરી જાય છે; કોઇ ચહેરો સુંદર ગૌર છે તો કોઇનો કાળો અને કદ્રૂપો; કોઇને સુખ આપનાર સ્ત્રી-પુત્ર મળે છે તો કોઈને તે દુઃખ આપે છે, કોઇ બોલવામાં ખૂબ હોશિયાર હોય છે તો કોઈ હોશિયારીમાં શૂન્ય હોય છે, કોઈનો સ્વભાવ સારો છે તો કોઈનો ખરાબ. કોઈ મધુર બોલે છે તો કોઈ કડવું; કોઈ ધાર્મિક અને પ્રમાણિક હોય છે તો કોઈ લુચ્ચો અને બદમાશ. આ પ્રમાણે આ સંસારચક્રની કર્મવ્યવસ્થા

અનેક પ્રકારની નજરે પડે છે. ત્યારે આ વ્યવસ્થાના કોઈ સંચાલકને જરૂર માનવો પડે છે. તે છે પરમેશ્વર, જગન્નિયંતા, વિશ્વનો શાસક, ભગવાન્.

જેવી રીતે તમે તમારા મકાનમાં પ્રકાશ માટે દીવો બાળો છો, હવાને માટે પંખો રાખો છો, તે રીતે તે પરમેશ્વરે બ્રહ્માંડ-રૂપી પોતાના વિશાળ મકાનમાં સુર્યચંદ્રરૂપી દીવા રાખ્યા છે, સતત હવા આવે તે માટે પવનને નીમ્યો છે. તમે વિચાર કરી શકો છો કે—આ બ્રહ્માંડરૂપી મકાનની ઉપરની આકાશરૂપી છતમાં કોણે સૂર્યચંદ્ર ટાંગ્યા છે? શું ત્યાંની કોઈ શક્તિશાળી સરકારે તેમને ટાંગ્યા છે? હવાનો પ્રબંધ કોણે કર્યો છે? છે કોઈ અહીંનો પ્રબંધક? વળી આકાશરૂપી છતને કોણે અસંખ્ય તારાઓથી સુશોભિત કરી છે? એ કોણ છે? તમારી વિચારશીલ બુદ્ધિ જાતે જ કહેવા લાગશે કે—અહીંનો તો કોઈ નથી. કોઈ અદૃષ્ટ શક્તિવાળો, મહાન્ પરમેશ્વર તેનો પ્રબંધક છે, તે શોભાનો સર્જક છે. કોઈને કોઈ પણ દિવસ એવી ઈચ્છા નથી થતી કે—હું મરી જાઉં. સર્વ જીવવા માટે પ્રયત્ન કરે છે. છતાં—ન ઇચ્છતાં છતાં પણ દરેકને મરવું પડે છે—કોઈ અદૃષ્ટ શક્તિને વશ વર્તીને, પછી ભલેને તે સંસારનો ખૂબ પ્રતિષ્ઠિત, પરાક્રમી માણસ હોય! તેની શાસનશક્તિ આગળ સર્વને માથું નમાવવું પડે છે. તેની સામે બધો ઘમંડ ચૂરા બની જાય છે. તેથી નિશ્ચય થાય છે કે કોઈ શક્તિશાળી શાસક છે. તે જ સર્વનો આરાધ્ય દેવ ભગવાન છે. બૃહદારણ્યક ઉપનિષદ્‌માં યાજ્ઞવલ્કય મહર્ષિએ ગાર્ગીને કહ્યું છે કે—

'एतस्य वा अक्षरस्य प्रशासने, गार्गि !
सूर्याचन्द्रमसौ विधृतौ तिष्ठतः।'

एतस्य वा अक्षरस्य प्रशासने, गार्गि!
द्यावापृथिव्या विधृता तिष्ठतः।'
एतस्य वा अक्षरस्य प्रशासने, गार्गि!
प्राच्योऽन्या नद्यः स्यन्दन्ते श्वेतेभ्यः पर्वतेभ्यः।'

હે ગાર્ગી, આ અક્ષર પરબ્રહ્મના પ્રશાસનથી નિયંત્રિત બનીને, સૂર્ય તથા ચંદ્રમા સ્થિત રહીને પોતપોતાનું, જગતને ઉપકારી કાર્ય કરતા રહે છે. તે રીતે અંતરિક્ષ તથા પૃથ્વી પણ જલ વર્ષણ, અન્નફલાદિકનું ઉત્પાદન વગેરે લોકહિતનાં કાર્યો કરતાં રહે છે, તથા નદીઓ બરફના શ્વેત પર્વતોમાંથી પૂર્વ દિશા તરફ પરોપકાર માટે વહેતી રહે છે.

અહીં કોઈ સ્વભાવવાદી કહે છે કે-સંસારની આ સર્વ વ્યવસ્થા સ્વભાવથી જ થાય છે, તેને માટે કોઈ ચેતન પરમેશ્વરની આવશ્યકતા નથી. સ્વભાવથી જ સૂર્ય ઉગે છે, તથા સ્વભાવથી જ અસ્ત પામે છે. સ્વભાવથી મનુષ્ય પેદા થાય છે, તથા સ્વભાવથી મરી જાય છે તમને કોઈ પ્રશ્ન કરે કે-અગ્નિ ઉષ્ણ કેમ છે? જલ શીતલ કેમ છે? તો આપ તેનો શો જવાબ આપશો? એમ જ કહેવું પડશે કે-સ્વભાવથી જ અગ્નિ ઉષ્ણ છે, જલ શીતલ છે. આ પ્રશ્નનો બીજો કોઈ ઉત્તર હોઈ શકતો નથી. બસ, એ સ્વભાવ સૃષ્ટિના નિર્માણમાં પણ સમર્થ થશે, તથા સમગ્ર વ્યવસ્થા કરવામાં પણ.

ઠીક, તે સ્વભાવવાદીને પૂછવામાં આવે કે-તે સ્વભાવ જડ છે કે ચેતન? જો ચેતન કહો તો ઈશ્વરવાદી સાથે નામમાત્રનો જ વિવાદ રહે છે, કારણકે ઈશ્વરવાદી જેને સર્વસમર્થ, ચેતન ઈશ્વર કહે છે, તેને સ્વભાવવાદી 'સર્વસમર્થ ચેતન સ્વભાવ' નામથી કહે છે. જેમ કોઈ કંબુગ્રીવા વગેરે વાળા પૃથુબુધ્નોદર આકાર

(વચ્ચે ફૂલેલા વિશાળ ભાગવાળો) પદાર્થને 'ઘટ' કહ્યો, તો બીજાએ તેનું નામ 'કુંભ' આપ્યું. નામનો જ ફેર રહ્યો, અર્થમાં નહિ. તેવી રીતે તે નિર્માણ–કર્તાને કોઈએ ઈશ્વર કહ્યો તો કોઈએ સ્વભાવ. અર્થ એક જ છે, નામ ભિન્ન.

જો તમે એ સ્વભાવને જડ કહો, તો જડમાં વિશ્વની આ પ્રકારની વિચિત્ર રચના કરવાની નિપુણતા, જે મોટા મોટા બુદ્ધિશાળીઓને પણ મૂક બનાવી દે તેવી છે તે હોઈ શકે નહિ. ચેતનના સહકાર વિના, પદાર્થોનો જડ સ્વભાવ સ્વતઃ રચના ન કરી શકે. આ વાત લોકોમાં પણ પ્રત્યક્ષ છે.

તમારે એક સુંદર, સાત માળવાળી હવેલી બનાવવી છે. તેને માટે આવશ્યક સર્વ સામગ્રી–લોઢું, સીમેન્ટ, રેતી, ઈંટ, પત્થર, લાકડું વગેરે તમે એકઠી કરી લીધી છે. હવે તે પદાર્થોનો જડ સ્વભાવ, ચેતન એન્જીનિયર, મિસ્ત્રી વગેરેની મદદ વગર, શું પોતાની મેળે જ મકાનની રચના કરી શકશે? નહિ કરી શકે. તે જડ સામગ્રીને ચેતનની મદદની અપેક્ષા રહે છે. તેવી રીતે ચેતન પરમેશ્વરની શક્તિ વિના, વિશ્વનું નિર્માણ જડ સ્વભાવ સ્વતઃ કરી શકે નહિ.

એક નગરમાં એક વકીલ સાહેબ રહેતા હતા. તે સ્વભાવવાદી હતા. તેથી તે ઈશ્વરને માનતા ન હતા. તેમની ધર્મપત્ની ઈશ્વરને માનતી હતી, ભગવાનનું નામસ્મરણ, દેવપૂજા, સત્સંગ-કીર્તન વગેરે કરતી હતી, જગન્નિયંતા ભગવાનમાં ખૂબ વિશ્વાસ રાખતી હતી. કોઈક કોઈક વખત વકીલ સાહેબ પોતાની પત્ની સાથે વાદવિવાદ કરી બેસતા હતા. ઈશ્વર કેવળ ઢોંગ છે, સ્વભાવથી જ સર્વ કાંઈ થાય છે–એવું તે જબરદસ્તીથી પોતાની પત્ની સમક્ષ સિદ્ધ કરી દેતા હતા. પણ પત્ની ખૂબ શ્રદ્ધાળુ તથા આસ્તિક હતી, તે નમ્રતાપૂર્વક કહેતી હતી કે–

આપ ગમે તે માનો, પણ હું ભગવાનને માન્યા વિના રહેવાની નથી. ભગવાનની ભક્તિ જ મારું જીવન છે. હું તો વેદ, ગીતા, ઉપનિષદ્, ભાગવત વગેરે શાસ્ત્રોના ઉપદેશમાં સંપૂર્ણ વિશ્વાસ રાખું છું. તમારા ખાલી શુષ્ક તર્કોને સાંભળીને હું મારી આસ્તિકતામાં ન્યૂનતા નહિ આવવા દઉં.

તે વકીલને ત્રણ પુત્રો તથા એક પુત્રી હતાં. આ ચારેય સંતાન માતાની પેઠે આસ્તિક હતાં. ગીતા-વિષ્ણુસહસ્રનામ વગેરેનો પાઠ કરતાં હતાં. પોતાની માતાની આસ્તિકતાનો પ્રભાવ એ બાળકો ઉપર પડયો હતો. પોતાની નાસ્તિકતાની જરા પણ અસર તે બાળકો પર નહિ પડેલી જોઈને, વકીલ સાહેબ કોઈ કોઈવાર પિતૃત્વના ગર્વથી બાળકો પર ખીજાઈ જતા હતા, તથા પોતાનો સ્વભાવવાદ તેમને સમજાવવાની કોશિશ પણ કરતા હતા.

એક દિવસ બુદ્ધિશાળી મોટા છોકરાએ પિતાના સ્વભાવવાદનું ખંડન કરવાની એક યુક્તિ વિચારી. તેણે દિવસના ભાગમાં પિતાના મેજ પર એક કોરો કાગળ રાખ્યો, અને રાતે તે કાગળ પર તેણે વાંસળી વગાડતા, ત્રિભંગલલિત, શ્યામસુંદર, ભગવાન શ્રીકૃષ્ણનું એક બહુ જ સુંદર રંગીન ચિત્ર કાઢયું, અને કાગળ ત્યાં મેજ પર જ રહેવા દીધો. પિતા તે ચિત્રને જોઈને ખૂબ રાજી થયા, અને પૂછવા લાગ્યા કે-આ કોણે દોર્યું? મોટા છોકરાએ પહેલેથી જ પોતાના બધા ભાઈઓને તથા બહેનને સમજાવી રાખ્યાં હતાં કે પિતા પૂછે તો કહેવું કે-અમે દોર્યું નથી; કોણે બનાવ્યું તે અમે જાણતાં નથી. મોટા છોકરાએ પણ કહ્યું કે-પિતાજી, આ સુંદર રંગીન ચિત્રને કોણે બનાવ્યું તે મને પણ ખબર નથી. પિતાને આસ્તિક-ઈશ્વરવિશ્વાસી બનાવવા માટે મોટો છોકરો જુઠું બોલ્યો. તેને અસત્ય ન ગણાય; પણ સત્ય

તે સઘળા કર્મોના સાક્ષી તથા અનુરૂપ ફલ આપનાર છે

જ ગણાય. માટે મહાભારતમાં કહ્યું છે કે—सत्यं भूतहितं प्रोक्तम् । સત્ય તે છે કે જે પ્રાણીઓનું હિતકારી બને. પ્રાણીઓનું અહિત કરવાવાળું સત્ય સત્ય નથી રહેતું, પણ જૂઠ બની જાય છે.

પિતાએ ખીજાઈને કહ્યું—જો તમારામાંથી કોઈએ આ ચિત્ર બનાવ્યું નથી, તો તે બનાવ્યું કોણે ? મોટા છોકરાએ ગંભીર બનીને નમ્રતાપૂર્વક કહ્યું-પિતાજી, મને આપના સ્વભાવવાદ અનુસાર એવો નિશ્ચય થાય છે કે-આપણા મકાનની સામે રંગવાળાની દુકાન છે, ત્યાંથી વિચિત્ર પ્રકારના રંગો પવનથી ઉડીઉડીને આ કાગળ પર ચોંટી ગયા હશે, આ સ્વભાવથી જ આ શ્રીકૃષ્ણનું રંગીન ચિત્ર બની ગયું હશે.

અરે, શું તું મને બનાવે છે? શું તેવું તે કદી બને? આવી અસંભવ વાત કોઈ બુદ્ધિહીન ગમારને સમજાવજે. હું તો મોટીમોટી કોર્ટોમાં ન્યાયાધીશોની સમક્ષ વાદવિવાદ કરનાર, વિખ્યાત વકીલ છું. મને તું આવી પાયાવિનાની-વજૂદ વગરની વાત સમજાવી શકીશ નહિ—આમ કહીને પિતાજી બહુ ગર્વપૂર્વક કૃત્રિમ હાસ્ય કરવા લાગ્યા.

મોટા છોકરાએ ફરી વિનયપૂર્વક કહ્યું-પિતાજી, જો આટલા મોટા વિચિત્ર જગત્‌ની અદ્ભુત રચના, જે મોટા મોટા બુદ્ધિશાળી માણસોને પણ આશ્ચર્યમાં ગરકાવ કરી દે છે, તે ચેતન સર્વ-સમર્થ પરમેશ્વર વિના, સ્વભાવથી જ આપના મત અનુસાર બની શકે છે, તો આ કાગળનું ચિત્ર પણ કોઈ બુદ્ધિશાળી ચિત્રકાર વિના સ્વભાવથી જ બની જાય, તો તેમાં અસંભવની શી વાત છે?

છોકરાની યુક્તિયુક્ત વાત સાંભળીને વકીલ પિતા વિચારમાં પડી ગયા. તેમની નિપુણ બુદ્ધિ અંદરને અંદર સ્વભાવવાદનું

ખંડન તથા ઈશ્વરવાદનું સમર્થન કરવા લાગી. જ્યારે એક સાધારણ ચિત્ર કોઇ ચેતન કલાકારથી બનાવ્યા સિવાય બનતું નથી, તો આ અદ્ભુત વિશાલ જગત્‌ની આશ્ચર્યકારી રચના સર્વશક્તિમાન્, સર્વજ્ઞ, પરમેશ્વર વિના કેવી રીતે બની શકે ? ન બની શકે. આ આપણાં શાસ્ત્રોનો સિદ્ધાંત યથાર્થ છે. હું મારી મૂર્ખતાને કારણે સ્વભાવવાદનો આગ્રહી બની ગયો હતો. માટે સ્વભાવવાદ ભ્રાન્ત છે, યથાર્થ નહિ. ઈશ્વરવાદ જ પ્રામાણિક છે, તથા યુક્તિ–સંગત છે.

આ પ્રકારના વિચારમાં મગ્ન બનેલા, પોતાના પતિની સામે આવીને વકીલ સાહેબનાં ધર્મપત્ની, જે ઘરના એક ખૂણામાં છુપાઈને પિતાપુત્રનો સંવાદ સાંભળી રહ્યાં હતાં–તે પ્રેમપૂર્વક હસતાં હસતાં કહેવા લાગ્યાં–હવે આપ કૃપા કરીને આ સ્વભાવવાદનું પૂછડું પકડવાનું છોડી દેજો, તથા જેના વડે આ સમગ્ર વિશ્વની ઉત્પત્તિ, સ્થિતિ તથા વિલય થયા કરે છે તે પરમેશ્વરની મહાન સત્તામાં વિશ્વાસ રાખજો; પ્રેમથી તે ભગવાનના પાવન નામનો જપ કરજો; મોટામોટા વીતરાગ, વિદ્વાન્, મહાત્માઓનાં શાસ્ત્રીય પ્રવચનો શ્રદ્ધાપૂર્વક સાંભળજો તથા તમારા માનવજીવનને સફળ બનાવજો.

પોતાની પત્નીનો એવો ઉપદેશ સાંભળીને, વકીલ સાહેબે અંજલિ રચીને, પોતાનું મસ્તક નીચે નમાવ્યું, તથા છોકરા અને પત્નીની સમક્ષ પોતાની ભૂલને સ્વીકારીને ‘ આજથી હું તે વિશ્વ-નિયંતા ભગવાનમાં વિશ્વાસ રાખીશ, તથા યથાશક્તિ તે પરમે-શ્વરની પાવન ભક્તિ પણ કરતો રહીશ ’ એવી પ્રતિજ્ઞા કરી.

માટે જગદ્ગુરુ ભગવત્પાદ આચાર્ય શ્રીશંકર સ્વામીએ કેનોપનિષદ્‌ના વાકયભાષ્યમાં ઈશ્વરની સિદ્ધિ માટે આમ કહ્યું છે કે–

'तत्सिद्धिर्जगतो नियतप्रवृत्तेः। श्रुतिस्मृतिप्रसिद्धिभिर्नित्यसर्वविज्ञान ईश्वरे सर्वात्मनि सर्वशक्तौ सिद्धेऽपि, शास्त्रार्थनिश्चयार्थमुच्यते। तस्येश्वरस्य सद्भावसिद्धिः कुतो भवतीत्युच्यते। यदिदं जगत्, देवगन्धर्वयक्षरक्षःपितृपिशाचादिलक्षणं, द्युवियत्पृथिव्यादित्यचन्द्रग्रहनक्षत्रविचित्रं, विविधप्राण्युपभोगयोग्यस्थानसाधनसम्बन्धि, तत् अत्यन्तकुशलशिल्पिभिरपि दुर्निर्माणं, देशकालनिमित्तानुरूपनियतप्रवृत्तिनिवृत्तिक्रमं, एतद्भोक्तृकर्मविभागज्ञप्रयत्नपूर्वकं भवितुमर्हति, कार्यत्वे सति यथोक्तलक्षणत्वात्, गृहप्रासादरथशयनासनादिवत् विपक्ष आत्मादिवत्।'

જો કે નિત્ય સર્વવિજ્ઞાન સ્વરૂપ, સર્વાત્મા, સર્વશક્તિમાન ઈશ્વર શ્રુતિ, સ્મૃતિ તથા લોકપ્રસિદ્ધિથી સિદ્ધ છે, છતાં શાસ્ત્રના અર્થનો નિશ્ચય કરવા માટે અહીં આ અનુમાન પ્રમાણ કહેવામાં આવે છે. તે ઈશ્વરના સદ્‌ભાવની સિદ્ધિ યુક્તિથી કેવી રીતે થાય છે? તે માટે કહે છે કે-સ્વર્ગ! આકાશ, પૃથ્વી, સૂર્ય, ચન્દ્ર તથા નક્ષત્રોને લઈને વિચિત્ર દેખાતું, તથા અનેક પ્રકારનાં પ્રાણીઓના ઉપભોગ માટે યોગ્ય સ્થાન તથા સાધનો સાથે સંબંધ રાખનારું; આ દેવ, ગંધર્વ યક્ષ, રાક્ષસ તથા પિશાચાદિરૂપ (સમષ્ટિ બ્રહ્માંડ તથા વ્યષ્ટિ-પિંડાત્મક) જગત્ છે. તે અત્યંત નિપુણ શિલ્પીઓ વડે પણ બનાવવું બહુ કઠિન છે. માટે તે દેશ, કાલ તથા નિમિત્તને અનુરૂપ નિયમિત પ્રવૃત્તિ તથા નિવૃત્તિના ક્રમવાળું જગત્ ભોક્તા જીવોને તથા તેમના શુભાશુભ કર્મોના વિભાગને યથાવત્ જાણનાર કોઈ ચેતનથી જ પ્રયત્નપૂર્વક ઉત્પન્ન થઈ શકે છે. કારણકે કાર્યરૂપ હોવાથી તે ઉપર કહેલાં લક્ષણોવાળું છે. જેમ ઘર, મહેલ, રથ, શય્યા તથા આસન વગેરે સર્વ કાર્યરૂપ અનિત્ય પદાર્થ તેમના જ્ઞાતા, કર્તા ચેતનના વ્યાપાર-

પૂર્વક જ દેખવામાં આવે છે, તથા તેનાથી ઊલટું (વ્યતિરેક દૃષ્ટાંતરૂપે) આત્મા આદિ (નિત્ય પદાર્થ) છે.

તમે આ શરીરોની જ રચનાઓને જુવો. પ્રત્યેક અંગમાં કેવી કેવી વિલક્ષણ, અદ્ભુત રચના નજરે પડે છે? વન્ય પશુ, પંખીઓ જેમાં રાખવામાં આવે છે તેવાં, મુંબઈ, મદ્રાસ, કલકત્તા, ત્રિવેન્દ્રમ્ વગેરે મોટાં મોટાં નગરોમાં રાખવામાં આવેલાં પ્રાણીસંગ્રહાલયો જઈને જુવો. દેશદેશાન્તરનાં, આશ્ચર્યમાં ગરકાવ કરી દે તેવાં, અનેક પ્રકારનાં વાંદરાં, રીંછ, વાઘ, સિંહ વગેરે પશુઓ તથા રંગબેરંગી વિચિત્ર જાતનાં, પક્ષીઓને જોઈને એકદમ નાસ્તિકના મુખમાંથી પણ 'વાહ રે વાહ, ઈશ્વર, તારી લીલા અપાર છે'–આ વચન નીકળી પડે છે. દરેક શરીરની વિલક્ષણ વિલક્ષણ આકૃતિ છે. એક બીજા સાથે મળતી નથી. એક જ માતપિતાથી ઉત્પન્ન થયેલાં બે ભાઈઓના મુખનું નિરીક્ષણ કરો. સમાનતા હોવા છતાં પણ કંઈને કંઈ વિલક્ષણતા જરૂર રહેવાની. તે પ્રમાણે દરેકનો અવાજ પણ પૃથક્ પૃથક્ હોય છે–એકબીજા સાથે મેળ નથી ખાતો. દરેકના હસ્તાક્ષર પણ વિલક્ષણ હોય છે; જો તેમાં દરેકની પોતાની ખાસ વિલક્ષણતા ન રહે, તો બેન્કવાળાઓ માટે મુશ્કેલ બની જાય. આ પ્રકારની અનેક પ્રકારની રચનાઓ તે જગન્નિયંતા સર્વજ્ઞ પરમેશ્વરના સદ્ભાવને સિદ્ધ કર્યા વિના રહેતી નથી.

એક નાના પાણીના બુંદમાંથી ચેતનાસ્ફૂર્તિવાળું, આંખ–નાક–કાન વગેરે અંગઉપાંગોવાળું, બોલતું, સાંભળતું, દેખતું, રોતું, હસતું, ખાતું, પીતું, 'મારું–તારું' કરતું, સમય પર બાલ્યાવસ્થા, યૌવન તથા વૃદ્ધાવસ્થાનું અનુભવ કરતું–રામદેવ, કૃષ્ણદેવ વગેરેનું શરીર કેવી રીતે પેદા થયું; કયી શક્તિએ તેનું નિર્માણ કર્યું? આવી વાતોનો વિચાર કરતાં બુદ્ધિ કુંઠિત થઈ જાય છે. પરમે-

શ્વરની તે નિર્માણકારી અદ્ભુત શક્તિની સમક્ષ માથું ઝુકાવી દેવું પડે છે. માટે પંચદશીના ચિત્રદીપ પ્રકરણમાં વિદ્યારણ્ય સ્વામીએ કહ્યું છે કે—

'एतस्मात्किमिवेन्द्रजालमपरं यद्गर्भवासस्थितं,
रेतश्चेतति हस्तमस्तकपदप्रोद्भूतनानाङ्कुरम् ।
पर्यायेण शिशुत्वयौवनजरावेषैरनेकैर्वृतं,
पश्यत्यत्ति शृणोति जिघ्रति तथा गच्छत्यथागच्छति ॥'

(૬,૪૭)

આથી વધારે જાદુ સમાન આશ્ચર્યકારી દૃશ્ય બીજું કયું હશે? કે વીર્ય (એક પ્રકારનો જડ પદાર્થ) કેટલાક સમય સુધી ગર્ભવાસમાં રહીને ચેતન બની જાય છે; તેમાંથી હાથ, મસ્તક, પગ વગેરે અનેક પ્રકારના પૃથક્ પૃથક્ આકારવાળા અવયવોરૂપી અંકુર ઉત્પન્ન થાય છે, જે પછી શરીરરૂપે પ્રગટ થઈને ક્રમશઃ બાલ્ય, યૌવન તથા વૃદ્ધાવસ્થા પ્રાપ્ત કરે છે, તથા દેખે છે, ખાય છે, સાંભળે છે, સૂંઘે છે, જાય છે તથા આવે છે.

કોઈ એક સમયે દેવર્ષિ નારદ વીણા વગાડતા-વગાડતા, મસ્તીથી મદભર મધુર સ્વરથી પ્રેમપૂર્વક હરિગુણ ગાતા-ગાતા, આમથી તેમ ભ્રમણ કરતા કૌરવોની સભામાં ગયા. દુર્યોધન વગેરે કૌરવોએ નારદજીનું સ્વાગત કર્યું, આસન પર બેસાડ્યા, અને પૂછવા લાગ્યા—કહો, નારદજી મહારાજ! આપનું આગમન કયી બાજૂએથી થયું? નારદજી બોલ્યા—ખાસ તો હું દ્વારકાથી આવું છું. આમથી તેમ ફરતો ફરતો તમારા લોકોનાં દર્શન કરવા અહીં આવી પહોંચ્યો. દુર્યોધને કહ્યું—સારું, આપ દ્વારકાથી પધારો છો, તો બતલાવો કે તે દ્વારકાવાસી શ્રીકૃષ્ણ અત્યારે શું કરી રહ્યા છે? તે સમયે ભગવાનની સૃષ્ટિના દિવ્ય સૌન્દર્યનો વિચાર કરી રહેલા નારદજી તરત બોલ્યા—જ્યારે હું

ત્યાં ગયો હતો, ત્યારે ભગવાન, વિશ્વનિયંતા, પ્રભુ, આનંદકંદ, શ્રીનિવાસ, સર્વેશ્વર, અંતર્યામી, શ્રીકૃષ્ણચંદ્ર સોયના છિદ્રમાંથી હાથી કાઢી રહ્યા હતા, તથા નાની શેકડી ગાગરમાં સાગર ભરી રહ્યા હતા.

નારદજીની વાત સાંભળીને, કૌરવ લોકો બહુ જોરથી હસતા હસતા કહેવા લાગ્યા–બિલ્કુલ જાુઠી વાત. એવું બની શકે જ કેવી રીતે? અસંભવ છે, નર્યું ગપ્પું છે. દુ:શાસન પોતાના મામા શકુનિના કાનમાં મુખ લગાડીને કહેવા લાગ્યો–આ બાવાઓ બહુ ગપ્પીદાસ હોય છે. આ લોકોએ તે દ્વારકાવાસી કૃષ્ણને પરમેશ્વર બનાવી દીધો છે. તેથી આ લોકો કૃષ્ણની બાબતમાં આવી મોંમાથા વગરની ગપ, અફીણીની માફક, હાંકયે રાખે છે. કૌરવ-લોકો નાસ્તિક જેવા હતા, આસુરી સંપત્તિના ઉપાસક હતા, તેથી તેઓ શ્રીકૃષ્ણ કોણ છે, તેમનું વાસ્તવિક સ્વરૂપ શું છે, તે જાણતા ન હતા. નારદજી કૌરવોની એવી વાતો સાંભળીને, ચુપચુપ ત્યાંથી ઊઠીને, પાંડવોને ત્યાં ચાલ્યા ગયા. પાંડવ લોકો બહુ આસ્તિક, ધાર્મિક, પરોપકારી તથા શ્રીકૃષ્ણના અનુરાગી હતા. નારદજીને આવતા જોઈને, યુધિષ્ઠિર વગેરે સર્વ પાંડવો ઊભા થઇ ગયા. બહુ શ્રદ્ધાપૂર્વક નારદજીનું સ્વાગત કર્યું. નારદજીના દર્શનલાભથી પોતાના ભાગ્યની પ્રશંસા કરવા લાગ્યા. પાદ્યઅર્ઘ્ય આપીને, બહુ આદરપૂર્વક, નારદજીને ઊંચા આસન પર બેસાડયા. કુશ-ળતા પૂછીને આગમનનો પ્રશ્ન કર્યો. નારદજીએ તે જ ઉત્તર આપ્યો, જે કૌરવોની સભામાં આપ્યો હતો. દ્વારકાથી તેમને આવેલા સાંભળીને પાંડવો વધારે ખુશી થયા. તેમણે પણ કૌરવોની પેઠે, પોતાના હિતકારી, પરમ પ્રિય, શ્રીકૃષ્ણના સમાચાર પૂછ્યા, તથા નારદજીએ તે જ ઉત્તર કહી સંભળાવ્યો.

સાંભળીને યુધિષ્ઠિર મહારાજ કહેવા લાગ્યા. ભગવાન

શ્રીકૃષ્ણ અનંત શક્તિમાન્, कर्तुमकर्तुमन्यथा कर्तुं समर्थः- લોકમાં જેને અસંભવ તથા અશક્ય માનવામાં આવે તેવા કાર્યને કરવામાં સમર્થ, નહિ કરવામાં તથા ઊલટું કરવામાં સમર્થ–છે. જેમને અમે ભગવાન માનીએ છીએ, પરમેશ્વર કહીએ છીએ, તેમને માટે શું અસંભવ છે? સંભવ તથા અસંભવની વાતો તો અલ્પશક્તિ જીવના વિષયમાં લાગુ પડી શકે છે, પણ ઈશ્વર, વિશ્વનિયંતાને માટે સંભવનો પણ કદીક અસંભવ તથા અસંભવનો પણ કદીક સંભવ બની શકે છે.

'यो वा अनन्तस्य गुणाननन्तान्,
अनुक्रमिष्यन् स तु बालबुद्धिः।
रजांसि भूमेर्गणयेत् कथञ्चित्,
कालेन नैवाखिलशक्तिधाम्नः॥'

(શ્રીમદ્ભાગ૦ ૧૧,૪,૨)

ભગવાનનું સામર્થ્ય અનંત છે. તેથી તેમનાં કાર્યરૂપી અનંત ગુણો પણ અનંત સામર્થ્યથી યુક્ત જ પ્રતીત થાય છે. તેમની ગણના કરીને જે અંત-પાર પામવા માગે છે, અથવા અનંત સામર્થ્યનું જે શુષ્ક તર્કોથી અતિક્રમણ કરે છે–અર્થાત્ 'આમ ન બની શકે' તેવો અપલાપ કરે છે (ઈન્કાર કરે છે), તે બાળબુદ્ધિ છે, નિતાન્ત મૂર્ખ છે. જો કે કોઈ વિશિષ્ટ સામર્થ્યવાળો માનવ કોઈપણ પ્રકારે કેટલાક સમયમાં પૃથ્વીનાં રજકણોની ગણના કરવા ચાહે, તો તે કરી શકે છે, પણ નિખિલ વિચિત્ર અનંત શક્તિઓના પૂર્ણ ભંડારરૂપ ભગવાનની અલૌકિક અનંત રચના-નિપુણતાઓની ગણના તે કરી શકતો નથી.

તે સમયે ભીમસેને વિનયપૂર્વક નારદજીને કહ્યું કે– ભગવન્, કૃપાનિધાન! અમે તો આપ જેવા સંતોના તથા ભગવાનના પ્રેમી છીએ. આપ મહારાજ જે કાંઈ કહેશો, તેને

શ્રદ્ધાપૂર્વક માની લઈશું. પણ કૃપા કરીને ભગવાનની તે અદ્ભુત લીલાનું કાંઈક રહસ્ય તો સમજાવો.

પ્રસન્ન બનીને શ્રી નારદજી રહસ્ય સમજાવવા લાગ્યા કે–સોયના છિદ્રમાંથી હાથી કાઢવાની ભગવાનની લીલા તમે પ્રત્યેક પ્રાણીની આંખોમાં જોઈ શકો છો. જેને સાધારણ લોક આંખ કહે છે, તે ચક્ષુ નથી, પણ ચક્ષુનું ગોલક છે. તે જોઈ શકાય છે, પણ તેની અંદર જે ચક્ષુ–ઈન્દ્રિય છે, તે અતીન્દ્રિય છે, અર્થાત્ દેખી શકાતી નથી. તે વાળના અગ્રભાગના સોમા ભાગથી પણ વધારે સૂક્ષ્મ છે. પણ તમે તે ચક્ષુ ઈન્દ્રિયની આવડી સૂક્ષ્માતિસૂક્ષ્મ પ્રભા (તેજ) વડે મોટા મોટા ખગોળ, ભૂગોળ, સમુદ્ર, પર્વત વગેરે પદાર્થોને જુવો છો. આંખ ખોલતાં જ, તેની આટલી સૂક્ષ્મ પ્રભા આ મોટા મોટા પદાર્થોથી સંબદ્ધ થઈને તેમનું પ્રત્યક્ષ દર્શન કરાવી આપે છે. જો પ્રભાનો તે પદાર્થો સાથે સંબંધ ન થાય, તો તે પ્રત્યક્ષ જણાય જ નહિ. માટે દાર્શનિક વિદ્વાનોએ આ નિયમ બનાવી રાખ્યો છે કે—

'सम्बद्धं वर्तमानं च गृह्यते चक्षुरादिना।'

ચક્ષુ વગેરે ઈન્દ્રિયોથી સંબદ્ધ તથા વર્તમાન પદાર્થોનું જ ગ્રહણ થાય છે, અસંબદ્ધ તથા અવર્તમાન પદાર્થોને તે ગ્રહણ નથી કરતી.

તે પ્રમાણે ગાગરમાં સાગર ભરવાની, ભગવાનની આશ્ચર્યમયી લીલા તમે આ માણસોની બુદ્ધિઓમાં જોઈ શકો છો. એક માણસને ભગવાનની તરફથી એક લાખ વર્ષનું આયુષ્ય મળે, તે પોતાની આખી જિંદગી સુધી રાત દિવસ અનેક પ્રકારની અનંત વિદ્યાઓનું ઉપાર્જન કરતો કરતો પોતાની નાનીશેકડી બુદ્ધિરૂપી

ગાગરમાં તેમને ભરતો જાય; પરંતુ તે ગાગર તે અનંત શબ્દ-અર્થ-જ્ઞાન તથા રહસ્યરૂપી સમુદ્રોથી કદી પૂરી ભરાશેનહિ.

દેવર્ષિ નારદના શ્રીમુખથી તે અદ્ભુત લીલાનું રહસ્ય સાંભળીને પાંડવો ખૂબ રાજી થયા, અને 'ધન્ય ધન્ય' કહેવા લાગ્યા.

અંતર્યામી વિશ્વનિયંતા પરમેશ્વરની જગત્માં નજરે પડતી એ અપાર આશ્ચર્યમયી લીલાઓ તથા સૃષ્ટિસૌન્દર્ય તે ભગવાનનો પરિચય પ્રાપ્ત કરવા માટે છે. શ્રુતિ કહે છે કે–**तदस्य रूपं प्रतिचक्षणाय।** (ઋ૦ ૬, ૪૭, ૧૮) તેમનું આ વિચક્ષણ રૂપ તેના સ્રષ્ટાના પ્રતિલક્ષણ માટે–વિશેષ અનુભવ માટે છે: પરંતુ મૂઢ માનવ **आराम-स्य पश्यन्ति, न तं पश्यति कश्चन।** (બૃ૦ ૭, ૩, ૧૪) લોકો તે ભગવાનનાં બનાવેલા આ જગતરૂપી બગીચાને તો જુવે છે, પરંતુ તેના નિર્માતાને જોતા નથી, જોવા ચાહતા નથી. જેની સત્તા તથા સૌન્દર્ય વડે તેનું અસ્તિત્વ છે, તથા તેમાં સુંદરતા છે, તે આબાદી (અસ્તિત્વ) તથા સુંદરતા આપનાર પરમેશ્વરને જાણતા નથી, માનતા નથી–એ બહુ આશ્ચર્યની વાત છે.

લોકો હીરાની સુંદર વીંટી પહેરીને બહુ રાજી થાય છે; તેલફૂલેલ લગાવીને વાળનાં ફર્સ્ટક્લાસ પટિયાં પાડીને દર્પણમાં જોતાં તેઓ ફૂલ્યા સમાતા નથી, જરીની સુંદર રેશમી પાઘડી પહેરીને તેઓ બહુ ગૌરવ અનુભવે છે–જો કે વર્તમાન સમયમાં માથા પરથી 'પાઘડી' ઊડીને મકાનો પર બેસી ગઈ છે! કારણ કે પાઘડી આપ્યા વિના મકાન મળતું નથી; છતાં પ્રાચીન સમયમાં લોકો પાઘડી બહુ ગૌરવપૂર્વક પહેરતા હતા. હજી પણ જૂના વિચારના કેટલાક વૃદ્ધોના માથા પર પાઘડી નજરે પડે છે. પણ વીંટીની શોભા વીંટીથી નહિ, પણ આંગળીથી છે; વીંટી બનાવનારની પ્રશંસા તો કરવામાં આવે છે, પણ આંગળી

બનાવનારની પ્રશંસા કરવાનું ભૂલાઈ જાય છે. વાળની શોભા વાળથી નથી, પણ મસ્તકથી છે. તે જ વાળ કાપીને મસ્તકથી જુદા રાખવામાં આવે તો તેમની શોભા તરત અદશ્ય થઈ જાય છે. સ્થાનભ્રષ્ટા ન શોભન્તે દન્તાઃ કેશા નખા નરાઃ । પોતાના સ્થાનથી ભ્રષ્ટ થયેલા દંત, કેશ, નખ તથા મનુષ્ય શોભાથી રહિત બની જાય છે. તે પ્રમાણે પાઘડીની શોભા મસ્તકથી છે. રત્ન-જડિત સુવર્ણ કંકણો (ચૂડિયો)ની શોભા હાથોથી છે. પણ લોકો શિર, હાથ, નાક, કાન આદિ અવયવોમાં શોભા આપનાર તે પરમ સુંદર ભગવાનને ભૂલી જાય છે. તે જ તેમની મૂઢતા છે કે-અસલી 'સત્યં, શિવં, સુંદરં' વસ્તુને ભૂલીને, નકલી-ક્ષણમાં બગડી જનારી તુચ્છ વસ્તુઓની પાછળ તેઓ પાગલ બન્યા છે.

સંસાર બે પ્રકારનો છે, એક ઈશ્વરસૃષ્ટ તથા બીજો જીવસૃષ્ટ. ઈશ્વરનો બનાવેલો સંસાર આનંદમય છે, સમ્-સમ્યક્ સાર-સારરૂપ છે. જીવનો બનાવેલો સંસાર અનેક પ્રકારનો મનઃ-સંકલ્પિત સુખદુઃખાદિ દ્વન્દ્વોથી તથા રાગદ્વેષાદિ ક્લેશોથી સંસરણ (આવાગમન) યુક્ત છે. અયુક્ત મનના તુચ્છ ભાવોમાં આસક્ત બનીને, શોકમોહાદિરૂપે સતત સંસરણ કરવું તે જ ભ્રાન્ત જીવોનો કલ્પિત દુઃખમય સંસાર છે. સમ્યક્ પ્રકારે અર્થાત્ સત્-ચિત્-આનંદરૂપે (અસ્તિ, ભાતિ, પ્રિયરૂપે) સંસારનું ગ્રહણ કરીને સમ્યક્ સારભૂત બ્રહ્માત્મ તત્ત્વનું સર્વત્ર અંદર-બહાર દર્શન કરવું, તેમાં તન્મય બની જવું, તે તત્ત્વદર્શીઓનો આનંદપૂર્ણ સંસાર છે.

તેથી આપણાં ઉપનિષદોએ માટી, વિસ્ફુલિંગ (ચિનગારી, તણખો) વગેરે અનેક ઉદાહરણોદ્વારા તે પરબ્રહ્મમાંથી જ સમસ્ત સંસારની ઉત્પત્તિ, સ્થિતિ તથા વિલયનું પ્રતિપાદન, તે સારરૂપ સંસારના અધિષ્ઠાન પરમાત્માનો બોધ કરાવવા માટે, કર્યું છે. નામરૂપાત્મક કલ્પિત સૃષ્ટિના નિરૂપણનું તે જ તાત્પર્ય છે, બીજું

કાંઈ નહિ. માટે ગૌડપાદાચાર્યજી માંડૂક્ય ઉપનિષદની કારિકામાં કહે છે કે–

'मृल्लोहविस्फुलिङ्गाद्यैः सृष्टिर्या चोदिताऽन्यथा।
उपायः सोऽवताराय नास्ति भेदः कथञ्चन॥'

(અદ્વૈતપ્રકરણ. ૩.૧૫)

ઉપનિષદોમાં જે માટી, લોઢું, તથા તણખો–વગેરે દૃષ્ટાન્તો વડે ભિન્ન ભિન્ન પ્રકારે સૃષ્ટિનું નિરૂપણ કર્યું છે, તે મુમુક્ષુઓના હૃદયમાં બ્રહ્માદ્વયનો બોધ કરવાનો ઉપાય છે. વસ્તુતઃ સૃષ્ટિના પ્રતિપાદનનું બ્રહ્મબોધથી બીજું કાંઈ તાત્પર્ય માની શકાતું નથી.

માટે આપણી પરમ પ્રામાણિક વેદોની સંહિતાઓમાં પણ તે વિશ્વસ્રષ્ટા, નિયંતા, વિભુ, વિશ્વાત્મા, પરમેશ્વરને જ એકમાત્ર સ્તુત્ય તથા આરાધનીય કહ્યા છે—

'ॐ तवेमाः प्रजाः दिव्यस्य रेतसः,
त्वं विश्वस्य भुवनस्य राजसि।
अथेदं विश्वं पवमान! ते वशे,
त्वमिन्दो! प्रथमो धामधा असि॥'

(ઋ. ૯,૮૬,૨૮)

હે પવમાન–પરમ પવિત્ર ભગવન્! હે ઈન્દુ–પરમ શાન્ત સર્વાત્મન્ પ્રભો! તારી દિવ્યશક્તિથી જ આ સ્થાવર જંગમરૂપ સમસ્ત પ્રજા ઉત્પન્ન થઈ છે. માટે તું જ અખિલ ભુવનોનો સ્વામી છે, અને તે નિખિલ વિશ્વ તારા વશમાં છે, તું જ તેનો નિયંતા છે. માટે તું જ આ સર્વમાં પ્રથમ–મુખ્ય સારતત્ત્વ છે, અને તું જ અખંડ સ્વયંપ્રકાશ દીપ્તિનો ધારણ કરનાર છે.

'ॐ इन्द्रो दिव इन्द्र ईशे पृथिव्याः,
इन्द्रो अपामिन्द्र इत्पर्वतानाम्।

इन्द्रो वृधामिन्द्र इन्मेधिराणा-
मिन्द्रः क्षेमे योगे हव्य इन्द्रः ॥'
(ऋ. १०,८९,१०)

ઈન્દ્ર-પરમાત્મા સ્વર્ગલોક તથા પૃથ્વીલોકનો પણ નિયંતા-શાસક છે, તથા ઈન્દ્ર-ભગવાન જલોનો, પાતાલલોકનો તથા પર્વતોનો પણ શાસક છે. ઈન્દ્ર-પરમેશ્વર સ્થાવર (જડ) જગત્‌નો તથા બુદ્ધિવાળા ચેતન જગત્‌નો પણ નિયંતા છે, માટે તે સર્વસમર્થ, સર્વેશ્વર, મહાન ઈન્દ્ર અમારું યોગ તથા ક્ષેમનું સંપાદન કરવામાં સમર્થ છે. માટે તે અમારા વડે આહ્‌વાન કરવા યોગ્ય તથા યજન (આરાધન) કરવા યોગ્ય છે.

અહીં 'યોગ'નો અર્થ છે અપ્રાપ્ત અભીષ્ટની પ્રાપ્તિ, તથા 'ક્ષેમ'નો અર્થ છે પ્રાપ્તનું પરિરક્ષણ. તે યોગક્ષેમ લૌકિક તથા પારમાર્થિક રૂપે બે પ્રકારનું છે. લૌકિક યોગક્ષેમ આ લોકમાં શરીર નિર્વાહ વગેરે માટે અભીષ્ટ, અપ્રાપ્ત, ધન વગેરેની પ્રાપ્તિ કરાવવી તે છે, તથા તે પ્રાપ્ત ધનાદિકનું રક્ષણ કરવું તે છે. પારમાર્થિક યોગક્ષેમ છે અપ્રાપ્ત બ્રહ્મવિદ્યા તથા તેનાં સાધન ભક્તિ, વિવેક, વૈરાગ્ય વગેરેની પ્રાપ્તિ તથા મુક્તિરૂપ ફલની સિદ્ધિ સુધી તે પ્રાપ્ત સાધનોનું પરિરક્ષણ.

માટે સર્વ પ્રકારની રક્ષાને માટે તથા કલ્યાણને માટે એકમાત્ર તે પરમાત્માની જ શ્રદ્ધાભક્તિપૂર્વક આરાધના કરવી જોઈએ.

'ॐ तमीशानं जगतस्तस्थुषस्पतिं,
धियं जिन्वमवसे हूमहे वयम् ।
पूषा नो यथा वेदसामसद्वृधे,
रक्षिता पायुरदब्धः स्वस्तये ॥'
(શુક્લ યજુર્વેદ. ૨૫,૧૮) (ઋ. ૧,૮૯,૫)

તે ભગવાન સ્થાવર-જંગમરૂપ સમસ્ત વિશ્વનો પતિ છે,

રક્ષક છે, પરમેશ્વર છે. પોતાને શરણે આવેલા ભક્તની બુદ્ધિને સદા સંતુષ્ટ રાખે છે. અથવા તે સુમતિ તથા સુકર્મોથી પ્રસન્ન કરવા યોગ્ય છે. તે સર્વેશ્વર, વિશ્વાત્મા, ભગવાનને અમે અવિદ્યા-ક્લેશ તથા તેનાથી ઉત્પન્ન થનાર ભયોથી સ્વરક્ષણ માટે પોકારીએ છીએ. અથવા પરિપૂર્ણ બ્રહ્માનંદના અનુભવથી ઉત્પન્ન થનાર નિરંકુશ તૃપ્તિલાભને માટે બોલાવીએ છીએ. તે પરમાત્મા પૂષા છે, અર્થાત્ લૌકિક, પારલૌકિક તથા પારમાર્થિક પુષ્ટિઓનો વિધાતા છે. સ્વાસ્થ્ય, ધન વગેરેના લાભનું નામ લૌકિક પુષ્ટિ છે. પુણ્યલાભ પારલૌકિક પુષ્ટિ છે. તથા અનન્ય ભકિત, વૈરાગ્ય અને બ્રહ્મવિદ્યા પારમાર્થિક પુષ્ટિ છે. તે લૌકિક ધનાદિસંપત્તિનો તથા તેમની કૃપાથી લભ્ય અભય, સત્ત્વસંશુદ્ધિ, વગેરે દૈવીસંપત્તિનો પણ રક્ષક છે. વળી તે અધર્મધ્વંસ દ્વારા શાશ્વત ધર્મનો તથા દુષ્ટોના નાશ કરીને સજ્જન ભક્તનો પાલક છે. તે પ્રભુ-ભગવાન કોઈ પણ ખૂબ બળવાન રાક્ષસ વગેરે વિરોધીઓ દ્વારા પરાજિત થતો નથી. તે પરમાત્મા, ગમે તે પ્રકારે, અમારી ઐહલૌકિક સુખ-સંપત્તિના અભ્યુદય માટે તથા પારમાર્થિક-નિઃશ્રેયસરૂપ કલ્યાણ માટે અનુકૂળ થાઓ, પ્રસન્ન થાઓ. તે માટે અમે સદા પરમ પ્રીતિથી તથા સાત્ત્વિક શ્રદ્ધાથી તે ભગવાનનું આહ્‌વાન કરીએ છીએ.

જે ભગવનની અમે સ્તુતિ તથા આરાધના કરીએ છીએ, તે ભગવાન અમારાથી દૂર નથી. તે અમારામાં છે, તથા અમે તેનામાં છીએ. તે જ સર્વેશ્વર સાકાર દેહે ભક્તોની પાસે આવે છે, નિરાકાર રૂપે સમગ્ર વિશ્વમાં વ્યાપ્ત રહે છે, તથા સાક્ષી ચિદાત્મારૂપે સમસ્ત પ્રાણીઓના હૃદયમાં બિરાજે છે. માટે કોઈક ભકતે કહ્યું છે કે—

'मैं जानूँ हरि दूर है, हरि है हृदयके माँहि।
आडी टाटी कपटकी, तासे दीखत नाँहि॥'

આપણે ભ્રાન્તિવશ સમજીએ છીએ કે–હરિ–પરમાત્મા અમારાથી દૂર હશે. જેવી રીતે ખ્રીસ્તીઓ તથા યવન મતવાળા કહે છે કે–અમારા ખુદા અમારાથી લાખો–કરોડો કોશ દૂર–સાતમા આસ્માનમાં રહે છે; તેવી રીતે અમારા ભગવાન્ અમારાથી દૂર નથી.તે હાજરાહજૂર છે, સર્વત્ર ભરપૂર છે, હૃદયમાં બેઠા છે, આત્મસ્વરૂપ છે.

જો તમે કહો કે–જો તે, સર્વત્ર અમારા ઘટમાં જ બેઠો છે, તો અમને દેખાતો કેમ નથી? 'સબ જગહ મૌજૂદ–લેકિન ક્યોં નજર આતા નહીં?' તેનો ઉત્તર છે—

'आडी टाटी कपटकी तासे दीखत नाहीं।'

હૃદયમાં અવિદ્યારૂપી કપટનું, અનેક પ્રકારના મળ, વિક્ષેપ તથા આવરણરૂપી પ્રતિરોધક ટાટિયું લાગેલું છે, તેથી જેમ શેવાળને લઈને જળ દેખાતું નથી તેમ, વિદ્યમાન હોવા છતાં પણ દેખાતો નથી, જ્યાં સુધી આપણે તે પ્રતિરોધોને દૂર ન કરીએ; ત્યાં સુધી તેનું દર્શન દુર્લભ છે.

એક ડબ્બામાં મલિન જલ ભરેલું છે. તેને વૃક્ષની એક ઊંચી ડાળ પર, કાળા કપડાથી ઢાંકીને, ટાંગી રાખ્યો છે. ત્યાં તે ડબ્બો પવનના પ્રચંડ ઝપાટાથી હાલી રહ્યો છે. હવે તે ડબ્બાના જળમાં સૂર્ય ભગવાનનું દર્શન થઈ શકતું નથી, કારણકે તેમાં ત્રણ જાતના પ્રતિરોધ છે. એક પાણી મેલું છે, બીજું તે ક્ષણે ક્ષણે હાલી રહ્યું છે, ત્રીજું તે કાળા કપડાથી ઢંકાયેલું છે. જ્યાં સુધી આ ત્રણેય પ્રતિરોધોને દૂર કરવામાં ન આવે, ત્યાં સુધી તેમાં સૂર્યનું દર્શન થવું દોહ્યલું છે. પ્રથમ તમારે મેલું પાણી શુદ્ધ કરવું પડશે. પછી ડબ્બાને સ્થિર બનાવવો પડશે. આટલું

કર્યા પછી પણ જ્યાં સુધી પેલા કાળા કપડાને દૂર કરવામાં નહિ આવે, ત્યાં સુધી તે સ્વચ્છ તથા સ્થિર જલમાં પણ સૂર્યદર્શન નહિ થાય; તેથી તે કાળા કપડાને પણ હઠાવવું પડશે. જ્યારે ડબ્બાનું જળ શુદ્ધ (મલરહિત), સ્થિર (ચંચલતારહિત), તથા કાળા કપડાના આવરણરહિત થશે, ત્યારે તેમાં અનાયાસે જ ભગવાન સવિતાદેવનું સ્પષ્ટ દર્શન થાય છે.

તે રીતે આપણું હૃદય તે ડબ્બો છે. તેમાં બુદ્ધિરૂપી જળ ભરેલું છે. પણ તે જળ અનાદિકાળથી પાપોની ઘૃણિત વાસનાઓથી મલિન થઈ ગયું છે. તે હૃદયરૂપી ડબ્બો સંસારરૂપી અશ્વત્થ વૃક્ષની ડાળી પર ઊંચો લટકાવેલો છે. ત્યાં તેને શબ્દાદિ વિષયોની આસક્તિરૂપી, દર ક્ષણે લાગનારી પવનની થપાટોથી તે ઉદ્વિગ્ન બનેલો રહે છે. વળી તેના પર અનાદિ અવિદ્યાનું આવરણ લાગેલું છે. તે પ્રકારે હૃદયમાં રહેલા તે સર્વાત્મા, સર્વેશ્વર, ભગવાનના દર્શનમાં અંતરાય નાંખનારા મળ, વિક્ષેપ તથા આવરણરૂપી ત્રણ ટાટિયાં (પ્રતિરોધ) લાગેલાં છે. માટે તે ત્રણ પ્રતિરોધોના નિવારણ માટે આપણાં વેદાદિ શાસ્ત્રોએ કર્મ, ઉપાસના તથા જ્ઞાનરૂપ ત્રણ સાધનોનો આદેશ આપ્યો છે.

માટે પ્રથમ તમે પરમેશ્વર પ્રીત્યર્થે-નિષ્કામ ભાવથી કરેલાં શુભ કર્મોના અનુષ્ઠાન દ્વારા મલદોષનું નિવારણ કરીને, હૃદયને શુદ્ધ-નિર્મળ બનાવો. પછી શ્રદ્ધાભક્તિપૂર્વક ભગવાનની ઉપાસના દ્વારા વિક્ષેપ-દોષને હઠાવીને, હૃદયને એકાગ્ર તથા પ્રસન્ન બનાવો. ત્યાર પછી શ્રોત્રિય-બ્રહ્મનિષ્ઠ સદ્ગુરુના શરણમાં જઈને, ઉપનિષદાદિ વેદાન્તના શ્રવણ, મનન તથા નિદિધ્યાસન દ્વારા તત્ત્વવિજ્ઞાન સંપાદન કરીને, અવિદ્યાના આવરણનું નિવારણ કરો. જેવી રીતે મકાનમાં બરાબર ફિટિંગ તથા વીજળીના પાવરહાઉસ સાથે કનેકશન થઈ જતાં, કેવળ બટન દાબવાથી

જલદીથી વીજળીનો ઉજ્જવલ પ્રકાશ ફેલાઈ જાય છે, તેવી રીતે પૂર્વોક્ત ત્રણ સાધનો દ્વારા તે ત્રણ પ્રતિરોધોની યથાવત્ નિવૃત્તિ થતાં, તેજ સમયે નિત્ય, શુદ્ધ, બુદ્ધ, મુક્ત, અસંગ, પૂર્ણાનંદનિધિ, બ્રહ્મદ્વય, પરમાત્માનો સાક્ષાત્કાર થાય છે. તેવો સાક્ષાત્કારસંપન્ન પુરુષ જીવન્મુક્ત બને છે. તે મહાપુરુષ પોતાના અનુભવનો ઉદ્‌ગાર આ પ્રકારે પ્રગટ કરે છે—

'पश्यामि चित्रमिव सर्वमिदं द्वितीयं
तिष्ठामि निष्कलचिदेकवपुष्यनन्ते ।
आत्मानमद्वयमनन्तसुखकरूपं,
पश्यामि दग्धरशनामिव च प्रपञ्चम् ॥'
'अद्वैतमप्यनुभवामि करस्थबिल्व-
तुल्यं शरीरमहिनिर्ल्वयनीवदीक्षे ।
एवं च जीवनमिव प्रतिभानमात्रं,
निःश्रेयसोऽधिगमनं च मम प्रसिद्धम् ॥'

(સર્વજ્ઞાત્મમુનિ પ્રણીત-સંક્ષેપ શારીરક. ૪,૫૪—૫૫)

હું હવે આ સમસ્ત દ્વૈત જગત્‌ને ચિત્રની પેઠે વિતથ-મિથ્યા જોઉં છું. જેવી રીતે વાઘ વગેરેનું ચિત્ર જોવા છતાં, તેમાં વાસ્તવિકતાનું જ્ઞાન ન હોવાને કારણે ભય વગેરે થતાં નથી, તેવી રીતે આ દ્વૈત-નામ રૂપાત્મક જગત્‌માં ખૂબ દૃઢ મિથ્યાત્વનો નિશ્ચય હોવાને કારણે તે મોહ-શોક વગેરેનો હેતુ બનતું નથી. તથા હું નિરંતર તે નિષ્કલ (વિષયાકાર વૃત્તિઓના ઉપરાગથી રહિત), ચિન્માત્ર, અનંત (ત્રિવિધ પરિચ્છેદથી રહિત) પૂર્ણાત્મામાં અવસ્થિત× રહું છું. અદ્વય, અનંત, એક માત્ર, સુખરૂપ

× જીવન્મુક્તનું તે પૂર્ણાત્મામાં રહેવું કુંડામાં બોરની પેઠે, અથવા ભીંતમાં ચિત્રની પેઠે ન માનવું જોઈએ. પણ અજ્ઞાન કાળમાં જેવી રીતે દેહ વગેરેમાં આત્મત્વનો અનુભવ જ દેહાદિમાં અવસ્થાન મનાય

આત્માનો હું નિરંતર સર્વત્ર અનુભવ કરું છું. તથા આ દ્વૈત પ્રપંચને બળી ગયેલી દોરીની પેઠે જોઉં છું. જેવી રીતે બળી ગયેલી દોરડી જોવામાં તો આવે છે, પણ તે બંધન તથા ઘડાથી પાણી ખેંચવાના કામમાં નથી આવતી, તેવી રીતે અદ્વય બ્રહ્મના જ્ઞાનાગ્નિદ્વારા ભસ્મ થયેલું આ દ્વૈત-જગત્ જોવામાં તો આવે છે, પણ હવે તે બંધનનું પ્રયોજક બનતું નથી. હાથમાં રાખેલા બીલાંના ફળની પેઠે, અપરોક્ષરૂપે હું અદ્વૈતનો અનુભવ કરૂં છું, તથા આ શરીરને, સર્પે ત્યજી દીધેલી કાંચળીની પેઠે, પૃથક્ રૂપે જોઉં છું. જેવી રીતે સાપ ત્યજી દીધેલી કાંચળીને જોતાં છતાં, તેનું આત્મરૂપે અભિમાન રાખતો નથી, તેવી રીતે મારું દેહાદિરૂપે પ્રતિભાસમાન (દેખાતું) જીવન વાસ્તવિક નથી, પણ બાધિતાનુવૃત્તિ માત્ર છે. વળી આત્મકલ્યાણનો લાભ, જીવન્મુક્તિના વિશુદ્ધ આનંદનો અનુભવ મને પ્રત્યક્ષ થઈ ગયો છે.

કેટલાક લોકો કહે છે કે-જો કે અમે આ માનીએ છીએ કે શાસ્ત્ર તથા યુક્તિ દ્વારા સર્વાત્મા પરમેશ્વરની સિદ્ધિ થાય છે, તથા તે જીવ-મુક્ત તત્ત્વદર્શીના અનુભવમાં અપરોક્ષ બને છે, છતાં અમને તો આ જગત્માં પરમાત્માનું દર્શન ક્યાંયે થતું નથી, જગત્ જ બહાર સ્થૂલ રૂપે તથા અંદર સૂક્ષ્મરૂપે દેખાય છે; જ્યાં સુધી અમે તેને પ્રત્યક્ષરૂપે જોઈએ નહિ, ત્યાં સુધી અમારી પરમાત્મામાં પ્રીતિ થઈ શકતી નથી. જગત્ના એક કરતાં બીજો વધારે સુંદર—એવા પદાર્થો જોઈ શકાય છે, તેથી અમારું ચિત્ત તરત તેમનામાં આકૃષ્ટ થાય છે, પ્રીતિ કરે

છે, તેવી રીતે પોતાને પોતાના પૂર્ણાદ્વય પરમાત્મરૂપે અનુભવવો તેજ પરમાત્મામાં અવસ્થાન સમજવું જોઈએ, કારણ કે અમૂર્ત—અપરિચ્છિન્ન આત્માનું અન્ય પ્રકારે આધાર—આધેયભાવ રૂપે અવસ્થાન થઈ શકતું નથી.

છે. તેવી રીતે તે પરમાત્મા જગત્‌માં વ્યાપક હશે; પૂર્ણ હશે, પણ તેમનું પ્રત્યક્ષ દર્શન કર્યા વિના અમે તેમાં વિશ્વાસ પણ રાખી શકતા નથી, અને તેમની તરફ અમને આકર્ષણ પણ થતું નથી, અને અમે તેમની ભક્તિપૂર્વક ઉપાસના પણ કરી શકતા નથી

તેમનું કહેવું આ પ્રકારનું છે. કોઈ રોગી વૈદ્યની પાસે આવીને કહે કે–વૈદ્યરાજ, તમારી ઔષધિમાં અમે ત્યારે જ વિશ્વાસ રાખી શકીએ અને તેને ખાઈ શકીએ, કે જ્યારે આપ અમારો રોગ પ્રથમ દૂર કરી દો. રોગ દૂર કર્યા વિના આપની ઔષધિમાં અમને વિશ્વાસ આવતો નથી, તેને ખાવાની રુચિ થતી નથી. તે સમયે તે વૈદ્યજી તે રોગીને કહેશે કે—ભલા માણસ, ઔષધિ ખાધા વિના જો અમે રોગ દૂર કરીએ, તો તે ઔષધિનું મહત્ત્વ જ ક્યાં રહ્યું ? ઔષધિ આપવાનું પ્રયોજન જ ક્યાં રહ્યું ? ઔષધિ આપવાનું પ્રયોજન જ રોગનિવૃત્તિ છે. માટે જો તું રોગને દૂર કરવા માગતો હોય, તો તારે પ્રથમ ઔષધિમાં વિશ્વાસ જરૂર રાખવો પડશે. આ દવાના સેવનથી અનેક લોકોનો રોગ મટી ગયો છે, તેવી રીતે મારો રોગ પણ મટી જશે–એવો નિશ્ચય કરીને તારે ઔષધિ–સેવનમાં રુચિ રાખવી પડશે. નહિ તો અમે તારો રોગ કોઈ પણ પ્રકારે દૂર નહિ કરી શકીએ.

તેવી રીતે 'પરમાત્મા સરાચર વિશ્વમાં વ્યાપક છે, સાક્ષી ચિદાત્મારૂપે હૃદયમાં અવસ્થિત છે' એવા શાસ્ત્રના ઉપદેશમાં પ્રથમ આપણે વિશ્વાસ રાખવો જ જોઇએ. શ્રદ્ધા, ઉપાસના વગેરે સાધનો વિના, જો પરમાત્માનું પ્રથમ જ દર્શન થઇ જાય, તો તે સાધન વિના સાધ્યની સિદ્ધિ કોઈ ને કદાપિ થતી નથી.

ઉત્તર પ્રદેશના કોઈ એક નગરમાં એક વૃદ્ધ, સનાતનધર્મી

પંડિત ઈશ્વરના વિષયમાં વ્યાખ્યાન આપી રહ્યા હતા. શાસ્ત્રોનાં અનેક પ્રમાણુ તથા લૌકિક યુક્તિઓ દ્વારા તે પરમેશ્વરની સિદ્ધિ કરી રહ્યા હતા. કેટલાક જેન્ટલમેન, ગ્રેજ્યુએટ નવયુવકો પણુ તેમનું વ્યાખ્યાન સાંભળી રહ્યા હતા. તેમનામાંથી એક વાચાળ, ન્યૂ લાઈટ (નવા ભણુતર) વાળા યુવકે એવો પ્રશ્ન કર્યો કે–પંડિતજી, અમે ઈશ્વરને ત્યારે જ માનીશું કે જ્યારે તમે તેને પ્રત્યક્ષ બતાવશો.

પંડિતજીએ કહ્યું જો, ભાઈ, વ્યાખ્યાન કરતાં કરતાં મારું ગળું સૂકાઇ ગયું છે, ભૂખ પણુ ખૂબ લાગી છે. માટે તમે મહેરબાની કરીને થોડુંક દૂધ મંગાવી આપો. તેને પીને, ગળાને મૃદુ બનાવીને, તૃપ્ત થઈને, હું તમારા પ્રશ્નનો ઉત્તર આપીશ. તે યુવકે તરત એક ગ્લાસમાં દૂધ મંગાવ્યું, અને પંડિતજીને આપ્યું. પંડિતજી દૂધનો ગ્લાસ લઈને, વારંવાર તેમાં આંગળી નાંખીને જોવા લાગ્યા.

આશ્ચર્યથી પેલા યુવકે કહ્યું–પંડિતજી, દૂધ તો ઠંડુ છે. પીતા કેમ નથી ? શી વાત છે ?

પંડિતજી—હું દૂધમાં કોઈક ચીજ શોધી રહ્યો છું.

યુવક–દૂધમાં શું છે કે જેને તમે શોધી રહ્યા છો ?

પંડિતજી–મેં સાંભળ્યું છે કે દૂધમાં માખણુ હોય છે. હું તેની આંગળી વડે શોધ કરી રહ્યો છું.

યુવકે હસીને કહ્યું–દૂધમાં માખણુ જરૂર છે. પણુ તે આ રીતે ન મળે, ન દેખી શકાય.

પંડિતજી બોલ્યા–ભાઈ, ત્યારે તે કેવી રીતે મળે ? કેવી રીતે દેખાય ? કહો.

યુવકે કહ્યું–અરે ભોળાનાથ પંડિતજી, તમે શું એટલું પણુ સમજતા નથી ? ખૂબ ગજબ કહેવાય ! આ દૂધને પ્રથમ તો ખૂબ

ગરમ કરવું પડે. પછી તેને માટીના સ્વચ્છ વાસણમાં જમાવવું પડે. પછી તેને વલોવવું પડે. ત્યારે તમને દૂધમાંથી માખણ મળી શકશે, તેનું દર્શન થઈ શકશે. આમ વારંવાર દૂધમાં આંગળી ફેરવવાથી માખણ ન મળી શકે. ઉચિત સાધન કરવાથી જ માખણનાં દર્શન થાય છે.

પંડિતજી રાજી થઈને બોલી ઊઠ્યા—બસ, હવે તમારા પ્રશ્નનો ઉત્તર તમારે મુખે જ મળી ગયો. ઈશ્વરના વિષયમાં પણ એવું જ સમજો. દૂધમાંના માખણને મેળવવાની જેવી રીતે વિધિ છે. તેવી જ વિધિ ઈશ્વરને મળવા માટે પણ સમજી લો. જેવી રીતે માખણને માટે દૂધને ક્રમશઃ તપાવવું પડે છે, જમાવવું પડે છે, તથા વલોવવું પડે છે, તેવી રીતે ઈશ્વરનાં પ્રત્યક્ષ દર્શન કરવા માટે પણ હૃદયને તપાવવું જોઈએ, જમાવવું જોઈએ તથા વલોવવું જોઈએ. નિષ્કામ કર્મો દ્વારા હૃદયને નિર્મલ બનાવવું, પાપવાસનારહિત બનાવવું, તે તેને તપાવવું છે. વળી શ્રદ્ધા ભક્તિપૂર્વક ઈશ્વરની ઉપાસનાદ્વારા હૃદયને એકાગ્ર—શાન્ત બનાવવું, તે તેને જમાવવું છે; તથા તત્ત્વજ્ઞાન દ્વારા અવિદ્યાના આવરણને હઠાવવું, તે જ વલોવવું છે. કર્મ, ઉપાસના તથા જ્ઞાન—આ ત્રણ સાધનો સંપાદન કરવાં, તે જ ઈશ્વરદર્શનનો વિધિ છે.

આ પ્રમાણે પંડિતજીનું યુક્તિયુક્ત સમાધાન સાંભળીને ન્યૂલાઈટ (નવા ભણતર)વાળા સર્વ યુવકો બહુ રાજી થયા.

આનંદકંદ ભગવાન પણ ગીતામાં અર્જુનને 'પ્રભવ' 'પ્રલયઃ' આ બે પદો વડે પોતાનામાં વિશ્વની અભિન્ન—નિમિત્તોપાદાન કારણતા બતાવીને એજ સિદ્ધ કરે છે કે—હુ સમસ્ત વિશ્વમાં વ્યાપક છું, ઓતપ્રોત છું, પણ સાધનો દ્વારા પ્રતિરોધોનું નિવારણ કર્યા સિવાય, કોઈ પણ માનવ મારું—પૂર્ણાત્માનું દર્શન કરી શકતો નથી. સાધનોદ્વારા પ્રતિરોધ હઠાવતાં જ મારું અપરોક્ષ દર્શન થાય છે. માટે કોઈ ભક્તે કહ્યું છે કે—

'ज्यों तिल माँही तेल है, ज्यों चकमकमें आग।
तेरा प्रीतम तुझमें त्यों, जाग सके तो जाग॥'

(૭)

'मत्तः परतरं नान्यत्, किञ्चिदस्ति धनंजय ।
मयि सर्वमिदं प्रोतं, सूत्रे मणिगणा इव ॥'

(ગી. ૭,૭)

હે ધનંજય, સંસારમાં દશ્યમાન કોઈ પણ વસ્તુ મારાથી પૃથક્ નથી. આ સંપૂર્ણ જગત્, સૂત્રમાં પરોવેલા મણિઓની પેઠે, મારામાં જ ગૂંથેલું છે, અર્થાત્ ઓતપ્રોત બનીને રહેલું છે.

આ શ્લોકમાં આનંદકંદ પ્રભુ શ્રીકૃષ્ણે અર્જુનને 'ધનંજય' નામથી સંબોધિત કર્યો છે ધનંજયનો અર્થ છે-ધનનો વિજય કરનાર, ધનને સદાને માટે સ્વાધીન બનાવનાર. અહીં વિચાર કરવો જોઇએ કે વાસ્તવિક ધન શું છે? ધનને માટે સંસારી લોકો જે રાતદિવસ પ્રયત્ન કર્યા કરે છે, જેની પ્રાપ્તિ માટે પુણ્ય-પાપ કશું જોતા નથી, જેની ચિંતાનામાં પોતાનું શરીર સૂકવી નાખે છે, શું તે સોનું, ચાંદી, હીરા, મોતી, સિક્કા. નોટ વગેરે જ વાસ્તવિક ધન છે? જો તેવું જ ધન માનવામાં આવે, તો આ સંસારી લોકો કરતાં અર્જુનની કશી મહત્તા તથા વિલક્ષણતા સિદ્ધ થતી નથી. માટે વાસ્તવિક ધન તે છે કે જે સદા શાશ્વત આનંદને જ આપનાર હોય છે. તેવું ધન લોકપ્રસિદ્ધ ધન ન હોઈ શકે. તે ક્ષણિક, વિરસ સુખને કદાચિત્ આપવા છતાં પણ શાશ્વત, સરસ સુખને આપી શકતું નથી. કેટલીક વાર તે સુખને બદલે, પોતાના વિયોગ દ્વારા તથા શત્રુઓ દ્વારા ખૂબ દુ:ખ પણ અપાવે છે. માટે ઉપાદેય (ગ્રહણ કરવા યોગ્ય) તથા નિતાન્ત સ્પૃહણીય, વાસ્તવિક ધન તે જ હોઈ શકે છે કે જે દુઃખનો લેશ પણ આપવાનો તો દૂર રહ્યો, પણ પ્રાપ્ત સમસ્ત દુઃખોનું નિવારણ કરીને,

એકમાત્ર અખંડ આનંદનું સમર્પણ કરે છે. એવું વાસ્તવિક ધન તત્ત્વજ્ઞાન જ છે, બીજું નહિ. विद्याधनं सर्वधनप्रधानम्। તે ધનને જ અર્જુને ઈશ્વરકૃપાથી હમેશને માટે સ્વાધીન બનાવ્યું હતું. તે જ તેનો વિજય છે.

માટે આપણા ધન્યજીવન ઋષિઓએ એ જ તત્ત્વજ્ઞાનરૂપી ધન પ્રાપ્ત કરીને, મૃત્યુભય પર વિજય તથા શાશ્વત પરમાનંદ પ્રાપ્ત કર્યાં હતાં. માટે શુકલ યજુર્વેદમાં એક મહર્ષિ કહે છે કે—

'वेदाहमेतं पुरुषं महान्तमादित्यवर्णं तमसः परस्तात्।
तमेव विदित्वाऽतिमृत्युमेति, नान्यः पन्था विद्यतेऽयनाय ॥'

(૩૧,૧૮)

હું તે મહાન પુરુષ-પૂર્ણાત્માને અપરોક્ષ જાણું છું, જે અજ્ઞાન-રૂપી અંધકારથી પેલે પાર, આદિત્યની પેઠે સ્વયંજ્યોતિઃ પ્રકાશ-સ્વરૂપ છે. તે તત્ત્વને યથાવત્ (બરાબર) જાણીને માનવ દુઃખ તથા ભયના કારણ અજ્ઞાનરૂપ મહામૃત્યુનું અતિક્રમણ કરી લે છે. પરમાનંદરૂપ બ્રહ્મનિર્વાણ-મોક્ષનો તત્ત્વજ્ઞાનને છોડીને બીજો કોઈ માર્ગ નથી.

અથવા હે અર્જુન, પુણ્ય કાર્યને માટે પોતાના પરાક્રમ દ્વારા ખૂબ લૌકિક ધનના ભંડારોને વિજય કરીને લાવનારો તું અવશ્ય જ પોતાના કલ્યાણ માટે તત્ત્વજ્ઞાનરૂપી અમૂલ્ય, વધારેમાં વધારે પ્રશસ્ત ધન પર પણ વિજય કરીશ. આ પણ 'ધનંજય' સંબોધનનો અભિપ્રાય હોઈ શકે છે.

ગીતાના શ્લોકમાં 'मत्तः' પદમાં રહેલો 'अहं' પદાર્થ પરમાત્મા છે, જે નિખિલ દૃશ્ય-પ્રપંચાકારે પરિણત થયેલી માયાનું અધિષ્ઠાન છે, સર્વનો ભાસક છે, સદ્રૂપે તથા સ્ફુરણરૂપે સર્વમાં અનુસ્યૂત છે, સ્વપ્રકાશ-પરમાનંદ-ચૈતન્યઘન છે, તથા પરમાર્થ-

સત્ય છે. તેવા મારા કરતાં વધારે પરમાર્થ-સત્ય બીજું કશું જ નથી. જેવી રીતે સ્વપ્નદ્રષ્ટાથી સ્વાપ્નિકપદાર્થો માયાવી-જાદુગરથી માયિક પદાર્થો, તથા શુક્તિથી અવચ્છિન્ન બનેલા ચૈતન્યથી તદ્-અજ્ઞાન-કલ્પિત ચાંદી અન્ય નથી, ભિન્ન નથી, વસ્તુતઃ તદનન્ય જ હોય છે, તેવી રીતે મારાથી-પરમાત્માથી અન્ય ભાસતું આ દ્વૈત-જગત્ પરમાર્થસત્ય હોઈ શકતું નથી.

અથવા 'પરતર' નો બીજો અર્થ આ પ્રમાણે છે-પર એટલે પૃથક્ ભૂત, જેવો રીતે કારણ મૃત્તિકાથી કાર્યરૂપ ઘટાદિ પૃથક્ રૂપ હોય છે, કારણકે વ્યવહારમાં માટી તથા ઘટાદિના કાલ્પનિક ભેદનો અનુભવ થાય છે. પરતર-એટલે અતિશય પર, અત્યંત પૃથક્રૂપ મૃત્તિકાથી ગાય, ઘોડા વગેરે હોય છે, કારણકે જેવી રીતે કાલ્પનિક પૃથક્તા હોવા છતાં માટી ઘટાદિકનું ઉપાદાન કારણ હોય છે, તેવી રીતે ગવાશ્વાદિકથી મૃત્તિકા પૃથક્ દેખાવા છતાં તેનું ઉપાદાન કારણ નથી બની શકતી, તેથી ગવાશ્વાદિ મૃત્તિકાથી પરતર અર્થાત્ અત્યંત પૃથક્ મનાય છે. તેવી રીતે મારાથી-પરમાત્માથી કલ્પિત પૃથક્તા હોવા છતાં પણ આ જગત્ અત્યંત પૃથક્ નથી હોઈ શકતું, કારણકે મૃત્તિકાની પેઠે હું પરમાત્મા આ દૃશ્ય વિશ્વનું ઉપાદાન કારણ છું. માટે કૃષ્ણયજુર્વેદીય શ્વેતાશ્વર ઉપનિષદ્ શ્રુતિ પણ કહે છે કે—

'यस्मात्पर नापरमस्ति किञ्चित्,
यस्मान्नाणीयो न ज्यायोऽस्ति कश्चित्।
वृक्ष इव स्तब्धो दिवि तिष्ठत्येकः,
तेनेदं पूर्णं पुरुषेण सर्वम् ॥'

(૩,૯)

જે પરમાત્માથી પર અર્થાત્ અવ્યક્ત-મહત્તત્ત્વાદિ કારણ તથા અપર અર્થાત્ ભૂતભૌતાદિક કાર્ય પણ વ્યતિરિક્ત (ભિન્ન)

નથી; કારણ કે પરમાત્મા આ કારણકાર્ય પ્રપંચનું અધિષ્ઠાન છે, તથા તે અધિષ્ઠાનમાં આ દૃશ્ય પ્રપંચ અધ્યારોપિત છે. જેવી રીતે અધિષ્ઠાન શુક્તિથી તેમાં અધ્યારોપિત ચાંદી વ્યતિરિક્ત નથી હોઈ શકતી, તેવી રીતે અધિષ્ઠાન પરબ્રહ્મથી આ અધ્યારોપિત દ્વૈત પ્રપંચ પણ વ્યતિરિક્ત નથી હોઈ શકતો; કારણકે અધિષ્ઠાન બ્રહ્મની સત્તાથી જ તે અધ્યારોપિત પ્રપંચ સત્તાવાન હોય તેમ પ્રતીત થઈ રહ્યો છે. અધિષ્ઠાનની સત્તા પૃથક્ થઈ જતાં, અધ્યારોપિત સત્તાશૂન્ય બની જાય છે, તેજ તેનું મિથ્યાત્વ છે. વળી તે અધિષ્ઠાન-પરમાત્માથી અન્ય કોઈ અત્યંત અણુ (સૂક્ષ્મ) તથા અત્યંત મહાન્ પણ હોઈ શકતું નથી. અર્થાત્ તે બ્રહ્માદ્વય-પરમાત્મા જ એકમાત્ર **અણોરણીયાન્ મહતો મહીયાન્** (કઠ ઉપ૦ ૧, ૧, ૨૦)-સૂક્ષ્મથી પણ અત્યંત સૂક્ષ્મ અવાક્-મનસગોચર છે, તથા મહાન્થી પણ અત્યંત મહાન્-નિરતિશય વિભુ છે. અહીં 'અણુ'નો અર્થ અણુપરિમાણ (માપનો) સમજવું જોઈએ નહિ તેવું માનવાથી '**મહતો મહીયાન્** ની સાથે વિરોધ થઈ જાય છે. માટે વિરોધના પરિહાર માટે **सूक्ष्मात्सूक्ष्मतरं नित्यं** (કૈ૦ ઉ૦ ૧, ૧૬) આ શ્રુતિના સહકારથી 'અણુ'નો અર્થ સૂક્ષ્મ જ સમજવો જોઈએ.

તે પરમાત્મા વૃક્ષની પેઠે સ્તબ્ધ છે, અર્થાત્ અચલ-પ્રતિષ્ઠ છે. અચલ પ્રતિષ્ઠાના અંશમાં જ વૃક્ષનું દૃષ્ટાંત છે, કારણકે દૃષ્ટાંત સર્વાંશમાં ઉપાદેય (ગ્રહણ કરવા યોગ્ય) નથી હોતું, પણ તેની આંશિક ઉપાદેયતા જ સર્વત્ર મનાય છે. તે **दिवि** અર્થાત્ સ્વયંપ્રકાશ જ્યોતિઃસ્વરૂપ પોતાના અનંત મહિમામાં જ એકમેવાદ્વિતીય બનીને સદા અવસ્થિત રહે છે. તેમાં કોઈ પણ પ્રકારનો દૃશ્ય-દર્શન-દ્રષ્ટારૂપ ત્રિપુટી ભેદ રહેતો નથી. તેજ પુરુષથી આ સમસ્ત જગત્ પૂર્ણ છે. અર્થાત્ તેની પૂર્ણ સત્તા જગત્‌માં ઓતપ્રોત બની રહી છે.

માટે શ્રીમદ્ ભાગવત તથા શારીરક બ્રહ્મસૂત્ર મીમાંસામાં ભગવાન દ્વૈપાયન, બાદરાયણાચાર્ય વ્યાસ કહે છે કે-त्वत्तः परं नापरमप्यनेजदेजच्च किंचिद् व्यतिरिक्तमस्ति (ભા. ૭,૩,૩૨) હે પ્રભો! કારણ કાર્ય તથા સ્થાવર જંગમ આદિ કોઈ પણ પદાર્થ આપથી ભિન્ન નથી. तथान्यप्रतिषेधनाम् (બ્ર. સૂ ૩, ૨, ૩૬,) તથા શ્રુતિઓમાં બ્રહ્મથી અન્ય વસ્તુનો પ્રતિષેધ કર્યો છે, માટે બ્રહ્મથી અતિરિક્ત બીજું કશું પણ નથી. તથા ભગવત્પાદ, જગદ્ગુરૂ, આચાર્ય શંકર સ્વામીએ પણ આ સૂત્ર ઉપર આ પ્રમાણે ભાષ્ય લખ્યું છે—

'तथा-अन्यप्रतिषेधादपि न ब्रह्मणः परं वस्त्वन्तरमस्तीति गम्यते। तथाहि स एव अधस्तात् अहमेवाधस्तात् आत्मैवाधस्तात् (છાં. ઉ ૭,૨૫), सर्वं तं परादात् योऽन्यत्रात्मनः सर्वं वेद। (બૃ. ઉ. ૪,૫,૭), ब्रह्मैवेदं सर्वम् (મુ. ૨,૨,૧૧), 'आत्मैवेदं सर्वम्' (છાં. ૭,૨૫,૨), 'नेह नानास्ति किञ्चन' (બૃ. ઉ. ૩,૪,૧૯), 'यस्मात्परं नापरमस्ति किञ्चित्' (શ્વે. ઉ. ૩.૯), 'तदेतद्ब्रह्मापूर्वमनपरमनन्तरमबाह्यम्' (બૃ. ઉ. ૨,૫,૧૯) इत्येवमादिवाक्यानि स्वप्रकरणस्थानि अन्यार्थत्वेन परिणेतुमशक्यमानानि ब्रह्मव्यतिरिक्तं वस्त्वन्तरं वारयन्ति। सर्वान्तरश्रुतेश्च न परमात्मनोऽन्तरोऽन्य आत्माऽस्तीत्यवगम्यते।'

તથા બીજાના પ્રતિષેધથી પણ બ્રહ્મથી પર (વ્યતિરિક્ત) અન્ય વસ્તુ નથી, એવું જણાય છે. તે વિષયને શ્રુતિઓ દ્વારા બતાવે છે. તે ભુમા જ નીચે છે, હું નીચે છું, આત્મા જ નીચે છે. સર્વ પદાર્થ તે ભેદદર્શીનો અનાદર કરે, જે આ સમસ્ત પદાર્થોને આત્માથી અન્ય જાણે છે. આ સર્વ કાંઈ બ્રહ્મ જ છે. આ બ્રહ્મમાં 'નાના' અર્થાત્ ભિન્ન કશું જ નથી.

જેમાં પર તથા અપર કશું પણ પૃથક્ નથી. તે બ્રહ્મ અપૂર્વ-કારણ રહિત છે, અનપર અર્થાત્ કારણકાર્ય તેનાથી વ્યતિરિક્ત નથી. તેજ રીતે તે આંતરિક તથા બાહ્ય ભેદથી રહિત-નિર્ભેદ ઠાંસીને ભરેલી વસ્તુ છે-આવાં શ્રુતિ વાકયો બ્રહ્માદ્વૈત પ્રકરણમાં આવેલાં છે. તેનો તેમનો બીજો અર્થ બતાવવો અશકય છે. અથાત્ કોઈ પણ પંડિતમાની પુરુષ તત્ત્વદર્શી વિદ્વાનોની સમક્ષ તેમનો અર્થ કરી શકતો નથી. બ્રહ્મથી વ્યતિરિક્ત વસ્તુનું તે વાકયો નિવારણ કરે છે, તથા સર્વાન્તર શ્રુતિ વડે પણ 'પરમાત્માથી અન્ય-અંતર આત્મા નથી' એવું જણાય છે. તેવું જ વિષ્ણુપુરાણમાં પરાશર મહર્ષિએ મૈત્રેય ઋષિ પ્રત્ય કહ્યું છે-

'अहं हरिः सर्वमिदं जनार्दनो, नान्यत्ततः कारणकार्यजातम् ।
ईदृङ् मनो यस्य न तस्य भूयो, भवोद्भवा द्वन्द्वगदा भवन्ति ॥'

હું તથા આ સંપૂર્ણ જગત્ જનાર્દન શ્રી હરિ જ છે. તેમાં ભિન્ન તથા કશું પણ કાર્યકારણાદિ નથી. જેના ચિત્તમાં આવી પાવન, બ્રહ્માદ્વૈત ભાવના છે, તેને ફરી સંસારજન્ય રાગદ્વેષાદિ દ્વન્દ્વરૂપ રોગોની પ્રાપ્તિ થતી નથી.

અથવા 'પરતર'નો અર્થ છે અન્ય કારણ, અર્થાત્ મારાથી-પરમાત્માથી બીજું કોઈ કારણ હોઈ શકતું નથી. હું પરમાત્મા જ સર્વનું શ્રેષ્ઠ કારણ છું. માટે આ ચરાચર જગત્રૂપ કાર્ય મહાકારણરૂપ મારાથી-પરમાત્માથી અન્ય હોઈ શકતું નથી.

આ રીતે ગીતાના પૂર્વોક્ત શ્લોકના પૂર્વાર્ધથી દૃશ્ય પ્રપંચમાં બ્રહ્મથી અવ્યતિરિક્તત્વ-અનન્યત્વ બતાવ્યું. હવે ઉત્તરાર્ધથી દૃષ્ટાન્ત દ્વારા બ્રહ્મમાં પ્રપંચથી વ્યતિરિકતત્વ બતાવવામાં આવશે, કારણકે લોકમાં પણ એવો નિયમ જોવામાં આવે છે કે-કારણથી કાર્ય વ્યતિરિક્ત નથી હોતું, પણ કાર્યથી કારણ વ્યતિરિક્ત હોઈ શકે છે; જેવી રીતે તન્તુઓથી પટ વ્યતિરિક્ત

નથી હોઈ શકતો, પણ પટથી તંતુ વ્યતિરિક્ત હોઈ શકે છે, કારણકે પટાદિ કાર્યની ઉત્પત્તિથી પહેલાં તથા તેના ધ્વંસ પછી પણ તંતુ એકલા જોવામાં આવે છે, તથાપિ તંતુઓને અલગ કરી લીધા પછી પટાદિ કાર્યવ્યતિરિક્ત જોવામાં આવતું નથી. એજ કારણથી કાર્યનું અનન્યત્વ છે. આ પ્રકારે બ્રહ્મથી જગત્ વ્યતિરિક્ત નથી હોતું, પણ જગત્‌થી બ્રહ્મ વ્યતિરિક્ત છે.

સૂત્રે મણિગણા ઇવ—જેવી રીતે સૂતરની એક લાંબી દોરીમાં મણિઓની સમાન (સરખી) ગોળ ગાંઠો મારીને, તેમનાથી માળા બનાવવામાં આવે છે, તે માળાના મણિઓમાં જેવી રીતે સૂત્ર અંદર બહાર ઓતપ્રોત રહે છે; તેવી રીતે મારામાં—પરમાત્મામાં આ સમસ્ત વિશ્વ ઓતપ્રોત બનીને રહે છે.

તેથી જ આપણા પરમશ્રદ્ધેય, સ્વતઃપ્રમાણ, અતિ ધન્ય શુક્લ યજુર્વેદ પણ તેજ કહે છે કે—

'वेनस्तत् पश्यन्निहितं गुहा सत्,
यत्र विश्वं भवत्येकनीडम्।
तस्मिन्निदं सं च वि चैति सर्वं,
सः ओतः प्रोतश्च विभुः प्रजासु ॥'
(૩૨,૮)

વેન નામના એક તેજસ્વી ઋષિએ બુદ્ધિરૂપી ગુફામાં અવસ્થિત તે સત્ય, જ્ઞાન, અનંત, આનંદપૂર્ણ બ્રહ્મનો સ્વાનન્યરૂપે, સાક્ષાત્કાર કર્યો. તે બ્રહ્મમાં આ સમગ્ર વિશ્વ એકનીડ બની જાય છે. 'એકનીડ'નો અર્થ છે—એકાકાર, અવિભક્ત. અર્થાત્ આ વિશ્વ, આરોપિત સમસ્ત જાતિ—ગુણ-ક્રિયા વગેરે સમસ્ત વિશેષોનું ઉપસંહરણ થઈને, અવિશેષ કારણ બ્રહ્મભાવરૂપ બની જાય છે. તેથી અથર્વસંહિતામાં 'એકનીડ'ના સ્થાનમાં 'एकरूपं' એવો પાઠ આ જ અર્થનું દ્યોતન કરાવે છે. માટે તે

બ્રહ્મમાં આ સમસ્ત વિશ્વ સમેતિ-જલમાં તરંગોની પેઠે, કનકમાં કુંડલાદિની પેઠે, વિલીન થઈ જાય છે, તથા વિ પતિ-પ્રાદુર્ભૂત પણ થાય છે. તે વિભુ, વ્યાપક પરમાત્મા આ ચરાચર પ્રજાઓમાં 'તંતુઓમાં પટની માફક' ઓતપ્રોત બનીને રહે છે.

માટે જ શ્રીમદ્ ભાગવતમાં વેદવ્યાસે 'ઓતપ્રોત' ની અનુસ્યૂતતા બતાવવા માટે અનેક જગ્યાઓએ 'તંતુપટ'નું દૃષ્ટાન્ત આ પ્રકારે આપ્યુ છે-यस्मिन्नोतमिदं प्रोतं विश्वं शाटीव तन्तुषु (૯, ૯, ૭), ओ प्रोतमिदं यस्मिस्तन्तुष्वङ्ग यथा पटः। (૧૦, ૧૫, ૩૫) તે પરમાત્મામાં વિશ્વ તંતુઓમાં સાડીના પેઠે ઓતપ્રોત બનીને રહ્યું છે; હે તાત જેવી રીતે તંતુઓમાં પટ ઓતપ્રોત રહે છે, તેવી રીતે તે ભગવાનમાં આ સમગ્ર વિશ્વ ઓતપ્રોત બનીને રહે છે.

માટે ગીતામાં સૂત્રે મણિગણા इव-આ દૃષ્ટાંતમાં શાસ્ત્રોનાં આ વચનો અનુસાર પૂર્વોકત અર્થ જ યથાર્થ તથા સિદ્ધાંતને અનુકૂળ છે.

જો તમે રુદ્રાક્ષ અથવા તુલસીની માળાના મણિઓનું દૃષ્ટાંત લઈ ને આ પ્રકારે સૂત્રમાં વિજાતીય બીજવિશેષના અથવા કાષ્ઠ વિશેષના બનેલા મણકા ગ્રથિત છે, તે રીતે પરમેશ્વરમાં આ વિશ્વ ગ્રથિત છે-એવો અર્થ કરો, તો તેનાથી અન્યના પ્રતિષેધ રૂપ સિદ્ધાંતનું સમર્થન નહિ થાય. કારણ કે જેવી રીતે સૂતર મણિઓમાં અનુગત હોવા છતાં પણ તેનાની મણકા જુદા છે, તેવી રીતે અનુગત પરમાત્માથી આ વ્યક્તાવ્યકત જગત્, તેમનાથી ગ્રથિત હોવા છતાં પણ પૃથક છે-અન્ય છે, એવો સિદ્ધાતથી વિરુદ્ધ તથા પૂર્વોકત શાસ્ત્રીય વચનોથી પણ વિરુદ્ધ અર્થ સિદ્ધ થઈ જાય છે. જેવી રીતે वरविवाताय न हि कन्याया उद्वाहः क्रियते-

વરનો નાશ કરવા માટે કન્યાનો વિવાહ કરવામાં નથી આવતો, તેવી રીતે સિદ્ધાંતના વિનાશ માટે જ દૃષ્ટાંતનું સમર્થન કરવું જોઈએ નહિ. સિદ્ધાંતના સમર્થન માટે દૃષ્ટાંત આપવામાં આવે છે. સિદ્ધાંત શેઠની પેઠે મુખ્ય છે, તથા દૃષ્ટાંત મુનીમની પેઠે ગૌણ છે. જેવી રીતે શેઠને અનુકૂળ મુનીમ રહે છે, પ્રતિકૂળ નહિ: તેવી રીતે દૃષ્ટાંત સિદ્ધાંતને અનુકૂળ હોવું જોઈએ, પ્રતિકૂળ નહિ. સિદ્ધાંતમાં તદનન્યત્વનું પ્રતિપાદન કરવાનું છે. તેથી તેને અનુરૂપ જ તદનન્યત્વના બોધક, સુતરથી બનાવેલા મણકાનું દૃષ્ટાંત લેવું જોઈએ. તેથી દૃષ્ટાંતમાં સૂતરથી વિજાતીય રુદ્રાક્ષ વગેરેના મણકા ન સમજવા જોઈએ; પણ સૂતરના જ બનેલા મણકા સમજવા જોઈએ. પંજાબમાં રેશમના બનાવેલા મણકાની સુંદર માળા બને છે. અથવા સોનાના બનાવેલા તારથી પણ મણકા ગૂથીને માળા બનાવવામાં આવે છે, તેનું દૃષ્ટાંત પણ લઈ શકાય, જે તદનન્યત્વના સિદ્ધાંતનું સમર્થક છે.

તદનન્યત્વનો સિદ્ધાંત તદન્ય–ભાવનાના પ્રતિષેધ માટે કરવામાં આવ્યો છે. અનાદિકાળથી અવિદ્યાદ્વારા આ જગત્‌માં તથા પોતાનામાં તદન્ય (પરમાત્મસ્વરૂપથી અન્ય)ની ભાવના બની રહેલી છે. તે મહાન્ અનર્થકારી ભાવનાનો પ્રતિષેધ કરવા માટે જ આપણાં શાસ્ત્રોએ પૂર્ણાનન્દમયી તદનન્ય–ભાવનાનું બહુ જોરશોરથી વિધાન કર્યું છે–

'यद्यत्पश्यति चक्षुर्भ्यां तत्तदात्मेति भावयेत्।
यद्यच्छृणोति कर्णाभ्यां तत्तदात्मेति भावयेत्।
दृष्टिं ज्ञानमयीं कृत्वा पश्येद्ब्रह्ममयं जगत्।

(ઉપનિષદ્)

આંખો વડે જે જે પદાર્થ જોવામાં આવે છે, તે સર્વમાં

આત્માની જ ભાવના કરવી જોઈએ. કાનો વડે જે જે શબ્દ સાંભળવામાં આવે છે, તે સર્વમાં આત્માની ભાવના કરવી જોઈએ, આત્માથી બીજાની નહિ. આ રીતે પોતાની દૃષ્ટિને જ્ઞાનમયી બનાવીને, સમગ્ર જગત્‌ને બ્રહ્મમય જ જોવું જોઈએ.

'नान्योऽतोऽस्ति द्रष्टा, नान्योऽतोऽस्ति श्रोता, नान्योऽतोऽस्ति मन्ता, नान्योऽतोऽस्ति विज्ञाता, एष त आत्माऽन्तर्याम्यमृतोऽतोऽन्यदार्तं ततो होद्दालक आरुणिरुपरराम।'

(બૃ ઉ. ૩,૬,૨૩)

યાજ્ઞવલ્કય મહર્ષિએ કહ્યું–આ પરમાત્માથી અન્ય કોઈ, દ્રષ્ટા નથી, તેનાથી અન્ય કોઈ શ્રોતા (સાંભળનાર) નથી, તેનાથી અન્ય કોઈ મંતા (મનન કરનાર) નથી, તેનાથી અન્ય વિજ્ઞાતા (જાણનાર) નથી, અર્થાત્‌ તે પરમાત્મા જ દ્રષ્ટા, શ્રોતા, મંતા, તથા વિજ્ઞાતા છે. તે દ્રષ્ટા વગેરે પરમાત્માથી અનન્ય છે. તે અંતર્યામી અમૃતત્વરૂપ પરમેશ્વર તારો આત્મા છે. આત્મા એટલે અભિન્ન સ્વરૂપ. અનાત્મા ભિન્ન સ્વરૂપ હોય છે, આત્મા નહિ. આ આત્માથી અન્ય આર્ત છે, બાધિત છે, મિથ્યા છે, દુઃખયુક્ત છે. અર્થાત્‌ એકમાત્ર પૂર્ણાત્મા જ અબાધિત છે, સત્ય છે તથા આનંદપૂર્ણ છે. આ પ્રકારે યાજ્ઞવલ્કય મહર્ષિનો ઉત્તર સાંભળીને, ઉદ્દાલક આરુણિ નામના ઋષિ પ્રશ્ન કરવામાંથી ઉપરત થઈ ગયા.

અમે ઉપનિષદ્‌, ગીતા, ભાગવત વગેરે શાસ્ત્રોનું શ્રદ્ધાપૂર્વક શ્રવણમનન કર્યું, વિવેક વૈરાગ્યાદિ સાધન પ્રાપ્ત કર્યાં. તથાપિ જો અમારી તદન્યભાવના દૂર ન થઈ, તો અવિદ્યામયી સાંસરિક દશામાં તથા વિદ્યામયી સાધનદશામાં શો ફેર રહ્યો ?

એક ગામમાં એક જૂતાં બનાવનાર મોચી રહેતો હતો. કોઈકની પાસેથી તેણે 'કાશીમાં કરવત મૂકાવવાનો' મોટો મહિમા સાંભળ્યો. તેણે વિચાર કર્યો–હવે હું વૃદ્ધ થઈ ગયો છું.

મરવાના દિવસો બહુ પાસે છે. માટે ઘરમાં મરવા કરતાં કાશી-કરવટમાં જઈને મરું, તો મનવાંછિત ફળ પણ મળશે. વિચાર પ્રમાણે તે કાશી પહોંચ્યો. માથામાં કરવત મૂકાવવા તે તૈયાર થઈ ગયો. કરવત રાખનાર પંડાએ તેને પૂછ્યું-કહો, ભાઈ, તમે શી ઇચ્છાથી કરવત લો છો? તમારે શું બનવાની ઇચ્છા છે? શ્રદ્ધાજડ, ભોળા મોચીએ મનમાં વિચાર કર્યો-મારે શું બનવું જોઈએ? જો હું બ્રાહ્મણ બનું, તો પણ ઠીક નથી; કારણકે બ્રાહ્મણ બનવાથી કેટલીયે વાર સ્નાન કરવું પડશે, પાણીમાં ઊભા રહીને ઠંડીમાં થથરતાં-થથરતાં ગાયત્રી જપવી પડશે, કેવળ એક નાનું પંચીયું પહેરીને મંદિરમાં શિવજી પર જલ ચઢાવવા જવું પડશે, સવારે વહેલા ઊઠવું પડશે. તેથી બ્રાહ્મણ બનવું સારું નથી. જો ક્ષત્રિય બનું, તો હાથમાં તલવાર લઈને દુશ્મનો સાથે લડવા માટે મેદાનમાં જવું પડશે. ત્યાં ચમકતી તલવારો એવી તો ચાલશે કે મૂળા તથા ગાજરની પેઠે ધડાધડ માથાં-હાથ-પગ કપાઈને ધબ્બોધબ્બ નીચે પડતાં હશે. ચારે તરફ લોહીનાં ઝરણાં વહેશે. 'હાય, હાય, મરી ગયો રે, બાપરે'ની દુઃખ તથા વેદનાભરી ચીસો સાંભળવી પડશે. અને પોતે જાતે જ જો કંઈ ઝપાટામાં આવી ગયા, તો '**गोविन्दाय नमो नमः**' થઈ જવું પડશે. ના, રે, ના, ક્ષત્રિય બનવું સારું નથી. જો હું વૈશ્ય-શેઠ બનું, તો હજારો, લાખોની ચિંતા કરતાં કરતાં મારું કલેજું છાણ જેવું સૂકું બની જાય. આ રીતે વિચાર કરતા મોચીએ અંત નિશ્ચય કર્યો કે-મોચી બનવું જ ઠીક પડશે. ન તો ઠંડીથી હેરાન થવું પડશે, ન તો ભયંકર તલવાર ઊઠાવવી પડશે, ન તો ધનની ચિંતા કરવી પડશે; ખૂબ આરામથી જૂતાં બનાવીને બે રૂપિયા કમાઈશું, ખાઈશું-પીશું, અને મોજ કરીશું.

નિશ્ચય પ્રમાણે તે બોલી ઊઠયો કે-પંડ્યાજી, માથા પર

કરવત મૂકો, હું મોચી જ બનવા માગું છું. મોચી જ સર્વથી સારો હોય છે. મારે બીજું કંઈ નથી બનવું. તેની તેવી વાત સાંભળીને, પંડા પેટ પકડીને હસવા લાગ્યો,અને કહેવા લાગ્યો કે–અરે, જો તું મોચીનો મોચી જ બનવા માગતો હતો, તો આ કરવતનું કષ્ટ ઉઠાવવાનું પ્રયોજન શું હતું ?

આ રીતે અજ્ઞાન કાળમાં આપણા હૃદયમાં જેવી તદન્ય ભાવનાઓ હતી, તેવી જ ભાવનાઓ જો જ્ઞાનકાળમાં પણ રહે, તો જ્ઞાનલાભનું શું પ્રયોજન સિદ્ધ થયું ? જ્ઞાનલાભનું પ્રયોજન એ છે કે–અજ્ઞાન–જન્ય તદન્ય (પરમેશ્વરથી ભિન્નતાની) ભાવનાઓને દૂર હઠાવીને સર્વત્ર અંદર–બહાર તદનન્ય-ભાવનાની સિદ્ધિ કરી શકાય. માટે ભગવત્પાદે કહ્યું છે કે—

'त्वमर्कस्त्वमग्निस्त्वमिन्दुस्त्वमापः,
त्वमाकाशभूवायवस्त्वं चिदात्मा ।
त्वदन्यो न कश्चित्पदार्थोऽस्ति सर्वे,
सदानन्दसंवित्स्वरूपं तवेदम् ॥'

હે પરમાત્મન્! તું જ સૂર્ય છે, તું જ અગ્નિ છે, તું જ ચન્દ્ર છે, તું જ જળ છે, તું જ આકાશ, પૃથ્વી તથા પવન છે, તું જ સર્વનો ચેતન આત્મા છે, તારાથી બીજો કોઈ પણ પદાર્થ નથી. આ જે કાંઈ છે તે સર્વ તારું જ સત્, આનંદ તથા જ્ઞાન સ્વરૂપ છે.

આ તદનન્યત્વ–ભાવનાનું સ્વરૂપ છે. તે જ વિવેક, વૈરાગ્ય વગેરે તથા શ્રવણ, મનન વગેરે સાધનોનું ફલ છે. અનન્ય પરમાત્મામાં અવિદ્યા દ્વારા તદન્યત્વનો આરોપ થાય છે, તથા વિદ્યા દ્વારા તે આરોપનો અપવાદ થઈને એકમેવાદ્વિતીય, અનન્ય, પૂર્ણ પરમાત્મા જ બાકી રહી જાય છે. આ અધ્યારોપ તથા અપવાદની પ્રક્રિયા આપણાં મોક્ષશાસ્ત્રોમાં સર્વત્ર જોવામાં આવે છે. માટે જ પરમશ્રદ્ધેય, અદ્વૈત સંપ્રદાયના આચાર્યોએ કહ્યું છે કે—

'અધ્યારોપાપવાદાભ્યાં નિષ્પ્રપઞ્ચં પ્રપઞ્ચ્યતે ।
મુમુક્ષૂણાં બોધસિદ્ધ્યૈ તત્ત્વજ્ઞૈઃ (શ્રુતિભિઃ) કલ્પિતઃ ક્રમઃ ॥'

અધ્યારોપ દ્વારા નિષ્પ્રપંચ-બ્રહ્મનું સપ્રપંચરૂપે વર્ણન કરીને, પછી અપવાદ દ્વારા નિષ્પ્રપંચ, અખંડૈકરસ, બ્રહ્મ જ પરિશિષ્ટ રૂપે બતાવવામાં આવે છે. તે રીતે મુમુક્ષુઓને અદ્વૈત-બ્રહ્મનો બોધ સિદ્ધ થાય તે માટે શ્રુતિઓએ તથા તત્ત્વજ્ઞોએ અધ્યારોપ તથા અપવાદના ક્રમની કલ્પના કરી છે.

એવો જ ક્રમ પ્રકૃત ગીતાના શ્લોકમાં પણ જોવામાં આવે છે. મયિ સર્વમિદં પ્રોતં સૂત્રે મણિગણા ઇવ-આ ઉત્તરાર્ધથી પરમાત્મામાં વિશ્વનો અધ્યારોપ કહેવામાં આવ્યો છે. તથા મત્તઃ પરતરં નાન્યત્ કિંચિદસ્તિ-આનાથી તે અધ્યારોપનો અપવાદ બતાવવામાં આવ્યો છે. તે રીતે ભગવાને ગીતામાં નવમા અધ્યાયમાં મત્સ્થાનિ સર્વભૂતાનિ (૯, ૪,) મારામાં સચ્ચિદાનંદ-પરમાત્મામાં આ સર્વ ભૂત, જલમાં બરફની પેઠે, અવસ્થિત છે, આ વચનથી અવિદ્યા દ્વારા થનારો અધ્યારોપ બતાવવામાં આવ્યો છે. તથા ન ચ મત્સ્થાનિ ભૂતાનિ (૯, ૫,) આ સર્વભૂત વસ્તુતઃ મારામાં અવસ્થિત નથી, આના વડે વિદ્યા દ્વારા થનારો અપવાદ બોધિત કર્યો છે. જેવી રીતે કનકમાં કટક, કુંડલ, સ્વસ્તિક વિગેરે ભિન્ન ભિન્ન નામ તથા આકારવાળાં આભૂષણોનો અધ્યારોપ સોની દ્વારા થાય છે. પછી અગ્નિમાં નાંખવાથી આ આભૂષણોનો અપવાદ થઈ જાય છે, આભૂષણ તથા તેમનાં જુદાં જુદાં નામ તથા આકાર (રૂપ) અદૃશ્ય થઈ જાય છે, એક માત્ર સુવર્ણ જ બાકી રહે છે. વસ્તુતઃ સુવર્ણની દૃષ્ટિમાં આભૂષણો હતાં જ નહિ. સુવર્ણમાં અવિદ્યમાન આભૂષણોનો મિથ્યા આરોપ માત્ર થયો હતો. તે રીતે તે અદ્વય-પરમાત્મામાં અવિદ્યાથી અવિદ્યમાન, નામરૂપાત્મક

જગત્‌નો આરોપ થાય છે, પછી જ્ઞાનાગ્નિદ્વારા તે આરોપનો અપવાદ થઈને, પરિશિષ્ટ એક માત્ર, વિશુદ્ધ, અદ્વય, બ્રહ્મજ બાકી રહે છે.

માટે ભગવાન વેદવ્યાસે પણ શ્રીમદ્‌ભાગવતના સર્વતઃ પ્રથમ મંગલાચરણમાં અધ્યારોપ તથા અપવાદ દ્વારા જ સત્ય બ્રહ્મના ધ્યાન માટે આ પ્રકારે વર્ણન કર્યું છે-

'जन्माद्यस्य यतोऽन्वयादितरतश्चार्थेष्वभिज्ञः स्वराट्
तेने ब्रह्म हृदा य आदिकवये, मुह्यन्ति यत्सूरयः।
तेजोवारिमृदां यथा विनिमयो, यत्र त्रिसर्गो मृषा,
धाम्ना स्वेन सदा निरस्तकुहकं सत्यं परं धीमहि॥'

(૧,૧,૧)

જે પરમાત્મા દ્વારા આ જગતનાં જન્મ, પાલન તથા સંહાર થાય છે. અને જે આ જગત્‌ના સર્વ પદાર્થોમાં અન્વય તથા વ્યતિરેક દ્વારા વિશિષ્ટ તથા શુદ્ધરૂપે અવસ્થિત છે, અર્થાત્ જેની પૂર્ણ સત્તાના અન્વયથી જ આ સર્વ પદાર્થો સત્તાવાળા બનીને અનેક પ્રકારનાં નામરૂપોથી પ્રતીત થાય છે. અને જેની ચેતન સત્તા વિના કોઈ પણ પદાર્થની સત્તા સિદ્ધ જ થતી નથી, કોઈ પણ પદાર્થનું ભાન થતું નથી. तत्सत्त्वे तत्सत्त्वं જેના હોવાથી, જે હોય-તે અન્વય છે. तदभावे तदभावः। જેના ન હોવાથી, જે ન હોય-આ વ્યતિરેક છે. જેવી રીતે આત્મસત્તા હોવા વડે જાગ્રત્ વગેરે અવસ્થાઓ પ્રતીત થાય છે-આ અન્વય છે. આત્મસત્તા ન રહે ત્યારે-અર્થાત્ આત્મા સુષુપ્ત અથવા સમાધિસ્થ થઈ જાય, ત્યારે જાગ્રત વગેરે અવસ્થાઓ પ્રતીત હોતી નથી, આ વ્યતિરેક છે. આ પ્રકારે જે પરમાત્મા અન્વય તથા વ્યતિરેક-બંને દૃષ્ટિઓથી આ કાર્યકારણાત્મક, સમસ્ત જગત્‌માં વ્યાપક પૂર્ણ જ સિદ્ધ થાય છે, તથા

જે સર્વજ્ઞ અને સ્વયંપ્રકાશ છે, અને જે ગંભીર વેદના વિષયમાં મોટા મોટા પંડિતો પણ તત્ત્વનિર્ણય કર્યા વગર, ભ્રાન્ત જેવા બન્યા રહે છે, જેણે સંકલ્પ માત્રથી જ બ્રહ્માના હૃદયમાં તે વેદને પ્રગટ કરી દીધા, અને જેવી રીતે તૈજસ (કાચ, સૂર્ય-કિરણ વગેરે) ને જલ, જલ વગેરેને સ્થલ, તથા માટી વગેરેને જલ સમજવાની ભ્રાન્તિ થાય છે, તેવી રીતે જ જે શુદ્ધ, અદ્વય, પરમાત્મા સ્વરૂપમાં આ ત્રિગુણ માયામયી સૃષ્ટિ અસત્ હોવા છતાં પણ સત્ હોય તેમ પ્રતીત થાય છે; જેની જ્ઞાનજ્યોતિ દ્વારા આ છલકપટવાળી માયા તથા તેનું કાર્ય-દ્વૈત પ્રપંચ બંનેનો સર્વથા બાધ થઈ જાય છે, તે પરમ સત્ય, સર્વાનન્ય, બ્રહ્મ-પરમાત્માનું અમે ધ્યાન કરીએ છીએ.

આ પ્રકારે બૃહદારણ્યક ઉપનિષદ્ના મૂર્તામૂર્ત બ્રાહ્મણમાં અધ્યારોપ તથા અપવાદ પ્રતિપાદિત કર્યા છે—

'દ્વે વાવ બ્રહ્મણો રૂપે મૂર્તં ચૈવામૂર્તં ચ' (૨.૩,૧)

બ્રહ્મનાં બે રૂપ છે, એક મૂર્ત તથા બીજું અમૂર્ત. બ્રહ્મતત્ત્વ વસ્તુતઃ અરૂપ છે. તેથી તેનાં આ બે રૂપ પારમાર્થિક હોઈ શકે નહિ. પણ અવિદ્યાદ્વારા અધ્યારોપિત જ હોઇ શકે. તેથી તેમનો પ્રતિબંધ કરવામાં આવે છે. પારમાર્થિક રૂપનો પ્રતિબંધ થઈ શકતો નથી. મૂર્તિરૂપ કોણ છે? શ્રુતિ કહે છે કે-તદેતન્મૂર્તં યદન્યદ્વાયોશ્ચાન્તરિક્ષાદ્ (૨, ૩, ૨) જે વાયુ તથા આકાશથી અન્ય છે, તથા ત્વચા અને ચક્ષુ ઈન્દ્રિય દ્વારા જેનું મૂર્તિમાન રૂપ પ્રતીત થાય છે, તે મૂર્ત છે. તેવાં મૂર્તરૂપવાળાં ત્રણ છે-પૃથ્વી, જલ તથા અગ્નિ. અમૂર્તરૂપ કોણ છે? શ્રુતિ કહે છે કે—અથામૂર્તં વાયુશ્ચાન્તરિક્ષં ચ (૨, ૩, ૩) વાયુ અને આકાશ, આ બે અમૂર્ત છે. સાકારરૂપે તેમનું ગ્રહણ થઈ શકતું નથી. આમ અરૂપ, અદ્વય બ્રહ્મમાં મૂર્તામૂર્તરૂપનો આરોપ

કર્યા પછી, હવે તેનો પ્રતિષેધ કરે છે–અથાત આદેશો નેતિ નેતિ. ન હ્યેતસ્માદિતિ નેત્યન્યત્પરમસ્તિ (બૃહ૦ ૨, ૩, ૬) 'અથ' એટલે અધ્યારોપની પછી, તે વિશ્વના અધિષ્ઠાન બ્રહ્મમાં વસ્તુત: મૂર્ત પણ નથી, અમૂર્ત પણ નથી. આ રીતે તદન્ય સમસ્ત, દ્વૈત પ્રપંચના પ્રતિષેધ દ્વારા જ તે અખંડ, અદ્વય, બ્રહ્મનો આદેશ (ઉપદેશ) અપાય છે. તેનાથી વ્યતિરિક્ત કશું પણ નથી. નિર્વિશેષ, અદ્વય, બ્રહ્મના બોધન માટે એવો જ આદેશ (નિર્દેશ) કરાય છે. અવિદ્યા–કલ્પિત, સમસ્ત, મૂર્તામૂર્તરૂપ વિશેષ ઉપાધિઓના પ્રતિષેધ દ્વારા અધિષ્ઠાન બ્રહ્મના પરિશેષરૂપ નિર્દેશથી અન્ય કશું પણ નિર્દેશન બાકી રહેતું નથી. માટે આ જ નિર્દેશ છે

જો મૂર્તામૂર્ત, ચિદ્ભાસ્ય, દ્વૈત પ્રપંચનો બ્રહ્મમાં આરોપ કર્યા વિના જ અપવાદ કરવામાં આવે, તો નિર્વિશેષ, અદ્વય બ્રહ્મનો બોધ સિદ્ધ થાય નહિ. જેવી રીતે वायौ रूपं नास्ति– વાયુમાં રૂપ નથી, એવો નિષેધ કરવાથી પૃથ્વી વગેરેમાં રૂપનો નિષેધ નથી થતો, તેમાં રૂપ રહે છે, તેવી રીતે બ્રહ્મમાં દ્વૈત પ્રપંચ નથી–એવો નિષેધ કરવા છતાં પણ પ્રપંચ પ્રકૃતિ, પરમાણુ વગેરે અન્ય કારણોમાં રહી શકે છે. એવી દશામાં અદ્વય બ્રહ્મમાત્ર પરિશિષ્ટ રહેતું નથી. તેથી અમારાં સર્વ શાસ્ત્ર પ્રથમ દ્વૈત પ્રપંચનો માયા દ્વારા બ્રહ્મમાં જ આરોપ કરે છે, અન્ય કારણોનો નિષેધ કરીને તેને જ તેનું અભિન્ન નિમિત્તોપાદાન કારણ સિદ્ધ કરે છે. પછી માયા સહિત આરોપિત દ્વૈત પ્રપંચનો વિદ્યા દ્વારા પ્રતિષેધ કરીને સર્વથા દ્વૈતશૂન્ય, અદ્વય બ્રહ્મનો પરિશેષરૂપે નિર્દેશ કરે છે. તેથી દ્વૈત પ્રપંચનું ક્યાંયે અસ્તિત્વ રહેતું નથી. તેથી અધ્યારોપપૂર્વક જ સર્વત્ર અપવાદ કરવામાં આવે છે.

માટે જ અદ્વૈત સંપ્રદાયના મહાન બુદ્ધિશાળી આચાર્યોએ કહ્યું છે કે—

'प्रतिलोमानुलोमाभ्यां विश्वारोपापवादयोः।
चिन्तने शिष्यते तत्त्वं तदुच्छिष्टं विदुर्बुधाः॥
अधिष्ठानस्य सत्यत्वं, मिथ्यात्वं नामरूपयोः।
विज्ञाय चिन्तयेद्ब्रह्म तत्त्वमुच्छिष्टमद्वयम्॥
उच्छिष्टे ब्रह्मणि स्वस्मिन् प्रविलाप्याखिलं जगत्।
ध्यायन्नद्वैतमात्मानं सुखी शान्तो भवेन्नरः॥'

પ્રથમ અનુલોમથી* બ્રહ્મમાં આકાશાદિ વિશ્વનો આરોપ કર્યો, પછી પ્રતિલોમથી બ્રહ્મમાં વિશ્વનો અપવાદ કર્યો. તે પ્રકારના અધ્યારોપ તથા અપવાદ દ્વારા ચિંતન કરવાથી જે અદ્વય તત્ત્વ પરિશિષ્ટ રહે છે, તેને વિદ્વાન્ ઉચ્છિષ્ટ બ્રહ્મરૂપે જાણે છે. અધિષ્ઠાન બ્રહ્મ જ સત્ય છે, નામરૂપાત્મક જગત્ મિથ્યા જ છે—એમ નિશ્ચયપૂર્વક જાણીને, ઉચ્છિષ્ટ અદ્વય બ્રહ્મતત્ત્વનું જ એક માત્ર ચિંતન કરવું જોઈએ. તે ઉચ્છિષ્ટ બ્રહ્મ હું જ છું, તેવા મારામાં નિખિલ જગત્નું પ્રવિલાપન કરીને, કેવળ અદ્વૈત આત્માનું ધ્યાન કરતો માણસ શાંત તથા સુખી થાય છે. તે ઉચ્છિષ્ટ બ્રહ્મનું

* જેવી રીતે સીડી ઉપર અનુલોમ ક્રમથી ચઢાય છે, પ્રતિલોમ ક્રમથી ઉતરાય છે. અનુલોમ ક્રમથી વિપરીત ક્રમ પ્રતિલોમ માનવામાં આવ્યો છે. સન્મુખ બનીને આપણે ચઢિયે છીએ; વિમુખ બનીને ઉતરીએ છીએ તે રીતે અનુલોમ ક્રમથી વિશ્વનો આરોપ થાય છે, પ્રથમ આકાશનો, પછી વાયુનો ઈત્યાદિ. તેનાથી વિપરીત ક્રમ દ્વારા અપવાદ થાય છે. તે વિપરીત ક્રમ જ પ્રતિલોમ છે; પૃથ્વીનો જલમાં વિલય, જલનો અગ્નિમાં વિલય ઈત્યાદિ. પ્રથમ આકાશનો વિલય, પછી વાયુનો વિલય—એમ નહિ.

વિશદ વર્ણન અમે 'અથર્વવેદસંહિતોપનિષચ્છતક' નામના ગ્રંથની 'અધ્યાત્મ-જ્યોત્સ્ના' નામની સંસ્કૃત વ્યાખ્યામાં કર્યું છે. તેથી સંસ્કૃત જાણનાર મહાનુભાવોએ વિશેષરૂપે તેનું વર્ણન તે વ્યાખ્યાનમાં જોવું જોઈએ.

આ દ્વૈતપ્રપંચમાં જે કાંઈપણ વ્યવહાર થાય છે, તે અવિદ્યા-કલ્પિત આરોપદ્વારા જ થાય છે. 'હું મનુષ્ય છું. હું બ્રાહ્મણ છું, હું ગોરો છું હું જુવાન છું' ઈત્યાદિ વ્યવહારમાં અહં પદાર્થ દ્રષ્ટા આત્મા છે. મનુષ્યત્વ, બ્રાહ્મણત્વ વગેરે વસ્તુતઃ દ્રષ્ટા આત્મામાં નથી, પણ તે દૃષ્ય-શરીરના ધર્મો જ છે; છતાં અવિદ્યા દ્વારા દૃશ્યના ધર્મો દ્રષ્ટામાં આરોપિત થાય છે. માટે ભ્રાન્તિથી કહે છે–' હું મનુષ્ય છું, હું બ્રાહ્મણ છું ' વગેરે. મૂઢ માનવ કહે છે કે–આ સ્ત્રીનું શરીર મારૂં છે, આ પુત્રનું શરીર મારૂં છે. હું તેનો પતિ છું, હું તેનો પિતા છું–આ પણ મિથ્યા આરોપ છે. વિચાર કરીને જોવામાં આવે તો સર્વ શરીર પંચભૂતોનાં છે. પંચભૂત જ તેમનો પતિ અથવા પાલક છે; છતાં અવિદ્યા-ભ્રાન્તિથી કહેવામાં આવે છે કે–આ મારાં છે. તેવી રીતે તે બહુ ગર્વથી કહે છે કે–આ સૌથી ઊંચું, સુંદર, સાત માળવાળું મકાન મારૂં છે; હું તેનો માલિક છું. પરંતુ મહાત્મા કબીર એવા ભ્રાન્ત માનવોને ચૂંટી ખણીને કહે છે કે–

'कंकड चून चून महल बनाया, मुरख कहे घर मेरा रे।
ना घर तेरा ना घर मेरा, चिडिया रैन बसेरा रे।'

'મારૂં, મારૂં' કહીને છાતી ઠોકનારા તથા માલિકપણાનો ગર્વ કરનારા આ શરીરની અંતમાં શી દશા થાય છે? તેને કહેવામાં આવ્યું છે કે–

'अपने (इस शरीरके) खातर महल बनाया।
आपहि (यहशरीर) जाकर जंगल (श्मशानमें) सोया ॥
हाड जले जैसे लकडीकी मोली (भारी)।
बाल जले जैसे घासकी पोली ॥'

માટે,

'इस तन धनकी कौन बड़ाई।
देखत नैनोंमें मिट्टी मिलाई॥'

આ રીતે સંસારના સર્વવ્યવહાર આરોપિત જ હોય છે, વાસ્તવિક નહિ. આ વિષયને સિદ્ધ કરવા માટે ભગવાન શ્રીકૃષ્ણનું બાલ્યકાળનું એક લીલાચરિત્ર કવિએ આ પ્રકારે વર્ણવ્યું છે—
'कस्त्वं?' 'कृष्णमवेहि मां' 'किमिह ते' 'मन्मन्दिराशङ्कया,' 'युक्तं' 'तन्नवनीतभाजनपुटे न्यस्तः किमर्थं करः?' 'कर्तुं तत्र पिपीलिकापनयनं' 'सुप्ताः किमुद्बोधिताः, बालाः?' 'वत्सगतिं विवेकुमिति' 'संजल्पन् हरिः पातु वः॥'

પ્રાતઃકાળનો સુંદર સમય હતો. પૂર્વ દિશામાં ઉષાદેવીની લાલી ફેલાઈ ગઈ હતી. મંદમંદ, સુશીતળ, યમુનાજલસ્પર્શી પવન વાઈ રહ્યો હતો. પક્ષીગણ મધુર સ્વરથી પોતાનું સંગીત ગાતાં ગાતાં, એક વૃક્ષથી બીજા વૃક્ષ પર આવજા કરી રહ્યાં હતાં. તે સમયે કોઈ એક શ્રીકૃષ્ણના પ્રેમમાં મતવાલી બનેલી ગોપી કાર્યવશાત્ પોતાના ઘરને શૂન્ય છોડીને બીજા ઘરમાં ગઈ. તે ગોપિકા શ્રીકૃષ્ણના મુનિમનહારી, દિવ્ય રૂપસૌન્દર્યના દર્શનની નિરંતર અભિલાષા રાખતી હતી. અંતર્યામી પ્રભુ શ્રીકૃષ્ણ તેને દર્શન દેવા માટે તથા માખણ ચોરવા માટે તે ગોપીના ઘરમાં ઘૂસી ગયા. ઝટપટ માખણ લેવા માટે તે મટુકીમાં હાથ નાંખી રહ્યા હતા, એટલામાં પેલી ગોપી ત્યાં આવી પહોંચી. ભગવાન શ્રીકૃષ્ણને જાણતી હોવા છતાં તે પ્રેમપૂર્વક ઉપાલંભ-મહેણું દેવા માટે પૂછે છે કે-તું કોણ છે? શ્રીકૃષ્ણે જવાબ આપ્યો-અરે ગોપી, હું કૃષ્ણ છું એમ તું નિશ્ચયપૂર્વક જાણ શું તું મને ભૂલી ગઈ?

ગોપી બોલી-ઠીક, આપ શ્રીકૃષ્ણ છો તે તો ઠીક, પણ આપનું મારા ઘરમાં ઘૂસવાનું શું પ્રયોજન છે?

ચતુરશિરોમણિ ભગવાન શ્રીકૃષ્ણ પોતાની અલૌકિક પ્રતિભાથી તત્કાળ ઉત્તર આપે છે કે-વાહ રે વાહ! શું આ તમારું ઘર છે? હું તો સમજતો હતો કે આ મારું ઘર છે. તેથી હું તેમાં ઘૂસી ગયો છું. સંભવ છે કે મને પરાયા ઘરમાં પોતાના ઘરની ભ્રાન્તિ થઈ હોય. ભગવાન પોતાની વાતનું સમર્થન કરવા માટે તે ગોપીને સંસારના સ્વરૂપનો ઉપદેશ આપવા લાગ્યા-અરે દેવી, આ સંસાર ભ્રાન્તિબહુલ છે. સંસારનાં સર્વ જ્ઞાન ભ્રાન્ત છે, એક પણ જ્ઞાન યથાર્થ નથી. જ્યાં દેખો ત્યાં ભ્રાન્તિ જ ભ્રાન્તિ છવાઈ રહી છે. અન્યમાં અન્ય બુદ્ધિનું નામ જ ભ્રાન્તિ છે. ભ્રાન્તિ જ સંસારની જડ છે. જો ભ્રાન્તિ ન હોત, તો સંસારનો વ્યવહાર જ સર્વથા સમાપ્ત થઈ જાત. સંસારનું જીવન જ ભ્રાન્તિમય છે. માટે મને ભ્રાન્તિ થઈ જાય તેમાં શી આશ્ચર્યની વાત છે?

લીલાધારી શ્રીકૃષ્ણનાં એવાં અપૂર્વ લીલામય વચનો સાંભળીને ગોપી સ્તબ્ધ બની ગઈ. ફરી શાન્ત ચિત્તે કહેવા લાગી-હે પ્યારા શ્રીકૃષ્ણ, તમારું કહેવું યુક્તિયુક્ત હોઇ શકે છે. પણ કૃપાનિધાન! એ તો બતાવો કે આપે માખણની આ મટુકીમાં કેમ હાથ નાંખ્યો? શું તેમાં પણ કાંઈ ભ્રાન્તિ થઈ ગઈ હતી?

બહુ જ સ્ફૂર્તિથી શ્રીકૃષ્ણે ઉત્તર આપ્યો-હા, હા. જરૂર ભ્રાન્તિ થઈ ગઈ હતી. મને એમ લાગ્યું કે આ મટુકીમાં કીડીઓ ઘૂસી ગઇ છે, તેથી તેમને કાઢવા માટે મેં મારો હાથ અંદર નાંખ્યો હતો.

ગોપિકા શ્રીકૃષ્ણનાં ચતુરાઈ-પૂર્ણ આ વચનો સાંભળીને

પ્રેમથી વિહ્વલ બની ગઈ, અને ફરી બોલી કે-હે હૃદયવલ્લભ કૃષ્ણ! તમારી આ બધી વાતો બહુ મજાની છે! પણ મજાથી ઊંઘતાં મારાં આ બાળકોને તમે કેમ જગાડયાં? શું તેમાં પણ કોઈ ભ્રાન્તિનો પાદપ્રસાર થઈ ગયો હતો?

શ્રીકૃષ્ણ બોલ્યા-હે ગોપી, તારું કહેવું બરાબર છે. હું આજે ભ્રાન્તિના ચક્કરમાં જ પડી ગયો છું. તારાં આ બાળકોને જગાડવામાં પણ મને ભ્રાન્તિ થઈ ગઈ હતી. મને એમ લાગ્યું હતું કે આ ગાયોનાં વાછડાં છૂટીને ક્યાંક નાસી ગયાં છે, તેમને શોધવા માટે મેં આ બાળકોને જગાડયાં હતાં. પણ હવે મને જણાય છે કે વાછડાં તો અહીં જ બાંધેલાં છે, ભાગી ગયાં નથી. આ પ્રમાણે તે ગોપી પ્રત્યે રહસ્યમય, વિનોદપૂર્ણ વચનો બોલનાર શ્રીકૃષ્ણ આપ સર્વની રક્ષા કરો.

✓ શ્રીકૃષ્ણનું આધ્યાત્મિક સ્વરૂપ જીવાત્મા છે. વેદાંતનો સિદ્ધાંત છે કે-ब्रह्मैव संसरति ब्रह्मैव मुच्यते।-બ્રહ્મ-પરમાત્મા જ અવિદ્યાદ્વારા સંસારનો અનુભવ કરે છે. કર્તૃત્વ, ભોક્તૃત્વ વગેરેનું •ામ જ સંસાર છે. તે જ બ્રહ્મવિદ્યા દ્વારા સંસારથી મુક્ત થાય છે. માટે અમારાં સર્વ શાસ્ત્રો કહે છે કે-शरीरं ब्रह्म प्राविशत् (અથર્વ૦ ૧૧, ૮, ૩૦)-બ્રહ્મ જ જીવાત્મા બનીને પ્રવિષ્ટ થયું છે.

अनेन जीवेनात्मनानुप्रविश्य नामरूपे व्याकरवाणि। (છાં૦ ઉ૦ ૬, ૩, ૨)-આ જીવાત્મારૂપે શરીરમાં પ્રવિષ્ટ થઈને હું (પરમાત્મા) નામરૂપોની અભિવ્યકિત કરું.

✓ ईश्वरो जीवकलया प्रविष्टो भगवानिति। (શ્રીમદ્ ભાગવત ૩, ૨૯, ૩૪) ઈશ્વરભગવાન જ જીવરૂપ અંશથી આ શરીરમાં પ્રવિષ્ટ થાય છે.

બુદ્ધિ ગોપિકા છે. ગો એટલે ઈન્દ્રિય. તેમની જે રક્ષા કરે (पा ધાતુનો અર્થ 'રક્ષણ કરવું' થાય છે) ત ગોપી કહેવાય છે.

તે શ્રીકૃષ્ણને જાણતી હોવા છતાં પણ જાણતી નથી, તેથી તે પ્રશ્ન કરે છે કે-તું કોણ છે? સર્વથા જ્ઞાત-અર્થ-વિષયક (જાણેલી વસ્તુ વિષે) પ્રશ્ન થતો નથી; તથા સર્વથા અજ્ઞાત-અર્થ-વિષયક પણ. જેને આપણે સામાન્યરૂપે જાણીએ છીએ, તથા વિશેષરૂપે જાણવા માગીએ છીએ (જાણતા નથી), ત્યારે જ તે વિષયનો પ્રશ્ન કરવામા આવે છે. અંતરાત્મારૂપ શ્રીકૃષ્ણનું 'अहं अहं' (હું હુ) રૂપે સામાન્ય જ્ઞાન સર્વને છે. પણ નિત્ય, શુદ્ધ, બુદ્ધ, મુક્ત, પૂર્ણાદ્વયાત્મક વિશેષરૂપે જ્ઞાન નથી. તેથી તે વિષયનો પ્રશ્ન થઈ શકે છે.

તે આધ્યાત્મિક કૃષ્ણને પરાયા ઘરમાં પોતાની ઘરની ભ્રાન્તિ થઇ જાય છે. આ શરીરરૂપી નવદ્વારવાળું ઘર પંચભૂતોનું બનેલું હોવાથી પરાયું છે. છતાં તે તેને પોતાનું માની બેઠો છે.

માખણની મટુકી હૃદય છે. તેમાં અસદ્ભાવરૂપી કીડીઓ ઘૂસી ગઈ છે. તેમને કાઢવા માટે પ્રયત્ન કરવો, તે જ 'તેમાં હાથ નાંખવો' છે. તે અસદ્ભાવો જ સંસાર છે. તેથી તેમનું વાસ્તવિક અસ્તિત્વ માનવામાં આવતું નથી. અવિદ્યા ભ્રાન્તિથી જ આ અસત્ હોવા છતાં સત્ય જેવા, અવિદ્યમાન હોવા છતાં વિદ્યમાન જેવા પ્રતીત થાય છે. જે પદાર્થ ભ્રાન્તિથી પ્રતીત થાય છે, તે મિથ્યા જ માનવામાં આવે છે, પરમાર્થ નહિ. જે પ્રમાણે મંદ અંધકારમાં રજ્જુમાં સર્પ ભ્રાન્તિથી દેખાય છે, ભય તથા કંપનો હેતુ પણ બને છે, છતાં તે મિથ્યા જ મનાય છે. રજ્જુનું યથાર્થ જ્ઞાન થતાં તેનો બાધ થઈ જાય છે; તેવી રીતે સંસાર પણ અવિદ્યાથી કલ્પિત છે, તેથી તેનો વિદ્યા દ્વારા બાધ થઈ જાય છે. માટે તે મિથ્યા જ મનાય છે.

માટે શ્રીમદ્ ભાગવતમાં એકાદશ સ્કંધમાં આનંદકંદ પ્રભુ શ્રીકૃષ્ણ ઉદ્ધવજીને એ જ ઉપદેશ આપે છે, કે જેનો ઉપદેશ સૃષ્ટિના પ્રારંભમાં સનકાદિ મુનિઓને હંસરૂપે આપ્યો હતો—

'ईक्षेत विभ्रममिदं मनसो विलासं,
दृष्टं विनष्टमतिलोलमलातचक्रम्।
विज्ञानमेकमुरुधेव विभाति माया,
स्वप्नस्त्रिधा गुणविसर्गकृतो विकल्पः॥
दृष्टिं ततः प्रतिनिवर्त्य निवृत्ततृष्णः,
तूष्णीं भवेन्निजसुखानुभवो निरीहः।
संदृश्यते क्व च यदीदमवस्तुबुद्ध्या,
त्यक्तं भ्रमाय न भवेत्स्मृतिरानिपातात्॥'

(શ્રી.ભદ્ર ૧૧,૧૩,૩૪-૩૫)

આ ભ્રાન્તિરૂપી જગત્‌ને મનનો વિલાસ માત્ર, દૃશ્ય, નશ્વર તથા અલાતચક્રની (બળતી મશાલને ગોળ ગોળ ઘૂમાવવાથી ભાસતું અખંડ જ્યોતિર્મય ચક્ર) સમાન અતિ ચંચલ જાણવું જોઈએ. બળતા લાકડાનું નામ 'અલાત' છે. તેને ઘૂમાવવાથી તે ચક્રાકાર પ્રતીત થાય છે. તેવી રીતે આ જગત્ વસ્તુતઃ ન હોવા છતાં પણ અવિદ્યા-ભ્રાન્તિથી પ્રતીત થાય છે. તે એક, અદ્વિતીય, વિજ્ઞાનરૂપ બ્રહ્મ જ નાના (દ્વૈત)-રૂપે ભાસી રહ્યું છે. માટે ગુણોના પરિણામથી થયેલા આ જાગ્રત, સ્વપ્ન તથા સુષુપ્તિરૂપી ત્રણ પ્રકારના વિકલ્પ માયામય સ્વપ્નરૂપ જ છે. આવા પ્રકારના મિથ્યા, માયિક, દ્વૈતપ્રપંચમાંથી દૃષ્ટિ હઠાવીને, તૃષ્ણારહિત મૌન, નિજાનંદપૂર્ણ તથા નિશ્ચેષ્ટ બની જાય. ફરી જો કે આહાર વગેરે કરવાની વખતે તેની પ્રતીતિ પણ થશે, છતાં અવસ્તુ (મિથ્યા) સમજીને ત્યજાયેલું હોવાને કારણે આ જગત્ ભ્રમ ઉત્પન્ન કરી શકશે નહિ. હા, દેહપાત સુધી વ્યવહાર-દશામાં તેની પ્રતીતિ તો બની રહેશે.

અધ્યારોપ અપવાદ માટે જ કરવામાં આવે છે. અપવાદથી અધ્યારોપ નિવૃત્ત થઈ જાય છે. તથા અધિષ્ઠાન તત્ત્વના વિચાર

દ્વારા જ અપવાદ સિદ્ધ થાય છે. તત્ત્વવિચાર વિના અપવાદ સિદ્ધ થતો નથી. જેવી રીતે સ્વપ્નભ્રમનો અપવાદ જાગૃતિથી, તથા અંધકારનો અપવાદ પ્રકાશથી જ થાય છે, બીજા ઉપાયોથી નહિ; તેવી રીતે તત્ત્વવિચાર દ્વારા જ દ્વૈત–આરોપનો અપવાદ થાય છે.

મિથિલાનો અધિપતિ રાજા જનક જિજ્ઞાસુ હતો. તેથી તે સત્સંગનો બહુ રસિક હતો. જિજ્ઞાસુ બન્યા વિના સત્સંગના મધુર રસનો આસ્વાદ મળતો નથી. માટે જ તેના દરબારમાં અનેક વેદવેત્તા, તત્ત્વજ્ઞ ઋષિઓનું આગમન ચાલુ રહેતું. કોઈ વખત જનકને સ્વપ્ન આવ્યું. સ્વપ્નમાં તેણે પોતાને અત્યંત ગરીબ ભિખારીરૂપે જોયો. કોઈ એક નગરમાં પોતે ભીખ માંગી રહ્યો છે. ફાટેલાં મેલાં કપડાં પહેર્યાં છે. હાથમાં લાકડી છે. મુખ દીનતાથી પૂર્ણ છે. શરીર શુષ્ક તથા મલિન છે. દરેક ઘરની આગળ જઈને તે ભોજન માટે પોકાર કરે છે. પણ તેનો પોકાર કોઈ સાંભળતું નથી. નિરાશ બનીને તે એક મહોલ્લામાંથી બીજા મહોલ્લામાં જાય છે. ક્ષુધાની જ્વાલાથી તે બહુ વ્યાકુલ છે. ભૂખની શાન્તિ માટે તે બૂમ પાડતો ફરે છે માર્ગમાં તેને કોઈ વ્યક્તિ મળી જાય છે, તો તેની સામે પણ દીનતાપૂર્વક, દયા આવે તેવા સ્વરે તે ભોજનની યાચના કરે છે. કહે છે–' અરે ભાઈ, મારા–ગરીબ પર દયા કરો. મારે લાખ–કરોડ જોઈતા નથી. કેવળ ભૂખના નિવારણ માટે રોટીનો ટૂકડો જોઈએ છીએ. હું અનાથ છું, અશક્ત છું, દીન છું, કંગાલ છું. ભગવાને તમને બહુ આપ્યું છે. તેમાંથી થોડુંક આપીને પુણ્ય કમાઈ લો.' લાચાર ભિખારી કેવળ ભીખ જ માગતો નથી, પણ સાથે સાથે થોડોક ઉપદેશ પણ કરે છે–જુવો ભાઈ, મેં પૂર્વજન્મમાં કોઈને કંઈ આપ્યું ન હતું, પુણ્યદાન કર્યું ન હતું. તેથી મારે દીન ભિખારી

બનવું પડયું. જો તમે પણ આ જન્મમાં કશું દાન નહિ કરો, પુણ્યદાન નહિ કરો, તો તમારી પણ મારા જેવી જ દશા થશે. તેથી શક્તિ અનુસાર કંઈ ને કંઈ દાન–પરોપકાર કરવો જ જોઈએ.

'अष्टादशपुराणानां व्यासस्य वचनं द्वयम् ।
परोपकारः पुण्याय पापाय परपीडनम् ॥'

અઢાર પુરાણોમાં વ્યાસનાં બે જ વચન સારરૂપ છે. પરોપકાર પુણ્યને માટે છે, અને પારકાને પીડવો તે પાપ છે.

'परहित सरिस धर्म नहीं भाई ।
परपीडा सम नहीं अधमाई ॥' (રામાયણ)

પણ તે નગરના લોકો એવા જ હતા કે જેમને દાન કરતાં આવડતું જ ન હતું. તે ભીખારીનો અવાજ કોઈ સાંભળવા માગતું જ ન હતું. સાંભળતાં છતાં તેની ઉપેક્ષા કરીને, તેને ધમકાવીને, તેઓ ચાલ્યા જતા. જેમના પેટરૂપી 'લેટર બોક્સ'માં દિવસમાં ચાર વાર ઠાંસી ઠાંસીને ખાવાનું ભરવામાં આવે છે, તેમને તે ગરીબની ભૂખનું દુઃખ કેવી રીતે સમજાય ? છતાં તે એ નગરમાં ભોજનની આશા રાખીને ઘૂમતા જ હતા. એક, બે, ત્રણ દિવસ ચાલ્યા ગયા, પણ તેમને કાંઈ ખાવાનું મળ્યું નહિ. બૂમ પાડતાં પાડતાં તેમનો કંઠ સૂકાઇ ગયો, અવાજ ક્ષીણ થઈ ગયો, ચાલવાની શક્તિ પણ રહી નહિ, બહુ બૂરા હાલ થઈ ગયા. પણ છતાંયે आशा बलवती राजन् शल्यो जेष्यति पाण्डवान् ।× ની અનુસાર, તે અશક્ત પગે લથડાતા લથડાતા ઘૂમી રહ્યા છે, સૂકાયેલે ગળે પણ બૂમો પાડી રહ્યા છે. ચોથે દિવસે સાયંકાળે

×આશા બળવાન છે. કુરૂક્ષેત્રના મેદાનમાં ભીષ્મ, દ્રોણ જેવા મોટા મોટા મહારથી વીરોનો પરાજય થઈ ગયો. છતાં દુર્યોધન એવી આશા રાખી રહ્યો છે કે–આ નવો બનાવેલો સેનાપતિ, શલ્યરાજા જરૂર પાંડવોને જીતશે.

કોઈએ તેમની અતિ શિથિલ, દુઃખપૂર્ણ બૂમ સાંભળી તેણે ઈશારાથી પાસેનું એક ખીચડીનું અન્નક્ષેત્ર બતાવ્યું. કહ્યું કે-તું ત્યાં જા, કંઈક ખાવાનું મળશે. તે ભિખારી ત્યાં ગયો. ભોજનને માટે પોકાર કર્યો, પણ ભાગ્યહીન માણસ જ્યાં જાય, ત્યાંથી તેને નકારનો અવાજ જ સાંભળવાનો મળે છે. ત્યાંથી પણ તેને 'ના' નો કર્કશ અવાજ સાંભળવો પડયો. 'ભોજન નથી, ચૂલો વગેરે લીંપાઈ ગયું-અબોટ દેવાઈ ગયો'-એવું સાંભળીને તેની આશાનો બંધ તૂટી ગયો. તે ક્ષેત્રના દ્વારમાં જ તે ધડાક દઈને પડી ગયો, બેહોશ બની ગયો. ક્ષેત્રના સંચાલક મુનીમે જોયું કે-તે બહુ જ ભૂખ્યો છે. જો તેને આજ કશું પણ ખાવાનું નહિ મળે, તો તે અહીંજ મરી જશે. તેણે ખીચડી બનાવનાર ભંડારીને બોલાવ્યો. કહ્યું કે-અરે, કંઈ હોય તો આપ. જો, આ ભિખારીના હાલ બહુ ખરાબ છે. તેણે તપેલીમાં ચોંટેલી, બળી ગયેલી, ખીચડી ઉખાડીને એક પડિયામાં તેની પાસે મૂકી, અને તે બેહોશ ભિખારીને સાવધાન બનાવવા તે બૂમ પાડી બોલાવવા લાગ્યો. ભિખારીએ આંખો ખોલી. પડિયામાં ખાવાની ખીચડી જોઈને, તેના શરીરમાં કંઈક બળનો સંચાર થયો. તે ધીરેથી ઊઠીને બેઠો થયો. પડિયો હાથમાં લઈને તે મંદ સ્વરે કહેવા લાગ્યો-આજે મને તમે મરતો બચાવ્યો છે. ભગવાન તમારૂં ભલું કરે. મુનીમે હાથના ઈશારાથી કહ્યું-જો, આ સડકની પેલે પાર કૂવો છે. ત્યાં જઈને પાણીની સાથે આ ખીચડીને ઘોળીને પી જા. મુનીમની વાત સાંભળીને તે ઊભો થઈ ગયો. કૂવાની બાજૂએ, સડક પાર કરવા તે જવા લાગ્યો. તેવામાં લોકોનો અવાજ સંભળાયો-ભાગો, ભાગો, સડકથી દૂર હઠી જાઓ. બે મસ્તાના સાંઢ લડતા-લડતા આવી રહ્યા છે. તે ભીખારી પણ ભાગવા લાગ્યો, પણ વિશેષ શકિત ન હોવાને કારણે તે જલ્દી ભાગી શકયો નહિ. સાંઢ પાસે આવી પહોંચ્યા. દોડી જતા તે

ભીખારીને એક સાંઢે માથું માર્યું. ચોટ ખાઈ ને તે નીચે પડી ગયો, મુખ ધૂળવાળું થઈ ગયું, ખીચડીનો પડિયો પણ ધૂળમાં પડી ગયો.

તે સમયે રાજા જનકની આંખો એકદમ ઊઘડી ગઈ. સ્વપ્નમાં તે જુવે છે કે–હું બહુ ગરીબ ભિખારી છું. જાગ્રત્‌માં જુવે છે કે હું રાજાધિરાજ છું. ત્યાં ભીખારીની કંગાલિયતનો અનુભવ થઈ રહ્યો છે, તો અહીં મહારાજાના વિપુલ ઐશ્વર્યને જોઈ રહ્યા છે. ત્યાંની દુનિયા કંઈ જુદી જ હતી, જેમાં દીનતા તથા હીનતા ભરેલી હતી. અહીંની દુનિયા કંઇક જુદી જ છે, જેમાં ખૂબ અહંકાર તથા સમૃદ્ધિ ભરેલી છે. રાજા વિચાર કરવા લાગ્યો–હું કોણ છું ? શું હું કંગાલ ભિખારી છું કે મિથિલાધિપતિ રાજાધિરાજ છું ? શું તે અનિષ્ટ દૃશ્ય સાચું છે કે આ અભીષ્ટ દૃશ્ય સાચું છે ?

આ પ્રકારે વિચારમાં નિમગ્ન બનેલો રાજા સભામાં આવ્યો. તેણે સભાના પંડિતોને પૂછ્યું કે–ભિખારી સાચો છે કે રાજા ? આ સાચું કે તે ? પણ પ્રશ્નના મૂલનું વાસ્તવિક રહસ્ય ન સમજવાને કારણે પંડિતો કશો જ ઉત્તર આપી શક્યા નહિ. તે જ વખતે મહર્ષિ અષ્ટાવક્રજી તે સભામાં પધાર્યા. ત્રિકાલદર્શી મહર્ષિજીએ રાજાના પ્રશ્નનો પ્રતિષેધ દ્વારા ઉત્તર આપ્યો કે–હે જનક ! તું રાજા પણ નથી, તેમ ભિખારી પણ નથી; તે દૃશ્ય પણ સાચું નથી, અને આ દૃશ્ય પણ સાચું નથી. જાગ્રતનું તેમ જ સ્વપ્નનું કોઈ પણ દૃશ્ય સાચું હોતું નથી. એક માત્ર તેનો દ્રષ્ટા–ચિદાત્મા જ વાસ્તવિક હોય છે. તે દ્રષ્ટારૂપ તારામાં ભિખારી-પણાનું તથા રાજાપણાનું-બન્નેનું દૃશ્ય આરોપિત છે. દ્રષ્ટાના વાસ્તવિક જ્ઞાનથી તે આરોપિત દૃશ્યનો તું અપવાદ કર. દૃશ્યને ન જો, દ્રષ્ટાને જો. તું દ્રષ્ટા છે, સ્વયંજ્યોતિ ચૈતન્ય સ્વરૂપ છે.

આ શરીર, ઇન્દ્રિયો વગેરે દૃશ્ય છે, જડ છે. તું અનાદિ અનંત, અપરિચ્છિન્ન તથા મહાન્ છે. આ આદિ તથા અંતવાળું, પરિચ્છિન્ન તથા તુચ્છ છે. તું સત્, ચિત્ તથા આનંદરૂપ છે; તો આ જગત્ અસત્ જડ તથા દુઃખરૂપ છે. આત્માના યથાર્થ જ્ઞાનથી દૃશ્ય શરીરાદિ તથા તેની જાગ્રદાદિ અવસ્થાઓનો અપવાદ થઈ જાય છે. માટે તું આત્માનું યથાર્થ જ્ઞાન પ્રાપ્ત કર. આરોપિત ઇષ્ટાનિષ્ટ દૃશ્યથી નથી કંઈ લાભ કે નથી કંઈ હાનિ. કહ્યું છે કે–

'स्वप्ने होय भिखारी नृप, रंक नाकपति (इन्द्र) होय।
जागे हानि न लाभ कछु, तिमि प्रपञ्च जिय जोय॥'

(તુલસી-રામાયણ)

માટે શ્રીમદ્ભાગવતના સપ્તમ સ્કંધમાં ભક્તપ્રવર પ્રહ્લાદજીએ અસુર બાળકો પ્રત્યે આત્મજ્ઞાનનો આ પ્રકારે ઉપદેશ આપ્યો હતો–

'आत्मा नित्योऽव्ययः शुद्धः, एकः क्षेत्रज्ञ आश्रयः।
अविक्रियः स्वदृक् हेतुर्व्यापकोऽसङ्ग्यनावृतः॥
एतैर्द्वादशभिर्विद्वान् आत्मनो लक्षणैः परैः।
अहं ममेत्यसद्भावं देहादौ मोहजं त्यजेत्॥'

(૭,૭,૧૯,૨૦)

આત્મા તો નિત્ય, અવ્યય, શુદ્ધ, એક, ક્ષેત્રજ્ઞ, અધિષ્ઠાન, અવિકારી, સ્વયંપ્રકાશ, સર્વનું કારણ, વ્યાપક, અસંગ તથા અનાવૃત (પૂર્ણ) છે. માટે વિચારવાન માણસને માટે એ ઉચિત છે કે–તે આત્માના આ અહંભાવ તથા મમભાવનો પરિત્યાગ કરે.

'बुद्धेर्जागरणं स्वप्नः सुषुप्तिरिति वृत्तयः।
ता येनैवानुभूयन्ते सोऽध्यक्षः पुरुषः परः॥

(શ્રીમદ્ ભાગ૦ ૭,૭,૨૫)

જાગ્રત્, સ્વપ્ન તથા સુષુપ્તિ—આ ત્રણેય બુદ્ધિની વૃત્તિઓ જેના દ્વારા અનુભવાય છે, તે જ સર્વસાક્ષી, સર્વનો અધ્યક્ષ પરમાત્મા છે.

'एतद्द्वारो हि संसारो गुणकर्मनिबन्धनः।
अज्ञानमूलोऽपार्थोऽपि पुंसः स्वप्न इवेष्यते॥'

(શ્રીમદ્ ભાગ૦ ૭,૭,૨૭)

ગુણ તથા કર્મ જ જેનાં નિમિત્ત છે, તે સંસારના અનુભવનું દ્વાર આ દેહાધ્યાસ (અનાત્મ દેહમાં આત્મત્વનો અભિનિવેશ) જ છે. તથા આ સંસાર આત્માના અજ્ઞાનથી ઉત્પન્ન થાય છે, તથા મિથ્યા હોવા છતાં પણ સ્વપ્નની સમાન જીવને પ્રતીત થાય છે.

તેથી અમારાં શ્રુતિ વગેરે શાસ્ત્ર તે આત્મવસ્તુનો અતદ્ વ્યાવૃત્તિ દ્વારા જ ઉપદેશ દે છે. તે અર્થાત્ આત્મા, અતત્ અર્થાત્ આત્મભિન્ન આરોપિત દ્વૈતસંસાર-તેની વ્યાવૃત્તિ (અપવાદ) કર્યાં સિવાય આત્મતત્ત્વનો બોધ થઈ શકતો નથી. મુમુક્ષુ ગુરુદેવને વિધિમુખે પૂછે છે કે—એ આત્મા કોણ છે? પણ ગુરુદેવ તેનો નિષેધમુખે ઉપદેશ આપે છે—આ શરીર આત્મા નથી, ઈન્દ્રિયો નથી, મન, બુદ્ધિ વગેરે પણ નથી. તેવી રીતે દેહાદિ સાક્ષ્ય પદાર્થોનો અપવાદ થતાં પરિશેષરૂપે જે રહે છે, જેના દ્વારા આ જડ દેહાદિકનો અનુભવ કરવામાં આવે છે, તે આત્મા છે.

મર્યાદા-પુરુષોત્તમ ભગવાન શ્રીરામ, તથા શ્રીલક્ષ્મણ, વિદેહ કુમારી ભગવતી શ્રીસીતાજીની સાથે, વનવાસના સમયે, અત્રિ મહર્ષિના આશ્રમમાં ગયા હતા. શ્રીરામ તથા શ્રીલક્ષ્મણ તો મુનિપ્રવર અત્રિની પાસે અભિવાદન કરીને બેઠા. તથા શ્રીસીતાદેવી ઋષિપત્ની અનસૂયા દેવીનાં ચરણોનો સ્પર્શ કરીને, તેમની પાસે આવીને બેઠાં. અનસૂયાએ કુશળ પ્રશ્ન પૂછયા પછી, હાથના

સંકેતથી, શ્રીસીતાજીને પૂછયું–આ બે કે જેમાંના એક શ્યામ-સુંદર છે તથા બીજા ગૌરવર્ણના છે, તેમાંથી તમારા પતિદેવ કોણ? અંગુલિનિર્દેશ દ્વારા પતિને તથા ગુરુને બતાવવાનો શાસ્ત્રમાં નિષેધ કર્યો છે. આ મર્યાદાને જાણતાં જનકનંદિની શ્રીસીતાએ પ્રસક્તના પ્રતિષેધ દ્વારા ભગવાન શ્રીરામનો પતિરૂપે પરિચય આપવા માટે કહ્યું કે–આ જે ગૌર વર્ણના છે, તે મારા દિયેર છે. અર્થાત્ તે મારા પતિ નહિ, પણ પતિદેવના ભાઇ છે. એટલું કહીને તે ચૂપ થઈ ગયાં. શ્રીઅનસૂયા દેવીને પરિશેષરૂપે શ્રીસીતાના પતિદેવનો યથાર્થ બોધ થઈ ગયો. દર્શનશાસ્ત્રોમાં પરિશેષન્યાય બહુ પ્રસિદ્ધ છે. તેનું લક્ષણ એવું છે કે–**प्रसक्त-प्रतिषेधेऽन्यत्रासंप्रसंगात् परिशिष्यमाणे संप्रत्ययः परिशेषः।** પ્રસક્ત (આવી પડેલી વસ્તુ)નો પ્રતિષેધ થતાં, અન્યમાં સંપ્રસંગ ન હોવાથી બાકી રહેનાર અર્થનો સંપ્રત્યય–યથાર્થ પરિચય થવો–તેને પરિશેષ ન્યાય કહેવામાં આવે છે.

શ્રીલક્ષ્મણમાં અનસૂયાની દૃષ્ટિથી (તે પતિ હશે કે પેલા બીજા એમ) વિકલ્પની પ્રસક્તિ હતી. તેનો શ્રીસીતાના ઉત્તરથી પ્રતિષેધ થતાં, અન્ય કોઈ તૃતીય વ્યક્તિ ભરત વગેરે ત્યાં ન હતી, તેથી ત્રીજાને માટે પતિત્વના સંપ્રસંગનો અભાવ હોવાને કારણે, પરિશિષ્યમાણ (બાકી રહેતા) શ્રીરામમાં જ પતિત્વનો દૃઢ નિશ્ચય થવો–તેને પરિશેષન્યાય કહેવામાં આવે છે.

આ પ્રકારે અજ્ઞાનકલ્પિત, અનાત્મ, મિથ્યા ભાવોનો આત્મ-જ્ઞાનદ્વારા પ્રતિષેધ કરતાં, તેનાથી બીજો કોઈ પદાર્થ ન રહેવાને કારણે, તેમાં આત્મત્વની પ્રસક્તિ થતી નથી; બાકી રહેલા તે સર્વ બાધાની અવધિરૂપ, એક અદ્વય આત્મામાં જ અભેદભાવનો સંશયરહિત નિશ્ચય થઇ જાય છે. તે નિશ્ચયનું અદ્વૈત વેદાન્તના આચાર્યોએ આ પ્રકારે વર્ણન કર્યું છે—

'नित्यः शुद्धो बुद्धमुक्तस्वभावः.
सत्यः सूक्ष्मः सन् विभुश्चाद्वितो यः।
आनन्दाब्धिर्यः परः सोऽहमस्मि,
प्रत्यग्धातुर्नात्र संशीतिरस्ति ॥'

(સંક્ષેપશારીરક ૧,૧૭૩)

જે નિત્ય (ત્રણેય કાળના પરિચ્છેદથી રહિત) છે, શુદ્ધ (અવિદ્યા–કલંક રહિત) છે, બુદ્ધ (સ્વપ્રકાશ–બોધરૂપ) છે, મુક્ત (રાગ દ્વેષાદિ બંધરહિત) છે, સત્ય (ત્રણેય કાળમાં બાધરહિત) છે, સૂક્ષ્મ (સ્થૂલત્વાદિ રહિત તથા દુર્વિજ્ઞેય) છે, સત્ (સર્વત્ર વિદ્યમાન) છે; વિભુ (દેશપરિચ્છેદથી રહિત–વ્યાપક) છે, અદ્વિતીય (પોતાનાથી ભિન્ન બીજી વસ્તુથી રહિત) છે, આનંદનો સાગર (અનવચ્છિન્ન–પૂર્ણ આનંદનો સમુદ્ર) છે; એવું જે 'તત્' પદનું લક્ષ્ય, પર આત્મા છે, તે જ હું 'त्व' પદનું લક્ષ્ય પ્રત્યગાત્મા છું. 'अहं अहं' ના અનુભવમાં અહંકારાદિના સાક્ષીરૂપે જે પ્રકાશમાન છે, તે પ્રત્યગાત્મા છે, તે જ પરમાત્મા છે, તે હું જ છું. આ વિષયમાં લેશ પણ સંશય નથી. અર્થાત્ અનિત્ય, અશુદ્ધાદિરૂપ દેહ વગેરે હું નથી. આ નામરૂપાત્મક જગત્ પણ નથી. જીવ પણ નથી. એકમાત્ર પરિપૂર્ણ બ્રહ્મ જ સર્વત્ર વિદ્યમાન છે. માટે મુંડક શ્રુતિ પણ કહે છે કે—

'ब्रह्मैवेदममृतं पुरस्ताद् ब्रह्म पश्चाद् ब्रह्म दक्षिणतश्चोत्तरेण।
अधश्चोर्ध्वं च प्रसृतं ब्रह्मैवेदं विश्वमिदं वरिष्ठम् ॥'

(૨,૨,૧૧)

આ સર્વ અમૃતરૂપ બ્રહ્મ જ છે. સામે જે કાંઈ છે તે સર્વ બ્રહ્મ જ છે. પાછળ જે કાંઈ છે તે સર્વ બ્રહ્મ જ છે. દક્ષિણમાં તથા ઉત્તરમાં પણ જે કાંઈ છે તે બ્રહ્મ જ છે. ઉપર તથા નીચે પણ જે કાંઈ છે તે સર્વ પ્રસૃત (પૂર્ણ–ઠાંસી ઠાંસીને ફેલાયેલું)

બ્રહ્મ જ છે, આ સમગ્ર વિશ્વ સર્વશ્રેષ્ઠ બ્રહ્મજ છે, બ્રહ્મથી બીજું કાંઈ નહિ.

કાનપુરના પ્રસિદ્ધ કૈલાસમંદિરમાં કેટલાંક વર્ષો પહેલાં મહાભારતની લીલાઓની પ્રદર્શની ભરી હતી. હજારો લોક તે પ્રદર્શનને જોવા જતાં હતાં. એક ભક્તે અમને પણ કહ્યું–સ્વામીજી, સરસ પ્રદર્શન ભર્યું છે. આપ પણ જોવા ચાલો. મોટર તૈયાર છે. બેસી જાઓ. આપ ફરવા તો જાઓ છો જ. ત્યાં પ્રદર્શન જોઈ ને ફરવા નીકળી જઈશું. અમે પણ કહ્યું–ઠીક, ચાલો. ત્યાં જઈ ને જોઈએ છીએ, તો માટીનાં અનેક પ્રકારનાં, સુંદર, રંગીન, મોટાં મોટાં પૂતળાં બનાવીને રાખવામાં આવ્યાં હતાં. લોકો પરિચિત હોય તેમ, હાથના સંકેતથી, એકબીજાને બતાવતાં કહેતા હતા કે–જુઓ, આ કુંતી માતા છે, પાસે દાદા ભીષ્મ તથા આંધળો ધૃતરાષ્ટ્ર ઉભા છે. પેલું જુવો. મત્સ્યવેધ થઈ રહ્યો છે. બ્રાહ્મણવેષમાં અર્જુન ધનુષબાણ લઈ ને ઉભો છે, પાસે વરમાળા લઈ ને દેવી દ્રૌપદી ઉભી છે. આ નીચ દુઃશાસન છે, જે દુર્યોધનની આજ્ઞાથી દ્રૌપદીનાં વસ્ત્રોને ભરી સભામાં ખેંચી રહ્યો છે. અરે, આ ભીમસેન છે, જે ગદાથી દુષ્ટ બકાસુરને મારી રહ્યો છે. અહો હો! આ ભગવાન શ્રીકૃષ્ણ છે, જે રથ હાંકતા–હાંકતા અર્જુનને ગીતાનો ઉપદેશ આપી રહ્યા છે. આ અર્જુનનો કુમાર અભિમન્યુ છે, જે કૌરવોના ચક્રવ્યૂહને તોડીને અંદર ઘૂસવા તૈયાર ખડો છે. આ ઘટોત્કચ છે. એ પણ ભીમસેનની પેઠે બહુ બળવીર દેખાય છે. વળી જુઓ, આ બાજૂએ આ ભીમસેન ખડો છે, અને પેલી તરફ દુર્યોધન ખડો છે. બંને પોતાની મૂછને મરોડતા, હાથમાં ગદા લઈ ને, લડવા માટે તૈયાર ઉભા છે.

આ પ્રમાણે લોકો તે માટીનાં પૂતળાંમાં અનેક પ્રકારનાં નામરૂપોનો મિથ્યા આરોપ કરીને, સુંદર દૃશ્ય જોઈને પ્રસન્ન

થતા હતા, તો કોઈક વખત વસ્ત્રહરણને સમયે દ્રૌપદીની દીન દશા દેખીને રોઈ પડતા હતા. વિચાર કરીને જોઈએ, તો આ પૂતળાંની અંદર તથા બહાર માટી જ ભરેલી હતી. તેમાં ન હતા ભીષ્મ, ન હતો ધૃતરાષ્ટ્ર, ન હતી દ્રૌપદી, ન હતી કુન્તી, ન હતો ભીમ, ન હતા યુધિષ્ઠિર. સર્વ કાંઈ આરોપિત દશ્ય હતું, કાલ્પનિક નામરૂપ હતાં.

તે પ્રમાણે આ વિશ્વમાં સત્ય એક માત્ર બ્રહ્મ જ છે. તે સર્વની અંદર તથા બહાર પરિપૂર્ણ છે. તેથી સર્વત્ર તે સમાનરૂપે વિદ્યમાન છે, સર્વનો આત્મા છે. પણ અજ્ઞાનને લઈને મૂઢ પ્રાણીઓ તેમાં અનેક પ્રકારનાં મિથ્યા નામરૂપોનો આરોપ કરે છે, તથા તેના દ્વારા મોહ તથા શોકનો અનુભવ કરે છે. વાસ્તવિક તત્ત્વને ભૂલીને, કલ્પિત દશ્યોમાં જ તલ્લીન બનીને પાગલ થઈ જાય છે. તેમની તે ભ્રાન્તિ તત્ત્વજ્ઞાન દ્વારા જ નિવૃત્ત થાય છે. તત્ત્વજ્ઞાન જ અતદ્-વ્યાવૃત્તિ દ્વારા અદ્વય બ્રહ્મનો જ પરિશેષરૂપે અનુભવ કરાવે છે. એ પરિશિષ્ટ અનન્ય તત્ત્વ જ વિષ્ણુનું પરમ પદ છે. ઋગ્વેદમાં તથા શ્રીમદ્ ભાગવતમાં તેનો પરિચય આ પ્રમાણે આપ્યો છે-

'तद्विष्णोः परमं पदं, सदा पश्यन्ति सूरयः। दिवीव चक्षुराततम्।' (ઋ. ૧.૨૨,૨૦)

વિષ્ણુના તે પરમ પદને વિદ્વાન્ મહાત્મા સદા જુવે છે, અર્થાત્ અનન્યરૂપે, પૂર્ણરૂપે સર્વત્ર સદા અપરોક્ષ અનુભવ કરે છે; જેવી રીતે આકાશમાં ફેલાયેલી ચક્ષુ સૂર્યનું સાક્ષાત્ દર્શન કરે છે, તે પ્રમાણે.

'परं पदं वैष्णवमामनन्ति तद्,
यन्नेति नेतीत्यतदुत्सिसृक्षवः।'

(શ્રીમદ્ ભાગ૦ ૧૨,૬,૨૨;

'નેતિ, નેતિ' વાક્ય દ્વારા આરોપિત મિથ્યા-અનાત્મ વસ્તુનો નિષેધ કરવામાં જેઓ તત્પર રહે છે, તે વિવેકી મહાપુરુષો તે અદ્વય, અનન્ય, સર્વાબાધાવધિરૂપ, પરિશિષ્ટ તત્ત્વને વિષ્ણુનું પરમ પદ બતાવે છે.

આ પ્રમાણે ભગવાન શ્રીકૃષ્ણે પણ ગીતામાં આ શ્લોકમાં આ તત્ત્વનો જ ઉપદેશ કર્યો.

(૮)

'रसोऽहमप्सु कौन्तेय !, प्रभाऽस्मि शशिसूर्ययोः ।
प्रणवः सर्ववेदेषु, शब्दः खे पौरुषं नृषु ॥' (७,८)

હે કુંતીપુત્ર અર્જુન! જલમાં હું રસ છું; ચંદ્રમાં તથા સૂર્યમાં પ્રકાશ છું; તથા સમસ્ત વેદોમાં ૐકાર છું; આકાશમાં શબ્દ અને પુરુષોમાં પુરુષત્વ છું.

આનંદકંદ પ્રભુ શ્રીકૃષ્ણે પૂર્વ શ્લોકમાં સંક્ષેપથી બતાવ્યું હતું કે-આ અશેષ જગત્ મારામાં ઓતપ્રોત છે. મારા, પરમાત્મા વડે જ તેની સત્તા છે, સ્ફૂર્તિ છે. હવે વિલક્ષણ ઢંગથી વિસ્તારપૂર્વક તેનું વર્ણન કરે છે. અમુક અમુક સારરૂપ, કારણરૂપ ધર્મો વડે વિશિષ્ટ મારામાં-પરમાત્મામાં આ જળ, સૂર્ય, ચન્દ્ર વગેરે જગત્ ઓતપ્રોત છે. જળમાં સાર રસ છે, જે જળનું કારણ છે. રસ હોય તો જ જલનું અસ્તિત્વ છે. રસ ન હોય, તો જળનું કાંઈ પણ અસ્તિત્વ ન રહે. તેવી રીતે રસનો અન્વય તથા વ્યતિરેક રસમાં જળની કારણતાનું સમર્થન કરે છે. જે કારણ હોય છે, તે કાર્યમાં અનુગત હોય છે. જળમાં રસ અનુગત છે. તેથી રસરૂપ મારામાં આ સર્વ જલ ઓતપ્રોત છે. રસ-તન્માત્રારૂપ વિભૂતિથી હું જલનો આશ્રય બનીને જલમાં અવસ્થિત છું. આગળ આઠમા શ્લોકમાં

पुण्यो गन्धः—ગંધમાં 'પુણ્યત્વ' (પ્રશસ્તત્વ)નું જે વિશેષણ આપ્યું છે, તે વિશેષણની અનુવૃત્તિ 'રસ પ્રભા' વગેરેમાં પણ કરી લેવી જોઈએ. માટે જલમાં જે પુણ્ય અર્થાત્ મધુર રસ છે, તે મારૂં સ્વરૂપ છે. જલમાં હું મધુર રસરૂપે સદા વિદ્યમાન રહું છું. તેથી આ મધુર રસવાળું જલ સર્વનું જીવન માનવામાં આવ્યું છે. जलं तु जीवनं स्मृतम्। જો આપણે જલ પીવું છોડી દઈએ, તો આપણે જીવી શકીએ નહિ.

જો કે સમુદ્રના ખારા પાણીમાં મધુર રસની પ્રતીતિ થતી નથી, છતાં તેમાં પણ મધુર રસ અવશ્ય વિદ્યમાન છે, પણ તેની પ્રતીતિ એટલા માટે થતી નથી કે તે ક્ષાર ભાગથી દબાયેલો છે. જેવી રીતે ન્યાયશાસ્ત્રવાળા નૈયાયિકો સુવર્ણને તૈજસ અર્થાત્ તેજનું કાર્ય માને છે, પાર્થિવ નહિ. જે અગ્નિનું કાર્ય હોય છે, તેમાં પ્રકાશક-ભાસ્વર શુકલરૂપ તથા દાહક-ઉષ્ણ સ્પર્શ હોવાં જોઈએ. પણ સોનું અંધકારમાં દીવાની પેઠે ચમકતું નથી, તેમ જ તેનો સ્પર્શ પણ ઉષ્ણ માલમ પડતો નથી. એવી દશામાં સુવર્ણ કેવી રીતે તૈજસ માની શકાય? આ આક્ષેપનું સમાધાન નૈયાયિકો આ પ્રમાણે કરે છે—જો કે સુવર્ણ તૈજસ છે, અને તેથી જ તેમાં ભાસ્વર શુકલ રૂપ તથા ઉષ્ણ સ્પર્શ વિદ્યમાન છે, છતાં યે તેમને સુવર્ણમાં રહેલો પાર્થિવ અંશ અભિભૂત કરી દે છે (દબાવી નાંખે છે). તેથી સુવર્ણનું ભાસ્વર શુકલરૂપ પૃથ્વી-ભાગના પીત (પીળા) રૂપથી, તથા ઉષ્ણસ્પર્શ પૃથ્વી ભાગના શીત સ્પર્શથી દબાઈ જવાથી પ્રતીત થતાં નથી. તેવી રીતે પૃથ્વીના ક્ષાર ભાગથી અભિભૂત હોવાને કારણે સમુદ્રના જલમાં આપણને મધુરતા પ્રતીત થતી નથી. પરંતુ વાદળ જ્યારે સમુદ્રના જલને વૃષ્ટિ માટે ગ્રહણ કરે છે, ત્યારે તે જલમાં અવસ્થિત ક્ષારભાગને છોડીને કેવલ મધુર રસવાળા જલને જ ગ્રહણ કરે

છે, કારણ કે વાદળમાં ભગવાનની આપેલી એવી વિલક્ષણ શક્તિ છે કે તે ક્ષાર અંશને જલની મધુરતાથી જુદા પાડી નાંખે છે.

માટે જલની અંદર જે મધુર રસ છે, તે ભગવાનનું જ સ્વરૂપ છે-એવી ધારણા જલદર્શન અથવા જલપાન વખતે રાખવી જોઈએ. ભગવાન પરમ મધુર છે. તેમની જ મધુરતા જલમાં પ્રતીત થઈ રહી છે-એવી ભાવના સતત કરવી જોઇએ. ભાવના એક મોટી ચીજ છે. જલમાં મધુર રસરૂપે જો આપણી ભગવદ્-ભાવના સ્થિર થઈ જાય, તો આપણા હૃદયમાં અવશ્ય ભગવાનનો રસ અથવા વિમલ આનંદ પ્રાપ્ત થાય છે. ભગવદ્-ભાવના જ આનંદનો હેતુ છે. જેની ભાવના સારી હોય છે, તે સારો બની જાય છે. જેની ભાવના ખરાબ હોય છે, તે ખરાબ બની જાય છે. જેવી આપની ઇચ્છા હોય, તેવા આપ બની શકો છો, આપ તે વિષયમાં સ્વતંત્ર છો. તમને સારી અથવા ખરાબ ભાવના કરવામાં કોઈ રોકતું નથી. આપના બંને હાથમાં બે લાડુ છે-એક ઝેરનો છે અને બીજો અમૃતનો છે. આપને સમજાવવામાં આવ્યું છે કે- આ લાડુમાં અમૃત ભરેલું છે, તથા આમાં ઝેર. આપની મરજી હોય તે ખાઈ શકો છો. જો તમે ઝેરનો લાડુ છોડીને અમૃતનો લાડુ ખાશો, તો આપ સમજદાર, વિવેકી તથા પોતાના હિતૈષી મનાશો. જો તમે તમારી મૂર્ખતાને લીધે અમૃતનો લાડુ છોડીને ઝેરનો લાડુ ખાશો, તો તમે બેવકૂફ તથા પોતાના જ વિરોધી મનાશો. પ્રકૃતમાં ભગવાનની-આત્માની આનંદદાયિની પ્રશસ્ત ભાવના અમૃતનો લાડુ છે; ખરાબ દ્વન્દ્વમયી મિથ્યા સંસારની ભાવના ઝેરનો લાડુ છે.

જો ભાવના બગડી ગઈ, તો મન પણ બગડી જશે. તેના પછી શરીર પણ બગડી જાય છે. મનની ખરાબ ભાવનાની અસર તત્કાળ શરીર પર પણ પડે છે. એક મનુષ્ય ખૂબ મહેનત

હતો; ખૂબ કામ કરતો રહેતો. કોઈક દિવસ તેને સામાન્ય તાવ આવ્યો. તે ડૉકટરની પાસે ગયો. ડૉકટરે તેના શરીરને બરાબર તપાસીને દવા આપી. તેણે ડૉકટરને પોતાના શરીરની બાબતમાં વધારે જાણવાની ઈચ્છાથી પૂછ્યું–મને શેનો રોગ છે? ડૉકટરે કહ્યું–હમણાં મને વધુ વખત નથી મારે તરત વિઝિટે જવાનું છે. તેથી તમારા શરીરનો વિશેષ વૃત્તાન્ત હું પત્ર દ્વારા તમને મોકલી આપીશ. એમ કહીને ડૉકટર ચાલ્યા ગયા, અને પેલો માણસ પોતાને ઘેર આવ્યો. બીજે દિવસે ડૉકટરે તેને પત્રમાં લખ્યું–તમને કાંઈ ખાસ બિમારી નથી; સાધારણ ગરમી છે. દવાના સેવનથી તથા બેચાર દિવસ આરામ કરવાથી સારૂં થઈ જશે. પણ કમ્પાઉન્ડરની ભૂલથી તે માણસને બીજા રોગીનો પત્ર મોકલાયો. તેમાં લખ્યું હતું–તમારું લીવર એકદમ ખરાબ થઈ ગયું છે, તેમાં છિદ્ર પડી ગયાં છે, તથા રોગનાં મોટાં મોટાં જંતુઓ ઘૂસી ગયાં છે. કાગળ વાંચતાં જ પેલો તો ગભરાઈ ગયો. મોતની ભયંકર ભાવના થઈ જવાને કારણે સર્વ નાડીઓમાં ખૂબ પીડા થવા લાગી. મુખ પીળું તથા ફિક્કું પડી ગયું. મનીરામ ભીતર ને ભીતર 'હાય, હાય, મરી ગયો રે!' પોકારવા લાગ્યા. લીવર બળતું હોય તેમ લાગવા માંડયું. તેની સાધારણ બિમારી ખૂબ વધી ગઈ–ત્યાં સુધી કે તે ઘરનાં માણસોને કહેવા લાગ્યો કે–હવે હું થોડા દિવસનો મહેમાન છું. કાલદેવ મારું ગળું દબાવી રહ્યા છે. મારે માટે કંઈ દાનપુણ્ય કરાવવું હોય, તો કરાવી શકો છો. તેની તેવી વાત સાંભળીને તથા તેના શરીરના વિલક્ષણ રંગઢંગ જોઈને, ઘરવાળાં માણસો પણ ગભરાઈ ગયાં. તરત તે ડૉકટરને બોલાવવામાં આવ્યા. ડૉકટરે આવતાં આવતાં જ કહ્યું કે–અરે, કાલે તો તમે બહુ જ સારા હતા; એક દિવસમાં આટલું બધું શું થઇ ગયું? તેણે કહ્યું–તમે જ પત્રમાં લખી મોકલ્યું હતું! તેથી

મારી આવી દશા થઈ ગઈ છે. અત્યાર સુધી હું મારા લીવરની બાબતમાં કંઈ જાણતો જ ન હતો. હવે તમારા પત્રથી તેની સ્થિતિની ખબર પડી. ડૉકટરે આશ્ચર્યપૂર્વક કહ્યું-તે પત્ર ક્યાં છે? જલ્દી બતાવો. ડોકટરે તે કાગળ વાંચ્યો. પછી કહ્યું-અરે, કંપાઉન્ડરની ભૂલ થઈ ગઈ છે. બીજા રોગીનો પત્ર હતો, તે તમને મોકલ્યો છે. મેં આ પત્ર તમારે માટે લખ્યો ન હતો. તમારું લીવર તો બહુ સારું છે. એવું સાંભળતાં જ તેના લીવરની બળતરા તથા પીડા ચાલી ગઈ. તે ઉઠીને ઊભો થઈ ગયો, અને તેની સઘળી માંદગી જતી રહી. ખરાબ ભાવનાથી નીરોગી શરીર પણ રોગી બની જાય છે. જો ખરાબ ભાવનાથી ખરાબ ફળ મળે, તો સારી ભાવનાથી સારું ફળ કેમ ન મળે? અવશ્ય મળે.

જેવી રીતે 'બદમાશ', 'વિશ્વાસઘાતી' વગેરે ખરાબ શબ્દોમાં મનની પ્રસન્નતાનો નાશ કરવાની ખરાબ શકિત છે, જેનાથી ક્રોધ ઉત્પન્ન થાય છે, તેવી રીતે સારા શબ્દોમાં તથા સારી ભાવનાઓમાં સારી શકિત છે, જેનાથી વ્યગ્રતની નિવૃત્તિ તથા પ્રસન્નતાની પ્રાપ્તિરૂપ સારું ફળ મળે છે. જેવી રીતે આપણે તીજોરીના ગુપ્ત ધનને ખૂબ હિતકારી તથા પ્રિય સમજીને હમેશાં યાદ રાખીએ છીએ, કદી ભૂલતા નથી, તેવી રીતે ભગવાનના સ્વરૂપની આનંદમયી ભાવના પણ આપણું હિતકારી ગુપ્ત ધન છે-એમ સમજીને તેમાં વધારે પ્રીતિ રાખીને, તેને હરહમેશ જાગૃત રાખવી જોઈએ. શ્રીભગવાને બતાવ્યું છે કે-હું તારી સમક્ષ અનેક સ્વરૂપોમાં વિદ્યમાન છું. જેવી રીતે હું જલમાં રસરૂપે વિદ્યમાન છું, તેવી રીતે ચંદ્ર તથા સૂર્યમાં પ્રભારૂપે વિદ્યમાન છું.

કેટલાક જિજ્ઞાસુ લોકો કહે છે કે-અરે, ભગવાન ક્યાં છે? ક્યાં મળશે? શ્રીભગવાન કહે છે-હું ક્યાં નથી? બધી

જગ્યાએ હું તને મળી શકું છું. હું તને મળેલો જ છું. પણ તારી આંખો બંધ છે, તેથી તું મને દેખી શકતો નથી. હું સર્વત્ર છું. સૂર્યચંદ્રની જે વિશ્વવ્યાપિની, મનોરમ પ્રભા છે, તે પણ મારું જ સ્વરૂપ છે. તે સામાન્ય પ્રકાશરૂપ પ્રભામાં સૂર્ય તથા ચંદ્ર ઓતપ્રોત છે. તે પ્રભારૂપે તું મારી ભાવના કર. કહ્યું છે કે—

'याद्दशी भावना यस्य, सिद्धिर्भवति ताद्दशी ।'

ગીતાના પંદરમાં અધ્યાયમાં પણ ભગવાને કહ્યું છે કે—

'यदादित्यगतं तेजो जगद्भासयतेऽखिलम् ।
यच्चन्द्रमसि यच्चाग्नौ तत्तेजो विद्धि मामकम् ॥'

(ગી. ૧૫.૧૨)

જે તેજ સૂર્યમાં રહીને સંપૂર્ણ જગત્‌ને પ્રકાશિત કરે છે. તથા જે તેજ ચંદ્રમામાં રહેલું છે, અને જે તેજ અગ્નિમાં રહેલું છે, તેને તું મારું જ સ્વરૂપ જાણ.

માટે જ યોગી લોકો પણ તેજરૂપે ભગવાનનું ધ્યાન કરે છે, તેથી યોગશાસ્ત્રમાં કહ્યું છે કે—

'ध्यायेत्तेजोमय ब्रह्म, तेजोध्यानं परात्परम् ।
भ्रुवोर्मध्ये मनोऽर्द्धे च यत्तेजः प्रणवात्मकम् ॥'

(યોગી) તેજોમય બ્રહ્મનું ધ્યાન કરે. તેજરૂપે બ્રહ્મનું ધ્યાન સર્વોત્તમ છે. બંને ભ્રુકુટિઓની મધ્યમાં, અર્થાત્ આજ્ઞાચક્રમાં તથા મનના સ્થાન-હૃદયમાં જે પ્રણવરૂપી તેજ છે, તેની બ્રહ્મરૂપે ભાવના કરવી જોઈએ.

'ललाटमध्ये हृदयाम्बुजे वा, या ध्यायति ज्ञानमयीं प्रभां तु ।
शक्ति यदा दीपवदुज्ज्वलन्तीं, पश्यन्ति ते ब्रह्म तदेकनिष्ठाः ॥'

(યોગી યાજ્ઞવલ્ક્ય સંહિતા ઉ૫૦ ૧૨, ૨૫, ૨૪)

જ્યારે લલાટની મધ્યમાં અથવા હૃદયકમલમાં ચૈતન્યમયી

પ્રભા, શક્તિ-કે જે દીવાની પેઠે પ્રદીપ્ત થઈ રહી છે, તેનું ધ્યાન કરે છે, ત્યારે તે ધ્યાનમાં તન્મય બનેલો તે (યોગી) અવશ્ય બ્રહ્મ-સાક્ષાત્કાર કરી લે છે.

આ પ્રકારે સમગ્ર વેદોની તથા દ્વિજોની માતારૂપ પ્રસિદ્ધ ગાયત્રીમંત્રમાં પણ દેવ પરમાત્માની સર્વોત્તમ ભર્ગજ્યોતિના જ ધ્યાનનો ઉપદેશ આપવામાં આવ્યો છે. માટે જ વિશ્વામિત્ર મહર્ષિએ કહ્યું છે કેઃ—

'सप्रभं सत्यमानन्दं हृदये मण्डलेऽपि च।
ध्यायन् जपेत्तदित्येतन्निष्कामो मुच्यतेऽचिरात्॥'

હૃદયમાં તથા સૂર્યચંદ્રાદિ મંડલમાં સત્ય, આનંદરૂપ, પ્રભા-યુક્ત બ્રહ્મનું ધ્યાન કરતો જે પુરૂષ નિષ્કામ ભાવે ગાયત્રીમંત્રનો જપ કરે છે, તે સંસારના બંધનોથી જલ્દી મુક્ત બની જાય છે.

તે જ્યોતિરૂપ પ્રભા જ બ્રહ્મા, શિવ તથા વિષ્ણુરૂપ છે, તે જ મારું વાસ્તવિક સ્વરૂપ છે-એવી અભેદ ભાવના રાખવી જોઈએ. તેવું કહ્યું પણ છે કેઃ-

'अर्कज्योतिरहं ब्रह्म, ब्रह्मज्योतिरहं शिवः।
शिवज्योतिरहं विष्णुः, विष्णुज्योतिरहं शिवः॥'

સૂર્યજ્યોતિરૂપ બ્રહ્મ હું છું, બ્રહ્મજ્યોતિરૂપ શિવ હું છું, શિવજ્યોતિરૂપ વિષ્ણુ હું છું તથા વિષ્ણુજ્યોતિ શિવ હું છું.

આ પ્રકારે સમગ્ર વેદોમાં સારરૂપે-કારણરૂપે અનુગત જે પ્રણવ છે, ૐકાર છે, તે મારું સ્વરૂપ છે, તે પ્રણવરૂપ મારામાં -પરમાત્મામાં સમસ્ત વેદ ઓતપ્રોત છે. માટે જ તે ૐકાર સર્વાત્મા તથા સર્વમય છે. માટે વેદવેત્તા ઋષિઓ ૐ મંત્રને એકાક્ષર બ્રહ્મ કહે છે. શ્રુતિ ભગવતી પણ કહે છે કે-ओमिति ब्रह्म (તૈ. ઉ. ૧, ૮) ओंकार एवेदं सर्वम् (છાં. ઉ. ૨, ૨૩, ૩) ओमित्यात्मानं युञ्जीत (તૈ. આ. ૧૦, ૬૩)-ૐ એ અક્ષર બ્રહ્મ

છે, ૐકાર જ આ સમસ્ત જગત્ છે, ૐ રૂપ પોતાના આત્માના ચિંતનમાં મનને તલ્લીન કરે.

ૐકારથી સમસ્ત વેદોનો આવિર્ભાવ થયો છે. અને વેદોથી સમસ્ત ઈન્દ્રાદિ દેવોનો પ્રાદુર્ભાવ થયો છે. તેથી ૐકારના ઉચ્ચારણથી સમસ્ત વેદોના સ્વાધ્યાયનું ફળ મળે છે, તથા બધા દેવો પણ જે ૐકારમાં નિવાસ કરી રહ્યા છે તે પ્રસન્ન થાય છે. માટે ૐકારરૂપી ભગવાનમાં પ્રેમ કરો, તેનો શ્રદ્ધા તથા એકાગ્રતાપૂર્વક જપ કરો. ભગવાનનું તે ૐકારરૂપ અત્યંત શાન્ત, જ્યોતિર્મય તથા પરમ આનંદ રૂપ છે. માટે ૐ મંત્રમાં ચિત્ત તલ્લીન થઈ જતાં સાધકને પરમ શાન્તિ, દિવ્ય જ્યોતિ તથા વિશુદ્ધ આનંદનો અનુભવ થાય છે. માટે જ મુંડક ઉપનિષદ્‌માં કહ્યું છે કે:—

'ओमित्येवं ध्यायथ आत्मानं,
स्वस्ति वः पाराय तमसः परस्तात्।'

(મું. ૨,૬)

ૐકારરૂપે તમે તમારા આત્માનું ધ્યાન કરો. તેથી તમારું લોકોનું કલ્યાણ થશે. અજ્ઞાનરૂપી અંધકારનો નાશ કરીને, તમે સ્વયં જ્યોતિર્મય, આનંદપૂર્ણ, બ્રહ્મસ્વરૂપ બની જશો.

આ રીતે ૐકારના શ્રદ્ધેય મહિમાથી સંપૂર્ણ વેદ, સ્મૃતિ પુરાણ આદિ શાસ્ત્રો ભર્યાં પડયાં છે. માટે જ કઠોપનિષદ્‌માં ઋષિકુમાર નચિકેતા પ્રત્યે ધર્મરાજે ૐકારનો મહિમા મુક્ત કંઠે ગાયો છે, જેમ કે—

'सर्वे वेदा यत्पदमामनन्ति
तपांसि सर्वाणि च यद्वदन्ति।
यदिच्छन्तो ब्रह्मचर्यं चरन्ति,
तत्ते पदं संग्रहेण ब्रवीमि, ॐ इत्येतत्॥'

'एतद्ध्येवाक्षरं ब्रह्म, एतद्ध्येवाक्षरं परम्।
एतद्ध्येवाक्षरं ज्ञात्वा, यो यदिच्छति तस्य तत्॥'
'एतदालम्बनं श्रेष्ठमेतदालम्बनं परम्।
एतदालम्बनं ज्ञात्वा, ब्रह्मलोके महीयते॥'
(૧,૨,૧૫-૧૭)

હે નચિકેતા, સમગ્ર વેદ જે પદને કહે છે, તથા સંપૂર્ણ તપોના ફળનો જેની ઉપાસનાના મહાન ફળમાં અંતર્ભાવ થઈ જાય છે—ગંગામાં સમસ્ત તીર્થોની પેઠે અથવા હાથીના પગલામાં સર્વ પ્રાણીઓનાં પગલાંની પેઠે; જે પદના લાભની ઈચ્છાથી સાધક બ્રહ્મચર્યરૂપી કઠોર તથા સર્વોત્તમ વ્રતનું પાલન કરે છે, તે પદ હું તને સંક્ષેપમાં કહું છું. તે પદ ૐ છે. તે ૐ અક્ષર અપર બ્રહ્મ-સગુણ બ્રહ્મ છે; અને તેજ પરબ્રહ્મ, નિર્ગુણ બ્રહ્મ છે. તે સર્વવ્યાપી, અવિનાશી, અક્ષર-બ્રહ્મને જાણીને સાધક જે ફલની ઈચ્છા કરે છે, તેને તે ફલ મળે છે. માટે બ્રહ્મની ઉપાસનામાં આ ૐ મંત્રનું આલંબન સર્વોત્તમ તથા અત્યંત પ્રશસ્ત છે. આ આલબનને જાણીને તથા તેની ઉપાસના કરીને સાધક બ્રહ્મલોકમાં જઈને પૂર્ણ આનંદમય, જ્યોતિઃસ્વરૂપ મહિમાનો અનુભવ કરે છે.

વળી પ્રશ્નોપનિષદ્‌માં શિબિપુત્ર સત્યકામે પિપ્પલાદ મુનિને પૂછ્યું—

'स यो ह वै तत् भगवन्! मनुष्येषु प्रायणान्तमोङ्कारमभिध्यायीत। कतम वाव स तेन लोकं जयतीति।'
(૫,૧)

હે ભગવન! મનુષ્યોમાં જે પુરુષ પ્રાણપ્રયાણ પર્યંત આ ૐકારનું નિરંતર ધ્યાન કરે, તે ૐકારની ઉપાસનાથી કયા લોકોને જીતી લે (અર્થાત્ સ્વાધીન કરે)?

'तस्मै स होवाच, एतद्वै सत्यकाम! परं चापरं च ब्रह्म यदोङ्कारः। तस्माद्विद्वानेतेनैवायतनेनैकतरमन्वेति।'

(५,२)

તેને તે પિપ્પલાદ મુનિએ કહ્યું હે સત્યકામ! આ જે ૐકાર છે, તે નિશ્ચયપૂર્વક પર તથા અપર (અર્થાત્ નિરાકાર તથા સાકાર) બ્રહ્મ છે. માટે વિદ્વાન્ તેની ઉપાસનાના અવલંબનથી તેમાંથી ગમે તે એક બ્રહ્મને પ્રાપ્ત થાય છે.

ફરીથી તેને પિપ્પલાદ મહર્ષિએ સંક્ષેપમાં સારરૂપે કહ્યું કે-

'ऋग्भिरेतं यजुर्भिरन्तरिक्षं,
सामभिर्यत्तत्कवयो वेदयन्ते।
तमोङ्कारेणैवायतनेनान्वेति विद्वान्
यत्तच्छान्तमजरममृतमभयं परं चेति॥'

(५,७)

સાધક ઋગ્વેદ દ્વારા ૐકારની ઉપાસનાથી આ મનુષ્ય લોકને પ્રાપ્ત થાય છે, અર્થાત્ તે ઉપાસક આ લોકમાં પુનઃ આવીને વિવેકાદિ સાધનસંપન્ન થઈ જાય છે. તથા યજુર્વેદ દ્વારા ૐકારની ઉપાસનાથી અંતરિક્ષ લોકને પ્રાપ્ત થાય છે, ત્યાં તે વિવિધ પ્રકારની વિભૂતિઓના સુખનો અનુભવ કરે છે. તથા સામવેદ દ્વારા ૐકારની ઉપાસનાથી તે બ્રહ્મલોકને પ્રાપ્ત થાય છે, જેને વિજ્ઞ લોકો જાણે છે—આ પ્રમાણે ક્રમશઃ ૐકારના સાધન દ્વારા જ અપર બ્રહ્મરૂપ આ ત્રિવિધ લોકને પ્રાપ્ત થાય છે. તથા તે ૐકારરૂપ આલંબન દ્વારા જ વિદ્વાન્, પરબ્રહ્મનો ઉપાસક તે ધામને પ્રાપ્ત થાય છે કે જે શાન્ત (અર્થાત્ જાગ્રદાદિક સર્વ પ્રપંચ-વિવર્જિત), અજર, અમર, અભય તથા સર્વથી પર—નિરતિશય, ચિન્માત્ર, બ્રહ્મજ્યોતિઃ સ્વરૂપ છે.

આ પ્રમાણે મુંડકોપનિષદમાં પણ ૐકારની ઉપાસનાનું વિધાન કર્યું છે—

'प्रणवो धनुः शरो ह्यात्मा, ब्रह्म तल्लक्ष्यमुच्यते।
अप्रमत्तेन वेद्धव्यं शरवत्तन्मयो भवेत्॥'
(૨,૨,૪)

ૐમંત્ર ધનુષ છે, જીવાત્મા બાણ છે. બ્રહ્મ—પરમાત્મા તેનું લક્ષ્ય કહેવાય છે. બાણની પેઠે તન્મય થઈને, પ્રમાદ રહિત, શાન્ત તથા એકાગ્ર ચિત્ત દ્વારા બ્રહ્મરૂપ લક્ષ્યનો વેધ કરવો જોઈએ.

તન્મય બન્યા સિવાય, બીજા બધાની વિસ્મૃતિ કર્યા સિવાય લક્ષ્યનો વેધ કરી શકાતો નથી. દ્રોણાચાર્યજી કૌરવ તથા પાંડવ કુમારોના ધનુર્વિદ્યાના ગુરુ હતા. એક દિવસ તેમણે પોતાનાશિષ્યોની પરીક્ષા લેવાનો વિચાર કર્યો—લક્ષ્યવેધમાં કયો કુમાર કેટલો નિષ્ણાત બન્યો છે, તેના નિર્ણયને માટે મેદાનની મધ્યમાં રહેલા વિશાળ વટવૃક્ષની ઊંચી ડાળીના અગ્રભાગમાં એક કાગળના બનાવેલા નકલી પક્ષીને લટકાવી દીધું. તેની જમણી આંખમાં એક કાળા રંગનું ટપકું કર્યું. તેને વેધનું લક્ષ્ય બનાવીને, સર્વ કુમારોને તેની સામે મેદાનમાં ખડા કરવામાં આવ્યા. દ્રોણાચાર્યગુરુએ સર્વ કુમારોને તે પક્ષી તથા તેની જમણી આંખમાંના કાળા ટપકારૂપી લક્ષ્ય બતાવ્યાં. પ્રથમ તે લક્ષ્યવેધને માટે ધૃતરાષ્ટ્રનંદન દુર્યોધનને, ધનુષબાણ આપીને, ખડો કર્યો. દુર્યોધને લક્ષ્ય તરફ બાણનું અનુસંધાન કર્યું. તે સમયે ગુરુ દ્રોણાચાર્યે તેને પૂછ્યું દુર્યોધન! લક્ષ્યની તરફ તેં સારી રીતે બાણનું સંયોજન કર્યું છે ને? દુર્યોધન બોલ્યો—હા, ગુરુદેવ. દ્રોણાચાર્યે પૂછ્યું—ઠીક, તો તું બતાવ કે અત્યારે તને શું દેખાય છે? દુર્યોધને જવાબ આપ્યો—ગુરુદેવ! મને બધું દેખાય છે. વૃક્ષ દેખાય છે. તેની મોટી મોટી ફેલાયેલી ઊંચીઊંચી ડાળીઓ દેખાય છે. આપ દેખાઓ છો. આ

તમાસો જોવા આવેલા, હસ્તિનાપુરના હજારો નાગરિકો પણ દેખાય છે. તેનો ઉત્તર સાંભળીને ગુરુદેવે ફરી પૂછ્યું કે—અરે ભાઈ, લક્ષ્યવેધને સમયે તને શું દેખાય છે? પ્રશ્નનું તાત્પર્ય ન સમજવાથી દુર્યોધન ધૂંધવાઈને બોલ્યો—શું આપ મને મારા પિતાની પેઠે આંધળો સમજો છો? 'શું દેખાય છે? શું દેખાય છે?' એવો પ્રશ્ન કરીને શું તમે એમ સમજો છોકે મને કંઈ જ દેખાતું નથી? દુર્યોધનનો એવો પ્રતિકૂળ ઉત્તર સાંભળીને ગુરુદેવ ચૂપ રહ્યા. મનમાં તે બોલી ઊઠયા.—આનાથી લક્ષ્યવેધ થઈ શકશે નહિ. દ્રોણાચાર્યે કહ્યું—ઠીક, લક્ષ્યવેધ માટે બાણ ફેંક. લક્ષ્યની સાથે તન્મય ન હોવાથી, તે લક્ષ્યવેધ ન કરી શકયો.

એના પછી યુધિષ્ઠિરની વારી આવી. તેમણે પણ લક્ષ્ય તરફ બાણનું સંયોજન કર્યું. ગુરૂદેવે તેમને પણ તે જ પૂછ્યું—યુધિષ્ઠિર! અત્યારે તને શું દેખાય છે? યુધિષ્ઠિરે નમ્રતાપૂર્વક કહ્યું કે—ગુરૂદેવ! મને પણ આ વૃક્ષ વગેરે સર્વ દેખાય છે, ગુરૂદેવે ખેદપૂર્વક માથું ધૂણાવતાં કહ્યું—ઠીક, બાણ ફેંક, પણ તે પણ નિષ્ફળ ગયા. તેમના પછી અર્જુન સામે આવ્યો. તેણે પણ ધનુષ્ય પર બાણ ચઢાવીને લક્ષ્ય તરફ તેનું સંયોજન કર્યું. તે સમયે ગુરૂદેવે પૂછ્યું—અર્જુન! કહે, તને અત્યારે શું દેખાય છે? અર્જુને કહ્યું—ગુરૂદેવ! અત્યારે મને બીજું કાંઈ જ દેખાતું નથી. કેવલ તે પક્ષીની આંખમાં રહેલું કાળા ટપકારૂપી લક્ષ્ય જ દેખાય છે. અર્જુનનો ઉત્તર સાંભળીને ગુરૂ દ્રોણાચાર્ય ખૂબ રાજી થયા. 'ધન્ય ધન્ય' કહીને, તેની પીઠ પર હાથ ફેરવતા ગુરૂદેવે અર્જુનને લક્ષ્યવેધ માટે બાણ છોડવાની અનુમતિ આપી. લક્ષ્યમાં તન્મયતા હોવાને કારણે અર્જુન લક્ષ્યવેધ કરવામાં સફળ થયો. તે સમયે બધા પ્રેક્ષક નાગરિકોએ હર્ષધ્વનિ સાથે તાળિયો વગાડીને અર્જુનને વધાવી લીધો.

આ પ્રકારે ૐકારના ઉપાસકે પણ બધા સાંસારિક પ્રમાદોનો પરિત્યાગ કરીને, બ્રહ્મલક્ષ્યમાં તન્મય બની જવું જોઈએ. ઉપાસનામાં જેટલી તન્મયતા સ્થિર થાય છે, તેટલો તેને બ્રહ્મના મહાન્, શાન્ત આનંદનો અનુભવ થતો જાય છે.

આ રીતે માંડૂક્ય ઉપનિષદ્ તો શરૂઆતથી માંડીને અંત સુધી ૐકારનું જ વિશદ વર્ણન કરે છે. તેની કારિકાઓમાં પૂજ્ય ગૌડપાદાચાર્ય પ્રણવના મહિમાનું વિસ્તારથી આ પ્રમાણે વર્ણન કરે છે-

ગૌડપાદ કારિકા

ॐकारं पादशो विद्यात्, पादा मात्रा न संशयः।
ॐकारं पादशो ज्ञात्वा, न किञ्चिदपि चिन्तयेत् ॥२४॥
युञ्जीत प्रणवे चेतः, प्रणवो ब्रह्म निर्भयम्।
प्रणवे नित्ययुक्तस्य, न भयं विद्यते क्वचिद् ॥२५॥
प्रणवो ह्यपरं ब्रह्म, प्रणवश्च परः स्मृतः।
अपूर्वोऽनन्तरोऽबाह्योऽनपरः प्रणवोऽव्ययः ॥२६॥
सर्वस्य प्रणवो ह्यादि-र्मध्यमन्तस्तथैव च।
एवं हि प्रणवं ज्ञात्वा, व्यश्नुते तदनन्तरम् ॥२७॥
प्रणवं हीश्वरं विद्यात्, सर्वस्य हृदि संस्थितम्।
सर्वव्यापिनमोङ्कारं मत्वा धीरो न शोचति ॥२८॥
अमात्रोऽनन्तमात्रश्च द्वैतस्योपशमः शिवः।
ओङ्कारो विदितो येन स मुनिर्नेतरो जनः ॥२९॥

(આગમ પ્રકરણ)

ૐકારને એકએક વિશ્વ, વિરાટ્ આદિ પાદદ્વારા જાણે. પાદ જ અકારાદિ માત્રાઓ છે-તેમાં સંશય નથી. આ પ્રમાણે ૐકારને પાદક્રમથી જાણીને કશાનું પણ ચિંતન ન કરે, ચિત્તને પરમાર્થસ્વરૂપ ૐકારમાં સમાહિત કરે. ૐકાર નિર્ભય બ્રહ્મ છે. ૐકારના ચિંતનમાં જે સાધક સદા લાગ્યો રહે છે, તેને ક્યાંયે

પણ કદાપિ કશાથી લેશ પણ ભય નથી રહેતો. ૐકાર જ પર (નિર્ગુણ–નિરાકાર) બ્રહ્મ છે, અને ૐકાર અપર (સગુણ–સાકાર) બ્રહ્મ માનવામાં આવ્યું છે. આ ૐકાર અપૂર્વ (કારણરહિત), અનન્તર (ભેદરહિત), અબાહ્ય (બાહ્ય પ્રપંચશૂન્ય), અનપર (કાર્યરહિત) તથા અવ્યય (વિકાર રહિત) છે. પ્રણવ જ સર્વનો આદિ, મધ્ય, તથા અંત છે, અર્થાત્ આકાશાદિ સમસ્ત પ્રપંચની ઉત્પત્તિ, સ્થિતિ તથા પ્રલયમાં એકમાત્ર ૐકાર જ અધિષ્ઠાનરૂપે રહે છે. આ પ્રમાણે ૐકારના યથાર્થ સ્વરૂપને જાણીને, તેની ઉપાસના કરીને, સાધક ૐકારના વિશુદ્ધ સ્વરૂપની સાથે દૂધમાં ભળી ગયેલા પાણીની પેઠે, તદ્રૂપ બની જાય છે. માટે પ્રણવને જ સર્વના હૃદયમાં સાક્ષીરૂપે રહેલ ઈશ્વર સમજવો જોઈએ. આ પ્રમાણે સર્વવ્યાપી ૐકારને જાણીને બુદ્ધિમાન પુરુષ શોક કરતો નથી. જેણે માત્રા (પરિચ્છિત્તિ) હીન, અનંત માત્રાવાળા, દ્વૈતના ઉપશમસ્થાન, શિવસ્વરૂપ ૐકારને જાણ્યો છે, તે જ ૐકાર દ્વારા પરમાર્થતત્ત્વનું મનન કરવાથી મુનિ છે, બીજો કોઈ મનન-શૂન્ય મુનિ થઈ શકતો નથી.

આ પ્રમાણે છાંદોગ્ય ઉપનિષદ્‌ના પ્રથમ અધ્યાયમાં પણ ઉપાસનામાં રુચિ તથા સ્થિરતા સિદ્ધ કરવા માટે અનેક ઢંગથી ૐકારના મહિમાનું આ પ્રમાણે વર્ણન કર્યું છે–

'ओमित्येतदक्षरमुद्गीथमुपासीत, ओमिति ह्युद्गायति, तस्योपव्याख्यानम्। एषां भूतानां पृथिवी रसः, पृथिव्या आपो रसोऽपामोषधयो रसः, ओषधीनां पुरुषो रसः, पुरुषस्य वाग्रसो वाच ऋग्रसः, ऋचः साम रसः, साम्न उद्गीथो रसः। स एष रसानाᳬ रसतमः परमः परार्ध्योऽष्टमो यदुद्गीथः।'

(છાં. ઉ. ૧,૧૧,–૩)

ૐ જે એકાક્ષર મંત્ર છે, તે ઉદ્ગીથ છે. સામવેદી ૐકારને ઉદ્ગીથ કહે છે. તેવી રીતે ઋગ્વેદી પ્રણવ કહે છે. તેની ઉપાસના કરવી જોઈએ. સામવેદનો ઉદ્ગાતા ૐ મંત્રનું તન્મય બનીને ગાન કરે છે. માટે અહીં તેના મહત્ત્વનું વ્યાખ્યાન કરવામાં આવે છે. સમસ્ત ભૂતોનો રસ (અર્થાત્ સારતત્ત્વ) પૃથ્વી છે. પૃથ્વીનો સાર જલ છે. જલનો સાર ઔષધિ છે. ઔષધિઓનો સાર પુરૂષ છે. પુરૂષનો સાર વાણી છે. વાણીનો સાર ઋચાઓ છે. ઋચાઓનો સાર સામવેદ છે. સામનો સાર ઉદ્ગીથ રૂપ ૐકાર છે. ૐકાર જ સારભૂત વસ્તુઓમાં સારતમ આઠમી વસ્તુ છે. માટે ૐકાર જ પરમ ઉત્કૃષ્ટ તથા મૂલ્યવાન છે.

'ૐ' त्येतदक्षरमुद्गीथमुपासीत, 'ૐ' इति ह्युद्गायति, तस्योपव्याख्यानम्। देवा वै मृत्योर्बिभ्यतस्त्रयीं विद्यां प्राविशन्, ते छन्दोभिरच्छादयन्, तच्छन्दसां छन्दस्त्वम्। तानु तत्र मृत्युर्यथा मत्स्यमुदके परिपश्येदेवं पर्यपश्यत्। ते नु विदित्वोर्ध्वा ऋचः साम्नो यजुषः स्वरमेव प्राविशन्। एष उ स्वरो यदेतदक्षरमेतदमृतमभयं तत्प्रविश्य देवा अमृता अभया अभवन्। स य एतदेवं विद्वानक्षरं प्रणौति, एतदेवाक्षरं स्वरममृतमभयं प्रविशति, तत्प्रविश्य यदमृता देवास्तदमृतो भवति॥'

(१, ४, १-५)

ૐ મંત્રરૂપ અક્ષર ઉદ્ગીથની ઉપાસના કરવી જોઈએ. ૐ આ મંત્રનું ઉદ્ગાન થાય છે. તેના મહત્ત્વનું ઉપાખ્યાન આ પ્રકારે છે. ઇન્દ્ર વગેરે દેવો મૃત્યુથી ભયભીત બનીને, ત્રણ વેદોમાં કહેલાં યજ્ઞાદિ કર્મોનું અનુષ્ઠાન કરવા લાગ્યા. તે ભયથી મુક્ત થવા માટે તેમણે કર્માનુષ્ઠાન દ્વારા વેદોનું આચ્છાદન પ્રાપ્ત કર્યું. અનુષ્ઠાતાઓને મૃત્યુમાંથી બચાવવા માટે આચ્છાદન

કરવાથી વેદોનું નામ 'છન્દ' પડ્યું. જેમ માછીમાર જલમાં માછલીઓને જુવે છે, તેમ વૈદિક કર્મરૂપી જળમાં પ્રવેશ કરેલા દેવોને મૃત્યુએ જોઈ લીધા. દેવોએ મૃત્યુના અભિપ્રાયને જાણી લીધો. એટલે તેઓ વૈદિક કર્માનુષ્ઠાન છોડીને ૐકારની ઉપાસનામાં તત્પર થયા. આ જે સ્વર છે, તે ૐકાર-એકાક્ષર છે. તે જ અમૃત તથા અભય છે. તેની ઉપાસના કરીને દેવો અમૃત તથા અભય બની ગયા, અર્થાત્ મૃત્યુભયથી વિમુક્ત બન્યા. જે કોઈ શ્રદ્ધાળુ તથા પુરૂષાર્થી આ સમયમાં પણ ૐકારના યથાર્થ સ્વરૂપને જાણીને તેની ઉપાસના કરે છે, તે પણ દેવોની પેઠે અમૃત તથા અભય બની જાય છે.

છાંદોગ્ય ઉપનિષદ્‌ના બીજા અધ્યાયમાં પણ ૐકારનું મહત્ત્વ આ પ્રમાણે કહ્યું છેઃ—

'प्रजापतिर्लोकानभ्यतपत्, तेभ्योऽभितप्तेभ्यस्त्रयी विद्या संप्रास्रवत्, तामभ्यतपत् तस्या अभितप्तायाः एतान्यक्षराणि संप्रास्रवन्त भूर्भुवःस्वरिति। तान्यभ्यतपन्, तेभ्योऽभितप्तेभ्यः ॐकारः संप्रास्रवत्, तद्यथा शङ्कुना सर्वाणि पर्णानि संतृण्णानि, एवमोङ्कारेण सर्वा वाक् संतृण्णा ॐकार एवेदँ सर्वमोङ्कार एवेदं सर्वम् ॥'

(૨,૨૩,૨-૩)

પ્રજાપતિ બ્રહ્માએ સાર વસ્તુ ખોળવા માટે ચૌદ ભુવનોનું અનુસંધાન કર્યું. ત્યારે તેમને સર્વ લોકોમાં ઋક્, યજુઃ તથા સામરૂપ વેદત્રયી સારરૂપે પ્રતીત થઈ. પછી વેદત્રયીનું આલોચન કર્યું. ત્યારે તેમને તેમાં ભૂઃ, ભુવઃ તથા સ્વ—આ ત્રણ વ્યાહૃતિઓ સારરૂપે પ્રતીત થઈ. ત્યાર પછી તેમણે તે વ્યાહૃતિઓનું પણ આલોચન કર્યું. ત્યારે તેમને તેમાં ૐકાર જ સારરૂપે પ્રતીત થયો. જેવી રીતે શંકુઓ (સૂક્ષ્મ તંતુઓ જેવી

દાંડીઓ)થી સર્વ પાંદડાં, જાળની માફક, ગુંથાયેલાં છે, તેવી રીતે ૐકારથી આ સમગ્ર વાણીઓ ગુંથાયેલી છે, અર્થાત્ પાંદડાંમાં શંકુઓની પેઠે, સમસ્ત વાણીઓમાં એકમાત્ર ૐકાર જ વ્યાપ્ત થઈને રહે છે. માટે ૐકાર ચરાચર વિશ્વરૂપ છે.

ૐકારનું નિર્ગુણ સ્વરૂપ સર્વમય છે આ જગતમાં જે કાંઈ કાર્યકારણાદિ પદાર્થ ઉપલબ્ધ છે, તે સર્વમાં નામ તથા રૂપ–આ બે અંશ પ્રતીત થાય છે. રૂપ ભાગને અર્થસૃષ્ટિ તથા નામ ભાગને શબ્દસૃષ્ટિ કહે છે. એ વેદોનો સિદ્ધાંત છે કે–શબ્દસૃષ્ટિથી અર્થસૃષ્ટિનો પ્રાદુર્ભાવ થાય છે. શબ્દસૃષ્ટિ અર્થસૃષ્ટિનું કારણ છે. કાર્ય પોતાના કારણથી પૃથક્ નથી હોતું. તેથી અર્થસૃષ્ટિ શબ્દસૃષ્ટિથી પૃથક્ હોઈ શકતી નથી. શબ્દ અર્થોના વાચક, તથા અર્થ શબ્દોના વાચ્ય હોય છે માટે શબ્દો દ્વારા જ સમસ્ત પદાર્થોનું ગ્રહણ તથા ત્યાગ થાય છે. શબ્દોના જ્ઞાન વિના અર્થોનો વ્યવહાર થતો નથી. જેવી રીતે ઘટાદિકાર્યના નાશ પછી માટી પરિશિષ્ટ રહે છે, તેથી ઘટાદિ મૃત્તિકારૂપ જ મનાય છે, તેવી રીતે સમસ્ત પદાર્થ નામસ્વરૂપ જ માનવા જોઈએ. માટે શબ્દ-પ્રપંચને સમસ્ત રૂપ પ્રપંચનો આધાર તથા કારણ માન્યો છે. જેવી રીતે અનેક કાર્યોમાં એક કારણ અનુગત હોય છે, તેવી રીતે અનેક ઘટ વ્યક્તિઓમાં–જેમનો આકાર પરસ્પર વિલક્ષણ છે–'ઘટ' એવું બે અક્ષરવાળું નામ અનુગત છે. અનુગત કારણ હોય છે, તથા અનનુગત કાર્ય. એ રીતે પણ અનુગત નામ-સૃષ્ટિથી અનનુગત રૂપસૃષ્ટિ પૃથક્ હોઈ શકતી નથી, અર્થાત્ નામસૃષ્ટિમાં અર્થસૃષ્ટિનો અંતર્ભાવ થઈ જાય છે.

આ રીતે જેટલી નામસૃષ્ટિ છે, તે બધી ૐકારથી જ ઉત્પન્ન થાય છે, તથા અંતમાં ૐકારમાં જ વિલીન થઈ જાય છે. જેવી રીતે માટીમાંથી ઉત્પન્ન થનાર તથા તેમાં જ

રહેવાવાળાં ઘટાદિ કાર્યોનો મૃત્તિકામાં જ અંતર્ભાવ મનાય છે. તેવી રીતે સર્વ લૌકિક-વૈદિક શબ્દો પોતાની ઉત્પત્તિ, સ્થિતિ તથા લયના કારણરૂપ ૐકારમાં જ અંતર્ભૂત મનાય છે. માટે ૐકાર જ આ નામરૂપાત્મક સર્વ જગત્ છે. જેવી રીતે ૐકાર સર્વમય છે, તેવી રીતે બ્રહ્મ પણ સર્વમય છે. તેથી ૐકાર બ્રહ્મરૂપ છે. અથવા ૐકાર બ્રહ્મનું વાચક છે, અને બ્રહ્મ વાચ્ય છે. વાચ્ય વાચકનો અભેદ હોવાને કારણે ૐકાર બ્રહ્મરૂપ છે. અથવા વિશ્વમય ૐકાર વિશ્વાધિષ્ઠાન બ્રહ્મમાં અધ્યસ્ત છે. બ્રહ્મ ૐકારનું અધિષ્ઠાન છે. એ નિયમ છે કે-અધ્યસ્તનું સ્વરૂપ અધિષ્ઠાનથી અતિરિક્ત હોતું નથી. આ રીતે પણ ૐકાર બ્રહ્મરૂપ છે. માટે સર્વ વિશ્વમય ૐ મંત્રનું સચ્ચિદાનંદ સર્વાત્મા બ્રહ્મરૂપે શ્રદ્ધા તથા એકાગ્રતાપૂર્વક મુમુક્ષુઓએ સતત જપ તથા ધ્યાન કરવું જોઇએ.

માટે વેદપુરુષ ભગવાન શ્રીકૃષ્ણે પણ ગીતામાં કહ્યું છે કે-

'ओमित्येकाक्षरं ब्रह्म, व्याहरन् मामनुस्मरन्।
यः प्रयाति त्यजन् देहं, स याति परमां गतिम्॥'

(૮,૧૩)

જે પુરુષ ૐ એવા એક અક્ષરરૂપ બ્રહ્મનું ઉચ્ચારણ કરતો કરતો તથા સાથે સાથે તેના અર્થસ્વરૂપ મારું-પરમાત્માનું ચિંતન (ભાવના) કરતો કરતો, શરીરને છોડીને જાય છે, તે પુરુષ પરમ ગતિને પ્રાપ્ત થાય છે.

આ શ્લોકમાં ભગવાને 'व्याहरन' શબ્દથી ૐમંત્રના જપનું, તથા 'मामनुस्मरन्' શબ્દથી તેના અર્થનું-પરમાત્માની ભાવનાનું વિધાન કર્યું છે. તેના અર્થની ભાવના વિના, ખાલી મંત્ર જપ કરવા જોઇએ નહિ. જપમાં ભાવના પ્રધાન હોય છે.

માટે પરમાત્માની ભાવનાની સિદ્ધિ માટે જ જપ કરવામાં આવે છે. માટે પતંજલિ મહર્ષિએ પણ યોગ શાસ્ત્રમાં એવું જ કહ્યું છે—

પાતંજ. યોગ.

तस्य वाचकः प्रणवः (યો. શા. ૧, ૨૭), तज्जपस्तदर्थभावनम् (૧, ૨૮), ततः प्रत्यक्चेतनाधिगमोऽप्यन्तरायाभावश्च (૧, ૨૯)-તે પરમાત્માનું વાચક નામ પ્રણવ છે. માટે તેના જપની સાથે તેના અર્થ-પરમાત્માની પણ ભાવના કરવી જોઈએ. આ પ્રમાણે જપ તથા ભાવના બંનેની સિદ્ધિ દ્વારા પ્રત્યક્-ચેતન બ્રહ્મનો સાક્ષત્કાર તથા અજ્ઞાનાદિ અનેકવિધ અંતરાયો (આવરણો) નો પણ વિનાશ થઇ જાય છે.

'स्वाध्यायाद् योगमासीत, योगात्स्वाध्यायमामनेत् ।
स्वाध्याययोगसम्पत्त्या परमात्मा प्रकाशते ॥'

સ્વાધ્યાય પછી યોગનો અભ્યાસ કરે, તથા યોગ પછી સ્વાધ્યાયનો સ્વાધ્યાય તથા યોગની સિદ્ધિ થતાં પરમાત્મા પ્રકાશ થાય છે. અહીં નિરંતર પ્રણવજપનું નામ સ્વાધ્યાય છે. તથા તેનો અર્થ પરમાત્માની એકાગ્રતાપૂર્વક ભાવના કરવી-તેનું નામ યોગ છે. માટે અન્યત્ર પણ કહ્યું છે કે—

'जपश्रान्तः शिवं ध्यायेद्, ध्यानश्रान्तः शिवं जपेत् ।
जपध्यानसमायुक्तः परं ब्रह्माधिगच्छति ॥'

જપથી થાકી જાય તો શિવનું ધ્યાન કરે, ધ્યાનથી થાકી જાય તો શિવનો જપ કરે. આ પ્રમાણે જપ તથા ધ્યાનને સારી રીતે કરતો મહામાનવ પર બ્રહ્મનો સાક્ષાત્કાર કરી લે છે.

પ્રશ્ન—આ પ્રમાણોથી તો જપ તથા તેના અર્થની ભાવના સાથે સાથે નહિ, પણ એક પછી એક કરવાં જોઈએ—એવું સિદ્ધ થાય છે.

ઉત્તર-શાસ્ત્રનાં વચનોથી બંને વાત સિદ્ધ થાય છે. ઉત્તમ અધિકારી માટે સાથે સાથેનું વિધાન છે. માટે યોગવાર્તિકમાં પ્રણવેન પરં બ્રહ્મ ધ્યાયીત નિયતો યતિઃ। સંયમનિયમવાન યતિ પ્રણવમંત્ર દ્વારા પરબ્રહ્મનું ધ્યાન કરે. આ સ્મૃતિવચનનું પ્રમાણ આપીને તજ્જપસ્તદર્થભાવનમ્ નું પ્રણવજપેન સહ બ્રહ્મધ્યાનં પ્રણિધાનં કર્તવ્યમ્ (પ્રણુવજપની સાથે બ્રહ્મધ્યાનરૂપ પ્રણિધાન-ઉપાસના કરવી જોઈએ) એવું વ્યાખ્યાન કર્યું છે. માટે જેવી જેની યોગ્યતા તથા રુચિ હોય, તેવું સાથે સાથે અથવા એક પછી એક પણ કરી શકે છે એમાં ઐચ્છિક વિકલ્પ છે; અર્થાત્ મરજિયાત છે, ફરજિયાત (અનિવાર્ય) નથી.

લૌકિક વ્યવહારમાં પણ ઈષ્ટ તથા અનિષ્ટ શબ્દશ્રવણની સાથે હૃદયભૂમિમાં તેના અર્થની ભાવનાઓનો પ્રવાહ જોરથી વહેવા લાગે છે. તેમાં વહેતો માનવ કેવી રીતે તલ્લીન થઈ જાય છે તેવાં કેટલાંક ઉદાહરણ જુવો.

કોઈ નવયુવક જ્યારે પોતાનાં માતપિતા દ્વારા પોતાના વિવાહની વાત સાંભળે છે, ત્યારે તેના હૃદયમાં તરત જ 'વિવાહ' શબ્દના અર્થની ભાવનાઓનો પ્રવાહ જોરથી વહેવા લાગે છે. 'વિવાહ એટલે હું બહુ જ સુંદર વસ્ત્ર-આભૂષણોથી સુસજ્જ બનીશ, તે સમયે મારું નામ 'વરરાજા' હશે, સર્વ લોકો મારો ખૂબ આદર કરવા લાગશે; પાન ચાવતો ચાવતો હું ગર્વપૂર્વક ઘોડા પર બેસીશ. આગળ સુંદર સુંદર વાજાં વાગતાં હશે. સ્ત્રીઓ મધુર સ્વરે મારા નામનાં ગીત ગાતી ગાતી પાછળ ચાલતી હશે. સસરાને ઘેર જવાનું થશે. ત્યાં હું રૂપ-યૌવન-સંપન્ન મારી વહુરાણીને જોઈને આનંદમગ્ન બની જઈશ,' વગેરે વિવાહની ભાવનાઓમાં વહેતો તે એવો તો તલ્લીન થઈ જાય છે કે તેને બાહ્ય જગત્‌ની સ્મૃતિ પણ રહેતી નથી. માટે તે ઉલ્લાસમય

ભાવનાઓના પ્રવાહને સૂચિત કરવા માટે તેનું મુખકમળ વિકસિત થઈ જાય છે; તથા આંખો હર્ષપૂર્ણ બનીને ચંચળ થઈ જાય છે.

કોઈ પિતા છે. કોઈની મારફતે વિદેશમાં રહેતા પોતાના વહાલા પુત્રનું નામ અથવા સમાચાર સાંભળે છે, ત્યારે તેના હૃદયમાં પુત્રની અનેક પ્રકારની મધુર સ્મૃતિઓ લહેરિયાં લેવા માંડે છે. પુત્રનું સાકાર શરીર સામે ખડું થઈ જાય છે. મન તેનાથી અનેક પ્રકારની સ્વગત વાતો કરવા લાગી જાય છે. હૃદય પુત્રપ્રેમથી છલોછલ ભરાઇ જાય છે. આ પ્રમાણે તે પુત્રના ચિંતનમાં તન્મય બની જાય છે.

તેવી રીતે કોઈ વ્યક્તિ કોઈની પાસેથી પોતાની વિરોધી વ્યક્તિનું નામ સાંભળે છે. તરત જ તેના હૃદયમાં તેના પ્રત્યે કડવી ભાવનાઓ ખડી થઈ જાય છે. હૃદય દ્વેષ તથા રોષથી ભરાઈ જાય છે. દ્વેષને લઈને તે મનની અંદર તેની મૂર્તિને પણ જોવા લાગે છે. કંસ પણ ભગવાનનો વિરોધી હોવા છતાં તેમનો ભક્ત હતો. ભક્ત તે છે કે જે કોઇ પણ પ્રકારે ભગવાનનું સદા અનન્ય સ્મરણ કરતો રહે. કંસ પ્રેમભાવથી નહિ, પણ દ્વેષભાવથી ભગવાનનું સદા સ્મરણ કરતો રહેતો હતો. તેના હૃદયમાં કૃષ્ણવિરોધનો એટલો પ્રચુર પ્રવાહ વહેવા લાગ્યો હતો કે તેને સર્વત્ર કૃષ્ણ જ કૃષ્ણ દેખાતા હતા. માટે શ્રીમદ્‌ભાગવતમાં તેના દ્વેષજન્ય ચિંતનનું આ પ્રમાણે વર્ણન કર્યું છે—

'आसीनः संविशंस्तिष्ठन्भुञ्जानः पर्यटन्महीं ।
चिन्तयानो हृषीकेशं अपश्यत् तन्मयं जगत ॥'

(૧૦, ૨, ૨૪,)

દ્વેષને લઈને ઊઠતાં. બેસતાં, સૂતાં, ખાતાં પીતાં તથા પૃથ્વી પર હરતાંફરતાં હરક્ષણે હૃષીકેશ (ઈન્દ્રિયોના નિયંતા) ભગવાન શ્રીકૃષ્ણના ચિંતનમાં જ તે રહેવા લાગ્યો—ત્યાં સુધી કે તેને સમસ્ત જગત્ કૃષ્ણમય જણાવા લાગ્યું.

ખટાઈ અથવા મીઠાઈ જોઈને અથવા સાંભળીને મ્હોંમાં પાણી આવી જાય છે, તે પણ તેની ભાવનાનું ફળ છે.

આ રીતે પ્રણવમંત્રના જપની સાથે તેના અર્થ-પરમાત્માની ભાવનાઓનો પણ પ્રવાહ વહાવવો જ જોઈએ. ભાવના માટે માંડૂક્યોપનિષદ્માં કહ્યું છે કે-सोऽयमात्माध्यक्षरमोङ्कारोऽधिमात्रं पादा मात्राश्च पादाः (માં. ઉ૦૮) અર્થાત્ તે આત્મા અક્ષર દૃષ્ટિએ ૐકાર છે, તે આકારાદિમાત્રાઓને વિષય કરીને રહેલો છે. આત્માના વિશ્વાદિ પાદ જ અકારાદિ માત્રાઓ છે, અને માત્રાઓ જ પાદ છે. શાંકર ભાષ્ય તથા ગૌડપાદની કારિકાઓમાં તેનું વિશદ વર્ણન આ પ્રમાણે છે-

એક જ પૂર્ણાદ્વય-ચેતન આત્મા વ્યષ્ટિ ઉપાધિથી જીવ તથા સમષ્ટિ ઉપાધિથી ઈશ્વર કહેવાય છે. આ બંનેની ચાર અવસ્થાઓ હોય છે, તેથી તે બે જ અવસ્થાઓના ભેદને લઈને ચાર નામોથી કહેવાય છે. જેવી રીતે એક જ વ્યક્તિ રસોઈ બનાવવાથી રસોઈઓ, પૂજા કરવાથી પૂજારી, તથા ભણવાથી વિદ્યાર્થી, ભણાવવાથી અધ્યાપક-આ ચાર નામોથી ઓળખાય છે. તેવી રીતે એકજ જીવાત્મા જાગ્રત્ અવસ્થાનો સાક્ષી હોવાથી 'વિશ્વ', સ્વપ્ન અવસ્થાનો સાક્ષી હોવાથી 'તૈજસ', સુષુપ્તિ અવસ્થાનો સાક્ષી હોવાથી 'પ્રાજ્ઞ', તથા ચોથી નિષ્પ્રપંચ અવસ્થાનો સાક્ષી હોવાથી 'તુરીયા'-આ ચાર નામોથી કહેવાય છે. આ પ્રમાણે પિંડોપાધિવાળા જીવાત્માના વિશ્વ, તૈજસ, પ્રાજ્ઞ અને તુરીય-આ ચાર પાદ મનાય છે.

વળી બ્રહ્માંડોપાધિવાળા એક જ ઈશ્વરાત્મા સ્થૂલ, સૂક્ષ્મ, કારણ તથા કારણશૂન્ય અવસ્થાઓના ભેદથી વિરાટ, હિરણ્યગર્ભ (સૂત્રાત્મા), ઈશ્વર તથા બ્રહ્મ-આ ચાર નામોને ધારણ કરે છે. અર્થાત્ સમષ્ટિ સ્થૂલ પ્રપંચનો સાક્ષી આત્મા 'વિરાટ્' નામથી,

સમષ્ટિ સૂક્ષ્મ પ્રપંચનો સાક્ષી આત્મા 'હિરણ્યગર્ભ' (સૂત્રાત્મા) નામથી, સમષ્ટિ કારણ પ્રપંચ (માયા) તો સાક્ષી આત્મા 'ઈશ્વર' નામથી, અને માયારૂપ કારણથી રહિત શુદ્ધ આત્મા ' બ્રહ્મ ' નામથી કહેવાય છે.

ૐકારની અકાર, ઉકાર, મકાર તથા અર્ધબિન્દુ—આ ચાર માત્રાઓ છે. અર્ધબિંદુને અર્ધમાત્રા, અમાત્ર ૐકાર, અનંતમાત્ર ૐકાર તથા તુરીય ચિન્માત્ર પણ કહે છે.

સ્થૂલ ઉપાધિ સહિત, વિરાટ્ તથા વિશ્વ 'અ' માત્રાના વાચ્યાર્થ છે. સ્થૂલ સમષ્ટિરૂપ ઉપાધિના સંબંધથી ચેતનમાં વિરાટ્પણું, અને સ્થૂલ વ્યષ્ટિરૂપ ઉપાધિના સંબંધથી વિશ્વપણું પ્રતીત થાય છે. ઉપાધિનો પરિત્યાગ કરવાથી વિરાટ્પણું અને વિશ્વપણું પ્રતીત થતાં નથી. પણ એકમાત્ર ચેતન આત્મા જ અવશિષ્ટ રહી જાય છે. આ જ 'અ' માત્રાનો લક્ષ્યાર્થ છે.

સૂક્ષ્મ ઉપાધિ સહિત હિરણ્યગર્ભ તથા તૈજસ બીજી માત્રા 'ઉ'ના વાચ્યાર્થ છે. સમષ્ટિ સૂક્ષ્મ ઉપાધિના સંબંધથી ચેતનમાં હિરણ્યગર્ભપણું અને વ્યષ્ટિ સૂક્ષ્મ ઉપાધિના સંબંધથી તૈજસપણું પ્રતીત થાય છે. બંને ઉપાધિઓનો પરિત્યાગ કરવાથી હિરણ્યગર્ભપણું તથા તૈજસપણું પ્રતીત થતાં નથી. પણ શુદ્ધ ચેતનમાત્ર જ અવશિષ્ટ રહેલું પ્રતીત થાય છે. આ 'ઉ' માત્રાનો લક્ષ્યાર્થ છે.

કારણ ઉપાધિસહિત ઈશ્વર તથા પ્રાજ્ઞ ત્રીજી 'મ'માત્રાના વાચ્યાર્થ છે. સમષ્ટિ માયારૂપ ઉપાધિના સંબંધથી ચેતનમાં ઈશ્વરપણું [illegible]રૂપ અવિદ્યા) ઉપાધિના સંબંધથી પ્રાજ્ઞપણું પ્રતીત થાય છે. આ બંને ઉપાધિઓને છોડવાથી ઈશ્વરપણું તથા પ્રાજ્ઞપણું પ્રતીત થતાં નથી. એકમાત્ર ચેતન જ પરિશિષ્ટ રહી જાય છે. એ જ 'મ' માત્રાનો લક્ષ્યાર્થ છે.

વિશ્વાત્માને વિરાટ્ સ્વરૂપ સમજવો જોઈએ, કારણકે વિશ્વની પિંડ ઉપાધિ વિરાટ્‌ની બ્રહ્માંડ ઉપાધિથી ઉત્પન્ન થાય છે. પિંડ વૃક્ષ સમાન છે, તથા વિરાટ્ વનની સમાન છે. તેથી પિંડ–બ્રહ્માંડમાં કાર્ય–કારણભાવ હોવાને કારણે બંને ઉપાધિઓમાં ભેદ મનાતો નથી. જ્યારે બંને ઉપાધિઓનો અભેદ થઈ જાય છે, ત્યારે ઉપહિતોનો પણ અભેદ થઈ જાય છે. જેવી રીતે ઘટ મઠમાં આવી જતાં ઘટ તના મઠ બંને ઉપાધિઓથી ઉપહિત ઘટાકાશ તથા મઠાકાશ એક થઈ જાય છે; તેવી રીતે પિંડ બ્રહ્માંડમાં રહેલો હોવાને કારણે પિંડોપહિત વિશ્વાત્મા બ્રહ્માંડોપહિત વિરાટ્ સ્વરૂપ જ થઈ જાય છે. આ પ્રમાણે વિશ્વાત્માની વિરાટ્ સ્વરૂપે ૐકારની 'અ' માત્રા દ્વારા ભાવના કરવી જોઈએ.

તેવી રીતે તૈજસ આત્માને હિરણ્યગર્ભસ્વરૂપ સમજવો જોઈએ. અહીં પણ વ્યષ્ટિ–સૂક્ષ્મશરીર તથા સમષ્ટિ–સૂક્ષ્મશરીરમાં કાર્યકારણભાવ હોવાને કારણે બંને ઉપાધિઓની એકતા માનવામાં આવે છે. તેથી તેમનાથી ઉપહિત તૈજસ તથા હિરણ્યગર્ભમાં પણ કોઈ પણ પ્રકારનો ભેદ રહેતો નથી. માટે તૈજસાત્માની હિરણ્યગર્ભરૂપે ૐકારની બીજી 'મ' માત્રા દ્વારા ભાવના કરવી જોઈએ.

તેવી રીતે પ્રાજ્ઞ આત્માને ઈશ્વરરૂપ સમજવો જોઈએ, કારણકે મલિન સત્ત્વપ્રધાન વ્યષ્ટિ અવિદ્યા તથા શુદ્ધ સત્ત્વપ્રધાન સમષ્ટિ માયામાં કાર્યકારણભાવ છે. માટે માયા ઉપાધિથી અવિદ્યા ઉપાધિ પૃથક્ ન હોવાને કારણે તેનાથી ઉપહિત પ્રાજ્ઞ તથા ઈશ્વરમાં પણ પૃથક્તા રહેતી નથી. માટે પ્રાજ્ઞાત્માની ઈશ્વરરૂપે ૐકારની ત્રીજી 'મ' માત્રા દ્વારા ભાવના કરવી જોઈએ.

પછી વિરાટ્‌ને હિરણ્યગર્ભરૂપ તથા હિરણ્યગર્ભને ઈશ્વરસ્વરૂપ

સમજવા જોઈએ, કારણકે વિરાટ્‌ની સ્થૂલ ઉપાધિનું કારણ હિરણ્યગર્ભની સૂક્ષ્મ ઉપાધિ છે, તથા હિરણ્ય-ગર્ભની સૂક્ષ્મ ઉપાધિનું કારણ ઈશ્વરની ઉપાધિ માયા છે. પછી અકાર માત્રાને ઉકારમાં, ઉકારને મકારમાં, તથા મકારને અર્ધમાત્રા (અમાત્ર ૐકાર) માં વિલીન કરે. જેવી રીતે અપારમાર્થિક વિશ્વાદિ ત્રણ પાદોમાં પારમાર્થિક, તુરીય, કૂટસ્થ, બ્રહ્માત્મા અનુગત છે; તેવી રીતે જ અપારમાર્થિક અકારાદિ ત્રણ માત્રાઓમાં પારમાર્થિક અમાત્ર ૐકાર અનુગત છે. માટે તે અમાત્ર ૐકારનો વિશુદ્ધ બ્રહ્મરૂપ તુરીય આત્માથી અભેદ માનવામાં આવે છે. આ પ્રકારે સર્વાધિષ્ઠાન, વિશુદ્ધ, અનંત, અદ્વય બ્રહ્મમાં વિશ્વાત્માથી લઈને ઈશ્વરાત્મા પર્યંત સ્થૂલ સૂક્ષ્માદિ સંપૂર્ણ ચરાચર જગત કલ્પિત છે.

માટે શ્રીમદ્ ભાગવતના દશમ સ્કંધમાં ભગવાન નારાયણ શ્રીકૃષ્ણની સ્તુતિ કરતાં વેદવેત્તા શ્રી બ્રહ્માજીએ આ જ કહ્યું હતું કે—

को वेत्ति भूमन्! भगवन्! परात्मन्!,
योगेश्वरोतीर्भवतस्त्रिलोक्याम्।
क्व वा कथं वा कति वा कदेति,
विस्तारयन् क्रीडसि योगमायाम्॥
तस्मादिदं जगदशेषमसत्स्वरूपं.
स्वप्नाभमस्तधिषणं पुरुदुःखदुःखम्।
त्वय्येव नित्यसुखबोधतनावनन्ते,
मायात उद्यदपि यत्सदिवावभाति॥'

(૧૦,૧૪,૨૧-૨૨)

હે ભગવાન! આપ સર્વવ્યાપક પરમાત્મા તથા યોગેશ્વર છો. જે સમયે આપ આપની યોગમાયાનો વિસ્તાર કરીને ક્રીડા કરો છો, તે સમયે ત્રણેય લોકમાં એવો કોણ છે કે જે એ જાણી શકે કે આપની લીલા ક્યાં, કેવી રીતે, કેટલી અને ક્યારે થાય છે? માટે આ સંપૂર્ણ જગત્, જે સ્વપ્નની પેઠે અસત્ (અનિર્વચનીય), વાસ્તવિક જ્ઞાનથી શૂન્ય, તથા ઉત્તરોત્તર દુઃખમય છે; માયાથી ઉત્પન્ન થવાને કારણે તે કલ્પિત છે, છતાં નિત્ય આનંદ—જ્ઞાનસ્વરૂપ આપ—અનંત પરબ્રહ્મમાં જ અધ્યારોપિત હોવાથી સત્યવત્ ભાસે છે, આ ઉપલક્ષણ છે—અર્થાત્, ચેતનવત્, આનંદવત્ ભાસે છે. વસ્તુતઃ તે સત્ય, ચેતન તથા સુખરૂપ નથી, પણ આપ અધિષ્ઠાન બ્રહ્મ જ તેવા છો.

આ રીતે ૐમંત્રનો ઉપાસક અધિકારી અમાત્ર શુદ્ધ ૐકાર દ્વારા શ્રદ્ધા તથા એકાગ્રતાપૂર્વક પોતાના તુરીય આત્મ-સ્વરૂપની આ પ્રમાણે ભાવના કરે કે—સમસ્ત સ્થાવર જંગમ વિશ્વરૂપ જે અસંગ, અદ્વય, નિત્ય, શુદ્ધ, બુદ્ધ, મુક્ત, અમૃત અભય, સચ્ચિદાનંદ, ૐકારનું પારમાર્થિક લક્ષ્યસ્વરૂપ, વિશુદ્ધ પૂર્ણબ્રહ્મ છે, તે હું જ છું. એવી ભાવનાનો પ્રવાહ અનવરત કરવાથી અપરોક્ષ બ્રહ્મસાક્ષાત્કારનો ઉદય થાય છે. નિખિલ કર્તૃત્વ—ભોક્તૃત્વ આદિ આવિદ્યક (અવિદ્યા સંબંધી) આરોપિત બંધનોની નિવૃત્તિ થાય છે; નિર્દ્વન્દ્વ સાધક નરમાંથી નારાયણ બની જાય છે.

જો કે 'તત્ત્વમસિ' વગેરે મહાવાક્યોના વિવેક તથા અનુસંધાન વિના બ્રહ્મસાક્ષાત્કાર થતો નથી—એવો વેદાન્તનો સિદ્ધાંત છે, તથા ૐકારનો તથા મહાવાક્યોનો લક્ષ્યાર્થ એક હોવાને કારણે ૐકારનો વિવેક તથા અનુસંધાન મહાવાક્યોનો જ વિવેક તથા અનુસંધાન માન્યાં ગયાં છે, માટે ૐકારના

લક્ષ્યાર્થની સતત ભાવનાથી પણ અદ્વય બ્રહ્માત્મતત્ત્વનો સાક્ષાત્કાર થઈ જ જાય છે.

માટે કૈવલ્યોપનિષદ્‌માં કહ્યું છે કે–

'आत्मानमरणिं कृत्वा, प्रणवञ्चोत्तरारणिम् ।
ध्याननिमथनाभ्यासाद् देवं पश्येन्निगूढवत् ॥'

જેવી રીતે બે અરણિનાં લાકડાંના મંથનથી તેમાં છુપાઈ રહેલો અગ્નિ પ્રગટ થાય છે, તેવી રીતે જ પૂર્વ અરણિને સ્થાને રહેલી બુદ્ધિમાં ઉત્તર (ઉપરની) અરણિરૂપ ૐકારના નિરંતર ધ્યાન (ભાવના)રૂપ મંથનના અભ્યાસથી બુદ્ધિરૂપી ગુહામાં છુપાયેલા પરમાત્મદેવનો સાક્ષાત્કાર થઈ જાય છે.

અથર્વશિરોપનિષદ્‌માં ૐકારનું સ્વરૂપ આ પ્રકારે વિશદરૂપે વર્ણવવામાં આવ્યું છે–

'य ॐकारः स प्रणवः यः प्रणवः स सर्वव्यापी, यः सर्वव्यापी सोऽनन्तः, योऽनन्तस्तत्तारं, यत्तारं तत्सूक्ष्मं, यत्सूक्ष्मं तच्छुक्लं यच्छुक्लं तद्वैद्युतं, यद्वैद्युतं तत्परं ब्रह्म, स एको रुद्रः, स ईशानः, स भगवान् महेश्वरः स महादेवः ।'

જે ૐકાર છે તે પ્રણવ છે. 'પ્રણવ' નામનો અર્થ પણ શિવપુરાણમાં વિલક્ષણ ઢંગથી આ પ્રકારે કહેવામાં આવ્યો છે-

'प्रो हि प्रकृतिजालस्य संसारस्य महोदधेः ।
नवं नावान्तरमिति प्रणवं वै विदुर्बुधाः ॥
'प्रः'=प्रपञ्चो 'न'=नास्ति, 'वो'=युष्माकं प्रणवं विदुः ।
प्रकर्षेण नयेद्यस्म न्मोक्षं वः प्रणवं विदुः ॥'

(વિદ્યેશ્વરી સંહિતા ૧૭,૪,૫)

'પ્ર'-પ્રકૃતિથી ઉત્પન્ન થયેલા સંસારસાગરની પાર જવાને

માટે આ પ્રણવ નૌકારુપ છે. તેથી પંડિત લોકો તેને પ્રણવ કહે છે. અથવા 'પ્ર' એટલે પ્રપંચ; 'ન' એટલે નથી; 'વ:' એટલે તમારે માટે. અર્થાત્ જેનો જપ તથા ધ્યાન કરવાથી તમારે માટે દુઃખમય સંસાર રહેતો નથી, તેનું નામ 'પ્રણવ' છે. અથવા 'પ્ર' એટલે પ્રકૃષ્ટરૂપે; 'ન' મોક્ષપ્રત્ય લઈ જાય છે; 'વ:' એટલે તેની આરાધના કરનારા તમને. તેથી તેનું નામ 'પ્રણવ' છે.

અથવા સ્વયં ભગવાન શિવ પ્રણવનો અર્થ આ પ્રકારે કરે છે–

'ब्रह्मादिस्थावरान्तानां, सर्वेषां प्राणिनां खलु।
प्राणः प्रणव एवायं तस्मात् प्रणव ईरितः॥'

(શિ. પુ. કૈલાસસંહિતા ૩,૧૪)

બ્રહ્માથી લઈને સ્થાવર પર્યંત સંપૂર્ણ પ્રાણીઓનો આ પ્રણવમંત્ર પ્રાણ છે, તેથી તે પ્રણવ કહેવાય છે.

જે પ્રણવ છે, તે સર્વવ્યાપી છે. જે સર્વવ્યાપી છે, તે અનંત (ત્રિવિધ દેશાદિ પરિચ્છેદ રહિત) છે. જે અનંત છે, તે જ તાર છે. તે તાર જ તારક મંત્ર છે. આ મંત્રની આરાધનાથી પ્રાણીમાત્ર સંસાર સમુદ્રથી તરી જાય છે. માટે જ શિવપુરાણમાં ભગવાન શંકર ભગવતી ઉમાને કહે છે કે–

'एनमेव हि देवेशि! सर्वमन्त्रशिरोमणिम्।
काश्यामहं प्रदास्यामि, जीवानां मुक्तिहेतवे॥'

(કૈ. સં. ૩,૧૦)

હે દેવેશ્વરિ! સર્વમંત્રોના શિરોમણિ આ તારક મંત્ર ૐકારને જ હું કાશીમાં પ્રાણત્યાગ કરનાર જીવોને મુક્તિ માટે આપું છું.

આ રીતે જે તાર છે, તે સૂક્ષ્મ (જ્ઞાનશક્તિ–બ્રહ્મવિદ્યા) છે. જે સૂક્ષ્મ છે, તે જ શુદ્ધ છે. જે શુદ્ધ છે, તે વિદ્યુત્ છે–અર્થાત્ વિદ્યુત્‌ની અધિષ્ઠાત્રી બ્રહ્મવિદ્યા–સ્વરૂપિણી ભગવતી ઉમા છે. જે વિદ્યુત્ છે, તે જ પરબ્રહ્મ છે, તે જ એક–અદ્વય રુદ્ર છે, તે જ ઈશાન છે, તે જ મહેશ્વર છે, તે જ મહાદેવ છે.

આ પ્રકારે વેદોથી માંડીને પુરાણ પર્યંત અમારાં બધાં શાસ્ત્રોમાં મુક્તકંઠે પ્રણવમંત્રના મહિમાનું વર્ણન પ્રચુર માત્રામાં (ખૂબ પ્રમાણમાં) કરવામાં આવ્યું છે. માટે પ્રણવની ઉપાસના શુદ્ધ–વૈદિક તથા અનાદિ કાળથી પ્રવૃત્ત છે. તે જ અમારા ઋષિ-મુનિઓનું ગુહ્ય તથા આનંદમય હૃદયધન હતું. માટે જગદ્ગુરુ ભાષ્યકાર શ્રીશંકર સ્વામીએ છાંદોગ્ય ઉપનિષદ્ ભાષ્યમાં એવું કહ્યું કે—

'ओमित्येतदक्षरं परमात्मनोऽभिधानं नेदिष्ठम्। तस्मिन् हि प्रयुज्यमाने स प्रसीदति, प्रियनामग्रहण इव लोकः। एवं नामत्वेन प्रतीकत्वेन च परमात्मोपासनसाधनं श्रेष्ठमिति सर्ववेदान्तेष्ववगतम्। जपकर्मस्वाध्यायाद्यन्तेषु च बहुशः प्रयोगात्प्रसिद्धमस्य श्रैष्ठ्यम्। ॐकारे परमात्मप्रतीके दृढामैकाग्र्यलक्षणां मतिं सन्तनुयात्।'

ॐ આ એકાક્ષર પરમાત્માનું અત્યંત પ્યારું નામ છે. જેવી રીતે અત્યંત પ્રિય નામ–સ્વામીજી, મહારાજજી, શેઠજી, પંડિતજી પોકારવાથી માણસ જલ્દી પ્રસન્ન થાય છે, તેવી રીતે ૐનામથી તે ભગવાન જલ્દી પ્રસન્ન થાય છે. ૐમંત્ર પરમાત્માનું વાચક નામ હોવાને કારણે, તથા પરમાત્માનું સાકાર અથવા નિરાકાર પ્રતીક (પ્રતિમા) હોવાને કારણે, પરમાત્માની ઉપાસનાનું શ્રેષ્ઠ આલંબન છે. આ વાત બધાં ઉપનિષદોમાં નિર્ણીત કરવામાં આવી છે. મંત્રજપ, યાગાદિ કર્મ, વેદાધ્યયન વગેરે શુભકર્મોમાં

ૐકારનો પુષ્કળ પ્રયોગ હોવાને કારણે તેની શ્રેષ્ઠતા સર્વ-પ્રસિદ્ધ છે. માટે મુમુક્ષુઓએ પરમાત્માના પ્રતીકરૂપ ૐકારમાં જ એકાગ્ર-દૃઢ બુદ્ધિનો તૈલધારાવત્ વિસ્તાર કરતા રહેવું જોઈએ.

ઉપાસનાથી જ ઉપાસ્ય તત્ત્વનો સાક્ષાત્કાર થાય છે-એ સિદ્ધાંત છે. ઉપાસનાનું સ્વરૂપ તૈત્તિરીય ઉપનિષદ્ ભાષ્યમાં ભાષ્યકાર ભગવત્પાદે આ પ્રકારે કહ્યું છે—

'उपासनञ्च यथाशास्त्र तुल्यप्रत्ययसंततिरसंकीर्णा
चातत्प्रत्ययैः शास्त्रोक्तालम्बनविषया चेति।'

વેદાદિ શાસ્ત્રોમાં જેવું ઉપાસ્ય સ્વરૂપનું વર્ણન કરવામાં આવ્યું છે, તેવા જ સ્વપમાં, વિજાતીય વૃત્તિઓથી સર્વથા અસંકીર્ણ (અર્થાત્ મળી ગયેલી નહિ), સજાતીય વૃત્તિઓના, તેલની ધાર પેઠે અખંડ, એકરસ પ્રવાહનું નામ ઉપાસના છે.

'ઉપ' ઉપસર્ગનો અર્થ 'સમીપ' થાય છે, અને 'આસ્' ધાતુનો અર્થ છે બેસવું. અર્થાત્ ઉપાસ્યની પાસે બેસવું-તેનું નામ ઉપાસના છે. તે અધિકારીઓના ભેદથી ત્રણ પ્રકારની થાય છે; ઉત્તમ, મધ્યમ તથા કનિષ્ઠ. ઉત્તમ તે છે કે જેમાં જલમાં નાંખેલી સાકરની પેઠે, ઉપાસકનું ચિત્ત અન્ય સાંસારિક આકારોને છોડીને, ઉપાસ્ય સ્વરૂપમાં તદાકાર બની જાય. જેવી રીતે જલમાં ઓગળી જવાને કારણે તે સાકરના ગાંગડાને કોઈ પૃથક્ કરી શકતું નથી, તેવી રીતે ઉપાસ્ય સ્વરૂપના પૂર્ણઆનંદમાં વિલીન થઇ જવાને કારણે ચિત્ત તેનાથી જુદું નથી પડતું. સર્વદા આહાર વગેરે વ્યવહારની દશામાં પણ ચિત્ત તેમાં જ તન્મય બન્યું રહે, તે ઉત્તમ ઉપાસનાનું સ્વરૂપ છે.

'तुझमें फ़ना हूँ, और तुझीमें फना रहूँ।
आ जाय तू नजर तो, तूझे देखता रहूँ॥'

મધ્યમ ઉપાસના તે છે કે–જેમ કપડાની બનાવેલી ઢીંગલીને જલમાં ડૂબાડવામાં આવે, તો તેની અંદર તથા બહાર જલ વ્યાપ્ત થઈ જાય છે. જલથી બહાર કાઢવા છતાં તેમાંથી થોડાક સમય સુધી જલ નીતરે છે-ચૂવે છે, તે ભીની જ રહે છે, પણ સખત તાપમાં થોડા વખત પછી તે સૂકાઈ જાય છે અને અક્કડ બની જાય છે. તેવી રીતે ઉપાસનાના સમયે ચિત્તમાં ઉપાસ્યનું સ્વરૂપ વ્યાપી જાય છે, તેની જ્યોતિ તથા આનંદ ભરપૂર બની રહે છે, એકાગ્રતા તથા શાન્તિ આવે છે. પણ ઉપાસના પતી ગયા પછી, સંસારનો વ્યવહાર કરતાં, ચિત્ત વિષયો તરફ આકૃષ્ટ બનતાં, તે ધીમે ધીમે ઉપાસ્ય સ્વરૂપના આવેશથી રહિત બની જાય છે; અંતે પહેલાંની પેઠે જેવું હતું તેવું શુષ્ક બની જાય છે–તે મધ્યમ કોટિની ઉપાસના છે. જેવી રીતે રબ્બરની દોરી ખેંચી, લાંબી થઈ ગઈ, મૂકી દીધી, તો હતી તેવી બની ગઈ–તેવી રીતે.

કનિષ્ઠ ઉપાસના તે છે–જેમ એક પથ્થરને પાણીમાં નાખ્યો. તેની ચારે તરફ જલ વ્યાપી ગયું. ગરમ પત્થર ઠંડો બન્યો. પણ કેટલાંએ વર્ષ સુધી પાણીમાં રહેવા છતાં તેની અંદર પાણીનું એક નાનું ટીપું પણ પ્રવેશી શક્યું નહિ. તે પ્રકારે જે ભગવાનની ઉપાસના રોજ રોજ કરે છે, પણ તેનું ચિત્ત અનાદિ કાળથી દુર્દાન્ત (પ્રબળ) રાગદ્વેષ, અહંતા–મમતા વગેરે દોષોથી ઠોંસી ઠોંસીને ભરેલું હોવાથી પત્થરની માફક કઠોર જ રહે છે. અનંત જન્મોમાં ઉપાર્જન કરેલાં અનેક પ્રકારનાં પાપોની વાસનાઓની પ્રબળતાને કારણે તેમાં મૃદુતા નથી આવતી. જો કે ઉપર ઉપરથી થોડાક સમય માટે શાન્તિનો અનુભવ થાય, પણ તે ભરેલા ચિત્તની અંદર ઉપાસ્ય સ્વરૂપની જ્યોતિ તથા આનંદનો પ્રવેશ થતો નથી. છતાં તેને તેવી કનિષ્ઠ ઉપાસનાથી પણ કેટલાંક

પાપોની નિવૃત્તિ તથા થોડાંક પુણ્યની પ્રાપ્તિ તો થાય છે જ; પણ ઉપાસનાનું વાસ્તવિક ફળ-ઉપાસ્ય સ્વરૂપનો અનુભવ થતો નથી.

કોઈપણ કાર્ય ત્યારે જ સફળ થાય છે કે જ્યારે તેને કરવાનો સર્વ વિધિ માલુમ હોય, સામર્થ્ય હોય. સામર્થ્યહીન તથા વિધિવિધાનના જ્ઞાનથી શૂન્ય માનવ કાર્ય સિદ્ધ કરી શકતો નથી-એ વાત લોકોમાં પણ પ્રસિદ્ધ છે. આ પ્રકારે ઉપાસના પણ ત્યારે જ સફળ થાય છે કે જ્યારે તેનું વિધિવિધાન જ્ઞાન-પૂર્વક જ કરવામાં આવે, અધિકારનું સામર્થ્ય પ્રાપ્ત કરવામાં આવે. દૃઢ વૈરાગ્યવાળો જ ઉપાસનાનો અધિકારી માનવામાં આવ્યો છે.

માટે શિવપુરાણમાં કહ્યું છે કેઃ-

'अधिकारी भवेद्यस्य, वैराग्यं जायते दृढम्।' (કૈ. સ. ૩,૩૫)

જેને સંસારમાં દૃઢ વૈરાગ્ય હોય, તે જ ઉપાસનાનો અધિ-કારી છે. દૃઢ વૈરાગ્યથી જ્યાં સુધી દેહગેહાદિકની અહંતા મમતાનો વિચ્છેદ થતો નથી, ત્યાં સુધી ઉપાસનાના ધ્યેયની સિદ્ધિ થતી નથી.

કેટલાંક વર્ષ પહેલાં કાશ્મીરમાં વિલક્ષણ ઘટના બની હતી.

કેટલાક કોલેજીઅન પંજાબી નવયુવકો કાશ્મીરની સેર કરવા ગયા હતા. ત્યાંની સેર પૂરી કરીને તેમણે ચંદ્રભાગા નદી દ્વારા પંજાબ પાછા પહોંચવાનો નિશ્ચય કર્યો. તેથી તેમણે ત્યાંથી એક સુંદર લાંબી હોડી લીધી. તે લોકો ખૂબ ખાઈ-પીને રાતના ૧૦ વાગે હોડીમાં બેઠા. કૃષ્ણપક્ષની રાત્રિનો એવો ગાઢ અંધકાર હતો કે બંને કિનારા બરાબર દેખાતા ન હતા. પ્રવાહિત જલનો આભાસ માત્ર દેખાતો હતો. બધા જ નવયુવક હતા, બળવાન હતા, તેથી સર્વેએ હોડી હંકારવા માટે હલેસાં પોતાના હાથમાં લીધાં. તેઓ ખૂબ જોરથી નૌકા ચલાવવા લાગ્યા તેમને અંધકારમાં એવું લાગતું

હતું કે હોડી ખૂબ ચાલી રહી છે. આખી રાત તેમણે ખૂબ પરિશ્રમ કર્યો. શરીરમાંથી પરસેવો વહેવા લાગ્યો. તેઓ માંહ્યોમાંહ્ય વાતો કરતા હતા કે–હવે આપણે પંજાબ પહોંચી ગયા હોઈશું. પણ પૂર્વ દિશામાં સવારે ઉષાની લાલી ફેલાતાં અને અંધકાર કંઈક દૂર થતાં તેમને માલુમ પડ્યું કે–અરે, આ પંજાબ નથી. પણ કાશ્મીર છે. અમે જ્યાંથી નૌકામાં બેઠા હતા, ત્યાનું જ આ દૃશ્ય છે. સર્વને ખૂબ આશ્ચર્ય થઈ રહ્યું હતું અરેરે, આ શું બન્યું? આખી રાત નૌકા ચલાવી, ખૂબ મહેનત કરી, પણ જ્યાં હતા ત્યાં જ રહી ગયા! પંજાબ પહોંચવાની વાત તો દૂર રહી, પણ અહીંથી એક ફર્લાંગ પણ આગળ ન વધ્યા! બરાબર જોયું તો તેમને પોતાની ભૂલ સમજાઈ. તેઓ ઉતવળથી તથા બેદરકારીને લઇને હોડીનું દોરડું ખીલેથી છોડવાનું જ ભૂલી ગયા હતા! હોડી દોરડાથી બંધાએલી જ રહી, અને તેઓ તેને ચલાવતા જ રહ્યા. દોરડું લાંબું અને મજબૂત હોવાને કારણે હોડી ચાલતી હોય તેમ લાગતું હતું. પણ તે આગળ વધતી ન હતી. તે નવયુવકો પોતાની આ ભૂલ પર ખૂબ પશ્ચાત્તાપ કરવા લાગ્યા તથા સર્વની મૂર્ખાઇ પર ખૂબ જોરથી હસવા લાગ્યા.

આ પ્રમાણે કનિષ્ઠ અધિકારીની ત્રીજા નંબરની ઉપાસના પણ એવી છે. તે નામજપ, ધ્યાન, દેવાર્ચન, સ્તોત્રપાઠ, સ્વાધ્યાય. સત્સંગ વગેરે કરે છે. પણ તેની ચિત્તરૂપી નૌકા અહંતા–મમતારૂપી મજબૂત દોરડાથી બંધાયેલી હોવાને કારણે આગળ વધતી નથી, જ્યાં હતી ત્યાં જ રહી જાય છે. ઘાંચીનો બળદ માઈલો સુધી ચાલ્યો, પણ હતો ત્યાં જ રહ્યો! આગળ ન વધી શક્યો. તે હોડી કલ્યાણધામ તરફ ત્યારે જ આગળ વધી શકે છે, જ્યારે તેનાં બાંધેલાં દોરડાં વૈરાગ્યરૂપી શસ્ત્રથી કાપી નાખવામાં આવે. વૈરાગ્ય જ એક એવું મજબૂત સાધન છે કે જેના દ્વારા જ આપણે

અહંતા, મમતા, આસક્તિ વગેરે સર્વ પ્રતિરોધોને દૂર કરી શકીએ. પ્રતિરોધ દૂર થતાં જલ્દી ઉપાસના દ્વારા કલ્યાણમય બ્રહ્મધામનો અનુભવ થઈ જાય છે. માટે શ્રીમદ્ ભાગવતમાં કહ્યું છે કે:-

'त एतदधिगच्छन्ति, विष्णोर्यत्परमं पदम्।
अहंममेति दौर्जन्यं न येषां देहगेहजम्॥'

(૧૨,૬,૩૩)

જે પુરુષોને દેહાગેહસંબંધી અહંતા-મમતારૂપ દુર્જનતા નથી, તે જ વિષ્ણુ ભગવાનનું તે પરમપદ પ્રાપ્ત કરી શકે છે.

માટે બુદ્ધિમાન ઉપાસક પોતાના હૃદયમાં સદા વૈરાગ્યને જાગ્રત્ રાખીને જ ઉપાસના કરે. વૈરાગ્યવાન સંતોએ વૈરાગ્યને માટે પોતપોતાના ઢંગથી આ પ્રકારે ઉપદેશ આપ્યો છે-

'घड़ी घड़ी घड़ियाल पुकारे है कही,
बहुत गई है अवधि, अलप ही है रही।
सोवे कहा(क्यों) अचेत! जाग, जप पीव(प्रिय) रे,
चलि है आजुकी काल बटाउ (मुसाफिर) जीवरे।
केती तेरी जान? केता तेरा जीवणा?;
जसा स्वप्न विलास, मृगाजल पीवणा।
ऐसे सुखके काज अकाज कमावना
वार घार यमद्वार मार बहु खावना॥
बंदा! बड बड क्या करे? ले भगवतका नाम।
जगत तमाशा दो घडी, आखिर धूल तमाम॥
आखिर धूल तमाम, राय रंकादिक जावे।
कर सन्तनकी सेव, तोहीको अगम बतावे॥
कहते रमताराम भजन कर छोडी धन्धा।
ले भगवतका नाम, करे क्यों बड बड बन्दा!॥

राम कहो, राम भजो, राम ध्यावो बावरे!।
अवसर न चूक भोंदू, पायो भलो दाँव रे॥
जिन तोको तन दीन्हो, ताको न भजन कीन्हो।
जनम सिरानो जात, लोहे कैसो ताव रे॥
राम ही को गाय ध्याय रामही को रिझाव रे।
राम ही के दोनों रूप चित्त माँही लाव रे॥
कहत मलूकदास छोडो दे तू झुठी आस।
आनन्दमगन होई हरिगुण गाव रे॥'

જેવી રીતે સમસ્ત વેદોમાં પરમાત્મા પ્રણવરુપે વિદ્યમાન છે, તેવી રીતે આકાશમાં શબ્દરૂપે વિદ્યમાન છે. માટે સર્વ શબ્દોમાં, સર્વ રસોમાં, સર્વરૂપોમાં એકમાત્ર પરમાત્મસ્વરુપની જ ભાવના કરતા રહેવું જોઈએ. જો કે આ ઈષ્ટ-અનિષ્ટ શબ્દાદિમાં મનીરામ અવિદ્યાને લઈને રાગદ્વેષ કરવા લાગી જાય છે, છતાં દૃઢ વિવેકવાળી બુદ્ધિ દ્વારા તે શબ્દાદિમાં પ્રતીત થતા ઈષ્ટ-અનિષ્ટ ભાવોનો પરિત્યાગ કરી દેવો જોઈએ. જો કે અવિદ્યાના સંસ્કારોની પ્રબળતાને કારણે ઈષ્ટ અનિષ્ટ શબ્દાદિની પ્રતીતિ થઈ જાય છે; છતાં બ્રહ્મવિદ્યાના સંસ્કારોને પ્રબળ તથા જાગ્રત બનાવીને તેમાં બ્રહ્મભાવના પણ કરવી જોઈએ. તે જ યોગી છે કે જે સંસારના દર્શનની સાથે સાથે બ્રહ્મનું પણ હરદમ દર્શન કરતો રહે છે, સર્વ દશાઓમાં સર્વત્ર બ્રહ્માવલોકન-બુદ્ધિનો કદીપણ પરિત્યાગ કરતો નથી. તેથી યોગશાસ્ત્રમાં કહ્યું છે કે-

'पुंखानुपुंखविषयेक्षणतत्परोऽपि,
ब्रह्मावलोकनधियं न जहाति योगी।
संगीततालपरिनृत्यवशं गताऽपि,
मौलिस्थकुम्भपरिरक्षणधीर्नटीव ॥'

યોદ્ધાઓ દ્વારા જલ્દીથી એક પછી એક ફેંકાતાં બાણોના પાછલા ભાગ સમાન એક પછી એક આવનાર–જનાર રૂપાદિ વિષયોને જોવામાં તત્પર રહેતાં છતાં પણ યોગી તેમાં બ્રહ્મદર્શનની બુદ્ધિને છોડતો નથી, જેવી રીતે નર્તકી નાચતી ગાતી તથા વાદ્યતાલોની સાથે સંગીતને બરાબર મિલાવતી છતાં પણ માથા પર રાખેલા ઘડાના પરિરક્ષણની બુદ્ધિને છોડતી નથી, તેમ.

આ પ્રકારે પુરુષોમાં જે પુરુષત્વ (શૌર્ય, ધૈર્ય આદિરૂપ સામર્થ્ય) જોવામાં આવે છે, તેમાં પણ ભગવાનની ભાવના કરવી જોઈએ. તેથી કોઈનું સારૂં સામર્થ્ય જોઈને જે ઈર્ષ્યા થાય છે, તથા ખરાબ સામર્થ્ય જોઈને દ્વેષ થાય છે. તેની નિવૃત્તિ થઈ જાય છે. સારા–નરસા સર્વ પદાર્થોમાં ભગવદ્ ભાવના કરવાનું એજ ફળ છે કે ચિત્તમાં કોઈ પણ પ્રકારની કશ્મલતા રહી શકે નહિ, ચિત્ત હમેશાં શરદ્ઋતુના જલની પેઠે સ્વચ્છ તથા પવિત્ર બન્યું રહે, જેથી તેમાં બ્રહ્મના મહાન આનંદનો અનુભવ હરદમ થતો રહે. હરિ ૐ તત્સત.

(૯)

पुण्यो गन्धः पृथिव्यांच, तेजश्चास्मि विभावसौ।
जीवनं सर्वभूतेषु, तपश्चास्मि तपस्विषु॥

(ગી. ૭,૯)

તથા પૃથ્વીમાં પવિત્ર ગંધ અને અગ્નિમાં તેજ હું છું. સંપૂર્ણ ભૂતોમાં તેમનું જીવન હું છું, અર્થાત્ જેનાથી તેઓ જીવે છે, તે હું છું. તપસ્વીઓમાં તપ હું છું.

આનંદકંદ ભગવાન કહે છે કે પૃથ્વીમાં સારરૂપે વિદ્યમાન જે અવિકૃત, સુરભિ તન્માત્રારૂપ ગંધ છે, તે મારું સ્વરૂપ છે.

તે રૂપે હું પૃથ્વીમા અનુસ્યૂત છું. તથા તે રૂપથી વિશિષ્ટ મારામાં–પરમાત્મામાં પૃથ્વી ઓતપ્રોત છે. આ શ્લોકમાં 'ગંધ'ની સાથે આપેલું 'પુણ્ય' વિશેષણ શબ્દાદિમાં પણ સમજવું જોઈએ. શબ્દ, સ્પર્શ, રૂપ, રસ તથા ગંધ સ્વભાવથી જ પવિત્ર તથા વિકારરહિત હોય છે. પ્રાણીઓના અધર્મથી તેમનામાં અપવિત્રતાની પ્રતીતિ થાય છે. આ પ્રકારે અગ્નિમાં જે સર્વને બાળવાનું તથા પ્રકાશવાનું સામર્થ્ય રાખનાર, ઉષ્ણસ્પર્શયુક્ત, શ્વેત-ભાસ્વરરૂપવાળું, પવિત્ર તેજ છે, તે મારું સ્વરૂપ છે. તે અગ્નિમાં અનુસ્યૂત છે. તે રૂપથી વિશિષ્ટ મારામાં–પરમાત્મામાં અગ્નિ ઓતપ્રોત છે. તેવી રીતે સર્વ પ્રાણીઓમાં પ્રાણોને ધારણ કરનાર પવિત્ર જીવન હું છું. તે જીવનથી વિશિષ્ટ મારામાં–પરમાત્મામાં સવ પ્રાણી ઓતપ્રોત છે. વળી તપસ્વીઓનું પવિત્ર તપ હું છું. તે તપથી વિશિષ્ટ મારામાં–પરમાત્મામાં સર્વ તપસ્વીઓ ઓતપ્રોત છે.

આપણને કોઈ અજ્ઞાન મનુષ્યનો પરિચય થાય છે, તો આપણે પહેલો તેને આ પ્રશ્ન કરીએ છીએ કે–શ્રીમાન્, આપનું નિવાસસ્થાન ક્યાં છે? તમે જો હરિદ્વાર, કાશી વગેરે કોઈ તીર્થમાં જશો, તો ત્યાંના પંડા હાથમાં મોટી મોટી વહીઓ (ચોપડા) લઈ, તમે રેલગાડીમાંથી ઉતરશો કે તરત જ બૂમ પાડીને મોટેથી પૂછશે કે–ક્યાંના રહેવાસી? ક્યાંના રહેવાસી? તે પ્રકારે આપણે–અજ્ઞાનીઓને માટે ભગવાન અજ્ઞાત છે. આપણે તે ભગવાનના નિવાસસ્થાનને સારી રીતે જાણતા નથી. જો કે ભગવાન તો સર્વજ્ઞ હોવાથી આપણને સર્વને જાણે છે, છતાં અલ્પજ્ઞ હોવાથી આપણે ભગવાનને બરાબર જાણતા નથી, તેથી તેમના નિવાસસ્થાનની જિજ્ઞાસા રાખીએ છીએ. ભગવાનની અમર વાણી–ગીતાને પણ આપણે એજ પ્રશ્ન કરીએ છીએ કે–

ભગવાન ક્યાં કયા રૂપે વિદ્યમાન છે? ગીતા કહે છે કે–પુણ્યો ગન્ધઃ પૃથિવ્યામ્–પૃથ્વીમાં પવિત્ર, શોભન ગંધરૂપે ભગવાનનો નિવાસ છે, પવિત્ર સુગંધરૂપમાં તમે મને–ભગવાનને ઓળખો. સુગંધમાં ભગવાનની ભાવના કરવાથી ભગવદ્દીય દિવ્ય શાન્તિ, મધુરતા તથા આનંદનો અનુભવ થાય છે.

આ પ્રમાણે અગ્નિમાં હું તેજરૂપે વિરાજમાન છું. સૂર્ય, ચન્દ્ર, વિદ્યુત્–વગેરેનું સમસ્ત તેજ ભગવદ્રૂપ છે. માટે તે તેજ આનંદથી પૂર્ણ છે. તેજરૂપે ભગવાનનો આનંદ સર્વત્ર વિદ્યમાન છે. 'તે રૂપે હું ચિદાત્મા ભગવાનનું જ દર્શન કરી રહ્યો છું' તેવી દઢ તથા પવિત્ર ભાવના પ્રતિક્ષણ કરતા રહેવું જોઈએ. જાકી જૈસી ભાવના, તૈસો હી ફલ હોય.

આ પ્રકારે ભગવાન સમસ્ત રૂપોમાં અતિપ્રિય જીવનરૂપે વિદ્યમાન છે. પણ વાસ્તવિક જીવન શું છે? તેનું અન્વેષણ થવું જોઈએ. જીવન બહુ મહત્ત્વની વસ્તુ છે. તે સર્વને બહુ પ્રિય છે. જીવનને માટે જ ખાવું, પીવું, લેવું, દેવું, સૂવું, જાગવું વગેરે સમગ્ર વ્યાપારો થતા રહે છે. જીવનની પ્રિયતાને કારણે જ આપણે સ્ત્રી, પુત્ર, ધન, ધરા, ધામ વગેરેને પ્રિય સમજીએ છીએ. જો આ સ્ત્રી; પુત્ર આદિ પદાર્થોથી જીવનની પ્રિયતાનું સંપાદન ન થાય, તો આપણે તેમને કદાપિ પ્રિય ગણીશું નહિ તેમની આપણે તરત ઉપેક્ષા કરી દઈશું. આપણા શરીરમાં જો તે અતિપ્રિય જીવન ન હોય, તો શરીરની બધી ચેષ્ટાઓ સમાપ્ત થઈ જાય. આંખ જોઈ શકે નહિ, કાન સાંભળી શકે નહિ, જીભ બોલી શકે નહિ તથા રસાસ્વાદન કરી શકે નહિ. આ પ્રમાણે જીવન વિના શરીર, ઇન્દ્રિયો વગેરે બધાં વ્યર્થ બની જાય, નિશ્ચેષ્ટ થઈ જાય. જીવન રહે તો શરીરની બધી ચેષ્ટાઓ બની રહે છે, બધી ઇન્દ્રિયો પોતપોતાનું કાર્ય કરતી

રહે છે. જીવન જ સર્વમાં મુખ્ય વસ્તુ છે. જેવી રીતે જાનમાં વરરાજા જ મુખ્ય દ્રષ્ટવ્ય (જોવા લાયક) મનાય છે; જાનમાં વરના પિતા, ભાઈ, મિત્ર, સગાંસંબંધી, વાજાં તથા સુશોભિત ગાડીઓ છે; સર્વ પ્રકારની ધામધૂમ હોય છે; પણ તેમાં જો એક માત્ર વરરાજા ન હોય, તો જાન ફિક્કી પડી જાય છે, અર્થાત્ હાસ્યાસ્પદ બની જાય છે, તેનું કાંઈ પણ મહત્ત્વ મનાતું નથી. તે પ્રકારે સર્વ કાર્યકારણ-સંઘાતોમાં જીવન જ મુખ્ય છે, મહાન છે, દ્રષ્ટવ્ય છે. પણ તે જીવન શું છે? તેની મીમાંસા થવી જોઈએ.

કેટલાક લોકો કહે છે કે-આ શ્વાસપ્રશ્વાસ જ જીવન છે. તે રહે છે ત્યાંસુધી શરીર જીવતું રહે છે. તે નથી રહેતો, એટલે શરીર શવ (મડદું) બની જાય છે, તે સર્વને પ્રત્યક્ષ છે. પણ પ્રાણાપાનને જ મુખ્ય જીવન સમજવું યથાર્થ નથી. મુખ્ય જીવન તેમનાથી ભિન્ન છે, મહાન છે. આ વિષયમાં કઠશ્રુતિ પણ કહે છે કે—

'न प्राणेन नापानेन, मर्त्यो जीवति कश्चन।
इतरेण तु जीवन्ति यस्मिन्नेतावुपाश्रितौ॥'

(ક. ઉ. ૨,૫,૫)

મરણધર્મા કોઈ પણ પ્રાણી પ્રાણ તથા અપાનથી જ જીવિત રહે છે એવું નથી, પણ પ્રાણાપાનથી ભિન્ન કોઈ ચેતનાશક્તિ દ્વારા જ જીવિત રહે છે, કે જેના પર એ બંને-પ્રાણ તથા અપાન ઉપાશ્રિત છે (આધાર રાખે છે). જેવી રીતે રથનાં બે ચક્રો ધુંસરીના આધાર પર જ ચાલે છે, તેવી રીતે શરીરરૂપી રથનાં પ્રાણાપાનરૂપી બે ચક્રો ચિદાત્મારૂપી ધુરાથી સંચાલિત થાય છે. માટે જ કેનશ્રુતિમાં તે મુખ્ય જીવનરૂપ ચિદાત્માને પ્રાણસ્ય પ્રાણઃ (૧, ૨) પ્રાણનો પ્રાણ કહ્યો છે, અર્થાત્ તે પ્રાણનો આધાર છે, પ્રેરક છે;

ઐતરેય ઉપનિષદ્‌માં આદ્ય સૃષ્ટિનો એક વૃત્તાન્ત આવે છે. ભગવાને પોતાના સંકલ્પના બળથી સર્વ શરીરોની રચના કરી, તે શરીરોમાં ઈન્દ્રિયોનું તથા તેમનાં ગોલકોનું નિર્માણ કર્યું. ઇન્દ્રિયો દ્વારા પોતપોતાના રૂપ વગેરે વિષયોનો સ્પષ્ટ અનુભવ કરવા માટે તેમના અધિષ્ઠાતા દેવતાઓનો પણ તેમનામાં સંનિવેશ કર્યો. તે અધિષ્ઠાતા દેવતાઓના સામર્થ્યને પ્રાપ્ત કરીને જ ઇન્દ્રિયો પોતપોતાના વિષયોનો યથાવત્ અનુભવ કરી શકે છે, અન્યથા નહિ. નેત્રના અધિષ્ઠાતા–સામર્થ્યદાતા દેવ સૂર્ય છે. જિહ્વા બે કાર્ય કરે છે; બોલે છે તથા ષડ્ રસોનું પણ ગ્રહણ કરે છે. તેથી જિહ્વાસ્થાનમાં વાણીના યથાવત્ ઉદ્‌ગમને માટે અગ્નિદેવતાને અધિષ્ઠાતારૂપે નીમ્યા. આ પ્રકારે શરીરમાં ઈન્દ્રિયોના સંચાલકરૂપે તેમનાં જુદાં જુદાં ગોલકોમાં અન્યાન્ય દેવતાઓને પણ પરમાત્માએ વસાવ્યા પણ આટલું હોવા છતાં શરીરે કશી પણ ચેષ્ટા કરી નહિ. નેત્ર જોતાં ન હતાં, કાન સાંભળતા ન હતા, જીભ બોલતી ન હતી. સર્વ નિશ્ચેષ્ટ બનીને જડ જેવાં પડી રહેલાં હતાં.

સૃષ્ટિકર્તા પરમાત્માએ જોયું કે આ સર્વ કાર્યકરણાદિ-સંઘાત નિશ્ચેષ્ટ–સુમસામ કેમ પડી રહ્યો છે? વાત શી છે? પછી વિશેષ વિચાર કરતાં, આશ્ચર્ય સાથે પરમાત્માએ કહ્યું ઓહો! कथं न्विदं मदृते स्यात्। (ઐ ઉ ૧,૩,૧૧) મારી સત્તા વિના, ચૈતન્ય સ્ફૂર્તિ વિના આ કાર્યકરણાદિ સંઘાત કેવી રીતે જીવિત બની શકશે? નહિ થઈ શકે. માટે આ સર્વને જીવિત કરવા માટે–સંચાલિત કરવા માટે સચ્ચિદ્રૂપ મારો–અંતરાત્માનો પ્રવેશ હોવો જ જોઈએ. તેમાં પ્રવેશને માટે ભગવાને નિરાળા દ્વારનું અન્વેષણ કર્યું. જે દ્વારોથી ઈન્દ્રિયોના અધિષ્ઠાતા દેવતાઓએ પ્રવેશ કર્યો છે, તેમના દ્વારા મારો સમ્રાટ, વિશ્વેશ્વર, વિશ્વાત્માનો

પ્રવેશ થવો ઉચિત નથી–એવો વિચાર કરીને પરમાત્માએ ઉત્તમાંગની–મસ્તકની ઉપર ખોપરીઓના મધ્યને વિદીર્ણ કરીને પોતાનું પ્રાઈવેટ પ્રવેશદ્વાર બનાવવાનો નિશ્ચય કર્યો. નિશ્ચય પ્રમાણે મસ્તકના કપાલને પીટી તે દ્વારથી પ્રવેશ કર્યો. તત્સૃષ્ટ્વા તદેવાનુપ્રાવિશત્ (તૈ. ઉ. ૨,૬) પોતાના રચેલા શરીર, ઈન્દ્રિયો વગેરેના સમુદાયમાં તે પરમાત્મા પ્રવિષ્ટ થયા. ચિદાત્માના પ્રવેશ માત્રથી જ સઘળું જીવિત થઈ ગયું, પોતપોતાનું કામ કરવા લાગ્યુ આંખ જોવા લાગી, કાન સુણવા લાગ્યા. જીભ બોલવા લાગી. શ્મશાન જેવો સૂમસામ સંઘાત સુસજ્જિત, વિકસિત, પલ્લવિત તથા પ્રફુલ્લિત બગીચાની પેઠે રમણીય રૂપમાં પરિણિત થઈ ગયો. જેવી રીતે ગાઢ અંધકારમાં વીજળીની સ્વીચ દબાવતાં એકદમ આખા ઓરડામાં અંધકારને એકદમ વિદીર્ણ કરતો પ્રકાશ વ્યાપી જાય છે, તેવી રીતે નિશ્ચેષ્ટ કાર્યકરણસંઘાત ચૈતન્યશક્તિથી વ્યાપ્ત થતાં સચેષ્ટ બની ગયો.

ઉપનિષદ્‌ની આ ગાથાથી નિશ્ચિત થાય છે કે–વાસ્તવિક, સનાતન, અવિકૃત જીવન ચિદાત્મા છે. તે રૂપે ભગવાન વિશ્વાત્મા જ આ સમસ્ત શરીરોમાં અંતરાત્મરૂપે વિરાજે છે. પરમ પ્રેમાસ્પદ જીવનરૂપે ભગવાનની જ મધુર ભાવના કરવી જોઈએ. હૃદયમાં નિરંતર चिदानन्दरूपः शिवोऽहं शिवोऽहम्-ની રટ લગાવવી જોઈએ. માટે જ સર્વ ભૂતોમાં જીવનરૂપે ભગવાન પરમાત્માનાં જ દર્શન કરવાં જોઈએ. સર્વ જીવનોને સુખ જ સમર્પિત કરવું જોઈએ. સર્વનું હિત જ કહેવું તથા કરવું જોઈએ.

આ પ્રકારે તપસ્વીઓમાં તપરૂપે શ્રીભગવાન બિરાજે છે. તપ પણ શાસ્ત્રોમાં અનેક પ્રકારનાં વર્ણવ્યાં છે. બ્રહ્મચર્ય સર્વોત્તમ તપ છે. તેનાથી ચઢિયાતું બીજું કોઈ તપ નથી. તેમાં

એકલામાં સર્વ તપોનો સમાવેશ થઈ જાય છે. શાસ્ત્રોમાં બ્રહ્મચર્યરૂપ તપનો મોટો મહિમા બતાવ્યો છે. આ પ્રમાણે કર્તવ્ય પાલનને પણ મોટું તપ કહ્યું છે. ગમે તેટલાં વિઘ્નો ઉપસ્થિત હોય, ગમે તેટલું કષ્ટ ઉઠાવવું પડતું હોય, તો પણ પોતાના કર્તવ્યનું ધર્મ-નીતિની મર્યાદા પ્રમાણે પાલન કરવું તે મહાન તપ છે. પોતાના કર્તવ્યમાં લાગ્યા જ રહેવું, તેનાથી પરાઙ્મુખ ન થવું, વિક્ષિપ્ત ન થવું તે એક ધીર વીરનું જ કામ છે. આ પણ એક પ્રકારનું ઉત્તમ તપ છે. સ્વાધ્યાય તથા પ્રવચન પણ તપ છે, એવી નાકોમૌદ્ગલાયન નામના ઋષિની સંમતિ છે. માટે જ શ્રુતિ કહે છે કે—

'स्वाध्यायप्रवचनाभ्यां न प्रमदितव्यम्।'

(તૈ. ઉ. ૧, ૧૧, ૧)

સ્વાધ્યાય તથા પ્રવચનમાં કદાપિ પ્રમાદ કરવો જોઈએ નહિ. જેવી રીતે આપણે ભોજન તથા પાણીમાં કદાપિ પ્રમાદ કરતા નથી, રોજ તે બંનેનું યથોચિત પ્રમાણમાં પ્રેમપૂર્વક જીવનની પુષ્ટિ માટે સેવન કરતા રહીએ છીએ, તેવી રીતે પુષ્ટ, મધુર, દિવ્ય, આધ્યાત્મિક જીવનલાભને માટે આપણે પ્રતિદિન પ્રેમપૂર્વક સ્વાધ્યાય કરતા રહેવું જોઈએ, તથા વિશિષ્ટ, વિદ્વાન આચાર્યો દ્વારા એકાગ્રતા તથા શ્રદ્ધાપૂર્વક પ્રવચનોનું શ્રવણ કરતા રહેવું જોઈએ.

ભગવાન શ્રીકૃષ્ણે ગીતામાં પણ શારીરિક, વાચિક તથા માનસિક-ત્રણ પ્રકારનાં, આચરવા લાયક તપ બતાવ્યાં છે. દેવ દ્વિજ, ગુરુ તથા જ્ઞાનવાનોનું પૂજન, પવિત્રતા, સરળતા, બ્રહ્મચર્ય તથા અહિંસા-આ શરીરનું તપ છે. ઉદ્વેગ ન કરે તેવું, પ્રિય, હિતકર, યથાર્થ ભાષણ, વેદાદિ શાસ્ત્રોનો સ્વાધ્યાય તથા ભગવાનના પાવક નામજપનો અભ્યાસ-આ વાણીનું તપ છે

મનની પ્રસન્નતા, શાન્ત ભાવ, ભગવત્તત્વનું અનુસંધાન કરવાનો સ્વભાવ, મનનો નિગ્રહ, તથા ભાવોની સંશુદ્ધિ—આ મનનું તપ છે. આ પ્રકારે મહાભારતના શાન્તિપર્વમાં—

'मनसश्चेन्द्रियाणां च ह्यैकाग्र्यं परमं तपः।' (૨૫,૪)

મન તથા ઈન્દ્રિયોની એકાગ્રતાને સર્વશ્રેષ્ઠ તપ કહ્યું છે. ઉપવાસ વગેરેથી શરીરશોષણને પણ એક પ્રકારનું નિમ્ન (નીચલી) કોટિનું તપ કહેવામાં આવ્યું છે. પોતાની ચારે બાજૂએ અગ્નિ સળગાવીને જે પંચાગ્નિ તપે છે, શરીર પર ભસ્મ લગાવે છે, તે પણ એક પ્રકારના તપસ્વી કહેવાય છે. તે સર્વ તપસ્વીઓમાં તપરૂપે ભગવાનજ દર્શન દઈ રહ્યા છે. સર્વ સારાં તપ ભગવાનનાં જ સ્વરૂપ છે.

આ પ્રકારે વિશ્વમાં જે કાંઈ સરસ, સુંદર, પ્રસન્ન કરે તેવા પદાર્થો છે, તે સર્વ ભગવદ્રૂપ જ છે. સર્વ માણસો સારું જ જોવું-સાંભળવું પસંદ કરે છે, ખરાબ જોવું—સાંભળવું પસંદ કરતા નથી; તેમ જ રહેવું-કરવું, ખાવું-પીવું પણ સારૂં જ માગે છે, ખરાબ નહિ. પ્રથમ આપણે આ સારાં સ્વરૂપોમાં ભગવદ્રૂપની ભાવના કરવી જોઈએ.

જેઓ ભગવાનના અનન્ય ભક્ત છે, જેમની ભાવનાઓ વિશુદ્ધ છે, વિશ્વાસ દૃઢ છે, જેઓ સમદર્શી છે, બ્રહ્મતત્ત્વના અનુસંધાનમાં નિરત છે, તેઓ પ્રત્યેક સારી-ખરાબ વસ્તુમાં ભગવાનને જ જુવે છે. તેમની દૃષ્ટિમાં બૂરી, ભયંકર ચીજ છે જ નહિ. ભગવાનનો અનન્ય ભક્ત પ્રહ્લાદ એવો સમદર્શી હતો. તેથી જ મારવા આવનાર રાક્ષસોની ભયંકર, ચમકતી, તીક્ષ્ણ ધારવાળી, નગ્ન તલવારોમાં પણ પ્રહ્લાદને ભગવાનનાં અભયંકર દર્શન થતાં હતાં. તેથી તે તે તલવારોની સમક્ષ

ધીર તથા નિર્ભય બનીને શાન્ત ભાવે ઊભો રહેતો હતો. 'ભગવાનના સ્વરૂપથી ભય કેવો?' એવી નિષ્ઠાના પ્રભાવથી જ તલવારોથી પ્રહ્‌લાદના શરીરનું પરિત્રાણ થયું હતું. સાધારણ માણસોની સામે જો કોઈ ક્રોધે ભરાઈને છરી અથવા ચપ્પુ લઈને આવી જાય છે, તો તે તરત જ ડરીને બૂમ પાડતો ભાગી જાય છે. પણ પ્રહ્‌લાદ તેવો સાધારણ માણસ ન હતો. તે અસાધારણ ભગવદ્‌ભક્ત હતો, તત્ત્વદર્શી હતો. આ પ્રકારે પ્રહ્‌લાદને રાક્ષસોએ બાળવા માટે અગ્નિમાં નાંખ્યો, પણ પ્રહ્‌લાદ ગીતાનો સાચો સ્વાધ્યાયી હતો. ગીતાના અર્થોની તેના હૃદયમાં દૃઢ ભાવના હતી તેનામાં **तेजश्चास्मि विभावसौ**-નો નિશ્ચય હતો. તેજરૂપે અગ્નિમાં ભગવાન જ છે. ભગવાનનું તે પાવન સ્વરૂપ કેવી રીતે બાળી શકે, કેવી રીતે કષ્ટ આપી શકે? આ દૃઢ વિશ્વાસથી પ્રહ્‌લાદને માટે અગ્નિ પાણી જેવો શીતલ બની ગયો. માટે જ પ્રહ્‌લાદ દૃઢ ભગવદ્‌-ભાવના સાથે આ જ બોલ્યા કરતો હતો કે–

'जले विष्णुः स्थले विष्णुः विष्णुः पर्वतमस्तके।
ज्वालामालाकुले विष्णुः, सर्वं विष्णुमयं जगत्॥'

જલમાં, સ્થલમાં, પર્વતના શિખરમાં તથા જવાલાઓથી યુક્ત અગ્નિમાં પણ વિષ્ણુ છે. સમસ્ત વિશ્વ વિષ્ણુમય છે.

આ પ્રકારે સર્વત્ર ભગવત્‌-તત્ત્વની વિશુદ્ધ ભાવનાના સામર્થ્ય દ્વારા જ અનેક ઉપદ્રવોથી પ્રહ્‌લાદનું રક્ષણ થયું હતું. સચ્ચિદાનંદ-ઘન સર્વાત્મા પ્રભુ સર્વવ્યાપક છે.

'अहं हरिः सर्वमिद जनार्दनो
नान्यत्ततः कारणकार्यजातम्।'

(વિ. પુ. ૧.૨૨,૮૭)

હું સ્વયં હરિ છું, આ સર્વ જગત્ જનાર્દન વિષ્ણુ છે. તેનાથી અન્ય કારણ તથા કાર્ય કાંઈ પણ પૃથક્ નથી-એવો પ્રહ્‌લાદને પૂર્ણ વિશ્વાસ હતો. વિશ્વાસમાં બહુ સાંમર્થ્ય હોય છે.

રાક્ષસરાજ હિરણ્યકશિપુએ વિષ્ણુભક્ત પુત્રને મારવા માટે અનેક ઉપાયો કર્યા. પણ તે સર્વ નિષ્ફળ નીવડયા. છતાં તે રાક્ષસોને વારંવાર આ જ આદેશ આપતો હતો કે-

'वध्यतां वध्यतामेषो नानेनार्थोऽस्ति जीवता।
स्वपक्षहानिकर्तृत्वात्, यः कुलांगारतां गतः॥'

(ભા. ૮,૯,૫૩)

અરે રાક્ષસો, આ છોકરાને મારો-મારી નાંખો. આનાં જીવવાથી અર્થને બદલે અનર્થ થશે-વધશે; જેણે આપણા રાક્ષસોની વિરુદ્ધ આચરણ કર્યું છે, જે રાક્ષસવિરોધી વિષ્ણુનો ભક્ત બનીને બેઠો છે, તે કુલાંગારને જીવતો ન રાખો. જ્યારે પ્રહ્‌લાદનો વધ કરવા માટે ઉપાય નિષ્ફળ ગયા, ત્યારે નિરાશ બનીને હિરણ્યકશિપુ પ્રહ્‌લાદને આ પ્રકારે કહેવા લાગ્યો-

'यस्त्वया मन्दभाग्योक्तो मदन्यो जगदीश्वरः।
क्वासौ ? यदि स सर्वत्र, कस्मात् स्तम्भे न दृश्यते॥'

(ભા. ૭,૮,૧૩)

હે મંદભાગી ! જેને તું ભગવાન, જગદીશ્વર, વિષ્ણુ કહે છે, તે ક્યાં છે ? મારા સિવાય બીજો કોઈ શું જગદીશ્વર હોઇ શકે છે ? તારા મંદભાગી હોવામાં કાંઇ સંદેહ નથી, કારણ કે તું પોતાની મૂર્ખાઈને લઈને આટલા મોટા સામ્રાજ્યના સિંહાસનને તથા વિપુલ ઐશ્વર્ય-વૈભવોને ઠોકરે મારીને, તે અવિદ્યમાન વિષ્ણુની પાછળ પાગલ બનીને બેઠો છે.

સંસારી મૂઢ લોકો ભગવદ્ભક્તને મંદભાગી અને પાગલ કહે છે, વીતરાગ ત્યાગી મહાત્માને કર્મહીન તથા દુઃખી કહે છે.

'जनमको दुःखियो, करमको हीन,
ताको राम फकरवो कीन।'

હિરણ્યકશિપુએ કહ્યું–પ્રહ્લાદ! જો તું કહે કે– મારો રામ સર્વત્ર છે, સર્વવ્યાપક છે, પરિપૂર્ણ છે, તો બતાવ–स्तम्मे कस्मात्न। આ થાંભલામાં તે કેમ દેખાતો નથી? પ્રહ્લાદે દૃઢ વિશ્વાસપૂર્વક સ્તંભમાં પણ ભગવાનનું દર્શન કરતાં કહ્યું–मया तु भगवान् स्तम्मेऽपि दृश्यते। હું તો સ્તંભમાં પણ ભગવાનને જોઉં છું, મારો પ્રભુ સર્વવ્યાપક છે. એમાં કાંઈપણ સંદેહ નથી, મારો રામ સર્વત્ર છે. અહીં પણ છે, ત્યાં પણ છે. આ પ્રકારની દૃઢ પ્રતિજ્ઞાને સફળ કરવા માટે–પ્રત્યક્ષ બનાવવા માટે અંતર્યામી, નિરાકાર, વિભુ ભગવાનને થાંભલો ફાડીને સાકારરૂપે પ્રગટ થવું પડ્યું. આ વિષયમાં ચિત્સુખાચાર્ય મુનિએ નૃસિંહ ભગવાનની સ્તુતિ કરતાં બહુ સુંદર કહ્યું છે કે–

'स्तम्भाभ्यन्तरगर्भभावनिगदव्याख्याततद्वैभवो,
यः पाञ्चाननपाञ्चजन्यवपुषा व्यादिष्टविश्वात्मतः।
प्रह्लादाभिहितार्थतत्क्षणमिलद्दृष्टप्रमाणं हरिः,
सोऽव्याद्वः शरदिन्दुसुन्दरतनुः सिंहाद्रिचूडामणिः॥'

જે ભગવાને સ્તંભની અંદર ગર્ભરૂપે રહીને પોતાના વિભુત્વનો તથા સ્તંભ દ્વારા નૃસિંહરૂપે પ્રગટ થઈને પોતાની વિશ્વાત્મતાનો સ્પષ્ટ પરિચય આપ્યો, જે શરદ્ ઋતુના ચંદ્રમાની પેઠે સુંદર શરીરવાળા તથા દુષ્ટદલન, ભક્તો પર અનુગ્રહ વગેરે કર્યા પછી સિંહાચલ પર્વત ઉપર નિવાસ કરવાવાળા, તથા પ્રહ્લાદ દ્વારા કહેવામાં આવેલાં વચનોને તત્કાળ સાર્થક બનાવવાવાળા

છે, તે ભગવાન શ્રીહરિ તમારી રક્ષા કરે. ભગવાનને જે જ્યાં જ્યારે જેવા રૂપમાં જોવા માગે છે, અને જો તની ચાહના નિર્મળ છે, દૃઢ છે, સાચી છે, પ્રેમપૂર્ણ છે, તો ત્યાં તે સમયે તે રૂપે ભગવાન જરૂર પ્રગટ થઈ જાય છે.

'हरि व्यापक सर्वत्र समाना, प्रेमसे प्रगट होईं मैं जाना ॥'

(મહાત્મા–તુલસીદાસ)

મુંડક શ્રુતિ પણ કહે છે—

'यमेवैष वृणुते तेन लभ्यः
तस्यैष आत्मा विवृणुते तनुं स्वाम्' (૩, ૨, ૩)

જે તેને ચાહે છે, તેને તે મળે છે, તેની સમક્ષ તે પોતાના સ્વરૂપને પ્રગટ કરી દે છે.

પણ એને કોણ ચાહે છે? લોકો ઉપર ઉપરનો, બનાવટી પ્રેમ દેખાડે છે, નકલી ભક્તિનું પ્રદર્શન કરે છે. અસલી પ્રેમ તો તેમની સુંદર સ્ત્રી માટે, ઐશ્વર્ય-વૈભવ માટે, માનપ્રતિષ્ઠા માટે છે. દુનિયાના ક્ષણભંગુર પદાર્થો માટે તેમને પૂરી ભક્તિ છે. એવી દશામાં ભગવાન કેવી રીતે મળી શકે? જે ભગવાનને સાચા પ્રેમથી ચાહે છે, તેને ભગવાન અવશ્ય મળે છે. અને ભક્તો, મહાત્માઓ તથા ઋષિઓને તેમના સાચા પ્રેમને લઈને ભગવાન મળ્યા છે, તેનાં અનેક પ્રમાણો વિદ્યમાન છે.

પ્રહ્લાદ એથી જ ભગવાનનો આટલો મોટો ભક્ત થઈ ગયો-કહેવાયો, કારણકે તે એકમાત્ર, પરમપ્રિય, ભગવાનને જ ચાહતો હતો. તેથી તે સંસારની સર્વ તુચ્છ કામનાઓથી મુક્ત બનીને, નિર્દ્વંદ્વ, નિઃસ્પૃહ, નિર્ભય, પરમાનંદમાં મગ્ન બની ચૂકયો હતો. તે તેના પાવન ચરિત્રથી જ સ્પષ્ટ [redacted]ાય છે.

પ્રહ્‌લાદની પ્રતિજ્ઞાને સફળ બનાવવા માટે જ્યારે ભગવાન નરસિંહરૂપે પ્રગટ થયા, ત્યારે ભગવાનનું રૂપ ખૂબ ઉગ્ર તથા ભયંકર હતું. મોટા મોટા તીક્ષ્ણ દાંતોની વચ્ચે લપલપાતી, લાલ-લાલ, વિકરાળ જીભ દેખા દઈ રહી હતી. ક્રોધથી આંખો એવી લાગતી હતી કે જાણે બે અંગારા ચમકી રહ્યા હોય. ગરદનના લુકખા વાળ ખભા પર વિખરાયેલા પડ્યા હતા. તલવાર ખેંચીને મુકાબલો કરવા માટે પાસે જ ઉભેલા, તે ગર્વોન્નત, દુષ્ટ, હિરણ્યકશિપુને ઉગ્રરૂપ ભગવાને પોતાના મોટામોટા નખોથી, સસલાની પેઠે, ચીરી નાંખ્યો. તે એક ક્ષણમાં પૃથ્વીની ધૂળ ચાટવા લાગ્યો.

દેવોને તરત ખબર પડી કે ભગવાન નૃસિંહરૂપે પ્રગટ થયા છે. તે સમયે ઈન્દ્ર, વરુણ, કુબેર, રુદ્રગણ વગેરે અનેક દેવો ભગવાનનાં દર્શન માટે ત્યાં આવ્યાં. સાથે ભગવાનનાં સહધર્મિણી, ચિરસંગિની, ભગવતી ઈન્દિરા (લક્ષ્મી)દેવી પણ ત્યાં આવી પહોંચ્યાં. પણ ભગવાનની પાસે જવાની કોઈ પણ દેવની હિંમત ચાલી નહિ. સર્વ ભગવાનના ઉગ્ર, ભયંકર રૂપથી ભયભીત બની ગયાં હતાં. સર્વ દેવોએ લક્ષ્મીદેવીને વિનંતિ કરી દેવીજી, આપ જ પ્રથમ ભગવાનની પાસે પધારો, ભગવાનને શાન્ત તથા પ્રસન્ન કરો. પણ દેવી પદ્માલયા (કમલાસના-લક્ષ્મી) પણ ભગવાનનું તે વિકરાલ, નરસિંહરૂપને જોઈને ભયથી કાંપી રહ્યાં હતાં. તેમણે હાથના ઈશારાથી દેવોને સમજાવ્યું કે-મારી પણ તેમની પાસે જવાની હિંમત ચાલતી નથી. તેમણે કહ્યું કે-મારા પ્રિય પતિ-દેવનું આવું વિકરાળ સ્વરૂપ તો મેં કોઈ દિવસ જોયું નથી.

તે વખતે કૈલાસપતિ ભગવાન શંકર હસતાં હસતાં બોલ્યા-ભક્તવર પ્રહ્‌લાદના મહિમાને પ્રગટ કરવા માટે દેવોને કહેવા લાગ્યા-તમે લોકો ભક્ત પ્રહ્‌લાદને ભગવાનની પાસે જવા માટે

વિનંતિ કરી. ભક્તો હમેશાં નિર્ભય તથા અલમસ્ત હોય છે. તે ભક્તને માટે તો ભગવાનનો આવા ઉગ્રરૂપે અવતાર થયો છે. સાધુ-ભક્તોની રક્ષા માટે તથા દુષ્ટોના સંહાર માટે જ ભગવાનને આ ધારાધામમાં વારંવાર પ્રગટ થવું પડે છે. ભગવાન ભક્તોને સૌમ્યરૂપે દર્શન દે છે, અને દુષ્ટ પાપીઓને ઉગ્ર, ભયંકરરૂપે દેખાય છે. માટે ભાવુક લોકો 'જય મેરે ભોલેભાલે રામ'ની ધૂન લગાવે છે. ભગવાન ભોળા પણ છે અને ભલા પણ છે. ભક્તો માટે તે ભોળા અર્થાત્ શાન્ત, પ્રસન્નમુખ, વરદહસ્ત તથા સંરક્ષક હોય છે. અને દુષ્ટોને માટે તે 'ભાલા' અર્થાત્ ભયંકર, દંડપ્રદ તથા સંહારક બની જાય છે.

કૈલાસપતિ મહાદેવની પ્રેરણા અનુસાર દેવતાઓએ સમીપમાં શાન્ત ભાવથી ઊભેલા તથા મંદમંદ હસતા, ભક્ત પ્રહ્લાદને ભગવાનની પાસે જવાની વિનંતિ કરી. પ્રહ્લાદ તેજ સમયે દેવોને પ્રણામ કરીને ભગવાનની ખૂબ નજીક પહોંચી ગયા. પ્રિય ભક્તને જોતાં જ ભગવાન ખૂબ પ્રસન્ન થયા. તેમની ઉગ્રતા ચાલી ગઈ. ભગવાને તે સમયે બાળકની પેઠે પ્રહ્લાદને પોતાના બંને હાથોથી ઊંચકી લઈને, પ્રેમપૂર્વક હૃદય સાથે ચાંપ્યા. પછી તે કહેવા લાગ્યા-આ દુષ્ટોથી તારું રક્ષણ કરવામાં મેં વિલંબ કર્યો, તેથી મારો મોટો અપરાધ થયો છે. મારે તારી રક્ષા માટે જલ્દી આવવું જોઈતું હતું. પણ હું જલ્દી આવી શકયો નહિ. એ મારી મોટી ભૂલ થઈ છે. માટે હું તારી ક્ષમા માગું છું. આ રીતે ભક્તવત્સલ ભગવાન પ્રહ્લાદ સાથે વારંવાર અનુનય-વિનય દ્વારા પરમ પ્રેમ દેખાડવા લાગ્યા. અંતમાં તેમણે પ્રહ્લાદને કહ્યું-

'प्रह्लाद! भद्र! भद्रं ते, प्रीतोऽस्मि तेऽसुरोत्तम!।
वरं वृणीष्व चाभिमतं, कामपूरोऽस्म्यहं नृणाम्॥'

(શ્રીમદ્. ૭, ૯, ૫૨)

હે ભદ્ર પ્રહ્લાદ! તારું કલ્યાણ થાઓ. હે અસુરોમાં શ્રેષ્ઠ! હું તારા પર ખૂબ પ્રસન્ન થયો છું. તું મારી પાસે મનપસંદ વરદાન માગ. હું મારા ભક્તોની સર્વ કામનાઓની પૂર્તિ કરવાવાળો છું.

ભગવાનની એવી વાણી સાંભળીને, મંદ હસતા પ્રહ્લાદજી બોલ્યા–

'मा मा प्रलोभयोत्पत्त्याऽऽसक्तं कामेषु तैर्वरैः।
तत्संगभीतो निर्विण्णो मुमुक्षुस्त्वामुपाश्रितः॥'

(ભા. ૭, ૧૦, ૬)

હે ભુ! હું સ્વભાવથી જ આ વિષયભોગોમાં તથા ઐશ્વર્ય–વૈભવોમાં આસક્ત છું. હવે મને આપ આ વરદાનો દ્વારા લોભાવો નહિ. હું આ ભોગકામનાઓના સંગથી ત્રાસીને, તેમનાથી ઉપરત બનીને, તેમના ફંદામાંથી છૂટવાની તીવ્ર અભિલાષા રાખીને જ આપને શરણે આવ્યો છું.

'अहं त्वकामस्त्वद्भक्तः त्व च स्वाम्यनपाश्रयः।'

(ભા. ૭, ૧૦, ૬)

હું આપનો નિષ્કામ સેવક છું,—ભક્ત છું, અને આપ મારા નિરપેક્ષ પૂર્ણકામ સ્વામી છો.

'यस्त आशिष आशास्ते, न स भृत्यः स वै वणिक्।'

(ભા. ૭, ૧૦, ૪)

જે સેવક આપને અનન્ય ભાવે ન ચાહતાં, આપ દ્વારા પોતાની સાંસારિક કામનાઓ પૂર્ણ કરાવવા ઇચ્છે છે, તે સર્વ ભક્ત નથી; તે તો લેણદેણ કરવાવાળો શુષ્ક વાણીઓ છે. જ્યારે હૃદયમાં કોઈપણ કામનાનો ઉદય થાય છે,

ત્યારે ઈન્દ્રિયો, મન, પ્રાણુ તથા દેહનાં શકિત, ધર્મ ધૈર્ય, લજ્જા બુદ્ધિ, શ્રી, તેજ, સ્મૃતિ, સત્ય-આ સર્વ દિવ્ય ગુણો તરત જ નાશ પામે છે.

'विमुञ्चति यदा कामान्, मानवो मनसि स्थितान्।
तर्ह्येव पुण्डरीकाक्ष!, भगवत्त्वाय कल्पते ॥'

(ભા ૭, ૧૦. ૯,)

હે કમલનયન પ્રભો! જ્યારે માનવ પોતાના મનમાં રહેલી સર્વ સાંસારિક કામનાઓનો પરિત્યાગ કરે છે, ત્યારે તે ભગવદ્ભાવને પ્રાપ્ત કરવા સમર્થ બને છે.

આ પ્રકારે કહીને પ્રહ્લાદજી ચૂપ થઈ ગયા લોકોને લલચાવનારાં વરદાનો દ્વારા લલચાવતાં છતાં પણુ તેમણે તેમની ઈચ્છા ન કરી. છતાં ભગવાન ભક્તના નિષ્કામ હૃદયની પરીક્ષા લેવા માટે, તેનો મહિમા વધારવા માટે ફરી પણુ વરદાન માગવાનું કહેવા લાગ્યા-પ્રહ્લાદ! મારું દર્શન અમોઘ (હમેશાં સફળ) છે. તારે મારી પાસે કંઈક માગવું જ પડશે. પહ્લાદે વિચાર કર્યો કે-સર્વ-સમર્થ, પરમ પ્રિય સ્વામીની આજ્ઞાનું પાલન અવશ્ય કરવું જોઈએ. તે સમયે ચતુરશિરોમણિ પહ્લાદ તત્કાળ વરદાન માગવા લાગ્યા—

कामानां हृद्यसंरोहं भवतस्तु वृणे वरम् ।

(ભા. ૭,૧૦,૭)

હે પ્રભો! હું આપના પવિત્ર આગ્રહને કેવી રીતે પાછો ઠેલી શકું? જો આપ વરદાન આપવા જ માગો છો, તો મને એવુ વરદાન આપો કે મારા હૃદયમાં કોઈ પણુ વખત કોઇ કામનાનું બીજ પણુ અંકુરિત ન થાય, કોઈ સાંસારિક

વસ્તુ માગવાની ઈચ્છા પણ ન થાય–આજ વરદાન હું આપની પાસે માગું છું. પ્રહ્લાદજીની એવી માગણી સાંભળીને ભગવાન બહુ પ્રસન્ન થયા.

પ્રહ્લાદજીના આ પાવન ચરિત્રથી એવો જ નિશ્ચય થાય છે કે–તે ભગવાનના અનન્ય પ્રેમી હતા, નિષ્કામ હતા, નિર્દ્વન્દ્વ હતા, નિર્ભય હતા, તથા કષ્ટસહિષ્ણુ હતા. તેમને સર્વમાં સમભાવ હતો. સર્વત્ર ભગવાનના જ મંગલમય સ્વરૂપનું દર્શન કરતા હતા.

આ પ્રકારે અર્વાચીન યુગના મહારાષ્ટ્રના સંત તુકારામ પણ ભગવાનના અનન્ય ભક્ત હતા. સર્વમાં ભગવાનનું જ દર્શન કરતા હતા. એક વખતે એક સ્થાન પર સંત તુકારામનું ભક્તમંડલ પ્રેમપૂર્વક કીર્તન કરી રહ્યું હતું. ભક્ત લોકો ઊભા રહીને, અભિનય સાથે, ખૂબ તન્મયતાથી 'રામકૃષ્ણ હરિ'ની પાવન ધૂન મચાવી રહ્યા હતા. રાતનો સમય હતો. કેટલાક ભક્તોને ખૂબ તરસ લાગી. એક પ્રાથમિક ભક્ત પાસેની એક વાવમાં ગગરી હાથમાં લઈને પાણી ભરવા ગયો. વાવમાં થોડાંક પગથિયાં ઉતર્યા પછી, ત્યાં રહેનાર એક બ્રહ્મરાક્ષસ—પિશાચ તેને દેખાયો. તેની ભયંકર આકૃતિ જોઈને તે ભક્ત ત્યાં જ ગગરી ફેંકીને ભાગી આવ્યો. વાવડીની બહાર મહામુશ્કેલીથી આવીને 'ભૂત, ભૂત' એમ બૂમો પાડતો, આગળ આવીને તે મૂર્છિત થઈ ગયો. કેટલાક લોકોએ તેને ઉઠાડીને, પાણી છાંટીને સચેત કર્યો. તેણે ભયથી કાંપતા અવાજે ભૂતદર્શનનો વૃત્તાંત કહી સંભળાવ્યો. સંત તુકારામ પણ સમીપમાં આવીને આ સર્વ વૃત્તાંત સાંભળી રહ્યા હતા. હસતાં તે બોલી ઊઠ્યા–અરે ભોળા–ભક્ત ! તું ભૂત ભગવાનથી કેમ ડરી ગયો ? આ વિશ્વમાં ભગવાનથી અતિરિક્ત બીજું કશું પણ નથી.

'मत्तः परतरं नान्यत् किञ्चिदस्ति।' (ગી. ૭,૭)

ભગવાને ગીતામાં એજ કહ્યું છે. ભગવાન જ સર્વ કાંઈ છે. અનેક સારાં નરસાં રૂપોમાં ભગવાન જ દર્શન આપે છે.

'हरिरेव जगत्, जगदेव हरिः,
हरितो जगतो न हि भिन्नतनुः।'

હરિ જ જગત્ છે, અને જગત્ જ હરિ છે. હરિથી જગત અણુમાત્ર પણ ભિન્ન નથી.

'अनेकरूपरूपाय, विष्णवे प्रभविष्णवे।' (વિ. સ. ના)

'एको देवो नारायणो न द्वितीयोऽस्ति कश्चित्।'

(નારાયણ. ઉપ.)

વિશ્વમાં અનેક રૂપોમાં પ્રગટ થનાર વિષ્ણુને નમસ્કાર છે. એક જ નારાયણદેવ સર્વત્ર છે, બીજું કોઈ નથી.

ભક્તવર તુકારામજીની આવી વાણી સાંભળીને, પેલો ભયભીત, પ્રાથમિક ભક્ત ધૂંધવાઈને બોલી ઊઠયો–વાવડીમાં જાઓ તો ખરા! ત્યાં કેવા ભૂત–ભગવાન છે. તેનો પત્તો લાગશે. તુકારામજી તરત જ ગગરી તથા કરતાલ હાથમાં લઈને વાવડીમાં પહોંચી ગયા. ત્યાં બ્રહ્મરાક્ષસ હતા જ. તેણે પોતાના ભયંકર રૂપને તુકારામજી સમક્ષ પ્રગટ કર્યું. તુકારામે તેનામાં પણ દૃઢ, પવિત્ર ભગવદ્–ભાવના કરી. અનન્ય પ્રેમથી કરતાલને વગાડતાં વગાડતાં, 'રામકૃષ્ણ હરિ' બોલતાં બોલતાં, નૃત્ય કરવા લાગ્યા. ભૂત–ભગવાનની સ્તુતિ કરતાં કરતાં કહેવા લાગ્યા–હે પ્રભો! ચોવીસ અવતારોનાં રૂપમાં આ આપનું નિરાળું સ્વરૂપ ખાસ મારે માટે જ આપે પ્રગટ કર્યું છે. ધન્ય છે આપના મહિમાને! કેવાં સુંદર નેત્ર છે! મોટા મોટા દાંત છે. લાંબા લાંબા હાથ છે. વાહ! મારા બહુરૂપી પ્રિય ભગવાન! આજ હું

આપના આ અભિનવ, આનંદમય સ્વરૂપનું દર્શન કરીને ધન્ય બની ગયો છું. ભક્તની આ દૃઢ ભગવદ્-ભાવનાથી ભૂતને ભગવાન બનવું જ પડ્યું. ભગવાને ભયંકર ભૂતની અંદર પોતાના અભયંકર, પ્રસન્ન, પરમ રમણીય, મધુર, આનંદમય સ્વરૂપનું દર્શન કરાવ્યું.

આ પ્રકારે ભક્ત નામદેવને કૂતરાના શરીરમાં કેશવ ભગવાને દર્શન દીધું હતું. એક જંગલમાં નામદેવ રોટી બનાવી રહ્યા હતા. જ્યારે બધી રોટી બનીને તૈયાર થઈ ગઈ; તેના પર માત્ર ઘી ચોપડવાનું જ બાકી હતું; પાસે ઘીની વાડકી પડી હતી. સર્વત્ર ચરાચર વિશ્વમાં ભગવત્તત્ત્વની ભાવનાનો આવેગ હૃદયમાં ઊછળી રહ્યો હતો. ભક્તપ્રવર નરસિંહ મહેતાની પેઠે તે મસ્તીથી ગાઈ રહ્યા હતા કે–

'अखिल ब्रह्माण्डमां एक तू श्रीहरि,
झूझवे (विविध) रूपसे तू ही भासे।
जागीने जोउं तो जगत् दीसे नहीं,
ऊंघमां अटपटा भेद भासे॥'

તે વખતે એક ભૂખ્યું કૂતરું જલ્દીથી ત્યાં આવ્યું, મુખમાં ચાર રોટી દબાવીને ડરથી ભાગવા લાગ્યું. ભક્ત નામદેવને એ કૂતરામાં પણ ભગવાનની ભાવના થઈ ગઇ. ભોળો ભક્ત પોકારવા લાગ્યો–અરે મારા પૂંછડીવાળા ભગવાન! સૂકી રોટલી લઈને કેમ ભાગી રહ્યા છો? ઘી તો ચોપડવા દો. ભગવદ્-આવેશમાં ભક્ત ઘીની વાડકી હાથમાં લઈને, કૂતરા ભગવાનની પાછળ દોડવા લાગ્યા. કૂતરો કંઈક બીજું જ મનમાં સમજી રહ્યો હતો, ભક્ત કંઈક બીજું!

'ना जानूँ किस रूपमें नारायण मिल जाय।'

નામદેવની સાચી ભાવનાથી કૂતરામાં ભગવાનને પોતાના

દિવ્ય સ્વરૂપનું દર્શન દેવું પડ્યું. ભગવાને वासुदेवः सर्वमिति (ગીતા ૭, ૧૯)–આ ગીતાના ઉપદેશને યથાર્થ–પ્રામાણિક કરી બતાવ્યો. ભગવાનમાં સર્વ કંઇ છે, ભગવાન જ છે.

'स ओतः प्रोतश्च विभूः प्रजासु।' (શુ. યજુ. ૩૨,૮)

તે વિભુ પરમાત્મા આ સર્વ ચરાચર પદાર્થોમાં ઓતપ્રોત છે, બહાર તથા અંદર વ્યાપ્ત છે.

'बाहर भीतर एको जानो, यह गुरु ज्ञान :बताई।
जन-नानक बिनु आप पिछाने, मिटै न भ्रमकी काई॥'

ભગવત્તત્ત્વની સાચી અનુભૂતિ ભક્તોનાં નિષ્કામ, વૈરાગ્યવાન, પવિત્ર હૃદયમાં જ થયા કરે છે. — ૮।૮।૫૮

(૧૦)

'बीज मां सर्वभूतानां, विद्धि पार्थ! सनातनम्।
बुद्धिर्बुद्धिमतामस्मि, तेजस्तेजस्विनामहम्॥'(૭,૧૦)

હે અર્જુન! તું સંપૂર્ણભૂતોનું સનાતન કારણ મને જ જાણ. હું બુદ્ધિમાનોની બુદ્ધિ તથા તેજસ્વીઓનું તેજ છું.

આનંદકંદ ભગવાન શ્રીકૃષ્ણ અર્જુનને નિમિત્ત બનાવીને આપણા સર્વના કલ્યાણ માટે પોતાના સ્વરૂપનો ઉપદેશ આપે છે.

હું સનાતન બીજરૂપ છું. કનકમાં કુંડળ વગેરેની પેઠે, મારામા પિંડબ્રહ્માંડરૂપ સમસ્ત ભુ ન ઓતપ્રોત છે. તે બીજ સનાતન હોવાને કારણે અન્ય બીજની અપેક્ષા થતી નથી. :આદિમ બીજનું પણ બીજ માનવાથી અનવસ્થા દોષ આવી જાય છે. માટે આખરે એક એવું બીજ માનવું પડે છે કે જે પોતે નિર્બીજ હોય, જેનું કારણ બીજું કોઈ બીજ ન હોય. તેવું સર્વનું સનાતન બીજ–મહાકારણ પરમાત્મા જ છે.

સાંખ્યવાદી કહે છે કે–સર્વભૂતોનું બીજ ત્રિગુણાત્મિકા જડ પ્રકૃતિ છે, ચેતન પરમાત્મા નહિ; કારણ કે લોકમાં જડ કાર્યનું કારણ જડ જ જોવામાં આવે છે, ચેતન નહિ. માટે તેની કારણરૂપ સિદ્ધિને માટે આ અનુમાન પણ પ્રમાણ છે–कार्यं जडप्रकृतिकं कार्यत्वात् घटवत्। જેવી રીતે ઘટરૂપ દૃષ્ટાંતમાં કાર્યત્વરૂપ હેતુ છે, અને જડ મૃત્તિકાપ્રકૃતિકત્વ (ઉપાદાન કારણરૂપ) સાધ્ય, તેવી રીતે સંપૂર્ણ આકાશાદિ–ભૂતાત્મક કાર્યરૂપ પક્ષમાં કાર્યત્વ હેતુ છે; માટે જડરૂપ પ્રધાન પ્રકૃતિકત્વરૂપ સાધ્ય પણ માનવું જોઇએ. સાંખ્યવાદી પ્રકૃતિને પ્રધાન કહે છે. તેવું સનાતન બીજરૂપ પ્રધાન સર્વજ્ઞ પણ છે; કારણ કે ભગવાને ગીતામાં કહ્યું છે કે–सत्त्वात् संजायते ज्ञानम्। (૧૪, ૭) સત્ત્વ ગુણથી જ્ઞાન ઉત્પન્ન થાય છે. અને આ સત્ત્વગુણમાં જે નિરતિશય ઉત્કર્ષ છે, તે જ સર્વજ્ઞતાનો પ્રયોજક છે. માટે નિરતિશય ઉત્કર્ષથી વિશિષ્ટ સત્ત્વગુણવાળા પ્રધાનમાં સર્વજ્ઞત્વની પણ સિદ્ધિ થઈ જાય છે. માટે જગતનું કારણ પ્રધાન જ હોઈ શકે છે; ચેતન પરાત્મા અવિકૃત હોવાને કારણે કારણ બની શકતા નથી.

આ સાંખ્યવાદીના મતનું બ્રહ્મસૂત્ર–મીમાંસામાં ભગવાન વ્યાસે આ પ્રકારે ખંડન કર્યું છે–

ईक्षतेर्नाशब्दम्। (૧, ૧, ૫) અર્થાત્ જગત્ કારણમાં 'ઈક્ષણ'નું શ્રવણ થાય છે, તેથી તે જડ પ્રધાન વેદાદિશાસ્ત્રો દ્વારા કારણરૂપે પ્રતિપાદ્ય હોઈ શકતું નથી. આપણી પ્રામાણિક શ્રુતિઓ કહે છે કે–सदेव सोम्येदमग्र आसीदेकमेवाद्वितीयम्, तदैक्षत बहु स्यां प्रजायेयेति, तत्तेजोऽसृजत। (છાં. ૬, ૨) છાંદોગ્ય ઉપનિષદ્‌માં ઉદ્દાલક ઋષિએ પુત્ર શ્વેતકેતુને ઉપદેશ કર્યો કે–હે સૌમ્ય, હે પ્રિયદર્શન! સૃષ્ટિ પહેલાં આ સંપૂર્ણ દૃશ્યમાન

જગત્ સજાતીય વગેરે ત્રિવિધ ભેદથી શૂન્ય, સદ્રૂપ બ્રહ્મ જ હતું. પછી તે બ્રહ્મે સૃષ્ટિનું ઈક્ષણ અર્થાત્ આલોચન આ પ્રકારે કર્યું- હું એક જ બહુરૂપ થઈ જાઉં, વિવિધ નામરૂપોની અભિવ્યક્તિ કરીને પ્રાદુર્ભૂત થાઉં. આ પ્રકારનું ઈક્ષણ કરીને તે પરમાત્માએ તેજ ઉત્પન્ન કર્યું.

વળી आत्मा वा इदमेक एवाग्र आसीत् नान्यत् किंचन मिषत्। स ईक्षत लोकान्नु सृजा इति, स इमांल्लोकानसृजत। (ઐ૦ ઉ૦ ૧, ૧) અથાત્ સૃષ્ટિથી પહેલાં આ અભિવ્યક્ત-નામ-રૂપાત્મક પ્રપંચ આત્મસ્વરૂપ જ હતો. તે સમયે આત્માથી વિલક્ષણ બીજી કોઈ વસ્તુ ન હતી. તે આત્માએ એવું ઈક્ષણ કર્યું-સંકલ્પ કર્યો કે-પ્રાણીઓના કર્મફળભોગના સાધનરૂપ પૃથિવ્યાદિ લોકોને હું ઉત્પન્ન કરું. આ પ્રમાણે ઈક્ષણ કરીને તે પરમાત્માએ આ લોકોને ઉત્પન્ન કર્યા.

પ્રશ્ન-સૃષ્ટિના આદિમાં એકમાત્ર આત્મા જ હતો, બીજું કશું ન હતું-એવું શ્રુતિનું કહેવું શ્રુતિથી જ વિરુદ્ધ છે; કારણકે અન્ય શ્રુતિ કહે છે કે-'मायान्तु प्रकृतिं विद्यात्' (શ્વેતા૦ ૪, ૧૦), માયા જગતની પ્રકૃતિ છે, અર્થાત્ પરિણામી ઉપાદાન કારણ છે. માટે જગત્ની ઉત્પત્તિથી પહેલાં માયા પણ વિદ્યમાન હતી. અને માયા વિના પરમાત્મામાં વિવર્તોપાદાનકારણપણાની સિદ્ધિ પણ કેવી રીતે બની શકે? માટે એ શ્રુતિ બ્રહ્મથી ભિન્ન, વિજાતીય વસ્તુનો નિષેધ કેવી રીતે કરી શકે?

ઉત્તર-માયા આત્માની અનિર્વચનીય શક્તિ હોવાને કારણે બ્રહ્મથી વસ્તુતઃ ભિન્ન નથી. બ્રહ્મમાં તે આરોપિત છે. અને આરોપિત અધિષ્ઠાનથી પૃથક્ સિદ્ધ થઈ શકતું નથી. માટે શ્રુતિનું પૂર્વોક્ત કહેવું યથાર્થ છે.

આ પ્રકારે શ્રુતિઓ દ્વારા ચેતન પરમાત્મા જ જગતનું કારણ સિદ્ધ થાય છે. અને તે જ સર્વજ્ઞ હોઈ શકે છે, જડ પ્રધાન નહિ. સત્ત્વગુણથી ઉત્પન્ન થનારી કેવળ જડવૃત્તિનું નામ જ્ઞાન નથી; પણ સાક્ષીરૂપ બોધવિશિષ્ટ વૃત્તિનું નામ જ્ઞાન છે, અથવા વૃત્તિમાં અભિવ્યક્ત બોધનું નામ જ્ઞાન છે. માટે સાક્ષી-રહિત, સત્ત્વગુણની જડવૃત્તિ કોઈપણ અર્થને જાણી શકે નહિ. માટે અચેતન પ્રધાનમાં સાક્ષિત્વ તથા સર્વજ્ઞત્વ હોઈ શકે નહિ. માટે મુંડક શ્રુતિ પણ કહે છે કે—

'यः सर्वज्ञः सर्ववित् यस्य ज्ञानमयं तपः।
तस्मादेतद् ब्रह्म नाम रूपमन्नं च जायते॥'

(૧,૧,૯)

સામાન્યરૂપે જે સર્વને જાણે છે, તે સર્વજ્ઞ છે. તથા વિશેષરૂપે જે સર્વને જાણે છે તે સર્વવિત્ છે. સૃજ્યમાન સર્વ પદાર્થોની અભિજ્ઞતારૂપી જ્ઞાનમય તપ છે, ક્લેશરૂપ નહિ. તેનાથી બ્રહ્મ અર્થાત્ કાર્યરૂપ હિરણ્યગર્ભ ઉત્પન્ન થાય છે. તેમ જ તેનાથી બધાં યજ્ઞદત્ત, દેવદત્ત વગેરે નામ; ભૂરું, પીળું વગેરે રૂપ; તથા ચોખા, યવ વગેરે અન્ન ઉત્પન્ન થાય છે

આ પ્રકારે બધી શ્રુતિઓ સર્વજ્ઞ પરમાત્માને જ જગતના સનાતન બીજરૂપે જણાવે છે, જડ પ્રધાનને નહિ. જો કે વેદાંતમાં પ્રકૃતિને પણ જગતનું પરિણામી ઉપાદાન કારણ માનેલી છે; પણ તે જડ હોવાને લીધે સ્વતઃ કારણ બની શકતી નથી, તેમજ સૃષ્ટિરચનામાં જાતે જ પ્રવૃત્ત થઈ શકતી નથી; પણ ચેતન પરમાત્માના સહકારથી જ, તેમની ચૈતન્ય-સ્ફૂર્તિને લઈને જ પ્રવૃત્ત બની શકે છે. માટે પ્રકૃતિ સ્વતંત્ર કારણ નથી.

શૂન્યવાદી બૌદ્ધ કહે છે કે-असद्वा इदमग्र आसीत् (છાં૦

૬, ૨, ૧)-સૃષ્ટિથી પહેલાં અસત્ જ હતું-વગેરે શ્રુતિઓમાં સિદ્ધ થયેલો જે અભાવ છે, સત્તારહિત શૂન્ય પદાર્થ છે, તે જ જગતનું કારણ છે. લોકમાં પણ સર્વ કાર્યો અભાવથી જ ઉત્પન્ન થતાં દેખાય છે, જેવી રીતે બીજના અભાવથી અંકુર પેદા થાય છે. **નાનુપમૃદ્ય પ્રાદુર્ભાવાત્**-આ અમારો સિદ્ધાંત છે. જ્યાં સુધી માટીમાં બીજનો સર્વથા ઉપમર્દ (વિનાશ) થઈ જતો નથી, ત્યાંસુધી અંકુરની ઉત્પત્તિ થઈ શકતી નથી. જ્યારે બીજ સર્વથા નષ્ટ થઈ જાય છે, તેનું અસ્તિત્વ રહેતું નથી, ત્યારે અંકુરરૂપ કાર્યનો પ્રાદુર્ભાવ થતા જોવામાં આવે છે. માટે આ વિશ્વનું અભાવરૂપ શૂન્ય જ કારણ હોઈ શકે છે, ભાવરૂપ પરમાત્મા નહિ.

શૂન્યવાદી બૌદ્ધનો આ મત સર્વથા અયુક્ત છે, અનુભવ તથા તર્કથી વિરૂદ્ધ છે. અભાવથી ભાવનો પ્રાદુર્ભાવ કદાપિ થઈ શકતો નથી. જો નાશ પામેલું બીજ અંકુર ઉત્પન્ન કરે છે, તો અગ્નિમાં બીજને જલાવીને અથવા પત્થરથી તેને પીસીને જમીનમાં વાવવાથી, તે અંકુરને કેમ ઉત્પન્ન કરતું નથી? મરેલો પિતા પુત્રને કેમ ઉત્પન્ન કરતો નથી? શું લોકમાં એવું જોવામાં આવે છે? માટે નષ્ટ બીજ અંકુરનું કારણ બની શકતું નથી. માટે ભાવથી જ ભ.વનો પ્રાદુર્ભાવ થાય છે, અભાવથી નહિ. બીજમાં પણ અંકુર ઉત્પન્ન કરવામાં સમર્થ, ભાવરૂપ અવયવ વિદ્યમાન રહે છે તેમનાથી જ અંકુરનું નિર્માણ થાય છે. શૂન્યનો અર્થ છે અભાવ, નાસ્તિત્વ, કાંઈ નહિ. જો કોઈ કહે કે-**નાસ્તિ**. તો તરત એ જિજ્ઞાસા ઉત્પન્ન થ.ય છે કે-**કુત્ર નાસ્તિ**? નિષેધનું અધિકરણ કોણ છે? ક્યાં નથી? જો તેનો કોઈ આધાર માનવામાં આવે, તો તે શૂન્ય.જ નથી રહેલું. શૂન્યથી પૃથક્ તેનો ભાવરૂપ આશ્રય સિદ્ધ થઈ જાય છે. આત્માશ્રય દોષ હોવાથી શૂન્યનો આશ્રય શૂન્ય જ છે' એમ પણ કહી શકાશે નહિ.

શૂન્યવાદી આયુષ્માન ભદંતજી! એક બીજી વાત બતાવો. ઠીક, તે શૂન્યને કોણે જાણ્યું? અર્થાત્ શૂન્યનો સાક્ષી (જ્ઞાતા) કોણ છે? જો તેને જાણનાર સાક્ષી નથી, તો તેની સિદ્ધિ કેવી રીતે મનાશે? શૂન્ય છે–એમ કોણ કહેશે? જો તમે એમ કહો કે–શૂન્ય છે-એવું શૂન્ય જ કહેશે, તો તે કહેનાર શૂન્ય જડ છે કે ચેતન? જો તે જડ છે, તો તે કહી શકશે નહિ. જડ પત્થર કદી કહેતો જોવામાં આવતો નથી. જો તે ચેતન છે, તો શૂન્ય-વાદનું જ ખંડન થઈ જાય છે; કારણ કે જ્ઞાતા, ભાવરૂપ, ચેતન પદાર્થ કદાપિ શૂન્ય નથી હોઈ શકતો. અમુક સ્થાનમાં રાતે બાર વાગે કોઈ ન હતું, શૂન્ય હતું–આ આ કથનથી સર્વથા શૂન્યની સિદ્ધિ નથી થઈ શકતી કહેનારનો નિષેધ સિદ્ધ થતો નથી. પણ કહેનાર સાક્ષીથી અતિરિક્ત કશું ન હતું. કહેનાર સાક્ષી ચેતન તો ત્યાં વિદ્યમાન હતો જ, જે પોતાનાથી અતિરિક્ત પદાર્થનો નિષેધ કરી રહ્યો હતો.

જો કોઈ છોકરાને પૂછવામાં આવે કે-તારો પિતા કોણ છે? અને જો તે કહે કે 'કંઈ નહિ,' તો તેને પાગલ સમજવામાં આવશે 'કંઈ નહિ'નો તે કદાપિ પુત્ર થઈ શકતો નથી. આ પ્રકારે 'કશું નહિ' રૂપ શૂન્યથી જગત્ ઉત્પન્ન થઈ શકે નહિ. પણ ભાવરૂપ, સનાતન સર્વેશ્વર, બીજરૂપ, પરમાત્માથી જ આ નિખિલ વિશ્વનો પ્રાદુર્ભાવ થાય છે- આ સિદ્ધાંત યુક્તિયુક્ત, અનુભવસિદ્ધ તથા પ્રમાણિક જ સિદ્ધ થાય છે. વસ્તુતઃ 'સર્વં શૂન્ય શૂન્યં' ઇ.। ભગવાન બુદ્ધનો ઉપદેશ આત્માની પણ શૂન્યતાના પ્રતિપાદનને માટે કદાપિ ન હતો; પણ જગત્ પરની આસ્થા હઠાવવા માટે તથા કેવલ વૈરાગ્યની ઉત્પત્તિને માટે, એકમાત્ર નામરૂપાત્મક જગત્‌ની શૂન્યતા બતાવવા માટે હતો. પણ તેમના કેટલાક અયથાર્થ શ્રુતના અર્થનું ગ્રહણ કરનાર, તાત્પર્યથી અન-

ભિક્ષુ, દુરાગ્રહી અનુયાયીઓ સાચેસાચ પોતાના ગ્રંથોમાં સ્વતઃ-સિદ્ધ આત્માની પણ શૂન્યતા સિદ્ધ કરવા લાગી પડયા, જેથી કરીને બુદ્ધાનુયાયી જનતા ભગવાન બુદ્ધના અસલી ઉદ્દેશ્યથી પ્રચ્યુત બની ગઈ. માટે અન્ય વેદસિદ્ધાંતાનુયાયી, દાર્શનિક વિદ્વાનોએ પણ તે મતનું ખંડન કરવું ઉચિત ધાર્યું. માટે આસ્તિકોના સર્વ ન્યાય, મીમાંસા વગેરે દર્શન દર્શનગ્રંથોમાં બુદ્ધમતનું ખંડન જોરપૂર્વક કરેલું નજરે પડે છે.

✓માટે ભગવાન શ્રીકૃષ્ણ ગીતામાં કહે છે કે હું જ સર્વનું સનાતન મૂલ કારણ છું, મારૂં કોઈ કારણ નથી. દાર્શનિક વિદ્વાનોનો સિદ્ધાંત છે કે-मूले मूलाभावात् मूल॰मूलम-મૂળનું મૂળ ન હોવાને કારણે મૂળ અમૂળ જ થઈ જાય છે. તેથી મારા-અનાદિ પરમાત્માનો આદિ કોઈ જોઈ શકતું નથી. તેથી મારો નાશ પણ થઈ શકતો નથી. હું સર્વનો પોતાનો આત્મારામ છું. કોઇ પણ બુદ્ધિશાળી માનવ પોતાની જાતનો નિષેધ કરી શકતો નથી. 'હું નથી' એવું કોઈ પણ માણસ-સિવાય કે પાગલ-બોલી શકતો નથી. માટે ચિદાત્મા ભગવાન સર્વ ભૂતોની અંદર સનાતન બીજરૂપે વિદ્યમાન છે. તે જ સર્વનો ઉત્પાદક છે તથા સંચાલક છે.

પ્રશ્ન-ઠીક, સ્વામીજી! એ તો બતાવો કે આપના તે સર્વેશ્વર ભગવાન શરીરયુક્ત થઈને જગતનું નિર્માણ અને સંચાલન કરે છે કે શરીર વગર ? જો કહો કે, શરીર વગર, તો શરીર વિનાનો કોઈ પણ પદાર્થ નિર્માણ તથા સંચાલન વગેરે કાર્ય કરતો લોકમાં નજરે પડતો નથી. અને એ નિયમ છે કે दृष्टानुसारित्वात् अदृष्टकल्पनायाः-દૃષ્ટની અનુસાર જ અદૃષ્ટ કલ્પના કરવી જોઈએ. નહિ કે દૃષ્ટ વિરૂદ્ધ. જો તમે કહો કે-તે પરમાત્મા શરીર યુક્ત બનીને નિર્માણ

વગેરે કરે છે, તો તેમનું તે શરીર કેવું છે ? તેનું પણ કંઈક વિવેચન કરવું પડશે. તે શરીર નિત્ય છે કે અનિત્ય ? જો ઈશ્વરના શરીરને નિત્ય માનશો, તો જેવી રીતે ઈશ્વરના સાવયવ (અવયવ-યુક્ત) શરીરને આપે નિત્ય માન્યું, તેવી રીતે આ સાવયવ જગત્‌ને પણ નિત્ય માનો. જગત્‌ને નિત્ય માનવાથી તેના કારણરૂપે ઈશ્વરની જ સિદ્ધિ નહિ થાય; કારણ કે નિત્ય પદાર્થને કોઈ પણ કારણ હોતું નથી. જો તેનું કોઈ કારણ હોય તો તે નિત્ય જ નથી રહેતું. જો આપ કહો કે ઈશ્વરનું શરીર નિત્ય નથી, પણ અનિત્ય છે, તો આપને અનિત્ય શરીરવાળા ઈશ્વરથી કોઈ બીજું કારણ બતાવવું પડશે. પણ સૃષ્ટિના આદિમાં એવું કોઈ કારણ મળતું નથી. જો તમે કહો કે ઈશ્વર જ પોતાના શરીરનું કારણ બનશે, તો તેમ કહેવું નિયમથી વિરૂદ્ધ છે; કારણ કે-શરીર વિનાનો આત્મા કશાનું પણ (પોતાના શરીરનું અથવા બીજા કોઈ પદાર્થનું) કારણ માની શકાતો નથી.

ઉત્તર-સર્વેશ્વર ભગવાન શરીરથી રહિત છે, છતાં તેમનામાં વિશિષ્ટ અનંત સામર્થ્ય હોવાને કારણે તે જગત્‌નું નિર્માણ, સંચાલન વગેરે કાર્ય કરી શકે છે. એવો કોઈ નિયમ નથી કે શરીર વગરનો પદાર્થ કશું કાર્ય કરી શકતો નથી. પૃથ્વી. જલ વગેરે અનેક પદાર્થો શરીર વગરના હોવા છતાં પણ અંકુર-નિર્માણ વગેરે અનેક પ્રકારનાં કાર્ય કરતા જોવામાં આવે છે. જો આપ કહો કે-પૃથ્વી વગેરે તો અવયયવાળાં છે, અને તેથી કાર્ય કરી શકે છે, પણ આપનો ઈશ્વર તો નિરવયવ છે અને તેથી કાર્ય કરી શકતો નથી; તો એ પણ નિયમ નથી કે નિરવયવ પદાર્થ કશું કાર્ય કરી શકતો નથી. શબ્દ નિરવયવ છે, છતાં ઝડપી ગતિએ આવજા કરે છે. તેને માટે ટેલિફોન, રેડિયો વગેરે જુવો. એ પ્રકારે લોકોમાં ઘણા નિરવયવ પદાર્થો પોતાની

વિલક્ષણ શક્તિ દ્વારા કાર્ય કરતા જોવામાં આવી શકે છે. માટે અમારી પ્રામાણિક કૃષ્ણ યજુર્વેદની શ્વેતાશ્વતર શ્રુતિ કહે છે કે

'न तस्य कार्यं करणं च विद्यते,
न तत्समश्चाभ्यधिकश्च दृश्यते।
पराऽस्य शक्तिर्विविधैव श्रूयते,
स्वाभाविकी ज्ञानबलक्रिया च ॥६।८॥
अपाणिपादो जवनो ग्रहीता,
पश्यत्यचक्षुः स शृणोत्यकर्णः।
स वेत्ति वेद्य न च तस्यास्ति वेत्ता,
तमाहुरग्र्यं पुरुषं महान्तम् ॥३।१९॥

તે જગત્‌ના સ્રષ્ટા પરમાત્માનું કાર્ય (શરીર) નથી, તથા કરણ (ઈન્દ્રિયસમૂહ) નથી. તે પરમાત્માની સમાન કક્ષાવાળો તથા તેમનાથી ચઢી જાય તેવો કોઈ જોવામાં આવતો. તે સર્વેશ્વરની માયાશક્તિ પરા છે, અર્થાત આકાશ વગેરે સ્વકાર્યની અપેક્ષાએ પર છે, તે વિચિત્ર કાર્ય કરનારી વિવિધ છે, 'શ્રૂયતે' પદથી તે પ્રત્યક્ષાદિ પ્રમાણોથી સિદ્ધ થતી નથી. પણ ઐતિહ્ય માત્રથી સિદ્ધ થાય છે-એવું જ્ઞાપન થાય છે. જેવી રીતે આ વટ વૃક્ષમાં પ્રેત રહે છે, આ અતિહ્યથી (ચાલતી આવેલી દંતકથાથી) વસ્તુતઃ વિદ્યમાન ન હોવા છતાં પણ આરોપથી પ્રેત સિદ્ધ થાય છે. તેવી રીતે માયા પણ વસ્તુતઃ વિદ્યમાન નથી, પણ આરોપિત છે. અને ઈશ્વરીય જ્ઞાનરૂપ બલદ્વારા જગત્‌ની સૃષ્ટિરૂપ જે ક્રિયા છે તે પણ સ્વભાવિક છે, અર્થાત્ માયારૂપ સ્વભાવથી પ્રયુક્ત છે. તે પરમાત્મા હાથ વિનાના છે, છતાં પણ ગ્રહણ કરે છે. પગથી રહિત છે, પણ વેગ પૂર્વક ચાલે છે. ચક્ષુથી રહિત છે, છતાં પણ સર્વને એક સાથે જુવે છે. કાનથી રહિત છે, છતાં પણ સર્વ શબ્દ સાંભળે છે. તે પરમાત્મા જાણવા યોગ્ય બધા પદાર્થોને

જાણે છે. વળી તેને કોઈ જાણતું નથી. બ્રહ્મવેત્તા મહાપુરુષ તેને અનાદિ, મહાન તથા પૂર્ણ પુરુષ કહે છે.

વળી તે સર્વેશ્વર ભગવાન સૃષ્ટિ પછી જ્યારે શરીર દ્વારા કરવા યોગ્ય કોઈ કાર્ય (ભક્તપરિત્રાણ, દુષ્ટદમન વગેરે) ઉપસ્થિત થઈ જાય છે, ત્યારે વચ્ચે વચ્ચે અનેક માયિક વિગ્રહોને (શરીરોને) પણ સ્વેચ્છાપૂર્વક ધારણ કરે છે. અને તેમની દ્વારા પોતાની અસાધારણ, દિવ્ય વિભૂતિઓનું પણ પ્રદર્શન કરે છે. છતાં ભગવાનના તે વિગ્રહો (શરીરો) અલૌકિક તથા વિવિધ પ્રકારની સિદ્ધિઓથી સંયુક્ત હોવા છતાં પણ નિત્ય માની શકાતા નથી; કારણકે બ્રહ્મથી ભિન્ન સઘળા પદાર્થો સાન્ત છે, બાધિત છે-એવો શ્રુતિનો સિદ્ધાંત છે. માટે પરમેશ્વર શરીરરહિત કે શરીરયુક્ત હોઈને પણ લીલામાત્રથી સર્વ કાંઈ કરવા માટે સમર્થ છે.

પ્રશ્ન—છતાં તે પરમેશ્વર જગત્‌નું નિર્માણ શા માટે કરે છે? તેનું પણ કંઈ વિવેચન કરવું જોઈએ; કારણકે પ્રયોજન વિના કોઈ સાધારણ માણસ પણ કશું કરતો જોવામાં આવતો નથી. અર્થાત્ પ્રયોજનને લક્ષ્યમાં રાખીને જ કર્તાઓ લોકમાં કાર્ય કરતા દેખાય છે. પ્રયોજન છે અનિષ્ટનું હાન (દૂર કરવું તે) તથા ઇષ્ટનો લાભ. આ કાર્યથી આ અનિષ્ટ દૂર થશે, તથા આ ઈષ્ટનો લાભ થશે—એવો જ્યારે નિશ્ચય કરે છે, ત્યારે જ તે કાર્ય કરવામાં પ્રવૃત્ત થાય છે, નહિ તો નહિ. જ્યારે વાત આમ છે, ત્યારે આપને બતાવવું પડશે કે તે પરમેશ્વર પોતાના પ્રયોજન માટે કે બીજાના પ્રયોજન માટે જગત્‌નું નિર્માણ કરે છે. જો આપ કહો કે—પોતાના પ્રયોજન માટે, તો તેમાં પરમેશ્વરનાં લક્ષણો જ નાશ પામે છે. પરમેશ્વરનાં લક્ષણ છે-આપ્તકામપણું, પૂર્ણતૃપ્તપણું વગેરે. આપ્તકામ તથા પૂર્ણતૃપ્ત પરમેશ્વરનું પોતાનું પ્રયોજન

કશું હોય નહિ. તેની સમક્ષ કોઈપણ અનિષ્ટ ઊભું જ રહી શકતું નથી, જેવી રીતે પ્રકાશની સામે અંધકાર. આ પ્રકારે તે પરિપૂર્ણ આનંદઘનને માટે કોઈ પણ ઈષ્ટ પ્રાપ્તવ્ય (મેળવવા યોગ્ય) નથી. માટે તે દુઃખરહિત, સુખપૂર્ણ પરમેશ્વરને માટે કશું હેય (ત્યજવા યોગ્ય) નથી. તેમ ઉપાદેય (ગ્રહણ કરવા યોગ્ય) નથી; કશું કર્તવ્ય નથી; કશુ વક્તવ્ય નથી. आप्तकामस्य का स्पृहा ? આપ્તકામને શી સ્પૃહા હોય ? તેવું આપના પરમ આચાર્ય પણ કહે છે.

જો આપ કહો કે જગત્‌નું નિર્માણ ભગવાનની લીલા–ક્રીડા માત્ર છે, ભગવાનનું પોતાનું કંઈ પ્રયોજન નથી. પણ લીલાયે પ્રયોજન વિના નથી હોતી. લોકમાં જે કોઈ પણ કશી ક્રીડા કરે છે તે આનંદને માટે કરે છે ભગવાન આનંદના અર્થી (ઈચ્છુક) નથી, કારણ કે તે દુઃખરહિત તથા પૂર્ણાનંદસ્વરૂપ છે. કોઈ દુઃખના નિવારણ માટે તથા કોઈ સુખની પ્રાપ્તિને માટે જ ક્રીડા કરવામાં આવે છે. માટે તમે 'જગત્‌નું નિર્માણ લીલામાત્ર છે' એમ પણ નહિ કરી શકો.

જો આપ કહો–કે વિશ્વમાં વિવિધરૂપે ફેલાયેલી, પોતાની અચિંત્ય, દિવ્ય વિભૂતિઓનું પ્રખ્યાપન કરવા માટે જ ભગવાન જગતનું નિર્માણ કરે છે, તો આ કહેવું તે પણ તેવું જ છે. કેવી રીતે તે સાંભળો. વિભૂતિઓના પ્રખ્યાપનથી શું આપના ઈશ્વરમાં કશી અતિશયતાનો (ગૌરવનો) લાભ થાય છે ? તથા તેમનું પ્રખ્યાપન ન કરવાથી ઈશ્વરને પોતાનામાં કશી હીનતાનો અનુભવ થાય છે ? જેવી રીતે કોઈ સરસ, વિદ્વાન વક્તા પોતાની આકર્ષક વક્તૃતા જ્યારે પ્રગટ કરે છે, ત્યારે સર્વ લોક તેને સાંભળીને 'વાહ, વાહ, ધન્ય, ધન્ય' કહેવા લાગે છે, ત્યારે તે પોતાનામાં કશીક અતિશયતાનો અનુભવ કરે છે. જ્યાં સુધી તે

પોતાની વક્તૃતા પ્રગટ કરતો નથી, ત્યાં સુધી લોકોનું સન્માન ન મળવાને કારણે તે પોતાનામાં હીનતાનો અનુભવ કરે છે. પોતાનામાં અતિશયતાનો અનુભવ સુખનો સંપાદક તથા હીનતાનો અનુભવ દુઃખનો પ્રયોજક હોય છે—એવું લોકમાં જોવામાં આવે છે. જો ઈશ્વરની બાબતમાં પણ તેવી વાત માની જાય, તો તે પૂર્ણતૃપ્ત ઈશ્વર નથી રહેતો, સાધારણ જીવકોટિનો બની જાય છે. માટે નિશ્ચયપૂર્વક એમ જ માનવું પડશે કે ઈશ્વર પોતાના પ્રયોજનને માટે જગતનું નિર્માણ કરી શકતો નથી; કારણકે તેનું પોતાનું કશું પ્રયોજન જ સિદ્ધ થતું નથી.

જો આપ કહો કે—પરમેશ્વર જીવોના પ્રયોજનને માટે જગતનું નિર્માણ કરે છે, તો તેવું આપ કહી શકશો નહિ; કારણકે જગત્‌ના નિર્માણથી જીવોનું કશું પણ પ્રયોજન સિદ્ધ થતું નથી. ઊલટું પ્રયોજનથી વિરુદ્ધ (સુખલાભને બદલે અપાર દુઃખલાભ, તથા દુઃખ નિવારણને બદલે સુખનિવારણ) અનર્થ જ સિદ્ધ થાય છે. જગત્‌ના નિર્માણથી જીવોને જન્મ, મરણ 'વિગેરે'નાં અનેક પ્રકારનાં દુઃખ જ દુઃખ મળી રહ્યાં છે. ચાહતાં છતાં તેમને જગત્‌માં સુખનો ગંધ (લેશ) પણ મળતો નથી. આ સર્વને પ્રત્યક્ષ વાત છે. માટે 'નૈષધીયચરિત' નામના મહાકાવ્યમાં મહાકવિ શ્રીહર્ષે ભગવાન પ્રત્યે આ પ્રકારે કહ્યું છે કે—

'आप्तकाम ! सृजसि त्रिजगत् किं ?
किं भिनत्सि यदि निर्मितमेव ?।
पासि चेदमवतीर्य मुहुः किं ?
स्वात्मनाऽपि यदवश्यविनाश्यम् ॥'

(૨૧,૧૦૬)

હે આપ્તકામ, પરમેશ્વર, કયા પ્રયોજન માટે તું ત્રણેય જગતનું સર્જન કરે છે? અર્થાત્ જગત્‌ને સર્જવામાં તારું પોતાનું

અથવા બીજાઓનું કશું પણ પ્રયોજન સિદ્ધ થતું નથી. માટે નિષ્પ્રયોજન જ તું જગત્‌નું સર્જન કરે છે. જો તેં જગત્‌નું નિર્માણ કર્યું, તો પછી તેનો નાશ શા માટે કરે છે? સરસ, સુંદર, મનોહર શરીર વગેરે પદાર્થોને બનાવીને, નિર્દયતાપૂર્વક તેમનો વિનાશ કરવો કોઈ પણ પ્રકારે ઉચિત મનાતું નથી નાશ જ કરવો હતો, તો તેને બનાવ્યું જ શા માટે? બનાવ્યું, તો તેનો નાશ કરવો ન હતો. જો તું કહે કે–આ જગત્ પોતે જ કાલવશ બનીને નષ્ટ થાય છે, તેમાં હું શું કરું? તો આ અવશ્ય વિનાશી જગત્‌ની વારંવાર અવતાર લઇને તું રક્ષા શા માટે કરે છે? અર્થાત્ તારી રક્ષા ત્યારે જ સફળ માની શકાય, કે જ્યારે તેનો સર્વથા વિનાશ થવો સમાપ્ત થઈ જાય.

ઉત્તર–જગત્‌નું નિર્માણ વાસ્તવિક નથી, પણ માયામય છે. માટે જગત્‌ના નિર્માણમાં માયા જ પ્રયોજક છે, બીજું કાંઈ નહિ. માટે જ વેદાન્તના મર્મજ્ઞ પૂજ્ય ગૌડપાદાચાર્યજીએ કહ્યું છે કે—

‘भोगार्थं सृष्टिरित्यन्ये, क्रीडार्थमिति चापरे।
देवस्यैष स्वभावोऽयमाप्तकामस्य का स्पृहा॥’

(મા. ઉપ. આ. પ્ર. ૯)

સૃષ્ટિ ભોગને માટે છે એમ કેટલાક લોકો માને છે, અને કેટલાક લોકો ક્રીડાને માટે છે એમ સમજે છે. પણ વાસ્તવમાં આ જગત્‌નું નિર્માણ વગેરે ભગવાનનો માયામય સ્વભાવ જ છે; કારણકે પૂર્ણકામ પરમેશ્વરને ઇચ્છા જ શી સંભવી શકે? જેવી રીતે અવિદ્યારૂપ પોતાના સ્વભાવ વિના રજ્જુ વગેરે સર્પ વગેરે રૂપે અભિવ્યક્ત થાય છે, તેમાં બીજું કારણત્વ બતાવી શકાતું નથી; તેવી રીતે વિશ્વની અભિવ્યક્તિમાં માયામય સ્વભાવ જ પ્રયોજક છે, બીજું કશું પ્રયોજન બતાવી શકાતું નથી.

પોતાના અદ્વૈત-સ્વરૂપમાં માયા દ્વારા આ દ્વૈત-જગત્‌ની કલ્પના કરનાર તથા તેનો સાક્ષી પોતે જ છે, બીજો કોઈ નહિ.

'कल्पयत्यात्मनाऽऽत्मानमात्मा देव: स्वमायया।
स एव बुध्यते भेदानिति वेदान्त-निश्चय:॥'

(મા. વૈ. પ્ર. ૧૨)

સ્વયંપ્રકાશ, અદ્વય આત્મા પોતાની માયાથી સ્વયં પોતે જ દ્વૈતની કલ્પના કરે છે, અને તે જ સર્વ ભેદોને જાણે છે—આ જ વેદાન્તનો (ઉપનિષદોનો) નિશ્ચય છે. જેવી રીતે સ્વપ્નમાં એક જ આત્મા નિદ્રાથી પોતાનામાં અનેક પ્રકારનાં દૃશ્યોની કલ્પના કરે છે, તથા તેમના ભેદોને જાણે છે, તેવી રીતે—

'अनिश्चिता यथा रज्जुरन्धकारे विकल्पिता।
सर्पधारादिभिर्भावैस्तद्वदात्मा विकल्पित:॥
निश्चितायां यथा रज्ज्वां विकल्पो विनिवर्तते।
रज्जुरेवेति चाद्वैतं तद्वदात्मविनिश्चय:॥'

(વૈ. પ્ર. ૧૭,૧૮)

જેવી રીતે પોતાના સ્વરૂપે નિશ્ચય ન કરાયેલી રજ્જુ અંધકારમાં સર્પ ધારા વગેરે ભાવોએ કલ્પાય છે, તેવી રીતે આત્મામાં પણ તેના અજ્ઞાન દ્વારા તરેહ તરેહની કલ્પનાઓ ઊભી થાય છે. જેવી રીતે રજ્જુનો નિશ્ચય થતાં, તેમાં સર્પાદિનો વિકલ્પ નિવૃત્ત થાય છે, તથા 'આ દોરડી છે' એવો અદ્વત-નિશ્ચય થાય છે, તેવી રીતે અદ્વૈત આત્મતત્ત્વનો નિશ્ચય (અપરોક્ષ અનુભવ) થતાં, તેમાં આરોપિત દ્વૈતપ્રપંચ નિવૃત્ત થઈ જાય છે. ज्ञाते द्वैतं न विद्यते। એક માત્ર અદ્વય અધિષ્ઠાન આત્મા જ પરિશિષ્ટ-રહી જાય છે.

'स्वप्नमाये यथा दृष्ट, गन्धर्वनगरं यथा।
तथा विश्वमिदं दृष्टं वेदान्तेषु विचक्षणैः॥'
(વૈ. પ્ર. ૩૧)

જેવી રીતે સ્વપ્ન અને માયા (અસદ્‌રૂપ-મિથ્યા) જોવામાં આવે છે, તથા જેવું ગંધર્વનગર (આરોપિત) જાણવામાં આવ્યું છે, તેવી રીતે વિચક્ષણ પુરુષોએ વેદાંતોમાં આદ્વૈત-જગત્‌ને પણ પારમાર્થિક નહિ, પણ કાલ્પનિક જોયું છે.

પ્રશ્ન-ત્યારે આ માયા શી વસ્તુ છે? જેને પ્રયોજક બનાવીને જગત્‌નું નિર્માણ વગેરે થાય છે, તે ક્યાંથી આવી? કેમ આવી? આનું કંઈક વિવેચન કરો.

ઉત્તર-માયાનું વિવેચન અમે दैवी ह्येषा गुणमयी-આ આગળના શ્લોકના પ્રવચનમાં કરીશું. અહીં તેના વિવેચનનો અવસર નથી.

આ પ્રકારે ભગવાન પરમેશ્વર માયાદ્વારા જ આ ચરાચર જગતનું કારણ બને છે, સ્વતઃ નહિ.

વળી આ જગત્‌ની રચના સ્રષ્ટા પરમેશ્વરનો મહિમા જાણવા માટે તથા તેનામાં શ્રદ્ધા ભક્તિ વધારીને તન્મય બનવા માટે કહેવામાં આવી છે. તેથી સર્વજીવો વિશ્વમાં ભગવાનના અપાર મહિમાને જાણીને તેની જ્ઞાન ભકિત દ્વારા પોતાનો ઉદ્ધાર કરે એજ વિશ્વ-રચનાનું પ્રયોજન છે. માટે તે જ સનાતન બીજરૂપ ભગવાનનો આશ્રય લેવો જોઈએ; વળી તેનું જ અન્વેષણ તથા તેની જ જિજ્ઞાસા સંપાદન કરવાં જોઈએ. તેજ એક માત્ર પારમાર્થિક-સત્ય વસ્તુ છે. તેના વિજ્ઞાનથી તથા તેની ભકિત દ્વારા જ માનવી કૃતકૃત્ય તથા ધન્ય બની જાય છે. જે જગત

પરિચ્છિન્ન છે, નાશવાન છે, આજ છે અને કાલે નથી. મિથ્યા છે, તેના જ્ઞાનથી માણસ શાન્તિ તથા સુખનો લાભ મેળવી શકતો નથી. જે વસ્તુ પૂર્ણ છે, મહાન છે, સનાતન છે, અમૃત અભય છે, તથા પરમાત્માનંદ-સ્વરૂપ છે, તેજ એકમાત્ર જ્ઞેય છે. માટે તેવા ભગવાનને સર્વ ચાહે છે. માટે જ ઋગ્વેદ સંહિતાની પ્રશસ્ત શ્રુતિ પણ કહે છે કે—

'ॐ इन्द्रं परेऽवरे मध्यमास इन्द्रं,
यान्तोऽवसितास इन्द्रम्।
इन्द्रं क्षियन्त उत युध्यमाना इन्द्रं,
नरो वाजयन्तो हवन्ते ॥'

(૪,૨૫,૮)

ઉત્તમ, મધ્યમ તથા કનિષ્ઠ–સર્વલોક એક માત્ર, તે આનંદ-નિધિ, આત્મસ્વરૂપ ઈન્દ્ર પરમેશ્વરનું જ આહ્‌વાન કરે છે. અર્થાત્ તેમની અભિમુખ બનીને સર્વ તેમને જ બોલાવે છે–ચાહે છે. વળી કોઈપણ અભિપ્રેત કાર્યની સિદ્ધિને માટે આમ તેમ જનારા પ્રવૃત્તિપરાયણ લોક તથા નિવૃત્તિપરાયણ લોક, અથવા સર્વપરિગ્રહરહિત સંન્યાસી યોગીજન પણ ઈન્દ્રનું જ આહ્‌વાન કરે છે, અને ગૃહમાં નિવાસ કરનાર ગૃહસ્થ તથા યુદ્ધ કરવાવાળા યોદ્ધા લોક, અન્નની ઈચ્છા રાખનારા ક્ષુધાર્ત જન, તથા નેતા સદુપદેશક વગેરે સર્વ ઈન્દ્ર પરમાત્માનું જ આહ્‌વાન કરે છે.

ॐ 'यस्मान्न ऋते विजयन्ते जनासो,
यं युध्यमाना अवसे हवन्ते।
यो विश्वस्य प्रतिमानं बभूव,
अच्युतच्युत् स जनास इन्द्रः ॥'

(ઋ. ૨,૧૨,૯) (અથર્વ. ૨૦,૩૪,૯)

હે જનસમુદાય! તે ઈન્દ્ર પરમાત્મા છે, જેના વિના-અર્થાત્ જેની કૃપા તથા સહાયતા વિના કોઈ પણ માણસ-પછી તે દેવ-જન હો યા યોગીજન હો યા સાધારણ જન હો અથવા બીજો કોઈ હો-વિજયી બની શકતો નથી. અર્થાત્ તેની કૃપા તથા સહાયતા દ્વારા જ લૌકિક, પારલૌકિક તથા પારમાર્થિક સર્વ પ્રકારનો વિજય પ્રાપ્ત કરી શકે છે. માટે યુદ્ધ કરતા સર્વ લોકો પોતાના રક્ષણને માટે તેમનું જ આહ્વાન કરે છે. ભગવાન આ વિશ્વની પ્રતિમા બન્યા છે, અર્થાત્ વિશ્વના તે તે જડ ચેતન સર્વ પદાર્થોમાં સત્ત્વ-ચિત્ત્વાદિરૂપે પ્રતિબિંબિત બનીને પ્રતીય-માન થઇ રહ્યા છે (દેખાઈ રહ્યા છે.) માટે તે અચ્યુતોના અચ્યુત છે, અર્થાત્ પરિણામી-નિત્ય પૃથ્વી વગેરેમાં કૂટસ્થ નિત્ય રૂપે અવસ્થિત છે. માટે તે नित्या नित्यानां चेतनश्चेतनानां (ક. ઉ. ૨, ૬, ૧૩.) છે. તેનું અન્વેષણ કરો, તેને યથાવત્ પહે-ચાનો. તે જ સર્વ પ્રકારના અભ્યુદય તથા નિઃશ્રેયસનું મૂળ છે. માટે તેમનો જ આશરો લો.

કેનોપનિષદ્‌માં એક આખ્યાયિકા છે. દેવો દુષ્ટ બલવાન અસુ-રોથી વારંવાર હારી જતા હતા. અસુર લોકો દેવોનાં સર્વ આવાસ સ્થાનો તથા સમસ્ત ઐશ્વર્યોને છિનવી લઇને, તેમને અકિંચન (ગરીબ) બનાવી દેતા હતા, તેમને અનેક પ્રકારનો ત્રાસ આપતા હતા. દેવલોક દીન-હીન બનીને અસુરોથી સદા ભયભીત રહેતા હતા. દેવોએ મળીને વિચાર કર્યો કે આ સંકટમાંથી અમે કેવી રીતે મુક્ત થઈએ? અમારા નિવાસસ્થાન તથા અમારૂં ઐશ્વર્ય અમને કેવી રીતે ફરી પ્રાપ્ત થાય? અમે આ દુષ્ટ અસુરો પર કેવી રીતે વિજય મેળવીએ? વિચાર દ્વારા દેવોએ નિર્ણય કર્યો કે દેવાધિદેવ વિશ્વનિયંતા ભગવાનની આરાધના કરવાથી જ અમે સર્વ પ્રકારનાં સંકટોથી મુક્ત બનીશું; તથા વિજય, ઐશ્વર્ય

વગેરે સર્વ કાંઈ તેમની કૃપાથી તથા સહાયતાથી પ્રાપ્ત કરી શકીશું નિર્ણય પ્રમાણે દેવોએ મળીને ભગવાનની આરાધના કરી. આરાધનાથી ભગવાન દેવો પર પ્રસન્ન થયા. ભગવાનની કૃપાથી તથા સહાયતાથી દેવોએ વિજય પ્રાપ્ત કર્યો; પોતાના આવાસ, ઐશ્વર્ય વગેરે સર્વ કાંઈ તેમણે સંપાદન કરી લીધું.

દુ:ખમેં સુમિરન સબ કરેં, સુખમેં કરે ન કોય;
જો સુખમેં સુમિરન કરેં, તો દુ:ખ કાહે કો હોય?

દેવોએ દુ:ખના સમયે ભગવાનનું સ્મરણ કર્યું હતું, પણ સુખ સમૃદ્ધિ મળતાં તેઓ વિજય અપાવનાર ભગવાનને ભૂલી ગયા, ઐશ્વર્યના મદથી ઉન્મત્ત થઈ ગયા, ભગવાનની બડાઈનાં નહિ, પણ પોતાની બડાઈનાં ગીત ગાવા લાગ્યા.—તેઓ અભિમાનપૂર્વક બોલવા લાગ્યા **अस्माकमेवायं विजयोऽस्माकमेवायं महिमेति।** આ અમારો જ વિજય છે, અને અમારો જ આ મહિમા છે. અમારાં બળ તથા મહત્તાએ અસુરોને પરાજિત કર્યા છે. તેમાં બ્રહ્મની પરમેશ્વરનો નથી કંઈ કૃપા કે નથી કંઈ સહાયતા! નથી તેમનું મહત્ત્વ! તેથી તેઓ સભામાં પોતાની જ પ્રશંસા તથા સત્કાર માંહ્યોમાંહ્ય કરવા લાગ્યા, પરમેશ્વરનાં નહિ.

પરમેશ્વરે દેવતાઓના આ મિથ્યા અભિમાનને જાણી લીધું, જે અભિમાન પરાભવનું પ્રયોજક છે. તે અભિમાનનો નાશ કરવા માટે તે તેમની સભાની સામે, પોતાની યોગમાયાના પ્રભાવથી, સર્વને વિસ્મય પમાડે તેવા અતિ અદ્ભુત યક્ષના રૂપમાં પ્રગટ થયા. તેમને જોઈને દેવતાઓ પણ ઓળખી શક્યા નહિ કે—આ સહસા પ્રગટ થનાર, અતિ દિવ્ય રૂપવાળું, પૂજનીય, મહાન પ્રાણી કોણ છે. તેમને યથાવત્ ન જાણનારા તથા તેમના તેજપૂર્ણ પ્રભાવથી અંતરમાં ડરતા દેવોએ તેમને જાણવાની ઇચ્છાથી સર્વની આગળ અભિમાનપૂર્વક ચાલનારા

જાતવેદાને–અગ્નિદેવને કહ્યું–હે અગ્નિદેવ! તમે અમારા બધામાં તેજસ્વી છો, તથા અગ્રગણ્ય છો. માટે અમારા બધાંનાં નેત્ર સામે રહેલા આ દિવ્ય યક્ષના વિશેષ રૂપનો પરિચય પ્રાપ્ત કરો કે–એ કોણ છે? ક્યાંથી આવેલ છે? અને અહીં કેમ આવેલ છે?

અગ્નિદેવ દેવતાઓના અગ્રસર–નેતા હતા, વિશેષ અધિકારથી સંપન્ન હતા તેથી જ તે સર્વથી વધારે અભિમાની બન્યા હતા. તેમણે દેવોની વાત સાંભળીને કહ્યું–બહુ સારૂં. હું હમણાં જ તેમનો પત્તો મેળવું છું. તમે લોકો શાન્ત રહો. એમ કહીને અગ્નિદેવ સભામાંથી ઊઠીને તે યક્ષ ભગવાનની પાસે જવા લાગ્યા. જતાં જતાં મનમાં અભિમાનને લઈ ને વિચારી રહ્યા હતા કે–તેમનો પત્તો લગાવવો તે શી મોટી વાત છે? મારી સામે તે કોણુ મોટી ચીજ છે? દેવતાઓ નકામા તેને જોઈ ને ભયભીત જેવા થઈ ગયા છે; તેના વિષયમાં અનેક પ્રકારની અનિષ્ટ શંકાઓ કરી રહ્યા છે. તે મારો પ્રભાવ જોઇને વિસ્મિત બની જશે. હું તેની સામે જઈ ને રોફથી એવો પ્રશ્ન પૂછીશ કે તેનો ઉત્તર આપવો તેને માટે મુશ્કેલ થઇ જશે. એમ વિચારતા તે યક્ષ ભગવાનની સમીપ જેમ જેમ જવા લાગ્યા, તેમ તેમ સિંહની પાસે જતા શિયાળની પેઠે, તે દબાતા ગયા–પ્રભાવહીન જેવા બનતા ગયા. આખરે તેમની ખૂબ નજીક પહોંચીને મુખમાથી એક પણ શબ્દ નીકળવો મુશ્કેલ થઈ ગયો. મન ભીતરમાં કહે છે કે–અરે, બોલ. બોલતો કેમ નથી? પહેલાં તો તું વાતોની મોટી મોટી ગર્જના કરી રહ્યો હતો! હવે તું ચૂપચાપ કેમ ખડો છે? જેમ નગ્ન મનુષ્ય હિમાલયની ઠંડીથી કંપે છે, તેમ તેમની સામે તું અંદર ને અંદર કેમ કંપી રહ્યો છે? શું તે તને ખઈ જવાના છે? મનની આ પ્રકારની આંતરિક ફટકાર સાંભળીને પણ અગ્નિદેવ દિઙ્-મૂઢની પેઠે ચૂપચાપ ખડા થઈ રહ્યા; કશું

બોલી શક્યા નહિ, ત્યારે યક્ષ ભગવાને અગ્નિ દેવને પૂછ્યું કે-કસ્ત્વમસિ । તું કોણ છે? ભગવાને પૂછ્યું ત્યારે અગ્નિદેવ કાંપતે સ્વરે બોલ્યા-જી, હું અગ્નિ છું. અંદર અભિમાન તો હતું જ. તેનાથી પ્રેરિત થઈ ને પોતાનો વિશિષ્ટ પરિચય આપવા માટે તે ફરી બોલ્યા-હું કેવલ રોટી પકવનારો, ચૂલાનો સાધારણ અગ્નિ નથી, પણ જાતવેદા છું. મારી દ્વારા સર્વ વેદોનો પ્રચાર થયો છે. તેથી મને 'જાતવેદા' એવો ટાઈટલ પ્રાપ્ત થયો છે. 'જાતવેદા' નામનું પ્રદર્શન કરીને અગ્નિદેવ પોતાની પ્રશસ્તિ બતાવવા લાગ્યા.

ફરીથી અગ્નિદેવને યક્ષ ભગવાને પૂછ્યું-તસ્મિંસ્ત્વયિ કિં વીર્યમ્-તે જાતવેદારૂપ તારામાં શું સામર્થ્ય છે.? પોતાનું સામર્થ્ય બતાવવા માટે અગ્નિએ કહ્યું-પૃથ્વીમાં જે કાંઈ છે, તે સર્વને હુ ક્ષણમાત્રમાં એક સાથે જલાવીને ભસ્મ કરી શકું છું. એવું મહાન સામર્થ્ય હું ધરાવું છું. ત્યારે યક્ષ ભગવાને અગ્નિના સામર્થ્યની અતિ અલ્પ પરીક્ષા લેવા માટે એક તણખલું રાખી દીધું, અને કહ્યું-આટલું બધું સામર્થ્ય રાખનાર તું આ તુચ્છ તણખલાને બાળી બતાવ. અગ્નિદેવ તે તણખલા પાસે ગયા. પણ પોતાના સમગ્ર વેગથી પણ તેને બાળવા તે સમર્થ થયા નહિ. તેથી તે ખૂબ શરમાઈ ગયા. જેવી રીતે કોઈ વિદ્યાર્થી કોઈ ને બહુ ગર્વપૂર્વક કહે કે-હું વ્યાકરણશાસ્ત્રનો પારંગત પંડિત છું. મેં સિદ્ધાંતકૌમુદી તો શું, પણ તેની પ્રૌઢ મનોરમા, શબ્દરત્ન, શબ્દેન્દુશેખર વગેરે અનેક વ્યાખ્યાઓ પઢી નાંખી છે, વ્યાકરણ-મહાભાષ્ય પણ હું ખૂબ ઘૂંટીને પી ગયો છું. હવે વ્યાકરણનો વિદ્યાર્થી રહ્યો નથી, પણ ઉદ્ભટ વિદ્વાન થઈ ગયો છું. ત્યારે તે વ્યક્તિ તેને લઘુ-કૌમુદીના મંગલાચરણનો-નત્વા સરસ્વતીં દેવીં શ્લોકનો અર્થ

પૂછે, અને તે તેનો અર્થ ઘેટાની પેઠે બિલ્કુલ ન બતાવી શકે, અને ખૂબ લજ્જિત બની જાય, તેવી રીતે અગ્નિદેવની પણ દશા થઈ. ચૂપચાપ, નીચી મૂડીએ તે ત્યાંથી પાછા આવ્યા. જતી વખતે તો સભામાં એકદમ પાંચ લાખ કમાનાર વેપારીની પેઠે, અગ્નિદેવ મુખ ઊંચું રાખીને, છાતી ફૂલાવીને, અક્કડ બનીને ગયા હતા. પરંતુ પાછા આવતી વખતે પાંચ લાખ રૂપિયા ગુમાવનારની પેઠે, મુખ નીચું કરીને, રોતી સુરત બનાવીને, આવતા અગ્નિદેવને દેવતાઓએ જોયા-आकृतिरेव हृदयभावं कथयति-મુખની આકૃતિ જ હૃદયના ભાવને, બોલ્યા સિવાય જ, કહી આપે છે. છતાં દેવોએ પૂછી નાંખ્યું કે-અગ્નિદેવ! શું થયું? તે કોણ છે? કંઈ પત્તો લાગ્યો? અગ્નિદેવ સભાના એક ખૂણામાં રાખેલા આસન પર, બંને હાથોથી માથું દબાવીને, ચૂપચાપ બેસી ગયા. યક્ષ ભગવાનની બાબતમાં તે કંઈ બતાવી શકયા નહિ. 'આજ મારૂં માથું ઠીક નથી; બહુ દુઃખે છે. તેથી હું વધારે બોલી શકતો નથી' એવું બહાનું કાઢીને તે ચૂપ થઈ ગયા.

તે સભામાં અગ્નિદેવની સમાન કક્ષાવાળા, તેમની સાથે સ્પર્ધા રાખનારા વાયુદેવ પણ વિરાજમાન હતા તે પણ અધિકાર-સંપન્ન હતા, અગ્રગણ્ય હતા, અને તેથી ખૂબ અભિમાન-ભરેલા હતા. અગ્નિદેવને આ પ્રકારે વિફલ તથા નિરાશ બનેલા જોઈને, દેવોએ વાયુદેવને કહ્યું કે-વાયુ! હવે તમે આ વાતનો પત્તો મેળવો કે એ દિવ્ય યક્ષ કોણ છે? તેમણે કહ્યું-બહુ સારૂં. અગ્નિની તુચ્છતા તથા પોતાની મહત્તાનું પ્રદર્શન કરવા માટે તે ગર્વપૂર્વક ફરી બોલ્યા-તે બિચારો અગ્નિ તે વાતનો પત્તો મેળવી શકયો નહિ. હવે મારી વારી આવી છે. હું તરત જ તેનો પત્તો લગાડું છું. તમે લોકો હવે મારો પ્રભાવ જુવો. એમ કહીને, અભિમાનથી અક્કડ બનેલી છાતી ફૂલાવીને, અગ્નિદેવની

પેઠે વાયુદેવ પણ યક્ષ ભગવાનની પાસે ગયા. પણ સમીપમાં જતાં તેમની પણ તેવી જ દશા થઈ ગઈ. તે પણ યક્ષ ભગવાનના પ્રભાવથી દબાઈ ગયા, બોલી શક્યા નહિ; ચૂપચાપ ઊભા રહ્યા. ત્યારે યક્ષ ભગવાને વાયુદેવને પૂછ્યું-તું કોણ છે? તેણે જવાબ આપ્યો-હું વાયુ છું. પણ પોતાનો અસાધારણ પરિચય આપવા માટે ફરીથી અભિમાનપૂર્વક તે બોલ્યા કે-હું સાધારણ પંખાનો વાયુ નથી; પણ માતરિશ્વા છું. 'માતરિ' એટલે આકાશમાં સ્વતંત્ર વેગથી ફૂંકાનાર, પ્રચંડ પવન છું.

ત્યારે યક્ષ ભગવાને પૂછ્યું કે-તે માતરિશ્વારૂપ તારામાં શું સામર્થ્ય છે? ત્યારે વાયુદેવે કહ્યું-સારૂં, આપ મારૂં સામર્થ્ય પૂછી રહ્યા છો! મારા સામર્થ્યનું શું ઠેકાણું? હુ અપાર સામર્થ્ય ધરાવું છું. પૃથ્વીમાં જે કાંઈ છે, તે સર્વને એક સાથે ક્ષણમાં ઉડાડીને અંતરિક્ષમાં કરોડો ગાઉ દૂર લઈ જઈ શકું છું. ત્યારે યક્ષ ભગવાને વાયુદેવની સમક્ષ પરીક્ષા માટે એક એક તણખલું મૂક્યું, અને કહ્યું-આને ઉડાડી નાખો. યક્ષ ભગવાનના આદેશ અનુસાર તે તૃણની પાસે ગયા. પરંતુ પોતાના સમગ્ર વેગના પ્રયોગથી પણ તે તેને ઉડાડવામાં તો શું-પણ હલાવવામાં યે સમર્થ ન થયા. ત્યારે તે તેમની પાસેથી લજ્જિત બનીને, અગ્નિની માફક, નીચુ મુખ કરીને સભામાં પાછા આવ્યા, અને અગ્નિની સાથે ખૂણામાં બેસી ગયા. અને આંખના ઈશારાથી અગ્નિને કહેવા લાગ્યા કે-જેવી તારી દશા થઈ, તેવી મારી પણ. તેરી ભી ચૂપ, મેરી ભી ચૂપ. દેવતાઓએ પૂછ્યું ત્યારે કહ્યું કે-એ યક્ષ કોણ છે તે વાતને હું જાણી શક્યો નહિ. આ પ્રકારે યક્ષ ભગવાને અગ્નિ તથા વાયુ-બંનેના પ્રચંડ ગર્વનું એક ક્ષણમાં દલન કરી નાંખ્યું. ભગવાને પોતાના અચિંત્ય તથા અનંત સામર્થ્યથી તૃણને પણ ખૂબ વજનદાર

તથા અતિકઠિન વજ્ર બનાવી દીધું. ત્યારે તો અગ્નિ તેને જલાવી શક્યો નહિ, અને વાયુ તેને હલાવી શક્યો નહિ. અથવા સર્વને સામર્થ્ય આપનાર તો ભગવાન જ છે. ભગવાનના જ સામર્થ્યથી સર્વ નાચીકૂદી રહ્યાં છે. તેમણે પોતાનું સામર્થ્ય અગ્નિ તથા વાયુમાંથી ખેંચી લીધું. તે બંને સામર્થ્ય વગરના બની ગયા. તે અતિ લઘુ તૃણ ઉપર પણ કશો જ પ્રભાવ દેખાડી શક્યા નહિ.

હવે દેવતાઓએ વિચાર કર્યો કે-અમારામાંથી આ બે મોટા મોટા, અગ્રગણ્ય દેવો પણ જ્યારે વિફલ બન્યા, ત્યારે બીજા સાધારણ દેવોની તો વાત જ શી કરવી? પરંતુ આનો પત્તો તો જરૂર મેળવવો જોઈએ. ત્યાર પછી તેમણે ઊંચા સિંહાસન પર બેઠેલા, સર્વથી મોટા, દેવરાજ ઈન્દ્રને કહ્યું-હે મઘવન્! આ યક્ષ કોણ છે તે વાતનો હવે તમે જ પત્તો લગાવો; કારણકે તમારાથી મોટો બીજા કોઈ દેવ નથી. ત્યારે ઈન્દ્રે કહ્યું-બહુ સારું, હું હમણાં જ તેમનો પત્તો લાવું છું. તમે લોકો કોઈ પણ પ્રકારે ગભરાશો નહિ. એમ કહીને બહુ જ સજ્જ બનેલા (આભૂષણાદિકથી શોભતા) દેવરાજ ઈન્દ્ર તેમની તરફ ચાલ્યા. પોતાની પાસે આવેલા તે ઈન્દ્રની સામેથી તે યક્ષ ભગવાન અંતર્ધાન થઇ ગયા. દેવરાજ હોવાને કારણે ઇન્દ્રનું સર્વથી વધી ગયેલું ઇન્દ્રપણાનું અભિમાન નષ્ટ કરવું જોઈએ; તેથી યક્ષ ભગવાને ઈન્દ્રને સંવાદમાત્રનો પણ અવસર આપ્યો નહિ.

આ પ્રકારે અભિમાન શાન્ત થતાં, ઈન્દ્ર તે બ્રહ્મસ્વરૂપ યક્ષનો અત્યંત જિજ્ઞાસુ બનીને, તે આકાશ-પ્રદેશમાં, જ્યાં યક્ષ ભગવાનના દિવ્ય સાકાર વિગ્રહનો (દેહનો) આવિર્ભાવ તથા તિરોભાવ થયો હતો ત્યાં-ઊભો રહ્યો. અગ્નિ વગેરેની પેઠે તે પાછો

ન ગયો. ઊભા રહીને, શાન્ત તથા એકાગ્ર ચિત્તથી હૃદયમાં, જેમને તેણે દૂરથી જોયા હતા તે યક્ષ ભગવાનનું ભક્તિપૂર્વક ધ્યાન કર્યું. ભક્તિ તથા ધ્યાનના પ્રભાવથી તે આકાશ-પ્રદેશમાં, ઇન્દ્ર પર અનુગ્રહ કરવા માટે, સ્ત્રી વેશધારી, અત્યંત શોભામયી, હૈમવતી ઉમારૂપ વિદ્યાદેવી પ્રગટ થઈ. તે યક્ષને જાણવામાં સમર્થ હશે-એમ વિચારીને ઇન્દ્ર તેની સમીપ ગયો, અને તેમને નમ્રતાપૂર્વક પૂછ્યું કે-હે દેવિ! કૃપા કરીને બતાવો કે આ પ્રકારે દર્શન દઈ ને છૂપાઈ જનાર તે યક્ષ કોણ હતા. ત્યારે તે વિદ્યાદેવીએ કહ્યું-તે બ્રહ્મ હતા, પરમેશ્વર હતા, જેમની તમે પહેલાં અભ્યુદય પ્રાપ્ત કરવા માટે આરાધના કરી હતી, જેમની કૃપા તથા સહાયતાથી તમે વિજયી બન્યા હતા, સમૃદ્ધિ-વૈભવ પ્રાપ્ત કરીને આ પ્રકારના મહિમાથી યુક્ત બન્યા હતા. તે જ તમારા વિજય તથા અભ્યુદયના હેતુ હતા. તે બ્રહ્મ પરમેશ્વરે જ અસુરોને જીત્યા હતા. તમે તો તેમાં નિમિત્તમાત્ર હતા. તેમના જ વિજયમાં તમને તે મહિમા મળ્યો હતો. પણ અવિદ્યાવશ તમે એમ માનવા તથા બોલવા લાગ્યા કે-'આ અમારો જ વિજય છે, આ અમારો જ મહિમા છે.' એ તમારું મિથ્યા અભિમાન હતું, તેનું દલન કરવા માટે તે તમારી સમક્ષ પ્રગટ થયા હતા. આ પ્રકારના વિદ્યાદેવીના ઉપદેશથી ઇન્દ્રે યક્ષ ભગવાનને બ્રહ્મસ્વરૂપે જાણ્યા, સ્વતંત્રપણે નહિ. તેથી ઇન્દ્ર સર્વ દેવો કરતાં મહાન બન્યા, કારણકે તેમણે જ બ્રહ્મને પહેલા જાણ્યા હતા. બ્રહ્મજ્ઞાનથી જ પ્રશંસનીય મહત્તા પ્રાપ્ત થાય છે. પછી ઇન્દ્રના ઉપદેશથી અગ્નિ તથા વાયુએ તે બ્રહ્મને જાણ્યું. તેથી તેઓ પણ શ્રેષ્ઠ કહેવાયા.

જેવી રીતે વીજળી ગાઢ અંધકારને ચીરીને સર્વ બાજૂએ પ્રકાશે છે, તેવી રીતે તે બ્રહ્મ દેવતાઓની સામે સર્વ બાજૂઓથી

દિવ્ય પ્રકાશથી યુક્ત બનીને અભિવ્યક્ત થયું હતું. માટે વીજળીના સર્વવ્યાપી પ્રકાશની પેઠે તેની વ્યાપક પ્રકાશરૂપે ઉપાસના કરવી જોઈએ વળી તે બ્રહ્મ મનની સર્વ સંકલ્પ, સ્મૃતિ વગેરે પ્રતીતિઓને સમયે પણ તેમનામાં સ્ફૂર્તિ આપવા માટે અભિવ્યક્ત થાય છે. માટે તે સ્વપ્રેરિત, મનના સાક્ષી, પ્રત્યગાત્મ-સ્વરૂપ છે. તે રૂપે પણ તેમનું ચિંતન કરવું જોઈએ. માટે જ તે બ્રહ્મ 'વન' છે, અર્થાત્ પૂર્ણ આનંદના નિધિ હોવાથી સર્વ દ્વારા વનનીય-સંભજનીય (સેવન કરવા યોગ્ય) છે.

આ આખ્યાયિકાનું એ તાત્પર્ય છે કે-જે પુરુષ શમાદિ સાધનોથી રહિત છે, તથા અભિમાન અને રાગદ્વેષાદિથી યુક્ત છે, તેનું બ્રહ્મજ્ઞાનની પ્રાપ્તિમાં સામર્થ્ય હોઈ શકતું નથી. ઈન્દ્રાદિને ત્યારે જ બ્રહ્મજ્ઞાનની પ્રાપ્તિ થઈ કે જ્યારે તેમના અભિમાન, રાગદ્વેષ વગેરે દોષોનું પ્રશમન થઈ ગયું, અને તેઓ શ્રદ્ધાભક્તિપૂર્વક બ્રહ્મના ચિંતનમાં તન્મય થઈ ગયા. માટે જ આ આખ્યાનરૂપ ભૂતાર્થવાદ શમાદિ સાધનોના તથા સગુણ બ્રહ્મની ઉપાસનાના વિધાન માટે છે, એવો નિશ્ચય થાય છે. વળી તે બ્રહ્મ જ સર્વ વિશ્વના સર્વ પ્રકારે શાસક, દેવોના પણ પરમદેવ, ઈશ્વરોના પરમ ઈશ્વર તથા દુર્વિજ્ઞેય છે. તે જ દૈવી સંપત્તિવાળા દેવોના જયજય નો હેતુ તથા આસુરી સંપત્તિવાળા અસુરોના પરાજયનો હેતુ છે. વળી તે નિરાકાર પણ છે, સાકાર પણ છે. તેવા પરમેશ્વરને 'તે નથી' એમ કોણ કહી શકે છે? તેના વિજ્ઞાન વિના પ્રાણીઓના કર્તૃત્વ, ભોક્તૃત્વ વગેરે બાબતના મિથ્યા અભિમાનનો વિનાશ થતો નથી. માટે અનર્થકારી મિથ્યા-અભિમાનના નાશ માટે તથા પરમશાન્તિ અને આનંદની પ્રાપ્તિ માટે તે સનાતન બીજરૂપ પરમેશ્વરની ઉપાસના અવશ્ય કરવી જોઈએ, તથા તેનું વિજ્ઞાન શાસ્ત્ર અને ગુરુના સહકાર દ્વારા અવશ્ય પ્રાપ્ત કરવું જોઇએ.

વળી ભગવાન કહે છે કે-બુદ્ધિમાનોની બુદ્ધિ હું છું. તત્વ તથા અતત્ત્વના વિવેકની શક્તિનું નામ બુદ્ધિ છે. તે મારું સ્વરૂપ છે. તે રૂપથી વિશિષ્ટ મારામાં–પરમાત્મામાં સર્વ બુદ્ધિમાન પુરુષો ઓતપ્રોત છે. લોકમાં ઘણું કરીને સર્વ પોતાને બુદ્ધિમાન માને છે તથા કહે છે. પણ શાસ્ત્રદૃષ્ટિએ વાસ્તવિક બુદ્ધિમાન તેજ હોઈ શકે છે કે જેનામાં તત્ત્વ તથા અતત્ત્વના વિવેકનું સામર્થ્ય છે. પારમાર્થિક સત્ય તત્ત્વ શું છે? મિથ્યા અતત્ત્વ શું છે? આનું જેણે યથાવત્ જ્ઞાન પ્રાપ્ત કર્યું છે, તેને તત્ત્વદર્શી પણ કહે છે. જે સત્ તથા અસત્‌નો યથાવત્ નિર્ણય કરે છે, **स बुद्धिमान् मनुष्येषु** (ગીતા ૪,૧૮) તે મનુષ્યોમાં બુદ્ધિમાન છે. **एतद् बुद्ध्वा बुद्धिमान् स्यात्, कृतकृत्यश्च भारत।** (ગીતા ૧૫,૨૦) આ તત્ત્વને જાણીને મનુષ્ય બુદ્ધિમાન તથા કૃતાર્થ બની જાય છે. જે સત્ વસ્તુ છે, તેનો કદી અભાવ (નાસ્તિત્વ) થઈ શકતો નથી. ભલે મૂઢ લોકો તેને ન જાણે અથવા ન માને. તેમાં સત્ય વસ્તુનો કશો પણ અપરાધ નથી. **न ह्येष सूर्यस्यापराधो यदेनमन्धो न पश्यति।** જો અંધ મનુષ્ય સૂર્યને જોઈ શકતો નથી, તો તે સૂર્યનો અપરાધ મનાતો નથી, આંધળાનો જ અપરાધ છે. તેવી રીતે જેઓ પોતાની મૂઢતાને કારણે તે સત્ય વસ્તુને જાણતા નથી–માનતા નથી, તે મૂઢ લોકોનો જ અપરાધ છે. છતાં તેમના ન જાણવાથી તથા ન માનવાથી તેનો કદી પ્રતિષેધ થઈ શકતો નથી. તે હમેશાં સત્ય જ રહે છે. **नाभावो विद्यते सतः** (ગીતા ૨,૧૬)-સત્‌નો અભાવ નથી. સત્ સત્ જ રહે છે. તે પ્રમાણે જે અસત્ વસ્તુ છે, તેનું અસ્તિત્વ હોઈ શકતું નથી. અસત્ અસત્ જ રહે છે. ભલે મૂઢ લોકો તે અસત્‌ને સતરૂપે જાણે અગર માને, તો પણ તે કદી સત્ બનતું નથી. કોઈ મૂઢ પિત્તળને સુવર્ણ માની લે, તેથી પિત્તળ કદી સોનું બની શકતું નથી, બજારમાં તેની સોનાની કિંમત મળી શકતી

નથી. પિત્તળ પિત્તળ જ રહે છે. પાણી મેળવવાથી કદાચ ચૂનો સફેદ, કોમળ માખણના પિંડ જેવો દેખાય, તેને કોઈ ભ્રાન્તિથી માખણ માનીને ખાવા લાગે, તો તેને માખણ જેવો સ્વાદ મળતો નથી, તે તેનાથી કશી પુષ્ટિ પ્રાપ્ત કરી શકતો નથી; ઊલટું તે લાભને બદલે હાનિ જ કરશે.

આ પ્રકારે અહીં સત્ય, અબાધિત વસ્તુ પરમાત્મા છે, અને અસત્ય, બાધિત વસ્તુ નામરૂપાત્મક સંસાર છે. માટે જે સર્વદા પરમાત્માનો સત્યરૂપે તથા સંસારનો મિથ્યારૂપે નિશ્ચય તથા ચિંતન કરતો રહે છે, તે બુદ્ધિમાન છે. વળી જે અસત્યને સત્ય માનીને, તેમાં આસક્ત બન્યો રહે છે, તથા સત્યને અસત્ય જેવું સમજીને તેની ઉપેક્ષા કરી દે છે, તે બુદ્ધિહીન મનાય છે.

માટે જ કોઈ શિષ્યના પ્રશ્નનો ઉત્તર આપતાં ગુરુદેવે કહ્યું છે કે—**अहर्निशं किं परिचिन्तनीयं, संसारमिथ्यात्वशिवात्मतत्त्वम्।** રાતદિવસ શેનું ચિંતન કરવું જોઈએ? સંસારના મિથ્યાત્વનું તથા કલ્યાણસ્વરૂપ, પરમાર્થ, સત્ય આત્મતત્ત્વનું જ રાતદિવસ ચિંતન કરતા રહેવું જોઈએ.

'उमा कहूँ मैं अनुभव अपना,
सत्य हरिभजन जगत् सब स्वप्ना।'

આ પ્રકારે જેનામાં વિવેકશક્તિ છે, તેજ પ્રશસ્તબુદ્ધિ છે. વિવેકશક્તિ ન રહેતાં તે બુદ્ધિ કહેવાતી નથી, પણ અંતઃકરણ કહેવાય છે, વિવેકશક્તિ દ્વારા જ દ્વન્દ્વમય સંસારમાં તે નિર્દ્વન્દ્વ રહી શકે છે નિર્દ્વન્દ્વ બન્યા સિવાય કોઈ પણ માણસ બંધનોથી છૂટી શકતો નથી; પૂર્ણ, વિશુદ્ધ આનંદનો ઉપભોગ કરી શકતો નથી. માટે વિવેકશક્તિવાળી બુદ્ધિનું મહત્ત્વ ખૂબ છે, જેને ભગવાન પોતે પોતાનું સ્વરૂપ બતાવે છે. માટે જ **विवेको सर्वथा**

मुक्तः। અર્થાત્ વિવેકી સર્વથા મુક્ત (નિર્લેપ) મનાય છે. विवेको दशमो निधिः। વિવેક આનંદ આપનાર દશમો નિધિ (ખજાનો) છે. તેનાથી તે હેયને ઉપાદેય સમજતો નથી, તથા ઉપાદેયને હેય સમજતો નથી; પણ જે પદાર્થ જેવો છે, તેને તેવો જ સમજીને સદા શાન્ત તથા સંતુષ્ટ રહે છે.

કોઈ દુષ્ટ ગાળ દે છે અવિવેકી જન તેને ગ્રહણ કરીને દુઃખી થાય છે, પણ વિવેકી તેને ગ્રહણ જ કરતો નથી. તે સમજે છે કે–જેવી રીતે કોઈ મનુષ્ય સડેલાં ફળ બૂમો પાડીપાડીને વેચી રહ્યો છે; સમજદાર તે સડેલાં ફળને લેતો નથી–લેવા માટે કશો પ્રયત્ન પણ કરતો નથી, પણ તેની ઉપેક્ષા કરે છે; ત્યારે તે સડેલાં ફળ તે વેચનારની પાસે જ રહે છે; જે તેને લેતો નથી, તેની પાસે તે શામાટે આવે? તે રીતે આ ખરાબ ગાળોને હું લેવા માગતો નથી. તેવી દશામાં તે ગાળો તેની પાસે જ રહેશે, મારી પાસે શામાટે આવશે? માટે જ કોઈ વિવેકી મહાત્માએ કહ્યું છે કે—

'गालिमद्भिर्भवद्भिश्च वितीर्यन्ते हि गालयः।
तथापीच्छा मदीयेयं गालिसंग्रहणे न हि॥
अत एव च गालीनां संग्रहो भवतां भवेत्।
संग्रही दोषभागी स्यात्, परित्यक्ता सुखी भवेत्॥'

આપ ગાળોવાળા છો, તેથી તે આપી રહ્યા છો. પણ તેને લેવાની મારી જરા પણ ઇચ્છા નથી. એટલે તેમનો સંગ્રહ આપની પાસે જ રહેશે. જે તે ખરાબ ચીજોનો સંગ્રહ કરતો હશે, તે જ દોષભાગી બનશે. હું તો તેમનો પરિત્યાગ કરી દઉં છું, તેથી સદા આનંદ–પ્રસન્ન જ રહીશ.

'जाकी जैसी बुद्धि है, वैसा कहत बनाय।
ताकर बुरा न मानिये लेन कहाँसे जाय॥'

જેવી રીતે-કોઈની દુકાનમાં કોલસા ઠાંસીઠાંસીને ભર્યા છે. એટલે તે ગમે તેને કોયલા આપી શકે છે, કોઈને પણ સાકર આપી શકતો નથી, કારણકે તેની દુકાનમાં સાકર છે જ નહિ; પછી તે ક્યાંથી આપે? તેથી તે કોયલો કેમ આપે છે અને સાકર કેમ નથી આપતો-એવો આગ્રહ રાખવો વ્યર્થ છે. તેવી રીતે આ શરીર પણ એક પ્રકારની દુકાન (દો કાનવાળી!) છે. તેમાં જ્યારે ખોટા સંસ્કાર, ખરાબ વિચાર તથા અનેક પ્રકારના દુર્ગુણોરૂપી કોયલા જ ભરેલા હોય, ત્યારે તે ખરાબ જ બોલશે. સારી બુદ્ધિ તેની પાસે નથી. તેથી તે સારું ક્યાંથી બોલશે? નહિ બોલી શકે. એવી દશામાં તે ખરાબ કેમ બોલે છે? સારું કેમ નથી બોલતો? એવો વિચાર કરવો તે વ્યર્થ છે. માટે તેના તેવા આચરણ પર ખોટું નહિ લગાડવું જોઈએ. શું થઈ શકે? તે બિચારો પોતાની ખરાબ બુદ્ધિ આગળ લાચાર છે, કારણકે તે તેને વશ બની ગયો છે. જ્યાં સુધી તેની દુષ્ટ બુદ્ધિ નિવૃત્ત થાય નહિ, ત્યાંસુધી તે સારું બોલી શકવાનો નહિ. એમ સમજીને શાન્ત તથા ચૂપ રહેવું જોઈએ. વિવેક દ્વારા દુષ્ટોની આ કડવી વાતોને ચૂપચાપ સહન કરી લેવી જોઈએ. તેનાથી વિક્ષેપ પામવો તે બુદ્ધિમાન પુરુષોનું કામ નથી. કડવાં વચનોનો સામનો જે કડવાં વચનોથી કરે છે, તે વિવેકી મનાતો નથી; પણ તે ય તેના જેવો અવિવેકી જ બની જાય છે. ગધેસે ગધા મિલે, દે લે દો દો લાત-વાળી વાત બને છે. માંહ્યોમાંહ્ય કડવાં વચનોથી લડાઈ થાય છે, એકબીજાનાં માથાં ફૂટે છે, અનેક પ્રકારની હાનિ ઊઠાવવી પડે છે, લોકો તે મૂર્ખાઈ પર હસે છે, અકીર્તિ વગેરેનો કડવો અનુભવ કરવો પડે છે. તેથી વિવેકી માણસનો એ ગુરુમંત્ર છે કે-કમ ખાના, ગમ ખાના, ઔર હવા ખાના. આથી નિર્ણય થાય છે કે-અવિવેક દરેક હાલતમાં દુઃખદાયી જ

નીવડે છે, અને વિવેક સુખદાયી. માટે અવિવેકનો વિષની પેઠે પરિત્યાગ કરીને, અમૃત સમાન વિવેકનું જ ગ્રહણ કરવું જોઈએ.

પોતાની નિંદાના વિષયમાં પણ વિવેકી આ પ્રકારનો વિવેક રાખે છે.

'आत्मानं यदि निन्दन्ति, निन्दन्ति स्वयमेव हि।
शरीरं यदि निन्दन्ति, सहायास्ते जना मम॥
निन्दावमानावत्यन्तं भूषणं यस्य योगिनः।
धीविक्षेपः कथं तस्य, वाचाटैः क्रियतामिह॥'

જો તેઓ આત્માની નિંદા કરે છે, તો તેઓ પોતાની જ નિંદા કરે છે, કારણકે સર્વ શરીરોમાં એક જ આત્મા છે. જો તેઓ શરીરાદિની નિંદા કરે છે, તો તેઓ મારા સહાયક બની જાય છે; કારણકે શરીરાદિની અમે પણ નિંદા કરીએ છીએ. અમે પણ કહીએ છીએ કે—આ શરીર મળમૂત્રનો થેલો છે. એમાં ગંદકી જ ગંદકી ભરી છે, કશી પણ સારી વસ્તુ નથી. આ પ્રકારે વિમલ વિવેક દ્વારા યોગીજનને માટે શરીરની નિંદા તથા અપમાન દૂષણને બદલે ભૂષણ બની જાય છે, દુઃખને બદલે સુખ આપે છે. માટે દુર્ગુણી, બકવાદ કરનાર લોકો વિવેકી, ભદ્ર પુરુષની વિવેકવાળી બુદ્ધિમાં નિંદા વગેરે વડે વિક્ષેપ કેવી રીતે પેદા કરી શકે? ન પેદા કરી શકે.

દુનિયામાં તૃપ્તિ આપનારા કેટલાય પ્રકારના રસ છે. ખાવાનો, જોવાનો, સાંભળવાનો વગેરેનો જુદો જુદો રસ હોય છે. માટે લોકો કહે છે કે-અમુક ચીજ બહુ સારી બની હતી; તેને ખાવાની ખૂબ મજા પડી. કાલે સિનેમા અથવા નાટક જોવામાં ખૂબ રસ પડયો. લોકો 'વાહ, વાહ' કરીને તેને માટે તાળીઓ પાડે છે. તેનું લેકચર અથવા ગાયન એટલું તો સરસ

હતું કે વાત શી કરીએ, ભાઈ? તેણે કમાલ કરી. હસી હસીને અમને પેટમાં દુખવા લાગ્યું. આ પ્રકારે પારકી નિંદા પણ એક જાતનો મનને તૃપ્ત કરનારો રસ છે. સંસારમાં તેના રસિયા થોડા નથી, બહુ મળશે. તેના રસનું આસ્વાદન વાણી તથા કાન-બંને વડે લઈ શકાય છે. તેનાથી મૂઢ માણસને ખુબ તૃપ્તિ તથા આનંદ મળે છે. તેથી તે પોતાનો અમૂલ્ય સમયનો મોટો ભાગ તેમાં બરબાદ કરી દે છે. વિવેકી વિચાર કરે છે કે-મારી નિંદાથી જો કોઈ મનુષ્ય રાજી થતો હોય, તો તેથી મારે નારાજ નહિ--પણ પ્રસન્ન થવું જોઈએ; કારણકે વિવેકીનો એવો સ્વભાવ હોય છે કે કોઈ પણ પ્રકારે જનતા-જનાર્દનને પ્રસન્ન રાખવા, નારાજ ન થવા દેવા. તેથી અદ્વૈતબ્રહ્મ વિદ્યાના આચાર્યે શ્રીવિદ્યારણ્યસ્વામીએ 'જીવન્મુક્તિ'નામના સંસ્કૃત ગ્રંથમાં આ પ્રકારે કહ્યું છે—

'मन्निन्दया यदि जनः परितोषमेति,
नन्वप्रयत्नसुलभोऽयमनुग्रहो मे।
श्रेयोऽर्थिनस्तु पुरुषाः परितुष्टिहेतोः,
दुःखार्जितान्यपि धनानि परित्यजन्ति॥
सततसुलभदैन्ये निःसुखे जीवलोके,
यदि मम परिवादात् प्रीतिमाप्नोति कश्चित्।
परिवदतु यथेष्टं मत्समक्षं तिरो वो,
जगति हि बहुदुःखे दुर्लभः प्रीतियोगः॥'

જો મારી નિંદાથી કોઈ મનુષ્ય સંતુષ્ટ થાય, તો તેનો મારા પર પ્રયત્ન કર્યા વગર-સુલભ અનુગ્રહ છે; કારણ કે તે નિંદા દ્વારા પોતે સંતોષ પામે છે અને સાથે સાથે મારાં પાપોનો નાશ કરી મને પવિત્ર પણ બનાવે છે. તે તેનો અનુગ્રહ નહિ, તો બીજું શું છે? જેમ પ્રસન્નતાપૂર્વક મફત કોઈનાં મેલાં

સદા અનુદ્વિગ્ન અને આનંદમય રહેવું એ કુશળતા છે ૩૦૧

કપડાં ધોઈને સાફ કરી આપે, તેને કોઈ સમજદાર પુરુષ ખરાબ નહિ, પણ ભલો માણસ-ઉપકાર કરનાર માણસ માને છે, તેની કૃપાદૃષ્ટિ જ મનાય છે; કલ્યાણની ઇચ્છા રાખનારો ભદ્ર પુરુષ બીજાના સંતોષ માટે શું નથી કરતો ? મહામહેનતે એકઠું કરેલું ધન પણ ખરચી નાંખે છે; કોઈ દાની, ઉદાર પુરુષ ધર્મ-શાળા, તો કોઈ કૂવા, તો કોઈ દવાખાનું, વિદ્યાલય વગેરે, લાખો રૂપિયા ખરચીને, બનાવે છે. શા માટે ? જનતા જનાર્દનને સંતોષ આપવા જ. અર્થાત્ કોઈ પણ રીતે પ્રાણીઓને સંતુષ્ટ તથા સુખી કરવા, તેજ સત્પુરુષોનું કર્તવ્ય છે. યોગવાસિષ્ઠમાં કહ્યું છે—

'येन केन प्रकारेण, यस्य कस्यापि प्राणिनः।
संतोषं जनयेद् राम! तदेवेश्वरपूजनम् ॥'

વસિષ્ઠજી કહે છે—હે રામ! ગમે તે પ્રકારે ગમે તે કોઈ પ્રાણીને સંતુષ્ટ કરવો, તે જ ઇશ્વરપૂજન છે.

આ દુનિયામાં જ્યાં જુવો ત્યાં સુલભતાથી દીનતા જ દીનતા દેખાય છે. દીનતા વગરનો, નિઃસ્પૃહ, શાન્ત માણસ લાખોમાં તો શું-કરોડોમાં પણ કોઈ એક મહામાનવ ભાગ્યે જ મળે તો મળે. કોઈ ધનને માટે દીન બની રહ્યો છે, કોઈ મનપસંદ સ્ત્રીને માટે, કોઈ પુત્રને માટે, તો કોઈ સત્તાને માટે તેથી આ જીવલોક અનેક પ્રકારની દીનતાઓને કારણે સુખથી રહિત બની ગયો છે. જ્યાં અનેક પ્રકારની ઇચ્છાઓ ભરેલી હોય, ત્યાં દીનતાનું જ દુઃખ રહે છે, નિઃસ્પૃહતાનું શુદ્ધ મહાન સુખ નથી રહેતું. મૂઢ માનવ જીવન પર્યંત અનેક પ્રકારની ઇચ્છાઓ રાખતો રાખતો, તેમના દ્વારા દીનતાના દુઃખનો અનુભવ કરતો કરતો જ મરી જાય છે; રોતો રોતો જ આવે છે, રોતો રોતો

જીવે છે અને રોતો રોતો જ મરી જાય છે. કોઈ ફક્કડ જ હસવાનું જાણે છે. તે આનંદમાં જીવે છે, અને આનંદમાં મરી જાય છે. વિવેકી પુરુષો વિચાર કરે છે કે–આ પ્રકારના દુઃખ–બહુલ સંસારમાં જો કોઈ મારી નિંદાથી રાજી થતો હોય, તો તેને તેમાંથી અટકાવવો જોઇએ નહિ. તેથી ભલે તે મારી સામે કે મારી પરોક્ષમાં મારી નિંદા કરતો રહે. મને તેથી ઉદ્વેગ થતો નથી, પણ હું રાજી જ થાઉં છું; કારણ કે આ જગત્‌માં પ્રસન્નતાનો સંયોગ દુર્લભ મનાયો છે. સુખનો સંયોગ બહુ મુશ્કેલીથી પ્રાપ્ત થાય છે. દુઃખનો સંયોગ તો ડગલે ને પગલે, ન ઇચ્છવા છતાં, આવી પડે છે. આ સર્વના પ્રત્યક્ષની વાત છે.

સારા–નરસા બધા જ શબ્દો આકાશનો ગુણ છે. તેથી તે સમવાય સંબંધથી આકાશમાં જ રહે છે; મારામાં–નિર્ગુણ, વિશુદ્ધ અંતરાત્મામાં રહી શકતા નથી. તેથી હું તેમનાથી વિકૃત બની શકતો નથી. આવા પ્રકારના વિવેકનું સામર્થ્ય સર્વથા પ્રશંસનીય છે, તથા નિતાન્ત (અત્યંત) સ્પૃહણીય છે. તે અસાર વસ્તુમાંથી પણ સાર ગ્રહણ કરીને સદા આનંદમય જીવનનો હેતુ બની જાય છે.

આ સંસાર કાચના વિશાળ મહેલ જેવો છે. ઘણું કરીને જે મનુષ્ય જેવો છે, તેનું તેવું જ પ્રતિબિંબ પડે છે; અર્થાત્ જે મનુષ્ય જેવો હોય છે, તેને ઘણું કરીને (આમાં અપવાદ પણ હોય છે) સંસાર પણ તેવો જ કહેવા લાગે છે. તેથી જો કોઇ અમુક બાબતમાં તમારી નિંદા કરે, તો તેને સાંભળીને અભિમાનથી ક્રોધ ન કરવો જોઈએ, પણ શાન્ત બુદ્ધિથી તેનો વિચાર કરવો જોઈએ. જો તે નિન્દા વાસ્તવિક હોય; તો તમારે નારાજ થવું તે નકામું છે. તમારે તમારૂં જીવન સુધારવું જોઇએ. જે ત્રુટીઓને જોઈને દુનિયાના લોકો તમારી નિંદા કરે છે, તેમને દૂર કરવા

તમારે પ્રયત્ન કરવો જોઈએ. તે નિંદા કરનારાઓ કેવલ તમારી નિંદા જ નથી કરી રહ્યા, પણ તમને તમારી તે ત્રુટીઓથી સાવધાન પણ કરી રહ્યા છે. તેથી તેઓ તમારા ઉપકારી પણ છે.

જો તેઓ જુઠ્ઠી જ નિંદા કરી રહ્યા છે, તો પૂર્વોક્ત વિવેકનું સામર્થ્ય સંપાદન કરીને આનંદપૂર્વક તેને સહન કરી લેવી જોઈએ. માટે શ્રીરામકૃષ્ણ પરમહંસદેવ કહેતા હતા કે– સર્વ અક્ષરો એક-એક છે, પણ 'સ' અક્ષર ત્રણ છે–સ, શ તથા ષ; અર્થાત્ દંત્ય, તાલવ્ય તથા મૂર્ધન્ય. તેમનું તાત્પર્ય છે–સહો, સહો અને સહો (સહન કરો.) સંસારમાં જે જેટલું સહન કરી શકે છે, તે તેટલો જ મહાત્મા બને છે. માટે કોઈ પાસેથી વિરૂદ્ધ વાતો સાંભળીને તેના વિરોધી ન બનવું જોઈએ; પણ વિચારશીલ, પવિત્ર મનથી વિરોધનું કારણ શોધવું જોઈએ, તેને હઠાવવું જોઈએ. વિરોધ મિટાવવા માટે શાન્તિ તથા પ્રેમથી વ્યવહાર કરવાની ચેષ્ટા કરવી જોઈએ. માટે વિવેકી બનીને તમારા દોષોને જુવો, પારકા ગુણો જુવો–દોષો નહિ, જે પોતાના દોષોને જોતો રહે છે, તેને બીજાના દોષો જોવાનો તથા તેની સાથે વિરોધ કરવાનો અવસર જ મળતો નથી.

'या लोकद्वयसाधिनी तनुभृतां सा चातुरी चातुरी।'

બુદ્ધિની ચતુરાઈ તે છે કે જેનાથી આ લોક તથા પરલોક– બંને સુધારીને માણસ સુખશાન્તિ પ્રાપ્ત કરે છે. બુદ્ધિ દ્વારા તે જુવે છે કે–

'अनित्यानि शरीराणि, विभवो नैव शाश्वतः।
नित्यं सन्निहितो मृत्युः, कर्तव्यो धर्मसंग्रहः॥'

આ શરીર અનિત્ય છે, એક દિવસ જરૂર નાશ પામીને ધૂળમાં મળી જવાનું છે. કોઈનું પણ શરીર સદાને માટે રહ્યું

નથી, અને રહેવાનું નથી. માટે એ નિયમ છે કે–आया है सो जायगा, राजा रंक फकीर; कोउ सिंहासन चल चढा, कोउ बँध जंजीर. અને આ ધનાદિ વૈભવ પણ શાશ્વત અર્થાત્ હમેશાં રહેનારો નથી. આજે છે ને કાલે નથી. એક દિવસ તારો વિયોગ જરૂર થવાનો છે. संयोगा विप्रयोगान्ताः। સંયોગનો અંત વિયોગ છે. જો પદાર્થનો સંયોગ થયો છે, તેનાથી એક દિવસ જરૂર વિયોગ થશે. દુનિયામાં બે પદાર્થ જોવામાં આવે છે–એક ભોકતા અને બીજું ભોગ્ય. સ્ત્રી, પુત્ર, ધન, મકાન, જમીન વગેરે પદાર્થો ભોગ્ય છે, તથા તેમને 'મારું, મારું' કહેનારો તથા તેમનામાં આસક્તિ વધારનારો ભોક્તા છે. એવો અટલ નિયમ જોવામાં આવે છે કે–કોઈ વખત ભોગ્ય ભોક્તાને છોડીને ચાલી જાય છે, તો કોઈ વખત ભોક્તા ભોગ્યને છોડીને મરી જાય છે.

કેટલાંક વર્ષો પહેલાં બિહારમાં ધરતીકંપ થયો હતો. તે વખતે હું કાશીમાં ભણતો હતો. અખબારોમાં ધરતીકંપના અનિષ્ટ સમાચાર વિચારપૂર્વક છપાતા હતા. તેમને વાંચીને બે ત્રણ મહાત્માઓને વિચાર થયો કે–ત્યાં જઈને ત્યાંનું દૃશ્ય આંખોથી જોવું જોઈએ કે ત્યાં કેટલું ભારે નુકસાન થયું છે, તથા લોકોને કેવી રીતે કષ્ટોનો સામનો કરવો પડે છે. વિચાર અનુસાર અમે ત્રણ મહાત્માઓ કાશીથી રીટર્ન (આવવા–જવાની) ટિકિટ લઈને બિહારના મૂંગેર નગરમાં પહોંચ્યા. સ્ટેશન પર ઉતરતાં વેંત જ અમે લોકોને પૂછવું શરૂ કર્યું કે–કહો ભાઈ, શું શું બન્યું? લોકો પ્રશ્નોના ઉત્તરરૂપે ત્યાંનાં રોમાંચકારી અનિષ્ટ દૃશ્યોનું વર્ણન કરતા હતા. એટલામાં ત્યાં એક મારવાડી સજ્જન આવ્યા. તેમના ખભા પર એક કામળો તથા હાથમાં દોરી લોટો હતાં તેમને પણ અમે પૂછ્યું–બતાવો, શું

થયું ? તેમણે જવાબ આપ્યો–મહારાજ ! કૃપા કરીને આ બેન્ચ પર બેસી જાઓ હું મારો ધરતીકંપ સંભળાવું છું. હું મારવાડનો રહેવાસી વાણિયો છું. લગભગ ૩૦ વર્ષ પહેલાં અહીં કંઈક કમાવા માટે આવ્યો હતો. સદ્‌ભાગ્યે અહીં આવતાં જ મારો કામધંધો સારો ચાલ્યો. પ્રથમ તો હું નોકરી કરતો હતો, પણ ધીરે ધીરે શેઠની ભાગીદારીમાં વેપાર કરવા માંડયો. ભગવાનની કૃપાથી મારી ચઢતી થઈ. હવે હું મુનીમને બદલે એક નાનો શેઠ બની ગયો. પછી મેં સ્વતંત્ર વેપાર કરવો શરૂ કર્યો. વેપારમાં ખૂબ કમાણી થઈ. હું લાખોનો ધણી થઈ ગયો. મકાન બનાવ્યું, દુકાન બનાવી. લગ્ન થયું. બાલબચ્ચાં થયાં. સ્ત્રી પણ બિચારી સારી હતી, તેથી મારો ગૃહસ્થાશ્રમ પણ બહુ સારો ચાલતો હતો. જોતાં જોતાંમાં ૩૦ વર્ષ પૂરાં થઈ ગયાં. અઢાર વર્ષનો છોકરો હતો, તે હું હવે અડતાલીસ વર્ષનો આધેડ બની ગયો.

કોણ જાણતું હતું કે–ક્યારે શું થશે ? હું મારી દુકાનેથી કોઈ કામ માટે બે માઈલ દૂર આવેલા એક ગામડામાં ગયો હતો; અને ધરતીકંપ થયો. પૃથ્વી હાલવા લાગી ત્યાંથી આવીને જોઉં છું, તો આખું નગર નષ્ટ થઈ ગયું છે. મોટાં મોટાં મકાન હવે માટી તથા રોડાંના ઢગલાના રૂપમાં દેખાતાં હતાં. મારી દુકાનની તથા મકાનની પણ એ જ દશા થઇ હતી. એ ટીંબાઓમાં શોધતાં છતાં ખબર પડતી ન હતી કે દુકાન કયી જગ્યાએ હતી, મકાન કયા સ્થાન પર હતું, બધું જ માટીમાં મળી ગયું. મકાનમાં પત્ની તથા ચારેય બાળક દબાઈને સમાપ્ત થઈ ગયાં. નગદ સોનું, ચાંદી વગેરે સામાન જરા પણ મળ્યો નહિ. હવે મને ૩૦ વર્ષ પહેલાંની મારી દશા યાદ આવી. તે સમયે હું મારવાડથી ખભા પર કામળો મૂકીને અને હાથમાં દોરીલોટો લઈને એકલો જ અહીં આવ્યો હતો. મારી પાસે બીજું કશું ન હતું. અત્યારે

પણ હું એવો જ બનીને અહીંથી એકલો જ મારા દેશમાં જઇ રહ્યો છું. વચમાં ૩૦ વર્ષનું મને એક સ્વપ્ન જેવું આવી ગયું. પહેલાં હું કોઇક કોઇકવાર સત્સંગમાં જતો હતો. પણ ત્યાંની વાતો મારા સમજવામાં આવતી ન હતી. મહાત્મા લોકો કહેતા હતા કે-આ સંસાર સ્વપ્નની પેઠે છે મિથ્યા છે. ત્યારે હું હસતો હતો કે આ બાવા લોકો આ સંસારને સ્વપ્ન કેવી રીતે કહે છે! જે પ્રત્યક્ષ દેખવામાં આવે છે, તે કેવી રીતે જુઠું બની શકે? હવે મને આ ધરતીકંપે દૃઢ નિશ્ચય કરાવી આપ્યો કે-આ જગત્ બિલકુલ સ્વપ્ન જ છે. તેમાં મારો પ્રત્યક્ષ અનુભવ છે. એકલો આવ્યો હતો; હવે એકલો જાઉં છું. ખાલી હાથે આવ્યો હતો; ખાલી હાથે જાઉં છું. આ મારો ધરતીકંપનો વૃત્તાન્ત છે. મહારાજ, પરમાત્માને જ સાચો કહેનારા આપ લોકો સાચા પડ્યા, તથા સંસારને સાચો કહેનારા અમે સંસારી લોકો જુઠા પડ્યા. હવે હું જાઉં છું. નમસ્કાર!

આ વૃત્તાન્તથી એ સિદ્ધ થાય છે કે-ભોક્તા તો એવો ને એવો જ રહ્યો, પણ તેના પ્રારબ્ધના નિમિત્તથી થોડાક સમયને માટે ભોગ્ય પદાર્થો આવ્યા અને ચાલ્યા ગયા. કેટલીક વાર તેનાથી વિપરીત પણ જોવામાં આવે છે. ભોગ્ય અહીં રહી જાય છે, અને ભોક્તાને ચાલ્યા જવું પડે છે. ભોક્તાએ ખૂબ પરિશ્રમથી ભોગ્ય પદાર્થો એકઠા કર્યા. સરસ મકાન બનાવ્યું, કારખાનું ખોલ્યું, મોટર લીધી, સ્ત્રી-પુત્ર-પરિવાર એકઠો થયો. ખૂબ ધન જમા કર્યું. પણ તે જ વખતે કાલદેવતાની ઘંટડી અકસ્માત્ વાગી જાય છે. મનના સર્વ મનોરથ મનમાં જ રહી જાય છે. અને ન ગમતાં છતાં અહીંથી એકલા જ, રડતા રડતા, જવું પડે છે. આ વિષયમાં કોઈ મહાનુભાવે બહુ સુંદર કહ્યું છે કે—

'धनानि भूमौ पशवश्च गोष्ठे,
नारी गृहद्वारि जनाः श्मशाने।
देहश्चितायां परलोकमार्गे,
कर्मानुगो गच्छति जीव एकः॥'

જે સમયે તે જીવ અહીંથી મટી જાય છે, તે સમયે ખૂબ મહેનતથી એકઠું કરેલું ધન પણ જ્યાંનું ત્યાં જ રહી જાય છે. પૃથ્વીમાં દાટેલું હોય, તીજોરી અથવા બેન્કમાં રાખ્યું હોય, તો તે ત્યાં જ રહી જાય છે. તે જુઠા માલિક બનનારની સાથે, અનેક પ્રકારનાં છળ કપટ વગેરે પાપ કરીને કમાનારની સાથે તે જતું નથી. હાથી, ઘોડા વગેરે પશુ ગોષ્ઠમાં જ બાંધેલાં રહી જાય છે. તે પણ સાથે જતાં નથી. અત્યંત પ્યારી, અર્ધાંગિની કહેવાતી, સ્ત્રી પણ પોતાના સ્વાર્થ માટે (મરનાર માટે નહિ) રડતી રડતી ઘરના બારણા પર જ રહી જાય છે. તે પણ સાથે જતી નથી. ભાઈ, બંધુ વગેરે કુટુંબી લોકો પણ સ્મશાન સુધી સાથે જાય છે. આગળ તે પણ જતા નથી. બીજાઓની તો વાત જ શી કરવી? આ શરીર પણ સાથે જતું નથી. જેના લાલન-પાલન માટે કોઈ પણ પ્રકારની કસર રાખી ન હતી, જેની ખૂબસૂરતી માટે ખૂબ સાબુ, તેલ, ફૂલેલ વગેરે લગાવતા રહ્યા, વાળનાં ફેન્સી પટીઆં પાડતા રહ્યા, જેને ખાસ આત્મા જ માનતા રહ્યા, તે પોતાનું શરીર પણ ચિતા સુધી જ ભસ્મ સાથે રહે છે. અર્થાત્ ચિતાના અગ્નિથી બળી જઈને ત્યાં જ ભસ્મ થઈ જાય છે. આ પ્રકારે જીવ સાથે બીજું કોઈ જતું નથી. એકમાત્ર ધર્મ સાથે જાય છે, અને તે જ અનેક પ્રકારનાં સંકટોમાંથી રક્ષણ કરે છે તથા સુખ દે છે.

તેથી કબીરના પુત્ર કમાલે કહ્યું છે કે—

'आसरा लेहूँ उस राम रघुनाथका,
बैठ चौगानमें गाड टाटी।
हक्क रहेगा वही जिन खलक पैदा किया,
और सब हो जायेंगे खाख माटी।
अमीर उमराव दिन चारके चोंचले,
छोड जायेंगे वाजार हाथी।
कहे कमाल कबीरका बालका,
धर्म और भजन दोनों जायेंगे साथी।'

અવિવેકી માણુસ સમજે છે કે-મારું શરીર બળવાન છે, ધનાદિ સંપત્તિ પણ ખૂબ છે. તેથી હમણાં તો અનેક પ્રકારના સાંસારિક વિષયોનો ખૂબ ઉપભોગ કરી લઉં. પછી ઘરડો થઈ જઈશ, ત્યારે ધર્માનુષ્ઠાન તથા ભગવદ્-ભક્તિ કરીશ, પણ આ તેની અભિલાષા ભ્રાન્ત છે, કારણ કે नित्यं संनिहितो मृत्युः, અર્થાત્ મૃત્યુ સદા શિર પર જ ગરજી રહ્યું છે. ખબર નથી કે તે ક્યારે આવીને જીવન નષ્ટ કરી નાખશે. એક ઘડી પણ જીવવાનો વિશ્વાસ નથી. માટે કહ્યું છે કે-

'अरे! भज हरेर्नाम, क्षेमधाम क्षणे क्षणे ।
बहिः सरति निःश्वासे विश्वासः कः प्रवर्तते ॥'

અરે મૂઢ! કલ્યાણના ધામરૂપ, શ્રી પરમેશ્વરનું શુભનામ પ્રત્યેક શ્વાસે શ્રદ્ધાપૂર્વક જપતો રહે. બહાર નીકળતો શ્વાસ પાછો નાસિકામાં અંદર જશે જ-એવો વિશ્વાસ કોને હોઈ શકે? શું કોઈ યમરાજ પાસેથી જીવનની પાકી ગેરન્ટી કરાવીને-તેની મહોર (છાપ) લગાવીને અહીં આવ્યું છે? માટે

'काल करे सो आज कर, आज करे सो अब।
अवसर बीतो जात है, फिर करेगो कब? ॥'

માટે વિવેકી પુરુષ આ ક્ષણભંગુર તથા મહામલિન શરીરમાં અહંતાનો, તથા ધનાદિ પદાર્થોમાં મમતાનો પરિત્યાગ કરીને, પોતાના કલ્યાણ માટે એકમાત્ર તે વિશ્વાત્મા, સત્ય, સનાતન, નારાયણની જ અનન્ય પ્રેમથી આરાધના કરતો રહે છે. તેજ તેની બુદ્ધિની સાર્થકતા છે. આ પ્રકારની, સારાસારનું વિવેચન કરવામાં કુશળ બુદ્ધિ ભગવાનનું સ્વરૂપ છે. તથા તેજસ્વીઓનું તેજ પણ ભગવાનનું સ્વરૂપ છે. તેમનામાં જે પ્રગલ્ભતા છે, તે જ તેમનું તેજ છે, જે બીજાઓનો અભિભવ કરવાનું સામર્થ્ય ધરાવે છે, તથા બીજાઓથી કોઈ દિવસ અભિભૂત થવા દેતું નથી. એવું તેજ ધર્માનુષ્ઠાનથી, સંયમ-સદાચારથી, ઈશ્વરની ઉપાસનાથી તથા તત્ત્વજ્ઞાનથી જ પ્રાપ્ત થાય છે. એવા તેજસ્વી મહાપુરૂષ જ શ્રદ્ધેય છે, દર્શનીય છે, વંદનીય છે તથા માન્ય છે-જેમની અંદર સ્વયંભગવાન તેજરૂપે દર્શન આપી રહ્યા છે.

(૧૧)

'बलं बलवतामस्मि, कामरागविवर्जितम् ।
धर्माविरुद्धो भूतेषु, कामोऽस्मि भरतर्षभ ! ॥'

(ગી ૭,૧૧)

હે ભરતશ્રેષ્ઠ અર્જુન! હું બલવાનોનું કામ અને રાગથી રહિત બલ-અર્થાત્ સામર્થ્ય છું. હું સર્વ ભૂતોમાં ધર્મશાસ્ત્રને અનુકૂલ કામ છું.

જગદીશ્વર આનંદનિધિ ભગવાન શ્રી કૃષ્ણ ફરીથી પોતાનો પરિચય આપી રહ્યા છે. બલવાનોમાં હું બલરૂપે વિદ્યમાન છું. જગત્‌માં કોણ બલને નથી ચાહતું? બલ વિના કોઈ પણ કાર્ય થઈ શકતું નથી. જે જે કાર્ય હોય છે, તે સર્વ બલ દ્વારા જ

થતાં દેખાય છે. બલ હોય તો જ આંખો જુવે છે, કાન સુણે છે, જીભ બોલે છે, હાથ આપ લે કરે છે, પગ ચાલે છે. બલ ન હોય, તો આંખ, કાન વગેરે કોઈ પણ પોતાનું કાર્ય કરી શકતું નથી. માટે સંસારમાં સર્વ પોતપોતાનું કાર્ય કરવા માટે બલવાન બનવા ચાહે છે. જેવી રીતે વિદ્યા, વિવેક વગેરે અંદરના પદાર્થોથી બલ પ્રાપ્ત થાય છે, તેવી રીતે ધન, જન, અધિકાર વગેરે બહારના પદાર્થોથી પણ બલ પ્રાપ્ત થાય છે. માટે વિદ્યાબલ, વિવેકબલ વગેરે અંદરનાં બલ, તથા ધનબલ, જનબલ, અધિકારબલ વગેરે બહારનાં બલ મનાયાં છે.

પરંતુ એ બલ બે પ્રકારનાં છે. એક કામરાગવિવર્જિત, અને બીજું કામરાગસંયુક્ત. જે કામરાગરહિત બલ છે, તે ભગવાનનું સ્વરૂપ છે. તેનાથી દુઃખ નિવૃત્ત થાય છે, તથા પરમ સુખની પ્રાપ્તિ થાય છે. માટે તેજ પ્રશંસનીય તથા ઉપાદેય છે. બીજું જે કામરાગસંયુક્ત છે, તે માયાનું સ્વરૂપ છે. તે બલ ગર્હણીય (નિન્દાયોગ્ય) તથા ઉપેક્ષણીય છે. તેનાથી બધાં સુખોનો વિનાશ તથા વિવિધ દુઃખોની પ્રાપ્તિ થાય છે. પ્રથમના બલથી જીવોનો અભ્યુદય તથા નિઃશ્રેયસ સિદ્ધ થાય છે, અને બીજા બલથી પતન તથા વિનાશ સિદ્ધ થાય છે. કામ અને રાગ શું છે? તેમને બતાવે છે. જે અભીષ્ટ પદાર્થ અપ્રાપ્ત છે, પ્રાપ્તિનાં કોઈ કારણ પણ ઉપસ્થિત નથી, ભવિષ્યમાં તેમના મળવાની કોઈ સંભાવના પણ નથી, છતાં તે પ્રાપ્ત થાઓ—એવી અભિલાષારૂપ, રજોગુણી. તીવ્ર, ચિત્તવૃત્તિવિશેષનું નામ 'કામ' છે. કોઈ પણ પ્રકારે તે ઈષ્ટ પદાર્થ પ્રાપ્ત થઈ ગયો, તેના ક્ષયનાં તથા વિનાશનાં અનેકવિધ કારણ પણ ઉપસ્થિત છે, છતાંયે તે પ્રિય વિષય ક્ષીણ ન થાઓ, નષ્ટ ન થાઓ—આ પ્રકારની, તદ્વિષયક (તે વિષયની) પ્રેમાતિશયવાળી, રંજનરૂપ, ચિત્તવૃત્તિ-

વિશેષનું નામ 'રાગ' છે. કામ અને રાગથી રહિત, સાત્ત્વિક બળ બ્રહ્મજ્ઞાની, વિવેકી, ભગવદ્-ભક્ત, મહાપુરુષોમાં વિદ્યમાન છે. તથા સંસારમાં આસક્ત, વિવેકહીન, મૂઢ પ્રાણીઓમાં કામરાગ-સંયુક્ત, રાજસ-તામસ બળ છે. માટે ભર્તૃહરિજીએ વિવેકી તથા મૂઢની પરસ્પર વિલક્ષણ દશાઓનું વર્ણન કરતાં, વૈરાગ્ય શતકમાં કહ્યું છે કે—

'ब्रह्मज्ञानविवेकिनोऽमलधियः कुर्वन्त्यहो दुष्करं.
यन्मुञ्चन्त्युपभोगभाञ्ज्यपि धनान्येकान्ततो निःस्पृहाः।
न प्राप्तानि पुरा न संप्रति न च प्राप्तौ दृढप्रत्ययो,
वाञ्छामात्रपरिग्रहाण्यपि परं त्यक्तु न शक्ता वयम्॥

બ્રહ્મ-અંતરાત્માના યથાવત્ જ્ઞાનથી જેમને સત્-અસત્, હેય-ઉપાદેય વગેરેનો યથાર્થ વિવેક થઈ ગયો છે, તથા જેમની બુદ્ધિ નિર્મલ છે-કામરાગરહિત છે, તે મહાનુભાવો મૂઢ પુરુષોને માટે બહુ દુષ્કર કાર્ય કરે છે. તેઓ ઉપભોગના સાધનરૂપ, અનેક પ્રકારનાં ધનોનો પરિત્યાગ કરીને, સર્વથા નિઃસ્પૃહ બની જાય છે. તેમની એ વિરક્ત દશા કેટલી સરસ છે, કે જે સદા શાન્તિ તથા આનંદને આપે છે? પરંતુ અમારી-મૂઢોની ઉદ્વેગ તથા દુઃખ આપનારી, આગર્હિત (નિંદાયોગ્ય) દશાને જુવો. અમને ઉપભોગનાં સંપાદક ધન પહેલાં પણ કદી પ્રાપ્ત થયાં ન હતાં; વર્તમાનમાં પણ પ્રાપ્ત થયાં નથી; અને ભવિષ્યમાં તેમને પ્રાપ્ત કરવાનો દૃઢ વિશ્વાસ પણ થઈ શકતો નથી, છતાં અમે તેમને વાંછામાત્રથી (ચાહના માત્રથી) પકડી રાખ્યાં છે. અર્થાત્ પ્રત્યક્ષથી તો તેમનો કશો લાભ મળતો નથી; મનોરથ-માત્રથી તેમનામાં અમે રમણ કરી રહ્યા છીએ-આસક્તિ બાંધી બેઠા છીએ. અને તે મહાપુરુષો તો વિવેકબળ વડે પ્રત્યક્ષ પ્રાપ્ત વિષયોનો પરિત્યાગ કરી દે છે, તેમનાથી

નિઃસ્પૃહ બની જાય છે. પરંતુ અમે મૂઢ લોકો તો મૂઢતાને કારણે તે અપ્રાપ્ત વિષયોનો પણ પરિત્યાગ કરી શકતા નથી, એ કેટલી ખેદ તથા લજ્જાની વાત છે?

આ સંસાર ચલાચલીનો મેળો છે. કોઈ આજ જાય છે, કોઈ કાલે ગયા, કોઈ જવા માટે તૈયાર ખડા છે. જડ અથવા ચેતન—જે કોઈ પદાર્થ અહીં આવે છે, તે જવા માટે જ; સદા રહેવા માટે નહિ. સદાને માટે નથી કોઈ રહ્યું, નથી કોઈ તેને રાખી શકતું. બાપ આવ્યો અને ગયો. સ્ત્રી સુખ દેવા માટે આવી, અને દુઃખ આપીને ચાલી ગઈ. હસાવવા માટે પુત્ર આવ્યો, અને રડાવીને ચાલ્યો ગયો. ધન આવ્યું અને ગયું. રાત તથા દિવસ, સુદ તથા વદ, શરદ્ તથા વસંત, ફાગણ તથા ચૈત્ર આવ્યાં, અને ઝટપટ ચાલી ગયાં. હોળી અને દિવાળી આવી, અને જોતજોતામાં ચાલી ગઈ. ક્યાં ગઇ, તેનો કોઈને પત્તો નથી. આ પ્રકારે આવવા જવાનો તે અટલ નિયમ સર્વત્ર જોવામાં આવે છે. છતાં મૂઢ માનવી તે વિનાશી પદાર્થોમાં કામ તથા રાગ બાંધીને દુઃખી થાય છે; અને વિવેકી પુરુષ કામ-રાગનો પરિત્યાગ કરીને સુખી થાય છે. તે પણ રાજર્ષિ ભર્તૃહરિજીએ કહ્યું છે—

'अवश्यं यातारः चिरतरमुषित्वाऽपि विषयाः,
वियोगे को भेदः त्यजति न जनो यत्स्वयममून्।
व्रजन्तः स्वातन्त्र्याद् अतुलपरितापाय मनसः,
स्वयं त्यक्ता ह्येते शमसुखमनन्त विदधति॥'

આ સ્ત્રી, પુત્ર, ધન વગેરે વિષયો લાંબા સમય સુધી રહેતાં છતાંયે છેવટે તો અવશ્ય જવાના જ છે. અર્થાત્ તે આપણને એક દિવસ વહેલામોડા પણ જરૂર છોડી જશે;

આપણી સાથે સદાને માટે રહેશે નહિ; તેમનો વિયોગ જરૂર થવાનો. છતાં તેમાં શો તફાવત છે? કે–જે માણસ સ્વયં વિચાર કરીને તેમનો ત્યાગ નથી કરતો, તે જ્યારે તે જબરદસ્તીથી જાતે જ ચાલ્યા જાય છે ત્યારે આસક્તિને કારણે મનને અતુલ સંતાપ આપીને જાય છે. જો કોઈ વિવેકી, વિચારશીલ મનુષ્ય પોતે જાતે જ તેમનો ત્યાગ કરી દે છે, તેમનામાં કોઈ પણ પ્રકારનો કામ–રાગ રાખતો નથી, તો તે ત્યજાયેલા પદાર્થો અનંત સુખશાન્તિ સમર્પણ કરે છે.

આ પ્રકારે કામરાગવિવર્જિત બળ ભગવાનનું સ્વરૂપ હોવાને કારણે મુક્તિસુખ આપે છે, અને કામરાગથી સંયુક્ત બળ માયાનું સ્વરૂપ હોવાને કારણે બંધન–દુ:ખ આપે છે. શ્રીરામ તથા શ્રીકૃષ્ણ પણ બળવાન હતા, તથા રાવણ અને કંસ પણ બળવાન હતા. તેમાં શ્રીરામ અને શ્રીકૃષ્ણના બળની સર્વ મુક્તકંઠે પ્રશંસા કરે છે; અને રાવણ તથા કંસના બળની નિંદા કરે છે. કારણ શું? કારણ એજ કે–શ્રીરામ તથા શ્રીકૃષ્ણનું બળ કામરાગવિવર્જિત હતું, સાત્ત્વિક હતું. તેવા પ્રશસ્ત બળનો કદી પરાજય થતો નથી. અને રાવણ તથા કંસનું બળ કામરાગ–સંયુક્ત હતું, રાજસ–તામસ હતું. તેવા નિન્દિત બળનો કદી વિજય થતો નથી. તે તેમનાં ચરિત્રોમાંથી જ નિશ્ચય થઈ જાય છે.

લંકાના મેદાનમાં એક તરફ વાનરોની સેના ખડી છે, અને બીજી તરફ રાક્ષસોની સેના. વાનર હમેશાં શાકાહારી જ હોય છે. તેઓ કદી મદ્યમાંસનું સેવન કરતાં નથી. ફળ, ફૂલ, મૂળ જ ખાઇને જીવે છે માટે વાનર સાત્ત્વિક બળવાળાં છે. રાક્ષસ મદ્યમાંસાદિનું સેવન કરે છે, માટે તે તમોગુણી છે, અને તેમની પાસે તામસ બળ છે. બંને બળોનો સંગ્રામ થાય છે, તેમાં

સાત્ત્વિક બળ જ તામસ બળ પર વિજયી થાય છે, અને તામસ બળ સાત્ત્વિક બળથી પરાજિત થાય છે.

તે પ્રકારે જગત્‌માં સાત્ત્વિક બળ-પછી ભલે તે વિદ્યાનું હોય, ધનનું હોય કે શરીરનું હોય-લોકોનાં દુઃખોનું નિવારણ કરીને સુખશાન્તિ આપે છે. અને તામસ બળ દુઃખોને વધારે છે, તથા સુખોનો વિનાશ કરે છે. માટે સાત્ત્વિક બળવાળા સજ્જન તથા તામસ બળવાળા દુર્જન કહેવાય છે. એક જગત્‌નું ભલું કરે છે, બીજા બૂરું. એક સ્વયં સુખી થાય છે, બીજા દુઃખી. માટે કોઈ નીતિશાસ્ત્રજ્ઞ મહોદયે યોગ્ય જ કહ્યું છે કે–

'विद्या विवादाय धनं मदाय,
शक्तिः परेषां परिपीडनाय।
खलस्य साधोर्विपरीतमेतत्,
ज्ञानाय दानाय च रक्षणाय॥'

દુર્જન મનુષ્યનું વિદ્યાબલ તામસ છે, તેથી તે વિવાદને માટે જ હોય છે. વિવાદ તત્ત્વનિર્ણયને માટે કરવામાં નથી આવતો, પણ પોતાને ઊંચો અને બીજાઓને નીચા બતાવવા માટે જ કરવામાં આવે છે. તેનું વિદ્યાબળ અભિમાન, દંભ, રાગ, દ્વેષ વગેરે દોષોને વધારે છે; અને વિનય, વિવેક વગેરે સદ્‌ગુણોનો નાશ કરી દે છે. તેમાં વિદ્યાનો દોષ નથી, પણ આધાર-પાત્રનો દોષ છે. જેવી રીતે જલ નિર્દોષ છે, તેને ગાયે પીધું, તેમાંથી મધુર દૂધનું નિર્માણ થયું. અને તે જ જલને સાંપે પીધું, તેમાંથી કટુ, મારક વિષ પેદા થયું. પેલો પુરુષ ખલ છે, દુષ્ટ છે, તેથી પોતાના દોષોને કારણે વિદ્યાનું શું ફળ હોવું જોઈએ તે સમજતો નથી; અથવા સમજતાં છતાં दीपं गृहीत्वा हि पतन्ति कूपे (દીવો લઈને કૂવામાં પડે છે)–તેવી તેની દશા થાય છે. શાસ્ત્રોમાં

વિદ્યાનું ફળ એ જ બતાવ્યું છે કે-विद्याफलं स्यादसतो निवृत्तिः। અસત્‌ની નિવૃત્તિજ વિદ્યાનું વાસ્તવિક ફળ છે. અસત્ સંસાર છે, તેની નિવૃત્તિ થાય, અને સત્-પરમાત્માની પ્રાપ્તિ થાય, એ જ વિદ્યાનું ખાસ પ્રયોજન છે. सा विद्या या विमुक्तये। વિદ્યા તે છે, કે જે વિમુક્તિ માટે બને, જે અનેક પ્રકારના દુર્ગુણોથી, સંસારના સંતાપોથી તથા અવિદ્યાથી મુક્તિ અપાવે તે જ વિદ્યા છે.

દુષ્ટ પુરુષોનું ધનબળ ગર્વને માટે જ હોય છે. ધનમદથી ઉન્મત્ત બનેલા તે મૂઢ લોકો તેના દ્વારા પુણ્યને બદલે પાપ કમાય છે, સ્વર્ગને બદલે નરક ખરીદે છે, જગત્‌ની ભલાઈ કરવાને બદલે બુરાઈ કરી જાય છે, કીર્તિને બદલે અહીં અપયશ મૂકી જાય છે; તથા જગત્‌ના પિતા પરમેશ્વરને પ્રસન્ન કરવાને બદલે ક્રુદ્ધ કરી દે છે. આ પ્રકારે દુષ્ટોનું શારીરિક બળ પણ લોકોને કષ્ટ પહોંચાડે છે, સંરક્ષણ નથી કરતું, શાપનો હેતુ બને છે, આશીર્વાદનો નહિ. કયો મનુષ્ય સ્વર્ગમાં જાય છે અને કોણ, નરકમાં-તેનો અહીં જ પત્તો લાગી જાય છે. તેમનાં શુભાશુભ આચરણ, તેમની નિંદાસ્તુતિ, વિદ્યા, ધન તથા શક્તિનો સદુપયોગ તથા દુરુપયોગ આ સર્વ તે બાબતનાં સૂચક બની જાય છે.

એક નગરમાં એક સત્સંગી, ધાર્મિક, બુદ્ધિમાન, વેપારી શેઠ રહેતા હતા. તેમની દુકાન વિખ્યાત રાજમાર્ગ પર આવેલી હતી. તે પોતાની દુકાનમાં તે જ મુનીમોને તથા નોકરોને રાખતા હતા, જેઓ સત્સંગી તથા ધાર્મિક હોય. તેને માટે તે તેમની અનેક પ્રકારની પરીક્ષાઓ કરતા. એક દિવસ તેમની દુકાનમાં બે માણસ નોકરી કરાવના અભિપ્રાયથી આવ્યા. શેઠજીને મળ્યા તેમણે નોકરીની અભિલાષા બતાવી. શેઠે કહ્યું-મારે નોકરની જરૂર છે. પણ હું પરીક્ષા કર્યા વગર, એમને એમ નોકર રાખતો

નથી. પરીક્ષા કરીને, તેમાં ઉત્તીર્ણ થાય તેને જ નોકરી આપું છુ. તમારે પણ પરક્ષા આપવી પડશે. જો પરીક્ષામાં નાપાસ થશો, તો હું નહિ રાખું; પાસ થશો તો રાખી લઇશ તેમણે બંનેએ કહ્યું-બહુ સ.રો વાત છે. આપ જેવી ચાહો, તેવી અમારી પરીક્ષા લઈ શકો છો. અમે પ.ીક્ષા આપવા તૈયાર છીએ. શેઠે હાથનો ઈશારો કરીને, એકને કહ્યું-ઠીક, આ મરેલો માણસ સ્વર્ગમાં જશે કે નરકમાં, તે મને કહો. તે વખતે તે રાજમાર્ગ પરથી એક મરેલા માણસની ઠાઠડી જઇ રહી હતી. તેનાં સગાં-સંબંધીઓ 'રામ બોલો, ભાઈ, રામ'નો અવાજ કરતા કરતા, તેની પાછળ-પાછળ જઈ રહ્યા હતા

શેઠની વાત સાંભળીને, પેલો નોકરીની અભિલાષા રાખનારો એક માણસ વિચારમાં પડી ગયો-આ કેવી વિલક્ષણ પરીક્ષા છે? તેનો પત્તો કેવી રીતે લાગે? પણ ત્યાં જવા દો. કોઈને પૂછવાથી પત્તો લાગશે. એવો વિચાર કરીને શેઠની અનુમતિ લઈને, તે ત્યાં પહોંચી ગયો. ઠાઠડીની સૌથી પાછળ ચાલનાર એક માણસને તે કહેવા લાગ્યો-મહાશય, હું આપને એક વાત પૂછવા માગું છું. આપ સંમતિ આપો, તો પૂછું. પેલાએ કહ્યું-ભલે બોલો, શું પૂછવા માગો છો? તે બોલ્યો-વાત એ છે કે આ મરેલો માણસ-જેની ઠાઠડી આગળ જાય છે તે-ક્યાં જશે? સ્વર્ગમાં કે નરકમાં? તેનો પ્રશ્ન સાંભળીને પેલો માણસ કટાક્ષમાં બોલ્યો-મહાશય, એમ કરો. તમે પણ તેમની સાથે જાઓ. સાથે જવાથી તમને પત્તો લાગશે કે તે કઈ તરફ જઈ રહ્યો છે. હવે તે પોતાની અનભિજ્ઞતા પ્રગટ કરતો બોલ્યો-અરે ભલા માણસ! તે સ્વર્ગમાં જઈ રહ્યો છે. કે નરકમાં-તે વાતનો પત્તો કેવી રીતે લાગી શકે? તેની તેવી વાત સાંભળીને તે પાછો શેઠ પાસે આવ્યો, અને બોલ્યો-શેઠજી, મરેલો પ્રાણી ક્યાં જાય

છે, તે વાતનો કોઈને પત્તો લાગી શકતો નથી. શેઠે તેને કહ્યું–તમે પરીક્ષામાં નાપાસ થયા. તેથી તમને હું મારી દુકાનમાં રાખી શકું તેમ નથી. એમ માલમ પડે છે કે–તમે કદી સત્સંગ કર્યો નથી; વીતરાગ, અનુભવી, વિદ્વાન મહાત્માઓનું પ્રવચન પણ સાંભળ્યું નથી. તેથી તમને એ વાતનો પત્તો ન લાગ્યો.

હવે શેઠે નોકરીની અભિલાષાવાળા બીજા માણસને કહ્યું–કહો, તમે પરીક્ષા આપી શકશો? તેણે કહ્યું–હાજી, આપ મારી પરીક્ષા લઈ શકો છો. શેઠ ઈશારો કરીને બોલ્યા ઠીક, તમે તેનો પત્તો મેળવો કે–આ ક્યાં જઈ રહ્યો છે. તે વખતે એક બીજું મડદું ત્યાંથી પસાર થતું હતું. પેલો બીજો માણસ સત્સંગનો પ્રેમી હતો. તેણે અનેક મહાત્માઓનાં પ્રવચન સાંભળ્યા હતાં. તેથી તે ત્યાંથી ઉઠીને, તે ઠાઠડી પાછળ જનારાઓની પાસે ગયો. તેમનામાંથી એકને તેણે વિવેકપૂર્વક પૂછયું–મહોદય, મહેરબાની કરીને કહો કે આ મરનાર મહાનુભાવનું શું શુભ નામ હતું? તેનો તેવો પ્રશ્ન સાંભળીને, તે મ્હોં બગાડીને બોલવા લાગ્યો–અરે ભાઈ, જવા દે. એનું નામ પૂછીને તું શું કરીશ? સવારમાં તેનું નામ લઈએ, તો સાંજ સુધી ખાવાનું ન મળે. આ આદમી એવો મકખીચૂસ કંજૂસ હતો કે ન પૂછો વાત. ચમડી તૂટે, પણ દમડી ન છૂટે. એંઠે હાથે તેણે એક કાગડાને પણ ઉરાડયો નથી. એવો લડકણો અને બદમાશ હતો, કે તેણે સર્વ કુટુંબીઓને તથા મહોલ્લાવાળાઓને હેરાન–પરેશાન કરી મૂકયા હતા. આ મહાનુભાવ શું, મહાનીચ હતો. તેના મરવાથી લોકોને ખૂબ રાહત મળશે. છળકપટથી તે બહુ ધન કમાયો, પણ તેણે કદી દાનપુણ્ય કર્યું નથી. જિંદગીભર માત્ર પાપ જ કમાતો રહ્યો છે, સારા માણસોની નિંદા જ કર્યા કરી છે. તે કદી નથી ગયો સત્સંગમાં કે નથી ગયો દેવદર્શને. તેના પ્રિય સાથી હતા–એક બિલાડો

અને એક કૂતરો. અંતસમય સુધી તે તેમને જ બોલાવતો રહ્યો. તેના પ્રાણ મહામુશ્કેલીથી નીકળ્યા. વળી તે ઉપેક્ષાનો ભાવ દેખાડતાં દેખાડતાં કહેવા લાગ્યો–અરે, ભાઈ, જવા દેને તેની વાત. कथापि खलु पापानामलमश्रेयसे यतः। અર્થાત્ પાપીઓની વાત પણ પાપ જ આપે છે; તેનાથી કોઈનું કશું યે ભલું નથી થતું. શું કરીએ? ન્યાતનો રહ્યો, તે અમારે તેની ઠાઠડી પાછળ ડાઘુ બનીને ચાલવું પડે છે, નહિ તો અમે કદી એમાં શામિલ જ ન થઈએ. એમ કહીને તે ચુપ થઈ ગયો.

તે માણસ હવે શેઠની પાસે આવીને કહેવા લાગ્યો–શેઠજી! તે મરી ગયેલા માણસને નરકની ટીકીટ મળી ગઈ છે. તે અહીંથી સીધો નરકમાં જઈ રહ્યો છે. શેઠે પૂછ્યું–તે તમે કેવી જાણ્યું? તેણે જવાબ આપ્યો–જેની અહીં બહુ નિંદા થાય છે, જેની અપકીર્તિ ફેલાઈ છે, જેના નામ પર લોકો નાક તથા મોં મચકોડે છે–તે નરકમાં જવાની સૂચના આપે છે. તેનો એવો ઉત્તર સાંભળીને શેઠ બહુ પ્રસન્ન થયા, અને ફરીથી કહેવા લાગ્યા–ઠીક, આ મરી ગયેલો માણસ ક્યાં જશે તે બતાવો. તે વખતે એક ફૂલોથી ખૂબ લદાયેલી ઠાઠડી–જેની પાછળ હજારો ડાઘુઓ જઈ રહ્યા હતા–ત્યાં આગળથી પસાર થતી હતી. તેનો પણ પત્તો લગાવવા માટે તે જે સમુદાય જઈ રહ્યો હતો. તેમાંથી કોઈની પાસે જઈ ને પૂછવા લાગ્યો–અરે:ભાઇ, આ કયા મહાનુભાવની નનામી છે? તેમનું શુભ નામ શું હતું? પેલો આદરપૂર્વક જવાબ આપવા લાગ્યો–અમુક નામવાળા આ મહાપુરૂષ અમારી જ્ઞાતિમાં બહુ જ ભલા માણસ હતા. બહુ ઉદાર તથા પરોપકારી હતા. બહુ ધાર્મિક તથા ભગવદ્-ભક્ત હતા. તેમણે પોતાના જીવનમાં ખરાબ કરનારનું પણ સારું જ કર્યું છે. તેમને કોઈનું પણ ખરાબ કરતાં આવડતું જ નહતું. સત્સંગ અને સેવા તો

તેમને પ્રાણ સમાન પ્રિય હતાં. નીતિથી કમાયેલા ધનનો તેમણે સારો સદુપયોગ કર્યો. અનેક સારાં કામો કર્યાં. તે વિનય અને નમ્રતાની તો સાક્ષાત્ મૂર્તિ હતા. તેમનાં હું શાં વખાણ કરું? સંક્ષેપમાં કહું તો તે અનેક સદ્‌ગુણોના રત્નાકર (સાગર) હતા. ભગવાન સારા માણસોને દુનિયામાં વધારે વખત જીવવા દેતા નથી, જલ્દીથી પોતાની પાસે બોલાવી લે છે. સાચે જ, અમે આજે તેમના વિયોગથી ખૂબ ખિન્ન થઈ ગયા છીએ. પણ ભગવાનની મરજી આગળ સર્વને લાચાર બનવું પડે છે એમ કહીને તે ચૂપ થઈ ગયો. તે માણસ શેઠની પાસે આવીને કહેવા લાગ્યો કે–શેઠજી, આ મહાનુભાવ સ્વર્ગમાં જઈ રહ્યા છે. જેમની અહીં મુક્તકંઠે પ્રશંસા થાય છે, તે સુંદર સુખપૂર્ણ ધામમાં જ જાય છે. તે ખરાબ સ્થાનમાં જઈ શકતા નથી. તેની એવી વાત સાંભળીને શેઠ બહુ પ્રસન્ન થયા, અને કહેવા લાગ્યા કે–તમે ખૂબ સત્સંગ કર્યો છે. માટે હું મારી દુકાનમાં તમને સાચા મિત્રની પેઠે અમુક પગાર આપીને મુનીમના પદ પર નીમું છું. મારો વિશ્વાસ છે કે તમે પ્રામાણિકતાપૂર્વક કામ કરીને તમારી તથા ફર્મની–બંનેની ઉન્નતિ કરશો.

સજ્જન વિવેકી પોતાનાં બળોનો સદુપયોગ કરીને, યશસ્વી, પુણ્યવાન તથા ભગવાનનો કૃપાપાત્ર બને છે. તે વિદ્યાના બળથી બીજાઓને જ્ઞાન આપે છે, અજ્ઞાન નિદ્રામાં સૂતેલાઓને જગાડે છે, દુર્ગુણ હઠાવીને સદ્‌ગુણી બને છે. સર્વ જગ્યાએ તે શાન્તિ, પ્રેમ તથા સદ્‌ભાવનો પ્રસાર કરે છે. આ પ્રકારે તે જ્ઞાન આપીને જગત્‌ને સુખી બનાવે છે. જગત્‌માં સૌથી મોટું જ્ઞાનનું દાન છે. જ્ઞાનનો રસ સર્વ રસોની અપેક્ષાએ શ્રેષ્ઠ છે. માણસ તે રસનો રસિક બનીને, પોતાના દેવદુર્લભ જીવનને સફલ તથા ધન્ય બનાવે છે, નરમાંથી નારાયણ બની જાય છે.

તેવી રીતે પોતાના ધનબલથી તે પુણ્ય, સ્વર્ગ વગેરેને મેળવે છે. શારીરિક શક્તિથી તે બીજાઓનું રક્ષણ કરે છે, અન્યાયનું દુઃખ દૂર કરીને ન્યાયનું સુખ ફેલાવે છે. જે બલમાં કામ તથા રાગ હોતો નથી, તેનો કદાપિ દુરુપયોગ થતો નથી, સદુપયોગ જ થાય છે. તે પ્રકારના પવિત્ર બલની અંદર તે ભગવાનના પૂર્ણ આનંદ-સ્વરૂપનો અનુભવ કરે છે.

જેવી રીતે સાત્ત્વિક બલ મારું સ્વરૂપ છે, તેવી રીતે સાત્ત્વિક કામ પણ મારું સ્વરૂપ છે. સાત્ત્વિક કામ તે કહેવાય છે કે જે ધર્મથી વિરુદ્ધ નથી હોતો. ધર્મશાસ્ત્રની વિરુદ્ધ જે કામ છે, તે અવિદ્યાનું સ્વરૂપ છે. તેથી તે સર્વથા નિંદ્ય છે, છે, તથા હેય (ત્યાજ્ય) છે. માટે ભગવાને ગીતામાં કહ્યું છે કે—

'आवृतं ज्ञानमेतेन, ज्ञानिनों नित्यवैरिणा।

कामरूपेण कौन्तेय! दुष्पूरेणानलेन च॥' (૩,૪૯)

એ ધર્મવિરુદ્ધ, રાજસ-તાજસ કામ જ્ઞાનીઓનો સદા વેરી છે, અર્થાત્ જ્ઞાની તેને પોતાની પાસે આવવા દેતો નથી. તે જ્ઞાનને ઢાંકી દે છે, અગ્નિની પેઠે તે કદી ભોગોથી તૃપ્ત થતો નથી, દુષ્પૂર જ રહે છે. માટે હે અર્જુન, તું—

'पाप्मानं प्रजहि ह्येनं ज्ञानविज्ञाननाशनम्।' (૩,૪૧)

'जहि शत्रुंःमहाबाहो! कामरूपं दुरासदम्।' (૪,૪૧)

જ્ઞાન અને વિજ્ઞાનનો નાશ કરનાર, આ મહાપાપી કામનો તું નિશ્ચયપૂર્વક વિનાશ કર. હે મહાબાહો! તું આ દુર્જય કામરૂપી શત્રુને માર.

પ્રાણીઓમાં ધર્મશાસ્ત્રને અનુકૂળ જે કામ છે, તે ઉચ્છૃંખલ નથી હોતો. તે સંયમ-સદાચારની મર્યાદાઓથી યુક્ત હોય છે. તેનાથી યોગ્ય પવિત્ર સંતાનોનું જ નિર્માણ થાય છે.

વર્તમાન સમયમાં અશ્લીલ સિનેમા અને ગંદા સાહિત્ય-દ્વારા ધર્મશાસ્ત્રથી વિરુદ્ધ કામનો ખૂબ જોરથી ફેલાવો જ થઈ રહ્યો છે. તેનાથી સદાચારનો ખરાબ રીતે નાશ થઈ રહ્યો છે. સાથે સાથે સમય, ધન, સ્વાસ્થ્ય, તથા ધર્મનો પણ બહુ જ તીવ્રતાથી, જલ્દીથી હ્રાસ થઈ રહ્યો છે. સિનેમાનાં બીભત્સ દૃશ્યો તથા અશ્લીલ ચરિત્રોનાં ચિત્રો લઈને, તથા ગંદી, શ્રૃંગા-પ્રચુર નવલકથાઓ વગેરેને વાંચીને કોણ એવો માણુસ છે કે જેની બુદ્ધિ વિચલિત અને ભ્રષ્ટ ન થઈ જતી હોય? માટે તેમનાથી દેશમાં સામાજિક, નૈતિક, ધાર્મિક તથા આધ્યાત્મિક પતન જ થઈ રહ્યું છે; કોઈ પ્રકારનો અભ્યુદય નથી થતો. નવજુવાન છોકરા તથા છોકરીઓ તેમના દ્વારા એટલાં ઉછૃંખલ થઈ રહ્યાં છે કે ન પૂછો વાત. તેમના હૃદયમાં હરદમ કામાગ્નિની જ્વાલાઓ ભડભડ બળતી જ રહે છે. પર પુરુષોની સાથે તથા પારકી સ્ત્રીઓ સાથે હાંસી–મજાક કરવી, પત્તાં–શેતરંજ વગેરે ખેલવું, સૈર સપાટા લગાવવા, ગુપ્તરૂપે પત્રવ્યવહાર કરવો, નાચવું–વગેરે ખુલ્લેખુલ્લું, સંકોચ વગર, ખૂબ થઈ રહ્યું છે. તેથી સમાજમાં એવા એવા ભ્રષ્ટ કાંડ (કિસ્સાઓ), સમાચારપત્રો દ્વારા, સાંભળવામાં આવી રહ્યાં છે કે—

એક જગ્યાએ વિવાહિત (પરણેલા), એમ. એ પાસ યુવક તથા યુવતી રહેતાં હતાં. યુવક રોજ કામ પર ઓફિસમાં જતો હતો; અને તેની પત્ની તેના એક મિત્રની સાથે ઘૂમવા–ફરવા જતી હતી. તે મિત્ર તેને ઘેર પણ આવતો–જતો હતો. યુવકે જોયું કે–મારી પત્ની મારા મિત્રની તરફ ખૂબ આકૃષ્ટ થઈ રહી છે. એક દિવસ તેણે પોતાના મિત્રની સામે પોતાના ઘરમાં જ પત્નીને પૂછ્યું–તું મને જોઈને એટલી રાજી થતી નથી, જેટલી મારા મિત્રને જોઈને થાય છે. તું શું ઈચ્છે છે? જો તું મને ન

ચાહતી હોય, અગર મારા મિત્રને ચાહતી હોય, તો તેનું નામ લખીને એક કાગળનો કટકો આ સિગરેટના ડબ્બામાં મૂક, જેથી ખબર પડે કે તું મારી સાથે રહેવા માગે છે કે મારા મિત્રની સાથે. તે શિક્ષિત પત્નીએ તરત જ લજ્જા વગર, મિત્રનું નામ લખીને કાગળનો કટકો ડબ્બામાં મૂક્યો. બસ, હવે શું બાકી રહ્યું ? તે યુવકે પોતાની પત્નીને મિત્રની સાથે રવાના કરી દીધી. વાહરે, કલિયુગી મહોદય! તમે પણ ખૂબ કરી! પોતાના મિત્રનું ઘર ભાંગીને, પોતાનું ઘર વસાવીને બેસી ગયા! તમે સમજી શકશો કે તે સ્ત્રી પેલા મિત્રને ઘેર પણ સ્થિર બનીને ટકશે, તેવો વિશ્વાસ કોણ રાખી શકશે ? તેને કોઈ તીજો મનપસંદ મિત્ર મળી જશે, તો તેની સાથે પણ ભાગી જશે. આ પ્રેમ નથી, પણ મહા અનર્થકારી મોહ છે.

અશ્લીલ સિનેમા જોનારી, તથા ગંદું સાહિત્ય વાંચનારી, આજકાલની, ભણેલી-ગણેલી છોકરીઓ પોતાના પતિને તો શું, પણ પોતાનાં માતપિતાને પણ માનતી નથી. એક સમાચારપત્રમાં છપાયું હતું કે–વૃદ્ધ સજ્જને પોતાની સ્ત્રી સાથે મહાદુઃખી બનીને પ્રાણ ત્યજી દીધા હતા. તેની શિક્ષિત, જેન્ટલમેન પુત્રી માતા-પિતાની ઈચ્છા વિરુદ્ધ પોતાને મનપસંદ લગ્ન કરવા માગતી હતી. નવી કેળવણી લીધેલા લોકો કહે છે કે–છોકરીને સ્વતંત્રતાથી મનપસંદ પતિ પરણવાનો અધિકાર છે; માબાપને વચ્ચે બોલવાની શી જરૂર ? તેઓ ઝેર ખાઈને મરી ગયાં, તેમાં તેમની નરી મૂર્ખાઈ હતી. બસ, આ જ ધર્મવિરુદ્ધ કામ છે. આ જ અનાર્ય આદર્શ છે. જે માતાપિતાએ બહુ કષ્ટપૂર્વક પોતાના સંતાનનું લાલન-પાલન કર્યું હતું, તે સંતાન તેમની કાંઈ પણ શરમ ન રાખે, તેમની આજ્ઞાનું પાલન ન કરે, તે કેટલી બધી ધર્મવિરુદ્ધ વાત છે ? ભગવાન શ્રીરામના પવિત્ર આદર્શને જુવો.

તે પોતાનાં માતાપિતાની આજ્ઞાથી કેટલા મોટા સામ્રાજ્યને પણ ત્યજીને, તપસ્વી વેષ ધારણ કરીને, વનમાં ગયા?

એક અઢાર વર્ષના યુવકે એક સોળ વર્ષની છોકરીને, ધોળે દહાડે બજાર વચ્ચે સેંકડો માણસોની સામે, છરો ભોંકીને મારી નાંખી. કારણ એ હતું કે પહેલાં તે છોકરી તેની સાથે પ્રેમ કરતી હતી. તેમનાં લગ્નની વાત પણ તે બેએ માંહ્યોમાંહ્ય નક્કી કરી હતી. પણ પછીથી તે છોકરીએ કોઈ કારણને લઈને તેની સાથે પ્રેમ કરવો છોડી દીધો. આ બધી મનમાની, કુત્સિત પ્રવૃત્તિનું મૂળ કારણ સિનેમા તથા ગંદું સાહિત્ય છે, જેના વશમાં પડીને યુવકો તથા યુવતિઓ વિવેકભ્રષ્ટ થઈ જાય છે. છોકરો કે છોકરી ગમે તેની સાથે હસે, ખેલે, ફરવા જાય, સિનેમામાં જાય, હોટલ કે કલબમાં જાય, શરાબ પીવે, કાંઈ પણ કરે–માતાપિતા તેમને કશું કહી શકતાં નથી; કારણકે એમ કરવું તે તો સભ્યતાની નિશાની છે!

જેવી રીતે દીવાના સૌન્દર્યનાં લોભી પતંગિયાં, તેની જ્યોત જોઈને સુખભોગની દૃષ્ટિએ, વગર વિચાર્યે તેમાં કૂદી પડે છે, અને તડપીતડપીને મરી જાય છે તથા બળીને ભસ્મ થઈ જાય છે, તેવી રીતે ગંદા સાહિત્યનાં તથા સિનેમાનાં રસિયાં તરુણ-તરુણીઓ પણ વિષયભોગના વિલાસરૂપી, ભડભડ બળતી, પ્રચંડ આગમાં કૂદી પડીને પોતાના સર્વસ્વનો નાશ કરી દે છે. આ વાત વર્તમાન કાળની અનેક ઘટનાઓથી પણ સિદ્ધ થાય છે. જો તે કાલકૂટ ઝેર, મનોરંજનને નામે, આપણા સમાજમાં ઉત્તરોત્તર વધતું જ ગયું, તો આપણો તરુણસમાજ ચોક્કસ પોતાના સ્વસ્થ જીવનને તદ્દન ગુમાવી બેસશે, અને આપણા રાષ્ટ્રના ઉત્થાનને બદલે તેનું પતન થશે. માટે આપણી પોતાની

સમજદાર સરકાર તથા દેશના વિજ્ઞ નેતાઓનું એ કર્તવ્ય છે કે તેઓ આ વિષને અનેક ઉપાયોથી ફેલાતું અટકાવે.

ધર્મશાસ્ત્રને અનુકૂળ જે કામ છે, તે ગૃહસ્થને માટે એક પ્રકારનું બ્રહ્મચર્ય છે. માટે આપણાં શાસ્ત્રોમાં કહ્યું છે કે–

'परदारपरित्यागात्, स्वदारपरितुष्टितः।
ऋतुकालाभिगामित्वात् ब्रह्मचारी गृहोरितः॥'

ગૃહસ્થ પારકી સ્ત્રીનો સર્વથા ત્યાગ કરે, તેનામાં ભૂલથી પણ કદી રાગ ન કરે. પોતાની પરણેલી સ્ત્રીમાં જ સંતુષ્ટ રહે, અને યોગ્ય સંતાનની ઉત્પત્તિ માટે ઋતુકાળમાં જ ભાર્યા સાથે સંબંધ કરે. તેવા ધર્મશાસ્ત્રીય નિયમોનું પાલન કરનાર સદ્ગૃહસ્થ બ્રહ્મચારી છે. તેનો સંયમપૂર્ણ કામ ધર્મશાસ્ત્રથી અવિરુદ્ધ છે. તે રૂપે તે ભગવદીય, દિવ્ય આનંદનો ઉપભોગ કરી શકે છે. માટે આપણાં ધર્મશાસ્ત્રોએ બ્રહ્મચર્યનું ખૂબ મહત્ત્વ બતાવ્યું છે કે–

'अधीहि भो! किं पुण्यं इति ? ब्रह्मचर्यमिति,
किं लोक्यमिति? ब्रह्मचर्यं एवेति।'
(અથર્વવેદીય–ગોપથ–બ્રાહ્મણ–૨,૫)

ગુરુદેવને શિષ્ય પ્રશ્ન કરે છે–હે ભગવન્! કૃપા કરીને કહો કે આ લોકમાં પુણ્ય શું છે? ગુરુદેવ ઉત્તર આપે છે કે–બ્રહ્મચર્ય તેજ એક મહાન પ્રત્યક્ષ પુણ્ય છે, જેનું મહાન પ્રશસ્ત ફળ અહીં જ મળી જાય છે. ફરી શિષ્ય પૂછે છે કે–કૃપાનિધાન! ઉત્તમ લોકની પ્રાપ્તિનું સાધાન શું છે? ગુરુદેવ કહે છે કે–બ્રહ્મચર્ય. બ્રહ્મચર્ય જ એક એવું પ્રશસ્ત સાધન છે કે જેના દ્વારા આ લોકમાં અથવા પરલોકમાં માનવ પ્રચુર સુખશાન્તિનો લાભ મેળવી શકે છે. માટે

'ब्रह्मचर्यें स्थितो धर्मो, ब्रह्मचर्यें स्थितं तपः।
ब्रह्मचर्यात्परं नास्ति, धर्मसाधनमुत्तमम्॥'

બ્રહ્મચર્ય વ્રતમાં જ ધર્મ તથા તપ અવસ્થિત રહ્યાં છે. બ્રહ્મચર્ય વિના ધર્મ તથા તપની સિદ્ધિ જ થતી નથી. માટે બ્રહ્મચર્ય કરતાં ચઢિયાતું બીજું કોઈ પણ ધર્મનું ઉત્તમ સાધન માનવામાં આવતું નથી. અર્થાત્ ધર્મનું ઉત્તમ સાધન બ્રહ્મચર્ય જ છે.

વીર્યનું સંરક્ષણ કરવું, તેનો ધર્મવિરુદ્ધ અપવ્યય ન થવા દેવો, તેજ બ્રહ્મચર્યનું સ્વરૂપ છે. માટે કહ્યું છે કે–

'आहारस्य परं सारं शुक्रं तद्रक्ष्यमादरात्।
क्षये ह्यस्य बहून् रोगान् मरणं वा निगच्छति॥
तस्माद्वीर्यं मनश्चैव रक्षणीयं प्रयत्नतः।
यावद्वीर्यं स्थिरं देहे तावद्रोगभयं कुतः॥'

આહારનો ઉત્તમ સાર શુક્ર (વીર્ય) છે. જેવી રીતે પુષ્પોનો સાર અત્તર છે, તથા દૂધનો સાર માખણ છે, તેવી રીતે. માટે તેનું બહુ આદરપૂર્વક સંરક્ષણ કરવું જોઈએ. તેનો વ્યર્થ ક્ષય થવાથી બહુ રોગો તથા અકાળ મરણ પણ પ્રાપ્ત થાય છે. માટે વીર્યનું તથા મનનું ખરાબ સોબતથી, ખરાબ વિચારથી, ખરાબ આહારથી-વગેરેથી પ્રયત્નપૂર્વક સંરક્ષણ કરવું જોઈએ. જ્યાં સુધી શરીરમાં વીર્ય સ્થિર તથા સુરક્ષિત રહે છે, ત્યાં સુધી રોગોનો ભય કેવી રીતે હોઈ શકે? માટે

'मृत्युव्याधिजरानाशि, पीयूषं परमौषधम्।
ब्रह्मचर्यं महद्बलं सत्यमेव वदाम्यहम्॥

शान्ति कान्ति स्मृतिं, ज्ञानमारोग्यं शुभसंततिम्।
यदीच्छति महद्धर्मं ब्रह्मचर्यं चरेदिह॥'

બ્રહ્મચર્ય મૃત્યુ, વ્યાધિ તથા ઘડપણનું નાશક, શ્રેષ્ઠ ઔષધ છે. તે અમૃત સમાન સુખદાયી છે. બ્રહ્મચર્ય જ શારીરિક, બૌદ્ધિક તથા આત્મિક મહાન બલ છે. આ હું સત્ય જ કહું છું. મનની શાન્તિ, શરીરની કાન્તિ, બુદ્ધિની સ્મૃતિ તથા જ્ઞાનશક્તિ, આરોગ્ય તથા શુભ સંતાન ચાહતો હોય, તો મહાન ધર્મરૂપી બ્રહ્મચર્યનું પાલન કર.

કેટલાક લોકો કહે છે કે–અમે તો ગૃહસ્થ છીએ, પરણેલા છીએ, તેથી અમારે માટે બ્રહ્મચર્ય કેવું ? સાધુ, સંન્યાસી, ત્યાગી, બ્રહ્મચારીને બ્રહ્મચર્યનું પાલન કરવું જોઈએ. અમારે માટે તો કોઈપણ પ્રકારના સંયમનું બંધન ન હોવું જોઈએ. અર્થાત્ અમે મન માને તેમ, ચાહે તેવું ઉચ્છૃંખલ જીવન વ્યતીત કરી શકીએ છીએ. તેમનું આમ કહેવું ભ્રાન્તિપૂર્ણ છે. તેમણે સમજી લેવું જોઈએ કે–લગ્ન શી ચીજ છે? તેનો શો ઉદ્દેશ છે? વિવાહનો ઉદ્દેશ અનર્થકારી વિલાસ કદાપિ નથી. વિવાહિત સ્ત્રી ભોગ પત્ની નથી મનાઈ, પણ ધર્મપત્ની માનવામાં આવી છે, જેના દ્વારા ધર્મનું પાલન કરીને અભ્યુદય તથા નિઃશ્રેયસ પ્રાપ્ત કરી શકાય છે. માટે શાસ્ત્રોમાં કહ્યું છે કે—

'विवाहो न विलासार्थः, प्रजार्थं एव केवलः।
तेजोबुद्धिबलध्वंसो विलासात्प्रभवेत्खलु॥
अत एव परित्यज्य विलासं मोहकारणम्।
सन्नियम्येन्द्रियग्रामं विचारेण सुखी भवेत्॥

વિવાહ વિલાસને માટે નથી, પણ યોગ્ય પ્રજાની ઉત્પત્તિને માટે છે. વિલાસથી તેજ, બુદ્ધિ તથા બલનો ખરેખર વિધ્વંસ થઈ જાય છે. માટે મોહરૂપી કારણથી થનાર વિલાસનો પરિત્યાગ કરીને, ઇન્દ્રિયસમુદાયનો સંયમ કરીને, વિચાર દ્વારા સુખી થવું જોઈએ.

આ વિષયમાં આપણા વિશુદ્ધચરિત, માન્ય, પૂર્વજોનો કેવો ઉત્તમ આદર્શ હતો? તેઓ શાસ્ત્રીય મર્યાદાઓમાં રહીને કેવી રીતે પોતાના મનને સંયમમાં રાખતા હતા? માટે શિક્ષાપ્રદ, તેમનાં કેટલાંક પ્રશસ્ત ચરિત્રોનું અહીં અનુસંધાન કરવામાં આવે છે.

વિશ્વામિત્ર મહર્ષિની સાથે ભગવાન શ્રી રામ તથા શ્રી લક્ષ્મણ મહારાજ જનકની મિથિલાપુરીમાં ધનુષયજ્ઞ જોવાને ગયા હતા. ત્યારે કોઈક વખત ભગવાન શ્રી રામ લક્ષ્મણજીને સાથે લઈને જનકની પુષ્પ વાટિકામાં ફરવા ગયા હતા. તે વખતે ત્યાં ગૌરીપૂજનને માટે સખીઓની સાથે આવેલાં ભગવતી જનક-નંદિની સીતાજીને જોઈને ભગવાન શ્રી રામે લક્ષ્મણજીને આ પ્રકારે કહ્યું હતું કે—

'तात! जनकतनया यह सोई, धनुषजग्य जेहि कारण होई।
पूजन गौरी सखी लै आईं, करत प्रकासु फिरइ फुलवाईं।

जासु बिलोकि अलौकिक-शोभा।
सहज्ज पुनीत मोर मनु छोभा:
सो सबु कारन जान विधाता।
फरकहिं सुभद् अंग सुनु भ्राता।'

હે તાત લક્ષ્મણ! આ તેજ જનકની કન્યા છે, જેને માટે ધનુષયજ્ઞ થઈ રહ્યા છે. સખીઓ તેને ગૌરીપૂજનને માટે લઈ આવી છે. તે ફૂલવાડીમાં પોતાના અનુપમ સૌન્દર્યનો પ્રકાશ કરતી ફરી રહી છે. જેની અલૌકિક સુંદરતા જોઈને સ્વભાવથી જ પવિત્ર મારું મન ક્ષુબ્ધ થઈ ગયું છે, અર્થાત્ તેનામાં અનુરાગ ઉત્પન્ન થઈ ગયો છે; તેનું સર્વ કારણ તો વિધાતા જાણે, પણ હે ભાઈ! સાંભળ, મારું મંગલદાયક-જમણું અંગ ફરકી રહ્યું છે.

रघुबंसिन्ह कर सहज सुभाऊ।
मनु कुपंथ पगु धरई न काऊ।
मोहि अतिशय प्रतीति मन केरी।
जेहि सपनेहुँ परनारि न हेरी।
जिन्हकै लहहिं न रिपु रन पीठी।
नहिं पावहिं परतिय मनु डीठी।
मंगन लहहि न जिन्हकै नाहीं।
ते नरबर थोरे जग मांही।

રઘુવંશીઓનો આ સહજ-જન્મગત સ્વભાવ છે કે તેમનું મન કદી કુમાર્ગ પર પગ મૂકતું નથી. મને તો પોતાના મનનો અત્યંત જ વિશ્વાસ છે કે-જેણે જાગ્રતની તો શી વાત, સ્વપ્નમાં પણ પારકી સ્ત્રી પર દૃષ્ટિ કરી નથી. રણમાં શત્રુ જેમની પીઠ જોઈ શકતા નથી, અર્થાત્ જે યુદ્ધના મેદાનમાંથી ભાગી જતા નથી, પારકી સ્ત્રીઓ જેનાં મન તથા દૃષ્ટિને ખેંચી શકતી નથી, અને ભિખારી જેમને ત્યાંથી 'નહિ' નથી પામ કરતો, અર્થાત્ ખાલી હાથે પાછો જતો નથી, તેવા શ્રેષ્ઠ પુરૂષો સંસારમાં થોડા છે.

ભગવાન શ્રીરામનો વિદેહકુમારી શ્રી જાનકીમાં તેથી જ અનુરાગ ઉત્પન્ન થઈ ગયો હતો, કે તે ભવિષ્યમાં તેમનું પરિગ્રહણ કરવાનાં હતાં, ધર્મપત્ની થવાનાં હતાં. જો તે ધર્મપત્ની થવાનાં ન હોત, તો ભગવાન શ્રીરામના પવિત્ર મનમાં તેમના સૌન્દર્ય પ્રત્યે કદાપિ આકર્ષણ કે અનુરાગ ઉત્પન્ન ન થાત. અનુરાગ દ્વારા તથા અંગ ફરકવા દ્વારા ભગવાન શ્રીરામે પરોક્ષરૂપે શ્રી લક્ષ્મણજીને એ સૂચિત કરી દીધું હતું કે–તેમની સાથે મારો વિવાહ જરૂર થશે.

પવિત્ર તથા સંયમી અંતઃકરણની સાક્ષી સર્વથા નિર્ભ્રાન્ત

હોય છે. માટે જ આ વિષયમાં મહાકવિ કલિદાસે પોતાના શાકુંતલ નામના નાટકમાં કહ્યું છે કે–सतां हि संदेहपदेषु वस्तुषु प्रमाणमन्तःकरणप्रवृत्तयः। અર્થાત્ સંદેહયુક્ત વસ્તુઓના નિર્ણય માટે સત્પુરુષોના અંતઃકરણની વૃત્તિઓ પ્રમાણભૂત બની જાય છે; કારણકે સંયમી મહાપુરુષોના હૃદયનો શુદ્ધ ભાવ કદી મિથ્યા હોઈ શકતો નથી. આ છે આર્ય વીર ભગવાન મર્યાદાપુરુષોત્તમ શ્રીરામના સંયમપૂર્ણ, ધર્માવિરૂદ્ધ મર્યાદાનો વિશુદ્ધ આદર્શ. તેમના હૃદયમાં કામ છે, અનુરાગ છે, પણ ધર્મની મર્યાદાથી અવિરુદ્ધ.

આ રીતે શ્રીલક્ષ્મણજીનું જીવન પણ કેટલું આદર્શપૂર્ણ હતું ? શ્રીરામની સેવા માટે જ તે પોતાની નવયુવતી ધર્મ-પત્નીનો ચૌદ માસ નહિ પણ ચૌદ વર્ષ માટે પરિત્યાગ કરીને, કેવું સુંદર, પ્રશંસનીય, સંયમપૂર્ણ જીવન વ્યતીત કરે છે ? તે તેમના એક ચરિત્રથી આપ સમજી શકો છો. જ્યારે દુષ્ટ રાવણ ભગવતી જગદંબા શ્રીસીતાજીને આકાશમાર્ગે લઈ જતો હતો, ત્યારે ભગવતીએ પરિચયને માટે પોતાનાં કેટલાંક આભૂષણો નીચે જમીન પર ફેંકી દીધાં હતાં. ભગવાન શ્રીરામ લક્ષ્મણજીની સાથે શ્રીસીતાજીને અહીંતહીં શોધતા–શોધતા તે જગ્યાએ આવ્યા, કે જ્યાં તે આભૂષણો પડયાં હતાં. આભૂષણોને જોઇને તે સમયે ભગવાન શ્રીરામે લક્ષ્મણજીને કહ્યું હતું કે–હે પ્રિય ભાઈ! જુવોને, આ આભૂષણો કોનાં છે ? જાનકીનાં તો નથી ? ઓળખો. તે સમયે શ્રીલક્ષ્મણજીએ આભૂષણોને જોતાં જોતાં આ પ્રકારે કહ્યું હતું—

'नाहं जानामि केयूरे, नाहं जानामि कुण्डले ।
नूपुरे त्वभिजानामि, नित्यं पादाभिवन्दनात् ॥'

હું શ્રીસીતાજીનાં કેયૂરોને પિછાનતો નથી, કારણકે તે હાથનાં આભૂષણ છે; તથા હું કુંડલોને પણ પિછાનતો નથી, કારણકે તે કાનનાં આભૂષણ છે. એટલા માટે નથી ઓળખતો કે ત્યાંસુધી તો મારી દૃષ્ટિ કદાપિ જતી જ ન હતી. હું કેવળ તેમના ચરણનાં આભૂષણ–નૂપુરોને ઓળખું છું, કારણકે હું રોજરોજ શ્રીજાનકીમાતાનાં ચરણોની વંદના કરવા જતો હતો. તેથી મારી દૃષ્ટિ ચરણોની તરફ જતી હતી. માટે હું નિશ્ચયપૂર્વક કહું છું કે આ નૂપુર (ઝાંઝર) ભગવતી શ્રીસીતાજીનાં જ છે.

પ્રિય સજ્જનો! ધ્યાન દો. બીજી સ્ત્રીઓની તો શી વાત, પણ પોતાનાં ભાભીની બાબતમાં પણ શ્રીલક્ષ્મણજીનો કેટલો સુંદર, ઉચ્ચ કોટિનો, પ્રશંસનીય મનઃસંયમ હતો! આ છે સનાતન ધર્મની મર્યાદા તથા આર્ય જાતિનું ધર્માનુકૂળ, પવિત્ર આચરણ! આ વર્તમાન સમયનાં દિયેર–ભોજાઈ વગેરેનાં હાંસી, ઠઠ્ઠા, દિલ્લગી વગેરે અસભ્ય વ્યવહારની તે પવિત્ર વ્યવહાર સાથે સરખામણી કરો, તો આપને જમીન–આસમાનનો ફરક માલમ પડશે. સ્વર્ગનું તે પાવન દૃશ્ય નરકના બીભત્સ દૃશ્યમાં પરિણત થયેલું દેખાશે.

આવો, હવે આપ અર્જુનના પાવન ચરિત્રને સાંભળો. અર્જુન ગૃહસ્થ હતો. તેથી તે સર્વથા નિષ્કામ તો ન હતો. તેના હૃદયમાં કામ હતો, પણ તે ધર્મવિરુદ્ધ ન હતો. ધર્મવિરુદ્ધ કામને સર્વથા નિંદ્ય તથા હેય સમજતો હતો; અને ધર્માનુકૂળ કામને જ તે સ્તુત્ય તથા ઉપાદેય સમજતો હતો.

જે સમયે ભગવાન કૃષ્ણ દ્વૈપાયન વેદવ્યાસની શુભ પ્રેરણાથી મહારથી વીર અર્જુન સ્વર્ગમાં દેવાધિપતિ ઇન્દ્ર પાસેથી ધનુર્વિદ્યા શીખવા માટે ગયો હતો, ત્યારે દેવરાજ ઇન્દ્રે

અર્જુનને કહ્યું હતું. તમે અહીં સ્વર્ગમાં થોડા દિવસ નિવાસ કરો. જો હું તમને તે વિદ્યાને માટે યોગ્ય અધિકારી ગણીશ, તો જરૂર હું તમને તે ભણાવીશ. અર્જુન ત્યાં દેવરાજની સંમતિ અનુસાર એકાંતમાં એક સરસ જગ્યા પર રહેવા લાગ્યો. ઇન્દ્રે તે સમયે અર્જુનના સંયમ–સદાચારની પરીક્ષા કરવા માટે ઉર્વશી નામની અપ્સરાને અડધી રાતે મોકલી. ઉર્વશી બધી અપ્સરાઓમાં પરમ રૂપવતી તથા યુવતી હતી. તેને પોતાના સૌન્દર્યનો તથા યૌવનનો બહુ ઘમંડ હતો. તે એમ માનતી હતી કે-મને દેખીને મોટામોટા દેવો પણ શુધબુધ ખોઈ બેસે છે, તો આ ભૂતલમાં રહેનારા સાધારણ માનવીને મારી ચુંગાલમાં ફસાવવો, તે શી મોટી વાત છે? તેથી તે ઇન્દ્રની પ્રેરણાથી વિવિધ પ્રકારનાં વસ્ત્રાભૂષણોથી સુશોભિત બનીને, અર્જુનને મોહિત કરવા માટે તેના નિવાસસ્થાન પર ગઈ. ત્યાં જઈને તેણે દ્વાર ખખડાવ્યું. અવાજ સાંભળીને અર્જુન જાગી ઊઠ્યો, બેઠો થયો. અને વિચાર કરવા લાગ્યો–અત્યારને વખતે અહીં કોણ આવ્યું છે? મારું શું પ્રયોજન હશે? સ્ત્રીના કંઠનો અવાજ સાંભળીને તેણે બારણું ઉઘાડ્યું. તે જુવે છે કે બારણા ઉપર એક રૂપવતી યુવતી ખડી છે. તે સમયે અર્જુને એક સાથે તેને આ પ્રકારે અનેક પ્રશ્નો પૂછી નાંખ્યા કે—

'का त्वं शुभे! कस्य परिग्रहोऽसि?
किं वा मदभ्यागमकारणं ते?।'

હે શુભે! તું કોણ છે? કોની ભાર્યા છે? અત્યારને સમયે મારી પાસે આવવાનું તારે શું કારણ છે?

ઉર્વશી અપ્સરા અર્જુનની પાસે કોઈ વિલક્ષણ ભાવ લઈને જ આવી હતી. વિલક્ષણ હાવભાવ તથા કટાક્ષ જોઈને

બુદ્ધિમાન અર્જુન તરત જ સમજી ગયો કે–જરૂર કંઈ દાળમાં કાળું છે. તે અહીં કોઈ ખરાબ નિયતથી આવી લાગે છે. તે સમયે અર્જુન ગંભીર તથા શાન્ત બનીને, વીરરસથી ભરેલા શબ્દોથી આ પ્રકારે કહેવા લાગ્યો—

'आचक्ष्व मत्वा वशिनां कुरूणां,
मनः परस्त्रीविमुखप्रवृत्ति ।'

હે દેવિ! તારે એ પણ યાદ રાખવું જોઈએ કે–અમે ભારતવાસી છીએ, આર્ય સંતાનો છીએ; અને તેમાં પણ અમે પવિત્ર કુરૂવંશમાં ઉત્પન્ન થયા છીએ. માટે અમારાં મન પારકી સ્ત્રીઓ તરફ કદાપિ ખેંચાતાં નથી.

આટલું કહેતાં છતાં જ્યારે ઉર્વશીએ નિર્લજ્જ થઈને શબ્દો દ્વારા પોતાનો ગંદો ભાવ પ્રગટ કર્યો, અને પોતાની માયાજાળમાં તેને ફસાવવા માટે કામુક્તાપૂર્ણ ઢંગથી અનેક પ્રકારના સ્પષ્ટ હાવભાવ પણ બતાવ્યા, ત્યારે શાન્ત ભાવથી મસ્તક નમાવીને અર્જુન ચુપચાપ ઊભો રહ્યો તેના પવિત્ર મનમાં કોઈ પણ પ્રકારનો વિકાર થતો ન જોઈને, તે સમયે હતાશ બનીને તે કહેવા લાગી–હે અર્જુન! મારી વાત ન માનીને તું મૂર્ખાઈ કરી રહ્યો છે. જો તું મને ઓળખતો હોત, તો તું કદી આવી મૂર્ખાઈ ન કરત. હું સ્વર્ગલોકની બધી અપ્સરાઓમાં શ્રેષ્ઠ અપ્સરા છું. મારા જેવી રૂપયૌવનસંપન્ન સુંદરી ત્રણેયલોકમાં બીજી કોઈ નથી. મોટા મોટા દેવો પણ મારી કૃપાદૃષ્ટિની ઈચ્છા રાખે છે. હું ત્રૈલોક્યસુંદરી ઉર્વશી છું. ભૂતલવાસી મનુષ્યને માટે મારી પ્રાપ્તિ દૂર રહી, પણ મારું દર્શન પણ દુર્લભ છે. માટે તું મારો અનાદર કરીને તારી મૂર્ખતાનું જ પ્રદર્શન કરી રહ્યો છે. તેની એવી વાતો સાંભળીને 'मातृवत् परदारेषु'નો ભાવ પ્રગટ કરતો અર્જુન કંઈક આશ્ચર્ય

સાથે તેને આ પ્રકારે કહેવા લાગ્યો-હે દેવિ! હું અત્યાર સુધી તો એમ માનતો હતો કે ત્રણેય લોકમાં મારી માતા કુંતીદેવીના જેવી સુંદર સ્ત્રી બીજી કોઈ નથી. તેથી મને તે વાતનો મોટો ગર્વ હતો કે હું એક પરમ રૂપવતી ત્રૈલોક્યસુંદરીનો પુત્ર છું. જો તું મારી માતા કરતાં વધારે સુંદર હોય, તો જગન્નિયંતા ભગવાન તારા ઉદરમાંથી મારો જન્મ કરત, તો હું મારી જાતને વધારે ગૌરવશાળી તથા ધન્ય માનત.

અર્જુનનાં એવાં માર્મિક વચનો સાંભળીને ઉર્વશી લજ્જિત થઈ ગઈ. તેનો ખીલેલો ચહેરો કરમાઈ ગયો. કુત્સિત ભાવ પ્રગટ કરવા માટે હવે તેના મુખને જાણે તાળું વસાઈ ગયું. નીચું મસ્તક કરીને ચુપચાપ ઊભી રહેલી ઉર્વશીને અર્જુને ફરી પણ માતૃભાવ પ્રગટ કરતાં આ પ્રકારે કહ્યું—

'गच्छ मूर्ध्नि प्रपन्नोऽस्मि पादौ ते वरवर्णिनि!।

त्वं हि मे मातृवत्पूज्या रक्ष्योऽहं पुत्रवत्त्वया॥'

હે અત્યંત રૂપવતી દેવી! કૃપા કરીને તું અહીંથી ચાલી જા. હું તારા ચરણોને મારા મસ્તક પર રાખીને શરણ લઉં છું. તું મારી માતા સમાન પૂજ્ય છે. તેથી હું તારા દ્વારા પુત્રની માફક રક્ષણ કરવા યોગ્ય છું.

તું જે નિંદનીય ઈચ્છાને લઈને અહીં આવી છે, તેની પૂર્તિ મારાથી ત્રણેય કાળમાં થઈ શકે તેમ નથી. હે દયાશીલ દેવી! અમે ભારતવાસી છીએ, આર્ય સંતાન છીએ, શુદ્ધ ક્ષત્રિય વંશમાં ઉત્પન્ન થયા છીએ, જેમાં વિશ્વવિખ્યાત બાલબ્રહ્મચારી ભીષ્મ જેવા ધર્મવીર પેદા થયા છે, માટે હું ધર્મવિરુદ્ધ આચરણ દ્વારા મારા પાવન દેશને, પવિત્ર આર્ય જાતિને, તથા વિશુદ્ધ ક્ષત્રિય વંશને કદાપિ કલંકિત નહિ થવા

છઉં. તેવું નિંદિત આચરણ કરવાથી તો હું સદાને માટે નરકનો કીડો બનું, લોકો મારી મુક્ત કંઠે નિંદા કરતા રહે. માટે તું મને તારો પુત્ર સમજીને જ મારા પર કૃપાદૃષ્ટિ રાખ. અશીર્વાદ દે અને અહીંથી વિદાય થા. અર્જુનનાં એવાં પવિત્ર, નિઃસ્પૃહ તથા ધર્મયુક્ત વચનો સાંભળીને ઉર્વશી પોતાનું ફિક્કું મુખ લઇને ઇન્દ્રની પાસે પાછી ગઈ, અને ઇન્દ્રની સમક્ષ આર્યવીર અર્જુનના ધર્માનુકૂળ, પવિત્ર આચરણની ખૂબ ખૂબ પ્રશંસા કરવા લાગી.

અર્વાચીન યુગના ભારત સમ્રાટ્ વિક્રમાદિત્યને કોણ નથી જાણતું? તે ખૂબ પ્રજાવત્સલ, પરોપકારી તથા ધર્મનિષ્ઠ હતા. માટે તેમને જનતા–જનાર્દને 'પરદુઃખભંજન'નો પ્રશંસનીય ટાઇટલ (બિરુદ) આપ્યો હતો. બહુ હર્ષપૂર્વક જનતા પરદુઃખ-ભંજન વિક્રમાદિત્યના નામનો જયજયકાર ગાતી હતી. તેમના પાવન નામની સ્મૃતિને માટે વિક્રમ સંવત્‌ને ચાલુ કર્યો હતો, જે હજી સુધી પણ ચાલતો રહ્યો છે. પોતાના દુઃખનું ભંજન કરવાનું કોણ નથી જાણતું? સર્વ જાણે છે. પણ પારકાંના દુઃખનું ભંજન કરવું તે સાધારણ વ્યક્તિનું કામ નથી પારકાનાં દુઃખોનું ભંજન તે જ નરવીર કરી શકે છે, કે જે ધર્મનિષ્ઠ, સંયમી તથા ભગવદ્–ભક્ત હોય. વિક્રમાદિત્ય તેથી જ પરદુઃખ-ભંજન થઈ શકયા હતા, કારણ કે તે ધર્મનિષ્ઠ, સંયમી તથા ભગવદ્–ભક્ત હતા. તે સદ્ગુણો તમે તેમના ચરિત્ર પરથી સમજી શકો છો જ્યારે તે નવયુવક હતા, ત્યારે તેમના મોટા ભાઈ ભર્તૃહરિ રાજ્યસિંહાસન પર આરૂઢ હતા. તે કેવળ નવયુવક જ ન હતા, પણ મનને મુગ્ધ કરે તેવા, ઉત્તમ કોટિના પરમસુંદર પણ હતા. લોકો ઉત્તમ, મધ્યમ તથા કનિષ્ઠ–એમ ત્રણ કોટિના સુંદર હોય છે કનિષ્ઠ કોટિનો સુંદર તે છે કે જે

શરીરથી જ સુંદર હોય, મનથી નહિ. તેની સુંદરતા આ પ્રકારની છે—

> 'मन मलिन तन सुन्दर कसे ?।
> विष-रस भरा कनक-घट जसे ॥'

જે શરીરથી સુંદર નથી, કાળો-કદ્રૂપો છે, પણ મનથી બહુ સુંદર છે, જેના મનમાં પવિત્ર વિચારોની પાવન મંદાકિની (સ્વર્ગગંગા) હરદમ વહેતી રહે છે, તે મધ્યમ કોટિનો સુંદર મનાય છે. અને જે શરીરથી પણ સુંદર છે, અને મનથી પણ સુંદર છે, તે ઉત્તમ કોટિનો પ્રશસ્તતમ સુંદર મનાય છે. આ આપણા વિક્રમાદિત્ય પણ તેવા જ સુંદર હતા.

તેમની સુંદરતાને જોઈને. તેમના મોટાભાઈ મહારાજ ભર્તૃહરિની મહારાણી પિંગલા પણ મોહમુગ્ધ થઈ ગઈ હતી. તેથી તેમને પોતાના પાશમાં ફસાવવા માટે તેણે બહુ અનુનય કર્યા, વિનંતિઓ કરી, અનેક ઉપાયો કર્યા. પણ તે કોઈ પણ પ્રકારે સફળ ન થઈ. આખરે તેણે મહારાણીપણાના ગર્વથી ધમકી પણ આપવી શરૂ કરી. પણ વિક્રમાદિત્ય પોતાના મોટા ભાઈની પત્નીમાં માતૃભાવ પ્રગટ કરતા કરતા, વિનયપૂર્વક આ પ્રકારે કહેવા લાગ્યા-હે માતા સમાન પૂજનીય દેવિ! આ વિક્રમાદિત્યના ભલે પ્રાણ ચાલ્યા જાય-છતાં પણ ધર્મવિરુદ્ધ, નિંદનીય આચરણ તે કદાપિ નહિ કરી શકે. હર્ષપૂર્વક ધર્મરક્ષા માટે પ્રાણને ત્યજી દેવા જોઈએ, પ્રાણ બચાવવા ખાતર પણ ધર્મનો નાશ થવા દેવો જોઈએ નહિ. તેથી આપણાં પ્રામાણિક ધર્મશાસ્ત્રોમાં એવું જ કહ્યું છે કે—

> 'न जातु कामान्न लोभान्न मोहात्
> धर्मं जह्यात् जीवितस्यापि हेतोः ।'

(મહાભારત)

કામ, લોભ તથા મોહને વશ થઈને કદી પણ ધર્મનો ત્યાગ કરવો જોઈએ નહિ. બીજું તો શું? પણ જીવનને ખાતર પણ, ધર્મનો નાશ થવા દેવો જોઈએ નહિ. જીવન જતું હોય, તો જવા દેવું જોઈએ; પરંતુ ધર્મને ગમે તેવી કષ્ટમય દશામાં પણ જવા દેવો જોઈએ નહિ. માટે હે દેવિ! તમે પણ ધર્મવિરુદ્ધ, નિંદનીય આચરણ ન કરો. મારા તથા તમારા પોતાના પર કૃપાદૃષ્ટિ રાખો.

પોતાના દિયેર વિક્રમાદિત્યનાં એવાં ધાર્મિક વચન સાંભળીને પણ તેના હૃદયમાં શાન્તિને બદલે, પોતાની મૂઢતાને કારણે, સર્પને દૂધ પીવડાવીએ અને થાય તેમ, ક્રોધ થયો તેણે પોતાના પતિ ભર્તૃહરિ મહારાજ સમક્ષ નિર્દોષ વિક્રમાદિત્ય માટે ખોટી ફરિયાદ કરીને તેમને વનમાં નિવાસ કરવાની આજ્ઞા અપાવી. પોતાના મોટાભાઈની આજ્ઞા શિરોધાર્ય કરીને, વિક્રમાદિત્ય પ્રસન્ન મનથી વનમાં ચાલ્યા ગયા. ત્યાં પણ તે પવિત્ર નદીતટનાં કોઈ એકાન્ત સ્થાનમાં રહેનારા વીતરાગ, વિદ્વાન, મહાત્માઓનાં દર્શન કરતા કરતા, તથા સત્સંગ, શિવભક્તિ અને તત્ત્વવિચાર કરતા કરતા પોતાને ધન્ય માનવા લાગ્યા. તે પોતાના આરાધ્ય દેવને કહેતા હતા કે—

उसमें हैं हम राज़ि, जिसमें तेरी रजा (ईच्छा) हो,

इधर भी वाह वाह, और उधर भी वाह वाह,

વનમાં આમતેમ ભ્રમણ કરતા કરતા તે એક દિવસ એક આરણ્યક (જંગલના) ભીલરાજાના અતિથિ બન્યા. તે સુંદર યુવક તો હતા જ. તેથી તે ભીલ રાજાની રાણી પણ તેમના પ્રત્યે આકૃષ્ટ થઈ, અને એકાન્તમાં પ્રેમ પ્રગટ કરતી કરતી આ પ્રકારે પ્રાર્થના

કરવા લાગી કે-હું બહુ દુઃખી છું. દુઃખનિવારણુ માટે હું તમારા દ્વારા તમારા જેવો સુંદર પુત્ર ઉત્પન્ન કરવા માગું છું માટે આપ મારી આ પ્રાર્થનાને અવસ્ય સફળ કરો. તેની એવી ધર્મવિરુદ્ધ, અનુચિત વાત સાંભળીને ધર્મનિષ્ઠ, જિતેન્દ્રિય, શિવભક્ત વિક્રમાદિત્યે એક શ્લોક બોલીને તેના વિહ્વલ મનને આ પ્રકારે શાન્ત કર્યું હતું કે—

'माता च पार्वती देवी, पिता देवो महेश्वरः।
बान्धवाः शिवभक्ताश्च स्वदेशो भुवनत्रयम्॥'

મારી માતા ભગવતી પાર્વતી દેવી છે, અને પિતા ભગવાન મહેશ્વર છે. શિવના ભક્તો મારા બાન્ધવો છે, અને ત્રણેય ભુવન મારો સ્વદેશ છે.

મારી માતાનું નામ પાર્વતી છે, અને તારું નામ પણ પાર્વતી છે. માટે તું નિશ્ચયપૂર્વક મારી માતા બની. સંભવ છે કે મારા દ્વારા મારો જેવો પુત્ર તને ઉત્પન્ન ન પણ થાય, તથા તેને માટે ધર્મવિરુદ્ધ, નિન્દિત કાર્ય પણ કરવું પડે, જેની મારે માટે સ્વપ્નમાં પણ કલ્પના કરવી અશક્ય છે. તને મારા જેવા પુત્રની આવશ્યકતા છે, તો 'જેવા' ને છોડીને, સાક્ષાત્ મને જ તું તારો પુત્ર માની લે. આજથી હું તારો પુત્ર થઈ ગયો. તેથી હું પુત્રની પેઠે તારા-માતાના ચરણોમાં શ્રદ્ધાપૂર્વક વંદન કરું છું. વિક્રમાદિત્યની એવી ધર્મયુક્ત તથા યુક્તિયુક્ત વાત સાંભળીને તે લજ્જિત થઈ ગઈ, અને તે કુત્સિત ભાવનો પરિત્યાગ કરીને, વિક્રમાદિત્યને ત્યારથી પોતાના પુત્રની પેઠે નિર્દોષ પ્રેમ કરવા લાગી. આ પ્રકારે વિક્રમાદિત્ય બહુ સંયમી હતા. ધર્મવિરુદ્ધ, નિંદનીય કામનું મર્દન કરીને, તે સદા પવિત્ર ધર્મનું જ પાલન કરતા હતા.

ધર્મ વિરુદ્ધ, નિંદનીય, ઉચ્છૃંખલ કામનું મર્દન કરવા માટે શુદ્ધ વાતાવરણ, સાત્ત્વિક આહાર, શુભ સંગતિ, ભગવદ્-ભક્તિ, વિવેકવિચાર વગેરે અનેક સાધનોની જરૂર છે. આ સાધનો વિના કોઈપણ ધર્મવિરુદ્ધ કામનું મર્દન કરી શકતો નથી. આ પ્રાણી કામમય છે. પગલે પગલે કામ આવીને ખડો થઈ જાય છે. માટે તેના નિવારણ માટે હરક્ષણે પવિત્ર વિચારોની મંદાકિની વહાવતા રહેવું જોઈએ. તેની આપાત-રમણીયતા પર તથા સુખભાવના પર માણુસ આકૃષ્ટ બનીને, ધર્મવિરુદ્ધ આચરણ કરીને, પાપ તથા અપયશનો સંચય કરીને બહુ દુઃખી થાય છે. માટે કવિકુલગુરુગુરુ કાલિદાસે ભ્રાન્ત માનવોને અન્યોક્તિ દ્વારા ઉપદેશ આપવા માટે ભ્રાન્ત ભ્રમરના વૃત્તાન્તનું વર્ણન આ પ્રકારે કર્યું છે—

'गन्धश्चास्या भुवनविदितः केतकी स्वर्णवर्णा,
पद्मभ्रान्त्या चपलमधुपः पुष्पमध्ये पपात।
अन्धीभूतः कुसुमरजसा कण्टकैर्लूनपक्षः,
स्थातुं गन्तुं द्वयमपि सखे! नैव शक्तो द्विरेफः॥'

કેતકી પુષ્પ (કેવડો) સુવર્ણ સમાન પીત વર્ણનું છે. અને તેની સુગંધ ઉત્કૃષ્ટ, વિશ્વવિદિત છે. તેથી પુષ્પના રસમાં લુબ્ધ બનેલો ભ્રમર તે પુષ્પની વચ્ચે કમલની ભ્રાન્તિથી કૂદી પડે છે. અર્થાત્ તેનો આપાત-રમણીય રંગ દેખીને, તથા તેની સુગંધિથી આકૃષ્ટ થઈને, તેની વાસ્તવિકતાને ન જાણીને, તેમાં કૂદી પડે છે. પણ તેને સુખને બદલે દુઃખ મળે છે. તે પુષ્પનો પરાગ તેની આંખોમાં ઘુસી જાય છે. તેથી તે અંધ બની જાય છે તેના કાંટાઓમાં તેની પાંખો છેદાઈ જાય છે. તેવી હાલતમાં તે ભ્રાન્ત ભ્રમર બેસવામાં તથા ઉડી જવામાં સમર્થ થતો નથી. ત્યાં જ તેને અનેક પ્રકારનું કષ્ટ ભોગવીને મરી જવું પડે છે.

તે પ્રકારે આ ભ્રાન્ત માનવ પણ શબ્દાદિ વિષયોની આપાત-રમણીયતાને જોઈને, તથા તેમાં સુખ ભાવના કરીને, પોતાનો સર્વનાશ કરી બેસે છે. ભ્રાન્તિથી તે સમજે છે કે આના દ્વારા મને ખૂબ તૃપ્તિ તથા ખૂબ સુખ મળશે. પણ તેને તૃપ્તિને બદલે ખૂબ તૃષ્ણા અને સુખને બદલે ખૂબ દુઃખ જ મળે છે.

માટે શ્રીમદ્ ભાગવતના સપ્તમ સ્કંધમાં ભગવાન શ્રી નૃસિંહની સ્તુતિ કરતાં ભક્તપ્રવર પ્રહ્લાદજીએ કહ્યું છે કે—

'यन्मैथुनादि गृहमेधिसुखं हि तुच्छं,
कण्डूयनेन करयोरिव दुःखदुःखम्।
तृप्यन्ति नेह कृपणा बहुदुःखभाजः,
कण्डूतिवन्मनसिजं विषहेत धीरः॥'

(૭,૯,૪૫)

હે પ્રભો! ગૃહસ્થનું જે મૈથુન વગેરે વિષયસુખ છે, તે ખુજલી જેવું છે. જેવી રીતે હાથો વડે ખણવાથી ખુજલીમાં પ્રથમ કંઈક ચેન માલમ પડે છે, પણ પછી અધિકાધિક બળ-તરાનું દુઃખ વધે છે; તેવી રીતે આ વિષયભોગ અત્યંત તુચ્છ દુઃખોને જ વધારનાર છે. પણ ભ્રાન્ત જન અનેક દુઃખો ભોગવતાં છતાં પણ તેમનાથી તૃપ્ત થતા નથી, પણ તેમને માટે તૃષ્ણાવશ દીન જ બન્યા રહે છે. માટે ધીર-વિવેકી પુરુષ વિચાર દ્વારા ખુજલી સમાન કામાદિકના વેગોને સહન કરી લે છે; તેમને વશ થતો નથી.

આ પ્રકારે જે વિવેક, વૈરાગ્ય વગેરે દ્વારા ધર્મ વિરુદ્ધ કામનું મર્દન કરીને ધર્માનુકૂળ, ભગવત્સ્વરૂપ કામનું સેવન કરે છે, તેને અવશ્ય ભક્તિ તથા જ્ઞાન દ્વારા મોક્ષની સિદ્ધિ થાય છે.

(૧૨)

'ये चैव सात्त्विका भावाः, राजसास्तामसाश्च ये।
मत्त एवेति तान्विद्धि, न त्वहं तेषु ते मयि॥'
(ગી. ૭,૧૨)

જે સાત્ત્વિક, રાજસ તથા તામસ ભાવો છે, તે સર્વ મારામાંથી જ ઉત્પન્ન થયા છે, એમ જાણ. અને એ સર્વ મારામાં રહે છે, પણ હું તેમનામાં રહેતો નથી.

આનંદકંદ ભગવાન શ્રીકૃષ્ણ ઉપદેશ દે છે કે-ચિત્તની અંદર ત્રણ પ્રકારના ભાવ જોવામાં આવે છે. શમ, દમ, ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, વગેરે સાત્ત્વિક ભાવ છે. સત્ત્વગુણની અભિવૃદ્ધિ થતાં આ ભાવ પ્રગટ થાય છે. દ્વેષ, દર્પ, લોભ, પ્રવૃત્તિ વગેરે રાજસ ભાવ છે. રજોગુણની અભિવૃદ્ધિ થતાં એ ભાવ પ્રાદુર્ભૂત થાય છે. શોક, મોહ, નિદ્રા, આળસ વગેરે તામસ ભાવ છે. તમોગુણની અભિવૃદ્ધિ થતાં એ ભાવ ઉત્પન્ન થાય છે. સાત્ત્વિક ભાવ સુખ આપે છે. રાજસ ભાવ દુ:ખ આપે છે; અને તામસ ભાવ મોહને વધારે છે. હૃદયમાં સત્ત્વ, રજ તથા તમ-આ ત્રણ ગુણોનું પ્રતિક્ષણ યુદ્ધ ચાલતું રહે છે. તે એકબીજાને પરાસ્ત કરતા, એકબીજાના ઉપર પોતાનું શાસન કાયમ કરતા રહે છે. કોઈક વાર તમોગુણ સત્ત્વ તથા રજને દબાવીને વિજયી થાય છે. તે સમયે તે એકલો જ પ્રધાનપણે રહે છે, અને પેલા બેને પોતાને આધીન કરી લે છે. કોઈક વખત તક મળતાં રજોગુણ વિજયી બને છે. તે વખતે સત્ત્વ તથા તમને દબાઈ જઈને તેને આધીન થવું પડે છે. તે રીતે કોઈકવાર સત્ત્વગુણ વિજયી બને છે. તે સમયે રજ તથા તમને દબાઈને તેને

આધીન થવું પડે છે. આ પ્રકારે પ્રાણીઓના હૃદયમાં અવિદ્યા, કામ તથા કર્મો અનુસાર ત્રણેય ગુણોનું યુદ્ધ તથા ત્રણેય ભાવોનો આવિર્ભાવ અને તિરોભાવ અનાદિ કાળથી ચાલ્યાં આવે છે.

હૃદયમાં જેવા ભાવ હોય છે, તે અનુસાર જ સંસારના પદાર્થો કોઈક વાર પ્રિયરૂપે, કોઈક વાર અપ્રિયરૂપે, કોઈક વાર સુખરૂપે, કોઈક વાર દુ:ખરૂપે, કોઈક વાર મિત્રરૂપે તથા કોઈક વાર શત્રુરૂપે પ્રતીત થાય છે. માટે આ પદાર્થોમાં સુખ:દુખ, પ્રિય–અપ્રિય વગેરે દ્વન્દ્વ નથી. પણ ચિત્તના શુભાશુભ ભાવોમાં જ દ્વન્દ્વ ભરેલાં છે. ખરી રીતે તે અંદર છે, પણ તેમનો બહારના પદાર્થોમાં અધ્યારોપ કરવામાં આવે છે.

તેથી વિદ્વાન આચાર્યોએ કહ્યું છે કે—

'मित्रोदासीनशत्रुत्वं, यथैकस्यान्यकल्पनात्।

(સુરેશ્વાચાર્ય)

'वस्त्वेकमेव दुःखाय, सुखायेर्ष्योद्भवाय च।
कोपाय च यतस्तस्माद्, वस्तु वस्त्वात्मकं कुतः॥
तस्माद् दुःखात्मकं नास्ति, न च किञ्चिद् सुखात्मकम्।
चित्तभावानुसारेण कल्प्यते विविधं हि तत्॥

પ્રાણીઓમાં ભિન્ન ભિન્ન કલ્પનાઓથી એક જ વસ્તુ કોઈક વાર મિત્રરૂપે, કોઈક વાર શત્રુરૂપે તથા કોઈક વાર ઉદાસીનરૂપે પ્રતીત થાય છે. પદાર્થ એક જ છે. તે કોઈકવાર કોઈકને એક જ સમયમાં દુ:ખ તો કોઈકને સુખ આપે છે. કોઈક વાર કોઈની ઈર્ષ્યાનું તથા ક્રોધનું કારણ થઈ જાય છે. એમ કેમ? વિચાર કરતાં માલમ પડશે કે–તે પદાર્થ વસ્તુતઃ ન તો દુ:ખરૂપ છે કે ન સુખરૂપ છે. ચિત્તના ભાવો અનુસાર તે એકમાં જ અનેક પ્રકારના પરસ્પર–વિરૂદ્ધ પ્રિયત્વ, અપ્રિયત્વ, સુખસ્વરૂપત્વ,

દુઃખસ્વરૂપત્વ વગેરેનો આરોપ થાય છે. તેથી વિચિત્રરૂપે પ્રતીયમાન પદાર્થ વાસ્તવિક નથી, પણ આરોપિત છે. ચિત્તની કલ્પનાથી જ તેનું અસ્તિત્વ છે.

માટે મૈત્રેયી ઉપનિષદ્‌માં બૃહદ્રથ રાજા પ્રત્યે મહર્ષિ શાકાયન્યે કહ્યું છે કે—

'चित्तमेव हि संसारः, तत्प्रयत्नेन शोधयेत्।
यच्चित्तस्तन्मयो मर्त्यो गुह्यमेतत् सनातनम्॥'

ત્રિગુણાત્મક ભાવોવાળું ચિત્ત જ સંસાર છે. હું કર્તા, ભોક્તા, સુખી, દુઃખી છું, વગેરે ભાવોનું જ બીજું નામ સંસાર મનાયું છે. ઈંટ, પત્થર, મકાન, સ્ત્રી, પુત્ર વગેરેનું નામ સંસાર નથી. માટે વિવેક, વૈરાગ્ય, બ્રહ્મ વિચાર વગેરે સાધનો દ્વારા તે ચિત્તનું જ પ્રયત્નપૂર્વક સંશોધન કરવું જોઈએ; કારણકે જેવું ચિત્ત હોય છે, તેવો જ મરણધર્મા પ્રાણી બની જાય છે. જો ચિત્તમાં સારા ભાવ હોય છે, તો તે સારો બની જાય છે, અને ખરાબ ભાવ હોય છે, તો તે ખરાબ બની જાય છે. સાંસારિક કર્તૃત્વ, ભોક્તૃત્વ વગેરેના ભાવ ભરેલા હોય છે, તો તે સુખી, દુઃખી, મરવાવાળો-જન્મવાવાળો સંસારી જ બની જાય છે. એ રીતે જો પારમાર્થિક નિત્ય, શુદ્ધ, બુદ્ધ, મુક્ત, અસંગ, અદ્વય, પૂર્ણાનંદરૂપ બ્રહ્મભાવ ભરેલો હોય છે, તો તે બ્રહ્મ જ બની જાય છે. આ વેદાન્તનું ગુહ્ય સનાતન રહસ્ય છે.

વળી પૂજ્યપાદ ગૌડપાદાચાર્ય પણ કહે છે —

'मनोदृश्यमिदं द्वैतं यत्किञ्चित् सचराचरम्।
मनसो ह्यमनीभावे द्वैतं नैवोपलभ्यते॥'

(માણ્ડૂક્યોપનિષત્. અદ્વૈત-પ્રકરણ ૩૧)

આ જે કાંઈ સચરાચર જગદ્-રૂપ દ્વૈત છે, તે સર્વ મનનું દૃશ્ય છે. અર્થાત્ અવિદ્યા, કામ વગેરે દ્વારા વિકલ્પિત થનાર મન વડે દેખાવા યોગ્ય છે. માટે આ સંપૂર્ણ દ્વૈત-પ્રપંચ મન જ છે, એવો નિશ્ચય કરવો જોઇએ; કારણ કે મન રહેતાં તે રહે છે, અને મન નથી રહેતું ત્યારે સુષુપ્તિ તથા સમાધિદશામાં આ દ્વૈતની કાંઇ પણ ઉપલબ્ધિ હોતી નથી. માટે દ્વૈત-પ્રપંચની કલ્પનાથી અતિરિક્ત વાસ્તવિક સત્તા સિદ્ધ થતી નથી.

'भावैरसद्भिरेवायमद्वयेन च कल्पितः।
भावा अप्यद्वयेनैव तस्माद्द्वयता शिवा॥

(મા. ઉ. વૈતથ્ય. પ્રકરણ ૩૩)

તે એક જ અદ્વય આત્મા પ્રાણ વગેરે અનેક અસદ્-ભાવોથી તથા અદ્વૈતરૂપે કલ્પિત છે. આ અસદ્ભાવોની પણ અદ્વૈતથી જ કલ્પના કરવામાં આવી છે. માટે અદ્વૈતભાવ જ કલ્યાણમય છે. જેવી રીતે રજ્જુમાં અવિદ્યમાન સર્પ, ધારા વગેરે ભાવો વડે તથા વિદ્યમાન રજ્જુદ્રવ્ય વડે 'આ સર્પ છે, આ જલધારા છે, આ દંડ છે' આ પ્રકારે રજ્જુદ્રવ્યની જ અનેક રૂપોએ કલ્પના થાય છે; તેવી રીતે અસંખ્ય પ્રાણાદિ (જે પરમાર્થથી વિદ્યમાન નથી) ભાવોથી અવિદ્યા દ્વારા એક-અદ્વય આત્મા જ વિકલ્પિત થાય છે. આત્મા નિશ્ચલ-પૂર્ણ છે. તેથી તેમાં કોઈ પણ પ્રકારનું પ્રચલન બની શકતું નથી. ચિત્ત, સત્ત્વાદિગુણોનું કાર્ય હોવાને કારણે, ચલાયમાન છે. તેથી તેમાં જ આ દ્વૈત ભાવો ઉપલબ્ધ થાય છે. ચિત્ત જ્યારે ચલાયમાન નથી હોતું ત્યારે-અર્થાત બ્રહ્મ-ભાવમાં વિલીન થઇ જતાં કોઇ પણ દ્વૈતભાવ ઉપલબ્ધ થતો નથી, માટે આ સર્વ ભાવો ચિત્ત-કલ્પિ છે, પરમાર્થ-સત્ય નથી એવો દૃઢ નિશ્ચય થાય છે. કોઈ પણ કલ્પના નિરાધાર હોતી નથી. તેનું કોઈ ને કોઈ અધિષ્ઠાન માનવું જ પડે છે. જેવી રીતે સર્પ વગેરેની કલ્પનાનું અધિષ્ઠાન રજ્જુ છે, તેવી રીતે દ્વૈતપ્રપંચની

કલ્પનાનું અધિષ્ઠાન અદ્વય બ્રહ્મ છે. અને તે અધિષ્ઠાન અદ્વય સ્વરૂપનો કદી વ્યભિચાર થતો નથી. તે સદા જેમનું તેમ, કલ્પનાના સમયમાં પણ, અવસ્થિત રહે છે. માટે મિથ્યા દ્વૈતકલ્પના અનર્થ કરનારી હોવાથી અમંગલમય છે. માટે તેની જ દૃઢ નિષ્ઠા સંપાદન કરવી જોઈએ.

જેવા ભાવ હોય છે, તેવું જ આ જગત્ દેખાય છે. અવિદ્યાના અહંમમ વગેરે મિથ્યા ભાવ થતાં, મોહ તથા શોકથી પૂર્ણ આ સંસાર પ્રતીત થઈ જાય છે. વિદ્યાનો સત્ય-બ્રહ્મભાવ થતાં અખંડ, એકરસ, આનંદપૂર્ણ, બ્રહ્મ જ સર્વત્ર બહાર તથા અંદર પ્રતીત થાય છે; મિથ્યા સંસાર ગાયબ થઈ જાય છે (અલોપ થઈ જાય છે.) પદાર્થ એકરૂપે અવસ્થિત રહે છે, પણ કાલ્પનિક ભાવોના ભેદથી અનેકરૂપે પ્રતીત થાય છે. આ વિષયમાં આ લૌકિક ઉદાહરણ પણ છે–

કલ્પના કરો કે એક જગ્યાએ એક યુવતી સ્ત્રી ખડી છે. તેની ચારેય તરફ જુદા જુદા ભાવવાળી સાત વ્યક્તિઓ ખડી છે. તેઓ તે એક સ્ત્રીને પોતાની જુદી જુદી દૃષ્ટિ દ્વારા અનેકરૂપે જુવે છે. એક તરફ તેનો પિતા ઊભો છે. તેનો તે સ્ત્રી પ્રત્યે પુત્રી હોવાને કારણે વાત્સલ્યભાવ છે; તેથી તે તેને નિર્વિકાર, પ્યાર ભરી દૃષ્ટિએ જુવે છે. બીજી તરફ તેનો પતિ ખડો છે; તેનો તેનામાં કાન્તાભાવ છે. તેથી તે તેને વિકારવાળી પ્યાર ભરી દૃષ્ટિથી જુવે છે. ત્રીજી બાજૂ તેનો એક નાનો બે વર્ષનો પુત્ર ઊભો છે. તેનો તેના પ્રત્યે માતૃભાવ છે. તેથી તે તેને નિર્દોષ પ્રેમવાળી દૃષ્ટિએ જુવે છે. ચોથી તરફ તેની શોકય ખડી છે. તેનો તેના પ્રત્યે ખૂબ દ્વેષભાવ છે. તેથી તે તેને અંગારાથી ભરેલી સઘડી પેઠે હૃદયને ખૂબ સંતાપ આપનારી સમજે છે. માટે તેની દૃષ્ટિમાં તે સ્ત્રી કોઈ બીજા જ રૂપે દેખાય

છે. પિતા, પતિ પુત્રની સમાન તેનામાં તેને કોઈ પણ પ્રકારનો પ્યાર દેખાતો નથી; પણ પ્યારનો વિરોધી દ્વેષભાવ જ દેખાય છે. પાંચમી બાજુ એક બદમાશ કામી ઊભો છે. તે પોતાની કુત્સિત દૃષ્ટિથી તેને કોઈ જુદે જ રૂપે જુવે છે. તેને તેના પ્રત્યે પ્યાર તો છે, પણ પતિની પેઠે તે પ્યાર સુખ આપનાર નથી; પણ તે અપ્રાપ્ત હોવાને કારણે સંતાપ વધારનારો પ્યાર છે; કારણ કે અપ્રાપ્ત પ્રિય વસ્તુ સંતાપ આપે છે તે પ્રસિદ્ધ છે. છઠ્ઠી તરફ એક ભૂખ્યો વાઘ ખડો છે. તે તેને લાડૂ-જલેબીની પેઠે ભક્ષ્યરૂપે જુવે છે. તે પ્રતીક્ષા કરી રહ્યો છે કે-મને ક્યારે મોકો મળે, અને હું તેને ઓહિયાં કરી જાઉં, તેનું ગરમાગરમ તાજું લોહી પીને તથા સ્વાદિષ્ઠ માંસ ખાઈને સંતૃપ્ત થાઉં ? સાતમી તરફ એક વીતરાગ, તત્ત્વદર્શી, સંન્યાસી ખડા છે. તે તેને કોઈ જુદી જ દૃષ્ટિએ જુવે છે. તેમની દૃષ્ટિમાં પતિ વગેરેનો પ્યાર પણ નથી, શોક્યનો દ્વેષ પણ નથી, કામીનો મોહ પણ નથી, વાઘના જેવો ભક્ષ્યભાવ પણ નથી-પણ તે નામરૂપની દૃષ્ટિએ તે સ્ત્રીના શરીરને મલમૂત્રનો ગંદો થેલો સમજે છે, અથવા અસ્તિ, ભાતિ, પ્રિય-દૃષ્ટિએ તેને બ્રહ્મસ્વરૂપ સમજે છે. પદાર્થ એક છે, પણ ભિન્ન ભિન્ન ભાવોવાળી દૃષ્ટિઓના ભેદથી તે અનેકરૂપે દેખાય છે. તે એકમાં આ અનેકરૂપતાનો આરોપ છે, કલ્પના છે, અનેક દૃષ્ટિએ જોવાતાં છતાં તે જેમનો તેમજ અવસ્થિત રહે છે. આ સાતેય વ્યક્તિઓમાંથી પિતા, પતિ વગેરેમાં સુખ આપનાર સાત્ત્વિક ભાવ છે; શોક્યમાં દુઃખ આપવાવાળો રાજસ ભાવ છે; કામી વગેરેમાં મોહ વધારનાર તામસ ભાવ છે; અને યતિમાં-સંન્યાસીમાં ત્રિગુણાતીત બ્રહ્મભાવ છે, અથવા વાસ્તવિક ભાવ છે.

લોકમાં કહેવત છે કે-આપ ભલા તો જગ ભલા; આપ

બૂરા તો જગ બૂરા. અર્થાત્ સારા ભાવવાળા સજ્જનને સર્વ જગત્ સારું દેખાય છે, તથા બૂરા ભાવવાળા દુર્જનને સર્વ જગત્ ખરાબ દેખાય છે. હસ્તિનાપુરમાં એક વખતે સર્વ રાજાઓની સભા થઈ હતી. તેમાં કૌરવો, પાંડવો, તથા ભારતના સર્વ રાજાઓ એકઠા મળ્યા હતા. તે સમયે કોઈએ દુર્યોધનને પૂછયું-અહીં આવેલા આ રાજાઓ કેવા છે? દુર્યોધને મ્હોં બગાડીને જવાબ આપ્યો-આ સર્વ રાજાઓ દુષ્ટ છે, બદમાશ છે; તેમનામાં એક પણ સજ્જન નથી.

ફરી તેને પૂછવામાં આવ્યું કે-આ મહારાજ યુધિષ્ઠિર તો સારા છે ને? દુર્યોધને કટાક્ષપૂર્વક જવાબ આપ્યો કે-આ યુધિષ્ઠિર ઉપર ઉપરથી ભલો આદમી-બગલા ભગત જેવો માલમ પડે છે, પણ તેય બહુ દુષ્ટ છે-पथिका नैव जानन्ति जानन्ति सहवासिनः। બહારના પથિક લોકો તેને જાણતા નથી, પણ સહવાસીઓ જ જાણે છે કે તે કેવો છે.

તે વખતે કોઈએ મહારાજ યુધિષ્ઠિરને પૂછયું કે-હે રાજન્! આ સભામાં આવેલા રાજાઓ કેવા છે? યુધિષ્ઠિરે જવાબ આપ્યો -આ બધા જ રાજાઓ સારા છે, સજ્જન છે. કોઇ ખરાબ નથી. તેણે ફરી પૂછયું કે-આ દુર્યોધન કેવો છે? યુધિષ્ઠિરે કહ્યું-તે પણ સજ્જન છે, ભલો છે; લોકો તેને નકામો દુર્યોધન કહે છે, હું તો તેને સુબોધન જ કહું છું, દુર્યોધન કોઈ દિવસ નથી કહેતો.

એક ગામના છેવાડામાં એક બુદ્ધિમાન વૃદ્ધ બેઠા બેઠા સૂતર કાંતી રહ્યા હતા. તેમની પાસે એક મુસાફર આવ્યો. તેણે પૂછયું-હે વૃદ્ધ પુરુષ! આ ગામમાં કેવા લોક રહે છે-સારા કે ખરાબ? તે કહો. વૃદ્ધે પૂછયું-પહેલું તમે એ કહો કે તમે ક્યાંથી આવી રહ્યા છો. તેણે ૨૦ માઈલ પર આવેલા એક

ગામનું નામ દીધું. વૃદ્ધે પૂછયું-તમે ત્યાં કેટલો સમય રહ્યા ? તેણે કહ્યું-છ માસ. વૃદ્ધે ફરી પૂછયું. તે ગામના લોકો કેવા છે ? પેલા મુસાફરે નાક તથા મ્હોં મચકોડીને જવાબ આપ્યો-ત્યાંના લોકો બહુ ખરાબ છે, દુષ્ટ છે, લડવાડિયા છે, ત્યાં રહીને હું બહુ હેરાન થઈ ગયો. ત્યારે તે વૃદ્ધ બોલ્યા-ભાઈ, આ ગામના લોકો પણ ખરાબ જ છે, સારા નથી. તમે અહીં રહીને હેરાન જ થઈ જશો. વૃદ્ધની વાત સાંભળીને તે મુસાફર ત્યાંથી ચાલતો થયો.

એક કલાક પછી તે વૃદ્ધની પાસે એક બીજો મુસાફર આવ્યો. તેણે પણ તે ગામના લોકોની બાબતમાં તેવું જ પૂછયું. વૃદ્ધે તેને પણ તે જ પૂછયું કે- તમે કયાંથી આવી રહ્યા છો ? ત્યાં કેટલો સમય રહ્યા ? ત્યાંના લોકો કેવા છે ?તેણે પ્રસન્નતા પૂર્વક ગામનું નામ વગેરે બતાવીને કહ્યું કે- તે ગામના લોકો ખૂબ જ ભલા છે. ત્યાં હું એક વર્ષ લગી રહ્યો. ખૂબ સુખ મળ્યું. તે લોકોની સજ્જનતા તથા તેમનો પ્રેમભાવ યાદ કરીને મને રોમાંચ થાય છે. હું મહા મુશ્કેલીએ તે ગામ છોડીને આવ્યો છું, તે ભલા લોકો મને આવવા જ દેતા ન હતા. તેનો ઉત્તર સાંભળીને વૃદ્ધે કહ્યું-આ ગામના લોકો પણ બહુ સારા તથા સજ્જન છે. અહીં રહીને તમને ખૂબ સુખ મળશે.

આ સંવાદોનું તાત્પર્ય એ જ છે કે-હૃદયના સારા પવિત્ર ભાવ સર્વત્ર સારાપણું જ બતાવે છે, સુખ તથા પ્રસન્નતા વધારે છે. અને ખરાબ ભાવ બધે ખરાબપણું જ બતાવે છે, દુઃખ તથા શોક વધારે છે. આ પ્રકારે અંદરના સાત્ત્વિક ભાવો સુખના હેતુ થાય છે, રાજસ ભાવો દુઃખનો હેતુ થાય છે, અને તામસ ભાવો મોહના હેતુ થાય છે. બહારનો કોઇ પણ પદાર્થ નથી સુખ આપતો કે નથી દુખ આપતો મનના સારા-નરસા ભાવ

જ સુખદુઃખ આપે છે. માટે કહ્યું છે કે—

'सुखस्य दुःखस्य न कोऽपि दाता,
परो ददातीति कुबुद्धिरेषा।
अहं करोमीति वृथाऽभिमानः,
स्वकर्म-सूत्र-ग्रथितो हि लोकः॥'

સુખદુઃખને આપનાર કોઈ બહારનો પદાર્થ નથી. બીજો બહારનો પદાર્થ સુખદુઃખ આપે છે-એમ માનવું તે કુબુદ્ધિ છે. અર્થાત્ હૃદયના શુભાશુભ ભાવ જ સુખદુઃખ આપે છે. 'હું કરું છું' એમ માનવું તે વૃથા અભિમાન છે. વસ્તુતઃ જડ દેહાદિમાં તથા શુદ્ધ આત્મામાં કર્તૃત્વ વગેરે નથી. અવિદ્યાથી જ આત્મામાં કર્તૃત્વ વગેરે ભાવનાનો આરોપ થાય છે. પોતપોતાનાં શુભાશુભ કર્મરૂપી સૂત્રથી સર્વ બંધાયેલા છે. તે કર્મોનું કારણ અવિદ્યા તથા વાસનાઓ છે. તેમના દ્વારા જ જીવ અનેક પ્રકારનાં સુખ-દુઃખ વગેરેનો અનુભવ કરે છે.

ચિત્તના આ સર્વ સાત્ત્વિક, રાજસ તથા તામસ ભાવ અંતર્યામી એવા મારી-ભગવાનની સત્તાથી જ પ્રાદુર્ભૂત થાય છે, મારી પ્રેરણા (ચૈતન્ય-સ્ફૂર્તિ) પ્રાપ્ત કરીને જ, બહારના પદાર્થોને નિમિત્ત બનાવીને સુખદુઃખ આપતા રહે છે. તે સર્વ ભાવો મારામાં-અંતરાત્મામાં અધ્યસ્ત છે. માટે મારાથી-પરમાત્માથી તેમની પૃથક્ સત્તા મનાતી નથી. જેવી રીતે રજ્જુમાં અધ્યસ્ત સર્પ વગેરે રજ્જુથી અનન્ય છે, તેવી રીતે આ સર્વભાવો વસ્તુતઃ મારાથી અનન્ય છે. અનન્યત્વનો અર્થ છે તે અધિષ્ઠાનનો વ્યતિરેક થતાં અભાવ. જેવી રીતે સૂત્રના વ્યતિરેકથી પટનો અભાવ થઈ જાય છે, તેવી રીતે. માટે વાચસ્પતિમિશ્ર-ભામતીકારે કહ્યું છે કે-
'न खल्वनन्यत्वमित्यभेदं ब्रूमः, किन्तु भेदं व्यासेधामः।'
(બ્ર. સૂ. ૨,૧,૧૪)

અર્થાત્ 'અનન્યત્વ' પદથી અમે અધિષ્ઠાનથી અધ્યસ્તનો અભેદ નથી કહેતા, પણ ભેદનો જ નિષેધ કરીએ છીએ. માટે તે સર્વ આરોપિત ભાવ મારામાં–પરમાત્મામાં જ અવસ્થિત છે; પણ હું તેમનામાં અવસ્થિત નથી. જેવી રીતે આકાશમાં વાદળ રહે છે, આકાશથી ઉત્પન્ન થાય છે, તથા તેમાં જ વિલીન થઈ જાય છે; છતાં વાદળોમાં આકાશ રહેતું નથી; કારણકે આકાશ અતિ વિસ્તૃત છે, વાદળ ન હોવા છતાં તે રહે છે; વળી આકાશની અપેક્ષાએ વાદળ બહુ નાનાં છે અને તેના અતિશય અલ્પ પ્રદેશમાં રહે છે; માટે આકાશ વાદળોથી સદા નિર્લિપ્ત રહે છે; તેવી રીતે પ્રકૃતિમાં આકાશને સ્થાને અંતરાત્મા છે અને વાદળોને સ્થાને સર્વ સાત્ત્વિકાદિ ભાવ છે. માટે તે ભાવોથી અંતરાત્મા કદાપિ લિપ્ત થતો નથી.

તમે મુંબઈમાં રહો છો, તમારી પાસે હરિદ્વારથી પત્ર આવ્યો છે. તેમાં લખ્યું છે કે–અહીં ખૂબ વરસાદ થઈ રહ્યો છે. આખું આકાશ કાળાં કાળાં વાદળોથી છવાઈ ગયું છે. પણ તમે મુંબઈમાં તો જુવો છો કે આકાશ બિલકુલ સાફ છે, તેમાં એક પણ વાદળ દેખાતું નથી. તેવી દશામાં તમે તે વાતને કેવી રીતે માની શકો કે–આખું આકાશ વાદળોથી છવાઈ ગયું છે? ન જ માની શકો. તમે જાતે વિચાર કરીને અથવા કોઈ જાણકાર વિચારકને પૂછીને નિર્ણય કરો છો કે–આકાશ વાદળોથી છવાઇ ગયું છે–એમ કહેવું તે ભ્રાન્તિ છે. બહુ થોડાં–નાનાં વાદળોથી અતિ વિસ્તૃત આકાશ છવાઈ જઈ શકે નહિ, પણ જોનારની દૃષ્ટિઓ છવાઈ જાય છે. પણ તેનો આરોપ ભ્રાન્તિને લઈને આકાશમાં કરવામાં આવે છે. આ વિષયનું સમર્થન હસ્તામલકાચાર્ય પણ આ પ્રકારે કરે છે–

घनछन्नदृष्टिर्घनच्छन्नमर्कं, यथा निष्प्रभं मन्यते चातिमूढः।
तथा बद्धवद्भाति यो मूढदृष्टेः, स नित्योपलब्धिस्वरूपोऽहमात्मा॥

વસ્તુતઃ મેઘથી દૃષ્ટિ છવાઈ જાય છે, પણ મૂઢ માનવ મેઘથી સૂર્ય ઢંકાઈ ગયો, અને તેથી પ્રભારહિત થઈ ગયો એમ માને છે; તેવી રીતે મૂઢ દૃષ્ટિવાળો માણસ નિત્ય, શુદ્ધ, બુદ્ધ, મુક્ત સ્વરૂપ આત્માને વસ્તુતઃ બદ્ધ ન હોવા છતાં પણ ભ્રાન્તિથી બદ્ધ સમજે છે. તે અખંડ વિશુદ્ધ આત્મા હું છું.

તમે હરિદ્વારથી રેલગાડીમાં આવો છો. ગાડી મુંબઈની પાસે આવતાં લોકો બૂમ પાડી ઊઠે છે કે–મુંબઈ આવ્યું, મુંબઈ આવ્યું. આ પણ ભ્રાન્તિનો એક નમૂનો છે. વિચાર કરતાં માલૂમ પડે છે કે–મુંબઈ આવતું નથી. વસ્તુતઃ મુંબઈમાં આવવું–જવું સંભવતું નથી. પણ આપણે મુંબઈ પહોંચીએ છીએ, મુંબઈમાં આવીએ છીએ. પણ ભ્રાન્તિથી લોકો ઊલટું કહેવા લાગે છે. તે પ્રકારે પરમાત્મા સૃષ્ટિના આ ભાવોથી જુદા છે. છતાં તેમની અનુસ્યૂતતા બતાવવા માટે કહેવામાં આવે છે કે– **सर्वभूतस्थमात्मानं** (ગીતા ૬, ૨૯), **यो मां पश्यति सर्वत्र** (ગીતા ૬, ૩૦) સર્વ ભૂતોમાં આત્મા છે; મને પરમાત્માને જે સર્વત્ર જુવે છે. પરંતુ મહાન અનંતસ્વરૂપ આત્મા આ અલ્પ પરિમાણવાળાં ભૂતોમાં કેવી રીતે રહી શકે. મોટી વસ્તુમાં નાની વસ્તુ રહી શકે છે; પણ નાની વસ્તુમાં મોટી વસ્તુ રહી શકતી નથી. લોકમાં પણ તે જોવામાં આવે છે.

સુવર્ણમાં આભૂષણો રહી શકે છે, કારણ કે આભૂષણોનો આરોપ સુવર્ણમાં જ થાય છે. સુવર્ણ વિના આભૂષણોનું અસ્તિત્વ તથા ભાન જ થઈ શકતું નથી. કારણ, કે આભૂષણો કાર્ય છે. કારણમાં કાર્ય રહે છે–એ લોકપ્રસિદ્ધ વાત છે; કારણકે આભૂષણોની ઉત્પત્તિ, સ્થિતિ તથા વિલયનો આધાર એકમાત્ર સુવર્ણ છે. તથાપિ આભૂષણોમાં સુવર્ણ રહી શકતું નથી, કારણકે સુવર્ણની દૃષ્ટિમાં વસ્તુતઃ આભૂષણો છે જ નહિ; પછી

સુવર્ણ તેમનામાં કેવી રીતે રહી શકે? જો સુવર્ણ આભૂષણોમાં રહેતું હોય, અર્થાત્ તેમના વિના ન રહી શકતું હોય, તો આભૂષણો જ્યારે ન રહે ત્યારે સુવર્ણે પણ મરી જવું જોઈએ. પણ તે તો આભૂષણો વિના પણ રહે છે. માટે આભૂષણોમાં સુવર્ણ રહેતું નથી, પણ સુવર્ણમાં આભૂષણો રહે છે, માટે આભૂષણો સુવર્ણને કદી પણ છોડી શકતાં નથી, પણ સુવર્ણ આભૂષણોને છોડી દે છે. તે પ્રકારે પરમાત્મા સૃષ્ટિને છોડી શકે છે, પરંતુ સૃષ્ટિ પરમાત્માને છોડી શકતી નથી. માટે પરમાત્મામાં સૃષ્ટિ રહે છે, સૃષ્ટિમાં પરમાત્મા રહેતા નથી. તે તો પોતાના પૂર્ણાદ્વય મહિમામાં રહે છે. અથવા તે પોતે જ અપ્રતિષ્ઠિત છે, તેથી તે કોઈમાં પણ કેવી રીતે રહી શકે? માટે જ છાન્દોગ્ય ઉપનિષદ્‌માં નારદજીએ શ્રી સનત્કુમાર પ્રત્યે આ પ્રકારે પૂછ્યું હતું કે—

'स भगवः! कस्मिन् प्रतिष्ठितः? इति।

હે ભગવન્! તે ભૂમા બ્રહ્મ કોનામાં પ્રતિષ્ઠિત છે? શ્રી સનત્કુમારજીએ કહ્યું—

'स्वे महिम्नि यदि वा न महिम्नीति।' (૭,૨૪,૧)

તે પોતાના મહિમામાં અર્થાત્ અનંત વિભૂતિમાં પ્રતિષ્ઠિત છે, બીજે તે પ્રતિષ્ઠિત નથી. અથવા પરમાર્થ દૃષ્ટિએ તે પોતાના મહિમામાં પણ પ્રતિષ્ઠિત નથી, કારણકે તે ભૂમા વસ્તુતઃ સ્વયં અપ્રતિષ્ઠિત છે અર્થાત્ અનાશ્રિત છે. કોઈ બીજામાં તેના પ્રતિષ્ઠિતપણાનો પ્રતિષેધ કરવા માટે-કરવાના તાત્પર્યથી જ પ્રથમ કહ્યું કે–તે પોતાના મહિમામાં પ્રતિષ્ઠિત છે. પ્રશ્ન હતો કે–તેનો આધાર કોણ છે? ઉત્તર આપ્યો કે–તેમનો આધાર બીજું કશું નથી, સ્વયં અનાધાર છે.

મહારાષ્ટ્રના એક સાધુ મહાત્મા હતા. તે શ્રી ગણેશજીના ઉપાસક હતા. એકાન્તમાં રહીને શ્રી ગણેશજીની આરાધના કરતા હતા. એક શ્રદ્ધાલુ ભક્તે તેમને ૫૦ તોલા સુવર્ણ ભેટમાં આપ્યું. મહાત્માએ વિચાર કર્યો-સુવર્ણ બહુ ઉત્તમ ધાતુ છે. તેનું હિત-રમણીય (હિરણ્ય) દર્શન છે. માટે જ લોકો તેને હિરણ્ય કહે છે.

માટે તેનાથી પોતાના આરાધ્ય દેવની મૂર્તિ તથા તેમનું વાહન બનાવવામાં આવે તો બહુ સારૂં. વિચાર અનુસાર તેમના એક સોની ભક્તને ૨૫ તોલાની શ્રી ગણેશજીની મૂર્તિ તથા ૨૫ તોલાનું તેમનું વાહન-ઉંદર બનાવવાનું તેમણે કહ્યું. સોનીએ તે મૂર્તિઓ બનાવી આપી. કેટલાંયે વર્ષો સુધી શ્રદ્ધાભક્તિ પૂર્વક તે મૂર્તિની પૂજા કરતા રહ્યા.

બાર વર્ષ પછી હરિદ્વારનો કુંભ આવે છે. કુંભમાં મોટા-મોટા સંત મહાત્માઓનું આગમન થાય છે. ગંગાતટ પર એક બે મહીના સુધી તેમનો નિવાસ રહે છે. ત્યાં ખૂબ સત્સંગ-ભજન થયા કરે છે. મહારાષ્ટ્રના તે મહાત્માએ વિચાર્યું કે કુંભમાં અવશ્ય જવું જોઈએ. એવો દુર્લભ લાભ બહુ મુશ્કેલીથી મળે છે, ભગવાનની કૃપા વગર મળતો નથી. માનસ રામાયણમાં કહ્યું છે—

सत्संगति मुद-मङ्गल-मूला,
सोई फ़ल-सिद्धि सब साधन फूला।
शठ सुघरहिं सत्सङ्गति पाई,
पारस परसि कुधातु सुहाई।
सयसे दुर्लभ मनुज शरीरा,
सत्सङ्गति दुर्लभ संसारा।

गिरिजा ! सन्त-समागम, सम न लाभ कछु आन।
हरिकृपा सो पावहिं, गावहि वेद-पुरान॥

પરંતુ કુંભમાં જઈને સંત મહાત્માઓની કંઈ સેવા થાય તો સોનામાં સુગંધની પેઠે બહુ સુંદર થાય. એવો વિચાર કરીને તેમની દૃષ્ટિ તે સુવર્ણની બે મૂર્તિઓ પર પડી. પ્રસન્નતાથી મહાત્માનો ચહેરો ખીલી ઊઠયો. બસ, આનું સોનું વેચીને જે રૂપિયા મળશે તે સર્વ ગંગાના પાવન તટ પર રહેતા સંતોને માટે ભંડારો કરવામાં ખરચી દઈશું. હવે તે મહાત્મા પેલી બે મૂર્તિઓને લઈને બજારમાં ગયા. એક પરિચિત શરાફની દુકાનમાં જઈને, સોનાનો ભાવ પૂછીને, તેમને તોલાવવા લાગ્યા. શરાફે કહ્યું ૨૫ તોલા ગણેશ તથા ૨૫ તોલા ઉંદર. એક તોલાનો ૫૦ રૂપિયા ભાવ. એટલે ગણેશજીની ૧૨૫૦ રૂપિયા કિંમત, અને ઉંદરની પણ તેટલી જ કિંમત, સરખું વજન, સરખી કિંમત. શરાફની વાત સાંભળીને મહાત્મા બોલ્યા-હેં ! હેં ! એમ કેમ બને ? સ્વામી તથા સેવકની બરાબરી ન થઈ શકે. સેવક ઉંદરની અપેક્ષાએ સ્વામી ગણેશની કિંમત વધારે હોવી જોઈએ. શરાફ બોલ્યો–મહારાજ ! આપની દૃષ્ટિમાં ગણેશ છે, ઉંદર છે, પણ મારી દૃષ્ટિમાં ગણેશ પણ નથી અને ઉંદર પણ નથી. પણ એક માત્ર સોનું જ છે. હું સુવર્ણની જ કિંમત આપી રહ્યો છું; ગણેશ-ઉંદરની નહી. સોનામાં ગણેશ તથા ઉંદર રહી શકે છે, પણ ગણેશ તથા ઉંદરમાં સુવર્ણ રહી શકતું નથી; કારણકે સોનાને અલગ કરતાં ગણેશ તથા ઉંદર રહી શકશે જ નહિ; તો પછી તેમનમાં સોનું કેવી રીતે રહે ? સુવર્ણની દૃષ્ટિમાં ગણેશ અને ઉંદર હતા પણ નહિ, છે પણ નહિ, અને રહેશે પણ નહિ. તેમનો ત્રૈકાલિક પ્રતિષેધ છે. જો

૨૩

આપ સોનામાંથી ગણેશ તથા ઉંદરને કાઢી લઈ શકતા હો, તો કાઢીને લઈ જાઓ, અને મારું સોનું રહેવા દો.

મહાત્મા વેદાંત ભણ્યા જ હતા. તેથી શરાફની વાત તરત સમજી ગયા. બન્નેની સરખી કિંમત લઈને ચાલતા થયા.

ગણેશ તથા ઉંદરની મૂર્તિમાં તથા આભૂષણોમાં સુવર્ણ રહે છે એમ જ્યાં કહેવામાં આવે છે, ત્યાં તેનું તાત્પર્ય એવું મનાય છે કે-મૂર્તિ કંઈ નથી, આભૂષણ કંઈ નથી, એક માત્ર સુવર્ણ જ છે. તેમને અગ્નિમાં ઓગળાવી નાંખતાં સુવર્ણ જ બાકી રહે છે; મૂર્તિ તથા આભૂષણ રહેતાં નથી.

માટે જ ભગવત્પાદ આચાર્ય શ્રી શંકર સ્વામીએ શતશ્લોકીમાં પટસૂત્રના દૃષ્ટાંતથી આ જ વાત સમજાવી છે કે-

'ओतः प्रोतश्च तन्तुष्विह विततपटश्चित्रवर्णेषु चित्रः,
तस्मिञ्जिज्ञास्यमाने ननु भवति पटः सूत्रमात्रावशेषः।
तद्वद्विश्वं यच्चित्रं नगनगरनरग्रामपश्वादिरूपम्,
प्रोतं वैराजरूपे स वियति तदपि ब्रह्मणि प्रोतमोतम् ॥'

એક લાંબુ-પહોળું, રંગબેરંગી, કપડું-તેનો તાકો કેટલાય રંગના તંતુઓમાં ઓતપ્રોત રહે છે. જો તે વસ્ત્રના વાસ્તવિક સ્વરૂપની ખોજ કરવામાં આવે, તો તે તંતુરૂપે જ પરિશિષ્ટ રહે છે. વસ્ત્રનું-તાકાનું રૂપ તેમાં ગાયબ-અલોપ થઈ જાય છે. તે પ્રકારે પર્વત, નગર, મનુષ્ય, ગામ, પશુ વગેરે રૂપવાળું આ વિચિત્ર જગત્ પણ વિરાટ્‌માં ઓતપ્રોત છે. અને તે આકાશમાં (અવ્યક્ત પ્રકૃતિમાં) ઓતપ્રોત છે, તથા આકાશ વિશુદ્ધ બ્રહ્મમાં ઓતપ્રોત છે. આ પ્રકારે આ સર્વ કાંઈ પરમાર્થતઃ બ્રહ્મસ્વરૂપ જ છે; બ્રહ્મથી અતિરિક્ત નથી. બ્રહ્મ જ પરિશિષ્ટ રહે છે. તેમાં અધ્યસ્ત થયેલું જગત્ તેના જ્ઞાનથી અલોપ થઈ જાય છે.

છે હવે ભગવત્પાદ આચાર્ય ઘીના દૃષ્ટાંતથી ભૂતોથી બ્રહ્મની પૃથક્તા બતાવતાં કહે છે કે—

'क्षीरान्तर्यद्वदाज्यं मधुरिमविदितं तत्पृथग्ऽभूतमस्माद्,
भूतेषु ब्रह्म तद्वद् व्यवहृतिविदितं श्रान्तविश्रान्तिबीजम्।
यं लब्ध्वा लाभमन्यं तृणमिव मनुते, यत्र नोदेति भीतिः,
सान्द्रानन्दं यदन्तः स्फुरति तदमृतं विद्ध्यतो ह्यन्यदार्तम्॥'

જેવી રીતે દૂધની અંદર મધુરતા દ્વારા ઓળખવામાં આવતું ઘી, વસ્તુતઃ દૂધથી પૃથક્ જ હોય છે; તેવી રીતે જગત્‌ના અનેકવિધ વ્યવહારો દ્વારા-તેમના પ્રકાશરૂપે જાણવામાં આવતું તથા સુષુપ્તિમાં થાકેલા પુરુષોને વિશ્રામનું મૂળ કારણ બ્રહ્મ પણ વાસ્તવમાં ભૂતોથી પૃથક્ જ છે; જેને પ્રાપ્ત કરીને માનવી સંસારના અન્ય સર્વ લાભોને તૃણ સમાન તુચ્છ માને છે; તથા જ્યાં તેને કોઈ પણ પ્રકારના ભયનો પ્રાદુર્ભાવ થતો નથી; તે આનંદઘન પરમાત્માને જ, જે સદા હૃદયમાં પ્રભાસિત થાય છે—અમૃતસ્વરૂપ જાણો; તેનાથી અતિરિક્ત બીજું સર્વ નાશવાન—મિથ્યા છે, એવો નિશ્ચય કરો.

સાંખ્યવાદી કહે છે કે—અંદર જ સાત્ત્વિકાદિ ભાવ થાય છે એમ નથી, બહારના સર્વ પદાર્થોમાં પણ સાત્ત્વિકાદિ ભાવ રહે છે. પદાર્થગત વિશેષતા વિના તેના સંનિધાન માત્રથી સુખાદિરૂપ ચિત્તવૃત્તિઓનો ઉદય થઈ શકતો નથી. માટે ચિત્તગત સુખાદિના પ્રયોજકરૂપે પદાર્થોમાં પણ સત્ત્વાદિ રૂપોની વિશેષતા માનવી જ જોઈએ. પદાર્થ એક હોવા છતાં પણ જેના ચિત્તમાં જ્યારે ધર્મનું પ્રકાટ્ય થાય છે, ત્યારે તે પદાર્થથી સુખ પ્રાપ્ત થાય છે, અધર્મ પ્રગટ થતાં તે જ પદાર્થથી દુઃખ મળે છે, તથા અવિદ્યાની અપેક્ષા કરીને તેના જ દ્વારા મોહ પ્રાપ્ત થાય છે. માટે એક જ સમયમાં એક જ પદાર્થ દ્વારા કોઈ પુણ્યવાનને સુખ, કોઈ

પાપીને દુઃખ, તથા કોઈ મૂઢને મોહ પ્રાપ્ત થાય છે. માટે સાંખ્યતત્ત્વકૌમુદીમાં વાચસ્પતિમિશ્રે કહ્યું છે કે—

'तद् यथा एकैव स्त्री रूपयौवनकुलसम्पन्ना स्वामिनं सुखाकरोति, तत्कस्य हेतोः? स्वामिनं प्रति तस्याः सुखरूपसमुद्भवात्, सैव स्त्री सपत्नीर्दुःखाकरोति, तत् कस्य हेतोः? ताः प्रति तस्याः दुःखरूपसमुद्भवात्, एवं पुरुषान्तरं तामविन्दमानं सैव मोहयति, तत् कस्य हेतोः? तं प्रति तस्या मोहरूपसमुद्भवाद्, अनया च स्त्रिया सर्वे भावाः व्याख्याताः।'

જેવી રીતે રૂપ, યૌવન તથા કુળથી સંપન્ન એક જ સ્ત્રી સ્વામીને સુખ આપે છે. એ શા કારણથી બને છે? એટલા માટે કે તે સ્વામીના પ્રત્યે સત્ત્વગુણાત્મક સુખરૂપે સમુદ્ભૂત (પ્રગટ) થાય છે. તે જ સ્ત્રી શોકયોને દુઃખ આપે છે, તે શા કારણથી? એટલા જ માટે કે તેમના પ્રત્યે રજોગુણાત્ક દુઃખરૂપે તે પ્રગટ થાય છે. તથા તેને પ્રાપ્ત નહિ કરનાર, અન્ય કામી પુરુષને તે મોહ પેદા કરે છે, એમ શા કારણથી? એટલા જ માટે કે તે તેના પ્રત્યે તમોગુણાત્મક મોહરૂપે પ્રગટ થાય છે. આ સ્ત્રીના ઉદાહરણ દ્વારા સર્વ પદાર્થોમાં પણ સત્ત્વગુણાદ્યાત્મક સુખાદિરૂપતા છે, એ બતાવ્યું છે. જેવી રીતે મેઘ કિસાનોને સુખ આપે છે, મુસાફરોને દુઃખ આપે છે, તથા વિરહીઓને મોહ ઉત્પન્ન કરે છે. તથા ન્યાયપરાયણ રાજા સજ્જનોને સુખ આપે છે, દુષ્ટોને દુઃખ આપે છે અને મોહ પણ આપે છે. એવાં અસંખ્ય ઉદાહરણો જગતમાં મળે છે, જેમના દ્વારા બહારના પદાર્થોમાં પણ સાત્ત્વિકાદિ ભાવોની સિદ્ધિ થાય છે.

આ જગત્ ત્રિગુણાત્મક કહેવાય છે. તેથી જગતના સર્વ પદાર્થોમાં ત્રણ ગુણો અવશ્ય રહે છે. માટે જ સર્વ પદાર્થો

× મોહનો અર્થ અહીં વિષાદ છે. ચૈત્રની ભાર્યાને જોઈને કામી ચૈત્ર આ પ્રકારે વિષાદ કરે છે કે—આ ચૈત્ર પુણ્યવાન છે, જેથી તેને સુંદર સ્ત્રી મળી છે હાય, મને મંદભાગીને નથી મળી મોહ દ્વારા તે એવો વિષાદ કરાવે છે.

એક જેવા રહેતા નથી, ક્ષણે ક્ષણે બદલાતા રહે છે; કારણ કે ગુણોનો સ્વભાવ ચલાયમાન રહે છે. તેથી જ્યારે કોઈ ગુણ ઉત્કૃષ્ટ હોય છે, ત્યારે તે બીજા બે ગુણોને નિરુદ્ધ કરી દે છે (દબાવી દે છે.) અને તેના ધર્માધર્માદિ નિમિત્ત અભિભાવક થઈ જાય છે. નિરુદ્ધ થયેલા તે બે ગુણો પોતપોતાના કાર્યને પેદા કરવામાં અશક્ત થઇ જાય છે, તેથી તેમનાં નિમિત્ત પણ અભિભૂત રહે છે. જ્યારે જેના ચિત્તમાં ધર્મરૂપ નિમિત્ત ફલોન્મુખ બનીને ઉત્કૃષ્ટ થાય છે, ત્યારે તેના ચિત્તમાં તેના ચિત્તની પાસે આવેલા પદાર્થમાં સત્ત્વગુણ ઉત્કૃષ્ટ બનીને, રજ તથા તમનો તિરસ્કાર કરીને, તેના પ્રતિ સુખજ્ઞાનને ઉત્પન્ન કરી દે છે. જ્યારે અધર્મ ઉત્કૃષ્ટ થાય છે, અર્થાત્ ફળ આપવા માટે અભિમુખ થાય છે, ત્યારે રજ અથવા તમ ઉત્કૃષ્ટ બનીને, દુખઃજ્ઞાન અથવા મોહજ્ઞાનને ઉત્પન્ન કરી દે છે. તેથી ધર્માધર્મ નિમિત્ત કોઈક કોઈક વખત કોઈ કોઈમાં પ્રગટ થવાને કારણે સર્વને સદા સર્વમાં સમાન્ જ્ઞાન થતું નથી.

જ્યારે કોઈક વખત ધર્મ પ્રગટ થાય છે, ત્યારે તે જ પદાર્થ તેને સુખ આપે છે; અને અધર્મ પ્રગટ થતાં તે જ પદાર્થ બીજે સમયે તેને જ દુઃખ આપી જાય છે. માટે કોઈ પદાર્થ એકદમ કોઈને નથી સુખ આપી શકતો, કે નથી દુઃખ આપી શકતો. કર્મો અનુસાર ચક્રનેમિની પેઠે સુખદુઃખની દશાઓ બદલાતી રહે છે.

વેદાન્તવાદી અનેક પ્રમાણો આપીને બહુ જોરપૂર્વક કહે છે કે—જેવો દૃષ્ટિ તેવી સૃષ્ટિ. સૃષ્ટિ દૃષ્ટિ અનુસાર જ બને છે. દૃષ્ટિ ન હોય, તો સૃષ્ટિ રહી શકે નહિ-દૃષ્ટિ વિના સૃષ્ટિનું ભાન જ નથી થઈ શકતું. એક મનુષ્ય પલંગમાં ગાઢ નિદ્રાવશ થઈને સૂઇ રહ્યો છે. તેની એક બાજૂમાં વિષધર સાપ પડેલો

છે. તેનાથી તેને કંઈક ભય, કંપ વગેરે થતાં નથી. વળી બીજે પડખે કોઈએ ગીનીઓની એક થેલી મૂકી છે તેથી તેને કંઈ હર્ષ નથી થતો. એમ કેમ? અર્થાત્ ભયનો હેતુ સર્પ તથા હર્ષનો હેતુ થેલી વિદ્યમાન છે, પરંતુ તેને ભય તથા હર્ષ કેમ થતા નથી? તમારે બાધ્ય થઈને કહેવું પડે છે કે સર્પ તથા થેલી પર તેની દૃષ્ટિ પડી નથી. તમે કહી શકો છો કે-સર્પ હતો, થેલી હતી, ત્યારે તેમના પર દૃષ્ટિ પડી ને? તે ન હોત, તો દૃષ્ટિ કેવી હોત? પરંતુ આપનું આ કહેવું સર્વથા ભ્રાન્ત છે. રજ્જુસ્થળમાં સર્પ ન હોવા છતાં પણ ભ્રાન્તિથી સર્પની દૃષ્ટિ થાય છે, અને તેનાથી જ તેને સાચા સર્પની પેઠે સર્પ દેખાય છે, તે ભયભીત બને છે, કંપે છે, અને ચીસ પાડીને નાસે છે. સર્પ તથા, થેલી હતી-એવું પણ કહેનાર ત્યારે જ કહી શકે છે કે જ્યારે તેની દૃષ્ટિ હોય છે. દૃષ્ટિ વિના તેના અસ્તિત્વનું ભાન કોને થશે? તેથી દૃષ્ટિ પણ અંદર છે, તેનું નિમિત્ત-ધર્માધર્મ અને ધર્માધર્મનાં નિમિત્ત કામનાઓ તથા અવિદ્યા પણ અંદર જ છે. આ નિમિત્તો દ્વારા જે જે સમયે દૃષ્ટિ થાય છે, તે સમયે તે જ દૃષ્ટિ સુખદુઃખ આપનારી સૃષ્ટિની કલ્પના કરી દે છે.

દૃષ્ટિ-સૃષ્ટિનો અર્થ છે **दृष्टिसमसमया विश्वसृष्टिः, यदा यत्पश्यति तत्समकालं तत्सृजति।** અર્થાત્ દૃષ્ટિ સમયકાલીન જ સંસારની ઉત્પત્તિ છે, જે સમયે જેને જુવે છે, તે સમયે તેને ઉત્પન્ન કરે છે. વૃત્તિથી ઉપહિત ચૈતન્યનું નામ દૃષ્ટિ છે. :માટે અમારી પ્રામાણિક અતિધન્ય શ્રુતિઓ કહે છે કે—

'स यत्र प्रस्वपिति, अस्य लोकस्य सर्वावतो मात्रामपादाय, स्वय विहत्य स्वयं निर्माय स्वेन भासा स्वेन ज्योतिषा प्रस्वपिति, अत्रायं पुरुषः स्वयंज्योतिर्भवति। न तत्र रथा न

रथयोगा न पन्थानो भवन्ति, अथ रथान् रथयोगान् पथः सृजते, न तत्रानन्दा मुदः प्रमुदो भवन्ति, अथानन्दान्मुदः प्रमुदः सृजते। न तत्र वेशान्ताः पुष्करिण्यः स्रवन्त्यो भवन्ति, अथ वेशान्तान्पुष्करिणीः स्रवन्तीः सृजते स हि कर्ता।'

(બૃ. ૪.૩,૯–૧૦)

જ્યારે તે સૂઈ જાય છે, ત્યારે તે આ જાગૃત લોકોની વાસનાઓને ગ્રહણ કરીને તથા આ જાગૃત શરીરને નિશ્ચેષ્ટ–બેભાન બનાવીને તથા કલ્પનાથી સ્વપ્નના શરીરનું નિર્માણ કરીને, વાસનામયી વૃત્તિઓનું પોતાનાં પ્રકારની–પોતાના અલુપ્ત દૃક્સ્વભાવ વાળી જ્યોતિથી અવગાહન કરતો સૂઈ જાય છે. તે સ્વપ્નમાં તે અંતરાત્મા પુરુષ જ સ્વયંજ્યોતિ છે. સ્વપ્નમાં નથી ઘોડા, નથી રથ, નથી માર્ગ; પરંતુ તે વાસનાવાળો આત્મા પોતાની વાસનામયી દૃષ્ટિઓના સમકાળમાં જ રથ, ઘોડા, તથા માર્ગોનું સર્જન કરે છે. નથી ત્યાં આનંદ, હર્ષ (પુત્રાદિ લાભ જન્ય) તથા પ્રમોદ (ઉત્કૃષ્ટ હર્ષ) નથી, તેમનાં ઉત્પાદક સાધન પણ નથી. પણ તે સાધન સહિત આનંદ, હર્ષ વગેરેનું તત્કાલ જ સર્જન કરી દે છે. નથી ત્યાં વેશાન્ત (નાનું તળાવ), નથી પુષ્કરિણી (કમલવાળુ મોટું તળાવ), તથા નથી ત્યાં વહેનારી નદીઓ; પરંતુ તે દૃષ્ટિ સમયમાં તેમનું સર્જન કરે છે. વાસનાવાળી અંતઃકરણની વૃત્તિરૂપ દૃષ્ટિઓ દ્વારા જ તે સ્વપ્ન-પ્રપંચના સર્જનનો કર્તા બને છે.

'अथ यदा सुषुप्तो भवति, तदा न कस्यचन वेद।'

(બૃ. ૨,૧,૧૯)

સ્વપ્ન પછી જ્યારે તે સુષુપ્ત થાય છે, અર્થાત્ ગાઢ નિદ્રાનો અનુભવ કરે છે, ત્યારે તે કોઈ પણ પદાર્થને જાણતો નથી;

કારણકે તે સમયે સમસ્ત ઈન્દ્રિયો તથા તેમનું નાયક મન પણ વિલીન થઈ જાય છે; માટે તેમની દૃષ્ટિઓ ન હોવાને કારણે કોઈ પણ પ્રકારની ક્રિયાકારકફલાદિ-રૂપ સૃષ્ટિનો અનુભવ કરી શકતો નથી. सुषुप्तिकाले सकले विलीने तमोऽभिभूतः सुखरूपमेति। (કૈ૦ ઉ૦) અર્થાત્ સુષુપ્તિકાળમાં અંતઃકરણની દૃષ્ટિ ન હોવાથી સમસ્ત દ્વૈત પ્રપંચનો વિલય થઈ જાય છે. તે સમયે તે એક માત્ર અજ્ઞાનથી અભિભૂત બનીને, પોતાના શુદ્ધ સુખસ્વરૂપનો અનુભવ કરે છે न तु तद्द्वितीयमस्ति, ततोऽन्य-द्विभक्तं यत्पश्येत्। (બૃહ૦ ૪,૩,૨૨) સુષુપ્તિમાં દૃષ્ટિનો વિષય અન્ય પદાર્થ જ નથી હોતો, તેથી દ્રષ્ટા-આત્માથી બીજા વિભક્ત પદાર્થનું દર્શન જ થતું નથી. આ શ્રુતિ પણ સુષુપ્તિમાં સકલ કાર્યપ્રપંચના લયનું બોધન કરે છે. જ્યારે સુષુપ્તિમાંથી ઉત્થાન થાય છે, ત્યારે દૃષ્ટિઓની સાથે જ સમસ્ત સૃષ્ટિનો પ્રાદુર્ભાવ થાય છે. આ વિષયને અતિ સ્પષ્ટ શબ્દોમાં બૃહદારણ્યક શ્રુતિ કહે છે

'स यथोर्णनाभिस्तन्तुनोच्चरेत्, यथाग्नेः क्षुद्रा विस्फुलिङ्गा व्युच्चरन्ति, एवमेवास्मादात्मनः सर्वे प्राणाः सर्वे लोकाः सर्वे देवाः सर्वाणि भूतानि व्युच्चरन्ति, तस्योपनिषत् सत्यस्य सत्यमिति, प्राणा वै सत्यं, तेषामेष सत्यम्।'

(બૃ. ૨,૧,૨૦)

જેવી રીતે કરોળિયો પોતાનામાંથી જ તંતુઓને કાઢીને તેમનાથી જાલનું સર્જન કરે છે, તેના સર્જનમાં પોતાનાથી અતિરિક્ત સાધનની અપેક્ષા હોતી નથી; તથા જેવી રીતે એક રૂપવાળા અગ્નિમાંથી નાની નાની અનેક ચિનગારીઓ તેની ચારેય તરફ પ્રગટ થઈ જાય છે, તેવી રીતે આ સુષુપ્ત આત્મા

માંથી સર્વપ્રાણો અર્થાત્ ચક્ષુરાદિ ઈન્દ્રિયો, સર્વ ભૂર્ભુવઃ આદિ-લોક, સર્વ દેવો (જે ઈન્દ્રિયોના તથા લોકોના અધિષ્ઠાતા છે), તથા સર્વ બ્રહ્માથી માંડીને સ્તમ્બ (ક્ષુદ્ર જંતુ વિશેષ) પર્યંત સમસ્ત ભૂત–પ્રાણી અર્થાત્ સ્થાવર–જંગમ સમગ્ર જગત્ ઉત્પન્ન થાય છે. તેની આ ઉપનિષદ્ છે–અર્થાત રહસ્ય વિદ્યા છે કે– તે અન્યતનું સત્ય છે. પ્રાણ વગેરે આ જગત્ પ્રાતિભાસિક સત્ય છે, અને તેમાં એ અંતરાત્મા પારમાર્થિક સત્ય છે.

આ શ્રુતિ દ્વારા એવો નિર્ણય થાય છે કે જાગ્રત્‌માં આ આત્મા પોતાની અવિદ્યા તથા વાસનામયી દૃષ્ટિના સમકાલમાં જ સુષુપ્તિમાં વિલીન સર્વ જગત્‌તનું સર્જન કરે છે.

વેદાંત–સિદ્ધાંત–મુક્તાવલી નામના સંસ્કૃત ગ્રંથના રચનાર સ્વામી પ્રકાશાનંદ સરસ્તી દૃષ્ટિસૃષ્ટિ વાદનો એવો વિલક્ષણ અર્થ કરે છે કે–दृष्टिरेव विश्वसृष्टिः दृश्यस्य दृष्टिभेदे प्रामाणाभावात्। અર્થાત્ દૃષ્ટિ જ વિશ્વસૃષ્ટિ છે. સ્વપ્રકાશ, જ્ઞાનસ્વરૂપ દૃષ્ટિ જ અવિદ્યા દ્વારા પ્રપંચની સૃષ્ટિ છે. દૃષ્ટિ સમકાલીન અન્ય પ્રપંચની સૃષ્ટિ નથી, કારણકે દૃશ્યને–પદાર્થને સ્વપ્રકાશ જ્ઞાનસ્વરૂપથી પૃથક્ માનવામાં કોઈ પ્રમાણ નથી. આ વિષયને આ સ્મૃતિ પણ પ્રમાણિત કરે છે—

'ज्ञानस्वरूपमेवाहुर्जगदेतद्विचक्षणः ।
अर्थस्वरूपं भ्राम्यन्तः पश्यन्त्यन्ये कुदृष्टयः ॥'

અર્થાત વિવેકી પુરુષ આ પ્રત્યક્ષ સિદ્ધ જગત્‌ને જ્ઞાનાત્મક જ કહે છે; પણ કેટલાક કુદૃષ્ટિવાળા, ભ્રાન્ત પુરુષો આ ચૈતન્ય, જ્ઞાનરૂપ (બ્રહ્મરૂપ) જગત્‌ને જ્ઞાનસત્તાથી ભિન્ન જુવે છે.

प्रतीतव्यप्रतीत्योश्च, भेदः प्रामाणिकः कुतः ?।
प्रतीतिमात्रमेवैतद्, भाति विश्वं चराचरम् ॥

ज्ञानज्ञेयप्रभेदेन यथा स्वप्नं प्रतीयते।
विज्ञानमात्रमवैतत्, :तथा जाग्रच्चराचरम्॥
तन्तोर्भेदे पटो यद्वत्, शून्य एव स्वरूपतः।
आत्मनोऽपि तथैवेदं, भानमात्रं चराचरम्॥
रज्जुर्यथा भ्रान्त-दृष्ट्या सर्परूपा प्रकाशते।
आत्मा तथा मूढ-बुद्ध्या जगद्रूपः प्रकाशते॥
आत्मन्येव जगत्सर्वं, दृष्टिमात्रं सतत्त्वकम्।
उद्भूय स्थितिमास्थाय विनश्यति मुहुर्मुहुः॥
पूर्णानन्दाद्वये शुद्धे पाप्मदोषादिवर्जिते।
प्रतिबिम्बमिवाभाति दृष्टिमात्रं जगत्-त्रयम्॥

(વેદાન્ત-સિદ્ધાન્ત-મુક્તાવલિ)

જ્ઞાન અને તેમનો ભેદ પ્રામાણિક કેવી રીતે હોઈ શકે? આ સંપૂર્ણ ચરાચર વિશ્વ પ્રતીતિમાત્ર (જ્ઞાનરૂપ જ) ભાસી રહ્યું છે. તાત્પર્ય એ છે કે-જડ-જ્ઞેય પ્રપંચને પોતાની સિદ્ધિ માટે જ્ઞાનની અપેક્ષા જરૂર છે, પણ જ્ઞાનને જ્ઞેયની અપેક્ષા નથી; કારણકે જ્ઞેય વિના પણ જ્ઞાન સુષુપ્તિ વગેરેમાં રહી શકે છે, પણ જ્ઞાન વિના જ્ઞેય રહી શકતું નથી. માટે જ્ઞાનમાં જ જ્ઞેયનો અંતર્ભાવ માનવો જોઈએ. અર્થાત્ જ્ઞાન અને જ્ઞેયનો ભેદ માનવો જોઈએ નહિ જેવી રીતે સ્વપ્નનું જગત્ વિજ્ઞાનસ્વરૂપ હોવા છતાં પણ જ્ઞાન, જ્ઞેય વગેરે ભેદરૂપે પ્રતીત થાય છે. અર્થાત સ્વપ્નમાં વિજ્ઞાનરૂપ આત્મા જ જ્ઞેયરૂપે તથા જ્ઞાનરૂપે પ્રતીત થાય છે, તેવી રીતે આ વિજ્ઞાનમાત્ર આત્મા જ જાગ્રત્‌કાળના ચરાચરરૂપ જગત્ રૂપે કોઇક જગ્યાએ ભેદથી અને કોઈક જગ્યાએ અભેદથી ભાસે છે. જેવી રીતે વાસ્તવમાં તંતુઓથી જુદો કરવા જતાં પટ શૂન્ય બની જાય છે, અર્થાત્ પટ તંતુરૂપ જ છે,

તેમનાથી ભિન્ન પટ કોઈ ચીજ નથી; તેવી રીતે પ્રતીતિથી સિદ્ધ થયેલું આ ચરાચર જગત્ પણ આત્માથી જો ભિન્ન કરવામાં આવે, તો તે શૂન્ય જ થઈ જાય છે. આશય એ છે કે–કારણની સત્તા જ કાર્યની સત્તા છે, સ્વતંત્રરૂપે કાર્યની સત્તા માની શકાતી નથી. જો કાર્યની સ્વતંત્ર સત્તા હોય તો તંતુઓના અભાવમાં પણ પટ રહેવો જોઈએ; પણ રહેતો નથી. માટે આ સર્વ જગત્ ભાનમાત્ર છે, અર્થાત્ સ્વયંપ્રકાશ, ચૈતન્યરૂપ જ છે. વસ્તુતઃ જગત્‌ની પ્રકાશતા આત્મામાં જ પર્યવસાન પામે છે. માટે ભાનરૂપ આ જગત્ આત્માથી પૃથક્ થતાં સત્તાશૂન્ય થઈ જાય છે. જેવી રીતે ભ્રાન્ત દૃષ્ટિ દ્વારા રજ્જુ સર્પરૂપે પ્રતીત થાય છે, તેવી રીતે આત્મા પણ મૂઢ દૃષ્ટિને લઈને જગત્‌રૂપે ભાસે છે. અર્થાત્ ભ્રાન્તદૃષ્ટિથી ભાસતો સાપ વસ્તુતઃ કાંઈ નથી, રજ્જુ જ યથાર્થ છે, તેવી રીતે ભ્રાન્તદૃષ્ટિથી ભાસતું આ જગત્ વસ્તુતઃ કંઈ નથી, એકમાત્ર અંતરાત્મા બ્રહ્મ જ યથાર્થ છે. તત્ત્વો સહિત આ સમસ્ત જગત્ આત્મામાં ઉત્પત્તિ તથા સ્થિતિને પ્રાપ્ત કરીને વારંવાર લય પામે છે; છતાં પણ આ દૃશ્ય જ જગત્ દૃષ્ટિમાત્ર જ છે, દૃષ્ટિથી અતિરિક્ત કંઈ નથી. સમસ્ત પાપ, દોષ વગેરેથી રહિત શુદ્ધ, પૂર્ણ, આનંદ અને અદ્વિતીય આત્મામાં જાગ્રત્, સ્વપ્ન તથા સુષુપ્તિ કાળનાં ત્રણેય જગત્ પ્રતિબિંબની પેઠે દૃષ્ટિમાત્ર જ પ્રતીત થાય છે. અર્થાત્ જેવી રીતે બિંબની પાસે દર્પણ પ્રતિબિંબરૂપે પ્રતિભાસિત થાય છે છતાં પોતાના રૂપને છોડતું નથી, કારણકે પ્રતિબિંબાકાર મિથ્યા છે, તેવી જ રીતે આત્મા પણ જગત્–આકાર મિથ્યા હોવાથી જગદાકારરૂપે પ્રતીત થતો હોવા છતાં પણ પોતાના સ્વરૂપને છોડતો નથી; પોતાના અવિકૃત, શુદ્ધ, પૂર્ણ સ્વરૂપમાં જગત્‌ની દૃષ્ટિના સમયમાં પણ જેવો ને તેવો અખંડ, એકરસરૂપે અવસ્થિત રહે છે.

દૃષ્ટિસૃષ્ટિવાદમાં બે સત્તા એ માની ગઈ છે. એક પારમાર્થિકી સત્તા બ્રહ્મની, અને બ્રહ્મથી અતિરિક્ત જગતની પ્રાતિભાસિકી સત્તા. દૃષ્ટિસૃષ્ટિવાદી જગત્‌ની વ્યવહારિક સત્તા માનતા નથી. અજ્ઞાત સત્તાને વ્યાવહારિક સત્તા તથા જ્ઞાત સત્તાને પ્રાતિભાસિક સત્તા કહે છે. તેમનો એ સિદ્ધાંત છે કે—જે પદાર્થ કલ્પિત છે, તેની અજ્ઞાત સત્તા હોઈ શકતી જ નથી. બ્રહ્મભિન્ન આ સંપૂર્ણ જગત્ કલ્પિત છે, તેથી તેની જ્ઞાત સત્તા જ માનવી જોઈએ. અર્થાત્ પ્રતીતિને સમયે જ તેની સત્તા છે, આગળ પાછળ કંઈ સત્તા નથી. જ્ઞાનનો ઉદય થતાં અજ્ઞાન કોઈપણ કાળમાં રહી શકતું નથી. તે સમયે અજ્ઞાન મૂલક વિશ્વસૃષ્ટિનો પણ બાધ થઈ જાય છે. આચાર્યોએ બાધનું એક સ્વરૂપ બતાવ્યું છે કે—

'साक्षात्कृते त्वधिष्ठाने, समनन्तरनिश्चितिः।
अध्यस्यमानं नास्तीति बाध इत्युच्यते बुधैः॥'

અધિષ્ઠાનનો સાક્ષાત્કાર થયા પછી જે નિશ્ચય થાય છે કે અધ્યસ્યમાન (કલ્પિત) કશું નથી, તેને ડાહ્યા પુરુષો બાધ કહે છે.

આ પ્રકારે દૃષ્ટિસૃષ્ટિવાદ જગત્ તરફની બધી વૃત્તિઓને હઠાવીને પારમાર્થિક બ્રહ્મમાં જ તન્મયતા સંપાદન કરાવવા માટે બહુ જોર દે છે. દૃષ્ટિસૃષ્ટિવાદ કરતાં પણ અજાતવાદ બહુ ઊંચો સિદ્ધાંત છે. ગૌડપાદકારિકાઓમાં તથા યોગવાસિષ્ઠમાં આનું વિશદ (સ્પષ્ટ) વર્ણન મળે છે. સાધનસંપન્ન ઉચ્ચ અધિકારી જ અજાતવાદના સિદ્ધાંતને સારી રીતે હૃદયંગમ કરી શકે છે. ગૌડપાદાચાર્યે સદ્વાદ, અસદ્‌-વાદ, બીજાંકુર-સંતતિવાદ વિજ્ઞાનવાદ તથા શૂન્યવાદ વગેરે સર્વ વિપક્ષી મતોનું ખંડન

કરીને અજાતવાદની જ સ્થાપના કરી છે. આ એક જ કારિકામાં તેઓ બધા પક્ષોની અનુપપત્તિ દેખાડતાં કહે છે કે–

'स्वतो वा परतो वापि न किञ्चिद्वस्तु जायते।
सदसत्सदसद्वापि न किञ्चिद्वस्तु जायते॥'

(મા. ઉ. કા. ૪,૨૨)

કોઈ પણ વસ્તુ ન તો પોતાની જાતે જ ઉત્પન્ન થઈ શકે છે, અને ન તો બીજા કોઈથી. જે ઘટ હજી સુધી તૈયાર થયો નથી, તેનાથી તે જ ઘટ કેવી રીતે ઉત્પન્ન થશે? વળી તૈયાર થયેલા ઘરથી પણ કોઈ બીજો ઘટ કે પટ કેવી રીતે ઉત્પન્ન થશે? એટલું જ નહિ; સત્, અસત્ અથવા સદસદ્-રૂપે પણ કોઈ વસ્તુ ઉત્પન્ન થઈ શકતી નથી. જે વસ્તુ છે તેની ઉત્પત્તિ શી થશે? વળી જેનો અત્યંતાભાવ છે, તેની પણ ઉત્પત્તિ ક્યાંથી થશે? જે છે અને નથી–એવી તો કોઈ વસ્તુ હોવી સંભવતી જ નથી. જો કહો કે–માટીમાંથી ઘડો ઉત્પન્ન થાય છે, અને પિતાથી પુત્રનો જન્મ થાય છે, તો ઠીક છે; પણ 'ઉત્પન્ન થાય છે' એવો શબ્દ-પ્રયોગ વસ્તુતત્ત્વના અનભિજ્ઞ-મૂર્ખ લોકો જ કરે છે, અને તેની પ્રીતીતિ પણ તેમને જ થયા કરે છે. વિવેકી લોકો તો તે શબ્દપ્રયોગની અને પ્રતીતિની પરીક્ષા કરે છે કે–તે સત્ય છે કે મિથ્યા? પણ પરીક્ષા કરતાં તે શબ્દ અને તેની પ્રતીતિનો વિષયભૂત ઘટ કેવળ શબ્દમાત્ર, અર્થાત્ કલ્પિત–બાધિત જ સિદ્ધ થાય છે. 'વાચારમ્મણમ્' ઈત્યાદિ છાંદોગ્ય શ્રુતિએ પણ કાર્ય વર્ગની કલ્પિતતા જ પ્રમાણિત કરી છે.

આ પ્રકારે પરમ આચાર્યે અલાત–શાન્તિપ્રકરણમાં પણ આ જ વાત સિદ્ધ કરી છે. 'અલાત' શબ્દનો અર્થ ઉલ્કા અથવા મશાલ છે. મશાલને ગોળગોળ ઘુમાવવાથી અગ્નિની ગોળ વગેરે જાતજાતની

આકૃતિઓ દેખાય છે, અને તેને ઘુમાવવાનું બંધ કરતાં જ તે દેખાતી બંધ થાય છે. જો વિચાર કરવામાં આવે તો વસ્તુતઃ એ આકૃતિઓ નથી મશાલમાંથી નીકળતી, નથી તેમાં લય પામતી, કે ન તો તે બીજે કંઈથી આવે છે કે જાય છે. તેમની પ્રતીતિ કેવળ મશાલના સ્પંદનનું ફળ છે. વસ્તુતઃ તેમની કંઈ સત્તા નથી. એ પ્રકારે આ દૃશ્ય જગત્ (પ્રપંચ) કેવળ મનના સ્પંદનથી જ પ્રતીત થાય છે; અને મનનો અમનીભાવ (બ્રહ્મભાવ) થતાં દૃશ્ય જગત્ કોણ જાણે ક્યાંય ચાલ્યું જાય છે. પરમાર્થ દૃષ્ટિએ નથી તેની ઉત્પત્તિ થતી કે નથી તેનો લય થતો. માટે પ્રપંચની પ્રતીતિ અને અપ્રતીતિ બંને ભ્રાન્તિથી જ કલ્પિત છે. આ ભ્રાન્તિનું અધિષ્ઠાન પરબ્રહ્મ પૂર્ણાત્મા છે. તે જ એકમાત્ર, અજ તત્ત્વ સત્ય છે. માટે અદ્વૈત પ્રકરણના અંતમાં કહ્યું છે કે—

'न कश्चित् जायते जीवः, संभवोऽस्य न विद्यते ।
एतत्तदुत्तमं सत्यं यत्र किञ्चिन्न जायते ॥'

કોઈ પણ જીવ ઉત્પન્ન થતો નથી, કારણ કે તેનું કશું કારણ જ નથી. જે અજન્મા સત્ય બ્રહ્મમાં કોઈપણ વસ્તુ-અણુમાત્ર પણ ઉત્પન્ન થતી નથી, તે જ સર્વોત્તમ સત્ય છે,

એવું યોગવાસિષ્ઠમાં પણ કહ્યું છે—

'यदस्ति यद्भाति तदात्मरूपं,
नान्यत्ततो भाति न चान्यदस्ति ।
स्वभाव-संवित्प्रतिभाति केवला,
ग्राह्यं ग्रहीतेति मृषा विकल्पः ॥'

अविद्यायोनयो भावाः सर्वेऽमी बुद्बुदा इव ।
क्षणमुद्भूय गच्छन्ति ज्ञानैकजलधौ लयम् ॥

જે કંઈ છે તથા જે કંઈ દેખાય છે, સર્વ આત્મસ્વરૂપ જ છે. તેનાથી અન્ય નથી કંઈ દેખાતું કે નથી કંઈ હોતું.

પારમાર્થિક, વિજ્ઞાનરૂપ બ્રહ્મ જ એકમાત્ર અંદર બહાર પ્રભાસિત થઈ રહ્યું છે. જ્ઞેય, જ્ઞાત, વગેરે જે કંઈ દ્વૈત પ્રતીત થાય છે, તે સર્વ મિથ્યા, વિકલ્પમાત્ર છે. વિકલ્પ એટલે વસ્તુરહિત–ભ્રાન્ત પ્રતીતિમાત્ર. આ સંપૂર્ણ દૃશ્ય નામરૂપાત્મક ભાવ (પદાર્થ) છે, તે સઘળા અવિદ્યારૂપ કારણથી જ પ્રતીત થાય છે. પરપોટાની માફક ક્ષણમાત્રમાં જ મિથ્યા પ્રતીત થઈ ને જ્ઞાનસમુદ્રમાં વિલીન થઈ જાય છે.

અદ્વૈત વેદાન્તના ચિત્સુખ વગેરે બીજા આચાર્યો દૃષ્ટિસૃષ્ટિવાદ તથા અજાતવાદમાં જગત્પ્રપંચમાં પ્રાતિભાસિકપણાનો અંગીકાર, આકાશ વગેરે સૃષ્ટિનો અપલાપ (હોવા છતાં નથી એમ પ્રતિપાદન કરવું તે) અનેક દોષો બતાવીને, મંદાધિકારીઓને માટે સૃષ્ટિદૃષ્ટિવાદનું પ્રતિપાદન કરે છે, તેઓ કહે છે કે–શ્રુતિમાં જે આકાશાદિ ક્રમથી સૃષ્ટિનું પ્રતિપાદન કર્યું છે, એજ ક્રમથી પરમેશ્વરથી સૃષ્ટિ ઉત્પન્ન થાય છે, અને તે અજ્ઞાત સત્તાવાળી છે. તે તે ઘટાદિ વિષયોમાં તે તે ચક્ષુ વગેરે પ્રમાંણોની પ્રવૃત્તિ થયા પછી આવરણભંગ દ્વારા તે તે વિષયોની અપરોક્ષઅવભાસરૂપે દૃષ્ટિ થાય છે. માટે દૃષ્ટિસૃષ્ટિવાદ નથી, પણ સૃષ્ટિદૃષ્ટિવાદ છે. તેમાં જગત્‌ની વ્યાવહારિક સત્તા માનવામાં આવી છે; અને શુક્તિ–રજત વગેરેની પ્રાતિભાસિક સત્તા.

આ પ્રકારે વેદાન્તમાં આ સઘળા વાદોમાં દ્વૈત–પ્રપંચ-શૂન્ય, અદ્વય, શુદ્ધ બ્રહ્મનું જ બોધન કરાવવામાં આવે છે. અધ્યારોપ તથા અપવાદ દ્વારા નિષ્પ્રપંચ બ્રહ્મના બોધના ઉપાયરૂપે જ શ્રુતિઓમાં સૃષ્ટિ તથા પ્રલયનું કથન કર્યું છે. વસ્તુતઃ સૃષ્ટિ વગેરેનું પ્રતિપાદન કરવું શ્રુતિઓનું તાત્પર્ય-વિષયીભૂત અર્થ નથી. આ પ્રકારે પ્રસ્થાનત્રયી–ભાષ્ય, ભાગવત

વગેરે મોટામોટા વેદાન્તના નિબંધોમાં આચાર્યોએ સેંકડોવાર પ્રતિપાદન કર્યું છે.

ભગવાન શ્રી કૃષ્ણ પણ ગીતાના એ શ્લોકમાં 'न त्वहं तेषु ते मयि'થી તે સર્વ ભાવો મારામાં અધ્યારોપિત છે, કલ્પિત છે, તેથી હું અધિષ્ઠાનરૂપ પરમાત્મા તેમનામાં રહી શકતો નથી, નથી તેમના વશમાં આવતો તથા નથી તેમના વિકારોથી વિકૃત બનતો. કારણ કે એ નિયમ છે કે-तत्रैवं सति यत्र यदध्यासः तत्कृतेन दोषेण गुणेन वाणुमात्रेणापि स न संबध्यते। (બ્રહ્મસૂત્ર શારીરિક ભાષ્ય-પ્રથમ સૂત્રમાં) બ્રહ્મ-પરમાત્મામાં જગત્‌નો અધ્યાસ અવિદ્યાને લઈને એવું સિદ્ધ થતાં તે અધિષ્ઠાન બ્રહ્મ અધ્યાસના ગુણ તથા દોષથી અણુમાત્ર પણ સંબદ્ધ થતું નથી. જેવી રીતે રજ્જુમાં સર્પના અધ્યાસથી સર્પના દોષનો, તથા છીપમાં ચાંદીના અધ્યાસથી ચાંદીના ગુણનો લેશ પણ સંબંધ થતો નથી; અધ્યસ્ત પદાર્થ કેવળ દૃષ્ટિનો જ વિકાર છે, વાસ્તવમાં તે કંઈ નથી, મૂલ પદાર્થ કંઈક બીજો જ હોય છે, પણ વિભિન્ન દૃષ્ટિથી કંઈક બીજો જ દેખાય છે. માટે લૌકિક વ્યવહારમાં પણ એવું જોવામાં આવ્યું છે કે-બહારનો પદાર્થ ત્યારે જ સુખદુઃખ આપી શકે છે કે જ્યારે તેની સાથે અહં-મમભાવવાળી દૃષ્ટિઓ હોય છે. તેમના વિના કોઈપણ પદાર્થ સ્વરૂપે નથી સુખ આપી શકતો કે નથી દુઃખ આપી શકતો. દૃષ્ટિઓજ સુખદુઃખ, રાગદ્વેષ વગેરે વિકારોનું સર્જન કરે છે.

એક મારવાડનો રહેવાસી શેઠ હતો. તેનો ચાર વર્ષનો છોકરો તેના કોઈ સંબંધીની સાથે બર્મા-રંગુન ચાલ્યો ગયો હતો. તે ત્યાં જ ભણ્યો, અને લાયક થયો એટલે વેપાર કરવા લાગ્યો. પિતાની ગેરહાજરીમાં જ તેનો વિવાહ પણ થઈ ગયો.

પિતા પુત્ર વચ્ચે પરસ્પર પત્રવ્યવહાર પણ બરાબર ચાલતો હતો. પિતા લખતા હતા કે-ભાઈ, હું શું કરું ? અહીં મેં વેપારરોજગાર બહુ ફેલાવી રાખ્યો છે. તેથી મને જરા પણ અવકાશ મળતો નથી, અને અહીંનો કારભાર સંભાળનાર કોઈ વિશ્વાસપાત્ર માણસ નથી. તેથી તો હું તારા લગ્નમાં પણ ન આવી શકયો. મન તો ઘણું હતું કે હું તારા લગ્નમાં આવું. તને જોયાં પણ લગભગ ૨૦ વર્ષ થઈ ગયાં. આટલી લાંબી મુદત સુધી પિતાપુત્રનો વિયોગ થવામાં વિધિનું કોઈ કઠોર વિધાન જ કારણ હશે. હવે તું તારી પત્ની સાથે દેશમાં આવી જાય, તો બહુ સારું થાય. અહીં રંગૂનથી પુત્ર લખતો હતો કે-પિતાજી ! મનમાં આપનાં દર્શન કરવાની ઘણી ઇચ્છા છે. પણ અહીંનો મારો વેપાર પણ એટલો જોરથી ચાલી રહ્યો છે કે ન પૂછો વાત. કમાણી પણ દિવસે બમણી અને રાતે ચાર ગણી થઈ રહી છે. તેથી મન દાબીને ચૂપચાપ રહેવું પડે છે. શું થાય ? જો આપ અહીં પધારો, તો બહુ સારું થાય. એક નવો દેશ પણ જોવા મળશે. પણ બંનેમાંથી-પુત્ર અહીં ન આવી શકયો, અને પિતા ત્યાં ન જઈ શકયા. બંને બહાનાં કાઢતા જ રહ્યા. અહીં પિતાના મનમાં એકદમ વિચાર આવ્યો કે-પ્રિય પુત્રને જોયાં ૨૫ વર્ષ વીતી ગયાં. ઘણું ઘણું લખ્યા છતાં તે અહીં આવતો નથી. તો મારે જ ત્યાં જવું જોઈએ. ધંધો રોજગાર તો જિંદગી સુધી ચાલ્યા જ કરવાનો. તેનાથી છુટ્ટી મળવી મુશ્કેલ છે. એવો વિચાર કરી તે દેશમાંથી ચાલી નીકળ્યો. ત્યાં પુત્રના હૃદયમાં પણ એવો જ વિચાર આવ્યો કે-મેં પૂજ્ય પિતાજીનાં દર્શન બહુ નાની ઉમ્મરમાં કર્યાં હતાં. બહુ લખ્યા છતાં તે અહીં આવી શકયા નહિ. માટે મારે જ જવું જોઈએ એવો વિચાર કરીને પુત્ર પણ ત્યાંથી ચાલી નીકળ્યો. બંને એકી સાથે કલકત્તા પહોંચ્યા. ૨૫ વર્ષ પછી અત્યંત પરિચિત માણસને પણ

ઓળખવો કઠિન થઈ પડે છે; કારણ કે આટલી લાંબી મુદતમાં શરીરનો દેખાવ જ બદલાઈ જાય છે. બોલવું-ચાલવું વગેરે વ્યવહાર પણ અન્ય પ્રકારનો થઈ જાય છે. બાળક જુવાન થઈ જાય છે, અને જુવાન વૃદ્ધ બની જાય છે.

પ્રથમ પિતા કલકત્તાની એક ધર્મશાળામાં અંદરના ઓરડામાં ઉતર્યા. તે દિવસે અંદરના બધા ઓરડા મુસાફરોથી ભરાઈ ગયા હતા. ત્યાર પછી પોતાની પત્ની સહિત પુત્ર પણ ત્યાં આવ્યો. પિતાએ પુત્રને જોયો; પણ ઓળખાણ ન પડવાથી પિતાએ તેને પુત્રરૂપે ન જોયો, તથા પુત્રે તેમને પિતારૂપે ન જોયા. **पश्यन्नपि न च पश्यति।** 'જોતાં છતાં પણ ન જોયા' વાળી વાત બની. તેથી જોવા છતાં પણ પિતાપુત્રની વચ્ચે જેવો અનુરાગ હોવો જોઈએ, તેવો ન થયો. પુત્ર બહારની રવેશમાં જ પિતાના ઓરડાના બારણાની પાસે ઉતર્યો-રહ્યો. તે સમયે કલકત્તામાં ખૂબ જોરથી કોલેરાનો વાવર ચાલતો હતો. લોકો ટપાટપ મરી રહ્યા હતા. રાતને સમયે પુત્રને પણ કોલેરા લાગુ પડયો. તેને બહુ જોરથી ઝાડા ઊલટી થવા લાગ્યાં. તે હાય હાય કરવા લાગ્યો. અંદરના ઓરડામાં ઉતરેલા પિતાને મનમાં પોતાની ખૂબ ચિંતા થવા લાગી કે-કોલેરા ચેપી રોગ છે. જો આ માણસની પેઠે મને પણ લાગુ પડશે, તો અહીં જ મરવું પડશે. વહાલા પુત્રનો મેળાપ થશે નહિ. તેથી તે બારણા આગળથી જ પેલાની સ્ત્રીને ધમકાવતો-ધમકાવતો કહેવા લાગ્યો કે-તું આને બીજી જગ્યાએ લઈ જા. તે અમારી ઊંઘ બગાડી રહ્યો છે. અમે બહુ દૂરથી આવીએ છીએ. તેથી મેલમાં અનેક રાતોના ઉજાગરા થયા છે. તેની વાત સાંભળીને પેલી સ્ત્રી નમ્રતાપૂર્વક કહેવા લાગી-શેઠજી, આ સમયે હું તેમને કયાં લઈ જાઉં? બીજી કોઈ જગા પણ નથી. અમે પણ બહુ દૂરથી આવીએ

છીએ. તેની તેવી લાચારીભરી વાત સાંભળીને પણ તે પેલા રોગી પ્રત્યે દયાભાવને બદલે તદ્દન ઉપેક્ષાનો ભાવ તથા દ્વેષનો ભાવ બતાવતો બોલ્યો–એમાં અમે શું કરીએ? શું તે મરતાં મરતાં બીજાને પણ મારતો જશે? એમ બબડતો–બબડતો તે ધર્મશાળાના વ્યવસ્થાપક પાસે ગયો, અને તેને પેલા રોગીને ત્યાંથી દૂર ખસેડવા માટે ખૂબ આગ્રહ કરવા લાગ્યો. પણ તે વ્યવસ્થાપક બોલ્યો–ગમે તેમ હોય, પણ હું તે મુસાફરને આવી હાલતમાં કોઈ પણ પ્રકારે દૂર ખસેડીશ નહિ. તે અત્યારે કેવી દયાપાત્ર સ્થિતિમાં પડેલો છે? તેનો પણ તમારે ખ્યાલ કરવો જોઈએ, આવા ઘોર સ્વાર્થી ન થવું જોઈએ.

ત્યાંથી નિરાશ બનીને, મનમાં વ્યવસ્થાપકને તથા તે પુત્રરૂપ અપરિચિત રોગીને પણ ગાળો ભાંડતો-ભાંડતો પોતાના કમરામાં પાછો આવ્યો અને સૂઈ ગયો. પણ કોલેરાનો પ્રબળ ભય તેના હૃદયમાં ઘૂસી ગયેલો હોવાથી તેને ઊંઘ આવી નહિ. કદાચ તે રોગીનો કોલેરાનો ચેપ મને પણ લાગશે, તો મારી હાલત પણ આવી જ ખરાબ બની જશે–એ વિચારથી તે તેના પ્રત્યે ખૂબ દ્વેષ કરવા લાગ્યો. સુખ તથા સુખનાં કારણોમાં રાગની પેઠે દુઃખ તથા દુઃખનાં કારણોમાં પ્રાણીઓને સ્વભાવથી જ દ્વેષ થાય છે. રાગદ્વેષ જ સંસાર છે. રાગદ્વેષ ન રહે, તો સંસાર પણ ન રહે, સર્વત્ર બ્રહ્મનો જ સાક્ષાત્કાર થાય. આ પ્રમાણે કોલેરાનો ભય રાખતો તથા તે રોગીનો દ્વેષ કરતો, તથા તે રોગીરૂપે ખૂબ પાસે જ રહેલા અપરિચિત પુત્ર પર નહિ પણ અતિ દૂર રંગૂનમાં રહેલા અવિદ્યમાન પુત્ર પર અનુરાગ રાખતો તે શેઠ-પિતા આખી રાત ઊંઘ્યા વિના પથારીમાં આમથી તેમ પાસાં ઘસતો રહ્યો.

અહીં પેલા રોગીનો રોગ પણ વધતો જ જતો હતો. પત્નીએ યથાશક્ય અનેક ઉપાયો કર્યા, પણ બધા નિષ્ફળ નીવડયા.

આખરે તે સવારે પા૫ વાગે પોતાના અવ્યક્ત, અસલી દેશમાં-જ્યાંથી આવ્યો હતો ત્યાં સિધાવી ગયો. તેની પત્ની છાતી કૂટતી-કૂટતી ખૂબ જોરથી રડવા લાગી. સ્ત્રીઓ જ્યારે કોઈની પાછળ રડે છે, ત્યારે પોતાનાં રુદનમાં મરનારના ચરિત્રનું ચિત્રણ કરતી-કરતી તેની સાત સાત પેઢીઓને યાદ કરે છે. તે પણ રોતી-રોતી પોતાના પતિનો વૃત્તાન્ત સંભળાવવા લાગી. તેનો અમુક દેશ હતો, અમુક ગામ હતું, અમુક તેના બાપદાદા હતા, અમુક જગ્યાએ અમે રહેતાં હતાં, અમુક જગ્યાએ જઈ રહ્યાં હતાં. નિર્દય વિધાતાએ શું કરી નાંખ્યું ? હાય રે! મનની મનમાં જ રહી ગઈ.

અંદરના કમરામાં સૂતેલો તે બાપ પણ તેનું રુદન સાંભળી રહ્યા હતો. તેના કરુણ શબ્દો ધીરે ધીરે તેના હૃદયને હવે હલાવવા લાગ્યા. અરે! આ ગામ તો મારું, આ નામ તો મારું. ત્યારે તો આ મરનાર મારો જ પુત્ર છે. હવે શું થાય ? તેનામાં પુત્રભાવનો નિશ્ચય થતાં તેના હૃદયમાં દ્વેષને સ્થાને પ્રબળ અનુરાગ ઊમટ્યો. પહેલાં જેને અપ્રિય સમજતો હતો, તેને હવે તે પ્રિય સમજવા લાગ્યો. તેનું મન પ્રથમ કહેતું હતું કે-આ મારો નથી. હવે તે કહેવા લાગ્યું કે-આ મારો છે. જ્યાં સુધી 'મારો નથી' એવો ભાવ હતો; ત્યાંસુધી બિમાર થવા છતાં અને મરી જવા છતાં પણ તેને કંઈ પણ પ્રકારનું દુઃખ થયું ન હતું. હવે 'આ મારો પુત્ર છે' એવો ભાવ આવતાં, તે પણ રોવા લાગ્યો, તે મુડદા પાસે આવીને છાતી કૂટવા લાગ્યો. તેની પત્નીને તે કહેવા લાગ્યો કે-હું જાણતો ન હતો કે આ મારો પુત્ર છે અને તું મારી પુત્રવધૂ છે. હાય રે! હું લુંટાઈ ગયો, મારું સર્વ નાશ પામ્યું. હવે હું રંગૂન જઈને શું કરીશ ?

આ ઉદાહરણનું તાત્પર્ય એ છે કે-સંસારમાં પુત્રભાવ, પિતૃભાવ વગેરે જેટલા ભાવો છે, તે બધા આરોપિત જ છે.

મૂળ પદાર્થ કંઈ જુદો જ છે. તેને યથાર્થરૂપે એકમાત્ર તત્ત્વદર્શી જ જાણે છે. મૂઢ લોકો તેમાં અનેક પ્રકારના આરોપ કરીને કોઈક વખત દ્વેષ કરે છે, તો કોઈક વખત અનુરાગ કરે છે; કોઈક વખત તેનાથી સુખ પામે છે તો કોઈક વખત દુઃખ. આ સર્વ આરોપિત ભાવ અવિદ્યામૂલક છે. અવિદ્યા જ આરોપિત છે. અવિદ્યાના આરોપમાં અવિદ્યા જ હેતુ છે. વિદ્યા દ્વારા અવિદ્યા નિવૃત્ત થતાં તેના સર્વ આરોપિત ભાવો નિવૃત્ત થઈ જાય છે. પરિશેષ એકમાત્ર અદ્વય, અસંગ, નિર્લેપ, બ્રહ્મભાવ જ રહી જાય છે. તે બ્રહ્મભાવને અપનાવીને મુમુક્ષુ મુક્ત બની જાય છે, અને જિજ્ઞાસુ જ્ઞાતજ્ઞેય બનીને ધન્ય તથા કૃતાર્થ બની જાય છે.

(૧૩)

'त्रिभिर्गुणमयैर्भावैरेभिः सर्वमिदं जगत् ।
मोहितं नाभिजानाति, मामेभ्यः परमव्ययम् ॥

(૭,૧૩)

ગુણોના કાર્યરૂપ સાત્ત્વિક, રાજસ તથા તામસ—આ ત્રણ પ્રકારના ભાવોથી અર્થાત્ રાગ, દ્વેષ, મોહ વગેરે વિકારોથી તથા શબ્દાદિ વિષયોથી આ સઘળો પ્રાણીસમુદાય મોહિત બની રહ્યો છે, અને તેથી આ ત્રણ ગુણોથી પર મને—અવિનાશી, નિર્વિકારી પરમાત્માને જાણતો નથી.

અનન્ત આનંદસ્વરૂપ ભગવાન શ્રીકૃષ્ણ અર્જુનને કહે છે કે—આ સંપૂર્ણ જગત્ મને જાણતું નથી, તેનું એક માત્ર કારણ એ છે કે—તે મોહિત થઈ ગયું છે. મોહ પામવાથી અંધ બની ગયું છે, અને અંધ બનવાથી મને યથાર્થતઃ દેખી શકતું નથી. મોહનો અર્થ છે ભ્રાન્તિ—વિવેકનો અભાવ. જ્યારે પ્રાણી ભ્રાન્ત બની જાય છે, ત્યારે તેનામાં વિવેક—જ્ઞાન રહેતું નથી. વિવેક—જ્ઞાન

ન રહેવાથી તે વ્યાકુળ બની જાય છે. અને વ્યાકુળ પ્રાણી યથાર્થ સ્વરૂપને જાણી શકતો નથી. यथा रज्ज्वां सर्पभ्रमेण व्याकुलः सर्पात्परां रज्जुं न जानाति, तद्वत्। જે પ્રકારે રસ્સીમાં સર્પભ્રમથી વ્યાકુલ બનેલો માનવ સર્પથી પર રસ્સીને જાણતો નથી, તેવી રીતે ત્રિગુણાત્મક ભાવોથી મોહિત થયેલો આ પ્રાણીસમુદાય યથોક્ત ગુણોથી પર અર્થાત્ વ્યતિરિક્ત, વિલક્ષણ, નિત્ય શુદ્ધ-બુદ્ધ-મુક્ત-સ્વભાવ, સર્વભૂતાત્મા, નિર્ગુણ, નિરાકાર. આ ગુણમય ભાવોની કલ્પનાનું અધિષ્ઠાન, સમસ્ત વિકારોથી રહિત, દ્વૈતપ્રપંચ-શૂન્ય, આનંદઘન, સર્વના અત્યંત સંનિહિત પરમાત્માને જાણતો નથી. તેથી સ્વસ્વરૂપનો પરિચય ન હોવાને કારણે તે જગત્ અનેકવિધ, કષ્ટમય સંસારનો અનુભવ કરી રહ્યું છે. તે વિવેકશૂન્ય, ભ્રાન્ત પ્રાણીઓનું દુર્ભાગ્ય છે. એવો ભગવાન તેમના પર અનુક્રોશ (દયાયુક્ત ખેદ) બતાવી રહ્યા છે.

માટે અમારા સ્વતઃપ્રમાણ, અતિધન્ય વેદોમાં પણ ત્રિગુણાત્મક પાશોથી છૂટવા માટે કોઈ ઋષિ ભગવાન અંતર્યામીને આ પ્રકારે પ્રાર્થના કરે છે કે—

'ॐ उदुत्तमं वरुण पाशमस्मद्,
अवाधमं वि मध्यमं श्रथाय।
अथा वयमादित्य व्रते तव,
अनागसो अदितये स्याम॥'

(ઋ. ૧,૨૪,૧૫, યજુ. ૧૨,૧૨) (અથર્વ. ૭,૮૩,૩)

હે વરુણ અર્થાત્ ભક્તજનોથી વરણ કરવા યોગ્ય! સત્યાનંદનિધિ દેવ! હે આદિત્ય! અર્થાત્ ચરાચર-વિશ્વાત્મન્! સ્વયં-જ્યોતિઃસ્વરૂપ પ્રભો! અમારા ઉત્તમ, મધ્યમ તથા અધમ પાશોનો, કૃપા કરીને વિવેક જ્ઞાનના બલનું પ્રદાન કરીને, વિચ્છેદ કર અને ભગવાન વિશ્વનાથના-તારા વ્રતમાં અર્થાત્

ભજનનિષ્ઠામાં નિરંતર રચ્યા પચ્યા એવા અમે સમસ્ત પાપોથી તથા અપરાધોથી રહિત, નિર્દ્વન્દ્વ બનીને, દીનતા શૂન્ય, અખંડ, અદ્વય, પરમાનંદઘન, બ્રહ્મભાવને પ્રાપ્ત કરવા માટે યોગ્ય બનીએ, એવી અમે પ્રાર્થના કરીએ છીએ.

જ્યાં સુધી ત્રિવિધ પાશોનો વિચ્છેદ થતો નથી, ત્યાં સુધી આપણે બ્રહ્મભાવને પ્રાપ્ત કરી શકતા નથી. આ ત્રણ પાશોમાંથી ઉત્તમ પાશ સત્ત્વગુણાત્મક છે. ઉત્તમ લોકનો પ્રાપક હોવાથી તેને ઉત્તમ પાશ કહ્યો છે. મધ્યમ લોકોને પહોંચાડનારો હોવાથી રજોગુણ મધ્યમ પાશ છે. અને અધોગતિનો હેતુ હોવાથી તમોગુણ અધમ પાશ છે કૃપાલુ ભગવાન પણ ગીતામાં એમ જ કહે છે—

'ऊर्ध्वं गच्छन्ति सत्त्वस्थाः, मध्ये तिष्ठन्ति राजसाः।
जघन्यगुणवृत्तिस्था अधो गच्छन्ति तामसाः॥'

(૧૪,૧૮)

સત્ત્વગુણમાં સ્થિત થયેલો પુરુષ સ્વર્ગાદિ ઉત્તમ લોકોમાં જાય છે, અને રજોગુણમાં સ્થિત થયેલો રાજસ પુરુષ મધ્યમાં અર્થાત્ મનુષ્ય લોકમાં જ રહે છે, તથા તમોગુણના કાર્યરૂપ નિદ્રા, પ્રમાદ અને આળસ વગેરેમાં સ્થિત થયેલો તામસ પુરુષ અધોગતિને અર્થાત્ કીટ, પશુ વગેરે અધમ યોનિઓને પ્રાપ્ત થાય છે.

આ ત્રણેય ગુણો પાશોની પેઠે બંધનના હેતુ હોવાથી પાશ કહેવાય છે। તેમાં જે ઉત્તમ સત્ત્વગુણ છે, તે જો કે નિર્મલ હોવાથી પ્રકાશક તથા જ્ઞાનનો જનક છે, તથા અનામય (રોગ-રહિત) હોવાથી સુખનો પણ જનક છે; છતાં તે પણ જ્ઞાન તથા સુખને ઉત્પન્ન કરીને, તેમાં 'હું સુખી છું, હું જ્ઞાની છું, આ મારા સુખનું સાધન છે' વગેરે અહંમમના અભિનિવેશદ્વારા બંધનનો હેતુ બની જાય છે. જેવી રીતે લોઢાની સાંકળ દેખવામાં

ખરાબ હોવા છતાં બંધનમાં નાંખે છે, તેવી રીતે ચાંદી તથા સોનાની સાંકળ પણ દેખવામાં સુંદર હોવા છતાંયે બંધનનો હેતુ માનવામાં આવે છે. તેથી પરમ સાત્ત્વિક, વીતરાગ, સર્વસંગ-પરિત્યાગી, સમ્રાટ્ ભરત વગેરે સત્ત્વગુણના કાર્યરૂપ દયા દ્વારા કોઈ એક હરિણના બચ્ચામાં આસક્ત મનવાળા બની ગયા હતા.

એક સમય રાજા ભરત મહાનદી ગંડકી (નારાયણી) માં સ્નાન કરીને, તેના તટ પર એકાંત જંગલમાં બેસીને ૐ કારનો જપ કરતા હતા. તે સમયે એક એકલી હરિણી તરસથી વ્યાકુલ બનીને પાણી પીવા માટે સામેને કિનારે આવી. જ્યારે તે પાણી પીવા લાગી, ત્યારે પાસે જ એક ગર્જતા સિંહની ભયંકર ગર્જના સંભળાઈ. તેને સાંભળીને જ તેનું હૃદય સિંહના ભયથી વધારે વ્યાકુલ બની ગયું. તેનાં નેત્ર ભયભીત થઈ ગયાં. અને તે ખૂબ ડરને લીધે, તરસ છીપે તે પહેલાં જ, તે નદીની બીજી બાજુએ કૂદી. તે હરિણી સગર્ભા હતી. જ્યારે તેણે કૂદકો માર્યો, ત્યારે અત્યંત ભયને કારણે તેનું ગર્ભસ્થ બચ્ચું યોનિદ્વારેથી નીકળીને નદીના પ્રવાહમાં પડ્યું. તે પ્રથમ તો પોતાના ટોળાથી વિખૂટી પડી ગઈ હતી. અને પછી ગર્ભસ્રાવથી, કૂદકો મારવાથી, તથા સિંહના ભયથી વ્યાકુલ હોવાને કારણે તે બહુ થાકી ગઈ હતી. તેથી તે કૂદીને પર્વતની ગુફામાં પડી, અને પડતાં જ મરી ગઈ.

રાજર્ષિ ભરતે જોયું કે–તે દીન, તરતનું જન્મેલું, મૃગનું બચ્ચું પોતાનાં માતા, પિતા વગેરે બંધુઓથી વિખૂટું પડી ગયેલું, નદીના પ્રવાહમાં તણાતું જઇ રહ્યું હતું. તેથી કરુણાવશ બનીને તે પેલા માતા વગરના બચ્ચાને પોતાના આશ્રમ પર લઈ આવ્યા. ભરતજીને ત મૃગલા પર ધીરે ધીરે સ્નેહ થવા લાગ્યો. તેથી તે રોજ તેના ખાવાપીવાનો પ્રબંધ કરવા લાગ્યા, વાઘ વગેરેથી રક્ષણ કરવા લાગ્યા, લાડ લડાવવા લાગ્યા, અને

તેને મુખથી અવાજ કરીને બોલાવવામાં વ્યસ્ત રહેવા લાગ્યા. તેથી તેમનાં ભગવાનની પૂજા, સ્મરણ, ધ્યાન વગેરે સાધન રોજ રોજ એક પછી એક છૂટતાં ચાલ્યાં; અને અંતે સર્વ છૂટી ગયાં. મોહવશ તે આ પ્રકારે વિચારતા રહેતા હતા કે—આ બિચારા દીન મૃગલાને કાળચક્રના વેગે પોતાનાં સગાંવહાલાંથી દૂર કરીને મારી શરણમાં પહોંચાડયું છે. તે મને જ માતા, પિતા, ભાઈ, જાતિબંધુ સમજીને મારી પાસે આવ્યું છે. તેને મારા સિવાય બીજા કોઈનો કશો જ પત્તો નથી. તેને મારામાં અતિશય વિશ્વાસ છે. શરણે આવેલાની ઉપેક્ષા કરવામાં જે દોષ છે, તેને હું જાણું છું. માટે મારે આ મારા આશ્રિતનું ભલી પ્રકારે, સાવધાનતાપૂર્વક લાલન પાલન, પોષણ તથા પ્રીણન કરવું જોઈએ. દીનોની રક્ષા કરનાર સાધુજનો આવી શરણાગતની રક્ષાને માટે પોતાનો મોટામાં મોટો સ્વાર્થ પણ ત્યજી દે છે.

આ પ્રકારે તે હરિણના બચ્ચામાં આસક્તિ વધી જવાને કારણે રાજા ભરતનું ચિત્ત સ્નેહપાશમાં બંધાઈ ગયું. અને તે બેસતાં, સૂતાં, ભોજન કરતાં—વગેરે સર્વ કાર્યોને સમયે તેને પોતાની પાસે રાખવા લાગ્યા. તે મૃગલાને સાથે લઈને જ તે કંદ, મૂળ, ફળ, ફૂલ વગેરે લેવા જંગલમાં જતા. માર્ગમાં મોહવશ જ્યાં ત્યાં અતિસ્નેહને કારણે અધીર બનીને તેને પોતાના ખભા પર ઉચકી લેતા. આ પ્રકારે તેને છાતીએ લગાવીને પ્યાર કરતાં—કરતાં તે ખૂબ પ્રસન્ન બની જતા—જ્યારે તે એકલું વનમાં ચાલ્યું જતું અને તેમની નજરે ન પડતું, ત્યારે તે—જેનું ધન નાશ પામી ગયું છે તેવા કંજૂસ માણસની પેઠે, અત્યંત દુ:ખી થતા. તેના વિરહથી વ્યાકુળ બનીને, ઉત્કંઠિત બનીને તે તેનું જ ચિંતન કરતા, અને સંતપ્ત હૃદયથી તેની જ વાટ જોતા. જ્યારે તે સામે આવી જતું, ત્યારે સ્વસ્થ ચિત્તવાળા બનીને તે તેને

ખૂબ પ્યાર કરતા-કરતા, તેને માટે મંગલ કામનાઓ કરતા-કરતા, તેની પીઠ પર હાથ ફેરવતા-ફેરવતા, મ્હોંના બચકારાથી તેને બોલાવતા-બોલાવતા કહેવા લાગતા કે-બેટા, તારું સર્વત્ર કલ્યાણ થાઓ. હવે તું એકલું ક્યાંય પણ ભાગી જઈશ નહિ, હોં. મારી સાથે જ રહેજે, હોં!

આ પ્રકારે તપસ્વી રાજા ભરત તે મૃગલામાં અતિદયાને કારણે પોતાના મંદપ્રારબ્ધના યોગથી ભગવદારાધનરૂપ કલ્યાણ-માર્ગથી ભ્રષ્ટ થઈ ગયા. જેમણે પ્રથમ પોતાના જ શરીરથી ઉત્પન્ન થયેલા પુત્રાદિના દુસ્ત્યજ સ્નેહને, તથા વિપુલ સામ્રાજ્યનાં ઐશ્વર્યોને અને ભોગવિલાસોના અત્યંત પ્રરૂઢ મોહને મોક્ષ-માર્ગમાં સાક્ષાત્ વિઘ્નરૂપ સમજીને ત્યજી દીધો હતો, તેમને જ અન્યજાતિના મૃગલામાં એવી આસક્તિ કેવી રીતે થઈ શકે? તેમાં સાત્ત્વિક ભાવમય અતિદયારૂપી પાશ, તથા મંદ પ્રારબ્ધનો યોગ જ કારણ માની શકાય છે. તેટલામાં જેને ટાળવો સર્વથી કઠિન છે, તે પ્રબળ વેગવાળો, કરાળ કાળ આવી પહોંચ્યો, જેવી રીતે કોઈ ઉંદરના દર પર સર્પ આવી પહોંચે તેમ. તે વખતે પણ પોતાની પાસે બેઠેલા, પુત્રની સમાન શોક કરનાર તે મૃગ-લાને જોતાં-જોતાં, તેનામાં જ આસક્ત ચિત્ત બનીને, તેની જ ભાવના કરતાં-કરતાં તેમણે તે શરીરને છોડ્યું. આનંદકંદ ભગવાને ગીતામાં કહ્યું છે કે—

यं यं वापि स्मरन्भावं त्यजत्यन्ते कलेवरम्।
तं तमेवैति कौन्तेय! सदा तद्भावभावितः॥ (૮,૬)

હે કુંતીપુત્ર અર્જુન! જે મનુષ્ય અંતકાળમાં જે જે ભાવનું પદાર્થનું સ્મરણ કરતો કરતો શરીરને ત્યજે છે, તે તેને જ પ્રાપ્ત થાય છે, કારણકે તે હંમેશાં તે જ ભાવનું ચિંતન કરતો રહ્યો

હોય છે. માણસ હંમેશાં જે ભાવનું ચિંતન કરે છે, અંતકાળે પણ મોટે ભાગે તેને તેનું જ સ્મરણ થાય છે.

માટે રાજર્ષિ ભરત પણ, સાધારણ લોકની પેઠે, મૃગ-શરીરને પ્રાપ્ત થયા. છતાં પૂર્વજન્મની ભગવદારાધનાના પ્રભાવથી તેમની પૂર્વજન્મની સ્મૃતિ કાયમ રહી—નાશ પામી નહિ. મૃગરૂપ બનવાનું કારણ જાણવાથી તે અત્યંત પશ્ચાત્તાપ કરતા કરતા પોતાના મનમાં આ પ્રકારે કહેવા લાગ્યા કે—અહો, બહુ ખેદની વાત છે કે હું કલ્યાણમાર્ગથી ભ્રષ્ટ થયો. સર્વ પ્રકારની આસક્તિઓને ત્યજીને, એકાંત અને પવિત્ર વનનો આશ્રય કરીને, મેં મારા ચિત્તને ભક્તિ તથા જ્ઞાન દ્વારા સર્વના અંતરાત્મા ભગવાન વાસુદેવમાં સાવધાનતાપૂર્વક લગાવ્યું. પણ હાય ! મારું—મૂર્ખનું તે જ ચિત્ત પ્રારબ્ધવશ અથવા તો સાત્ત્વિક પાશામય દયાવશ એક મૃગલામાં આસક્ત કરવાથી પતિત બની ગયું. આ પ્રકારની વૈરાગ્યભાવના દ્વારા અનશન વ્રત ધારણ કરીને, તે જ ગંડકી નદીમાં, પોતાના મૃગ શરીરનો તેમણે પરિત્યાગ કર્યો. પછી ત્રીજા જન્મમાં તે જડ ભરત થયા, અને પોતાની દૃઢ જ્ઞાનનિષ્ઠાથી મુક્ત થયા.

રાજર્ષિ ભરતના આ વૃત્તાન્તથી એવો નિશ્ચય થાય છે કે—ઉત્તમ સત્ત્વગુણ પણ ક્યાંક બંધનનું કારણ બની જાય છે. માટે તે સત્ત્વગુણનાં દયા વગેરે કાર્યોથી પણ મુમુક્ષુએ સાવધાન રહેવું જોઇએ.

આ રીતે રજોગુણનો ભાવ છે રાગ, તૃષ્ણા, સંગ તથા કર્માભિનિવેશ. તે પણ પ્રાણીઓને પોતાના પાશોમાં બાંધીને તેમનું અનિષ્ટ કરે છે. અહીં રાગનું નામ કામ છે સ્ત્રી તથા પુરુષની પરસ્પર સ્પૃહાને કામ કહે છે. શબ્દાદિ વિષયોની

સ્પૃહાનું નામ તૃષ્ણા છે. પુત્ર, મિત્ર વગેરે સંબંધીઓને મળવાની સ્પૃહાનું નામ સંગ છે. 'હું આ કર્મ કરૂં છું. તેનું આ ફળ હું ભોગવીશ' ઈત્યાદિ ભાવનું નામ કર્માભિનિવેશ છે. આ દૃષ્ટ વિષય સંબંધી તથા અદૃષ્ટ વિષય સંબંધી શુભાશુભ કર્મોમાં વસ્તુતઃ અકર્તારૂપ પુરુષને અભિમાન દ્વારા પ્રવૃત્ત કરાવીને, પુણ્યપાપની ઉત્પત્તિ દ્વારા તેમના ફલાનુભવનાં સાધનરૂપ ઊંચ-નીચ યોનિઓમાં જન્મનો હેતુ થાય છે. આ પ્રકારે રાજસ ભાવ પણ બંધનનો હેતુ હોવાને કારણે પાશ કહેવાય છે.

આ પ્રકારે તમોગુણનો ભાવ છે પ્રમાદ, આળસ તથા નિદ્રા. તે પણ બંધનનાં હેતુ હોવાથી પાશ છે. તેમાં અસાવધાનતાનું નામ પ્રમાદ છે. તે કરવા માટે ઈષ્ટ કર્તવ્ય કર્મના પરિત્યાગનો તથા બીજાં વૃથાકર્મની પ્રવૃત્તિનો હેતુ બને છે. અને અનેક જન્મોમાં ઉપાર્જિત પુણ્યપુંજથી પ્રાપ્ત થનાર, દેવદુર્લભ, તથા મોક્ષપ્રાપ્તિમાં એકમાત્ર કારણરૂપ, અમૂલ્ય મનુષ્ય જીવનને નકામું જ બરબાદ કરી દે છે. માટે કહ્યું છે કે—

'आयुषः क्षण एकोऽपि, सर्वरत्नैर्न लभ्यते।
स वृथा नीयते येन, स प्रमादो नराधमः॥

જીવનની ચાલી ગયેલી એક પણ ક્ષણ સમસ્ત રત્નો વડે પણ કોઈને ફરી પાછી મળી શકતી નથી. એવા અમૂલ્ય જીવનની એક પણ ક્ષણ જે નકામી ગુમાવે છે, તે પ્રમાદી નરાધમ છે.

માટે જ શ્રીમદ્ ભાગવતના બીજા સ્કંધમાં આ પ્રમાદી નરાધમનું જીવન કેવી રીતે વ્યર્થ બરબાદ થાય છે, તેનું કંઈક દિગ્દર્શન આ પ્રકારે કર્યું છે—

'निद्रया ह्रियते नक्तं, व्यवायेन च वा वयः।
दिवा चार्थेहया राजन्! कुटुम्बभरणेन वा॥
देहापत्यकलत्रादिष्वात्मसैन्येष्वसत्स्वपि।
तेषां प्रमत्तो निधनं पश्यन्नपि न पश्यति॥'

(ભા. ૨,૧,૩–૪)

તે પ્રમાદી વિષયાસક્ત પુરુષોનું સમસ્ત આયુષ રાતે નિદ્રાથી અથવા સ્ત્રી-પ્રસંગથી વીતી જાય છે, અને દિવસે અર્થસંગ્રહની ધમાલમાં અથવા કુટુંબનું લાલન-પાલન કરવામાં વીતી જાય છે. તે મૂઢ લોકો દેહ, સ્ત્રી, પુત્ર વગેરે પોતાનાં જૂઠાં સંબંધીઓમાં એવા આસંક્ત થઈ જાય છે કે તેમનો નાશ જોતાં છતાં પણ તેઓ જોતાં નથી.

પ્રમાદી-વિષયી માનવોના ચિરજીવનથી કંઈ પણ લાભ નથી, માત્ર હાનિ જ હાનિ છે. પ્રમાદરહિત, વિવેકી માનવનું એક મુહૂર્તનું અતિ અલ્પ જીવન પણ મહાન લાભ પ્રાપ્ત કરાવી આપે છે. રાજર્ષિ ખટ્વાંગના દૃષ્ટાંત દ્વારા શ્રીમદ્ ભાગવતમાં આ વિષયનું એવું વર્ણન કર્યું છે કે—

'किं प्रमत्तस्य बहुभिः परोक्षैर्हायनैरिह।
वरं मुहूर्तं विदितं घटेत श्रेयसे यतः॥
खट्वाङ्गो नाम राजर्षिर्ज्ञात्वेयत्तामिहायुषः।
मुहूर्तात्सर्वमुत्सृज्य गतवानभयं हरिम्॥

(ભા. ૨,૧,૧૨,૧૩)

ભગવાનથી વિમુખ અને વિષયાસક્ત રહીને, સંસારમાં બહુ વર્ષો સુધી જીવવાથી પણ શો લાભ? હાનિ સિવાય કશું જ નહિ. અમને તો જેનાથી નિઃશ્રેયસની (કલ્યાણની) પ્રાપ્તિ થાય એવા જ્ઞાન, ભક્તિ તથા વૈરાગ્યયુક્ત એક મુહૂર્તનું પણ જીવન

વધારે સારું લાગે છે. રાજર્ષિ ખટ્વાંગને જ્યારે પોતાની જીંદગીનો અંત જાણવામાં આવ્યો, ત્યારે એક મુહૂર્તમાં જ સર્વસ્વને ત્યજી દઈને તે અભય આપનાર શ્રીહરિને પ્રાપ્ત થઈ ગયા.

મોક્ષપ્રાપ્તિ માટે અનેક પ્રકારની સુલભ અનુકૂળતાઓ પ્રાપ્ત હોવા છતાં જે માણસ જીવનના મુખ્ય ઉદ્દેશ્ય-મોક્ષની સિદ્ધિ માટે પ્રયત્ન કરતો નથી, તે પ્રમાદી આત્મઘાતી છે. માટે જ શ્રીમદ્ ભાગવતના એકાદશ સ્કંધમાં આ પ્રમાદને જ આત્મ-હત્યાના નામથી વર્ણવી છે.

'नृदेहमाद्यं सुलभं सुदुर्लभं प्लवं सुकल्पं गुरुकर्णधारम् ।
मयाऽनुकूलेन नभस्वतेरितं, पुमान् भवाब्धिं न तरेत्स आत्महा ॥
(૧૧,૨૦,૧૭)

જે મનુષ્ય શરીર આદ્ય છે, અર્થાત્ બધાં અભીષ્ટ શુભ ફલોની પ્રાપ્તિનું આદિ કારણ છે, તે સુકર્મીઓને માટે સુલભ છે અને દુષ્કર્મીઓ માટે અતિદુર્લભ છે. સંસાર-સાગરની પાર જવા માટે તે સુદૃઢ નૌકા રૂપ છે. ગુરુ જ તેના કર્ણધાર-સુકાની છે તથા અનુકૂળ વાયુ-મારી દ્વારા અર્થાત્ મારી-ભગવાનની કૃપા દ્વારા જ પ્રેરિત થઈને, આ નૌકા પાર પહોંચી જાય છે. તેવા આ માનવ શરીરને મેળવીને પણ જે પુરૂષ સંસાર-સમુદ્રને તરી જતો નથી, તે આત્મઘાતી જ છે, પોતે જ પોતાનો શત્રુ છે, નાશક છે.

અનુદ્યમનું બીજું નામ સ્તબ્ધતા છે, તેને જ આળસ કહે છે. તે નિશ્ચેષ્ટ હોવાને કારણે ઉત્સાહનો પ્રતિરોધ કરે છે. સ્વાપ (સૂઈ જવું) તેનું નામ નિદ્રા છે. બધી બાહ્યેન્દ્રિયોની ઉપ-રતિરૂપ તમોગુણની અવસ્થા-વિશેષને નિદ્રા કહે છે. આ પ્રકારે તમોગુણ જ પ્રમાદ વગેરે ભાવો દ્વારા બંધનનો હેતુ સિદ્ધ થાય છે. આ રીતે સમગ્ર ચરાચર જગત્ ગુણોના સાત્ત્વિક,

રાજસ તથા તામસ ભાવોથી અનાદિ કાળથી બંધાયેલું છે. તથા મોહિત થયેલું છે. તેથી તે તેમનાથી પર પરમાત્માને જાણી શકતું નથી. માટે જ તે વારંવાર જન્મ, મૃત્યુ વગેરે સેંકડો તથા હજારો દુઃખોનો સતત અનુભવ કરતું રહે છે.

શબ્દ, સ્પર્શ, રૂપ, રસ તથા ગંધ-આ પાંચ વિષયો પણ ત્રણ ગુણોના વિકાર છે. તેમનાથી પણ સર્વ પ્રાણીઓ મોહિત થઈ રહ્યાં છે. મોહને લીધે કર્ણ, ત્વચા, ચક્ષુ, જિહ્વા તથા નાસિકા-આ પાંચ જ્ઞાનેન્દ્રિયો પોતપોતાના વિષય તરફ હરદમ આકૃષ્ટ રહ્યા કરે છે. તેથી જીવાત્માને અનેક પ્રકારનાં કષ્ટ ભોગવવાં પડે છે. માટે શ્રીમદ્ ભાગવતમાં ભક્તપ્રવર પ્રહ્લાદજી ભગવાન શ્રી નૃસિંહની સ્તુતિ કરતાં કહે છે કે-

'जिह्वैकतोऽच्युत ! विकर्षति माऽवितृप्ता,
शिश्नोऽन्यतस्त्वगुदरं श्रवणं कुतश्चित् ।
घ्राणोऽन्यतश्चपलदृक् क्व च कर्मशक्तिः
बह्व्यः सपत्न्यः व गेहपतिं लुनन्ति ॥'

(૭,૯,૪૦)

હે અચ્યુત પ્રભો! જેવી રીતે અનેક શોકયો પોતાના સ્વામીને પોતપોતાની તરફ ખેંચતી કષ્ટ આપે છે, તેવી રીતે મને-આ પ્રાણીને અતૃપ્ત જીભ એક બાજુએ, ગુહ્યેન્દ્રિય (ઉપસ્થ) બીજી બાજૂએ, ત્વચા, ઉદર તથા કાન ત્રીજી બાજૂએ; પ્રાણ અને ચંચલ નેત્ર કોઈ બીજી જ તરફ, તથા હાથ-પગ વગેરે કર્મેન્દ્રિયો પણ કોઈ ભિન્ન બાજૂએ ખેંચે છે અને મહાન કષ્ટ આપે છે.

ભાગવતના ગેહપતિ (ગૃહસ્થ) અને શોકયોના દૃષ્ટાંતમાં બહુ શોકયોની તો વાત જ શી કરવી ? પણ માત્ર બે જ શોકયો હોય, તો તેટલી પણ પોતાના સ્વામીને હેરાન-પરેશાન કરી મૂકે છે. તે વિષયનું એક ઉદાહરણ સાંભળો.

એક નગરમાં એક સદ્‌ગૃહસ્થ રહેતા હતા. તેમને બે પત્નીઓ હતી. તે બહુ બળવાન અને લડકણી હતી. ઈર્ષ્યા તથા દ્વેષને વશ થઈને દરેક વખતે તે માંહ્યોમાંહ્ય ઝઘડો-ટંટો કર્યા કરતી હતી. પેલો ગૃહસ્થ દિવસભર ઓફિસમાં કામ કર્યા કરતો હતો. કેટલીકવાર ઘણું કામ હોવાથી તે સાંજરે બહુ મોડો ઘેર પહોંચતો. તે સ્ત્રીઓને સમજાવતાં-સમજાવતાં તે બહુ હેરાન થઈ ગયો હતો. કોઇપણ પ્રકારે તે શાન્તિથી રહેતી નહિ. એક દિવસ તેને ઘેર પહોંચતાં બહુ મોડું થઈ ગયું. ત્યાં તેણે જોયું કે-બંનેનો અખાડો ખૂબ જામ્યો હતો. એકબીજાને તેઓ ખૂબ ગાળો ભાંડી રહી હતી. એક સ્ત્રી મેડે રહેતી હતી, અને બીજી નીચે. જ્યારે તે દાદરે ચઢવા લાગ્યો, ત્યારે નીચે રહેનારી સ્રીએ તેનો પગ પકડયો, અને મહેણાં-ટાણાં મારતી કહેવા લાગી કે-તું ઉપર કેમ જાય છે? આ ઘરમાં પહેલી તો હું આવી છું. માટે હું તને કદી ઉપર પેલી રાંડ પાસે નહિ જવા દઉં-ગમે તે થાય. જ્યારે મેડાવાળી સ્ત્રીને માલમ પડયું કે-નીચેવાળી મારી શોકય તેને ઉપર આવવા દેતી નથી, ત્યારે તેણે શોકયને ગાળો ભાંડતાં ભાંડતાં પેલા પુરુષનો હાથ ઉપરથી પકડી લીધો, અને કહેવા લાગી-રાંડ, તેના પગને મૂકી દે. તેને ઉપર આવવા દે. તે નીચે તારે ત્યાં નહિ રહે. તારા ફંદમાંથી છૂટવા માટે તો તે મને આ ઘરમાં લાવ્યો છે.

પેલો પુરુષ મૂળ નબળો તો હતો જ, અને ઘરના કંકાસથી તે વધારે નબળો થઈ ગયો હતો. વળી ઓફિસમાં લાંબા સમય સુધી કામ કરવાથી તે થાકેલો અને માંદા જેવો બની ગયો હતો; ભૂખ્યો અને તરસ્યો પણ થયો હતો. તેથી તેનામાં પોતાના હાથને કે પગને છોડાવવાની તાકાત રહી ન હતી. તે બંનેને અનુનય-વિનય કરીને સમજાવતો હતો, પણ બંને હઠે ચઢી

હતી. એક કહેતી હતી કે–હું નહિ માનું, પગ કદાપિ નહિ છોડું. તું તારી ઉપરવાળીને ના પાડ. ઉપરવાળી કહેતી હતી કે–ગમે તેમ થાય, પણ હું તેનો હાથ છોડવાની નથી, અને તેને નીચે રહેવા દેવાની નથી. તેને ઉપર લઇ જઈશ ત્યારે જ જંપીશ.

આ પ્રકારે આખી રાત ખેંચાતાણીનું ઘમસાણ યુદ્ધ ચાલતું રહ્યું. પુરુષ રોતો રહ્યો, પણ તે નિર્દય સ્ત્રીઓએ તેના રોવાની તથા કષ્ટની જરા પણ પરવા કરી નહિ. તેમણે તો પોતપોતાની હઠ પૂરી કરવાની દૃઢ પ્રતિજ્ઞા લીધી હતી. આસપાસનાં બધા પાડોશીઓ ખાઈ–પીને સૂઈ ગયાં હતાં, તેથી તેઓ પણ તેને આ કષ્ટમાંથી છોડાવવા આવી શકયાં નહિ. સવાર થયું. જ્યારે પાડોસી જાગ્યા, ત્યારે તેમણે પેલાની પુકાર સાંભળી. એટલે તેઓ ત્યાં ગયા, અને બંને સ્ત્રીઓને ધમકાવી, ફટકારી, અને મહામુશ્કેલીએ પેલાને છોડાવ્યો. દૈવયોગે તે ગૃહસ્થના ઘરમાં રાતે ચોરી કરવા માટે એક ચોર પણ આવ્યો હતો. તે પણ ઘરના એક અંધારા ખૂણામાં છુપાયો હતો, અને આ તમાશો જોઇ રહ્યો હતો. તે રાહ જોતો હતો કે–કયારે આ મામલો પતી જાય, અને હું મારું કામ કરું. પણ ચોરની કમનસીબીથી ખેંચાતાણીનો મામલો જલ્દી પત્યો નહિ, આખી રાત ચાલતો રહ્યો, અને તે પોતાનું કામ કરી શકયો નહિ. સવારે પાડોસીઓએ તેને પણ ખૂણામાં છુપાયેલો જોયો અને પકડી લીધો, અને પોલીસથાણામાં પહોંચાડયો. થાણદારે તેને પૂછ્યું, અને તેણે સાચી વાત કહી દીધી કે–હું ચોરી કરવા ગયો હતો. પણ હું ચોરી કરી શકયો નહિ. કારણરૂપે તેણે ઘમસાણ–યુદ્ધનું નજરે જોયેલું આબેહૂબ વર્ણન કર્યું. અને હસતાં હસતાં તેણે થાણદાર સાહેબને કહ્યું કે–સાહેબ, મારા આ ગૂન્હાનો આપને જે કરવો હોય તે દંડ કરજો, તેને હું સહર્ષ ભોગવી લઇશ. પણ આપ તે ગૃહસ્થને

થઈ હતી તેવી શિક્ષા મને ન કરશો. મને બે સ્ત્રીઓનો ધણી ન બનાવશો. તેની વાત સાંભળીને થાણુદાર પણ પેટ પકડીને હસ્યા.

આ ઉદાહરણનું તાત્પર્ય એ છે કે–આ વિષયાસક્ત ઇન્દ્રિયો પણ તે લડકણી સ્ત્રીઓ જેવી છે, અને તે પોતાના સ્વામી જીવાત્માને અનેક પ્રકારનાં કષ્ટ આપતી રહે છે. તેમાં વિષયોનો મોહ જ કારણ છે. મોહિત ઇન્દ્રિયો દુઃખ આપે છે, અને મોહ-રહિત ઇન્દ્રિયો નિર્મલ આનંદ આપે છે. માટે જેને દુઃખ-નિવૃત્તિની તથા શાશ્વત સુખની અભિલાષા હોય, તેણે વિવેક–વૈરાગ્યદ્વારા પોતાની ઇન્દ્રિયોને વિષયોના મોહમાંથી મુક્ત કરવી.

'आपदां कथितः पन्था इन्द्रियाणामसंयमः।
तज्जयः संपदां मार्गः येनेष्टः तेन गम्यताम्॥'

ઇન્દ્રિયોનો અસંયમ અર્થાત્ વિષયલોલુપતા વિપત્તિઓનો જ માર્ગ કહેવાયો છે; અને ઇન્દ્રિયોનો વિજય અર્થાત્ વિષય-લોલુપતાનો અભાવ જ સુખસંપત્તિઓનો માર્ગ છે. જે માર્ગ ઇષ્ટ હોય, તે માર્ગે પુરુષે જવું.

એ સર્વની પ્રત્યક્ષની વાત છે કે–આપણી આ ઇન્દ્રિયો પોતપોતાના વિષયોમાં મોહિત હોવાને કારણે તેમની તરફ આકૃષ્ટ રહ્યા કરે છે. જો વિષયોનો મોહ ન હોય, તો તેમની તરફ આકર્ષણ જ ન થાય. માટે મોહ જ આકર્ષક માનવામાં આવ્યો છે. વિષયોનો મોહ એટલો તો પ્રબળ છે કે–આ વિષયોનો જેટલો વધારે ભોગ કરવામાં આવે, તેટલો જ તે વધારે વૃદ્ધિંગત થતો જાય છે, અને ખૂબ રોગ, શોક, સંતાપ આપતો રહે છે. છતાં તે કદી ઘટતો નથી. માટે વિષયોના ભોગથી ઇન્દ્રિયોને કદી તૃપ્તિ થતી નથી. આ જીભને જ લ્યો. આ રાંડને તમે તમારા જીવનમાં કેટલા સુંદર, સ્વાદિષ્ઠ, રુચિકર, ષડ્રસ-

સંપન્ન માલમશાલા ખવરાવ્યા છે, તેનો જો હિસાબ કરવામાં આવે તો એક વિશાળ દુકાનમાં ભરેલા સામાનની પેઠે સામગ્રીઓનો ઢગલો લાગી જાય! પણ તેને તેનાથી કદી તૃપ્તિ થઈ નથી. તેની તૃષ્ણા વધારે ને વધારે જ થતી ગઈ છે. હજી પણ સુંદરમાં સુંદર ભોજન દિવસમાં ત્રણ વાર તો શું–દશ વાર ખાતી જ રહું, વિવિધ રસોનો સ્વાદ લેતી જ રહું–તેવી તેની પ્રબળ ઇચ્છા બની જ રહે છે. તેથી તે હરદમ પોતાના પ્રિય વિષય–રસની તરફ આકૃષ્ટ જ રહે છે. એ રીતે આ ગુહ્યેન્દ્રિય પણ પોતાના તુચ્છ વિષયસુખથી એટલી તો મોહિત થઇ ગઇ છે કે તે અનેક જન્મજન્માંતરમાં દુઃખ ભોગવ્યા છતાં પણ પોતાના વિષયસુખથી ઉપરત થઈ નથી, ઊલટું તેને માટે હમેશાં ઝંખ્યા કરે છે. તે પણ કદી તૃપ્ત થતી નથી. અગ્નિમાં નાંખેલી ઘીની આહુતિ પેઠે વિષયભોગની ઇચ્છા વધતી જ રહે છે. માટે તે પણ પોતાના અભીષ્ટ વિષયની તરફ આકૃષ્ટ જ રહે છે. તેની પ્રાપ્તિ ન થતાં તે અનેક પ્રકારના સંતાપો અનુભવે છે.

એ રીતે ત્વક્–ઇન્દ્રિય પણ સ્ત્રી, પુત્ર વગેરેનાં પ્રિય શરીરોમાં અનેક પ્રકારનાં આલિંગનોને તથા સુંદર વસ્ત્ર, આભૂષણ, કોમળ શય્યા, પાઉડર, સ્નો વગેરેને ખૂબ ચાહતી રહે છે. તેનો પણ પ્રિય પદાર્થોને મળવાનો મોહ ખૂબ પ્રબળ છે. આ પેટ–શેઠની તો વાત જ ન પૂછશો. તે પણ સુંદરમાં સુંદર ભક્ષ્ય, ભોજ્ય, લેહ્ય તથા ચોષ્ય–આ ચાર પ્રકારના પૌષ્ટિક માલમશાલાઓને પોતાની અંદર ઠોંસી ઠોંસીને રોજ રોજ ભરવાનું ચાહે છે. થોડીક ચીજો ઓછી મળે તો રડવા લાગે છે. બિલકુલ ન મળે તો મ્હોંફાટ રુદન કરવામાં તે કસર રાખતું નથી. તે પ્રમાણે આ કાન–દેવ ગાન–તાનના બહુ શોખીન છે. સિનેમાની અશ્લીલ

તર્જોને સાંભળવાનું આ કલિયુગી કાનને ખૂબ આકર્ષણ થાય છે. અને આ ચપલ આંખો સુંદર, મનોહર રૂપોની તરફ દોડતી જ રહે છે. પણ તેમને પોતાના વિષયોના ભોગથી કદાપિ તૃપ્તિ થતી નથી. તે હમેશાં અતૃપ્ત જ રહે છે. માટે આ મોહિત ઈન્દ્રિયો વિષયોની તરફ જીવાત્માને ખેંચતી જ રહે છે, અને તેને શોકયોની માફક અનેક પ્રકારનાં કષ્ટ આપતી રહે છે. માટે પ્રશ્નોત્તરીમાં આચાર્ય શંકર ભગવત્પાદે કહ્યું છે કે—

'दुःखी सदा को? विषयानुरागी।'
'के शत्रवः सन्ति? निजेन्द्रियाणि।'

શિષ્યે ગુરૂદેવને પૂછ્યું-હે ભગવન્! આ સંસારમાં સદા દુઃખી કોણ રહે છે? ગુરૂદેવ બોલ્યા-વિષયોમાં અનુરાગ રાખવા-વાળો જ હમેશાં દુઃખી બન્યો રહે છે. શિષ્યે ફરી પૂછ્યું-કૃપા-નિધાન! આ પ્રાણીના શત્રુઓ કોણ છે? ગુરૂએ ઉત્તર આપ્યો-વિષયોથી.મોહિત બનેલી પોતાની ઈન્દ્રિયોજ અનિષ્ટકારી શત્રુઓ છે.

માટે જ રાજર્ષિ મનુ મહારાજે કહ્યું છે કે—

'इन्द्रियाणां विचरतां विषयेष्वपहारिषु।
संयमे यत्नमातिष्ठेद् विद्वान् यन्तेव वाजिनाम्॥'

(મ. સ્મૃ. ૨,૮૮)

મોહ દ્વારા આકર્ષણ કરનારા વિષયોમાં ઉચ્છૃંખલ ભાવે વિચરનારી ઈન્દ્રિયોના સંયમ માટે વિચારશીલ પુરુષે ખૂબ પ્રયત્ન કરવો જોઈએ, જેવા રીતે ઘોડાના નિયમન માટે સારથિ પ્રયત્ન કરે છે તેમ.

વિષયોનો મોહ સવ પ્રાણીઓને દુઃખ દે છે. માટે શાસ્ત્ર-કારોએ કહ્યું છે કે—

कुरङ्गमातङ्गपतङ्गभृङ्गमीना हताः पञ्चभिरेव पञ्च।
एकः प्रमादी स कथं न हन्यते यः सेवते पञ्चभिरेव पञ्च॥

જ્યારે હરિણ, હાથી, પતંગિયું, ભ્રમર તથા મત્સ્ય શબ્દાદિ એક એક વિષયના મોહને કારણે નાશ પામે છે, તો આ પ્રમાદી, વિષયલંપટ માનવ–જે એકી સાથે પાંચેય વિષયોમાં આસક્ત બનીને પાંચેય ઇન્દ્રિયોથી તેમનું સેવન કરે છે, તેનો વિનાશ કેમ ન થાય ? અવશ્ય થાય.

હરિણને શબ્દ વિષયમાં ખૂબ મોહ હોય છે. તેને પકડવા માટે શિકારી લોકો સુંદર અવાજ કરનારી વીણા વગેરે વાદ્યોને લઈને અરણ્યમાં જાય છે. ત્યાં તેઓ ખૂબ મોહક સ્વરથી વાદ્યો વગાડે છે. તે વાદ્યોનો મધુર સ્વર સાંભળીને હરિણ તેમની પાસે આવીને ખડાં થાય છે, અને તે અવાજ સાંભળવામાં એટલાં મસ્ત બની જાય છે કે તેમને તેમના શરીરનું પણ કશું ભાન રહેતું નથી. જ્યારે શિકારી લોકો જુવે છે કે–આ હરિણ વાદ્યોના સ્વરમાં અત્યંત મોહિત થઈ ગયાં છે, બેભાન બની ગયાં છે, ત્યારે તેમને બાણથી વીંધીને મારી નાંખે છે. જુવો, આ એક શબ્દ-વિષયના મોહે હરિણોનો વિનાશ કર્યો.

હાથી સ્પર્શવિષયમાં ખૂબ આસક્ત રહે છે, તેને પકડવા માટે શિકારી લોકો જંગલમાં એક લાંબો, પહોળો, ઊંડો ખાડો બનાવે છે. અને તેની ઉપર એક દોદળા વાંસોનો માંચડો બનાવીને, તેની ચારે બાજૂએ લીલું ઘાસ પાથરીને, તેની ઉપર એક કાગળની બનાવેલી નકલી હાથણીને ઉભી રાખે છે, અરણ્યમાં સ્વચ્છંદ ગતિથી વિહરનારો મસ્તાનો હાથી જ્યારે હાથણીને જુવે છે, ત્યારે તે તેના સ્પર્શના મોહને વશ બનીને ભાનભૂલી જાય છે. તેથી તેને અસલી કે નકલીને ઓળખવાની વિવેકબુદ્ધિ રહેતી નથી. તે પેલી હાથણીને ભેટવા માટે દોડ છે. દોડતોદોડતો જ્યારે તે પેલા ખાડા પરના માંચડામાં આવે છે, ત્યારે તેના ભારથી પેલો માંચડો તૂટી પડે છે, અને ધડાક દઈને હાથી ખાડામાં પડે છે, તેને

ખૂબ ઈજા થાય છે. ખાડો ઊંડો હોવાને કારણે, તેમાંથી તે પોતે બહાર નીકળી શકતો નથી. ત્યાં તે ઘણા દિવસ ભૂખ્યો-તરસ્યો રહીને ખૂબ કમજોર બની જાય છે. ત્યારે શિકારી લોકો તેને બહાર કાઢીને સદાને માટે પોતાનો ગુલામ બનાવી દે છે. હાથીની આ દુર્દશા એક સ્પર્શ-વિષયના મોહને લઈને થઈ.

પતંગિયું રૂપમાં મોહિત થઈ જાય છે, દીપશિખાનું સુંદર રૂપ જોઈને તે ભાન ભૂલી તેમાં કૂદી પડે છે, અને બળીને ભસ્મ થઈ જાય છે. જો તે પહેલાં જુવત કે-મારા જેવાં અનેક પતંગિયાં આ દીપશિખામાં બળીને ભસ્મ થઈ ગયાં છે, જો હું પણ તેમાં પડીશ, તો અવશ્ય મરી જઈશ, તો આવો વિવેક તેનામાં રૂપનો મોહ પેદા થવા દેત નહિ. પણ તે દેખતો છતાં આંધળો બની જાય છે તેથી તેની પણ તે જ ગતિ થાય છે કે જે એક રોજ કોઈ ને કોઈ નિમિત્તે દરેક પ્રાણીની થાય છે. રૂપનો મોહ પતંગિયાના વિનાશનું કારણ બને છે.

ભમરો ગંધનો ખૂબ પ્રેમી હોય છે. તે અનેક પ્રકારનાં ફૂલોની સુગંધ લેતો લેતો અંતે સરોવરના કમળની ઉત્કટ સૌરભ લેવા માટે જાય છે. કમળની સુગંધથી તે એટલો મોહિત થઈ જાય છે કે-કમળની અંદર જ બેઠો રહે છે. સૂર્યાસ્ત થઈ જવા છતાં જ્યારે કમળ બિડાઈ જાય છે, ત્યારે પણ તે ત્યાંથી ઉડી જતો નથી. કમળ બિડાઈ જવાથી ભમરાને અંદર પવન મળતો નથી, અને ખૂબ કષ્ટ ઊઠાવવું પડે છે. છતાં કઠોર લાકડાને વીંધી નાખવાનું સામર્થ્ય રાખનાર તે ભમરો કમળનાં કોમળ પાંદડાનો મોહને વશ હોવાથી છેદ કરવામાં નિષ્ક્રિય થઈ જાય છે.

दारुभेदनिपुणोऽपि षडङ्घ्रिर्निष्क्रियो भवति पंकजकोशे ।

કમલકોશની અંદર બેઠેલો, કષ્ટ ભોગવતો છતાં તે શુભ સમયની રાહ જોતો-જોતો કવિના શબ્દોમાં આ પ્રકારે કહે છે કે-

'रात्रिर्गमिष्यति भविष्यति सुप्रभातं,
भास्वानुदेष्यति हसिष्यति पङ्कजश्रीः।
इत्थं विचिन्तयति कोशगते द्विरेफे,
हा हन्त हन्त-नलिनीं गज उज्जहार॥'

આ કષ્ટદાયક રાત્રિ વીતી જશે, સુંદર પ્રભાત જરૂર ઉગશે, ભગવાન સૂર્યદેવ જરૂર ઉદય પામશે, અને આ કમળોની વિકસિત શોભા ફરીથી હસી ઉઠશે. આ પ્રકારે કમળમાં બંધાયેલો અને શુભ સમયનું ચિંતન કરતો ભમરો, જ્યારે કોઇ હાથી કમળને તોડીને ખાઈ લે છે ત્યારે, ખેદની વાત છે કે તે કમળની સાથે જ નાશ પામે છે. તેના મનના મનોરથ મનમાં જ રહી જાય છે, અને તેને તેની વચમાં જ સમાપ્ત થવું પડે છે. સંસારમાં આસક્તિવાળા માનવીઓની પણ એવી જ દશા થાય છે. તેમના મનોરથ પૂર્ણ થતા નથી, અને વચમાં જ કાલદેવતાની ઘંટડી વાગી જાય છે. ત્યારે તેને રડતા-રડતા અહીંથી સઘળું છોડીનેચાલવું પડે છે. વિશ્વશાસક કાલદેવતાની સામે તેનું કોઈ પણ પ્રકારનું બહાનું ચાલતું નથી. ન ઇચ્છવા છતાં તેને મરવાની તૈયારી કરવી પડે છે.

ભ્રમરની આ દુર્દશા ગંધના મોહથી થઈ. આ રીતે માછલી રસવિષયમાં ખૂબ મોહ રાખે છે. તેને પકડવાની લાંબી દોરીના અગ્ર ભાગમાં એક લોઢાનો કાંટો બાંધવામાં આવે છે, અને તેના પર કોઈક ખાવાની ચીજ લગાવવામાં આવે છે. માછલી રસના મોહથી ભાન ભૂલીને તેને ખાવા માટે જ્યારે જોરથી મ્હોં લગાડે છે, ત્યારે તેની અંદર છુપાઈ રહેલો તે કાંટો તેના તાળવામાં ભોંકાઈ જાય છે. તે વખતે તેને પકડનાર માછીમારો પાણીમાંથી તે દોરી ખેંચી લે છે. તેની સાથે ખેંચાઈને તે માછલી પણ આવે છે, અને તડફી-તડફીને મરી જાય છે. આ પ્રકારે રસનો મોહ જ માછલીના મૃત્યુનું કારણ બને છે.

જ્યારે એક એક વિષયના મોહને કારણે આ અબોધ પ્રાણીઓની આવી દુર્દશા તથા વિનાશ થયાં, તો એકી સાથે આ પાંચેય વિષયોમાં પ્રબળ મોહ રાખનાર માનવની દુર્દશા થાય અને વિનાશ થાય, તેમાં તો કહેવું જ શું? તે પ્રાણીઓ તેમની બુરાઈઓને બરાબર જાણતાં હોત, તો કદી પણ તેમાં ન ફસાત, અને પોતાની દુર્દશા ન થવા દેત. પણ ન જાણવાથી જ તેમની એવી દુર્દશા થાય છે. પરંતુ પોતાને બુદ્ધિમાન કહેનારો તથા સમજદાર સમજનારો માનવી આ વિષયોના મોહની બુરાઈઓને જાણતો હોવા છતાં પણ તેમાં ફસાઈને જ્યારે પોતાની દુર્દશા કરાવે છે, ત્યારે ખૂબ આશ્ચર્ય તથા ખેદ થાય છે, અને મોહનો મહિમા બહુ ગહન છે—એમ કહીને ચૂપ થઈ જવું પડે છે.

માટે રાજર્ષિ ભર્તૃહરિજીએ વૈરાગ્યશતકમાં કહ્યું છે કે—

'अज्ञानन्माहात्म्यं पतति शलभो दीपदहने।
स मीनोऽप्यज्ञानाद् बडिशयुतमश्नाति पिशितम्॥
विजानन्तोऽप्येते वयमिह विपज्जालजटिलान्।
न मुञ्चामः कामान्, अहह गहनो मोहमहिमा॥'

જુવો, આ પતંગિયું દીવાની જ્વાળામાં એટલા માટે પડીને ભસ્મ થઈ જાય છે કે તે જાણી શકતું નથી કે આ લલચાવનારું રૂપ મને નષ્ટ કરશે. જો તે એમ જાણતું હોત, તો તેમાં આવીને કદી ન પડત. આ પ્રકારે આ માછલી પણ એટલા માટે જ અંદર છુપેલા કાંટાવાળા માંસને ખાવા માટે મ્હોં લગાવે છે કે તે જાણતી નથી કે તેની અંદર પ્રાણ લેનાર કાંટો છુપાયેલો છે. જો તે તેને જાણતી હોત, તો તે કદી પણ તેને ખાવા માટે દોડત નહિ. પણ અમને વિષયાસક્ત માનવીઓને જુવો તો ખરા! અમે સઘળાં જાણીએ છીએ કે આ વિષયો

અંતમાં ખૂબ દુઃખદાયી નીવડે છે; છતાં અમે તેમની અભિલાષા કેમ છોડી શકતા નથી? તેમાં કેવળ મોહનો ગહન મહિમા જ કારણ છે.

માટે રાજર્ષિ ભર્તૃહરિજી પોતાના ચિત્તને વિષયોના મોહનો ત્યાગ કરવા માટે ઉપદેશ આપે છે કે—

'मोहं मार्जय तामुपार्जय रतिं चन्द्रार्धचूडामणौ,
चेतः स्वर्गतरंगिणीतटभुवामासङ्गमङ्गीकुरु ।
को वा वीचिषु बुद्बुदेषु च तडिल्लेखासु च स्त्रीषु च
ज्वालाग्रेषु च पन्नगेषु च सरिद्वेगेषु च प्रत्ययः ॥'

હે ચિત્ત, વિવેકવૈરાગ્યદ્વારા તું તારા પોતાના વિષયોના મોહનું માર્જન કર, અને મોહને સ્થાને તું જેમના મસ્તકમાં અર્ધચન્દ્ર મુગટના મણિ જેવો શોભી રહ્યો છે તે ભગવાન કૃપાળુ શ્રી શંકર મહાદેવમાં તે પ્રસિદ્ધ પ્રીતિનું ઉપાર્જન કર, જેને મોટા મોટા ઋષિઓએ તથા સંત મહાત્માઓએ પ્રાપ્ત કરી હતી. માટે તું મોહ છોડવા માટે તથા ભગવાન શંકરમાં પ્રીતિ પ્રાપ્ત કરવા માટે પાવન ગંગાતટનાં વૃક્ષોની નીચે વિશ્રાન્તિ લેતો લેતો શાન્તિથી બેસ. અને વિચાર કર કે–આ મોહના હેતુ શબ્દાદિ વિષયો તરંગોની પેઠે આગમાપાયી–આવવા તથા જવાવાળા છે; પરપોટા સમાન આપાત–રમણીય છે; વીજળીની રેખાઓ પેઠે ક્ષણભંગુર છે; જ્વાલાઓના અગ્રભાગની પેઠે જલ્દી સંતાપ ઉત્પન્ન કરનાર છે; સર્પોની પેઠે હૃદયમાં મોહ–વિષનો સંચાર કરીને સર્વ-નાશનો હેતુ છે; નદીના પ્રચંડ વેગોની પેઠે આકર્ષક છે; તથા સ્ત્રીઓની પેઠે લલચાવનાર અને પરિણામે બહુ દુઃખદાયી છે. માટે તું તેમનામાં સુખશાન્તિ મળવાનો વિશ્વાસ ન રાખ. અથવા યુવતિ સુંદર સ્ત્રીઓમાં એકી સાથે શબ્દાદિ પાંચ વિષયોની ઉપલબ્ધિ થાય છે. માટે તેમના આપાત–રમણીય, ચંચળ, શરીરોના વિલા-

સોમાં સુખશાન્તિ મળવાનો વિશ્વાસ ન રાખ. અથવા વિવેકી પુરુષ તરંગ વગેરેની પેઠે અનેક પ્રકારની બુરાઇઓથી ભરેલા વિષયોમાં કેવી રીતે વિશ્વાસ રાખી શકે? ન જ રાખી શકે. તે તો અવિનાશી, પરમ રમણીય, અમૃતસ્વરૂપ, સત્યાનન્દનિધિ, સ્વયં જ્યોતિઃસ્વરૂપ, ભગવાન સર્વેશ્વર શ્રીશંકરનો જ પ્રબળ વિશ્વાસ રાખીને, તેમનામાં જ પરમ પ્રીતિ જોડીને સદા આનંદિત રહે છે.

આ શરીર પણ ત્રણ ગુણોનાં કાર્ય છે. તેથી તે સાત્ત્વિકાદિ વિચિત્ર ભાવોથી સમન્વિત છે. તેમાં પણ એકી સાથે શબ્દાદિ વિષયોની ઉપલબ્ધિ થાય છે. તેથી તે પણ મોહ, શોક વગેરેનાં ઉત્પાદક છે. અવિદ્યા દ્વારા તેમાં સર્વ પ્રાણીઓનો અહંભાવ તથા મમભાવ થઈ રહ્યો છે. જો કે આ શરીર 'ઇદં' રૂપે ભાસે છે-ઇદમર્થ છે, અનાત્મા છે, છતાં તેને સર્વપ્રાણીઓ અહમર્થ આત્મા જ માની બેઠાં છે. આ સ્વાભાવિક ભ્રાન્તિ લોકપ્રસિદ્ધ છે. માટે જ આ શરીર મોહનું સ્થાન બની રહ્યાં છે. તેમાં સર્વ પ્રાણીઓ મોહિત થઈ ગયાં છે. માટે આચાર્ય ભગવત્પાદે વિવેકચૂડામણિમાં કહ્યું છે કે—

'मोह एव महामृत्युर्मुमुक्षोर्वपुरादिषु।
मोहो विनिर्जितो येन, स मुक्तिपदमर्हति॥'
मोह जहि महामृत्युं देहदारसुतादिषु।
यं जित्वा मुनयो यान्ति तद्विष्णोः परमं पदम्॥'

શરીર, ઇન્દ્રિયો વગેરેમાં જે મોહ છે, તે જ મુમુક્ષુને માટે મહામૃત્યુ છે. જેણે આ મોહનો વિજય કર્યો છે, તે જ મોક્ષપદ પ્રાપ્ત કરવા માટે યોગ્ય બને છે. માટે દેહ, સ્ત્રી, પુત્ર વગેરેમાં જે મહામૃત્યુરૂપ મોહ છે, તેને તું ત્યજી દે-હણ. મનનશીલ, તત્ત્વદર્શી મહામાનવો મોહનો વિજય કરીને જેને પ્રાપ્ત થાય છે. તે વિષ્ણુનું પરમ પદ છે.

શરીર વગેરેના પ્રબળ મોહને કારણે જ તેના વર્ણાશ્રમ વગેરે ધર્મોનો સકળ ધર્મોથી વિનિર્મુક્ત અંતરાત્મામાં અભિનિવેશ થતો રહે છે. તે અભિનિવેશ એટલો બધો સુદૃઢ હોય છે કે– વેદાંતની મોટી મોટી વાતો વેતરવાવાળા લોકો પણ તેનાથી મુક્ત હોતા નથી. પોતાને જે સંસારત્યાગી તથા વિરક્ત માને છે, એવા સાધુ લોકો પણ સૌથી વધારે વર્ણાભિમાનથી યુક્ત જોવામાં આવે છે. જે બ્રાહ્મણવર્ણનો સાધુ હોય છે, તે ગળામાં અભિમાનનું ઢોલ બાંધીને, ડગલે ને પગલે 'આ બ્રાહ્મણનું શરીર છે, રે બ્રાહ્મણનું' એવો ડંકો બજાવતો રહે છે. તે છાતી કાઢીને ગર્વથી ફૂલ્યો સમાતો નથી, અને બીજાઓને ઘૃણાની નજરે જોતો રહે છે. જે બ્રાહ્મણેતર સાધુ હોય છે, તે ચોરની પેઠે ગુપચુપ રહે છે, અને ડરતો રહે છે. રખેને કોઈ મારી જાતિના વિષયમાં ઘટસ્ફોટ ન કરી દે. તેથી તે અજાણ્યા સ્થળે શબ્દાન્તરથી અથવા પ્રકારાન્તરથી પોતાને ઉચ્ચ કુલીન વંશનો સિદ્ધ કરવાનો ખૂબ પ્રયત્ન કરતો રહે છે, જેથી લોકો તેનામાં અર્થાત્ તેના શરીરમાં ગૌરવનો અનુભવ કરીને તેના ભક્તો બને. તેની એ જ આકાંક્ષા બની રહે છે. આ સર્વ અનાત્મામાં–દેહાદિમાં આત્મત્વાભિનિવેશના જ દુર્ભાવ છે. તેમને દૂર કર્યા વિના કોઈપણ વિશુદ્ધ આત્મસ્વરૂપનો અનુભવ કરી શકતું નથી–પછી ભલેને તે સકળ શાસ્ત્રપારંગત, મહાકુલીન, ત્યાગી, સંન્યાસી કેમ ન હોય! તે નિર્દ્વન્દ્વ બની શકતો નથી, તથા મોક્ષસુખ પ્રાપ્ત કરી શકતો નથી. તેથી જ મૈત્રેયી ઉપનિષદ્‌માં કહ્યું છે કે—

'वर्णाश्रमाचारयुत्ता विमूढाः कर्मानुसारेण फलं लभन्ते।
वर्णादिधर्मं हि परित्यजन्तः, स्वानन्दतृप्ताः पुरुषा भवन्ति ॥'

જેઓ વર્ણ, આશ્રમ તથા તેમના આચારના અભિમાનથી યુક્ત છે, તેઓ જ્ઞાનવાન નહિ પણ મહામૂઢ છે. માટે જ તેઓ

કર્મબંધનથી કોઈ દિવસ મુક્ત થઇ શકતા નથી. તેમને કર્મો અનુસાર ફળ ભોગવવાં જ પડે છે. જે સત્પુરુષો વિવેક વૈરાગ્ય-દ્વારા વર્ણાદિ ધર્મોના અભિમાનને ત્યજી દે છે, તેઓ જ પોતાના આત્મસ્વરૂપના વિશુદ્ધ આનંદથી તૃપ્ત થઈ જાય છે.

'સાત દિવસ સુધી મારી દ્વારા શ્રીમદ્ ભાગવતનું શ્રદ્ધા-પૂર્વક તથા એકાગ્રતાપૂર્વક શ્રવણ કરવાથી તું મૃત્યુભયથી અવશ્ય મુક્ત બનીશ, તથા અભય, આનંદપૂર્ણ, બ્રહ્મધામને પ્રાપ્ત કરી લઇશ.' એવી પ્રતિજ્ઞા સાથે અવધૂત શિરોમણિ શ્રીશુક-દેવજીએ રાજા પરીક્ષિતને શ્રીમદ્ ભાગવત શ્રવણમાં પ્રવૃત્ત કર્યો. પરંતુ જ્યારે પરીક્ષિત છ દિવસ સુધી ભાગવતનું શ્રવણ કર્યા છતાં પણ મૃત્યુભયથી મુક્ત ન થયો, ત્યારે પરીક્ષિતે વિનય-પૂર્વક શ્રીશુકદેવજીને કહ્યું-ભગવન્! શ્રીમદ્ ભાગવતનું શ્રવણ કરતાં કરતાં મારા છ દિવસ સમાપ્ત થઈ ગયા. એક જ દિવસ હવે બાકી રહ્યો છે. હજી સુધી હું અભય થયો નથી. જેવી રીતે કોઇ રોગી "સાત દિવસ સુધી આ રસાયનનું અમુક પથ્ય તથા અનુપાનની સાથે સેવન કરવાથી તું અવશ્ય રોગથી મુક્ત થઈ જઈશ" એવા કોઈ પ્રવીણ તથા પ્રામાણિક વૈદરાજનું આશ્વાસન સાંભળીને છ દિવસ સુધી તે રસાયનનું સેવન કરે; અને છતાં થોડો પણ રોગમુક્ત થાય નહિ, તેને થોડો પણ સ્વાસ્થ્યલાભ મળે નહિ, ત્યારે એક દિવસ બાકી રહેવાથી તે નિરાશ બની જાય છે; તેવી રીતે રાજા પરીક્ષિત પણ નિરાશ થઈ ગયો. તે મનમાં વિચારવા લાગ્યો કે-છ દિવસ સુધી જે ઔષધિએ મને કશો પણ લાભ ન પહોંચાડયો, તે ઔષધિ હવે એક દિવસમાં મને પૂર્ણ લાભ કરશે-એવો વિશ્વાસ કેવી રીતે થઈ શકે?

રાજા પરીક્ષિતનાં નિરાશાસૂચક વચન સાંભળીને તથા ચિંતાગ્રસ્ત ઉદાસ મુખ જોઈને વીતરાગ, પરમ શ્રદ્ધેય

શ્રી શુકદેવજીએ રાજા પરીક્ષિતને જ્યાં સુધી માણસ અનાત્મા-દેહાદિમાં અહંભાવનો સર્વથા પરિત્યાગ કરતો નથી, ત્યાંસુધી તે નિર્ભય બની શકતો નથી-તે તાત્પર્યનું સૂચક એક દૃષ્ટાંત આ પ્રકારે કહ્યું-હે રાજન્! તું એ દૃષ્ટાંત સાંભળ. તેના શ્રવણથી તારી નિરાશા તથા ચિંતા અવશ્ય દૂર થશે. તેના સિદ્ધાંતને બરાબર સમજી લેવાથી તથા ધારણ કરવાથી તું જરૂર અભય. બ્રહ્મ, નિર્વાણ પદને પ્રાપ્ત કરીશ. એક વિખ્યાત સમ્રાટ્ રાજાધિરાજ હતો. તે ખૂબ પ્રતાપી, સત્યપ્રતિજ્ઞ, ધર્મનિષ્ઠ તથા શૂરવીર હતો. એક દિવસ તે કેટલાક અનુચરો સાથે લઈને, ઘોડા પર સવારી કરીને, શિકાર કરવા ઘોર અરણ્યમાં ગયો. તેણે એક મૃગ પાછળ પોતાનો ઘોડો દોડાવ્યો. તેની પાછળ તે ઘણા માઈલ દૂર નીકળી ગયો, છતાં તે પેલા મૃગને પકડી શક્યો નહિ. બધા સાથીઓ તેની પાછળ રહી ગયા. રાજા એકલો ઘોર જંગલમાં ભટકવા લાગ્યો. તે રસ્તો ભૂલી ગયો. એટલામાં સૂર્યાસ્ત થઈ ગયો. રાજા ચિંતામાં પડી ગયો-આ જંગલમાં વાઘ, સિંહ વગેરે અનેક ભયાનક પ્રાણીઓ રહે છે. રાતને સમયે તો તેમનો ઉપદ્રવ ખૂબ વધી જાય છે; સુરક્ષિત રહેવાનો કોઈ આશ્રય ક્યાંયે દેખાતો નથી, હવે શું કરવું? છતાં તે આશ્રય માટે આમથી તેમ ઘૂમવા લાગ્યો. તેના સારા નસીબે એક સ્થળે એક ઝુંપડી દેખાઈ. તે તરત ત્યાં ગયો. જુવે છે તો તે ઝુંપડીના દ્વાર પર એક ચાંડાલ બેઠો છે. ઝુંપડી ખૂબ ગંદી છે. એક બાજૂએ મળમૂત્રનો ઢગલો પડ્યો છે, તો બીજી બાજૂએ હાડકાં, માંસ, લોહી, ચર્મનો ઢગલો પડ્યો છે. માંખો બમણી રહી છે. નાક ફાટી જાય તેવી દુર્ગન્ધ આવી રહી છે. છતાં રાજાએ ચાંડાલને કહ્યું-હું રાત માટે અહીં નિવાસ કરવા ઇચ્છું છું. આ અરણ્યનાં ભયંકર પ્રાણીઓથી સુરક્ષિત રહેવા માટે મને તું અહીં આશ્રય આપ. ચાંડાલે બહુ આદરપૂર્વક વિનયથી કહ્યું-આપ રાજાધિરાજ

છો. સુંદર શણગારેલા મહેલોમાં રહેવાવાળા છો. તેથી આ ગંદી ઝુંપડી આપને રહેવા માટે યોગ્ય નથી. છતાં સુરક્ષાની ખાતર આના કરતાં વધારે ગારૂં બીજું કોઈ સ્થાન નથી. માટે જો આપ અહીં રાત માટે નિવાસ કરવા માગતા હો, તો ભલે રહો. પણ સવાર થતાં જ તમે આ ગંદી ઝુંપડી ત્યજી દેજો અને આપની રાજધાની તરફ ચાલ્યા જજો. અહીં રહેશો નહિ.

રાજાએ ખુબ દૃઢતાપૂર્વક કહ્યું–સવારે સૂર્યદર્શન થતાં પહેલાં જ, ઉષાનું દર્શન થશે કે તરત જ હું ચાલ્યો જઈશ. આવી ગંદી ઝુંપડીમાં આપત્તિનો સમય ન હોય, તો મહેલોમાં રહેવાવાળો કયો સમ્રાટ રહે? માટે તું નિશ્ચિન્ત રહે. હું માત્ર રાત્રિપર્યંત જ અહીં રહીશ, વધારે વખત નહિ રહું. રાજાની વાત સાંભળીને ચાંડાલે પોતાની ઝુંપડીમાં તેને રહેવાની અનુમતિ આપી. તે રાત માટે તેમાં રહ્યો. પ્રાતઃકાલ થઈ ગયો, પણ ત્યાંથી જવાનો તેણે કાંઈ પણ પ્રયત્ન કર્યો નહિ. તે જોઈને ચાંડાલે તેમને કહ્યું-રાજન્! અહીંથી જવાનો તથા આપની સુંદર અને ઉત્તમ રાજધાનીએ પહોંચવાનો સમય થઈ ગયો છે. માટે આપ અહીંથી નીકળો અને રાજધાની તરફ પ્રયાણ કરો. મહારાજા તેની ઝુંપડીમાં લાંબા પગ કરીને સૂઈ ગયા હતા. ચાંડાલની વાત સાંભળીને પણ તે ત્યાંથી ઊઠ્યા નહિ. આળસ ખાતાં ખાતાં, બગાસું ખાતાં ખાતાં, આંખો ચોળતાં ચોળતાં, આળસ ભર્યા અવાજે તે કહેવા લાગ્યા–શી ઉતાવળ છે? સવાર પડી ગઈ છે તે હુ પણ જોઈ રહ્યો છું. હમણાં તો હું અહીં મોજથી પડયો છું. જ્યારે ઊઠાશે, ત્યારે જઇશ ચાંડાલ મહારાજાની વાત સાંભળીને ચૂપ થઈ ગયો. તે વિચારવા લાગ્યો–મહારાજાનો થાક હજી સુધી ઉતર્યો નથી, તેથી તે ઊઠતા નથી. જ્યારે થાક દૂર થઈ જશે, ત્યારે ઊઠીને જરૂર ચાલ્યા જશે. સવાર પછી

બપોરનો સમય આવ્યો, તો પણ મહારાજાએ ત્યાંથી નીકળવાની તૈયારી કરી નહિ, જવા માટે પ્રયત્ન જ કર્યો નહિ. તે જોઈને તેમની કહેલી વાતોને યાદ કરાવતો ચાંડાલ બોલ્યો રાજન્! આપ તો કહેતા હતા કે–સવારે જ ચાલ્યો જઇશ, પણ સવારને બદલે બપોર થયા. આપ જોઈ શકો છો કે સૂર્ય માથા પર આવીને પોતાનાં પ્રચંડ કિરણોથી સર્વત્ર ઉષ્ણ આતપ ફેલાવી રહ્યો છે. માટે કૃપા કરીને આપ અહીંથી ચાલી નીકળો તો સારૂં થાય. આપ રાજાધિરાજ છો, સમ્રાટ્ ચક્રવર્તી છો. આપ આપની મહત્તાને યાદ કરો. આપને માટે આ ગંદી ઝુંપડી કોઈ દિવસ રહેવા માટે યોગ્ય નથી. તેને છોડો. આળસ છોડીને બેઠા થાઓ. અહીથી ચાલી નીકળો. દિવસ છતાં આપની રાજધાનીમાં પહોંચી જાઓ. ચાંડાલની હિતકારી, સારી વાતો સાંભળીને પણ મહારાજા સચેત થયા નહિ, જવા માટે તૈયાર થયા નહિ. ઊલટા ભમ્મર ચઢાવીને, કડક અવાજમાં તેને ધમકાવતા કહેવા લાગ્યા–મારી મોજ આવશે, ત્યારે જઈશ–મને જવાનું કહેનાર તું કોણ? ખબરદાર, હવે મને અહીંથી જવાનું કહ્યું તો! મહારાજાની એવી ધમકીભરી, કડક વાતો સાંભળીને ચાંડાલ ડરી ગયો. ચૂપચાપ ત્યાંથી થોડેક દૂર જઇને એક તરફ બેસી ગયો. સાંજ પડી, રાત થઈ, તોપણ રાજા ખૂબ આરામપૂર્વક નિશ્ચિન્તતાથી ત્યાંનો ત્યાં પડયો રહ્યો. બીજે દિવસે ચાંડાલ ડરતો ડરતો મહારાજાને નમ્રતાપૂર્વક કહેવા લાગ્યો–રાજન્! આપ આપના મહેલોના ઉત્તમ, રમણીય, સુખપ્રદ નિવાસને યાદ કરો. આ ગંદી ઝુંપડીની કષ્ટપ્રદ આસક્તિને છોડી દો. ચાંડાલની એવી સુંદર વાત સાંભળીને પણ પ્રસન્નતાને બદલે મોહના વશમાં પડેલો મહારાજા બહુ ગુસ્સે થયો. ક્રોધાવેશમાં તે ચાંડાલને કહેવા લાગ્યા–મેં તને ના પાડી હતી કે અહીંથી જવાનું તારે મને કહેવું નહિ. તો પછી નકામો તું શું કરવા મારું માથું

આય છે? હું અહીંથી નહિ જાઉં. આ ઝુંપડી મારી છે. હું એનો માલિક છું. જો તું અહીંથી જવાનું ફરી કહીશ, તો માર ખાઈશ, માથા પર ડંડા પડશે. એ પ્રકારે કહીને તે ઈક્ષ્વાકુ કુલમાં જન્મેલો, સૂર્યવંશી, ક્ષત્રિયપ્રવર, મહારાજા સમ્રાટ-ચાંડાલ અનુનય-વિનયપૂર્વક વારંવાર કહેતો રહ્યો છતાં-ઝુંપડીમાંથી નીકળ્યો નહિ. તેમાં ખૂબ આસક્તિ બાંધીને બેસી ગયો. દિવસોની શી વાત કરવી? પખવાડિયાં પસાર થઈ ગયાં, મહીનાઓ અને વર્ષો વીતી ગયાં. પણ તે ત્યાંથી નીકળવાનો કશો જ પ્રયાસ કરતો નહિ. તેને તે અપવિત્ર ઝુંપડીમાં પવિત્રબુદ્ધિ થઈ ગઈ. ગંદી વસ્તુઓ તેને રમણીય પ્રતીત થતી હતી. પોતાના સર્વોત્તમ મહેલને તથા સમસ્ત વૈભવપૂર્ણ રાજધાનીને ભૂલી ગયો. યાદ અપાવવા છતાં તે તેમને યાદ કરતો નહિ.

તે સમયે રાજા પરીક્ષિતે શુકદેવજીને ખૂબ આશ્ચર્યપૂર્વક પૂછ્યું કે-એવો મૂઢ મહારાજા કોણ હતો કે જે આ પ્રકારે ચાંડાલની ગંદી ઝુંપડીમાંથી નીકળતો ન હતો? તેમાં જ જબરદસ્તીપૂર્વક પોતાની માલિકી જમાવીને ખૂબ આસક્તિ બાંધીને બેસી ગયો હતો? આપે તેનું નામ તો સંભળાવ્યું નહિ. તે હતો કોણ?

શુકદેવજીએ તરત જ કહ્યું-એવો મૂઢ મહારાજા બીજો કોઈ ન હતો. તેની જ સામે આંગળીનો નિર્દેશ કરી બતાવ્યું કે-તે તું જ છે. તું જ ગંદી ચાંડાલની ઝુંપડીમાં બેઠો છે. નીકળતો નથી.

રાજા પરીક્ષિત પોતાની અનભિજ્ઞતા પ્રગટ કરતા બોલ્યા કે-ભગવન્! હું ક્યારે ચાંડાલની ગંદી ઝુંપડીમાં બેઠો છું? આપે મારા તરફ આંગળીનો નિર્દેશ કરી બતાવ્યું કે-હું જ તે મૂઢ મહારાજા છું. તેથી મને બહુ આશ્ચર્ય થાય છે.

હસતા હસતા શ્રી શુકદેવજી બોલ્યા–રાજન્! તેમાં આશ્ચર્યની શી વાત છે? આ શરીર જ ચાંડાલની ગંદી ઝુંપડી છે. તેમાં જ તું અહંમમભાવ બાંધીને બેસી ગયો છે. તેની તું મોહાસક્તિ છોડતો નથી. પોતાનું વાસ્તવિક સ્વસ્વરૂપ, નિત્ય શુદ્ધ, બુદ્ધ, મુક્ત સ્વભાવ, અસંગ, અદ્વય, આનંદપૂર્ણ, બ્રહ્મધામ–જે મહેલોની પેઠે સર્વોત્તમ મહાન છે–તેને તું યાદ કરતો નથી. તેમાં અવસ્થિત થવા માટે કશો પ્રયત્ન કરતો નથી. તેમાં તું ત્યારે જ સ્થિતિ કરી શકીશ, જ્યારે તું આ નિંદ્ય, ગંદી, ઝુંપડીની–શરીરની મોહાસક્તિનો ત્યાગ કરીશ. અહં–મમભાવને છોડીશ, ત્યારે જ તું સ્વસ્વરૂપમાં અવસ્થિત થઇ ને નિર્ભય બની શકીશ. આ શરીર પ્રત્યક્ષ જ ચાંડાલની ગંદી ઝુંપડી પેઠે અશુચિ છે, મલમૂત્રનો થેલો છે.

માટે જ ભગવત્પાદ આચાર્ય શ્રી શંકર સ્વામીએ કહ્યું છે કે–

'त्वङ्मांसरुधिरस्नायु–मेदो–मज्जाऽस्थिसंकुलम् ।
पूर्णं मूत्रपुरीषाभ्यां स्थूलं निन्द्यमिदं वपुः ॥

ત્વચા, માંસ, લોહી, સ્નાયુ (નસો), મેદ, મજ્જા તથા હાડકાંનો સમૂહ, મલમૂત્રથી ભરેલો આ સ્થૂલ દેહ અતિ નિંદનીય છે.

તેની અશુચિતા (ગંદાપણું) અનેક પ્રત્યક્ષ હેતુઓથી પણ નિશ્ચિત થાય છે. માટે યોગશાસ્ત્રના વ્યાસ ભાષ્યમાં કહ્યું છે કે–

स्थानाद्वीजादुपष्टंभात्, निस्यन्दान्निधनादपि ।
कायमाधेयशौचत्वात्, पण्डिता ह्यशुचिं विदुः ॥

જે સ્થાનમાંથી આ શરીર પ્રાદુર્ભૂત થયું છે, તે સ્થાન છે માતાનું ગંદું ઉદર તથા જે બીજથી તે ઉત્પન્ન થયું છે, તે બીજ છે માતાની રજ તથા પિતાનું વીર્ય. તેની અશુચિતા પ્રત્યક્ષ છે. તેનો સ્પર્શ થતાં ચૈલસહિત–વસ્ત્રો સાથે સ્નાન કરવાનું વિધાન શાસ્ત્રોએ

કરેલું છે. વળી જે માંસ, રુધિર, મેદ વગેરે પદાર્થોથી આનો ઉપષ્ટંભ થયો છે, જેના દ્વારા તે મોટું તાજું દેખાઇ રહ્યું છે, તે પદાર્થો પણ અતિશય ઘૃણાસ્પદ, અશુચિ છે. વળી નાક, મુખ, ગુદા વગેરે સ્થાનોમાંથી અત્યંત ઘૃણિત શ્લેષ્મ, મળ, મૂત્ર વગેરે ગંદા પદાર્થોનું હર ક્ષણે નિર્ગમન થતું રહે છે. તેથી તથા પ્રાણ વિયોગથી-મરણથી પણ તેની અશુચિતા–અભદ્રતા પ્રત્યક્ષત: નિશ્ચિત થાય છે. પ્રાણ નીકળી ગયા પછી આ શરીરને કોઈ જોવાનું પણ પસંદ કરતું નથી. જે લોકો પહેલાં આને અત્યંત પ્યારૂં સમજતા હતા, તેઓ પણ તેને જોઈ નાક–મ્હોં મચકોડે છે. જલ વગેરેથી તેની શુચિતા ઉપર–ઉપરની જ થાય છે, તે મૂઢોને સાફસૂફ, આકર્ષક, મોહક દેખાતાં છતાં પણ વસ્તુત: તે શુચિ–પવિત્ર થતું જ નથી, અશુચિ જ બન્યું રહે છે. જેવી રીતે હજારો મણ ધોળા સાબૂથી તથા સ્વચ્છ જલથી ધોવા છતાં પણ કાળા કોયલા કદી સફેદ થતા નથી, તેવી રીતે. આ પ્રકારે અનેક પ્રત્યક્ષ કારણોથી વિવેક-વિચારશીલ, પંડિત મહાનુભાવો આ શરીરને અશુચિ જ સમજે છે; તેને રમણીય સમજીને આસક્ત થતા નથી, તેમાં અહં–મમ ભાવ બાંધતા નથી

માટે હે રાજા પરીક્ષિત! તું આ ગંદા શરીરમાંથી બહાર નીકળ, અહં–મમ–ભાવનો પરિત્યાગ કર. તે તું નથી. તે તારૂં નથી. તું અવિનાશી છે, એ વિનાશી છે. તું ચેતન છે, એ જડ છે. તેનાં આદિ–અંત પ્રત્યક્ષ છે, પણ તારાં આદિ–અંત કોઇ બતાવી શકે તેમ નથી. માટે તું મહાન છે, શુદ્ધ છે, પૂર્ણ છે, અનંત છે. તું આ ગંદા તુચ્છ દેહને 'હું' ન સમજ. જ્યારે તું આ શરીર નથી, ત્યારે તેના મરી જવાથી તું કેવી રીતે મરી જવાનો હતો? તું મરી શકતો નથી. તું અજર, અમર છે; તને કોઈ મારી શકતું નથી. તું મૃત્યુનું પણ મૃત્યુ છે, અમૃત છે, અભય છે, દેવ છે, દેહ નહિ, શિવ છે; શવ નહિ, દ્રષ્ટા છે, દૃશ્ય નહિ.

આજ ઉપદેશ શ્રી શુકદેવજીએ શ્રીમદ્ ભાગવતના અંતિમ ભાગ–દ્વાદશ સ્કંધમાં સર્વના સંક્ષિપ્ત સારરૂપે રાજા પરીક્ષિતને આ પ્રકારે આપ્યો હતો, જેવો ભગવાન શ્રીકૃષ્ણે અર્જુનને અંતમાં આપ્યો હતો કે–सर्वधर्मान् परित्यज्य मामेकं शरणं व्रज। (ગીતા ૧૮, ૬૬) સર્વ ધર્મોનો પરિત્યાગ કરીને તું મારે શરણે જા.

'त्वं तु राजन्! मरिष्येति, पशुबुद्धिमिमां जहि।
न जातः प्रागभूतोऽद्य देहवत्त्वं न नङ्क्ष्यसि॥
न भविष्यसि भूत्वा त्वं, पुत्रपौत्रादि–रूपवान्।
बीजाङ्कुरवद्देहादेर्व्यतिरिक्तो यथाऽनलः॥
स्वप्ने यथा शिरश्छेदं, पञ्चत्वाद्यात्मनः स्वयम्।
यस्मात्पश्यति देहस्य तत आत्मा ह्यजोऽमरः॥
घटे भिन्ने यथाऽऽकाश आकाशः स्याद्यथा पुरा।
एवं देहे मृते जीवो ब्रह्म संपद्यते पुनः॥'

(શ્રીમદ્ ભાગ ૧૨,૫,૨–૫)

હે રાજન્! 'હું મરી જઈશ' એવી પશુબુદ્ધિને તું ત્યજી દે. અર્થાત્ દેહને 'હું' સમજવું તથા જન્મ–મરણાદિ ધર્મોને પોતાના આત્મામાં માનવા–એ અજ્ઞાની પશુઓના મિથ્યા ભાવ છે; તેને છોડ. દેહની પેઠે તું પહેલાં ન હતો, અને હવે ઉત્પન્ન થયો છે–એવી વાત નથી. દેહ પહેલાં ન હતો, અને હવે ઉત્પન્ન થયો છે, તેવો તું નથી. તું દેહ પહેલાં પણ વિદ્યમાન હતો; તેથી તારી ઉત્પત્તિ નથી. તેથી તું નાશને પણ પ્રાપ્ત નહિ થાય. જે ઉત્પન્ન થાય છે, તેનો જ નાશ થઈ શકે છે. શરીર તેવું છે, આત્મા નહિ. આત્મા અજન્મા તથા અવિનાશી છે, તે જ તું છે. જેવી રીતે બીજમાંથી અંકુર અને અંકુરમાંથી બીજ ઉત્પન્ન થાય છે, તેવી રીતે તું હમણાં ઉત્પન્ન થઈને પુત્રપૌત્રાદિના

રૂપમાં ફરી ઉત્પન્ન થઈશ નહિ; કારણકે બીજમાંથી અંકુરની પેઠે દેહમાંથી દેહ ઉત્પન્ન થાય છે, આત્મા નહિ. તું તો કાષ્ઠમાં વ્યાપેલો અગ્નિ જેમ કાષ્ઠથી પૃથક્ છે, તેમ શરીરમાં વ્યાપેલો હોવા છતાં પણ શરીરથી સર્વથા પૃથક્, અસંગ, નિર્લેપ નિર્વિકાર, મહાન આત્મા છે. જેવી રીતે આત્મા સ્વપ્નમાં શરીરનું માથું કપાયેલું જુવે છે, તથા મૃત્યુ વગેરે જુવે છે, તેવી રીતે જાગ્રત અવસ્થામાં પણ આ દેહનું મરણ વગેરે જુવે છે. માટે આ આત્મા અજન્મા તથા અમર છે. શરીર અને તેની જાગ્રત્ વગેરે અવસ્થાઓ દૃશ્ય છે, અને આત્મા દ્રષ્ટા છે. દ્રષ્ટા દૃશ્યથી પૃથક્ જ હોય છે, દૃશ્યરૂપ નથી હોતો. જેવી રીતે ઘડો ફૂટી જતાં ઘટાકાશ પહેલાંની જ પેઠે ફરી મહાકાશરૂપ બની જાય છે, તેવી રીતે દેહનો નાશ થતાં જીવ ફરી બ્રહ્મરૂપ બની જાય છે. તે બ્રહ્મ હતો જ. અવિદ્યાવશ-ભ્રાન્તિવશ તે પોતાને દીન, હીન, જીવરૂપ તથા જન્મમરણવાળા દેહરૂપ માની બેઠો હતો. વિદ્યા દ્વારા અવિદ્યા-ભ્રાન્તિ તથા શરીરાદિ ઉપાધિ દૂર થઈ જતાં પોતાનું અસલી સ્વરૂપ બ્રહ્મ જ બની જાય છે.

મહાવાકયનું પરિશીલન કર્યા વિના કોઈ પણ મિથ્યા મોહથી છૂટી શકતો નથી માટે શ્રી શુકદેવજી મહાવાકયનો ઉપદેશ કરે છે—

'एवमात्मानमात्मस्थ-मात्मनैवामृश प्रभो ! ।
बुद्ध्याऽनुमानगर्भिण्या वासुदेवानुचिन्तया ॥
अहं ब्रह्म परं धाम, ब्रह्माहं परमं पदम् ।
एवं समीक्षन्नात्मानमात्मन्याधाय निष्कले ॥
दशन्तं तक्षकं पादे लेलिह्यानं विषाननैः ।
न द्रक्ष्यसि शरीरं च विश्वं च पृथगात्मनः ॥'

(શ્રીમદ્ ભાગ. ૧૨,૫,૯-૧૧-૧૨)

માટે હે રાજન્! તું ભગવાન વિશ્વાત્મા વાસુદેવની અભેદભાવે ચિંતન કરનારી તથા દ્રષ્ટા-દૃશ્ય સંબંધી અન્વય-વ્યતિરેકના વિચારથી યુક્ત, તારી વિશુદ્ધ તથા એકાગ્ર બુદ્ધિ દ્વારા દેહાદિ ઉપાધિમાં રહેલા તારા આત્માની જ નિરંતર ભાવના કરતો રહે. 'જે હું છું તે જ પરમ પદરૂપ બ્રહ્મ છે, અને જે પરમ પદરૂપ બ્રહ્મ છે તે જ હું છું' આ પ્રકારે ખૂબ દૃઢ આત્માનુસંધાન કરતો કરતો, તારા આત્માને નિષ્કલ પરમાત્મામાં સ્થિત કરી લીધા પછી, તારા પગને દંશ કરતા, વિષયુક્ત જિહ્વાથી હોઠ ચાટનાર તક્ષક નાગને, તારા શરીરને તથા સંપૂર્ણ વિશ્વને પણ તું તારા આત્માથી પૃથક્ નહિ જુવે.

શ્રી શુકદેવજીના આ અંતિમ ઉપદેશને શ્રદ્ધાપૂર્વક તથા એકાગ્રતાથી ધારણ કરી લીધા પછી-અર્થાત્ તુચ્છ દેહભાવનો ત્યાગ થયા પછી અને વિમલ બ્રહ્મભાવ પ્રગટ થયા પછી, રાજા પરીક્ષિત સર્વથા નિર્ભય બનીને આ પ્રકારે કહેવા લાગ્યા—

'भगवँस्तक्षकादिभ्यो मृत्युभ्यो न बिभेम्यहम्।
प्रविष्टो ब्रह्मनिर्वाणमभयं दर्शितं त्वया॥
अनुजानीहि मां ब्रह्मन् वाचं यच्छाम्यधोक्षजे।
मुक्तकामाशयं चेतः प्रविश्य विसृजाम्यहम्॥
अज्ञानं च निरस्तं मे ज्ञान-विज्ञान-निष्ठया।
भवता दर्शितं क्षेमं, परं भगवतः पदम्॥'

(શ્રીમદ્ ૧૨,૬,૫-૬-૭)

હે ભગવન્! આપે મને નિશ્ચયપૂર્વક નિર્ભયસ્થાન બતાવી દીધું છે, જેથી હું બ્રહ્મનિર્વાણમાં પ્રવેશી ચૂક્યો છું. માટે હવે હું તક્ષકાદિ મૃત્યુઓથી જરા પણ બીતો નથી. હે બ્રહ્મન્! હવે મને આજ્ઞા આપો. હું વાણીનો સંયમ અર્થાત્ મૌન ધારણ કરીશ. અને કામવાસનાથી રહિત બનેલા મારા ચિત્તને

વિશ્વાનન્ય, સ્વસ્વરૂપ, શ્રી અધોક્ષજ (ઈન્દ્રિયોથી પર) ભગવાનમાં લગાવીને હવે પ્રાણ ત્યાગ કરીશ. આપે કૃપાથી જ્ઞાન તથા વિજ્ઞાનમાં મારી નિષ્ઠા કરાવીને, મારું અજ્ઞાન દૂર કરીને, ભગવાનનું અતિકલ્યાણમય સ્વરૂપ બતાવી દીધું છે.

ગુજરાત વગેરે દેશોમાં શ્રીમદ્ ભાગવતની સપ્તાહ ઘણા લોકો કરાવે છે, પણ સપ્તાહ વાંચનારા પંડિત મહોદયો ઘણું કરીને કેવળ કથાભાગ જ વાંચી જાય છે. તે કથાઓનો સારભાગ–તાત્પર્ય ઘણું કરીને તેઓ કહેતા નથી, અને શ્રોતાઓને પણ તેની જિજ્ઞાસા હોતી નથી. કથાને માટે જ કથા હોય છે–એમ નથી; પણ તેનું તાત્પર્ય, તેનો સાર–સિદ્ધાન્ત સમજવા માટે હોય છે. જિજ્ઞાસુઓ–મુમુક્ષુઓ માટે શ્રીમદ્ ભાગવતમાં બહુ જ સુંદર, અધ્યાત્મવાદનું તાત્પર્ય ઠાંસી ઠાંસીને ભરેલું છે, પણ તેનું ગ્રહણ કરનારા, સાધનસંપન્ન, અધિકારીઓ વિરલા જ હોય છે.

ભગવાન શ્રીકૃષ્ણે ગીતાના એ પ્રવચનીય શ્લોકમાં અર્જુનને તે જ સમજાવ્યું કે–જ્યાં સુધી માનવ ત્રિગુણાત્મક સત્ત્વાદિ ભાવોથી યુક્ત શરીર વગેરે સાથે તથા શબ્દાદિ વિષયો સાથે પોતાનો સંબંધ તોડતો નથી, તેમનો મોહ છોડતો નથી, ત્યાંસુધી તે કદાપિ મારા–પરમાત્માના વાસ્તવિક સ્વરૂપને જાણી શકતો નથી. અર્થાત્ **'मोहितं नाभिजानाति'**નો અર્થ છે **'मोहरहितं जगत् मामभिजानाति'**–મોહથી રહિત બનેલું જગત્–અર્થાત્ લોકો મને–પરમાત્માને બરાબર જાણી શકે છે. ભગવાનના તત્ત્વ-વિજ્ઞાનની સિદ્ધિમાં એક માત્ર મોહ જ પ્રબળ અવરોધ છે. તેને વિવેક–વૈરાગ્ય વગેરે વડે દૂર કર્યા સિવાય કોઈપણ માણસ તત્ત્વ-વિજ્ઞાનને સિદ્ધ કરી શકતો નથી. હરિઃ ૐ તત્સત્.

(૧૪)

दैवी ह्येषा गुणमयी, मम माया दुरत्यया।
मामेव ये प्रपद्यन्ते मायामेतां तरन्ति ते॥ (૭,૧૪)

મારે-દેવનો આશ્રય કરીને રહેનારી, તે અતિ અદ્ભુત, ત્રિગુણમયી, મારી માયા બહુ દુસ્તર છે. પરંતુ જે માણસ મારે શરણે આવીને, મારું જ નિરંતર ચિંતન કરતો રહે છે, તે આ માયાનું ઉલ્લંઘન કરી જાય છે. અર્થાત્ માયામય સંસારથી તરી જાય છે.

આનંદકંદ ભગવાન શ્રીકૃષ્ણ અર્જુનને માયાના સ્વરૂપનો તથા તેને તરવાના ઉપાયનો ઉપદેશ દે છે. એ માયા દૈવી છે, અર્થાત્ હું પરમાત્મા દેવ છું, એકમાત્ર અદ્વય છું, સમસ્ત ભૂતોમાં છુપાઈને બેઠો છું, સ્વતઃ પ્રકાશમાન ચૈતન્યાનંદઘન છું, અને નિર્વિભાગ-અપરિચ્છિન્ન છું; એવા મારા-દેવના આશ્રયમાં તે માયા રહે છે, અને મને દેવને જ વિષય કરે છે, અર્થાત્ ઢાંકી દે છે. આ પ્રકારે આ માયા મારામાં નિર્વિભાગ એક દેવમાં આશ્રયતા તથા વિષયતા પ્રયુક્ત વિભાગની કલ્પના ખડી કરી દે છે. માટે જ ભગવાન 'हि' શબ્દથી આ માયામાં ભ્રમોની ઉપાદાનકારણતા પણ અર્થ વડે સિદ્ધ કરે છે. જગતમાં જે જે ભ્રમઅનાત્મામાં આત્માનો, આત્મામાં અનાત્માનો વગેરે જોવામાં આવે છે, તે સર્વનું ઉપાદાન કારણ તે માયા જ છે. તે માયાનું જ બીજું નામ 'અવિદ્યા' છે. તેથી તે 'एषा' છે, અર્થાત્ સાક્ષી પ્રત્યક્ષથી સિદ્ધ છે. 'હું અજ્ઞ છું-હું પોતાને બરાબર જાણતો નથી' એ પ્રકારે તે સર્વના અનુભવથી જાણવામાં આવે છે. માટે તેનો કોઈપણ અપલાપ કરી શકાતું નથી.

વળી તે ત્રિગુણાત્મિકા છે. ત્રણ દોરડીઓ વાળી રસ્સીની પેઠે બહુ દૃઢ હોવાને કારણે તે જીવોના અતિદૃઢ બંધનની હેતુ

છે તથા આ સર્વજગત્‌ના કારણ, સર્વજ્ઞ, સર્વશક્તિમાન, મારી પરમાત્માની સ્વભૂત છે, અર્થાત્‌ મારે આધીન છે. તેથી મારે આધીન રહીને તે જગત્‌ની સૃષ્ટિ, સ્થિતિ વગેરેનો નિર્વાહ કરતી રહે છે. માટે જ તે સમસ્ત દ્વૈતપ્રપંચની પ્રકૃતિ છે, અર્થાત્‌ પરિણામી ઉપાદાન કારણ છે. શ્રુતિ ભગવતી પણ એ જ કહે છે કે—

'मायान्तु प्रकृतिं विद्यात्, मायिनं तु महेश्वरम्।'

(શ્વે: ઉ. ૪,૯)

માયાને પ્રકૃતિ જાણો અને માયાવાળાને મહેશ્વર સમજો. માટે આ માયા આવરણશક્તિ તથા વિક્ષેપશક્તિથી યુક્ત છે. પારમાર્થિક તત્ત્વના પ્રતિભાસનો તે પ્રતિરોધ કરે છે. તેથી તેનામાં આવરણશક્તિનો, તથા મિથ્યા પદાર્થના પ્રતિભાસનો હેતુ બનવાથી વિક્ષેપશક્તિનો નિશ્ચય થાય છે.

માટે જ ભગવત્પાદાચાર્ય શ્રીશંકરસ્વામીએ વિવેકચૂડામણિમાં કહ્યું છે—

'एषावृतिर्नाम तमोगुणस्य,
शक्तिर्यया वस्त्ववभासतेऽन्यथा।
सैषा निदानं पुरुषस्य संसृते-
र्विक्षेपशक्तेः प्रसरस्य हेतुः॥
अभावना वा विपरीतभावना-
ऽसंभावना विप्रतिपत्तिरस्याः।
संसर्गयुक्त न विमुञ्चति ध्रुवं,
विक्षेपशक्तिः क्षपयत्यजस्रम्॥

(૧૧૫-૧૧૭)

જેના દ્વારા પારમાર્થિક વસ્તુ પોતાના યથાર્થરૂપે પ્રતીત ન થતાં અન્યથા અર્થાત્‌ કંઈકને બદલે કંઈકની પ્રતીતિ થવા લાગે છે, તે માયાના તમોગુણની: આવરણશક્તિ છે. તે જ પુરુષના

જન્મ, મરણ વગેરે સંસારનું આદિકારણ છે, અને તે જ વિક્ષેપ-શક્તિના પ્રસારનો પણ હેતુ છે; કારણકે આવરણ થયા વિના વિક્ષેપનો પ્રાદુર્ભાવ થતો નથી. અર્થાત્ જ્યારે અજ્ઞાનદ્વારા રજ્જુસ્વરૂપ આવૃત થાય છે, ત્યારે જ મિથ્યા સર્પનો વિક્ષેપ ખડો થઈ જાય છે. આ આવરણશક્તિના સંસર્ગથી યુક્ત પુરુષને અભાવના, વિપરીત ભાવના, અસંભાવના અને વિપ્રતિપત્તિ—આ તમોગુણની શક્તિઓ છોડતી નથી, અને વિક્ષેપશક્તિ પણ તેને વિવિધ પ્રકારના મિથ્યા આભાસોદ્વારા નિરંતર કષ્ટ દેતી દેતી ડામાડોળ જ રાખે છે. 'બ્રહ્મ પરમાત્મા નથી'-જેના વડે એવું જ્ઞાન થાય, તે અભાવના કહેવાય છે. 'હું સાડાત્રણ હાથનું શરીર જ છું, જન્મ તથા મરણવાળો છું'-આ વિપરીત ભાવના છે. 'હશે કે નહિ હોય' આ પ્રકારના સંદેહને અસંભાવના કહે છે. વિરુદ્ધ પ્રતિપત્તિનું નામ વિપ્રતિપત્તિ છે. કોઈની પાસે સાંભળ્યું કે—'જગત્ સત્ય છે, તથા જીવ બ્રહ્મથી ભિન્ન છે;' અને બીજા કોઈની પાસે તેનાથી વિરુદ્ધ સાંભળ્યું કે—'જગત્ મિથ્યા છે; તથા જીવ બ્રહ્મથી અભિન્ન છે.' આ પ્રકારના પરસ્પર વિરુદ્ધ સંવાદના શ્રવણથી વિપ્રતિપત્તિ ઉત્પન્ન થાય છે. દ્વૈતપ્રપંચનો અહં-મમ વગેરે મિથ્યા વ્યવહાર, જે અનેક પ્રકારના ઉદ્વેગોનું કારણ છે—તે માયાની વિક્ષેપશક્તિ છે.

એ માયા અનાદિ છે. તેનો આદિ કોઈ પણ બતાવી શકતું નથી. તેથી અમારાં બધાં શાસ્ત્રોએ તથા આચાર્યોએ માયાનું તથા માયામય સંસારનું અનાદિરૂપે જ વર્ણન કર્યું છે. માયાનો આદિ માનવાથી અનેક પ્રકારના દોષો આવી જાય છે. જે પદાર્થ આદિમાન—આદિવાળો હોય છે, તેનું કોઈ ને કોઈ કારણ હોય છે જ. બ્રહ્મ નિર્વિકાર તથા અસંગ હોવાથી તે માયાનું કારણ બની શકતું નથી. તે સમયે બ્રહ્મથી અતિરિક્ત બીજો કોઈ પદાર્થ જ ન હતો, જે માયાનું કારણ માની શકાય.

તથા માયા બ્રહ્મની પેઠે અનાદિ છે. અનાદિ હોવા છતાં પણ તેની બ્રહ્મવિદ્યાથી નિવૃત્તિ થઈ જાય છે. માટે માયા અનાદિ અને સાન્ત છે, બ્રહ્મ અનાદિ અને અનંત છે.

તે માયા અવિદ્યાથી અતિરિક્ત નથી. 'अविद्या प्रकृतिर्माया तमोऽज्ञानमजाऽनृतम्। प्रधानं च जडं विद्धि क्षयिष्णु त्रिगुणात्मकम्॥' ઈત્યાદિ શાસ્ત્રવચનોથી માયા તથા અવિદ્યાનો અભેદ જ નિશ્ચિત થાય છે. તમે એક સાધારણ અજ્ઞાનનો પણ આદિ બતાવી નહિ શકો, તો પછી આ જગત્‌ના પરિણામી ઉપાદાન કારણરૂપ મહા-અજ્ઞાનનો આદિ કેવી રીતે અને કોણ બતાવી શકે તેમ છે? આપને કોઈ પ્રશ્ન કરે કે–આપ ફ્રેન્ચ ભાષા જાણો છો? આપ કહેશો કે-હું જાણતો નથી. ફરી તે આપને પૂછશે કે–આપ ફ્રેન્ચ ભાષા ક્યારથી જાણતા નથી? અર્થાત્ તેનું અજ્ઞાન ક્યારથી છે? આપ તેનો પ્રશ્ન સાંભળીને, તેનો આદિ બતાવવામાં અસમર્થ બની જશો. તેનો અદિ છે જ નહિ. તો પછી કેવી રીતે અને કોણ તે બતાવી શકવાનું હતું? આપ તેને સ્પષ્ટ કહેશો કે–હું ફ્રેન્ચ ભાષા ક્યારથી જાણતો નથી, તે હું બતાવી શકતો નથી. તેના અજ્ઞાનના આદિનું મને જ્ઞાન નથી. તેથી તે અર્થથી અનાદિ જ સિદ્ધ થાય છે. જ્યારે એક ફ્રેન્ચ ભાષાનું સાધારણ અજ્ઞાન પણ આદિરહિત માનવું પડે છે, તેના આદિનો કોઈને પત્તો નથી લાગતો, ત્યારે આ મહાન અજ્ઞાનના આદિનો પત્તો કોણ લગાવી શકવાનું હતું? અર્થાત્ તે આદિ રહિત–અનાદિ જ માનવામાં આવે છે.

તે રીતે એ માયા અનિર્વચનીય છે. અનિર્વચનીયનો અર્થ આ છે-તેનું કોઈ પણ પ્રકારે નિર્વચન નથી થતું. લક્ષણો દ્વારા તેનું નિર્વચન થાય છે. માટે ચિત્સુખાચાર્યે તત્ત્વપ્રદીપિકા-ચિત્સુખીમાં અજ્ઞાનનું આ પ્રકારના લક્ષણથી નિર્વચન કર્યું છે—

'अनादि भावरूपं यद्विज्ञानेन विलीयते।
तदज्ञानमिति प्राहुः, प्राज्ञो वेदान्तवेदिनः॥'

જે અનાદિ તથા ભાવરૂપ છે, તથા વિજ્ઞાનથી જેનો વિલય થઈ જાય છે, તેને વેદાન્ત જાણનારા, પ્રાચીન આર્યો અજ્ઞાન કહે છે.

માટે અનિર્વચનીયનો અર્થ છે-જેનું સત્ત્વાદિરૂપ નવ પ્રકારે નિર્વચન ન થઈ શકે તે અનિર્વચનીય છે. માટે ભગવત્પાદ આચાર્ય શ્રી શંકરસ્વામીએ કહ્યું છે કે—

'सन्नाप्यसन्नाऽप्युभयात्मिका नो,
भिन्नाप्यभिन्नाऽप्युभयात्मिका नो।
साङ्गाऽप्यसाङ्गाऽप्युभयात्मिका नो,
महाऽद्भुताऽनिर्वचनीयरूपा॥'

(વિવેકચૂડામણિઃ)

એ માયા-અવિદ્યા સત્ નથી, અસત્ નથી, તથા સદસત્ ઉભયરૂપ પણ નથી. તે બ્રહ્મથી ભિન્ન નથી, અભિન્ન પણ નથી, અને ભિન્ના-ભિન્ન ઉભયરૂપ પણ નથી. તે અંગસહિત (સાવયવ) નથી, અંગરહિત પણ નથી, અને સાંગ-અનંગ-ઉભયરૂપ પણ નથી. પણ તે અત્યંત અદ્ભુત-આશ્ચર્યપ્રચુર અને સત્ત્વ વગેરેથી જેનું નિર્વચન ન થઈ શકે તેવી અનિર્વચનીય છે.

અવિદ્યા, તમઃ, અજ્ઞાન, પ્રકૃતિ વગેરે અનેક શબ્દોદ્વારા પ્રતિપાદ્ય તે માયા સત્ય નથી, કારણ કે તેની વિદ્યા વડે નિવૃત્તિ થાય છે. આત્માની પેઠે તેને સત્ય માનતાં તે અબાધ્ય બની જાય છે. नाभावो विद्यते सतः (ગીતા ૨, ૧૬) આ વચનથી ભગવાને ગીતામાં પારમાર્થિક સત્ય પદાર્થના અભાવનો (બાધનો) પ્રતિષેધ કર્યો છે. પણ અમારાં સર્વ શ્રુતિ વગેરે શાસ્ત્રો માયાના બાધનું નિરૂપણ કરે છે. શ્રુતિ કહે છે કે-तस्याभिध्यानाद्

योजनात् तत्त्वभावाद् भूयश्चान्ते विश्वमायानिवृत्तिः। (શ્વે. ઉ. ૧,૧૦) તે એક, આનંદપૂર્ણ, અદ્વય, સર્વાત્મા બ્રહ્મના દૃઢ ધ્યાનથી, તેમાં મનને તન્મય કરવાથી, અને બ્રહ્મભાવ પ્રાપ્ત કરવાથી, પ્રારબ્ધ કર્મની સમાપ્તિ થતાં વિશ્વમાયાની નિવૃત્તિ થઈ જાય છે. ગીતા પણ એમ જ કહે છે–ज्ञानेन तु तदज्ञानं येषां नाशितमात्मनः। (૫,૧૬)–આત્માના જ્ઞાનથી જેમનું અજ્ઞાન નષ્ટ થઈ ગયું છે. આ શ્રુતિ, સ્મૃતિનાં વચનોથી માયાની નિવૃત્તિનું પ્રતિપાદન કર્યું છે. માટે માયા સત્–અબાધ્ય હોઈ શકતી નથી. તેથી તેનું સત્ત્વથી નિર્વચન થઈ શકતું નથી. જ્યારે માયા સત્ય નથી, ત્યારે તેને અસત્ય માનીએ. પણ માયાને અસત્ પણ માની શકાતી નથી, કારણ કે માયાને અસત્–અર્થાત્ વંધ્યાના પુત્ર સમાન તુચ્છ માનવાથી માયા-કાર્ય દ્વૈતસંસારનું ભાન ન થવું જોઈએ. અસત્ પદાર્થનું ભાન થતું નથી. પણ માયા અને તેના કાર્ય–સંસારનું ભાન સર્વ કોઈને થાય છે. માટે તે અસત્થી વિલક્ષણ છે. વળી માયાકલ્પિત દ્વૈત સંસારનું મૂળ કારણ છે. માટે પણ તે અસત હોઈ શકે નહિ. અસત્ માનવાથી સંસારબંધ નિર્મૂલ થઈ જાય છે; કારણ કે અસત્ પદાર્થ કશાનું મૂળ કારણ બની શકતો નથી. તેથી માયાનું અસત્–રૂપે પણ નિર્વચન થઈ શકતું નથી. સત્ત્વ તથા અસત્ત્વ પરસ્પર વિરૂદ્ધ હોવાને કારણે માયા સત્–અસત્ ઉભયરૂપ પણ હોઈ શકતી નથી. માટે તે સત્થી, અસત્થી તથા ઉભયરૂપથી વિલક્ષણ છે.

એ રીતે તે માયા બ્રહ્મથી ભિન્ન છે, એમ પણ કહી શકાય તેમ નથી. ભિન્ન માનવાથી માયાની આત્માથી ભિન્ન આશ્રયમાં ઉપલબ્ધિ થવી જોઇએ. પણ જેમ ઉષ્ણતા અગ્નિમાં રહે છે. તેમ તે બ્રહ્મથી અન્યત્ર ન હોવાને કારણે તે બ્રહ્મથી ભિન્ન માની શકાતી નથી. અને અસંગ, અદ્વય આત્મામાં ભિન્ન

માયાનો સંબંધ ન હોવાથી આવરણ વગેરેની અસિદ્ધિ થઈ જાય છે. તેથી તે બ્રહ્મથી ભિન્ન છે એમ પણ કહી શકતું નથી. માટે બ્રહ્મભિન્નત્વથી માયાનું નિર્વચન બની શકતું નથી. હવે જો માયા બ્રહ્મથી ભિન્ન નથી, તો તેને અભિન્ન માનો. પણ અભિન્ન માનતાં તેનો બ્રહ્મથી વિરુદ્ધ સ્વભાવ ન હોવો જોઈએ, જેવો કે જડત્વ, દૃશ્યત્વ વગેરે. અને માયાનો બાધ થતાં બ્રહ્મનો બાધ થવાની આપત્તિ ઊભી થાય છે. માટે માયા બ્રહ્મથી અભિન્ન છે, એમ પણ કહી શકાતું નથી. ત્રીજો ભિન્નાભિન્ન પક્ષ પહેલાંની પેઠે પરસ્પર–વિરુદ્ધ હોવાને કારણે અસંભવ છે. માટે ભિન્નત્વાદિ રૂપે પણ માયાનું નિર્વચન બની શકતું નથી.

વળી તે માયા સાંગ–સાવયવ પણ માની શકાતી નથી, કારણ કે સાવયવ માનવાથી તેમાં જન્મત્વ, ક્રિયાનાશ્યત્વ વગેરેનો પ્રસંગ આવશે, વળી અનંત અવયવોની કલ્પનાનું ગૌરવ પણ થઈ જાય છે. વળી તેમાં મૂલકારણતા પણ અસંભવિત બની જાય છે. તથા તેને નિરવયવ માનવી પણ ઠીક નથી, કારણ કે નિરવયવ પદાર્થનું પરિણામ થઈ શકતું નથી. પરિણામ એટલે અવયવોનો અન્યથાભાવ. જેવી રીતે દૂધનું દહીંરૂપે પરિણામ થતાં દૂધના અવયવોની બીજે પ્રકારે ભાવાપત્તિ જોવામાં આવે છે. માટે જગત્-રૂપે પરિણત થનારી માયાને સર્વથા નિરવયવ પણ માની શકાતી નથી. માટે જેવી રીતે તેનું સાવયવ–રૂપે નિર્વચન થતું નથી, તેવી રીતે તેનુ નિરવયવ–રૂપે પણ નિર્વચન થતું નથી. પરસ્પર વિરોધ હોવાને કારણે સાવયવ તથા નિરવયવ ઉભયરૂપ પણ તે માની શકાતી નથી. માટે તે માયા અનિર્વચનીય છે, જેનું સત્ત્વ વગેરે નવરૂપે નિર્વચન કરી શકાય નહિ તેવી છે.

તેથી જ 'તમઃ' પદ વડે પ્રતિપાદ્ય, ચેતનના આવરણના

હેતુભૂત, માયાનું ઋગ્વેદ સંહિતામાં નાસદીય સૂક્તમાં સત્-અસત્‌થી વિલક્ષણ, અનિર્વચનીય રૂપે પ્રતિપાદન કર્યું છે—

'नासदासीन्नो सदासीत् तदानीम्'।
(ઋ. ૧૦,૧૨૯,૧)

'तम आसीत् तमसा गूढमग्रेऽप्रकेतम्......
तुच्छयेनाभ्यपिहितं यदासीत्'
'तपसस्तन्महिनाऽजायतैकम्।'
(ઋ. ૧૦,૧૨૯,૩)

'आनीदवातं स्वधया तदेकं,
तस्माद्धान्यन्न परः किञ्चनास।'
(ઋ. ૧૦,૧૨૯,૨)

પ્રલયમાં આ જગત્‌ના પરિણામી ઉપાદાન કારણરૂપ તમઃ (અજ્ઞાન) અસત્ (તુચ્છ) ન હતું, તથા તે સત્ (પારમાર્થિક સત્ય) પણ ન હતું. કિંતુ સત્-અસત્‌થી વિલક્ષણ, અનિર્વચનીય હતું. તે અનિર્વચનીય પદાર્થ તમ જ હતું. સૃષ્ટિ પહેલાં આ જગત્ તે તમથી ગૂઢ (આચ્છાદિત) હતું. તેથી આ જગત્ પ્રલયમાં સ્પષ્ટરૂપે જાણવું અશક્ય હતું. તે તમ તુચ્છ હતું, અર્થાત્ પારમાર્થિક સત્તાથી રહિત હતું. તે તુચ્છ તમથી એક, અદ્વય, વિભુ, સર્વગત, બ્રહ્મ સમાવૃત થઈ ગયું હતું. તેથી તે એક બ્રહ્મ પોતાના માયિક સંકલ્પરૂપ તપથી અનેકરૂપે (દ્વૈત પ્રપંચરૂપે) આવિર્ભૂત થઈ ગયું. વળી તે તમઃ સ્વધા છે. स्वस्मिन् स्वसत्तया धार्यमाणा-બ્રહ્મના આશ્રયમાં રહેનારી માયા. જે પ્રાણાદિથી રહિત નિશ્ચલ છે, તેવું તે પ્રસિદ્ધ, એક, અદ્વય, બ્રહ્મ તે સમયે માયાની સાથે હતું. તેથી પ્રલયમાં માયાવિશિષ્ટ બ્રહ્મથી બીજો કોઈ પણ ઉત્કૃષ્ટ તથા નિકૃષ્ટ પદાર્થ ન હતો. અર્થાત્ સ્થૂલ, સૂક્ષ્મ, ચરાચર, અભિવ્યક્ત જગત્ ન હતું.

તે જ માયા શ્રૌત દૃષ્ટિએ તુચ્છ, યૌક્તિક દૃષ્ટિએ અનિર્વચનીય તથા લૌકિક દૃષ્ટિએ વાસ્તવ સિદ્ધ થાય છે. પંચદશીમાં શ્રી વિદ્યારણ્ય સ્વામી પણ એમ જ કહે છે—

'युक्तिदृष्ट्या त्वनिर्वाच्यं, नासदासीदिति-श्रुतेः।
नासदासीद्विभातत्वान्नो सदासीच्च बाधनात्॥
विद्यादृष्ट्या श्रुतं तुच्छं, तस्य नित्यनिवृत्तितः।
तुच्छाऽनिर्वचनीया च वास्तवी चेत्यसौ त्रिधा॥
ज्ञेया माया त्रिभिर्बोधैः श्रौत-यौक्तिक-लौकिकैः।'

(ચિત્રદીપઃ)

યુક્તિની દૃષ્ટિએ માયા અનિર્વચનીય છે. નાસદાસીત્–આ શ્રુતિથી પણ તે જ સિદ્ધ થાય છે. જગત્–રૂપે પ્રતીત હોવાને કારણે માયા અસત્ નથી. વિદ્યાથી બાધિત હોવાને કારણે તે સત્ પણ નથી. સર્વદા નિવૃત્ત હોવાને કારણે, વિદ્યાની દૃષ્ટિએ તેનું રૂપ તુચ્છ સાંભળવામાં આવ્યું છે. લૌકિક દૃષ્ટિએ માયા વાસ્તવિક જેવી પ્રતીત થાય છે.

જે પદાર્થ અનિર્વચનીય સિદ્ધ થાય છે, તે મિથ્યા જ હોય છે–જેવી રીતે છીપમાં ચાંદી, રજ્જુમાં સર્પ, મરુભૂમિમાં જલ, સ્વપ્નસૃષ્ટિ વગેરે ભ્રાન્તિથી પ્રતીયમાન પદાર્થ અનિર્વચનીય હોવાને કારણે મિથ્યા જ માનવામાં આવ્યા છે. આરોપિત ચાંદી વગેરે છીપના તાનથી બાધિત થવાને કારણે સત્ હોઈ શકતાં નથી; ભ્રાન્તિ સમયે પ્રતીયમાન થવાને કારણે, સસલાના શિંગડાની પેઠે, અસત્ પણ હોઇ શકતાં નથી. અને પરસ્પર વિરોધ હોવાને કારણે સત્–અસત ઉભયરૂપ પણ હોઈ શકતાં નથી. માટે તે સત્ વગેરેથી વિલક્ષણ, અનિર્વચનીય જ માનવામાં આવે છે. 'અનિર્વચનીય' નો અર્થ જ છે-મિથ્યા. માટે પંચપાદિકાકાર પદ્મપાદાચાર્યજી કહે છે કે—'मिथ्याशब्दोऽ निर्वचनीयता-

वचनः। મિથ્યા શબ્દ અનિર્વચનીયતારૂપ અર્થનું જ પ્રતિપાદન કરે છે.

તેથી અદ્વૈતસિદ્ધિકાર આચાર્ય શ્રી મધુસૂદન સ્વામીએ મિથ્યા પદાર્થનાં પાંચ લક્ષણો આ પ્રકારે બતાવ્યાં છે—(૧) 'त्रिकालाबाध्यविलक्षणत्वे सति क्वचिदप्युपाधौ सत्त्वेन प्रतीयमानत्वं मिथ्यात्वम्। (२) प्रतिपन्नोपाधौ त्रैकालिकनिषेधप्रतियोगित्व वा मिथ्यात्वम्। (३)ज्ञाननिवर्त्यत्वं वा मिथ्यात्वम्।(४) स्वाश्रयनिष्ठात्यन्ताभावप्रतियोगित्वं वा मिथ्यात्वं,तच्च स्वात्यन्ताभावाधिकरण एव प्रतीयमानत्वम्। (५) सद्विविक्तत्वं वा मिथ्यात्वं,सत्त्वं च प्रमाणसिद्धत्वं च दोषासहकृतज्ञानकरणत्वम्।' (અદ્વૈતસિદ્ધિ) (૧) માયા તથા તેનું કાર્ય આ દ્વૈતપ્રપંચ ત્રિકાલાબાધ્ય બ્રહ્મથી વિલક્ષણ છે, અને બ્રહ્મરૂપ અધિષ્ઠાનમાં બ્રહ્મની સત્તા દ્વારા સત્ત્વથી પ્રતીયમાન છે. માટે તે મિથ્યા છે. શુક્તિરજત વગેરે આરોપિત પદાર્થોમાં પણ મિથ્યાત્વનું આ લક્ષણ ઘટે છે. (૨) પ્રતિપન્નોપાધિનો અર્થ છે—स्वप्रकारकधीविशेष्याभिन्नाधिकरण। સ્વપ્રકારકધી-નો અર્થ છે 'દ્વૈતપ્રપંચવાળું બ્રહ્મ' એવી જે ભ્રાન્ત લોકોની બુદ્ધિ, તેમાં વિશેષ્યરૂપે રહેનાર, બ્રહ્મરૂપ અધિકરણ (અધિષ્ઠાન), તેમાં છે नेह नानास्ति किञ्चन (બૃ૦ ૪, ૪, ૧૯) આ શ્રુતિથી બોધિત બ્રહ્મભિન્ન માયાનો અને તેના કાર્યરૂપ દ્વૈતપ્રપંચનો ત્રૈકાલિક નિષેધ ('नासीद्, अस्ति, भविष्यति'–ન હતું, નથી, નહિ હોય). તેનો પ્રતિયોગી છે માયા અને તેના કાર્યરૂપ દ્વૈતપ્રપંચ. તેમાં તેવું પ્રતિયોગિત્વરૂપ મિથ્યાત્વ છે. એવું મિથ્યાત્વ શુક્તિરજત વગેરે આરોપિત પદાર્થોમાં પણ છે. (૩) જ્ઞાનથી જે નિવર્ત્ય છે, તે મિથ્યા છે. માયા અને તેનું કાર્ય—દ્વૈતપ્રપંચ બ્રહ્મજ્ઞાનથી નિવૃત્તિ કરી શકાય તેવું છે—બાધ્ય છે. તથા આરોપિત રજત વગેરે પણ છીપ વગેરેના જ્ઞાનથી

નિવર્ત્ય છે. માટે તેવા નિવર્ત્યપણાનું નામ મિથ્યાત્વ છે. (૪) 'સ્વાશ્રયનિષ્ઠ'માં 'સ્વ' પદથી માયા અને તેનું કાર્યદ્વૈતપ્રપંચ લ્યો. તેનો આશ્રય (અધિકરણ) છે બ્રહ્મ. તેમાં શ્રુતિબોધિત અત્યંતાભાવ છે માયાનો તથા તેના કાર્ય–દ્વૈતપ્રપંચનો. તેનું પ્રતિયોગીપણું માયા અને તેના કાર્યરૂપ દ્વૈતપ્રપંચમાં છે. તે જ તેનું મિથ્યાત્વ છે. અને તે દ્વૈતપ્રપંચ પોતાના અત્યંતાભાવના અધિકરણમાં પ્રતીયમાન છે. જેવી રીતે છીપમાં વસ્તુતઃ ચાંદીનો અત્યંતાભાવ છે. અને રજ્જુમાં સર્પનો અત્યંતાભાવ છે. તેનાં છીપ, રજ્જુ વગેરે અધિકરણમાં જ ચાંદી તથા સર્પ પ્રતીયમાન થાય છે. તેવી રીતે બ્રહ્મમાં વસ્તુતઃ માયા અને તેના કાર્યરૂપ દ્વૈતપ્રપંચનો અત્યંતાભાવ છે. તેના અધિકરણ બ્રહ્મમાં જ માયાની અને તેના કાર્ય–દ્વૈતપ્રપંચની પ્રતીયમાનતા છે. (૫) પારમાર્થિક સદ્ વસ્તુ બ્રહ્મથી જે કંઈ પદાર્થ ભિન્ન હશે, તેને નિયમથી મિથ્યા જ માનવામાં આવશે. જે પ્રમાણથી સિદ્ધ થાય છે, તે જ પારમાર્થિક સદ્ વસ્તુ છે. અહીં પ્રમાણ તે જ લેવું જોઈએ કે જે દોષરહિત હોય તથા જ્ઞાનનું કારણ હોય. એવું પ્રમાણ એકમાત્ર શ્રુતિ છે. શ્રુતિ જ નિર્દોષ પ્રમાણ છે, અને તેના દ્વારા જ સદ્ બ્રહ્મનું જ્ઞાન થાય છે. શ્રુતિથી ભિન્ન, સર્વ પ્રત્યક્ષાદિ પ્રમાણો સદોષ છે; તેમનામાં અવિદ્યાદિ દોષો રહે છે. માટે તેમના દ્વારા પારમાર્થિક સદ્ બ્રહ્મનો બોધ થતો નથી.

આ રીતે બ્રહ્મ ભિન્ન માયા અને તેનું કાર્ય દ્વૈતપ્રપંચ અનિર્વચનીય છે. તેમાં મિથ્યાત્વનાં આ સઘળાં લક્ષણો ઘટે છે. તેથી અનિર્વચનીયત્વનું બીજું નામ જ મિથ્યાત્વ છે. જે પદાર્થ મિથ્યા હોય છે, તે પોતાના અધિષ્ઠાનમાં અવિદ્યા દ્વારા આરોપિત (કલ્પિત) જ હોય છે. જેવી રીતે રજ્જુના અજ્ઞાન દ્વારા તેમાં સર્પનો આરોપ થાય છે, તેવી રીતે બ્રહ્મમાં માયા દ્વારા દ્વૈત-પ્રપંચનો આરોપ થાય છે.

શંકા—બ્રહ્મમાં દ્વૈતપ્રપંચનો માયા દ્વારા આરોપ થાય છે, તો માયાનો બ્રહ્મમાં કોના દ્વારા આરોપ થશે? માયા દ્વારા બ્રહ્મમાં માયાનો આરોપ માનવાથી તો આત્માશ્રય દોષ આવે છે. માયાના આરોપ માટે બીજી માયા માનવાથી તો અન્યોન્યાશ્રયતા વગેરે અનેક દોષો આવી જાય છે. માટે માયાના આરોપનું દ્વાર કોણ છે, તે બતાવવું જોઈએ. દ્વાર ન બતાવવાથી અથવા દ્વાર ન હોવાથી માયાનો આરોપ કેવી રીતે બનશે? નહિ બને. માયાનો આરોપ ન માનતાં, તે બ્રહ્મની પેઠે વાસ્તવિક બની જાય છે.

સમાધાન—માયાનો આરોપ માયા દ્વારા જ થાય છે. માયા અનેક દોષોનો ખજાનો છે. તેથી તેમાં જો આત્માશ્રય દોષ આવી જાય, તો તે દૂષણ નથી પણ ભૂષણ જ મનાશે. જગત્‌માં સ્વ-પર-નિર્વાહક અનેક પદાર્થો જોવામાં આવે છે, જેમકે દીવો તે પોતાનો પ્રકાશ કરતો કરતો બીજાઓનો પણ પ્રકાશ કરે છે. પોતાના પ્રકાશ માટે તેને બીજા દીવાની અપેક્ષા રહેતી નથી. વળી જેવી રીતે 'શબ્દ' પણ એક શબ્દ છે. તે જગત્‌ના સમસ્ત પદાર્થોનું પ્રતિપાદન કરતો કરતો પોતાનું પણ શબ્દરૂપે પ્રતિપાદન કરે છે. તે પોતાના પ્રતિપાદન માટે બીજા શબ્દની અપેક્ષા રાખતો નથી. તેવી રીતે માયા પણ દ્વૈતપ્રપંચનો બ્રહ્મમાં આરોપ કરતી કરતી પોતાનો પણ આરોપ કરે છે. પોતાના આરોપમાં તે બીજી માયાની અપેક્ષા કરતી નથી. તેથી સંક્ષેપ શારીરકાચાર્ય શ્રી સર્વજ્ઞાત્મા મુનિ પણ જ્ઞાન, આત્મા તથા ભેદનાં ત્રણ દૃષ્ટાંતો દ્વારા માયામાં પણ સ્વ તથા પરના નિર્વાહકપણાનું સમર્થન કરતા કહે છે કે—

'संविद् धुरं वहति तद्विषयोपयुक्तां,
स्वात्मन्यपि स्वरसतः स्वकरूपसिद्धेः।

कार्य-प्रपञ्च-परिकल्पनमात्ममोहात्,
मोहप्रकल्पनमपीति तथोपपन्नम् ॥
आत्मा प्रसाधयति वेद्यपदार्थजातं,
स्वात्मानमप्यवगतिक्षमशक्तियोगात् ।
स्वाज्ञानमेवमिदमात्मपरप्रक्लृप्तौ,
शक्तं भवेदिति न किञ्चन दौस्थ्यमस्ति ॥
भेदं च भेद्यं च भिनत्ति भेदो, यथैव भेदान्तरमन्तरेण ।
मोहं च कार्यं च बिभर्ति मोहस्तथैव मोहान्तरमन्तरेण ॥

જેવી રીતે ઘટાદિનું જ્ઞાન ઘટાદિ વિષયની સિદ્ધિ માટે ઘટાદિ વિષયના પ્રકાશરૂપ કાર્ય કરતું કરતું સ્વરૂપની સિદ્ધિ માટે સ્વભાવથી પોતાનો પણ પ્રકાશ કરે છે, તેવી રીતે આત્માનું અજ્ઞાન (માયા) સ્વકાર્ય દ્વૈતપ્રપંચની કલ્પના કરતું કરતું પોતાની પણ કલ્પના કરે છે, તે યુક્તિસંગત છે; જેવી રીતે આત્મા (પ્રમાતા–જીવ) પ્રકાશ કરવામાં સમર્થ જ્ઞાનરૂપ શક્તિના બલથી વેદ્ય–ઘટાદિ પદાર્થસમુદાયને તથા પોતાને સિદ્ધ કરે છે; તેવી રીતે આ સાક્ષીસિદ્ધ અજ્ઞાન પણ સ્વકલ્પનામાં તથા સ્વકાર્ય–દ્વૈતપ્રપંચની કલ્પનામાં સમર્થ છે. એમ માનવામાં કશું પણ અનિષ્ટ–દૂષણ નથી. જેવી રીતે ભેદ (અન્યોન્યાભાવ) ઘટ–પટ–રૂપ ભેદ્યને (અનુયોગી–પ્રતિયોગીને) ભિન્ન કરતો કરતો, બીજા ભેદ વિના ઘટાદિ ભેદ્યથી પોતાને પણ ભિન્ન કરે છે, તેવી રીતે અજ્ઞાન પણ બીજા અજ્ઞાન વિના જ દ્વૈતપ્રપંચરૂપ કાર્યની તથા પોતાની (અજ્ઞાનની) પણ બ્રહ્મમાં કલ્પના કરે છે.

આ પ્રકારે માયા અનાદિ છે, અનિર્વચનીય છે, તથા અધિષ્ઠાનબ્રહ્મમાં દ્વૈતપ્રપંચની કલ્પનાનો હેતુ બનતી, પોતાની કલ્પનામાં પણ પોતે જ હેતુ બને છે. અને તે ભાવરૂપ છે.

નૈયાયિકો કહે છે કે-જેવી રીતે અંધકાર પ્રકાશનો અભાવ છે, અને સુખ દુઃખનો અભાવ છે, તેવી રીતે અજ્ઞાન પણ જ્ઞાનના અભાવરૂપ જ માનવું જોઈએ. પણ નૈયાયિકોનાં અંધકાર તથા સુખ–આ બે દૃષ્ટાંતો જ ભ્રાન્તિપૂર્ણ છે. જેવી રીતે પ્રકાશ તથા દુઃખ ભાવરૂપ છે, તેવી રીતે અંધકાર તથા સુખ પણ ભાવરૂપ જ છે. જો અંધકાર પ્રકાશનો અભાવ હોય, તો તેના દ્વારા કોઈ પણ પદાર્થનું આવરણ થવું જોઇએ નહિ, કારણકે અભાવ કશાનું પણ આવરણ કરતો નથી–એ પ્રમાણસિદ્ધ વાત છે. ઘટમાં પટાભાવ છે, અને બીજા પણ અસંખ્ય અભાવો બેઠા છે. શું તેઓ ઘટને આવૃત કરે છે ? નથી કરતા. જો આવૃત કરતા હોત, તો કોઈ પણ પ્રકારે કોઈ ને ક્યાંય પણ ઘટનું ભાન થવું જોઈએ નહિ. પણ એવું નથી બનતું. તેથી અભાવ આવરક બનતો નથી. અંધકાર ઘટ, પટ વગેરેને આવૃત કરે છે, તેથી તે પ્રકાશનો અભાવરૂપ કદાપિ નથી; પરંતુ પ્રકાશની પેઠે ભાવરૂપ જ છે. તે પ્રમાણે સુખ પણ દુઃખના અભાવરૂપ નથી બની શકતું, કારણકે જેવી રીતે પ્રાણી દુઃખથી રડવા લાગે છે, તેવી રીતે સુખથી હસવા લાગે છે. તેથી દુઃખની પેઠે સુખ પણ હાસ્યનો હેતુ હોવાથી ભાવરૂપ જ છે. તે પ્રમાણે અજ્ઞાન પણ આવરણનો હેતુ હોવાથી ભાવરૂપ જ છે, જ્ઞાનના અભાવરૂપ નહિ.

તેથી સર્વજ્ઞાત્મ મુનિ સંક્ષેપ શારીરકમાં કહે છે કે—

'नाभावताऽस्य घटते वरणात्मकत्वात्,
नाभावमावरकमाहुरभावशौण्डाः ।
अज्ञानमावरकमाह च वासुदेवः,
तद्भावरूपमिति तेन वयं प्रतीमः ॥
जाड्यं जगत्यनुगतं खलु भावरूपं,
मौढ्यं च पुंगतमिति प्रतिभाति तादृक् ।

जाड्यं च मौढ्यमिति चानुभवप्रसिद्ध-
मज्ञानमाहुरपवर्ग–पिधान–दक्षम् ॥'

અજ્ઞાન આવરણનો હેતુ છે. તેથી તેમાં અભાવરૂપતા કોઈ પણ પ્રકારે ઘટતી નથી. અભાવ કદી પણ આવરક હોતો નથી, એવું અભાવ–પદાર્થનું નિરૂપણ કરવામાં સમર્થ વૈશેષિકાદિ વિદ્વાનો પણ કહે છે. ભગવાન વાસુદેવ શ્રીકૃષ્ણ પણ ગીતામાં અજ્ઞાનને આવરક કહે છે.—अज्ञानेनावृतं ज्ञानं तेन मुह्यन्ति जन्तवः। (૫, ૧૫) અજ્ઞાનથી જ્ઞાન આવૃત થઈ ગયું છે, તેથી સર્વ પ્રાણીઓ મોહિત બની રહ્યાં છે. માટે અજ્ઞાન ભાવરૂપ જ છે, એવું અમે નિશ્ચયપૂર્વક જાણીએ છીએ. માટે તે અજ્ઞાનની જડતા ભાવરૂપ બનીને જ જગતના ઘટ, પટ વગેરે પદાર્થોમાં અનુગત થયેલી પ્રતિભાસિત થાય છે. અને તે અજ્ઞાનની મૂઢતા સર્વ પ્રાણીઓમાં અનુગત થયેલી, જડતાની પેઠે, ભાવરૂપે જ પ્રતિભાસિત થઈ રહી છે. માટે આ ઘટ, પટ વગેરે પદાર્થો જડ છે એવો, તથા આ સર્વે પ્રાણીઓ મૂઢ છે–વિવેકહીન છે, એવો વ્યવહાર થાય છે. આ પ્રકારે અનુભવસિદ્ધ જડતા તથા મૂઢતા—આ બે ધર્મોવાળું અજ્ઞાન ભાવરૂપ જ છે. તેથી તે મોક્ષસ્વરૂપ બ્રહ્મને છુપાવી દેવામાં નિપુણ બની બેઠું છે.

માયા શબ્દનો અર્થ છે–मा=निषेधं अधिष्ठानसाक्षात्कारे सति। या=याति प्राप्नोतीति माया। अथवा मा वस्तुतोऽविद्यमाना ऽपि विद्यमानवत् या=याति प्रतीतिविषयतामिति माया। અધિષ્ઠાનનો સાક્ષાત્કાર થતાં જેનો નિષેધ થઈ જાય છે, અર્થાત્ અધિષ્ઠાનના સાક્ષાત્કારના અભાવસમયમાં જ જેનું ભાન થાય છે, તે માયા છે. તથા જે વસ્તુતઃ વિદ્યમાન નથી, પણ વિદ્યમાન-ની પેઠે પ્રતીત થાય છે, તે માયા છે. માયાનો સ્થૂલ અર્થ છે આત્મવિસ્મૃતિ, અર્થાત્ ભૂલ. ભૂલ થવામાં કારણ શોધતાં બીજું

કશું પણ કારણ મળતુ નથી. તમે હાથમાં છત્રી લઈને શાક લેવા બજારમાં ગયા. શાક લઈને, છત્રી ત્યાં જ મૂકીને, પાછા ઘેર આવ્યા. તમારાં શ્રીમતીએ તરત પૂછ્યું કે, તમે શાક તો લઇ આવ્યા, પણ છત્રી ક્યાં મૂકી આવ્યા? તમને અત્યાર સુધી છત્રીની વિસ્મૃતિ થઈ હતી. શ્રીમતીના કહેવાથી તે વિસ્મૃતિ દૂર થઈ. તમે કહેવા લાગ્યા–છત્રી હું શાકવાળાની દુકાન પર ભૂલીને આવ્યો. શ્રીમતી ફરીથી જોરપૂર્વક પૂછવા લાગી કે–છત્રી કેમ ભૂલી આવ્યા? કહો, કારણ બતાવો. તમે તે વખતે ધૂંધવાઇને કહેશો કે-ભૂલી ગયો. કેમ ભૂલી ગયો, તે નથી કહી શકતો. ભૂલથી બીજું કોઈ કારણ કોઈ બતાવી શકતું નથી. ફરી પણ જો તે પૂછે કે–કેમ ભૂલી ગયા? તો તમે તરત જ જરાક નારાજ બનીને કહેવાના કે-ભૂલી ગયો, ભાઈ, ભૂલી ગયો. નકામું શું કરવા માથું ખાય છે? નકામો મને શું કરવા ગુસ્સે કરે છે? એમ બોલીને તમે છત્રી લેવા ચાલી નીકળશો. જ્યારે તમે એક સાધારણ ભૂલની બાબતમાં ભૂલ કેમ થઇ–તે બતાવી શકતા નથી, તેનું કારણ શું હતું તે કહી શકતા નથી, તો તે અસાધારણ અજ્ઞાનરૂપી મોટી ભૂલની બાબતમાં અજ્ઞાન સિવાય બીજું કોઈ પણ કારણ કોણ બતાવી શકશે? નહિ બતાવી શકે. ભૂલનું કારણ ખોળવામાં બુદ્ધિમત્તા નથી, પણ તેના નિવારણમાં બુદ્ધિમત્તા છે. ભૂલ થઈ ગઈ. શું થઈ શકે? હવે તેને પ્રયત્નપૂર્વક હઠાવો–તે જ બુદ્ધિમત્તા છે.

તમે સફેદ, સ્વચ્છ ધોતિયું પહેરીને બજારમાં કેટલીક દુકાનો પર ગયા. ત્યાં અજાણતાં તમારા ધોતિયા પર કાળો ડાઘો પડ્યો. ઘેર આવ્યા ત્યારે તેનો પત્તો લાગ્યો. હવે તમે તેનો પત્તો લગાવવા માટે બજારની તે દુકાનો પર ઘૂમતા ફરો છો અને પૂછો છો કે–આ ડાઘો ક્યાં લાગી ગયો? કેમ લાગી ગયો? તો તમને

કોઇ બુદ્ધિમાન કહેશે નહિ. ડાઘો લાગી ગયો તે હવે ન લાગ્યો નહિ બને. હવે તેને દૂર કરવા માટે પ્રયત્ન કરવો જોઈએ. ત્યારે જ પ્રયત્નની સફલતા છે. તેનું કારણ શોધવાનો પ્રયત્ન કરવો વ્યર્થ છે. તેવી રીતે અજ્ઞાન સર્વને અનુભવસિદ્ધ છે. તે આવરણ-શક્તિ દ્વારા મોહ તથા વિક્ષેપશક્તિ દ્વારા શોકનો હેતુ બને છે. તે અંતરાત્મામાં કેમ આવ્યું ? ક્યારથી આવ્યું ? તેને સમજવા માટે પ્રયત્ન કરવો તે વ્યર્થ છે. તે અનર્થકારી અજ્ઞાનને હઠાવવા માટે પ્રયત્ન કરવો, ત જ બુદ્ધિમત્તા છે, અને પ્રયત્નની સફલતા છે.

વિસ્મૃતિ સ્વાભાવિક છે. તે મિથ્યા જ્ઞાનને પણ ઉત્પન્ન કરી દે છે. તે વિષયમાં એક પ્રત્યક્ષ ઘટના આ પ્રકારે બની હતી. દિલ્હીથી કેટલીક પંજાબી બેનો ગંગાસ્નાન માટે હરદ્વાર આવી હતી. આપણા કનખલ–સુરતગિરિ બંગલા–આશ્રમમાં બે માસ રહી હતી. તેમાંની એક વૃદ્ધ સ્ત્રી–જે વિધવા હતી, તેની પાસે ૫૪૦ રૂપીઆની નોટો છુપાવીને રાખેલી હતી. આશ્રમનો નિયમ છે કે કોઈ પણ યાત્રી વધારે જોખમ પોતાની પાસે રાખે નહિ. આશ્રમના પ્રબંધક શ્રી કોઠારીજી મહારાજની પાસે જમા કરાવે, અને જતી વખતે અથવા ખર્ચ માટે રકમ પાછી લઈ લે. ચોરી વગેરેના ડરને કારણે એવો નિયમ કરવામાં આવ્યો હતો. પણ તે સ્ત્રીએ જુઠું જ કહી નાંખ્યું કે–મારી પાસે કંઇ નથી. બે માસ પછી તે ત્યાંથી મોટર મારફતે દિલ્હી તરફ જવા ઉપડી. મોટર મેરઠ પહોંચી, અને તેને પોતાની નોટોની વિસ્મૃતિ થઈ ગઈ–જો કે તે તેણે પોતાનાં કપડાંમાં જ સંતાડી હતી. તેણે માન્યું કે–મારી નોટો મારી પાસે નથી. હું કનખલ આશ્રમની ઝુંપડીમાં ભૂલી આવી છું. તેવું વિપરીત જ્ઞાન (ભ્રાન્તિ) તેને વિસ્મૃતિને લઈને થયું. તે મોટરમાં રોવા લાગી. સાથેની

સ્ત્રીઓને કહેવા લાગી-મારી આટલી નોટો આશ્રમમાં રહી ગઈ. હાય! કોઈ નોકર વગેરે લઈ લેશે. પંજાબમાં પાકિસ્તાન થયું, ત્યારે બહુ જ સાવધાનીથી તેને હું છુપાવીને લાવી હતી. મારું તે સર્વસ્વ હતું. હું લુંટાઇ ગઈ, મરી ગઈ. તેવું બોલતી, આંસુ પાડતી, તે મોટરમાં જ બેહોશ થઈ ગઇ. સાથેની સ્ત્રીઓએ તેને ખૂબ સમજાવી, ધીરજ આપી, અને તે બાબતનો એક તાર આશ્રમમાં કર્યો. આશ્રમમાં તપાસ કરી, પણ નોટોનો પત્તો લાગ્યો નહિ. અહીં કોઠારીજી મહારાજ પણ બહુ ગરમ થયા. કહેવા લાગ્યા કે-તેવી સ્ત્રીઓને કદી આશ્રમમાં રહેવા દેવી જોઈએ નહિ. તે રડતી રડતી દિલ્હી પહોંચી આખી રાત શોકસંતપ્ત હોવાને કારણે તેને ઊંઘ આવી નહિ. 'હાય, હાય' કરતી પડી રહી. સવારે તેને સ્નાનાદિક કરવા માટે સાથેની સ્ત્રીઓએ સમજાવ્યું. જ્યારે તે સ્નાન કરવા માટે કપડાં કાઢવા લાગી, ત્યારે તેને પોતાના અંદરના લેંઘામાં સંતાડેલી નોટોનો પત્તો લાગ્યો. તેની વિસ્મૃતિ દૂર થઈ. હવે રોવાને બદલે નોટો મળવાના આનંદથી તે ખૂબ હસવા લાગી. નોટો મળ્યાનો તાર તથા સમગ્ર ઘટનાનો પત્ર તેણે ફરી આશ્રમમાં મોકલ્યાં.

આ પ્રકારે આ મૂઢ પ્રાણીઓને પણ પોતાના પૂર્ણ, શુદ્ધ સ્વરૂપની વિસ્મૃતિ સ્વભાવથી જ થઈ ગઈ છે. વિસ્મૃતિ દ્વારા અનેક મિથ્યાજ્ઞાન પણ ઉત્પન્ન થયાં છે. તે અનેકવિધ અનર્થોનાં કારણ છે. માયા આ વિસ્મૃતિરૂપ જ છે.

પ્રશ્ન—માયા અંધકાર જેવી છે. જેવી રીતે પ્રચંડ પ્રકાશ-સ્વરૂપ સૂર્યમાં અંધકાર રહી શકતો નથી, તેવી રીતે સ્વયંપ્રકાશ પ્રત્યક્-અભિન્ન બ્રહ્મમાં માયા કેવી રીતે રહી શકે છે?

ઉત્તર—જો કે સૂર્યમાં વસ્તુતઃ અંધકાર રહી શકતો નથી, પણ અંધકારનો આરોપ તો થઈ શકે છે, જેવી રીતે દિવાન્ધ

ઘુવડ સૂર્યમાં અવિદ્યમાન અંધકારને જુવે છે, તેવી રીતે મૂઢ પ્રાણી સ્વયંપ્રકાશ આત્મામાં-બ્રહ્મમાં અવિદ્યમાન માયાનો અનુભવ કરે છે. વસ્તુતઃ પ્રકાશ બે પ્રકારનો છે-એક પ્રૌઢ અને બીજો સામાન્ય. પ્રૌઢ પ્રકાશમાં અંધકાર રહી શકતો નથી, પણ સામાન્ય પ્રકાશમાં અંધકાર રહી શકે છે. જો સામાન્ય પ્રકાશ ન હોત, તો અંધકારના અસ્તિત્વનું ભાન જ કોઈને ન હોત. તમે આંખો બંધ કરીને કહો છો કે-कृष्णं तमः पश्यामि। હું કાળો અંધકાર જોઉં છું. તે કાળા અંધકારને તમે શેની દ્વારા જુવો છો? અંધકાર દ્વારા તો અંધકાર દેખી શકાય નહિ. પરિશેષથી તમારે કોઈ પ્રકાશ માનવો પડશે, જેની દ્વારા તમે અંધકાર જોઈ શકો છો. તે પ્રકાશ સામાન્ય છે, તે અંધકારનો ભાસક છે, અને તેથી જ તે અંધકારનો વિરોધી નથી. અંધકારનો વિરોધી તો પ્રૌઢ પ્રકાશ છે. પ્રૌઢ પ્રકાશ આવતાં અંધકાર રહેતો નથી. તેવી રીતે સામાન્ય બ્રહ્મચૈતન્ય અજ્ઞાનનું સાધક છે-ભાસક છે. 'હું અજ્ઞાની છું' એવો અજ્ઞાનનો અનુભવ તમે કોઈ જ્ઞાનદ્વારા જ કરો છો. કોઈ પણ પ્રકારનો, કોઈ જ્ઞાનપ્રકાશ ન હોય, તો જડ અજ્ઞાનનું ભાન કેવી રીતે અને કોને થાય? માટે સામાન્ય-જ્ઞાન-સ્વરૂપ બ્રહ્મમાં અજ્ઞાન કલ્પિતરૂપે રહી શકે છે, તેમાં કોઈ પણ પ્રકારનો વિવાદ તથા વિરોધ નથી.

બ્રહ્મ વિદ્યાદ્વારા નિવર્ત્ય હોવાને કારણે તે માયા પારમાર્થિક સદ્ વસ્તુ નથી, પણ આરોપિત-મિથ્યા વસ્તુ જ છે. તેથી જ અમારાં વેદાદિ શાસ્ત્રોમાં મિથ્યા-નિવર્ત્ય અર્થમાં જ માયા શબ્દનો ખૂબ પ્રયોગ જોવામાં આવે છે. ×मायिनो दानवस्य माया अपा-

× ઇન્દ્રના વજ્રે માયાવી દાનવની માયાઓનો વિનાશ કર્યો. માયાવી અસુરોની માયાઓનો સારી રીતે નાશ કર્યો. અગ્નિદેવ આવ્યા,

दयत्। (ऋ. २, ११, १०) मायिनाममिनाःप्रोत मायाः (ऋ. १, ३२, ४) निर्माया उ त्ये असुरा अभवन् (ऋ. १०, १२४, ५) इन्द्रो मायाभिः पुरुरूप ईयते (ऋ. ६, ४७, १८) भूयश्चान्ते विश्वमायानिवृत्तिः (શ્વે. ઉ. ૧, ૧૦) माया ह्येषा मया सृष्टा यन्मां पश्यसि नारद (મહા ૧૨, ૩૯, ૪૫), ज्वालामालि सुदर्शनं, तेन मायासहस्रं तच्छाम्बरस्याशुगामिना ... सूदितम् (વિષ્ણુ પુ. ૧, ૧૯, ૨૦) ઈત્યાદિ અનેક શાસ્ત્રીય વચનો 'માયા બાધ્ય જ છે, અબાધ્ય નથી' એવું સ્પષ્ટ નિરૂપણ કરે છે. માટે પારમાર્થિક, વિચિત્ર શક્તિનું નામ માયા છે–એવું દ્વૈતવાદી આચાર્યોનું કહેવું સર્વથા ભ્રાન્તિપૂર્ણ છે; કારણ કે બાધ્ય પદાર્થ વિચિત્ર શક્તિવાળો હોવા છતાં પણ મિથ્યા જ હોય છે, અબાધ્ય પારમાર્થિક હોઈ શકતો નથી. તેથી માયા તે છે કે જે ભ્રમનું ઉપાદાન કારણ છે, જેના દ્વારા અનેક ભ્રમોનું સર્જન થાય છે. માટે તે જ્ઞાનદ્વારા બાધ્ય અજ્ઞાનરૂપ માનવામાં આવી છે.

વિપ્ર સુદામા ભગવાનના લંગોટિયા મિત્ર હતા. તે બન્ને સાંદીપનિ ઋષિના ગુરુકુળમાં એક સાથે જ ગુરુ પાસે અધ્યયન કરતા હતા. પરંતુ એકનું ભાગ્ય રાજાધિરાજ બનવાનું હતું, અને

ત્યારે અસુરોની સર્વ માયા બળી ગઈ. તેથી તેઓ માયારહિત થઈ ગયા. ઇન્દ્ર પરમાત્મા માયાઓ દ્વારા જ, એક હોવા છતાં પણ, અનેક રૂપે પ્રતીત થવા લાગે છે. દેહના વિનાશ પછી સમસ્ત માયાની નિવૃત્તિ થાય છે, અર્થાત્ પ્રારબ્ધ કર્મથી લેશ માયા રહી જાય છે, તેની પણ અંતે નિવૃત્તિ થઇ જાય છે. હે નારદ! જે સાકાર વિગ્રહમાં (દેહમાં) તું મને જોઈ રહ્યો છે, તે વિગ્રહ મારી માયા દ્વારા સૃષ્ટ છે; તેથી તે પારમાર્થિક તથી, પણ માયિક છે. ભગવાને પોતાના પ્રચંડ જ્વાળાઓની માયાવાળા, શીઘ્રગામી, સુદર્શન ચક્રથી શંબરાસુરની હજારો માયાઓનો વિનાશ કર્યો.

બીજાનું ભાગ્ય દરિદ્ર બનવાનું. દરિદ્રતા લક્ષ્મીદેવીની મોટીબ્હેન છે. તેથી મોટી બેનનું પાણિગ્રહણ સુદામાની સાથે થયું, અને નાની બેનનું-લક્ષ્મીરૂપ રૂક્મિણીજીનું પાણિગ્રહણ ભગવાન શ્રી કૃષ્ણની સાથે થયું. તેથી તે બંને કેવલ સહાધ્યાયી મિત્રો જ ન હતા, પણ સંબંધીરૂપ સાઢુ પણ હતા. દરિદ્ર હોવા છતાં પણ સુદામા વિષયોની સ્પૃહાથી રહિત, શાંતચિત્ત, જિતેન્દ્રિય તથા બ્રહ્મજ્ઞાની ભગવદ્ભક્ત હતા. એક દિવસ ગરીબાઈના દુઃખથી સદા સંતપ્ત રહેનારી, સુદામાની પત્નીએ સુદામાજીને કહ્યું-બ્રહ્મન્! આપના મિત્ર તો સાક્ષાત્ લક્ષ્મીપતિ ભગવાન શ્રી કૃષ્ણ છે. તે ખૂબ દયાલુ, બ્રાહ્મણભક્ત તથા શરણાગત-વત્સલ છે. આપ તેમની પાસે જાઓ. તે આપને ખૂબ ધન આપશે, તથા આપના દારિદ્ર્ય-દુઃખનું નિવારણ કરશે. આ પ્રકારે જ્યારે સ્ત્રીએ નમ્રતાપૂર્વક અનેકવાર પ્રાર્થના કરી, ત્યારે સુદામાએ વિચાર્યું કે-સૌથી મોટો લાભ તો આનંદકંદ, સર્વસમર્થ પ્રભુ, ભગવાન શ્રી કૃષ્ણના દર્શનનો થશે. એમ વિચારી તેમણે દ્વારકાપુરી જવાનો નિશ્ચય કર્યો, અને સ્ત્રીને કહ્યું કે-ભગવાનને માટે કંઈક ભેટ-સામગ્રી હોવી જોઈએ; કારણકે શાસ્ત્રમાં કહ્યું છે કે-**રિક્તહસ્તો ન ગચ્છેત રાજાનં દેવતાં ગુરુમ્।** રાજા, દેવતા તથા ગુરુની પાસે ખાલી હાથે જવું જોઈએ નહિ. કંઈક ને કંઈક ભેટ હાથમાં લઈને જ જવું જોઈએ. ભગવાન શ્રી કૃષ્ણ તો એકી સાથે અમારા રાજા છે, દેવ છે, તથા જગદ્ગુરુ છે. ત્યારે પત્નીએ પડોસી પાસેથી ચાર મૂઠી તાંદૂલ માગીને તેને એક જૂના ફાટેલા વસ્ત્રમાં બાંધીને પોતાના પતિને ભેટ માટે આપ્યા.

સુદામા ભેટ લઈને દ્વારકાપુરીમાં ભગવાનના મહેલમાં ગયા. પોતાની પ્રિયાની શય્યામાં બિરાજતા ભગવાન શ્રીહરિ પોતાના મિત્ર સુદામાને જોઈને એકદમ ખડા થઈ ગયા, અને

આગળ ચાલીને બહુ હર્ષપૂર્વક તેમને બંને ભુજાઓ વીંટાળીને ગળે બાઝી પડ્યા. મોટાભાઇની પેઠે તેમનું ખૂબ સ્વાગત કર્યું, સત્કાર કર્યો. તે સમયે ભગવાન સુદામાની સાથે બાલ્યકાળની—ગુરુકુળમાં રહેલા તે સમયની વાતો કરવા લાગ્યા. પ્રિય સખા સુદામાની તરફ પ્રેમદૃષ્ટિથી નિહાળતાં ભગવાને ચીંથરામાં બાંધેલા તાંદૂલ જોયા. 'આ શું છે?' એમ કહીને પોતે જાતે જ તે ખેંચી લીધા, અને ખૂબ આદરપૂર્વક 'આ તાંદૂલ મને બહુ ભાવે છે' એમ કહીને ખાવા લાગ્યા. તેના બદલામાં ભગવાને ગુપ્તરૂપે સુદામાને ખૂબ ધનસંપત્તિ તથા ઐશ્વર્ય આપ્યાં. ભગવાન શ્રી અચ્યુતના ભવનમાં કેટલાક દિવસ રહીને પછી આજ્ઞા મેળવીને, સુદામા ભગવદ્-દર્શનથી આનંદિત બનીને પોતાના ઘર તરફ ચાલ્યા. ચાલતાં ચાલતાં સુદામા વિચાર કરવા લાગ્યા—

'क्वाऽहं दरिद्रः पापीयान्, क्व कृष्णः श्रीनिकेतनः।
ब्रह्मबन्धुरिति स्माहं बाहुभ्यां परिरम्भितः॥
अधनोऽयं धनं प्राप्य माद्यन्नुच्चैर्न मां स्मरेत्।
इति कारुणिको नूनं धनं मे भूरि नाददात्॥'

(શ્રીમદ્ ભાગ૦ ૧૦,૮૧,૧૬–૨૦)

ક્યાં હું મહાપાપી, દરિદ્ર બ્રાહ્મણ અને ક્યાં લક્ષ્મીપતિ, ભગવાન શ્રીકૃષ્ણ? છતાં 'આ બ્રાહ્મણ છે,' એમ જાણીને તેમણે મને હાથ વીંટાળીને ગળે લગાવી લીધો. છતાં તે કરુણાસિંધુએ મને થોડુંઘણું પણ ધન ન આપ્યું, તે એમ સમજીને કે—આ નિર્ધન છે, તે ધન મળતાં ઉન્મત્ત થઈ જશે, અને તેથી મારું સ્મરણ નહિ કરે.

એવો વિચાર કરતા કરતા તથા ભગવત્સ્મરણ કરતા કરતા જ્યારે સુદામા પોતાના ઘરની પાસે પહોંચ્યા, ત્યારે ત્યાં તેમણે પોતાની તૂટી-ફૂટી ઝુંપડીની જગ્યાએ એક ખૂબ મોટું ભવન

જોયું. સુદામા પૂછવા લાગ્યા કે-આ કોનું ભવન છે? મારી ઝુંપડી ક્યાં ગઈ? તે સમયે તેમનાં પત્ની તેમનું આગમન સાંભળીને ભવનમાંથી રાણીની પેઠે વિવિધ વસ્ત્રાલંકારોથી વિભૂષિત થઈને પતિનું સ્વાગત કરવા માટે બહાર દોડી આવ્યાં. ભગવાને ગુપ્તરૂપે આપેલી ધનસંપત્તિ જોઈ ને, ભગવાનની દયાલુતાનો તથા ઉદારતાનો વિચાર કરતા સુદામા ભગવાનમાં અત્યંત પ્રેમ-વિભોર બની ગયા, અને અનાસક્તિભાવથી સંપત્તિપૂર્ણ તે ભવનમાં રહેવા લાગ્યા—

કોઈ એક વખત ભગવાન શ્રીકૃષ્ણ પોતાના પ્રિય સખા સુદામાજીને મળવા માટે તથા તેમની દશા જોવા માટે તેમને ત્યાં આવ્યા. પોતાને ત્યાં ભગવાનનું દર્શન થવાથી સુદામા ખૂબ પ્રસન્ન થયા. સુદામા ભક્ત તથા જ્ઞાની તો હતા જ. તેથી તે ભગવાનની સાથે કોઈ પણ પ્રકારની લૌકિક વાતો ન કરતાં બ્રહ્મ-ચર્ચા જ કરવા લાગ્યા. બ્રહ્મચર્ચાની સાથે બ્રહ્મના આશ્રયે રહેનારી તથા બ્રહ્મને જ વિષય કરનારી માયાની પણ ચર્ચા થવા લાગી. સુદામાએ પૂછયું-ભગવન્! આપની આ માયા શું છે? ભગવાને કહ્યું-જે વસ્તુતઃ અવિદ્યમાન હોવા છતાં પણ વિદ્યમાન જેવી ભાસે, અનેક પ્રકારના વિભ્રમોને ખડા કરી દે, તે જ મારી માયા છે. સુદામા બોલ્યા-જે પદાર્થ અવિદ્યમાન છે, તે કેવી રીતે દેખી શકાય? વંધ્યાપુત્ર અવિદ્યમાન છે, તેથી તેને કોઈ દેખી શકતું નથી. આ પ્રકારે અવિદ્યમાન માયા પણ અનેક વિભ્રમો રૂપે દેખી શકાવી ન જોઈએ. ભગવાન કહ્યું- તે માયા વંધ્યાપુત્ર—જે ખોટો છે, અત્યંત તુચ્છ છે, તેના કરતાં પણ વિલક્ષણ છે, અને તેથી દેખી શકાય છે. જેવી રીતે જાદુગર પોતાની જાદુવિદ્યા વડે અવિદ્યમાન પદાર્થોને સાચા પદાર્થોની પેઠે બતાવે છે, તેવી રીતે હું માયાવી પરમેશ્વર માયા દ્વારા અવિદ્યમાન દ્વૈત પ્રપંચને દેખાડું છું.

સુદામાએ નમ્રતાથી કહ્યું-ભગવાન્! આ વાત કંઈ સમજમાં નથી આવતી કે અવિદ્યમાન પદાર્થોને સાચા હોય તેમ બતાડનારી માયા પણ અવિદ્યમાન જ છે; તેમાં એવી તે કયી વિચિત્ર શક્તિ છે કે જેથી પોતે અવિદ્યમાન હોવા છતાં પણ વિદ્યમાન જેવી બની જાય અને પોતાના દ્વૈત પ્રપંચને પણ વિદ્યમાન જેવો બતાવે? એ વાત સ્પષ્ટ પ્રમાણપૂર્વક સમજાવવાની કૃપા કરો. ભગવાને કહ્યું-માયાને સમજવા માટે શું હું શાસ્ત્ર પ્રમાણ આપું કે પ્રત્યક્ષ પ્રમાણ? સુદામાએ કહ્યું-પ્રભો! શાસ્ત્રપ્રમાણો તો મેં ઘણાં સાંભળ્યાં છે. માટે પ્રત્યક્ષ પ્રમાણ આપશો તો સારૂં થશે." ભગવાને કહ્યું-ઠીક, કોઈક વાર આપીશ. પણ અત્યારે તો પાસેની નદીમાં ચાલો સ્નાન કરવા જઈએ. અને મારી ઈચ્છા છે કે મારી આ ભાભી (સુદામાની પત્ની તરફ અંગુલિનિર્દેશ કરીને) ને હાથે બનાવેલી ગરમાગરમ રોટલી આજ મારે ખાવી છે. માટે આપણે સ્નાન કરીને આવીએ તેટલામાં તે તૈયાર રાખે. પત્નીની અનુમતિ પ્રાપ્ત કરીને તે બંને સ્નાન કરવા નદી તટે ગયા. ભગવાને તરત જ પ્રથમ સ્નાન કરી લીધું. કિનારે ઊભા રહીને તે રેશમી પીતાંબર પહેરવા લાગ્યા. પછી તેમણે સુદામાને કહ્યું-જોઈ શું રહ્યા છો? જલ્દી સ્નાન કરી લ્યો. મને ભૂખ લાગી છે. સુદામાએ જ્યારે સ્નાન માટે નદીમાં ડૂબકી મારી, તે વખતે ભગવાને સુદામાને પ્રત્યક્ષ રૂપે માયા બતાવવાનો સંકલ્પ કરી લીધો. સુદામા સ્વપ્નની પેઠે જુવે છે કે-નદીમાં ખૂબ જોરથી પૂર આવી ગયું છે. તેમાં તણાઈ રહ્યા છે. હું કોણ છું, ક્યાંનો છું-તે સઘળું તે ભૂલી ગયા. વહેતા વહેતા તે ખૂબ દૂર નીકળી ગયા. ઘણી મુશ્કેલીએ તે એક કિનારે પહોંચ્યા. સામે તેમને એક સુંદર સુશોભિત નગર નજરે પડ્યું. ત્યાંથી સ્નાન માટે આવતાં હજારો સ્ત્રી-પુરુષ તેમણે જોયાં. તેમાં ત્યાંના રાજાની એક નવયુવતી

કુમારી પણ આવી. સુદામાએ તેને જોઈ. ભગવાનની માયાએ સુદામાને પણ એક સુંદર નવયુવક બનાવી દીધા હતા. રાજકુમારી સુદામાને પોતાની સાથે મહેલમાં લઈ ગઈ. પિતા–મહારાજની સંમતિથી તેણે તેમની સાથે લગ્ન કર્યું. હવે સુદામા તે માયાવતી નગરીમાં પોતાની પત્ની રાજકુમારીની સાથે આનંદપૂર્વક રહેવા લાગ્યા. સમય થતાં તેમને પુત્રો પણ થયા. ત્યાં રહેતાં સુદામાને ૩૫ વર્ષ વીતી ગયાં. એટલા અરસામાં તેમને છ પુત્રો અને એક પુત્રી ઉત્પન્ન થયાં. તે પણ જુવાન થતાં વિવાહિત બન્યાં. પુત્રોને ત્યાં પણ પુત્રો થવા લાગ્યા. સુખચેનના દિવસો પસાર થયા, તે તેમને ખબર પણ ન પડી. અકસ્માત્ સુદામાની પત્ની માંદી પડી. બહુ ઉપચારો કરવા છતાં તે બચી શકી નહિ. તેનું દેહાવસાન થયું. સુદામા છાતી કૂટવા લાગ્યા તથા રુદન કરવા લાગ્યા. જેવી રીતે પહેલાં આપણા ભારતમાં નિયમ હતો કે–પતિ મરી જાય ત્યારે પત્ની તેની પાછળ સતી થાય, તેવી રીત તે માયાવતી નગરીમાં તેનાથી ઊલટો એવો નિયમ હતો કે–પત્ની મરી જાય ત્યારે પતિએ અવશ્ય સતા થવું પડે. ત્યાં પત્ની મરી જાય, એટલે પતિનું દર્શન અશુભ મનાતું હતું. તેથી તેની અનિચ્છા હોવા છતાં, તેને પત્નીની ચિતામાં નાંખીને બાળી મૂકવામાં આવતો. તે નિયમ રડતા સુદામાને લોકોએ કહી સંભળાવ્યો, અને કહ્યું કે–હવે પત્ની માટે શું કામ રડો છો? અમે તમને તેની ચિતામાં બાળીને, તેની સાથે જ મોકલી દઈશું. હવે સુદામાની આંખો ખુલી ગઈ. પહેલાં તે પત્ની ખાતર રડતા હતા, હવે તે બહુ જોરથી પોતાને માટે રડવા લાગ્યા. હાથ જોડીને તે ત્યાંના લોકોને કહેવા લાગ્યા–હું પરદેશી છું. મારા ઉપર તમારા દેશનો નિયમ લાગુ કરવો જોઈએ નહિ. હું હમણાં મરવા માગતો નથી. હું તમારા દેશમાં

પણ નહિ રહું. ક્યાંક ચાલ્યો જઈશ. તમે મને બાળી મૂકશો નહિ. લોકોએ કહ્યું-આપ પરદેશી છો, તેમાં સંદેહ નથી. પણ તમારું લગ્ન આ દેશની કુમારી સાથે થયું હતું, તેથી તમને આ દેશનો કાનૂન લાગુ પડશે. તમારે પત્નીની ચિતામાં બળી મરવું જ પડશે. સુદામા બહુ ગભરાયા. તે લોકોને વિનયપૂર્વક ખૂબ સમજાવવા લાગ્યા. પણ બધાએ એકી અવાજે કહ્યું-આપ કોઈ પણ પ્રકારે જીવતા રહી શકશો નહિ. પત્ની પાછળ સતા બનવું જ પડશે. સુદામા પોતાના યુવાનપુત્રો તરફ બહુ દયામણી નજરે જોવા લાગ્યા, પણ પુત્રોએ પણ કહ્યું-પિતાજી આપે દેશના નિયમનું પાલન કરવું જ જોઈએ. છતાં પણ જ્યારે સુદામા આનાકાની કરવા લાગ્યા તથા ભાગી જવા માટે ઉદ્યત થયા, ત્યારે લોકોએ જબરદસ્તીથી રોતા, બૂમો પાડતા સુદામાને પત્નીની નનામી સાથે બાંધી દીધા અને શ્મશાનમાં લઈ ગયા.

સુદામાને હવે કેટલાંયે વર્ષો પછી સંકટને સમયે ભગવાનની સ્મૃતિ થઈ. આ સંકટમાંથી બચવા માટે તે મનમાં ભગવાનને પ્રાર્થના કરવા લાગ્યા-હે પ્રભો, હે દીનબન્ધો, કૃપા કરીને સુદર્શન ચક્ર લઇ ને ઝટ આવો. ગજરાજને બચાવ્યો હતો, તેમ આ દુષ્ટ ગ્રાહોથી-મગરોથી મને બચાવો. હું હમણાં મરવા માગતો નથી. આ લોકો મને બળજબરીથી મારી નાંખવા માગે છે-અગ્નિમાં મૂકવા માગે છે. હે કૃપાસાગર, અહીં આવીને જલ્દી મારી રક્ષા કરો. આ પ્રમાણે બહુ પ્રાર્થના કર્યા છતાં પણ જ્યારે ભગવાન ન આવ્યા, ત્યારે સુદામાએ વિચાર્યું-હવે મારે અગ્નિમાં બળીને મરવું જ પડશે. પણ અગ્નિમાં બળીને મરતાં બહુ કષ્ટ થશે. તેની અપેક્ષાએ તો જલમાં ડૂબીને મરવું વધારે સારૂં રહેશે, અગ્નિની બળતરા કરતાં જલની શીતલતા ઓછું કષ્ટ આપશે. એમ વિચારીને તેમણે લોકોને કહ્યું-હું મરવા તૈયાર છું. પણ હું

બ્રાહ્મણ છું. મરતા પહેલાં આ પાસેની નદીમાં સ્નાન કરીને, શુદ્ધ થઈને, સ્વસ્થ મનથી હું મારા ઇષ્ટદેવનું ચિંતન કરવા માગું છું. તેને માટે મને છુટ્ટી મળવી જોઇએ. લોકોએ કહ્યું–બહુ સારી વાત છે. આપ સ્નાન વગેરે કરી શકો છો. પણ તે એક બહાનું કાઢીને ક્યાંક ભાગી ન જાય, તેવા વિચારથી તેમણે સુદામાની પાછળ કેટલાક દંડાવાળા યુવકોને મૂકયા. હવે સુદામા રક્ષકદલની સાથે નદીતટ પર ગયા. નદીમાં જઇને, નાક બંધ કરીને, પ્રાણ ત્યજી દેવાના ઉદ્દેશથી, તેમણે જલમાં ડૂબકી મારી પણ પ્રાણ ત્યજવા તે કંઇ સાધારણ વાત નથી, બહુ કઠિન કાર્ય છે. જલમાં પ્રાણ ગભરાવવા લાગ્યો, વ્યથિત થવા લાગ્યો. સુદામાથી રહેવાયું નહિ. એટલે તેમણે પાણી બહાર માથું કાઢ્યું, તો તટ પર દંડાવાળા યુવકોને બદલે ભગવાન, આનંદકંદ, શ્યામસુંદર, શ્રીકૃષ્ણને પીતાંબર પહેરતા તથા મંદ મંદ સ્મિત કરતા કરતા જોયા. ભયભીત, અતિવ્યથિત સુદામાને ભગવાનના દર્શનથી કંઈક આશ્વાસન મળ્યું. સુદામા શ્રીકૃષ્ણને ભયથી ગદ્ગદ બનેલી વાણીથી પૂછવા લાગ્યા–ભગવન્, આપ અહીં ક્યારથી ઊભા છો? પેલા દંડાવાળા ક્યાં ગયા? ભગવાન આશ્ચર્ય પ્રગટ કરતાં બોલ્યા–અરે, તમે શું બોલી રહ્યા છો? તમારું ભેજું ઠેકાણે છે કે નહિ? હમણાં તો આ આપણે અહીં આવ્યા હતા. પાણીમાંથી જલદી બહાર નીકળો. મને બહુ ભૂખ લાગી છે, જલ્દી ઘેર જઈએ. કંપતા કંપતા સુદામા પાણીમાંથી બહાર નીકળ્યા. આમ તેમ જોવા લાગ્યા કે પેલા દંડાવાળા તેમને પકડવા માટે ખડા તો નથી! ભગવાને સુદામાનો હાથ પકડી લીધો અને કહ્યું–તમે આટલા બધા કેમ ગભરાઈ ગયા છો? કાંપી રહ્યા છો? શી વાત છે? સુદામા ભગવાનને પોતાને વીતેલી સર્વ વાત આશ્ચર્યપૂર્વક કહેવા લાગ્યા–પ્રભો, મેં આ શું જોયું? તે સઘળું સાચું દૃશ્ય હતું. પણ અત્યારે તેમાંનું કશું જ જોવામાં આવતું નથી.

૩૫ વર્ષના લાંબા ગાળામાં મેં આવા આવા અનુભવો કર્યા. મારી પત્ની સુંદર રાજકુમારી હતી. કેટલાય સુંદર પુત્રો હતા. આમ હતું, આમ થઈ ગયું. લોકો મને ચિતામાં બાળી મૂકવા સ્મશાનમાં લઈ આવ્યા હતા.

હસતાં હસતાં ભગવાન બોલ્યા–તે બધી મારી માયા હતી. તે અઘટ–ઘટના–પટીયસી છે, અસંભવને સંભવ કરીને બતાવનારી છે. તેણે આ મિથ્યા દૃશ્યને સત્ય જેવું ખરું કરી દીધું હતું. એક ક્ષણમાં ૩૫ વર્ષના લાંબા સમયનું મિથ્યા ભાન કરાવી દીધું હતું. તે સઘળું વાસ્તવમાં કંઈ જ ન હતું. પરંતુ તારે તે અવિદ્યમાન દૃશ્યથી કેટલું સુખદુ:ખ ભોગવવું પડ્યું ? આત્મવિસ્મૃતિ કરાવીને, અવિદ્યમાન દૃશ્ય દેખાડીને, અનેક પ્રકારના વિક્ષેપોને સરજવા–તે જ માયાનો સ્વભાવ છે. તારી પ્રાર્થના અનુસાર મેં માયાના સ્વભાવની બાબતમાં આ પ્રત્યક્ષ પ્રમાણ આપ્યું. આ પ્રકારે ભગવાનની પ્રત્યક્ષ માયા દેખીને આશ્ચર્યમુગ્ધ થતા સુદામા ભગવાનની સાથે ઘેર પહોચ્યા. ત્યાં પોતાની પત્નીને રોટલી બનાવતી જોઈને સુદામા કહેવા લાગ્યા–અરે ! શું તું ૩૫ વર્ષ સુધી રોટલી જ બનાવતી રહી છે ? સુદામાએ પત્ની આગળ પણ માયાની પ્રત્યક્ષ ઘટનાનું સવિસ્તર વર્ણન કર્યું.

શ્રી ભગવાનના આ અદ્‌ભુત ચરિત્રથી પણ માયાનું તે જ લક્ષણ નિશ્ચિત થાય છે કે–જે વસ્તુત: અવિદ્યમાન હોવા છતાં પણ અનેક મિથ્યા ભ્રમોનું સર્જન કરે છે, જેનો અધિષ્ઠાનના જ્ઞાનથી બાધ થઈ જાય છે, તે માયા છે.

છતાં તે માયા દુરત્યય છે, તેનું અતિક્રમણ કરવું બહુ કઠિન છે. તેના ફંદામાંથી છૂટવું તે સાધારણ વાત નથી. બ્રહ્મસાક્ષાત્કાર વિના બીજા ઉપાયોથી તેનું અતિક્રમણ–અર્થાત્ બાધ થતો નથી. જેવી રીતે પ્રકાશથી જ અંધકારનો વિનાશ થાય છે, પ્રકાશ

વિના બીજો ઉપાય અંધકારનું નિવારણ કરી શકતો નથી, તે પ્રકારે માયા પણ બ્રહ્મવિજ્ઞાનથી જ નિવૃત્ત થાય છે. માટે ભગવાન અર્જુનને ઉક્ત માયાના અતિક્રમણનો તે જ ઉપાય બતાવે છે– मामेव ये प्रपद्यन्ते मायामेतां तरन्ति ते। અર્થાત્ જે મારા મહાન અધિષ્ઠાન સ્વરૂપનો સાક્ષાત્કાર કરે છે, તે જ માયાનું અતિક્રમણ કરી શકે છે. 'मामेव' આ પદમાં રહેલો 'एव' કાર બીજા જ્ઞેય-પદાર્થનો નિષેધ કરતો, અદ્વિતીય પરમાત્માના જ્ઞાનનું જ પ્રદર્શન કરે છે. અર્થાત્ હું પરમાત્મા સ્વગત વગેરે સમસ્ત ભેદોથી રહિત છું! નિરુપાધિક છું, તથા નિત્ય શુદ્ધ, બુદ્ધ, મુક્ત, પ્રત્યગ્–અભિન્ન, આનંદાબ્ધિ, બ્રહ્મચૈતન્ય છું. એવા મને જે प्रपद्यन्ते–અર્થાત્ જાણે છે, સાક્ષાત્કાર કરે છે, તેઓ જ આ ત્રિગુણાત્મિકા, સમસ્ત અનર્થોના કારણરૂપ માયાનું અતિક્રમણ કરે છે, અર્થાત્ જ્ઞાન દ્વારા માયાનો વિનાશ કરે છે. सर्वं ज्ञानप्लवेनैव वृजिनं संतरिष्यसि (૪,૩૬)–જ્ઞાનરૂપ નૌકા દ્વારા તું સમસ્ત પાપોને ભલી પ્રકારે તરી જઈશ; यदा ते मोहकलिलं बुद्धिर्व्यतितरिष्यति। (૨,૫૨)–જ્યારે તારી બુદ્ધિ મોહરૂપી કલણને–ચીકણા કાદવને સંપૂર્ણપણે તરી જશે–આ શ્લોકોમાં 'तरति' ધાતુનો 'નાશરૂપ તાત્પર્ય'ના અર્થમાં જ પ્રયોગ જોવામાં આવે છે. જો કે જ્ઞાનમાં નૌકાનો આરોપ કર્યો છે, તેથી પાપમાં સમુદ્રનો આરોપ માનીને તરણ (તરવું તે) પ્રદર્શિત કરવામાં આવ્યું છે, છતાં પાપોનો સંબંધ હૃદયમાં છે, અને તેમાં જ જ્ઞાન પ્રગટ થાય છે, માટે જ્ઞાનદ્વારા પાપોના નાશમાં જ પૂર્વોક્ત શ્લોકનું તાત્પર્ય નિશ્ચિત થાય છે. આ પ્રકારે મોહકલિલ પણ બુદ્ધિમાં જ છે, વિવેક જ્ઞાન દ્વારા જ્યારે તેનો નાશ થઈ જાય છે, ત્યારે જ બુદ્ધિ શુદ્ધ થાય છે. માટે તે શ્લોકમાં પણ મોહકલિલનો વિનાશ જ વ્યતિતરણ છે, એવું નિશ્ચિત તાત્પર્ય જણાય છે.

માટે જ सर्वं पाप्मानं तरति (બૃ. ઉ. ૪,૪,૨૩) तरति ब्रह्महत्याम् (શતપથ.), तरति शोकमात्मवित् (છાં. ઉ. ૭,૧,૩) ઇત્યાદિ શ્રુતિઓનાં વચનોમાં 'तरति'નો અર્થ 'नाशयति' જ માન્યો ગયો છે. ત્યાં નાશ-અર્થ વિના બીજો અર્થ ઉપયુક્ત નથી. ઉપપન્ન નથી. અને विश्वमायानिवृत्तिः (શ્વે, ૧,૧૦), ज्ञानेन तु तदज्ञानं येषां नाशितमात्मनः (ગીતા ૫,૧૬) ઇત્યાદિ શ્રુતિસ્મૃતિનાં વચનોમાં જ્ઞાન દ્વારા માયારૂપ અજ્ઞાનનો વિનાશ જ સ્પષ્ટ સંભળાવવામાં આવ્યો છે.

માટે 'प्रपद्यन्ते'માં જ્ઞાન જ પ્રપત્તિ સમજવી જોઈએ. કારણ કે જ્ઞાન વિના માયારૂપ અજ્ઞાનનો વિનાશ થઈ શકતો નથી. 'पद्' ધાતુનો અર્થ ગતિ છે. અને 'ગતિ'ના જ્ઞાન, ગમન અને પ્રાપ્તિ-આ ત્રણ અર્થ પ્રસિદ્ધ છે. માટે પ્રકૃતમાં ગતિ-અર્થવાળા 'पद्' ધાતુનો 'જ્ઞાન' અર્થ થઈ શકે છે. અને જ્ઞાન જ અવિદ્યારૂપ માયાનું નિવર્તક છે. માટે 'प्रपद्यन्ते'નો 'જાણવું અથવા સાક્ષાત્કાર કરવો' અર્થ પ્રમાણિક તથા યુક્તિયુક્ત છે. અને તે જ્ઞાન છે અખંડ, અનવચ્છિન્ન, બ્રહ્માકાર ચિત્તવૃત્તિ, જેનો વેદાંતનાં વચનોના એકાગ્ર વિચારથી જ પ્રાદુર્ભાવ થાય છે, જે સમસ્ત સુકૃતોના ફલરૂપ છે; નિદિધ્યાસનનો પરિપાક થતાં જ જેનો લાભ થાય છે; વિદ્વાન લોકો જેને નિર્વિકલ્પ સાક્ષાત્કારરૂપ કહે છે, તથા જેના દ્વારા અજ્ઞાન અને તેનાં કાર્ય મોહ, શોક વગેરેનો વિનાશ થાય છે, તે ચિત્તવૃત્તિ દ્વારા મારો-ચિત્સુખઘન, અખંડ, અદ્વય આત્માનો અનુભવ કરવો, તે જ પ્રપત્તિ છે. આ પ્રકારના અનુભવ દ્વારા જ દુરતિક્રમણીય માયાનું અનાયાસે જ અતિક્રમણ થાય છે.

માટે તે સદાત્મા પરબ્રહ્મ જ એક માત્ર વિજ્ઞેય છે. માટે तमेव धीरो विज्ञाय प्रज्ञां कुर्वीत ब्राह्मणः (બૃ. ૪,૪,૨૧)

અકૃતિકૃત પ્રજ્ઞાવાળો બ્રાહ્મણ તેને જ જાણીને તેમાં જ પ્રજ્ઞાને તન્મય બનાવે; तदात्मानमेवावेत् (બૃ. ૧,૪,૧૦)–તેણે પોતાના આત્માને જાણ્યો; आत्मेत्येवोपासीत (બૃ. ૧,૪,૭)–તે પરબ્રહ્મ મારો આત્મા જ છે–અભિન્ન સ્વરૂપ જ છે, એવો દૃઢ નિશ્ચય કરીને તેની જ ઉપાસના કરે; तमेव विदित्वाऽतिमृत्युमेति (શુ. યજુ. ૩૧, ૧૮)–તેને જ જાણીને અવિદ્યારૂપ મૃત્યુનું અતિક્રમણ થાય છે–ઈત્યાદિ શ્રુતિવચનો દ્વારા પણ 'તેજ એકમાત્ર જાણવા યોગ્ય છે, અન્ય નહિ' એવો નિશ્ચય થાય છે. માટે શ્રુતિમૂલક, સ્મૃતિરૂપ ગીતામાં પણ ભગવાને કેવલ 'मां' ન કહેતાં 'मामेव' એવું કહ્યું છે. તેથી શ્રુતિ અને સ્મૃતિની એકવાક્યતા સિદ્ધ થાય છે.

પ્રશ્ન–ત્યારે તો 'प्रपद्यन्ते' ને બદલે 'प्रपश्यन्ति' કહેવું જોઈતું હતું. પરંતુ ભગવાને 'प्रपश्यन्ति' ન કહેતાં 'प्रपद्यन्ते' કહ્યું છે, તેનું શું તાત્પર્ય ?

ઉત્તર–ધાતુના અર્થ અનુસાર સાધનદશામાં 'प्रपद्यन्ते' નો અર્થ છે मदेकशरणाः सन्तो मामेव वासुदेवमनवरतं चिन्तयन्ति –એકમાત્ર મારી જ શરણમાં રહેતા, મારું–વાસુદેવ પરમાત્માનું નિરંતર ચિંતન કરે છે. તેઓ મારી કૃપાદ્વારા જ્ઞાન પ્રાપ્ત કરી શકે છે. અને જ્યારે જ્ઞાનની સિદ્ધિ થાય છે, ત્યારે તેઓ મારો અપરોક્ષ અનુભવ કરીને માયાનું અતિક્રમણ કરીને મુક્ત બને છે. માટે ભગવાને 'प्रपश्यन्ति' ન કહેતાં 'प्रपद्यन्ते' કહ્યું છે. એમ કહેવાથી સાધન અને ફલ–બંનેનું ગ્રહણ થાય છે, અને 'प्रपश्यन्ति' કહેવાથી તો કેવળ ફળનું જ ગ્રહણ થાય છે, સાધનનું નહિ. અને સાધન વિના ફળનો લાભ કોઈ પણ પ્રકારે થતો નથી. માટે સાધનપૂર્વક ફલલાભ બતાવવા માટે તાત્પર્યને લક્ષ્યમાં રાખીને જ સર્વજ્ઞ ભગવાને 'प्रपद्यन्ते' એમ કહ્યું છે. માટે 'પ્રપત્તિ'નો અર્થ સાધનદશામાં 'શરણાગતિ' સમજવો જોઈએ, અને સિદ્ધિની દશામાં 'સાક્ષાત્કાર' અર્થ એમ બંને સમજવા જોઈએ.

(૧૫)

'न मां दुष्कृतिनो मूढाः, प्रपद्यन्ते नराधमाः ।
माययाऽपहृतज्ञाना:, आसुरं भावमाश्रिताः ॥'
(ગી. ૭,૧૫)

માયા દ્વારા જેમનું વિવેકજ્ઞાન હરાઈ ગયું છે, તથા જેઓ હમેશાં આસુરી સ્વભાવને ધારણ કરીને રહે છે, તેવા મૂઢ તથા મનુષ્યોમાં નીચ લોકો મારી શરણમાં આવતા નથી, તથા મારૂં ભજન કરતા નથી.

આનંદનિધિ, સચ્ચિદાનંદ, ભગવાન શ્રી કૃષ્ણ અર્જુનને કહે છે કે-હે અર્જુન, મારી શરણમાં કયા લોકો નથી આવતા? સર્વહિતકારી, સુખપૂર્ણ પરમાત્માથી-મારાથી કયા માણસો સદા વિમુખ રહે છે? અને કોને હું અદ્વય, શુદ્ધ, સુખસાગર ભગવાન સારો લાગતો નથી? જે લોકો માયાના મિથ્યા ફંદામાં ફસીને પોતાનું વિવેકજ્ઞાન ખોઇ બેઠા છે, તેઓ મારી શરણમાં આવતા નથી. તેઓ જ કલ્પવૃક્ષની સુખદ છાયા છોડીને રણની તપેલી રેતીમાં રહેવા માંગે છે. માયા મોટી રાક્ષસી છે તેણે જીવોને અનાદિ કાળથી, ઊલટી પટ્ટી પઢાવી રાખી છે. તેથી તેણે જીવોના ગળામાં અનેક પ્રકારના અનર્થકારી, અહું-મમભાવ વગેરે દોષો દૃઢ રજ્જુની પેઠે બાંધી રાખ્યા છે. તેથી તૈત્તિરીય શ્રુતિમાં કહ્યું છે કે-यत्ते देवो निर्ऋतिराबबन्ध दाम ग्रीवास्वविचर्त्यम्। इदं ते तद् द्विष्यामि।

કોઈક ઋષિ કહે છે કે-હે પરમેશ્વર, આ જે તારા-દેવના આશ્રયમાં રહેનારી દેવી માયા છે, તે નિર્ઋતિ છે-અર્થાત્ રાક્ષસી છે. તેણે અસંખ્ય જીવોના ગળામાં મોહ, મમતા વગેરે દોષોની અવિચલ-મજબૂત રસ્સી બાંધી રાખી છે. તેનાથી તે જીવો અનેક

પ્રકારનાં કષ્ટોને ભોગવતા રહે છે. પરંતુ હું તારી કૃપા દ્વારા વિવેકજ્ઞાન પ્રાપ્ત કરીને તે માયાનાં બંધનોનો દ્વેષ કરી રહ્યો છું। અને તેમનાથી છૂટવા માંગું છું.

માયા બડી ઠગણી છે. તે જીવોને અનેક પ્રકારનાં મોહક રૂપો દેખાડીને પોતાના વાસ્તવિક કલ્યાણથી હટાવીને, પાપદુઃખોના ભયંકર ખાડામાં જબરદસ્તીથી ધકેલી રહી છે. માટે જ, ચાર પ્રકારના ઉત્કટ, દુષ્ટ સ્વભાવોનું વર્ણન કરતાં ઋગ્વેદ કહે છે કે-

'चतुष्कपर्दा युवतिः सुपेशा, घृतप्रतीका वयुनानि वस्ते।
तस्यां सुपर्णा वृषणा निषेदतुर्यत्र देवा दधिरे भागधेयम्॥'
(ઋ. ૧૦,૧૪,૨)

એ માયા સદા સુંદર તરુણી જ બની રહે છે. તે કદી ઘરડી થતી નથી. તેના ફંદમાં ફસાનાર જીવો તે માયાને ભોગવતા ભોગવતા ઘરડા થઈ જાય છે, પરંતુ તેમને ફસાવનારી માયા કદાપિ ઘરડી થતી નથી. પણ સદા જુવાન-અલમસ્ત જ બની રહે છે. અને તે પોતાની પ્રબળ તાકાતથી જીવોને પોતાના ફંદમાં જકડીને રાખે છે. તેઓ તેનાથી છૂટવા માગે, તો પણ તે તેમને છૂટવા દેતી નથી. એવી તે બળવાન યુવતી છે. તે તેનો એક કપર્દ છે, અર્થાત્ ઉત્કટ દુષ્ટ સ્વભાવ છે. તેનો બીજો ઉત્કટ સ્વભાવ છે સુપેશા, અર્થાત્ અત્યંત નિપુણતા. તેથી તેને વિદ્વાન લોકો 'અઘટિતઘટના પટીયસી' કહે છે, અસંભવિત કાર્યને પણ તે સંભવિત કરી બતાવવામાં અત્યંત પ્રવીણ છે. જે આત્મા અજન્મા તથા અમર છે, તેને તે જન્મવાવાળો તથા મરવાવાળો બનાવી દે છે. જે મહાન વિભુ છે, તેને તે નાનો શીકડો-સાડા ત્રણ હાથવાળો-ખાખનું પૂતળું બનાવી દે છે-દીન, હીન બનાવી દે છે. જે મિથ્યા જગત્ છે, તેને તે સાચું હોય તેવું સમજાવી દે છે. તેથી કહ્યું છે કે-यथा स्वप्नमुहूर्ते स्यात् संवत्सरशतभ्रमः।

તથા માયાવિલાસોઽયં જાયતે જાગ્રતિ ભ્રમઃ ॥ જેવી રીતે સ્વપ્નના એક ક્ષણમાં સેંકડો વર્ષોની ભ્રાન્તિ થઈ જાય છે, તેવી રીતે જાગ્રત્ દશામાં માયાના વિલાસરૂપ આ મિથ્યા ભ્રમ-સંસાર સત્ય જેવો પ્રતીત થાય છે. આ પ્રકારે આ માયા અસંભવને પણ સંભવ કરી દેખાડવામાં અત્યંત કુશળ છે. વળી તે માયા 'ઘૃતપ્રતીકા' છે અર્થાત્ માયાનું પ્રતીક, અર્થાત્ તેનો આરંભ-આદિમ ભાગ ઘી સમાન મધુર પ્રતીત થાય છે, પરંતુ તેનું પરિણામ (અંતિમ ભાગ) વિષ પેઠે અત્યંત કષ્ટદાયી બની જાય છે. તેથી વિવેકહીન, મૂઢ લોકો તેની શરૂઆતની લોભાવનારી મધુરતાથી-જે એક રતિ જેટલી અતિઅલ્પ છે તેનાથી આકૃષ્ટ બનીને તેમાં ફસાઈ જાય છે, અને પરિણામે અનેક પ્રકારના, સેંકડો મણ-અતિ અધિક શોકસંતાપ ભોગવતા રહે છે. તે આ માયાનો ત્રીજો ઉત્કટ સ્વભાવ છે. વળી તે માયાએ પોતાના વિવિધ ભ્રમોદ્વારા જીવોનાં વયુનોને અર્થાત્ વિવેકજ્ઞાનોને આચ્છાદિત કરી રાખ્યાં છે. તેથી તે જીવો મૂઢ જેવા, આંધળા જેવા બની રહે છે. આ પ્રકારે જીવોના વિવેક-જ્ઞાનને ચોરીને તેમને અંધ બનાવી દેવા-એ માયાના દુષ્ટ સ્વભાવનો ચોથો ઉત્કર્ષ છે. તે પ્રકારની માયામાં સુપર્ણ અર્થાત્ પારમાર્થિક, પૂર્ણ, બ્રહ્મસ્વરૂપવાળા, પોતાને ભૂલેલા જીવો અનાદિ કાળથી બેઠા છે; જેના વડે તેઓ સ્વકૃત શુભાશુભ કર્મોનાં વિવિધ સુખ તથા દુઃખરૂપી ફલોની સદા પોતાને માટે વર્ષા કરતા રહે છે-ભોગ ભોગવતા રહે છે, અને જેના આશ્રયમાં રહેલા દેવો અર્થાત્ ચક્ષુરાદિ ઈન્દ્રિયો પોતપોતાના મોહક તથા આકર્ષક રૂપાદિ વિષયોના પ્રકાશનું સામર્થ્ય પ્રાપ્ત કરતા રહે છે; જેમના વડે તે જીવો પોતાના પૂર્ણ બ્રહ્મસ્વરૂપથી સદા વિમુખ જ બન્યા રહે છે; તેને બરાબર જાણતા નથી.

એવી માયા બ્રહ્માથી માંડીને કીડી પર્યંત બધાં ઉચ્ચનીચ

પ્રાણીઓમાં બેઠી છે. માટે જ મહાત્મા તુલસીદાસે માયાનું સ્થૂલ સ્વરૂપ આ પ્રકારે બતાવ્યું છે કે—

'मैं अरु मोर तोर यह माया, जाके वश यह जोवनिक या।'

હું અર્થાત્ અહં–જે શરીર વગેરે ઇદં–પદાર્થ અનાત્મા છે, તેમને અહંરૂપે સમજાવે, તથા જે પદાર્થો મારા નથી, જેમનો વિયોગ થવો અવશ્યભાવી છે–તેવા સ્ત્રી, પુત્ર, ધન વગેરેમાં મમભાવ દૃઢરૂપે બંધાવી દે; જ્યારે મારાપણું આવે છે, ત્યારે તેની સાથે સાથે તારાપણું પણ આવી જાય છે. આ હું, આ મારું, અને આ તું, આ તારું–એવા ભાવો આ પ્રાણીઓમાં અનાદિ કાળથી ભરેલા છે-તે જ માયા છે, જેના વશમાં જીવોનો સમુદાય આવી પડયો છે.

'सो मायावश परयोउ गुंसाई।
बँध्यो कीर-मर्कटकी नांईं।'

તે જીવ તે પ્રકારે માયાના વશમાં પડયો છે, જેવી રીતે પોપટ તથા વાંદરો ભ્રાન્તિવશ વિપરીત સમજીને દુઃખ પામે છે, તેમ.

વાંદરાં પકડનાર શિકારી લોકો જંગલમાં જઈને એક નાનો ખાડો ખોદે છે. તેમાં નાના મુખવાળા તથા મોટા પેટવાળા એક હાંલ્લામાં બોર વગેરે ફળ ખૂબ ભરીને ભલે પ્રકારે દાટી દે છે. અને તેઓ પાસેના વૃક્ષ પર છુપાઈને બેસી જાય છે. જ્યારે જંગલનો વાનર ત્યાં આવે છે અને તે હાંલ્લામાંનાં ફળ જુવે છે, ત્યારે તેમને લેવા માટે લોભવશ બનીને એકી સાથે પોતાના બંને હાથ તે હાંલ્લામાં નાંખે છે, અને બંને હાથમાં ફળ પકડીને મૂઠી વાળી દે છે. પહેલાં તો બંને હાથ ખાલી હોવાથી ગાગરમાં ગયા હતા, પણ પાછળથી ફળથી ભરેલી મૂઠીઓ મોટી બની

જવાને કારણે હાથ તેમાંથી નીકળતા નથી. તેમને બહાર કાઢવા તે બહુ જોર કરે છે; પરંતુ અંદર ફસેલા હાથ કોઈ પણ પ્રકારે બહાર નીકળતા નથી. વાંદરાનો એક અજબ સ્વભાવ હોય છે કે-તેને મૂઠી વાળતાં આવડે છે, પણ મૂઠીમાંનાં ફળ જ્યાં સુધી મુખમાં ન મૂકે ત્યાંસુધી મૂઠી ખોલતાં તેને આવડતું નથી. તેને તે વખતે પોતાની મૂર્ખતાને લઈને ભ્રાન્તિ થાય છે કે-આ હાંલ્લામાં કોઈ ભુત-પ્રેત હશે. તેણે મારા બંને હાથ જોરથી પકડી રાખ્યા છે. જો કે તેના હાથને તેમાં પકડનારું બીજું કોઈ નથી, છતાં મૂઠી ન છોડવાને કારણે તેને તેવો ભ્રમ થઈ જાય છે. પછી ભ્રમવશ તે ચીસો પાડવા લાગે છે. તે એવું સમજે છે કે-હવે તે ભૂત મને છોડવાનું નથી. આ પ્રકારે તે વાંદરાભાઈ પોતાની ગિરફતારીમાં પોતે જ કારણ બને છે, પણ તેની કારણતા બીજામાં સમજે છે. આ માયાવિમોહિત જીવની પણ બરાબર તેવી જ દશા થાય છે. આ સંસાર પણ એક પ્રકારનું ગોળમટોળ હાંલ્લું જ છે. તેમાં અસંખ્ય જડચેતન પદાર્થો ભરેલા પડયા છે. તેમનામાં આ જીવ અહંભાવ તથા મમભાવની બે મૂઠીઓ બાંધી લે છે. જ્યાં સુધી તે અહં-મમ-ભાવનો ત્યાગ કરતો નથી, ત્યાં સુધી તેના સંતાપોની નિવૃત્તિ કોઈપણ ઉપાયથી થતી નથી. અહં-મમ-ભાવ જ વિવિધ સંતાપોનું કારણ છે. સંતાપોની નિવૃત્તિ ચાહતો છતાં આ જીવ પોતાની મૂઢતાને કારણે સંતાપ-હેતુને-અહંમમ-ભાવને છોડતો નથી. તેથી જેને સંતાપોની નિવૃત્તિની ઈચ્છા હોય, તેણે સંતાપોનું કારણ-અહંમમભાવને વિવેકવૈરાગ્ય દ્વારા છોડવો જ જોઈએ. કારણકે કારણની નિવૃત્તિ થયા વિના કાર્યની નિવૃત્તિ કદાપિ થતી નથી. માટે શ્રીમદ્ ભાગવતના માહાત્મ્યમાં ગોકર્ણે પોતાના પિતાને સંતાપનિવારણ માટે આ જ ઉપદેશ આપ્યો હતો કે—

'देहेऽस्थिमांसरुधिरेऽभिमतिं त्यज त्वं,
जायासुतादिषु सदा ममतां विमुञ्च।
पश्यानिशं जगदिदं क्षणभङ्गनिष्ठं,
वैराग्यरागरसिको भव भक्तिनिष्ठः॥'
(અ. ૪, શ્લો. ૭૯)

હે પિતાજી, આપ આ હાડકાં, માંસ તથા રુધિરના ઘૃણિત સંઘાતરૂપી શરીરમાં અંહભાવનું અભિમાન છોડી દો. તથા સ્ત્રી, પુત્ર, ધન વગેરેમાં મમ–ભાવનો પરિત્યાગ કરી દો. અર્થાત્ नाहं देहो न मे देहः (આ દેહ હું નથી, તથા તે મારો પણ નથી); અને नाह कस्यचित् न मे किञ्चित् (હું કોઈનો નથી, તથા મારું કોઈ નથી)–એવો દૃઢ નિશ્ચય રાખીને અસંગ થઈ જાઓ. આ જગત્‌ને અહર્નિશ ક્ષણભંગુર જુવો, અને એકમાત્ર વૈરાગ્યરૂપ શાન્તરસના જ રસિક બનીને સર્વદા ભગવદ્‌ભક્તિપરાયણ બની જાઓ.

વાંદરાની પેઠે આ જીવ પણ પોતાના સંતાપના કારણરૂપ પોતાના જ મિથ્યાભાવોને ન સમજતાં, અન્યને જ કારણ માની લે છે. તે કહે છે કે–મને અમુક અન્ય કારણથી શોક થયો, સંતાપ થયો, પરંતુ વાસ્તવિક કારણને જાણતો નથી. તે તેની વિપરીત ભ્રાન્તિ છે. સંતાપોનું કારણ મિથ્યા અહં–મમ–ભાવ જ છે. જ્યારે તે તેમનો ત્યાગ કરી દે છે, ત્યારે તેને સકલ સંતાપોની નિવૃત્તિરૂપ, પરમ શાન્તિની પ્રાપ્તિ થાય છે. તેથી કોઈ વિવેકી વિદ્વાન મહાત્માએ કહ્યું છે કે—

'यस्मिन् वस्तुनि ममता मम तापस्तत्र तत्रैव।
यत्रैवाहमुदासे परममुदाऽऽसे स्वभावसन्तुष्टः॥'

જે જે સ્ત્રી, પુત્ર, ધન વગેરે વસ્તુમાં મારી મમતા છે, તેને કારણે તે તે વસ્તુને માટે મને સંતાપ થતો રહે છે. જ્યારે

હું વિવેકવૈરાગ્યદ્વારા તેનાથી ઉદાસીન થઈ જાઉં છું.-અર્થાત્ મમતાનો પરિત્યાગ કરી દઉં છું, ત્યારે હું સ્વભાવથી જ સંતુષ્ટ બનીને પરમ આનંદનો અનુભવ કરૂં છું.-અર્થાત્ મમતા દૂર થતાં જ મારા સકલ સંતાપો પણ દૂર થઈ જાય છે. મમતા રહે છે, તો જ સંતાપ રહે છે. મમતા નથી રહેતી, તો સંતાપ પણ રહેતો નથી. હૃદયમાં જ્યારે સંતાપ રહેતો નથી, ત્યારે સ્વાભાવિક પ્રસન્નતા પ્રગટ થાય છે. આ વાત લૌકિક વ્યવહારમાં પણ જોવામાં આવે છે.

કોઈ ગોપાલદાસ ન.મની વ્યક્તિએ બે લાખ રૂપિયા ખરચીને એક સુંદર મકાન બનાવ્યું છે. તેના પ્રવેશદ્વારમાં તેણે પોતાના નામથી અંકિત 'ગોપાલ ભવન'નું સાઈન બોર્ડ પણ મોટામોટા અક્ષરોથી બનાવી રાખ્યું છે. તે ભવનની એક એક ઈંટમાં તો શું-પણ એક એક કણમાં તેની મમતા વ્યાપી ગયેલી છે. તેથી તેનું મન 'મારું મકાન, મારું ભવન' એમ રાત દિવસ રટયા કરે છે. જો કોઈ તે ભવનની ઈંટ ઉખેડે છે, તો તેને બહુ સંતાપ થાય છે. મમતાવશ તે મોટેથી બૂમ પાડી ઉઠે છે કે-કોણ છે એવો, જે મારા ભવનની ઈંટ ઉખેડે છે? હું તેને માટીમાં મિલાવી દઈશ. તે જ વ્યક્તિ જ્યારે કોઈ કારણવશ તે મકાનને વેચી દે છે, ખરીદનાર પાસેથી રૂપિયા લઈ લે છે, ત્યારે તે મકાનમાં ભરાઈ રહેલી તેની સમગ્ર મમતા તે રૂપિઆમાં આવી જાય છે. મકાનની મમતા નાશ પામે છે. કોઈ કારણને લઈને જ્યારે તે મકાનમાં ખૂબ જોરથી આગ લાગી જાય છે, ત્યારે તેના બધા ઓરડા ભડભડ બળતા જોઈને પણ તેને થોડાક પણ સંતાપ થતો નથી, ઊલટો તેને સંતોષનો અનુભવ થાય છે. તે પોતાના મિત્રોને કહે છે કે-બહુ સારું થયું કે મેં મકાન વેચી નાંખ્યું. નહિ તો મને રા લાખનું નુકસાન થાત. હું બહુ દુઃખી થઈ

જાત. હવે આ મકાનની દુર્દશાથી તે જ દુઃખી બનશે કે જેણે તેને ખરીદ્યું છે, તેમાં મમતા બાંધી છે. હવે તે વ્યક્તિની મમતા મકાનમાંથી ખસી જઈને રૂપીઆમાં અથવા નોટોના બડલોમાં થઈ ગઈ છે. જો તેમાંથી કોઈ રૂપીઆ કે નોટ ચોરી લે, તો તેને ખૂબ દુઃખ થાય છે. જ્યારે તે નોટો બેન્કમાં મૂકી આવે છે, અને પછી બેન્કમાંથી તે જ નોટો કે રૂપીઆ લઈ જાય, તો તેને સંતાપ થતો નથી, કારણકે તે સમજે છે કે બેન્કના નોટોની ચોરી થઈ છે—મારા નોટોની નહિ. તેથી એવો નિશ્ચય થાય છે કે મમતા જ દુઃખનું કારણ છે.

તમે રોજ સમાચાર પત્ર વાંચો છો. તેમાં તૂટવા-ફૂટવાના, ચોરી-લૂંટના, મરવાના વગેરે સમાચાર આવ્યા જ કરે છે. છતાં તમે તે અનિષ્ટ સમાચારોથી દુઃખી થતા નથી. પણ આપ સંતોષનો શ્વાસ લેતાં કહો છો કે—આટલી લાંબી-પહોળી દુનિયા છે. તેમાં કેટલીયે ચીજો તૂટતી-ફૂટતી રહે જ છે. ચોરી લૂંટ પણ થતી રહે છે. જીવનારા સમય આવતાં મરી પણ જાય છે. તેમાં આપણે શું? ઘોડો મરી ગયો, મોટર તૂટી ગઈ, છોકરો મરી ગયો, લુંટારા ધન લુંટી ગયા—આ વાતોને સાંભળીને તમને કંઈ પણ દુઃખ થતું નથી. પણ જો તે વાતોની સાથે 'મારું' પદ જોડી દેવામાં આવે, તો તરત જ સંતાપનો અનુભવ થાય છે. હાય! મારો ઘોડો કેમ મરી ગયો? મારી મોટર કેમ તૂટી ગઈ? મારો છોકરો કેમ મરી ગયો? લુંટારા મારું ધન કેમ લઈ ગયા?—આમ વિચારતો તે માણસ રડવા લાગે છે. માટે મારાપણું જ દુઃખ દે છે, પદાર્થ દુઃખ નથી દેતો. એજ માયાનું સ્વરૂપ છે. બહારના સ્ત્રી, પુત્ર, ધન વગેરે પદાર્થોમાં મારાપણું ત્યારે જ થાય છે, જ્યારે આ ભોક્તા શરીરમાં હુંપણું હોય. તેમાં હોનારો અહંભાવ જ મમભાવનું કારણ છે. જ્યારે વિવેક-

વિચાર દ્વારા આ ઇદં-પદાર્થ, અનાત્મા દેહમાંથી અહંભાવ ત્યજી દે છે, ત્યારે મમભાવ આપોઆપ દૂર થઈ જાય છે. અહં-મમ-ભાવના પરિત્યાગથી જ આ માનવ સ્થિર શાન્તિ તથા વિશુદ્ધ આનંદનો અનુભવ કરે છે.

વિપરીત ભ્રાન્તિમાં બીજું દૃષ્ટાંત પોપટનું છે. પોપટને પકડવા માટે એક નીચે ઘૂમનારી લાકડી રાખવામાં આવે છે. જ્યારે પોપટ તેના પર બેસે છે, ત્યારે તે લાકડી નીચે ઘૂમી જાય છે. પોપટ નીચે લટકતો લટકતો પોતાના પંજાથી લાકડી પકડી રાખે છે. તે પેલી લાકડીને છોડતો નથી. તેને એવી ભ્રાન્તિ થઈ જાય છે કે-લાકડીએ મારા પગ પકડી રાખ્યા છે. તેથી તે ચીસો પાડે છે. મૂઢતાવશ તે સમજતો નથી કે-મેં લાકડીને પકડી છેઃ પણ લાકડીએ મને પકડી રાખ્યો છે-એવું તે સમજે છે. એવી વિપરીત-મિથ્યા સમજથી તેને જીવન પર્યંત પિંજરામાં ગિરફ્તાર રહેવું પડે છે. તે રીતે આ મૂઢ જીવ પણ એવું જ સમજીને કહે છે કે-શું કરું ? માયા છોડતી નથી. તેણે મને પકડી રાખ્યો છે. પરંતુ વિચાર કરતાં જણાશે કે-જડ માયા ચેતન જીવને કેવી રીતે પકડી શકે ? ન પકડી શકે. ચેતન જીવ જ પોતે માયાને પકડી બેઠો છે, છોડવા ચાહતો નથી. પણ સમજે છે ઊલટું. આ ઊલટી સમજ જ તેના સંતાપોનું કારણ બની જાય છે. તેને વિવેક-જ્ઞાન જ દૂર કરી શકે છે. માટે વિવેક વિના કોઈ પણ સંસારના સંતાપોથી મુક્ત બની શકતું નથી.

માયાના આ મિથ્યાભિનિવેશોથી જેમનું વિવેકજ્ઞાન નાશ પામ્યું છે, તેઓ સચ્ચિત્, અદ્વય, આનંદપૂર્ણ, ભગવત્સ્વરૂપથી સદા વિમુખ રહે છે. તેથી તેમનામાં दम्भो दर्पोऽभिमानश्च क्रोधः पारुष्यमेव च (૧૬, ૧૪) ઈત્યાદિ વડે આગળ

કહેવામાં આવનાર, નિંદનીય, આસુરી ભાવો જ ભરેલા રહે છે; પ્રશંસનીય દૈવીભાવો રહેતા નથી. જેવી રીતે ગ્રીષ્મકાલના રણમાં ચાલનારાઓને પ્રચંડ ઉષ્ણતાનો જ અનુભવ થાય છે, શીતલતાનો નહિ, તેવી રીતે ભગવાનથી વિમુખ જીવો દુઃખનો હેતુ, આસુર ભાવોનો જ અનુભવ કરતા રહે છે, દૈવી ભાવોનો નહિ–જે દુઃખોનાનિવારક તથા સુખોના હેતુ છે. આસુરી ભાવોના આવવાથી શાન્તિ, પ્રસન્નતા, તેજ, બળ, વિજય, તથા ધર્મ નાશ પામે છે, અને ઉદ્વેગ, અનૃત, દુર્બળતા દીનતા વગેરે દોષ આવે છે. જ્યાં દૈવી ભાવો–અભય, સત્ત્વસંશુદ્ધિ વગેરે રહેશે, ત્યાં જ શાન્તિ, વિજય વગેરે રહેશે, અને ઉદ્વેગ વગેરે દોષો ભાગી જશે. તેનાં એક નહિ, પણ અનેક ઉદાહરણ તમને આપણાં શાસ્ત્રોમાં મળશે. મહાભારત વાંચતાં આપને આજ સમજાશે. યુધિષ્ઠિરાદિ પાંડવોમાં દૈવી ભાવો હતા, અને દુર્યોધનાદિ કૌરવોમાં આસુરી ભાવો હતા. પાંડવોને શ્રી ભગવાન પ્રત્યે દૃઢ વિશ્વાસ હતો. તેથી તેઓ નમ્રતાપૂર્વક કહેતા હતા કે–જે ભગવાન કરશે, તે થશે. કૌરવોને ઈશ્વરમાં કાંઈ પણ વિશ્વાસ ન હતો. તેથી તેઓ ગર્વથી કહેતા હતા કે–અમે જે કરીશું, તેજ થશે. તેથી જ મહાગુજરાતના પ્રસિદ્ધ ભક્ત નરસિંહ મહેતાએ આ આસુરી ભાવવાળાઓને ઉદ્દેશીને, આ વ્યંગ્યમાં બહુ સુંદર કહ્યું છે કે—

'हुं करूँ हुं करू एज अज्ञानता,
शकटनो भार जेम श्वान ताणे।
तू अल्या कोण ? ने कोने वलगी रह्यो,
वगर समझे कहे मारुं मारु ॥'

આસુરી ભાવોમાં પ્રમુખ તથા તેમનું ઉત્પાદક કારણ છે અહંકાર તેથી અહંકારી માનવમાં શિષ્ટ પુરુષોની અવજ્ઞા,

ઉદ્દંડતા, નિર્દયતા, અત્યાચાર વગેરે અનેક નિંદનીય દોષો ભરેલા જ રહે છે. અહંકારી દુર્યોધન ગીતમાં भवान्भीष्मश्च कर्णश्च (૧,૮) આ વચન દ્વારા પોતાના પૂજનીય ગુરુની અવજ્ઞા કરે છે. સંસ્કૃત સાહિત્યમાં એવો નિયમ છે કે પૂજ્ય ગુરુજનો પ્રત્યે સન્માન બતાવવા માટે બહુવચન 'भवन्तः' એવો પ્રયોગ કરવો જોઈએ. જે વ્યક્તિ ગુરુજનો માટે બહુવચનનો પ્રયોગ ન કરતાં એકવચનનો પ્રયોગ કરે છે, તે ગુરુજનોના સન્માન વિરુદ્ધ, તેમની અવજ્ઞા કરતો, પોતાનો અહંકાર પ્રદર્શિત કરે છે. તેથી पश्यैतां पाण्डुपुत्राणां; तव शिष्येण धीमता (૧,૩)-આ વચનો દ્વારા પોતાના આચાર્ય-ગુરુદ્રોણને કહે છે કે-હે આચાર્ય, આ પાંડુપુત્રોની સેના જો; આ પાંડુપુત્ર તારો જ શિષ્ય છે, તારી પાસેથી જ તેમણે ધનુર્વિદ્યાની શિક્ષા પ્રાપ્ત કરી હતી. હવે તેઓ તને જ મારવા માટે મેદાનમાં શાસ્ત્રાસ્ત્રથી સુસજ્જ બનીને ખડા છે. તમારો કૂતરો તમને જ કરડવા મ્હોં ફાડીને ઊભો છે. અને આ દ્રુપદપુત્ર ધૃષ્ટદ્યુમ્ન પણ તમારો શિષ્ય છે ને? તે પણ કેવો ધીમાન્-બુદ્ધિશાળી છે. ગાયનું દૂધ કાઢી લીધું, પછી ગાયને દંડો મારી તગેડી મૂકી. એના જેવી તે તમારી હાલત કરી રહ્યો છે. તેથી તમે બુદ્ધિહીન-મૂર્ખ જ સિદ્ધ થાઓ છો-એમ તે અર્થથી સૂચવી રહ્યો છે. માટે તે અહંકારી માનવ કદાપિ ગુરુજનોની કૃપાનો પાત્ર બનતો નથી. વિદુરજી દુર્યોધનાદિ કૌરવોના કાકા હતા, ભગવદ્-ભક્ત હતા, સર્વના હિતચિંતક હતા, તથા સાધુ પ્રવૃત્તિવાળા મહામાનવ હતા. તેથી તેમણે કૌરવકુલના હિતને માટે જ દુર્યોધનને પ્રેમથી સમજાવવા ખૂબ પ્રયત્ન કર્યો, સારી હિતકારી શિખામણ આપી. પરંતુ અહંકારી દુર્યોધનને માટે पयःपानं भुजंगानां केवलं विषवर्धकं-જેવું થયું. તેણે વિદુરજીનું ઘોર અપમાન કર્યું, ભરી સભામાં વિદુરજી પ્રત્યે નિષ્ઠુર ઉદ્દંડતા બતાવી, તથા તે અહંકારીએ રજસ્વલા

દેવી દ્રૌપદી પર પણ ખૂબ નિર્દયતાપૂર્વક અત્યાચાર કર્યો. આ પ્રકારે અહંકારાદિ આસુરી ભાવોવાળા મનુષ્યનાં સર્વ આચરણ નિંદનીય જ હોય છે. તેથી તેમને 'दुष्कृतिनः' કહેવામાં આવે છે, 'सुकृतिनः' નહિ. દૈવી ભાવોવાળા માનવો જ સુકૃતી હોય છે. તેમનાં સર્વ આચરણ પુણ્યમય તથા પ્રશંસનીય જ હોય છે. તેમને અપકારી પ્રત્યે પણ અપકાર કરતાં આવડતું નથી. તેઓ અપકારનો બદલો ઉપકારથી, તથા દ્વેષનો બદલો પ્રેમથી ચુકાવવાનું જાણે છે.

જે સમય યુધિષ્ઠિર વગેરે પાંડવો વનમાં રહેતા હતા, અને સાધુ મહાત્માઓની પેઠે અકિંચન બનીને, ઝુંપડીઓમાં રહીને, વગડાનાં ફળમૂળથી ઉદરનિર્વાહ કરતા હતા, તે સમય દુર્યોધન વગેરે કૌરવોએ પાંડવોને નીચું જોવરાવવા માટે તથા સંતાપ દેવા માટે તેમના નિવાસની પાસે જ ગંગાતટ પર ખૂબ મોટા વનમહોત્સવનું આયોજન કર્યું. સુંદર સુંદર વસ્ત્રાલંકારોથી સુસજ્જિત બનીને, પોતપોતાની રાણીઓ સાથે, સારાં સારાં વાહનોમાં બેસીને, પોતાનાં બળ-ઐશ્વર્ય વગેરેને સૂચવતા ખોંખારા કરતા કરતા, હાંસી-મજાક ઉડાવતા-ઉડાવતા, તેઓ ત્યાંથી જવા લાગ્યા. બળવાન ગંધર્વો કૌરવોનું આવું નીચ કૃત્ય સાંખી શક્યા નહિ. તેઓએ ત્યાં આવીને તેમનાં બધાં વસ્ત્રાભૂષણો છિનવી લીધાં, અને તેમને માર મારીને કેદી બનાવ્યા. ગંધર્વોના બળની આગળ તેઓ પોતાની બધી ઉદ્દંડતા ભૂલી ગયા. જે બીજાઓને નીચ બતાવવાનો પ્રયત્ન કરે છે, તેને કોઈકવાર પોતાને જ નીચું જોવું પડે છે. જ્યારે સાધુસ્વભાવ યુધિષ્ઠિરે કોઈકની મારફતે કૌરવોની એ દુર્દશાના સમાચાર સાંભળ્યા, ત્યારે તે તરત જ દયાર્દ્ર બની ગયા. ભીમ, અર્જુન વગેરેને બોલાવીને તે કહેવા લાગ્યા-ભીમ, અર્જુન, તમે શસ્ત્ર લઈને

જલ્દી ત્યાં જાઓ, અને દુર્યોધન વગેરે આપણા ભાઈઓને ગંધર્વો પાસેથી છોડાવો. વિલંબ ન કરો, તેઓ બહુ દુઃખી થતા હશે. ભીમે યુધિષ્ઠિરજીને કહ્યું-ભાઈ, આપ શું કહી રહ્યા છો? તેમને-નીચ લોકોને પોતાના કુકૃત્યનું ફળ મળી રહ્યું છે. પોતાનાં કરેલાં દુષ્ટ કર્મોનું ફળ તેમને ભોગવવા દો. તે દુષ્ટોને છોડાવવાનો આદેશ અમને શા માટે આપી રહ્યા છો? તેઓ તો આપણા જન્મજાત વિરોધી છે. તેમણે આપણું સઘળું છિનવી લઈને આપણને કંગાલ બનાવી દીધા છે. યુધિષ્ઠિરજીએ ભીમને કહ્યું-ભીમ, તેઓ આપણા ભાઈ છે. ઘરમાં ભાઈઓ સાથે લડાઈ-ટંટો ચાલ્યા કરે, પણ અત્યારે તેઓ સંકટમાં ફસ્યા છે, બીજા લોકો તેમને કષ્ટ આપી રહ્યા છે. તેમને છોડાવવા તે આપણું કર્તવ્ય છે. બીજાઓની સાથે મુકાબલો કરતી વખતે આપણે પાંચ ભાઈઓ નથી, પણ ૧૦૫ ભાઈઓ છીએ. મહાભારતમાં યુધિષ્ઠિરના આ શબ્દોનું મહત્ત્વ ઘણું મોટું છે—

'शतं च ते, वयं पञ्च, स्वकीये विग्रहे सति।
अन्यैश्च कलहे प्राप्ते वयं पञ्चोत्तरं शतम्॥'

તે કૌરવો સો છે, આપણે પાંડવો પાંચ છીએ-જ્યારે આપસઆપસમાં ઝઘડો થાય ત્યારે. પરંતુ જ્યારે બીજાઓની સાથે કલહ પ્રાપ્ત થાય, ત્યારે આપણે પાંચ જ ભાઈઓ નહિ, પણ ૧૦૫ ભાઈઓ બની જઈએ છીએ. આ પ્રકારે સાધુ સ્વભાવનો માનવ પોતાને પીડા દેનારાઓની પણ પીડા જોઈને પોતે જ વ્યથિત બની જાય છે, અને તેમને પીડામાંથી છોડાવવા માટે પ્રયત્ન કર્યા વિના રહી શકતા નથી. મહારાજ યુધિષ્ઠિરની પ્રેરણાથી ભીમ, અર્જુન વગેરે ત્યાં ગયા, અને ગંધર્વો સાથે યુદ્ધ કરીને કૌરવોને છોડાવ્યા. આ છે સજ્જનોની સજ્જનતા. જ્યારે દુર્જન પોતાની દુર્જનતા છોડતો નથી, ત્યારે સજ્જન પોતાની સજ્જનતા

કેમ છોડે ? ન જ છોડી શકે. તેથી સજ્જનો માટે કહેવામાં આવ્યું છે કે—

'उपकारिषु यः साधुः, साधुत्वे तस्य को गुणः।
अपकारिषु यः साधुः स साधुः सद्भिरुच्यते॥'

ઉપકારીઓ પ્રત્યે જે સાધુતા બતાવે છે, અર્થાત્ ઉપકાર કરે છે, તેની સાધુતામાં શો ગુણ છે ? ઉપકારના બદલામાં ઉપકાર કર્યો, તેમાં શી પ્રશંસાની વાત થઈ ? પણ જે અપકારીઓ પ્રત્યે પણ સાધુ બન્યો રહે છે, અર્થાત્ અપકાર ન કરતાં ઉપકાર કરે છે, તે જ પ્રશંસનીય સાધુ છે, સજ્જન છે.

जो तुझको काँटा बोवे, बो तू उसको फूल।
तुझको फूलका फूल है, वाहीको त्रिशूल॥
'नारायण' दो बोतको दीजै सदा विसार।
करी बुराई औरने आप कियो उपकार॥

જ્યારે આસુરી ભાવવાળો માનવ ખૂબ અહંકારી, અવિવેકી તથા ઉદ્દંડ બનીને ધાર્મિક મર્યાદાઓનો તિરસ્કાર કરે છે, ત્યારે તેનાથી ઊલટો દૈવી ભાવવાળો માનવ અભિવાદનશીલ, વિવેકી, વિનયી બનીને ધાર્મિક મર્યાદાઓનું યથાવત્ પાલન કરે છે. જ્યારે કુરુક્ષેત્રમાં સમરાંગણમાં સામસામી પાંડવકૌરવોની અઢાર અક્ષૌહિણી સેના યુદ્ધ કરવા માટે કટિબદ્ધ થઈ ગઈ હતી, ત્યારે પાંડવસેનામાંથી મહારાજ યુધિષ્ઠિર ધનુષ, બાણ વગેરે શસ્રોને નીચે રાખીને, માથાનો મુગટ ઉતારીને વાળને ખુલ્લા રાખીને કૌરવોની સેના તરફ જવા લાગ્યા. મોટા ભાઈ મહારાજને આ પ્રકારે જતા જોઈને, કહ્યા વગર જ ભીમ, અર્જુન વગેરે નાના ભાઈઓ પણ તેમની પાછળ પાછળ મુગટ ઉતારીને નિઃશંક બનીને જવા લાગ્યા. પાર્થસારથિ ભગવાન શ્રીકૃષ્ણ પણ તેમની સર્વની પાછળ

ચાલી નીકળ્યા. પણ એક માત્ર ભગવાન સિવાય મહારાજ યુધિષ્ઠિરનું આ કૌરવોની સેના તરફના ગમનનું પ્રયોજન કોઈ પણ જાણતું ન હતું. પાંડવ સેનામાં બધાને બહુ આશ્ચર્ય થવા લાગ્યું કે-યુદ્ધના પ્રારંભકાલમાં મહારાજ યુધિષ્ઠિર આ શું કરી રહ્યા છે? તે બાજૂએ કેમ જઇ રહ્યા છે? અને કૌરવસેનામાં મુર્ખતાને લઇને લોકો ઊલટું જ સમજીને ગમે તેમ બોલી રહ્યા હતા કે-જુવો, જુવો! પાંડવ સેનાના આ મહારાજ યુધિષ્ઠિર અમારી વિપુલ, એકાદશ અક્ષૌહિણી સેનાને તથા તેના પ્રસિદ્ધ, પરાક્રમી ભીષ્મ. દ્રોણ, કર્ણ વગેરે સેનાપતિઓને જોઇને ભયભીત થઈ ગયા છે. તેથી તે શસ્ત્ર છોડીને, મુગટ ઉતારીને, ખુલ્લા વાળ રાખીને, પોતાના ભાઈઓની સાથે, શરણાગતિ સ્વીકારવા માટે અથવા સંધિ કરવા માટે અથવા માફી માગવા માટે અહીં આવી રહ્યા છે? અરે ક્ષત્રિયધર્મ! તને ધિક્કાર છે. જો તારામાં યુદ્ધ કરવાનું બળ ન હતું, તો યુદ્ધ માટે આટલું મોટું આયોજન શા માટે કર્યું? અરે, તું ક્ષત્રિયકુલમાં પેદા થતાં જ કેમ મરી ન ગયો, કે તેં ક્ષત્રિય જાતિના ઉજ્જવલ મુખ પર કલંક લગાવી દીધું?

'अनारम्भो हि कार्यस्य प्रथमं बुद्धिलक्षणम्।
आरम्भस्यान्तगमन द्वितीयं बुद्धिलक्षणम्॥'

જ્યારે આપણામાં કોઈ કાર્ય પૂર્ણ કરવાનું સામર્થ્ય નથી, યોગ્યતા નથી, તો તે કાર્યનો આપણે આરંભ જ ન કરવો જોઈએ. તે પણ એક પ્રકારની પ્રાથમિક બુદ્ધિમત્તા છે. અને જો આપણે કાર્યનો આરંભ કરી દીધો, તો પછી ગમે તે થાય, હજારો વિઘ્નો-બાધાઓ ઉપસ્થિત થાય, છતાં આપણામાં એટલી જબરદસ્ત દૃઢતા તથા પૂર્ણ ઉત્સાહ હોવાં જોઇએ કે આપણે અવશ્ય તે શરૂ કરેલા કાર્યને સફલ તથા પૂર્ણ સિદ્ધ કરીને જ

રહીએ; તે વિઘ્ન-બાધાઓનો વીરની પેઠે મુકાબલો કરીને પગ પાછા ન પાડતાં—પાછી પાની ન કરતાં, આગળ ને આગળ વધ્યે જઈએ. એવી વિશ્વાસભરી હિંમત બુદ્ધિમત્તાનું બીજું લક્ષણ છે.

પરંતુ ભ્રાન્તિવશ તે પ્રમાણે બોલતા લોકોને ઉપેક્ષણીય માનીને, મહારાજ યુધિષ્ઠિર પ્રસન્નતાપૂર્વક કૌરવસેનામાં આગળ ચઢ્યા, અને જ્યાં કુરુવૃદ્ધ ભીષ્મ પિતામહનો રથ ખડો હતો ત્યાં પહોંચ્યા. ત્યાં જઈને પોતાના પૂજ્ય પિતામહ ભીષ્મનાં ચરણોમાં તેમણે શ્રદ્ધાપૂર્વક મસ્તક ઝુકાવ્યું, અને હાથ જોડીને યુદ્ધ કરવા માટે અનુજ્ઞાની તથા વિજયલાભ માટે શુભ આશીર્વાદની યાચના કરવા લાગ્યા. મહારાજ યુધિષ્ઠિરનાં આવો નિષ્કપટ વિનય, નમ્રતા તથા ધાર્મિક મર્યાદાઓના પાલનની અભિરૂચિ જોઈને ભીષ્મ પિતામહ ખૂબ પ્રસન્ન થયા. યુધિષ્ઠિરના મસ્તક પર છત્રની પેઠે પોતાના બંને હાથ મૂકીને યુદ્ધ માટે અનુજ્ઞા આપતાં તે આ પ્રકારે આશીર્વાદ આપવા લાગ્યા કે—

'प्रीतोऽस्मि ! पुत्र युद्धस्व, जयमाप्नुहि पाण्डव ! ।
यत्तेऽभिलषितं चान्यत् तदवाप्नुहि संयुगे ॥'

હે પુત્ર યુધિષ્ઠિર! હું તારા આ શુભ આચરણથી ખૂબ પ્રસન્ન થયો છું. હે પાંડવ, તું યુદ્ધ કર. તું અવશ્ય વિજય પ્રાપ્ત કરીશ અને આ સંગ્રામમાં બીજો પણ જે કોઈ તારો અભિલષિત મનોરથ હશે, તેને પણ તું અવશ્ય પ્રાપ્ત કરીશ.

યુધિષ્ઠિર પછી ભીમ વગેરે બીજા ભાઈઓએ પણ તેવું જ અનુકરણ કર્યું, અને વૃદ્ધ પિતામહના શુભ આશીર્વાદ મેળવ્યા. પછી મહારાજ યુધિષ્ઠિર ગુરુ દ્રોણાચાર્યની પાસે ગયા, અને ત્યાં પણ તેવો જ વિનય બતાવીને યુદ્ધ માટે અનુમતિ તથા શુભ આશીર્વાદ મેળવ્યાં. જ્યારે કૌરવદલના લોકોને યુધિષ્ઠિરના આ આચરણની ખબર પડી—વાસ્તવિકતાનો પત્તો લાગ્યો, ત્યારે તેઓ

પોતાની મૂર્ખતા પર પશ્ચાત્તાપ કરવા લાગ્યા. અને યુધિષ્ઠિરના એ સદ્‌ભાગ્યની ઈર્ષ્યા કરવા લાગ્યા. દુર્યોધન તો ભીષ્મના તથા દ્રોણના આ આશીર્વાદથી હૃદયમાં ખૂબ બળીને ખાખ થઈ ગયો, અને ભીષ્મ તથા દ્રોણુને પોતાના મનમાં ખરું ખોટું સંભળાવવા લાગ્યો.

રાજર્ષિ મનુએ કહ્યું છે —

'अभिवादनशीलस्य, नित्यं वृद्धोपसेविनः ।
चत्वारि तस्य वर्धन्ते, आयुर्विद्या यशो बलम् ॥'

જે સદા માન્ય પુરુષોનું નિષ્કપટ ભાવે વિનયપૂર્વક અભિવાદન (નમસ્કાર, ચરણસ્પર્શ વગેરે) કરે છે, તથા ધર્મવૃદ્ધ, જ્ઞાનવૃદ્ધ, કુલવૃદ્ધ વગેરે વૃદ્ધોનું શ્રદ્ધાપૂર્વક સેવન કરતો રહે છે, તેનાં આયુષ, વિદ્યા, બલ તથા યશની અભિવૃદ્ધિ થતી રહે છે.

દૈવી ભાવવાળો માનવી સુકૃતી બનીને નરોત્તમ થાય છે, ત્યારે આસુરી ભાવવાળો માનવી દુષ્કૃતી બનીને નરાધમ થાય છે. હૃદયમાં સારા ભાવોને ધારણ કરવાથી ઉત્તમતા પ્રાપ્ત થાય છે, તથા ખરાબ ભાવોને ધારણ કરવાથી અધમતા પ્રાપ્ત થાય છે. નરોત્તમોનું જીવન ધર્મમય, પ્રભુમય, શાન્તિમય, આનંદમય તથા પ્રસન્નતાથી ભરેલું, દિવ્ય, પ્રશંસનીય હોય છે; ત્યારે નરાધમોનું જીવન અધર્મમય, પ્રભુ વિમુખ, ઉદ્વેગમય, દુઃખમય, દુષ્ટતાથી ભરેલું, નિંદનીય, પશુમય હોય છે. પેટ ભરવું, ખાઈપીને સૂઈ જવું, (મિયાઉં-મિયાઉં (બાળબચ્ચાં) પેદા કરવાં-અર્થાત્ વંશવૃદ્ધિ કરવી તથા વાતવાતમાં ભયભીત થઈ જવું-આમ કરવું તે તો પશુને પણ આવડે છે. જો મનુષ્ય પોતાના જીવનમાં આટલું જ કરે, તો તેનામાં અને પશુઓમાં શો ફરક? કંઈ પણ નહિ, धर्मेण (ज्ञानेन) हीनाः पशुभिः समानाः । અર્થાત્ ધર્મ તથા જ્ઞાનથી હીન માનવી પશુઓ જેવો છે. તેનું જીવન પશુતુલ્ય

જ છે. તે શિંગડા વગરનો તથા પુંછડા વગરનો એક પ્રકારનો પશુજ છે. તે વિષયમાં મહાત્મા લોકો એક કાલ્પનિક દૃષ્ટાંત આ પ્રકારે આપે છે—

સૃષ્ટિના આદિમાં પરમેશ્વરે પોતે બનાવેલા મનુષ્યથી માંડીને સર્વ પ્રાણીઓનું નિરીક્ષણ કર્યું. નિરીક્ષણ કરતાં ભગવાનને માલમ પડ્યું કે–આ પશુઓના જીવન કરતાં પણ આ માણસોનું જીવન અત્યંત અધમ, સ્વાર્થ–પ્રચુર તથા પાપમય બનશે. તેથી આ માનવીઓને પશુઓ કરતાં ઓછું આયુષ આપવું જોઈએ. એવો નિશ્ચય કરીને પરમેશ્વરે મનુષ્યોને માત્ર ૨૦ વર્ષનું તથા પશુઓને તેમનાથી બમણું–૪૦ વર્ષનું આયુષ આપ્યું. વધારે આયુષ ન મળવાથી મનુષ્ય બહુ સંતાપ પામ્યો. તે ભગવાનને વારંવાર પ્રાર્થના કરવા લાગ્યો–ભગવન્! અમને પશુઓ કરતાં પણ ઓછું આયુષ શામાટે આપ્યું? અમને તો તેમના કરતાં વધારે લાંબું આયુષ મળવું જોઈએ. મનુષ્ય છીએ. પશુઓથી ઉત્તમ છીએ; બુદ્ધિમાન છીએ, સમજદાર છીએ. તેથી કૃપા કરીને અમને વધારે લાંબું આયુષ આપો. ભગવાને કહ્યું–બસ, જેટલું આયુષ તમને મળ્યું છે, તેટલાથી જ સંતોષ માનો. હવે હું વધારે આયુષ આપી શકું તેમ નથી. છતાં મનુષ્ય ભગવાન પાસે તેને માટે રડવા લાગ્યો, અને અનુનય–વિનય કરવા લાગ્યો. પ્રભો! અમારા પર કૃપા કરો. જો અમને વધારે આયુષ મળશે, તો અમે તેનો સદુપયોગ કરીશું, દુરુપયોગ નહિ કરીએ. ભગવાને વિચાર કરીને કહ્યું–ઠીક, હું તો તમને વધારે આયુષ આપી શકું તેમ નથી. પણ જો આ પશુઓ પોતાની રાજીખુશીથી પોતાના આયુષમાંથી થોડોક હિસ્સો તમને આપે, તો તે તમે લઈ શકો છો. માટે તમે વધારે આયુષ માટે આ પશુઓની પ્રાર્થના કરો. મનુષ્ય સ્વાર્થી તો હતો જ. સ્વાર્થ સાધવામાં તેની

પ્રવીણતા પ્રસિદ્ધ જ છે સ્વાર્થસિદ્ધિ માટે તે ગધેડાને પણ બાપ કહેતાં અચકાતો નથી. તે ઝટ પેલાં પશુઓની પાસે ગયો, અને આયુષ માટે પ્રાર્થના કરવા લાગ્યો. સાંઢ, કૂતરો વગેરે પશુઓએ વિચાર કર્યો–આ મનુષ આયુષ માગે છે, તો આપવું જોઈએ. બીજાઓનું હિત કરવું તે શ્રેષ્ઠ ધર્મ છે. જો વધારે આયુષ આપણી પાસે રહેશે, તો આપણે વધારે કષ્ટ ઉઠાવવાં પડશે. માટે મનુષ્યોને આપણું અડધું આયુષ આપવું તે ઠીક રહેશે. એક તરફ દાનનું પુણ્યફળ પણ મળશે, અને બીજી તરફ વધારે કષ્ટ ભોગવવામાંથી આપણે બચી જઈશું. વધારે જીવવાથી ભાર વહન કરવો, માર ખાવો વગેરે દુઃખો જ આપણને મળવાનાં છે. એવો વિચાર કરીને પશુઓમાંથી બળદે, કૂતરાએ, બગલાએ તથા ઊંટે પોતપોતાના ૪૦ વર્ષના આયુષમાંથી ૨૦-૨૦વર્ષનું આયુષ મનુષ્યને આપ્યું અને કહ્યું કે-અમારી પાસેથી મળેલા આ આયુષનો સદુપયોગ કરજે. તેનાથી તું સુખી રહેજે અને બીજાઓને સુખ આપજે. કદી કોઈને દુઃખ આપીશ નહિ. સર્વનું હિત જ કરતો રહેજે, અહિત નહિ. ભગવાનનું ભજન કરીને પોતાનું કલ્યાણ કરજે. આ પ્રકારે બળદ વગેરે ચાર પ્રાણીઓની અનુકંપાથી (દયાથી) માણસે ૮૦ વર્ષનું આયુષ દાનમાં મેળવ્યું, અને પોતાનું ભગવાનથી અપાયેલું ૨૦ વર્ષનું આયુષ તેમાં મેળવતાં, તે શતાયુ-અર્થાત્ સો વર્ષના આયુષવાળોબન્યો.

મનુષ્ય પોતાના ૨૦ વર્ષના આયુષ સુધી ભણે છે. તે આયુષમાં મનુષ્યતાના કંઈક ભાવો તેનામાં બન્યા રહે છે. પણ જ્યારે તેણે યુવાવસ્થા પ્રાપ્ત કરી, ત્યારે તે માયાના ચક્કરમાં ફસી ગયો. માયાના વિમોહોએ તેના વિવેકજ્ઞાનને હરી લીધું. યુવાવસ્થાની મસ્તીથી તે વિવેકહીન તથા ઉદ્દંડ બની ગયો. જેવી રીતે વર્ષાઋતુના આગમનથી આકાશમાં વાદળ છવાઈ જાય છે,

તેવી રીતે યુવાવસ્થાના આગમનથી તેનામાં કામ વગેરે આસુરી ભાવો છવાઇ ગયા. સાંઢની પેઠે ચારપગવાળો બનીને તે ક્રીડામસ્ત બની ગયો. तरुणस्तावत्तरुणीरक्तः થઈ ગયો. માનવ-જીવનનું શું લક્ષ્ય છે તે વાત તે સર્વથા ભૂલી ગયો. સાંઢના આયુષનો સદુપયોગ કરવાને બદલે તેણે તેનો દુરુપયોગ કર્યો. ૪૦ વર્ષ પછી ૨૦ વર્ષ સુધી કૂતરાનું આયુષ આવ્યું. હવે તેની જુવાનીની મસ્તી કંઈક ઓછી થઇ. ચાર છ બચ્ચાં થયાં. છોકરાઓની વહૂઓ આવી. પરિવાર ફેલાયો. જરૂરિયાતો વધી ગઈ. ખરચ વધારે થવા લાગ્યો. કમાણી ઘટતી ચાલી. એટલે તે કૂતરાની પેઠે કોઈક વાર એકને તો કોઈક વાર બીજાને ઘુરકિયાં કરવા લાગ્યો. કોઈક વાર એકને ધમકાવે, તો કોઇક વાર બીજાને ધમકાવે. આ પ્રકારે 'ભોં-ભોં' કરવામાં જ તેનાં ૨૦ વર્ષ સમાપ્ત થઈ ગયાં. હવે તે ૬૦ વર્ષનો બુઢ્ઢો-થઈ ગયો. ૬૦ વર્ષ પછી બગલાનું આયુષ આવે છે. હવે તેને ચિંતા થાય છે કે-હાય, મારી જિંદગીનાં ૬૦ વર્ષ તો આમ ચપટી વગાડીએ તેમ ચાલ્યાં ગયાં. મેં જીવનમાં કશું પણ સારું કામ કર્યું નહિ, હવે મારાં બધાં અંગ ગળી ગયાં છે. વાળ રૂની પેઠે સફેદ થઈ ગયા. દાંત પડી જવાથી હવે મુખ બોખું થઈ ગયું. જુવાનીમાં હું ઘોડાની પેઠે ધમકારાબંધ ચાલતો હતો; હવે મારે લાકડીને ટેકે ચાલવું પડે છે. ચાલતાં ચાલતાં શ્વાસ ભરાઈ જાય છે. હવે મરવાનો દિવસ નજીક આવ્યો જણાય છે. ત્યારે તે મોતના ભયથી હાથમાં માળા ઝાલે છે. ઊંઘનાં ઝોકાં આવતાં માળા પડી જાય છે. બગલો એક પગ પર ઊભો રહીને તપ કરે છે, પણ તે કોઈક લાલચથી. કેવી રીતે સ્વર્ગ મળે, સુખ મળે, જુવાની મળે-આવી અનેક લાલચો રાખીને, તે માળા ફેરવે છે, પણ મન ભગવાનની તરફ ફરતું નથી; કારણ કે મનમાં અનેક પ્રકારની સાંસારિક ચિંતાઓ તથા કામનાઓ ખૂબ પ્રમાણમાં ભરી પડેલી છે. આ પ્રકારે તે ૨૦ વર્ષ સુધી

બગલાનું આયુષ વીતાવે છે. ૮૦ વર્ષ પછી ઊંટની જિંદગી આવે છે. જેવી રીતે નાકમાં દોરી પરોવીને માણસ ઊંટને દોરે છે, તેવી જ તે બુઢ્ઢાની દશા થઈ જાય છે. આંખોથી દેખાતું નથી. કાનોથી સંભળાતું નથી. ચક્ષુ વગેરે ઇન્દ્રિયોએ પોતપોતાનું કામ કરવું છોડી દીધું છે. પણ તે બુઢ્ઢો જોવાની–સાંભળવાની આસક્તિ છોડતો નથી. તેને માટે વારંવાર પશ્ચાત્તાપ કરે છે કે–હાય! હવે મને દેખાતું નથી, સંભળાતું નથી. તે જોવા તથા સાંભળવા માટે અનેક પ્રકારના ઉપાયો કરતો રહે છે.

મનુષ્યને ઉચિત શુભ કાર્યો કર્યાં નહિ, પ્રેમ તથા એકાગ્રતાથી ભગવાનનું ભજન અને સત્સંગ કર્યાં નહિ, તો તે મનુષ્ય નથી, પશુ છે. પશુ કરતાં પણ અધમ છે. પશુનાં તો અસ્થિ, ચર્મ વગેરે ઉપયોગમાં આવે છે; પરંતુ મનુષ્યનું કશું જ ઉપયોગમાં નથી આવતું.

देह धरेका यह फल भाइ, भजिये राम सब काम बिहाइ।
मोहमूल बहु शूलप्रद त्याग हुँ तुम अभिमान,
भज हुँ राम रघुनायक कृपासिंधु भगवान.

મનુષ્ય જીવનની સાર્થકતા રામભજનથી જ છે. પરંતુ આસુરી ભાવવાળો માનવ કોઈપણ પ્રકારે રામનું ભજન કરી શકતો નથી. જ્યારે સત્સંગ તથા વિવેકવિચાર દ્વારા આસુરી ભાવોનું ઉન્મૂલન કરીને, તે દૈવી ભાવોને ધારણ કરે છે, ત્યારે જ તે રામભજન કરી શકે છે. માટે ભગવાને ગીતામાં કહ્યું છે કે—

'महात्मानस्तु मां पार्थ! दैवीं प्रकृतिमाश्रिताः।
भजन्त्यनन्यमनसो ज्ञात्वा भूतादिमव्ययम्॥'
(૯,૧૩)

હે કુન્તીપુત્ર અર્જુન! દૈવી પ્રકૃતિના આશ્રયમાં રહેનારા, અર્થાત્ આસુરી ભાવોને દૂર કરીને દૈવી ભાવો ધારણ કરનારા

જે મહાત્મા પુરુષો છે, તે મને-પરમાત્માને સર્વ ભૂતોનું સનાતન કારણ, અવ્યય, વિકારરહિત, પૂર્ણ સ્વરૂપને જાણીને, અનન્ય મનથી યુક્ત બનીને, મારું નિરંતર ભજન કરતા રહે છે.

રાજર્ષિ ભર્તૃહરિજી આસુર ભાવવાળા, આ પ્રમાદી મનુષ્યોને લક્ષમાં રાખીને, તેમના નિતાંત (અત્યંત) ઉદ્વિગ્ન ચિત્તમાં નિર્મલ, શાશ્વત સુખનો લેશ પણ હોતો નથી–તેવું વર્ણન, કરતાં કેટલું સુંદર કહે છે કે—

'आयुर्वर्षशतं नृणां परिमितं, रात्रौ तदर्धं गतम्.
तस्यार्द्धस्य परस्य, चार्धमपरं बालत्ववृद्धत्वयोः।
शेषं व्याधिवियोगदुःखसहित सेवादिभिर्नीयते.
जीवे वारितरङ्गचञ्चलतरे सौख्यं कुतः प्राणिनाम् ?॥'

પ્રથમ તો વિધાતાએ મનુષ્યનું જીવન સો વર્ષનું જ પરિમિત બનાવ્યું છે. તેમાંથી અર્ધું એટલે ૫૦ વર્ષનું જીવન રાત્રિમાં ઊંઘવામાં જ સમાપ્ત થઈ જાય છે. નિદ્રાવશ ગાળેલી ૫૦ વર્ષની મુદત તો વ્યર્થ ગુમાવી દેવામાં આવે છે. બાકી રહેલાં જીવનનાં ૫૦ વર્ષોમાંથી ૨૫ વર્ષ બાલપણમાં તથા ઘડપણમાં વ્યતીત થાય છે; અર્થાત્ ૧૨૫ વર્ષ બાલ્યકાળની અજ્ઞાનતામાં તથા તેટલાં જ વર્ષ ઘડપણની અશક્તિમાં નષ્ટ થઈ જાય છે. માણસ તે બંને દશાઓમાં પોતાના કલ્યાણ માટે કશો પણ પ્રયત્ન કરી શકતો નથી. તેમાં તે સુખનો અનુભવ નથી કરતો એટલું જ નહિ, પણ મૂઢતા તથા અશક્તિને લઈને થતાં વિવિધ પ્રકારનાં દુઃખોનો તે અનુભવ કરતો રહે છે. બાકી રહેલાં ૨૫ વર્ષ તે વિચિત્ર પ્રકારના રોગોમાં, પુત્ર, કલત્ર, વિત્ત વગેરે ઈષ્ટ પદાર્થોના વિયોગમાં તથા તે વિયોગજન્ય દુઃખમાં, ધન માટે ધનિક લોકોની સેવામાં, તથા કલહ, હર્ષ, શોક, હાનિ, લાભ

આદિનાં કષ્ટોમાં જ વ્યતીત કરી નાંખે છે—આ પ્રકારે આ મૂઢ માનવ સો વર્ષ લગી જીવનનો લાભ મળે છે, છતાં પણ તે પોતાના જીવનમાં વાસ્તવિક સુખનો લેશ પણ અનુભવી શકતો નથી. પણ આ જીવન તો જલના તરંગ સમાન અત્યંત ક્ષણ-ભંગુર છે. તેમાં પ્રમાદી, અજ્ઞ પ્રાણીઓને કેવી રીતે શાશ્વત તથા નિર્મલ સુખ પ્રાપ્ત થાય ?

આ ક્ષણભંગુર દ્વન્દ્વમય માનવજીવનમાં તે જ શાશ્વત શાન્તિ—સુખને અનુભવી શકે છે; જે આ સંસારરૂપી મુસાફર-ખાનામાં પોતાને એક માત્ર મુસાફર સમજીને દૃઢ અસંગભાવ ધારણ કરે છે, તથા વિવેકવિચાર દ્વારા અહંકાર રાગ, દ્વેષ વગેરે સર્વ આસુરી ભાવોને દૂર કરીને, પોતાના મનમધુપને (મનરૂપી ભ્રમરને) ભગવાનનાં પાવન તથા ચિન્મય ચરણકમલોમાં તન્મય બનાવી દે છે. માટે કોઈ વિદ્વાન મહાત્માએ પોતાના મન-મધુપને આ પ્રકારે ઉપદેશ આપ્યો છે કે—

"રે રે માનમભૃઙ્ગ! મા કુરુ મુધા ઝઙ્કારકોલાહલમ્
નિઃશબ્દં હરિપાદફુલ્લકમલે માધ્વીકમાસ્વાદય।
તસ્મિન્ સર્વતૃષાપહારિણિ ચિદાનન્દે મરન્દે સકૃત્
નિષ્પીતે ક્વ નુ તે પ્રયાસ્યતિ લયં સાહઙ્કૃતિર્ઝઙ્કૃતિઃ ॥"

હે મનમધુપ! તું વ્યર્થ ઝંકાર—કોલાહલ ન કર, અર્થાત્ અહંકાર વગેરે આસુર ભાવોના વશમાં પડીને ઉદ્વિગ્ન ન થા. મૌન થઈને શાન્ત ભાવ ધારણ કરીને શ્રી હરિનાં ચરણરૂપી પ્રફુલ્લ કમળના મકરન્દનું (પુષ્પરસનું) નિરંતર આસ્વાદન કર. સઘળી તૃષા (વિષયતૃષ્ણા) છિપાવનાર, તે ચિદાનંદરૂપી મકરંદનું એક વાર પણ પાન કરી લેતાં તારો આ અહંકારયુક્ત ઝંકાર (દ્વન્દ્વમયી મિથ્યા કલ્પનાઓ) ક્યાં વિલીન થઈ જશે તે તું જાણતો નથી.

અર્થાત્ તું નિરહંકાર, નિર્દ્વન્દ્વ, નિર્વિકાર તથા પૂર્ણ આનંદમય બની જઈશ.

જે કોઈ આ દેવદુર્લભ માનવ શરીરને પ્રાપ્ત કરીને શ્રદ્ધા તથા એકતાનતા પૂર્વક અંતરાત્મા પૂર્ણાનંદનિધિ ભગવાનનું ભજન કરતો નથી, તે મોટો મંદભાગી છે. તે મોટી બેઢંગી ભૂલ કરી રહ્યો છે. તેને અંતે બહુ અનુતાપ કરવો પડશે. માટે જ રાજર્ષિ ભર્તૃહરિએ તેની ઉપહાસમાત્ર મૂર્ખતાનું વર્ણન અનેક ઉદાહરણો દ્વારા આ પ્રકારે કર્યું છે કે–

'स्थाल्यां वैदूर्य्यमय्यां पचति स लशुनं हीन्धनैश्चन्दनौघैः,
सौवर्णैः लाङ्गलाग्रैर्विलिखति वसुधामर्कमूलस्य हेतोः।
छित्त्वा कर्पूरखण्डान् वृतिमिह कुरुते कोद्रवाणां समन्तात्,
प्राप्येमां कर्मभूमिं न चरति मनुजो यस्तपो मन्दभाग्यः॥'

જેવી રીતે વૈદૂર્ય (રત્નવિશેષ)ની બનાવેલી, અતિશય કીમતી કઢાઈમાં, નીચે ચંદનકાષ્ઠનો દેવતા પાડીને, શાસ્ત્રનિષિદ્ધ લસણ રાંધવું તે મોટી, ઢંગધડા વગરની ભૂલ છે; સુવર્ણના બનાવેલા હળથી પૃથ્વીને ખેડીને તેમાં આકડો વાવવો તે સુવર્ણના હળનો દુરૂપયોગ છે; અને કપૂરના કટકાને કાપીને કોદરાની રક્ષા માટે વાડ બનાવવી તે અત્યંત મૂર્ખતા છે; તેવી રીતે જે માનવ આ કર્મભૂમિને પ્રાપ્ત કરીને તપશ્ચર્યા પૂર્વક ભગવાનનું ભજન કરતો નથી, તે મોટો દુર્ભાગી છે.

इयमेव परा हानिरुपसर्गोऽयमेव हि।
अभाग्य परमं चैतत् वासुदेवं न यत्स्मरेत्॥

મનુષ્ય-શરીર પ્રાપ્ત કરીને જે વાસુદેવ ભગવાનજીનું સ્મરણ ભજન કરતો નથી, તે તેની મોટી હાનિ છે, તે તેની એક મોટી બેઢંગી ભૂલ છે, સર્વથી મોટું દુર્ભાગ્ય છે.

(૧૬)

'चतुर्विधा भजन्ते मां, जनाः सुकृतिनोऽर्जुन!।
आर्तो जिज्ञासुरर्थार्थी ज्ञानी च भरतर्षभ!॥'

(૭,૧૬)

હે ભારતવંશમાં શ્રેષ્ઠ અર્જુન! પુણ્ય કર્મવાળા, ચાર પ્રકારનાં ઉત્તમ લોકો મારૂં ભજન કરે છે. એક આર્તજન છે, જે વિવિધ રોગ, સંકટ વગેરેથી ઉત્પન્ન થયેલાં દુઃખોના નિવારણ માટે મારૂં ભજન કરે છે. બીજો જિજ્ઞાસુ જન છે, જે મને-ભગવાનને યથાર્થરૂપે જાણવાની ઇચ્છા રાખીને ભજન કરે છે. ત્રીજો અર્થાર્થી જન છે, જે ઐહિક તથા પારલૌકિક ઈષ્ટ પદાર્થ મેળવવા માટે ભજન કરે છે. અને ચોથો જ્ઞાની જન છે, જેને નિષ્કામ ભાવે ભગવદ્-ભજન કરવું તે સ્વાભાવિક બની ગયું છે.

આનંદકંદ, સર્વસમર્થ, ભગવાન શ્રીકૃષ્ણ પોતાના પ્રિય શિષ્ય-ભક્ત અર્જુનને પોતાના ચાર પ્રકારના ભક્તજનોનું વર્ણન કરે છે. કોઈ પણ ઉદ્દેશથી જે મારામાં અનુરાગ રાખીને મારું ભજન કરે છે, તે મારો ભક્ત બની જાય છે. મારું ભજન બધા માણસો કરી શકતા નથી. પણ જે સુકૃતી જન છે, જેના જન્મજન્માંતરોના પુણ્યનો ઉદય થયો છે, તે જ પુણ્યશાળી માણસ મારું ભજન ખૂબ રુચિપૂર્વક, શ્રદ્ધા તથા એકાગ્રતાપૂર્વક કરે છે. જેવી રીતે ખૂબ ભૂખ લાગતાં જ ભોજન રુચિપૂર્વક કરી શકાય છે, અને તેનાથી મોટું સ્વાદસુખ મળે છે; ભૂખ ન લાગી હોય તો ભોજનમાં રુચિ રહેતી નથી, અને તેનાથી કાંઈ સ્વાદસુખ મળતું નથી; તેવી રીતે પુણ્યોનો ઉદય થાય ત્યારે જ ભગવદ્-ભજનમાં રુચિ થાય છે, અને તેનાથી ખૂબ આનંદ મળે છે. પુણ્યોદય ન થયા હોય, તો તે માણસને ભગવદ્-ભજનમાં રુચિ

થતી નથી, અને તેને તેનાથી કશો આનંદ મળતો નથી. માટે સુકૃતી, પુણ્યવાન માણસો જ ભગવદ્-ભજન કરી શકે છે; દુષ્કૃતી-પાપી માણસો કદાપિ ભગવદ્-ભજન કરી શકતા નથી. દુષ્કૃતીઓનાં મન હરદમ ભગવાનથી વિમુખ રહીને, સંસારનાં દ્વંદ્વોમાં જ ફસાયેલાં રહે છે; તેવી રીતે સુકૃતીઓનાં મન દ્વન્દ્વમય સંસારથી વિમુખ રહીને ભગવાનનાં જ મુનિમનહારી, કલિકલ્મષનિવારી, પુનિત ચરણારવિંદમાં ફસેલાં રહે છે.

આ સુકૃતીઓની ચાર પ્રકારની કક્ષાઓ છે. આર્ત, જિજ્ઞાસુ, અર્થાર્થી અને જ્ઞાની. આર્ત તેઓ છે, જે સંસારનાં જન્મ, મરણ વગેરે વિવિધ દુઃખોથી ખૂબ વ્યથા પામેલા છે, અને અનેક પ્રકારનાં સંકટોથી ઘેરાયેલા રહે છે, જે આ વિવિધ દુઃખો તથા સંકટોથી પોતાનું પરિત્રાણ કરવા ચાહે છે. જ્યારે સંસારનો કોઈ પણ પદાર્થ તેમાંથી પરિત્રાણ કરતો તેમના જોવામાં નથી આવતો, અને જ્યારે તે સર્વથી નિરાશ થઈ જાય છે, ત્યારે તે ભગવાનને શરણે જાય છે, ભગવાનને પોકારે છે, ભગવાન પ્રત્યે અભિમુખ બનીને તે ભગવાનનાં પાવન નામનો જપ કરે છે, ભગવાનને જ એક માત્ર પોતાના રક્ષણકર્તા નિશ્ચયપૂર્વક માને છે. એવો આર્ત ભક્ત હતો ગજરાજ. કોઈ વિદ્વાન મહાત્માએ સરોવરના અગાધ જલમાં નિમગ્ન ગજરાજના જ કથનનો આ પ્રમાણે ઉલ્લેખ કર્યો છે—

'मातङ्गाः कलभाः करेणुसहिताः मामेव ये संश्रिताः,
तेऽमी क्षीणवलं निरीक्ष्य सुहृदोऽप्युज्झित्य मां प्रस्थिताः ।
कर्तारं जगतां समस्त-विपदां हर्तारमेकं श्रियां,
भर्तारन्तु विना न संकट-समुद्धर्तारमीक्षे परम् ॥'

હાથણીઓ સાથે મોટા મોટા હાથીઓ તથા તેમનાં નાનાં બચ્ચાં—આ બધાં મારાં સુહૃદ્-બંધુ હતાં, જે બળવાન એવા

મારે આશ્રયે સદા રહેતાં હતાં. જ્યારે હું ગ્રાહ દ્વારા સરોવરમાં આકૃષ્ટ થઈને સરોવરના અગાધ જળમાં નિમગ્ન થઈ ગયો, ત્યારે તે સર્વ મને બલરહિત સમજીને, મારો પરિત્યાગ કરીને, યથેષ્ટ સ્થાને ચાલ્યાં ગયાં. જ્યારે હું એકલો જ સંકટમાં ફસેલો રહી ગયો, ત્યારે સર્વથી નિરાશ બનીને મેં એવો નિશ્ચય કર્યો કે-સમસ્ત જગત્‌ના કર્તા, નિખિલ વિપત્તિઓના હર્તા, સંપૂર્ણ શ્રીઓના ભર્તા, એક માત્ર શ્રીનારાયણ વિના આ સંકટમાંથી મારો સમુદ્ધાર કરનાર બીજું કોઈ નથી. અર્થાત્ એક માત્ર કૃપાસિંધુ, સર્વશક્તિમાન, ભગવાન નારાયણ જ આ સંકટમાંથી મારો ઉદ્ધાર કરી શકે તેમ છે, એવું મને યથાર્થ ભાન થયું.

શ્રીમદ્ ભાગવત વગેરે પુરાણોમાં ગજરાજનું સમગ્ર વર્ણન આ પ્રકારે કર્યું છે-ત્રિકૂટ નામનો, એક વિખ્યાત, એક શ્રેષ્ઠ પર્વત હતો. તે અત્યંત ઊંચાં શિખરોથી અનેક પ્રકારનાં વૃક્ષ, લતા તથા ગુલ્મોથી, અને ઝરણાંના પાણીના અવાજથી અત્યંત શોભાસંપન્ન હતો. તેના ઢોળાવ પર જાત જાતના હાથી, સિંહ, વાઘ વગેરે જંગલી પ્રાણીઓનાં ઝુંડ રહીને, તથા તરુવરોમાં નિવાસ કરનાર વિવિધ પ્રકારનાં પક્ષીગણ મધુર કલરવ કરીને, તેની શોભા વધારતાં હતાં. તેના પ્રાંગણમાં અનેક નદીઓ વહેતી હતી, તથા વરુણદેવનો એક સુંદર વિશાળ બગીચો બનેલો હતો. તે મંદાર, પારિજાત, પાટલ અશોક, આમ્ર, પનસ, પ્રિયાલ, સાલ, તાલ, તમાલ, રસાલ, વડ, પિપ્પલ, ઉદુંબર, કિંશુક, દેવદાર, બોર, બેલ, બહેડા, હરીતકી, આંબલી વગેરે વૃક્ષોથી, તથા તેમનાં દિવ્ય પુષ્પો અને ફળોથી ભરેલો સુશોભિત થઈ રહ્યો હતો. તેની પાસે વિવિધ રંગનાં કમલોથી સુશોભિત, એક બહુ મોટું સરોવર હતું. તે મદમત્ત ભ્રમરોના તથા હંસ, કારંડવ, સારસ, ચક્રવાક વગેરે જલચર પ્રાણીઓના મધુર કૂજનથી મુખરિત (શબ્દાયમાન) થઇ રહ્યું હતું.

એક દિવસ તે પર્વતના મનોહર વનમાં રહેનાર, એક મહા બલિષ્ઠ, ગંજાવર કદવાળો, યૂથપતિ, ગજરાજ તે સરોવરનાં કમલના પરાગથી સુવાસિત પવનની સુગંધ સૂંઘીને, પોતાની પ્રિયતમા હાથણીઓ સાથે ઘૂમતો ઘૂમતો, વાંસ, નેતર વગેરેની મોટી મોટી ઝાડીઓને પગ તળે કચરતો કચરતો, પોતાના તૃષાતુર જૂથ સાથે ત્યાં આવ્યો. તેના કપોલસ્થલમાંથી મદ ઝરી રહ્યો હતો. તેનાં ગંડસ્થલ પર મદનું આસ્વાદન કરનાર મધુકરોનાં ઝુંડ જામ્યાં હતાં. તે સૂર્યના પ્રચંડ આતપથી ગભરાયેલો હતો. તેની ચારે બાજૂએ બહુ હાથીઓ તથા હાથણીઓ ચાલી રહ્યાં હતાં. તેનાં બચ્ચાં પાછળ દોડયાં દોડયાં આવતાં હતાં. જલ્દી ઉપડનાર, વજનદાર, પગની ધમકથી તે સંપૂર્ણ પર્વત તથા વનને કંપાયમાન કરી દેતો હતો. તે ગજરાજે ત્યાં આવીને, તે સરોવરમાં ઘુસીને, સ્નાન કર્યું; અને કમલકેસરથી સુવાસિત, અમૃતસમાન મધુર જલનું યથેષ્ટ પાન કર્યું; બીજા ગૃહસ્થોની પેઠે મોહગ્રસ્ત બનીને, પોતાની સૂંઢના અગ્રભાગથી જલના ફુવારા છોડીને, તે પોતાની સાથેની હાથણીઓને તથા બચ્ચાંને નવરાવવા લાગ્યો તથા જલ પીવરાવવા લાગ્યો. પણ તે માયાથી મોહિત બનેલો ઉન્મત્ત હાથી આવનાર કષ્ટનો વિચાર ન કરી શક્યો.

તે જ સમયે દૈવેચ્છાથી કોઈ બલવાન ગ્રાહે (મગર મચ્છે) રોષે ભરાઈને તેનો પગ પકડી લીધો. અકસ્માત્ વિપત્તિગ્રસ્ત હોવાથી તે મહાબલવાન ગજેન્દ્રે તેના મુખમાંથી પોતાનો પગ છોડાવવા માટે પોતાની શક્તિ અનુસાર બહુ જોર કર્યું, પરંતુ તે સફળ ન થયો. પોતાના યૂથનાયકને અતિ બળવાન ગ્રાહ વડે બળપૂર્વક ખેંચાતો જોઈને અને દુ:ખી થતો જોઇને તેની પાસે ઉભેલાં બીજાં હાથીઓ તથા હાથણીઓ પણ અતિ આતુર બનીને

ચીસો પાડવા લાગ્યાં, પણ તેનો ઉદ્ધાર કરવામાં સફળ ન થયાં. અંતે નિરાશ બનીને, ગજરાજને તેવી જ દુઃખમય દશામાં છોડીને, તે સર્વ પોતપોતાને યથેષ્ટ સ્થાને ચાલ્યાં ગયાં. આ પ્રકારે એકબીજાને જલની અંદર તથા બહાર ખેંચતાં ખેંચતાં ગજ અને ગ્રાહને કેટલાંય વર્ષો વીતી ગયાં. અંતે વારંવાર જલની અંદર ખેંચાઈ જવાને કારણે ગજરાજ ખૂબ થાકી ગયો, અને તેનાં બળ તથા ઉત્સાહ ક્ષીણ થઇ ગયાં. આ ઘોર સંકટને સમયે તેના પૂર્વજન્મના શુભ સંસ્કાર જાગી ઊઠ્યા.

એ ગજેન્દ્ર પોતાવા પૂર્ણજન્મમાં ઈન્દ્રદ્યુમ્ન નમનો, વિખ્યાત પાંડયદેશનો રાજા હતો. તે વિષ્ણુ ભગવાનનો ભક્ત હતો. મલયાચલ પર્વત પર મૌન ધારણ કરીને, તપસ્વી બનીને, તે અચ્યુત ભગવાન શ્રીહરિની આરાધના કરી રહ્યો હતો. તે સમયે અગસ્ત્ય મુનિનો સત્કાર ન કરવાને કારણે, તેને મુનિનો શાપ મળ્યો અને તેને હાથીની યોનિ પ્રાપ્ત થઈ. અને તેને આ ઘોર સંકટને સમયે પૂર્વજન્મમાં કરેલી ભગવાનની આરાધનાના પ્રભાવથી એકદમ અચ્યુત ભગવાનની સ્મૃતિ જાગી ઊઠી, અને તે સર્વભાવે ભગવાન નારાયણને શરણે જઈને પોતાના રક્ષણ માટે આ પ્રકારે સ્તુતિ કરવા લાગ્યો કે–

'यः कश्चनेशो बलिनोऽन्तकोरगात्,
प्रचण्डवेगादभिधावतो भृशम् ।
भीतं प्रपन्नं परिपाति यद्भयात्,
मृत्युः प्रधावत्यरणं तमीमहि ॥'
(ભા. ૮,૨,૩)

જે અતિ બલવાન કાલરૂપી સર્પના પ્રચંડ વેગથી ભયભીત બનીને ભાગી જતી, શરણે આવતી વ્યક્તિની રક્ષા કરે છે, તથા જેના ભયથી મૃત્યુ પણ દોડે છે–અર્થાત્ પોતાના કાર્યમાં પ્રવૃત્ત

થાય છે, એવા જે કોઈ સર્વેશ્વર ભગવાન શ્રી નારાયણ છે, તે શરણપ્રદ પ્રભુને શરણે અમે જઈએ છીએ.

'यस्मिन्निदं यतश्चेदं येनेदं य इदं स्वयम्।
योऽस्मात्परस्माच्च परः, त प्रपद्ये स्वयम्भुवम्॥'

'यः स्वात्मनीदं निजमाययार्पितं,
क्वचिद्विभातं क्व च तत्तिरोहितम्।
अविद्धदृक् साक्ष्युभयं तदीक्षते,
स आत्ममूलोऽवतु मां परात्परः॥'

(ભા. ૮,૩,૩–૪)

જેમનામાં આ જગત્ અવસ્થિત છે, જેમનાથી આ ચરાચર ઉત્પન્ન થયું છે, જેમનાથી આ બહાર–અંદર વ્યાપ્ત છે, તેથી જે પોતે જ જગત્ છે, તથા જે આ કાર્યકારણરૂપ જગત્થી પર છે, તે ભગવાન સ્વયંભૂનુ હું શરણ લઉં છું. જેમની સ્વયંજ્યોતિ પ્રકાશરૂપી દૃષ્ટિ કોઈ પણ વખત લુપ્તથતી નથી, એવા જે સર્વાત્મા અદ્વય પ્રભુ છે, તે પોતાની અંદર પોતાની માયા દ્વારા અધ્યારોપિત–કોઈક વાર પ્રગટ થનાર અને કોઈક વાર તિરોહિત થઈ જનાર, આ કાર્યકારણરૂપ દ્વૈતપ્રપંચને તથા તેના અભાવને સાક્ષીરૂપે નિરંતર જોતા રહે છે, તે આત્મયોનિ પરાત્પર પ્રભુ મારી રક્ષા કરો.

ફરીથી તે માર્મિક ભાષા વડે ભગવત્સ્વરૂપનું વર્ણન કરતો કરતો ભગવાનને પુનઃ પુનઃ નમસ્કાર કરવા લાગ્યો—

'तस्मै नमः परेशाय, ब्रह्मणेऽनन्तशक्तये।
अरूपायोरुरूपाय नमः आश्चर्यकर्मणे॥
नमः शान्ताय घोराय मूढाय गुणधर्मिणे।
निर्विशेषाय साम्याय नमो ज्ञानघनाय च॥

क्षेत्रज्ञाय नमस्तुभ्यं सर्वाध्यक्षाय साक्षिणे।
पुरुषायात्ममूलाय मूल-प्रकृतये नमः॥'

(ભાગ. ૮,૩,૯-૧૨-૧૩)

અનંત શક્તિ, આશ્ચર્યકર્મા, રૂપરહિત હોવા છતાં અનેક રૂપો ધારણ કરનાર, તે પરબ્રહ્મ પરમેશ્વરને નમસ્કાર છે. માયાના સત્ત્વાદિ ગુણોના ધર્મોનું અનુસરણ કરીને કેટલીકવાર જે શાન્ત: બની જાય છે, કેટલીવાર રાજસ-ઘોર બની જાય છે, તથા કેટલીક વાર તામસ-મૂઢ બની જાય છે, તેવા વિચિત્ર વેષધારી ભગવાનને નમસ્કાર છે. જે વસ્તુત: નિર્વિશેષ છે-અર્થાત્ માયિક તથા ભૌતિક જાતિ, ગુણ, કર્મ, સંબંધ વગેરે કલ્પિત વિશેષતાઓથી રહિત છે, તથા જે સમાન ભાવથી સર્વત્ર અવસ્થિત છે, વિજ્ઞાનઘન છે, તેવા પરમાત્માને નમસ્કાર છે. જે ભગવાન ક્ષેત્રજ્ઞ પ્રત્યક્-આત્મા છે, સર્વના અધ્યક્ષ તથા સાક્ષી છે, તેમને નમસ્કાર હો. વળી જે પુરુષ છે, અર્થાત્ સર્વમાં પૂર્ણ છે તથા સર્વ શરીરોરૂપી પુરીઓમાં દ્રષ્ટારૂપે અવસ્થિત છે, પ્રતિબિંબભૂત સર્વ જીવાત્માઓના મૂળભૂત બિંબની સમાન વાસ્તવિક સ્વરૂપ છે, તથા સમસ્ત વિશ્વની મૂળ પ્રકૃતિ છે અર્થાત્ અભિન્ન નિમિત્તોપાદાન કારણરૂપ છે, તે પરમાત્માને નમસ્કાર હો.

'नमो नमस्तेऽखिलकारणाय, निष्कारणायाद्भुतकारणाय।
सर्वागमाम्नायमहार्णवाय, नमोऽपवर्गाय परायणाय॥'

(શ્રીમદ્ ભાગ. ૮,૩,૧૫)

જે સર્વના કારણ, સ્વયં કારણરહિત, તથા કારણ બનવા છતાંયે મૃત્તિકા વગેરેની પેઠે વિકારને પ્રાપ્ત ન થવાથી અદ્ભુત કારણરૂપ છે, જે સંપૂર્ણ વેદ તથા શાસ્ત્રોના અનંત જ્ઞાનના મહાસાગરરૂપ, નિર્વાણ-કૈવલ્યાત્મક મોક્ષસ્વરૂપ, તથા શ્રેષ્ઠ

બ્રહ્મવિત્ પુરુષોના પરમ આશ્રયરૂપ છે, તેવા આપ શ્રીનારાયણને મારા વારંવાર નમસ્કાર છે.

'प्रत्यग्दृशे भगवते बृहते नमस्ते'
'अनन्तमाद्यं परिपूर्णमीडे'
'निषेधशेषो जयतादशेषः'×
'करोतु मेऽदभ्रदयो विमोक्षणम्।'
(ભા. ૮,૩,૧૭–૨૧–૨૪–૧૯)

પ્રત્યક્ દ્રષ્ટારૂપ અપરિચ્છિન્ન તે ભગવાનને નમસ્કાર છે. અનંત, આદ્ય, પરિપૂર્ણ પરમાત્માની હું સ્તુતિ કરું છું. જે અશેષ વિશ્વરૂપ છે, તથા 'નેતિ, નેતિ' દ્વારા સમસ્ત દ્વૈતપ્રપંચનો નિષેધ કરતાં નિષેધાવધિ, પૂર્ણ, અદ્વય, અધિષ્ઠાનરૂપે પરિશિષ્ટ રહે છે, તે પરમાત્માનો જય હો. તે મહાન દયાના સાગરરૂપ પ્રભુ મારો ઉદ્ધાર કરો.

ગજેન્દ્રની આ પ્રકારે આર્તભાવથી કરાયેલી, આધ્યાત્મિક ભાવપૂર્ણ, માર્મિક સ્તુતિ સાંભળીને સર્વમય શ્રીહરિ પ્રગટ થયા. વેદમય ગરુડ પર આરૂઢ થઈને, હાથમાં સુદર્શન ચક્ર ધારણ કરીને, શ્રીનિવાસ ભગવાન નારાયણ જ્યાં ગજેન્દ્ર હતો ત્યાં બહુ જલ્દી આવ્યા.

× દ્વૈત પ્રપચનો નિષેધ ત્યારે જ થઈ શકે છે કે જ્યારે તે અધ્યારોપિત હોય. પરમાર્થ–સત્ય વસ્તુનો કદી નિષેધ થઈ શકતો નથી. જેવી રીતે ભ્રાન્તિથી રજ્જુ જ સર્પરૂપે પ્રતીત થાય છે, તેવી રીતે અવિદ્યાથી અધિષ્ઠાન બ્રહ્મ જ આરોપિત અશેષ વિશ્વરૂપે પ્રતીત થાય છે. આ પ્રકારે અધ્યારોપવાદ–ન્યાય દ્વારા દ્વૈત જગતનું મિથ્યાત્વ તથા અધિષ્ઠાન–પરિશિષ્ટ, અદ્વય, બ્રહ્મનું સત્યત્વ સિધ્ધ થાય છે. **ब्रह्म सत्यं जगन्मिथ्या।** સિદ્ધાન્ત માન્યા વિના ભગવતના આ વચનનો કોઈપણ બુધ્ધિમાન વિદ્વાનોની સમક્ષ બીજો અર્થ કરી જ શકે નહિ.

'सोऽन्तः सरस्युरुबलेन गृहीत आर्तो,
दृष्ट्वा गरुत्मति हरिं ख उपात्तचक्रम् ।
उत्क्षिप्य साम्बुजकरं गिरमाह कृच्छ्रात्,
नारायणाऽखिलगुरो ! भगवन्नमस्ते ॥'

(શ્રીમદ્ ભાગ. ૮,૩,૩૨)

તે સમયે સરોવરની અંદર મહા બળવાન ગ્રાહ દ્વારા પકડાયેલા, અત્યંત આર્ત ગજરાજે આકાશમાં ચક્રધારી શ્રીહરિને ગરુડ પર ચઢીને આવતા જોઈને, ભગવાનને સમર્પણ કરવા માટે પોતાની સૂંઢમાં એક કમળપુષ્પ લઈને, તેને ઉપરની બાજુએ ઊંચું કરીને, બહુ કષ્ટપૂર્વક આ પ્રકારે કહ્યું–હે નારાયણ, હે અખિલ–ગુરો, હે ભગવન્, આપને નમસ્કાર હો.

ભક્ત ગજેન્દ્રને અત્યંત પીડિત જોઈને, ભગવાન શ્રીહરિએ અતિ કૃપાપૂર્વક તેને ગ્રાહ સહિત સરોવરમાંથી બહાર કાઢયો, તથા પોતાના તીક્ષ્ણ ચક્ર વડે નક્રના વક્ત્રને (મુખને) કાપી નાંખીને ગજેન્દ્રને છોડાવ્યો.

એ જે ગ્રાહ હતો, તે પૂર્વજન્મમાં ગંધર્વશ્રેષ્ઠ હૂહૂ હતો. તેને દેવલ ઋષિના શાપથી તે ગ્રાહ યોનિ પ્રાપ્ત થઈ હતી. તેણે ભગવાનના ચક્રવડે તે યોનિથી મુક્ત બનીને તરત જ દિવ્ય શરીર ધારણ કર્યું, અને તે ઉત્તમશ્લોક, અવિનાશી, જગદીશ્વર, શ્રીનારાયણને શિર ઝુકાવીને પ્રણામ કર્યા પછી તેમનો સુયશ ગાવા લાગ્યો, અને પછી ભગવાનની કૃપાથી પાપહીન બનીને પોતાના લોકમાં ચાલ્યો ગયો.

ભગવાનનો સ્પર્શ થવાથી ગજેન્દ્ર પણ અજ્ઞાન બંધનથી મુક્ત થઈ ગયો, અને પીતાંબરથી સુશોભિત, ચતુર્ભુજરૂપ ધારણ કરીને ભગવાનના સારૂપ્યને પામ્યો. આ પ્રકારે ગજરાજનો ઉદ્ધાર કરીને ભગવાન, પદ્મનાભ, પ્રભુ પોતાના પાર્ષદ બનેલા તે ગજેન્દ્રની સાથે ગરુડારૂઢ બનીને પોતાના દિવ્ય ધામમાં ચાલ્યા ગયા.

આ ગજેન્દ્ર-ઉપાખ્યાનનું આધ્યાત્મિક રહસ્ય આ પ્રકારનું છે, કારણ કે શ્રીમદ્ ભાગવતનો એ સિદ્ધાંત છે કે—

'बर्हिष्मन्नेतदध्यात्मं, पारोक्ष्येण प्रदर्शितम्।
यत्परोक्षप्रियो देवो भगवान्विश्वभावनः॥'

(૪, ૨૮, ૩૫)

હે બર્હિષ્મન્! મેં તમને આ અધ્યાત્મજ્ઞાનનું વર્ણન ઉપાખ્યાનદ્વારા પરોક્ષરૂપે સંભળાવ્યું છે, કારણકે જગત્‌ના રચયિતા ભગવાનને અપ્રગટ (ગુપ્ત) વર્ણન જ પ્રિય છે.

આ અવિદ્યાના વશમાં રહેલો જીવ જ ગજ છે, જે અનેક ઉચ્ચનીચ યોનિઓમાં વારંવાર જન્મ લે છે, અને ક્રમશઃ એક એક યોનિને છોડીને, કર્મને અધીન બનીને, અન્ય અન્ય યોનિને પ્રાપ્ત થતો રહે છે. તેથી ગજનો યૌગિક અર્થ છે गच्छति इति गः, जायते इति जः। गश्च असौ जश्च इति गजः। અર્થાત્ પુનઃ પુનઃ જે અનેક યોનિઓમાં ઉત્પન્ન થાય છે, અને એક શરીર ત્યજીને બીજા શરીરમાં જતો રહે છે, તે ચોરાસી લાખ યોનિઓમાં ભ્રમણ કરનાર જીવાત્મા જ ગજ છે. તે પોતાના સ્ત્રી, પુત્ર વગેરે પરિવાર સાથે શબ્દાદિ વિષયોના સમુદાયરૂપી સુંદર વનમાં ઉન્મત્ત થઈને સતત ભ્રમણ કરતો રહે છે. ભ્રમણ કરતાં કરતાં તે અત્યંત થાકી જાય છે, છતાં પણ તેની ભોગેચ્છાઓ કદી શાંત થતી નથી. भोगा न भुक्ता वयमेव भुक्ताः, तृष्णा न जीर्णा वयमेव जीर्णाः (ભર્તૃહરિ)—હાય, અમે સંપૂર્ણ ભોગો ભોગવી શક્યા નહિ, મનની મનમાં જ રહી ગઈ, ઊલટા તે ભોગોએ અમને ભોગવી નાંખ્યા. અમારી વિષયતૃષ્ણા જીર્ણ ન થઈ, પણ અમારાં શરીર જ જીર્ણ-શીર્ણ થઈ ગયાં—આવી દશા થાય છે. ત્યારે તે આસક્તિરૂપી સરોવરમાં પ્રવેશ કરે છે. ત્યાં તેને પ્રબળ મોહરૂપી મગર પકડી લે છે. બહુ જોર કરતાં છતાં તે પેલા

મોહપાશમાંથી છૂટી શકતો નથી. કોઈ બંધુવર્ગ પણ તેને તેમાંથી છોડાવી શકતો નથી. મોહપાશમાં તે અત્યંત કષ્ટ પામતો પામતો જ્યારે સંસારથી મુખ ફેરવી લે છે, અને વિષયાસક્ત મનરૂપી કમળને ભગવાન, સર્વાત્મા, અચ્યુત, નારાયણને સમર્પિત કરી દે છે, ત્યારે તે ભગવત્કૃપાથી સમ્યક્ જ્ઞાન પ્રાપ્ત કરે છે. આ સમ્યક્ જ્ઞાન જ વિષ્ણુનું સુદર્શન ચક્ર છે. सम्यक् अपरोक्षतया प्रत्यगभिन्नब्रह्मदर्शनं यस्मात् तत् सुदर्शनम्। તે જ ચક્રાયુધની પેઠે મોહરૂપી ગ્રાહનું છેદન કરી શકે છે. અવિદ્યારૂપી મોહની નિવૃત્તિ થતાં તે સ્વસ્વરૂપાવસ્થાનરૂપ કૈવલ્યને-મોક્ષને પ્રાપ્ત કરી ધન્ય બની જાય છે.

બીજાં આર્ત ભક્ત હતાં દ્રૌપદી. કૌરવોની સાથે પાંડવો દ્યૂત રમ્યા. તેમાં યુધિષ્ઠિર પોતાનું સમગ્ર ઐશ્વર્ય હારી ગયા, અને દુર્યોધન પોતાના મામા, કપટનિપુણ શકુનિની મદદથી જીતતો જ ગયો. દ્યૂતમાં હોડમાં મૂકવા માટે બીજું કશું ન રહ્યું, ત્યારે પાંડવોએ પોતાની જાતને હોડમાં મૂકી. અને તે બધા જ પોતાની જાતને હારી ગયા. તેથી પાંડવોને કૌરવોની દાસતા સ્વીકારવાનો પ્રસંગ આવ્યો. અંતમાં યુધિષ્ઠિરે પોતાની મહારાણી, પરમ સુંદરી, દેવી દ્રૌપદીને પણ હોડમાં મૂક્યાં. અને તે દ્રૌપદીને પણ હારી ગયા. બસ, હવે શું બાકી રહ્યું ? નીચ દુર્યોધને દ્રૌપદીને પોતાની દાસી સમજીને, તેને સભામાં લઈ આવવા માટે દુઃશાસનને મોકલ્યો. તે સમયે દ્રૌપદી રજસ્વલા અને એકવસ્ત્રા હતાં. તેમણે પોતાની અસ્પૃશ્ય દશા બતાવી, અને અનુનય-વિનય કર્યો. તો પણ દુષ્ટ દુઃશાસન તેમને બળજબરીથી ચોટલો પકડીને, ઘસડીને, સભામાં લાવ્યો, અને બધાની સમક્ષ દુર્યોધનની આજ્ઞાથી તેમનાં વસ્ત્ર ખેંચીને તેમને નગ્ન કરવાનો પ્રયત્ન કરવા લાગ્યો. સભાસદોમાંથી કોઈની પણ

હિંમત ન ચાલી કે—આ અમાનુષી અત્યાચારને રોકે. નીચોની આ નીચતા પર ભીષ્મ વગેરે સજ્જનોને રોષ તો જરૂર આવ્યો હશે, પણ તેમણે પણ કોઈ અદૃષ્ટ કારણને લઈને કશી જ સહાયતા ન કરી. યુધિષ્ઠિર વગેરે પાંડવો સત્ય પ્રતિજ્ઞાની બેડીથી બંધાયેલા હોવાને કારણે માથું નીચું કરીને ચુપચુપ બેસી રહ્યા. દ્રૌપદીએ આર્ત બનીને પહેલાં ભીષ્મ વગેરેને પોકાર કર્યો, પછી પોતાના પતિઓને તે પોકારવા લાગી, પરંતુ જ્યારે કોઈ કશું જ કરી શક્યું નહિ, ત્યારે પોતાની લાજ બચાવવાનો બીજો કોઈ ઉપાય ન જોઇને, અત્યંત આતુર બનીને, ભગવાન શ્રીકૃષ્ણને તેમણે આ પ્રકારે પુકાર કર્યો—

'गोविन्द द्वारकावासिन् कृष्ण गोपीजनप्रिय !।
कौरवैः परिभूतां मां किं न जानासि केशव !॥
हे नाथ ! हे रमानाथ ! व्रजनाथार्तिनाशन !।
कौरवार्णवमग्नां मामुद्धरस्व जनार्दन !॥
कृष्ण कृष्ण ! महायोगिन् ! विश्वात्मन् ! विश्वभावन !।
प्रपन्नां पाहि गोविन्द ! कुरुमध्येऽवसीदतीम् ॥'

(મહાભારત સભાપર્વ ६૮,૪૧–૪૪)

હે ગોવિન્દ, હે દ્વારકાવાસી, હે સચ્ચિદાનંદસ્વરૂપ પ્રેમઘન શ્રીકૃષ્ણ, હે ગોપીજનવલ્લભ, હે કેશવ, હું કૌરવો દ્વારા અપમાનિત થઈ રહી છું. તે વાતને શું આપ અંતર્યામી ભગવાન જાણતા નથી? હે નાથ, હે રમાનાથ, હે વ્રજનાથ, હે દુઃખભંજન જનાર્દન, હું કૌરવોરૂપી સમુદ્રમાં ડૂબી રહી છું. તમે મને તેમાંથી બહાર કાઢો. હે કૃષ્ણ, કૃષ્ણ, મહાયોગી, વિશ્વાત્મન્, વિશ્વના જીવનદાતા ગોવિંદ, હું આ દુષ્ટ કૌરવોથી ઘેરાયેલી, કસાઈઓના હાથમાં પડેલી ગાયની પેઠે, મોટા સંકટમાં આવી પડી છું, તમારે શરણે આવી છું, મારી રક્ષા કરો.

સાચા હૃદયનો કરુણ પોકાર ભગવાન તરત સાંભળે છે. ભક્તવત્સલ ભગવાને તે સમયે સ્વયં પ્રગટ થવું અનુચિત સમજીને, દ્રૌપદીની લાજ રાખવા માટે તથા દુષ્ટોના અખર્વ (મહાન) ગર્વનું ખંડન કરવા માટે દશાવતારથી અતિરિક્ત, અગિયારમો જડરૂપે પ્રતીયમાન વસ્ત્રાવતાર ધારણ કર્યો. દ્રૌપદીની સાડી અનંતરૂપ બની ગઈ. દુઃશાસન તેને જેમ જેમ ખેંચવા લાગ્યો, તેમ તેમ તે વધતી જતી હતી, જોતજોતામાં ત્યાં વસ્ત્રનો ઢગલો થઈ ગયો. વસ્ત્રોના માર્કિટ પેઠે સભાનું દૃશ્ય બની ગયું. મહાબલવાન દુઃશાસનની દશ હજાર હાથીઓના બળવાળી ભુજાઓ થાકી ગઈ, પણ સાડીનો છેડો હાથ ન આવ્યો.

दश हजार गज बल थक्यौ, घटयौ न दश गज चीर,
बाल न बांका कर सके, जो सहाय यदुवीर.

દ્રૌપદી સાડીથી ઢંકાઈ ગયાં. साड़ी बिच नारी है कि नारी बिच साड़ी है—તેનો કોઈને કશો પત્તો ન લાગ્યો. અંતે થાકીને દુઃશાસન નીચું માથું કરીને બેસી ગયો. કેટલાક નિર્લજ્જ લોકો વસ્ત્રોનો ઢગલો જોઈને, કેટલાંક વસ્ત્રો ઉઠાવીને લઈ જવા લાગ્યા. પણ જ્યાં તેમણે એ હાથથી વસ્ત્ર ઊઠાવ્યાં, કે તે અદૃશ્ય થઈ જવા લાગ્યાં. ઉપસ્થિત સમગ્ર સમાજે ભક્તિ તથા પ્રાર્થનાનો અદ્ભુત ચમત્કાર જોયો. ભગવાને પોતાનાં ભક્ત દ્રૌપદીની લાજ રાખી. સભ્ય લોકોએ દુર્યોધન, દુઃશાસન વગેરે દુષ્ટ લોકોનો ધિક્કાર કર્યો, અને દ્રૌપદીની પ્રશંસા કરી. અંધ ધૃતરાષ્ટ્ર પણ આ ઘટનાથી વિસ્મય પામીને દુષ્ટ દ્રૌપદીને પ્રસન્ન કરવા માટે વરદાન આપવા લાગ્યો. દ્રૌપદીએ વરદાન ન માગ્યું, પ્રાર્થના કરી કે—તે કૌરવ લોકો પોતાના પાંચ પતિઓને દાસપણામાંથી મુક્ત કરે, અને તેમનું રાજ્ય-ઐશ્વર્ય તેમને

પાછું સોંપી દે. વિદુરના કહેવાથી ધૃતરાષ્ટ્રે એ પ્રાર્થનાનો સ્વીકાર કર્યો.

દ્રૌપદીનાં આ ચરિત્રનું આધ્યાત્મિક રહસ્ય આ પ્રકારનું છે. 'દ્રુ' વૃક્ષનું નામ છે. લક્ષણાથી તેના કાષ્ઠની બનેલી પાદુકાઓ પણ 'દ્રુ' નામથી કહી શકાય છે. તે પાદુકાઓ જેના પગમાં (પદમાં) છે, તે દ્રુપદ. આ પ્રકારે દ્રુપદનો અર્થ ત્યાગી, વિરાગી, સાધક, યતિ–એવો સિદ્ધ થાય છે. જે પગના રક્ષણ માટે કાષ્ઠનિર્મિત પાદુકાઓ જ પહેરે છે, ચર્મનિર્મિત ઉપાનહ (જોડા) નથી પહેરતો, તે દ્રુપદની દૈવી ભાવોથી ભરેલી નિર્મલ બુદ્ધિનું નામ છે 'દ્રૌપદી' તેનાં બ્રહ્મચર્ય, સંયમ, અભય, ભક્તિ વૈરાગ્ય વગેરે દૈવી ભાવરૂપી વસ્ત્રોને કામ, ક્રોધ વગેરે રૂપી કૌરવો ખેંચીને, તેને દૈવભાવશૂન્ય, નગ્ન બનાવવા માગતા હતા, પણ તે સંન્યાસી, ભક્ત, સાધક પોતાની દૈવી, પવિત્ર બુદ્ધિની રક્ષા માટે આનંદનિધિ ભગવાનની પુનઃ પુનઃ શ્રદ્ધા તથા ભક્તિપૂર્વક સ્તુતિ–પ્રાર્થના કરતો રહે છે. ભગવાનની અનુપમ કૃપાથી તેની બુદ્ધિરૂપી દ્રૌપદીનું પરિત્રાણ થાય છે, કદી પણ ક્ષીણતા થતી નથી, પરંતુ તેના દૈવી ભાવોની અનંતગણી અભિવૃદ્ધિ જ થતી રહે છે. ભગવાનના વિમલ અનુગ્રહને પ્રતાપે તે પ્રતિરોધક આસુરી ભાવોને કચડી નાંખીને, કલ્યાણ માર્ગમાં નિર્ભય બનીને, આગળ ને આગળ જ વધતો રહે છે, શ્રેયોમાર્ગથી કદી ભ્રષ્ટ થતો નથી. માટે શ્રીમદ્ ભાગવતમાં કહ્યું છે કે–

तथा न ते माधव तावकाः क्वचित्
भ्रश्यन्ति मार्गात् त्वयि बद्धसौहृदाः ।
त्वयाभिगुप्ता विचरन्ति निर्भया
विनायकानीकपमूर्धसु प्रभो ॥ (૧૦,૨ ૩૩)

હે માધવ, જે આપનામાં જ સુદૃઢ પ્રેમ રાખનાર, આપના

શ્રદ્ધાલુ ભક્તજન છે, તેઓ તે કેવળ નિર્ગુણોપાસક જ્ઞાનાભિમાનીઓની પેઠે, દૈવીભાવોથી વિભૂષિત, પવિત્ર, કલ્યાણમાર્ગથી કદાપિ ભ્રષ્ટ થતા નથી; કારણ કે આપ પોતે જ આપના ભક્તોની રક્ષા કરતા રહો છો. માટે હે પ્રભો! તે જ્ઞાનીભક્તો આપનાથી સુરક્ષિત બનીને, નિર્ભય થઈ ને, વિઘ્નોની સેનાના સરદારના માથા પર પગ મૂકીને, અમંદ આનંદમાં મગ્ન બની વિચરે છે.

ભક્તોનાં ચરિત્રોનાં આધ્યાત્મિક રહસ્યોનું એવું તાત્પર્ય કદી નહિ સમજવું જોઈએ કે-પૂર્વોક્ત ભક્ત ઐતિહાસિક દૃષ્ટિએ કદી થયા જ નથી, તેમનું ચરિત્ર કેવલ કવિઓની કલ્પનામાત્ર છે. આ પાવન ધરાધામમાં તે સઘળા ભક્તો અવશ્ય થઈ ગયા છે, અને તેમનું શ્રદ્ધેય ચરિત્ર પણ એવું બનેલું જ છે. તેમાં કોઈપણ પ્રકારે શ્રદ્ધાળુ લોકોએ સંદેહ જ ન કરવો જોઈએ. તેમના આધ્યાત્મિક રહસ્યને પ્રદર્શિત કરવાનો અભિપ્રાય એટલો જ છે કે-આપણે પણ તેવું ચરિત્ર આપણામાં લાગુ કરીએ-કરી શકીએ; અને પ્રત્યક્ષરૂપે આધ્યાત્મિક શ્રેય પ્રાપ્ત કરીને આપણા જીવનને પ્રશસ્ત તથા ધન્ય બનાવી શકીએ.

સંસારમાં સર્વના ઉપર થોડાંઘણાં સંકટો-દુઃખો તો આવતાં જ રહે છે. એવો કોઈ નહિ હોય કે જેની ઉપર કોઈ પણ પ્રકારનું સંકટ આવ્યું જ નહિ હોય. પરંતુ સુકૃતી માણસો સંકટને સમયે ભગવાનને પુકારે છે, ભગવાનનું પાવન નામ જપે છે, શ્રદ્ધા તથા વિશ્વાસપૂર્વક ભગવચ્ચિંતન કરતા કરતા ભગવાનમાં એકતાન થઈ જાય છે, જેથી તેમને દુઃખનું, દુઃખ આપનારનું તથા શરીરનું ભાન જ રહેતું નથી. પરંતુ ભગવદ્વિમુખ, દુષ્કૃતી લોકો 'હાય રે, મરી ગયો રે, બાપ રે' એવી નિરર્થક ચીસો પાડતા રહે છે, અને ભગવાનનું ભજનકીર્તન કરતા નથી. તેથી તેમનું દુઃખ ડબલ બની જાય છે, શારીરિક દુઃખની સાથે

સાથે માનસિક દુઃખ વધારાનું આવી મળે છે. માટે સજ્જનો! સંકટ સમયે ગભરાઓ નહિ, ધીરજ રાખો, એકતાનતાપૂર્વક ભગવાનનું ભજન કરો. સર્વસમર્થ, કૃપાળુ શ્રી ભગવાન અમને અવશ્ય સંકટોમાંથી બચાવશે—એવો દૃઢ વિશ્વાસ રાખો.

વ્રજવાસીઓ ઉપર યજ્ઞભંગને લીધે ઈન્દ્ર બહુ ગુસ્સે થયો. વીજળીની ચમક, વાદળોની ગર્જના, તથા પ્રચંડ શીતલ પવન વેગપૂર્વક વહેવા લાગ્યો. મૂસળધાર વરસાદ વરસાવીને તથા મોટા મોટા કરા પાડીને, ઇન્દ્ર તેમને ખૂબ પીડા આપવા લાગ્યો. તે સમયે સર્વ વ્રજવાસીઓ શ્રીહરિને શરણે જઈને આ પ્રકારે પ્રાર્થના કરવા લાગ્યા કે—

'कृष्ण! कृष्ण! महाभाग! त्वन्नाथं गोकुलं प्रभो!।
त्रातुमर्हसि देवान्नः कुपिताद्भक्तवत्सल!॥'
(ભા. ૧૦,૨૫,૧૩)

હે કૃષ્ણ, હે કૃષ્ણ, મહાભાગ, આ ગોકુળના એકમાત્ર સ્વામી આપ જ છો. હે પ્રભો, હે ભક્તવત્સલ, આ કોપેલા ઈન્દ્રદેવથી આપ અમારી રક્ષા કરો.

પોતાના આર્તભક્ત વ્રજવાસીઓની રક્ષા કરવા માટે શ્રીકૃષ્ણે જેમ કોઈ બાળક છત્રાક પુષ્પને (બિલાડીના ટોપને) સહેલાઈથી ઊઠાવી લે, તેમ પોતાના એક હાથ વડે ગોવર્ધન પર્વતને ઉખાડીને ઊઠાવી લીધો. અને કહ્યું–હે વ્રજવાસીઓ, મારા હાથમાંથી પર્વત પડવાની શંકા ન કરતાં, વર્ષા, વાયુ વગેરેના ભયથી બચવા માટે આ પર્વતના ખાડામાં આવીને સુખપૂર્વક બેસી જાઓ. આ પ્રકારે ભગવાને સાત દિવસ સુધી ગોવર્ધનને ઊઠાવીને વ્રજવાસીઓની રક્ષા કરી, અને ઇન્દ્રના અખર્વ (મહાન) ગર્વનું દલન કર્યું.

જરાસંધના કારાગારમાં પડેલા રાજા લોકો પણ ભગવાનના આર્તભક્ત હતા. સંકટ સમયે તેઓ પણ સંસારથી ઉપરામ બનીને, શ્રદ્ધાપૂર્વક ભગવાનની આવી સ્તુતિ કરવા લાગ્યા હતા કે—

'नमस्ते देवदेवेश ! प्रपन्नार्तिहराव्यय !।
प्रपन्नान्पाहि नः कृष्ण ! निर्विण्णान्घोरसंसृतेः ॥
नैनं नाथान्वसूयामो मागधं मधुसूदन !।
अनुग्रहो यद्भवतो राज्ञां राज्यच्युतिर्विभो ! ॥
राज्यैश्वर्यमदोन्नद्धो न श्रेयो विन्दते नृपः।
त्वन्मायामोहितोऽनित्या मन्यते सम्पदोऽचलाः ॥
मृगतृष्णां यथा बाला मन्यन्त उदकाशयम्।
एवं वैकारिकीं मायां, अयुक्ता वस्तु चक्षते ॥'

(ભા. ૧૦,૭૩,૮–૯–૧૦–૧૧)

હે શરણાગતના ભયને ભાગનારા, અવિનાશી દેવદેવેશ્વર, આપને પ્રણામ છે. હે કૃષ્ણ, અમે ઘોર દુઃખમય સંસારથી ઉપરત બનીને આપને શરણે આવ્યા છીએ. આપ અમારી રક્ષા કરો. હે નાથ, હે મધુસૂદન, હે વિભો, આ જરાસંધ પર અમે કોઈ પણ પ્રકારનો દોષ લગાવતા નથી. કારણકે તેણે અમારું રાજ્ય છિનવી લીધું છે, તે તો આપનો અનુગ્રહ જ હતો. રાજ્ય અને ઐશ્વર્યના મદથી ઉન્મત્ત રહેવાને કારણે રાજાને શ્રેયની (કલ્યાણની) પ્રાપ્તિ થતી નથી. તે તો આપની માયાથી મોહિત બનીને, અનિત્ય તથા ચંચલ સંપત્તિને નિત્ય તથા નિશ્ચલ જ માને છે, જેવી રીતે ભ્રાન્ત લોકો મૃગતૃષ્ણાના મિથ્યા જલને વાસ્તિવક જલાશય માને છે, તેવી રીતે આ અજ્ઞાની મૂઢ લોકો પ્રપંચરૂપ, વિકારવાળી માયાને પરમાર્થ–સત્ય વસ્તુ માને છે.

'तं नः समादिशोपायं येन ते चरणाब्जयोः।
स्मृतिर्यथा न विरमेदपि संसरतामिह ॥

कृष्णाय वासुदेवाय, हरये परमात्मने।
प्रणतक्लेशनाशाय गोविन्दाय नमो नमः॥'

(ભાગ. ૧૦ ૭૩,૧૫–૧૬)

માટે હે પ્રભો, કૃપા કરીને હવે તમે અમને તેવો ઉપાય બતાવો, જેનાથી આ સંસારનાં વિવિધ દ્વન્દ્વોનો અનુભવ કરતાં છતાં, અમારી આપનાં ચરણકમલની સ્મૃતિ નષ્ટ ન થાય. હે વાસુદેવ, હે હરિ, હે પરમાત્મા, શરણાગતોના ક્લેશ નષ્ટ કરનાર–હે ગોવિન્દ, આપને–કૃષ્ણને અમારા પુનઃ પુનઃ પ્રણામ છે.

આ પ્રકારે આર્તભક્ત રાજાઓની સ્તુતિ-પ્રાર્થના સાંભળીને શ્રીભગવાને ભીમસેન દ્વારા જરાસંધને મારીને, રાજાઓને બંદિ-ગૃહમાંથી છોડાવ્યા. વળી કહ્યું કે—

'अद्य प्रभृति वो भूपाः! मय्यात्मन्यखिलेश्वरे।
सुदृढा जायते भक्तिर्बाढमाशंसितं तथा॥'

(ભા. ૧૦,૭૩;૧૮)

હે નૃપતિઓ, તમે જે કંઈ પ્રાર્થના કરી હતી, તે ઠીક જ છે. તમે જે મારું ભજન કરવાનો નિશ્ચય કર્યો છે, તે મોટા સૌભાગ્યની વાત છે. આજથી સર્વના આત્મારૂપ મારામાં–સર્વેશ્વરમાં તમારી સુદૃઢ ભક્તિ થશે.

'उदासीनाश्च देहादौ, आत्मारामा धृतव्रताः।
मय्यावेश्य मनः सम्यङ्मामन्ते ब्रह्म यास्यथ॥'

(ભા. ૧૦,૭૩,૨૩)

દેહાદિમાં ઉદાસીન, આત્મારામ તથા બ્રહ્મચર્યાદિ વ્રતોનું પાલન કરનારા બનીને, મનને સારે પ્રકારે મારામાં–પરમાત્મામાં લગાવીને, અંતે તમે મને–બ્રહ્મને પ્રાપ્ત થશો.

આ પ્રકારે ભક્તવત્સલ ભગવાને રાજાઓને ઉપદેશ આપીને, સર્વ પ્રકારે પ્રસન્ન કરીને, પોત પોતાના દેશમાં વિદાય કર્યા.

માટે અદ્વૈત-સિદ્ધાંત-મહારથી મધુસૂદન સ્વામીએ પોતાની ગીતા પરની સંસ્કૃત વ્યાખ્યામાં આર્ત ભક્તોની ગણનામાં પ્રધાનરૂપે આ ચારનો જ ઉલ્લેખ કર્યો છે-आर्तः आर्त्या शत्रुव्याध्याद्यापदा ग्रस्तः, तन्निवृत्तिमिच्छन्, यथा मखभङ्गेन कुपित इन्द्रे वर्षति व्रजवासी जनः, यथा वा जरासन्ध-कारागारवर्तिराजनिचयः, द्यूतसभायां वस्त्रावकर्षणे द्रौपदी च, ग्राहग्रस्तो गजेन्द्रश्च। અર્થાત્ શત્રુ, વ્યાધિ વગેરે વડે જન્ય વિપત્તિરૂપ આર્તિથી ગ્રસ્ત છે, તથા તેની નિવૃત્તિની અભિલાષા રાખે છે, તે આર્તભક્ત છે. જેવી રીતે યજ્ઞભંગથી ઈન્દ્ર કુપિત થયો ત્યારે પ્રચંડ વરસાદને સમયે વ્રજવાસી લોકો, અથવા જેવી રીતે જરાસંધના કારાગારમાં પડેલા રાજાઓનો સમુદાય, તથા દ્યૂતસભામાં વસ્ત્ર ખેંચાતી વખતે દ્રૌપદી, તથા ગ્રાહથી ગ્રસ્ત ગજરાજ-આ બધા આર્ત ભક્તો હતા.

એવાં બીજાં પણ આર્ત ભક્તોનાં ઘણાં ઉદાહરણ આપી શકાય તેમ છે. વર્તમાન સમયમાં પણ આર્તભક્તોનાં અનેક વૃત્તાંત સાંભળવામાં આવે છે. અમુક સ્થળે અમુક દુર્ઘટના બની. સાચા હૃદયથી તેણે ભગવાનને પોકાર્યા. ભગવાને રક્ષા કરી, તેનું સંકટ દૂર થઈ ગયું-વગેરે.

આર્ત ભક્ત પછી જિજ્ઞાસુ ભક્તનો નંબર આવે છે. જિજ્ઞાસુ ભક્ત તેને કહેવાય કે જે સંસારનાં સુખદુ:ખાદિ દ્વન્દ્વોની પરવા ન કરતાં, તેનાથી અત્યંત ઉપરત બનીને, એકમાત્ર તે પૂર્ણ પરમાત્માને સારી રીતે જાણવાની ઈચ્છા રાખે છે, અને તથી જે ભગવાનને શરણે જઈને ભગવાનનું જ એકાગ્ર ચિત્તથી ભજન કરતો રહે છે. એવા જિજ્ઞાસુ ભક્ત હતા ઉદ્ધવ.

જ્યારે ઉદ્ધવે દ્વારકાપુરીમાં અનેક પ્રકારના અનિષ્ટસૂચક

ઉત્પાતો જોયા, અને ભગવાન દ્વારા તેને ખબર પડી કે-એ દ્વારાપુરી થોડા સમય પછી સમુદ્રમાં ડૂબી જવાની છે, સમસ્ત યાદવોનો વિનાશ થવાનો છે, ભગવાન પણ ધરાધામને છોડીને સ્વધામમાં ચાલ્યા જવાના છે, ત્યારે ઉદ્ધવના હૃદયમાં આ અનિત્ય તથા અસાર, દુઃખમય સંસારથી વૈરાગ્ય થયો, અને પરમાર્થ, સત્ય તત્ત્વ, પરબ્રહ્મને જાણવાની પ્રબળ ઇચ્છા થઈ. ત્યારે તેમણે જિજ્ઞાસા શાન્ત કરવા માટે એકાંતમાં અવસ્થિત જગદ્‌-ગુરુ ભગવાન શ્રીકૃષ્ણની પાસે જઈને ઉપદેશ માટે પ્રાર્થના કરી. શ્રી ભગવાને તેમને જિજ્ઞાસાયુક્ત જાણીને અનેક પ્રકારનો ઉપદેશ કર્યો. શ્રીમદ્‌ ભાગવતના એકાદશ સ્કંધમાં ઉદ્ધવ પ્રત્યે ભગવાને આપેલો ઉપદેશ સંક્ષેપમાં સારરૂપે આ પ્રકારે હતો—

'यदिदं मनसा वाचा चक्षुर्भ्यां श्रवणादिभिः।
नश्वरं गृह्यमाणं च विद्धि माया-मनोमयम्॥'

(ભા૦ ૧૧,૭,૭,)

હે ઉદ્ધવ! મન, વાણી, નેત્ર અને કાન વગેરે વડે આ જે કંઈ નામરૂપાત્મક દ્વૈત-જગત્‌ પ્રતીત થઈ રહ્યું છે, તે સર્વ નાશવંત છે, અને મન વડે કલ્પિત-મિથ્યા-માયામય છે, એમ જાણ.

મિથ્યાત્વ-ભાવના વિના વરાગ્ય દૃઢ થતો નથી. માટે ભગવાનનો તે ઉપદેશ વૈરાગ્યની દૃઢતા માટે હતો. માટે જ દૃઢ વૈરાગ્યવાળો, ભદ્ર માનવી જ સર્વાત્મા, અદ્વય પરબ્રહ્મમાં પોતાના મનને અનન્ય ભાવથી સ્થાપીને સદા મસ્ત તથા આનંદમગ્ન રહે છે. માટે ભગવાન કહે છે કે—

'त्वं तु सर्वं परित्यज्य स्नेहं स्वजनबन्धुषु।
मय्यावेश्य मनः सम्यक् समदृग्विचरस्व गाम्॥'

(ભા. ૧૧,૭,૬)

૩૧

હે ઉદ્ધવ, તું તારા કુટુંબી બંધુઓનો સંપૂર્ણ મોહ છોડીને, મારામાં-અદ્વય, સચ્ચિત્સુખ પરમાત્મામાં અનન્ય ભાવે મનને લગાવીને, સર્વત્ર સમદૃષ્ટિ રાખતો, નિર્ભયતાપૂર્વક મસ્તીથી પૃથ્વીમાં વિચરણ કર—

'आत्मानुभवतुष्टात्मा नान्तरायैर्विहन्यसे।'

(ભા. ૧૧,૭,૧૦)

આત્મા દેહાદિથી વિલક્ષણ તથા ભગવત્સ્વરૂપ છે-આ પ્રકારના અનુભવથી જ તું સંતુષ્ટ બની જઈશ. પછી તું શીતોષ્ણાદિ દ્વન્દ્વરૂપ વિઘ્નોથી કદાપિ વ્યથિત બનીશ નહિ.

'पश्यन्मदात्मकं विश्वं न विपद्येत वै पुनः।'

(ભા. ૧૧,૭,૧૨)

સંપૂર્ણ વિશ્વ મારું-પરમાત્માનું જ સ્વરૂપ છે, એમ જે જુવે છે, તે ફરી રાગદ્વેષરૂપી વિપત્તિમાં ફસતો નથી.

'प्रायेण मनुजा लोके लोकतत्त्व-विचक्षणाः।
समुद्धरन्ति ह्यात्मानमात्मनैवाशुभाशयात्॥
आत्मनो गुरुरात्मैव पुरुषस्य विशेषतः।
यत्प्रत्यक्षानुमानाभ्यां श्रेयोऽसावनुविन्दते॥'

(ભા. ૧૧,૭,૧૯-૨૦)

શ્રી ભગવાન બોલ્યા-હે ઉદ્ધવ, સંસારના સ્વરૂપનું આલોચન કરનાર, વિવેકવિચારશીલ મનુષ્યો મોટે ભાગે પોતે જ પોતાના ચિત્તની અવિદ્યામય અશુભ વાસનાઓથી પોતાનો ઉદ્ધાર કરી લે છે. પોતાનું હિત કે અહિત જાણવામાં વિશેષ રૂપે માણસનો આત્મા જ-અર્થાત્ પોતે જ પોતાનો ગુરુ છે. કારણકે તે પ્રત્યક્ષ તથા અનુમાન દ્વારા અથવા શ્રુતિસ્મૃતિ દ્વારા પોતના શ્રેયનો નિર્ણય કરી શકે છે.

'क्षेत्रज्ञं सर्वभूतेषु समत्वेन यजेत माम्।'

(ભા. ૧૧,૧૧,૪૫)

સંપૂર્ણ ભૂતોમાં ક્ષેત્રજ્ઞ હું પરમાત્મા જ છું–એવો નિશ્ચય કરીને સર્વત્ર×સમભાવ (એકભાવ, અભેદભાવ) રાખવો, એ જ મારી વાસ્તવિક પૂજા છે.

સર્વત્ર હું સમ છું, એક છું, અદ્વય છું, મારાથી–પરમાત્માથી ભિન્ન કશું નથી, સર્વત્ર હું જ છું–આ સિદ્ધાન્તનો મેં પ્રથમ બ્રહ્માજી તથા તેમના માનસ પુત્રો સનકાદિઓને ઉપદેશ કર્યો હતો. કોઈ એક વખત હું તેમની પ્રાર્થનાથી તેમની જિજ્ઞાસા શાન્ત કરવા માટે તેમની સમક્ષ હંસરૂપે પ્રગટ થયો હતો. ત્યારે તેમણે મને આ પ્રકારે પ્રશ્ન કર્યો હતો—

'दृष्ट्वा मां त उपव्रज्य, कृत्वा पादाभिवन्दनम्।
ब्रह्माणमग्रतः कृत्वा, पपच्छुः को भवानिति॥
इत्यहं मुनिभिः पृष्टस्तत्त्वजिज्ञासुभिस्तदा।
यदवोचमहं तेभ्यस्तदुद्धव! निबोध मे॥
वस्तुनो यद्यनानात्व आत्मनः प्रश्न ईदृशः।
कथं घटेत वो विप्राः! वक्तुर्वा मे क आश्रयः।
पञ्चात्मकेषु भूतेषु समानेषु च वस्तुतः।
को भवानिति वः प्रश्नो वाचारम्भो ह्यनर्थकः॥
मनसा वचसा दृष्ट्या गृह्यतेऽन्यैरपीन्द्रियैः।
अहमेव न मत्तोऽन्यदिति बुध्यध्वमञ्जसा॥'

(ભા. ૧૧,૧૩,૨૦–૨૧–૨૨–૨૩–૨૪)

×સમત્વનો અહીં એકત્વ અર્થ છે. समाने वृक्षे, समकालः ઇત્યાદિ સ્થળોમાં 'સમ' શબ્દનો 'એક–અભેદ' એવો અર્થ પ્રસિદ્ધ છે. માટે 'સમ'નો અર્થ 'સદૃશ' સમજવો જોઈએ નહિ.

મને હંસરૂપમાં દેખીને સનકાદિકોએ પોતાના પિતા બ્રહ્માજીને આગળ કરીને મારી સમીપ આવીને, મારું ચરણ વંદન કર્યાં પછી પૂછ્યું કે-આપ કોણ છો ? હે ઉદ્ધવ, તે સમયે તે તત્ત્વ જિજ્ઞાસુ મુનિઓએ આ પ્રકારે પૂછ્યું, ત્યારે મેં તેમને જે કાંઈ કહ્યું તે સાંભળો. મે. કહ્યું-હે વિપ્રગણ, જો તમારો આ પ્રશ્ન આત્માના વિષયમાં હોય, તો આત્મવસ્તુ તો એક, અદ્વય જ છે, અર્થાત્ તેમાં કોઈ પણ પ્રકારના સજાતીય, વિજાતીય તથા સ્વગત ભેદરૂપ નાનાત્વ નથી. તેથી તમારા લોકોનો આ પ્રશ્ન હોઈ જ કેવી રીતે શકે ? અને તેનો ઉત્તર આપનાર મારો પણ કોણ આશ્રય હોઈ શકે ? અર્થાત્ હું નિર્વિશેષ, ચિન્માત્ર, પૂર્ણાનંદઘન હોવાને કારણે કયી જાતિ, ગુણ અથવા વ્યક્તિરૂપ વિશેષનો આશ્રય લઇને તેનો ઉત્તર દઉં ? અને જો તમે પંચભૂતાત્મક શરીરને લઈને આવું પૂછતા હો, તો સમસ્ત શરીર પણ પંચભૂતરૂપ હોવાને કારણે વાસ્તવમાં અભિન્ન જ છે. માટે તમારો આ પ્રશ્ન કે 'આપ કોણ છો ?' વાણીનો આરંભ માત્ર (વ્યર્થ આડંબર) જ છે. મન વડે, વાણી વડે, દૃષ્ટિ વડે તથા બીજી ઇન્દ્રિયો વડે જે કાંઈ પ્રતીત થાય છે, તે સર્વ હું પરમાત્મા જ છું. મારાથી પૃથક્ કંઈ પણ નથી, એવું નિશ્ચયપૂર્વક જાણો.

'आत्मानं चिन्तयेदेकं अभेदेन मया मुनिः।
आत्मक्रीड आत्मरति आत्मवान् समदर्शनः॥'

(ભા. ૧૧,૧૮,૨૧-૨૦)

મનનશીલ મુનિ એક આત્માનું જ મારી-પરમાત્માની સાથે અભેદભાવે જ ચિંતન કરે; આત્મામાં જ ક્રીડા (રમણ) કરે, આત્મામાં જ રતિ (પ્રીતિ) રાખે, આત્મભાવવાળો જ બને, તથા સર્વત્ર સમરૂપે અભેદભાવથી આત્માનું જ દર્શન કરે.

'विरक्तः क्षुल्लकामेभ्यो लब्ध्वाऽऽत्मनि सुखं महत्।
नैतद्वस्तुतया पश्येद् दृश्यमानं विनश्यति॥'

(ભા. ૧૧,૧૮,૨૩-૨૬)

આત્મામાં જ મહાન, નિરતિશય આનંદનો અનુભવ કરીને, તુચ્છ સાંસારિક કામનાઓથી વિરક્ત બને, આ દૃશ્યમાન દ્વૈતપ્રપંચને કદી વાસ્તવિક ન જુવે, પણ મિથ્યા જ સમજે, કારણ કે તે નાશ પામે છે; તેથી તે વાસ્તવિક કેવી રીતે હોઈ શકે?

વળી ભગવાને જિજ્ઞાસુ ભક્ત ઉદ્ધવને અનેક પ્રશ્નોના ઉત્તર સંક્ષેપમાં આ પ્રમાણે આપ્યા છે—

शमो मन्निष्ठता बुध्धेः। મારામાં-પરમાત્મામાં બુદ્ધિને લગાડવી અર્થાત્ શાસ્ત્રગુરુ દ્વારા પરમાત્મતત્ત્વનો દૃઢ નિશ્ચય કરીને તેમાં તન્મય બની જવું-તે શમ છે. जिह्वोपस्थजयो धृतिः। જિહ્વા તથા ગુહ્યેન્દ્રિયનો નિગ્રહ કરવો અર્થાત્ તેમના વિષયોની આસક્તિ છોડવી તે ધૈર્ય છે. कामत्यागस्तपः स्मृतम्। ભોગવાસનાઓનો ત્યાગ પરમ તપ છે स्वभावविजयः शौर्यम्। રાગદ્વેષપ્રચુર સ્વભાવનો વિજય કરવો, તે જ શૌર્ય છે. सत्यं च समदर्शनम्। સમદર્શનનું નામ સત્ય છે. धर्म इष्टं धनं नृणाम्। મનુષ્યોનું ઈષ્ટ ધન અર્થાત્ સુખ જ આપનાર ધન તે ધર્મ છે. दक्षिणा ज्ञानसंदेशः। જ્ઞાનનો ઉપદેશ (દેવો અથવા લેવો તે) જ વાસ્તવિક દક્ષિણા છે. लाभो मद्भक्तिरुत्तमः। મારી ઉત્તમ ભક્તિની પ્રાપ્તિ થવી, તે જ મોટો લાભ છે. विद्याऽऽत्मनि भिदाबाधः। આત્મામાં ભેદબુદ્ધિ ન રહેવી તે જ વિદ્યા છે, અર્થાત્ સમસ્ત શરીરોમાં એક જ અજર, અમર આત્મા છે, અને તે પરમાત્માથી ભિન્ન નથી-તેવા યથાર્થ અભેદજ્ઞાનનું નામ જ વિદ્યા છે. ભેદજ્ઞાનનું નામ વિદ્યા નથી, પણ અવિદ્યા છે-એવું

પણ અર્થ વડે સૂચિત થાય છે. માટે ભેદદર્શી અજ્ઞાની છે, અને તેને મૃત્યુ હમેશાં ઉત્કટ ભય આપતું રહે છે—એવું અન્યત્ર પણ સ્પષ્ટ કર્યું છે. तस्य भिन्नदृशो मृत्युर्विदधे भयमुल्बणम् । (ભા. ૩,૨૯,૨૬). सुखं दुःखसुखात्ययः । સાંસારિક સુખદુઃખથી પર થઈ જવું, અર્થાત્ તેમની અપેક્ષા ન રાખવી, નિર્દ્વન્દ્વ બની જવું, તે જ પરમ સુખ છે. दुःखं कामसुखापेक्षा । વિષયોનાં સુખોની અપેક્ષા કરવી તે જ દુઃખ છે, કારણ કે વિષય તથા તેનાથી થતું સુખ ક્ષણભંગુર છે. ન મળવાથી, મળીને નાશ પામવાથી, તથા અનેક કષ્ટમય ઉપાયો વડે સંપાદન કરી શકાય તેવું હોવાથી, તે દુઃખ જ આપતું રહે છે. मूर्खो देहाद्यहंबुद्धिः । દેહાદિ અનાત્મવર્ગમાં અહંબુદ્ધિ રાખનાર જ મૂર્ખ છે. स्वर्गः सत्त्वगुणोदयः । હૃદયમાં સત્ત્વગુણનો ઉદય થવો, અર્થાત્ ચિત્તને સર્વ અનુકૂળ તથા પ્રતિકૂલ પરિસ્થિતિઓમાં આનંદમય, પ્રસન્ન તથા શાન્ત રાખવું, તે જ સ્વર્ગ છે. नरकस्तमउन्नाहः । તમોગુણની વૃદ્ધિ થવી, અર્થાત્ ચિત્તમાં ઉદ્વેગ, મૂઢતા, ચિન્તા વગેરે તામસિક ભાવોનું ભરાવું, તે જ નરક છે. गुणाढ्यो ह्याढ्य उच्यते । વિદ્યા, વિવેક, વિનય વગેરે ગુણોવાળો માણસ જ સાચો ધનાઢ્ય છે. दरिद्रो यस्त्वसंतुष्टः । જે અસંતુષ્ટ છે, અર્થાત્ ભગવાનનાં સર્વ ઈષ્ટાનિષ્ટ વિધાનોમાં સંતુષ્ટ રહેતો નથી, તે દરિદ્ર છે. कृपणो योऽजितेन्द्रियः । જે અજિતેન્દ્રિય છે, અર્થાત્ જે હમેશાં વિષયલોલુપ બન્યો રહે છે, તે કૃપણ (દીન, હીન, કંગાલ) છે. गुणदोषदृशिर्दोषो गुणस्तूभयवर्जितः । ગુણો તથા દોષોને જોવા તે જ દોષ છે, અને ગુણદોષ દૃષ્ટિ છોડી દેવી અર્થાત્ સર્વત્ર ભલાબૂરામાં બ્રહ્મદૃષ્ટિ રાખવી, તે જ ગુણ છે. ઈત્યાદિ પ્રશ્નોત્તર શ્રીમદ્ ભાગવતના એકાદશ સ્કંધના ૧૯ મા અધ્યાયમાં છે.

આ પ્રકારે અર્જુનની પેઠે શ્રી ભગવાનને અનેક પ્રશ્નો

કરવાથી તથા કલ્યાણકારી ઉપદેશ ગ્રહણ કરવાથી ઉદ્ધવ પણ જિજ્ઞાસુ ભક્ત સિદ્ધ થાય છે. અંતમાં તેમણે ભગવાનની જ આજ્ઞાથી હિમાલયના બદરીનારાયણ ધામમાં જઈને જ્ઞાન-વિજ્ઞાન-સંપન્ન બનીને, બ્રહ્મનિર્વાણ પદ પ્રાપ્ત કર્યું.

રાજા જનક પણ જિજ્ઞાસુ ભક્ત હતા. બ્રહ્મવેત્તાઓ દ્વારા બ્રહ્મતત્ત્વ સંબંધી :અનેક પ્રકારના પ્રશ્નો કરીને સમાધાન પ્રાપ્ત કરવું તે જિજ્ઞાસુની પ્રકૃષ્ટ અભિરુચિ હોય છે. તેથી રાજા જનકે મહર્ષિ યાજ્ઞવલ્કય પાસેથી આજ વરદાન મેળવ્યું હતું— तस्मै ह याज्ञवल्क्यो वरं ददौ, स ह कामप्रश्नमेव वव्रे, तं हास्मै ददौ। (બૃ. ઉ. ૪,૧,૩) યાજ્ઞવલ્કય મહર્ષિ રાજા જનકનાં શ્રદ્ધા તથા ભક્તિ જોઈને ખૂબ સંતુષ્ટ થયા, અને જનકને તેમણે વરદાન આપ્યું. જનકે કહ્યું—હું આપની પાસેથી આજ વરદાન માગું છું કે—હું જે બ્રહ્માત્મ સંબંધી પ્રશ્ન કરું, તેનો આપ કૃપા કરીને યથાર્થ ઉત્તર આપી મારું સમાધાન કરજો. યાજ્ઞવલ્કયે તેમને તે જ વરદાન આપ્યું.

બૃહદારણ્યક ઉપનિષદ્‌માં રાજા જનકના કેટલાક પ્રશ્નો તથા યાજ્ઞવલ્કય મહર્ષિના ઉત્તર આ પ્રમાણે વર્ણવેલા છે—

રાજા જનકે પૂછયું—ભગવન્ किंज्योतिरेवायं पुरुषः। અર્થાત્ કયી જ્યોતિ વડે પુરુષનો અર્થ પ્રકાશ થાય છે. અહીં ‘પુરુષ’ નો અર્થ કાર્યકરણ-સંઘાત-સ્વરૂપ, હસ્તપાદાદિ વિશિષ્ટ, સ્થૂલાદિ શરીર છે; પ્રત્યગ-આત્મારૂપ મુખ્ય પુરુષ નથી. પ્રશ્નનો અભિપ્રાય એ છે કે—કાર્યકારણ-સંઘાતથી બાહ્ય કોઈ અન્ય જ્યોતિથી પુરુષ પોતાનો વ્યવહાર કરે છે કે શરીરમાં રહેલી જ્યોતિથી પોતાનો વ્યવહાર કરે છે?

મહર્ષિ યાજ્ઞવલ્કયે ઉત્તર આપ્યો—હે સમ્રાટ્, પ્રસિદ્ધ આદિત્ય-જ્યોતિ પુરુષ છે, અર્થાત્ સંઘાતથી વ્યતિરિક્ત, ચક્ષુની અનુગ્રાહક, આદિત્ય-જ્યોતિથી પુરુષ પોતાનું કાર્ય કરે છે.

રાજા જનક ફરી પૂછે છે કે-જ્યારે આદિત્ય અસ્ત પામે છે, ત્યારે પુરૂષ કયી જ્યોતિ વડે પોતાનો વ્યવહાર કરે છે? અર્થાત્ રાત્રિમાં પણ પુરુષ પોતાનો વ્યવહાર કરે જ છે, પરંતુ તે સમયે આદિત્ય હોતો નથી. જ્યોતિ વિના વ્યવહાર થઈ શકતો નથી. માટે તે સમયે કોણ જ્યોતિ છે?

યાજ્ઞવલ્કય-ચંદ્રમા જ્યોતિ છે.

જનક-સૂર્ય તથા ચંદ્રમા આથમી જાય છે, ત્યારે પણ પુરુષ પોતાનો વ્યવહાર કરે છે. તે સમયે પુરુષની જ્યોતિ કોણ છે?

યાજ્ઞવલ્કય-તે સમયે અગ્નિ જ્યોતિ છે. દીપના પ્રકાશથી લોકવ્યવહાર ચાલે છે.

જનક-જ્યારે અગ્નિ શાન્ત થઈ જાય છે, ત્યારે પુરુષની જ્યોતિ કોણ હોય છે?

યાજ્ઞવલ્કય-વાક્ જ્યોતિ છે. વર્ષાઋતુમાં મેઘમંડળવાળી રાત્રિના ગાઢ અંધકારમાં કોઈ માર્ગ ભૂલેલો માનવી બૂમ પાડીને માર્ગ પૂછે છે કે-મારે અમુક ગામે પહોંચવું છે, તેનો રસ્તો કયો? કોઈકનો તે સમયે ઉત્તર મળે છે કે-આમ આવો. વાણી સાંભળીને તે અનુમાન કરે છે કે-અમુક દિશાએથી આટલે દૂરથી એ શબ્દ આવ્યો છે: માટે ત્યાં જ જવું જોઈએ. તે તરફ મુખ કરીને ચાલતાં તે માર્ગ પર પહોંચી જાય છે. અતીત, અનાગત તથા સૂક્ષ્માદિ અર્થની પ્રકાશક વાગ્જ્યોતિ તો પ્રસિદ્ધ જ છે. અહીં 'વાક્'થી શબ્દજ્યોતિ વિવક્ષિત છે, વાણીની ઇન્દ્રિય નહિ.

જનક-જ્યારે વાણી પણ શાન્ત થઈ જાય છે, ત્યારે પુરુષની જ્યોતિ કોણ હોય છે?

યાજ્ઞવલ્કય-**आत्मैवास्य ज्योतिर्भवति**। કાર્યકરણ-સંઘાતથી વ્યતિરિક્ત આત્મા જ જ્યોતિ છે. તે જ્યોતિ અભૌતિક,

ચિદ્રૂપ, અંતઃસ્થ, સ્વતઃપ્રકાશ તથા ચક્ષુરાદિ પ્રમાણોથી ગ્રહણ થાય તેવી નથી.

શ્રી વિદ્યારણ્ય સ્વામીએ આત્મજ્યોતિના વિષયમાં વાર્તિક-સારમાં આ પ્રકારે કહ્યું છે કે–

'देहेन्द्रियमनोबुद्धि-सुखादीन् यो घटादिवत्।
वेत्त्येनमन्तरात्मानं स्वप्रकाशं विनिश्चिनु॥
द्रष्टृदर्शनदृश्यानि यः स्वप्ने प्रसमीक्षते।
तदभावं सुषुप्ते च स आत्मेत्यभ्युपेयताम्॥
सर्वेषां वादिनां स्वस्व मतमेतत्प्रसादतः।
सिध्यतीति विवादोऽस्मिन् कर्तुं शक्यो न केनचित्॥'

દેહ, ઇન્દ્રિય, મન, બુદ્ધિ, સુખ વગેરે સર્વ ઘટાદિની પેઠે જડ છે. તેથી તે આત્મજ્યોતિ વિના અપ્રત્યક્ષ છે. તેમનું પ્રત્યક્ષ આત્માથી જ થાય છે. માટે જે દેહાદિકોને જાણે છે, તેને સ્વ-પ્રકાશ અંતરાત્મા જાણ દ્રષ્ટા અર્થાત્ પ્રમાતા (ચિદચિદ્ગ્રન્થિ), દૃશ્ય અર્થાત્ ઘટાદિ, દર્શન અર્થાત્ વૃત્તિરૂપ જ્ઞાન–આ સર્વને જે સ્વપ્નમાં જુવે છે, અને આ સર્વનો અભાવ જે સુષુપ્તિમાં જુવે છે, તે જ દેહાદિથી ભિન્ન આત્મા છે–એમ સમજ. સ્વયંપ્રકાશ આત્માજ્યોતિની કૃપાથી સર્વવાદીઓનો પોતપોતાનો મત સિદ્ધ થાય છે. તે આત્મામાં અર્થાત્ પોતાના સત્ય રૂપમાં અસ્તિત્વ કે નાસ્તિત્વનો વિવાદ કોઈ કરી શકતું નથી. વિવાદ અનિશ્ચિત પદાર્થમાં થાય છે. સર્વને પોતાના આત્માની બાબતમાં સંશય, વિપર્યાસ વગેરે નથી. માટે સ્વસ્વાનુભવસિદ્ધ અર્થમાં વિવાદની સંભાવના નથી.

જે અવાઙ્મનસગોચર, નિર્ગુણ, પૂર્ણાદ્વય, બ્રહ્મ છે, તે જ જીવાત્માનું વાસ્તવિક સ્વરૂપ છે. હે જનક, તે જ પૂર્ણજ્યોતિ, અદ્વય, બ્રહ્મ આત્મા તું છે. આ શરીરાદિ તું નથી. આ સર્વ

તો મિથ્યા, માયાવિજૃંભિત છે. આ પ્રકારે જિજ્ઞાસુ ભક્ત, રાજા જનકે યાજ્ઞવલ્કય વગેરે બ્રહ્મવેત્તા મુનિઓની કૃપાથી બ્રહ્મતત્ત્વનો અપરોક્ષ અનુભવ કર્યો.

જિજ્ઞાસુ નિયમપૂર્વક સંસારથી ઉપરામવાળો તથા વૈરાગ્યવાન હોય છે. ઉપરતિ તથા વૈરાગ્ય વિના જિજ્ઞાસુત્વની સિદ્ધિ થતી નથી-રાજા જનક પણ ઉપરત તથા દૃઢ વૈરાગ્યવાન હતા. તેમણે સંસારમાં દૃઢ મિથ્યાત્વ-ભાવના કરીને જ દૃઢ વૈરાગ્ય સંપાદન કર્યો હતો.

કોઈક વખત અત્રિ મહર્ષિએ રાજા જનકની મિથિલાપુરીમાં ચાતુર્માસ કર્યો હતો. નગરની બહાર ઉપવનમાં શિષ્યોની સાથે મહર્ષિનો નિવાસ હતો. રાજા જનક શ્રદ્ધા તથા ઉદારતાપૂર્વક તેમની સેવા કરતા હતા, તથા તેમનાં પ્રવચનોમાં પણ રોજ જતા હતા. રાજા જનક સાચા જિજ્ઞાસુ ભક્ત હતા. તેથી અત્રિ મહર્ષિને ખાસ કરીને તેમને જ પ્રવચન સંભળાવવાની અભિરુચિ હતી. કોઈક કોઇક વખત રાજ્યકાર્યમાં વિલંબ થઈ જતો, તેથી રાજા જનક પ્રવચનમાં ૫-૧૦ મિનિટ મોડા પડતા. અત્રિ મહર્ષિ રાજા જનકની બરાબર વાટ જોઇને, તે આવતા, ત્યારે જ પ્રવચનનો આરંભ કરતા હતા. એવું જોઈ ને કેટલાક લોકોના મનમાં અત્રિ મહર્ષિ પ્રત્યે આ પ્રકારે અશ્રદ્ધાનો ભાવ પ્રગટ થયો કે-આ સમદર્શી, બ્રહ્મવેત્તા, ઋષિ રાજા જનકનો આટલો પક્ષપાત કેમ કરે છે? રાજા જનક સમૃદ્ધ તથા ઐશ્વર્યશાલી છે, તેથી તેની પાસેથી કંઈક વિશેષ ઐશ્વર્ય પ્રાપ્ત કરવા માટે જ ઋષિ તેમનો પક્ષપાત કરતા હશે. નહિ તો તેમણે તો સમયસર જ પોતાનું પ્રવચન કરવું જોઇએ. પરંતુ તેમની સમયની અવહેલના તેમની કોઈક સ્પૃહાને સૂચિત કરે છે. સર્વજ્ઞ ઋષિએ લોકોનો ભાવ જાણી લીધો, જે ગુણમાં પણ દોષારોપણરૂપ હતો. માટે

લોકોને યથાર્થ વાત સમજાવવા માટે જ મહર્ષિએ પોતાની યોગશક્તિનું એક દિવસ વિલક્ષણ પ્રદર્શન કર્યું.

શ્રાવણી અમાવાસ્યા ને સોમવારનું પુનિત પર્વ હતું. તે દિવસે પ્રવચન સાંભળવા માટે લોકો વિશેષ સંખ્યામાં આવ્યા હતા. सर्वं खल्विदं ब्रह्म, अतोऽन्यदार्तम्, अयमात्मा ब्रह्म–આ શ્રુતિ–વચનોનું પ્રવચન ચાલી રહ્યું હતું. રાજા જનક ખૂબ શ્રદ્ધા તથા એકાગ્રતા–પૂર્વક સાંભળી રહ્યા હતા. પ્રવચન અડધું થયું હશે, અને મહર્ષિની યોગશક્તિએ મિથિલાનગરીના એક ભાગમાં શ્રોતાઓને મિથ્યા અગ્નિનું ભાન કરાવ્યું. તેમણે જોયું–અરે, નગરની ઉત્તર દિશામાં ખૂબ જોરથી આગ લાગી રહી છે. મકાનો ભડભડ બળી રહ્યાં છે. આગ જોતાં જ ઉત્તર દિશામાં રહેનારા લોકો એકદમ પ્રવચન છોડીને ભાગવા લાગ્યા. ધીમે ધીમે આગ વધતી ગઈ, સમસ્ત નગરમાં ફેલાઇ ગઈ. લોકો ગભરાઈને નગરની તરફ દોડવા લાગ્યા. પરંતુ અત્રિ મહર્ષિનું પ્રવચન બંધ ન થયું. તે તો વધારે જોરથી બ્રહ્મનું વિવેચન કરવા લાગ્યા. કેટલાક લોકો હાથનો ઈશારો કરીને સ્પષ્ટરૂપે કહેવા લાગ્યા–અરે બાબા, આ સારું ગામ બળી રહ્યું છે. હવે તો તું 'બ્રહ્મ-બ્રહ્મ' બોલવું મૂકી દે. છતાંયે વક્તા ઋષિ તન્મયતાથી સંભળાવી રહ્યા છે, અને રાજા જનક પણ તન્મયતાપૂર્વક સાંભળી રહ્યા છે. રાજા જનક તે ભાગી જનારાઓનો કોલાહલ સાંભળવા છતાં સાંભળતા નથી, સ્થિર ચિત્તથી તે પ્રવચનમાં તન્મય જ બની ગયા છે, નથી હાલતા, નથી ચાલતા, નથી આમથી તેમ જોતા. અહીં તે સાધુઓની ઝુંપડીઓમાં પણ અગ્નિની જવાલાઓ દેખાવા લાગી. ગૃહત્યાગી સાધુ લોકો પણ પ્રવચન છોડીને ત્યાં દોડવા લાગ્યા. કોઈ કહેવા લાગ્યું–અરે, ઝુંપડીમાં મારું સુંદર કમંડળ રહી ગયું. બીજો બોલ્યો–મારી ચોપડીઓ ત્યાં રાખેલી છે. ત્રીજાએ કહ્યું–મારી લંગોટી ત્યાં છે. તે વસ્તુઓને આગથી

બચાવવા માટે બધા દોડાદોડી કરવા લાગ્યા. પ્રવચનના સ્થળમાં ગણ્યાગાંઠ્યા બેચાર ગૃહસ્થો તથા એક બે સાધુઓ જ બાકી રહ્યા. લોકો ત્યાં પહોંચ્યા, તો આગ અદૃશ્ય થઈ ગઈ. નગરી હતી તેમની તેમ જ છે! ઝુંપડીઓ પણ સુરક્ષિત છે. ત્યાં અગ્નિનું નામનિશાન પણ ન મળે! સર્વને ખૂબ આશ્ચર્ય થયું. મૃગતૃષ્ણિકાના જલની પેઠે આગ દૂરથી પ્રતીત થઇ, પરંતુ પાસે જતાં તેનો વિલોપ થઇ ગયો. બધા પાછા ફરીને પ્રવચન સ્થળ પર આવ્યા. અત્રિ મહર્ષિએ સર્વને સંબોધન કરીને કહ્યું–તમે પોતાને જુવો, ને આ રાજા જનકને જુવો. કોણ સાચો બ્રહ્મજિજ્ઞાસુ છે? તમારું તો એકકેક મકાન બળી રહ્યું હતું, પણ આ રાજાનું સમગ્ર નગર બળી રહ્યું હતું. છતાં તે એટલા જ શાન્ત તથા પ્રસન્ન રહ્યા, અને તન્મયતાપૂર્વક બ્રહ્મપ્રવચન સાંભળતા રહ્યા. તેથી જ હું રાજા જનકનો પક્ષપાત કરતો હતો કે તે સાચો જિજ્ઞાસુ ભક્ત છે. પુરાણોએ પણ જનક રાજાના ચરિત્રનું એવું જ ચિત્રણ કર્યું છે–

'तथाहि मिथिलानाथो मुमुक्षुरभवत्पुरा।
आहेदं मिथिलादाहे न मे किञ्चन दह्यते॥
क्व ममत्वं मुमुक्षूणामनिर्वचनवादिनाम्।'

પ્રાચીન સમયમાં મિથિલાનાથ રાજા જનક મુમુક્ષુ હતા. જે મુમુક્ષુ હોય છે, તે જિજ્ઞાસુ હોય છે જ. એક તરફ તેનામાં સર્વ દુઃખમય સંસારબંધનોથી છૂટવાની ઈચ્છા રહે છે, તો બીજી બાજુએ તેનામાં આનંદપૂર્ણ, અદ્વય, બ્રહ્મતત્ત્વને જાણવાની ઉત્કટ ઈચ્છા રહે છે, તેથી રાજા જનકે તે સમયે તેમને પૂછતાં કહ્યું હતું કે–મિથિલાનગરી બળતાં મારૂં કશું જ બળતું નથી. હું અસંગ, ઉદાસીન, નિર્વિકાર અંતરાત્મા છું. મારૂ કોઈ નથી, હું કોઈનો નથી. આ પ્રકારે જગતને અનિર્વચનીય (મિથ્યા)

માનનાર તથા કહેનાર મુમુક્ષુઓનું શેમાં મમત્વ હોઈ શકે? અર્થાત્ કશામાં નહિ. અત્રે મહર્ષિના આ પ્રકારના યૌગિક ચમત્કારથી ઋષિ પ્રત્યેની લોકોની અશ્રદ્ધા દૂર થઈ ગઈ, તથા સર્વ લોકોએ ઋષિના ચરણમાં માથું નમાવ્યું. અને રાજા જનકને પણ તેમના સાચા જિજ્ઞાસુપણાને લીધે તેઓ 'ધન્ય, ધન્ય' કહેવા લાગ્યા.

આ પ્રકારે રાજા જનક 'હું તથા મારું' એ ચક્રમાંથી દૃઢતમ જગન્મિથ્યાત્વની ભાવનાથી સર્વથા છૂટી ગયા હતા. સદા બ્રહ્મસ્વરૂપમાં સ્થિત રહેતાં છતાં તે પ્રજાપાલનનું કાર્ય સમુચિત રીતે કરતા હતા.

સારાંશ એ છે કે–જે શાસ્ત્રોમાં તથા ગુરુજનોમાં શ્રદ્ધા રાખીને તેમના ઉપદેશની રીત પ્રમાણે આત્મતત્ત્વને જાણે છે, તથા એકાગ્રચિત્તે પરમાત્માનું ચિંતન, કીર્તન, ભજન, મનન તથા ધ્યાન કરે છે, તે જિજ્ઞાસુ ભક્ત કહેવાય છે. તે મિથ્યા તર્કવિતર્કની જાલમાં પોતાની બુદ્ધિને નાંખીને તેનો દુરુપયોગ નથી કરતા.

હવે જિજ્ઞાસુ ભક્ત પછી અર્થાર્થી ભક્તનો નંબર આવે છે. અર્થાર્થી અર્થાત્ अर्थान् धर्मार्थकाममोक्षाख्यान् पुरुषार्थान् चतुर्विधान् भगवत एवार्थयते नान्यस्मादिति । ચાર પ્રકારના પુરુષોથી અભિપ્રેત અર્થો (ધર્મ, અર્થ, કામ અને મોક્ષ) માટે જે ભગવાન પાસે જ પ્રાર્થના કરે છે, બીજાની પાસે નહિ, તે અર્થાર્થી ભક્ત છે. લૌકિક દૃષ્ટિએ જો કે 'અર્થ'નો અર્થ છે ધન, સંપત્તિ, રાજ્ય, ભોગ, સુખ વગેરે, છતાં તેની પ્રાપ્તિ માટે પણ તે ભગવાનની જ ભક્તિ કરે છે, ભગવાન પાસેથી જ તેના લાભની અભિલાષા રાખે છે. તે સમજે છે કે–ભગવાન કલ્પવૃક્ષ છે, ચિંતામણિ છે. તે સર્વેશ્વર મહાપ્રભુ દ્વારા મારા સર્વ મનોરથો

અવશ્ય પૂર્ણ થશે, ચિંતિત અર્થોની પ્રાપ્તિ થશે જ. માટે તે પોતાની અભિલાષાઓની પૂર્તિ માટે તે સર્વસમર્થ ભગવાનનો જ આશ્રય લે છે, બીજાનો નહિ. 'મંગે ભિખિયા ઇકિ ભગવાન કો લો, જેડા દેવદા કભી ના તંગ હોવે' (પંજાબી ભાષા) એક માત્ર ભગવાન પાસે જ ભિક્ષા માગવી જોઈએ; તે કૃપણ, બુદ્ધિહીન, દીન, ક્ષુદ્ર સંસારીઓ પાસે શું માગવું? જે પોતે જ ભૂખ્યા છે, યાચક છે, તે બીજાઓને શું આપી શકવાના હતા? માગણો પાસે માગવું સારૂં નથી. જે ભગવાન બ્રહ્માથી માંડીને સર્વ પ્રાણીઓને અનાદિ કાળથી ઉદારતાપૂર્વક, વિક્ષિપ્ત થયા વિના, સદા આપતા આવ્યા છે, તેની પાસે જ હું માગું છું. સાથે સાથે તે એમ પણ સમજે છે કે–પરમાર્થ રીતે જોતાં ભગવાન જ એક માત્ર અર્થ છે. તેમનાથી અન્ય ધન વગેરે વાસ્તવિક અર્થ નથી, પરિણામે તે અર્થ અનર્થ બની જાય છે. પરંતુ પ્રારંભમાં મોહવશ તે અર્થોમાં રહેલો અનર્થ જોવામાં આવતો નથી. છતાં તેમને આવશ્યક સમજીને ભગવાન પાસેથી જ તે પ્રાપ્ત કરવા માગે છે; તેમને માટે તે બીજાઓની પાસે દીનતા બતાવતો નથી. તેજ તેની ઉદારતા છે. માટે उदाराः सर्वं एवैते (ગીતા ૭, ૧૮) એ વચનથી ભગવાન આર્ત વગેરે સર્વભક્તોને ઉદાર કરે છે, કૃપણ નહિ, દીન નહિ.

એવા અર્થાર્થી ભક્તો જગત્માં બહુ મળે છે. જે પોતાની કોઈપણ મતલબની સિદ્ધિ માટે ભગવાન પાસે પ્રાર્થના કરે છે અને ભગવાનની માનતા માને છે. હે પ્રભો, મારું અમુક કાર્ય પૂર્ણ કરો. તેને પૂર્ણ કરવાની મારામાં શક્તિ નથી. આપ સર્વના અંતર્યામી તથા વિશ્વપ્રેરક છો. આપની જ ઈચ્છાથી જગત્નાં સર્વ કાર્યો થતાં રહે છે. આપ જગત્ના સંચાલક છો. માટે આપ કૃપા કરીને આ આવશ્યક કાર્યની સિદ્ધિ માટે મને મદદ

કરો, બળ તથા બુદ્ધિ આપો. આપની કૃપા તથા સહાયતા દ્વારા મારાં સઘળાં વિઘ્નો દૂર થશે, સર્વ અનુકૂળ સામગ્રી મળી રહેશે. सानुकूले जगन्नाथे सानुकूलं जगत्त्रयम्। જ્યારે જગન્નાથ, ભગવાન અનુકૂળ થઈ જાય છે, ત્યારે તેમના ઈશારા પર નાચી રહેલું, આખું જગત્ અનુકૂળ બની જાય છે. ભગવાન પર એવો વિશ્વાસ રાખીને, અહંકાર ત્યજી દઈને, તે આવશ્યક કાર્ય કરે છે. તે આળસુ તથા પ્રમાદી બનીને ઈશ્વરના ભરોસાનો દુરુપયોગ કરતો નથી, પણ પ્રસન્નતા-પૂર્વક ઉચિત કાર્ય કરે છે, આવશ્યક ડયૂટી બજાવે છે, પણ ધીરજ તથા ભગવાનનો વિશ્વાસ કદી છોડતો નથી. તે ભક્તિપૂર્વક સદા ભગવાનનું ચિંતન કરતો રહે છે. આ અર્થાર્થી ભક્ત છે.

માટે જ શ્રીમદ્ભાગતમાં કહ્યું છે કે—

'धर्मार्थकाममोक्षाख्यं य इच्छेच्छ्रेय आत्मनः।
एकमेव हरेस्तत्र कारणं पादसेवनम्॥'

(૪.૮,૪૧)

જે કોઈ ધર્મ, અર્થ, કામ અને મોક્ષરૂપ પુરુષાર્થની ઈચ્છા કરે છે, તેને માટે આ સર્વ વસ્તુઓ આપનાર, એકમાત્ર કારણ શ્રીહરિનું મંગલમય સેવન–તેમનાં ચરણોની સેવા જ છે.

એવા અર્થાર્થી ભક્તોમાં મુખ્યત્વે અગ્રેસરરૂપે ધ્રુવ, ઉપમન્યુ, સુગ્રીવ તથા વિભીષણ–આ ચારનાં નામ ગણાવી શકાય છે.

સ્વાયંભુવ મનુનો પુત્ર હતો ઉત્તાનપાદ. તેને બે રાણીઓ હતી–સુનીતિ અને સુરુચિ. રાજા ઉત્તાનપાદ પોતાની નાની રાણી સુરુચિ પ્રત્યે ઘણું ખરું ઉદાસીન રહેતો હતો. કોઈ એક સમયે બાળક ધ્રુવ ખેલતો ખેલતો પિતા મહારાજાની સમીપ ગયો, અને પિતાના ખોળામાં બેસવાની ઉત્સુકતા પ્રગટ કરવા લાગ્યો. પરંતુ રાજાએ ધ્રુવને ખોળામાં બેસાડયો નહિ, અને તેના પ્રત્યે

કંઈ પ્રેમ પ્રગટ કર્યો નહિ. તે સમયે રાજાની પાસે બેઠેલી, નાની રાણી સુરુચિએ, શોકચના દાહને લઈને, ગર્વપૂર્વક બાળક ધ્રુવને કહ્યું-ધ્રુવ, તું તે ભાગ્યહીન માતાનો પુત્ર છે. તેં મારે પેટે જન્મ લીધો નથી. તેથી તું મહારાજના પ્રેમનો તથા તેમના ખોળામાં બેસવાનો અધિકારી નથી. માટે તું સામ્રાજ્યના સિંહાસન પર પણ બેસી શકતો નથી. જો તું મારા પુત્ર ઉત્તમકુમારની પેઠે પિતાના પ્યાર ભરેલા ખોળામાં અથવા સિંહાસન પર બેસવા માગતો હોય, તો પ્રથમ તપસ્યા તથા આરાધના કરીને ભગવાન શ્રીનારાયણને પ્રસન્ન કર, અને તેમની કૃપાથી મારા ઉદરમાં નવીન જન્મ લે. ત્યારે તારા સર્વ મનોરથો સફલ બની શકે છે.

તેજસ્વી બાળક ધ્રુવને વિમાતાનાં આ વચન બાણ પેઠે લાગ્યાં. તેમનું મુખ ક્રોધથી લાલચોળ બની ગયું. રોતાં રોતાં તે ત્યાંથી પોતાની માતા પાસે ચાલ્યા ગયા. માતા સુનીતિએ પોતાના રડતા પુત્રને ખોળામાં લઈ લીધો. ખૂબ સ્નેહપૂર્વક મુખ બચકારીને, તેમના રોવાનું તથા ક્રોધનું કારણ પૂછ્યું. સર્વ વાત સાંભળીને સુનીતિને ઘણું દુઃખ થયું. તે પણ રડતી રડતી બોલી-બેટા, સર્વ લોક પોતાના શુભાશુભ ભાગ્યથી જ માન કે અપમાન, સુખ તથા દુઃખ પામે છે. વિમાતાએ તને બરાબર જ કહ્યું છે કે-તારા દુર્ભાગ્યને લઇને જ તેં અભાગણીને-મારે પેટે જન્મ લીધો. અને તેણે ભગવાનની આરાધના કરવાની જે શિખામણ આપી છે, તે યથાર્થ છે. તું તે પ્રમાણે વર્ત. જો તને રાજ્ય, ઐશ્વર્ય વગેરેની અભિલાષા હોય, તો તે કમલનયન, અધોક્ષજ, ભગવાન શ્રી નારાયણની પ્રેમથી, અનન્ય ભાવથી આરાધના કર. ભગવાન સમસ્ત ઐશ્વર્યોના સ્વામી છે. તેમની કૃપાથી તારા સર્વ મનોરથો પૂર્ણ થશે. માટે તું તે દયાસાગર ભગવાનનું શરણ ગ્રહણ કર.

માતાની વાત સાંભળીને, તેમની આજ્ઞા લઈને ધ્રુવ પિતાનું નગર છોડી વનની તરફ ચાલી નીકળ્યા. જ્યારે કોઈ પણ માણસ ભગવાન પર વિશ્વાસ રાખીને સર્વ ભાવથી ભગવાનને અભિમુખ થાય છે, ત્યારે ભગવાન તેને માટે આવશ્યક સાધનસંપત્તિ પોતે જ મોકલી આપે છે. સાધનસંપત્તિ માટે પ્રથમ ગુરુની આવશ્યકતા હોય છે. સાચા અધિકારીને ગુરુ પ્રયત્ન કર્યા વિના આપોઆપ જ મળી જાય છે. જ્યારે ધ્રુવ વનમાં જઈ રહ્યા હતા, ત્યારે માર્ગમાં તેને દેવર્ષિ નારદજી વીણા વગાડતા, મસ્તીપૂર્વક હરિગુણ ગાતા, મળ્યા.

બાળક ધ્રુવને જોઇને નારદજીએ પૂછ્યું–અરે, તું કોણ છે ? ક્યાં, શા માટે જાય છે ?

ધ્રુવે વિનયની સાથે પોતાનો પરિચય આપ્યો, અને વનમાં જવાનું પ્રયોજન–ભગવાનની આરાધના કરી એમને પ્રસન્ન કરી એમની પાસેથી અભીષ્ટ વરદાન મેળવવું છે, એ બતાવ્યું.

નારદજીએ પ્રેમપૂર્વક કહ્યું–બેટા ધ્રુવ, તું બાળક છે. તેથી વન શું છે–તે બરોબર જાણતો નથી. વનમાં અનેક પ્રકારના ભય રહેલા છે. ત્યાં તું અનેક પ્રકારનાં કષ્ટ ભોગવીશ અને તેમાં શ્રી ભગવાનની આરાધના કરવી, અને ભગવાનને પ્રસન્ન કરવા તે સહેલું નથી. તે બહુ કઠિન કાર્ય છે. મોટા મોટા ઋષિઓ પણ હજારો વર્ષ સુધી ભગવાનની આરાધના કરતા રહ્યા છે, પરંતુ તેમને સ્વપ્નમાં પણ ભગવાનના દર્શનનો લાભ મળ્યો નથી. માટે તું વનમાં જવાનો તથા ભગવાનની આરાધના કરવાનો દુરાગ્રહ છોડી દે. તારા પિતા રાજા ઉત્તાનપાદ મને બહુ માને છે. હું તેમને કહીને તને અવશ્ય રાજ્યાસન અપાવીશ. મારી સાથે નગરમાં ચાલ.

આ પ્રકારે નારદજી દ્વારા ધ્રુવને અનેક પ્રકારના ભય તથા

લોભ દેખાડવામાં આવ્યા, તો પણ તે પોતાના નિશ્ચયથી કોઈ પણ પ્રકારે ડગ્યા નહિ. કોઈ હિંદના કવિએ ધ્રુવના તે અવિચલ, પુનિત નિશ્ચયને આ પ્રકારે વર્ણવ્યો છે—

कहने लगा–मिट जाऊँगा मिट–जाऊँगा मिट जाऊँगा;
जब तक न पाऊँगा उसे वापस न घरको जाऊँगा।
हैं दुःख जितने विश्वके उनसे न मैं घबराऊँगा,
है लाज यह उसकी कि–जिसके नाम पर मिट जाऊँगा॥

ધ્રુવની દૃઢ ભગવન્નિષ્ઠા તથા અચલ નિશ્ચય જોઈને નારદજી બહુ પ્રસન્ન થયા. બંને હાથ ધ્રુવના માથા પર મૂકીને તે સફલતાના આશીર્વાદ આપવા લાગ્યા. અને ધ્રુવને તેમણે ॐ नमो भगवते वासुदेवाय–આ દ્વાદશાક્ષર મંત્રની શિક્ષા (ઉપદેશ) આપી. ભગવાનની આરાધનાનો વિધિ બતાવીને, યમુનાતટ પર આવેલા મધુવનમાં જવાનો તેમણે ઉપદેશ કર્યો.

ભગવાન અવશ્ય છે, તે કરુણાના સાગર છે, અને તે મને જરૂર મળશે જ–એવો દૃઢ વિશ્વાસ જ્યાં સુધી ન હોય, ત્યાં સુધી ભગવાનની આરાધનામાં પ્રેમ તથા તન્મયતા નથી આવી શકતાં. માટે જ મહાત્મા તુલસીદાસજીએ કહ્યું છે કે—

'बिनु विश्वास भगति नहिं, तेहि बिनु द्रवहिं न राम।
राम कृपा बिनु स्वप्ने हुँ, जीव कि लहहि विश्राम॥'

સંસારની ઘણી ચીજો એવી છે કે જે ચાહવા છતાં, પ્રયત્ન કરવા છતાં નથી મળતી. પરંતુ સાચા હૃદયથી ચાહતાં સર્વેશ્વર ભગવાન પ્રયત્ન કરવાથી જરૂર મળે છે. તેમાં લેશ પણ સંદેહ નથી. ધ્રુવને ભગવાન પ્રત્યે દૃઢ વિશ્વાસ હતો. તેથી જ તેમને ભગવત્પ્રાપ્તિમાં જરા પણ સંદેહ ન હતો. તે મધુવનમાં યમુનાતટ પર ગયા. શ્રીકાલિંદીના પુણ્યમય પ્રવાહમાં સ્નાન કરીને, એકાંત સ્થળમાં આસન લગાવીને, શ્રી નારદ ગુરુ પાસેથી

મળેલા, દ્વાદશાક્ષર મંત્રનો તે ભક્તિપૂર્વક અખંડ જપ કરવા લાગ્યા. વનમાં જે પત્ર, પુષ્પ, ફળ વગેરે અનાયાસે મળી જતાં, તેને ભગવાનને સમર્પણ કરીને દેહ નિર્વાહ માટે તે ચલાવી લેતા. આ પ્રકારે તેના કરતાં પણ વધારે કઠિન તપસ્યા કરીને તે ભગવાનના ધ્યાનમાં તન્મય રહેવા લાગ્યા. જ્યારે ધ્યાનના પ્રભાવથી તે ધ્યેયમય, ભગવાનમાં તન્મય બની ગયા, ત્યારે અંતર્યામી ભગવાન ગરુડ પર બેસીને ધ્રુવની પાસે આવ્યા. પણ તે એવા તો તન્મય બનીને ધ્યાન કરી રહ્યા હતા, કે તેમને કંઈ પણ ખબર ન પડી. જ્યારે શ્રીહરિએ પોતાનું સ્વરૂપ તેમના હૃદયમાંથી અંતર્હિત (અદૃશ્ય) કરી દીધું, ત્યારે હૃદયમાં ભગવાનનું દર્શન ન થતાં તેમણે વ્યાકુલ બનીને આંખો ખોલી, તો અનંત–સૌન્દર્ય–માધુર્ય–નિધિ, આનંદમય, ભગવાન શ્રીનારાયણને સામે જોઇને તેમના આનંદની સીમા ન રહી. મસ્તક નમાવીને, હાથ જોડીને તે ભગવાનની સ્તુતિ કરવા માટે ઉત્કંઠિત બન્યા. પણ તે ભગવાનની શી સ્તુતિ કરે? તેમને કંઈ સમજણ ન પડી. દયામય પ્રભુએ ધ્રુવની ઉત્કંઠા જોઇને પોતાના નિખિલ–શ્રુતિમય શંખ વડે તેમના કપોલને સ્પર્શ કર્યો. બસ, તે જ સમયે ધ્રુવના હૃદયમાં તત્ત્વજ્ઞાનનો વિમલ પ્રકાશ છવાઈ ગયો. તે સકલ વિદ્યાઓના પારંગત, વિદ્વાન બની ગયા. ખૂબ પ્રેમથી તેમણે ભગવાનની ભાવપૂર્ણ સ્તુતિ કરી. શ્રીમદ્ ભાગવત વગેરે પુરાણોમાં ધ્રુવની સ્તુતિ પ્રસિદ્ધ છે. તેના આ બે શ્લોકો ભગવાનનું વાસ્તવિક સ્વરૂપ શું છે–તેનું નિરૂપણ કરવામાં બહુ ઉત્તમ છે—

'योऽन्तः प्रविश्य मम वाचमिमां प्रसुप्तां,
संजीवयत्यखिलशक्तिधरः स्वधाम्ना ।
अन्यांश्च हस्तचरण-श्रवणत्वगादीन्,
प्राणान् नमो भगवते पुरुषाय तुभ्यम् ॥

एकस्त्वमेव भगवन्निदमात्मशक्त्या,
मायाख्ययोरुगुणया महदाद्यशेषम्।
सृष्ट्वाऽनुविश्य पुरुषस्तदसद्गुणेषु,
नानेव दारुषु विभावसुवद्विभासि॥'
(૪,૯,૬-૭)

જે સર્વશક્તિમાન્, વિશ્વાત્મા, શ્રીહરિ મારા અંતઃકરણમાં પ્રવેશ કરીને પોતાની જ્ઞાનજ્યોતિ વડે મારી સૂતેલી વાણીને સજીવ કરે છે, અર્થાત્ મારી જડ જીભ વડે અર્થાનુસંધાનપૂર્વક શબ્દોચ્ચારણની શક્તિ આપે છે; તથા કર, ચરણ, કર્ણ, ત્વચા વગેરે બીજી ઈન્દ્રિયોને પણ ચૈતન્ય પ્રદાન કરે છે, તે આપ–ભગવાન પૂર્ણ પુરુષને પ્રણામ છે. હે ભગવાન્! આપ એકલા જ પોતાની અનંત ગુણમયી માયાશક્તિ વડે આ મહાદાદિ સંપૂર્ણ જગત્‌ને રચીને, તેના ઇન્દ્રિયાદિ અસત્ ગુણોમાં જીવાત્મારૂપે અનુપ્રવિષ્ટ થઈને, આ પ્રકારે અનેકવત્ ભાસો છો; જેવી રીતે નાના પ્રકારનાં કાષ્ઠમાં અનુપ્રવિષ્ટ થયેલો અગ્નિ પોતાની ઉપાધિઓ અનુસાર ભિન્ન ભિન્ન રૂપે ભાસે છે, તેવી રીતે.

સ્તુતિથી પ્રસન્ન થયેલા ભગવાને ધ્રુવને વરદાન આપતાં કહ્યું–વત્સ ધ્રુવ, તેં માગ્યું નથી. પણ હું તારી હાર્દિક ઇચ્છાઓને જાણું છું. તેથી હું તને આ ભૂલોકનું સામ્રાજ્યપદ આપું છું. તું પૃથ્વીનું લાંબા સમય સુધી શાસન કરજે, અને અનેક પ્રકારના ભોગવૈભવોના સુખનો અનુભવ કરજે, તથા અંતમાં શરીર છોડયા પછી તને હુ તે ધ્રુવપદ આપું છું કે જે બીજાઓ માટે દુર્લભ છે. તે પદની સર્વ ગ્રહો, નક્ષત્રો વગેરે પ્રદક્ષિણા કરતાં રહે છે. આ પ્રકારે ધ્રુવને વરદાન આપીને ભગવાન શ્રી નારાયણ અંતર્ધાન થઈ ગયા.

જે વ્યક્તિ ભગવાનને શરણે આવે છે, સદા પ્રેમપૂર્વક

ભગવાનનું ચિંતન કરતી રહે છે, ભગવાનની કૃપાનું પાત્ર બને છે, તેની સર્વ પ્રતિકૂલતાઓ અનુકૂલતાઓમાં પલટાઈ જાય છે. જેના પર અખિલાત્મા નારાયણ પ્રસન્ન થાય છે, તેનું સર્વ લોકો સન્માન તથા આદર કરે છે; શત્રુઓ પણ મિત્ર બની જાય છે, જ્યારે ધ્રુવ વનમાં ચાલ્યા ગયા, ત્યારે મહારાજ ઉત્તાનપાદના હૃદયમાં ખૂબ મોટું પરિવર્તન થઈ ગયું. તે ધ્રુવનો અનાદર કરવા માટે ખૂબ પસ્તાવા લાગ્યા, તથા ધ્રુવની માતાનો અધિક આદર કરવા લાગ્યા, અને રાતદિવસ પ્રિય પુત્ર ધ્રુવની ચિંતા કરવા લાગ્યા. જ્યારે રાજાને ધ્રુવ પાછા આવ્યાના સમાચાર મળ્યા, ત્યારે તેમના હર્ષની સીમા ન રહી. બહુ ઉત્સાહપૂર્વક વાજાં સાથે ધ્રુવનું સ્વાગત કરવા માટે તે નગરની બહાર ગયા. જોતાં જ બહુ પ્રેમપૂર્વક ધ્રુવને ખોળામાં લઈને હૃદય સાથે ચાંપ્યા. બહુ સત્કારપૂર્વક ધ્રુવને તે રાજભવનમાં લઈ ગયા.

કેટલાક દિવસો પછી રાજા ઉત્તાનપાદને વૈરાગ્ય ઉત્પન્ન થયો. તેમણે ધ્રુવનો રાજ્યભિષેક કર્યો, અને પોતે ભગવાનનું ભજન કરવા માટે તપોવનમાં ચાલ્યા ગયા. ધ્રુવને માટે ભગવાનનાં સર્વ વરદાન સફલ થયાં. તે બહુ કાલ સુધી રાજ્ય-ઐશ્વર્ય ભોગવીને અંતે ધ્રુવ પદને પ્રાપ્ત થયા.

શિવભક્ત ઉપમન્યુ મહર્ષિ વ્યાઘ્રપાદનો પુત્ર હતો. તેની ગણતરી પણ અર્થાર્થી ભક્તોમાં કરવામાં આવે છે. એક દિવસ ઉપમન્યુએ માતા પાસે દૂધ માગ્યું. ઘરમાં દૂધ ન હતું, તેથી માતાએ ચોખાના અટામણને પાણીમાં ઘોળીને ઉપમન્યુને આપ્યું. ઉપમન્યુએ પહેલાં પોતાના મામાને ત્યાં સાચું દૂધ પીધું હતું. તેથી આ નકલી દૂધને તે તરત ઓળખી ગયા, અને માતાને કહેવા લાગ્યા—મા, આ તો દૂધ નથી. ઋષિપત્ની કદી જુઠું બોલતાં ન હતાં. તેથી તેમણે કહ્યું—બેટા, તારી વાત સાચી છે,

આ દૂધ નથી. આપણે તપસ્વીઓ છીએ, પર્વતની ગુફામાં જીવન વીતાવીએ છીએ, અકિંચન (ગરીબ) છીએ. માટે આપણે ત્યાં અસલી દૂધ કેવી રીતે મળી શકે? આપણા પરમ આરાધ્ય દેવ–સર્વસ્વ ભગવાન શ્રી શંકર છે. જો તારે યથેષ્ટ સુંદર દૂધ પીવું હોય, તો તે આશુતોષ, કૈલાસપતિ, ભગવાન મહાદેવને પ્રસન્ન કર. પ્રેમપૂર્વક તેમની આરાધના કર. તે પ્રસન્ન થશે, તો તને દૂધ તો શું–દૂધનો સમુદ્ર આપશે.

માતાની વાત સાંભળીને બાળક ઉપમન્યુએ પૂછયું–મા, ભગવાન મહાદેવ કોણ છે? ક્યાં રહે છે? તેમનું સ્વરૂપ કેવું છે? તે મને કેવી રીતે મળે? તેમને પ્રસન્ન કરવાનો ઉપય કયો છે?

બાળકનાં સરલ વચન સાંભળીને સ્નેહવશ માતાની આંખોમાં આંસુ આવી ગયાં. માતાએ તેમને શિવતત્ત્વ સમજાવ્યું. અને કહ્યું કે–તું આમનો ભક્ત બન. તેમને જ નમસ્કાર કર. તેમને શરણે જા. તેમના પર વિશ્વાસ રાખ. તેમનામાં મન લગાવ. તેમના દિવ્ય સાકાર સ્વરૂપનું ધ્યાન કર. તેમને પ્રસન્ન કરવાનો, વૈદિક મહામંત્ર છે–ૐ **નમઃશિવાય**। તે મંત્રનો નિરંતર એકાગ્રતા તથા શ્રદ્ધાપૂર્વક જપ કર. આમ કરવાથી કલ્યાણસ્વરૂપ ભગવાન શિવ જરૂર તારું કલ્યાણ કરશે, તારા સર્વ મનોરથો પૂર્ણ કરશે.

પોતાની માતા દ્વારા આ પ્રકારે ઉપદેશ પ્રાપ્ત કરીને બાળક ઉપમન્યુ ભગવાન શ્રીશિવને પ્રસન્ન કરવાનો દૃઢ સંકલ્પ કરીને ઘેરથી ચાલી નીકળ્યો. વનમાં જઈને રોજરોજ તે ૐ **નમઃ શિવાય**–મહામંત્રનો અખંડ જપ કરવા લાગ્યો. પત્ર પુષ્પોથી ભગવાન મહાદેવની પૂજા કરતો તે કઠોર તપ કરવા લાગ્યો. ભગવાન શ્રીશંકરના ધ્યાનમાં તે તન્મય બની ગયો. તેની શ્રદ્ધાથી, ભક્તિથી તથા આરાધનાથી ભગવાન શંકર જલ્દી તેના પર

પ્રસન્ન થયા. પ્રથમ તેના અનન્ય ભાવની પરીક્ષા લેવા માટે દેવરાજ ઈન્દ્રનું રૂપ ધારણ કરીને, ઐરાવત હાથી પર આરૂઢ થઈ ને, ઉપમન્યુની સમક્ષ ભગવાન શંકર પ્રગટ થયા. ઋષિકુમાર ઉપમન્યુએ ઈન્દ્રને જોઈ ને પ્રણામ કર્યા અને કહ્યું–દેવરાજ, આપે મારી પાસે આવીને મારા પર ખૂબ કૃપા કરી છે. બતાવો, હું આપની શી સેવા કરું ? ઈન્દ્રરૂપી શંકરે કહ્યું–હે સુવ્રત, હું તારી આ તપસ્યાથી ખૂબ પ્રસન્ન થયો છું. તું મારી પાસે મનમાન્યું વરદાન માગ. તું જે કાંઈ માગીશ તે હું તને આપીશ.

ઈન્દ્રની વાત સાંભળીને ઉપમન્યુએ કહ્યું–દેવરાજ, આપની મોટી કૃપા છે, પણ હું આપની પાસેથી કાંઈ પણ લેવા માગતો નથી. હું તો ભગવાન વિશ્વનાથ શ્રીશિવજીનો અનન્ય ભક્ત-સેવક બનવા માગું છું. જ્યાં સુધી તેઓ મારા પર પ્રસન્ન થઈને મને દર્શન નહિ આપે, ત્યાં સુધી હું તેમની આરાધના નહિ છોડું. જન્મ-જન્માંતરોમાં પણ તે ભગવાન શંકરમાં જ મારી અક્ષય તથા અનન્ય ભક્તિ બની રહેશે. એ જ મારી અભિલાષા છે. તે ભગવાન કૃપા કરીને જે કાંઇ મારું અભિપ્રેત કરી દેશે, તેનો હું હર્ષપૂર્વક સ્વીકાર કરીશ. પણ હું બીજા કોઈની પાસેથી કશું પણ લેવા માગતો નથી.

આ પ્રકારે ઈન્દ્રને કહીને ઉપમન્યુ ફરી પોતાની તપસ્યામાં લાગી ગયો. ત્યારે ઈન્દ્રરૂપધારી શંકરે ઉપમન્યુની સમક્ષ દેવરાજ ઈન્દ્રના ગુણોની પ્રશંસા દ્વારા પોતાની જ નિંદા કરવાનું શરૂ કર્યું. ઉપમન્યુ શિવનિંદા સાંભળીને બહુ જ દુઃખી થયો. કોઈપણ દિવસ ક્રોધ ન કરનાર, તેના મનમાં ક્રોધનો સંચાર થયો, અને શિવનિંદક ઇન્દ્રનો વધ કરવાની ઈચ્છાથી, અઘોરાસ્ત્રથી અભિ-મંત્રિત ભસ્મ લઈ ને, તેણે ઈન્દ્ર પર ફેંકી, અને શિવનિંદા સાંભળવાના પ્રાયશ્ચિત્તરૂપે પોતાના શરીરને બાળી નાંખવાની

ઈચ્છાથી આગ્નેયી ધારણાનો પ્રયોગ કરવા લાગ્યો.

તેની તેવી અનન્યતા જોઈને ભગવાન શંકર ખુબ પ્રસન્ન થયા. ભગવાનના આદેશથી આગ્નેયી ધારણાનું નિવારણ થયું, અને નંદીએ અઘોરાસ્ત્રનું નિવારણ કર્યું. એટલામાં ભક્ત ઉપમન્યુએ વિસ્મય પામતાં જોયું કે-ઐરાવત હાથી ચન્દ્રમાની પેઠે સફેદ કાન્તિવાળો વૃષભ બની ગયો છે, અને ઈન્દ્રની જગ્યાએ ભગવાન કૈલાસપતિ શંકર પોતાના દિવ્યરૂપમાં જગજ્જનની, ભગવતી, ઉમાદેવીની સાથે તેના પર વિરાજમાન છે. તે કરોડો સૂર્યોના સમાન તેજથી આચ્છાદિત અને કરોડો ચંદ્રમાની સમાન સુશીતલ, સુધામયી, કિરણમાલાઓથી ઘેરાયેલા છે. તેમના પ્રકૃષ્ટ, શીતલ તેજથી સર્વ દિશાઓ પ્રકાશિત તથા પ્રફુલ્લિત થઈ ગઈ. તેમનો કર્પૂર સમાન દિવ્ય, ગૌર વર્ણ હતો. ધવલ બાલચંદ્રથી તેમનો જટામુકુટ સુશોભિત હતો. દિવ્ય સુંદર શરીર પર સુવર્ણ કમળોથી ગૂંથેલી અને રત્નોથી જડેલી માળા સુશોભિત થઈ રહી હતી. જગદંબિકા, ભગવતી ઉમાનું પણ સૌન્દર્ય અવર્ણનીય હતું. તેવા વિશ્વવંદિત, ભગવાન શંકરનું ઉમાસહિત દર્શન પ્રાપ્ત કરીને ઉપમન્યુના હર્ષનો પાર રહ્યો નહિ. તે ગદ્‌ગદ કંઠે ભગવાનની પ્રાર્થના કરવા લાગ્યો. તેના પ્રાર્થનાનું શિવસ્તોત્ર શિવભક્તોમાં બહુ પ્રસિદ્ધ છે. તેના કેટલાક શ્લોકો આ પ્રકારના છે—

जय शंकर! पार्वतीपते! मृड! शम्भो! शशिखण्डमण्डन!।
मदनान्तक! भक्तवत्सल! प्रियकैलास! दयासुधाम्बुधे!॥
न वयं तव चर्मचक्षुषा, पदवीमप्युपवीक्षितुं क्षमाः।
कृपयाऽभयदेन चक्षुषा सकलेनेश! विलोकयाशु नः॥'

હે શંકર, હે પાર્વતીપતે, હે મૃડ (સુખાકર) શંભો, હે

બાલચંદ્રને પોતાના મસ્તક ઉપર આભૂષણ સમાન ધારણ કરવાવાળા, હે કામશત્રુના વિધ્વંસક, હે ભક્તવત્સલ, જેમને કૈલાસવાસ પ્રિય છે એવા હે દયારૂપી અમૃતના મહાસાગર, આપનો જય હો, જય હો. હે પ્રભો, અમે આપના વાસ્તવિક સ્વરૂપને ચર્મચક્ષુથી જોવામાં સમર્થ નથી. માટે હે ઈશ્વર, કૃપા કરીને આપ આપની અભય આપનારાવાળી, દિવ્યકલાપૂર્ણ આંખ વડે અમને શીઘ્ર જુવો, અર્થાત્ આપના કરુણાપૂર્ણ નેત્રથી જોવાથી, અમારું શીઘ્ર કલ્યાણ જ થઈ જશે.

'सविषोऽप्यमृतायते भवान्, शवमुण्डाभरणोऽपि पावनः।
भव एव भवान्तकः सतां, समदृष्टिर्विषमेक्षणोऽपि सन्॥
अपि शूलधरो निरामयो दृढवैराग्यरतोऽपि रागवान्।
अपि भैक्ष्यचरो महेश्वरश्चरितं चित्रमिदं हि ते प्रभो!॥'

આપ વિષધર સર્પયુક્ત હોવા છતાં પણ અમૃતાયતન છો, અમૃતની પેઠે આનંદપ્રદ છો. મુંડમાલાધારી હોવા છતાં પણ આપ અત્યંત પવિત્ર છો, તમારા ભક્તોને પણ પાવન કરી દો છો. ભવ અર્થાત્ સંસારના ઉત્પાદક હોવા છતાં પણ સજ્જન ભક્તોના ભવનો અર્થાત્ મિથ્યા સંસારનો નાશ કરનારા છો. વિષમ નેત્રોવાળા–ત્ર્યંબક હોવા છતાં પણ આપની સમાન દૃષ્ટિ છે, અર્થાત્ ત્રણની સંખ્યા વિષમ મનાય છે, તેથી ભગવાન શંકર ત્રિનેત્ર છે–વિષમેક્ષણ છે, છતાં તે સર્વત્ર સમદર્શન છે. શૂલધર હોવા છતાં પણ આપ નિરામય–પૂર્ણ સ્વસ્થ છો. શૂલ રોગનું નામ છે, અને આયુધનું પણ નામ છે. દૃઢ વૈરાગ્યવાન હોવા છતાં પણ આપ રાગવાન છો, અને આપ ભિક્ષા માટે વિચરણ કરતા રહો છો, તો પણ મહેશ્વર કહેવાઓ છો. આ પ્રકારે હે પ્રભો, આપનું ચરિત્ર બહુ અદ્ભુત છે, પરસ્પર–વિરુદ્ધ છે. અર્થાત્ વિષયુક્ત અમૃતનિધિ કેવી રીતે હોઈ શકે? મડદાંના મુંડોની

અશુચિ માલા ધારણ કરનાર પવિત્ર કેવી રીતે હોઈ શકે? જે ભવ હોય, તે ભવાન્તક કેવી રીતે હોય? વિષમ દૃષ્ટિવાળા સમદૃષ્ટિ કેવી રીતે હોય? શૂલધર નિરામય (રોગરહિત) ન હોય. વૈરાગ્યવાન રાગવાન કેવી રીતે હોય? ભિક્ષા માગનાર મહેશ્વર કેમ કરીને હોય? પરંતુ આપ-ભગવાનમાં આ સર્વ વિરુદ્ધ ધર્મો સુસંગત પ્રતીત થઈ રહ્યા છે. તે જ આપની વિસ્મયકારી મહત્તા છે.

वितरत्यभिवाञ्छितं दृशा परिदृष्टः किल कल्पपादपः।
हृदये स्मृत एव धीमते नमतेऽभीष्टफलप्रदो भवान् ॥
शिव ! सर्वग ! शर्व ! शर्मद ! प्रणतो देव ! दयां कुरुष्व मे
नम ईश्वर ! नाथ ! दिक्पते ! पुनरेवेश ! नमो नमोऽस्तु ते ॥
शरणं तरुणेन्दुशेखरः शरणं मे गिरिराजकन्यका।
शरणं पुनरेव तावुभौ शरणं नान्यदुपैमि दैवतम् ॥

જેવી રીતે કલ્પવૃક્ષ આંખથી જોવા માત્રથી વાંછિત અર્થ સમર્પણ કરે છે, તેવી રીતે હૃદયમાં પ્રેમથી આપનું સ્મરણ કરવા માત્રથી જ આપ તે નમ્ર, બુદ્ધિમાન, ભક્તને માટે અભીષ્ટ ફળ આપનારા બનો છો. અર્થાત્ કલ્પવૃક્ષનું દર્શન સર્વને માટે સુલભ નથી, પરંતુ આપનું સ્મરણ સર્વને માટે અત્યંત સુલભ છે. આ પ્રકારે આપ સુલભ સાધનદ્વારા સકલ અભીષ્ટ સમર્પણ કરો છો, તે જ કલ્પવૃક્ષ કરતાં આપની મહાન વિશેષતા છે. હે શિવ, હે સર્વગત, હે શર્વ (સંહારક), હે શર્મદ (સુખપ્રદ), હે દેવ, આપને પ્રણામ કરનારા-મારા પર દયા કરો. હે ઈશ્વર, હે નાથ, હે દિશાઓના પતિ (પાલક), હે ઈશ, આપને મારા વારંવાર નમસ્કાર છે. જેમના લલાટમાં તરુણચન્દ્ર સુશોભિત છે એવા ભગવાન શંકર જ મારું શરણ છે. ગિરિરાજ-કન્યા ભગવતી ઉમાને હું શરણે જાઉં છું. પુનઃ પુનઃ હું તે બંનેને જ શરણે જાઉં છું. બીજા કોઈ પણ દેવનું શરણ હું સ્વીકારતો નથી.

આ પ્રકારે ભક્ત ઉપમન્યુની સરલ તથા પ્રેમપૂર્ણ સ્તુતિ સાંભળીને ભગવાન શંકર અત્યંત પ્રસન્ન થયા, અને તેમને કહેવા લાગ્યા–હે બેટા ઉપમન્યુ, હું તારા પર બહુ પ્રસન્ન થયો છું. મેં બરાબર પરીક્ષા કરીને જોઈ લીધું છે કે–તું મારો દૃઢ–અનન્ય ભક્ત છે. કહે, તારે શું જોઈએ? એવું કશું નથી કે જે હું તને ન આપી શકું. જે તું માગીશ, તે હું તને આપીશ. ભગવાન શંકરનાં સ્નેહપૂર્ણ વચનો સાંભળીને ઉપમન્યુના આનંદની સીમા રહી નહિ. તેનાં નેત્રોમાંથી આનંદનાં આંસુઓનો પ્રવાહ વહેવા લાગ્યો. તે ગદ્‌ગદ સ્વરે બોલ્યો–હે પ્રભો, આજે મને શું મળવાનું બાકી રહ્યું છે? આપનાં પરમ પાવન, મંગલમય પ્રત્યક્ષ દર્શનમાં જ બધું આવી ગયું. એનાથી વધારે મારે બીજું શું જોઈએ? છતાં આપ દયાળુ ભગવાન કંઈક આપવા જ માગો છો, તો મને એ આપો કે–આપનાં શ્રીચરણોની અનન્ય ભક્તિ મારામાં સદા બની રહે.

ભગવાન ચંદ્રશેખર શંકરે 'તથાસ્તુ' કહીને ઉપમન્યુને ભક્તિનું વરદાન આપ્યું, અને તેની પહેલાંની ઈચ્છા અનુસાર તેને દિવ્ય દૂધ–ભાતની ખીર ખાવા માટે આપી, અને ભગવતી ઉમાદેવીએ પણ અત્યંત પ્યાર સાથે તેના મસ્તક પર હાથ મૂકીને, ષણ્મુખ–કાર્તિકેયની પેઠે, તેને અચલ કુમારપદ આપ્યું. ત્યાર પછી ભગવાન શિવે આશીર્વાદ આપતાં કહ્યું કે–બેટા, તું આજથી અજર, અમર, દિવ્ય આનંદમય, તેજસ્વી, યશસ્વી તથા આત્મજ્ઞાનયુક્ત બની ગયો છે. તારા દુઃખ દોષોનો સદાને માટે નાશ થઈ ગયો છે. તું મારો અનન્ય ભક્ત જ સદા બન્યો રહીશ. અને તારો નિવાસ લાંબા સમય સુધી ક્ષીરસાગરના તટ પર જ થશે, જેથી તને કદાપિ પ્રિય દૂધપાનની ખોટ રહેશે નહિ. એવું કહીને ભગવાન શંકર ત્યાંથી અંતર્ધાન થઈ ગયા. આ તેજ

ઉપમન્યુ ઋષિકુમાર હતો, જેણે ભગવાન શ્રીકૃષ્ણને પંચાક્ષર મહામંત્રની શૈવી દીક્ષા આપી હતી. એ વૃત્તાંત મહાભારતમાં પ્રસિદ્ધ છે.

વિભીષણ પણ ભગવાનનો અર્થાર્થી ભક્ત હતો. તપશ્ચર્યા કરીને બ્રહ્માજીને પ્રસન્ન કરીને, બ્રહ્મા પાસેથી તેણે ભગવદ્-ભક્તિનું જ વરદાન માગ્યું હતું. જ્યારે રાવણ ભગવતી સીતાજીને હરી લાવ્યો, ત્યારે વિભીષણે તેને બહુ સમજાવ્યો-પરસ્ત્રીનું સેવન યશ, આયુષ તથા પુણ્યનો નાશ કરે છે. તે પાપથી નરકની પ્રાપ્તિ થાય છે. માટે ભગવતી સીતાજીને તું આદરપૂર્વક શ્રીરામને પાછાં સોંપી દે પરંતુ અહંકારી, દુષ્ટ રાવણે તેની હિતકારી વાત પર ધ્યાન જ આપ્યું નહિ.

જ્યારે શ્રી હનુમાનજી લંકા પહોંચ્યા, ત્યારે રાત્રિમાં શ્રીજાનકીજીને શોધતાં શોધતાં તેમને વિભીષણનું ઘર નજરે પડ્યું. તેના ઘરની દિવાલો પર ચારે બાજૂએ ભગવાનનાં મંગલમય નામ સુંદર અક્ષરે અંકિત થયેલાં હતાં. હનુમાનજી આશ્ચર્યમાં પડી ગયા કે-રાક્ષસોની આ નગરીમાં આ ભગવદ્ભક્તના જેવું ઘર કોનું હશે? ત્યાં તેમને વિભીષણ સાથે મેળાપ થયો. શ્રી હનુમાનજીએ પોતાનો પરિચય આપ્યો. તે સમયે વિભીષણ બહુ પ્રસન્ન થયા, અને કહેવા લાગ્યા કે—

'अब मोहि भा भरोस हनुमन्ता।
बिनु हरिकृपा मिलहिं नहिं सन्ता।

હે હનુમાનજી, હવે મને પ્રભુ શ્રીરામના મળવાનો દૃઢ વિશ્વાસ થયો, કારણ કે શ્રીહરિની કૃપા વિના સંતનો મેળાપ થતો નથી. અર્થાત્ હરિકૃપા થાય છે, ત્યારે જ આપ જેવા સંતોનાં દર્શન થાય છે.

સાધુસ્વભાવ વિભીષણ પોતાના મોટા ભાઈ રાવણને વારંવાર સમજાવીને એ જ શિખામણ આપતા રહ્યા કે—

काम क्रोध मद लोभ सब, नाथ! नरक के पन्थ।
सब परिहरि रघुबीरहिं भजहु, भजहिं जेहि सन्त॥

देहु नाथ! प्रभु कहुँ बैदेही, भजहु राम सब भाँति सनेही।
ताहि बयरु तजि नाइय माथा, प्रनतारति-भंजन रघुनाथा॥

હે લંકાના નાથ! કામ, ક્રોધ, મદ તથા લોભ—એ સર્વ નરકનો માર્ગ છે. તેમનો પરિત્યાગ કરીને તું ભગવાન શ્રી રાઘવેન્દ્રનું ભજન કર, જેમનું ભજન મોટા મોટા સંત લોકો પણ કરતા રહે છે. હે લંકેશ, પ્રભુ રામને વિદેહકુમારી સીતા આપી આવ. સર્વ પ્રકારના સ્નેહપૂર્વક રામનું ભજન કર. શ્રીરામ સાથે વેર ત્યજીને અને અહંકાર છોડીને, તેમની સમક્ષ મસ્તક ઝુકાવીને તેમને પ્રણામ કર. રઘુનાથજી પ્રણત ભક્તોનાં દુઃખનો નાશ કરે છે.

પરંતુ દુષ્ટ રાવણના માથા પર કાળ નાચી રહ્યો હતો. તેનો વિનાશકાળ પાસે આવ્યો હતો. તેથી તેને આવી હિતકારી શિખામણ ગમી નહિ. ભરી સભામાં ક્રોધે ભરાઈને રાવણે વિભીષણનું અપમાન કરી, લાત મારીને, તેને લંકામાંથી બહાર નીકળી જવાની આજ્ઞા દીધી. વિભીષણ આકાશ માર્ગે ભગવાન શ્રી રામચંદ્રની પાસે જવા નીકળી પડ્યો. ત્યાં પહોંચીને વિભીષણે પોતાનો પરિચય આપીને સ્વશરણાગતિનો સંદેશો પહોંચાડ્યો. જ્યારે સુગ્રીવે કંઈક શંકાઓ કરી અને શરણ આપવામાં કંઈક આપત્તિઓ ઊઠાવી, ત્યારે શરણાગતવત્સલ, પ્રભુ શ્રીરામે કહ્યું—

'सकृदेव प्रपन्नाय, तवास्मीति च याचते।
अभयं सर्वभूतेभ्यो ददाम्येतद् व्रतं मम॥

(વા. રા. ૬,૧૮,૩૩)

જે વ્યક્તિ એકવાર શરણે આવીને કહે છે કે-'હે પ્રભો ! હું તમારો છું,' તેને હું સઘળા પ્રાણીઓથી અભય કરી દઉં છું. આ મારું વ્રત છે.

પ્રભુની આજ્ઞાથી હનુમાનજી તથા અંગદ ખૂબ આદરપૂર્વક વિભીષણને પ્રભુની પાસે લઈ ગયા. રાઘવેન્દ્ર ભગવાનની તે જટા-મુકુટધારી, દૂર્વાદલ-શ્યામલ શરીરની અનુપમ દિવ્ય શોભા જોઈને વિભીષણનાં નેત્ર નિહાલ થઈ ગયાં. ભૂમિ પર પ્રણામ કરીને, તે ચરણોમાં પડયા. શ્રી રામ તે વખતે ઝડપથી ઊઠયા, અને વિભીષણને ઊઠાવીને તેમણે હૃદય સરસો ચાંપ્યો. તે જ દિવસે સર્વેશ્વર શ્રી રામે વિભીષણના હૃદયની ઇચ્છા જાણીને, પોતાના કરકમલ વડે સાગરના જલથી વિભીષણનો લંકાના રાજ્યાસનપર અભિષેક કર્યો, અને ત્યારથી તેને 'લંકેશ' નામથી જ બોલાવવા લાગ્યા. યુદ્ધમાં રાક્ષસો સહિત રાવણ માર્યો ગયો, અને ભગવાન શ્રીરામે લંકાનું રાજ્ય વિભીષણને સોંપી દીધું.

વાનરરાજ સુગ્રીવ પણ ભગવાન શ્રીરામનો સખા તથા અર્થાર્થી ભક્ત હતો. મોટા ભાઈ વાલીએ તેનું રાજ્ય, સ્ત્રી, ધન વગેરે સર્વ કાંઈ છિનવી લીધું હતું, અને તે સુગ્રીવને જાનથી મારી નાંખવા દોડયો. તે પોતાના પ્રાણની રક્ષા માટે ભાગ્યો. હનુમાન વગેરે પોતાના મંત્રીઓની સાથે તે ઋષ્યમૂક પર્વત પર રહેવા લાગ્યો. રામચંદ્રનો વિમલ યશ સાંભળીને સુગ્રીવને તેમના પર પ્રેમ થયો, અને તે રાતદિવસ ભગવાનના આગમનની પ્રતીક્ષા કરવા લાગ્યો. અંતર્યામી ભગવાન રામ પણ સુગ્રીવને શોધતા શોધતા ઋષ્યમૂક પર્વત પર આવ્યા. સુગ્રીવે દૂરથી જ શ્રીરામ તથા લક્ષ્મણને જોઈને હનુમાનજીને મોકલ્યા. હનુમાનજી તેમને આદરપૂર્વક લઈ આવ્યા. અગ્નિને સાક્ષી રાખીને બંનેની મિત્રતા થઈ. સુગ્રીવે પોતાનાં સર્વ દુઃખ ભગવાનને સંભળાવ્યાં, અને

રાજ્ય પાછું મેળવવાની અભિલાષા બતાવી. ભગવાને સુગ્રીવને પોતાના પ્રભાવ બતાવીને, વાલીને મારીને, રાજ્યલાભનો વિશ્વાસ અપાવ્યો. સુગ્રીવને વિશ્વાસ થઈ ગયો કે–શ્રીરામ વાલીને અવશ્ય મારશે. એટલે સુગ્રીવને લઈને શ્રીરામ વાલીને ત્યાં ગયા. વાલી લઢવા આવ્યો. બંને ભાઈઓ વચ્ચે મોટું યુદ્ધ થયું. અંતે શ્રીરામે એક એવું બાણ તાકીને–સાત તાડોનું છેદન કરીને, વાલીને માર્યું કે તે મરી ગયો. વાલી મરી જતાં ભગવાને સુગ્રીવને રાજા બનાવ્યો, અને વાલીપુત્ર અંગદને યુવરાજ–પદ આપ્યું. ત્યાર પછી સુગ્રીવે હનુમાનજી દ્વારા શ્રી સીતાજીની શોધ કરાવી. અને શ્રીરામજીની સાથે અસંખ્ય વાનરસેના લઈને લંકા પર ચઢાઈ કરી. સંગ્રામમાં તેણે ખૂબ પરાક્રમ બતાવ્યું અને રાવણના નાશ માટે શ્રીરામને ખૂબ સહાયતા આપી. લંકાવિજય પછી શ્રીરામજીની સાથે સુગ્રીવ અયોધ્યા ગયો. શ્રીરામે તેને થોડા દિવસ અયોધ્યાપુરીમાં રાખીને વિદાય કર્યો. વિદાય સમયે સુગ્રીવે ભગવાન પાસે એજ વરદાન માગ્યું હતું કે—

'त्वत्पादपद्मार्पितचित्तवृत्तिस्त्वन्नामसङ्गीतकथासु वाणी ।
त्वद्भक्तसेवानिरतौ करौ मे, त्वदङ्गसङ्गं लभतां मदङ्गम् ॥
त्वन्मूर्तिभक्तान् स्वगुरुं च चक्षुः पश्यत्वजस्रं स शृणोतु कर्णः ।
त्वज्जन्मकर्माणि च पादयुग्मं व्रजत्वजस्रं तव मन्दिराणि ॥

હે પ્રભો, મારી ચિત્તવૃત્તિ સદા આપનાં ચરણકમલમાં લાગી રહે. મારી વાણી સદા આપનાં પાવન નામોનું સુગાન કરતી રહે; હાથ આપના ભક્તોની સેવામાં લાગ્યા રહે. અને મારું શરીર (આપના પાદસ્પર્શ વગેરે બહાના વડે) સદા આપના દિવ્ય સૌન્દર્ય–સૌકુમાર્ય–ધામ અંગોનો સંગ કરતું રહે. મારાં નેત્ર સદા આપની અનુપમ, શોભાધામ, દિવ્યમૂર્તિનું, આપના

ભક્તોનું તથા પોતાના ગુરુનું દર્શન કરતાં રહે. કાન નિરંતર આપનાં દિવ્ય જન્મકર્મોની કથા સાંભળતા રહે. અને મારા પગ સદા આપનાં પાવન મંદિરોની જ યાત્રા કરતા રહે.

આ પ્રકારે રાજ્યાદિ અર્થ લાભની સાથે, ભગવાનની ભકિત કરનાર, અર્થાર્થી ભક્ત સુગ્રીવનું સમગ્ર જીવન રામની ખાતર તથા રામસ્મરણમાં જ વ્યતીત થયું.

IV

ચોથો જ્ઞાની ભક્ત છે. તે સર્વથા નિઃકામ છે. પ્રત્યગભિન્ન બ્રહ્મતત્ત્વનો સાક્ષાત્કાર જ્ઞાન છે. એવા જ્ઞાનમાં નિત્ય રત રહેવાથી તે જ્ઞાનવાન કહેવાય છે. તે ભગવત્તત્ત્વથી અતિરિક્ત કોઈ પણ પદાર્થને જોવા પણ નથી માગતો, અને તેને સત્યરૂપે માનતો પણ નથી. તેથી તેની સમસ્ત કામનાઓ નિવૃત્ત થઈ ગઈ છે. 'જ્ઞાની ચ મે' આમાં 'ચ' કારથી નિષ્કામ પ્રેમી ભક્તને પણ જ્ઞાનીમાં જ અંતર્ભાવ સમજાવવામાં આવ્યો છે. જ્ઞાની કદી ભાવશૂન્ય હોતો નથી, અને સાચો પ્રેમી કદી અજ્ઞાની નથી રહેતો. માટે ભગવાને જ્ઞાનવાનની ભકતોમાં શ્રેષ્ઠરૂપે ગણના કરી છે. જ્ઞાન આંખ સમાન છે. માટે જ્ઞાનવિહીન ભકિત આંધળી છે. આંધળાપણું કોઈકવાર ખાડામાં નાંખે છે. અને ભકિત વિનાનું જ્ઞાન શુષ્ક ભારરૂપ તથા લંગડું છે. લંગડો માણસ જેવી રીતે ચાલી શકતો નથી, તેવી રીતે ભકિત વિનાનું જ્ઞાન કલ્યાણમાર્ગમાં આગળ વધવા દેતું નથી. તેથી અમારાં સર્વ શાસ્ત્રોમાં જ્ઞાન તથા ભકિતનો તાદાત્મ્ય-સંબંધ માન્યો છે. જ્ઞાનથી ભકિતમાં નિર્મલતા સિદ્ધ થાય છે, અને ભકિતથી જ્ઞાનમાં તન્મયતા સિદ્ધ થાય છે. આ પ્રકારે જ્ઞાન તથા ભકિતમાં પરસ્પર પોષ્યપોષકતા જોવામાં આવે છે. માટે જ મહાત્મા તુલસીદાસ કહે છે કે—

'ज्ञानहिं भक्ति-हिं नहिं कछु भेदा।
उभय हरहिं भव-संभव-खेदा ॥'

જ્ઞાનનો સ્થૂલ અર્થ છે 'જાણવું,' અને ભક્તિનો સ્થૂલ અર્થ છે 'માનવું.' જાણ્યા સિવાય આપણે કોઈને માનવા ચાહતા નથી. જ્યારે જાણીએ છીએ, ત્યારે જ માનવા લાગીએ છીએ. કલ્પના કરો કે—આપના ઘરમાં એક સાચો હીરાનો કીમતી પત્થર પડેલો છે. આપ તેને અસલી રૂપમાં જાણતા નથી. તેથી આપે તેની તદ્દન ઉપેક્ષા કરીને, તેને હેય (ત્યાજ્ય) ગણ્યો છે. તે આમથી તેમ રખડતો ઘરમાં પડ્યો રહે છે. આપ તેનો પ્રેમ તથા સમાદર કરતા નથી. ઊલટું સમજો છો કે—આ કોઈ કીંમત વગરનો, સામાન્ય પત્થર છે, ખાણમાંથી નીકળેલો, પાલિસ કર્યા વગરનો, હીરાના પત્થર જેવો મેલો જ દેખાય છે. જ્યારે આપના ઘરમાં કોઈ હીરાનો પરીક્ષક ઝવેરી આવે છે અને તે પત્થરને ઊઠાવીને જુવે છે, તેનું મૂળ સ્વરૂપ તથા ચાર લાખની કીંમત બતાવે છે, અને પાલીસ કરીને તેના પ્રોજ્જવલ રૂપનું દર્શન કરાવે છે, ત્યારે આપ તેના અસલી સ્વરૂપને જાણી લ્યો છો. તે સમયે આપનો તેના પર દૃઢ પ્રેમ થઈ જાય છે. તમે તેનો બહુ આદર તથા સન્માન કરવા લાગો છો. તેને માટે ચાંદીની નહિ—સોનાની સુંદર પેટી—ડબ્બી બનાવરાવો છો. તેની વચમાં—અંદર મખમલની ગાદી બનાવરાવો છો. તેમાં મૂકીને, તે ડબ્બીને ખાસ ઓરડાની તિજોરીના ગુપ્ત ખાનામાં છુપાવીને રાખો છો. પ્રેમવશ ખાતાંપીતાં, હરતાં ફરતાં, સર્વ વખતે તેની સુખદ સ્મૃતિ રાખો છો. વારંવાર ડબ્બી ઉઘાડીને, તેને પ્યારભર્યાં નેત્રોથી જોઈને, પ્રસન્ન તથા આનંદ-વિભોર થઈ જાઓ છો. એમ કેમ બન્યું? કારણકે હવે તમે તેને તેના વાસ્તવિક રૂપમાં જાણ્યો. જાણ્યા વિના તેમાં પ્રેમ પણ નહતો, અને તેની અખંડ સ્મૃતિ પણ નહતી. આ તો એક દૃષ્ટાંત છે—સિદ્ધાંત સમજવા માટે. સિદ્ધાંતમાં હીરો ભગવત્તત્ત્વ છે. જ્યાં સુધી આપ તેને શાસ્ત્ર તથા ગુરુના સહકારથી યથાર્થ રૂપમાં જાણતા નથી, ત્યાં સુધી આપ તેને માનતા નથી. યથાર્થરૂપે

જાણ્યા પછી જ તેમાં પરમ પ્રેમની સિદ્ધિ થાય છે. અને દૃઢ પ્રેમ વિના તે જ્ઞેય તત્ત્વની દૃઢ સ્મૃતિ કોઈને પણ થતી નથી. ધ્રુવ સ્મૃતિ વિના જ્ઞેય તત્ત્વનો સાક્ષાત્કાર (વાસ્તવિક જ્ઞાન) થતો નથી. આ પ્રકારે જ્ઞાન તથા ભક્તિ તાદાત્મ્યાપન્ન બનીને સ્વસ્વરૂપાવસ્થાનરૂપ બ્રહ્મનિર્વાણ પદને આપે છે. માટે જ્ઞાની પણ ભક્ત જ છે.

એવા જ્ઞાની ભક્તો સનકાદિ, શુક, પ્રહ્લાદ, નારદ, પૃથુ વગેરે બહુ થઈ ગયા છે. માટે ભગવાને કહ્યું છે કે–**बहवो ज्ञानतपसा पूता मद्भावमागताः।** (ગીતા ૪, ૧૦) ઘણા મનુષ્યો જ્ઞાનરૂપી તપથી પવિત્ર બનીને મારા સ્વરૂપને પ્રાપ્ત થયા છે. એવા જ્ઞાનવાન, જીવન્મુક્ત મહાપુરુષો, કોઈપણ કારણ વિના જ, ભગવાનની ભક્તિ કરતા રહે છે, કારણકે તેમનો સ્વભાવ જ ભક્તિમય બની ગયો છે. માટે શ્રીમદ્ ભાગવતમાં કહ્યું છે—

'आत्मारामाश्च मुनयो निर्ग्रन्था अप्युरुक्रमे।
कुर्वन्त्यहैतुकीं भक्तिमित्थंभूतगुणो हरिः॥
(૧,૭,૧૦)

જે આત્મારામ, આપ્તકામ, માયાનાં સમસ્ત બંધનોથી મુક્ત, મુનિ લોકો છે, તેઓ પણ આત્મસ્વરૂપ ભગવાનમાં નિષ્કામ ભક્તિ રાખે છે, કોઈપણ કારણ વિનાજ ભગવાનમાં અનન્ય પ્રેમ કરવો, તે તેમની છોડાવી ન છૂટે તેવી ટેવ પડી ગઈ છે. અને ભગવાનના મંગલમય, પાવન ગુણો પણ એવા આકર્ષક છે કે તે જ્ઞાનવાન પણ ભગવાનમાં પ્રેમ કર્યા સિવાય રહી શકતા નથી. આર્ત, જિજ્ઞાસુ, અર્થાર્થી તથા જ્ઞાની–એવા ક્રમ બતાવવામાં પણ ભગવાનનું તાત્પર્ય જરૂર કંઈક હશે. વિચાર કરતાં એવો નિશ્ચય થાય છે કે–શ્રીભગવાને આર્ત તથા અર્થાર્થીની મધ્યમાં જિજ્ઞાસુને તેટલા માટે મૂક્યો કે–આર્ત તથા અર્થાર્થી એક

પ્રકારના જિજ્ઞાસુ પણ છે, તથા જિજ્ઞાસુ આર્ત તથા અર્થાર્થી પણ છે; કારણકે-જિજ્ઞાસુમાં આર્તત્વ તથા અર્થાર્થીપણું-બન્ને ધર્મો જોવામાં આવે છે. તે જન્મ, મરણ વગેરે ભવદુઃખોથી દુઃખી છે-આર્ત છે. માટે તે જન્મ, મૃત્યુ, જરા, વ્યાધિ, દુઃખ વગેરેમાં દોષદર્શન કરીને, સંસારથી ઉપરત થઈને, જિજ્ઞાસુ બન્યો છે. અને તે પરમ અર્થ-પરમાત્મતત્ત્વની પ્રાપ્તિની ઈચ્છા પણ રાખે છે. માટે તે એક પ્રકારનો અર્થાર્થી પણ છે. આ પ્રકારે આર્ત તથા અર્થાર્થી ભક્તોમાં આર્તિનાશની ઈચ્છા તથા અન્ય પદાર્થોની કામનાઓની સાથે સાથે, મુક્તિની પણ કામના રહે છે. માટે એ બંનેમાં જિજ્ઞાસુપણું: પણ રહી જાય છે. વિવેક વિચાર દ્વારા સાંસારિક કામનાઓને કષ્ટદાયક સમજીને, પછી તે વિશુદ્ધ જિજ્ઞાસુ બનીને જ્ઞાનવાન પણ બની જાય છે. માટે શ્રીભગવાને પોતાના ચાર પ્રકારના ભક્તજનોનો પૂર્વોક્ત ક્રમ બરાબર જ ગોઠવ્યો છે. તે આ પ્રકારના વિશેષ તાત્પર્યનું સૂચન કરે છે. માટે તે ક્રમ અપરિવર્તનીય (ન ફેરવવા યોગ્ય) તથા યથાર્થ છે.

શ્રીમદ્ ભાગવતમાં આર્ત વગેરે ચાર પ્રકારના ભક્તોનો વિલક્ષણ ઢંગથી આ પ્રકારે ઉલ્લેખ કર્યો છે કે—

'अकामः सर्वकामो वा मोक्षकाम उदारधीः।
तीव्रेण भक्तियोगेन यजेत पुरुषं परम्॥'

(૨,૩,૧૦)

કામનાહીન હોય અથવા સર્વ કામનાઓવાળો હોય અથવા મોક્ષકામી હોય, બુદ્ધિમાન પુરુષને તે જરૂર છે કે—તે તીવ્ર ભક્તિયોગથી પરમ પુરુષ-ભગવાનનું ભજન કરે. અહીં અકામ જ્ઞાનવાન ભક્ત છે; સર્વ કામનાઓવાળો આર્ત તથા અર્થાર્થી ભક્ત છે; અને મોક્ષ-કામવાળો જિજ્ઞાસુ ભક્ત છે. ૐ તત્સત્.

૧૭

'तेषां ज्ञानी नित्ययुक्तः, एक-भक्तिर्विशिष्यते ।
प्रियो हि ज्ञानिनोऽत्यर्थं-महं स च मम प्रियः ॥'
(૭,૧૭)

તે ચાર પ્રકારના ભક્તોમાં પણ મારામાં-પરમાત્મામાં એકી-ભાવથી નિત્ય રહેનારો, અનન્ય પ્રેમભક્તિવાળો, જ્ઞાની ભક્ત અતિ ઉત્તમ છે; કારણકે મને ભાવપૂર્વક જાણવાવાળા જ્ઞાનીને હું અત્યંત પ્રિય છું, અને તે જ્ઞાની મને અત્યંત પ્રિય છે.

આનંદકંદ ભગવાન શ્રીકૃષ્ણ પોતાના જ્ઞાની ભક્તની પ્રશંસા કરતાં કહે છે કે-જ્ઞાનવાન એટલા માટે સર્વોત્તમ તથા પ્રશંસ-નીય ભક્ત છે કે-તે નિત્યયુક્ત છે, તથા એકભક્તિ છે. જે નામરૂપાત્મક, અસાર, મિથ્યા, દ્વૈતપ્રપંચને સર્વથા ભૂલીને, તેની ઉપેક્ષા કરીને, નિત્ય-નિરંતર-સચ્ચિત્સુખ, અદ્વય, પૂર્ણ, વિશ્વાત્મા ભગવાનમાં જ અનન્યભાવથી અવસ્થિત બની જાય છે, તેને નિત્યયુક્ત કહે છે. અજ્ઞાની, મૂઢ માનવની ચિત્તવૃત્તિઓ મિથ્યા સંસારનાં આરોપિત નામરૂપોમાં જ ફસાયેલી રહે છે. તે સતત તેમનું જ ચિંતન કરતો રહે છે. તેથી તે અનેક પ્રકારના મોહ તથા શોકનો અનુભવ કરીને વિક્ષિપ્ત બનેલો રહે છે. પરંતુ જ્ઞાનવાન પોતાની ચિત્તવૃત્તિઓને વૈરાગ્ય દ્વારા તેમાંથી હઠાવીને, બ્રહ્માભ્યાસ દ્વારા અદ્વયાત્મા, આનંદનિધિમાં સ્થાપિત કરે છે. તેથી તે સદા આનંદમગ્ન બન્યો રહે છે. કોઈ પણ પદાર્થ પર વૈરાગ્ય અર્થાત્ રાગનો અભાવ ત્યારે જ થાય છે, કે તેમાં ઉત્કટ દોષનું દર્શન થાય. ઉત્કટ દોષદર્શન વિના તેમાંથી રાગ કદાપિ પણ છૂટતો નથી. કૃષ્ણ સર્પ અતિ કોમલ તથા સ્નિગ્ધ (સુંવાળો) હોય છે, પરંતુ આપણે તેનું નામ સાંભળતાં જ તરત

ભડકી ઊઠિયે છીએ, ભયથી કાંપવા લાગીએ છીએ–તે એટલા માટે કે તેમાં પ્રબળ દોષદર્શન છે. આપણે સમજીએ છીએ કે તે દેખાવમાં શ્યામસુંદર હોવા છતાં પણ વિષધર છે. તેના વિષનું એક નાનકડું બિન્દુ પણ જો આપણા શરીરમાં ઘૂસી જાય, તો આપણે સમાપ્ત થઈ જઈએ, આપણું સારૂં જીવન ધૂળમાં મળી જાય. માટે તેનો સ્પર્શ કરવાની વાત તો દૂર રહી, પણ આપણે તેને દેખવાનું પણ પસંદ કરતા નથી. આ પ્રમાણે કોઈ કોઈ ઝેરી ફળ જોવામાં અતિ સુંદર હોય છે. અજાણ્યો માણસ વિચાર કરે છે કે–એ ખાવામાં બહુ મધુર હશે. પરંતુ જ્યારે કોઈની દ્વારા તેના ઝેરીપણાનું આપણને જ્ઞાન થઈ જાય છે, ત્યારે તે તેનો સ્પર્શ કરવાનું પણ પસંદ કરતો નથી. કેટલાય દિવસોનો ભૂખ્યો હોય, છતાં પણ તે તેને નહિ ખાય; કારણકે તે સમજી ગયો છે કે–આના ભક્ષણથી મારે સદાને માટે નિશ્ચેષ્ટ બનીને ધરાશાયી થવું પડશે. આ પ્રકારે પ્રબળ દોષદર્શન રાગનિવૃત્તિનું તથા ઉપરતિનું સંપાદક બને છે. જ્ઞાનવાનને પણ દ્વૈતપ્રપંચમાં પ્રબળ દોષદર્શન હોય છે. તે નિશ્ચિતરૂપે સમજે છે કે–આ દ્વૈતપ્રપંચ વાસ્તવિક નથી, અવિદ્યાનો આરોપ માત્ર છે, તેથી તે પહેલાં અદૃષ્ટ, વચમાં (મધ્ય કાલમાં) દૃષ્ટ, અને પછી નષ્ટસ્વભાવ છે. તેથી તે પોતાની બધી ચિત્તવૃત્તિઓ આ મિથ્યા પ્રપંચમાંથી હઠાવીને, એક માત્ર આનંદપૂર્ણ પરમાત્મામાં જ લગાવી દે છે. તેથી જ તે એકભક્તિ બની જાય છે. તે એક, અદ્વય, અવિનાશી તત્ત્વમાં જ તેને અવિરલ પ્રેમ તથા તન્મયતા બન્યાં રહે છે. સર્વત્ર તથા સર્વ સમયે તેને સર્વ કાંઈ પરમાત્માસ્વરૂપ જ દેખાય છે. તેની સમુદાર, પવિત્ર દૃષ્ટિમાં એક માત્ર અદ્વય, આનંદરૂપ પરમાત્મા જ સમાઈ ગયો છે. તેને તે જ ભગવત્તત્ત્વ પરમશ્રેષ્ઠ તથા પરમ પ્રિય બની ગયું છે. તેથી તે તેને જ જુવે છે, સાંભળે છે, જાણે છે તથા માને છે. તે તેમાં જ સદા તલ્લીન

રહે છે. આ પ્રકારની એકભકિતથી અર્થાત્ એક માત્ર, સત્ય, પર-બ્રહ્મની નિષ્ઠાથી તેની અન્યાસકિત તથા અન્ય-આકાંક્ષાઓ સદાને માટે નિવૃત્ત થઈ જાય છે. માટે જ શ્રી ભગવાને ગીતામાં પોતાના ભકતનાં એવાં જ લક્ષણો બતાવ્યાં છે,

यो न हृष्यति, न द्वेष्टि, न शोचति, न काङ्क्षति।
शुभाशुभपरित्यागी भक्तिमान्यः स मे प्रियः॥
(૧૨,૧૭)

જે નથી કદી હર્ષ પામતો, કારણ કે ઇષ્ટલાભથી હર્ષ થાય છે. તે ભગવાનથી અતિરિક્ત કોઈ પણ પદાર્થને ઈષ્ટ માનતો જ નથી. તેથી તેને બીજા કશાથી હર્ષ થતો નથી. નથી તે દ્વેષ કરતો, કારણકે દ્વેષ અપ્રિય પદાર્થથી થાય છે. વિશ્વમાં તેની દૃષ્ટિમાં કોઈ અપ્રિય પદાર્થ જ રહ્યો નથી. સર્વત્ર અનેકરૂપે ભગવાન જ તેને દર્શન દઈ રહ્યા છે. તેવી નિષ્ઠાવાળાને દ્વેષ પણ કેમ કરીને થાય? નથી તે શોક કરતો. શોક પ્રિયવિયોગથી થાય છે. તેને પોતાના પ્રિય ભગવાનનો કદી વિયોગ થતો જ નથી. ભગવાનથી અતિરિક્ત બીજા કોઈ પદાર્થનું તે અસ્તિત્વ જ માનતો નથી. જ્યારે તેનું અસ્તિત્વ જ નથી, ત્યારે તેમાં તેની પ્રિયતા કેવી રીતે થાય? તેથી તે સર્વથા શોકરહિત જ બની જાય છે. વળી તે નથી કશાની કામના કરતો. ભગવાનથી બીજો કોઈ કામ્યમાન પદાર્થ જ નથી. તેથી તે સર્વ પ્રકારે અકામ બની જાય છે. શુભાશુભ અર્થાત્ ઇષ્ટાનિષ્ટ દ્વંદ્વનો સર્વથા પરિત્યાગ કરીને, નિર્દ્વન્દ્વ, મસ્ત, વિશુદ્ધ, આનંદમગ્ન બન્યો રહે છે. તે ભકિતમાન, જ્ઞાનવાન મને અતિ પ્રિય છે.

તેની એકમાં જ ભકિત છે, સમસ્ત પ્રાણીઓમાં એક જ પરમાત્મા અનેકરૂપે પ્રતિભાસિત થઈ રહ્યા છે—તેવો તેનો નિર્બાધ અનુભવ છે. ભકતપ્રવર નરસિંહ મહેતાનો, પણ એજ અનુભવ હતો—

'अखिल-ब्रह्माण्डमां एक तू श्रीहरि,
जुजवे (अनेक) रूपसे तूही भासे।
घाट घडया पछी, नामरूप जुजवां,
अन्ते तो हेमनु हेम होये।
जहाँ लगी आत्मा तत्त्व चिन्यो नहीं,
तहाँ लगी साधना सर्व झूठी।

જે શ્રીહરિ ભગવાન છે, તે જ સર્વાત્મા છે, તે હું જ છું, મારાથી ભિન્ન નથી. શ્રીમદ્ ભાગવાત પણ એજ કહે છે કે–
प्रत्यक् चकास्ति भगवांस्तमवेहि सोऽस्मि। (૪,૨૨,૨૭)
ભગવાન શ્રીહરિ આ કાર્યકારણ–સંઘાતમાં પ્રત્યગાત્મા–રૂપે પ્રકાશિત થઈ રહ્યો છે. प्रति अञ्चति असज्जडदुःखस्वरूपदेहादिभ्यः प्रातिकूल्येन सच्चिदानन्दरूपेण प्रकाशत इति प्रत्यक्। પ્રતિ અર્થાત્ પ્રતિકૂલ, અર્થાત્ અસત્, જડ તથા દુઃખરૂપ દેહાદિ અનાત્મ વર્ગથી જે વિપરીત સત્, ચિત્, આનંદરૂપે પ્રકાશિત થાય છે, તે પ્રત્યક્ છે. તે જ ભગવાન છે. તે પ્રત્યગાત્મા ભગવાન હું જ છું. એમ તું જાણ, નિશ્ચય રાખ, ભાવના કર અને તે એક અદ્વય તત્ત્વમાં તન્મય બની જા.

એક અર્થાત્ અભેદ, ભિન્ન નહિ, અન્ય નહિ, અનન્ય. પરમાત્મા જ મારો આત્મા છે, અભિન્ન સ્વરૂપ છે. પોતાના પર સર્વને અવ્યભિચારી પ્રેમ થયા વિના રહેતો નથી. 'રહેતો નથી' શું ? છે જ. આત્માનો પ્રેમ સ્વતઃસિદ્ધ છે. માટે જ્ઞાનવાનને સર્વમાં નિઃસ્વાર્થ, નિર્મલ, એકરસ પ્રેમ થાય છે. સર્વ પ્રાણીઓમાં, સમસ્ત આરોપિત નામરૂપોમાં તે જ સચ્ચિત્સુખાત્મક, અભિન્ન, અખંડ રસ ભરેલો છે. તે જ દિવ્ય, પૂર્ણ, મધુર રસનું સતત પાન કરીને, તે સદાને માટે મસ્ત બની જાય છે. પ્રસિદ્ધ 'તત્ત્વમસિ' મહાવાક્ય પણ તે એકનું જ બોધન કરે છે;

જીવત્વ અને ઈશ્વરત્વનો કલ્પિત ભેદ હઠાવીને એક અભિન્નતત્ત્વનો જ નિશ્ચય કરાવે છે. માટે સંક્ષેપ શારીરકાચાર્ય સર્વજ્ઞાત્મ મુનિએ સ્પષ્ટ રીતે 'તત્ત્વં' પદાર્થોના અભિન્ન લક્ષ્યનો આ પ્રકારે ઉપદેશ કર્યો છે કે—

'अस्थूलादिवचोनिरस्तनिखिलद्वैतप्रपंच्चं परं,
जाग्रत्स्वप्नसुषुप्तिवर्जितमिदं प्रत्यक् स्वरूपं तथा।
एकीकृत्य परस्परेण पदयोरर्थद्वयं तत्त्वतः,
प्रत्यक् चाद्वयमद्वये च तदिति प्रेक्षस्व निःसंशयम्॥
अद्वैतं परिशोधितं भगवतो विष्णोः परं यत्पदं
तच्छब्देन समर्पितं परिगृहीतादेयमात्मप्रभम्।
यच्चोपाधिविवर्जितं तव निजं साक्षात्स्वरूपं तयो-
रेकत्वं परिवर्जितव्यवधिकं प्रत्यक्षमीक्षस्व भोः॥'

अनृतजडविभक्तदुःखतुच्छासहनवपुः परमं पदं मुरारेः।
परिहृतसकलप्रपञ्चमात्मा, तव तदवेहि तमो निरस्य वाक्यात्॥
(૧,૨૬૪-૨૬૫-૨૬૬)

अस्थूलमनणु (બૃ. ઉ. ૩,૮,૮,) ઇત્યાદિ શ્રુતિવચન દ્વારા દ્વૈતપ્રપંચનું નિવારણ કરતાં પરમાત્મા અદ્વૈતરૂપ સિદ્ધ થઈ જાય છે. તથા તુરીય દશામાં પ્રત્યગાત્માનું એ સાક્ષાત્ સ્વરૂપ જાગ્રત્, સ્વપ્ન તથા સુષુપ્તિ રૂપ ત્રણ ઉપાધિઓથી વર્જિત અનુભૂત થઈ જાય છે. तत्त्वमसि (છાં. ૬,૧૨,૧) આ મહાવાક્યનું 'તત્' પદ તથા 'ત્વં' પદ-તે બંનેનો અર્થ 'પરમાત્મા તથા પ્રત્યાગાત્માનું તાત્ત્વિક સ્વરૂપ પરસ્પર એક-અભિન્ન' કરીને, સંદેહરહિત બનીને, હે મુમુક્ષુ! 'પ્રત્યક્ આત્મા જ અદ્વય બ્રહ્મ છે, અને અદ્વય બ્રહ્મ જ પ્રત્યક્ આત્મા છે' એવો તું દૃઢ નિશ્ચય કર તથા સતત અનુસંધાન કર, અભેદ તત્ત્વનો સાક્ષાત અનુભવ

૪૨. ભગવાન વિષ્ણુનું सत्यं ज्ञानमनन्तं ब्रह्म (તૈ. ૨,૧,૧) ઇત્યાદિ શ્રુતિ દ્વારા પરિશોધિત જે પરમ પદ છે, તે અદ્વૈત સ્વરૂપ છે. તેજ 'तत्त्वमसि'ના 'તત્' પદ દ્વારા બોધિત થયેલું છે. તે જ સ્વયંપ્રભ, ઉપાદેય, શુદ્ધ સ્વરૂપ છે; અને શરીરાદિ ઉપાધિથી રહિત જે તારું પોતાનું સાક્ષાત્ સ્વરૂપ છે, હે જિજ્ઞાસુ! તે બંને સ્વરૂપોના એકત્વનો પ્રત્યક્ષ અનુભવ કર, અર્થાત્ વિદ્યા દ્વારા અવિદ્યાના કાલ્પનિક પરસ્પર ભેદનું નિવારણ કરીને પારમાર્થિક અત્યંત અભેદનો પ્રત્યક્ષ અનુભવ કર. મુરારિ ભગવાન વિષ્ણુનું પરમ પદ અનૃત (મિથ્યા), જડ, વિભક્ત (પરિચ્છિન્ન), દુઃખરૂપ, તુચ્છરૂપ દ્વૈતને સહન ન કરનારૂં, મહાન, પૂર્ણ, અદ્વય સ્વરૂપ છે. તેમાં વિચાર દ્વારા સકલ પ્રપંચનો પરિહાર થઇ જાય છે તે જ તારો આત્મા છે. તેને તું મહાવાક્ય દ્વારા અજ્ઞાન દૂર કરીને જાણ. અર્થાત્ તે તું છે, અને તું તે છે—એવા એકત્વનો નિશ્ચય કર.

તે એકત્વના નિશ્ચય તથા અનુસંધાન દ્વારા તેમાં તન્મય બનીને, તેના મહાન, દિવ્ય, વિશુદ્ધ, અદ્વય આનંદનો સતત ઉપભોગ કરતો રહે છે. જેટલો જેટલો ઉપભોગ વધતો જશે, તેટલો તેટલો દ્વૈતભાવનો ત્યાગ પણ વધતો જશે. માટે ઈશાવાસ્ય શ્રુતિએ કહ્યું છે કે—तेन त्यक्तेन भुञ्जीथाः। અર્થાત્ ત્યાગ–વૈરાગ્યથી અદ્વયાનંદના ઉપભોગની સિદ્ધિ, તથા તેના ઉપભોગથી ત્યાગની વૃદ્ધિ થતી જાય છે. જ્યાં સુધી ઉત્કૃષ્ટ, સરસ ભોગનો લાભ ન થાય, ત્યાંસુધી તુચ્છ, વિરસ ભોગનો ત્યાગ કોઈ કરી શકતું નથી. મનુષ્ય પોતાની તૂટી-ફૂટી, મેલી ઝુંપડી ત્યારેજ છોડે છે, જ્યારે તેને તેનાથી પણ ઉત્તમ મકાન મળી જાય ચિત્તનો સ્વભાવ છે કે તે ઉત્કૃષ્ટ વસ્તુની પ્રાપ્તિ વિના નિકૃષ્ટ વસ્તુને છોડતું નથી. ગરીબ સ્ત્રીઓને જ્યાં સુધી સુવર્ણનાં ઉત્તમ આભૂષણો મળતાં નથી,

ત્યાંસુધી તેઓ ચાંદીનાં નિકૃષ્ટ આભૂષણો પહેરતી જ રહે છે. સુવર્ણનાં આભૂષણો મળે છે કે તરત તે ચાંદીનાં આભૂષણ છોડી દે છે. સોનાનાં આભૂષણોથી પણ ચઢિયાતાં હીરાનાં આભૂષણો જો તેમને મળી જાય, તો તેઓ તેમને પણ તલ્લાક (છૂટાછેડા) આપી દે છે. આ પ્રકારે માનવનું ચિત્ત જ્યારે ઉત્તમ, અદ્રય બ્રહ્મનો આનંદ પ્રાપ્ત કરી લે છે, ત્યારે તે નીરસ, તુચ્છ, વૈષયિક આનંદનો પોતે જાતે જ પરિત્યાગ કરી દે છે. તે મહાન આનંદના લાભમાં અંતરાય નાંખનાર, સર્વ, નામરૂપાત્મક મિથ્યા ભાવોને તે તરત છોડી દે છે. તેમને છોડયા વિના મહાન આનંદનો લાભ થતો નથી. તેથી ત્યાગ જ પૂર્ણ આનંદભોગને આપે છે. એ વાત શ્રુતિપ્રમાણથી તથા જ્ઞાનવાનના પોતાના અનુભવથી પણ સિદ્ધ થાય છે.

દૃશ્યો અનેક છે, પૃથક્ પૃથક્ છે. તે સર્વ એક દ્રષ્ટામાં આરોપિત છે, તેનો મિથ્યા પ્રતિભાસ માત્ર છે. માટે જ્ઞાનવાન તે એકને જ સર્વત્ર જુવે છે, આરોપિત દૃશ્યોને જોતો છતો પણ જોતો નથી. તેથી તેને એક અધિષ્ઠાન-તત્ત્વમાં જ ભક્તિ છે, દૃઢ પ્રેમ છે. તેથી તે એકમાં જ નિત્યયુક્ત છે, અર્થાત્ તેની તમામ ચિત્તવૃત્તિઓ તે એકની તરફ જ લાગી રહેલી હોય છે. તે તેને જ જુવે છે, તેને જ સાંભળે છે, તેને જ ચાખે છે, તેનો જ સ્પર્શ કરે છે, તેને જ સૂંઘે છે, તેમાં જ સુવે છે, તેમાં જ જાગે છે, તેમાં જ ઘૂમે છે. બસ, તે જ એકમાત્ર દ્રષ્ટવ્ય છે, શ્રોતવ્ય છે, રસયિતવ્ય છે. તે વસ્તુતઃ નિર્વિષય હોવા છતાં પણ તેની સર્વવૃત્તિઓનો વિષય બની જાય છે. અવેદ્ય હોવા છતાં પણ સર્વપ્રત્યયો વડે વેદ્ય બની જાય છે. આ પ્રકારે તે એકમાં થનારી તેની નિત્યયુક્તતા અનેક-યુક્તાનો પ્રતિષેધ કરી નાંખે છે, એક ભક્તિ અનેક ભક્તિઓની વ્યાવૃત્તિ કરી નાંખે છે. દૃશ્યમાન અનેકતા

વિકલ્પ માત્ર છે. વિકલ્પ વસ્તુશૂન્ય હોય છે. પાતંજલ યોગ-શાસ્ત્રમાં કહ્યું છે કે—शब्दज्ञानानुपाती वस्तुशून्यो विकल्पः। (૧, ૯) અર્થાત્ વિકલ્પ તે કહેવાય છે કે—જેના વ્યવહાર માટે શબ્દ પ્રયુક્ત થાય છે, શબ્દજન્ય તે વિષયનું જ્ઞાન પણ થઈ જાય છે. આ વિષયને આપ એક દૃષ્ટાંત દ્વારા સમજો—

એક વીતરાગ, જ્ઞાની મહાત્મા ગંગાના પાવન તટ પર વિચરતા હતા. ગંગાતટ મૂકીને તે બીજે ક્યાંય જતા નહિ. ગંગાજલનું પાન અને ગંગાજલનું જ સ્નાન કરતા હતા. ગંગા-જલથી બનાવેલું ભોજન જ લેતા. કોઈક કોઈકવાર ગંગાતટ પર જ સુંદર, શાન્ત, સ્થાન મળી જતાં, ત્યાં જ ચાર—છ મહીના ટકી જતા હતા. એકવાર તેઓ એક સ્થાનથી કંઈ બીજે સ્થાને જઈ રહ્યા હતા. તેમને રસ્તામાં એક પૂર્વપરિચિત સત્સંગી ભક્ત મળ્યો. ભક્ત પણ વિવેકવિચારશીલ તથા વેદાન્તનો સ્વાધ્યાયી હતો. તે મહાત્માને અકસ્માત્ ઘણાં વર્ષો પછી દેખીને ભક્તને ખૂબ આનંદ થયો. તેણે પ્રેમપૂર્વક ચરણોમાં મસ્તક ઝુકાવીને પ્રણામ કર્યા. કુશળક્ષેમ પૂછયા પછી ભક્તે કહ્યું—મહારાજ, આપે ઘણા દિવસો પછી દર્શન આપ્યાં છે. માટે થોડાક દિવસ માટે મારી પાસેના ગામમાં જ પધારો. ગંગાતટ પર જ નિવાસ માટે એકાંતમાં કુટીઓ (ઝુંપડીઓ) બનેલી છે. તેમાં આનંદપૂર્વક નિવાસ કરો, અને અમને ભક્તોને સત્સંગનો તથા સેવાનો અલભ્ય લાભ આપીને આનંદિત કરો. મારી આ પ્રાર્થના આપને સ્વીકારવી જ પડશે. મહાત્માએ પણ ભક્તની પ્રાર્થના સ્વીકારતાં કહ્યું-ઠીક છે, ચાલો, આપને ગામ ચાલો. ભક્તે કહ્યું—ભગવન્, આપ બહુ દૂરથી આવી રહ્યા છો, થાકી ગયા હશો. સામે જ આ મારી ગાડી જઈ રહી છે, કૃપા કરીને આપ તેમાં બેસી જાઓ. મહાત્માએ કહ્યું-હા, શરીર જરૂર થાકી તો ગયું છે.

ત્યારે ભક્તે તરત કહ્યું–કૃપાનિધાન, મારી ગાડી સારી છે. આપના શ્રી ચરણોની સાથે ગાડીમાં હું પણ બેસી જઇશ અને ગાડીમાં બેઠાં બેઠાં આપના મુખારવિંદથી મને કંઈ બ્રહ્મચર્ચા પણ સાંભળવાની મળશે. વાહ આજ કેવું સુંદર સદ્‌ભાગ્ય છે, કે આપનો સંતનો મેળાપ થયો, જાણે તરસ્યાને મધુર શીતલ પાણી મળ્યું.

મહાત્માએ વિચાર કર્યો કે–આ વેદાન્તરસિક ભક્ત ગાડીમાં બેસતાં જ બ્રહ્મચર્ચા સાંભળવા માગે છે. તેને હમણાંથી જ બ્રહ્મચર્ચા શા માટે ન સંભળાવવી? शुभस्य शीघ्रं कर्तव्यम्। શુભ કાર્યમાં એક ક્ષણનો પણ વિલંબ કરવો ઉચિત નથી. તુરન્ત દાનં મહાપુણ્યમ્-એવો વિચાર કરીને મહાત્માએ વિનોદપૂર્ણ ભાષામાં કહ્યું–ભક્તરાજ, આપ કહી રહ્યા છો કે સામે જ ગાડી જઈ રહી છે, તેમાં બેસી જાઓ. પણ મને તમારી ગાડી તો દેખાતી નથી. ક્યાં છે તમારી ગાડી? આશ્ચર્યપૂર્વક ભક્તે કહ્યું–શી વાત કરો છો, મહારાજ? સામે જ ગાડી તો ખડી છે. આપને કેમ દેખાતી નથી? શું આપની આંખો કમજોર છે? તેમાં કંઈ ઝાંખપણું–ઓછું સુઝવાપણું તો નથી આવ્યુંને? પ્રેમપૂર્ણ વિનોદથી હસતાં હસતાં મહાત્માએ કહ્યું–ના, ના, મારી આંખો તદ્દન સારી છે. પણ મને મારી સારી આંખોથી પણ ગાડી દેખાતી નથી, શું તમને ગાડી દેખાય છે? ભક્તે શીઘ્રતાથી કહ્યું–હા, હા, મહારાજ. મને મારી ગાડી દેખાય છે. બહુ જ નજીક, સામે જ ખડી છે. મહાત્માએ કહ્યું–જો સામે ઉભેલી ગાડી ન મળે તો? ભક્તે કહ્યું–કેમ ન મળે? સામે પ્રત્યક્ષ જ છે. મહાત્માએ કહ્યું–તમે તો 'છે' કહી રહ્યા છો, પરંતુ હું "નથી' કહી રહ્યો છું. ભક્તે પોતાની વાત પર ભાર દેતાં કહ્યું–જો 'ગાડી છે' એ મારી વાત સિદ્ધ ન થાય, તો મારા મુખ પર કૃપા કરીને ચાર તમાચા મારજો.

મહાત્માએ કહ્યું–ચાલો મને તમારી ગાડી બતાવો. ક્યાં છે તમારી તે પ્રત્યક્ષ ગાડી ? ભક્ત મહાત્માજીને ગાડીની પાસે લઈ ગયો. પૈડા પર હાથ મૂકીને કહેવા લાગ્યો–આ રહી ગાડી. મહાત્માએ તરત જ કહ્યું–એ તો પૈડું છે, ગાડી બતાવો. પછી ભક્તે ધૂંસરી પર હાથ મૂકીને કહ્યું–આ રહી ગાડી. મહાત્માએ કહ્યું–એ તો બળદના ખભા પર મૂકવાની ધૂંસરી છે. આ પ્રકારે ભક્તે ગાડીના જે જે અવયવ ઉપર હાથ મૂકીને ગાડી બતાવવાનો પ્રયત્ન કર્યો, તે તે અવયવનું નામ લઈને મહાત્માએ ગાડીને અલોપ કરી દીધી. ભક્ત વિચારમાં પડી ગયો. લજ્જિત જેવો બનીને તે કહેવા લાગ્યો: મહારાજ, ગાડી તો નથી મળતી. મારી વાત જુઠ્ઠી પડી. હવે આપ મારા મુખ પર શરત અનુસાર તમાચા લગાવો. મહાત્માએ કહ્યું–ઠીક, પ્રથમ તમારું મુખ બતાવો. ભક્તે ગાલ પર હાથ મૂકીને કહ્યું–આ રહ્યું મુખ. મહાત્માએ કહ્યું–અરે ભોળાભાલા ભગત્, એ મુખ નથી, ગાલ છે. ત્યારે તેણે લલાટ પર હાથ મૂકીને કહ્યું–આ રહ્યું મુખ, મહાત્માએ કહ્યું–તે પણ નહિ. તે તો લલાટ છે. આ પ્રકારે તે તે અવયવોમાં શોધતા જતાં, ગાડીની પેઠે, મુખ પણ મળ્યું નહિ. હસતાં હસતાં મહાત્મા બોલ્યા–પહેલાં તમે મુખ સિદ્ધ કરી બતાવો, પછી હું તેના પર તમાચા મારું. જ્યારે મુખ જ સિદ્ધ થતું નથી, ત્યારે તમાચા કેવા ?

મહાત્માએ આ દૃષ્ટાંતને જાગ્રતમાં ઘટાવ્યું. તેમણે કહ્યું–આ પ્રકારે આ નામરૂપાત્મક, સમગ્ર જગત્ પણ અવિદ્યમાન છે, પરંતુ અવિદ્યાદ્વારા વિદ્યમાન જેવું પ્રત્યક્ષ દેખાઈ રહ્યું છે. તેના મિથ્યા અર્થો જ રાગદ્વેષના હેતુ બની રહ્યા છે. પુત્ર, સ્ત્રી, ધન વગેરે વસ્તુતઃ અવિદ્યમાન્ પદાર્થો જ મૂઢ માનવીઓને કોઈક વાર હસાવી રહ્યા છે, તો કોઈક વાર રડાવી રહ્યા છે. પરિવર્તનશીલ,

આ આભાસમાત્ર પદાર્થોમાં પૃથ્વી વગેરે પાંચ મહાભૂતો જ ભિન્ન ભિન્ન રંગો વડે જુદી જુદી ડીઝાઈનોમાં દેખાઇ રહ્યાં છે, તથા પૃથક્ પૃથક્ નામો વડે વ્યવહૃત થઈ રહ્યાં છે. અને તે પંચભુતો પણ બ્રહ્મનો જ વિવર્ત છે. માટે આ સર્વના અધિષ્ઠાન બ્રહ્મમાં આ ભૂતોનો તથા ભૌતિક જગત્નો મિથ્યા પ્રતિભાસ માત્ર છે. જગત્ વસ્તુશૂન્ય વિકલ્પ છે. શાન્ત તથા નિર્મલ ચિત્તથી વિચાર કરતાં એક માત્ર અદ્વય બ્રહ્મ જ પરિશિષ્ટ (બાકી) રહી જાય છે. આરોપિત જગત્ ગાયબ થઈ જાય છે. માટે એક તે બ્રહ્મનું દર્શન જ વાસ્તવિક દર્શન છે. દ્વૈત-પ્રપંચનું દર્શન દર્શન નથી, અદર્શન છે. મહાભારતમાં શાન્તિપર્વમાં પણ એ જ સિદ્ધ કર્યું છે-

'एकत्वमक्षरं प्राहु-र्नानात्वं क्षरमुच्यते।
एकत्वं दर्शनं चास्य नानात्वं चाप्यदर्शनम् ॥'

(૩૦૫,૩૬)

એકત્વ જ અક્ષર છે, અર્થાત્ અવિનાશી, પૂર્ણ, સમભાવ છે. નાનાત્વ (અનેકપણું) ક્ષર છે, અર્થાત્ પરિવર્તનશીલ મિથ્યાભાસ માત્ર છે. તે એકત્વનું દર્શન જ વાસ્તવિક દર્શન છે, તે જ સકલ શાસ્ત્રોના તાત્પર્યથી ગમ્ય છે. નાનાત્વનું દર્શન મૂઢોને પ્રત્યક્ષ થવા છતાં પણ પરમાર્થતઃ તે અદર્શન છે.

માટે જ શ્રીમદ્ ભાગવતમાં પુત્રરૂપે અવતરેલા ભગવાન શ્રી કપિલદેવે પોતાના પિતા પ્રજાપતિ કર્દમ મહર્ષિને આ એકત્વ-તત્ત્વનો જ ઉપદેશ કર્યો હતો. ઉપદેશ સાંભળીને કર્દમ ઋષિ પણ આરોપિત દશ્યને તદ્દન ભૂલી જઇને, તે એક અદ્વય તત્ત્વમાં જ તન્મય બની ગયા હતા; અને તે જ્ઞાનમય એકભકિત દ્વારા ભવબંધનોથી મુકત બનીને બ્રહ્મનિર્વાણ પદમાં વિલીન થઈ

ગયા હતા. તેથી ભગવાન કૃષ્ણદ્વૈપાયન વ્યાસે તેમની અન્તિમ દશાનું આ પ્રકારે વર્ણન કર્યું છે—

'वासुदेवे भगवति, सर्वज्ञे प्रत्यगात्मनि।
परेण भक्तिभावेन लब्ध्वाऽऽत्मा मुक्तबन्धनः॥
आत्मानं सर्वभूतेषु भगवन्तमवस्थितम्।
अपश्यत् सर्वभूतानि भगवत्यपि चात्मनि॥
इच्छाद्वेषविहीनेन सर्वत्र समचेतसा।
भगवद्भक्ति-युक्तेन प्राप्ता भगवती गतिः॥'

(ભા. ૩,૨૪,૪૫-૪૬-૪૭)

પ્રત્યાગાત્મરૂપ સર્વજ્ઞ ભગવાન વાસુદેવમાં જ તેમણે (કર્દમ મહર્ષિએ) પરમ અર્થાત્ અનન્ય એકભકિત ભાવ દ્વારા પોતાને તન્મય બનાવી દીધા. અર્થાત્ તે વાસુદેવમાં જ પોતાના આત્માની અભેદરૂપે અપરોક્ષ ઉપલબ્ધિ પ્રાપ્ત કરીને સમસ્ત બંધનોથી મુકત થઈ ગયા. તે સંપૂર્ણ ભૂતોમાં પોતાના આત્મરૂપ શ્રી ભગવાનને તથા સંપૂર્ણ ભૂતોને આત્મરૂપ શ્રી ભગવાનમાં અભેદરૂપે અવસ્થિત જોવા લાગ્યા. અર્થાત્ જ જગત્માં ભગવાન અને ભગવાનમાં જગત્-એવું ઓતપ્રોત દર્શન જ એકત્વ-દર્શન છે. તેમાં કોઈ પણ પ્રકારનું ભેદદર્શન રહેતું નથી. આ પ્રકારે કર્દમ ઋષિ ઈચ્છા અને દ્વેષથી રહિત, સર્વત્ર સમાન ચિત્તવાળા, તથા ભગવાનની એકભકિતથી સંપન્ન બનીને ભગવાન શ્રી વિષ્ણુના પરમ પદને પ્રાપ્ત થયા.

આ પ્રકારે ભગવાન કપિલદેવે પોતાની માતા દેવહૂતિને પણ જ્ઞાનવૈરાગ્યયુકત એકભકિતનો જ ઉપદેશ આપ્યો હતો—

'विसृज्य सर्वानन्यांश्च मामेवं विश्वतोमुखम्।
भजन्त्यनन्यया भक्त्या तान्मृत्योरतिपारये॥

ज्ञानवैराग्ययुक्तेन भक्तियोगेन योगिनः।
क्षेमाय पादमूलं मे प्रविशन्त्यकुतोभयम्॥'
(ભા. ૩,૨૫,૪૫-૪૩)

સર્વ અન્ય શરીરાદિ અનાત્મ વર્ગનો મિથ્યાત્વ-ભાવના દ્વારા પરિત્યાગ કરીને જે સજ્જનો મારી-અંતરાત્મા, પૂર્ણાદ્વય, ભગવાન-જે ભગવાન સર્વ તરફ અભિમુખ બનીને અસ્તિ. ભાતિ, પ્રિયરૂપે પ્રતીત થઈ રહ્યો છે-ભજન કરે છે, તેમને હું મૃત્યુરૂપી સંસારસાગરથી પાર કરી દઉં છું. યોગીજન જ્ઞાનવૈરાગ્યયુક્ત ભક્તિયોગ દ્વારા મોક્ષલાભને માટે મારા નિર્ભય પાદમૂલમાં પ્રવિષ્ટ થઈ જાય છે. અર્થાત્ त्रिपादूर्ध्वमुदैत पुरुषः पादोऽस्येहाभवत्पुनः। (શુ ય. ૩૧,૪) આ શ્રુતિ દ્વારા ઉપદેશાયેલા પાદરૂપ સમસ્ત જગત્‌નું મૂલ, જે નિત્ય, શુદ્ધ, બુદ્ધ, મુક્ત અદ્વયાનંદપૂર્ણ, ત્રિપાદ્ ઊર્ધ્વ પુરુષ છે, તેમાં સદાને માટે વિલીન થઈ જાય છે.

આ દ્વૈતપ્રપંચ વસ્તુત: સ્વપ્નની સમાન અવિદ્યમાન છે, અવિદ્યા-ભ્રાન્તિએ વિદ્યમાન જેવું દેખાઈ રહ્યું છે, તથા ભય, શોક વગેરેનો હેતુ બની રહ્યું છે. તેની નિવૃત્તિ જ્ઞાનમય, તીવ્ર ભક્તિયોગ દ્વારા જ થાય છે. એ પણ સ્પષ્ટપણે કહ્યું છે—

'अर्थे ह्यविद्यमानेऽपि संसृतिर्न निवर्तते।
ध्यायतो विषयानस्य स्वप्नेऽनर्थागमो यथा॥
अत एव शनैश्चित्तं प्रसक्तमसतां पथि।
भक्तियागेन तीव्रेण विरक्त्या च नयेद्वशम्॥
(૩,૨૭,૪-૫)

જેવી રીતે સ્વપ્નમાં ભય, શોક વગેરેનાં કારણોનો અત્યંતાભાવ છતાં પણ સ્વપ્નના પદાર્થોમાં આસ્થા થવાને કારણે દુ:ખ ઉઠાવવું

પડે છે, તેવી રીતે નામરૂપાત્મક દ્વૈત સંસારની કશી સત્તા ન હોવા છતાં પણ અવિદ્યાવશ સત્યત્વ, સુખત્વ આદિ બુદ્ધિ વડે વિષયોનું નિરંતર ચિંતન કરતા રહેવાથી જીવને ભય, શોક, અહં, મમ, જન્મ, મરણાદિરૂપ સંસારચક્ર કદી નિવૃત્ત થતું નથી. તેથી કલ્યાણકામી માટે તે ઉચિત છે કે અસન્માર્ગમાં અર્થાત્ સંસારનાં મિથ્યા નામરૂપોમાં ફસાયેલા પોતાના ચિત્તને ધીરે ધીરે બ્રહ્મચિંતન કરતાં કરતાં ભક્તિયોગદ્વારા, તીવ્ર વૈરાગ્ય વડે, પોતાને વશ કરે.

જીવ-ઈશ્વરના પારમાર્થિક સ્વરૂપમાં જે ભેદબુદ્ધિ રાખે છે, તે મૃત્યુભયથી મુક્ત થઈ શકતો નથી. અર્થાત્ અભેદભાવ રાખવાવાળો જ નિર્ભય થઈ જાય છે. તે પણ કપિલમુનિએ કહ્યું છે—

'आत्मनश्च परस्यापि यः करोत्यन्तरोदरम्।
तस्य भिन्नदृशो मृत्युर्विदधे भयमुल्बणम्॥'

(૩,૨૯,૨૬)

જે કોઈ આત્મા તથા પરમાત્મામાં થોડો પણ ભેદભાવ રાખે છે, તે ભિન્નદર્શીને હું મૃત્યુરૂપ બનીને સંસારરૂપી અતિઘોર ભય આપું છું.

જ્ઞાનમાત્ર એક પરબ્રહ્મ જ અવિદ્યા ભ્રાન્તિથી દૃશ્યાદિ અનેક રૂપોવડે પ્રતીત થાય છે. અર્થાત્ વિદ્યા દ્વારા અવિદ્યા ભ્રાન્તિ દૂર થતાં સમસ્ત આરોપિત દૃશ્યોનો વિલય થઈ જાય છે, અને એક અધિષ્ઠાન બ્રહ્મતત્ત્વ જ પરિશિષ્ટ રહે છે. તેમાં જ તત્ત્વદર્શીની જ્ઞાનમયી એકભક્તિ રહે છે. તે પણ કહ્યું છે કે—

'ज्ञानमात्रं परं ब्रह्म परमात्मेश्वरः पुमान्।
दृश्यादिभिः पृथग्भावैर्भगवानेक ईयते। (૩,૩૨,૨૬)

કપિલદેવ કહે છે કે–હે જનનિ! તે જ્ઞાનમાત્ર, એક, અદ્વય

તત્ત્વ જ અવિદ્યા દ્વારા દૃશ્ય આદિ અનેક આરોપિત ભાવોથી પ્રતીત થઇ રહ્યું છે. તે જ ઉપનિષદોનું પરબ્રહ્મ, યોગશાસ્ત્રનો પરમાત્મા ઈશ્વર, સાંખ્ય–શાસ્ત્રનો પુરુષ તથા ભક્તિશાસ્ત્રનો ભગવાન કહેવાય છે.

શ્રીમદ્ ભાગવતના એ सिद्धानां कपिलो मुनिः (ગીતા ૧૦,૨૬) અદ્વૈતવાદી છે પૂર્વોક્ત વચનો દ્વારા તેણે પોતાના પિતા કર્દમ ઋષિને તથા માતા દેવહૂતિને અદ્વૈત તત્ત્વનો જ ઉપદેશ આપ્યો છે, એવું નિશ્ચિત થાય છે. તે વ્યાસ મુનિની પેઠે શ્રી વિષ્ણુ ભગવાનના જ્ઞાનાવતાર છે. यो मां सर्वेषु भूतेषु सन्तमात्मानमीश्वरम् । (૩,૨૯,૨૨) ઈત્યાદિ વચનો દ્વારા 'સર્વ શરીરોમાં એક જ આત્મા વિદ્યમાન છે, અને તે ઈશ્વરથી અભિન્ન છે, ભિન્ન નહિ' એવું સિદ્ધ કરે છે. તેથી તે સાંખ્ય શાસ્ત્રના પ્રણેતા કપિલથી ભિન્ન જ સિદ્ધ થાય છે; કારણ કે તે કપિલ સર્વ ભૂતોમાં અનેક પૃથક્ પૃથક્ આત્માઓ માને છે, જગન્નિયંતા ઈશ્વરને માનતા નથી, ભેદજ્ઞાનથી મુક્તિ માને છે, દ્વૈતવાદી તથા પ્રધાનવાદી છે. માટે શાસ્ત્રસમાલોચક વિદ્વાનો શ્રીમદ્ ભાગવતના કપિલને તથા સાંખ્ય શાસ્ત્રના કપિલને ભિન્ન ભિન્ન જ માને છે. આચાર્ય જગદ્ગુરૂ શ્રી શંકરસ્વામીની પણ તે જ સંમતિ છે. તેઓ શારીરિક ભાષ્યમાં કહે છે કે—

'अन्यस्य च कपिलस्य सगरपुत्राणां
प्रतप्तुर्वासुदेवनाम्नः स्मरणात् ।' (બ્ર. સૂ. ૨,૧,૧)

સાંખ્યશાસ્ત્રના પ્રણેતા દ્વૈતવાદી કપિલથી આ અદ્વૈતવાદી કપિલ અન્ય છે, કારણ કે સગર રાજાના સાઠ હજાર પુત્રોને ભસ્મ કરનાર, વાસુદેવ નામવાળા, આ કપિલનું શ્રીમદ્ ભાગવત વગેરેમાં પૃથક્ રૂપે સ્મરણ કરવામાં આવ્યું છે.

એવું પદ્મપુરાણમાં પણ કહ્યું છે કે—

कपिलो वासुदेवाख्यः तत्त्वं सांख्यं जगाद ह।
ब्रह्मादिभ्यश्च देवेभ्यो वेदार्थैरुपबृंहितम्॥
सर्ववेदविरुद्धं च कपिलोऽन्यो जगाद ह।
सांख्यमासुरयेऽन्यस्मै कुतर्कपरिबृंहितम्॥

અર્થાત્ વાસુદેવ નામવાળા કપિલે બ્રહ્માદિ દેવોને વેદાર્થોથી સમૃદ્ધ સાંખ્ય તત્ત્વનો ઉપદેશ કર્યો; અને બીજા કપિલે કુતર્કોથી અભિવર્ધિત, સર્વવેદવિરુદ્ધ, સાંખ્યનો અન્ય આસુરિ નામના ઋષિને ઉપદેશ કર્યો.

પરમાત્મા જ એક અદ્વય, સત્ય તત્ત્વ છે. તે જ પોતાના આત્મરૂપ છે, સ્વસ્વરૂપ છે, તેમાં જ સદા જ્ઞાનવાન યુક્ત અર્થાત્ સંલગ્ન-ચિત્ત રહે છે. તેના વિના તે બીજા કોઈને જાણતો નથી, માનતો નથી. તે સ્વયં ब्रह्मभूतः प्रसन्नात्मा मद्भक्तिं लभते पराम् (ગીતા ૧૮, ૫૪) બ્રહ્મરૂપ આનંદ—આત્મા બનીને, મારી પરમ ભક્તિને પ્રાપ્ત કરે છે. તે જ તેની એક ભક્તિ છે. તેથી ગીતામાં ભક્તિ માટે 'અનન્ય'; તથા જ્ઞાનને માટે 'અદ્વૈત' વિશેષણ આપવામાં આવ્યાં છે. અનન્ય ભક્તિ તથા અદ્વૈત જ્ઞાનના તાત્પર્યનો અર્થ એક જ છે. ભક્તિમાં અન્યનો નિષેધ છે, તો જ્ઞાનમાં દ્વૈતનો નિષેધ છે. બંનેનું પર્યવસાન એક જ પૂર્ણ તત્ત્વમાં છે. કંઈક અવાન્તર ભાવનો મામુલી ફરક છે. ભક્ત કહે છે-હે ઇષ્ટદેવ, પ્રભો, સર્વત્ર તું જ તું છે, હું નહિ.

तू तू करता तू भया, मुझमें रहा न हूं।
प्रेम प्रकट जब होत है, रहत न षावत आन;
तू तू ही रह जात फिर मैंका मिटत निशान.

તે વ્યાપક તૂ-ભગવાનમાં પોતાના નાના 'હું'ને મિલાવી દે છે, 'મૈં'ને 'તું' બનાવી દે છે. જ્ઞાનવાન કહે છે કે—अहं-

अहं ब्रह्मास्मि, ब्रह्मैवेदं सर्वम्-હું જ બ્રહ્મ છું. આ સર્વ પણ-હું પણ બ્રહ્મ છું, મારાથી અન્ય કશું પણ નથી. આ પ્રકારે જ્ઞાનવાન પોતાના શુદ્ધ સચ્ચિદાનંદરૂપી 'હું' માં 'તૂ' ભગવાનને મિલાવી દે છે, 'તૂ' નામનો અન્ય કોઈ ઈશ્વર પૃથક્ રહેવા દેતો નથી.

જેવી રીતે ઘટના એક ખુણામાં ૯૯ રૂપિયા રાખ્યા છે, અને બીજા ખૂણામાં ૧ રૂપિયો રાખ્યો છે. તે બંનેને મિલાવીને ૧૦૦ રૂપિયાની પૂરી થેલી બનાવવી છે. હવે પોતપોતાની રુચિ તથા સામર્થ્ય અનુસાર કોઈ એકને ઉઠાવીને ૯૯માં મિલાવી દે છે, તો કોઈ ૯૯ ને ઊઠાવીને એકમાં મિલાવી દે છે. કોઈ પણ ઢંગથી મિલાવો, સો રૂપિયા પૂરા થઈ જવામાં કોઈ પણ પ્રકારનો વિવાદ રહેતો નથી. બિંદુને સિંધુમાં મિલાવો, કે વિશેષ સામર્થ્ય હોય તો બિંદુમાં સિંધુને પણ મિલાવી શકો છો. અહીં એક સમાન પિંડોપાધિક જીવાત્મા છે, અને ૯૯ સમાન બ્રહ્માંડોપાધિક ઈશ્વરાત્મા છે. બંનેનો અભેદ કરવો છે, કોઈ પણ પ્રકારે કરો. અંતમાં જીવાત્મા તથા ઈશ્વરાત્મા એક જ અદ્વય બની જાય છે, ત્યારે જ્ઞાની ભક્ત બની જાય છે અને ભક્ત જ્ઞાની. તેથી ગીતામાં ભગવાને જ્ઞાન તથા ભક્તિ બંનેને એકજ હૃદયમાં સાથે મિલાવીને, તેને શ્રેષ્ઠ જ્ઞાની ભક્ત બનાવી દીધો છે.

તેથી તે એક, અદ્વય તત્ત્વમાં જ નિત્યયુક્ત રહે છે. ઔપાધિક જાગ્રત્ વગેરે ત્રણેય અવસ્થાઓનો પરિત્યાગ કરીને તે આનંદપૂર્ણ, સ્વયંજ્યોતિઃસ્વરૂપ, તુરીય અવસ્થામાં જ સદાને માટે દટાયેલો રહે છે. તે અવસ્થા સ્વાનુભવ-સંવેદ્ય છે. તેમાં કોઈ પણ પ્રકારનું કશ્મલ રહેતું નથી. ભય, ચિંતા, શોકનું નામો-નિશાન રહેતું નથી. તે નિર્દોષ તથા સમભાવવાળી અવસ્થા છે. તે જ બ્રાહ્મી સ્થિતિ છે. एषा ब्राह्मी स्थितिः पार्थ नैनां प्राप्य

विमुह्यति। (ગીતા ૨, ૭૨) તેને પ્રાપ્ત કરીને માનવ મોહ, શોક વગેરે તમામ દ્વન્દ્વોથી મુક્ત બની જાય છે. તે દશા પ્રાણીમાત્રને સ્વતઃપ્રાપ્ત છે; પરંતુ મૂઢતાને કારણે તે સ્વતઃસિદ્ધ દશાને પ્રાપ્ત કરી શકતો નથી. ઘરમાં ખજાનો દાટેલો છે, પરંતુ તે તેને જાણતો નથી, અથવા જાણવા છતાં આવરણ દૂર કરીને પ્રાપ્તને પ્રાપ્ત કરી શકતો નથી.

આ વિષયને સ્પષ્ટરૂપે આપ આપના ચાર માળવાળા મકાનના દૃષ્ટાંતથી સમજી શકશો. આપનું ચાર માળવાળું મકાન છે. નીચેના માળમાં ખૂબ ગાઢ અંધકાર છે, ખૂબ ગરમી લાગે છે, મોટા મોટા મચ્છર તથા માંકણનાં ઝુંડ છે, અને પ્રચંડ દુર્ગન્ધ પણ ભરેલી છે. તેના ઉપરના બીજા માળમાં પણ સૂક્ષ્મ અંધકાર છે, થોડી ગરમી લાગે છે, નાના નાના મચ્છર તથા માંકણ છે, અને સૂક્ષ્મ દુર્ગન્ધ છે. ત્રીજે માળે ગરમી, મચ્છર, માંકણ તથા દુર્ગન્ધ તો નથી, પરંતુ અંધકાર છે. તેની ઉપરનો ચોથો માળ બહુ જ સુંદર છે. ત્યાં બિલકુલ અંધકાર નથી, પણ શાંત, આહ્લાદ મધુર, દિવ્ય પ્રકાશ છે. ગરમીનું નામનિશાન નથી, પણ આનંદ આપે તેવી શીતલતા છે. મચ્છર, માંકણ તથા દુર્ગન્ધનો સર્વથા અભાવ છે. દિવ્ય સુગંધથી ભરેલો, સ્વચ્છ, પવિત્ર, મૃદુ પવન ત્યાં વાઈ રહ્યો છે. પણ તેનું કમાડ બંધ છે. તેના પર જબરદસ્ત તાળું લાગેલું છે. આપના જ મકાનનો તે અંતિમ, ચોથો માળ ક્યારથી બંધ છે, તે કોઈ બતાવી શકતું નથી. તે સર્વથી ચઢિયાતો ચોથો ખંડ આપનો જ છે, આપ જ તેના માલિક છો, કુલ મુખત્યાર છો. પણ આપ આપની મૂઢતાને કારણે તેને જાણતા નથી, અથવા જાણતાં છતાં પણ સામર્થ્ય ન હોવાને કારણે અથવા પ્રમાદી બની ગયાને કારણે, નથી તેનું તાળું ખોલી શકતા કે નથી તેમાં નિવાસ કરીને દિવ્ય આનંદ પ્રાપ્ત કરી શકતા.

કેટલીક સમય આપ એકદમ નીચલે માળે રહો છો. ત્યાં અનેક પ્રકારનાં કષ્ટો ભોગવો છો. ઘણો ગાઢ અંધકાર તકલીફ આપે છે. પ્રચંડ ગરમી પણ હેરાન કરી રહી છે. મોટાં મોટાં મચ્છરો તથા માંકણોનાં ઝુંડ આપને હરદમ વ્યથિત કરતાં રહે છે. પ્રચંડ દુર્ગન્ધ પણ ખૂબ કષ્ટ આપે છે. પરંતુ તે પ્રકારનાં અનેક દુઃખોમાં પણ ભ્રાન્તિવશ આપ સુખ માની રહ્યા છો. તેથી ત્યાંથી દૂર જવાનું તમને ગમતું નથી કેટલીક વાર બીજે માળ જાઓ છો. ત્યાં પણ સૂક્ષ્મ અંધકાર વગેરેનાં સૂક્ષ્મ કષ્ટ ભોગવો છો. કેટલીક વાર ત્રીજે માળે જાઓ છો. ત્યાં મચ્છર વગેરેનું કષ્ટ તો નથી, કેવળ અંધકાર છે. તેમાં અચેત બનીને આપ સૂઈ જાઓ છો, સર્વ પ્રપંચ ભૂલી જાઓ છો, કશુંયે જાણતા નથી. આ પ્રકારે આપ આપના મકાનના ત્રણેય ખંડોમાં ઘૂમતા રહો છો. સર્વથી સુંદર ચોથા ખંડમાં જવાનું ગમતું નથી. આજકાલની, પોતાને બુદ્ધિમાન માનનારી વ્યક્તિઓને પૂછવામાં આવે કે—આપ આપના તે મકાનનો કયો માળ પસંદ કરશો? કયાં સ્થાયીરૂપે રહેવાનું પસંદ કરશો? તો તેઓ તરત જ કહી નાંખશે કે—વાહ, અમને તો ચોથો માળ જ પસંદ પડશે. સારું સ્થાન મૂકીને ખરાબ સ્થાનમાં રહેવાનું કોને ગમે? તાળું તોડીને બળજબરીથી અમે ઉપરના, અંતિમ, સુખપ્રદ માળમા જ સદા રહેવા માંડીશું. નીચેની ત્રણેય કષ્ટદાયી મંજિલોમાં કદી નહિ રહીએ.

આ તો એક દૃષ્ટાંત છે. તે સિદ્ધાંત સમજવા માટે છે. ચાર માળવાળું મકાન આ શરીર છે. તેની જાગ્રત, સ્વપ્ન, સુષુપ્ત તથા તુરીય—આ ચાર અવસ્થાઓ ચાર મંજિલો છે. સ્થૂલ શરીરની જાગ્રત્ અવસ્થા, સૂક્ષ્મ શરીરની સ્વપ્નાવસ્થા, કારણ શરીરની સુષુપ્તિ અવસ્થા, તથા શરીરી અંતરાત્માની તુરીય અવસ્થા છે. જાગ્રત્ અવસ્થામાં નામરૂપાત્મક, સ્થૂલ, દ્વૈતપ્રપંચ છે. તેનો દ્રષ્ટા

વિશ્વાત્મા છે. તે સ્થૂલ શરીરની સાથે અવિદ્યા વડે તાદાત્મ્યાપન્ન થઇ ગયો છે. ભ્રાન્તિથી આ ઈદં-પદાર્થને જ 'અહં' માની રહ્યો છે. તે છાતી ઠોકીને કહે છે કે-આજ હું છું, અમુકનો ભાઈ છું, જમાઈ છું, અમુક મારું નામ છે, ગામ છે, સાડાત્રણ હાથનું આ પૂતળું જ હું છું. તેનું જીવન જ મારું જીવન છે. તેનું મૃત્યુ જ મારું મૃત્યુ છે. તેનું કાળું-ગોરું રૂપ જ મારું રૂપ છે. તેના સુખે હું સુખી તથા તેના દુઃખે હું દુઃખી છું. આ પ્રકારે સ્થૂલ શરીરની આ જાગ્રત્ અવસ્થામાં અજ્ઞાનનો ગાઢ અંધકાર ભરેલો છે. આધ્યાત્મિક વગેરે પ્રચંડ સંતાપ જ પરેશાન કરનારી પ્રચંડ ગરમી છે, જેને લઇને તે 'હાય, હાય, મરી ગયો રે' એમ વારંવાર ચીસ પાડી ઊઠે છે. હરદમ વ્યથિત કરનારા કામ, ક્રોધ, લોભ, મદ, મત્સર વગેરે જ મોટાં મોટાં મચ્છર તેમાં ભરાયેલાં છે. વળી વિવિધ પ્રકારની ચિંતાઓ જ માંકણ છે. ચિંતાઓથી માણસ અધમૂવો થઈ જાય છે. કહેવાય છે કે-ચિતા મરેલાઓને જલાવે છે, પરંતુ ચિંતા જીવતાઓને જલાવતી રહે છે. મનુષ્યને પ્રતિદિન સારમાં સારું ખાવાનું મળે, પણ તેના હૃદયમાં જો ચિંતાઓની હોળી જલતી રહે, તો તે સારું ખાવાનું પણ પચાવી શકતો નથી, અને કદાપિ સ્વસ્થ રહી શકતો નથી. એક બહુ જ દૂબળો-પાતળો માણસ હતો. તેનું શરીર ગૃહસ્થપણાની ચિંતાઓથી જર્જરિત થઈ ગયું હતું. તેને સંસાર પરથી વૈરાગ્ય આવી ગયો તે સાધુ બની ગયો, અર્થાત્ ચિંતાઓથી છૂટી ગયો. કેટલાક સમય પછી જ્યારે તે પોતાના દેશમાં આવ્યો, ત્યારે સાધુદશામાં ચિંતા ન કરવાને કારણે તે એટલો તો હૃષ્ટપુષ્ટ થઇ ગયો હતો કે તેને ઓળખવો તે પણ કઠિન બની ગયું હતું. તાત્પર્ય એ છે કે-ચિંતાઓ જ લોહી પીનારા માંકણ છે. તથા મિથ્યા જ્ઞાનરૂપી ભ્રાન્તિ તથા અહંતા-મમતા જ કષ્ટ દેનારી પ્રચંડ દુર્ગન્ધ છે. જાગ્રત્ અવસ્થાનો અનુભવ કરીને જીવાત્મા

નિદ્રાદ્વારા સ્વપ્નાવસ્થામાં ચાલ્યો જાય છે. ત્યાં પણ દ્વૈતપ્રપંચ છે. તેવો જ અંધકાર, સંતાપ, મચ્છર, માંકણુ તથા દુર્ગન્ધ છે. પરંતુ તે સર્વ સૂક્ષ્મ છે. સ્વપ્નાવસ્થાનો અનુભવ કરીને તે ગાઢ નિદ્રા દ્વારા સુષુપ્તિમાં ચાલ્યો જાય છે. ત્યાં તેને દ્વૈતપ્રપંચનું દર્શન થતું નથી, કારણકે તેના દર્શનનું કારણ મન વિલીન થઈ ગયું છે. પરંતુ ત્યાં અજ્ઞાનાંધકાર વિદ્યમાન છે. દ્વૈતપ્રપંચ તથા તેનું કલ્પક મન ત્યાં ન હોવાને કારણે તે કોઈપણ પ્રકારના દ્વન્દ્વોના દુઃખનો અનુભવ કરતો નથી. ત્યાં તે આત્માના અજ્ઞાનાવૃત સુખનો જ અનુભવ કરે છે, પણ બીજા કોઇ પદાર્થનો અનુભવ કરતો નથી. તેથી જાગૃત થતાં સુષુપ્તિના અનુભવનું સ્મરણ તે આ પ્રકારે કરે છે કે–**सुखमहमस्वाप्सं, न किंचिदवेदिषम्।** અર્થાત્ હું સુષુપ્તિમાં સુખપૂર્વક સૂતો હતો, ત્યાં કશું જ જાણતો ન હતો.

ચોથી શરીરીની–આત્માની તુરીય અવસ્થા છે. તેનું દ્વાર અજ્ઞાની મૂઢાને માટે સર્વથા બંધ રહે છે. તેમાં અજ્ઞાન–આવરણરૂપી મોટું તાળું લાગેલું રહે છે. શ્રદ્ધાળુ મુમુક્ષુ જ ગુરુકૃપાથી મળેલી જ્ઞાનરૂપી કૂંચીથી તેનું તાળું ખોલીને તેમાં પ્રવેશ કરે છે. આ ચતુર્થ અવસ્થામાં નથી કોઈ પ્રકારનું દુઃખ, નથી કોઈ પ્રકારનો શોક કે ભય–તેમાં મહાન, વિશુદ્ધ, શાશ્વત આનંદ જ આનંદ ભરેલો છે. તે જ ઋતંભરા પ્રજ્ઞાથી મળનારી બ્રાહ્મી સ્થિતિ છે. જીવન્મુક્ત મહાપુરુષોની એ જ સદા ટકનારી દશા છે. જાગ્રત્‌માં, સ્વપ્નમાં તથા સુષુપ્તિમાં પણ તેમની તે જ દશા રહે છે. તેમાં જવું તથા રહેવું બધાને ગમતું હશે, પરંતુ યોગ્યતા તથા સાધન–સામર્થ્ય પ્રાપ્ત કર્યા વિના કોઈપણ વ્યક્તિ કોરી ચાહના માત્રથી ત્યાં જઈ શકતી નથી; કે રહી શકતી નથી. વિવેકાદિ સાધનોના સામર્થ્યથી તથા અંતઃકરણની પવિત્રતા

વગેરે યોગ્યતા દ્વારા જ ત્યાં જઈ શકાય છે તથા રહી શકાય છે, ત્યાં જનાર તથા રહેનાર, શ્રદ્ધેય, જ્ઞાનીભક્ત છે. તે તેમાં જ સદા નિત્યયુક્ત રહે છે. તે અદ્વય, આનંદપૂર્ણ, પરમાત્મસ્વરૂપમય, તુરીય દશામાં જ અનન્ય પ્રેમ રાખે છે. તેથી તે એકભક્તિ કહેવાય છે.

એકભક્તિ જ્ઞાનવાનની તે પૂર્ણાનંદમયી, ચતુર્થ અવસ્થાનું વર્ણન માંડૂક્ય ઉપનિષદ્‌માં આ પ્રકારે કર્યું છે—

'अदृष्टमव्यवहार्यमग्राह्यमलक्षणमचिन्त्यमव्यपदेश्यमेकात्मप्रत्ययसारं प्रपञ्चोपशमं शान्तं शिवमद्वैतं चतुर्थं मन्यन्ते, स आत्मा स विज्ञेयः।'

તે સ્વયંપ્રકાશ, ચિદાત્મા અદૃષ્ટ છે. નિર્વિશેષ હોવાને કારણે ચક્ષુ વગેરે જ્ઞાનેન્દ્રિયોનો વિષય નથી. જે પદાર્થ દૃષ્ટ હોય છે, તે જ વ્યવહારનો પણ વિષય હોય છે. એ અદૃષ્ટ છે, તેથી અવ્યવહાર્ય છે, અર્થાત્ કોઈ પણ વ્યવહારનો વિષય નથી. વળી તે કર્મેન્દ્રિયોથી પણ ગ્રાહ્ય નથી, અર્થાત્ ગ્રહણ કરવા યોગ્ય ન હોવાને કારણે અગ્રાહ્ય છે. તે અલક્ષણ છે, જ્ઞાપક લિંગરૂપી લક્ષણોથી રહિત છે, અર્થાત્ પ્રત્યક્ષની માફક અનુમાન પ્રમાણનો પણ વિષય નથી. તેથી જ તે અચિંત્ય છે, અર્થાત્ ચિત્તના ચિંતનોનો વિષય નથી. તેથી તે કોઈ પણ શબ્દ દ્વારા વ્યપદેશ્ય થતો નથી, અર્થાત્ વાણી પણ તેને વિષય કરી શકતી નથી. તે એકાત્મપ્રત્યયસાર છે, અર્થાત્ જાગ્રત્ આદિ સર્વ સ્થાનોમાં એક જ અનુગત આત્મા છે. આ પ્રકારના પ્રત્યયમાં (વૃત્તિજ્ઞાનમાં) સારરૂપે અર્થાત્ સત્ય, સ્વયંપ્રકાશ, ભાસકરૂપે તે ઉપલક્ષિત થાય છે. માટે જ તે પ્રપંચોપશમ છે, અર્થાત્ જાગ્રત્ વગેરે સર્વ સ્થાનોમાં અનુભૂયમાન ત્રિપુટી દ્વૈતરૂપ પ્રપંચનો તે વિશુદ્ધ આત્મામાં ઉપશમ છે—અત્યંતાભાવ છે. તે શાન્ત છે, અર્થાત્ રાગદ્વેષાદિ કલ્મષોથી સર્વથા રહિત છે. માટે જ તે શિવ છે, કલ્યાણ-

સ્વરૂપ છે, અદ્વૈત છે, તે જ ચતુર્થ છે, કૂટસ્થ, પૂર્ણ, તુરીય છે, અર્થાત્ પ્રતીયમાન જાગ્રત્ આદિ અવસ્થાઓથી વિલક્ષણ છે. એવું એકભક્તિવાળો વિદ્વાન માને છે. તે જ આત્મા છે, સ્વસ્વરૂપ છે. તે જ શાસ્ત્ર તથા ગુરુઓ દ્વારા જાણવા યોગ્ય છે.

માટે જ શ્રીશંકરાચાર્યના પરમ ગુરુ તથા શુકદેવ મુનિના શિષ્ય પૂજ્ય ગૌડપાદાચાર્યે આ શ્રુતિનું આ પ્રકારે વિવેચન કર્યું છે:

'अन्यथा गृह्णतः स्वप्नो, निद्रा तत्त्वमजानतः।
विपर्यासे तयोः क्षीणे, तुरीयं पदमश्नुते ॥
अनादिमायया सुप्तो यदा जीवः प्रबुध्यते।
अजमनिद्रमस्वप्नमद्वैतं बुध्यते तदा ॥
प्रपञ्चो यदि विद्येत निवर्तेत न संशयः।
मायामात्रमिदं द्वैत-मद्वैतं परमार्थतः ॥

અન્યથા-જ્ઞાનનું નામ સ્વપ્ન છે, બંને અવસ્થાઓમાં તુલ્યરૂપે અન્યમાં અન્ય બુદ્ધિરૂપ મિથ્યા જ્ઞાન હોવાને કારણે જાગ્રત તથા સ્વપ્ન બંને જ સ્વપ્ન છે. તત્ત્વનું-પરમાર્થ સ્વરૂપનું અજ્ઞાન નિદ્રા છે. તે જાગ્રત્, સ્વપ્ન તથા સુષુપ્તિ-ત્રણેય અવસ્થાઓમાં સમાન છે. મિથ્યાજ્ઞાનનું નામ કાર્યબંધ છે, અને અજ્ઞાનનું નામ કરણબંધ છે. જ્યારે તત્ત્વજ્ઞાન દ્વારા સ્વપ્ન તથા નિદ્રારૂપ વિપર્યયનો ક્ષય થઈ જાય છે, ત્યારે તે નિષ્પ્રપંચ શાંત તુરીય પદને પ્રાપ્ત કરે છે. અનાદિ માયાથી આ જીવ અનાદિ કાલથી સૂતેલો છે, અને સંસારરૂપી વિવિધ સ્વપ્નોનો અનુભવ કરી રહ્યો છે. જ્યારે તે જીવ કોઈ કૃપાલુ ગુરુ દ્વારા પ્રબુદ્ધ થાય છે, અર્થાત્ તત્ત્વજ્ઞાન પ્રાપ્ત કરે છે, ત્યારે તે જન્મરહિત, નિદ્રારહિત, સ્વપ્નરહિત, પૂર્ણ, અદ્વૈત સ્વરૂપનો સાક્ષાત્ અનુભવ કરે છે. આ અનુભૂયમાન દ્વૈતપ્રપંચ કાલ્પનિક છે, વાસ્તવિક નથી. તેથી જો પ્રપંચ પારમાર્થિકરૂપે વિદ્યમાન હોય, તો નિઃસંદેહ નિવૃત્ત

પણ થઈ શકે. પરંતુ તે તો માયામાત્ર છે, પારમાર્થિક નથી. તેથી તેની વિદ્યમાનતા કેવી? તથા નિવૃત્તિ પણ કેવી? રજ્જુમાં આરોપિત સર્પ વસ્તુતઃ વિદ્યમાન જ નથી, તો પછી તેની નિવૃત્તિ પણ કેવી રીતે હોઈ શકે? પરમાર્થપણે અદ્વૈત જ વિદ્યમાન છે. તે મિથ્યા, આરોપિત, દ્વૈતપ્રપંચના અપવાદથી ગમ્ય છે.

એવા જ્ઞાની ભક્તને હું ભગવાન અત્યંત પ્રિય છું, કારણકે જ્ઞાનવાન ભગવાનને પોતાનો આત્મા જ માને છે. આત્મા અત્યંત પ્રિય જ હોય છે. જો ભગવાન આત્માથી ભિન્ન હોત, તો તે કદી અત્યંત પ્રિય બની શકત નહિ. માટે એકભક્તિ જ્ઞાનીનું જ્ઞાન અભેદવિષયક છે. તે 'ભગવાન્ તથા આત્મા એક જ છે' એવું જાણે છે. ભેદવિષયક જે જ્ઞાન તો એક પ્રકારનું અજ્ઞાન છે, મિથ્યા જ્ઞાન છે. અભેદજ્ઞાન જ યથાર્થ જ્ઞાન છે. માટે અનુભવીઓએ કહ્યું પણ છે કે–

'देहो देवालयः प्रोक्तः, स जीवः केवलः शिवः।
त्यजेदज्ञाननिर्माल्यं, सोऽहंभावेन पूजयेत्॥
अभेददर्शनं ज्ञानं ध्यानं निर्विषयं मनः।
स्नानं मनोमलत्यागः शौचमिन्द्रिय संयमः॥

આ દેહ જ દેવાલય કહેવામાં આવે છે. આ જીવ જ વસ્તુતઃ શિવ છે. મનુષ્યે અજ્ઞાનરૂપી નિર્માલ્યનો ત્યાગ કરવો જોઈએ, અને તે શિવ ભગવાનનો 'સોઽહં' (તે હું જ છું) ભાવથી પૂજા કરવી જોઈએ, અભેદદર્શનનું નામ જ જ્ઞાન છે. મનને નિર્વિષય (નિર્વિકલ્પ) બનાવવું, તે જ ધ્યાન છે. મનના રાગ, દ્વેષ વગેરે મલનો ત્યાગ કરવો, તે જ સ્નાન છે. ઇન્દ્રિય-સંયમનું નામ શૌચ છે.

અને એવો જ્ઞાની ભક્ત મને-ભગવાનને અત્યંત પ્રિય છે. આ પ્રકારે ભક્ત અને ભગવાનનો એ પરસ્પર–પ્રેમ અત્યંત

ગહન છે, વિશુદ્ધ છે, નિષ્કામ છે, અવિચ્છેદ્ય છે. અખંડૈકરસ છે, સ્વાભાવિક છે. તેમાં કૃત્રિમતાનો લેશ પણ નથી. તેને સમજાવવા છતાં બીજો માણસ સમજી શકતો નથી. કેવલ हृदयं त्वेन जानाति प्रीतियोगं परस्परम्–પરસ્પરની પ્રીતિનો યોગ હૃદય જ જાણે છે. તેનું વર્ણન કરવામાં શબ્દની ગતિ કુંઠિત થઈ જાય છે. ભક્ત ભગવાનના પ્રેમરસ-સાગરમાં ડૂબી જાય છે. તો ભગવાન ભક્તના પ્રેમરસ-સાગરમાં ડૂબી જાય છે. બંને પરસ્પર મળીને અખંડૈકરસ બની જાય છે.

તેથી ભગવાનના દિવ્ય તથા અનન્ય પ્રેમરસથી છકેલી, મસ્તાની મીરાંના હૃદયના અંતસ્તલમાંથી ઊઠેલી 'મેરે તો ગિરધર ગોપાલ, દૂસરો ન કોઈ રે'–આ અવાજ ભક્ત તથા ભગવાનની અનન્યતાને જ સિદ્ધ કરે છે. એ પવિત્ર અવાજમાં બીજું કોઈ રહેતું નથી. નથી તું રહેતો, નથી જગત્ રહેતું એક માત્ર તે શ્યામસુંદર જ-ગિરિધર ગોપાલ જ રહે છે' એવો અદ્વૈત ભાવ જ અભિવ્યક્ત થાય છે. અને ઉત્કટ પ્રેમભક્તિના અદ્વૈતમાં જ ભક્તિનું પર્યવસાન થતું જોવામાં આવે છે. ઉત્કટ પ્રેમ દ્વૈતભાવ સહન કરી શકતો નથી. તેથી અનન્ય પ્રેમી ભક્ત-ગોપીઓના વિષયમાં આ કહેલું તદ્દન જ યથાર્થ છે કે-

'श्रीकृष्ण ! कृष्णेति गिरा वदन्त्यः,
श्रीकृष्णपादाम्बुजलग्न-मानसाः ।
श्रीकृष्णरूपास्तु बभूवुरङ्गनाः,
चित्रं न पेशस्कृतमेत्य कीटवत् ॥'

વાણીથી તન્મયતા પૂર્વક 'શ્રીકૃષ્ણ, શ્રીકૃષ્ણ' એવું બોલતી, અને શ્રીકૃષ્ણનાં ચરણકમલોમાં મનને સંલગ્ન બનાવતી, ગોપીઓ પોતાને ભૂલીને અથવા પોતાના આત્માઓને શ્રીકૃષ્ણમાં મેળવી દઈ ને, શ્રીકૃષ્ણરૂપ જ બની ગઈ-એમાં આશ્ચર્યની કોઈ

વાત નથી. ભ્રમરમાં આસક્ત બનેલા ચિત્તથી તેનું ચિંતન કરતો કીડો ભ્રમર બની જાય છે–આ દૃષ્ટાંત લોકમાં જોવામાં આવે છે.

सुनके शब्द कीट भृंगी के, सब तनमनकी सुध बिसरावे;
देख हुँ प्रकट ध्यानकी महिमा, सोइ कीट भृंगी होइ जावे.

આ પ્રકારે ભગવદ્–ભાવુક ભક્ત તથા ભક્ત–ભાવુક ઉપાસ્ય ભગવાન એક જ બની જાય છે. તેઓ એક ક્ષણ માટે પૃથક્ નથી બની શકતા. ભક્તમાં ભગવદ્–ભાવ આવી જતાં, તેનામાં જીવભાવ તથા ભેદભાવ આવવો અસંભવ છે.

શ્રવણ વગેરે નવધા ભક્તિમાં અંતિમ ભક્તિ છે આત્મનિવેદન. પ્રબલ ભક્તિવશ તે ભક્ત શ્રી ભગવાનમાં આત્મસમર્પણ કરીને ભગવન્મય બની જાય છે. ભગવાન પણ ભક્તના હૃદયમાં પોતાના ભગવત્તત્ત્વને પ્રકટ કરીને પોતાના સ્વરૂપમાં મિલાવી દે છે. આત્મનિવેદનના મહાભાવની આ ચરમ સીમામાં સમગ્ર ભિન્નતાઓ દૂર થઈ જાય છે, અને પૂરી એકતા સ્થાપિત થઈ જાય છે. તેનું તાત્પર્ય એમ સમજવું કે–એકતા તો પ્રથમ પણ સિદ્ધ હતી જ, પરંતુ અવિદ્યાદિ પ્રતિબંધને લઇને તેનું પ્રાકટ્ય ન હતું. હવે જ્ઞાનમયી, પરમ ભક્તિ દ્વારા પ્રતિબંધક દૂર થતાં તો એકતા જાજવલ્યમાન બનીને પ્રકટ થઈ જાય છે. આ વિષયમાં શ્રી રાધાજીનું ચરિત્ર પ્રમાણ છે. શ્રી રાધાને ભગવાન, શ્યામસુંદર પ્રત્યે પ્રેમની પરિપૂર્ણતારૂપ મહાભાવ હતો. તેથી જ તે ભગવાનના પ્રેમચિંતનની પ્રગાઢતાને કારણે સર્વથા ભગવન્મય બની ગઈ હતી. ભક્ત તથા ભગવાનમાં વસ્તુત: અદ્વૈતભાવ હોવા છતાં પણ ભક્તિની ખાતર કલ્પિત દ્વૈતભાવ સુંદર માનવામાં આવ્યો છે—

भक्त्यर्थं कल्पितं द्वैतं अद्वैतादपि सुंदरम्।

તેથી કોઈ પ્રેમરસિક કવિએ રાધાકૃષ્ણની નિતાંત એકતાનું તથા ભકિત માટે કલ્પિત દ્વૈતભાવનું પણ સૂચક વર્ણન આ પ્રકારે કર્યું છે કે—

'अन्योऽन्यचित्तविदुषौ नु परस्परात्म-
नित्यस्थितेरिति नृषु प्रथितौ यदावाम्।
तच्चौपचारिकमहो द्वितयत्वमेव,
नैकस्य सम्भवति कर्हिचिदात्मनो नौ॥
एकात्मनीह रसपूर्णतमेऽत्यगाधे,
एकासुसंग्रथितमेव तनुद्वयं नौ।
कस्मिंश्चिदेकसरसीव चकासदेक-
नालोत्थमब्जयुगलं खलु नीलपीतम्॥'

ભગવાન શ્યામસુંદર શ્રી રાધાને કહે છે કે—આપણાં બેનાં મન પૂર્ણ પ્રેમથી ભરેલાં બંનેને જ્ઞાત છે, કારણ કે પ્રબળ પ્રેમને લઈને 'આપણા બેની અંદર આપણે બંને પરસ્પર નિત્ય નિવાસ કરીએ છીએ' એવો જે લોકપ્રવાદ છે, તે અયથાર્થ છે—સત્ય નથી: કારણ કે આપણા બેનો આત્મા એક જ છે. અને એક આત્મા બે કેવી રીતે બની શકે? તેથી બે બન્યા વગર પરસ્પરમાં પરસ્પરનો નિવાસ અસંભવ છે. હા, આપણા વિષયમાં એવું કહી શકે છે કે—જેવી રીતે કોઈ એક સરોવરમાં એક નાલથી ઉત્પન્ન થયેલાં, નીલ અને પીત વર્ણનાં બે કમલ પરસ્પર સંશ્લિષ્ટ બનીને વિકસિત થયાં હોય, તેવી રીતે અત્યંત અગાધ, પ્રેમરસ–પરિપૂર્ણ એક જ આત્માથી સંયુકત, તથા એક જ પ્રાણથી સંગ્રથિત, આપણા બેનાં, નીલ તથા પીત વર્ણનાં આ બે શરીર પરસ્પર સુશ્લિષ્ટ બનીને પ્રતીયમાન થઈ રહ્યાં છે.

શ્યામસુંદર ભગવાનના આ કથનથી શ્રી રાધાનો ભગવાનની સાથે પોતાનો એકાત્મભાવ ખૂબ દૃઢ થઈ ગયો. તેની પરીક્ષા કરવા માટે કોઈ એક સમયે ભગવાન શ્રીકૃષ્ણ અતિ સુંદર દેવાંગનાનો વેષ ધારણ કરીને શ્રી રાધાની પાસે આવ્યા, અને કહેવા લાગ્યા કે–મેં સાંભળ્યું છે કે તમારો શ્રીકૃષ્ણ સાથે એકાત્મભાવ છે. તે શું સત્ય છે? જો સત્ય હોય, તો આપના સ્મરણમાત્રથી આપના પ્રિયતમ, આપનાથી અભિન્ન, શ્રીકૃષ્ણ અહીં પ્રગટ થઈ જાય, તો હું તમારા આ એકાત્મભાવમાં વિશ્વાસ કરી શકું. શ્રી રાધાએ તે પરીક્ષાનો સ્વીકાર કર્યો, અને કહ્યું કે–જો અનન્ય પ્રેમથી પૂર્ણ એકાત્મભાવ સત્ય હોય, તો મારા પ્રિયતમ શ્રીકૃષ્ણ અહીં શીઘ્ર જ પ્રગટ થાય. કહેતાં વાર જ ભગવાન શ્રીકૃષ્ણ તરત જ ત્યાં પ્રગટ થયા. તે સમયે પ્રિય કૃષ્ણનું અંદર તથા બહાર દર્શન કરીને શ્રી રાધાજી આનંદમગ્ન બની ગયાં. તે દશાનું વર્ણન ઉક્ત કવિ મહોદયે આ પ્રકારે કર્યું છે—

'रोमाञ्चिताखिल-तनुर्गलदश्रुसिक्ता,
ध्यानागतं तमवबुध्य बहिर्विलोक्य।
आनन्दलीनहृदया खलु सत्यमेव,
योगिन्यराजत निरञ्जन-दृष्टिरेषा॥'

ધ્યાન દ્વારા પ્રિયતમ કૃષ્ણનું હૃદયમાં આગમન જોઈને, અને બહાર પણ તેજ પ્રિયતમને જોઇને, શ્રી રાધાનું સમગ્ર શરીર રોમાંચિત થઈ ગયું, અને પ્રેમાશ્રુઓની ધારાથી સિંચિત થઈ ગયું. અને તેનું હૃદય પ્રિયતમના દર્શનના આનંદમાં લીન થઈ ગયું. આ પ્રમાણે તે એકાત્મભાવની પરીક્ષામાં સત્ય જ ઉત્તીર્ણ થઈને યોગિનીની પેઠે નિરંજન દૃષ્ટિને પ્રાપ્ત થયાં. તેનું તાત્પર્ય એ છે કે–અહીં અંજનના બે અર્થ છે. એક ચક્ષુમાં

રહેલું કાજળ; અને બીજો, તેની સમાન, હૃદયમાં રહેલો અજ્ઞાનાંધકાર. અશ્રુધારાથી નેત્રનું કાજળ બહાર આવવાને કારણે શ્રી રાધાની ચક્ષુદૃષ્ટિ નિરંજન થઈ ગઈ, અને સાથે સાથે પ્રિયતમ, આત્મસ્વરૂપ, શ્રીકૃષ્ણના સાક્ષાત્કાર દ્વારા અજ્ઞાનાંધકારથી પણ મુક્ત થઇને હૃદયની જ્ઞાનદૃષ્ટિ પણ નિરંજન બની ગઈ. અર્થાત્ તે દૃષ્ટિમાં અજ્ઞાન તથા તેના કાર્યરૂપ દ્વૈતપ્રપંચનો સર્વથા અત્યંતાભાવ થઈ ગયો; તથા તેના અધિષ્ઠાન, પ્રિયતમ, આત્મા, શ્રીકૃષ્ણ જ સર્વત્ર અનુભવાયા. તેથી શ્રી રાધાનું યોગિનીપણું સાર્થક સિદ્ધ થયું.

ગર્ગસંહિતામાં શ્રી રાધાનું એક બીજું ચરિત્ર પણ ભગવાનની સાથેના અનન્યયોગને તથા એકાત્મભાવને સાબીત કરે છે. કોઈ એક સમયે ભગવાન શ્યામસુંદર પોતાની રુકિમણી વગેરે રાણીઓ સાથે સિદ્ધાશ્રમમાં ગયા હતા. ત્યાં શ્રી રાધા ભગવાન કૃષ્ણની, પ્રચંડ પ્રેમથી આપ્લુત બનેલા હૃદય વડે, આરાધના કરતાં રહેતાં હતાં. રાતે શ્રી ભગવાનની રાણીઓએ જોયું કે શ્રી ભગવાનનાં ચરણોમાં છાલાં પડી ગયાં હતાં. કારણ પૂછતાં શ્રી ભગવાને કહ્યું-તમે લોકોએ શ્રી રાધાને ખૂબ ગરમ દૂધ પીવડાવ્યું છે, તેથી મારા ચરણોમાં છાલાં પડી ગયાં છે, કારણ કે તેના હૃદયમાં હમેશાં મારાં ચરણ રહે છે.

श्रीराधिकाया हृदयारविन्दे पादारविन्दं हि विराजते मे।
अहर्निशं प्रश्रय-पाशबद्धं, लवं लवार्द्धं न चलत्यतीव॥
अद्योष्णदुग्धप्रतिपानतोऽङ्घ्रावुच्छालकास्ते मम प्रोच्छलन्ति।
मन्दोष्णमेवं हि न दत्तमस्यै, युष्माभिरुष्णं नु पयः प्रदत्तम्॥

(દ્વારકાખણ્ડ ૧૭,૩૫-૩૬)

શ્રી રાધાના હૃદયમાં મારાં ચરણકમલ સદા-દિનરાત પરમ પ્રેમપાશથી બંધાયેલાં વિરાજે છે, જરા પણ દૂર થતાં નથી,

તેમના ગરમ દૂધ પીવાથી, મારા પગમાં છાલાં પડી ગયાં. તમે લોકોએ શ્રી રાધાને થોડું ગરમ દૂધ ન આપતાં, અધિક ઉષ્ણુ દૂધ પીવડાવી દીધું હતું.

આ ઉપાખ્યાનનું એવું તાત્પર્ય કદી નથી હોઈ શકતું કે—ભગવાનનાં ચરણુકમલ પોતાના શ્રી વિગ્રહથી (શરીરથી) જુદાં પડીને શ્રી રાધાના હૃદયમાં ચાલ્યાં ગયાં હતાં, અને શ્રી ભગવાન ચરણુ વગરના બની ગયા હતા. સર્વ ઉપાખ્યાનોનું લક્ષ્ય સિદ્ધાંતનું સમર્થન કરવામાં જ હોય છે. પ્રકૃતમાં સર્વ શાસ્ત્રોનો સિદ્ધાંત છે કે અનન્ય યોગ તથા એકાત્મભાવ. તેના સમર્થનમાં જ આ ઉપાખ્યાનનું પણુ તાત્પર્ય છે. પ્રચંડ પ્રેમથી આપ્લુત (છલકાતા) હૃદયની પોતાના આરાધ્ય, પ્રિયતમ, ઈષ્ટની સાથે એવી તો નિરંતર, સ્વાભાવિક, તન્મયતા બની જાય છે કે તેમાં કોઈ પણુ પ્રકારનો અન્યભાવ રહી શકતો જ નથી. ઇષ્ટની સાથે સર્વથા અભિન્નતા જ સિદ્ધ થઇ જાય છે. ભક્તની ભગવાન સાથે તથા ભગવાનની ભક્ત સાથે પૃથક્તાનો લેશ પણુ રહેતો નથી. માટે નારદ ભક્તિશાસ્ત્રે પણુ અંતમાં એ જ સિદ્ધાંત નિશ્ચિત કર્યો છે કે—

'तस्मिन् तज्जने च भेदाभावात्।'

અર્થાત્ ભગવાનમાં તથા ભક્તજનમાં છેવટે ભેદનો અભાવ થઈ જાય છે, બંને એક–અભિન્ન થઈ જાય છે.

પ્રેમી સંતોએ પણુ આ જ સિદ્ધાંતનું સમર્થન કર્યું છે કે—

जब मैं था तब हरि नहीं, अब हरि हैं, हम नाहिं।
प्रेम गली अति-सांकरी, तामें दो न समाहिं॥
ब्रह्म नहीं, माया नहीं, नहीं जीव, नहि काल।
अपनी हू सुधि ना रही, रह्यो एक-नन्दलाल॥

આ પ્રકારે ભક્ત તથા ભગવાનની પરસ્પર અતિપ્રિયતાનું પણુ પર્યવસાન એકાત્મભાવમાં જ થઈ જાય છે. હરિ: ૐ તત્સત્.

(૧૮)

'उदाराः सर्व एवैते, ज्ञानी त्वात्मैव मे मतम् ।
आस्थितः स हि युक्तात्मा, मामेवानुत्तमां गतिम् ॥
(૭,૧૮)

આર્ત વગેરે સર્વ ભક્તો જો કે ઉદાર છે, અર્થાત્ શ્રદ્ધાપૂર્વક કોઈ પણ કામનાથી મારું ભજન કરે છે, તેથી તેઓ ઉત્તમ તથા સારા છે, પરંતુ જ્ઞાની તો સાક્ષાત્ મારું સ્વરૂપ જ છે-એવો મારો મત છે; કારણ કે સ્થિતપ્રજ્ઞ, જ્ઞાની ભક્ત અતિ ઉત્તમ ગતિસ્વરૂપ મારામાં-પરમાત્મામાં જ એકમાત્ર અનન્ય ભાવથી સદા અવસ્થિત રહે છે.

આનંદનિધિ ભગવાન શ્રીકૃષ્ણ પોતાના ભક્તોનું વર્ણન કરતાં કહે છે કે-મારા આર્ત, અર્થાર્થી, જિજ્ઞાસુ તથા જ્ઞાની ભક્ત-સર્વે ઉદાર છે, કૃપણ નથી, કારણ કે તેઓ સર્વ વિશુદ્ધ આનંદના મહાસાગરરૂપ મારી-પરમાત્માની જ અભિમુખ છે, મારી તરફ જ તાકીને બેઠા છે, તેમને મારો જ વિશ્વાસ છે, મારી દ્વારા જ તેઓ દુઃખનાશ, અર્થલાભ અને જ્ઞાનપ્રાપ્તિ પણ પ્રાપ્ત કરવા માગે છે, ચાતકની પેઠે તેમની અનન્ય નિષ્ઠાવાળી પવિત્ર ભાવના છે. કોઈ કવિએ ચાતકની ભાવનાનું આ પ્રકારે વર્ણન કર્યું છે—

'पयोद ! हे वारि ददासि वा न वा,
त्वदेकचित्तः पुनरेष चातकः ।
वरं महत्या म्रियते पिपासया,
करोति नान्यस्य ह्युपासनं क्वचित् ॥'

હે જલ વરસાવનાર મેઘ, તું ચાતકને પાણી આપ કે ન આપ; છતાં પણ તે તો એકમાત્ર તારામાં જ ચિત્ત લગાવીને

બેઠો છે. આકાશમાં તને જ તે આશાભર્યાં નેત્રોથી જોઈ રહ્યો છે. તેને તારો જ દૃઢ વિશ્વાસ છે કે–મેઘરાજા મારા મુખમાં અવશ્ય જલબિંદુ ટપકાવશે અને મારી તરસ છિપાવશે. ભલે તે ખૂબ ભારે તરસથી મરી જાય, તો પણ તે બીજા કોઈ જલનું સેવન નહિ કરે. તેવી તેની મેઘમાં અનન્ય નિષ્ઠા છે.

આર્ત વગેરે ભક્તોને પણ ભગવાનમાં એવી અનન્ય નિષ્ઠા છે. તેઓ જો કાંઈ ચાહે છે, તો પણ ભગવાન પાસેથી જ ચાહે છે, બીજા કોઈ પાસેથી કશું ચાહતા નથી. જેવી રીતે પતિવ્રતા સાધ્વી નારી રતિસુખ મેળવવા ઈચ્છે છે તો પોતાના પ્રિયતમ પતિ દ્વારા જ તે મેળવવા ઈચ્છે છે, બીજા કોઈ દ્વારા નહિ, તેવી રીતે. તેથી આર્ત વગેરે ભક્તોના મનમાં દુઃખનાશ વગેરેની ચાહના હોવા છતાં પણ તેમની વૃત્તિઓનું લક્ષ્ય એકમાત્ર શ્રી ભગવાન જ છે, તથા તેમનામાં જ દૃઢ અનુરાગ છે. તેથી તો તેઓ ભક્ત છે. ભક્ત તે છે કે જેનો ભગવાનમાં અનુરાગ હોય. માટે જ શ્રીમદ્ ભાગવતમાં કહ્યું છે કે—

'अजातपक्षा इव मातरं खगाः
स्तन्यं यथा वत्सतराः क्षुधार्ताः।
प्रियं प्रियेव व्युषितं विषण्णा,
मनोऽरविन्दाक्ष! दिदृक्षते त्वाम्॥'
(૬,૧૨,૨૬)

હે કમલનયન પ્રભો! જેમને પાંખો ઊગી નથી તેવાં પક્ષીઓનાં અસમર્થ બચ્ચાં જેવી રીતે માતાની પ્રતીક્ષા કરે છે; ભૂખથી પીડિત વાછડાં જેવી રીતે માતાનું જ દૂધ પીવા માટે ઉત્સુક રહે છે, તથા જેવી રીતે વિરહવ્યથિત કામિની પોતાના પ્રવાસી પ્રિયતમની વાટ જોતી રહે છે, તેવી રીતે મારું મન

કલ્પવૃક્ષ સમાન, સમસ્ત કામનાઓને પૂર્ણ કરવાવાળા, આપ ભગવાનને જ જોવા ચાહે છે.

ઉદાર તે છે કે જે તુચ્છ આશ્રયનો ત્યાગ કરીને મહાન આશ્રયનું ગ્રહણ કરે. જે સ્વયં તુચ્છ છે, યાચક છે, તે બીજાને શું આપશે? જે સર્વ શક્તિમાન છે, દયાસાગર છે, પરમ ઉદાર છે, જે માગો તે આપવામાં સમર્થ છે, ભક્તહિતકારી છે, રક્ષક છે, તે મહાન પાસેથી જ માગવું જોઈએ. જે સર્વને આપે છે, તે મને ભક્તને કેમ નહિ આપે? સચેતને આપે છે, અચેતને આપે છે, સારા જગતને આપે છે, તે મને પણ જરૂર આપશે જ—એવો વિશ્વાસ રાખીને તે મહાન ભગવાનની પ્રપત્તિ ગ્રહણ કરીને, નિશ્ચિન્ત બનીને જે ભગવાનનું ચિંતન કરતો રહે છે, તેના ઉદ્ધાર તથા સુકૃતિ હોવામાં કશો પણ સંશય નથી.

જેમ કોઈ અગ્નિથી બળી રહ્યો હોય, તે દોડીને પાસેના સરોવરમાં કૂદી પડીને પોતાની દાહવ્યથાનું શમન કરે છે, તો તે બુદ્ધિનો ઉદાર મનાય છે, તેવી રીતે જે આ સંસારના વિવિધ સંતાપાગ્નિઓથી પ્રાપ્ત થતી બળતરાની વ્યથાનું શમન કરવા માટે ભકિતરૂપી સરોવરમાં કૂદી પડે છે, તે આર્ત ભકત કૃપણ નહિ, પણ ઉદાર જ મનાય છે, કારણ કે તેણે પોતાની રક્ષા માટે બુદ્ધિનો સદુપયોગ કર્યો છે. વળી જાણવાની ઈચ્છા પણ પ્રાણીમાત્રમાં સ્વાભાવિક રીતે જ હોય છે. સંસારની અનેક વસ્તુઓનું જ્ઞાન સંપાદન કર્યું, પણ તેનાથી શાન્તિ તથા તુષ્ટિ કોઈને પ્રાપ્ત થઈ નથી, માટે તે એવી વસ્તુને જાણવા માગે છે કે જેના જાણવાથી પરમ શાન્તિ તથા અક્ષય તુષ્ટિ પ્રાપ્ત થાય. એવી વસ્તુ એકમાત્ર ભગવાન વિશ્વાત્મા જ છે. બસ, હવે તે તેમને જ બરાબર જાણવાના ઉદ્દેશથી તેમનું જ ભજન કરતો રહે છે.

તેથી તે જિજ્ઞાસુ ભક્ત પણ ઉદ્દેશસાધક—સન્માર્ગગામી હોવાથી બુદ્ધિનો ઉદાર જ છે. આ પ્રમાણે અર્થાર્થી ભક્ત પણ ઉદાર છે. તેણે પણ સમસ્ત ઐશ્વર્યોના અધિપતિ મને—ભગવાનને જ પકડી રાખ્યા છે. જે મૂળને પકડે છે, તેને શાખા, પત્ર, પુષ્પ વગેરે મળવામાં કશી બાધા નડતી નથી. તે સઘળું અનાયાસેજ મળી રહે છે. તેવી રીતે કામધેનુરૂપી ભગવદ્-ભક્તિ વડે તેને અભિલષિત ઐશ્વર્ય પણ મળી જાય છે, તથા ઐશ્વર્યાધિપતિ ભગવાન પણ મળી જાય છે. તેની બુદ્ધિની ઉદારતાના વિષયમાં તો કોઈને સંદેહ નથી, જેણે આ લોકને પણ સુધાર્યો તથા માનવ જીવનને પણ આનંદપૂર્વક વ્યતીત કર્યું, અને અંતે ભગવાનની કૃપાથી જ્ઞાનની હોડીમાં બેસીને ભગવાનના ધામમાં પણ પહોંચી ગયો.

પરંતુ જ્ઞાની ભક્ત તો મારો આત્મા જ છે—એવો મારો નિશ્ચય છે. મારામાં—ભગવાનમાં તથા જ્ઞાની ભક્તમાં તિલમાત્રનો પણ ભેદભાવ નથી રહેતો. તેની સાથે મારો તથા મારી સાથે તેનો સર્વથા અભેદભાવ થઈ જાય છે. જો કે આર્ત વગેરે બીજા ભક્તો પણ મને જ અભિમુખ છે, મારું જ ભજન કરે છે. છતાં તેમની તથા મારી—ભગવાનની વચમાં કંઈક ક્ષુદ્ર સ્વાર્થરૂપી અંતરાય બન્યો રહે છે, તેથી તેઓ મારાથી કંઈક દૂર બેઠેલા છે. સર્વથા મારામાં મળી શકતા નથી. તેમનામાં પ્રેમ હોવા છતાં પણ જ્ઞાની ભક્તની પેઠે પરમપ્રેમ નથી. પરમપ્રેમ કોઈ પણ અંતરાયને સહન કરી શકતો નથી, કોઈ પણ બીજી ઈચ્છાને રહેવા દેતો નથી. તે પ્રેમીને પ્રિયતમ—મય જ બનાવી દે છે. જ્યારે તેને પોતાનું જ ભાન રહેતું નથી, ત્યારે તે બીજા કશાને દેખી જ કેવી રીતે શકે? બીજાના જ્ઞાન વિના, તે બીજાની (બીજા પદાર્થની) ઈચ્છા સંભવી શકતી નથી. જ્ઞાન જ ઈચ્છાને

જન્માવે છે, આ પ્રકારે તે પરમ પ્રેમની દૃઢ રસ્સી જ્ઞાની ભક્તને તથા પ્રિયતમ ભગવાનને એવા તો મજબૂત એકબીજા સાથે બાંધી દે છે, કે જેથી તેમનું બંનેનું અસ્તિત્વ અભિન્ન જ બની જાય છે, તે કોઈ પણ પ્રકારની જુદાઈ રહેવા દેતી નથી. તેથી જ્ઞાનવાન પુરુષ ભગવાનનો જ આત્મા અર્થાત્ અભિન્ન સ્વરૂપ જ બની જાય છે. તેથી તે ઉદારતમ છે. જ્યારે જ્ઞાનવાન ભગવાનને પોતાના અંતરાત્મા જ માને છે, આત્માથી ભિન્ન માનતો નથી, ત્યારે ભગવાન જ્ઞાનીને આત્માથી ભિન્ન કેવી રીતે માની શકે? ન જ માની શકે. તેથી તો ભગવાનની ગીતામાં સ્પષ્ટ ઘોષણા છે કે—

'ये यथा मां प्रपद्यन्ते तांस्तथैव भजाम्यहम्।'

(૪,૧૧)

જે ભક્તો જેવો ભાવ રાખીને મારી અભિમુખ થાય છે, મારું ભજન કરે છે, તેવો જ ભાવ હું તેમના પ્રત્યે રાખીને તેમને ભજું છું.

માટે જ ઋગ્વેદ સંહિતામાં પણ ભક્તોની ભગવાન પ્રત્યે અભેદભાવની ચાહનાનો આ પ્રકારે ઉલ્લેખ કર્યો છે કે—

'ॐ यदग्ने! स्यामहं त्वं, त्वं वा घा स्यामहम्।
स्युष्टे सत्या इहाशिषः॥'

(૮,૪૪,૨૩)

હે અગ્નિ પરમાત્મન્! જો હું તું બની જાઉં, તથા તું હું બની જાય, તો બહુ સારું થાય. એવી અભેદભાવની સિદ્ધિને માટે તારા આશીર્વાદ સત્ય તથા સફલ હોવા જોઈએ.

આત્મા કદી ભિન્ન હોતો નથી. અનાત્મા જ ભિન્ન હોય છે. સ્ત્રી, પુત્ર, ધન વગેરે અનાત્મા હોવાને કારણે ભિન્ન જોવામાં

આવે છે. જો આત્મા પણ ભિન્ન માનવામાં આવે, તો આત્મા તથા અનાત્મામાં વિલક્ષણતા જ શી રહી ? આત્મા પણ ભિન્ન, અનાત્મા પણ ભિન્ન; ત્યારે તો બંને એક જ થઈ ગયાં. તેથી આત્મા અર્થાત્ અભિન્ન સ્વરૂપ-એવું જ નિશ્ચયપૂર્વક માનવું જોઈએ. અનન્ય પ્રેમ પ્રદર્શિત કરવા માટે વિશ્વમાં આત્મા કરતાં વધારે ચઢિયાતી ઉપમા બીજી કોઈ મળી શકતી નથી. 'આ મારો આત્મા છે' એમ કહેતાં તમામ ભિન્નતાઓની સમાપ્તિ થઈ જાય છે. તેથી અભેદભાવનો જ્ઞાપક અનન્ય પ્રેમ જ સૂચિત થાય છે. આ વિષયમાં કવિ કુલગુરૂ કાલિદાસના જીવનની એક ઘટના આ પ્રકારે છે—

ભારતીય ઈતિહાસમાં રાજા ભોજ તથા કવિ કાલિદાસનું પણ એક ખાસ સ્થાન છે. રાજા ભોજ સંસ્કૃતનો અચ્છો વિદ્વાન હતો. તેથી તે વિદ્વાનોનો બહુ આદરસત્કાર પણ કરતો હતો. તેની સભામાં કાલિદાસ, દંડી, ભારવિ વગેરે મોટા મોટા વિખ્યાત નવ વિદ્વાનો—નવ રત્નો હતાં. એક સમયે રાજા ભોજના મનમાં એવી જિજ્ઞાસા થઈ કે—મારી સભાનાં નવરત્નોમાંથી શ્રેષ્ઠ વિદ્વાન—કવિરત્ન કોણ છે ? એ તો બધા જ જાણે છે કે સંસારમાં સર્વ એક સરખા હોતા નથી, નાના મોટા હોય છે. કોઇકની કોઈક વિષયમાં યોગ્યતા તથા પ્રૌઢતા હોય છે, તો કોઈકની બીજા કોઈ વિષયમાં. રાજાએ પોતાની તે જિજ્ઞાસા સભામાં પ્રગટ કરી. એક મંત્રશાસ્ત્રવેત્તાએ સંમતિ આપી કે—તેનો નિર્ણય ભગવતી સરસ્વતીજીના મુખથી જ થવો જોઈએ. નવરાત્રિનો શુભ સમય પાસે જ આવી રહ્યો હતો. તેથી તેણે રાજા ભોજને કહ્યું કે—તે સમયે વિધિપૂર્વક કુંભ સ્થાપન કરીને માતેશ્વરી, ભગવતી, શ્રી શારદાને જ આ વિષયનો પ્રશ્ન કરવો જોઈએ. તેઓ જ કૃપા કરીને કવિશ્રેષ્ઠનું નામ બતાવશે.

સર્વ નવરત્નોને પોતપોતાની વિદ્વત્તા તથા કવન-નિપુણ-તાનો પૂર્ણ વિશ્વાસ હતો. કાલિદાસે વિચાર કર્યો કે-સરસ્વતી તો મારી માતા છે. તેની દિવ્ય કૃપાથી તો હું ગમાર મટીને વિદ્વાન-કવિરાજ બન્યો છું. जिह्वाग्रे मे सरस्वती-અર્થાત્ માતાએ મને વરદાન આપ્યું છે કે-તે સૂક્ષ્મરૂપે મારી જિહ્વા પર સદા અવસ્થિત રહેશે. માટે માતા મને જ કવિશ્રેષ્ઠ કહેશે.

રાજા ભોજે ઘટ-સ્થાપન કરીને પૂજા તથા સ્તુતિ કર્યા પછી ભગવતીને તે જ પ્રશ્ન કર્યો. સ્થાપિત કળશમાંથી ત્રણ વાર कविर्दण्डी कविर्दण्डी कविर्दण्डी-એવો ધ્વનિ નીકળ્યો. માતા શારદાએ દંડી કવિની જ શ્રેષ્ઠતા કહી. તેથી કાલિદાસ બહુ દુઃખી થયો. જેવી રીતે બાળક માતાથી રીસાઈ જાય છે, તેવી રીતે કાલિદાસ માતા સરસ્વતીથી રીસાઈ ગયો-તે ત્યાંસુધી કે તેણે ભોજન વગેરે કરવું પણ છોડી દીધું. માતા સરસ્વતીએ પ્રગટ થઈને કાલિદાસને પૂછ્યું કે-તું આટલો દુઃખી કેમ છે? ભોજન વગેરે કેમ નથી કરતો? પણ કાલિદાસ કંઈ બોલ્યો નહિ. ફરી પણ ભગવતી પોતાનો વાત્સલ્ય-ભાવ પ્રગટ કરતી કાલિદાસને મનાવવા લાગી કાલીદાસ રોષપૂર્વક મ્હોં ચઢાવીને માતાને કહેવા લાગ્યો-તેં મારી ઈજ્જત ખરાબ કરી નાંખી. તારા કથનથી ભરી સભામાં મારું ઘોર અપમાન થયું. લોકોની સામે હવે હું માથું ઊંચું કરીને બોલવા લાયક રહ્યો નહિ. ત્યારે ભગવતીએ કાલિદાસને કહ્યું કે-તું તથા સર્વ લોકો મારું તાત્પર્ય સમજી શક્યા નથી. દંડી શ્રેષ્ઠ કવિ છે, પરંતુ તું તો મારો પુત્ર હોવાને કારણે મારો આત્મા જ છે. મારાથી તારું અભિન્ન સ્વરૂપ છે. તેથી મેં તારી શ્રેષ્ઠતાની ઘોષણા કરી નથી. જો હું તને શ્રેષ્ઠ કહેત, તો તારા પ્રત્યે જે મારો આત્મભાવ છે તે સિદ્ધ ન થાત. દંડી કવિ શ્રેષ્ઠ હોઈ શકે છે, પરંતુ તેનાથી પણ

ચઢીને તે મારો આત્મા નથી બની શકતો, અને આત્મા કરતાં વધારે-નિરવધિક પ્રીતિ બતાવવા માટે-બીજી કોઇ પણ ઉપમા મળી શકતી નથી. આત્મા જ એકમાત્ર નિરવધિક પ્રીતિનું આસ્પદ (સ્થાન) હોય છે. એવો તું છે, દંડી નહિ.

ભગવતી સરસ્વતી દ્વારા એવું રહસ્ય સાંભળીને કાલિદાસ બહુ જ પ્રસન્ન થયો, અને માતાનાં શ્રી ચરણોમાં વારંવાર પ્રણામ તથા ક્ષમા-પ્રાર્થના કરવા લાગ્યો, અને તેણે કહ્યું કે-સભામાં આપને એવું જ રહસ્ય પ્રગટ કરવું પડશે, જેથી કરીને મારું સલજ્જ મુખ લોકોની સન્મુખ હર્ષોદ્રેકથી સમુન્નત બને (ઊંચું રહે), અને મારું ગૌરવ સર્વની સમજમાં આવે. માતાએ સ્વીકાર કર્યો. ફરીથી સભામાં રાજા ભોજ દ્વારા કુંભ સ્થાપિત કરવામાં આવ્યો, અને ભગવતીને પ્રશ્ન કરવામાં આવ્યો કે-આ કાલિદાસ કેવો છે? કુંભમાંથી ભગવતીનો અવાજ આવ્યો કે-આ કાલીદાસ મારો આત્મા છે, અર્થાત્ મારાથી જુદો નથી. જે સામર્થ્ય મારામાં છે, તે તેનામાં પણ છે. આ પ્રકારે 'આત્મા' શબ્દના પ્રયોગથી ભગવતી વાગ્દેવતાએ કવિ કાલિદાસનું અનુપમેય ગૌરવ સભા સમક્ષ સિદ્ધ કરી દીધું.

તાત્પર્ય એ છે કે-નિરતિશય પ્રિયતાને તથા અભેદભાવને સિદ્ધ કરવા માટે જ 'આત્મા' પદનો પ્રયોગ કરવામાં આવે છે. પ્રકૃતમાં શ્રી ભગવાને પણ જ્ઞાની ભક્તને માટે આત્મા શબ્દનો પ્રયોગ કરીને તેજ સિદ્ધ કર્યું છે.

જો કે ભગવાન સર્વના-પ્રાણીમાત્રના આત્મા છે, એકમાત્ર જ્ઞાનીના જ આત્મા છે એવું નથી. તેથી શ્રીમદ્ ભાગવતમાં 'જે ક્ષેત્રજ્ઞ આત્મા છે, તેજ ભગવાન વાસુદેવ છે' એવું અનેક સ્થળોએ સ્પષ્ટપણે સિદ્ધ કરવામાં આવ્યું છે, જેમકે भक्त्या मां प्रत्य-

गात्मानमिहावरुन्द्धे। (૩,૨૫,૨૭) અર્થાત્ ભક્તિ દ્વારા મનુષ્ય પ્રત્યગાત્મારૂપ મને-ભગવાનને આ દેહમાં જ પ્રાપ્ત કરી લે છે.

'परो भगवान् वासुदेवः क्षेत्रज्ञ आत्मेदमनुप्रविष्टः।'

(ભા. ૫,૧૧ ૧૪)

સર્વથી પર ભગવાન વાસુદેવ જ ક્ષેત્રજ્ઞ આત્મા છે, તથા તેજ ચરાચર જગત્‌માં આત્મારૂપે પ્રવિષ્ટ થયો છે.

'ज्ञानं विशुद्धं परमार्थमेकं, अनन्तरं त्वबहिर्ब्रह्म सत्यम्।
प्रत्यक् प्रशान्तं भगवच्छब्दसंज्ञं, यद्वासुदेवं कवयो वदन्ति॥"

(ભા. ૫,૧૨,૧૧)

જે વિશુદ્ધ જ્ઞાન અંદર-બહારના ભેદથી રહિત, પરમાર્થ સત્ય, બ્રહ્મ છે, તેજ ઉપાધિ-પ્રયુક્ત દોષોથી રહિત, પ્રશાન્ત પ્રત્યગાત્મા છે. તેનું જ નામ 'ભગવાન' છે, અને તેને જ વિદ્વાન લોકો 'વાસુદેવ' કહે છે.

મહાભારતમાં પણ ભગવાન વ્યાસે એ જ સિદ્ધ કર્યું છે—

'आत्मा क्षेत्रज्ञ इत्युक्तः, संयुक्तः प्राकृतैर्गुणैः।
तैरेव तु विनिर्मुक्तः परम त्मेत्युदाहृतः॥'

(शान्ति-पर्व. ૧૮૭,૨૪)

પ્રકૃતિના સત્ત્વાદિ ગુણોથી સંયુકત થતાં તે ક્ષેત્રજ્ઞ આત્મા કહેવાય છે. તથા તેમનાથી વિમુકત થતાં તે જ 'પરમાત્મા'-આ નામથી બોધિત થાય છે.

જેવી રીતે લોકમાં કોઈ મિત્ર પોતાના કોઈ સ્નેહીને પૂછે છે કે— આપનું સ્વાસ્થ્ય કેવું છે? તેવી રીતે કોઈ એક વખત ભગવાન શ્યામસુંદર શ્રીકૃષ્ણને અર્જુને પૂછ્યું કે-ભગવન્, આપનું મન કેવું છે? આપની બુદ્ધિ કેવી છે? તથા

આપ શું છો? અર્જુનના આ ત્રણ પ્રશ્નોનો ઉત્તર ભગવાને અનુગીતામાં આ પ્રકારે આપ્યો હતો કે—

'मनो मे ब्राह्मणं विद्धि, बुद्धिं मे विद्धि ब्राह्मणीम्।
क्षेत्रज्ञः इति यश्चोक्तः सोऽहमस्मि धनञ्जय!॥'

(મહા. અનુગીતા ૨૫,૧૦)

હે અર્જુન, મારું મન બ્રાહ્મણ છે, અર્થાત્ બ્રાહ્મણ્ય-સંપાદક શમ, દમ, સંતોષ વગેરે ગુણોથી યુક્ત છે. તથા મારી બુદ્ધિ બ્રાહ્મણી છે, અર્થાત્ પૂર્ણ, અદ્વય, બ્રહ્મતત્ત્વના અનુસંધાનમાં સતત નિરત રહે છે, તેથી તેમાં સમતા, એકતા, સત્યતા વગેરે બ્રહ્મભાવને આપનારા શુદ્ધ ગુણો છે. અને ક્ષેત્રજ્ઞ નામથી જેને સર્વનો આત્મા કહેવામાં આવ્યો છે, તે જ હું છું. અર્થાત ક્ષેત્રજ્ઞ જ હું પરમાત્મા છું.

ગીતામાં પણ ભગવાને એ જ કહ્યું છે—

'क्षेत्रज्ञं चापि मां विद्धि सर्वक्षेत्रेषु भारत!।'

(૧૩,૨)

હે ભારત, સમસ્ત ક્ષેત્રોમાં જે ક્ષેત્રજ્ઞ—આત્મા છે, તે હું જ છું—એવું જાણ.

પ્રશ્ન—સંસ્કૃત સાહિત્યમાં 'च' નો અર્થ 'તથા, અને' થાય છે, અને 'अपि' નો અર્થ 'પણ' થાય છે. માટે सर्वक्षेत्रेषु क्षेत्रज्ञं विद्धि, च तथा मामपि અર્થાત્ ततः पृथक् विद्धि એવો ક્ષેત્રજ્ઞ તથા મત્પદાર્થ પરમાત્માનો ભેદસૂચક અર્થ સિદ્ધ થાય છે. માટે 'क्षेत्रज्ञं' તથા 'माम्' એ બે પદોની મધ્યમાં કુહાડીની પેઠે વિભિન્ન કરનાર 'चापि' પદોનો કરેલો પ્રયોગ સાર્થક થઈ જાય છે.

ઉત્તર-ભગવાને તેરમા અધ્યાયમાં क्षेत्रक्षेत्रज्ञयोर्ज्ञानं यत्तज्ज्ञानं मतं मम (૧૩, ૨) એવું કહ્યું છે. અર્થાત્ એક પદાર્થ ક્ષેત્ર છે, જે દૃશ્ય, જડ તથા પરિચ્છિન્ન હોવાને કારણે બાધિત-મિથ્યા છે; તથા બીજો પદાર્થ ક્ષેત્રજ્ઞ છે, જે સત્, ચિત્, આનંદ-પૂર્ણાદ્વય હોવાને કારણે પારમાર્થિક સત્ય છે. માટે હેયરૂપે ક્ષેત્રનું જ્ઞાન તથા ઉપાદેયરૂપે ક્ષેત્રજ્ઞનું જ્ઞાન કહેવામાં આવ્યું છે. જડચેતનથી અન્ય તૃતીય પદાર્થ કોઈ નથી, તેથી તેનું જ્ઞાન કેવી રીતે બની શકે? ક્ષેત્રજ્ઞનું જ્ઞાન તથા તેનાથી પૃથક્ 'મત્' પદના અર્થરૂપ પરમાત્માનું જ્ઞાન-એમ માનવાથી ત્રણ પદાર્થોનું જ્ઞાન થઈ જાય છે, જે ભગવાનના પૂર્વોક્ત વચનથી સર્વથા વિરૂદ્ધ છે. માટે 'चापि' નિપાતનો ક્ષેત્રજ્ઞ તથા પરમાત્માનો ભેદસૂચક અર્થ ન માનવો જોઈએ. કિંતુ બ્રહ્મસૂત્રના વ્યતિહાર ન્યાય અનુસાર क्षेत्रज्ञं मां विद्धि च=तथा मामपि क्षेत्रज्ञं विद्धि-એવો અદ્વય બ્રહ્મની અહંગ્રહોપાસનાનો સાધક, જીવ તથા ઈશ્વરના પરસ્પર અભેદનો સૂચક અર્થ માનવો-તે જ પ્રામાણિક તથા સુસંગત છે કૃષ્ણ દ્વૈપાયન વ્યાસે બ્રહ્મસૂત્રમાં કહ્યું છે કે—

'व्यतिहारो विशिंषन्ति हीतरवत्।' (૩ ૩,૩૭)

जीवात्मपरमात्मनोर्मिथो विशेषणविशेष्यभावो व्यतिहारः।

અર્થાત જીવાત્મા તથા પરમાત્માની એકતાના સૂચક, પરસ્પર વિશેષણ-વિશેષ્યભાવનું નામ વ્યતિહાર છે, જેનું પ્રતિપાદન ઐતરેય તથા જાબાલ શાખાવાળા મહર્ષિઓએ આ પ્રકારે કર્યું છે—

'तद्योऽहं सोऽसौ, योऽसौ सोऽहम्' (એ. આ. ૨,૪,૩)

અર્થાત્ જે હું છું, તે તે છે; અને જે તે છે, તે હું છું. તથા—

'त्वं वा अहमस्मि भगवो देवते! अहं वै त्वमसि'

(જા. ઉ. ૨,૩૪)

અર્થાત્ હે ભગવન્, હે દેવ, નિશ્ચયપૂર્વક તમે તે હું છું, અને હું તમે છો.

આ પ્રકારે પૂર્વોક્ત બંને શાખાઓમાં વ્યતિહાર દ્વારા અર્થાત્ એકમાં બીજાના અપરોક્ષત્વ, અસંગત્વ વગેરે ધર્મોના વિનિમયદ્વારા અહંગ્રહ–ઉપાસનાની સિદ્ધિ માટે એકતાનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે. જેવી રીતે અદ્વય, અભિન્ન, પૂર્ણ, બ્રહ્મની ઉપાસના માટે અન્ય શાખાઓમાં સર્વાત્મપણું વગેરે બીજા ગુણો કહેવામાં આવ્યા છે, તેવી રીતે त्वमहमस्मि, अहं च त्वमसि–એવા ઉભયના ઉચ્ચારણ દ્વારા શ્રુતિઓ અભેદસૂચક પરસ્પર વિશેષણ આપીને વર્ણન કરે છે. જીવાત્માની સાથે પરમાત્માનું અભેદ–ચિંતન કરવાથી પરમાત્મામાં રહેલા પરોક્ષત્વ, ભિન્નત્વ વગેરે દોષોની નિવૃત્તિ થાય છે; તથા પરમાત્માની સાથે જીવાત્માનું અભેદચિંતન કરવાથી જીવાત્મામાં રહેલા કર્તૃત્વ, ભોક્તૃત્વ, સદ્વયત્વ વગેરે સંસારધર્મોની નિવૃત્તિ થાય છે. આ પ્રકારે વ્યતિહાર દ્વારા બ્રહ્મનું ચિંતન સાર્થક બને છે, અને તન્મય ચિંતન દ્વારા અસંસારી, અસંગ, અદ્વય, બ્રહ્મનો અનન્યરૂપે અપરોક્ષ સાક્ષાત્કાર થઈ જાય છે. બૃહદારણ્યક વાર્તિકસારમાં પરમશ્રદ્ધેય વિદ્યારણ્ય સ્વામીએ કહ્યું છે કે—

'प्रत्यक्त्वं ब्रह्मणस्तत्त्वं ब्रह्मत्त्वं चात्मनस्तथा।
पारोक्ष्यद्वैतहानेन ह्यात्मा ब्रह्मेति बोध्यते॥
(૪,૪,૭૦)

બ્રહ્મનું પ્રત્યક્ સ્વરૂપ છે, અને આત્માનું બ્રહ્મસ્વરૂપ છે, પરોક્ષત્વ તથા સદ્વયત્વના ત્યાગદ્વારા આત્મા જ બ્રહ્મ છે–એવું બોધન કરવામાં આવે છે. અર્થાત્ આત્મામાં સદ્વયપણું વગેરે તથા બ્રહ્મમાં પરોક્ષપણું વગેરે અવિદ્યાપ્રયુક્ત છે, વાસ્તવિક નથી.

વિદ્યાદ્વારા અવિદ્યાનો વિનાશ થતાં, તેના વડે કલ્પિત સદ્વયપણું વગેરેની નિવૃત્તિ થઈ જાય છે, તથા બંનેનો વાસ્તવિક અભેદ સિદ્ધ થઇ જાય છે.

માટે ક્ષેત્રજ્ઞ જ ભગવાન છે, તથા ભગવાન જ ક્ષેત્રજ્ઞ છે—એવો અભેદ જ માનવો જોઈએ. તેથી ભગવાન સર્વના આત્મા છે. તથા સર્વના આત્મા વસ્તુતઃ ભગવદ્રૂપ જ છે. એમ અનેક શાસ્ત્રોનાં પ્રમાણો દ્વારા સિદ્ધ થાય છે. ત્યારે ભગવાને જ્ઞાનવાનને જ પોતાનો આત્મા કેમ કહ્યો?

તેનું સમાધાન આ પ્રકારે છે. જો કે ભગવાન સર્વના આત્મા છે, તેમાં કંઈ પણ સંદેહ નથી, છતાં સર્વ તેવું જાણતા નથી. ભગવાન અજ્ઞાનીઓના આત્મા છે, પરંતુ અજ્ઞાતરૂપે; અને જ્ઞાનવાનના તે જ્ઞાતરૂપે આત્મા છે. અજ્ઞાત પદાર્થ બહુ પાસે હોવા છતાં પણ ખૂબ દૂર છે, તથા અભિન્ન હોવા છતાં પણ અતિ ભિન્ન મનાય છે. માટે શ્રુતિએ કહ્યું છે કે—

दूरात्सुदूरे तदिहान्तिके च। (મું. ઉ. ૩,૧,૭)

તે બ્રહ્મ ભગવાન દૂરથી પણ અત્યંત દૂર છે, તથા તે અહીં જ અતિશય પાસે છે.

જ્ઞાની માટે તે ભગવાન અનન્યરૂપે જ્ઞાત હોવાને કારણે અતિસમીપ-અભિન્ન આત્મા જ છે. લોકમાં પણ એવું જ જોવામાં આવે છે. બે મનુષ્યો છે. બંનેના ઘરમાં દ્રવ્યનો ખજાનો દાટેલો છે. એક મનુષ્ય જાણે છે, તેથી તે નિધિ તેની અતિસમીપ છે. તે જ્યારે ચાહે ત્યારે તેને પ્રાપ્ત કરી શકે છે. બીજો માણસ નિધિને જાણતો નથી તેથી તે તેનાથી ખૂબ દૂર મનાય છે—પછી ભલેને તે તેની ઉપર ખાટલો નાંખીને સૂતો કેમ ન હોય! પરંતુ અજ્ઞાત હોવાને કારણે તે સમીપમાં રહેલો નિધિ તેના દારિદ્ર્ય-દુઃખનું નિવારણ કરી શકતો નથી.

અજ્ઞાત પદાર્થ દુઃખનું જ કારણ થઈ જાય છે, અને જ્ઞાન પદાર્થ દુઃખનું નિવારણ કરીને સુખ તથા સંતોષ આવે છે. તેથી જ મહાભારતમાં કહ્યું છે કે—

"सर्पाः कुशाग्राणि तथोदपानं, ज्ञात्वा मनुष्याः परिवर्जयन्ति।
अज्ञानतस्तत्र पतन्ति केचित्, ज्ञाने फलं पश्य यथा विशिष्टम्॥

માર્ગમાં પડેલા સર્પ, કાંટાની પેઠે ભોંકાઈ જાય તેવા કુશ-દર્ભના અગ્રભાગ, તથા ઘાસથી ઢંકાયેલો કૂવો જાણતાં મનુષ્ય તેમનું પરિવર્જન કરી દે છે. પરંતુ કેટલાક તેમને ન જાણવાથી તેમાં પડે છે. સર્પનું જ્ઞાન ન હોવાથી, મનુષ્ય જ્યારે તેના પર પગ મૂકે છે, ત્યારે સર્પ તેને કરડે છે, અને તેના વિષથી તેને મૃત્યુનું દુઃખ ભોગવવું પડે છે. કુશના અગ્રભાગો અજ્ઞાત હોવાને કારણે પગમાં ભોંકાઈ જાય છે તથા કષ્ટ આપે છે. તથા ઘાસથી ઢંકાયેલો કૂવો ન જાણવાથી મનુષ્ય તેમાં પડે છે અને કષ્ટ ભોગવે છે. આ પ્રકારે તેનું અજ્ઞાન દુ.ખનું સંપાદક બને છે, તથા જ્ઞાન દુઃખનું નિવારક બને છે. આ પ્રકારે જ્ઞાન તથા અજ્ઞાનનું વિશિષ્ટ ઈષ્ટાનિષ્ટ ફલ પ્રત્યક્ષ જો. સર્પ વગેરેનો જાણનાર હર્ષ પ્રકટ કરતો કરતો કહે છે કે-હું તેનાથી બચી ગયો; નહિ તો મારે બહુ દુઃખ ભોગવવું પડત. નહિ જાણનારો રડે છે, બૂમો પાડે છે, તથા દુઃખ ભોગવે છે.

માટે અજ્ઞાન જ દુઃખ છે, ભય છે, મૃત્યુ છે, તથા બંધન છે; અને જ્ઞાન જ સુખ છે, અભય છે, અમૃત છે, તથા મુક્તિ છે. આ વિષયને આપ એક લૌકિક દૃષ્ટાંત દ્વારા સમજો—

એક નાના ગામમાં એક બ્રાહ્મણ તથા એક ક્ષત્રિય બંને મિત્રો રહેતા હતા. એક દિવસ બંને સાથે સાથે ચાર માઈલ દૂર આવેલા એક નગરમાં કેટલીક ચીજો ખરીદવા ગયા. બહુ

ચીજો ખરીદવાની હતી, તેથી તે નગરમાં જ સૂર્યાસ્ત થઈ ગયો. ચીજો બાંધીને અંધારામાં જ તે બંને નગરમાંથી પોતાના ગામ તરફ જવા લાગ્યા. માર્ગમાં એક ગહન જંગલ આવતું હતું. તેમાં કેટલાંક ઊંચાં વૃક્ષો હતાં. જંગલમાં પ્રવેશ કરતાં બ્રાહ્મણે ક્ષત્રિયને કહ્યું-આપણા ગામના અમુક બુઢ્ઢા કાકા કહેતા હતા કે આ જંગલમાં એક મોટો બ્રહ્મરાક્ષસ-પિશાચ-ભૂત રહે છે. તે કેટલીકવાર અંધારામાં કોઈકની સમક્ષ પ્રગટ થાય છે, તથા હેરાન પણ કરે છે. કેટલાય માણસોએ તેને જોયો છે. બ્રાહ્મણની વાત સાંભળીને ક્ષત્રિયના હૃદયમાં પણ ભૂતના ભયનો સંચાર થઈ ગયો, અને તરત જ તેની છાતી ધડકવા લાગી. બ્રાહ્મણના હૃદયમાં તો પહેલેથી જ ભૂતની ભાવના હતી. બંને ભૂતની ભાવનાથી ભયગ્રસ્ત બનીને જઈ રહ્યા હતા. માર્ગમાં એક વૃક્ષનું ઠુંઠું આવ્યું. તેને દેખતાં જ તેમને ભૂતનું દર્શન થવા લાગ્યું. તેની બે શાખાઓ ઊંચા કરેલા બે હાથ જેવી દેખાવા લાગી. વચમાં મુખની આકૃતિ પણ પ્રતીત થઈ. બ્રાહ્મણે ભયભીત હૃદયથી ક્ષત્રિય મિત્રને કહ્યું-જુઓ, પેલું પિશાચ-ભૂત જ સામે ખડું છે. ક્ષત્રિયે પણ કહ્યું-હા, છે તો એજ. મને તો તેની મોટી આંખો પણ દેખાય છે. બ્રાહ્મણે કહ્યું-આંખો તો દેખાય છે, પણ તે મ્હોં ફાડીને પોતાના વિકરાળ, મોટા મોટા દાંત દેખાડે છે. માલમ પડે છે કે તે હાથ વડે પકડીને આપણને ખાઈ જવા માગે છે. બ્રાહ્મણે પણ ભયને લીધે સંમતિસૂચક માથું હલાવ્યું. પણ તેનાથી કાંઈ બોલી શકાયું નહિ. હવે તે બંને અજ્ઞાત પદાર્થમાં (ઠુંઠામાં-સ્થાણુમાં) ભૂતનું ભ્રાન્ત દર્શન થવાને કારણે કાંપવા લાગ્યા. ભયને લીધે શરીરમાંથી પરસેવો વહેવા લાગ્યો. વેગપૂર્વક શ્વાસ ચાલવા લાગ્યો. મન વિચારવા લાગ્યું કે-આ વખતે અમે બહુ ગંભીર સંકટમાં ફસાઈ ગયા છીએ. આ દૃષ્ટ

પિશાચ અમને જરૂર મારી નાંખશે. સાથે સાથે તેમને પોતાનાં સ્ત્રીપુત્રોની પણ ચિંતા થવા લાગી. અમારા મરી ગયા પછી તેમની બહુ ખરાબ દશા થશે. તે સમયે ક્ષત્રિયે ધૈર્ય ધારણ કરીને હિંમતપૂર્વક બ્રાહ્મણને કહ્યું–મિત્ર, હવે ડરવાથી શું વળવાનું છે? દુશ્મન સામે ખડો છે. તેનાથી ભાગી જવું તે પણ ઠીક નથી. ભાગી જતાં પણ તે પાછળ પડીને આપણને પકડી શકે છે. માટે મર્દાનગીપૂર્વક હિંમત સાથે તેનો મુકાબલો કરવો જોઇએ. હું ક્ષત્રિય છું. માટે હું આ જંગલના પત્થરો વડે પ્રહાર કરીને તેની સાથે યુદ્ધ કરીશ. અને તું બ્રાહ્મણ છે, માટે તારા ગળાની માળા કાઢીને તું હનુમાનજીના નામનો જપ કર; હનુમાનજીની અથવા કાલભૈરવની પ્રાર્થના કર. તે બંને દેવતાઓ અહીં જલ્દીથી આવીને આ દુષ્ટને નસાડી મૂકશે, અને આપણી રક્ષા કરશે.

આ પ્રકારે બ્રાહ્મણ મિત્ર માળા જપવા લાગ્યો, તથા દેવતાઓને પોકારવા લાગ્યો. અને ક્ષત્રિય પત્થર એકઠા કરીને ભૂતની સામે ફેંકવા લાગ્યો. તેટલામાં આકાશમાં ચંદ્રમાની કલા પ્રકાશિત થઈ, અને તેનો પ્રકાશ ધીરે ધીરે જંગલમાં પણ ફેલાવા લાગ્યો, અને અંધકાર થોડો થોડો દૂર થવા લાગ્યો, થોડાક સમય પછી ક્ષત્રિય મિત્ર આશ્ચર્યપૂર્વક બ્રાહ્મણને કહેવા લાગ્યો કે–આ ભૂત કેવું છે? પત્થરોના આઘાતથી પણ હાલતું નથી. અરે, પહેલાં તો તેની મોટી મોટી આંખો દેખાતી હતી. હવે કેમ દેખાતી નથી? બ્રાહ્મણે કહ્યું–હવે દાંતવાળું, ફાડેલું મુખ પણ મને દેખાતું નથી. અરે આ શું છે? વિશેષ પ્રકાશ ફેલાતાં અજ્ઞાત સ્થાણુ (ઠુંઠું) હવે જ્ઞાત થવા લાગ્યું. સ્થાણુનું જ્ઞાન થતાં, તેજ અજ્ઞાનથી કલ્પિત ભૂત પણ ભાગી ગયું. અને મિથ્યા ભૂતદર્શનથી થનાર હૃદયનો ભય, ચિંતા, દુઃખ વગેરે કશ્મલ પણ નિવૃત્ત થઈ ગયું. હવે તે નિર્ભય બનીને, સુખ તથા સંતોષપૂર્વક પોતાના ગામમાં પહોંચી ગયા.

આ દૃષ્ટાંતનું તાત્પર્ય એ છે કે-અજ્ઞાત પદાર્થ ભ્રાન્તિનો હેતુ થાય છે. અને ભ્રાન્તિ જ ભય, શોક, દુઃખ તથા મૃત્યુ આપે છે. તે જ પદાર્થ જ્યારે બરાબર જ્ઞાત થઈ જાય છે, ત્યારે ભ્રાન્તિની તથા તેના વડે જન્ય ભય વગેરેની નિવૃત્તિ થઈ જાય છે, તથા તે સુખ, સંતોષ તથા તૃપ્તિ આપે છે. પ્રકૃતમાં અજ્ઞાની મૂઢોને માટે ભગવાન અજ્ઞાત છે, ભગવાનના અજ્ઞાનથી જ ભ્રાન્તિરૂપ વિવિધ મિથ્યાજ્ઞાનોનો પ્રાદુર્ભાવ થાય છે, અને તે મિથ્યાજ્ઞાન જ ભય, દુઃખ વગેરે આપે છે. જ્ઞાની ભક્તને માટે ભગવાન ક્ષેત્રજ્ઞ આત્મારૂપે બરાબર જ્ઞાત છે. ભગવાનનું યથાર્થ જ્ઞાન જ મિથ્યા જ્ઞાન વગેરે તમામ કલ્મષોનું નિવારણ કરીને મહાન શાન્તિ, નિરતિશય સુખ, તથા નિરંકુશ તૃપ્તિ આપે છે. માટે જ ભગવાને જ્ઞાનવાન ભક્તને જ્ઞાત હોવાને કારણે પોતાનો આત્મા કહ્યો છે. ભગવાન તથા જ્ઞાનવાનની વચ્ચે જે અનાદિ અજ્ઞાનનો પડદો હતો, તે જ્ઞાનદ્વારા સર્વથા નષ્ટ થઈ ગયો. હવે ભેદ કરવાવાળું અજ્ઞાન ન રહેવાથી ભગવાન તથા જ્ઞાનવાનનો સર્વથા અભેદ થઈ જાય છે. પહેલાં પણ અભેદ જ સિદ્ધ હતો, મિથ્યા ભેદભ્રમની નિવૃત્તિ જ અભેદની સિદ્ધિ છે. જેવી રીતે આચ્છાદક વાદળ હઠી જવાથી વિદ્યમાન સૂર્ય પ્રકાશિત થઈ જાય છે, તેવી રીતે.

માટે કોઈ મહર્ષિએ સ્મૃતિમાં કહ્યું છે કે—

'विभेदजनकेऽज्ञाने नाशमात्यन्तिकं गते।
आत्मनो ब्रह्मणो भेदमसन्तं कः करिष्यति॥'

આત્મા તથા બ્રહ્મના ભેદનું જનક અજ્ઞાન જ હતું. તેનો જ્ઞાન દ્વારા આત્યંતિક નાશ થતાં ભેદ વિદ્યમાન રહેતો નથી. કારણના નાશથી કાર્યનો નાશ આપોઆપ જ થાય છે. અર્થાત

ભેદ અસત્-અવિદ્યમાન થઈ જાય છે. ત્યારે તે અસત્ ભેદને કોણ કરશે ? અર્થાત્ અજ્ઞાનરૂપી કારણ વિના કોઈ પણ કરી શકશે નહિ. અને અજ્ઞાનરૂપ કારણનો આત્યંતિક નાશ થઈ ગયો છે. ફરી તેનું પુનર્જીવન કોઈ પણ પ્રકારે બની શકતું નથી. તેથી ભગવાને જ્ઞાનવાનને માટે કહેલો 'આત્મા' શબ્દનો નિર્દેશ આપોઆપ સિદ્ધ અભેદભાવનું જ જ્ઞાપન કરે છે.

જ્ઞાની ભક્ત મને-ભગવાનને આત્મારૂપે જાણે છે; તેથી તે મારો આત્મા જ છે, મારાથી ભિન્ન નથી. હું જ તે છું-એવો મારો નિશ્ચય છે. તેથી તે જ્ઞાની મારામાં-ભગવાનમાં જ સદા યુક્તાત્મા અર્થાત્ સમાહિતચિત્ત રહે છે. કારણકે તેની નિરતિશય પ્રીતિનો વિષય એકમાત્ર હું જ છું. તેની દૃષ્ટિમાં મારાથી અતિરિક્ત કોઇ પણ પદાર્થ પ્રીતિનો વિષય નથી રહેતો. તેથી તેનું ચિત્ત એક માત્ર મારામાં-ભગવાનમાં જ લાગેલું રહે છે. તેથી તેણે મને-અનન્ત, આનંદઘન, આત્મારૂપ ભગવાનને જ સર્વોત્કૃષ્ટ ગતિરૂપે સ્વીકાર્યો છે. 'ગતિ'નો અર્થ છે ગંતવ્ય (પ્રાપ્તવ્ય) પરમ ફલ (લાભ). વ્યાકરણમાં ગતિના જ્ઞાન, ગમન તથા પ્રાપ્તિ-ત્રણ અર્થ પ્રસિદ્ધ છે. ગમનનો અર્થ અહીં ઉપપન્ન થઈ શકતો નથી, કારણકે ભગવાન અપરિચ્છિન્ન વ્યાપક છે. તેથી જ્ઞાન તથા પ્રાપ્તિ-એ બે અર્થ જ માનવા ઉચિત છે. પ્રાપ્તિ પણ અહીં પ્રાપ્તની જ સમજવી જોઈએ, અપ્રાપ્તની નહિ. પ્રાપ્ત પદાર્થ પણ અપ્રાપ્તની ભ્રાન્તિની નિવૃત્તિ દ્વારા પ્રાપ્ત થાય છે. તે જ લબ્ધનો લાભ છે. જ્ઞાન પણ અજ્ઞાતપણાના ભ્રમનું નિવારણ કરીને તે ભગવાનને આત્મારૂપે જ્ઞાત બનાવી દે છે. તેથી જ્ઞાની ભક્ત મારાથી અન્ય કોઈ પણ પદાર્થને નથી જ્ઞેય સમજતો, તથા નથી લાભરૂપ માનતો. आत्मलाभान्न परं विद्यते। અર્થાત્ આત્માલાભ જ ઉત્કૃષ્ટ લાભ છે. તેનાથી અન્ય પદાર્થ વિનાશી હોવાને કારણે લાભરૂપ માનતો નથી.

'અનુત્તમ' નો અર્થ છે-જેનાથી ઉત્તમ (ઉત્કૃષ્ટ, સરસ) અન્ય કાંઈ નથી, તે જ એકમાત્ર સર્વથી ઉત્તમ-અનુત્તમ છે. ઉત્તમતાના અનુસંધાનથી મનુષ્ય સ્વભાવતઃ આનંદનો અનુભવ કરે છે. તે લોકમાં પણ પ્રત્યક્ષ જોવામાં આવે છે. લૌકિક ઉત્તમતાઓ ધનથી, વિદ્યાથી, જાતિકુલથી, જુવાનીથી, રૂપસૌન્દર્યથી, સત્તાથી તથા સ્ત્રીપુત્રાદિ પરિવારથી પ્રાપ્ત થાય છે. સંસારાસક્ત, મૂઢ માનવ તે ઉત્તમતાઓને સર્વદા યાદ રાખતો, ફૂલ્યો સમાતો નથી. તેમના મદથી માથું ઊંચું રાખીને, છાતી કાઢીને બહુ અભિમાનપૂર્વક બીજાઓને પોતાની સામે નગણ્ય (તુચ્છ) સમજતો ફરે છે. મનમાં બહુ હર્ષનો અનુભવ કરતો કહે છે કે-છે કોઈ મારા સમાન? **કોઽન્યોઽસ્તિ સદૃશો મયા।**

કોઈ માને છે કે-હું બહુ ધનવાન છું. મોટા ઊંચા સુશોભિત બંગલામાં રહું છું. મૂલ્યવાન મોટરોમાં સેરસપાટો લગાવું છું. સારાં સુંદર વસ્ત્રોમાં તથા આભૂષણોમાં સુસજ્જિત રહું છું. આ વિપુલ ધન જ મારી ઉત્કૃષ્ટતાનુ સંપાદક છે. તેથી તેને પ્રચુર ધનથી પ્રયુક્ત ઉત્કૃષ્ટતાને લઈને બહુ ખુશી ઉપજે છે. કોઈ સમજે છે કે- હું વિદ્યાવાન છું. એમ.એ. આદિ અનેક ડિગ્રિઓ મેં પ્રાપ્ત કરી છે. મારી આગળ કોણ જીભ ખોલી શકે તેમ છે? વિદ્યાના પ્રભાવથી હું સર્વને એક ક્ષણમાં બોલતા બંધ કરી શકું છું. તેથી તે વિદ્યાના ઉત્કર્ષદ્વારા અતિહર્ષનો અનુભવ કરતો રહે છે. કોઈ કહે છે કે-મારાં જાતિ તથા કુળ સર્વના કરતાં ઉત્તમ છે. હું અમુક પ્રખ્યાત ગોત્રમાં પેદા થયો છું. મારા દાદા તથા મારા બાપ આવા હતા, તેવા હતા. તેથી હુ સર્વોત્તમ છું. આ પ્રકારે તે પોતાની અમુક જાતીયતાથી પ્રયુક્ત ઉત્કૃષ્ટતાનું અનુસંધાન કરતો પ્રચુર પ્રમોદનો અનુભવ કરે છે. કોઈ જોશપૂર્વક કહે છે કે-શું તમે મને ઓળખો છો? હુ કલેક્ટર છું.

હું ગવર્નર છું, બેરિસ્ટર છું, આવો છું, તેવો છું. હું મારી પાસે અમુક વિશિષ્ટ સત્તા રાખું છું. સત્તાના બળથી જેને ચાહું તેને દબાવી શકું છું. આ પ્રકારે તે વિશિષ્ટ સત્તાથી પ્રયુક્ત ઉત્કૃષ્ટતાને પોતામાં આરોપિત કરીને આનંદિત રહે છે. કોઈ કહે છે કે– હું નવયુવક છું, અથવા નવયુવતિ છું. હું ખૂબ સ્વસ્થ (તંદુરસ્ત) રહું છું. ઘોડાની પેઠે ધમકતી ચાલે ચાલું છું. મારો ચહેરો સુંદર છે. હું રૂપાળો છું, દર્શનીય છું. તેથી તે પોતામાં યુવાનપણું, સુંદરપણું વગેરેથી પ્રયુક્ત ઉત્કૃષ્ટતાનો અનુભવ કરતો, અતિ પ્રસન્ન બન્યો રહે છે. કોઈ કહે છે કે–મારી સ્ત્રી બહુ જ સુંદર, મનોહર છે. પુત્રાદિ પરિવાર ગુણવાન છે; બંધુવર્ગ અનુકૂળ છે. પરિવારના સંબંધથી તે પોતાનામાં ઉત્કૃષ્ટતાનો અનુભવ કરતો પોતાની જાતને સુખી માને છે.

પરંતુ આ લૌકિક ઉત્કૃષ્ટતાઓ ક્ષણિક આનંદની હેતુ હોવા છતાં શાશ્વત તથા પૂર્ણ આનંદની હેતુ નથી બની શકતી; કારણકે જે ધન વગેરે પદાર્થોને નિમિત્ત બનાવીને તે પોતાને ઉત્કૃષ્ટ માની રહ્યો છે, તે સઘળા પદાર્થો ક્ષણભંગુર છે, આજ છે અને કાલે નથી. લક્ષ્મી પાણીના મોજા સમાન ચપલ છે, અસ્થિર છે, મોટા મોટા ધનિક માની પુરૂષો પણ કંગાલ બની જતા જોવામાં આવે છે. મોટરોમાં બેસનારાઓને કેટલીક વાર ટાંટિયા તોડીને જવું પડે છે, કીમતી આભૂષણો પણ વેચી દેવાં પડે છે. જોતજોતામાં ધન વડે પ્રયુક્ત ઉત્કૃષ્ટતા, સખત ગરમીમાં પડેલા બરફના ટૂકડાની પેઠે, ઓગળી જાય છે; અને ધનથી પ્રયોજાયેલી ઉત્કૃષ્ટતાનો આનંદ શોક તથા દુઃખમાં પરિણત થઈ જાય છે. તે જ હસનારી વ્યક્તિ હવે રાત દિવસ રોતી રહે છે, ધન તો અનેક અનર્થોનું મૂળ છે. તેના સંબંધથી અનેક પ્રકારના ચિંતારૂપિ અગ્નિમાં સદા બળવું જ પડે છે.

લૌકિક વિદ્યા પણ મનુષ્યને પોતાનું જ પેટ ભરતાં શિખવાડે છે, સ્વાર્થ તથા અભિમાનને વધારે છે, રાગ અને દ્વેષને પ્રોત્સાહિત કરે છે. તેથી તેના દ્વારા થનારો આનંદ પણ તુચ્છ છે, અસાર છે, જાદુગરના રૂપીઆની પેઠે નકલી છે, ક્ષણિક છે. સદ્ગુણ તથા સત્કર્મોથી વિહીન, કોરી, જાતિકુલની ઉત્કૃષ્ટતા પણ હાસ્યાસ્પદ મનાય છે. પોતાંને જ મુખે પોતાનાં બણગાં ફૂંકવાથી શો લાભ ? એવી નકલી ઉત્કૃષ્ટતા પણ અસલી, સ્થાયી હર્ષને ઉત્પન્ન કરી શકતી નથી, સત્તા તથા અધિકારના મદને પણ કપૂરની પેઠે ઊડી જવામાં વિલંબ લાગતો નથી, મોટા મોટા સત્તાધારી બાદશાહોને પણ સત્તા છોડીને ચોરની માફક ભાગી જવું પડે છે. તેથી સત્તા-પ્રયુક્ત ઉત્કૃષ્ટતા તથા તેનાથી પ્રયુક્ત આનંદ પણ, મૃગતૃષ્ણિકાના જલની પેઠે, વસ્તુશૂન્ય-આભાસ માત્ર-મિથ્યા જ છે. જુવાનીનું જોશ પણ ૧૦૪ ડીગ્રી તાવ આવતાં આપોઆપ ઠંડું પડી જાય છે. બળિયાનો પ્રકોપ થતાં તે જ સુંદર શરીર કાણું તથા કદ્રૂપું બની જાય છે. તેની રૂપ તથા સૌન્દર્યની ઉત્કૃષ્ટતા તરત જ ગાયબ થઈ જાય છે. શરીરનું સ્વાસ્થ્ય પણ સ્થાયી નથી. આજનો સ્વસ્થ માનવ કાલે માંદો પડી જાય છે. સ્વાસ્થ્યનું સુખ વ્યાધિના દુ:ખમાં પરિણત થઈ જાય છે. સ્ત્રી, પુત્ર વગેરે પરિવારના સંયોગનો અંત પણ વિયોગ જ છે. જેની સાથે અમારો સંયોગ થયો છે, તેથી સાથે એક દિવસ વિયોગ જરૂર થવાનો છે—એ ધ્રુવ (અટલ) નિયમ છે. **संयोगा विप्रयोगान्ताः मरणान्तं च जीवितम्।**

માટે એ લૌકિક ઉત્કૃષ્ટતાઓ સ્થાયી નથી. પ્રારંભમાં સરસ રૂપે ભાસતી હોવા છતાં પણ પરિણામે વિરસ બની જાય છે. તેથી તેમના દ્વારા વાસ્તવિક આનંદનો લાભ કોઇને મળતો નથી. વાસ્તવિક આનંદનો લાભ તો આધ્યાત્મિક ઉત્કૃષ્ટતાઓ દ્વારા જ

મળે છે. જ્ઞાનવાન ભક્ત જ પવિત્ર વિચારો દ્વારા તથા તત્ત્વાનુભવ દ્વારા પોતાના શુદ્ધ જીવનમાં આધ્યાત્મિક ઉત્કૃષ્ટતાઓનું સંપાદન કરી શકે છે. જ્ઞાનીનો દૃઢતમ નિશ્ચય હોય છે કે-હું વિનાશી દેહ નથી, પણ હું અવિનાશી દેવ છું પરિચ્છિન્ન તથા જડ શરીર નથી; પણ હું અપરિચ્છિન ચેતન બ્રહ્મ છું. જ્ઞાની તથા અજ્ઞાનીમાં બીજો કોઈ તફાવત નથી, કેવળ સમજનો જ ફરક છે. એક કહે છે, હું શવ છું, કેટલાક દિવસો પહેલાં પેદા થયો હતો, કેટલાક દિવસો પછી મરી જઈશ. બીજો કહે છે કે-હું શિવ છું. ત્રણેય કાળમાં પણ હું શવ-શરીર બની શકતો નથી. હું કદી પેદા થયો જ નથી, અને તેથી કદી મરી જવાનો નથી. અજ્ઞાની સમજે છે કે-હું કર્તા છું, હું ભોક્તા છું, હું સુખી છું, દુ:ખી છું. જ્ઞાની સમજે છે કે-હું શરીર વગેરેમાં ક્રિયા તથા ભોગ થતાં છતાં પણ હું તેનાથી વિલક્ષણ પ્રત્યગાત્મા છું, અકર્તા છું, અભોક્તા છું. જન્ય સુખ તથા દુ:ખ અંતઃકરણમાં જ હોઈ શકે છે, પરંતુ સદ્ઘન, ચિદ્ઘન મારામાં-અંતરાત્મામાં હોઈ શકતાં નથી. હું આનંદઘન છું. તે આનંદ અજન્ય છે. સ્વતઃસિદ્ધ છે, નિરતિશય છે, પૂર્ણ છે તથા શાશ્વત છે. તે જ હું છું. અજ્ઞાની કર્તાપણું વગેરે મિથ્યાભાવોનો પોતાનામાં આરોપ કરીને સદા દુ:ખી બન્યો રહે છે. અને જ્ઞાની તે મિથ્યા ભાવોનું સત્ય બ્રહ્મભાવ દ્વારા નિવારણ કરીને સદાને માટે દુ:ખ-મુક્ત થઈ જાય છે. એકમાં ભૌતિક, નિકૃષ્ટ ભાવનાઓ ભરેલી છે; બીજામાં આધ્યાત્મિક, ઉત્કૃષ્ટ ભાવનાઓ ભરેલી છે. તેથી એક પોતાને તુચ્છ, દીન તથા હીન માને છે; અને બીજો પોતાને મહાન, ઉદાર તથા પૂર્ણ માને છે. એક અજ્ઞાનને વશ બનીને કહે છે કે-હું કોઈ બીજા ઈષ્ટ અથવા અનિષ્ટને દેખું છું, સાંભળું છું તથા જાણું છું; તેથી તે કોઈક ઈષ્ટ પદાર્થમાં રાગ કરે છે અને

કોઈક અનિષ્ટ પદાર્થમાં દ્વેષ કરે છે. તેનાથી અન્ય પેલો જ્ઞાની આત્મજ્ઞાનની દિવ્ય જ્યોતિમાં તલ્લીન બનીને કહે છે કે–હું અન્યને કોઈને દેખતો નથી, સાંભળતો નથી, જાણતો નથી. સર્વત્ર સચ્ચિત્સુખઘન હું જ હું છું. મારી પોતાની જાતને જ જોઈ રહ્યો છું, સાંભળી રહ્યો છું, જાણી રહ્યો છું. કોઈને પોતાનામાં રાગ–દ્વેષ નથી હોતો. તે પોતાના જ ઉત્કૃષ્ટ મહિમાનું અંદર–બહાર અવલોકન કરીને, સદા પ્રમુદિત બન્યો રહે છે.

જગદ્‌ગુરુ આચાર્ય શ્રી શંકર સ્વામીએ ભક્ત જ્ઞાનીના આધ્યાત્મિક નિશ્ચયનું તથા ઉત્કૃષ્ટ ભાવનાઓનું વર્ણન 'સ્વાત્મનિરૂપણ' નામના ગ્રંથમાં આ પ્રકારે કર્યું છે—

'चिन्मात्रममलमक्षयमद्वयमानन्दमनुभवारूढम् ।
ब्रह्मैवास्ति तदन्यन्न किञ्चिदस्तीति निश्चयो विदुषाम् ।
अजरोऽहमक्षरोऽहं प्राज्ञोऽहं प्रत्यगात्मबोधोऽहम् ।
परमानन्दमयोऽहं परमशिवोऽहं भवामि परिपूर्णः ॥

इन्द्रियसुखविमुखोऽहं निजसुखबोधानुभूतिभरितोऽहम् ।
ईशोऽहमीश्वराणामीर्ष्याद्वेषानुषङ्गरहितोऽहम् ॥

ऊर्जस्वलनिजविभवैरूर्ध्वमधस्तिर्यगश्नुवानोऽहम् ।
ऋद्धिरहं वृद्धिरहं तृप्तिरहं तृप्तिदीपदीप्तिरहम् ॥

अम्बरमिव विमलोऽहं शम्बररिपुजातविकृतिरहितोऽहम्
ओंकारसारसोल्लसदात्मसुखामोदमत्तभृङ्गोऽहम् ।
फणधरभूधरवारणविग्रहविधृतप्रपञ्चसारोऽहम् ।
भालनलोदितलोचनपावकपरिभूतपञ्चबाणोऽहम् ॥

जगदानन्दकरोऽहं जन्मजरारोगमरणरहितोऽहम् ।
हरिरहमस्मि हरोऽहं विधिरहमेवास्मि कारणं तेषाम् ॥

ચિન્માત્ર, નિર્મલ, અવિનાશી, અદ્વૈત, આનંદરૂપ, સ્વાનુ-

સર્વૈકવેદ્ય, એકમાત્ર બ્રહ્મ જ સદાસર્વત્ર છે. તે હું છું. તેનાથી ભિન્ન બીજું કશું નથી—એવો વિદ્વાનોનો નિશ્ચય છે. હું જરા-રહિત છું, અક્ષર છું અર્થાત્ વ્યાપક અવિનાશી છું, હું સર્વજ્ઞ છું. હું ચૈતન્યરૂપ પ્રત્યગાત્મા છું, પરમાનંદ પ્રચુર છું, કલ્યાણ સ્વરૂપ—પરમ શિવ, પરિપૂર્ણ છું. હું ઇન્દ્રિયજન્ય તુચ્છ સુખથી વિમુખ છું. હું નિજ, અખંડ, વિશુદ્ધ સુખના અનુભવથી સદા ભરપૂર છું. હું ઈશ્વરોનો પણ ઈશ્વર છું. હું ઈર્ષ્યા તથા દ્વેષના સંબંધથી રહિત છું. હું અત્યંત પ્રભાવસંપન્ન, જ્યોતિર્મય, અદ્વયાનંદ પૂર્ણ, પોતાના મહિમારૂપ વૈભવોથી સમસ્ત વિશ્વની ઉપર, નીચે, ચારે તરફ તથા અંદર—બહાર વ્યાપ્ત થઈ રહ્યો છું. હું સમસ્ત વિશ્વની ઋદ્ધિ છું, વૃદ્ધિ છું, તૃપ્તિ છું. તથા હું નિરંકુશ તૃપ્તિરૂપ દીપકની અખંડ પૂર્ણ ભર્ગજ્યોતિ છું. હું આકાશની સમાન વિમલ છું. હું કામથી ઉત્પન્ન થતા વિકારોથી રહિત છું. તેથી જ હું ૐકારરૂપી કમલથી પ્રસારિત આત્માનંદરૂપી સુગંધથી મત્ત બનેલો એક પ્રકારનો ભ્રમર છું. હું શેષનાગ, પર્વત તથા દિગ્ગજોનાં શરીરથી ધારણ કરાયેલા, સમસ્ત, ચરાચર જગતના સારરૂપ, અધિષ્ઠાન બ્રહ્મ છું, તથા કપાલમાં ઉદિત, અગ્નિરૂપી તૃતીય નેત્રથી કામશત્રુનો પરાજય કરનાર ત્ર્યંબક—સદાશિવ હું છું. હુંજ જગતને આનંદ આપી રહ્યો છું. હું જન્મ, જરા, રોગ તથા મરણથી રહિત છું. હું જ હરિ—વિષ્ણુ છું, હું જ હર—શિવ છું, હું જ ચતુર્ભુજ—બ્રહ્મા છું, અને તેમનું કારણ પરાત્પર શુદ્ધ બ્રહ્મ પણ હું જ છું.

આ પ્રકારે જ્ઞાની ભક્ત આ આધ્યાત્મિક, ઉત્કૃષ્ટ તથા પવિત્ર ભાવનાઓ દ્વારા મહાન, સર્વોત્તમ, ભગવાનનો આત્મા—આનંદ-પૂર્ણ બની જાય છે, અને અજ્ઞાની મૂઢ દેહ વગેરેની નિકૃષ્ટ તથા વિકૃત ભાવનાઓ દ્વારા ક્ષુદ્ર, દીન, હીન, ભગવદ્—વિમુખ

તથા દુઃખપૂર્ણ બન્યો રહે છે. સારી ભાવનાઓનું સારું ફળ મળે છે, અને ખરાબ ભાવનાઓનું ખરાબ ફળ તત્કાલ જ મળે છે. ઉત્કૃષ્ટ ભાવનાથી વિજય તથા નિકૃષ્ટ ભાવનાથી પરાજય થાય છે. આ વિષયમાં અર્જુન તથા કર્ણનું ચરિત્ર આ પ્રકારનું હતું.

કુરુક્ષેત્રના મેદાનમાં સામસામે કર્ણ તથા અર્જુન રથમાં બેસીને યુદ્ધ કરી રહ્યા હતા. અર્જુનના સારથિ ભગવાન શ્રી કૃષ્ણ હતા. તે અર્જુનમાં ઉત્કૃષ્ટ ભાવનાઓ ભરી રહ્યા હતા. તે કહેતા હતા. કે-હે અર્જુન, તું ઈન્દ્રનો પુત્ર છે. તું બહુ બલવીર છે. તું વિશુદ્ધ ક્ષત્રિય રાજકુમાર છે. તારો મુકાબલો કરવા માટે કોઈપણ સમર્થ નથી. **પાર્થ એવ ધનુર્ધરઃ** આવી જનશ્રુતિ સમગ્ર વિશ્વમાં ફેલાઈને તારા યશ-સૌરભને સૂચિત કરે છે. તું સાક્ષાત્ કાલને પણ હરાવી શકે તેમ છે, તો પછી બીજાઓની તો વાત જ શી ? તું વિશ્વવિજયી છે, મહાન છે, તારી સમક્ષ આ બિચારો કર્ણ શી વિસાતમાં છે ? જેમ સિંહની સામે શિયાળ, જેમ સૂર્યની સામે આગિયો, તેમ તારી સામે તે છે. તું હમણાં થોડી જ ક્ષણોમાં તેને હરાવીશ. તારામાં અપાર શક્તિ છે. આ બાજૂએ કર્ણનો સારથિ શલ્ય રાજા હતો. તે ભીષ્મની પેઠે કૌરવ દલમાં રહેલો હતો, છતાં પણ હૃદયથી ધાર્મિક, સદાચારી તથા ભગવદ્ભક્ત પાંડવોનો જ વિજય ચાહતો હતો. તેથી તે કર્ણનો સારથિ બનવા માગતો ન હતો. જ્યારે દુર્યોધને તને બહુ અનુનય વિનય કર્યો, ત્યારે શલ્યે એક શરત મંજૂર થાય તો કર્ણના સારથિ બનવાનું સ્વીકાર્યું. તે શરત આ હતી કે—હું મારા મનમાં આવે તેવું, ગમે તેવું સારું કે ખોટું બોલું, તે સર્વ કર્ણે ચૂપચાપ સાંભળવું પડશે. ક્રોધવશ જો તે તેનો થોડોક પણ પ્રતીકાર કરશે, તો તે જ સમયે હું તેના સારથિપદનો ત્યાગ કરીશ. હા, હું તેનું સારથિપણું વફાદારીપૂર્વક

કરીશ; પણ મારાં ગમે તેવાં વચન હોય, તે સર્વ તેને સાંભળવાં જ પડશે. કર્ણે પણ શલ્ય રાજાની આ શરતનો સ્વીકાર કર્યો. કર્ણે વિચાર્યું–ભલેને તે ગમે તેવો બકવાદ કર્યા કરે, તેનાથી મારે શી મતલબ છે? સમરાંગણમાં મારા રથનું સંચાલન બરાબર થવું જોઇએ. તે તો પ્રમાણિક રાજા શલ્ય જરૂર કરશે જ.

કર્ણ સૂર્યપુત્ર હતો. મુળમુદ્દે તે પાંડવોનો જ્યેષ્ઠ ભ્રાતા તથા કુંતીનો કુમાર હતો. પરંતુ કન્યાવસ્થામાં ઉત્પન્ન થવાને કારણે, લોકાપવાદથી બચવા માટે, માતા કુંતીને તેનો તરત જ ત્યાગ કરવો પડયો હતો. રાધા નામની દાસીએ બાળક કર્ણને પાળી પોષીને મોટો કર્યો હતો. તેથી તે દાસીપુત્ર તથા હીન જાતિવાળો કહેવાયો. છતાં તે અર્જુન કરતાં વિશેષ બલશાળી તથા ધનુર્વિદ્યામાં અધિક પ્રવીણ હતો. યુદ્ધ સમયે રાજા શલ્ય કર્ણના માનસ–ભવનમાં નિકૃષ્ટ ભાવનાઓ ભરવા લાગ્યો. તે કહેતો હતો કે–અરે કર્ણ! તું દાસીપુત્ર છે, હીન વર્ણનો છે. તું તે ક્ષત્રિય રાજકુમાર અર્જુનની બરાબરી કેવી રીતે કરી શકવાનો હતો? શું શિયાળ કદાપિ વનરાજ સિંહનો મુકાબલો કરી શકે છે? તારું બળ તેના મહાન બળની સામે તુચ્છ (નગણ્ય) છે, માટે તું મને કોઇ પણ પ્રકારે જીતી શકવાનો નથી. તે ધીર, વીર, અર્જુનનું એક સાર્થ (સાર્થક) નામ 'વિજય' છે, તેનો કદી પરાજય થતો જ નથી, વિજય જ થાય છે. તેણે સાક્ષાત્ કૈલાસપતિ, ભગવાન શંકરનો મુકાબલો કર્યો હતો; અને પોતાના અતુલ સામર્થ્યને બતાવીને પશુપતિ ભોળાનાથને પ્રસન્ન કર્યા હતા. ભગવાન પાસેથી તેણે અનેક આશીર્વાદ, વરદાન તથા અજેય દિવ્ય શસ્ત્રાસ્ત્ર પ્રાપ્ત કર્યાં હતાં. તે પ્રચુર શૌર્યનિધિ દ્વારા તું નાશ પામીશ, જેવી રીતે દીપકની જ્વાળામાં પડીને પતંગિયું નાશ પામે છે. આ પ્રકારનાં વચન સાંભળીને કર્ણના હૃદયમાં

નિકૃષ્ટ ભાવનાઓ ભરાતી હતી. મનનો ઉત્સાહ નષ્ટ થતો જતો હતો. ઉત્સાહ ન રહેવો-તે પણ એક પ્રકારનો મનોવૈજ્ઞાનિક પરાજય જ મનાય છે. પેલી બાજુએ અર્જુન ઉત્કૃષ્ટ ભાવનાઓ દ્વારા પ્રોત્સાહિત બનીને બળવાન બન્યો, તો આ બાજૂએ કર્ણ નિકૃષ્ટ ભાવનાઓ દ્વારા હતોત્સાહ બનીને બલહીન થઈ ગયો. અંતમાં અર્જુને કર્ણને હરાવ્યો, અને અર્જુન વિજયી બન્યો.

આ સંસાર પણ એક પ્રકારનું સમરાંગણ છે. તેમાં હરદમ દૈવાસુરવૃત્તિઓનું યુદ્ધ થતું રહે છે. જેવો બહાર સંસાર છે, તેવો અંદર પણ સંસાર છે. તેમાં શુભાશુભ વૃત્તિઓની ખેંચાતાણી ચાલુ જ રહે છે. પરંતુ જેનામાં ઉત્કૃષ્ટ ભાવનાવાળી શુભ વૃત્તિઓ રહે છે, તે અવિદ્યાથી ઉત્પન્ન થયેલી દેહાદિની નિકૃષ્ટ ભાવનાઓનો પરાજય કરીને, ચિદાત્મા ભગવાનની મહાન શાન્તિ તથા અખંડ આનંદનો અનુભવ કરીને, વિજયી બને છે. તે જ ભગવાનનો અતિ પ્યારો આત્મા છે. જેની પાવન દૃષ્ટિમાં એકમાત્ર, તેજ અનુત્તમ ગતિરૂપી પરમાનંદપૂર્ણ બ્રહ્મતત્ત્વ જ સદાને માટે સમાઈ જાય છે, તે મહાપુરુષ છે, ધન્ય છે. તેનું જ જીવન સાર્થક છે.

(૧૯)

बहूनां जन्मनामन्ते ज्ञानवान् मां प्रपद्यते ।
वासुदेवः सर्वमिति स महात्मा सुदुर्लभः ॥ (૭,૧૯)

બહુ જન્મોની સાધનાઓ પછી અંતિમ જન્મમાં તે જ્ઞાનવાન બને છે, અને જ્ઞાન દ્વારા તે મને-પરમપ્રેમાસ્પદ પરમાત્માને ભજે છે. વાસુદેવ ભગવાન જ સર્વ કાંઈ છે, અર્થાત્ વાસુદેવ ભગવાન સિવાય બીજું કાંઈ છે જ નહિ-એવું તેનું યથાર્થ જ્ઞાન છે. એવા જ્ઞાનવાળો જ મહાત્મા છે, તે અત્યંત દુર્લભ છે.

ભગવાન શ્રીકૃષ્ણ આપણા સર્વના કલ્યાણ માટે અર્જુનને નિમિત્ત બનાવીને ઉપદેશ આપે છે કે-હે પાર્થ, જ્ઞાનની પ્રાપ્તિ સાધનો વિના સહજમાં નથી બનતી. અનેક જન્મોમાં સંપાદન કરેલાં અનેક સાધનોનો પરિપાક થતાં જ અંતિમ જન્મમાં જ્ઞાનનો લાભ થાય છે. यल्लाभान्न परो लाभो यत्सुखान्न परं सुखम्। આત્મજ્ઞાન સિવાય બીજો કોઈ વાસ્તવિક લાભ નથી, અને અન્ય કોઈ પારમાર્થિક સુખ નથી. અર્થાત્ જ્ઞાન જ સર્વથી મોટો લાભ તથા સુખ છે. લોકમાં પણ જ્યારે અમુક સાધન અમુક સમયની અવધિ સુધી એકઠું થાય છે, ત્યારે આપણને તેના દ્વારા અભીષ્ટ લાભ મળે છે. સાધનો વિના લૌકિક લાભ પણ પ્રાપ્ત કરી શકાતો નથી. આ પ્રકારે જ્ઞાનલાભ માટે પણ સાધન સંપાદન કરવાં પડે છે. તે સાધનો એક જન્મમાં એકઠાં કરી શકાતાં નથી. તેથી સર્વજ્ઞ ભગવાને 'बहूनां जन्मनामंते' કહ્યું છે.

કેટલાક મૂઢ મનુષ્યો એવું કહેતા ફરે છે કે-અમારો અમુક પંથ છે, તેમાં જવાથી એક જ જન્મમાં મુક્તિ મળી જાય છે. અમુક ગુરુ પાસે કાન ફૂંકાવાથી તરત જ મુક્તિનો પાસપોર્ટ મળી જાય છે. તેમાં અમારે કાંઈ કરવું પડતું નથી. કેવલ ગુરુ-કૃપાથી જ અમારો બેડો પાર થઈ જાય છે. વૈદિક-સનાતન ધર્મના ગીતા વગેરે ગ્રંથોમાં તો અનેક જન્મોની બહુ લાંબી મુદત રાખી છે, પરંતુ અમારા ગ્રંથમાં આ એક જ જન્મમાં કલ્યાણ થઈ જાય છે, અનેક જન્મોના સાધનોના બખેડામાં પડવું પડતું નથી. કીંમત ઓછી, લાભ વધારે-જાણે કે એક પૈસામાં શેર સોનાની પ્રાપ્તિ! અને ગીતાના ઉપદેષ્ટા તે કૃષ્ણ તો કાળ છે. ગીતામાં સ્વયં પોતાનો પરિચય તેમણે આ પ્રકારે આપ્યો છે-कालोऽस्मि लोकक्षयकृत् प्रवृद्धः (૧૧, ૩૨)-હું કાલ છું; લોકોનો વિનાશ કરવા માટે જ પ્રવૃદ્ધ બનીને અહીં આવ્યો

છું, પરંતુ અમારા પંથમાં ગુરુ કાળ નથી, દયાલ છે; લોકોનો ઉદ્ધાર કરવા માટે જ તે અલખ, નિરંજન લોકથી અહીં પધાર્યા છે. માટે તમે અમારા આ નવીન પંથમાં આવી જાઓ, અને પુરાણા ધર્મની પકડેલી પૂંછડીને છોડી દો.

આમ કહેનારા લોકો તદ્દન મૂર્ખ છે; તે ઢોંગી પંથના પાપી પેટભરા દલાલ છે. જેવી રીતે વેપારી લોકો પોતાના માલના વેચાણ માટે અમુક ટકા કમિશન આપીને દલાલ રાખે છે. તેવી રીતે તે અર્વાચીન, કપોલકલ્પિત પંથને ચલાવવા માટે, તથા અક્કલના આંધળા અને ગાંઠના પૂરા (ધનિક) લોકો પાસેથી દ્રવ્ય કમાવા માટે, તે પ્રકારના મિથ્યા બકવાદી દલાલ રાખવામાં આવે છે. તે લોકો તે દલાલોને સર્વ ધનવાનોની પાસે જઈને એમ બોલતાં શિખવાડી દે છે કે-અમને કેટલાંય વર્ષોથી મુક્તિ તથા આત્મસાક્ષાત્કારની મોટી અભિલાષા હતી. તેને માટે અમે કાશી, હરિદ્વાર વગેરે અનેક તીર્થસ્થાનોમાં ગયા, અનેક મોટા-મોટા મહાત્માઓને મળ્યા. પરંતુ કોઈની દ્વારા અમારી તરસ છિપી નહિ. અનેક વર્ષો સુધી રખડયા, અનેક સાધન કર્યાં, પરંતુ તેથી કંઇ પણ સફળતા ન મળી. જ્યારે અમે અમુક ગુરુની પાસે ગયા, તેમના શિષ્ય બન્યા, જ્યારે તેમણે કાનમાં ફૂંક મારી, ત્યારે તરત જ સાક્ષાત્કાર થઈ ગયો. તેને માટે અમારે કાંઈ પણ કરવું પડયું નથી. જેવી રીતે સહજમાં મારું કલ્યાણ થઈ ગયું, તેવી રીતે તમારું પણ કલ્યાણ એક મિનિટમાં જ થઈ જશે. બસ, તે એકમાત્ર ગુરુ કલ્યાણકારી છે, અને તેમના પંથમાં જવા માત્રથી જ મુક્તિ મળી જાય છે. આ જ જન્મમાં તે ગુરુ સાધનો વિના જ કલ્યાણ કરી દે છે.

આ પ્રકારે કહેનારા લોકો ધોકાબાજ તથા મિથ્યાવાદી હોય છે. જ્યાં લાલચુ તથા પ્રમાદી લોકો રહે છે, ત્યાં ધૂર્તોની ચાલ-

બાજી સફળ થાય છે. થોડા દિવસ પછી તે લોકોનું પોલ ખુલ્લું પડી જાય છે, છતાં તત્કાલ તે ધૂર્ત લોકો કામિયાબ નીવડે છે, અને તેમની જાળમાં ભલાભોળા, વિચારહીન માણુસો ફસાઈ જાય છે, પરંતુ છેવટે 'સત્યમેવ જયતે' જ રહી જાય છે. જેવી રીતે આપને કોઈ પ્રોફેસર કહે કે–અમે એક એવી કોલેજ ખોલી છે કે જેમાં દાખલ થવાથી એક વર્ષમાં છોકરો એમ.એ. થઈ જાય છે. બીજી કોલેજોમાં નકામાં કેટલાંયે વર્ષ બરબાદ કરવાં પડે છે, પરંતુ અમારી કોલેજમાં એવું નથી કરવું પડતું. તમારો છોકરો ત્રણ માસમાં મેટ્રિક, ત્રણ માસમાં ઇન્ટર, ત્રણ માસમાં બી. એ, અને છેવટે ત્રણ માસમાં એમ. એ. થઈ જશે. તો શું આપ લોકો તે પ્રોફેસરની વાત સાચી માનશો ? જો આપ વિચારશીલ હશો, તો તરત જ તે વ્યક્તિને મિથ્યાવાદી તથા ધૂર્ત જ સમજીને આપ કાઢી મૂકશો. આ પ્રકારે આપની પાસે આવીને કોઈ માળી કહે કે–હું આના બંગલાના કંપાઉન્ડમાં બીજ વાવીને બે માસમાં જ મોટું વૃક્ષ બનાવીને, તેમાં હાપુસ કેરીનાં મોટાં મોટાં ફળ લગાવી શકું છું, તો આપ તે માળી વિષે શું ધારશો ? જો આપમાં વસ્તુસ્થિતિના નિરીક્ષણની યથાવત્ બુદ્ધિ હશે, તો તેને તમે પાગલ તથા મૂર્ખ જ માનશો. તેની વાત પર કદી વિશ્વાસ કરશો નહિ. આપ લૌકિક બુદ્ધિ દ્વારા સમજો છો કે–કોઈ પણ કાર્ય ત્યારે જ સફળ થાય છે, જ્યારે તેની સિદ્ધિને માટે ઉપયુક્ત સાધન પ્રાપ્ત થઈ જાય છે, અમુક સમયની અવધિ પૂરી થાય છે.

પ્રમાદી, સંસારાસક્ત, મૂઢ માનવ એવી જૂઠી આશા રાખે છે કે–અમારે માટે સંસારની આસક્તિનો ત્યાગ ન કરવો પડે, કામક્રોધાદિ દોષ મનમાં છે તેમ બન્યા જ રહે, સાધન-ભજન માટે કશો પણ પ્રયાસ ન ઉઠાવવો પડે, અને અમને

મફતમાં સહેલાઈથી મુક્તિ મળી જાય, તો બહુ ખુશીની વાત થાય; પરંતુ તેની તેવી જૂઠી આશા રાખવી તે કેવળ તેની સફેદ મૂર્ખતાનો જ પરિચય આપે છે. જેમ કોઈ વિદ્યાર્થી વિદ્યાલાભ માટે કશો પણ પ્રયત્ન ન કરે, સદા ખેલવા–કૂદવામાં જ લાગ્યો રહે, અજગરની પેઠે ખૂબ ખાઈપીને નાક બોલાવતો સૂઈ જ રહે, અને સાથે સાથે પ્રયાસ વગર જલ્દીથી જ વિદ્વાન બનવાની આશા સેવે, તો સમજદાર લોકો તેને બુદ્ધિનો દેવાળિયો જ સમજશે.

જેવી રીતે લૌકિક કાર્ય એકદમ સિદ્ધ થતું નથી, ધીમે ધીમે મર્યાદા અનુસાર સાધનો દ્વારા જ સિદ્ધ થાય છે; એક સાધારણ મકાન અથવા બગીચો એકદમ સાધનો વિના બની જતો નથી, કશું કર્યા વિના કોઈ ધનવાન પણ બની શકતું નથી; તેવી રીતે પારમાર્થિક મોક્ષનો લાભ સાધનો વિના થતો નથી. અને તે સાધનો એક જન્મમાં નહિ, અનેક જન્મોમાં જ સંપાદિત થાય છે. પ્રથમ જન્મમાં તે શુભ કર્મો કરશે, અશુભ કર્મો ધીમે ધીમે છોડતો જશે, ચિત્તના અશુભ સંસ્કારોને શુભ સંસ્કારોના રૂપમાં બદલતો જશે. ત્યારે તે બીજા જન્મમાં સાત્ત્વિક પ્રકૃતિનો બનશે. રાજસ–તામસ પ્રકૃતિની ન્યૂનતા થશે, હૃદયની શુદ્ધતા કંઈક કંઈક વધતી જશે. ત્યારે તે ત્રીજા જન્મમાં ભગવાનની ઉપાસનાનો અધિકાર પ્રાપ્ત કરશે. આ પ્રકારે તેની જ્ઞાન પ્રાપ્ત કરવાની યોગ્યતા ધીમે ધીમે વધતી જશે, અને અનેક જન્મોનાં સાધનોનો પરિપાક થતાં જ અંતિમ જન્મમાં તેને જ્ઞાનની પ્રાપ્તિ શાસ્ત્રના સહકારથી, સદ્ગુરુ તથા ભગવાનની કૃપાથી થશે. માટે જ અમારા જગદ્ગુરુ ભગવાને બહૂનાં જન્મનામંતે જ્ઞાનવાન્ ભવતિ–એવું પ્રમાણિક જ કહ્યું છે. અને અમારા ભગવાન દુષ્ટોને માટે કાળરૂપ હોવા છતાં પણ સજ્જનોને માટે

ભક્તોને માટે, કાળ નહિ પણ દયાલ છે, રક્ષક છે, ઉદ્ધારક છે. માટે જ ભગવાન ગીતામાં પોતાને सुहृदं सर्वभूतानां કહે છે, સુહૃત્ એટલે નિરપેક્ષ હિતકારી, દયાળુ. તે સમસ્ત પ્રાણીઓના સુહૃત્ છે. કાળરૂપે દુષ્ટોને દંડ આપતાં છતાં પણ તે તેમના હિતકારી જ છે. જેવી રીતે ડાકટર ઓપરેશનથી પ્રારંભમાં કષ્ટ આપે છે, પણ તે રોગીના હિતકારી જ મનાય છે, અહિતકારી નહિ; તેવી રીતે.

તેથી અમારા ગીતાગાયક ભગવાનનો ટાઈટલ–कृष्णं वन्दे जगद्गुरुं–યથાર્થ છે. તે જગત્‌ના ગુરુ છે, હિતોના ઉપદેષ્ટા છે. તેથી ભગવાને ગીતામાં વિશ્વકલ્યાણ માટે યથાર્થ, પ્રામાણિક જ ઉપદેશ આપ્યો છે. તેમના ઉપદેશો પર મોટા મોટા શંકરાચાર્ય, રામાનુજાચાર્ય વગેરે સેંકડો આચાર્ય–વિદ્વાનોએ ભાષ્યો તથા વ્યાખ્યાનો લખ્યાં છે. ગીતા ગ્રંથ ઉપર અમારા દેશના પૌરસ્ત્ય વિદ્વાનોની પેઠે જ વિદેશના પાશ્ચાત્ય વિદ્વાનોએ પણ અનેક નિબંધો લખ્યા છે. આથી ગીતાના સમગ્ર ઉપદેશોની પ્રામાણિકતા તથા હિતકારિતા જ સિદ્ધ થાય છે.

તે અનેક જન્મોનાં સાધનો દ્વારા જ્ઞાન પ્રાપ્ત કરીને મને–પરમાત્માને અનન્ય પ્રેમથી ભજે છે. सकलमिदमहं च वासुदेवः– એવો તેનો દૃઢ નિશ્ચય તથા સતત અનુસંધાન હોય છે. અર્થાત્ 'આ સમસ્ત વિશ્વ તથા હું વાસુદેવ સ્વરૂપ જ છીએ' એવા પ્રકારની અનન્ય ભાવપૂર્ણ, અદ્વય બ્રહ્મદૃષ્ટિ જ તેમને સદા સર્વત્ર રહ્યા કરે છે. જ્યારે સર્વ કાંઈ વાસુદેવ છે, તો હું તેમનાથી પૃથક્ કેવી રીતે હોઈ શકું ? સર્વની અંદર હું પણ આવી ગયો. માટે હું પણ વાસુદેવ જ છું. તેથી જ્ઞાનવાન ભક્ત વાસુદેવથી અન્ય કોઈ પણ પદાર્થને જાણતો પણ નથી અને માનતો પણ નથી. તેથી તે શેના પર રાગ કરે અને શેના પર દ્વેષ કરે?

રાગદ્વેષ મિથ્યા પદાર્થમાં થાય છે. જ્યારે સર્વ કાંઈ અભિન્ન વાસુદેવ જ છે, ત્યારે જ્ઞાનીને રાગદ્વેષ હોઈ શકે નહિ. માટે જ જ્ઞાનવાનનું હૃદય સદા પવિત્ર, શાન્ત, આનંદપૂર્ણ તથા મસ્ત રહે છે. તે જ દુર્લભ મહાત્મા છે.

આરાધ્ય, પ્રિયતમ, શ્રી ભગવાનનાં સર્વ પાવન નામ પણ આપણને તે એક, પૂર્ણ, અદ્વય, સ્વરૂપનું જ બોધન કરે છે. વાસુદેવનો અર્થ છે वसति यः सर्वेषु भूतेषु, वसन्ति च सर्वाणि भूतानि यस्मिन् सः वासुदेवः। જે સર્વ ભૂતોમાં અનન્યરૂપે વસે છે તથા સમસ્ત ભૂતો જેમનામાં ઓતપ્રોત બનીને વસે છે, તે વાસુદેવ છે. 'રામ' નામનો પણ તે જ અર્થ છે. જે સર્વમાં અંદર બહાર રમી રહ્યો છે, તે રામ છે. માટે કોઈ ભક્તે કેવું સુંદર કહ્યું છે કે—

'वही रामं दशरथका बेटा, वही राम घट घट में लेटा।
उसी रामका सकल प्रसारा, वही राम इन सबसे न्यारा॥

માટે આ આર્યાવર્તના નિવાસી, ધાર્મિક લોકો રામરૂપે જ પોતાનો પરિચય આપે છે. તેઓ સાધારણ વ્યવહારમાં પણ એવું કહે છે કે—આપણા રામ ત્યાં ગયા, આપણા રામે તેને સારૂં સંભળાવી દીધું, તમે રામ, અમે રામ, સર્વ રામ ત્યાં જઈએ ઇત્યાદિ. આ પ્રકારે 'નારાયણ' નામનો પણ એ જ અર્થ સિદ્ધ થાય છે. नराज्जातानि तत्त्वानि नाराणि, तेषु अयनं यस्य स नारायणः। નર પરમાત્મા છે, તેમના ઉત્પન્ન થયેલ સર્વ ભૂતોનું તથા પદાર્થોનું નામ 'નાર' છે. તેમાં જેમનું અયન-જેમનો નિવાસ છે, તેમને નારાયણ કહે છે. જે પ્રકારે આભૂષણોમાં સુવર્ણનો અનન્યરૂપે નિવાસ છે, તે પ્રકારે સમસ્ત ચરાચર વિશ્વમાં જેમનો અનન્યરૂપે નિવાસ છે, તે જ પરમાત્મા નારાયણ છે.

છાંદોગ્ય ઉપનિષદ્‌ના સાતમા અધ્યાયમાં ભૂમા વિદ્યાનું વર્ણન છે. તેમાં પણ એ જ બતાવ્યું છે કે-સાધનો દ્વારા જ બ્રહ્મવિદ્યાની પ્રાપ્તિ થાય છે. અને લભ્ય-પ્રાપ્ત કરવા યોગ્ય બ્રહ્મવિદ્યા પણ તે જ છે કે જેના દ્વારા એક, અદ્વય. પૂર્ણ, પ્રત્યગભિન્ન બ્રહ્મનો અપરોક્ષ અનુભવ થાય. ભૂમાનો અર્થ છે "વ્યાપક, પૂર્ણ બ્રહ્મ.' તેથી જ આચાર્ય મધુસૂદન સ્વામીએ અદ્વૈતસિદ્ધિમાં કહ્યું છે કે—

अविद्यातत्कार्यात्मकनिबिडबन्धव्यपगमे,
यमद्वैतं सत्यं प्रततपरमानन्दममृतम् ।
भजन्ते भूमानं भवभयभिदं भव्यमतयो,
नमस्तस्मै नित्यं निखिलनिगमेशाय हरये ॥

બ્રહ્મવિદ્યા દ્વારા અવિદ્યા તથા તેના કાર્યરૂપ દ્વૈત પ્રપંચના નિબિડ (ગાઢ) બંધનો અપગમ થઈ જાય, ત્યારે ભવ્ય મતિવાળા મહાત્માઓ જે સત્ય, વિસ્તૃત, પરમાનંદરૂપ, અમૃત, અદ્વૈત, ભવભયનું મર્દન કરવાવાળા, ભૂમાતત્ત્વનું સેવન કરતા રહે છે, તે તત્ત્વરૂપ, સમસ્ત વેદોના ઈશ્વર, ભગવાન શ્રીહરિને સદા નમસ્કાર છે.

કોઈ એક સમયે દેવર્ષિ નારદ હાથમાં સમિધ (યજ્ઞનાં ઈન્ધન) લઈને ભગવાન સનત્કુમારની પાસે ગયા. પ્રણામ વગેરે કરીને પછી તેમને પ્રાર્થના કરી કે-ભગવન્, મને બ્રહ્મવિદ્યા અર્થાત્ આત્મજ્ઞાનનો ઉપદેશ કરો સનત્કુમાર બોલ્યા-હે નારદ, પ્રથમ તે બતાવો કે તમે શું જાણો છો? તમે ક્યાં ક્યાં શાસ્ત્રોની વિદ્યામાં પ્રવીણ છો? નારદ બોલ્યા—

ऋग्वेदं भगवोऽध्येमि, चतुर्वेद ꣳ सामवेदमाथर्वणं चतुर्थ-मितिहासपुराणं पञ्चमं, वेदानां वेदं पित्र्य ꣳ राशिं दैवं निधिं

वाकोवाक्यमेकायनं देवविद्यां भूतविद्यां, क्षत्रविद्यां, नक्षत्रविद्यां ं सर्पदेवजनविद्यामेतद्भगवोऽध्येमि।

હે ભગવન્] ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ, પંચમ વેદ— ઈતિહાસ પુરાણુ, વેદોનો વેદ અર્થાત્ બોધ કરાવનાર વ્યાકરણ-શાસ્ત્ર, શ્રાદ્ધકલ્પ, ગણિતશાસ્ત્ર, ઉત્પાતાદિ બોધક શાસ્ત્ર, નિધિશાસ્ત્ર, તર્કશાસ્ત્ર, નીતિશાસ્ત્ર, નિરુક્ત, શિક્ષા, કલ્પ, છંદ આદિ, ધનુર્વિદ્યા, ભૂતવિદ્યા, શિલ્પાદિ વિદ્યા, જ્યોતિષ શાસ્ત્ર, સર્પ-દેવ-જન-વિદ્યા, નૃત્ય-ગીત-વાદ્યાદિ સંગીત વિદ્યા ઈત્યાદિ વિવિધ વિદ્યાઓને હું સારી રીતે જાણું છું.

પરંતુ ભગવન્! હું કેવલ વેદાદિ શાસ્ત્રોના શબ્દાર્થને જાણું છું. આત્માનો વાસ્તવિક અપરોક્ષ અનુભવ મને નથી. માટે જ હું શોકથી ગ્રસ્ત છું. આપ જેવા બ્રહ્મનિષ્ઠ મહાત્માઓ પાસેથી મેં સાંભળ્યું છે કે तरति शोकमात्मवित्—આત્મવેત્તા શોકથી રહિત બની જાય છે. તે નિર્મોહ, નિર્ભય, નિર્દ્વન્દ્વ તથા પરમાનંદ-મગ્ન બન્યો રહે છે. હું શોક કરું છું—તેથી હું આત્મવેત્તા નથી. જો હું આત્મવેત્તા હોત, તો મને કદાપિ શોક થાત નહિ. માટે હું આપને વિનયપૂર્વક પ્રાર્થના કરું છું કે—હે ભગવન્! કૃપાનિધાન! મને બ્રહ્મવિદ્યાનો ઉપદેશ આપીને શોકરહિત બનાવો. આપ જેવા શ્રોત્રિય, બ્રહ્મનિષ્ઠ, આચાર્યના ઉપદેશ વિના બ્રહ્મવિદ્યાની પ્રાપ્તિ થતી નથી. આપ બ્રહ્મવિદ્યાના આચાર્ય, બ્રહ્મનિષ્ઠ, વિરક્ત મહાત્મા છો; અને મારા જ્યેષ્ઠ વંદનીય ભ્રાતા પણ છો. બ્રહ્મવિદ્યા જેવી અમૂલ્ય તથા પવિત્ર વસ્તુ પોતાના પ્રિય, યોગ્ય, અધિકારી, શરણાગત શિષ્યને જ આપવામાં આવે છે. હું આપને શરણે આવ્યો છું, આપનો શિષ્ય છું. માટે જે પ્રકારે કૃષ્ણ ભગવાને પોતાના પ્રિય સખા, ભક્ત, અર્જુનને ઉપદેશ આપ્યો

હતો, કપિલ ભગવાને પોતાના પિતા કર્દમ ઋષિને તથા પોતાની પૂજ્ય માતા દેવહૂતિને ઉપદેશ આપ્યો હતો, તથા યાજ્ઞવલ્ક્ય મહર્ષિએ પોતાની પ્યારી ધર્મપત્ની મૈત્રેયીને બ્રહ્મવિદ્યાનો ઉપદેશ આપ્યો હતો, તે પ્રકારે મને પણ કૃપા કરીને બ્રહ્મવિદ્યાનો ઉપદેશ આપી કૃતાર્થ કરો.

આ પ્રકારે નારદજીની હાર્દિક, નિષ્કપટ, તીવ્ર બ્રહ્મજિજ્ઞાસા જોઈને મહર્ષિ સનત્કુમાર પોતાના મનમાં આ પ્રકારે વિચાર કરવા લાગ્યા—જો કે નારદજી સકલ શાસ્ત્રોના વેત્તા છે, તથાપિ શાસ્ત્રોના વિવિધ વિષયોમાં આપાતતઃ (ઉપર–ઉપરથી) પરસ્પર વિરોધ હોવાને કારણે સંશયયુક્ત છે. માટે તેમને પરમાત્મ તત્ત્વનો યથાર્થ નિશ્ચય નથી. વળી તે વિપરીત ભાવનાથી ગ્રસ્ત પણ છે. તેથી તેમના વિક્ષેપાદિ દોષોની પૂર્ણપણે નિવૃત્તિ થઇ નથી. જ્યાં સુધી સંશય વગેરે પ્રતિરોધોની નિવૃત્તિ ન થઈ જાય, ત્યાં સુધી તેમને આત્મસાક્ષાત્કાર થવાનો નથી. નારદજી શ્રદ્ધાભક્તિપૂર્વક મારી પાસે આવ્યા છે, તેથી મારું કર્તવ્ય છે કે તેમને આત્મજ્ઞાનનો ઉપદેશ કરીને સદાને માટે શોક–મોહસાગરથી પાર કરી દઉં. અને એમ ત્યારે જ થશે, જ્યારે તેમને સ્થૂલ નામની ઉપાસનાથી શરૂઆત કરાવીને, આભ્યંતર પ્રાણની ઉપાસના લગી અનેક ઉપાસનાઓ કરાવું, તથા તે દ્વારા તેમના હૃદયને વિક્ષેપ વગેરેથી રહિત, શુદ્ધ તથા એકાગ્ર બનાવું પછી ભૂમાવિદ્યાનો ઉપદેશ આપીને, મનન–નિદિધ્યાસન દ્વારા સંશય તથા વિપરીત ભાવનાઓથી મુક્ત કરી દઉં. જેનાથી તેમને સર્વના અધિષ્ઠાન, પરમ સૂક્ષ્મ, સર્વાત્મા સત્‌–ચિદ્‌ઘન, આનંદનિધિ, પ્રત્યગભિન્ન, ભૂમા–નામના બ્રહ્મતત્ત્વનો સાક્ષાત્કાર થઈ જાય. એવો વિચાર કરીને સનત્કુમારે સોપાન–ક્રમ–ન્યાયથી (પગથિયાં ક્રમે ક્રમે ચઢવાના ન્યાયથી) ભૂમા વિદ્યાનો અંતિમ

ઉપદેશ આપવા માટે, નારદના ઉત્કૃષ્ટ બ્રહ્મવિષયક પ્રશ્નો અનુસાર ક્રમશઃ નામાદિકની બ્રહ્મદૃષ્ટિએ ઉપાસના બતાવી, અને અંતમાં પ્રાણબ્રહ્મની ઉપાસનાનો આદેશ આપ્યો. નામાદિથી પ્રાણ-બ્રહ્મ જ શ્રેષ્ઠ. પછી નારદજી પ્રાણને જ શુદ્ધ બ્રહ્મ સમજીને પ્રશ્ન કરવામાંથી ઉપરત થયા. સનત્કુમારે મનમાં વિચાર કર્યો કે નારદ પ્રાણને જ શુદ્ધ બ્રહ્મ સમજીને ચૂપ થઈ ગયા છે. તેથી પ્રશ્ન કર્યા વિના પણ તેમને પરમ તત્ત્વ, સત્ય, ભૂમાનો ઉપદેશ આપવો જોઈએ. એવો વિચાર કરીને સનત્કુમાર બોલ્યા–હે નારદ, તું અતિવાદી બન.

નારદ–ભગવન્! હું અતિવાદી બનવા માગું છું. આપ મને અતિવાદી બનાવો.

સનત્કુમાર–સત્ય ભાષણ, બ્રહ્મચર્ય વગેરે સાધનોથી સંપન્ન થયેલો મનુષ્ય સત્ય, પરમાર્થ વસ્તુના વિજ્ઞાનથી અતિવાદી બને છે.

નારદ–સત્ય વસ્તુનું વિજ્ઞાન કેવી રીતે પ્રાપ્ત થાય છે?

સનત્કુમાર–મનનથી વિજ્ઞાન પ્રાપ્ત થાય છે. બ્રહ્મનિષ્ઠ આચાર્યદ્વારા શ્રવણરૂપ તાત્પર્ય નિશ્ચય કરેલો, શાસ્ત્રીય તત્ત્વનો તર્ક તથા યુક્તિઓ દ્વારા એકાગ્રતાપૂર્વક વિચાર કરવો–તેનું નામ મનન છે.

નારદ–ભગવન્! મનન કેવી રીતે સિદ્ધ થાય?

સનત્કુમાર–શ્રદ્ધાથી મનનની સિદ્ધિ થાય છે. શાસ્ત્ર તથા આચાર્યનાં વચનોમાં યથાર્થ–બુદ્ધિનું નામ શ્રદ્ધા છે.

નારદ–શ્રદ્ધાપ્રાપ્તિનું સાધન શું?

સનત્કુમાર–શ્રદ્ધાનું સાધન નિષ્ઠા છે. બ્રહ્મચર્ય, ગુરુસેવા વગેરે યમ નિયમોના પાલનનું નામ નિષ્ઠા છે.

નારદ–નિષ્ઠા કેવી રીતે પ્રાપ્ત થાય?

સનત્કુમાર–કૃતિથી નિષ્ઠા પ્રાપ્ત થાય છે. અહીં શમ, દમ વગેરેનું નામ કૃતિ છે.

નારદ-ભગવન્ ! કૃતિનું સાધન શું ?

સનત્કુમાર-કૃતિનું સાધન અખંડ સુખપ્રાપ્તિની તીવ્ર ઇચ્છા છે. તેથી સુખની તીવ્ર ઇચ્છા ઉત્પન્ન કરવા માટે સુખનું વાસ્તવિક સ્વરૂપ જાણવું જોઇએ.

નારદ-હે પ્રભો ! સુખનું સ્વરૂપ બતાવો.

સનત્કુમાર-હે નારદ ! જે ભૂમા-વ્યાપક, ચેતન તત્ત્વ છે, તેજ સુખરૂપ છે. અર્થાત્ નિરતિશય, નિત્ય, દુઃખસંપર્ક-શૂન્ય સુખરૂપતા પરિપૂર્ણવસ્તુમાં જ હોય છે. અન્ય પરિચ્છિન્ન વસ્તુમાં સુખ નથી. ભૂમા જ સુખ છે. અલ્પ વસ્તુ અધિક તૃષ્ણાનું કારણ બને છે. દુઃખનું કારણ તૃષ્ણા જ છે. લોકમાં દુઃખનું કારણ જ્વર વગેરે સુખનો હેતુ દેખાતાં નથી. માટે અલ્પમાં સુખ નથી. તેથી હે નારદ ! તું અલ્પ વસ્તુ-દેહાદિકમાં રહેલા સ્નેહનો પરિત્યાગ કરીને, ભૂમા-વ્યાપક વસ્તુ, બ્રહ્મમાં જ નિષ્ઠા સંપાદન કરવા માટે પુરુષાર્થ કર.

નારદ-હે ભગવન્ ! ભૂમાનું સ્વરૂપ કૃપા કરીને સ્પષ્ટ રીતે બતાવો.

સનત્કુમાર-હે નારદ ! તે એક, અદ્વય, નિર્વિશેષ, આનંદ-પૂર્ણ, ભૂમા તત્ત્વમાં બ્રહ્મવેત્તા અન્ય વસ્તુને દેખતો નથી, સાંભળતો નથી, તથા જાણતો નથી. તે ભૂમા પ્રત્યગભિન્ન, પૂર્ણ તત્ત્વ છે. તેમાં દ્વૈતપ્રપંચનો અત્યંતાભાવ છે. જ્યાં મનુષ્ય વસ્તુને જુવે છે, સાંભળે છે તથા જાણે છે, તે અલ્પ છે, મિથ્યા છે, બાધિત છે. જે ભૂમા છે, તે જ અમૃત છે, સત્ય છે. જે અલ્પ છે, તે મર્ત્ય છે.

નારદ-હે ભગવન્ ! તે ભૂમા કોનામાં પ્રતિષ્ઠિત છે ? અર્થાત્ તેનો આધાર કોણ છે ? તે બતાવો.

સનત્કુમાર-તે પોતાના નિજ, અદ્વય, મહિમામાં જ પ્રતિષ્ઠિત છે અથવા વાસ્તવમાં તે કશામાં પણ પ્રતિષ્ઠિત બની

શકતું નથી. તે અપ્રતિષ્ઠિત તથા અનાશ્રિત છે. નથી તે વૃત્તિ-રૂપ જ્ઞાનક્રિયાનો કર્તા કે નથી તેનો વિષય. તે સ્વયં ચૈતન્ય, સ્વપ્રકાશ, અખંડ જ્ઞાનરૂપ છે. હે નારદ ! ગાય, ઘોડા, હાથી, સુવર્ણ, દાસ, સ્ત્રી, ગ્રામ, રાજ્ય વગેરે જે લોકમાં મહિમા રૂપે પ્રસિદ્ધ છે, તે અન્યનાં આશ્રિત છે. તેવો મહિમા હું ભૂમાનો નથી કહેતો. તેનો મહિમા તેના સ્વરૂપથી અલગ નથી, કારણ કે પરમાર્થતઃ ભૂમા પૂર્ણ છે. તેથી તે કોઇપણ અધિકરણમાં રહી શકતો નથી. જે અન્યને આશ્રયે રહે છે, તે અલ્પ, પરિચ્છિન્ન, વિકારી તથા નાશવાન હોય છે. ભૂમા-બ્રહ્મ તેવું નથી. તે સ્વયં અનાધાર હોવા છતાં પણ સર્વનું અધિષ્ઠાન છે. તેનામાં આ સમસ્ત દ્વૈતપ્રપંચ અવિદ્યાથી ભાસે છે. છતાં પણ તે જેમનું તેમ, નિર્વિકાર, અખંડ, એકરસ જ બન્યું રહે છે, કારણ કે આ દ્વૈતપ્રપંચ વાચારંભણ માત્ર, અલ્પ, વિનાશી તથા કલ્પના માત્ર છે. કલ્પિત વસ્તુની પ્રતીતિથી અધિષ્ઠાન તત્ત્વ વિકૃત બનતું નથી. હે નારદ ! તે ભૂમા સર્વત્ર મૌજૂદ છે, હાજરા હજૂર છે, સમીપ કરતાં પણ વધારે સમીપ છે, પોતાનો આત્મા છે.

'स एवाधस्तात् स उपरिष्टात् स पश्चात् स पुरस्तात् स दक्षिणतः स उत्तरतः स एवेदँ सर्वमिति।'

તે ભૂમા નીચે રહેલું છે, તે જ ભૂમા ઉપર સ્થિત છે, દક્ષિણમાં સ્થિત છે, તેજ પશ્ચિમમાં સ્થિત છે, તે જ પૂર્વમાં સ્થિત છે, તેજ ઉત્તરમાં સ્થિત છે. તેજ આ સકલ દૃશ્યરૂપમાં રહેલું છે. તેનાથી ભિન્ન કશી પણ વસ્તુ નથી. તે સર્વત્ર છે.

આ પ્રકારે ભૂમાનો ઉપદેશ આપીને સનત્કુમાર પોતાના મનમાં વિચારવા લાગ્યા કે-મારા આ પરોક્ષ ઉપદેશને સાંભળીને સંભવ છે કે નારદજીના મનમાં શંકા થાય કે-તે

ભૂમા મારા સ્વરૂપથી અને અન્ય જીવાત્માઓથી ભિન્ન હોઈને, સર્વરૂપે સર્વ બાજૂએ અવસ્થિત હશે. તેવી શંકાનું નિવારણ કરવા માટે સનત્કુમાર દ્રષ્ટા જીવાત્માઓનું પરબ્રહ્મથી અનન્યત્વ બતાવવા માટે અહંરૂપે તે ભૂમાનો ફરી ઉપદેશ આપવા લાગ્યા—

'अथातोऽहङ्कारादेशः……अहमेवेद१ँ सर्वमिति।'

હે નરદ! તે ભૂમા તું જ છે. તેનું 'હું' રૂપે આ પ્રકારે અનુસંધાન કર કે–હું જ નીચે, ઉપર, ઉત્તરમાં, દક્ષિણમાં, પૂર્વમાં, પશ્ચિમમાં છું. હું જ આદિમાં, મધ્યમાં તથા અંતમાં સ્થિત છું. સર્વ બાજૂએ હું જ વિવિધરૂપે મૌજૂદ છું. જે કાંઈ વિશ્વ છે, તે સર્વ હું જ છું. મારાથી અન્ય કાંઈ પણ નથી. હું જ ભૂમા–વ્યાપક બ્રહ્મ છું. સર્વ શરીરોનો સાક્ષી દ્રષ્ટા જે જીવાત્મા છે, તે વસ્તુતઃ ભૂમા જ છે. તેજ સમસ્ત વિશ્વરૂપ છે. તેજ હું છું. આ પ્રકારે તું તારા આત્માની પૂર્ણ બ્રહ્મરૂપે ભાવના કર.

સનત્કુમાર ફરીથી આ વિષયને સ્પષ્ટ કરવા માટે નારદજીને કહેવા લાગ્યા કે–હે નારદ! આત્માનુભવ–શૂન્ય, બહિર્મુખ, મૂઢ બુદ્ધિવાળો, અવિવેકી લોકો અહંકારનો વિષય દેહાદિ અનાત્મા જ છે એવું માને છે, તેઓ વિશુદ્ધ આત્માને જાણતા નથી. જો તમને પણ અહંકારાદેશથી દેહાદિ અનાત્માની ભાવના થઈ હોય, તો તેના નિવારણ માટે કેવલ, નિત્ય, શુદ્ધ, બુદ્ધ, મુક્તસ્વભાવ, સચ્ચિત્સુખઘન, આત્મસ્વરૂપે જ ફરીથી તે અહંપદથી લક્ષિત ભૂમાનો ઉપદેશ સાંભળો—

'अथात आत्मादेशः……आत्मैवेद१ँ सर्वमिति। स वा एवं पश्यन्नेवं मन्वान एवं विजानन्नात्मरतिरात्मक्रीड आत्ममिथुनः आत्मानन्दः स स्वराड् भवति, तस्य सर्वेषु लोकेषु कामचारो भवति, अथ येऽन्यथाऽतो विदुरन्यराजानस्ते क्षय्यलोका भवन्ति, तेषा१ँ सर्वेषु लोकेष्वकामचारो भवति।

હે નારદ! જે સજાતીય, વિજાતીય તથા સ્વગત ભેદશૂન્ય, એક, અદ્વિતીય, પરમ શુદ્ધ, કૂટસ્થ, નિર્વિશેષ, સચ્ચિદ્ઘન, આનંદનિધિ આત્મા છે, તેજ તું છે. આ પરિચ્છિન્ન, દૃશ્ય, દેહાદિ તું નથી. તે આત્મા નીચે, ઉપર, પૂર્વમાં, પશ્ચિમમાં, ઉત્તરમાં, દક્ષિણમાં, સર્વત્ર આકાશની માફક પરિપૂર્ણ રહેલો છે. તેનાથી વ્યતિરિક્ત કશું પણ નથી. તેજ સર્વાભિન્ન બ્રહ્મ છે. આ પ્રકારે જે પોતાના આત્માને સર્વત્ર બહાર તથા અંદર દેખે છે, તેનું શ્રવણમનન કરે છે, તથા તત્પર (તેની જ પરાયણ) બનીને ધ્યાન દ્વારા અપરોક્ષરૂપે અનુભવ કરે છે, તે આત્મારામ બનીને આત્મામાં જ નિરંતર રમણ કરે છે, આત્માની સાથે જ ક્રીડા કરે છે, આત્માથી જ સંયુક્ત રહીને આત્માનંદ પ્રાપ્ત કરીને સમ્રાટોનો પણ સમ્રાટ બની જાય છે. સર્વ લોકોમાં તેનું સ્વેચ્છાનુસાર, નિર્દ્વન્દ્વ તથા નિર્ભય વિચરણ બને છે. અને જે લોકો આત્મજ્ઞાન–રહિત છે, તે સદા પરાધીન બનીને, અનેક કષ્ટોને ઉઠાવતા, નાશવાન લોકને પ્રાપ્ત થાય છે. તેમને અનેક દુઃખોથી પરિપૂર્ણ યોનિઓમાં વારંવાર આવાગમન કરવું પડે છે.

હે નારદ! જે વિદ્વાન આ પ્રકારે પોતાના ભૂમારૂપ આત્મ-તત્ત્વમાં અહંભાવ બાંધીને તન્મય થઈ જાય છે, તે કૃતકૃત્ય તથા પૂર્ણ તૃપ્ત બની જાય છે. તેને મૃત્યુ, ભય, રોગ તથા ત્રિવિધ સંતાપ કદાપિ થતા નથી. અંતમાં તે બ્રહ્મદર્શી દેહાદિ ઉપાધિઓનો સર્વથા ત્યાગ કરીને બ્રહ્મ જ બની જાય છે.

હે નારદ! તે સત્, ચેતન, ભૂમા આત્મા સૃષ્ટિથી પહેલાં એક જ અદ્વિતીય હતો. અને સૃષ્ટિના અંતમાં પણ એક અદ્વય જ રહેશે. મધ્યમાં પણ તે વસ્તુતઃ એક અદ્વિતીય જ છે. પરંતુ માયાશક્તિ દ્વારા તે ત્રણરૂપે, પાંચરૂપે, સાતરૂપે, નવરૂપે, અગિ-

ચારરૂપે, સોરૂપે, હજારરૂપે-વિશેષ શું કહીએ ?-અસંખ્યરૂપે પ્રતીત થાય છે. તેથી વિશ્વમાં જે કાંઈ પ્રતીત થઈ રહ્યું છે, તે સર્વ ભૂમા, આત્મા, વાસુદેવ જ છે; અને તે મહાન પૂર્ણ વાસુદેવ હું જ છું. આ પ્રકારે છાંદોગ્ય ઉપનિષદ્‌માં વર્ણવેલા સિદ્ધાંતનું જ ગીતા સ્મૃતિમાં શ્રીભગવાને વર્ણન કર્યું છે. ઉપનિષદ્ માતા છે, તથા ગીતા તેની દીકરી છે, તેથી માતા અને પુત્રીસમાન આકૃતિવાળાં હોય છે-તે પ્રમાણે ઉપનિષદ્ તથા ગીતાની એક જ અર્થ પ્રતિપાદન કરવા રૂપી સમાનતા પ્રશંસનીય છે.

અંતમાં શ્રીસનત્કુમાર આત્મજ્ઞાનની રક્ષાનું આહાર-શુદ્ધિ વગેરે સાધન બતાવતાં ભૂમા વિદ્યાનો ઉપસંહાર કરે છે-

'आहारशुद्धौ सत्त्वशुद्धिः, सत्त्वशुद्धौ ध्रुवा स्मृतिः,
स्मृतिलम्भे सर्वग्रन्थीनां विप्रमोक्षः,
तस्मै मृदितकषायाय तमसस्पारं दर्शयति भगवान् सनत्कुमारः।'

જ્યારે આહાર શુદ્ધ હોય છે, ત્યારે અંતઃકરણ શુદ્ધ બને છે. અંતઃકરણ શુદ્ધ થતાં ધ્રુવા સ્મૃતિ અર્થાત્ પૂર્ણતત્ત્વનું નિરંતર, સ્થાયી સ્મરણ રહે છે. તેનાથી ચિજ્જડ-તાદાત્મ્ય-અધ્યાસ વગેરે સર્વ ગ્રંથિઓનો વિનાશ થાય છે. આ પ્રકારે મળ, વિક્ષેપ તથા આવરણરૂપી ત્રિવિધ કષાયોથી રહિત બનેલા નારદજીને ભગવાન સનત્કુમારે અજ્ઞાન પાર કરી દીધા, અર્થાત્ પરબ્રહ્મ તત્ત્વનો અપરોક્ષ સાક્ષાત્કાર કરાવ્યો.

અહીં આહારના બે અર્થ છે. એક શ્રોત્રાદિ ઇન્દ્રિયોના શબ્દાદિ વિષય, અને બીજો ભોજન. બંનેની શુદ્ધિ આવશ્યક છે. ઈન્દ્રિય દ્વારો વડે તેજ શબ્દાદિ વિષયોને ગ્રહણ કરવા જોઈએ કે જેમના જ્ઞાનથી અંતઃકરણ વિકૃત ન બને. રાગદ્વેષનો પ્રવેશ જ અંતઃકરણની વિકૃતિ છે. અર્થાત્ ઈન્દ્રિયો દ્વારા શબ્દાદિ વિષયોનું અવગાહન કરનારી વૃત્તિઓ રાગદ્વેષ રહિત, નિર્મલ

થવી જોઈએ. એ જ આહાર શુદ્ધિ છે, જો આહારનો અર્થ કેવલ ભોજન જ લેવામાં આવે, તો કેવલ ભોજનની શુદ્ધિથી જ અંતઃકરણ શુદ્ધ થવું જોઇએ. પણ એમ થતું નથી. કેવલ સાત્ત્વિક ભોજનથી જ અંતઃકરણ શુદ્ધ થાય, તો તે જ સાત્ત્વિક ભોજન દૂધ, ભાત વગેરે જિંદગી પર્યંત વાંદરાને ખવડાવવાથી પણ તે ચંચલતા ત્યજીને શાન્ત કેમ થતું નથી? ગાય, હરિણ વગેરે પણ કેમ યોગી બની જતાં નથી? કારણ કે–તેમનો પણ આહાર સાત્ત્વિક જ છે. માટે અહીં આહારનો અર્થ કેવળ ભોજન જ સમજવો જોઇએ નહિ. પણ ભોજનની સાથે સાથે શબ્દાદિ વિષયો પણ આહારનો અર્થ માનવા યોગ્ય છે. આહાર એટલે આહ્રિયમાણ (લાવવામાં આવતો) અર્થ. ચક્ષુનો તેવો અર્થ રૂપ છે, શ્રોત્રનો શબ્દ છે, જિહ્વાનો રસ છે વગેરે. માટે શબ્દાદિ વિષયોની શુદ્ધિ આહારશુદ્ધિનો મુખ્ય અર્થ છે. તો પણ એ સત્ય છે કે–પાપ-સંપર્ક-શૂન્ય, પવિત્ર, સાત્ત્વિક ભોજન કરવાથી હૃદયની નિર્મલતા પ્રાપ્ત કરવામાં વિશેષ સહાય મળે છે.

જે ભોજન ધર્મ તથા ન્યાયથી ઉપાર્જિત ધન દ્વારા ખરીદાયેલા અનાજથી શુદ્ધ સ્થાનમાં પવિત્રતાપૂર્વક પકાવવામાં આવ્યું હોય છે, તથા બલિ, વૈશ્વદેવ, ભૂતયજ્ઞ અને અતિથિ-સત્કાર આદિ કર્યા પછી બાકી રહેલું હોય છે, તે જ ભોજન શુદ્ધ કહેવાય છે. ખાદ્ય પદાર્થ પણ જાતિ, આશ્રય તથા નિમિત્ત–આ ત્રણ દોષોથી દૂષિત હોય છે. જાતિગત દોષ કહેવાય છે પ્રકૃતિગત દોષને, જેમ કે ડુંગળી, લસણ વગેરે સ્વભાવથી જ અશુદ્ધ છે, તામસ છે. દુરાચારી મનુષ્યના સંપર્કથી જે ભોજન દૂષિત બને છે, તે આશ્રયદોષ છે. વાળ, કીડી, માખી વગેરે ગંદા પદાર્થોના સંબંધથી પણ ભોજન દૂષિત બને છે, તે નિમિત્ત દોષ છે. યથા શક્ય આ ત્રણ દોષ ભોજનમાં ન હોવા જોઈએ. તે પણ આહાર શુદ્ધિ છે.

આ પ્રકારે મહર્ષિ સનત્કુમારે નારદજીને ભૂમા વિદ્યારૂપી નાકામાં બેસાડીને, પોતે જાતે નાવિક બનીને, અવિદ્યાપ્રસૂત, અગાધ, મોહ-શોકરૂપી સાગર પાર કરી દીધા.

માટે ભગવાન શ્રીકૃષ્ણે પણ ગીતા સ્મૃતિમાં वासुदेवः सर्वं એવો સર્વત્ર અભેદ-ભાવનો ઉપદેશ, ઉપનિષદ્ શ્રુતિઓની અનુસાર જ કર્યો છે. કારણ કે श्रुतेरिवार्थं स्मृतिरन्वगच्छत्-આ કવિ-કુળગુરુ કાલિદાસની સૂક્તિ અનુસાર સ્મૃતિએ શ્રુતિસિદ્ધ અર્થનું અનુસરણ કરવું જ જોઇએ. સ્મૃતિ કહે છે કે स्मर्यते वेदार्थो यत्र सा-અર્થાત્ જેમાં વેદોક્ત અર્થ સ્પષ્ટરૂપે સ્મૃત હોય, તે સ્મૃતિ છે.

છાંદોગ્યની પેઠે બૃહદારણ્યક ઉપનિષદ્‌માં પણ ભેદભાવની નિંદા કરીને અભેદભાવનો કલ્યાણકારી, પ્રશસ્ત ઉપદેશ આપ્યો છે. જેમ કે-

मैत्रेयि ! आत्मनो वा अरे ! दर्शनेन श्रवणेन मत्या
विज्ञानेनेदं सर्वं विदितम् ।"

યાજ્ઞવલ્ક્ય મહર્ષિ પોતાની ભાર્યા મૈત્રેયીને ઉપદેશ આપે છે કે-અરે મૈત્રેયિ! આત્માના દર્શનથી, શ્રવણથી, મનનથી તથા વિજ્ઞાનથી આ સર્વ વિશ્વ વિદિત થઇ જાય છે. આ પ્રકારે તે એકના વિજ્ઞાનથી સમસ્ત વિશ્વનું વિજ્ઞાન આપોઆપ સિદ્ધ થઈ જાય છે-એવી પ્રતિજ્ઞાનું વર્ણન કર્યું.

પ્રશ્ન-આત્મજ્ઞાનથી સર્વ કંઈ જ્ઞાત થઇ જાય છે, એ કેવી રીતે બની શકે? કારણકે ઘટના જ્ઞાનથી પટ જ્ઞાત થતું નથી, તે એટલા માટે કે પટ ઘટથી ભિન્ન છે. તેવી રીતે આત્માથી ભિન્ન આ વિશ્વ છે, તેથી આત્મજ્ઞાનથી વિશ્વનું જ્ઞાન થઇ શકે નહિ.

ઉત્તર–શ્રુતિ ભગવતી પોતે જ આ પ્રશ્નનો ઉત્તર આપે છે. શ્રુતિનું કથન છે કે–આત્માથી ભિન્ન કોઈ પણ પદાર્થ નથી. જે કંઈ દ્રષ્ટવ્ય તથા શ્રોતવ્ય વિશ્વ છે, તે સર્વ આત્મા જ છે. આત્મભેદ અવિદ્યાને લઈને ભાસે છે, વાસ્તવિક નથી. તેથી શ્રુતિ તે નંદનીય આવિદ્યક ભેદનો આત્મવિદ્યા દ્વારા પ્રતિષેધ કરે છે. જેમકે—

ब्रह्म तं परादाद्योऽन्यत्रात्मनो ब्रह्म वेद,
क्षत्र तं परादाद्योऽन्यत्रात्मनः क्षत्रं वेद,
लोकास्तं परादुर्योऽन्यत्रात्मनो लोकान्वेद,
देवास्तं परादुर्योऽन्यत्रात्मनो देवान् वेद,
भूतानि तं परादुर्योऽन्यत्रात्मनो भूतानि वेद,
सर्वं तं परादाद्योऽन्यत्रात्मनः सर्वं वेद,
इदं ब्रह्मेदं क्षत्रमिमे लोका इमे देवा
इमानि भूतानीदꣳ सर्वं यदयमात्मा।'

(બૃ. ઉ. ૨,૪,૬)

બ્રાહ્મણ જાતિ તે મનુષ્યનું નિરાકરણ (અનાદર, તિરસ્કાર) કરે છે, જે બ્રાહ્મણ જાતિને પોતાના આત્માથી ભિન્ન સમજે છે. ક્ષત્રિય જાતિ તે મનુષ્યનું નિરાકરણ કરે છે, જે ક્ષત્રિય જાતિને પોતાના આત્માથી ભિન્ન માને છે. સર્વ લોક તે મનુષ્યનું નિરાકરણ કરે છે, જે સર્વ લોકોને પોતાના આત્માથી ભિન્ન માને છે. સમસ્ત દેવો તે મનુષ્યનું નિરાકરણ કરે, જે નિખિલ દેવોને પોતાના આત્માથી ભિન્ન માને છે. સકલ ભૂત તે મનુષ્યનું નિરાકરણ કરે, જે સમસ્ત ભૂતોને પોતાના આત્માથી ભિન્ન જાણે છે. અખિલ પદાર્થો તે મનુષ્યનું નિરાકરણ કરે, જે બધા પદાર્થોને પોતાના આત્માથી વ્યતિરિક્ત સમજે છે. વસ્તુતઃ આ સમગ્ર બ્રાહ્મણજાતિ, આ ક્ષત્રિયજાતિ, આ સર્વ લોકો, આ

અનન્ય આત્માને અન્ય સમજવો. તે જ મોટો અપરાધ છે પ્રકૃ

સર્વ દેવો, આ સર્વ ભૂત તથા આ સમસ્ત જગત્ આ આત્મા જ છે, આત્માથી વ્યતિરિક્ત નથી. આત્મા જ આ સર્વ બ્રાહ્મણ, ક્ષત્રિય વગેરે વિશ્વ છે. આત્માથી અનન્ય વિશ્વને અન્યરૂપે સમજવું, તે જ તેનો અપરાધ છે. તે અપરાધને લીધે જ તે નિરાકરણીય બની જાય છે.

બૃહદારણ્યક વાર્તિક સારમાં વિદ્યારણ્યસ્વામીએ તથા વ્યાસ-સ્મૃતિમાં ભગવાન વેદવ્યાસે પણ આજ કહ્યું છે—

यदस्ति तन्न जानाति, यन्नेहास्ति, तदीक्षते।
इत्येवमपराधोऽस्य विद्यते भेददर्शिनः॥

योऽन्यथा सन्तमात्मानमन्यथा प्रतिपद्यते।
किं तेन न कृतं पापं चौरेणाऽऽत्मापहारिणा॥

આત્મામાં સત્ત્વ, ચિત્ત્વ, આનંદત્વ, અદ્વયત્વ, પરિપૂર્ણત્વ વગેરે શાશ્વતરૂપે વિદ્યમાન છે. તેમને તે મૂઢ જાણતો નથી; અને બ્રાહ્મણપણું, ક્ષત્રિયપણું—જે વસ્તુત: અવિદ્યમાન છે તેમને જુવે છે. તે જ ભેદદર્શીનો અપરાધ છે. જેવી રીતે કર્તવ્યને ન કરવાવાળો અને અકર્તવ્યને કરવાવાળો અપરાધી મનાય છે, તેવી રીતે જ જે આરોપિત અદ્રષ્ટવ્ય છે તેને દેખે છે, અને વાસ્તવિક દ્રષ્ટવ્યને દેખતો નથી, તે અપરાધી જ મનાય. જે અન્યથા સ્થિત આત્માને અન્યથા સમજે છે, તે આત્માપહારી ચોરે કયું પાપ નથી કર્યું ? અર્થાત્ નિર્વિશેષ, અદ્વય, સ્વયંપ્રકાશ, આત્માને જાતિ વગેરેથી વિશિષ્ટ, સદ્વયરૂપે સમજવો, તે મિથ્યા જ્ઞાન છે. તે જ દુ:ખ, ભય વગેરેનું કારણ-મહાપાપ છે.

તે એક, અદ્વય, વાસુદેવમાં જ આ નામરૂપાત્મક વિશ્વનો વસ્તુશૂન્ય વિકલ્પ થયો છે. માટે તેનો બાધ કરીને, સર્વત્ર તે એક વાસુદેવનો જ નિશ્ચય કરવો જોઇએ, તેની જ સતત ભાવના કરવી જોઈએ, તથા તેમાં જ તન્મયતા સિદ્ધ કરવી જોઇએ.

વિરક્ત બાબાની ગોદડી પેઠે, તે એક જ વાસુદેવ અનેકરૂપે ભાસી રહ્યો છે. માટે એક પણ તે છે, અનેક પણ તે છે.

એક બ્રહ્મનિષ્ઠ, વીતરાગ, મહાત્મા ઘૂમતા-ફરતા, કેટલાક દિવસો માટે એક સ્થાનમાં રહી ગયા. 'બૈઠે સો પૂરા, ઘૂમે સો શૂરા'-અર્થાત્ ઘૂમનાર સાધુ શૂરવીર મનાય છે, તથા એક જગ્યાએ સ્થિર બનીને રહેનાર સાધુ પૂરો-નિષ્ઠાસંપન્ન મનાય છે. જ્ઞાનવાન સાધુ મહાત્માનું ઘૂમવું તથા બોલવું જનતાના કલ્યાણ માટે જ હોય છે. જ્યાં એકાંત સ્થાનમાં તે મહાત્મા રહ્યા હતા, તેની પાસે એક પોલીસ-ચોકી હતી. તેના કેટલાય પોલીસો તે મહાત્માની પાસે આવતા હતા, અને મહાત્માની સેવાશુશ્રૂષા પણ કરતા હતા. મહાત્મા મસ્ત તથા આનંદી હતા.

चाह गई चिन्ता गई, मनुवाँ बेपरवाह।
जाको कछु न चाहिए, वो है शाहनशाह।
हर आन (वक्त) खुशी, हर आन हँसी,
हर (प्रत्येक) वक्त अमीरी है बाबा।
जब आशिक मस्त फकीर हुये,
फिर क्या दिलगीरी है बाबा।

તે પોતાની પાસે ઓઢવા-પાથરવા માટે એક ગોદડી જ રાખતા હતા. તે સિવાય બીજું કશું રાખતા ન હતા. એક દિવસ એક પોલિસે તે બાવાની ગોદડી સંતાડી. બાવાજી તરત જ પોલીસ ચોકી પર ગયા, અને થાણદાર સાહેબને કહેવા લાગ્યા-સાહેબ, સાધુ લુંટાયો. તેનું સર્વસ્વ ચાલ્યું ગયું. થાણદાર સાહેબે કહ્યું-ઠીક, આપનો કયો કયો સામાન ચાલ્યો ગયો, તેની નોંધ કરાવો. બાવાજીએ કહ્યું-લખો હજૂર! મારો બહુ સામાન ગાયબ થઈ ગયો છે. એક મારો સુંદર ગલીચો, બીજો મારો સરસ હાફકોટ, ત્રીજો મારો ગાદીતકિયો, ચોથો મારો સરસ

દુશાલો, પાંચમી મારી જાજમ, છઠ્ઠી મારી છત્રી, સાતમી મારી રજાઈ–ઈત્યાદિ અનેક સામાનનાં નામ બાવાજી લખાવતા ગયા, અને થાણુદાર લખતા ગયા. સમીપમાં પેલો પોલીસ છુપાઈને ખડો હતો અને સાંભળી રહ્યો હતો, જેણે પેલી ગોદડી સંતાડવાની દુષ્ટતા કરી હતી. તે કટાક્ષપૂર્વક હસતો હસતો આવીને કહેવા લાગ્યો–અરે મહાત્માજી! શું કોઈ સોદાગરની દુકાન લુંટાઇ ગઈ છે? કે તમે આટલો ઢગલાબંધ સામાન લખાવી રહ્યા છો? અરે, તમારી પાસે આ ગોદડી સિવાય બીજું હતું જ શું? આ ગોદડી માત્ર તો હતી! લો, લો, આ તમારી ગોદડી. બાવાજીએ તરત જ ગોદડી લઈ લીધી, પ્રસન્ન થઈને મસ્ત ભાવથી થાણુદારને તે કહેવા લાગ્યા–મારો લુંટાયેલો બધો સામાન મને મળી ગયો છે. થાણુદારે આશ્ચર્યપૂર્વક કહ્યું–સર્વ સામાન કેવી રીતે મળી ગયો? આ તો એક ગોદડી જ મળી છે? બાવાજીએ હસીને કહ્યું–એ તો મારું સર્વસ્વ હતું. તેને બિછાવીને કહ્યું–આ દેખો મારો સુંદર ગલીચો! તેને ઓઢીને કહ્યું–જુવો, જનાબ! આ મારો હાફકોટ કેટલો સુંદર દેખાય છે? ગાદીની પેઠે તેને બેવડો–ચારવડો વાળીને, તેના પર બેસીને તેમણે કહ્યું–આ મારી ગાદી અને આજ મારો તકિયો. માથા પર મૂકીને કહ્યું–આ જ મારી છત્રી, ગરમીથી તથા વરસાદથી તે તરત મારું રક્ષણ કરે છે. ઓઢીને બતાવ્યું–જુવો, આ કેવી સુંદર રજાઈ છે? ગમે તેટલી ઠંડી હોય, પણ લાગે નહિ. બેચાર સાધુ મહાત્માઓ આવી જાય, તો તરત આ ગોદડી જાજમ બની જાય છે. મસ્ત બાવાજીની વાતો સાંભળીને થાણુદાર પણ હસવા લાગ્યા.

જેવી રીતે તે બાવાજીની દૃષ્ટિમાં એક ગોદડી જ સર્વ કાંઈ હતી, તેવી રીતે જ્ઞાનવાન ભક્તની દૃષ્ટિમાં એક વાસુદેવ જ સર્વ કાંઈ છે. તેનાથી અન્ય કાંઈ નથી. જેણે સર્વત્ર અંદર–બહાર

વાસુદેવ સ્વરૂપનો જ પૂર્ણરૂપે નિશ્ચય કર્યો છે, અને જે તેનું જ સર્વમાં સતત અનુસંધાન કરતો કરતો, તન્મય બની જાય છે, તેજ મહાત્મા છે. તેવો મહાત્મા અતિ દુર્લભ છે. અનેક જન્મોનાં પુણ્યોનો ઉદય થતાં એવા જ્ઞાની મહાત્માનું દર્શન થાય છે—

बिनु हरि-कृपा मिले नहीं सन्ता,
सत्संगति संसृति कर अन्ता।
यस्य प्रसादादहमेव विष्णुः
मय्येव सर्वं परिकल्पितं च।
इत्थं विजानामि सदाऽऽत्मरूपं,
तस्याङ्घ्रिपद्मं प्रणतोऽस्मि नित्यम्॥'

જે ગુરુદેવની કૃપાથી "હું જ વ્યાપક, પૂર્ણ, વાસુદેવ-વિષ્ણુ છું, મારામાંજ આ નામરૂપાત્મક દૃશ્ય પરિકલ્પિત થયું છે" આ પ્રમાણે હું મારા સત્, પારમાર્થિક આત્મ સ્વરૂપને અપરોક્ષ જાણું છું, તેમના ચરણકમલની હું સદા વંદના કરું છું.

(૨૦)

कामैस्तैस्तैर्हृतज्ञानाः, प्रपद्यन्तेऽन्यदेवताः।
तं तं नियममास्थाय, प्रकृत्या नियताः स्वया॥(૭,૨૦)

હે અર્જુન! જેઓ સંસારાસક્ત માનવો છે, તેઓ પોતાના રાજસ-તામસ સ્વભાવથી પ્રેરિત થઈને તથા તે તે વિષય-ભોગોની કામનાઓ દ્વારા યથાર્થ જ્ઞાનથી ભ્રષ્ટ થઈને તે તે નિયમને ધારણ કરીને અન્ય ક્ષુદ્ર દેવતાઓની આરાધના કરે છે.

આનંદકંદ ભગવાન શ્રી કૃષ્ણે પ્રથમ પોતાના સમદર્શી, નિષ્કામ, અવિકૃત, જ્ઞાની ભક્તનું વર્ણન કર્યું. હવે સંસારના વિષયભોગોમાં આસક્ત, ક્ષુદ્ર મનુષ્યોનું વર્ણન કરે છે. જેઓ સર્વાત્મા ભગવાનના યથાર્થ સ્વરૂપને જાણતા નથી, તથા

જેમની અંદર સત્યાસત્ય વસ્તુનો વિવેક નથી, તેવા મૂઢ માનવો સંસારને જ સત્ય, સુંદર તથા સુખરૂપ સમજે છે. તેથી તેઓ સંસારના વિવિધ વિષયોની તથા ઐશ્વર્યોની જ કામના કરતા રહે છે. બૃહદારણ્યક ઉપનિષદ્‌માં કામનાવાળા મનુષ્યનું આ પ્રકારે વર્ણન કર્યું છે—

'सोऽकामयत, जाया मे स्यादथ प्रजायेय,
अथ वित्तं मे स्यादथ कर्म कुर्वीयेत्येतावान् वै कामः ।'
(બૃ. ૧,૪,૧૭)

તેણે કામના કરી–મને જાયા (સુંદર સ્ત્રી) મળવી જોઈએ; જેના દ્વારા હું પુત્ર વગેરે સંતતિરૂપે પ્રાદુર્ભૂત થાઉં; અને મને પર્યાપ્ત ધન મળવું જોઈએ, જેની દ્વારા હું અનેક પ્રકારનાં સુખ તથા આરામ આપનારાં કર્મ કરું. બસ, આટલો જ કામ છે,

સંસારની વિવિધ કામનાઓમાં લિપ્ત રહેવાવાળો જીવ સદા દીન, હીન, તથા દુઃખી જ બન્યો રહે છે. જેને તે ચાહે છે તેનો લાભ ન થતાં તે દુઃખી થાય છે. તેના લાભ માટે અનેક પ્રકારનાં કષ્ટ ભોગવતો રહે છે. પ્રારબ્ધ કર્મની અનુકૂળતા થતાં મહામુશ્કેલીએ તે કામ્યમાન પદાર્થનો લાભ થતાં છતાં પણ તેની દીનતા તથા દુઃખ નિવૃત્ત થતાં નથી; કારણ કે આ સંસાર કાચા ધાગા (દોરા) જેવો છે. જેવી રીતે તૂટેલો કાચો દોરો એક બાજૂએ મુશ્કેલીથી જોડવામાં આવે, તો તે બીજી તરફ કોઈ જગ્યાએ તૂટી જાય છે, આ પ્રકારે 'એક સાંધતાં તેર તૂટે' વાળી કહેવત સંસારને લાગુ પડે છે. મુશ્કેલીથી એક ઈચ્છા પૂરી થાય છે, ત્યાં તો એકી સાથે બીજી વીસ ઇચ્છાઓ ખડી થાય છે ! ઇચ્છાઓ હોવી એટલે અનિવાર્ય રીતે દીનતા તથા દુઃખ પણ હોવાં અને ઈચ્છિત પદાર્થનો લાભ પણ સદાને માટે

રહેતો નથી. આજે મળેલો પદાર્થ, સ્વપ્નના ખજાના પેઠે, કાલે જોતજોતામાં અલોપ થઈ જાય છે. અને સર્વથા નહિ મળેલા ઇષ્ટ પદાર્થની અપેક્ષાએ (તેના કરતાં) મળીને નાશ પામેલો પદાર્થ સદાને માટે મહાકષ્ટ આપે છે, એ વાત લોકમાં પ્રત્યક્ષ છે. તેથી સંસારની આ વિવિધ કામનાઓ જ જીવોમાં દીનતા, હીનતા તથા દુઃખોનું સરજન કરે છે.

માટે શ્રીમદ્ ભાગવતમાં કૂતરાની ઉપમા આપીને, આ કામનાગ્રસ્ત જીવની દીનદશાનું આ પ્રકારે વર્ણન કર્યું છે—

'क्षुत्परीतो यथा दीनः सारमेयो गृहं गृहम्।
चरन्विन्दति यद्दिष्टं दण्डमोदनमेव वा॥
तथा कामाशयो जीवः उच्चावचपथा भ्रमन्।
उपर्यधो वा मध्ये वा याति दिष्टं प्रियाप्रियम्॥

જેવી રીતે ભૂખથી વ્યાકુલ અને દીન બનેલો કુત્તો ઘર ઘર ભટકતો પોતાનો પ્રારબ્ધ અનુસાર કોઈ જગ્યાએ લાકડી ખાય છે અને કોઈ જગ્યાએ ભાત ખાય છે, તેવી રીતે વિવિધ પ્રકારની કામનાઓથી બંધાએલો આ જીવ ઊંચા નીચા માર્ગથી ઉત્તમ, મધ્યમ, તથા અધમ યોનિઓમાં ભટકતો, ઈષ્ટ—અનિષ્ટ પ્રારબ્ધનું ફળ ભોગવતો રહે છે.

વિવિધ સાંસારિક કામનાઓથી તે મૂઢ જીવનું વિવેકજ્ઞાન નાશ પામે છે. તેથી તે અનંત આનંદનિધિ મારાથી-સર્વેશ્વર પરમાત્માથી વિમુખ બનીને, કામનાઓની પૂર્તિ માટે ક્ષુદ્ર દેવતાઓના શરણમાં જાય છે, અને જે જે દેવતાની પૂજા માટે જે જે નિયમ લોકમાં પ્રસિદ્ધ છે તે તે નિયમને ધારણ કરીને અન્ય દેવતાઓનું ભજન કરે છે. જ્યારે દેવતાઓ દ્વારા કામ્યમાન પદાર્થોનો લાભ થાય છે, ત્યારે તે તેમનામાં આસક્ત બનીને તેથી પણ વધારે ને વધારે લાભને માટે પોતાની રજોગુણી પ્રવૃત્તિને વશ

બનીને, અધિકાધિક પ્રયત્ન કરતો રહે છે. लाभात् लोभः प्रवर्धते । અર્થાત્ લાભથી લોભ વધે છે, એ નિયમ છે, અને લોભ જ શાન્તિનું નિવારણ કરીને વધારે ને વધારે ઉદ્વેગનું કારણ બને છે. તેથી અમારાં વેદાદિ શાસ્ત્રોમાં પણ કામનાઓની પૂર્તિ માટે અનેકાનેક ઉપાયો બતાવ્યા છે, માટે વેદના એક લાખ મંત્રોમાં ૮૦ હજાર મંત્ર કર્મકાંડના છે, જેમાં કામીઓની કામનાઓનું આ પ્રકારે વર્ણન મળે છે–

'वसु च मे वसतिश्च मे कर्म च मे शक्तिश्च मेऽर्थश्च मे' व्रीहयश्च मे यवाश्च मे माषाश्च मे तिलाश्च मे मुद्गाश्च मे खल्वाश्च मे' गोधूमाश्च मे मसूराश्च मे यज्ञेन कल्पन्ताम् । ' महश्च मे क्रीड़ाश्च मे मोदश्च मे जातं च मे दीर्घायुत्वं च मेऽनमित्रं च मेऽभयं च मे सुखं च शयनं च मे सूषाश्च मे सुदिनं च मे यज्ञेन कल्पन्ताम् । '

(શુક્લ–યજુર્વેદ સંહિતા–અ. ૧૮)

મારે ધન જોઈએ, સુંદર ગૃહ જોઈએ, ધંધો રોજગાર જોઈએ, તેને કરવાનું સામર્થ્ય જોઈએ, અને તેના દ્વારા ઈષ્ટ અર્થનો લાભ જોઈએ. સુંદર સરસ ખાવા માટે મારે સારા ચોખા, જવ, અડદ, તલ, મગ, ચણા, ઘઉં, મસૂર વગેરે પર્યાપ્ત ખાદ્ય પદાર્થ જોઈએ. ઇન્દ્રાદિ દેવોની આરાધનારૂપ યજ્ઞ દ્વારા તે સર્વ અભિલષિત પદાર્થોનો લાભ મને જલ્દી સિદ્ધ થાઓ. શરીરની સુંદર કાન્તિ જોઈએ, મનોહારિણી સ્ત્રી જોઈએ, સુંદર ઉપવન વગેરે દ્વારા થનારી સુંદર ક્રીડા મારે જોઈએ, મારે દીર્ઘાયુષ જોઈએ, કારણ કે મારે જલ્દી મરવું નથી. મને બહુ સમય સુધી આરામપૂર્વક જીવવું પસંદ છે. મને કષ્ટ આપનાર શત્રુ મારે ન જોઈએ, પણ સુખ આપનાર મિત્ર જોઈએ. મને કોઈનાથી પણ, કોઈ પણ વખત, ક્યાંયે ભય ન હોવો જોઈએ. સદા સર્વત્ર મને સુખ જ મળવું જોઈએ. મારી રાત્રિની શય્યા પણ સુંદર અને મનને સંતોષ-

આપે તેવી હોવી જોઇએ. ઉષાવાળો પ્રાત:કાલ તથા સમગ્ર દિવસ પણ પ્રમોદ વધારનારા જોઈએ. આ સર્વ હું યજ્ઞ દ્વારા સંતુષ્ટ થનારા દેવોની કૃપા વડે પ્રાપ્ત કરવા ચાહું છું.

આ પ્રકારે ધન, યૌવન, યુવતી, પુત્ર, ઐશ્વર્ય વગેરે અનેક કામ્યમાન પદાર્થોના લાભ માટે વેદોના તે ૮૦ હજાર મંત્રોમાં યજ્ઞાદિ અનેકવિધ કર્મરૂપ ઉપાયોનું વર્ણન કર્યું છે. અમારો વેદ અમેરિકાની એક જંગી દુકાન જેવો છે. તેમાં એક પાઈની ક્ષુદ્ર ચીજથી માંડીને કરોડોના મૂલ્યનું રત્ન પણ મળે છે— વેચાય છે. જે જેવું માગે, તેને તેવું જ મળી જાય છે. વેદોની પાસે કોઈ આ લોકની કામના લઈને આવ્યો, તો તેની પૂર્તિ માટે તેવોજ ઉપાય બતાવ્યો. પરલોકની કામના લઈને આવ્યો, તો તેને તેવું જ સાધન બતાવી દીધું. કર્મના અધિકારી સર્વથી વધારે સંખ્યામાં હોવાથી, તેનું વર્ણન પણ વેદને વધારે કરવું પડ્યું. જે ચીજોને ખાનારા વધારે હોય, તે ચીજોને લોજવાળાઓને વધારે બનાવીને રાખવી પડે છે. કર્મકાંડ કરતાં ઉપાસના-કાંડના અધિકારી બહુ ઓછા છે. તેથી વેદોએ ઉપાસનાના વર્ણન માટે ૧૬ હજાર મંત્ર રાખ્યા. અને જ્ઞાનના અધિકારી અતિ અલ્પ હોવાને કારણે કેવળ ૪ હજાર મંત્રો જ જ્ઞાનના વર્ણન માટે નિયત કર્યા.

વર્તમાન સમયમાં આપ આપણા દેશની દશા જોઈ શકો છો કે-૧૦૦ વ્યકિતઓમાંથી મુશ્કેલીથી એક કે બે સત્સંગના પ્રેમી મળશે, જ્યારે ૯૯ વ્યકિતઓ સિનેમાના પ્રેમી હશે. તેથી આપને શહેરમાં સેંકડો સિનેમા-ભવન ઠેર ઠેર જોવા મળશે, અને સત્સંગ-ભવન એક કે બે મહામુશ્કેલીથી જોવા મળશે. સંસારમાં સારી વસ્તુ થોડી હોય છે, અને રદ્દી વધારે હોય છે. કાંકરાના-પત્થરના ઢગલે ઢગલા મળશે. પણ ઉજ્જવળ રત્નોની

બોરીઓ ભરેલી થોડી જ મહામુશ્કેલીએ મળશે. આ પ્રકારે સંસારિક કામનાઓમાં આસક્ત રહેનાર મનુષ્યો બહુ જ મળશે, પરંતુ નિષ્કામ ભક્ત-જ્ઞાની કોઈ એક વિરલો જ સદ્‌ભાગ્યથી મળશે. અને સાંસારિક કામનાઓ દ્વારા માનવ અનેક પ્રકારનાં કષ્ટો ભોગવતો છતાં તેમનો ત્યાગ નથી કરતો. તેનું વિયોગમય, દુઃખપ્રદ પરિણામ જાણતાં છતાં પણ તે સત્ય, આનંદનિધિ, પરમાર્થ વસ્તુ, ભગવાનના અન્વેષણ માટે પ્રયત્ન કરતો નથી. અંતમાં ધોબીનો કૂતરો નહિ ઘરનો ને નહિ ઘાટનો-એવી વાત તેને માટે બને છે. ન મળી માયા, ન મળ્યા રામ-ઇતો ભ્રષ્ટ, તતો ભ્રષ્ટ-થઈ જાય છે.

એક મદારી હતો. તેની પાસે પાંચ વાંદરા તથા પાંચ બકરીઓ હતાં. ડમરૂની ડુગડુગી બજાવીને લોકોની સામે તે તેમને ખૂબ નચાવતો હતો, અને અનેક પ્રકારનો અભિનય કરી તેમને રિઝાવતો હતો, અને તેમણે આપેલા રોટલાના ટૂકડા ખાઈને, મેલાં પુરાણાં વસ્ત્રો પહેરીને, તે પોતાનો નિર્વાહ ચલાવતો હતો. તેને માટે તે અનેક ગામોમાં તથા નગરોમાં પણ ઘૂમતો રહેતો હતો. એક દિવસ તે એક ગામથી બીજે ગામ જઈ રહ્યો હતો. વચ્ચે જંગલમાં એક રમણીય, એકાંત સ્થાન પર વિશાળ, ઘટાદાર વડ, પીપળ, લીમડો વગેરે વૃક્ષોની નીચે એક કૌપીનધારી મહાત્મા બેઠા હતા. તેમને તેણે જોયા. તે સૂર્યના તાપથી તથા ખૂબ ચાલવાથી થાકી ગયો હતો. જ્યારે તેણે એવી સુંદર છાયા તથા સાધુને જોયા, તો તેને પણ ત્યાં વિશ્રાંતિ કરવાનો વિચાર થઈ આવ્યો. તરત જ તેણે પોતાની વજનદાર ઝોળી ત્યાં મૂકીને, વૃક્ષોના મૂળમાં વાંદરાઓને તથા બકરીઓને બાંધીને, તે મહાત્માની પાસે બેઠો અને આરામ લેવા લાગ્યો.

મદારીને જોઈને મહાત્માએ પૂછયું-તું કયાં જઈ રહ્યો છે? આ વાંદરાં તથા બકરીઓને સાથે રાખીને તું શું કરે છે? મદારીએ કહ્યું-હું પાસેના એક નગરમાં જઈ રહ્યો છું. આમને લોકોની સામે નચાવું છું. અને તેનાથી હું મારો નિર્વાહ કરું છું. મહાત્માએ કહ્યું-ઠીક, તું આમને મારી આગળ પણ નચાવ. સરસ ખેલ બતાવ. મદારીએ વિચાર્યું-આ સાધુને નાચ બતાવવાથી શું મળશે? કારણ કે આમની પાસે એક લંગોટી અને એક વાંકા તુંબડા સિવાય બીજું કાંઈ નથી. એવો વિચાર કરીને તેમને રાખવા માટે તે કહેવા લાગ્યો-આમનો નાચ આપને દેખાડવા યોગ્ય નથી. છતાં પણ સાધુ મહાત્માએ કહ્યું-અરે, ગમે તેવો નાચ હોય, મને દેખાડ. વધારે નહિ, તો થોડો બતાવ. સાધુના બહુ આગ્રહથી તેણે ઈચ્છા ન હોવા છતાં વાંદરાં તથા બકરીઓનો થોડો નાચ બતાવ્યો.

નાચ બતાવ્યા પછી સાધુએ મદારીને કહ્યું-હવે હું તને નાચ બતાવ્યા બદલ કંઈક ઈનામ આપું છું. મારી સામે આવીને પલાંઠી મારીને બેસી જા, અને એક મિનિટ માટે આંખો બંધ કરી લે. મદારીએ વિસ્મયપૂર્વક તેમ કર્યું. આંખો ખોલ્યા પછી તેણે જોયું કે સાધુ ગાયબ, બકરીઓ-વાંદરા, ઝોળી-સર્વ ગાયબ! તે વિચાર કરી રહ્યો છે કે-આ શું થયું? એટલામાં બે ઘોડેસ્વારો તથા એક સુવર્ણની બનાવેલી અંબાડી-વાળો હાથી ત્યાં આવ્યા; અને તે મદારીને અંબાડીમાં બેસાડીને નગરમાં લઈ ગયા. ત્યાં તેને રાજ્યસિંહાસન પર બેસાડીને રાજાધિરાજ બનાવ્યો. તે ત્યાં રાજ્ય-ઐશ્વર્યનાં સુખોને ભોગ-વવા લાગ્યો. અનેક સુંદર રાજ-કુમારીઓ સાથે તેનું પાણિ-ગ્રહણ થયું. તેમનાથી તેને અનેક કુમાર તથા કુમારીઓ ઉત્પન્ન થયાં. વૈભવ-વિલાસોમાં તે એટલો ગરક થઈ ગયો કે-હું કોણ

હતો ? અને શું થઈ ગયો ? કોની કૃપાનું આ ફળ છે ? આ બધું તે ભુલી ગયો. અધર્મ તથા અનીતિથી તે પોતાનો ખજાનો ભરવા લાગ્યો. અનેક લડાઈઓ કરીને, લાખોનું ખૂન વહાવીને, તે પોતાના રાજ્યને વધારવા લાગ્યો. તેણે પોતાની માનવતાને પણ તિલાંજલિ આપી દીધી. માનવને બદલે તે પૂરો દાનવ બની ગયો. એક દિવસ તે કોઈ બીજા રાજ્ય ઉપર આક્રમણ કરવા માટે એક મોટી સેના લઇ ને જઈ રહ્યો હતો. તેને માર્ગમાં તે જ જંગલ, તથા તે જ સાધુ મહાત્મા તે વૃક્ષોની છાયામાં બેઠેલા દેખાયા. તરત જ તેને પૂર્વાનુભવની સ્મૃતિઓ જાગી ઊઠી. અને તે શીઘ્ર હાથી પરથી ઉતરી પડયો, અને કૃતજ્ઞતાના નિવારણ માટે સાધુની પાસે જઈને તેણે નમસ્કાર કર્યા. સાધુએ હસીને પૂછયું–મદારી રાજા ! કેમ છે ? શું કરી રહ્યા છો ? તેણે નમ્રતાપૂર્વક કહ્યું.–આપની કૃપાથી બહુ સારું છે. પરંતુ આ વખતે મારી એક ખાસ અભિલાષા છે કે જે રાજાને હું હરાવવા માગું છું તે બહુ બળવાન છે. તેથી આપના આશીર્વાદ માગું છું કે–હું તેને જલ્દી હરાવું અને તેનું સમસ્ત રાજ્ય પ્રાપ્ત કરી લઉં.

સાધુ મહાત્માએ હસીને કહ્યું–ઠીક, અત્યારે તું તે માગે છે ? અહીં તેને માટે મારી સામે પલાંઠી મારીને સીધો બેસી જા, અને એક મિનિટ માટે આંખો બંધ કરી દે. સાધુના આદેશ અનુસાર તેણે તેમ જ કર્યું. પછી આંખો ખોલીને જુવે છે, તો હાથી ગાયબ, સેના ગાયબ, સાધુ પણ અંતર્ધાન ! તે જ પાંચ વાંદરાં તથા પાંચ બકરીઓ બાંધેલી નજરે પડી. હવે તે પોતાને રાજાને બદલે ફાટેલાં મેલાં કપડાં પહેરેલો મદારી જ જોવા લાગ્યો. તેને બહુ સખેદ આશ્ચર્ય થયું. અરે, આ શું થઈ ગયું ? હું તો જેવો હતો તેવો જ રહી ગયો ! વચ્ચે મેં

સ્વપ્ન જેવો તમાસો શો જોયો ? તે પોતાના રાજ્ય-ઐશ્વર્યને તથા રાણી વગેરે પરિવારને યાદ કરી રોવા લાગ્યો. તે સમયે તે સાધુ મહાત્મા ત્યાં પ્રગટ થઇને કહેવા લાગ્યા-અરે મદારી! કેમ રડે છે ? તારો થોડાક જ નાચ બતાવવાનું તે ઇનામ હતું. તેની અવધિ હવે ખતમ થઈ ગઈ. હવે તું રડવાનું છોડી દે. તારૂં તે સર્વ હવે કંઈ રહ્યું નથી. તારો રસ્તો પકડ. વાંદરાં તથા બકરીઓને નચાવીને, ભીખ માગ અને પેટ ભર. એમ કહીને સાધુ મહાત્મા ગાયબ થઈ ગયા.

આ દૃષ્ટાંતનું દાર્ષ્ટાન્તિક આ પ્રકારે છે. મદારી તે જીવાત્મા છે. ચક્ષુ વગેરે પાંચ જ્ઞાનેન્દ્રિયો પાંચ વાંદરાં છે. હસ્ત વગેરે પાંચ કર્મેન્દ્રિયો પાંચ બકરીઓ છે. જે પ્રકારે બકરીઓ કરતાં વાંદરાં વધારે ચંચળ હોય છે. તે પ્રકારે કર્મેન્દ્રિયો કરતાં જ્ઞાનેન્દ્રિયો વધારે ચંચળ હોય છે. તે વિવિધ પ્રકારની કામનાઓરૂપી ડુગડુગી વગાડીને લોકરૂપી વિષયો સમક્ષ જ્ઞાનેન્દ્રિયો તથા કર્મેન્દ્રિયોને અનવરત-સતત નચાવતો રહે છે. તે અનેક યોનિઓમાં ભટકતો, પ્રારબ્ધ અનુસાર થોડાક કામ્યમાન, તુચ્છ, પદાર્થોને પ્રાપ્ત કરીને પણ, તેની અસંખ્ય કામનાઓની પૂર્તિ ન થવાને કારણે, સદા દીન, હીન તથા કંગાલ જ બન્યો રહે છે.

સાધુ મહાત્મા સર્વેશ્વર ભગવાન છે. સંસારની આધિ, વ્યાધિ તથા ઉપાધિઓથી ત્રાસીને, તે વિવિધ કામનાઓની પૂર્તિ જ લક્ષ્યમાં રાખીને. ભગવાનની પાસે જાય છે. ભગવાનમાં પ્રેમભાવ તથા આસ્થા ન હોવા છતાં પણ કંઈક મળવાની આશાથી તે પોતાની ઇન્દ્રિયોને નચાવે છે. પરંતુ સાથે સાથે તેમના પ્રત્યે અવિશ્વાસ પણ છે કે-એ મને શું આપશે ? સંશય પણ થાય છે કે-શી ખબર કે તે છે કે નથી ? આ પ્રકારે તેમનામાં વિશ્વાસ તથા ભક્તિ ન હોવા છતાં પણ ભગવાન તેની સકામ સેવાનું

પણ બહુ મોટું ફળ આપે છે. તેને કંગાલમાંથી મહારાજા બનાવી દે છે. એટલી મોટી સંપત્તિ તથા ઐશ્વર્ય પ્રાપ્ત કરીને તે ઉન્મત્ત બની જાય છે, વિષયભોગ-વિલાસોમાં આસક્ત બની જાય છે, ધર્મ તથા પરોપકારને બદલે અધર્મ તથા પરાપકાર કરતો રહે છે, તૃષ્ણા તથા આસુરી સંપત્તિના ચક્કરમાં પડીને સુખશાન્તિ તદ્દન ગુમાવી બેસે છે, સ્વપ્નમાં પણ તે ભગવાનને યાદ કરતો નથી. અંતમાં તેની સકામ સેવાના ફળનો અવધિ આવતાં—સમાપ્ત થઈ જતાં, તે કંગાલનો કંગાલ જ રહી જાય છે.

'सो परत्र दुःख पावहीं सिर धुनि धुनि पछिताय।
कालहिं कर्महिं ईश्वरहिं, मिथ्या दोष लगाय।'

માટે જ ભગવાને ગીતામાં કહ્યું છે કે **शान्तिमाप्नोति न कामकामी।** (૨, ૭૦)—સાંસારિક કામનાઓવાળો કદી શાન્તિ પ્રાપ્ત કરી શકતો નથી. વિવેક-વૈરાગ્ય વિના, થોડાક કામ્યમાન પદાર્થોનો લાભ થવા છતાં પણ તે મૂઢના હૃદયમાં કામનાઓની કોઈપણ દિવસ સમાપ્તિ થતી નથી. જેવી રીતે બદરીકેદાર—હિમાલયનો યાત્રી મુશ્કેલીથી એક પહાડ પર ચઢયા પછી તેનાથી પણ વધારે ઊંચો બીજો પહાડ જુવે છે, તેના પર ચઢયા પછી તેને ત્રીજો, ચોથો—એમ અનેક વધારે ને વધારે ઊંચા પહાડ નજરે પડે છે, ચારે બાજૂએ તે ઉન્નત શિખરોવાળા પર્વતો જ જુવે છે, તેમનો અંત આવતો નથી; તેવી રીતે કાળી મૂઢ માનવની કામનાઓનો કદી પણ અંત આવતો નથી. એક કામનાની પૂર્તિ મુશ્કેલીથી થતાં, બીજી દશ કામનાઓ ખડી થઈ જાય છે.

મનુષ્ય જ્યારે બચ્ચું હોય છે, ત્યારે તે ખેલવા કૂદવાની જ કામના રાખે છે. થોડો મોટો તથા સમજદાર થતાં તે પઢવાની તથા પાસ થવાની કામના રાખે છે. ભણ્યાગણ્યા પછી નોકરીની કે

ધંધા રોજગારની કામના રાખે છે. પછી સ્ત્રીની, પુત્રની વગેરે કામનાઓ રાખતો રાખતો, તેમના ચક્કરમાં જ ફસેલો, જીવન વ્યતીત કરે છે. અંતમાં મનની કામનાઓ મનમાં જ રહી જાય છે, અને તેના જીવનનો દીપ અકસ્માત બુઝાઈ જાય છે. તે દુનિયામાં હતો–ન હતો થઈ જાય છે. માટે કોઈ વિદ્વાન મહાત્માએ કહ્યું છે કે—

'मित्रं कलत्रमितरः परिवारलोको,
भोगैकसाधनमिमाः किल सम्पदो नः।'
एकः क्षणः स तु भविष्यति यत्र भूयो,
नेदं न यूयमितरे न वयं न चैते॥

એક ક્ષણ એવી આવશે, જ્યારે અમારો આ મિત્ર, અમારી આ સ્ત્રી, અન્ય પરિવારનાં લોક, તથા સુખ ભોગનાં સાધન–આ ધન, મકાન, વાહન વગેરે સંપત્તિઓ–કશું જ રહેશે નહિ. ન અમે રહીશું, ન તમે રહેશો, ન એ રહેશે, ન કશું પણ રહેશે. પછી તેમને હમારો પત્તો જ નહિ લાગે, અને અમને તેમનો પત્તો નહિ લાગે. ન અમે તેમને મળી શકીશું, ન તે અમને મળી શકશે. માનવ પ્રથમ અપરિચિત અંધકાર–સ્થાનમાંથી આવ્યો છે, અને સર્વ કાંઈ છોડીને ત્યાં જ છુપાઈ જાય છે.

આ પ્રકારે કામનાગ્રસ્ત માનવ વિવિધ યોનિઓમાં કર્મો અનુસાર ભટકતો ભટકતો, અનેકવિધ દુઃખોને ભોગવતાં છતાં કામનાઓનો પરિત્યાગ કરતો નથી; કારણ કે તેની પ્રકૃતિ જ કામનામય બની ગઈ છે.

'प्रकृतिं यान्ति भूतानि निग्रहः किं करिष्यति।'
(ગીતા ૩,૩૩)

અર્થાત્ સર્વ વિવેકહીન પ્રાણીઓ પ્રકૃતિના ફંદામાં એટલાં તો

ગરક થઈ ગયાં છે-કે જો તેઓ તેમાંથી છૂટવાનો કંઈક પ્રયત્ન કરે છે, તો પણ તેમનો પ્રયત્ન સફળ થતો નથી. તે દુર્દાન્ત, પ્રકૃતિ-રૂપ સ્વભાવનું નિયમન કરવું તેને માટે બહુ કઠિન બની જાય છે. સ્વભાવનો અર્થ છે જન્મજન્માતરીય, અભ્યસ્ત, વાસનાઓનો (સંસ્કારોનો) સમુદાય! તે જ ભાવિ જન્મોના જીવનના નિયામક બની જાય છે. આ શુભાશુભ સ્વભાવથી જ નિયંત્રિત બનીને પ્રાણી તેને અનુકૂળ શુભાશુભ ચેષ્ટાઓ કરતો રહે છે. તેથી તે મૂલરૂપ પરમાત્માને છોડીને શાખા, પ્રશાખા, પલ્લવ વગેરે રૂપી ક્ષુદ્ર દેવતાઓનું, વિવિધ સાંસારિક કામનાઓની પૂર્તિ માટે, ભજન કરતો રહે છે.

માનવશરીરનો ઉદ્દેશ છે મોક્ષપ્રાપ્તિ. તે વિવેકાદિ સાધનોનું ધામ તથા મોક્ષનું દ્વાર છે. મૂઢ માનવ સાંસારિક અનેકવિધ કામનાઓના ફંદામાં ફસીને તેના ઉદ્દેશ્યને ભૂલી જાય છે, લાભને બદલે હાનિ ઊઠાવે છે. અમૂલ્ય હીરાને છોડીને કોડીઓનો સંગ્રહ કરે છે. અનેક જન્મ જન્માંતરોનાં પુણ્યોના યોગથી આ જીવાત્માને તે મહાન ઉદ્દેશની સિદ્ધિ માટે મહામુશ્કેલીથી માનવ નગરીનું રાજ્ય મળ્યું છે. તે માનવ નગરી બહુ જ સુંદર તથા દુર્લભ છે. સમસ્ત શાસ્ત્રોએ તથા નિખિલ મહાત્માઓએ તેના મહિમાનાં ગુણગાન મુક્ત કંઠે કર્યાં છે; દેવતાલોક પણ તેમાં નિવાસ કરવા માટે તરસે છે. સર્વ જીવોને માટે તેમાં રહેવું કંઈ સહેલું નથી. ત્યાં સુધી પહોંચવા માટે બહુ લાંબો રસ્તો કાપવો પડે છે. રસ્તામાં ચાલતાં ચાલતાં હજારો વર્ષ વીતી જાય છે. તે ચોરાસી લાખ યોનિઓના અતિ લાંબા રસ્તામાં જે જે કષ્ટો તથા ક્લેશોનો અનુભવ થાય છે, તેનું વર્ણન થઈ શકતું નથી. કિંતુ તેને ભક્તભોગીનું હૃદય જ મૂક ભાષામાં જાણે છે. તે દીર્ઘ રસ્તાની યાત્રા મહાકઠોર છે. તેમાં કોઇપણ

જીવ થોડોક વિશ્રામ લેવા માટે પણ અટકી શકતો નથી. રોતાં, ચીસો પાડતાં, મરતાં, ખપી જતાં, તેને–સર્વને આગળ ને આગળ ચાલવું પડે છે. તે રસ્તા પર ચાલનાર યાત્રી એક કદમ પણ પાછું ભરી શકતા નથી. રાજા, રંક, ધનિક, નિર્ધન, વિદ્વાન, મૂર્ખ—સર્વની સાથે એક સરખો જ વર્તાવ કરવામાં આવે છે. કોઇ પણ હાલતમાં પક્ષપાત કરવામાં આવતો નથી.

મહાકષ્ટ ઊઠાવીને, અસંખ્ય વર્ષો પછી, આ માનવ નગરીમાં પહોંચતાં છતાં તેનો મહિમા સર્વ કોઈને સમજાતો નથી. સર્વ તેનો લાભ ઊઠાવી શકતા નથી, સર્વ તેના મહાન ઉદ્દેશને જાણી શકતા નથી. લાખો તથા કરોડોમાં કોઇ વિરલો જ તેનો મહિમા જાણીને તેનો પૂરો લાભ ઊઠાવે છે. સાધારણ લોક તો તેને બહુ જ નાનો બતાવે છે. તેઓ કહે છે કે–આ રાજ્ય કુલ સાડાત્રણ હાથ જ લાંબું છે. તત્ત્વદર્શી મહા પુરુષો તેમની તેવી વાત સાંભળીને હસે છે. તેઓ કહે છે કે–વામન ભગવાને જ્યારે બલિ રાજા પાસેથી સાડાત્રણ પગલાં પૃથ્વી માગી હતી, ત્યારે બલિરાજાને વામન ભગવાન બાવન આંગળના નાના જ દેખાતા હતા. તે બલિરાજાનું અજ્ઞાન હતું. વામન ભગવાનના મહિમાને તે જાણતો નહતો. તેથી તેને ઠગાવું–છેતરાવું પડ્યું. સજ્જનો! તમે માનવ નગરીના મહિમાને તત્ત્વદર્શી ગુરુની પાસેથી સમજો, ધોકામાં ન રહો. નહિ તો બલિરાજા કરતાં પણ વધારે નીચે જવું પડશે. આ માનવ નગરીનો વિસ્તાર એટલો મોટો છે કે ત્યાં સંસારની તમામ વસ્તુઓ તેમાં મળી શકે છે. ઊંચા તથા નીચા–સમસ્ત લોકોના માર્ગ તેમાંથી જ નીકળે છે. સારા સંસારની જો અદ્‌ભુત રચના છે, તો તે આ માનવ નગરીમાં છે. તેથી તત્ત્વદર્શી મહાત્માઓ કહે છે કે–યઃ પિણ્ડે સ બ્રહ્માણ્ડે! જે રચના પિંડમાં–શરીરમાં છે, તે જ

સકલ બ્રહ્માંડમાં છે. તેના દેવગિરિ પર્વતના શીર્ષ-શિખર પર ચઢીને મનુષ્ય સમસ્ત જગતની ટોચે પહોંચી જાય છે, ત્યાં તે તમામ દુઃખોથી રહિત બનીને મહાન આનંદને પ્રાપ્ત થાય છે.

જો કે આ માનવનગરીમાં જે જે ઘૂસે છે, તે સર્વ રાજા બને છે, સંસારના બીજા જીવો તેની આજ્ઞામાં રહે છે, સેવા કરે છે; જડ પદાર્થો ઉપર પણ તેની હકૂમત ચાલે છે; છતાં જેની પાસે જ્ઞાનશક્તિ હોતી નથી, તેને રાજામાંથી રંક, દીન તથા દાસ બનવું પડે છે, અને અંતે કાળગઢીની જેલમાં તેને બળજબરીથી ધકેલી દેવામાં આવે છે.

માનવનગરીના એક પ્રમાદી રાજા અબોધસિંહનો વૃત્તાન્ત આ પ્રકારે છે.

અબોધસિંહે અનેક કષ્ટ ઊઠાવીને, લાંબી મુસાફરી કરીને સૌભાગ્યવશ જ્યારે કાયા-મહેલના દ્વાર પર પગ મૂકયો; ત્યારે આપારામે (અભિમાનસિંહે) આગળ આવીને તેનો બહુ જ આદરસત્કાર કર્યો. મદવાટિકાનાં અહં-મમરૂપી સુંદર ફુલોનો હાર તેને પહેરાવ્યો, અને મોહરૂપી ગજરો (ફુલોનો ગુચ્છ) તેની સામે રાખ્યો. પછી તેણે હાથ જોડીને સ્વાગત કરતાં કહ્યું-પધારો, રાજન્! આ માનવ નગરીનું રાજ્ય આપનું છે. આપ તેના અધિપતિ છો, તે આપ સોળેય આના આપનું જ સમજજો. તે સદા આપની સાથે રહેશે. એટલામાં તેની પાછળ ઊભા રહેલા, જેમનું પ્રધાન કર્તવ્ય સત્ય તત્ત્વનો ઉપદેશ આપવો-તેજ હતું, તેવા સત્યતીર્થ સ્વામીએ કંઈક કહેવા માટે પોતાનું મુખ ઊઘાડયું. પણ તરત જ આપારામે તેમના મુખ પર પોતાનો હાથ મૂકયો, જેથી તે બોલતા બંધ થઈ ગયા. પછી નવીન રાજા અબોધસિંહને આપારામે માનવનગરીની અચ્છી સૈર કરાવી. ઈન્દ્રિયદ્વારો વડે વિષય-વાટિકામાં પ્રવેશ કરીને

તેની મનમોહક સુગંધ પર તથા સૌન્દર્ય પર રાજા સર્વભાવે ન્યોછાવર થઈ ગયો. અબોધસિંહને માનવનગરી બહુ જ સુહાવની લાગી. તે તેના રોમ-રોમ પર પ્રસન્ન બની ગયો. જે આપારામે આવી સુંદર નગરી બતાવી, તેની સાથે રાજાનો બહુ જ ગાઢ પ્રેમ થઈ ગયો. નગરી સાથે બંને એકજીવ બની ગયા, દૂધ અને પાણીની પેઠે મળી ગયા. કોઈ તેમને અલગ અલગ જોઈ શકતું નહિ.

રાજ્યનો પૂરો અધિકાર મળતા પહેલાં, કેટલાક દિવસો પહેલાં અબોધસિંહનું લગ્ન બુદ્ધિકુમારી સાથે માનવનગરીના રિવાજ પ્રમાણે, વરવહુની રુચિ-અરુચિ જોયા વિના જ કરવામાં આવ્યું હતું. પરિણામ એ આવ્યું કે-બંનેમાં જેટલો પ્રેમ હોવો જોઈએ, તેટલો ન થયો. રાજા નવીન સભ્યતાનું પ્રમાદી પૂતળું હતો, ઉચ્છૃંખલ તથા વિલાસી હતો. તેથી તે હૃદય-મહેલમાં (અંતર્મુખ) રહેવાનું પસંદ કરતો નહિ. તેથી તેણે બુદ્ધિકુમારી તરફ આંખ ઊંચી કરીને જોયું જ નહિ. બુદ્ધિકુમારી પણ એ જ કહેતી હતી કે-જ્યારે તેને જરૂર પડશે, ત્યારે તે પોતે જ મને બોલાવશે, સ્ત્રીઓ પુરુષની આગળ આગળ નથી ચાલતી, તેની પાછળ-પાછળ જ જવું તેમને માટે ઉચિત છે. તેથી તે હમેશાં રાજાની પાછળ જ રહેતી હતી, રાજાએ પાછું ફરીને તેની સામે કદી જોયું જ નહિ. તેથી તેણે કદી પોતાના શણગાર પણ સજ્યા નહિ.

કેટલાક મૂઢ લોકો કહેતા હતા કે-રાણી બુદ્ધિકુમારીમાં સુંદરતા નથી. તેથી તો રાજા તેની તરફ જોતો નથી. પણ તત્ત્વદર્શી, જ્ઞાનવાન, મહાપુરૂષોને રાણી બુદ્ધિકુમારી બહુજ સુંદર તથા સાક્ષાત્ સરસ્વતી સમાન પ્રતિભાસંપન્ન દેખાતી હતી. તેઓ કહેતા હતા કે-જો રાજા અબોધસિંહે પોતાની રાણી

બુદ્ધિકુમારીનો યથોચિત આદર સત્કાર કરીને, તેનું સેવન કર્યું નથી, તો રાજાને મહાદુઃખ ભોગવવું પડશે. અંતમાં એવું જ બન્યું. રોજ રોજ તેના મસ્તક પર નવી નવી વિપત્તિઓ આવીને તાંડવનૃત્ય કરવા લાગી.

કારણ એ હતું કે આપારામે પોતાના જ્યેષ્ઠ પુત્ર કામરાયની ખૂબ પ્રશંસા કરીને, તેની મંત્રીપદ માટે ખૂબ સિફારસ (ભલામણ) કરી. બુદ્ધિશૂન્ય રાજાએ તેને પોતાનો મંત્રી બનાવ્યો. થોડા જ સમયમાં કામરાયે રાજાને પોતાને વશ કરી લીધો. કામરાયની વાસનાદેવી અને ઇચ્છાદેવી નામની બે પુત્રીઓ હતી. તેમને જોતાં જ રાજા એવો મોહિત થઇ ગયો કે તે પોતાની રાણી બુદ્ધિકુમારીને તદ્દન ભૂલી ગયો. રાજા પર તે બે કુમારીઓએ મોહનો અજબ અંધારપિછેડો નાંખ્યો. રાજા તેમના હાથમાં પૂતળા પેઠે નાચવા લાગ્યો. તેઓ જેમ ચાહતી, તેમ તેઓ તેની પાસે કરાવતી. રાતદિવસ તેની પાછળ જ લાગી રહેલી હતી. રાણી બુદ્ધિકુમારીએ કેટલીયે વાર પોકારી–પોકારીને કહ્યું કે– તેમની જરા પણ વાત સાંભળશો નહિ. તેમને જરા પણ મુખ બતાવશો નહિ. નહિ તો બદનામ થઈ જશો, ઘોર દુઃખસાગરમાં પડશો. કંઈક મારી પણ વાત સાંભળતા રહો. આખરે હું તમારી સાધ્વી રાણી છું. તે તો વ્યભિચારિણી–પુંશ્ચલી વેશ્યાઓ છે. તમારું સર્વસ્વ લૂંટી લેશે. મારો ત્યાગ કરીને તમે સુખે સૂઈ શકશો નહિ. જ્યારે જ્યારે બુદ્ધિકુમારી રાજાને કંઈક કહેવાનો પ્રારંભ કરતી હતી, ત્યારે ત્યારે પેલી દુષ્ટાઓ વિષયભવનમાં નાચતી હતી અને ભોગવિલાસનાં અશ્લીલ ગીત ગાયા કરતી હતી. પોતાના હાવભાવથી તથા કટાક્ષોથી તેમણે રાજાનું ચિત્ત એવું તો મોહિત કરી દીધું હતું, કે તે બુદ્ધિકુમારીની કશી જ વાત સાંભળી શકતો ન હતો. બુદ્ધિકુમારી થાકીને ચૂપ થઈ જતી

હતી. ધીમે ધીમે તેણે રાજાનો સાથ પણ ત્યજી દીધો. હવે તે રાજાથી અનેક કોશ દૂર રહેતી હતી, જાણે કે રાજાની દૃષ્ટિથી તે નષ્ટપ્રાય થઈ ગઈ હોય.

માટે જ આનંદકંદ ભગવાને ગીતામાં બરાબર જ કહ્યું છે કે—

'ध्यायतो विषयान्पुंसः संगस्तेषूपजायते। संमोहात्स्मृतिविभ्रमः, स्मृतिभ्रंशाद् बुद्धिनाशो, बुद्धिनाशात् प्रणश्यति॥

(૨,૬૨-૬૩)

વિષયોનું નિરંતર ચિંતન કરનાર મનુષ્યની વિષયોમાં આસક્તિ (પ્રબલ ભોગેચ્છા) થાય છે. સંમોહથી શુભાશુભ ગંતવ્ય પથવિષયની સ્મૃતિશક્તિ નાશ પામે છે. અને સ્મૃતિનાશથી બુદ્ધિનો નાશ થાય છે. બુદ્ધિનાશથી મનુષ્યનો સર્વનાશ થાય છે.

બુદ્ધિકુમારીના ભાગી જવાથી ઇચ્છાદેવી તથા વાસનાદેવી પોતાની મરજી મુજબ કરવા લાગી. હવે તો તેમણે ખુલ્લેખુલ્લું તાંડવનૃત્ય કરવા માંડ્યું, અને અબોધસિંહને વાંદરાની પેઠે નાચ નચાવ્યો. તે દિવસ-રાત તેમની આંગળીના ઈશારા પર નાચતો હતો. તેમના વિના તેમને પલવાર પણ ચેન પડતું નહિ. હવે નાચતાં નાચતાં રાજા થાકીને બેસી જતો હતો. ત્યારે તેઓ પોતાની સખી આશાદેવીને મોકલીને, તેને ફોસલાવીને, ફરી નાચવા માટે ખડો કરી દેતી હતી. આશાના દર્શનમાત્રથી રાજાની સર્વ શિથિલતા દૂર જઈ જતી હતી, અને તે કમ્મર કસીને આશાનો પાલવ પકડીને, ઇચ્છા અને વાસનાની પાછળ દોડવા માંડતો હતો. આશાદેવીનો મહિમા અપાર છે. તેના દર્શનમાત્રથી બૂઢો જુવાન જેવો, રોગી નીરોગી જેવો, નિર્ધન ધનિક જેવો, હારેલો જીતેલા જેવો બની જાય છે. આશાદેવી તેને આશ્વાસન આપતી કહેતી હતી કે-તું આટલો નિરાશ કેમ થાય છે? અમુક દેવતાની તું પૂજા કર. તેની કૃપાથી તારા

સઘળા ઈષ્ટ મનોરથો પૂર્ણ થશે, સર્વ કષ્ટ દૂર થશે. તે દેવતા બહુ દયાળુ છે. તે પોતાના ભક્ત પર જલ્દી પ્રસન્ન થાય છે. જો, અમુક વ્યક્તિ પર તે પ્રસન્ન થયા હતા. તેમણે તેનાં સર્વ દુઃખો તથા દારિદ્ર દૂર કર્યાં હતાં. તું પણ શ્રદ્ધાપૂર્વક તેમનું આરાધન કર. તેમને પ્રસન્ન કરવા માટે અમુક અમુક નિયમો ધારણ કર, અમુક પ્રકારનાં વ્રત–ઉપવાસ કર. તેમનો વિશ્વાસ રાખ. તેમની સ્તુતિ કર. તેમના નામનો જપ કર. તે તને અવશ્ય સહાય કરશે. તારા દુર્બળ શરીરને તે સબળ બનાવશે. શિથિલ ઈન્દ્રિયોને સશક્ત બનાવશે. ઘડપણ દૂર કરી દેશે. તને જુવાન અલમસ્ત બનાવી દેશે. ઉપભોગની સમગ્ર સામગ્રીઓનો ઢગલો કરી દેશે. સ્વર્ગીય સુખ આપશે. આ પ્રકારે તે મૂઢ અબોધસિંહ આશાદેવીનું આશ્વાસન પ્રાપ્ત કરીને, કરમાયેલો હોવા છતાં પણ તાજોમાતો બની જતો હતો. શિથિલ જીવોને ઉત્સાહ આપનાર આ સંસારમાં આશા સમાન બીજું કોઈ નથી સારો સંસાર તેનો સહારો કરીને જ જીવે છે, તેની તરફ દોડે છે. પરંતુ આશ્ચર્યની વાત તો એ છે કે તેને મેળવતું કોઈ નથી.

જ્યારે અબોધસિંહ ઈચ્છા, વાસના તથા આશા દેવીઓનો પૂરો ગુલામ બની ગયો, ત્યારે કામરાય માનવ–નગરીનું સ્વતંત્રરૂપે શાસન કરવા લાગ્યો. તે પોતાને રાજા માનવા લાગ્યો. અસલી રાજા અબોધસિંહ પોતાની બેવકૂફીથી તેનો દાસ બની ગયો. હવે તો કામરાય જે ચાહતો હતો, તે જ થતું હતું. બીજા કોઈની વાત સાંભળવામાં આવતી ન હતી. તેથી રાજાના પરમગુરુ સત્યતીર્થ સ્વામીએ પણ દરબારમાં આવવું છોડી દીધું હતું. તે આ દુર્દશાગ્રસ્ત રાજધાનીથી બહુ દૂર એકાંત જંગલમાં રહ્યા કરતા હતા.

એક દિવસ માયા નટની ખૂબ સુસજ્જ બનીને રાજદરબારમાં ઘૂસી ગઈ. અને તે વિવિધ રાગોથી ગાવા તથા નાચવા લાગી. પહેલાં તો તે સત્યતીર્થ સ્વામીના પ્રભાવથી રાજમહેલ તરફ જોવા સુદ્ધાં પામતી ન હતી. રાજા તેના નાચગાનથી એટલો તો મુગ્ધ બની ગયો કે તે પોતાને સર્વથા ભૂલી ગયો. માયા નટની પણ નાચમાં એવી તો મસ્ત બની ગઈ કે પાસે જ બેઠેલા મર્યાદાધ્યક્ષ સરદાર શીલદેવ ઉપર તે પડી. તેનાથી તેમને ચોટ લાગી, અને તેમની નાની દીકરી લજ્જા–જે તેમના ખોળામાં બેઠી હતી, તે બેહોશ થઈ ગઈ. એવું જોઈ ને સરદાર શીલદેવે ઊઠીને માયાને દબડાવી, ફિટકારી. પરંતુ માયાનટની ઉપર બહુ સ્નેહ રાખનાર સેનાપતિ કોપસિંહ તથા તેના ભાઈ કલહસિંહ તથા મત્સરસિંહ વગેરેને બહુ ખોટું લાગ્યું. તે બધા તલવાર ખેંચીને શીલદેવને મારવા દોડયા. શીલદેવ પોતાની બેહોશ પુત્રી લજ્જાને લઈને ત્યાંથી ભાગી ગયા. જો બુઢ્ઢી દયાબાઈ વચ્ચે ન પડત, તો શીલદેવ તેમનાથી બચીને કદાપિ ભાગી જઈ શક્ત નહિ. તેથી રાજા અબોધસિંહ દયા પર નારાજ થયો, અને તેણે હુકમ કર્યો કે–આ બુઢ્ઢીનું ગળું દબાવી દો. તેણે અમારા સેનાપતિના પંજામાંથી શત્રુને ભગાડી મૂકયો છે. હુકમ છૂટતાં જ કોપસિંહ વગેરે દયાને મારવા દોડયા, અને પકડીને તેના ગળામાં તેમણે ફાંસી નાંખી. પણ સદ્‌ભાગ્યને લીધે ફાંસી તૂટી ગઈ, અને દયા ત્યાંથી રફુચક્કર થઈ ગઈ.

માયાનો નાચ દેખીને અબોધસિંહ બહુ પ્રસન્ન થયો. તેથી તેણે પોતાના કોષાધ્યક્ષને–સંતોષનાથને હુકમ કર્યો–કે બધો ખજાનો આ માયાને ઈનામમાં આપી દો. સંતોષનાથે ખજાનાની ચાવી ફેંકીને કહ્યું, કે–ખજાનામાં કશું પણ નથી રહ્યું. તમારો ખજાનો તો ઘણા દિવસોથી ઉજ્જડ થઈ ગયો છે. તે સાંભળીને

અબોધસિંહે આંખો કાઢીને પોતાનો રોષ પ્રગટ કર્યો. ત્યારે સંતોષનાથે ત્યાંથી ચાલ્યા જવામાં જ શાણપણ માન્યું.

આ પ્રકારે શીલદેવ, સંતોષનાથ, બુદ્ધિકુમારી, લજ્જાકુમારી, દયાદેવી વગેરે રાજધાની છોડીને સત્યતીર્થ સ્વામીની ઝુંપડીએ જઈ પહોંચ્યાં. ત્યાં તે બેઠાં પણ નહિ હોય, અને એટલામાં શીલદેવની બહેન મર્યાદાદેવી પણ હાંફતી તથા કાંપતી ત્યાં દોડી આવી. તેણે કહ્યું–કે માયાનો નિર્મર્યાદ નાચ જોઈને મેં તેને કાંઈક કહ્યું; એટલે તૃષ્ણાદેવીએ મારી સાડી ફાડી નાંખી, અને જ્યાં તે મને મારવા માટે તૂટી પડી કે તરત જ હું ત્યાંથી છટકી જઈને ચાલી નીકળી.

સત્યતીર્થ સ્વામીએ સૌને ધૈર્ય આપી બેસાર્યાં, અને કહ્યું કે–હવે માનવનગરીના રાજ્યનો નાશ થવાનો સમય બહુ જ પાસે આવ્યો છે. આ તેનાં લક્ષણ છે–विनाशकाले विपरीतबुद्धिः ।

સ્વામીજીનું કહેવું સાચું જ નીકળ્યું. માનવનગરીનાં સર્વ ચક્ષુ આદિ ઇન્દ્રિય–દ્વારોને કામરાયે જીર્ણશીર્ણ કરી નાંખ્યાં. હૃદય–ભવનમાં પ્રતિદિન ક્રોધાગ્નિભભુકતો જ રહેતો હતો. શાન્તિવર્ષા તો કદાપિ થવી પામતી જ નહિ. તેથી રાજા અબોધસિંહ મહા અશાન્ત તથા દુ:ખી રહેવા લાગ્યો. તેના સર્વ અધિકારો નોકરોએ છિનવી લીધા. તેઓ જ તેના સ્વામી બની ગયા, અને તે તે સર્વ નોકરોનો ગુલામ બની ગયો.

માટે જ 'બોધસાર' નામના ગ્રંથમાં નરહરિ સ્વામીએ કહ્યું છે કે–

आत्मभूपतिरयं पुरातनः पीतमोहमदिरामदाकुलः ।
किङ्करस्य मनसोऽपि किङ्करैः, इन्द्रियैरहह किङ्करीकृतः ॥

આ પુરાતન જીવાત્મા માનવનગરીનો રાજા છે. તેણે મોહ–મદિરાનું પાન કર્યું, અને તેથી તે મહોન્મત્ત થઈ ગયો. અર્થાત્ પોતાનું ભાન ભૂલી ગયો. હું કોણ છું ?–તેની સુધબુધ ખોઈ

બેઠો. મનીરામ તેનો નોકર હતો, તથા તેની નોકરાણીઓ ઇન્દ્રિયો હતી. તેમણે બધીએ તે રાજાને પોતાનો નોકર બનાવી દીધો. અર્થાત્ જે સર્વનો સ્વામી હતો, તે પોતાના સ્વામીપણાને ભૂલીને સૌનો દાસ-નોકર બની ગયો.

નેત્રરામ દ્વારપાલ પોતાની મોજને જ જોતો હતો. જેને તે ચાહતો, તેને અંદર ઘુસવા દેતો હતો. તે ભલાબૂરાનો કશો ખ્યાલ જ રાખતો નહિ. પરિણામ એ આવ્યું કે-માનસમહેલમાં ગુંડાઓની, બદમાશોની, લુચ્ચાઓની ભીડ સદા લાગી રહી, અને ભલા લોકોનો ગુજારો ત્યાં કદાપિ થતો નહિ. શ્રવણસિંહ કિલ્લેદાર પણ પોતાની મોજની જ વાતો સાંભળતો હતો. તેને પણ ભલાબુરાનું ભાન રહ્યું નહિ, તેથી ત્યાંથી પણ બહુ લુચ્ચા-લફંગાઓ ઘુસીને માનસ-મહેલમાં ઉપદ્રવ મચાવવા લાગ્યા. વધારે તો શું ? રસના રસોઇઓ પણ પોતાની મનપસંદ ક્રિયા કરતો હતો. જેનાથી તેને રસાસ્વાદ મળતો હતો, તે જ ભોજનસામગ્રીનું તે ગ્રહણ કરવા લાગ્યો. પણ બિચારો ઉદરમલ્લ ભંડારી હમેશાં બૂમો પાડયા જ કરતો હતો કે-એ રસોઈઆજી! આવું ગમે તેવું ભોજન અહીં ન મોકલો. આ બધું વિષનું કામ કરે છે. તેનાથી નાના પ્રકારના વિકાર તથા રોગો ઉત્પન્ન થાય છે. મોજ ઉડાવો તમે, અને કષ્ટ ઉઠાવવું પડે અમારે! એ કયાંનો ન્યાય ? પણ તે ગરીબનું કોઈ સાંભળતું નહિ. મસ્તાના રસોઈઆને તો પોતાની જ મોજની-રસાસ્વાદની પડી હતી.

આ પ્રકારે માનવ-નગરીમાં સર્વ તરફથી ગરબડ મચવા લાગી. માનસ—ભવન તો બદમાશોનો પ્રધાન અડ્ડો બની ગયું. રાજા અબોધસિંહને તેથી બહુ કષ્ટ થવા માંડયું. રોજરોજ રાજ્યની અવનતિ થતી ગઈ. રક્ત-સરોવર પ્રતિદિન સૂકાતું ચાલ્યું. તેનાથી સમગ્ર રાજ્યની સિંચાઈ થતી હતી, તમામ

રાજ્ય લીલુંછમ રહેતું. હતું. કેશકુંજ પણ રંગ વગરનું બની ગયું, અને ધીમે ધીમે ઉજ્જડ બનવા લાગ્યું. તેનાથી રાજ્યની શોભા હતી. ત્વચા–ભૂમિ પણ ઉજ્જડ બની ગઈ, તથા અદર્શનીય બનવા લાગી. તે પહેલાં તો દર્પણની પેઠે ચમકતી, સમતલ તથા રેશમ જેવી કોમળ હતી. દંત–કિલ્લો ધીમે ધીમે તૂટવા લાગ્યો. ચોકીદાર, કિલ્લેદાર, દ્વારપાલ વગેરે પણ પોત-પોતાનું કામ છોડીને ચાલ્યા ગયા. આ પ્રકારે રાજાનો સમસ્ત રક્ષકગણ તો ત્યાંથી ચાલ્યો ગયો. પરંતુ તેને દુઃખ તથા કષ્ટ પહોંચાડનાર કામરાય, કોપસિંહ, વાસનાદેવી, તૃષ્ણાદેવી વગેરે સર્વ ત્યાં કાયમ રહ્યાં, અને તે પહેલાં કરતાં પણ દિન પ્રતિદિન અધિક બળવાન બનતાં ગયાં.

એક સમયે અબોધસિંહને પોતાની પરાધીનતા તથા દુઃખભરી દુર્દશા પર બહુ અફસોસ થયો, અને તે સુખશાન્તિની ખોજમાં ફરવા લાગ્યો. ફરતો ફરતો સૌભાગ્યવશ તે સત્યતીર્થ સ્વામીની ઝુંપડી પાસે આવી પહોંચ્યો. થાકીને તે ત્યાં બેસી ગયો, અને પોતાનાં કષ્ટો વડે રોવા લાગ્યો. રડવાનો અવાજ સાંભળીને સ્વામીજી ઝુંપડી બહાર આવ્યા, અને તેને આશ્વાસન આપ્યું. અબોધસિંહે પરમ શાન્ત, પ્રસન્ન તથા તેજસ્વી મૂર્તિનું દર્શન કર્યું. તે પોતાને ધન્ય સમજવા લાગ્યો. તેણે બહુ નમ્રતાપૂર્વક પ્રાર્થના કરી–હે ભગવન્! કૃપાનિધાન! હું બહુ દુઃખી છું. પરતંત્ર છું, શત્રુઓને મિત્ર સમજી બેઠો છું. કૃપા કરીને મને એવા સ્થાનમાં લઈ જાઓ કે જ્યાં આ દુઃખદાયી શત્રુઓ આવી શકે નહિ. હું આપ દયાનિધિ, મહા-પુરુષની શરણમાં આવ્યો છું.

સ્વામીજી–વત્સ, નિઃસંદેહ હું તને એવા સ્થાન પર લઈ જઈ શકું છું, કે જ્યાં તમારા આ શત્રુઓ કોઈ પણ પ્રકારે

પહોંચી ન શકે. પરંતુ પ્રથમ જ્યાં સુધી તું તારા શત્રુઓ સાથે સંબંધ તોડી ન નાંખે, ત્યાં સુધી હું તને તે નિર્ભય સ્થાને લઈ જઈ શકીશ નહિ.

અબોધસિંહ—હાય, હવે મારે તેમની સાથે સંબંધ કેવો? હવે હું તે વેરીઓનું મુખ પણ જોવા માગતો નથી.

સ્વામીજી—આ સમયે તો તું દુઃખથી વ્યાકુળ બની ગયો છે, તેથી એમ કહે છે. પણ જ્યારે ઈચ્છાદેવી તથા વાસનાદેવી તને પ્રેમાલિંગન કરશે, ત્યારે તારું આમ કહેવું કપૂરની પેઠે ઊડી જશે. તેથી તો તેં તારા શત્રુઓને મિત્ર સમજીને તેમનું લાલનપાલન કર્યું છે, અને સાચા સહાયક મિત્રોને શત્રુઓની પેઠે કાઢી મૂક્યા છે. જો તું પ્રથમ જ મારો ઉપદેશ સાંભળત, તો તારી આવી દુર્દશા ન થાત. હું તને પરમ સુખધામની તરફ જ લઈ જાત. શીલ, સંતોષ, દયા, મર્યાદા વગેરે તને મદદ કરત. પરંતુ તેં તારી મૂર્ખતાથી કામરાયને તારો મંત્રી બનાવ્યો; પણ તને બરાબર ખબર હોવી જોઈતી હતી કે-તે તને કાળ-ગઢીને રસ્તે લઈ જાય છે, કે જ્યાં તારે બહુ કાળ સુધી મહાદુઃખરૂપી કીચડમાં સડતા રહેવું પડશે. ઠીક, હવે તો સાવધાન થઇ જા. ગઈ સો ગઈ, અબ રાખ રહીકો.

અબોધસિંહ—કૃપા કરીને હવે મારા સર્વ અપરાધ ક્ષમા કરો, અને સુખધામનો માર્ગ બતાવો. હું આપનું જ કહ્યું માનીશ.

સ્વામીજી-જો કે મને તારો-ઉચ્છૃંખલનો વિશ્વાસ તો નથી કે તું મારું કહ્યું માનીશ. પરંતુ હું તને પરમ સુખધામને રસ્તે જરૂર લઈ જઇશ. શરત એ છે કે-તારે મારી પાછળ પાછળ જ ચાલવું પડશે. તારી દૃષ્ટિ મારા પર જ લગાવી રાખવી પડશે. આમ તેમ જોઈશ, તો તું વિચલિત બની જઈશ. પછી હું કંઈ નહિ કરી શકું. યાદ રાખ. માનવનગરીના પ્રથમ જેટલા

સચેત રાજાઓ થઈ ગયા છે, તેઓ મને જ ગુરુ માનીને, મારા ઉપદેશ અનુસાર જ ચાલ્યા છે. અને મારી જ સહાયતાથી પરમ સુખધામમાં પહોંચ્યા છે. પરમ સુખધામ શીશગિરિના શિખર પર છે. જેમણે તે ધામને પ્રાપ્ત કર્યું છે, તેમનો જન્મ સફળ થઈ ગયો છે. વળી જે લોકોએ નિષ્કામ બનીને ત્યાં પહોંચવાનો પ્રયત્ન નથી કર્યો, જેઓ સાંસારિક કામનાઓના ગંદા કીચડમાં ફસી રહ્યા છે, તેમનો જન્મ વ્યર્થ ગયો છે.

જ્યારે અબોધસિંહે સ્વામીજીની શરત માની લીધી, ત્યારે સ્વામીજી આગળ થયા, અને અબોધસિંહ થોડેક દૂર સુધી તેમની પાછળ પાછળ ચાલ્યો. પરંતુ હવે પાછળથી કામરાયથી પ્રેરાયેલી ઇચ્છાદેવીએ તથા વાસનાદેવીએ તાળી બજાવી, અને અબોધસિંહની દૃષ્ટિ સ્વામીજી પરથી ખસી ગઈ. તત્કાળ જ માયાદેવીએ બહુ હાવભાવપૂર્વક પોતાનો નાચ શરૂ કર્યો. પહેલાંના પ્રબળ સંસ્કારોને લીધે તે તેના નાચની સાથે નાચવા લાગ્યો. હવે તે સુખધામના માર્ગથી વિચલિત થઇ ગયો. એક દિવસ યમદૂતોએ આવીને, બળજબરીથી તેને પકડીને, કાલગઢીની જેલમાં ધકકેલી દીધો.

જ્યાં સુધી માનવ વિવેકવૈરાગ્ય દ્વારા સાંસારિક કામનાઓનો પરિત્યાગ નથી કરતો, ત્યાં સુધી તે જન્મમરણના કષ્ટપ્રદ ચક્રમાંથી કદાપિ છૂટી શકતો નથી. આપાતરમણીય કામનાઓના ચક્કરમાં ફસાયેલો માનવ મિથ્યાજ્ઞાનના ગાઢ અંધકારમાં જ સદા પડેલો રહે છે. તેના હૃદયમાં વિવેકજ્ઞાનની રમણીય, મધુમતી જ્યોત્સ્નાનો સંચાર થતો જ નથી. જેવી રીતે ભ્રાન્ત હરિણ મૃગતૃષ્ણાના જલને પ્રાપ્ત કરીને તેનાથી તરસ છિપાવી પ્રસન્ન થવા માગે છે, તેવી રીતે વિવિધ કામનાઓને વશ બનીને તે અન્યાન્ય ક્ષુદ્ર દેવતાઓની આરાધના વગેરે ઉપાયો વડે આ લોકના તથા

પરલોકના કામ્યમાન પદાર્થોનો લાભ પ્રાપ્ત કરીને તેમના દ્વારા સુખી થવા માગે છે. જેવી રીતે મૃગતૃષ્ણાનું જલ ભ્રાન્તિથી પ્રતીયમાન થવા છતાં પણ વિદ્યમાન નથી, તેવી રીતે સાંસારિક કામ્યમાન પદાર્થોમાં ભ્રાન્તિથી સુખ પ્રતીયમાન થતાં છતાં તે વિદ્યમાન નથી હોતું. જ્યારે ત્યાં સુખ વિદ્યમાન હોતું જ નથી, તો મળે ક્યાંથી? કારણકે વિદ્યમાન વસ્તુની જ પ્રાપ્તિ થાય છે, અવિદ્યમાન વસ્તુની પ્રાપ્તિ થતી નથી. માટે કામનાગ્રસ્ત મૂઢ માનવને, હરિણની પેઠે, છેતરાવું પડે છે. તેને સુખને બદલે દુઃખ મળે છે, લાભને બદલે હાનિ ઊઠાવવી પડે છે. તેને પ્રારંભમાં સ્વર્ગનું દર્શન થાય છે; પરંતુ અંતમાં તે સ્વર્ગનું દર્શન નરકના બીભત્સ દર્શનરૂપે પરિણત થઇ જાય છે. માટે ભગવાને ગીતામાં કામનાગ્રસ્ત માનવને ઈતો ભ્રષ્ટ-તતો ભ્રષ્ટ કહ્યો છે. તેને કદી પણ અનંત સુખશાન્તિ મળતાં નથી. મિથ્યાજ્ઞાનને કારણે તેના દેવારાધના વગેરે પ્રયત્નો વિફલ થાય છે. અંતમાં તેને પશ્ચાત્તાપ કરવો પડે છે.

(૨૧)

'यो यो यां यां तनुं, भक्तः श्रद्धयाऽर्चितुमिच्छति ।
तस्य तस्याचलां श्रद्धां, तामेव विदधाम्यहम् ॥ (૭,૨૧)

જે જે સકામ ભક્ત જે જે દેવતાના સ્વરૂપને શ્રદ્ધાપૂર્વક પૂજવા માગે છે, તે તે ભક્તની તે તે દેવતા પ્રત્યેની શ્રદ્ધાને હું અંતર્યામી ભગવાન જ સ્થિર કરું છું.

(૨૨)

स तया श्रद्धया युक्तस्तस्याराधनमीहते ।
लभते च ततः कामान्मयैव विहितान् हि तान् ॥
(૭,૨૨)

તે મનુષ્ય તે શ્રદ્ધાથી સંયુક્ત બનીને તે દેવતાની આરાધનાનો પ્રયત્ન કરે છે, અને તે દેવતા પાસેથી મારી–વિશ્વપ્રેરક પરમાત્માની દ્વારા જ વિધાન કરેલા, તે અભિલષિત ભોગોને નિઃસંદેહ પ્રાપ્ત થાય છે.

આનંદનિધિ ભગવાન શ્રીકૃષ્ણ આ બે શ્લોકોદ્વારા અર્જુન પ્રત્યે પોતાની અંતર્યામિતાનો તથા વિશ્વપ્રેરકતાનો ઉપદેશ આપતાં કહે છે કે–હે અર્જુન! હું અંતર્યામી છું. સર્વ પ્રાણીઓના હૃદયમાં રહીને સર્વનું નિયમન કરું છું. હું વિશ્વનાં સર્વ વિધાનોનો પ્રેરક છું. મારી પ્રેરણા દ્વારા જ વિશ્વનાં અનેકવિધ વિધાન પ્રવર્તિત થાય છે. મારી પ્રેરણા વિના એક પાંદડું પણ હાલી શકતું નથી. જે જે ભક્ત મારા–વિશ્વાત્મા ભગવાનના જે જે દેવતા–વિગ્રહનું પૃથક્રૂપે પૂજન કરવા ચાહે છે, તેના તેના હૃદયમાં તે તે દેવતા–વિગ્રહ પ્રત્યે અચલ શ્રદ્ધા હું જ આપું છું. જો કે તે ભક્ત તે દેવતા વિગ્રહને મારાથી–વિશ્વાત્માથી ભિન્ન માને છે, અને તેથી જ તે તેમાં શ્રદ્ધા રાખે છે, મારામાં શ્રદ્ધા રાખતો નથી; કારણ કે તે મને–પરમાત્માને યથાવત્ જાણતો નથી, અને તે સંસારની અનેકવિધ કામનાઓથી સંયુક્ત છે. તેથી તે કામનાઓની પૂર્તિને માટે દેવતાઓની આરાધના કરે છે. શ્રદ્ધા વિના આરાધના થતી નથી. શ્રદ્ધાથી જ આરાધનાની સિદ્ધિ થાય છે. તેથી હું અંતર્યામી પરમાત્મા જ તને હૃદયની ભાવના અનુસાર તે દેવતામાં થનારી શ્રદ્ધાને સ્થિર કરું છું. હું તેને તે શ્રદ્ધાથી વિચલિત થવા દેતો નથી, કારણ કે મારે તેને આગળ વધારવો છે. જો હું તેને તે શ્રદ્ધાથી વિચલિત કરી દઉં, તો તે જ્યાં છે ત્યાં જ રહી જાય. શ્રદ્ધાપૂર્વક તે ગમે તે દેવતાની આરાધના કરે. સર્વ દેવતાઓના વિગ્રહ (શરીર) વસ્તુતઃ મારા જ છે–તે હું તો જાણું છું, પણ તે નથી જાણતો.

શ્રદ્ધા અતિ મહત્ત્વનું સાધન છે. શ્રદ્ધાની સ્થિરતા થતાં ચિત્ત તે શ્રદ્ધેય વસ્તુમાં એકાગ્ર બને છે. સ્થિર શ્રદ્ધાથી ચિત્તમાં ધીમે ધીમે નિર્મલતા આવે છે. મનુષ્યની ઉન્નતિનું એક પ્રધાન કારણ શ્રદ્ધા અથવા વિશ્વાસ છે. તેથી ભગવાન શ્રી કૃષ્ણે ગીતામાં કહ્યું છે કે–श्रद्धामयोऽयं पुरुषो यो यच्छ्रद्धः स एव सः (૧૭,૩) અર્થાત્ મનુષ્યનું જીવન શ્રદ્ધાપ્રચુર છે. શ્રદ્ધા-વિશ્વાસ વિના આ જીવન ટકી શકતું નથી. માટે જે જેવી શ્રદ્ધા કરે છે, તે તેવો જ બની જાય છે. અને તે શ્રદ્ધા પણ અંતઃકરણના ઉચ્ચનીચ સંસ્કારોને અનુરૂપ જ હોય છે.

શ્રદ્ધાળુ તથા વિશ્વાસીનું જીવન સરસ અને ફલપ્રદ હોય છે; અને શ્રદ્ધા–વિશ્વાસ વગરના માનવનું જીવન અનેક સંદેહોવાળું તથા વિવિધ કુતર્કોથી ગ્રસ્ત હોય છે, અને તેથી નીરસ તથા શુષ્ક હોય છે. માટે ઋગ્વેદ સંહિતાના દશમા મંડલમાં શ્રદ્ધાના મહત્ત્વનું વર્ણન કરનાર એક શ્રદ્ધાસૂક્ત છે. તે સૂક્તનાં ઋષિ 'શ્રદ્ધા' છે, તેમાં શ્રદ્ધાલાભ માટે આ પ્રકારની પ્રાર્થના કરાઈ છે.

'श्रद्धां प्रातर्हवामहे, श्रद्धां मध्यंदिनं परि।
श्रद्धां सूर्यस्य निम्रुचि, श्रद्धे ! श्रद्धापयेह नः ॥'

(ઋ. ૧૦, ૧૫૧, ૫)

અમે લોકો પ્રાતઃ, મધ્યાહ્ન તથા સૂર્યાસ્તને સમયે શ્રદ્ધાને જ બોલાવીએ છીએ. હે શ્રદ્ધાદેવી, આ જગત્‌માં અમને શ્રદ્ધાવાન બનાવો–વિશ્વાસી બનાવો.

શ્રદ્ધા એક દૈવી ગુણ છે. તેમાં ખૂબ સામર્થ્ય રહેલું છે. તેના દ્વારા અશક્ય કાર્ય પણ શક્ય બની જાય છે. પ્રાતઃસ્મરણીય જગદ્‌ગુરૂ, આચાર્ય શ્રીશંકરના એક બહુ શ્રદ્ધાળુ શિષ્ય હતા. તેમનું પહેલાનું નામ સનંદન હતુ. તે આચાર્યની સાથે તે

સમયે બદરિકાશ્રમમાં રહેતા હતા. આચાર્યની આજ્ઞાથી તે યોગ-સાધના માટે અલકનંદા–ગંગાની સામે પાર એકાંતમાં ઝુંપડીમાં નિવાસ કરતા હતા. એક દિવસ આચાર્ય ગુરુએ તેમનાં શ્રદ્ધા-વિશ્વાસની પરીક્ષા લેવાનો વિચાર કર્યો. તેથી આચાર્યે તે જ સમયે તેમને આ પાર તરત જ પોતાની પાસે આવવા માટે બૂમ પાડી. બૂમ સાંભળીને તે વિચારમાં પડી ગયા કે–હું તરત જ ગુરુમહા-રાજની પાસે કેવી રીતે જઈ શકું ? કારણ કે વચમાં અવરોધરૂપ, જોરથી વહેતી, અલકનંદા છે. પૂલ વગેરે સાધન પણ સમીપમાં નથી. આટલા પ્રચંડ વેગમાં તરવું પણ અશકય છે. એવા વિચારો સાથે તેમના હૃદયમાં શ્રદ્ધાનો આવિષ્કાર થયો. શ્રી શ્રદ્ધાદેવી કહેવા લાગી–

'संतारिकाऽनवधिसंसृतिसागरस्य,
किं तारयेन्न सरितं गुरुपादभक्तिः।
इत्यञ्जसा प्रविशतः सलिलं द्युसिन्धोः,
पद्मान्युदञ्चयति तस्य पदे पदे स्म ॥'

(શંકરદિગ્વિજય)

અર્થાત્ જ્યારે ગુરુમહારાજનાં ચરણોની વિમલ ભક્તિ અપાર સંસારસાગરમાંથી તારી દે છે, તો શું તે ભક્તિ આ નાનકડી નદીમાંથી નહિ તારે ? જરૂર તારશે. બસ, હવે શું રહ્યું ? એવી શ્રદ્ધાનો વેગ જ્યારે હૃદયમાં ઊમટયો, ત્યારે તે શિષ્ય તરત જ અલકનંદામાં કૂદી પડયો. ગંગાજલ કેવલ જડ પદાર્થ જ છે એમ નથી. તે શ્રદ્ધાળુ આસ્તિકોને માટે સાક્ષાત્ બ્રહ્મદેવ છે–બ્રહ્મરસ છે. તેમાં શ્રુતિઓના સર્વસ્વરૂપ શુદ્ધ બ્રહ્મની વિમલ જ્યોતિ જ પ્રકાશિત થઈ રહી છે તેથી શ્રીગંગા ચિદાનંદમયી, બ્રહ્મસ્વરૂપિણી છે. શ્રીગંગાએ તે શ્રદ્ધાળુ શિષ્યની રક્ષા માટે તેના પ્રત્યેક

પગલાની નીચે દૃઢ કમલોનું નિર્માણ કર્યું. જ્યાં જ્યાં તેમણે પગ મૂક્યો, ત્યાં ત્યાં એક એક કમલ તેના પગને અવલંબન આપવા માટે તરત જ નીકળી આવ્યું. કમલોની ઉપર પગ મૂકતા મૂકતા તે ગુરુ મહારાજની પાસે પહોંચી ગયા. આચાર્ય ગુરુ તેની આ ચમત્કારપૂર્ણ દિવ્ય શ્રદ્ધા જોઈને બહુ જ પ્રસન્ન થયા. અને તે જ સમયે આચાર્યે તે શિષ્યને સંન્યાસદીક્ષા આપીને, તેનું અભિનવ અન્વર્થ (યથાર્થ) નામ 'પદ્મપાદ' રાખ્યું. પદ્મપાદનો અર્થ છે पद्मेषु पादौ यस्य सः। પદ્મોમાં જેમના પગ છે તે. પાછળથી તે જ પદ્મપાદ આચાર્ય ગુરુની કૃપાથી 'પંચપાદિકા' વગેરે અનેક ગ્રંથોના પ્રણેતા તથા પ્રથમ પીઠાધીશ્વર બનીને 'પદ્મપાદાચાર્ય' નામથી વિખ્યાત બન્યા.

લૌકિક કાર્ય-ખાવું, પીવું, લેવું, દેવું વગેરે, તથા પારલૌકિક કાર્ય-દાન, હોમ વગેરે પણ શ્રદ્ધા-વિશ્વાસ દ્વારા જ સફળ થતાં જોવામાં આવે છે. જો શ્રદ્ધા-વિશ્વાસ ન હોય, તો લૌકિક કાર્ય પણ આપણે સિદ્ધ કરી શકતા નથી, તો પછી પારલૌકિક કાર્યની તો વાત જ શી ? અને બીજા કામની તો શી વાત કરવી, પણ વિશ્વાસ વિના આપણે હજામત પણ કરાવી શકતા નથી. હજામ ક્ષૌર કરવા આવે છે. આપણે તેનો પૂરો વિશ્વાસ રાખીને જ તેની આગળ આપણું સર્વસ્વરૂપ ઉત્તમાંગ (મસ્તક)-જેની કિંમત મોટા મોટા ખજાનાઓથી પણ આંકી શકાય તેમ નથી અને જેની ખાતર ખજાના વગેરે સર્વ કાંઇ છે-ઝુકાવી દઈએ છીએ. મનમાં વિશ્વાસમય ભાવના રાખીએ છીએ કે-આ નાપિત માથાના વાળ જ કાપશે, માથું કદાપિ નહિ કાપે. તેણે અનેક જણની હજામત કરી છે. કોઇનું માથું નથી કાપ્યું. તો પછી તે મારું માથું શા માટે કાપશે ? નહિ જ કાપે. વિશ્વાસને બદલે મનમાં આ પ્રકારનો સંદેહ કે કુતર્ક પેદા થાય કે-શી ખબર ? नराणां नापितो धूर्तः

મનુષ્યોમાં હજામ ધૂર્ત હોય છે. તેની આગળ મારું માથું નમેલું છે, અને તેના હાથમાં તેજ ધારવાળો અસ્ત્રો પણ મૌજુદ છે. કદાચ તે ગરદનમાં જ તેને ભોંકી દે, તો બસ એક જ મિનિટમાં મારો સર્વ ખેલ ખલાસ થઈ જાય! તો તો પછી આપણે હજામ દ્વારા કદી હજામત બનાવડાવી શકીએ જ નહિ. સદા પંચકેશ-ધારી, લટુરિયાંવાળા બાવાજી જ આપણે બનવું પડે! પણ આપણે તેવો સંદેહ કે કુતર્ક કરતા નથી. હજામનો વિશ્વાસ જ રાખીએ છીએ.

શ્રદ્ધા તથા વિશ્વાસ સંદેહ તથા કુતર્કરૂપી દુર્ગુણને મારીને ભગાડી મૂકે છે. શાસ્ત્રોના તાત્પર્યને-રહસ્યને પણ આપણે શ્રદ્ધા વડે જ સમજી શકીએ છીએ. કુતર્ક અર્થનો અનર્થ કરી નાંખે છે. તે અમૃતને વિષ બનાવી દે છે. કુતર્ક કેવી રીતે અર્થનો અનર્થ કરી નાંખે છે, તે વિષયને આપ એક લૌકિક ઘટના દ્વારા પણ સમજી શકો છો—

એક સ્ત્રી કુતર્ક કરવામાં બહુ કુશળ હતી. તે રેલગાડીમાં બેસીને ક્યાંક જઈ રહી હતી, ગાડીમાં તેણે એક આખી સીટ પોતાનો સામાન મુકીને રોકી રાખી હતી. થોડીવારમાં તે ડબ્બામાં એક બ્રહ્મચારી સાધુ આવ્યા. તેણે જોયું કે-જો ક્યાંક બેસવાની જગ્યા મળે, તો હું બેસી જાઉં. આમતેમ જોતાં જ્યારે તેમને કોઈ જગ્યા નજરે ન પડી, ત્યારે તેમણે તે સ્ત્રીને કહ્યું-માતાજી! જો તમે તમારો સામાન સીટની નીચે મુકો, તો મને બેસવાની જગ્યા મળે. બ્રહ્મચારીનું તેવુ કહેવું સાંભળીને, તે રોષ પ્રગટ કરતી તથા બીજા લોકોને સંબોધિત કરતી બોલી-જુવો, જુવો. આ સાધુ મને ગાળો ભાંડી રહ્યો છે. બ્રહ્મચારીએ કહ્યું-મેં ક્યારે ગાળો ભાંડી છે? એવું જુઠું શા માટે બોલો છો? મેં તો 'માતાજી' કહ્યું હતું. તે સ્ત્રી બોલી-તે 'માતાજી' શબ્દ જ ગાળ

છે. શું હું તારા બાપની પત્ની છું કે તું મને માતા કહે છે? એ ગાળ નહિ તો બીજું શું થયું? તું મને તારા બાપની સ્ત્રી બનાવે છે. ત્યારે બ્રહ્મચારી બોલ્યો—ઠીક, માતાજી નહિ—'બહેનજી' કહીશ. બ્રહ્મચારી એટલું બોલ્યો, ત્યાં તો તે સ્ત્રી ડોળા કાઢીને ઊભી થઇ ગઇ, અને કહેવા લાગી, પહેલાં તો તે મને ગાળ દેતો હતો, હવે તો તેણે મારી માને ગાળો ભાંડવાનું શરૂ કર્યું! મારી મા તારા બાપની સ્ત્રી હતી, કે તું મને 'બહેન' કહે છે! આ મારી માને તેના બાપની પત્ની બનાવી રહ્યો છે. એ ગાળ નહિ તો બીજું શું? ભોળો બ્રહ્મચારી મુંઝવણમાં પડી ગયો. તેણે કહ્યું—ઠીક, તમે મા પણ નહિ, બેન પણ નહિ. તો 'બેટી' કહીશ. એટલે તો સ્ત્રીનો પારો સાતમા આસમાનમાં પહોંચી ગયો. તેણે કહ્યું કે—જુવો, હવે આ મને 'બેટી' કહીને, મારી માને પોતાની સ્ત્રી બનાવી રહ્યો છે. આ કેટલી મોટી ગાળ છે? બ્રહ્મચારીએ કહ્યું,—ઠીક. બેટી નહિ, 'દેવીજી' કહીશ. એટલે તે બોલવા લાગી—આ પણ ગાળ છે. દેવી તો કાલી કલકત્તાવાળી, બકરાં ખાવાવાળી હોય છે! એવું સાંભળીને બ્રહ્મચારી ચૂપ થઈ ગયો. તે વિચાર કરવા લાગ્યો કે—હવે આ સ્ત્રીને શું કહેવું? ક્યા સંબોધનથી બોલાવાય? ત્યાં એક બુદ્ધિમાન સજ્જન બેઠા હતા. તેણે ત સ્ત્રીને સમજાવતાં કહ્યું—આ સાધુ બાવાનાં 'માતાજી' વગેરે સંબોધનોનો એવો ભાવ ન હતો, કે જે તમે ગાળરૂપે માની લીધો. તેમનો ભાવ બહુ ગૌરવ પ્રગટ કરવા માટેનો હતો. 'તમે માતા વગેરેની પેઠે ખૂબ આદરણીય છો' એવો શુભ ભાવ હતો; પરંતુ તમે તમારી કુતર્કબુદ્ધિથી અર્થનો અનર્થ, સુભાવોનો કુભાવ કરી નાંખ્યો, તે કદાપિ ઉચિત નથી.

આ પ્રકારે કુતર્ક બુદ્ધિવાળો માનવ શાસ્ત્રોનાં અનેક વચનોના તાત્પર્ય અર્થને ન સમજીને, કંઈ ને કંઈ વિપરીત અર્થ કરનારો,

અનર્થ કરી નાંખે છે. દાખલા તરીકે **एकमेवाद्वितीयम्** (છાં. ઉપ. ૬,૨,૧)–આ શ્રુતિ વચનમાં રહેલા 'અદ્વિતીય' પદનો અર્થ 'ન દ્વિતીય–અદ્વિતીય; અર્થાત્ તે દ્વિતીય નથી, કિંતુ તૃતીય અથવા ચતુર્થ હશે'–આ કુતર્કવાળી બુદ્ધિમાંથી પેદા થયેલો અર્થ છે. તે વસ્તુતઃ અર્થ નથી, પણ અનર્થ છે. સદ્બુદ્ધિથી શ્રદ્ધાપૂર્વક વિચાર કરતાં નિશ્ચય થાય છે કે–આ 'અદ્વિતીય' પદ બ્રહ્મનું વિશેષણ છે, અને બ્રહ્મ પરમાર્થતઃ અખંડ, એકરસ, પૂર્ણ છે, જેમાં અદ્વિતીય–પદ તેનાથી ભિન્ન દ્વૈત પ્રપંચનો નિષેધ કરે છે. તૃતીય તથા ચતુર્થ પણ કોઈકની અપેક્ષાએ દ્વિતીય હોઈ શકે છે–તેથી 'અદ્વિતીય'નો તૃતીયાદિ અર્થ કરવાથી પણ તેમાં દ્વિતીયત્વ જ રહે છે, અદ્વિતીયત્વ નથી રહેતું. માટે 'અદ્વિતીય' પદનો તૃતીયાદિ અર્થ નથી, પણ અનર્થ છે. આ પ્રકારે કુતર્ક અર્થને બદલે અનર્થ કરી નાંખે છે.

માટે આચાર્ય શ્રી શંકરે સાધનપંચકમાં કહ્યું છે કે–

दुस्तर्कात् सुविरम्यतां श्रुतिमतस्तर्कोऽनुसंधीयताम्।

દુસ્તર્કમાંથી અટકો; શ્રુતિ આદિ શાસ્ત્રોને અનુકૂળ તર્કનું જ અનુસંધાન કરો.

શાસ્ત્રોનું તાત્પર્ય ઉપક્રમ, ઉપસંહાર વગેરે છ પ્રકારનાં લિંગોના અનુસંધાન દ્વારા જાણવામાં આવે છે. તેમનું બરાબર અનુસંધાન કર્યા વિના કેવળ વચનમાત્રથી કોઈ અર્થની સિદ્ધિ થતી નથી. કોઈ એક વખત એક ઈસાઈ પાદરી ભારતમાં ઈસાઈ ધર્મનો પ્રચાર કરવા માટે આવ્યો હતો. તે જગ્યાએ જગ્યાએ પોતાના ધર્મનો પ્રચાર કરતો હતો. પોતાના ધર્મની પુષ્ટિ માટે તે કહેતો ફરતો હતો કે–આ ઈસાઈ ધર્મ બહુ જ પ્રાચીન છે. તમે તમારું રામાયણ જુવો. રાજા જનક પણ ઈસાઈ હતો તેથી તેણે પોતાના નગરમાં 'ગિરજા ઘર' બનાવ્યું હતું, હિંદી ભાષામાં ઈસાઈ–

એના ચર્ચને ગિરજા ઘર કહે છે. રામાયણમાં તુલસીદાસે સાફ અક્ષરોમાં લખ્યું છે કે—

सर समीप गिरजा गृह सोहा, वरनि न जाइ देखि मन मोहा।

સાધારણ મનુષ્ય આ વચનને સાંભળીને માની શકે કે-રાજા જનક ઇસાઈ હશે તેથી તો તેણે સરોવર પાસે ગિરજા ઘર એવું તો સુંદર બનાવ્યું હતું કે જેને જોઈને મન મુગ્ધ થઈ જતું હતું. પરંતુ બુદ્ધિમાન મનુષ્ય રામાયણના એ વચનનાં પૂર્વાપર વચનોનું પણ અનુસંધાન કરે છે. અનુસંધાન કરતાં તે જાણી લે છે કે–તે ગિરિજા ગૃહમાં કોણ બેઠું છે-યૂરોપનો ઈશુ કે અન્ય કોઈ. આગળનાં વચન તેમાં રહેલા દેવતાનું આ પ્રકારે વર્ણન કરે છે કે—

जय जय जय गिरिराज–किशोरी,
जय महेशमुख–चन्द्र–चकोरी।
जय गज–वदन षडानन–माता.
जगत–जननि दामिनि–सम–गाता।
नहि तव आदि मध्य अवसाना,
अमित–प्रभाव वेद नहीं जाना।

ઇત્યાદિ વચનો સાંભળીને આપને સમગ્ર અર્થ સમજમાં આવી જાય છે કે–ગિરિરાજ હિમાચલની કન્યા ગિરિજા–ભગવતી પાર્વતીદેવીનું તે મંદિર હતું; ઇસાઈઓનું ચર્ચ ન હતું. જો ઈશુ અમારા કૂક્કડ-બાવા શંકરની ચન્દ્રચકોરી બની જાય, તો તો વાત દૂસરી બને. તાત્પર્ય એ છે કે–શાસ્ત્રના એક ટૂકડાથી જ કોઈ વાસ્તવિક અર્થની સિદ્ધિ થતી નથી. વાસ્તવિક અર્થને સમજવા માટે પૂર્વાપર વચનોનું શ્રદ્ધાપૂર્વક અનુસંધાન કરવું પડે છે. ત્યારે જ આપણે વાસ્તવિક અર્થ સમજી શકીએ છીએ.

શાસ્ત્રપ્રમાણો દ્વારા ગુરુ અમને જે જે અર્થનો ઉપદેશ આપે છે, તેમાં આપણે વિશ્વાસ કરવો જ જોઈએ. વિશ્વાસ કર્યા વિના નથી આપણે તે અર્થને નિઃસંદેહ સમજી શકતા કે નથી આપણે તેનું અનુષ્ઠાન કરી શકતા. પાઠશાળામાં શિક્ષક એક બાળકને સ્લેટમાં ક, ખ વગેરે અક્ષરો લખીને સમજાવે છે કે- આ અમુક આકૃતિવાળો 'ક' વર્ણ છે, આ 'ખ' વર્ણ છે, આ અમુક વર્ણ છે. બાળક તેવું જ વિશ્વાસપૂર્વક માની લે છે, તેમાં કોઈ પ્રકારનો કુતર્ક ઉઠાવતો નથી. જો તે કુતર્ક ઉઠાવીને કહે કે–આ 'ક' વર્ણ કેમ છે? 'ખ' વર્ણ કેમ નહિ? તો શિક્ષક તેનો કશો ઉત્તર આપી શકતા નથી, તે કેવળ એટલું જ કહેશે કે–હું જેમ કહું છું, તેવું જ વિશ્વાસપૂર્વક માની લે. આ અમુક વર્ણ આવો કેમ છે–એમ 'કેમ, કેમ' બોલવાનું છોડી દે. જો એવો કુતર્ક ઉઠાવતો રહીશ, તો કશું ભણી શકીશ નહિ, કશું સમજી શકીશ નહિ. જો, આ આગળના વિદ્યાર્થીઓ આમ માનીને જ-વિશ્વાસ રાખીને જ યોગ્ય બની ગયા છે. માટે તું પણ તેવો જ વિશ્વાસ રાખ, તેવું જ માની લે. માટે જ શ્રી ભગવાને ગીતામાં કહ્યું છે કે—

तस्माच्छास्त्रं प्रमाणं ते, कार्याकार्यव्यवस्थितौ।
ज्ञात्वा शास्त्रविधानोक्तं कर्म कर्तुमिहार्हसि॥ (१७,२४)

તેથી તારે માટે હે અર્જુન! આ કર્તવ્ય તથા અકર્તવ્યની વ્યવસ્થામાં શાસ્ત્ર જ પ્રમાણ છે–એવું જાણીને તું શાસ્ત્રવિધિથી નિયત થયેલા કર્મને કરવા યોગ્ય છે.

તેથી એ વાત સિદ્ધ થાય છે કે શાસ્ત્રવિધિએ નિયત કરેલા અર્થને વિશ્વાસપૂર્વક માની લેવો જોઈએ. તેમાં 'નનુ, નચ,' કરવું જોઈએ નહિ. 'નનુ, નચ' કરીને તેમાં કુતર્ક ઉઠાવવો તે બુદ્ધિનો દુરુપયોગ છે.

તે તે દેવતાની આરાધના કરનારો પણ શ્રદ્ધાળુ જન છે. તે શાસ્ત્રના તથા ગુરુના ઉપદેશમાં વિશ્વાસ રાખે છે, કોઈ દિવસ તેમાં સંદેહ કરતો નથી, કુતર્ક ઊઠાવતો નથી. ત્યારે તો તે પોતાની કામનાઓની પૂર્તિને માટે શ્રદ્ધાપૂર્વક તે તે દેવતાના વિગ્રહની આરાધના કરે છે. જો કે તે દેવતાના વાસ્તવિક સ્વરૂપને તથા સમસ્ત દેવતામય વિશ્વાત્મા ભગવાનના પૂર્ણ સ્વરૂપને યથાવત્ જાણતો નથી, અને તેથી તે પોતાના આરાધ્ય દેવને ભગવાનથી ભિન્ન માને છે, છતાંયે તે શ્રદ્ધાસંપન્ન છે. અંતર્યામી ભગવાન તેને તે શ્રદ્ધાથી વિચલિત થવા દેતા નથી, પણ તેની તે શ્રદ્ધાને સ્થિર બનાવે છે, તે તે વિશ્વાત્મા ભગવાનની મહાન ઉદારતા છે. ભગવાન જાણે છે કે–તે દેવતાનો વિગ્રહ પણ મારો જ છે. સર્વ દેવો મારાં અંગપ્રત્યંગ જ છે. તેથી નિરુક્તમાં યાસ્ક મહર્ષિએ કહ્યું છે કે–**एकस्यात्मनोऽन्ये देवाः प्रत्यङ्गानि भवन्ति।** અર્થાત્ એક જ આત્મા (પરમાત્મા) નાં બીજા બધા દેવો ભિન્ન ભિન્ન અંગ છે, જેવી રીતે એક જ શરીરનાં હાથ, પગ વગેરે ભિન્ન ભિન્ન અંગ છે, તેવી રીતે. તેથી તે જ પરમાત્માને યાજ્ઞિકોએ અને બ્રાહ્મણ ગ્રંથોએ પ્રજાપતિ કહ્યા છે. સર્વ દેવતાઓ તે પ્રજાપતિની વિશિષ્ટ શક્તિ તથા વિભૂતિ જ મનાય છે. શાસ્ત્રોમાં સ્થાનભેદ અનુસાર તથા પ્રાકૃતિક તે તે (ભિન્ન ભિન્ન) દૃશ્યોના આધાર પર એક જ પરમાત્માના અનેક દેવતા-વિગ્રહોનું નિરૂપણ કર્યું છે. આ વિષયને સ્પષ્ટ સમજાવવા માટે યાસ્ક મહર્ષિએ નિરુક્તમાં ઉદાહરણ આપ્યું છે–**नरराष्ट्रमिव।** અર્થાત્ તે તે વ્યક્તિરૂપે ભિન્ન હોવા છતાં પણ જેવી રીતે અસંખ્ય મનુષ્યો રાષ્ટ્રરૂપે એક જ છે, તેવી જ રીતે પ્રકૃતિનાં દૃશ્યોનાં વિવિધ રૂપોમાં પ્રકાશિત હોવા છતાં પણ આ દેવતાઓના

વિવિધ વિગ્રહોમાં એક જ પરમાત્માનો નિવાસ છે. **एको देवः सर्वभूतेषु गूढः।** એ શ્રૌત સિદ્ધાંત છે. આ પ્રકારે ભાસમાન ભેદમાં વાસ્તવિક અભેદ, અને પ્રતીયમાન અનેકતામાં પરમાર્થિક એકતા છે. તેથી જ વેદોમાં પરમાત્માની–એક હોવા છતાં પણ અનેકરૂપે સ્તુતિ કરવામાં આવી છે. ઋગ્વેદનો એ સિદ્ધાંત છે કે **एकं सद् विप्रा बहुधा वदन्ति।** (ઋ. ૧, ૧૬૪, ૪૬); **एकं सन्तं बहुधा कल्पयन्ति।** એક જ અદ્વય બ્રહ્મતત્ત્વનું તત્ત્વદર્શી મેધાવી વિપ્રો અનેક નામો વડે તથા અનેક વિગ્રહો વડે વર્ણન કરે છે. એક જ સદ્ વસ્તુની અનેક પ્રકારે કલ્પના કરવામાં આવે છે. એક જ પરમાત્માનાં ઈન્દ્ર, રુદ્ર, અગ્નિ, સૂર્ય, પૂષા, વરુણ વગેરે અનેક નામ છે. તેથી તે એકની જ વૈદિક મંત્રોમાં વિવિધ નામો વડે સ્તુતિ કરવામાં આવી છે. તેથી સમસ્ત વેદના ભાષ્યકાર સાયણાચાર્ય કહે છે કે–**तस्मात्सर्वैरपि परमेश्वर एव हूयते।**

વસ્તુતઃ વેદોમાં સર્વ નામોથી એક પરમાત્માને જ પુકારવામાં આવ્યા છે. આ પ્રકારે વેદમંત્રોનો આધ્યાત્મિક અર્થ કરનાર વિદ્વાનો પણ સર્વ દેવતાઓનાં નામોને એક ઈશ્વરનાં જ નામ કહે છે. આજ વેદોનો એકેશ્વરવાદ છે, જો કે ઉપર–ઉપરથી જોતાં વેદોમાં અનેક–દેવતાવાદ પ્રતીત થાય છે. અનેક દેવતા-ઓમાં ત્રણ દેવતા મુખ્ય માનવામાં આવ્યા છે–પૃથ્વી સ્થાનીય અગ્નિ, અંતરિક્ષ સ્થાનીય વાયુ અથવા ઇન્દ્ર, અને દ્યુસ્થાનીય સૂર્ય. અન્ય સર્વ દેવતાઓને ગૌણ માનીને, આ ત્રણ સાથે તેમનો સંબંધ પ્રદર્શિત કર્યો છે. અને આ ત્રણને પણ એક મહા દેવતામાં–પરમાત્મામાં મિલાવી દીધા છે. તેથી વેદોના અનેક મંત્રોમાં અગ્નિ, રુદ્ર, ઈન્દ્ર વગેરે દેવોની એવી રીતે સ્તુતિ કરવામાં આવી છે, જેવી પરમાત્માની થાય છે. માટે

દેવોના એકત્વવાદમાં કોઈ પણ પ્રકારની ત્રુટી વિચારકોને માલૂમ પડતી નથી. તેથી તો વેદોના રહસ્યને ગહન તથા ગંભીર કહેવામાં આવ્યું છે.

આ પ્રકારે પુરાણોમાં પણ એક જ પરમેશ્વરનું શિવ, વિષ્ણુ, ગણેશ, શક્તિ તથા સૂર્યરૂપે વર્ણન કર્યું છે. તેથી પુરાણોના રહસ્યજ્ઞાતા વિદ્વાનો કહે છે કે–

रामेन्द्रकृष्णहरिशम्भुशिवादिशब्दाः
ब्रह्मैकमेव सकलाः प्रतिपादयन्ति ।
कुम्भो घटः कलश इत्यभिशस्यमानो
नाणीयसीमपि भिदां भजते पदार्थः ॥
ब्रह्मेति शङ्कर इतीन्द्र इति स्वराडि–
त्यात्मेति सर्वमिति सर्वचराचरात्मन् ! ।
विश्वेश ! सर्ववचसामवसानसीमां
त्वां सर्वकारणमुशन्त्यनपायवाचः ॥

રામ, કૃષ્ણ, હરિ, શંભુ, શિવ વગેરે સમસ્ત શબ્દો એક જ બ્રહ્મનું પ્રતિપાદન કરે છે. કુંભ, ઘટ, કળશ વગેરે ભિન્ન ભિન્ન નામોથી કહેવાતો એક જ પદાર્થ ભિન્ન (અનેક) નથી બનતો. હે સર્વચરાચરાત્મન્! હે વિશ્વેશ્વર! બ્રહ્મા, શંકર, ઇન્દ્ર, સ્વરાટ, આત્મા, સર્વમ્-ઇત્યાદિ નામોથી ધ્વંસરહિત, શાશ્વત વેદવાણી સમસ્ત વચનોના પર્યવસાનની સીમારૂપ, સર્વકારણરૂપ, આપ પરમેશ્વરનું જ પ્રતિપાદન કરવા માગે છે.

એક જ જગન્નિયંતા-પરમેશ્વરનું પૃથ્વી વગેરે પાંચ ભૂતોની ઉપાધિ અનુસાર પુરાણોમાં પાંચરૂપે વર્ણન કર્યું છે. પૃથ્વીના અધિષ્ઠાતા ભગવાન શંકર છે. જેવી રીતે પૃથ્વી મોસંબીની પેઠે ગોળમટોળ છે, તેવી રીતે ભગવાન શંકરનું અનિર્વચનીય, નર્મદેશ્વર, બાણ-લિંગ પણ મોટે ભાગે ગોળમટોળ જ હોય છે. તેથી પૃથ્વી-

તત્ત્વનું અધિષ્ઠાતાપણું જણાવવા માટે શ્રાવણ માસમાં ભક્તલોકો મૃત્તિકાનિર્મિત પાર્થિવેશ્વરનું પૂજન કરે છે. પુરાણોમાં લખ્યું છે કે શ્રીશંકરની જટાઓમાંથી શ્રીગંગાજીનું નિષ્ક્રમણ થયું છે. તેનું તાત્પર્ય એ છે કે–તે અતિવિસ્તૃત, અતિ–ઉન્નત, સમગ્ર હિમાલય જ ભગવાન શંકરની જટાઓ છે, કારણકે ભગવાન શંકર કંઈ આપણા જેવા નાનકડા તો છે નહિ; એ તો મહાન દેવ છે. સમસ્ત ભૂગોળ જ તેમનો મહનીય વિગ્રહ છે. ત્યારે સર્વોન્નત હિમાલયને તેમનું ઉત્તમાંગ–શિરોભાગ માનવામાં શી આપત્તિ આવે તેમ છે? તેથી વેદોએ ભગવાન શંકર માટે **तमीशानं जगतस्तस्थुषः पतिम्** (શુ૦ યજુ૦ ૨૫, ૧૮; ઋ૦ ૧, ૮૯, ૬) કહ્યું છે–અર્થાત્ તે મહાદેવ સ્થાવરજંગમરૂપ સમગ્ર ભૂમંડળના નિયંતા તથા પાલક છે

જળતત્ત્વના અધિષ્ઠાતા ભગવાન ગણેશ છે. જેવી રીતે જળમાં સ્નાન કરવાથી મલિનતાની નિવૃત્તિ તથા સ્વચ્છતાની પ્રાપ્તિ થાય છે, તેવી રીતે શ્રીગણાધિપતિનું પૂજન કરવાથી વિઘ્નોની નિવૃત્તિ તથા સફળતાની પ્રાપ્તિ થાય છે. માટે અમારાં સર્વ શાસ્ત્રોએ સમસ્ત કાર્યોના આરંભમાં શ્રીગણેશના પૂજનનો તથા સ્મરણનો આદેશ આપ્યો છે. વેદ પણ કહે છે–**गणानां त्वा गणपतिं हवामहे** (ઋ૦ ૨, ૨૩, ૧); **न ऋते त्वत् क्रियते किंचनारे** (ઋ૦ ૮, ૧૧૨, ૯) અર્થાત્ કાર્યસિદ્ધિ માટે ગણાધિપતિ ભગવાનને અમે બોલાવીએ છીએ. ગણેશના પૂજન વગેરે વિના આસ્તિક માણસ દૂરનું તેમજ સમીપનું–કોઈપણ કાર્ય કરતો નથી. માટે વૈદિક સનાતન ધર્મના અનુયાયીઓની પરંપરા આ સમયે પણ તેવી જ જોવામાં આવે છે. ભલેને તે કટ્ટર (ચુસ્ત) વૈષ્ણવ હોય, છતાં સત્યનારાયણનું વિધિવત્ પૂજન કરતા પહેલાં તે ગણેશનું પૂજન જરૂર કરશે, ગણાધિપતિને જરૂર મનાવશે, કહેશે કે—

श्रीगणेश आवाहयामि, पूजयामि, भो गणेश! इहागच्छ, इह तिष्ठ, इहोपविश, प्रसन्नो भव, वरदो भव! ઈત્યાદિ.

અગ્નિતત્ત્વની અધિષ્ઠાત્રી છે ભગવતી જગદંબિકા, દુર્ગા ભવાની. તેથી વેદ ભગવાન કહે છે કે तामग्निवर्णां तमसा ज्वलन्तीम्।; दुर्गांदेवीं शरणमहं प्रपद्ये (તૈ૦ આ૦ ૧, ૧૬) અર્થાત્ તે દુર્ગાદેવી અગ્નિ સમાન મહાતેજસ્વી છે, તથા પોતાના પ્રચંડ પ્રકાશથી સમગ્ર વિશ્વને પ્રજ્વલિત કરે છે. તેને શરણે હું જાઉં છું. અગ્નિની પેઠે તે મહાશક્તિશાળી છે. અસુરોને હરાવવામાં જ્યાં બ્રહ્મા, વિષ્ણુ વગેરે મોટા મોટા દેવો પણ નિષ્ફળ ગયા, ત્યાં તે મહાશક્તિ દુર્ગાદેવી સફળ થાય છે. ભગવતીની આ કથા સપ્તશતીમાં અતિ પ્રસિદ્ધ છે. સપ્તશતી ગ્રંથ દેવી ભગવતીના પ્રશસ્ત વિજયની અમર ગાથા છે. તેમાં દેવી તે અસુરોને પડકાર ફેંકતી કહે છે કે—તું આવ અને મારી સાથે મુકાબલો કર. જો તું મને હરાવીશ, તો હું તારે આધીન થઈશ. નહિતો હું તમારું—દુષ્ટોનું શીઘ્ર જ નિકંદન કાઢી નાંખીશ. ત્યાં દેવીજીના આ શબ્દો છે—

यो मां जयति संग्रामे, यो मे दर्पं व्यपोहति।
यो मे प्रतिबलो लोके स मे भर्ता भविष्यति॥

જે કોઈ સંગ્રામમાં મારો જય કરશે, મારા અતુલિત બળના દર્પને દૂર કરશે, અને મારા પ્રચંડ બળનો મુકાબલો કરશે, તે મારો ભર્તા—પતિ બનશે.

શક્તિને કોણ ચાહતું નથી? કોણ માનતું નથી? અર્થાત્ સર્વ લોકો શક્તિના પૂજારી છે. શક્તિ વિના કોઈનું કશું પણ કાર્ય થતું નથી. શક્તિ છે તો આંખ દેખે છે, જીભ બોલે છે, કાન સાંભળે છે, પગ ચાલે છે, પેટ ખાવાનું હજમ કરે છે. શક્તિ

ન હોય, તો સર્વ ચૂપ–શુન્યવત્ બની જાય છે. માટે શક્તિ જ સર્વ કાંઈ છે. એક જ શક્તિના અનેક ભેદ છે. પરંતુ પ્રધાનરૂપે તેના ત્રણ ભેદ મનાય છે–વિદ્યાશક્તિ, ધનશક્તિ અને બળશક્તિ. આ ત્રણ શક્તિઓનાં નામ છે–મહાસરસ્વતી, મહાલક્ષ્મી અને મહાકાળી.

વાયુતત્ત્વના અધિષ્ઠાતા છે ભગવાન સવિતાદેવ. તેથી વેદોએ સૂર્યની પણ આરાધનાનો ઉપદેશ આપ્યો છે. સૂર્યના મહિમાનાં ગીત ગાતાં વેદોએ કહ્યું છે કે–सूर्य आत्मा जगतस्तस्थुषश्च (ઋ૦ ૧, ૧૧૫, ૧) સૂર્ય સ્થાવર–જંગમ સમગ્ર વિશ્વનો આત્મા છે, સર્વસ્વ છે. સૂર્ય નારાયણ પ્રત્યક્ષ દેવ છે. ભક્તલોકો સૂર્યમંડળમાં નારાયણનું ધ્યાન કરે છે. સંધ્યામાં કરવામાં આવતું સૂર્યોપસ્થાન પ્રસિદ્ધ છે.

આકાશતત્ત્વના અધિષ્ઠાતા છે ભગવાન વિષ્ણુ. તેથી વિષ્ણુના શ્રીવિગ્રહનો વર્ણ પણ આકાશ સમાન શ્યામસુંદર છે. વેદ કહે છે કે–तद्विष्णोः परमं पदं सदा पश्यन्ति सूरयः। (ઋ૦ ૧, ૨૨, ૨૦) તે વિષ્ણુ ભગવાનનું સર્વોત્કૃષ્ટ પદ અર્થાત્ સ્વરૂપ છે–જેને આકાશની પેઠે સર્વગત–વ્યાપકરૂપે વિદ્વાનો હંમેશાં જુવે છે. કૃષ્ણ યજુર્વેદ તે એક જ અદ્વય બ્રહ્મના સ્વરૂપનું આ પ્રકારે વર્ણન કરે છે—

ॐ तत्सत्यं, ॐ तद्ब्रह्म, ॐ तद्वायुः, ॐ तदात्मा, ॐ तत्सर्वं, ॐ तत्पुरो नमः। अन्तश्चरति भूतेषु, गुहायां विश्वमूर्तिषु। त्वं यज्ञस्त्वं वषट्कारस्त्वमिन्द्रस्त्वं रुद्रस्त्वं विष्णुस्त्वं ब्रह्म त्वं प्रजापतिः। त्वं तदाप आपो ज्योती रसोऽमृतं ब्रह्म भूर्भुवः सुवरोम्।' (તૈ. આ. ૧૦.૬૮)

અર્થાત્ તે વેદ અને વેદાંત વડે પ્રતિપાદ્ય પરમાર્થ–વસ્તુ જ એકમાત્ર સત્ય છે. તે જ અતિ બૃહત્ બ્રહ્મ છે. તે જ સૂત્રાત્મારૂપ

વાયુ છે. તે જ સર્વનો આત્મા છે. તે જ સર્વ જગત્ છે, તે જ સર્વની સાથે સર્વત્ર રહેલું છે. તે જ એકાક્ષર ૐકાર છે, તેની દ્વારા તે અદ્વય તત્ત્વનું જ વર્ણન કરવામાં આવે છે. વિશ્વની અનેક પ્રકારની દેવ, માનવ, દાનવ વગેરે અસંખ્ય મૂર્તિઓની હૃદયગુહામાં તથા સમસ્ત પૃથ્વી વગેરે ભૂતોની અંદર તે જ પરમાત્મા વિરાજે છે. હે પરમાત્મન્! ભગવન્! તું જ યજ્ઞ છે, તું જ વષટ્કાર મંત્ર છે, તું જ ઇન્દ્ર છે, તું જ સંહારક રુદ્ર છે, તું જ પાલક વિષ્ણુ છે, તું જ સર્જનહાર બ્રહ્મા છે, તું જ પ્રજાપતિ છે, તું જ નદી, સમુદ્ર વગેરેમાં રહેલું જળ છે. તું જ સૂર્ય વગેરેની જ્યોતિ છે, તું જ મધુર વગેરે રસ છે. તું જ અમૃત છે. તું જ અનંત જ્ઞાનનિધિ શબ્દબ્રહ્મરૂપ અતિધન્ય વેદ છે. વળી તું જ ભૂઃ, ભુવઃ, સ્વઃરૂપ ત્રિલોકાત્મક સમગ્ર બ્રહ્માંડ છે.

માટે વિષ્ણુ ભગવાન પોતાનાથી અભિન્ન તે પાંચરૂપોનું વર્ણન આ પ્રકારે કરે છે—

'बुद्धिर्गणेशो मम चक्षुरर्कः शिवो ममात्मा मम शक्तिराद्या।
विभेदबुद्ध्या मयि ये भजन्ति, मामङ्गहीनं कलयन्ति मूढाः॥'

ગણપતિ મારી બુદ્ધિ છે, સૂર્ય મારી આંખ છે, ભગવાન શિવ મારો આત્મા છે; આદ્યા ભવાની દેવી મારી શક્તિ છે. આ પ્રકારે આ પાંચેય દેવો મારાં જ અભિન્ન અંગ છે. પરંતુ જે લોકો આ પાંચેયમાં ભેદબુદ્ધિ રાખીને મારું ભજન કરે છે, તેઓ મૂઢ છે; માનો કે તેઓ મને અંગહીન બનાવી રહ્યા છે. કોઈને અંગહીન બનાવવો, તે બહુ મોટો અપરાધ મનાય છે.

ભગવાન પૂર્ણ છે, સર્વગત છે. ભગવાનના પૂર્ણ સ્વરૂપને ન જાણવું, પૂર્ણ સ્વરૂપનું ભજન ન કરવું, તે જ બહુ મોટી મૂઢતા છે. જેવી રીતે એક હાથને જ સમગ્ર શરીર માની લેવું તે તદ્દન મૂર્ખતા છે, હસ્તાદિ

અનેક અંગોથી યુક્ત શરીરને માનવું તે બુદ્ધિમત્તા છે. અમારાં સમગ્ર વેદાદિ શાસ્ત્ર તે ભગવાનના મહાન પૂર્ણસ્વરૂપનું જ વર્ણન કરે છે. તેથી શાસ્ત્ર અનુસાર ભગવાનના પૂર્ણ સ્વરૂપને જ માનવું તથા ભજવું-તે પૂર્ણ આસ્તિકતા છે. માટે શ્રૌતસ્માર્ત અદ્વૈત સંપ્રદાય પાંચેયરૂપે ભગવાનની પૂજાનો આદેશ આપે છે. તે સંપ્રદાયના વિખ્યાત આચાર્ય બાદરાયણ મુનિ વેદવ્યાસે અઢાર પુરાણોમાં તથા જગદ્ગુરુ આચાર્ય શંકરે વિવિધ શિવ, વિષ્ણુ વગેરેનાં સ્તોત્રોમાં આ જ સિદ્ધાન્ત અભિવ્યક્ત કર્યો છે. અદ્વૈત સિદ્ધાંતના ઝંડાની નીચે કોઈપણ પ્રકારે દેવભેદ માનવામાં આવતો નથી. જે લોકો શાસ્ત્રચક્ષુથી હીન છે, તેઓ જ તે પૂર્ણ, અપરિચ્છિન્ન, પરમાત્માને પરિચ્છિન્ન, પૃથક્ પૃથક્ માની લે છે.

એક ગામમાં એક દિવસ એક હાથી આવ્યો. હાથીનું નામ સાંભળીને તે ગામના પાંચ આંધળા હાથી જોવા માટે ગયા. આંધળા હોવાથી તેઓ હાથીને જોઇ શક્યા તો નહિ, પણ હાથ ફેરવીને સમજી શકવા પ્રયત્ન કરવા લાગ્યા. હાથી પાસે આવીને એક આંધળાએ તેના પગ પર હાથ ફેરવ્યો, બીજાએ સૂંઢ પર, ત્રીજાએ પેટ પર, ચોથાએ પૂંછડી પર, અને પાંચમાએ કાન પર. અર્થાત્ તે હાથીના એકે એક અંગ પર હાથ ફેરવીને તે પાંચેય આંધળાઓ પાછા પોતાને ઘેર ગયા ઘેર આવીને તે આંધળાઓ આપસમાં હાથીની ચર્ચા કરવા લાગ્યા. જેણે હાથીનો પગ પકડયો હતો, તે આંધળો કહેવા લાગ્યો-હાથો થાંભલા જેવો હોય છે. તેની વાત સાંભળીને બીજો આંધળો-જેણે હાથીની સૂંઢ પકડી હતી, તે કહેવા લાગ્યો-તું જુઠું બોલે છે. હાથી થાંભલા જેવો કદી હોતો નથી. હાથી તો અનાજ ખાંડવાના મોટા સાંબેલા જેવો હોય છે. જેણે કાન પકડયો હતો, તે ત્રીજો આંધળો કહેવા લાગ્યો-ભાઈ, તું પણ શા માટે જુઠું બોલે છે? હાથી તો

સૂપડા જેવો હોય છે. તે સાંભળીને જેણે પેટ પર હાથ ફેરવ્યો હતો તે ચોથો આંધળો મ્હોં બગાડીને કહેવા લાગ્યો-હાથી નથી થાંભલા જેવો, નથી સાંબેલા જેવો, નથી સૂપડા જેવો, પણ દિવાલ જેવો લાંબોપહોળો હોય છે. ત્યારે જેણે પૂંછડી પકડી હતી, તે પાંચમો આંધળો બોલ્યો–અરે, નકામાં ગપ્પાં શું કામ મારો છો? તે તો દોરી જેવો પાતળો હોય છે. આ પ્રકારે તે પાંચેય આંધળા એક બીજાને જુઠ્ઠા કહેવા લાગ્યા, અને માંહ્યોમાંહ્ય 'તું તું, હું, હું' કરતા વઢવા લાગ્યા. એટલામાં ત્યાં એક આંખોવાળો માણસ આવી ચઢયો. તેણે કહ્યું–તમે લોકો માંહ્યોમાંહ્ય આટલો વાદવિવાદ શા માટે કરી રહ્યા છો? વાત શી છે? આંધળાઓએ પોતાનો બધો કિસ્સો તેને કહી સંભળાવ્યો. તેણે કહ્યું–ભાઈઓ; તમારું લોકોનું કહેવું પૂર્ણ સત્ય નથી, પણ આંશિક સત્ય છે. તમે તમારી અંધતાને કારણે હાથીના એકકેક અંગને જ હાથી માની લીધો છે. તેથી જ તમારે માંહ્યોમાંહ્ય વિવાદ તથા વિરોધ ઊભો થયો છે. તે તે સમગ્ર અંગોનો સમુદાય જ વાસ્તવિક હાથી છે. આંખવાળાએ આ પ્રકારે તેમને સમજાવ્યું, છતાં પણ આંધળાઓના મનનું પૂરું સમાધાન થયું નહિ. આંખોવાળાએ વિચાર કર્યો–જ્યાં સુધી આ આંધળાઓને હાથીનું અપરોક્ષ દર્શન થશે નહિ, ત્યાં સુધી આમના મનનું સમાધાન થશે નહિ. સદ્ભાગ્યે તે આંખવાળા માણસ પાસે દિવ્ય અંજન હતું. તેણે દયાવશ તે પાંચેય આંધળાઓની આંખમાં દિવ્યાંજન આંજ્યું. હવે બધા આંધળા દેખવા લાગ્યા. સામે જ હાથી ખડો હતો. આંખોવાળો બોલ્યો–જુવો, આ હાથી કેટલો મોટો છે? હાથીને અપરોક્ષ જોઇને આંધળાઓના તમામ વિવાદોનું તથા વિરોધનું શમન થયું.

સિદ્ધાંતમાં હાથી છે પૂર્ણ, મહાન પરમાત્મા. વિષ્ણુ, શિવ

વગેરે પાંચ દેવતામય તેમનું પૂર્ણ સ્વરૂપ છે. પરંતુ મૂઢ, અજ્ઞાની, દુરાગ્રહી લોકો, આંધળાઓની પેઠે, તેમના એક એક અંગરૂપ વિષ્ણુ વગેરેનેજ પૂર્ણ પરમેશ્વર માની લે છે, તથા અન્ય અંગરૂપ શિવ વગેરેને માનતા નથી. જ્યારે તેઓ કોઈ તત્ત્વ-દર્શી વિજ્ઞાનની કૃપા દ્વારા પરમેશ્વરના પૂર્ણ સ્વરૂપને સમજી લે છે, ત્યારે ભેદબુદ્ધિરૂપી મૂઢતાને તથા વ્યર્થ દુરાગ્રહને છોડીને વિશાળ-હૃદય બની જાય છે, અને પાંચેય રૂપોમાં રહેલા, પૂર્ણ પરમેશ્વરની આરાધના કરીને પોતાના જીવનને સફલ તથા ધન્ય બનાવી લે છે.

પોતપોતાની રુચિ તથા યોગ્યતા અનુસાર, આ પાંચ દેવોમાંથી પોતાને ગમે તે એક દેવની પ્રધાન રૂપે ઉપાસના કરે, પરંતુ પોતાના આરાધ્ય દેવને બાકી રહેલા આ ચારેય દેવોથી અભિન્ન તથા પૂર્ણ ભગવાન જ માને. તે જ વૈદિક-સ્માર્ત સંપ્રદાયની પંચાયતન દેવોપાસના છે. તેથી અદ્વૈત સંપ્રદાયના મહાન ઉદાર આચાર્ય પોતાના પ્રધાન ઈષ્ટ દેવ રૂપે-કોઈ કોઈ દેવને માને છે, અને બીજા કોઈ બીજા દેવને માને છે. જેમકે-અદ્વૈત સિદ્ધિના રચનાર આચાર્ય મધુસૂદન ભગવાન શ્રી વિષ્ણુરૂપ કૃષ્ણને, રત્નપ્રભાકર સ્વામી ગોવિંદાનંદજી શ્રીરામને, ચિત્સુખીકાર ચિત્સુખાચાર્ય શ્રી નૃસિંહને, તથા ખંડન-ખંડ-ખાદ્યકાર આચાર્ય શ્રી હર્ષ ભગવાન શ્રી શંકરને ઈષ્ટ દેવ-આરાધ્ય માનીને પોતપોતાના ગ્રંથના પ્રારંભમાં મંગલાચરણ કરે છે. છતાં તેઓ કદાપિ દેવભેદ માનતા નથી. માટે શ્રીમદ્ ભાગવતમાં એકાંત-ભક્તિનું એજ સ્વરૂપ બતાવ્યું છે કે-एकान्तभक्तिर्गोविन्दे यत्सर्वत्र तदीक्षणम् (૭,૮,૫૫) અર્થાત્ ગોવિંદ ભગવાનમાં એ જ એકાંત-ભક્તિ છે કે સર્વત્ર તે ઈષ્ટ દેવનું જ દર્શન કરવામાં આવે. 'એકાંત' નો અર્થ પણ

એ જ છે કે—સર્વત્ર ઇષ્ટ ભાવનાનો પરિપાક થતાં અંતમાં તેજ એક રહી જાય. આ એકાંત ભક્તિનું જ બીજું નામ છે અનન્ય ભક્તિ, જેમાં 'આ અન્ય છે' એવો ભાવ જ ન રહે. આ પ્રકારે પંચદેવોપાસનાનું અદ્વૈત ભાવના નિર્માણમાં જ પર્યવસાન થઇ જાય છે.

તેથી અમારા ધર્મપ્રાણ ભારતવર્ષના બધા ખંડોમાં સામાન્ય તથા વિશેષ રૂપે આ પાંચેય દેવોની ઉપાસના અનાદિ પરંપરાથી ચાલતી આવી છે. ભગવાન શંકરની ઉપાસના સર્વત્ર પ્રચલિત છે. બાર જ્યોતિર્લિંગ હિમાલયથી માંડીને કન્યાકુમારી સુધી ફેલાયેલાં છે. આસ્તિક લોકો તે જ્યોતિર્લિંગોનું દર્શન તથા પૂજન કરીને પોતાને ધન્ય સમજે છે. આર્યાવર્તનું—ભારતનું એવું એક પણ ગામ નહિ મળે કે જેમાં એક નાનું કે મોટું શિવાલય ન હોય. માટે જ આસ્તિક સમાજમાં એ પ્રવાહ ચાલ્યો આવે છે કે—**धिक् भस्मरहितं भालं धिक् ग्राममशिवालयम्।** અર્થાત્ પવિત્ર ભસ્મ (વિભૂતિ) લેપન વિનાના કપાળને ધિક્કાર હો, તથા શિવાલય વિનાનું ગામ પણ ધિક્કારને યોગ્ય છે. આ પ્રકારે ભગવાન લક્ષ્મીનારાયણનાં તથા તેમના અવતાર—રામ, કૃષ્ણ વગેરેનાં મંદિર પણ સર્વત્ર જોવામાં આવે છે. ભક્ત લોકો પ્રેમથી ભગવાન વિષ્ણુની આરાધના કરતા કરતા આનંદમગ્ન બની જાય છે. દેવી ભગવતીની પણ ઉપાસના સર્વત્ર છે. વિષ્ણુની સાથે લક્ષ્મી છે, તો શંકરની સાથે પાર્વતી. તથાપિ સ્વતંત્રરૂપે ભારતમાં સેંકડો શક્તિપીઠ જોવામાં આવે છે. બંગાળમાં તો પ્રધાનરૂપે મહાકાલી શક્તિની જ આરાધના થાય છે. પ્રસિદ્ધ સંત શિરોમણિ રામકૃષ્ણ પરમહંસ દેવ શક્તિના જ પરમ ભક્ત હતા. ભારતનાં સર્વથી મોટાં બે નગર—મુંબઈ તથા કલકત્તા દેવીનાં જ નામથી વિખ્યાત છે. મુંબાદેવીના નામ

પર મુંબઈ તથા કાલી દેવીના નામ પર કલકત્તા પડ્યું છે. આ પ્રકારે ગણેશ તથા સૂર્ય ભગવાનની પણ સર્વત્ર માન્યતા છે તથાપિ ગણપતિ–બાપાની વિશેષ આરાધના મહારાષ્ટ્ર દેશમાં જોવામાં આવે છે. વળી આર્ય જાતિના સૂર્ય નમસ્કાર તથા સૂર્યાર્ઘ્ય–પ્રદાન તો પ્રસિદ્ધ જ છે.

પછી એ પાંચેય દેવોનો શિવ તથા વિષ્ણુમાં અંતર્ભાવ કરવામાં આવે છે. શિવમાં ગણેશ તથા દેવીનો સમાવેશ માન્યો ગયો છે, તો વિષ્ણુમાં સૂર્યનો. માટે જ રાજર્ષિ ભર્તૃહરિજીએ પ્રવૃત્તિ તથા નિવૃત્તિનું ઉદાહરણ દેતાં કહ્યું છે કે–

> एको वासः पत्तने वा वने वा,
> एका भार्या सुन्दरी वा दरी वा।
> एकं मित्रं भूपतिर्वा यतिर्वा,
> एको देवः केशवो वा शिवो वा ॥

એક જ સ્થાનમાં નિવાસ કરવો જોઈએ, કાં તો સુંદર મનોરમ નગરમાં અથવા તો રમણીય વનમાં. એકને જ નારી બનાવવી જોઈએ, કાં તો સુંદર યુવતીને અથવા તો હિમાલયની શાન્ત ગુફાને. એકને જ મિત્ર બનાવવો જોઇએ, કાં તો રાજાને અને નહિ તો યતિ, વિદ્વાન સંન્યાસીને. અને એક જ દેવની આરાધના કરવી જોઇએ, કાં તો શિવની અથવા કેશવની. આવાં નગર, સુંદરી, ભૂપતિ પ્રવૃત્તિનિષ્ઠ છે, તો વન, ગુફા અને સંન્યાસી નિવૃત્તિનિષ્ઠ છે. તેવી રીતે ભગવાન વિષ્ણુ યજ્ઞ, દાન, હોમ વગેરે પ્રવૃત્તિ-ધર્મના અધિષ્ઠાતા છે, તો ભગવાન શંકર જ્ઞાન, ભક્તિ, વૈરાગ્ય વગેરે નિવૃત્તિ–ધર્મના અધિષ્ઠાતા છે. તેથી ભગવાન વિષ્ણુ અલંકારપ્રિય છે અને મોટા ઠાઠમાઠથી રહે છે; અને ભગવાન શિવ જટાભસ્મ ધારણ કરીને એકાંત સ્થળ–શ્મશાનમાં નિવાસ કરે છે.

છેવટે આ બે દેવોનો પણ પુરાણોમાં અભેદ માન્યો ગયો છે, બંનેને એક જ બનાવી દેવામાં આવ્યા છે. જેમકે—

स एव हि महादेवः, स एव हि महाहरिः।
शिवाय विष्णुरूपाय, शिवरूपाय विष्णवे॥
वेदानुवर्तिनो रुद्रं देवं नारायणं तथा।
एकीभावेन पश्यन्ति मुक्तिभाजो भवन्ति ते॥
यो विष्णुः स स्वयं रुद्रो, यो रुद्रः स जनार्दनः।
इति मत्वा भजेद्देवं स याति परमां गतिम्॥

અર્થાત્ તે જ મહાદેવ-શિવ છે, તથા તે જ મહા હરિ-વિષ્ણુ છે. શિવ વિષ્ણુરૂપ છે તો વિષ્ણુ શિવરૂપ છે. વૈદિક સનાતન ધર્માનુયાયીઓ રુદ્રદેવને તથા નારાયણદેવને એકરૂપે જુવે છે. તેથી તેઓ અભેદભાવવાળી ઉપાસના દ્વારા મુક્તિને પ્રાપ્ત કરે છે. જે વિષ્ણુ છે, તે જ સ્વયં રુદ્ર છે. જે રુદ્ર-શિવ છે, તે જ જનાર્દન વિષ્ણુ છે—એવું માનીને જે દેવનું ભજન કરે છે, તે પરમ ગતિને પ્રાપ્ત થાય છે.

પુરાણ-મૂર્ધન્ય (શિરોમણિ) શ્રીમદ્ ભાગવતમાં સ્વયં વિષ્ણુ ભગવાન કહે છે કે—

'अहं ब्रह्मा च शर्वश्च जगतः कारणं परं।
आत्मेश्वर उपद्रष्टा स्वयंदृगविशेषणः॥
आत्ममायां समाविश्य सोऽहं गुणमयीं द्विज!।
सृजन् रक्षन् हरन् विश्वं दध्रे संज्ञां गुणोचिताम्॥
तस्मिन् ब्रह्मण्यद्वितीये केवले परमात्मनि।
ब्रह्मरुद्रौ च भूतानि भेदेनाज्ञोऽनुपश्यति॥
त्रयाणामेकभावानां यो न पश्यति वै भिदां।
सर्वभूतात्मनां ब्रह्मन्! स शान्तिमधिगच्छति॥'

(ભા. ૪,૭,૫૦-૫૧-૫૨-૫૪)

હું (વિષ્ણુ), બ્રહ્મા તથા શિવ—આ અમે ત્રણેય અભિન્ન હોઈને જગતનું શ્રેષ્ઠ કારણ છીએ, આત્મા છીએ, ઈશ્વર છીએ, ઉપદ્રષ્ટા છીએ, સર્વદ્રષ્ટા છીએ, તથા નિર્વિશેષ છીએ. હે દ્વિજ! તે જ હું પોતાની ગુણમયી માયાનો આશ્રય કરીને, વિશ્વનું સર્જન, રક્ષણ તથા સંહાર કરતો, તે તે ગુણોને યોગ્ય નામોને ધારણ કરું છું. તે અદ્વિતીય, કેવલ, બ્રહ્મ પરમાત્મામાં 'આ બ્રહ્મા છે, આ રુદ્ર છે, આ પૃથ્વી વગેરે ભૂતો છે' એવો ભેદ-ભાવ રાખીને બ્રહ્માદિ દેવોને જે પૃથક્ પૃથક્ જુવે છે, તે અજ્ઞાની છે, મૂઢ છે. વસ્તુતઃ બ્રહ્મા, વિષ્ણુ તથા મહેશ્વર—આ ત્રણેયનો એક જ ભાવ (સત્તા) છે, અભિન્ન જ સ્વરૂપ છે. જે સમસ્ત ભૂતોનો આત્મા છે, તેમાં જે ભેદ દેખતો નથી, તે શાન્તિને પ્રાપ્ત થાય છે, અર્થાત્ ભેદ જોનારો કદી પણ શાંતિને પ્રાપ્ત કરી શકતો નથી. ભગવદ્-ઉપાસનાનું શ્રેષ્ઠ ફળ શાન્તિલાભ જ છે. તેને અભેદદર્શી જ પ્રાપ્ત કરે છે.

તેથી અદ્વૈત સંપ્રદાયના મહાન આચાર્ય, વિખ્યાત વિદ્વાન, પરમ શિવભક્ત, અપ્પય દીક્ષિતે કહ્યું છે કે—

'वस्तां पिशङ्गं वसनं दिशो वा, गरुत्मता यातु ककुद्मता वा।
निद्रातु वा नृत्यतु वाऽधिरङ्गं, भेदो न मे स्यात् परमस्य धाम्नः॥

તે પરમ જ્યોતિરૂપ અદ્વય, બ્રહ્મ પોતાની માયાશક્તિદ્વારા વિષ્ણુ બનીને પીતાંબરનું પરિધાન કરે અથવા શંકર બનીને દિગંબર ધારણ કરે; તે ગરુડારૂઢ બનીને ગમન કરે કે વૃષભારૂઢ બનીને ગમન કરે; તે શ્રીરંગતીર્થમાં અથવા ક્ષીર સાગરમાં શેષશય્યા પર અધિરૂઢ બનીને યોગનિદ્રામાં મગ્ન બને, અથવા ચિદંબર ક્ષેત્રમાં પાણિનિ આદિ મુનિઓની સમક્ષ ડમરુવાદન કરતા કરતા રંગભૂમિમાં તાંડવનૃત્ય કરે-પરંતુ તે તે વિવિધ રૂપોમાં પ્રગટ થનાર પરમાત્મામાં હું ભેદભાવ રાખતો નથી.

માટે કાશીથી પ્રકાશિત થનાર, 'વિશ્વનાથ' નામના પોતાના માસિક પત્રમાં હમે 'હરિહરકા અભેદ' શીર્ષક એક વિસ્તૃત લેખ લખ્યો હતો. તેમાં અમે પ્રારંભમાં પ્રતિજ્ઞારૂપે આ પ્રકારે લખ્યું હતું કે—

मया पुराणोपपुराणयुक्ताः, साङ्गाश्च वेदाः स्मृतयः समस्ताः।
सर्वाणि शास्त्राणि विलोकितानि, न क्वापि दृष्टः शिवविष्णुभेदः॥
अहं पुनः पण्डितमण्डलस्थान् पृच्छामि सर्वानपि ते ब्रुवन्तु।
श्रुतौ स्मृतौ शास्त्रपुराणमध्ये तैः क्वापि दृष्टः शिवविष्णुभेदः॥

મેં પુરાણ તથા ઉપપુરાણથી યુક્ત, અંગસહિત વેદોનું, સમસ્ત સ્મૃતિઓનું તથા સમગ્ર શાસ્ત્રોનું યથાવત્ અવલોકન કર્યું છે, પરંતુ તેમાં ક્યાંય પણ શિવ તથા વિષ્ણુનો ભેદ જોયો નથી. કોઈ પ્રશ્ન કરી શકે છે કે—આ શાસ્ત્રોમાં આપે ભેદ નહિ જોયો હોય, પરંતુ બીજા કોઈ પંડિતે જોયો હશે. તેના ઉત્તરરૂપે કહેવામાં આવ્યું હતું કે—હું તે પંડિતોના મંડળમાં અવસ્થિત સર્વ વિદ્વાનોને પૂછું છું કે-તેમણે શ્રુતિમાં, સ્મૃતિમાં, શાસ્ત્ર તથા પુરાણોની મધ્યમાં-ક્યાંય પણ શિવ-વિષ્ણુનો ભેદ જોયો હોય, તો તેઓ બતાવવાની કૃપા કરે. અર્થાત્ કોઈ પણ શાસ્ત્રમાં શિવ વિષ્ણુના વાસ્તવિક ભેદનું વર્ણન છે જ નહિ. તો પછી તેઓ ક્યાંથી કેવી રીતે બતાવી શકવાના હતા? નહિ બતાવી શકે.

શિવ તથા વિષ્ણુનાં વિવિધ નામોનું પર્યાલોચન કરતાં પણ આપને નિઃસંદેહ અભેદ-ભાવનો જ નિશ્ચય થશે. કલ્પના કે ભાવના કરો કે—મુંબઇ શહેરથી એક સ્પેશિયલ ટ્રેઈન યાત્રાને માટે ઊપડી છે, અને તેમાં પોતાના સર્વ શ્રોતાઓ, વક્તા સાથે, બેસીને તીર્થયાત્રાનો આનંદ લઇ રહ્યા છે. આપણી તે ટ્રેઈન ઘૂમતી ઘૂમતી વારાણસી (બનારસ) પહોંચી છે. ટ્રેઈનમાંથી ઉતરીને કાશીના ભગવાન શંકરનાં દર્શન-પૂજન માટે સર્વ

મંદિરમાં ગયા છે. દર્શન-પૂજન પછી આપણે બધાએ ખૂબ પ્રેમપૂર્વક 'વિશ્વનાથ ભગવાનકી જય હો' એવો જયનાદ કર્યો. કાશીથી આપણે સર્વ સમુદ્ર-તટમાં અવસ્થિત પુરીક્ષેત્રમાં ગયા. ત્યાં આપણે દિવ્ય-કાષ્ઠ-નિર્મિત ભગવન્મૂર્તિઓનાં દર્શન-પૂજન કર્યાં, અને છેવટે આપણે 'જગન્નાથ ભગવાનકી જય હો' એવો જયઘોષ કર્યો. હવે આપ વિચાર કરી શકો છે કે-કાશીના વિશ્વનાથમાં તથા પુરીના જગન્નાથમાં શો ફેર છે? આપને પુછવામાં આવે કે-વિશ્વમાં અને જગત્‌માં શો ફેર છે? તો આપ તરત જ બોલી ઊઠશો કે-વિશ્વ કહો કે જગત્ કહો-એકજ વાત છે; કંઈ ફરક નથી. તો પછી વિશ્વનાથમાં અને જગન્નાથમાં શો ફેર હોઇ શકે, વારુ? જ્યારે વિશ્વ તથા જગત્ એક છે, તો તેના નાથ (સ્વામી) શું બેચાર હશે? માટે કાલ્પનિક મૂર્તિ-ભેદ હોવા છતાં પણ વિશ્વનાથ-શિવ અને જગન્નાથ-વિષ્ણુ વસ્તુત: એક જ છે-એવો આપ નિશ્ચય કરી લો, જે નિશ્ચય સમસ્ત શાસ્ત્રો વડે પ્રમાણિત થઈ ચૂકેલો છે.

પછી આપણી યાત્રા-ટ્રેઈન ઘૂમતી-ઘૂમતી વૃંદાવન પહોંચે છે. ત્યાં અમે બંસીબટમાં શ્રીકૃષ્ણની રાસલીલાનાં દર્શન કર્યાં. રાસલીલામાં અમે સખીઓ સાથે શ્રીકૃષ્ણને નાચતા જોયા, અને તરત જ બોલી ઊઠ્યા-આ તો શ્રી કૃષ્ણ નટવર છે. ગુજરાતમાં 'નટવરલાલ' નામ બહુ પ્રસિદ્ધ છે. ત્યાર પછી આપણી ટ્રેઈન દક્ષિણ ભારત પહોંચે છે. ત્યાં ભગવાન શંકરનું ચિદંબર ક્ષેત્ર અતિ પ્રસિદ્ધ, ભવ્ય તથા મનોહર છે. કોઇક ધનિક ભક્તે ભગવાનના મંદિરના શિખર પર પ્રતિદિનના શ્વાસોની ગણના અનુસાર ૨૧૬૦૦ શુદ્ધ સુવર્ણની, એક એક તોલાની મહોર જડાવી છે. તેનાથી મંદિર ખૂબજ આકર્ષક લાગે છે તે મંદિરમાં જઈને અમે ભગવાન સદાશિવનાં નટરાજરૂપે દર્શન કર્યાં: જે

સમયે એક તરફ પાણિની મુનિ વ્યાકરણ શાસ્ત્રની પ્રાપ્તિ માટે તથા બીજી તરફ સનકાદિ મહર્ષિ બ્રહ્મવિદ્યાની પ્રાપ્તિ માટે તપશ્ચર્યા કરી રહ્યા હતા, ત્યારે તેમની તપશ્ચર્યાથી પ્રસન્ન થઈને ભગવાન શંકર પ્રગટ થયા હતા. તે સમયે ભગવાન શંકરનો શ્રી વિગ્રહ નટરાજ રૂપનો હતો. ભગવાન હાથમાં ડમરૂ બજાવતા બજાવતા, તાંડવ નૃત્ય કરી રહ્યા હતા. તેથી વ્યાકરણનો પ્રાથમિક વિદ્યાર્થી ભગવાન શંકરને આ પ્રકારે યાદ કરે છે કે—

नृत्यावसाने नटराजराजो ननाद ढक्कां नवपञ्चवारम् ।
उद्धर्तुकामः सनकादिसिद्धान्, पतद्विमर्शे शिवसूत्रजालम् ॥

તાંડવનૃત્ય સમાપ્ત થતાં ભગવાન નટરાજ શંકરે ચૌદ વાર ડમરૂનો નાદ કર્યો. તેનાથી સનકાદિ મહર્ષિઓને બ્રહ્મવિદ્યાની અને પાણિનિ મુનિને વ્યાકરણનાં ચૌદ સૂત્રોની પ્રાપ્તિ થઈ ગઈ.

હવે આપ જોઈ શકશો કે—ત્યાં શ્રી વિષ્ણુ નટવર છે, તો અહીં શ્રી શંકર નટરાજ છે. 'નટવર'નો અર્થ છે—નૃત્ય કરનારાઓમાં શ્રેષ્ઠ; અને 'નટરાજ' નો પણ તે જ અર્થ છે. આ પ્રકારે આપને અતિ ઉત્તમ, નૃત્ય રૂપી ગુણની સમાનતાથી પણ તે બંનેમાં અભેદ-ભાવનું ભાન થાય છે.

પાંડવ ગીતામાં શ્રી વિષ્ણુ નારાયણને ચોર કહ્યા છે. જેમકે:

नारायणो नाम नरो नराणां प्रसिद्धचोरः कथितः पृथिव्यां ।
अनेकजन्मार्जितपापसंचयं, हरत्यशेषं स्मरतां सदैव ॥

અર્થાત્ 'નારાયણ' નામવાળા એક પ્રસિદ્ધ ચોર ભૂમંડલમાં છે; જે જે માનવ તેમનું સ્મરણ કરે છે, તેના અનેક જન્મોમાં સંપાદિત પાપોના સમુદાયનું હરણ કરી લે છે. શ્રી નારાયણના અવતાર શ્રી કૃષ્ણને તો 'ગોપાલ-સહસ્રનામ'માં 'ચોર-

જાર-શિખામણિ' નું બિરુદ (ટાઇટલ) આપવામાં આવ્યું છે. તેનો અર્થ છે—ચોરો તથા જારોનો સરદાર. તેથી કોઇક રસિક ભક્તે અનેક પ્રકારની ચોરીઓનો આરોપ લગાવીને, તેમને 'ચોરાગ્ર-ગણ્ય' કહીને નમસ્કાર કર્યા છે, જેમ કે—

'भजे प्रसिद्धं नवनीतचौरं, गोपाङ्गनानाञ्च दुकूलचौरं।
अशेषजन्मार्जितपापचौरं चौराग्रगण्यं पुरुषं नमामि॥'

જો કોઇ વિખ્યાત શિવાલયમાં આપ જાઓ, તો ત્યાં વેદપાઠી બ્રાહ્મણ યજુર્વેદ સંહિતાના પ્રસિદ્ધ રુદ્રાષ્ટાધ્યાયનો પાઠ કરતો નજરે પડશે. તેની પાસે બેસીને તમે તે પાઠને સાંભળો. આપના સાંભળવામાં આવશે કે—दिशां च पतये नमो नमः, पशूनां पतये नमो नमः, जगतां पतये नमो नमः। (શુ. ય. ૧૬,૧૭,૧૮) અર્થાત્ ભગવાન શ્રી શંકર દિશાઓના પતિ છે, અજ્ઞાની મૂઢ રૂપ પશુઓના પતિ છે, તથા સમસ્ત જગત્‌ના પતિ છે. તેમને મારા વારંવાર અસંખ્ય નમસ્કાર છે. પછી આપને સાંભળવા મળશે—तस्कराणां पतये नमो नमः, स्तायूनां पतये नमो नमः। (યજુ. ૧૭,૮,૧) ભગવાન શંકર તસ્કરોના તથા સ્તાયુઓના પણ પતિ છે-અર્થાત્ સરદાર છે. તેમને મારા નમસ્કાર હો. તસ્કર એટલે ડાકૂ, જે જળજબરીથી બધાંના દેખતાં જ ધનમાલ લૂંટી લે છે; અને સ્તાયુ એટલે ચોર, જે ગુપચુપ રાતે આવીને ચોરી કરે છે. આ પ્રકારે ભગવાન શંકર પણ વિષ્ણુ ભગવાનની પેઠે ચોરોના સરદાર સિદ્ધ થાય છે. તેથી પણ તે બંનેમાં સમાનતા સિદ્ધ થાય છે.

અને 'હરિ' તથા 'હર'નાં પણ સમાન અર્થ થાય છે. हरति इति हरिः हरश्च। જે સ્મરણ માત્રથી પાપ-સંતાપોનું હરણ કરે છે, તે હરિ છે તથા હર પણ છે. માટે વ્યાકરણશાસ્ત્રના વિદ્વાનોએ કહ્યું છે કે—

'उभयोरेका प्रकृतिः, प्रत्ययभेदात् भिन्नवद्भाति ।
कलयति कश्चिन्मूढः, हरिहरभेदं विना शास्त्रम् ॥'

અર્થાત્ હરિ તથા હર-બંને પદોની 'હૃઞ્-હરણે' ધાતુરૂપ એક જ પ્રકૃતિ છે. હૃ તથા અચ્ પ્રત્યયના ભેદથી 'હરિ' તથા 'હર' શબ્દો ભિન્ન હોય તેમ પ્રતિભાસિત થાય છે. તે જ રીતે હરિ તથા હરની પ્રકૃતિ અર્થાત્ વાસ્તવિક સ્વરૂપ એક જ છે. પરંતુ પ્રત્યય અર્થાત્ વિશ્વાસ તથા રુચિના ભેદથી, ભિન્ન ન હોવા છતાં ભિન્નની પેઠે પ્રતીત થાય છે. તથાપિ કોઇ મૂઢ હરિ તથા હરમાં વાસ્તવિક ભેદ માને છે. કેમ માને છે? તો કે શાસ્ત્રં વિના- અર્થાત્ શ્રોત્રિય, બ્રહ્મનિષ્ઠ, આચાર્ય ગુરુ દ્વારા શાસ્ત્રોનું શ્રવણ કરેલું નથી, તેથી જ તે ભેદ માને છે. જો તેણે શાસ્ત્ર શ્રવણ કર્યું હોત, તો તેમનામાં ભેદ ન માનત. અથવા હરિહરનો ભેદ વિનાશક અસ્ત્રં છે, ચાર પ્રકારના ધર્માદિ પુરુષાર્થોનું વિનાશક અસ્ત્ર છે. તેથી હરિહરનો અભેદભાવ બતાવવા માટે જ ચતુર્થાશ્રમી-સંન્યાસીઓના મઠ-મંદિરમાં તથા મંડળોમાં હરિહરનું એકી સાથે જ નામ લેવામાં આવે છે. જેમ કે-આરતીની હરિહર, ભિક્ષાની હરિહર, સ્વાધ્યાયની હરિહર, કથાની હરિહર

'શિવ' નામનો અર્થ છે શેતે સર્વં જગત્ યસ્મિન્ સઃ શિવઃ। અર્થાત્ પ્રલય સમયે જેમનામાં સમસ્ત જગત્ સૂઈ જાય છે, તે વિષયનું અધિષ્ઠાન શિવ છે. વિષ્ણુ નામનો અર્થ છે વેવેષ્ટિ-વ્યાપ્નોતિ સર્વં જગત્ ઇતિ વિષ્ણુઃ। વિષ્લૃ વ્યાપ્તૌ ધાતુથી 'વિષ્ણુ' શબ્દ બને છે. જે સર્વ જગત્‌ને વ્યાપ્ત કરી રહ્યો છે, તે વિષ્ણુ છે. આ પ્રકારે શિવ તથા વિષ્ણુનાં નામોનો ભાવાર્થ એક જ પૂર્ણ, મહાન તત્ત્વને સિદ્ધ કરે છે, જે તત્ત્વ પૂર્ણ (વ્યાપક) છે તથા સર્વનો આધાર છે.

કોઈ એક સમયે કાશીમાં પંડિતોની એક સભા થઈ હતી. તેમાં કોઈકે આ પ્રશ્ન કર્યો હતો કે—ભગવાન શ્રી વિષ્ણુ—નારાયણ શ્યામસુંદર કેમ છે? સત્ત્વગુણી માયાના અધિષ્ઠાતા હોવાને કારણે શ્રી વિષ્ણુનો શુક્લ વર્ણ હોવો જોઈએ. કારણ કે શાસ્ત્રોમાં સત્ત્વાદિ ત્રણ ગુણોવાળી માયાને **લોહિતશુક્લકૃષ્ણા** કહી છે. અર્થાત્ રજોગુણનો લાલ વર્ણ, સત્ત્વગુણનો શુક્લ-સફેદ વર્ણ, તથા તમોગુણનો કાળો વર્ણ માનવામાં આવ્યો છે. તેથી ભગવાન વિષ્ણુનો શ્યામવર્ણ હોવો જોઈએ નહિ; અને ભગવાન શ્રીશંકરને અનેક શાસ્ત્રોમાં શુક્લવર્ણ કેમ કહ્યા છે? જેમ કે **કર્પૂરગૌરં રજતગિરિનિભં ચારુચન્દ્રાવતંસં** ઈત્યાદિ વચનોમાં (ભગવાન શંકર કપૂર સમાન ગૌરવર્ણના છે, રજતગિરિ સમાન શુક્લવર્ણના છે) એવું વર્ણન આવે છે. 'ચાંદીના પહાડ જેવા' એવું સાંભળીને આપ ચમકી ઊઠશો, પૂછવા લાગશો કે—એવો પહાડ ક્યાં છે? બતાવો. ત્યાં જઈને અમે પણ ઓછામાં ઓછી હજાર—દોઢ હજાર મણ ચાંદી ઊઠાવી લાવીએ કારણ કે ચાંદીના પર્વતમાંથી ગમે તેટલી ચાંદી ઊઠાવી લઈ જાઓ, તો પણ તેમાં કશી કમી આવવાની નથી. અમે ખૂબ માલદાર બની જઈશું. પરંતુ રજતગિરિનો એવો અર્થ નથી. 'ચાંદીની સમાન સફેદ વર્ણથી ચમકનાર પહાડ' તેવો અર્થ છે. જો આપ તેવા પર્વતને જોવા માગતા હો, તો પોષ—માઘ માસમાં હરિદ્વાર આવજો. ત્યાંથી આપને રજતગિરિનું દર્શન થશે. શીતકાળમાં હિમાલયનાં શિખરોમાં ખૂબ બરફ જામેલો રહે છે. સવારે સૂર્યકિરણોને લીધે તે શિખરો ચાંદીની પેઠે ચમકે છે. તેવું મનોરમ દૃશ્ય જોઈને દર્શકોનું મન આનંદમુગ્ધ બની જાય છે. તાત્પર્ય એ છે કે—ભગવાન શંકરનો રજતગિરિ સમાન શુક્લવર્ણ ન હોવો જોઈએ, પણ કૃષ્ણવર્ણ હોવો જોઈએ, કારણકે તે તમોગુણી માયાના અધિષ્ઠાતા છે.

ભગવાન શંકરને કેટલાક લોકો નિંદાના અભિપ્રાયથી 'તમોગુણી' કહે છે. 'તમોગુણી' વિશેષણ સાંભળીને શંકરભક્તોને બહુ દુઃખ થાય છે. પરંતુ વિચાર કરીને જોવામાં આવે, તો 'તમોગુણી' વિશેષણથી નિંદા નહિ, પણ સ્તુતિ જ સિદ્ધ થાય છે. તમોગુણીનો એવો અર્થ કદાપિ નથી કે–તમોગુણના વશમાં હોવાવાળા. ભગવાન શંકર જીવ નથી, પણ ઈશ્વર છે. જીવ તમોગુણને વશ હોઈ શકે છે, પરંતુ ઈશ્વર તમોગુણને વશ નથી હોતા, ઊલટું તે તો તે દુર્દાન્ત તમોગુણને પોતાના વશમાં રાખે છે. તમોગુણ પર જેનો કંટ્રોલ રહે છે–એવો અર્થ છે. જો 'તમોગુણી' નો અર્થ 'તમોગુણના વશમાં રહેનાર' એવો કરો, તો વિષ્ણુના વિશેષણ 'સત્ત્વગુણી'નો પણ એવો જ અર્થ કરવો પડશે. એવો અર્થ કરતાં વિષ્ણુમાં પણ ઈશ્વરત્વની સિદ્ધિ નહિ થાય. કારણ કે તે પણ સત્ત્વગુણના વશમાં રહેવાવાળા બની જશે. જીવ અને ઈશ્વરમાં એ જ વિલક્ષણતા છે–જે માયાના ગુણોને વશ થાય તે જીવ; જે માયાના ગુણોને પોતાને આધીન રાખે તે ઈશ્વર. કારણકે જીવ પ્રકૃતિનો ગુલામ છે. ઈશ્વર પ્રકૃતિના સ્વામી છે–નિયંતા છે.

જે સમયે ભગવાન રાઘવેન્દ્ર શ્રીરામ તથા શ્રીલક્ષ્મણ તથા જનકનંદિની ભગવતી શ્રીસીતા વનમાં જઈ રહ્યાં હતાં, તે સમયનું વર્ણન ગોસ્વામી તુલસીદાસજીએ રામાયણમાં આ પ્રકારે કર્યું છે,

आगे राम लखन पुनि पाछे, तापस वेष विराजत आछे।
उभय बीच सिय सोहती कैसे; ब्रह्म जीव बिच माया जैसे॥

તેમાં રામને બ્રહ્મની, લક્ષ્મણને જીવની, તથા સીતાને માયાની ઉપમા આપી છે. અહીં પ્રશ્ન થાય છે કે–રામ બ્રહ્મ કેમ છે? તેનો ઉત્તર એ છે કે–સીતારૂપી માયા તેમની પાછળ ચાલે છે. જે માયાની પાછળ ન ચાલે, પણ માયાને પોતાની પાછળ ચલાવે,

અર્થાત્ માયા ઉપર જે શાસન કરે, માયાના શાસનમાં ન રહે, તે બ્રહ્મ છે, પરમેશ્વર છે. લક્ષ્મણ જીવ કેમ છે? એટલા માટે કે તે સીતા–માયાની પાછળ પાછળ ચાલી રહ્યો છે. તાત્પર્ય એ છે કે વિશ્વેશ્વર ભગવાન શંકરને માટે 'તમોગુણી'ના અર્થ, 'સત્ત્વગુણી'ના અર્થની પેઠે જ 'તમોગુણના અધિષ્ઠાતા–શાસક, તમોગુણને પોતાના વશમાં રાખનારા' એવો જ કરવો ઉચિત છે. હવે આપ વિચાર કરી શકો છો કે–સત્ત્વગુણનું નિયમન કરવું કઠિન છે કે તમોગુણનું? સત્ત્વગુણ સ્વયં મૃદુ છે. તેનું નિયમન કરવું સરળ છે. પરંતુ તમોગુણનું નિયમન કરવું બહુ કઠિન છે. કોઈ મામૂલી, દુર્બળ વ્યક્તિને પછાડી નાંખવામાં પહેલવાનની પ્રશંસા નથી થતી; પણ જે ખૂબ પ્રસિદ્ધ, હૃષ્ટપુષ્ટ, બળવાન પહેલવાનને પછાડે છે, તેની જ સર્વત્ર પ્રશંસા થવા લાગે છે. સત્ત્વગુણ દુર્બળ વ્યક્તિ સમાન છે, જ્યારે તમોગુણ બળવાન પહેલવાન જેવો છે. તમે તમારી પોતાની જાત તરફ જોઇને (આંતર નિરીક્ષણ કરીને) પણ સમજી શકો છો કે–જ્યારે તમારામાં તમોગુણ ભરાય છે, ક્રોધ તથા આળસ આવે છે, ત્યારે તેને કાબૂમાં રાખવો તે કેટલા શેરનું કામ બની જાય છે? તેથી 'તમોગુણી' વિશેષણથી ભગવાન શંકરની નિંદા નહિ, પણ ઊલટી સ્તુતિ જ સિદ્ધ થાય છે. માટે તમોગુણીનો વાસ્તવિક અર્થ સમજીને શિવભક્તોએ પ્રસન્ન થવું જોઈએ.

પૂર્વોક્ત પ્રશ્નના સમાધાન માટે કેટલાયે દિવસો સુધી પંડિતોનો અનેક પ્રકારનો વાદવિવાદ ચાલ્યો. પરંતુ કોઇ પણ વાસ્તવિક હૃદયંગમ સમાધાન કરી શક્યું નહિ. એક દિવસ તે સભામાં એક વીતરાગ, બ્રહ્મનિષ્ઠ, વિદ્વાન મહાત્મા આવ્યા. તેમણે તે પ્રશ્નને યથાવત સમજીને પંડિતોને કહ્યું કે–હું આપની આ સભામાં પુરાણોનો એક શ્લોક કહેવા માગું છું. સંભવ છે કે તેના દ્વારા, આ પ્રશ્નનું સમાધાન થઈ જાય. પંડિતો હર્ષ

તથા આદરપૂર્વક બોલ્યા કે-ભગવન્! જરૂર તે શ્લોક કહો, જેનાથી આ પ્રકૃત પ્રશ્નનો વાદવિવાદ સમાપ્ત થઇ જાય. પંડિતોની અનુમતિ મેળવીને મહાત્માજી કહેવા લાગ્યા-

> शिवस्य हृदये बिष्णुः, विष्णोश्च हृदये शिवः ।
> उभयोरन्तरं कृत्वा रौरवं नरकं व्रजेत् ॥

અર્થાત્ શિવના હૃદયમાં વિષ્ણુ છે, અને વિષ્ણુના હૃદયમાં શિવ છે. તે બંનેમાં ભેદ કરીને, રૌરવ નરકની પ્રાપ્તિ થાય છે. શિવના હૃદયમાં વિષ્ણુ કેમ છે? એટલા માટે કે શિવ વિષ્ણુના ભક્ત છે, ઉપાસક છે. ઉપાસક ભક્તનો તે સ્વભાવ હોય છે કે તે પોતાના ઉપાસ્ય, પ્રિયતમ, ઇષ્ટદેવનું હૃદયમાં હરદમ ધ્યાન કરતો રહે છે. ધ્યાનના પ્રભાવથી ઇષ્ટદેવ હૃદયમાં અવસ્થિત થાય છે; પછી તે ઇષ્ટ દેવમય બની જાય છે. આ પ્રકારે વિષ્ણુના હૃદયમાં શિવ છે, કારણકે વિષ્ણુ શિવના ભક્ત છે, ઉપાસક છે. તેથી તે પણ પોતાના ઉપાસ્ય-ઇષ્ટદેવ શિવનું ધ્યાન કરતા રહે છે. ધ્યાનના પ્રભાવથી તે પણ ધ્યેયરૂપ-શિવમય બની જાય છે. પરમ વૈષ્ણવ ગોસ્વામી તુલસીદાસે પણ શિવ તથા રામનો એવો જ સંબંધ કહ્યો છે કે—

> 'सेवक-सखा-स्वामी सियपीके।'

અર્થાત્ ભગવાન સીતાપતિ રામ શિવના સેવક છે, સખા છે તથા સ્વામી છે. સેવક એટલે ઉપાસક, ભક્ત. સ્વામી એટલે ઉપાસ્ય, ભજનીય. તેઓ પરસ્પર એકબીજાના કોઈક કોઈક વખત સેવક બની જાય છે, તો કેટલીક વખત સેવ્ય.

એક નગરમાં બે શોખીન માણસો રહેતા હતા. એકને ઘોડેસ્વારીનો બહુ શોખ હતો. જ્યાં કંઇ જવાનું થાય, ત્યાં તે ઘોડા પર બેસીને જ જતો. પગે ચાલવું તેને પોતાની

પ્રતિષ્ઠાની વિરુદ્ધ લાગતું. બીજો ગાદીતકિયાનો શોખીન હતો. ક્યાંય જવાનું થાય, તે ગાદીતકિયાનું બંડલ પોતાની પીઠ પર ઊંચકીને જ જતો હતો. જ્યાં બેસવાનું આવે, ત્યાં પોતાનો ગાદીતકિયો બિછાવીને જ પછી તેના પર બેસે. ગાદી-તકીયા વગર નીચે બેસવામાં તે પોતાના ગૌરવનું અપમાન માનતો. એક દિવસ તે બંને કોઈ એક ગામમાં જઈ રહ્યા હતા. માર્ગમાં બંનેનો સાથ થઈ ગયો. માર્ગમાં જનારા લોકોએ જોયું અને સમજ્યા કે—આ જે ઘોડાપર બેસીને જાય છે તે તો શેઠ હશે, અને આ જે પીઠ પર ગાંસડી ઊચકીને જાય છે તે તેનો નોકર હશે. તે પ્રકારે તે લોકોએ ઘોડેસ્વારને સ્વામી તથા ગાદી–તકિયાવાળાને સેવક માની લીધા. પછી તે બંને એકી સાથે તે ગામમાં પહોંચ્યા. ગામના એક ચોતરા પર તે ગાદી–તકિયાવાળો ગાદી–તકિયો લગાવીને ખૂબ રૂવાબપૂર્વક બેસી ગયો, અને પેલો ઘોડાવાળો ઘોડાને ઘાસપાણી આપવા લાગ્યો, અને તેની પીઠ પર હાથ ફેરવવા લાગ્યો. ગામના લોકો આ દૃશ્યને જોઈને એવું સમજ્યા કે—આ ગાદીતકિયા પર બેસનારો શેઠ હશે, અને પેલો ઘોડાની સેવા કરનારો શેઠનો નોકર હશે. આ પ્રકારે ગામના લોકો માર્ગમાં ચાલનારા પેલા લોકો કરતાં ઊલટું જ સમજ્યા. જેવી રીતે તે બંને શોખીન માણસો કોઇકવાર શેઠરૂપે તો કોઈકવાર નોકર રૂપે દેખાતા હતા, તે પ્રકારે ભગવાન વિષ્ણુ તથા ભગવાન શિવ એકબીજાના કોઇકવાર સેવક–ઉપાસક રૂપે તો કોઈકવાર સેવ્ય–ઉપાસ્યરૂપે પ્રતીત થાય છે. શિવ કૈલાસમાં બેસીને 'રામ, રામ' જપે છે, તો વિષ્ણુ વૈકુંઠમાં રોજ એક હજાર કમળો વડે શ્રી શિવનું પૂજન કરે છે. શિવ વિષ્ણુનું ભક્તિ-પૂર્વક ધ્યાન કરે છે, તો વિષ્ણુ શિવનું. અને અમારા શાસ્ત્રોમાં

ધ્યેય સ્વરૂપની પ્રાપ્તિ થઇ જવી, તેને જ ધ્યાનનું ફળ માનવામાં આવ્યું છે.

જે સમયે ભગવતી જનકનંદિની શ્રીસીતા અશોકવાટિકામાં બેઠી-બેઠી 'શ્રીરામ રામ' રટતી હતી, તથા ભક્તિપૂર્ણ હૃદયથી શ્રીરામનું ધ્યાન કરતી-કરતી તન્મય બની જતી હતી, ત્યારે દેવી સીતાએ પોતાની સામે એક કીડાને ધ્યાનના પ્રભાવથી ભ્રમર રૂપ બની જતો જોયો. તરત જ શ્રી સીતાજી પોતાની ગુપ્ત સખી ત્રિજટાને આ પ્રકારે કહેવા લાગી—

"कीटोऽयं भ्रमरीभवत्यतिनिदिध्यासैर्यथाऽहं तथा,
स्यादेवं रघुनन्दनाऽपि त्रिजटे दाम्पत्यसौख्यं गतम् ॥"

હે ત્રિજટા! ભ્રમરના અત્યંત ધ્યાનથી આ કીડો જેવી રીતે કીડો મટીને ભ્રમર બની ગયો, તેવી રીતે હું પણ શ્રીરામના અત્યંત ધ્યાનના પ્રભાવથી સીતા મટી જઈને રઘુનંદન-રામ બની જઈશ, તો પછી સીતારામના દાંપત્યસુખની સમાપ્તિ થઈ જશે. એક રામ અયોધ્યાપુરીના રાજા બની જશે, તો બીજા સીતામાંથી બનેલા રામ મુંબઈના રાજા બની જશે. સીતા-રામની જુગલજોડી નહિ રહે. તેમાં જેવો અનન્ય પ્રેમ તથા પરસ્પરનું મહાન સુખ રહે છે, તેવો પ્રેમ તથા તેવું સુખ બે પૃથક્ બનેલા રામોમાં કદી રહી શકવાનું નથી. એવો વિચાર કરીને શ્રી સીતા બહુ વ્યાકુલ બની ગઈ, અને શ્રી રામના ધ્યાનથી ઉપરત થવાનો વિચાર કરીને કહેવા લાગી-અરે આ ધ્યાન સારું નથી, જે મને સીતામાંથી રામ બનાવી દે છે. મારે રામ બનવું નથી, સીતા જ રહેવું છે.

શ્રી સીતાજીની એવી વાતો સાંભળીને બુદ્ધિમતી ત્રિજટાએ સીતાજીને આશ્વાસન આપતાં કહ્યું કે—

शोकं मा वह मैथिलेन्द्रतनये! तेनापि योगः कृतः।
सीता सोऽपि भविष्यतीति सरले! तन्नो मतं जानकि!॥

હે મિથિલાધિપતિની કુમારી, તું શોક ન કર. તે રામે પણ તારા જેવો યોગ કર્યો છે. તું રાતદિવસ રામનામનો જપ કર્યા કરે છે તથા રામનું ધ્યાન કરે છે; તો રામ પણ રાતદિવસ 'સીતા, સીતા' રટયા કરે છે અને સીતાનુંજ ધ્યાન કરતા રહે છે. ધ્યાનના ભાવથી તું સીતા મટીને રામ બની જઈશ, તો રામ રામ મટીને સીતા બની જશે. સીતારામની જુગલ-જોડીમાં કોઈ પણ પ્રકારે ધ્યાન દ્વારા બાધા ઉપસ્થિત નહિ થાય. જેમ તારું હૃદય રામના અચલ પ્રેમથી છલ્લોછલ ભરેલું છે, તેમ રામનું હૃદય પણ સીતાના નિશ્ચલ પ્રેમથી ભરપૂર બની રહ્યું છે. તું જે પ્રકારે રામમય બની રહે છે, તે પ્રકારે રામ પણ સીતામય બન્યા રહે છે. માટે હે ભલીભોળી દેવી, તું રામના ધ્યાનમાંથી ઉપરત ન થઈશ. રાતદિવસ રામનું ધ્યાન પ્રેમપૂર્ણ હૃદયમાં કરતી રહે. ત્રિજટાના આ કથનથી શ્રી સીતાજીની વ્યાકુલતા દૂર થઈ, અને તે બહુ જ પ્રસન્ન થયાં.

શ્રી સીતાના આ ચરિત્રનું તાત્પર્ય એ છે કે-ધ્યાનનો પ્રભાવ ધ્યેય સ્વરૂપની પ્રાપ્તિમાં કારણ બની જાય છે. પ્રકૃતમાં ભગવાન શિવ વિષ્ણુના ધ્યાનથી શુક્લવર્ણના બની ગયા, તથા ભગવાન વિષ્ણુ શિવના ધ્યાનથી કૃષ્ણવર્ણના થઈ ગયા. જો કે તમોગુણી માયાના અધિષ્ઠાતાપણાથી શિવમાં કૃષ્ણ વર્ણ હતો, તથા સત્ત્વગુણી માયાના અધિષ્ઠાતાપણાથી વિષ્ણુમાં શુક્લવર્ણ હતો, છતાં પરસ્પરના ધ્યાનની શક્તિથી પરસ્પરના વર્ણોનો પરસ્પરમાં વિનિમય (અદલોબદલો) થઈ જાય છે. માટે જ અમારાં શાસ્ત્રોએ શિવને કપૂરગૌર તથા વિષ્ણુને શ્યામસુંદર કહ્યા છે.

તે મહાત્માજીનું આ પ્રકારનું પ્રમાણિક તથા યુક્તિસંગત સમાધાન સાંભળીને પંડિતોની સભા બહુ જ પ્રસન્ન થઈ ગઈ, અને 'ધન્ય, ધન્ય' કહેવા લાગી.

તેથી શ્રીમદ્ ભાગવતના યશસ્વી વ્યાખ્યાતા, પ્રસિદ્ધ શ્રીધર સ્વામીએ શિવ-વિષ્ણુ બંનેની આ પ્રકારે અભેદભાવવાળી સ્તુતિ કરી છે—

> माधवोमाधवावीशौ, सर्वसिद्धिविधायिनौ।
> वन्दे परस्परात्मानौ परस्परनतिप्रियौ ॥

માધવ (મા, લક્ષ્મી; ધવ, પતિ) તથા ઉમાધવ-શિવ, આ બંને ઈશ્વર છે, સર્વ સિદ્ધિઓના પ્રદાતા છે, પરસ્પર એકબીજાને નમસ્કાર વગેરે કરવામાં બહુ પ્રીતિ રાખે છે, તથા વસ્તુતઃ તે એકબીજાના આત્મા છે, અર્થાત્ અભિન્ન-સ્વરૂપ છે. તેમને હું વંદન કરું છું. મહાત્મા તુલસીદાસે પણ એવું જ કહ્યું છે કે—

> राम हि शिव हि एक जो जाने;
> भय-तजि नाम जपत हर्षाने।

તેથી પુરાણોમાં કહ્યું છે કે-શ્રેષ્ઠ ભગવદ્ભક્ત તે જ છે કે જે શિવ તથા વિષ્ણુમાં સમબુદ્ધિ રાખે છે—

> शिवे च परमेशाने, विष्णौ च परमात्मनि।
> समबुद्धया प्रवर्तन्ते, ते वै भागवतोत्तमाः ॥'

પરમેશ્વર શિવમાં તથા પરમાત્મા વિષ્ણુમાં સમબુદ્ધિ રાખીને, જે ભગવાનની ઉપાસનામાં પ્રવૃત્ત થાય છે, તે જ ઉત્તમ ભાગવત અર્થાત્ ભગવદ્ભક્ત છે. અર્થાત્ વિષમબુદ્ધિ રાખનાર, નાના-મોટા સમજનાર કદી પણ ભગવદ્ભક્ત થઈ શકતો નથી.

કેટલાક વૈષ્ણવંમન્ય, વિષમ બુદ્ધિવાળા લોકો શિવના નિર્માલ્યની, ચરણોદકની તથા નૈવેદ્યની ઘૃણા કરે છે, અને તે

વસ્તુઓને અગ્રાહ્ય કહે છે. પરંતુ અમારાં શાસ્ત્રોએ તેમને કદી અગ્રાહ્ય કહ્યાં નથી. ઊલટું તેમના ગ્રહણથી અનેક લાભોનું વર્ણન આ પ્રકારે કર્યું છે—

'रोगं हरति निर्माल्यं, शोकं तु चरणोदकम्।
अशेषं पातकं हन्ति, शम्भोर्नैवेद्यभक्षणम्॥'

ભગવાન શિવ ઉપર ચઢાવેલું બિલ્વપત્ર, પુષ્પ વગેરે નિર્માલ્ય નેત્ર તથા મસ્તકને અડકાડવાથી રોગોનું નિવારણ કરે છે. શિવ-પાદોદકના પાન દ્વારા શોકનો નાશ થાય છે. અને શંભુનું નૈવેદ્ય ભક્ષણદ્વારા સમસ્ત પાપોનો વિધ્વંસ કરે છે. માટે કહ્યું છે કે—

'शिवनैवेद्यके चव हरिनैवेद्यके तथा।
करोति भेदबुद्धिं यो ब्रह्महत्यां लभेत सः॥'

શ્રીશિવના નૈવેદ્યાદિમાં તથા શ્રીહરિના નૈવેદ્યાદિમાં જે માણસ ગ્રાહ્યાગ્રાહ્યત્વ વડે પ્રયુક્ત ભેદબુદ્ધિ કરે છે, તેને બ્રહ્મહત્યાનું પાપ લાગે છે. માટે શિવનિર્માલ્ય વગેરે પરમ પવિત્ર છે તથા ગ્રાહ્ય છે.

કેટલાક લોકો ત્રિપુંડ્ર ધારણ કરવું સારું સમજતા નથી. તેઓ વસ્તુતઃ મૂર્ખ છે. કારણકે તેઓ સ્વાભાવિક, પોતાના કપાળમાં રહેલી આડી રેખાઓની ઉપેક્ષા કરે છે. તેથી તેમને માટે શાસ્ત્રોમાં એવું જ કહ્યું છે કે—

'तिर्यक्रेखाः प्रदृश्यन्ते ललाटे सर्वदेहिनाम्।
तथापि मानवा मूर्खा न कुर्वन्ति त्रिपुण्ड्रकम्॥'

કુદરતે જ સર્વ માનવોને લલાટમાં આડી રેખાઓ તાણી આપેલી છે. છતાં જેઓ તે સ્વભાવિક, દેખાતી રેખાઓનું અનુસરણ ન કરતાં–ત્રિપુંડ્ર કરતા નથી, તેઓ મૂર્ખ છે.

જે સમયે મર્યાદાપુરુષોત્તમ ભગવાન શ્રીરામ સીતાનો લાભ તથા દુષ્ટોનો વિનાશ કરવા માટે, તથા શિવભક્તિના મહિમાને સર્વત્ર ફેલાવવા માટે દક્ષિણ સમુદ્રના તટ પર શ્રી રામેશ્વરની

સ્થાપના કરી રહ્યા હતા, તે સમયે નારદજી ત્યાં આવ્યા; અને શ્રીરામ દ્વારા રેતીથી–વેળુથી રચાયેલા લિંગનું દર્શન કરીને તેમનું નામ શ્રીરામને પૂછવા લાગ્યા. શ્રીરામે તરત જ તેમનું નામ 'રામેશ્વર' કહ્યું. હું રામ છું, અને શિવ મારા ઈશ્વર છે, આરાધ્ય છે, જેમની મેં અહીં લિંગાકાર મૂર્તિનું સ્થાપન કર્યું છે, તેથી रामस्य ईश्वरः रामेश्वरः એવો અર્થ શ્રીરામે બતાવ્યો.

નારદજી જ્યારે કૈલાસ ગયા, ત્યારે તેમણે શ્રી શિવને 'રામેશ્વર'નો અર્થ પૂછયો. શ્રી શિવ તરત જ બોલી ઊઠયા કે– रामः ईश्वरो यस्य सः रामेश्वरः। રામેશ્વર તત્પુરુષ સમાસ નથી, પણ બહુવ્રીહિ સમાસ છે. તેનો અર્થ છે–રામ છે આરાધ્ય ઈશ્વર જે શિવના, તે રામેશ્વર છે. નારદજી સંશયમાં પડી ગયા કે–રામ કહે છે કે શિવ મારા ઈશ્વર છે; તો શિવ કહે છે કે–રામ મારા ઈશ્વર છે. વસ્તુતઃ તે રામ અને શિવ છે શું? બ્રહ્મલોકમાં જઇને પોતાના પિતા બ્રહ્માજી પાસે તે સંશયને પ્રગટ કર્યો. ત્યારે બ્રહ્માજી કહેવા લાગ્યા કે–रामश्चासौ ईश्वरश्च इति रामेश्वरः। 'રામેશ્વર'માં કર્મધારય સમાસ છે. જે રામ છે, તે જ ઈશ્વર (શિવ) છે. બંને એક–અભિન્ન જ છે. પરંતુ તેઓ એકબીજા પોતાના આરાધ્ય દેવ માને છે, તેનું એજ તાત્પર્ય છે કે–જેવી રીતે શિવ તથા વિષ્ણુ પરસ્પર અનન્ય પ્રેમ કરે છે. અભેદ ભાવ રાખે છે, તેવી જ રીતે શૈવો તથા વૈષ્ણવો પણ પરસ્પર એવો જ પ્રેમ રાખે તથા અભેદભાવ કરે.

આ સર્વ વૃત્તાંતો તથા પ્રમાણોદ્વારા એવું નિશ્ચિત થાય છે કે–શ્રી વિષ્ણુ તથા શ્રી શિવમાં કાલ્પનિક નામરૂપોનો ભેદ હોવા છતાં પણ વાસ્તવિક અભેદ જ છે.

અને કલ્પિત ભેદ વાસ્તવિક અભેદનો બાધ કરી શકતો નથી. તે પુરાણોમાં પણ કહ્યું છે—

कल्पितोऽयं द्विजाः! भेदो नाभेदं बाधते सदा।
कल्पितानामसत्त्वाच्च न विरोधश्च सिद्ध्यति॥

હે દ્વિજો! મૃત્તિકામાં જેમ ઘટ, શરાવ વગેરે છે, તેમ નામરૂપોમાં કલ્પિત ભેદ વાસ્તવિક અભેદનો બાધ કરી શકતો નથી, કારણ કે કલ્પિત નામરૂપોની વાસ્તવિક સત્તા હોતી નથી. તેથી કલ્પિત ભેદનો અભેદની સાથે વિરોધ કોઈ પણ પ્રકારે સિદ્ધ થતો નથી.

અને કલ્પિત શિવ, વિષ્ણુ વગેરે નામોમાં તથા કલ્પિત ચતુર્ભુજ, પંચમુખ વગેરે વિગ્રહોમાં પણ પરસ્પર અભેદ ભાવ રાખવો જોઈએ. અર્થાત્ શિવ, શંકર, શંભુ વગેરે નામ વિષ્ણુનાં છે; તથા જનાર્દન, પદ્મનાભ, શ્રીધર વગેરે નામ શિવનાં છે. વળી ચતુર્ભુજ મૂર્તિમાં શિવની ભાવના તથા પંચમુખ પરમેશ્વરમાં વિષ્ણુની ભાવના પણ કરી શકાય છે. પુરાણોમાં મહર્ષિઓએ એવું પણ કહ્યું છે—

'नामानि तव गोविन्द! लघूनि च महान्ति च।
तान्येव मम नामानि नात्र कार्या विचारणा॥
यस्त्वां द्वेष्टि स मां द्वेष्टि यस्त्वामनु स मामनु।
आवयोरन्तरं नास्ति शब्दैरर्थैर्जगत्पते!॥'

ભગવાન શ્રી શંકર વિષ્ણુ ભગવાનને કહે છે કે–હે ગોવિંદ! આપનાં જે નાનાં મોટાં નામો છે, તે સર્વ મારાં જ નામ છે. અર્થાત્ મારાં જે નામ છે, તે સર્વ તમારાં પણ છે. માટે આ નામોમાં પણ ભેદનો વિચાર ન રાખવો જોઈએ. જે તમારી સાથે દ્વેષ કરે છે, તે મારી સાથે પણ દ્વેષ કરે છે. જે આપનો અનુયાયી ભક્ત છે, તે મારો પણ અનુયાયી ભક્ત છે, કારણ કે હે જગત્પતે! આપણા બેમાં વિવિધ નામોથી પ્રયુક્ત તથા વિવિધ વિગ્રહોથી પ્રયુક્ત–કોઈપણ પ્રકારનો ભેદ જ નથી.

માટે ભગવાન શ્રીરામે કહ્યું છે કે-

शिवद्रोही मम दास कहावे, सो नर मोहि स्वप्नेहु नहि भावे.

કોઇ રસિક કવિએ શિવ તથા વિષ્ણુમાં સમાનતા સિદ્ધ કરવાના અભિપ્રાયથી રમા તથા ઉમાનો, મનોરંજન કરે તેવો એક સુંદર સંવાદ આ પ્રકારે પ્રદર્શિત કર્યો છે-

'भिक्षु क्वाऽस्ति ? बलेर्मखे, पशुपतिः ? किं नास्त्यसौ गोकुले,
मुग्धे ! पन्नगभूषणः ? सखि ! सदा शेते च तस्योपरि।
आर्ये ! मुञ्च विषादमाशु, कमले ! नाहं प्रकृत्या चला,
इत्थं श्रीगिरिजासमुद्रसुतयोः संभाषणं पातु वः ॥'

કોઈ એક સમયે ભગવતી મહાલક્ષ્મી રમાએ વિચાર કર્યો કે-મારી વહાલી સખી ભગવતી ઉમાગૌરીને મળ્યાં બહુ સમય વીતી ગયો. નથી તે મને મળવા વૈકુંઠમાં આવી કે નથી હું તેને મળવા કૈલાસમાં ગઈ. માટે તેને મળવા મારે કૈલાસમાં જવું જોઈએ. એવો વિચાર કરીને તે જલ્દી કૈલાસમાં ગઈ, અને મણિમય ભવનનું દ્વાર ખખડાવવા લાગી. જેની સાથે વિશેષ પ્રેમ તથા અભેદ ભાવ હોય છે, તેની સાથે વિનોદ (મજાક) પણ કરવાનું મન થાય છે. તેથી દેવી ઈન્દિરાએ પણ દેવી પાર્વતીની કંઈક હાંસી કરવાનો વિચાર કર્યો. દ્વાર ખખડાવાનો અવાજ સાંભળીને દાસીએ દ્વાર ખોલ્યું, અને ભગવતી લક્ષ્મી મણિમય ભવનમાં દાખલ થઈ, લક્ષ્મીનું નામ સાંભળીને ગૌરી સ્વાગત કરવા માટે દોડી. બંને સખીઓ પરસ્પર પ્રેમભાવથી ગંગા-યમુનાની પેઠે મળી. ઉમાને એકલી જોઈને રમાએ પૂછ્યું કે- **भिक्षुः क्वास्ति।** અર્થાત્ તમારો તે ભિક્ષુ-બાવો ક્યાં છે? ભિક્ષુ શબ્દનો પ્રયોગ કરીને રમા પાર્વતી-પતિ, ભગવાન શંકર પર ભિખારીપણાનો આક્ષેપ કરે છે. વ્યંગ્યથી એમ પણ સૂચિત કરે છે કે-તારો વર તો ભિખારી છે, પણ મારો પતિ રાજાધિરાજ છે.

બુદ્ધિમતી દુર્ગાભવાની તરત જ ભિક્ષુ શબ્દમાં રહેલા આક્ષેપને સમજી ગઈ. અને कृते च प्रतिकर्तव्यं एष धर्मः सनातनः । ની અનુસાર મંદ મંદ હસતી પ્યારભર્યા શબ્દોમાં આક્ષેપનો પ્રત્યાક્ષેપ કરવાનો અભિપ્રાય રાખીને, આશ્ચર્ય પ્રગટ કરતી, કહેવા લાગી-અહો હો! મારી વહાલી સખી ભિક્ષુને શોધવા માટે અહીં આવી છે? હું તે ભિક્ષુનો પત્તો જાણું છું. એમ કર. તું અહીંથી ભારતમાં જા. ત્યાં એક પવિત્ર નર્મદા નદી વહે છે. તેના તટમાં ભૃગુકચ્છ નામનું એક પ્રસિદ્ધ નગર છે. તેની સામે એક વિશાળ એકાંત સ્થળ છે. ત્યાં રાજા બલી એક ભારે મોટો યજ્ઞ કરી રહ્યો છે. ત્યાં તમને વામન (ઠિંગણો) રૂપે સાડા ત્રણ હાથ પૃથ્વીની યાચના કરતો ભિક્ષુ મળશે. યજુર્વેદના શતપથ બ્રાહ્મણમાં લખ્યું છે કે-वामनो ह विष्णु आस। વિષ્ણુ જ વામન બન્યા હતા. પાર્વતી દેવીના એવાં યુક્તિયુક્ત વચન સાંભળીને લક્ષ્મી-દેવી ચૂપ થઈ ગઈ. મનમાં સમજી ગઇ કે-કેવળ ઉમાનો વર જ ભિક્ષુ છે એવું નથી, કિંતુ મારો વર પણ ભિક્ષુ છે. પછી તે કહેવા લાગી-નહિ, નહિ. હું ભિક્ષુને પૂછતી નથી. પણ પશુપતિને પૂછી રહી છું. પશુપતિ ક્યાં છે? 'પશુપતિ' શબ્દના પ્રયોગથી પણ દેવી પદ્માલયા ગિરિરાજ કિશોરીની સમક્ષ ભગવાન શંકર પર આક્ષેપ કરી રહી છે કે-તારો સ્વામી પશુનો પતિ છે. જેવી રીતે પશુ સ્થૂલ બુદ્ધિવાળું હોય છે, તેવી રીતે તારો ભોળાનાથ પણ નંદી પશુની (પોઠીયાની) સાથે રહીને તેવો જ સ્થૂલ બુદ્ધિવાળો બની ગયો હશે. તેથી તો ક્ષીરસાગરના મંથન સમયે નીકળેલા અમૃતનું પાન બીજા બધા દેવોએ કર્યું, અને એ બુદ્ધિમાન દેવોએ મળીને તારા પતિની જુઠ્ઠી પ્રશંસા (તારીફ) કરીને હલાહલ વિષનું પાન કરાવ્યું. જો તેનામાં કંઈ પણ અક્કલ હોત, તો તે વિષનું પાન શામાટે કરત? તેથી તારો ઘરવાળો પૂરો પશુ જેવા જ છે.

ભગવતી ગૌરી તરત જ 'પશુપતિ' શબ્દમાં રહેલો આક્ષેપ સમજી ગઈ, અને કહેવા લાગી-ઠીક, તું પશુપતિને પૂછી રહી છે? શું તે તને ગોકુળમાં ગાયો ચરાવતા ન મળ્યા? ગાયો પણ પશુ છે, મનુષ્ય નથી. જો નંદીના સંબંધથી તું મારા પતિમાં એવો આક્ષેપ કરતી હોય, તો તેવો આક્ષેપ ગાયોના સંબંધથી તારા પતિમાં પણ લાગુ પડી શકે છે. વિષપાન બુદ્ધિહીનતાનું પરિચાયક નથી, કિન્તુ મોટા મોટા વિદ્વાન કવિઓએ તેને કૃપાળુતાનું તથા વિશ્વસંરક્ષકતાનું પરિચાયક બતાવ્યું છે. આ પ્રકારે સુસંગત પ્રત્યુત્તર સાંભળીને દેવી કમલા કહેવા લાગી કે-હું પશુપતિ માટે નથી પૂછતી, કિંતુ પન્નગભૂષણ સંબંધી પૂછી રહી છું. 'પન્નગભૂષણ' પદથી પણ તે આક્ષેપ કરી રહી છે કે-તારો પતિ કેવો ભયંકર આદમી છે, કે જેણે પન્નગોને-સર્પોને જ આભૂષણ બનાવ્યાં છે? તેના શરીરમાં જ્યાં જુવો ત્યાં સર્પો જ વિંટળાયેલા પડ્યા છે. હાથમાં સર્પનું જ કડું પહેર્યું છે. ગળામાં સર્પની જ માળા બનાવી છે, કમ્મરમાં સર્પનો જ કંદોરો વીંટાળ્યો છે. તેને સોના, ચાંદી, મોતી-કશાનાં આભૂષણ ન મળ્યાં? જેમનું નામ સાંભળીને લોકો કાંપવા લાગે, જેમનું દર્શન થાય તો સર્વ લોકો પ્રાણ બચાવવા નાસંનાસા કરવા લાગે, તે ભયંકર સર્પોનાં જ તેને આભૂષણ મળ્યાં? તેથી જેમ સર્પ તમોગુણી છે, તેવો તારો સર્પધારી પતિ પણ તમોગુણી જ કહેવાય છે.

આ આક્ષેપને પણ દેવી રાજરાજેશ્વરી અન્નપૂર્ણા તરત સમજી ગઈ, અને કહેવા લાગી કે-દેવી! પન્નગભૂષણનાં દર્શન તો તને ક્ષીરસાગરમાં મળશે. ત્યાં જ તે સહસ્ર ફણાવાળા શેષનાગની શય્યામાં પોઢેલા દર્શન દેશે. અર્થાત્ મારા પતિએ તો સર્પોનાં આભૂષણ બનાવ્યાં છે. પણ તારા પતિએ તો સર્પનો જ ખાટલો બનાવ્યો છે. જો સર્પના સંબંધથી શિવ તમોગુણી કહેવાય, તો

વિષ્ણુ પણ સર્પના સહચારી છે, તેથી તે પણ તમોગુણી કહેવાશે. એવો પ્રત્યુત્તર સાંભળીને લક્ષ્મીદેવી મનમાં સમસમી રહી.

સંસ્કૃત સાહિત્યમાં કવિઓને માટે કવયસ્તુ કપયઃ એવું કહેવામાં આવ્યું છે. અર્થાત્ જેવી રીતે વાંદરાં ખૂબ ચંચળ હોય છે, તેમ કવિઓ પણ કેટલીક વાર વાણીની અમર્યાદ ચંચળતા પ્રદર્શિત કરે છે. આપણો આ કવિ પણ લક્ષ્મીદેવીના મુખ દ્વારા એવી ચંચળતા પ્રદર્શિત કરતો કહે છે કે—હે દેવિ! પાર્વતિ! તું તો બહુ ભોળી—સરળ હૃદયની છે. તેથી તેં તે શ્મશાનવાસી, મુંડમાળાધારી, કપાલી શંભુને પતિરૂપે પસંદ કર્યો. એ તારી મોટી ભૂલ થઈ છે. હજી પણ તું એ ભૂલને સુધારી શકે છે. ભારતની પાર્લામેન્ટમાં છૂટાછેડાનું બિલ પાસ થઈ ગયું છે. તેથી તું પણ જો ચાહે તો તે વિષભક્ષણ કરવાવાળા શંકરને તલાક (છૂટા છેડા) આપી શકે છે. અને તેના બદલામાં બીજા કોઈ સુંદર દેવને પસંદ કરી શકે છે. પાર્વતીદેવીએ લક્ષ્મીદેવીની આ અમર્યાદ વ્યંગ્યોક્તિનો આ પ્રકારે જવાબ દીધો કે—દેવીજી! કાન ખોલીને સાંભળો. મારો બાપ હિમાચલ પર્વત છે. તે હમેશાં પોતાના સ્થાનમાં અચલરૂપે પ્રતિષ્ઠિત રહે છે, કદી હાલતો ચાલતો નથી. તેથી હું—તે હિમાચલની કુમારી પાર્વતી પણ કોઈ પણ પ્રકારે ચલાયમાન થતી નથી, કારણકે પિતાનો અચલત્વ—ગુણ મારામાં પણ રહેલો છે. તેથી મારામાં છૂટાછેડા આપવાની યોગ્યતા નથી પરંતુ, હા, તારામાં છૂટાછેડા આપવાની યોગ્યતા જરૂર છે; કારણકે તારો બાપ સમુદ્ર છે. તે હરદમ, ચંચળ હોય તેમ, ઊછળતો—કૂદતો રહે છે. અને તેની પુત્રી તું લક્ષ્મી પણ લોકમાં એવી જ જોવામાં આવે છે. આજ પન્નાલાલના ઘરમાં રહે છે, તો કાલે મન્નાલાલના ઘરમાં. પરમ દિવસે ત્યાં પણ નહિ, કોઈ બીજે જ ઘેર તારા ધામા નાંખે છે. માટે ચંચળ બાપની તું ચંચળ બેટી તારા ચંચળ સ્વભાવ

અનુસાર વિષ્ણુને છૂટાછેડા આપી શકે છે. પણ અચલતનયા હું મારા અચલ સ્વભાવ અનુસાર મારા પતિદેવને તલાક આપી શકતી નથી. આ પ્રકારે ગિરિજા ભવાનીનો તથા સમુદ્રની લક્ષ્મીનો પરસ્પર થયેલો, હાંસી-મજાક ભર્યો, પ્રેમસૂચક સંવાદ તમારી રક્ષા કરો. કવિમહોદય આ સંવાદ દ્વારા શિવ તથા વિષ્ણુમાં દૂષણો તથા ભુષણોની સમાનતા પ્રદર્શિત કરીને, બંનેની એકતાનું જ્ઞાપન કરાવે છે.

કેટલાક લોકો એવું સમજે છે કે-આ ચતુર્થાશ્રમી સંન્યાસી કાષાયાંબર તથા ભસ્મરુદ્રાક્ષધારી શિવમાર્ગી છે, શિવને જ માને છે, વિષ્ણુને નહિ, પરંતુ વાસ્તવમાં એવી વાત નથી. કારણકે આ સંન્યાસધર્મ કોઈ નવો ચાલેલો, અર્વાચીન સંપ્રદાય વિશેષ નથી, પણ તે તો વેદાદિ શાસ્ત્રો વડે પ્રતિપાદ્ય, વિશ્વહિતકારી, અનાદિ ધર્મવિશેષ છે. તેથી આ અંતિમ, શ્રદ્ધેય સંન્યાસાશ્રમમાં શિવ-વિષ્ણુ વગેરે માર્ગોનો ભેદ માનવામાં આવતો નથી. તેથી સંન્યાસીઓના પ્રધાન આચાર્ય શ્રીશંકર સ્વામીએ જેવી રીતે શિવની સ્તુતિ કરી છે, તેવી રીતે વિષ્ણુની પણ સ્તુતિ કરી છે. આચાર્યે જેવા ભક્તિભાવથી 'શિવપાદાદિકેશાન્ત વર્ણન' નામનું સુંદર સ્તોત્ર લખ્યું છે, તેવા જ ભક્તિભાવથી 'વિષ્ણુપાદાદિકેશાન્ત વર્ણન' નામનું બહુ સુંદર સ્તોત્ર લખ્યું છે. આચાર્યશ્રીરચિત 'અચ્યુતાષ્ટક' સ્તોત્રનો તે આદિમ શ્લોક તો ભારતના સમસ્ત પ્રાંતો તથા નગરોની તો શી વાત-પણ ગામડાંની જનતામાંયે પ્રસિદ્ધિ પામી ચૂક્યો છે. સર્વ નાગરિક તથા ગામડાંના લોકો બહુ પ્રેમપૂર્વક, સત્યનારાયણની કથાના, કીર્તનના, રામાયણના પાઠના વગેરેના અંતમાં, એકઠા મળીને એક સ્વરે બોલે છે—

'अच्युतं केशवं रामनारायणं, कृष्णदामोदरं वासुदेवं हरिम् ।
श्रीधरं माधवं गोपिकावल्लभं, श्रीजानकीनायकं रामचन्द्रं भजे ॥'

આ કોઈ સાંપ્રદાયિક વૈષ્ણવાચાર્યોના ઉદ્ગાર નથી, કિંતુ સંન્યાસીઓના પરમ આચાર્ય, જગદ્ગુરુ શ્રી શંકરસ્વામીના પાવન ઉદ્ગાર છે. તેથી તેવા આચાર્ય શંકર તથા તેમના અનુયાયી સંન્યાસીઓ કેવલ શિવમાર્ગી જ કેવી રીતે માની શકાય? તેઓ વિષ્ણુને નથી માનતા, તેવું કયે આધારે કહી શકાય? માટે અદ્વૈત સિદ્ધાંતના વિજ્ઞાતા, યથાર્થદર્શી લોકો ચતુર્થાશ્રમી સંન્યાસીઓને પરમ શૈવ તથા પરમ વૈષ્ણવ કહે છે.

શૈવ સંપ્રદાય તો દક્ષિણ ભારતમાં એક પૃથક્ દ્વૈતવાદી સંપ્રદાય છે. તેના પ્રવર્તક રેણુકાચાર્ય, નીલકંઠાચાર્ય વગેરે અનેક આચાર્યો થઈ ગયા છે. તેઓ શિવ વિષ્ણુનો અભેદ માનતા નથી. જેવી રીતે શિવને વૈષ્ણવ લોકો वैष्णवानां यथा शंभुः-ઉત્તમ વૈષ્ણવ માને છે, તેવી રીતે તે શિવલોકો પણ વિષ્ણુને शैवानां च जनार्दनः—અર્થાત્ ઉત્તમ શિવ ભક્ત માને છે. જેવી રીતે કેટલાક ચૂસ્ત વૈષ્ણવો પોતાની મૂઢતાને લઇને વૈદિક 'શિવ' નામ બોલવામાં પાપ સમજે છે, તેવી રીતે દક્ષિણના કેટલાક ચૂસ્ત શૈવો પણ વિષ્ણુ નામ બોલવામાં તથા સાંભળવામાં પાપ માને છે. પરંતુ આચાર્ય શંકરના અનુયાયી, પરિવ્રાજક, મહાત્મા લોકો તથા તેમના ગૃહસ્થ ભક્તજનો શિવ વિષ્ણુને અભિન્ન માનીને, બંનેની ખૂબ ભક્તિભાવપૂર્વક પૂજા, સેવા, સ્તુતિ, નામ-સંકીર્તન વગેરે કરતા રહે છે.

ભસ્મ એક વિશુદ્ધ પદાર્થ છે. તે અદ્વૈત સિદ્ધાંતની પ્રતીક છે. તેથી તેના મહિમાનું સૂચક 'વિભૂતિ' એવું એક પ્રસિદ્ધ નામ છે. જે પ્રકારે અગ્નિ વડે ભસ્મ બની જતાં તેમાં વિભિન્ન કાષ્ઠ, પત્ર, પુષ્પ, છાંણ વગેરે ભેદોનું નામનિશાન રહેતું નથી; તેવી રીતે અદ્વૈત ભાવની સિદ્ધિ થતાં ભેદભાવનો પ્રલય થઈ જાય છે. શિવ, વિષ્ણુ વગેરે દેવોમાં તો શું—પણ કાંકરા, લાકડું,

પત્થર, પશુ, પક્ષી વગેરે સર્વ પદાર્થોમાં નિત્ય, શુદ્ધ, બુદ્ધ, મુક્ત, અખંડ, એકરસ, આનંદમય બ્રહ્મનું ભાન થવા લાગે છે, ભસ્મની ત્રણ રેખાઓ જ્ઞાન, ભક્તિ તથા વૈરાગ્યનું, અથવા બ્રહ્મા, વિષ્ણુ તથા મહેશ્વરરૂપ ત્રણ દેવોનું, અથવા મહાકાળી, મહાલક્ષ્મી, મહાસરસ્વતીરૂપ ત્રણ શક્તિઓનું જ્ઞાપન કરે છે, તેથી ભસ્મનું આ ત્રિપુંડ્ર શિવનું જ તિલક મનાય છે, વિષ્ણુનું નહિ—એ વાત ખોટી છે. માટે સંન્યાસીગણ એકબીજાને મળતાં ૐ નમો નારાયણાય—એવો મંત્ર બોલીને પરસ્પર અભિવાદન કરે છે. ભક્ત લોકો પણ સંન્યાસીને નારાયણ-સ્વરૂપ માનીને એ જ મંત્રથી પ્રણામ કરે છે. અને અદ્વૈત સિદ્ધાંતના આદિમ પ્રચારક-આચાર્ય ભગવાન શ્રી નારાયણ જ માનવામાં આવ્યા છે.

માટે વૈદિક, આર્ય, સનાતન ધર્માનુયાયીઓએ શિવ, વિષ્ણુ વગેરે કોઈપણ દેવમાં ભેદબુદ્ધિ રાખવી જોઇએ નહિ, તે સર્વ દેવો એક જ પરમેશ્વરના શક્તિવિશેષ તથા વિભૂતિવિશેષ છે—એમ સમજીને સર્વત્ર તે એક, પોતાના ઇષ્ટદેવની જ, મહાત્મા તુલસીદાસની પેઠે, નિર્મલ ભાવના રાખવી જોઇએ.

મહાત્મા તુલસીદાસ શ્રીરામના અનન્ય ભક્ત હવા. સર્વત્ર પોતાના આરાધ્ય શ્રીરામનાં જ દર્શન કરીને આનંદવિભોર બન્યા રહેતા હતા. ‘સિયારામમય સબ જગ જાની. કરહું પ્રણામ જોરિ જુગ પાની’—તેમની આ ભાવના વૈદિક, સનાતન ધર્મના સિદ્ધાંતોને અનુકૂળ જ હતી. કોઈ એક સમયે તે વૃંદાવન ધામ ગયા હતા. ભગવાન કૃષ્ણના કમનીય વિગ્રહોમાં પણ તે શ્રીરામની જ ભાવના કરી પ્રણામ કરતા હતા. પ્રેમમગ્ન બનીને તે કહ્યા કરતા હતા કે—સર્વ કાંઈ રામ જ રામ છે. આ શ્રીકૃષ્ણ પણ રામ છે. ત્યાંના એક મંદિરમાં એક ભેદબુદ્ધિવાળા પૂજારીએ કહ્યું—આ તો શ્રીકૃષ્ણ છે, શ્રીરામ નહિ. જો આપની સર્વત્ર

શ્રીરામની ભાવના યથાર્થ હોય, તો આ કૃષ્ણ વિગ્રહમાં અમને સર્વને રામ વિગ્રહનાં દર્શન કરાવો. ગોસ્વામી તુલસીદાસે પોતાની દૃઢ અનન્ય, પ્રેમમત્રી રામ ભાવનામાં યથાર્થતા સિદ્ધ કરવા માટે જ ભગવાનને આ પ્રકારે પ્રાર્થના કરી—

कहा कहुँ छबि आजकी, भले बने हो नाथ।
तुलसी मस्तक तव नमे, जब धनुष बाण लो हाथ॥

પ્રાર્થના સાંભળીને શ્રીભગવાન તરતજ—

मुरली-मुकुट दुराय्के, धनुष-बाण लियो हाथ।
अपने जनके कारणे, श्रीकृष्ण भयो रघुनाथ॥

કેટલાક લોકો કહે છે કે-અમારા અમુક સંપ્રદાયનો એ સિદ્ધાંત છે કે-अन्याश्रयो न कर्तव्यः। તેથી અમે અમારા આરાધ્ય દેવ શ્રીકૃષ્ણથી બીજા કોઈપણ રામ, શિવ વગેરે દેવનું નામ લેતા નથી, અને નમસ્કાર પણ કરતા નથી. એમ કરવામાં 'અન્યાશ્રય' નામનો અપાય (દોષ) આવી જાય છે. તેથી તો શ્રી ગીતામાં ભક્તિને માટે 'અનન્ય' વિશેષણ આપવામાં આવ્યું છે. તેની મતલબ એવી છે કે અન્ય કોઈપણ દેવની ભક્તિ કરવી જોઈએ નહિ; કારણ કે અનન્ય ભક્તિ પતિવ્રતા નારીના જેવી હોય છે. જેવી રીતે પતિવ્રતા નારી પોતાના પ્રિયતમ પતિનું જ સેવન કરે છે, કોઈ બીજા પુરુષનું રાગપૂર્વક મુખ સુદ્ધાં જોવાનું પસંદ કરતી નથી, તેવી રીતે અમે પણ અન્યાશ્રય કરતા નથી.

તેમનું કહેવું કંઈક અંશમાં યથાર્થ છે. પરંતુ આપણાં વેદાદિ શાસ્ત્રો અનુસાર વિચાર કરવો જોઈએ કે-સમસ્ત વિશ્વના કર્તા, ધર્તા તથા હર્તા એક જ પરમેશ્વર છે. તે એક જ પરમેશ્વરનાં સર્વ નામ તથા સમસ્ત રૂપ છે. તે એક પરમેશ્વરથી બીજા કોઈ પરમેશ્વરની સિદ્ધિ જ નથી. તેથી આપણાં સર્વ શાસ્ત્રોમાં એકેશ્વરવાદનું વર્ણન છે, અનેકેશ્વરવાદનું નહિ. માટે પ્રથમ આપ

અન્ય ઈશ્વરની સિદ્ધિ કરો; પછી જ અન્યાશ્રયત્વનો પ્રતિષેધ કરી શકો છો. प्राप्तौ सत्यां निषेधः, प्राप्त्यभावे कस्य निषेधः स्यात्। અર્થાત્ તેમાં તેના અન્યની પ્રાપ્તિ થાય, ત્યારે તો તેનો નિષેધ હોઈ શકે. જ્યારે પ્રાપ્તિ જ નથી, તો કોનો નિષેધ થશે? માટે આપ શ્રીકૃષ્ણ ભક્ત હો, તો સર્વત્ર તથા સર્વ વિગ્રહોમાં શ્રીકૃષ્ણની જ ભાવના કરો. રામ, શિવ વગેરેને પણ શ્રીકૃષ્ણ જ સમજીને પ્રણામ કરો. રામ, શિવ વગેરે સર્વનામ શ્રીકૃષ્ણનાં જ છે–એવો નિશ્ચય કરો. શ્રીકૃષ્ણ મહાન છે, વિશ્વાત્મા છે, સમસ્ત દેવતામય છે, તથા અપરિચ્છિન્ન–વિભુ છે; તે નાનકડા નથી. જે મહાન હશે, તે ભક્તો માટે નાનકડા પણ બની શકે છે. જેની પાસે એક હજાર રૂપીઆ છે, તેની પાસે સો પણ છે, બસો પણ છે. અધિક સંખ્યામાં ન્યૂન સંખ્યાનો અંતર્ભાવ થઈ જાય છે. પરંતુ ન્યૂનમાં અધિકનો સમાવેશ થઈ શકતો નથી. તે રીતે જે મહાન છે તે નાના પણ છે; પરંતુ જે નાના જ છે, તે મહાન નહિ બની શકે. જે નિખિલભુવનાધિપતિ છે, તેને અયોધ્યાધિપતિ પણ કહી શકાય છે. પરંતુ જે કેવળ અયોધ્યાધિપતિ છે, તે નિખિલભુવનાધિપતિ નથી બની શકતા. તેથી બાદરાયણ મુનિએ શ્રીમદ્ ભાગવતમાં એ સિદ્ધાંત નિશ્ચિત કર્યો છે કે–भगवद्रूपमखिलं नान्यद्वस्त्विह किंचन। (૧૦,૧૫,૫૬) અર્થાત્ આ અખિલ વિશ્વ ભગવદ્રૂપ જ છે; તેનાથી અન્ય કશી પણ વસ્તુ નથી, અનન્ય ભક્તિનું પણ તેજ સ્વરૂપ છે કે–આરાધ્ય દેવથી અન્ય કશું નથી, તેજ સર્વત્ર ભરપૂર છે, હાજરાહજૂર છે, તે બહુરૂપી છે, તે એક જ અનેક પ્રકારના પોશાક પહેરીને દર્શન આપી રહ્યો છે. પતિવ્રતા નારીની સમક્ષ તેનો પતિ કોઈકવાર બ્રાહ્મણનો સાત્ત્વિક પોશાક પહેરીને આવે, કોઈકવાર ક્ષત્રિયનો રાજસ પોષક, કોઈકવાર શેઠનો સુંદર

પોષાક, કોઈકવાર જેન્ટલમેનનો–સદ્‌ગૃહસ્થનો પોષાક, તથા કોઈક વાર ખદ્દરનો કોંગ્રેસી પોષાક ઈત્યાદિ અનેક પોષાકો પહેરીને આવે, તો તે ભિન્નભિન્ન પોષાકવાળા પોતાના પતિને એક જ સમજશે કે અનેક? જો તે બુદ્ધિમતી હશે, તો એમ જ નિશ્ચય કરશે કે–આ ભિન્નભિન્ન પોષાકવાળો મારો તે એક જ પતિ છે, અન્ય નથી–એવું સમજીને સર્વ પોષાકોમાં રહેલા તે એકનો જ આદર–સત્કાર કરશે.

તેથી સર્વ નામોમાં તથા સર્વ દેવોનાં રૂપોમાં તે એકની જ અનન્ય પ્રેમવાળી ભાવના કરીને, તન્મય બની જવું-તે જ અનન્ય ભક્તિ છે. તેજ સમસ્ત શાસ્ત્રોનો સિદ્ધાંત છે. તેને જ શ્રદ્ધાલુ આસ્તિકે માનવો જોઈએ. પોતાની બુદ્ધિને વેચીને શાસ્ત્રવિરુદ્ધ મતમતાંતરની પૂંછડી પકડવી જોઈએ નહિ.

તથાપિ જેઓ શાસ્ત્રોના આ મહાન, ઉદાર સિદ્ધાંતને જાણતા નથી, જેમનાં અંતઃકરણ સાંસારિક, અનેક પ્રકારની કામનાઓથી સંયુક્ત હોવાને કારણે અશુદ્ધ છે, અને જેઓ પોતાની તે તે કામનાઓને સફલ બનાવવાના ઉદ્દેશથી તે તે દેવતાઓની શ્રદ્ધાપૂર્વક પૂજા કરે છે, તે અજ્ઞ માનવોની હૃદયની શ્રદ્ધાને અંતર્યામી, વિશ્વાત્મા ભગવાન જ સ્થિર બનાવે છે, અને તે તે દેવતાની આરાધનાનું તે તે ફળ પણ પોતે જ આપે છે.

તેથી શ્રી ભગવાન જ સર્વ દેવતામય, વિશ્વપ્રેરક તથા વિશ્વાત્મા છે; તથા શ્રી ભગવાન જ વિશ્વમાં સર્વ કાંઈ આપે છે તથા લે છે; દીધું છે પણ તેણે અને લે છે પણ તે જ; આપશે પણ તે અને લેશે પણ તે જ; આ બધું તેમનું જ છે; આ સમગ્ર વિશ્વ તેમનો જ ખેલ–તમાસો છે; તે જ તેમાં અનેક વિસ્મયકારી રૂપો બનાવીને અભિનય કરી રહ્યો છે; આ ઉદાર તથા શ્રેષ્ઠ સિદ્ધાંત પ્રગટ થાય છે. હરિઃ ૐ તત્ સત્.

(૨૩)

अन्तवत्तु फलं तेषां तद्भवत्यल्पमेधसाम्।
देवान्देवयजो यान्ति, मद्भक्ता यान्ति मामपि ॥ (૭,૨૩)

પરંતુ તે અલ્પબુદ્ધિવાળાઓનું તે ફળ નાશવાન છે. તે દેવતાઓનું પૂજન કરનારા તે દેવતાઓને પ્રાપ્ત થાય છે, અને મારા ભક્ત મને જ પ્રાપ્ત થાય છે.

આનંદનિધિ ભગવાન શ્રીકૃષ્ણ અર્જુન પ્રત્યે પોતાના ભક્તોની તથા અન્ય દેવતાઓના ભક્તોની વિલક્ષણતા બતાવે છે. દેવતાઓના ભક્ત અલ્પમેધાવાળા હોય છે, અને મારા ભક્તો અનલ્પ મેધાવાળા. અલ્પમેધા એટલે મંદ પ્રજ્ઞા. તેમનામાં અલ્પ અનલ્પ વસ્તુ-વિવેકનું સામર્થ્ય હોતું નથી. તેથી તેઓ ભ્રાન્તિવશ અલ્પ (સાન્ત) અર્થનેજ અનલ્પ (અનંત) રૂપે નિશ્ચય કરીને ધારણ કરે છે, અને જે પ્રજ્ઞા શાસ્ત્ર તથા સદ્ગુરુના સહકાર દ્વારા અનલ્પ અર્થાત્ અનંત, મહાન, પારમાર્થિક વસ્તુનો નિશ્ચય કરીને તેને ધારણ કરે છે, તે અનલ્પમેધા કહેવાય છે. અલ્પ મેધાવાળા અલ્પ અર્થાત્ અંતવાન ફલને પ્રાપ્ત કરે છે, જ્યારે અનલ્પ મેધાવાળા અનલ્પ અર્થાત્ અનંત ફલને ધારણ પ્રાપ્ત કરે છે. જેવી મેધા, તેવું ફળ. અલ્પ મેધાવાળાઓને અનલ્પ ફળ પ્રાપ્ત થતું નથી, અને અનલ્પ મેધાવાળાઓને અલ્પ ફળ પ્રાપ્ત થતું નથી.

જે પદાર્થ અલ્પ અર્થાત્ પરિચ્છિન્ન-નાનો હોય છે, તે નિયમપૂર્વક અંતવાન અર્થાત્ મર્ત્ય (મરણધર્મા), વિનાશી હોય છે, શાશ્વત-સુખ-રહિત હોય છે. અને જે પદાર્થ અનલ્પ અર્થાત્ અપરિચ્છિન્ન, મહાન, પૂર્ણ હોય છે, તે નિયમપૂર્વક અમૃત, અવિનાશી તથા આનંદપૂર્ણ હોય છે. શ્રુતિ પણ એવું જ કહે

છે કે–यदल्पं तन्मर्त्यं नाल्पे सुखमस्ति। यो वै भूमा तत्सुखं, भूमैव अमृतम् (છાં. ૭,૨૩,૧) ભૂમાનો અર્થ છે અપરિચ્છિન્ન, મહાન, પૂર્ણ વસ્તુ–ચિદાત્મા.

અલ્પ પદાર્થ છે બ્રહ્મલોક પર્યંત સમગ્ર સંસાર. તેનાં સર્વ ફળ ક્ષણભંગુર જ હોય છે. શાશ્વત ફળ કોઈપણ નથી હોતું. હસવું, રડવું, ખાવું, પીવું, આવવું, જવું, જન્મવું, મરવું, લેવું, દેવું, સુખ, દુઃખ આદિ સર્વ ફળ અંતવાળાં જ પ્રતીત થાય છે. તેથી ભગવાને ગીતામાં કહ્યું છે કે–आ ब्रह्मभुवनाल्लोकाः पुनरावर्तिनोऽर्जुन। (૮,૧૬) અર્થાત્ હે અર્જુન! બ્રહ્મલોકથી માંડીને સર્વલોક પુનરાવર્તી સ્વભાવવાળા છે. અર્થાત્ તેમની પ્રાપ્તિ શાશ્વત નથી હોતી, કારણ કે તે સર્વકાલ પરિચ્છિન્ન હોવાને કારણે અનિત્ય છે. બ્રહ્મલોકાધિપતિ બ્રહ્માજીનું જીવન જો કે આપણા લોકોના કરતાં બહુ જ લાંબું છે. તેમના માસ તથા વર્ષની તો વાત જ શી કરવી? એક દિવસ પણ એટલો લાંબો હોય છે કે–चतुर्युगसहस्राणि ब्रह्मणो दिनमुच्यते। અર્થાત્ આપણા ચાર હજાર યુગ જ્યારે સમાપ્ત થાય છે, ત્યારે બ્રહ્માજીનો એક દિવસ પૂરો થાય છે. અહીંની તો એવી દશા છે કે–એક યુગ પણ કેટલાંય લાખો વર્ષોનો લાંબો દેખાય છે, તેનું ઠેકાણું નથી; તો પછી ચાર હજાર યુગોની તો વાત જ શી કરવી? જેટલા ચાર હજાર યુગના દિવસ, તેટલી જ બ્રહ્માજીની રાત્રિ હોય છે. એ પ્રકારે દિવસોની તથા માસ વગેરેની ગણના કરીને પૂરાં સો વર્ષ બ્રહ્માજીનું જીવન હોય છે, બ્રહ્માજીની રાત્રિ થતાં આપણે અહીં ખંડ (નૈમિત્તિક) પ્રલય થાય છે. તેમાં સમગ્ર પૃથ્વી જલમાં ડૂબી જાય છે. દિવસ થતાં તે ડૂબેલી પૃથ્વી ફરી બહાર નીકળી આવે છે; અને નવીન માનવાદિ સૃષ્ટિનું નિર્માણ થાય છે. બ્રહ્માજીના આ દીર્ઘતમ જીવન આગળ

આપણું માનવોનું જીવન તુચ્છ-મચ્છરોના જેવું ક્ષણભંગુર પ્રતીત થાય છે. તેથી માનવોના આ લોકનું નામ શાસ્ત્રોમાં 'મર્ત્યલોક' રાખવામાં આવ્યું છે. અહીંના નિવાસીઓના જીવનનો કશો ભરોસો નથી. કોણ જાણે કઈ ક્ષણમાં આ જીવનદીપ હોલાઈ જશે? આ બહાર નીકળેલો શ્વાસ ફરીથી અંદર જશેજ -એવું નિશ્ચયપૂર્વક કોણ કહી શકે તેમ છે? અને સ્વર્ગાદિ ઉત્તમ લોકોના નિવાસી દેવગણોને પોતાના જીવનની અવધિનું જ્ઞાન રહે છે. તેથી તેઓ પોતાના જીવનને દેખીને આ પ્રકારે હરદમ શોકસંતપ્ત બન્યા રહે છે કે-હાય! સ્વર્ગનો:ઉપભોગ કરતાં કરતાં અમારું આટલું જીવન, ચપટી વગાડીએ તેમ, ખબર પણ ન પડી કે ક્યારે નષ્ટ થઈ ગયું! હવે આટલુંજ જીવન બાકી રહ્યું છે. તે પણ નદીના પ્રબળ વેગની પેઠે ચાલ્યું જાયછે. 'બહુત ગઈ, થોડી રહી; થોડીભી અબ જાય!' જીવન સમાપ્ત થઈ જતાં સ્વર્ગમાંથી અમારું પતન થશે. સ્વર્ગની આ સુંદરીઓ અમને અતૃપ્ત જ છોડીને અમારાથી અલગ થઈ જશે. નંદનવનનાં રમણીય પુષ્પોથી બનેલી, દિવ્ય સુગંધીથી ભરેલી, આ અમ્લાન માળાઓ તરત જ કરમાઈ જશે. અમારો આ પરમ સુંદર, દિવ્ય, દેહ પણ બરફની પેઠે ઓગળી જશે. આ ઉત્તમ વિમાન, સુંદર વાજિંત્રો, ગાનતાન વગેરે ભપકો ચમકદાર સ્વપ્નની પેઠે ગાયબ થઈ જશે. હાય રે! દિવ્ય સુખપૂર્ણ જીવનની સમાપ્તિના દિવસ બહુ જ પાસે આવી રહ્યા છે. આ પ્રકારે દેવોને ભાવિ વિયોગનો શોકાગ્નિ સદા બળતો રહે છે અને પુણ્યોનો ક્ષય થતાં સાધારણ દેવોની તો શી વાત?-પણ મોટા મોટા ઈન્દ્રાદિ દેવોની પણ દુર્ગતિ થાય છે. તેમને ઉપરથી નીચે પડવું પડે છે. અમીરી છોડીને રંક બનવું પડે છે. સુંદર સ્વાદિષ્ઠ ગુલાબજાંબુ છોડીને જુવારનો વાસી સુકો રોટલો ખાવો પડે છે. તે દેવો સદાને માટે સ્વર્ગમાં

રહી શકતા નથી. જેવી રીતે ટિકિટની અવધિ સમાપ્ત થતાં મુસાફરને ગાડીમાંથી ઉતરી જવું પડે છે, તેવી રીતે પુણ્યની અવધિ સમાપ્ત થતાં તેમને સ્વર્ગથી અલગ થવું જ પડે છે માટે ગીતામાં ભગવાને એવું જ કહ્યું છે કે–क्षीणे पुण्ये मर्त्यलोकं विशन्ति (૯, ૨૧) અર્થાત્ પુણ્ય ક્ષીણ થતાં દેવોને પણ સ્વર્ગમાંથી મર્ત્યલોકમાં આવવું પડે છે.

વળી દેવોના સ્વર્ગીય જીવનમાં પણ અક્ષય શાન્તિ નથી હોતી, કારણ કે આત્મજ્ઞાન વિના શોકનિવૃત્તિરૂપ અક્ષય શાન્તિ પ્રાપ્ત થતી નથી, પછી ભલે તે દેવ હોય, દાનવ હોય કે માનવ–ગમે તે કેમ ન હોય. આત્મજ્ઞાનથી જ પરા શાન્તિની પ્રાપ્તિ થાય છે. ભગવાન પણ ગીતામાં એ જ કહે છે કે–ज्ञानं लब्ध्वा परां शान्तिमचिरेणाधिगच्छति। (૪, ૩૯) અર્થાત્ જ્ઞાન પ્રાપ્ત કરીને જ તે જીવ શીઘ્ર પરમ શાન્તિ પ્રાપ્ત કરે છે. માટે તે સ્વર્ગનો નિવાસી દેવ હોવા છતાં પણ આત્મજ્ઞાન ન હોવાને કારણે હરદમ અશાન્ત જ બન્યો રહે છે. તેના હૃદયભવનમાં રાગદ્વેષાદિક સાંસારિક દ્વંદ્વોની હોળી હરદમ ભભુકતી રહે છે. ઘણે ભાગે સર્વત્ર એવું જોવામાં આવે છે કે–જ્યાં અધિક વૈભવ હોય છે, ત્યાં સંતાપ પણ અધિક જ હોય છે. ગામડાંનો ખેડૂત જે પ્રકારે શાન્તિથી નાક બોલાવતો–બોલાવતો ઘસઘસાટ ઊંઘે છે, તેટલો શહેરનો સદ્‌ગૃહસ્થ ઊંઘી શકતો નથી. શહેરનો બાબૂ અપચાને કારણે રુચિપૂર્વક ભોજન પણ કરી શકતો નથી, પણ ગામડાનો મજૂર અપચો શી ચીજ છે તેને જાણતો પણ નથી, અને સૂકા રોટલા દ્વારા તે મોહનભોગના સ્વાદનું સુખ પ્રાપ્ત કરે છે. આ ઉપરથી આપણે એવો નિશ્ચય કરી શકીએ છીએ કે–સ્વાદનું સુખ ઉત્તમ ભોજનમાં નથી, પણ ઉત્તમ ભૂખમાં છે; તથા નિદ્રાનું સુખ મખમલની ગાદીઓમાં નથી, પણ હૃદયની નિશ્ચિન્તતામાં છે.

જે પ્રકારે અહીંના ધનિક લોકો પોતાનાથી ઓછા ધનવાળા માણસોને જોઈને ગર્વ કરે છે અને અભિમાનપૂર્વક કહે છે કે-અરે, આ ક્ષુદ્ર માણસ પાસે છે શું? એક તુટેલી મોટર અને એક ઢંગધડા વગરનો બંગલો! મારી પાસે તો સુંદર સુંદર પાંચ મોટરકાર છે તથા ત્રણ સુંદર બંગલા છે, મારી સમક્ષ એ બિચારાનો શો હિસાબ? હું અમુક મિલનો માલીક છું, લાખોપતિ છું, કરોડપતિ છું, આવો છું, તેવો છું. આ પ્રકારે સ્વર્ગીય દેવો પણ પોતાનાથી ઓછા વૈભવવાળા દેવોને જોઈને ગર્વોન્નત બની જાય છે. દેવલોકોમાં પણ સુંદર ઉપવન, રમણીય સરોવર, દિવ્ય મહેલ, સુંદર લિજ્જતદાર સુરા, સરસ અમૃત, તથા રૂપ-યૌવન-ગર્વિતા દિવ્ય સુંદરીઓની ભરમાર રહે છે. મુસલમાનો પણ કહે છે કે-જિન્નતમાં હૂરીઓ (અપ્સરાઓ) રહે છે, તથા શરાબનાં ઝરણાં વહે છે. આમોદપ્રમોદ માટે પોતપોતાનાં ન્યૂનાધિક પુણ્ય અનુસાર કોઈ દેવની પાસે ૫-૭ અપ્સરાઓ તથા ૩-૪ વિમાન રહે છે, તો બીજાની પાસે ૨-૩ અપ્સરાઓ તથા ૧-૨ વિમાન રહે છે. અધિક વૈભવવાળા દેવો પોતાની મૂઢતાને કારણે ન્યૂન વૈભવવાળા દેવોને જોઈને ગર્વ તથા અભિમાન કરે, તો તેમાં આશ્ચર્યની શી વાત છે? અને તે ન્યૂન વૈભવવાળા દેવો તે અધિક વૈભવવાળા દેવોની ઈર્ષ્યા કરે તથા દ્વેષ કરે, તો તે પણ અનિવાર્ય જ છે. આ પ્રકારે દેવોના જીવનમાં પણ અનેક પ્રકારના રાગ દ્વેષ, કામ, ક્રોધ, લોભ આદિ દોષો ભરેલા હોય છે. ત્યાં વાસ્તવિક શાન્તિ તથા અખંડ આનંદ કેવી રીતે રહી શકે? ન જ રહી શકે.

જેવી રીતે ચાર પાંચ કલાકની સખ્ત મહેનતથી ષડ્રસયુક્ત, વિવિધ ભોજન બનાવવામાં આવે, પણ તેના સ્વાદસુખનો અંત એક ક્ષણમાં જ થઈ જાય છે, એક બે કલાક સુધી પણ તે ભોજનનો સ્વાદ રહેતો નથી. ગળાની નીચે ઉતરતાં વેંત જ સ્વાદસુખ સમાપ્ત

થઈ જાય છે. તે જ ભોજન કોઈ કારણને લઈને અંદર ગયા પછી ઊલટી રૂપે બહાર આવે-વમન થઈ જાય, તો તેમાં અંદર જતી વખતે જે સ્વાદસુખ હતું તે નથી રહેતું, ઊલટું બેસ્વાદનું દુઃખ રહે છે. તેવી રીતે સ્વર્ગીય દિવ્ય ઉપભોગોનું સુખ પણ ક્ષણિક જ હોય છે. પ્રારંભમાં તે ભોગો સરસરૂપે પ્રતીત થતા હોવા છતાં પરિણામમાં વિરસ થઈ જાય છે. તેથી સ્વર્ગીય ફળ પણ અંતવાન જ નિશ્ચિત થાય છે. કારણકે કર્મજન્ય ફળ કદી શાશ્વત હોતું નથી. **यत्कृतकं तदनित्यम्** એ ન્યાયશાસ્ત્રની વ્યાપ્તિ છે-અર્થાત્ જે ફળ કર્મજન્ય હોય છે, તે નિયમ-પૂર્વક અનિત્ય જ હોય છે. ભગવતી શ્રુતિ પણ એ જ કહે છે કે—

तद्यथेह, कर्मचितो लोकः क्षीयते,

एवमेवामुत्र पुण्यचितो लोकः क्षीयते।' (છાં. ૮.૧,૬)

અર્થાત્ જેવી રીતે કૃષિ વગેરે કર્મથી સંપાદન કરેલો સસ્યાદિ (અનાજ વગેરેનો) લોક ક્ષીણ થઈ જાય છે, તેવી રીતે પુણ્ય કર્મ દ્વારા સંપાદિત સ્વર્ગાદિ લોક પણ ક્ષીણ થાય છે- સ્થાયીરૂપે રહેતો નથી.

કર્મ ચાર પ્રકારનાં હોય છે, ૧ શુકલ, ૨ કૃષ્ણ, ૩ શુકલકૃષ્ણ-મિશ્ર, ૪ અશુકલ-અકૃષ્ણ. આમાં જ્ઞાનયોગરહિત અજ્ઞાનીઓ દ્વારા પ્રથમનાં ત્રણ કર્મો થાય છે. શાસ્ત્રવિહિત પુણ્યકર્મનું નામ શુકલકર્મ છે. દેવતાઓની ઉપાસનાનો પણ શુકલ કર્મમાં અંતર્ભાવ મનાયો છે. તેની દ્વારા માનવ ઊર્ધ્વ લોકોમાં જાય છે, શુકલ કર્મનો વિશેષ ઉત્કર્ષ થતાં તે બ્રહ્મલોકમાં જાય છે. બ્રહ્મલોકની નીચે પણ સૂર્ય, ચન્દ્ર, વિદ્યુત્ વગેરે અનેક લોકો છે. તે પણ પુણ્યો અનુસાર પ્રાપ્ત થાય છે. કૃષ્ણકર્મો (પાપો)ની અધિકતા થતાં તે કૂકર, સૂકર, બિલ્લી, વાનર વગેરે નીચ યોનિઓને પ્રાપ્ત થાય છે. તથા શુકલ-કૃષ્ણ કર્મોની સમાનતા થતાં તેને

આ મર્ત્યલોકની પ્રાપ્તિ થાય છે. સમાનતાનું તાત્પર્ય છે કે-એટલાં અધિક શુકલ કર્મો નથી કે જેથી તે ઉપરના દેવલોકોમાં જઈ શકે. અને એટલાં અધિક કૃષ્ણ કર્મો નથી કે જેથી તે નીચેની પશુપક્ષીઓની યોનિમાં જઈ શકે. માટે મહાત્મા તુલસીદાસે કહ્યું છે કે—

कर्मप्रधान विश्व रचि राखा, जो जस करे तास फल चाखा।

કર્મના આ નિયમથી પાશ્ચાત્યોના વિકાસવાદનું ખંડન થઈ જાય છે. વિકાસવાદી કહે છે કે-મનુષ્ય આગળ ને આગળ જ વધતો રહે છે. આગળ વધેલો તે કદી પાછો નથી હઠતો. જેવી રીતે સ્કૂલમાં શીખનાર બાળક આગળની કક્ષાઓમાં જ વધતો રહે છે, બી. એ. પછી એમ. એ. થાય છે, અને શાસ્ત્રી પછી આચાર્ય થાય છે; પણ કદી એવું બનતું નથી કે એમ. એ. માં ગયેલો વિદ્યાર્થી પાછો બી. એ. માં આવે. ૧૦ વર્ષનો છોકરો ૨૦ વર્ષનો જુવાન થાય છે, આગળ વધીને તે ૪૦ વર્ષનો આધેડ (પ્રૌઢ) બને છે, પરંતુ ૪૦ વર્ષની ઉમ્મર પછી તે ૨૦ વર્ષની ઉમ્મરે પાછો આવતો નથી. તે પ્રમાણે મનુષ્ય બનેલો જીવ કદી પશુ બની શકતો નથી. હા, પશુમાંથી મનુષ્ય બની શકે છે, કારણ કે પશુયોનિ પાછળની કક્ષા છે અને મનુષ્ય આગળની કક્ષા છે. પાછળથી આગળ જઈ શકે છે, પરંતુ આગળથી પાછળ આવી શકાતુ નથી. હા, મનુષ્યમાંથી દેવ બની શકે છે, કારણ કે દેવયોનિ આગળની કક્ષા છે, પરંતુ દેવ બનેલો પાછો મનુષ્ય બની શકતો નથી.

જો એવો વિકાસવાદ માની લેવામાં આવે, તો શુકલ-કૃષ્ણ કર્મનો કોઈ નિર્ણય નથી રહેતો. શુભ કર્મ કરનારો પણ આગળ વધશે, અને ખરાબ કર્મ કરનારો પણ આગળ વધશે. આ હિસાબે તો કોઈને શુભ કર્મ કરવાની આવશ્યકતા જ નહિ રહે,

સર્વ લોકો ભોગવિલાસમાં જ આસક્ત બન્યા રહેશે. કારણ કે– આ અંધેરી નગરીમાં દુષ્કર્મ તથા સત્કર્મ કરનાર બંનેને એક જ દંડા વડે એક જ રસ્તે હાંકવામાં આવે છે. 'ટકે શેર ભાજી, ટકે શેર ખાજાં' વાળી કહેવત આમાં ચરિતાર્થ થાય છે.

તેથી અમારા પૂજ્ય મહર્ષિઓએ કહ્યું છે કે—

'तद्य इह रमणीयचरणा अभ्याशो ह यत्ते रमणीयां योनिमापद्येरन्, अथ य इह कपूयचरणा अभ्याशो ह यत्ते कपूयां योनिमापद्येरन् श्वयोनिं वा सूकरयोनिं वा।'(છાં. ૫ ૧૦,૭)

અર્થાત્ શાસ્ત્રવિહિત રમણીય આચરણવાળા લોકો શીઘ્ર જ રમણીય (મનુષ્ય-દેવાદિ) યોનિને પ્રાપ્ત થાય છે, અને જે શાસ્ત્ર-પ્રતિષિદ્ધ કપૂય અર્થાત્ નિંદિત કર્મ કરનારા નીચ લોકો છે, તે કૂતરાની અથવા સૂકર વગેરેની કુત્સિત યોનિને પ્રાપ્ત થાય છે. તેથી એવું કદાપિ માની શકાતું નથી કે–મનુષ્ય પોતાના ખરાબ આચરણ દ્વારા પશુ નહિ બને, અને પુણ્ય ક્ષીણ થતાં દેવતા મનુષ્ય નહિ બને. અર્થાત્ પાપ કર્મ દ્વારા મનુષ્ય જન્માંતરમાં પશુ પણ બની શકે છે, તથા પુણ્ય ક્ષીણ થતાં દેવતા મનુષ્ય પણ બની શકે છે, આગળ વધેલો જીવ કર્મો અનુસાર પાછળ પણ આવી શકે છે. તેથી વિચારકોની દૃષ્ટિમાં વિકાસવાદ કદી પણ પ્રામાણિક સિદ્ધ થતો નથી. માટે ગીતાનો એ નિયમ છે કે–

'तं तमेवैति कौन्तेय! सदा तद्भावभावितः।' (૮,૬)

અર્થાત્ મનુષ્યની જેવી ભાવના તથા જેવું કર્મ હશે, તેવુંજ તેને ફલ પણ મળશે. अन्तकाले या मतिः सा गतिः। જેવી રીતે મનુષ્ય સારી તથા બૂરી સંગતિથી સારો તથા ખરાબ બની જાય છે, તેવી રીતે સારી તથા ખરાબ ભાવનાનું તથા કર્મોનું સારું તથા ખરાબ ફલ મળવું જ જોઈએ. આ એક ન્યાયોચિત વાત છે.

આપણી બુદ્ધિ ખાલી થેલી જેવી છે, જેવી રીતે ખાલી થેલીમાં સોનું, ચાંદી, આટો, દાળ વગેરે જે કાંઈ આપણે ભરવા માગીએ તે ભરી શકીએ છીએ, તેવી રીતે બુદ્ધિમાં પણ શુભાશુભ સંગતિ, કર્મ વગેરે દ્વારા જે કાંઈ સારા-ખરાબ ભાવ ભરવા ચાહીએ તે ભરી શકીએ છીએ; અને ભાવો અનુસાર શુભાશુભ ફલોનું પણ નિર્માણ કરી શકીએ છીએ. આપણી બુદ્ધિ જેનો અધ્યવસાય (દૃઢ નિશ્ચય) કરી લે છે, તેમાં જ તેની નિષ્ઠા થઈ જાય છે-પછી ભલે તે અધ્યવસાયનો વિષય હિતકર હોય કે અહિતકર. અને જેમાં તેની નિષ્ઠા હશે- અલ્પમાં અથવા અનલ્પમાં, તેને તે જ ફલ મળશે. આ પ્રકારે આપણી બુદ્ધિ પોતાના અલ્પ અથવા અનલ્પ ફલના નિર્માણમાં સ્વતંત્ર છે. વ્યાકરણ શાસ્ત્રના આચાર્ય પાણિનિ મુનિ કહી ગયા છે કે **स्वतन्त्रः कर्ता।** તમે એક સ્ટેશને પહોંચ્યા છો. બંને બાજુએ સાઇન બોર્ડ લાગ્યાં છે. એકમાં લખ્યું છે કે-આ સ્વર્ગની ઉત્તમ ગાડી છે. બીજામાં લખ્યું છે કે-આ નરકની કુત્સિત ગાડી છે. હવે આપ સ્વતંત્ર છો. જેમાં બેસવા ચાહો, તેમાં બેસી શકો છો. સ્વર્ગની ઉત્તમ ગાડીમાં બેસીને આપ પોતાને સુખી બનાવી શકો છો, અથવા નરકની નિંદિત ગાડીમાં બેસીને પોતાને દુઃખી પણ બનાવી શકો છો. સુખ કે દુઃખનો દેવાવાળો બીજો કોઈ નથી. આપ જ આપને સુખ આપો છો, અને આપ જ આપને દુઃખ પણ આપો છો. આપ જ પોતાના મિત્ર છો, અને આપ જ પોતાના શત્રુ પણ છો. અને તત્ત્વદર્શી, અનન્ય ભક્તોનાં અશુકલ-અકૃષ્ણ કર્મ હોય છે. કારણ કે તેઓ પૂર્ણ અસંગ તથા દેહાદિઓના અહં-મમ-ભાવથી રહિત થઈ ગયેલા હોય છે. તેથી તેઓ પુણ્યપાપથી કશો સંબંધ રાખતા નથી. તેઓ શરીર દૃષ્ટિએ કર્તવ્યનું પાલન કરે છે, છતાં પણ સદા સ્વાત્મારામ, નિર્દ્વંદ્વ તથા આનંદમગ્ન બન્યા રહે છે.

બે ભાઈઓ હતા. એકનું નામ ધીરુ તથા બીજાનું નામ ભીરુ. કોણ જાણે ક્યારથીયે તેઓ એક ગહન, વિશાળ જંગલમાં ભટકી રહ્યા હતા. ત્યાં તેઓ અનેક પ્રકારનાં કષ્ટ ભોગવતા હતા. કેટલીક વાર તેમને કાંટાળી ઝાડીમાં ઉઝરડા પડતા હતા, અને મહામુશ્કેલીએ તેઓ તેમાંથી બહાર નીકળી શકતા હતા. કેટલીકવાર તેઓ કોઈ ચીકણા, કાદવપૂર્ણ ખાડામાં પડીને ફસાઈ જતા હતા. કેટલીક વાર તેમને સાપ, વીંછી, રીંછ, વાઘ વગેરે જાનવરો પણ બહુ હેરાન કરતાં હતાં. આ પ્રકારે તે બંને ભાઈ તે અરણ્યમાં લાંબા સમય સુધી કષ્ટ ભોગવતા ભોગવતા સદ્ભાગ્યે એક રમણીય સ્થાને પહોંચ્યા. તેને જોઈને તે બંને ભાઈઓ બહુ જ પ્રસન્ન થયા. તે સ્થાનમાં એક સુંદર, કર્તવ્યનિર્દેશક સાઈન બોર્ડ લાગેલું હતું. તેમાં લખ્યું હતું કે–એ મુસાફર! તારું મોટું ભાગ્ય છે કે તું અહીં આવી શક્યો છે. સર્વ લોકો અહીં આવી શકતા નથી. અહીં આવીને તું આ પાસેના ઉપવનમાં સાવધાન રહેજે. તેનાં પુષ્પ તથા ફલ બહુ મોહક તથા આકર્ષક દેખાય છે. જો તું તેમાં જઈશ, અને તેની આપાત–રમણીય પુષ્પોની સુગંધિ લઇશ, તો તું બેભાન બની જઈશ. જો તું તેનાં મનોહર દેખાતાં ફુલોને ખાઈશ, તો તું મરી જઇશ, અને તને એકદમ આ સ્થાનેથી નીચે ફેંકી દેવામાં આવશે. તેના પુષ્પોને સૂંઘીને બેભાન બનેલા તથા ફૂલોને ખાઈને મૃતપ્રાય બનેલા હજારો માણસોને તું તારી પોતાની આંખોથી જોઇ શકે છે. માટે તું આ ઉપવનમાં સાવધાન રહેજે. અને અહીં તું એટલા માટે આવ્યો છે કે–તારા સર્વ ક્લેશો સદાને માટે નષ્ટ થાય, તથા પરમ સુખધામનો શાશ્વત લાભ થાય. માટે તું તારા તે મહાન પ્રયોજનને સિદ્ધ કરવા, પોતાનાં મેલાં ફાટેલાં પુરાણાં કપડાં ઉતારીને, દિગંબર બનીને, આ સુંદર સરોવરના સ્વચ્છ મધુર શીતલ અમૃતમય જલમાં કૂદી પડજે. કોઈ પ્રકારે

ડરીશ નહિ. ડૂબી જવાની શંકા રાખીશ નહિ. આના જલમાં અવગાહન કરવાથી તારા સર્વ સંતાપો શીઘ્ર નાશ પામશે. તને દિવ્ય આનંદની પ્રાપ્તિ થશે. આ સરોવરનાં દિવ્ય, વિકસિત કમલોની મનોરમ સુગંધિ પ્રાપ્ત કરીને તું મસ્ત બની જઈશ. તેમાં અવગાહન કરતો તું ખૂબ આનંદપૂર્વક સામે પાર ચાલ્યો જઈશ. ત્યાં તને એક વિકરાળ સિંહ મળશે. પરંતુ તું તેનાથી ભયભીત ન થઈશ. નિર્ભય બનીને તેની પાસે ચાલ્યો જજે. જો કે તે દૂરથી બહુ ભયંકર માલૂમ પડશે, પરંતુ સમીપ જઈને તું તેના પર બેસી જજે. તે તને બહુ આરામપુર્વક આ પર્વતના સર્વોન્નત શિખર પર પહોંચાડી દેશે. ત્યાં પહોંચતાં તું સાક્ષાત્ સહસ્રાક્ષ-મહાદેવ બની જઈશ. તારી દૃષ્ટિ અનંત જ્યોતિર્મય બની જશે. મોટા મોટા દેવો તારા મહિમાનાં ગીતો ગાવા લાગશે, અને તારા ઉપર દિવ્ય કુસુમોની વૃષ્ટિ કરશે. અને મોટા ઉત્સવપૂર્વક તને તે શાશ્વત, આનંદપૂર્ણ પદમાં સદાને માટે પ્રતિષ્ઠિત કરશે. તું કૃતકૃત્ય તથા ધન્ય બની જઇશ. તેથી હું તને તે પરમ લાભની સિદ્ધિ માટે આ કર્તવ્યનો ઉપદેશ આપું છું, માટે તું વિશ્વાસ રાખ. આ કર્તવ્ય-પથ પર આરૂઢ થા. યાદ રાખજે કે આ રસ્તે જઈને અનેક સજ્જનો ધન્ય તથા મહાન બની ગયા છે.

સાઇનબોર્ડ વાંચીને બંને ભાઈ઼ઓ વિચાર કરવા લાગ્યા. ભીરુ કહેવા લાગ્યો-આમાં તો વિપરીત જ લખેલું છે. સુંદર પુષ્પોને તથા મનોહર ફળોને ખરાબ બતાવ્યાં છે. જૂનાં કપડાં ઉતારીને સરોવરમાં કૂદી પડવાનું લખ્યું છે. વાહ! એમ કેવી રીતે બને કે જે કપડાંને અમે કોણ જાણે કેટલાયે વખતથી પહેરતા આવ્યા છીએ, તેમને અમે ઉતારીને ફેંકી દઈએ અને નાગા થઈ જઈએ? અને સરોવરમાં કૂદી પડતાં આપણે જરૂર ડૂબીને મરી જઈએ. માની લો કે કદાચ આપણે ન ડૂબ્યા અને સામે પાર પહોંચ્યા,

તો પણ તે ક્રૂર સિંહ આપણને મારી નાંખ્યા વિના રહે નહિ. કદાચિત્ તે ન પણ મારે, તો પણ તે પર્વતના શિખર પરથી આપણને ગિરાવીને શરીરના ટૂકડેટૂકડા તો જરૂર કરી નાંખે. ત્યાં પહોંચતાં છતાં આપણે છીએ તેવા જ રહી ગયા, તો કોણ જુમ્મેદાર છે? માટે આ સાઈનબોર્ડના ઉપદેશોમાં વિશ્વાસ રાખી શકાય તેમ નથી. અને આ ઉપવનનો પ્રત્યક્ષ લાભ છોડીને તે પરોક્ષ, સંકટપૂર્ણ લાભ માટે પ્રયત્ન કરવો, તે ક્યાંની બુદ્ધિમત્તા છે? એમ કહીને તે ભીરુભાઈ તે ઉપવનની તરફ જવા લાગ્યો. પરંતુ પેલો બીજો ધીરુભાઈ વિચારવા લાગ્યો કે—આ સાઈનબોર્ડમાં જે કાંઈ લખ્યું છે, તે યથાર્થ જ માલમ પડે છે. કપડાં ઉતારવાની વાત પણ સાચી જ લખી છે, કારણકે આ ગંદાં ફાટેલાં કપડાંમાંથી ખરાબ દુર્ગન્ધિ આવી રહી છે. માટે તેમને ઉતારવાં તે હિતકર જ છે. કેટલાયે સજ્જનો કપડાં ઉતારીને, આ સરોવરમાં કૂદી પડીને, ખૂબ આનંદિત થઈ રહ્યા છે, અને તેઓ અમને પણ તેમાં કૂદી પડવાના ઈશારા કરી રહ્યા છે. તેથી આમાં ભીરુભાઈની પેઠે અવિશ્વાસ રાખવો તે મૂર્ખાઈ છે. એમ વિચાર કરીને, તે વિવેક-વિચારવાન ધીરુભાઈ પોતાનાં ફાટેલાં, ગંદાં કપડાં, એક પછી એક, ઉતારવા લાગ્યા; અને દિગંબર બનીને સરોવરમાં કૂદી પડ્યા. અમૃતમય સરોવરના અવગાહનનો ખૂબ આનંદ લેતો લેતો તે સામે પાર પહોંચી ગયો, અને હિંમત રાખીને સિંહની પાસે જઈને, તેના પર આરૂઢ થયો. અને તે સિંહ દ્વારા સમુન્નત શિખર પર પહોંચીને સાક્ષાત્ મહાદેવ બની ગયો, અને તે પરમાનંદપૂર્ણ શાશ્વત પદમાં સદાને માટે પ્રતિષ્ઠિત થયો. અને તે ઉપવનની સૈર કરવાવાળા ભીરુભાઈની ખૂબ જ દુર્દશા થઈ. એક ભાઈએ પોતાની બુદ્ધિનો સદુપયોગ કરીને પોતાનો ઉદ્ધાર કર્યો, અને બીજા ભાઈએ પોતાની બુદ્ધિનો દુરુપયોગ કરીને પોતાનું પતન કર્યું.

આ દૃષ્ટાંતનો આ સિદ્ધાંત છે. સિદ્ધાંતમાં કષ્ટદાયક ગહન અરણ્ય ચોરાસી લાખ યોનિવાળો સંસાર છે. તેમાં અસંખ્ય જીવો અનાદિકાળથી ભ્રમણ કરી રહ્યા છે સંસારની ચોરાસી લાખ યોનિઓ આપણાં નેત્રોની સામે પ્રત્યક્ષ છે. તેમનાં કષ્ટ પણ આપણે થોડાં-ઘણાં દેખી શકીએ છીએ. અરણ્યનું તે સુંદર સ્થાન તે મનુષ્ય યોનિ છે. પશુ, પક્ષી આદિ સર્વ યોનિઓ કરતાં તેની ઉત્તમતા તથા રમણીયતા પ્રત્યક્ષ છે. ત્યાંનું સાઈનબોર્ડ તે વેદ, ઉપનિષદ્, ગીતા વગેરે શાસ્ત્ર છે. મોહક શબ્દાદિ વિષય જ તેનું ઉપવન છે. તેમાં આસક્ત થનારા માનવોનું પતન તથા મૃત્યુ અનિવાર્ય છે. નાસ્તિક, વિવેકવિચારહીન માનવનું નામ ભીરુ છે. તે પોતાની મૂઢતાને કારણે શાસ્ત્રોના હિતકર ઉપદેશોમાં શ્રદ્ધા રાખતો નથી. આસ્તિક, શ્રદ્ધાળુ, વિવેકવિચારશીલ સજ્જનનું નામ ધીરુભાઈ છે. ગંદાં, ફાટેલાં, પુરાણાં કપડાં તે અનાદિકાળની, રાગદ્વેષપૂર્ણ, દુર્વાસનાઓ છે. ભગવદ્-ભક્તિ જ સુંદર સરોવર છે. તે આસ્તિક સજ્જન સત્સંગ દ્વારા પોતાની દુર્વાસનાઓરૂપી કપડાંને ઉતારીને ફેંકી દે છે, અને પૂર્ણ વિશ્વાસપૂર્વક ભક્તિરૂપી સરોવરમાં કૂદી પડે છે. અભય, સત્ત્વસંશુદ્ધિ વગેરે દૈવી ગુણો જ ભક્તિસરોવરનાં વિકસિત, સૌરભાઢ્ય, પ્રશસ્ત કમળ છે. વૈરાગ્યરૂપી સિંહ છે. દૂરથી તે ભયાવહ પ્રતીત થાય છે, છતાં તેની સમીપતા શક્તિ તથા પ્રસન્નતા આપે છે. તે સિંહ આપણને આત્મજ્ઞાનના અભ્યુન્નત શિખર પર પહોંચાડે છે. ત્યાં પહોચતાં આપણી સર્વ દીનતાઓ તથા હીનતાઓ સદાને માટે સમાપ્ત થઈ જાય છે. જીવ મટીને આપણે સાક્ષાત્ સદાશિવ બની જઈએ છીએ. આ પ્રમાણે પુનરાવૃત્તિરહિત, બ્રહ્મનિર્વાણરૂપ, કૈવલ્યધામમાં પ્રતિષ્ઠિત બનીને આપણે ધન્ય તથા કૃતકૃત્ય બની જઈએ છીએ.

આ દૃષ્ટાંત તથા સિદ્ધાંતનું તાત્પર્ય છે—स्वतन्त्रः कर्ता।

આમ કે તેમ જવામાં તથા પોતાની બુદ્ધિનો સદુપયોગ કે દુરુપયોગ કરવામાં આપણે પૂર્ણ સ્વતંત્ર છીએ. આપણે આપણું પતન પણ કરી શકીએ છીએ તથા ઉદ્ધાર પણ. આપણી બુદ્ધિ પોતાના ઈષ્ટ અથવા અનિષ્ટ ફલના નિર્માણમાં સ્વતંત્ર છે. જો આપણે આપણી બુદ્ધિ અલ્પ, તુચ્છ સંસારમાં લગાવી દઈશું, તો આપણને તે અલ્પ, અંતવાન ફલ પ્રાપ્ત થશે; તથા જો તેને અનલ્પ પરમાત્મામાં લગાવીશું, તો આપણને અનલ્પ–અનંત ફલ પ્રાપ્ત થશે. અલ્પ સંસારમાં આસક્ત થનારી બુદ્ધિનું નામ અલ્પ મેધા છે. અને અનલ્પ–પરિપૂર્ણ ભગવત્તત્ત્વમાં નિષ્ઠા રાખનારી બુદ્ધિનું નામ અનલ્પ મેધા છે. આ મેધાને ગીતાના બીજા અધ્યાયમાં સ્થિતપ્રજ્ઞા તથા યોગશાસ્ત્રમાં ઋતંભરા પ્રજ્ઞા કહી છે. તે પ્રજ્ઞા પરિચ્છિન્ન, આરોપિત નામરૂપોનો બાધ કરીને સર્વત્ર તે એક, અદ્વય, ચિન્મય, નિર્વિકાર, આનંદપૂર્ણ, પ્રત્યગભિન્ન બ્રહ્મતત્ત્વનું જ અવલોકન કરતી કરતી નિર્દ્વન્દ્વ તથા મસ્ત બની રહે છે. સમસ્ત દેવો પણ તેને એક, અદ્વય બ્રહ્મરૂપ જ પ્રતીત થાય છે. તે પૂર્ણ તત્ત્વથી તે દેવોને પૃથક્ નથી માનતી. માટે જ શુક્લ યજુર્વેદ સંહિતામાં પણ તે બ્રાહ્મીસ્થિતિવાળી, અનલ્પ મેધાની ઉદાર ભાવનાનું વર્ણન આ પ્રકારે કર્યું છે—

'अग्निश्च म इन्द्रश्च मे सोमश्च म इन्द्रश्च मे सविता च म इन्द्रश्च मे सरस्वती च म इन्द्रश्च मे पूषा च म इन्द्रश्च मे बृहस्पतिश्च म इन्द्रश्च मे यज्ञेन कल्पन्ताम्। मित्रश्च म इन्द्रश्च मे वरुणश्च म इन्द्रश्च मे धाता च म इन्द्रश्च मे त्वष्टा च म इन्द्रश्च मे मरुतश्च म इन्द्रश्च मे विश्वे च मे देवा इन्द्रश्च मे यज्ञेन कल्पन्ताम्। पृथिवी च म इन्द्रश्च मेऽन्तरिक्षं च म इन्द्रश्च मे द्यौश्च म इन्द्रश्च मे समाश्च म इन्द्रश्च मे

नक्षत्राणि च म इन्द्रश्च मे दिशश्च म इन्द्रश्च मे यज्ञेन कल्पन्ताम् ॥' (ય. વે. ૧૮,૧૬–૧૮)

અર્થાત્ અગ્નિ પણ ઈન્દ્ર છે, સોમ પણ ઇન્દ્ર છે, સવિતા પણ ઈન્દ્ર છે, સરસ્વતી પણ ઈન્દ્ર છે, પૂષા પણ ઇન્દ્ર છે, બૃહસ્પતિ પણ ઈન્દ્ર છે. તે સર્વ ઈન્દ્ર–પરમાત્મા–સ્વરૂપ અગ્નિ વગેરે દેવો જ્ઞાનયજ્ઞ દ્વારા મને અનુકૂળ થાઓ, અર્થાત્ મારી બ્રહ્માદ્વય ભાવનાની સ્થિરતામાં સહાયક બનો. મિત્ર પણ ઈન્દ્ર છે, વરુણ પણ ઇન્દ્ર છે, ધાતા પણ ઈન્દ્ર છે, ત્વષ્ટા પણ ઈન્દ્ર છે, મરુત્ પણ ઈન્દ્ર છે, વિશ્વદેવ પણ ઈન્દ્ર છે. તે સર્વ ઈન્દ્રરૂપ અદ્વય બ્રહ્મભાવનાથી ભાવિત દેવો યજ્ઞ દ્વારા મને અનુકૂલ બનો. પૃથ્વી પણ ઈન્દ્ર છે, અંતરિક્ષ પણ ઈન્દ્ર છે, દ્યૌ (સ્વર્ગ) પણ ઈન્દ્ર છે, સમા–સંવત્સરનો અધિષ્ઠાતા દેવ પણ ઈન્દ્ર છે, નક્ષત્ર પણ ઈન્દ્ર છે; દિશાઓ પણ ઈન્દ્ર છે. આ સર્વ ઈન્દ્રથી અભિન્ન દેવો જ્ઞાનયજ્ઞ દ્વારા મારી અદ્વય બ્રહ્મભાવનાના રક્ષક બનો.

યજુર્વેદના આ મંત્રોમાં ઈન્દ્ર–પરમાત્મા આ પરિગણિત સમસ્ત દેવોના અંતર્યામી છે. તેથી ઇન્દ્ર જ સર્વ દેવો છે. તે એક, અદ્વય, બ્રહ્મસ્વરૂપ ઈન્દ્રમાં જ સમસ્ત દેવતા વિભૂતિવિશેષ અથવા શક્તિવિશેષરૂપે અવસ્થિત છે. તેથી તે અધિષ્ઠાનરૂપ ઈન્દ્રથી તે દેવગણ વસ્તુતઃ પૃથક્ નથી. આ જ વિમલ વૈદિક સિદ્ધાંતનું પ્રદર્શન કરવા માટે અગ્નિ વગેરે દેવસમુદાયમાં સર્વેશ્વરત્વ, પ્રત્યગભિન્ન બ્રહ્મત્વ વગેરે લક્ષણોવાળા ઈન્દ્રત્વનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે.

વળી તેમનામાં तदभिन्नाभिन्नस्य तदभिन्नत्वम्–આ ન્યાય દ્વારા અગ્નિ, સોમ, સવિતા વગેરે દેવોનું પણ પરસ્પર અભિન્નત્વ બતાવવામાં આવ્યું છે, જેવી રીતે મૃત્તિકા ઘટથી

અભિન્ન છે, અને શરાવ મૃત્તિકાથી અભિન્ન છે; તેથી શરાવ પણ ઘટથી અભિન્ન છે એમ માની શકાય છે; તેવી રીતે ઇન્દ્ર પરમાત્મા અગ્નિથી અભિન્ન છે, અને સોમ પણ તેનાથી અભિન્ન છે; માટે અગ્નિ તથા સોમના પણ પરસ્પર ભેદનું નિરાકરણ કરવાનો, તથા એક જ પૂર્ણ તત્ત્વમાં સર્વેશ્વરપણાનું જ્ઞાપન કરાવવાનો અભિપ્રાય રાખીને, અગ્નિ વગેરે પ્રત્યેક સાથે 'ઇન્દ્ર' પદનો પ્રયોગ કરવામાં આવ્યો છે.

એવી મહાન ઉદાર ભાવના અનલ્પમેધાવાળા તત્ત્વદર્શીની જ હોય છે. પરંતુ અલ્પમેધાવાળાની એવી મહાન ઉદાર ભાવના હોતી નથી. તે કૂપમંડૂકની પેઠે તે તે ક્ષુદ્ર દેવતામાં જ સ્થિર શ્રદ્ધા રાખીને, પોતાની તે તે કામનાઓની સિદ્ધિને માટે તેમને ભજતો રહે છે; અને તે પોતાની અલ્પ (ક્ષુદ્ર) ભાવના અનુસાર અંતવાન ફળને જ પ્રાપ્ત કરે છે. તત્ત્વદર્શી જ્ઞાનવાન પોતાની અનલ્પ પૂર્ણતત્ત્વની ભાવના દ્વારા અનલ્પ, શાશ્વત, મહાન આનંદ પ્રાપ્ત કરે છે. તેવો આનંદ દેવરાજ ઇન્દ્ર તથા સમ્રાટ ચક્રવર્તી રાજા પણ પ્રાપ્ત કરી શકતો નથી. તેથી ગોસ્વામી તુલસીદાસે કહ્યું છે કે—

'तीन टूक कौपीन है, अरु भाजी बिन है लौन।
तुलसी रघुवर उर बसे, इन्द्र बापुरो कौन?॥'
'चाह गई चिन्ता गई मनुवा बेपरवाह।
जाको कछु न चाहिये, सो है शाहनशाह॥'

જો કે તે અનલ્પ મેધાવાળો, પૂર્ણ બ્રહ્મ-રામનો અનન્ય ભક્ત ત્રણ થીંગડાંવાળી કૌપીન જ પહેરીને જંગલના એકાંત વૃક્ષની નીચે નિર્દ્વન્દ્વ તથા નિર્ભય બેઠો છે, તથા શરીરનિર્વાહને

માટે મીઠા વગરની ભાજી મસ્તીપૂર્વક ખાઈ રહ્યો છે; પરંતુ તે પોતાની અનન્ય બ્રહ્મભાવનાને લીધે એટલો મહાન બની ગયો છે કે તેની દૃષ્ટિમાં દેવરાજ ઇન્દ્ર પણ બિચારો કંગાલ જેવો માલમ પડે છે. કારણકે તે અનલ્પ મેધાવાળા ભક્તે પોતાની ભાવનાઓને નિર્દ્વન્દ્વ, નિષ્કામ, નિર્ભય, રામમય જ બનાવી દીધેલી હોય છે, તેથી તે અનંત આનંદથી પૂર્ણ, સ્વસ્વરૂપભૂત, અમૃતમય રામ-મહાસાગરમાં સદાને માટે નિમગ્ન બન્યો રહે છે, જ્યારે તે અજ્ઞાની મૂઢ દેવરાજ ઇન્દ્રની ભાવનાઓ રાગદ્વેષવાળી હોવાને કારણે તુચ્છ છે, કુત્સિત છે; તેથી તે તૃતીય-ક્ષણ-ધ્વંસપ્રતિયોગીરૂપી અલ્પ સુખને પ્રાપ્ત કરીને પણ દીન, હીન જ બન્યો રહે છે.

એક વીતરાગ જ્ઞાનવાન મહાત્મા કોઇ રાજાના સ્ટેટમાં કોઈ એક એકાંત સ્થળમાં નિવાસ કરતા હતા. એક દિવસ ત્યાંનો રાજા સવારમાં ફરતો ફરતો તેમની પાસે આવી ચઢયો. તેણે મહાત્માજીને પૂછયું-કહો, મહારાજ, આપની રાત્રિઓ કેવી પસાર થાય છે? મહાત્માજીએ તરત જ ઉત્તર દીધો કે-કંઇક તારા જેવી અને કંઇક તારા કરતાં ખૂબ સારી. રાજાએ પૂછયું-તે કેવી રીતે? મહાત્માજીએ કહ્યું-તું ત્યાં વિષયોના ઉપભોગમાં આસક્ત બની જાય છે, તો હું અહીં તે પૂર્ણ બ્રહ્મના ચિંતનમાં તન્મય બની જાઉં છું. તને ત્યાં ભોગોની વિષાદપૂર્ણ ક્લાન્તિ (થાક)ને લીધે નિદ્રા આવી જાય છે; અહીં મને બ્રહ્મચિંતનની આનંદમય મસ્તીને લીધે નિદ્રા આવી જાય છે. ઊંઘ્યા પછી તું જ્યારે પ્રાતઃકાળમાં ઊઠે છે, ત્યારે ફરીથી પાછો વિષયોમાં આસક્ત બની જાય છે; અને હું પણ ઊંઘી ઊઠીને બ્રહ્મચિંતનમાં નિમગ્ન બની જાઉં છું. આ પ્રકારે જ્યારે નિદ્રામાં તું અને હું સૂઈ જઇએ છીએ, ત્યારે તારી અને મારી રાત્રિઓ બરાબર થઈ જાય છે, અને નિદ્રાની આગળ-પાછળ જ્યારે હું બ્રહ્મનું ચિંતન કરું છું

ત્યારે મારી રાત્રિઓ તારી નીરસ તથા નિકૃષ્ટ રાત્રિઓ કરતાં સરસ તથા ઉત્કૃષ્ટ બની જાય છે.

આ દૃષ્ટાંતથી એવો નિશ્ચય થાય છે કે-રાગી મૂઢનું જીવન નીરસ તથા વિષાદપૂર્ણ બન્યું રહે છે, જ્યારે વિરાગી જ્ઞાનવાન ભક્તનું જીવન સરસ તથા આનંદપૂર્ણ.

ભક્ત એક માત્ર ભગવાનનું જ સર્વ દશાઓમાં ભજન કરતો રહે છે. તેમનો જ તે પૂર્ણ સહારો તથા વિશ્વાસ રાખે છે. તેમના જ પ્રત્યેક વિધાનમાં રાજી રહે છે. તેમને જ પોતાના માર્ગદર્શક, સાચા હિતકારી, સદા પોતાની સાથે જ રહેનારા માને છે. તે નિશ્ચયરૂપે સમજે છે કે—આ મારા આરાધ્ય ઈશ્વર મારી અંદર તેમ જ બહાર સદા સત્, ચિત્, સુખરૂપે વિરાજી રહેલા છે. તેથી તેના ભક્તિમય જીવનમાં ધૈર્ય, દયા તથા પ્રેમની ત્રિવેણી સદા વહેતી રહે છે. તે સદા સ્વસ્થ તથા પૂર્ણ પ્રસન્ન રહે છે. તે કદી પોતાને દીન, હીન, સાધનહીન તથા અકર્મણ્ય માનતો નથી. નિરાશા તથા વિષાદને તે કદી પોતાની પાસે ફરકવા સુદ્ધાં દેતો નથી. તે સદા અભિનવ ઉલ્લાસ તથા નિર્ભય સાહસ રાખીને હમેશાં પ્રફુલ્લિત બન્યો રહે છે. તે સદા ઈશ્વરીય સ્વસ્થતાની, સફલતાની, દૃઢતાની, પવિત્રતાની, ઉત્સાહની, શક્તિની તથા આનંદની જ ભાવનાઓ કરતો રહે છે. તે આ પવિત્ર ભાવને પોતાના હૃદયમાં હરદમ સુરક્ષિત રાખે છે કે—તે ભગવાન મારો છે, અને હું ભગવાનનો છું. તે સદા મારામાં ઓતપ્રોત રહેલો છે, અને હું તેમનામાં ઓતપ્રોત થઇને રહું છું. હું તેમનાથી કદી અલગ થઇ શકતો નથી, અને તે મારાથી કદી અલગ થઈ શકતા નથી. તેથી જેવી રીતે સૂર્યની પાસે અંધકાર આવી શકતો નથી, ચન્દ્રની પાસે ઉષ્ણતા આવી શકતી નથી, તેવી રીતે મારી—આનંદમય અંતરાત્માની પાસે કદી દુઃખ આવી શકતું નથી.

ભક્ત હમેશાં નિર્મળ હોય છે. ભગવાન સિવાય કોઈ પણ વસ્તુને તે પોતાની માનતો નથી. તે આ સંસારમાં પોતાને કદી માલિક માનતો નથી, પણ માળીજ માને છે. માળીની પેઠે તે સંસારવાટિકામાં દક્ષતાથી ઉલ્લાસપૂર્વક કાર્ય કરતો રહે છે. પણ તે કશું પોતાનું માનતો નથી. જેવી રીતે કોઈ સહકારી બેન્કનો કેશિયર રોજ રોજ લાખોની લેવડ-દેવડ ખૂબ હોશિયારીપૂર્વક કરતો રહે છે, પણ તે બેન્કના ધનને પોતાનું સમજતો નથી. તે નિશ્ચયપૂર્વક સમજે છે કે-આ બધો ખજાનો સરકારનો છે, મારું કશું નથી. અને વાસ્તવમાં છે પણ તેમ જ. તેથી તે સમજદાર કેશિયર તેમાંથી એક પણ રૂપિયો છુપાવીને રાખી લેતો નથી. જો તે છુપાવીને રાખી લે, તો તેના-બિચારાપર આકાશ પર તૂટી પડે તેવી રીતે ભક્ત પણ સંસારની આવશ્યક તથા ઉચિત ફરજ બજાવતો, પોતાને નિશ્ચયપૂર્વક અસંગ માને છે. બીજાની તો શી વાત, પણ તે પોતાના શરીરમાં પણ અહં-મમ-ભાવ રાખતો નથી. જ્યાં સુધી મનુષ્ય સંસારમાં તદ્દન અસંગ તથા ઉપરામ નથી થતો, ત્યાં સુધી તે ભગવદ્-ભજનમાં તન્મયતા વિના ભગવદ્-ભજનનો આનંદ પ્રાપ્ત થઈ શકતો નથી. તેથી તે જ ભગવાનનો સાચો ભક્ત છે, જે પોતાને સંસારમાં અસંગ માને છે તથા પોતાના ચિત્તને ઉપરામ રાખે છે. તે પ્રેમ તથા તન્મયતાપૂર્વક અનંત ઐશ્વર્યનિધિ, સર્વ શક્તિમાન ભગવાનનું ભજન કરતો કરતો, તથા ભગવાનની કૃપાથી આ લૌકિક જીવનને પણ આનંદપૂર્વક વ્યતીત કરતો, અંતે ભગવાનને જ પ્રાપ્ત થાય છે. અને અલ્પ શક્તિ તથા મર્યાદિત ઐશ્વર્યવાળા દેવતાઓના ભક્ત પોતાની સકામ ભાવના અનુસાર તે દેવતાઓને પ્રાપ્ત થાય છે.

જો કે તે બંને શ્રદ્ધા તથા ભક્તિવડે સંપન્ન છે, છતાં તેમનામાંથી એક શ્રદ્ધાભક્તિ દ્વારા દિવ્ય કામધેનુનું સેવન કરે

છે, જ્યારે બીજો ક્ષુદ્ર બકરીનું. એક સકલ મનોરથોને પૂરનાર કલ્પવૃક્ષની સુખદ છાયામાં વિશ્રામ લે છે, જ્યારે બીજો બાવળના કાંટાવાળી છાયામાં. એકે પોતાની વિવેકદક્ષા બુદ્ધિ વડે રાજાધિરાજનો આશ્રય લીધો છે, અને તેની કૃપા પ્રાપ્ત કરી છે, જ્યારે બીજાએ પોતાની મંદ પ્રજ્ઞાને કારણે તે રાજાના ચપરાસીનો જ આશ્રય લીધો છે અને તેની કૃપા પ્રાપ્ત કરી છે. તેથી એકને મહાન તથા અનંત ફલ મળે છે, જ્યારે બીજાને ક્ષુદ્ર તથા અંતવાન.

અને સ્વર્ગાધિપતિ ઈન્દ્રદેવ પણ જો પોતાના ભક્ત ઉપર પ્રસન્ન થાય, તો તે તેને વધારેમાં વધારે સ્વર્ગનું ક્ષયિષ્ણુ સુખ આપી શકે છે, પરંતુ તે મોક્ષનું અનંત સુખ તેને આપી શકતો નથી. કારણકે તે તેને જ મળેલું નથી, તો પેલાને કેવી રીતે આપી શકે? પરંતુ અનંત આનંદનિધિ, સર્વેશ્વર ભગવાન પોતાના ભક્તને મોક્ષનું અનંત સુખ પણ આપી શકે છે, અને માગ્યા વગર, ઈચ્છયા વગર આ લોકના આવશ્યક તથા યોગ્ય બીજા પદાર્થો પણ આપે છે. આ પ્રકારે ભગવાનનો ભક્ત ઉત્તમ તથા ઉદાર મનાય છે, તો બીજા દેવતાઓનો ભક્ત નિકૃષ્ટ તથા કૃપણ. જોકે ભગવાનનો જ્ઞાનવાન ભક્ત જ એકમાત્ર નિષ્કામ મનાયો છે, અને આર્ત વગેરે ત્રણેય ભકત સકામ મનાયા છે, છતાં પણ તે સકામ ભકતોયે ભગવાનની મહાન અનુકંપા દ્વારા પોતાના અભીષ્ટ લોકોને પણ પ્રાપ્ત કરી લે છે, અને જ્યારે ભગવાનની ઉપાસનાનો પૂર્ણ પરિપાક થાય છે, ત્યારે તે નિષ્કામ બનીને અનંત, અદ્વય, સુખપૂર્ણ ભગવાનને પણ પ્રાપ્ત થાય છે—એવું 'મામપિ' માંના 'અપિ' શબ્દથી સૂચિત થાય છે. આ પ્રકારે ભગવાનના ભકતોમાં તથા અન્ય દેવતાઓના ભકતોમાં વિવેક તથા અવિવેક વડે પ્રયુકત ફળની વિષમતા જોવામાં આવે છે. હરિઃ ૐ તત્સત્.

(૨૪)

अव्यक्तं व्यक्तिमापन्नं, मन्यन्ते मामबुद्धयः।
परं भावमजानन्तो ममाव्ययमनुत्तमम्॥ (૭,૨૪)

બુદ્ધીહીન માનવો મારા અનુત્તમ અર્થાત્ જેનાથી ઉત્તમ બીજું કશું નથી તેવા સર્વોત્તમ અવિનાશી ભાવને ન જાણતા, તથા વસ્તુત: હું અજન્મા તથા સર્વેશ્વર છું, છતાંયે મારી માયા દ્વારા સાકારરૂપે પ્રગટ થાઉં છું–એવા મારા પ્રભાવને તત્ત્વત: ન જાણતા, મને પરમાત્માને મનુષ્યની પેઠે જન્મ લઈને કેવલ પરિચ્છિન્ન વ્યકિતભાવને પ્રાપ્ત થયેલો માને છે. તેથી તેઓ મારું ભજન કરી શકતા નથી.

ભગવાન શ્રીકૃષ્ણ અર્જુનને પોતાના વાસ્તવિક સ્વરૂપનું વર્ણન કરતાં કહે છે કે–હું અવ્યકત છું, નામરૂપરહિત છું, નિરવયવ નિરાકાર છું, સમસ્ત ભૂતોનો અંતરાત્મા છું, સર્વ–વ્યાપીપૂર્ણ છું. શ્રુતિ પણ એમ કહે છે કે—**सदेव सोम्येदमग्र आसीत्, एकमेवाद्वितीयम्।** (છાં. ૬,૨,૧) અર્થાત આ ચરાચર સમગ્ર જગત્ પ્રથમ અવ્યક્ત સદ્ બ્રહ્મ જ હતું, તે એક જ અદ્વિતીય હતું, અર્થાત્ સ્વગત, સજાતીય તથા વિજાતીય–ત્રણેય ભેદથી રહિત, સચ્ચિદાનંદઘન, પર ભાવરૂપ હતું. તે સમયે તેનાથી અન્ય–બીજો કોઈ ભાવ ન હતો. ભાવ એટલે અખંડ, એકરસ સત્તા. વસ્તુત: તે જ હું છું. તે મારો ભાવ અવ્યય–અવિનાશી છે, તથા અનુત્તમ છે. અર્થાત્ તેનાથી ઉત્તમ બીજો કોઈ ભાવ નથી. તેથી તે જ એકમાત્ર સર્વોત્તમ ભાવ છે. આ અનુત્તમ ભાવને મૂઢ લોકો જાણીતા નથી. તેથી તેઓ મંદમતિ લોકો મને–પરમાત્માને સ્વકર્મનિર્મિત ભૌતિક દેહવાળો, જીવ

વિશેષ જ માને છે. તેથી જ તેઓ મારો અનાદર કરીને અન્ય દેવોનું ભજન કરે છે.

અમારાં શાસ્ત્રોમાં એક જ બ્રહ્મના પરાત્પર, પર તથા અપરરૂપે ત્રણ ભાવ બતાવ્યા છે. એક પરાત્પર શુદ્ધ ભાવ છે, જે દ્વૈત પ્રપંચથી અતીત, માયાતીત, નિરંજન, કેવલ, એક, અદ્વય, પૂર્ણ, નિરુપાધિક, અનુત્તમ, સર્વોત્કૃષ્ટ ભાવ છે. બીજો સોપાધિક પર કારણભાવ છે. તે જ માયાદ્વારા શબલ અર્થાત્ વિશિષ્ટ બનીને વિશ્વનું કારણ બની જાય છે. તે કારણે બ્રહ્મ સૂક્ષ્મ, સ્થૂલ વગેરે દશાભેદથી ઈશ્વર, હિરણ્યગર્ભ તથા વિરાટ્ નામો વડે વ્યવહરાય છે. ત્રીજો અપર બ્રહ્મભાવ છે. તે કાર્યોપાધિક હોવાને કારણે શુદ્ધસત્ત્વમય, વિવિધ, મૂર્તિરૂપ બનીને બ્રહ્મા, વિષ્ણુ, મહેશ્વર આદિ નામોથી કહેવાય છે. આમાં જે પરાત્પર, નિર્વિશેષ, શુદ્ધ બ્રહ્મભાવ છે, તે જ્ઞાનગમ્ય છે. અને બીજા બે પર તથા અપર બ્રહ્મભાવ સવિશેષ હોવાને કારણે ઉપાસ્ય છે. નિર્વિશેષ શુદ્ધ બ્રહ્મની ઉપાસના થઈ શકતી નથી. તેથી કેનોપનિષદ્‌માં કહ્યું છે કે—

तदेव ब्रह्म त्वं विद्धि नेदं यदिदमुपासते।' (१, ५)

તે જ બ્રહ્મને તું જાણ, જે નિર્વિશેષ પરાત્પર શુદ્ધ છે, જેની ભક્ત લોકો ઉપાસના કરે છે, તે સવિશેષ–સગુણ–સાકાર છે.

વેદાદિ શાસ્ત્રોના તાત્પર્યને નહિ જાણનાર, પરસ્પર–વિરોધી, બે દુરાગ્રહી દલ ક્યાંક ક્યાંક જોવામાં આવે છે. એક દલ કહે છે કે–અમે પરમેશ્વરને નિર્ગુણ, નિરાકાર જ માનીએ છીએ. તે કદી પણ કોઈ પણ પ્રકારે સાકાર–સગુણ બની શકતું નથી. વેદોને જ અમે પરમ પ્રમાણ માનીએ છીએ. તેમાં નિરાકાર બ્રહ્મનું જ વર્ણન છે; સગુણ, સાકાર બ્રહ્મનું વર્ણન ક્યાંયે મળતું નથી. તેથી રામકૃષ્ણાદિ રૂપે તેનો અવતાર પણ થઈ શકતો નથી. રામકૃષ્ણ

વગેરે તો આદર્શ ચરિત્રવાળા મહાપુરુષો હતા. તેઓ ભગવાન-પરમેશ્વર બની શકતા નથી. જો તે સાકાર બની જાય, તો નિરાકાર રહી શકે નહિ. અને જો તેને નિરાકાર માનવામાં આવે, તો તેમાં સાકારતા કેવી રીતે આવશે? કારણ કે સાકારપણું અને નિરાકારપણું, ઉષ્ણતા અને શીતતાની પેઠે, પરસ્પર વિરોધી ધર્મો છે. નિરાકાર ઇશ્વર નિયમપૂર્વક અપરિચ્છિન્ન-વ્યાપક હોય છે; અને સાકાર એકદેશી-પરિચ્છિન્ન હોય છે. જે વ્યાપક હશે, તે એકદેશી, નાનકડું ન હોઈ શકે, તથા એકદેશી વ્યાપક ન હોઇ શકે. તેથી જગત્કર્તા પરમેશ્વરને નિરાકાર જ માનવા જોઈએ, સાકાર નહિ.

બીજું દલ કહે છે કે-અમારા ભગવાન તો હસ્તપાદાદિમાન સાકાર જ છે. અમે તે નિર્ગુણ નિરાકાર પરમેશ્વરને માનવાનું તો દૂર રહ્યું, પણ તેનું નામ પણ સાંભળવાનું પસંદ કરતા નથી. તેથી તેઓ પોતાના અનુયાયીઓને કહે છે કે-તમારી પાસે જો કોઇ નિર્ગુણ નિરાકારની ચર્ચા કરે, તો તમારે તરત જ તમારા કાન બંધ કરી લેવા જોઈએ, અથવા ત્યાંથી દૂર ભાગી જવું જોઇએ. અમારા ભગવાન તો ભક્તો માટે રામકૃષ્ણાદિરૂપે અનેક અવતારો ધારણ કરે છે. અમે તે જ ભગવાનને માનીએ છીએ. અમે તે નિર્વિશેષ નિરાકાર બ્રહ્મને કદી માનતા નથી. તેથી તેવા દુરાગ્રહી લોકોની બાબતમાં આ પ્રકારે કહેવામાં આવ્યું છે કે—

'वरं वृन्दावने शून्ये शृगालत्वं य इच्छति।
न तु निर्विषयं ब्रह्म मन्तुमर्हति गौतम!॥'

અર્થાત્ શૂન્ય વૃંદાવનમાં તે શિયાળ બનવું પસંદ કરે છે, પરંતુ નિર્વિશેષ-નિર્વિષય બ્રહ્મને માનવાનું અથવા પ્રાપ્ત કરવાનું તે સાકાર ભગવાનનો ભક્ત પસંદ કરતો નથી.

પણ વેદાદિ શાસ્ત્રોના તાત્પર્યને જાણુવાવાળા, શિષ્ટ, મહાનુભાવો કહે છે કે-નિરુપાધિક રૂપે પરમેશ્વર નિર્ગુણ-નિરાકાર છે, તથા સોપાધિકરૂપે સગુણ-સાકાર પણ છે. તેમનામાં નિરાકાર અવ્યક્ત રૂપ પારમાર્થિક છે, અને સાકાર વ્યક્તરૂપ આરોપિત છે. તેથી જ વેદાદિ શાસ્ત્રોમાં પરમેશ્વરનું ઉભયરૂપે વર્ણન મળે છે. બંને રૂપોનાં વર્ણન કરનાર અનેક વેદમંત્રો છે. જુવો આ એક જ મંત્રમાં નિરાકાર તથા સાકાર-બંનેનું વર્ણન છે—

'अपाणिपादो जवनो ग्रहीता, पश्यत्यचक्षुः स शृणोत्यकर्णः।'
(શ્વે. ઉ. ૩, ૧૯)

તે હસ્તપાદરહિત છે, તેથી નિરાકાર છે. છતાં પણ તે દોડે છે, અને જે કંઈ પત્ર, પુષ્પ વગેરે તેને આપવામાં આવે છે, તેને ગ્રહણ કરે છે. અહીં વિચારવું જોઈએ કે-આ લેવાવાળો તથા દોડવાવાળો કોણ પરમેશ્વર છે? નિરાકાર વ્યાપક પદાર્થ કોઇ દિવસ દોડી શકતો નથી. શું નિરાકાર આકાશને કોઈએ દોડતું, અથવા કાંઈ લેતું-આપતું જોયું છે? તેથી ધાવન, ગ્રહણ વગેરે ક્રિયાઓવાળો સાકાર જ હોઈ શકે છે, નિરાકાર નહિ. તેમ જ તે ચક્ષુ, કર્ણ વગેરેથી રહિત છે, તેથી નિરાકાર છે. છતાં તે દેખે છે, સાંભળે છે. દેખવાની તથા સાંભળવાની ક્રિયા નિરાકારમાં હોઈ શકતી નથી. તેથી દેખવા-સાંભળવાવાળા તે પરમેશ્વરને સાકાર જ માનવા જોઈએ. કારણકે અપરિચ્છિન્ન નિરાકારમાં કોઈપણ પ્રકારની ક્રિયા થવી, તે સંભવતું નથી, માટે પરિચ્છિન્ન સાકારમાં જ ક્રિયા માનવી, તે યુક્તિયુક્ત છે.

શુક્લ યજુર્વેદનો આ એક પ્રસિદ્ધ મંત્ર છે. તેમાં પણ નિરાકાર તથા સાકાર-બંને રૂપનું વર્ણન મળે છે. જેમકે—

'प्रजापतिश्चरति गर्भेऽन्तः अजायमानो बहुधा विजायते।
तस्य योनिं परिपश्यन्ति धीराः तस्मिन् ह तस्थुर्भुवनानि विश्वा॥
(૩૧, ૧૯)

અર્થાત્ પ્રજાપતિ-પરમેશ્વર માયાના ગર્ભરૂપ (પરિણામરૂપ) વિશ્વની અંદર દ્રષ્ટારૂપે અનુગત રહે છે. તે નિરાકારરૂપે અજન્મા હોવા છતાં પણ સાકારરૂપે વિવિધ પ્રકારનો બનીને પ્રગટ થાય છે. અવિકૃત પ્રજ્ઞાવાળા, ધીર પુરુષો જ તેના અધિષ્ઠાન સ્વરૂપનો સાક્ષાત્કાર કરે છે, અને તેમાં જ સર્વ ભુવનો રહેલાં છે.

આ મંત્રમાં અજાયમાનને બહુધા વિજાયમાન કહેવામાં આવ્યો છે. તેમાં **मम मुखे जिह्वा नास्ति, कथं वदेयम्।** -મારા મુખમાં જીભ નથી, હું કેવી રીતે બોલું ?—આની પેઠે વ્યાઘાતદોષ છે. કારણકે—જે વસ્તુતઃ જે રૂપે અજાયમાન હશે, તે તે રૂપે વિજાયમાન થઇ શકે નહિ. તેથી આ વ્યાઘાતદોષનો પરિહાર કરવા માટે તે પરમેશ્વરનો રૂપભેદ માનવો જોઇએ. રૂપભેદ માનવાથી વ્યાઘાતદોષ રહેતો નથી. તે નિરાકાર નિરુપાધિકરૂપે અજાયમાન છે, અને સાકાર સોપાધિકરૂપે બહુધા વિજાયમાન છે. આ પ્રકારે તે પરમેશ્વરમાં રૂપભેદની વ્યવસ્થા માન્યા સિવાય તે મન્ત્રને કોઇપણ પંડિતમાની અન્ય પ્રકારે દોષમુક્ત બનાવી શકશે નહિ. જે પ્રકારે છીપમાં વાસ્તવિક રજતાભાવની સાથે આરોપિત રજત વિષમ સત્તાવાળું હોવાને કારણે રહી શકે છે, તેવી રીતે પારમાર્થિક નિરાકારપણાની સાથે માયાદ્વારા આરોપિત સાકારપણું રહેવામાં કોઇપણ વિરોધ આવી શકતો નથી. કારણ કે—સમ સત્તાવાળા ભાવ તથા અભાવનો વિરોધ હોય છે. વિષમ સત્તાવાળા ભાવ તથા અભાવનો—અર્થાત સાકારપણાના અભાવનો (નિરાકારપણાનો) તથા સાકારપણાના ભાવનો વિરોધ માની શકાતો નથી તેથી તે એક જ પરમેશ્વર નિરાકાર રહેતાં છતાં પણ માયા દ્વારા સાકાર બની શકે છે. સાકાર બનતાં છતાં તેના નિરાકારપણામાં કોઇપણ પ્રકારની ક્ષતિ આવતી નથી. એ જ તો તે પરમેશ્વરનું અદ્ભુત સ્વરૂપ છે. **आश्चर्यवत् पश्यति**

ભગવાન અજાયમાન પણ છે, અને બહુધા વિજાયમાનપણ છે૬૯૩

કશ્ચિદેનમ્ (ગીતા ૨, ૨૯,), અર્થાત્ તેને કોઈક આશ્ચર્યપૂર્વક જુવે છે.

આવો, અને અથર્વવેદ સંહિતાના રુદ્રસૂક્તના આ એક મંત્રને પણ જુવો. તેની યથાવત્ આલોચના કરવાથી પરમેશ્વરનું સોપાધિક સાકારરૂપ માનવું જ પડે છે. તે મંત્ર આ છે—

ॐ नमस्तेऽस्त्वायते, नमो अस्तु परायते ।
नमस्ते रुद्र तिष्ठत आसीनायोत ते नमः ॥'

(૨૧,૨,૧૫)

હે રુદ્ર ! પરમેશ્વર ! આવતા તમને મારા નમસ્કાર છે. ભક્ત ભગવાનને પ્રેમથી બોલાવે છે, ભગવાનનું આવાહન કરે છે, તેને માટે પ્રાર્થના કરે છે-'આવો પૂજ્ય પિતા ભગવાન, કર દો જીવનકા કલ્યાણ.' પ્રાર્થના સાંભળીને દયાનિધિ ભગવાન ભક્તની પાસે પધારે છે. ભગવાનનું આગમન થતાં ભક્ત આનંદથી ગદ્ગદ બનીને કહે છે કે-હે પ્રભો ! કૃપાનિધાન, આવો. અહીં આવનારા આપ કૃપા કરીને મારા નમસ્કાર ગ્રહણ કરો. आयते એટલે आगच्छते-આ ચતુર્થી વિભક્તિનું રૂપ છે. आङ् ઉપસર્ગપૂર્વક 'इण् गतौ' ધાતુમાંથી शतृ પ્રત્યય લગાડવાથી, आ एति आगच्छति इति आयन् , तस्मै आयते-એવું રૂપ સિદ્ધ થાય છે. ભગવાન ભક્તને ત્યાં આવીને ભક્તવડે સમર્પણ કરાતાં પાદ્ય તથા અર્ઘ્ય લેવા માટે ખડા રહે છે. તે સમયે ભક્ત કહે છે કે- तिष्ठते ते नमः । અર્થાત્ પ્રેમવશ ખડા રહેનાર આપને મારા ભક્તિભાવ-ભર્યા પ્રણામ છે. પાદ્ય વગેરે સમર્પણ કર્યા પછી ભક્ત પોતાના આરાધ્ય ભગવાનને, પૂજન વગેરે કરવા માટે, સુંદર આસન પર બેસાડે છે. તે સમયે તે કહે છે કે-उत=तथा, आसीनाय=उपविष्टाय ते नमः । પૂજા વગેરે ગ્રહણ કરવા માટે બેઠેલા આપ ભગવાનને મારા નમસ્કાર છે. પૂજા વગેરે સમાપ્ત થઈ જતાં, ભક્તને આશીર્વાદ

આપીને જ્યારે ભગવાન સ્વધામમાં જવા માટે તૈયાર થાય છે, ત્યારે ભક્ત કહે છે-परायते=परावृत्य गच्छते ते नमः । આવીને પછી પાછા જતા આપને મારા પ્રણામ છે. તેથી ઉપાસક ભક્તોની પૂજાપદ્ધતિના અંતમાં એવું કહેવામાં આવે છે કે-गच्छ गच्छ सुरश्रेष्ठ स्वधाम परमेश्वर । અર્થાત્ હે દેવશ્રેષ્ઠ પરમેશ્વર! આપ આપના ધામમાં પધારો-પધારો.

અહીં વિચાર કરવો જોઈએ કે-તે આવનારા, ખડા રહેનારા, બેસનારા તથા જનારા પરમેશ્વર કોણ છે? નિરાકાર પરમેશ્વર સર્વવ્યાપક હોવાને કારણે કદી એવા બની શકે નહિ. નિરાકારમાં આવવું-જવું વગેરે સંભવતું નથી. તેથી આપને આ વેદમંત્રની પ્રામાણિકતા સિદ્ધ કરવા માટે સાકાર પરમેશ્વર અવશ્ય માનવા પડશે. કારણ કે સાકાર પરમેશ્વર માન્યા સિવાય આ મંત્રની પ્રમાણિકતા બીજા કોઈ પણ પ્રકારે સિદ્ધ થતી નથી. અને આ મંત્રના રુદ્રસૂક્તમાં રુદ્ર નામ વડે પરમેશ્વરનું સ્પષ્ટ વર્ણન કરવામાં આવ્યું છે. પશુપતિ, ભૂતપતિ, ભવ, શર્વ આદિ અનેક નામો દ્વારા તે રુદ્ર ભગવાનને સર્વેશ્વર કહેવામાં આવ્યા છે, જેમકે-यस्मिन्निमा विश्वा भुवनान्यन्तः, स नो मृड पशुपते नमस्ते । (અથર્વ૦ ૧૧, ૨, ૧૧) અર્થાત્ જે મહાન ભગવાનની અંદર આ સમગ્ર ભુવનો અવસ્થિત છે, તે પરમેશ્વર અમને સુખી કરો. હે પશુપતે! અર્થાત્ અજ્ઞાની જીવરૂપ પશુઓના સ્વામિન્! તમને મારા નમસ્કાર છે. तव चतस्रः प्रदिशस्तव द्यौस्तव पृथिवी तवेदमुग्र उर्वन्तरिक्षम् । तवेदं सर्वं (અથર્વ૦ ૧૧, ૨, ૧૦) અર્થાત્ હે ઉગ્ર! (સર્વશ્રેષ્ઠ ભગવન્) આ ચારેય દિશાઓ પણ આપની છે, આ સ્વર્ગ પણ આપનું છે, આ પૃથ્વી પણ આપની છે, આ લાંબુ-પહોળું અંતરિક્ષ પણ આપનું જ છે. અધિક શું કહીએ? આ સમસ્ત વિશ્વ પણ આપનું જ છે. આપ જ એકમાત્ર

તેના અધિપતિ છે, સંચાલક છે, પાલક છે, ભાસક છે. योऽन्तरिक्षे तिष्ठति विष्टभितोऽयज्वनः प्रमृणन् देवपीयून्। तस्मै नमो दशभिः शक्वरीभिः। (અથર્વ૦ ૧૧, ૨, ૨૩) અર્થાત્ જે રુદ્ર ભગવાન નિરાધાર પ્રદેશરૂપ અંતરિક્ષમાં વિસ્તભિત–અચલ રહીને યજ્ઞદાનાદિ શુભ કર્મોદ્વારા પરમેશ્વરનું યજન નહિ કરનાર તથા દેવોનો અનાદર કરનાર, નાસ્તિક, દુર્જનોનો નિગ્રહ (દંડપ્રદાન) કરતા, અવસ્થિત રહે છે, તેમને અમે દશ આંગળીઓ દ્વારા નમસ્કાર કરીએ છીએ. नमः सायं नमः प्रातः नमो रात्र्या नमो दिवा। भवाय च शर्वाय चोभाभ्यामकरं नमः॥ (અથર્વ ૧૧, ૨, ૧૬) અર્થાત્ તે ભગવાનને મારા સાયંકાલના નમસ્કાર હો, પ્રાતઃકાલના નમસ્કાર હો, રાત્રિના નમસ્કાર હો, દિવસના નમસ્કાર હો. ભવ–વિશ્વનીઉત્પત્તિ કરનાર, શર્વ–વિશ્વને પોતાનામાં વિલીન કરનાર પરમેશ્વરને હું બે હાથ જોડીને શ્રદ્ધાભક્તિપૂર્વક પ્રણામ કરું છું.

આ સર્વ મંત્રો તે રુદ્રસૂક્તના જ છે. તેમાં સ્પષ્ટરૂપે બીજા કોઈનું નહિ, પણ વિશ્વનિયંતા પરમેશ્વરનું જ વર્ણન છે. જો આપ નિષ્પક્ષપાત બુદ્ધિવાળા, ઉદાર, સજ્જન હશો, તો તે અવશ્ય માનશો કે–એ મંત્રમાં આવનાર–જનાર ભગવાન સાકાર જ છે, નિરાકાર નહિ. તે પ્રકારે ઋગ્વેદ સંહિતામાં પણ નિરાકારરૂપની પેઠે સાકારરૂપે પણ ભગવાનનું અનેક મંત્રો દ્વારા વર્ણન કરવામાં આવ્યું છે.

નમુના તરીકે આ એક મંત્ર જુવો—

ॐअर्हत् बिभर्षि सायकानि धन्वार्हन्! निष्कं यजतं विश्वरूपम्।
अर्हन्निदं दयसे विश्वमभ्वं, न वा ओजीयो रुद्र! त्वदस्ति॥
(૨,૩૩,૧૦)

અર્થાત્ હે રુદ્ર! અર્હન્ અર્થાત્ પરમપૂજ્ય! અપાર સામર્થ્યવાળો તું દુષ્ટોના નિગ્રહ માટે ધનુષ તથા બાણોને ધારણ કરે

છે. અર્હન્ અર્થાત્ પરમમાન્ય સૌન્દર્યનિધિ તું પ્રશંસનીય, બહુ પ્રકારનાં દિવ્ય રૂપોવાળા, રત્નહારને ધારણ કરે છે. અર્હન્-વિશ્વસ્તુત્ય તું આ અતિવિસ્તૃત સમસ્ત વિશ્વની રક્ષા કરે છે. તારાથી અન્ય કોઇ પણ પદાર્થ વધારે ઓજસ્વી નથી.

આ મંત્રમાં:સ્પષ્ટરૂપે સાકાર ભગવાનનું જ વર્ણન છે. કારણ કે ધનુષ, બાણ તથા હાર સાકાર ભગવાન જ ધારણ કરી શકે છે; હસ્ત, કંઠ વગેરે અવયવો વગરના નિરાકાર નહિ.

જેવી રીતે જીવાત્મા નિરાકાર હોવા છતાં પણ અવિદ્યા કામ કર્મને આધીન બનીને ભૌતિક સાકાર શરીર ધારણ કરે છે, તેવી રીતે પરમેશ્વર નિરાકાર હોવા છતાં પણ શુદ્ધ સત્ત્વ-મયી પોતાની માયા દ્વારા સ્વેચ્છાથી દિવ્ય, માયિક, વિવિધ સાકાર વિગ્રહોને દુષ્ટોના નિગ્રહ કરવા તથા સાધુઓ પર અનુગ્રહ કરવા —એમ અનેક પ્રયોજનો માટે ધારણ કરી શકે છે. તેમાં કોઇ પણ પ્રકારની અનુપપત્તિ નથી.

માટે ગોસ્વામી તુલસીદાસજીએ કહ્યું છે કે—

एक दारुगत. देखिये एकू, पावक युग सम ब्रह्म विवेकू।
फूले कमल सोह सर कैसे! निर्गुण ब्रह्म, सगुण भये जैसे।

જેવી રીતે એક અગ્નિ અવ્યક્તરૂપે લકડી વગેરેમાં રહે છે, અને એક અગ્નિ દીપક વગેરેમાં વ્યક્તરૂપે પ્રતીત થાય છે, તેવી જ રીતે બ્રહ્મ પણ નિરાકાર અવ્યક્તરૂપે સર્વવ્યાપક છે, વિશ્વાત્મા છે, સર્વમાં છૂપાઈને બેઠું છે, અને તે જ ભક્તો માટે સાકારરૂપે અભિવ્યક્ત થઇ જાય છે. જેવી રીતે સરોવરના જલમાંથી પ્રગટ થઈને કમલ સરોવરની શોભા વધારે છે, તેવી રીતે તે નિરાકાર પરબ્રહ્મમાંથી પ્રગટ થયેલ સાકાર વિગ્રહ નિરાકાર બ્રહ્મનો જ મહિમા વધારે છે.

આચાર્ય સ્વામી મધુસૂદન સરસ્વતી અદ્વૈત સિદ્ધાંતના પ્રચંડ વિદ્વાન તથા શાસ્ત્રાર્થ-સમરના વિખ્યાત મહારથી હતા. તેથી તેમની બાબતમાં એમ કહેવામાં આવ્યું છે કે—

नवद्वीपे समायाते मधुसूदनवाक्पतौ।
चकम्पे वादिवागीशः कातरोऽभूद् गदाधरः॥

અર્થાત્ જ્યારે મધુસૂદન સ્વામી બંગાલના પ્રસિદ્ધ વિદ્યાકેન્દ્ર નવદ્વીપમાં ગયા, ત્યારે ત્યાંના પ્રસિદ્ધ ધુરંધર વિદ્વાન વાદિવાગીશ કાંપવા લાગ્યા, અને ગદાધર ભટ્ટાચાર્ય દીનતાથી વ્યાકુલ બની ગયા.

તેથી ગોસ્વામી તુલસીદાસજીએ કહ્યું છે કે—

मधुसूदनसरस्वत्याः पारं वेत्ति सरस्वती।
सरस्वत्याः परं पारं मधुसूदनसरस्वती॥

અર્થાત્ મધુસૂદન સ્વામીના અક્ષય્ય વિદ્યાભંડારનો પાર ભગવતી સરસ્વતી જ જાણી શકે છે; અને સરસ્વતીના અનંત ભંડારને મધુસૂદન સરસ્વતી જ આમૂલચૂડ (નખશિખ) જાણે છે. તેમની બનાવેલી અદ્વૈતસિદ્ધિ વિદ્વદુપભોગ્ય, અતિપ્રૌઢ, ગંભીર, વિચારયુક્ત, વિસ્તૃત ગ્રંથરત્ન છે. તેમાં તેમણે અનેક પ્રકારનાં પ્રમાણો તથા યુક્તિઓ દ્વારા ખૂબ જોરદાર શબ્દોમાં દ્વૈતવાદનું ખંડન તથા અદ્વૈત-સિદ્ધાંતનું સમર્થન કર્યું છે. તેથી અદ્વૈતસિદ્ધ ગ્રંથ એટલો ગહન તથા કિલષ્ટ માનવામાં આવ્યો છે કે-તેને શીખવાડનાર વિદ્વાનો કાશી જેવી પંડિતોની નગરીમાં પણ આંગળીના વેઢા પર ગણી શકાય તેટલા, બેચાર મુશ્કેલીથી મળી શકે. અને અસાધારણ પ્રતિભાસંપન્ન વિદ્યાર્થીઓ જ તેને શિખવાની તથા સમજવાની યોગ્યતા ધરાવી શકે. તે મધુસૂદન સ્વામીએ અદ્વૈતસિદ્ધિ ગ્રંથના 'નિરાકાર-નિર્ગુણ બ્રહ્મની ઉપપત્તિ' નામના પ્રકરણમાં સાકાર, સગુણ બ્રહ્મનું જ મંગલાચરણ કર્યું છે. મધુસૂદન સ્વામી ભગવાન શ્રીકૃષ્ણના ઉપાસક તથા ભક્ત

હતા. તેથી તે મંગલાચરણમાં શ્રીકૃષ્ણનું જ સાકારરૂપે તેમણે વર્ણન કર્યું છે. હું ધારું છું કે-મંગલાચરણનો તે પ્રશસ્ત શ્લોક ભારતનાં સમસ્ત પ્રદેશોના આસ્તિક સમાજમાં પ્રસિદ્ધ છે તે આ છે—

वंशीविभूषितकरान्नवनीरदाभात्
पीताम्बरादरुणबिम्बफलाधरोष्ठात् ।
पूर्णेन्दुसुन्दरमुखादरविन्दनेत्रात्
कृष्णात्परं किमपि तत्त्वमहं न जाने ॥

આનો અર્થ આ પ્રવચનસુધાની શરૂઆતમાં આપ્યો છે.

મધુસુદન સ્વામી માનતા હતા કે-સવિશેષ સાકાર બ્રહ્મની ઉપાસના કર્યા સિવાય કોઈ પણ સાધક નિર્વિશેષ નિરાકાર બ્રહ્મનું તત્ત્વજ્ઞાન પ્રાપ્ત કરી શકતો નથી. તેથી તેમના આદર્શ જીવનની એક ઘટના આ પ્રકારે કહેવામાં આવે છે. મધુસૂદન સ્વામી ઘણું કરીને કાશીમાં જ રહ્યા કરતા હતા. એકવાર તેમણે વિચાર કર્યો કે-આરાધ્ય ઈષ્ટદેવ શ્રીકૃષ્ણનાં સાક્ષાત્ દર્શન કરવાં જોઈએ. તેથી તે એકાંત ગંગાતટ ઉપર જઈને અનુષ્ઠાન કરવા લાગ્યા. તે અનુષ્ઠાનને જે શ્રદ્ધા તથા એકાગ્રનાપૂર્વક છ માસ સુધી કરે, તેને ભગવાન શ્રીકૃષ્ણનાં દર્શન થતાં હતાં. તેવી તે અનુષ્ઠાનની ફલશ્રુતિ હતી. આચાર્ય મધુસૂદન સ્વામીએ છ માસ સુધી અનન્ય ભક્તિભાવનાપૂર્વક અનુષ્ઠાન કર્યું, પરંતુ ભગવાનનાં દર્શન ન થયાં. તેમણે વિચાર કર્યો કે-સંભવ છે કે-અનુષ્ઠાનમાં કંઈ ત્રુટી રહી ગઇ હોય; તેથી મને ભગવાને દર્શન ન આપ્યાં. એવો વિચાર કરીને તેમણે બીજી વાર ફરીથી છ માસનું અનુષ્ઠાન બહુ સાવધાનીપૂર્વક કર્યું. તો પણ ભગવાનનાં દર્શન ન થયાં. ત્યારે મધુસૂદન સ્વામીને હૃદયમાં

બહુ ઉદ્વેગ થયો, અને પોતાના શરીર પર પણ તેમને ખૂબ ગ્લાનિ થઈ અને તેમણે દઢ નિશ્ચય કર્યો કે-હવે જેની દ્વારા, ભગવાનનાં દર્શન થતાં નથી, તેવા આ શરીરને રાખીને શું કરવું ? માટે તેને ગંગાજીને અર્પણ કરી દેવું જોઈએ. સ્વામીજી હજી સુધી તો શાન્ત હતા, પણ હવે તેમણે પોતાના શરીર પ્રત્યે વિકરાળ રુદ્રરૂપ ધારણ કર્યું, અને ઝડપી ગતિથી ચાલ્યા ગંગાજી તરફ. આ બાજૂએ અંતર્યામી ભગવાને સ્વામીજીના શરીરની રક્ષાના અભિપ્રાયથી એક વૃદ્ધ બ્રાહ્મણનું રૂપ ધારણ કર્યું, અને હાથમાં કેટલાંક ફળફૂલ લઈને ગંગાતટ પર જલ્દી પહોંચી ગયા, અને અતિરોષે ભરાયલા સ્વામીજીને માથે પુષ્પ ચઢાવ્યાં તથા ફળ આગળ મૂકયાં અને પ્રણામ કર્યા. અને પછી મીઠી-મીઠી, સ્નેહ ભરી વાતો કરતાં કરતાં કહેવા લાગ્યા કે-આપ તો બહુ શાન્ત પ્રકૃતિના, વિદ્વાન, વીતરાગ મહાત્મા છો. આપે આવું ઉગ્ર રૂપ કેમ ધારણ કર્યું છે ? આપે ભગવદ્-દર્શન માટે બે વાર અનુષ્ઠાન કર્યું, પણ આપ સફળ થયા નહિ. છતાં આપે વિચાર કરવો જોઈએ કે-તે બે અનુઠાનોથી ભગવદ્-દર્શનનાં પ્રતિરોધક અનેક કશ્મલોનો વિનાશ થઈ ગયો છે. માટે તે અનુષ્ઠાનોને સર્વથા નિષ્ફળ ન માની શકાય. હવે એવું માલમ પડે છે કે-આપનાં કંઈક વધારે કશ્મલ બાકી છે. ત્રીજા અનુષ્ઠાનથી તેમનો નાશ થઈ જશે-અને ત્યારે જરૂર તમને ભગવાનનાં ચિરપ્રતીક્ષિત અભીપ્સિત દર્શન થશે, તેમાં કંઈ પણ સંદેહ નથી. માટે આપ ધૈર્ય રાખો, ઉદ્વેગ ત્યજીને મનને શાંત બનાવો, અને ફરી ત્રીજી વાર ભગવાનની આરાધનામાં લાગી જાઓ. એટલું કહીને ભગવાન વીજળીની માફક ત્યાંથી જોતજોતામાં અંતર્હિત થઈ ગયા. મધુસૂદન સ્વામી આશ્ચર્યચકિત બનીને વિચારવા લાગ્યા કે-અરે, તે વૃદ્ધ બ્રાહ્મણ હમણાં તો અહીં ખડા હતા, અને એકદમ કયાં ચાલ્યા ગયા ?

તેમણે મૂકેલાં ફળ તો અહીં પડેલાં છે. ચારે બાજૂએ દૃષ્ટિ ફેરવીને જોયું, તો ક્યાંય તેમનો પત્તો લાગ્યો નહિ. તરત તેમના પવિત્ર હૃદયમાં એવો નિશ્ચય થયો કે-તે વૃદ્ધ બ્રાહ્મણના વેશમાં મારા આરાધ્ય, દયાનિધિ ભગવાન શ્રીકૃષ્ણ જ અહીં મારા શરીરને બચાવવા માટે તથા આશ્વાસન દેવા માટે પધાર્યા હતા. પણ હું ઉગ્રરૂપમાં હોવાથી તેમને ઓળખી શક્યો નહિ. એવો વિચાર કરીને તે ભગવાનની ભક્તવત્સલતા ઉપર પ્રેમનાં આંસુ વહાવવા લાગ્યા. પછી તેમણે ગંગામાં સ્નાન કરીને, ભગવાનનાં આપેલાં મધુર ફળ પ્રેમપૂર્વક ખાધાં, અને એકાંતમાં કુટીરમાં રહીને ત્રીજી વાર અનુષ્ઠાન કર્યું. અને તેમને શ્રીકૃષ્ણનાં સાક્ષાત્ દર્શન થયાં, જેમનું તેમણે वंशीविभूषितकरात् શ્લોકમાં વર્ણન કર્યું છે. અને શ્રી ભગવાનની અનુમતિ પ્રાપ્ત કરીને તેમણે શ્રીમદ્ ભગવદ્-ગીતા પર સંસ્કૃતમાં બહુ જ પ્રશસ્ત 'ગૂઢાર્થદીપિકા' નામની વ્યાખ્યા લખી. વળી મધુસૂદન સ્વામીએ 'ભક્તિ રસાયન' નામનો એક, ભક્તિનો મહિમા બતાવતો, સુંદર ગ્રંથ લખ્યો છે. કહેવાય છે કે તેમણે શ્રીમદ્ ભાગવતની પણ સંસ્કૃતમાં સરસ ટીકા લખી હતી, પરંતુ અત્યારે પહેલા ચાર શ્લોકોની ટીકા સિવાય બીજી ટીકા ઉપલબ્ધ નથી.

—

તાત્પર્ય એ છે કે જે શ્રદ્ધાળુ ભક્ત ભગવાનની પ્રેમથી આરાધના કરે છે, તેને ભગવાન પોતાના સાકાર સ્વરૂપનું દર્શન જરૂર કરાવે છે, અને પછી તેના કલ્યાણ માટે તથા અવિદ્યાદિ બંધનોની નિવૃત્તિ માટે જ્ઞાનયોગ પણ આપે છે. ગીતામાં પણ શ્રી ભગવાન એજ કહે છે કે-भजतां प्रीतिपूर्वकं, ददामि बुद्धियोगं तं येन मामुपयान्ति ते। (૧૦,૧૦) तेषां तमो नाशयामि ज्ञानदीपेन। (૧૦,૧૧) અર્થાત પ્રેમપૂર્વક મારું

ભજન કરનાર ભક્તોને હું તે જ્ઞાનયોગ આપું છું, જેના વડે તેઓ મારા વાસ્તવિક, પૂર્ણાદ્વય સ્વરૂપને પ્રાપ્ત થાય છે. તેમના અજ્ઞાનરૂપી અંધકારનો હું જ્ઞાનદીપ દ્વારા નાશ કરું છું. આથી એ વાતનો નિશ્ચય થાય છે કે–કેવળ ભગવાનના સાકારરૂપના દર્શન માત્રથી કલ્યાણ (મોક્ષલાભ) થતું નથી. જો કલ્યાણ થઈ જતું હોત, તો અર્જુનને ગીતાજ્ઞાન પ્રાપ્ત કરવાની કશી જ આવશ્યકતા ન હતી. કારણ કે અર્જુન ભગવાનના દિવ્ય સાકાર સ્વરૂપનું દર્શન લાંબા કાળ સુધી કરતો રહ્યો હતો, પરંતુ જ્ઞાન-લાભ વિના સાકારરૂપના દર્શન માત્રથી તેના મનની ચંચલતા તથા મોહશોક નષ્ટ થયાં ન હતાં. માટે ભગવાને કૃપા કરીને તેને જ્ઞાનયોગ આપ્યો, અને તેના દ્વારા જ, કેવળ દર્શન માત્રથી નહિ–તે કૃતાર્થ થયો. હા, એ વાત યથાર્થ છે કે–ભગ-વાનના સાકાર રૂપનું દર્શન વ્યર્થ જતું નથી, કિંતુ આત્મકલ્યાણનું સાધક બને છે. માટે સાકાર દર્શન પણ એક મોટી ભારે સિદ્ધિ મનાય છે. તેની દ્વારા અનેક લાભ સિદ્ધ થાય છે. તેથી જ અવ્યક્ત નિરાકાર ભગવાન વ્યક્ત–સાકાર બને છે. સાકાર રૂપે પ્રગટ થવામાં ભક્તાનુગ્રહ જ મુખ્ય કારણ માનવામાં આવ્યું છે. પરંતુ સાકારની ઉપાસના પણ આસ્તિક શ્રદ્ધાળુ માણસ જ કરી શકે છે, બીજો નહિ; કારણ કે આસ્તિક શ્રદ્ધાળુને તે સાકાર સ્વરૂપમાં પરમેશ્વરની ભાવના છે. જે રામ, કૃષ્ણ, શિવ વગેરે સાકાર સ્વરૂપોમાં ભગવદ્–ભાવના રાખતો નથી, કિંતુ જીવ ભાવના રાખે છે, તે સાકાર ઉપાસનાનો અધિકારી મનાતો નથી. તેથી શ્રી ભગવાન આ પ્રવચનીય શ્લોકમાં તેને બુદ્ધિહીન કહે છે, અને કહે છે કે–તે મારા આ સાકાર સ્વરૂપમાં રહેલા અનુત્તમ, અવ્યય, પરભાવને જાણતો નથી; તેથી તે મારો ભક્ત બની શકતો નથી.

અને તે એક પ્રમાણુસિદ્ધ વાત છે કે-સાકાર સ્વરૂપના પરિચય દ્વારા જ નિરાકાર સ્વરૂપનો પરિચય પ્રાપ્ત થાય છે. આપ એક પુસ્તક વાંચો છો. તેમાં નિરાકાર અક્ષરોના જ્ઞાન માટે કલ્પિત-વિવિધ પ્રકારની સાકાર લિપિ જ પઢો છો. નિરાકાર, અક્ષરોને આપ દેખી શકતા નથી, પરંતુ સાકાર લિપિ દ્વારા તમે તેમનો પરિચય પ્રાપ્ત કરી લો છો. સાકાર લિપિના પરિચય વિના આપને કદાપિ નિરાકાર અક્ષરોનું જ્ઞાન થતું નથી. તે રીતે કલ્યાણુ માર્ગમાં પણુ સાકાર ઉપાસના દ્વારા જ અવ્યક્ત-નિરાકાર પરમેશ્વરનો યથાવત્ પરિચય પ્રાપ્ત થાય છે.

તેથી આપણાં ઉપનિષદોમાં કહ્યું છે કે-

द्वे वाव ब्रह्मणो रूपे मूर्तं चामूर्तं च। (બૃ. ૨,૩,૧)

અર્થાત્ બ્રહ્મનાં બે રૂપ છે. એક મૂર્ત અર્થાત્ વ્યક્ત-સાકાર છે, અને બીજું અમૂર્ત અર્થાત્ અવ્યક્ત-નિરાકાર છે.

અને જેના ચિત્તમાં અનાદિ કાળથી સાંસારિક અનેક પ્રકારનાં સાકાર રૂપો ભરેલાં પડયાં છે, તે માનવ નિરાકાર સ્વરૂપનું કેવી રીતે ધ્યાન કરી શકે ? કારણુ કે જ્યારે તે તેના ધ્યાનને માટે આંખો બંધ કરશે, તેજ સમયે તે પૂર્વ પરિચિત સાંસારિક સાકાર રૂપો જ આવીને સામે ખડાં થઈ જશે. માટે તેમની નિવૃત્તિ કરવી આવશ્યક છે. જેવી રીતે વિષની નિવૃત્તિ વિષથી થાય છે, અને કાંટો કાંટાથી કાઢી શકાય છે, બરાબર તેવી જ રીતે સાંસારિક સાકાર રૂપોની નિવૃત્તિ ભગવાનના સાકાર રૂપના ધ્યાન દ્વારા જ થઈ શકે છે. અને મનીરામને સાકાર રૂપોના ધ્યાનની આદત પડેલી છે, નિરાકારના ધ્યાનની આદત નથી, તેથી તે ભગવાનના સાકાર સ્વરૂપનું ધ્યાન સહજમાં કરી શકે છે, નિરાકારનું ધ્યાન તેને અધિક કલેશપ્રદ બને છે. તેથી ભગ-

વાને ગીતામાં પણ એજ કહ્યું છે કે-क्लेशोऽधिकतरस्तेषाम-व्यक्तासक्तचेतसाम् । (૧૨,૫) અર્થાત્ અવ્યકત નિરાકાર બ્રહ્મમાં ચિત્તને આસકત બનાવનારાઓને અધિક કલેશ જ ભોગવવો પડે છે. આ જીવ સંસારના કલ્પિત-મિથ્યા નામરૂપોના ચિંતન દ્વારા ઊર્ધ્વમૂલ પરમાત્માથી પૃથક્ બનીને ઉપરથી નીચે પડયો છે. જ્યારે તે ભગવાનનાં દિવ્ય સુમધુર નામ તથા રૂપો પર અનન્ય પ્રેમ કરવા લાગે છે, એકાગ્રતાપૂર્વક તેમની આરાધના કરતો કરતો ભગવન્મય બની જાય છે, ત્યારે તે સંસારનાં તુચ્છ નામરૂપોના ચિંતનમાંથી સહજમાં જ મુકત બનીને, નિર્ગુણ નિરાકાર પરમાત્માની પાસે પહોંચી શકે છે. જેવી રીતે કરોળિયો તંતુ દ્વારા ઉપરથી નીચે આવે છે, અને તે તે જ તંતુ દ્વારા નીચેથી પાછો ઉપર જઈ શકે છે, તેવી રીતે આ જીવનું સંસારનાં નામરૂપોની આસકિત દ્વારા પતન થયું છે અને ભગવાનનાં લોકોત્તર નામરૂપોની પ્રીતિ દ્વારા ઐહલૌકિક, પારલૌકિક તથા પારમાર્થિક-અનેક પ્રકારના લાભ સિદ્ધ થાય છે. કલ્યાણ માર્ગના પથિક માટે સાકાર બ્રહ્મની આરાધના, ચાલણ ગાડીની પેઠે, એક મોટું અવલંબન માનવામાં આવી છે. તેના દ્વારા તે શાન્તિ તથા સંતોષ પ્રાપ્ત કરી શકે છે, ચિત્તને એકાગ્ર બનાવી શકે છે, અનેક પ્રકારનાં લૌકિક કાર્યો પણ તે જો સિદ્ધ કરવા માગે તો કરી શકે છે આ વિષયમાં આ એક સાચી ઘટના છે—

આજથી લગભગ ૫૦-૬૦ વર્ષો પહેલાંની વાત છે. કનખલ—સુરતગિરિ બંગલા મઠના શિષ્ય એક સંન્યાસી સ્વામી અચલાનંદજી હતા. તે બહુ સારા વિદ્વાન હતા, વીતરાગ હતા, તથા ભગવાન શ્રી નૃસિંહના ઉપાસક હતા. એમ કહેવાય છે કે-તેમને ભગવાન શ્રી નૃસિંહનાં દર્શન કેટલીયે વાર થયાં હતાં. તે એક સ્થાન પર રહેવાનું વિશેષ પસંદ કરતા નહિ. તે કહેતા હતા કે—

बहता पानी निर्मला, बंधा गंदला होय,
त्यों साधु रमता भला, दाग न लागे कोय.

તેથી તે ભારતના અનેક પ્રદેશોમાં મોટે ભાગે ભ્રમણ કર્યા કરતા. એકવાર ફરતા ફરતા તે બિહાર પહોંચ્યા. એક જમીનદાર બાબૂના એકાંત બગીચામાં નિવાસ કર્યો. તે બાબુ બહુ જ ધાર્મિક, આસ્તિક, સંતસેવી ભક્ત હતો. તે પ્રતિદિન સ્વામીની પાસે દર્શન તથા સત્સંગ માટે જતો હતો, અને ત્યાં તેણે સ્વામીજી માટે ભોજન વગેરેની અનુકૂળ વ્યવસ્થા કરી હતી.. કેટલાક દિવસ ત્યાં રહીને સ્વામીજી ત્યાંથી બીજે જવા તૈયાર થયા. એવું જોઈને પ્રેમવશ તે ભક્ત બાબુની આંખોમાં પાણી ભરાઈ આવ્યું. અને તેણે ગદ્ગદ સ્વરમાં કહ્યું-મહારાજ! આપ અહીં જ રહો. અહીંથી બીજે ન જશો. હું આપની સર્વ પ્રકારે યથોચિત સેવા કરતો રહીશ. સ્વામીજીએ તે ભક્ત બાબૂને કહ્યું -જો, ભાઈ, હું પરિવ્રાજક સંન્યાસી છું. માટે મારે એક જગ્યાએ વધારે રહેવું જોઈએ નહિ. ભક્તે જિજ્ઞાસાપૂર્વક પૂછ્યું-મહારાજ, આપને એક જગ્યાએ વધારે રહેવામાં શી હરકત આવે છે? સ્વામીજીએ કહ્યું-એક જગ્યાએ એક જ ભક્તને ત્યાં વધારે રહેવાથી તે ભક્તની સાથે મમતા થઈ જાય છે, અને તેનાં સુખદુ:ખથી સુખીદુ:ખી થવું પડે છે. ભક્તે કહ્યું-ભગવન્! આપ તો જ્ઞાની છો, ભક્ત છો, વીતરાગ છો આપને કોઈના પર મમતા શા માટે થાય? અને મમતા વિના બીજાનાં સુખદુ:ખથી અન્ય કોઈ સુખીદુ:ખી થઇ શકતું નથી. સ્વાજીએ કહ્યું-ભાઇ, સંગદોષ બહુ જબરદસ્ત હોય છે. सङ्गात्दोषाः प्रभवन्ति दोषाः। અર્થાત્ સંગથી જ અનેક દોષો ઉત્પન્ન થઈ જાય છે. જેને ત્યાં રહે છે, જે ભોજન વગેરેથી સેવા કરે છે, તેની સાથે કંઈને કંઈ સ્નેહ થઈ જાય છે. અને આ દ્વંદ્વમય, પરિવર્તન પામતા સંસારમાં

સર્વને, રાત પછી દિવસ આવે છે તેમ, સુખ પછી દુઃખ આવતાં-જતાં રહે છે જ. અને તે સેવક ભક્ત પોતાના શ્રદ્ધેય ગુરુને પોતાનાં સુખદુઃખની થોડીઘણી વાતો જરૂર સંભળાવે છે. તેથી અનિવાર્ય રીતે ગુરુને પણ સુખી કે દુઃખી થવું પડે છે.

ભક્તે કહ્યું–ભગવન્! હું આપને મારા ઘરસંસારનાં સુખ દુઃખની કોઈપણ વાત સંભળાવીશ નહિ. તેની હું પ્રતિજ્ઞા કરું છું. આપ કેવળ અસંગ ભાવ રાખીને મારા આ બગીચામાં વિરાજતા રહો, અને મને સેવાનો તથા દર્શનનો અલભ્ય લાભ આપતા રહો. આપની મરજી થાય તો અમારે માટે આત્મકલ્યાણનો કંઈક ઉપદેશ આપતા રહેજો, પરંતુ હું આપને દુનિયાની કોઈ પણ વાત સંભળાવીને આપની સાધનામાં કોઈ પણ પ્રકારનો વિક્ષેપ નાંખીશ નહિ.

ભક્તની વાત સાંભળીને સ્વામીજીએ મનમાં વિચાર કર્યો કે–આ શરીર વૃદ્ધાવસ્થાને લીધે કંઈક શિથિલ જેવું થઈ ગયું છે. ઘૂમવા–ફરવામાં પણ અનેક પ્રકારના વિક્ષેપ આવે જ છે. ઘૂમે સો શૂરા ઔર બૈઠે સો પૂરા. તેથી એક સ્થાન પર બેસી જવામાં પણ કંઈ આપત્તિ નથી. અને અહીંનું સ્થાન પણ સુંદર, એકાંત તથા રમણીય છે. અહીંનાં હવાપાણી પણ શરીરને અનુકૂળ છે. સેવક ભક્ત પણ શ્રદ્ધાલુ તથા ધાર્મિક છે, અને તે દુનિયાની કોઈપણ વાત નહિ સંભળાવવાની પ્રતિજ્ઞા કરી રહ્યો છે, તેથી અહીં વધારે રહેવું તે ઠીક જ છે, એવો વિચાર કરીને સ્વામીજીએ ભક્તની પ્રાર્થના સ્વીકારી લીધી; અને તેના બગીચામાં સ્થાયીરૂપે રહેવા લાગ્યા. રહેતાં રહેતાં લગભગ ૭-૮ વર્ષ સમાપ્ત થયાં.

તે ભક્ત મોટો જમીનદાર હતો. એક દિવસ કોઈ જમીનને માટે મોટો ઝઘડો થયો, આપસ–આપસમાં લાઠી ચાલી, અને

મારા આ બાબૂ ભક્તનું અનિષ્ટ દૂર કરી તેને સુખી બનાવવાનું માથે આવી પડ્યું છે. તેણે આઠ વર્ષ સુધી મને ગરમાગરમ, ઘી ચોપડેલા પુલકા ખવરાવ્યા છે, અને શ્રદ્ધાપૂર્વક અનેક પ્રકારની સેવા કરી છે. તેની રક્ષા કરવા માટે મેં આપને બોલાવ્યા છે. શ્રી ભગવાને હુંકાર કરીને, શિર હલાવીને કહ્યું—હા, છોકરો સર્વથા નિર્દોષ છે. તેની રક્ષા થવી જ જોઇએ. ઠીક છે, ત્યારે લો આ કોર્ટના કાગળ. બાબુને બોલાવીને તેની સામે જ તેને હાથે આને બાળી નાંખજો. છોકરો બચી જશે. એટલું કહીને ભગવાન સ્વામીજીને કોર્ટના તે મુકર્દમાંના સર્વ કાગળ સોંપીને અંતર્ધાન થઈ ગયા. સવારે પા વાગે તે બાબૂ સ્વામીજીની પાસે આવ્યો. સ્વામીજીએ તે સર્વ કોર્ટના સહી સિક્કાવાળા કાગળો આપ્યા, અને કહ્યું—જુવો, આ તે જ કાગળો છે. ભગવાને ત્યાંથી પોતાની અચિંત્ય શક્તિવડે લાવી આપ્યા છે. હવે તેમને ફાડી નાંખીને, તેમાં દીવાસળી લગાવી દો. ભગવાનની કૃપાથી છોકરાની રક્ષા થઈ જશે. બાબૂએ તે પ્રમાણે કર્યું.

બીજે દિવસે જ્યારે કોર્ટ ખુલી, ત્યારે અંગ્રેજ જજે પોતાના કલાર્કને કહ્યું—ફાંસીવાળા તે આરોપીની કાર્યવાહીના તમામ કાગળો લાવો, અને તેને સમયસર ફાંસી આપવાનો હુકમ હું સંભળાવું. કલાર્કે પેટીનું તાળું ખોલીને જોયું, તો તેને પેલા કાગળો ન મળ્યા. છતાં તે પેટીમાં તેમને શોધતો રહ્યો. જજે કંઇક ગરમ થતાં કહ્યું—વાર કેમ કરે છે? કાગળ જલ્દી લાવ. ક્યાં મૂક્યા છે? ટાઈમ પસાર થઇ રહ્યો છે. કલાર્ક મુસલમાન હતો. તેણે ધૂંધવાઈને કહ્યું—ખુદા જાણે, કાલે જ મેં આપની પાસેથી લઈને કાગળો આ પેટીમાં સાવધાનીપૂર્વક મૂક્યા હતા. તાળું મારીને તેની ચાવી આપને આપી હતી. હું શું જાણું કાગળ ક્યાં જતા રહ્યા તે?—અંગ્રેજ જ વિચારમાં પડી ગયો.

તે હિંદુ ધર્મનો પણ કંઈક પરિચય રાખતો હતો. ભગવાનની પ્રેરણાથી તે જજના હૃદયમાં એ વાત ઠસી ગઈ કે–આમાં કોઈ દૈવી ચમત્કાર છે. તરત જ તેણે તે બાબૂજીને બોલાવ્યો, અને પુછ્યું–તમારે ત્યાં કોઇ સાધુ સંન્યાસી રહે છે? બાબૂજીએ કહ્યું–હા, મારા બગીચામાં મારા ગુરુ સ્વામીજી રહે છે. જજે કહ્યું–તેમણે આને માટે કંઈ પૂજા–અનુષ્ઠાન કર્યું હતું? બાબુએ કહ્યું–તેની તો મને પૂરી ખબર નથી. પરંતુ મેં મારું દુઃખ સ્વામીજીને સંભળાવ્યું હતું, અને કહ્યું હતું કે મારો નિર્દોષ છોકરો માર્યો જાય છે. જજે કહ્યું–ઠીક, હમણાં જ ચાલો. મારે તે સાધુને જોવા છે. બાબૂ જજને લઈ ને સ્વામીજી પાસે આવ્યો. સ્વામીજીની ભવ્ય, તેજસ્વી, સૌમ્ય મૂર્તિનું દર્શન કરીને જજના નિશ્ચયમાં પરિવર્તન થઈ ગયું. સ્વામીજીએ તેને ઓજસ્વી વાણીમાં કહ્યું–તમે ન્યાયાધીશ છો. તમારે કોઈને પણ અન્યાય ન કરવો જોઈ એ. તમે અન્યાય કરી રહ્યા હતા. નિર્દોષ છોકરાને ફાંસીએ ચઢાવી રહ્યા હતા. તેથી અમે અમારા ભગવાનને કહીને કોર્ટના સર્વ કાગળો મંગાવીને તેમને બાળી નાંખ્યા છે. સ્વામીજીની વાણી સાંભળીને અંગ્રેજ પ્રસન્ન થયો અને તેણે છોકરાને નિરપરાધ સાબિત કરીને છોડી મૂક્યો.

તાત્પર્ય એ છે કે–જેવી રીતે અતિ શીતલતાને કારણે જળ બરફ થઈ જાય છે, તેવી રીતે ભક્તો પર અનુગ્રહ કરવા માટે અવ્યક્ત નિરાકાર ભગવાન સાકાર–વ્યક્ત બની જાય છે. જેવી રીતે બરફ થઈ જતાં પણ તેમાં જલનો અભાવ નથી રહેતો, તેવી જ રીતે સાકાર ભગવાનમાં પણ અવ્યક્ત, નિરાકાર, સર્વેશ્વર ભગવાનનો અનુત્તમ, અવ્યય ભાવ બન્યો રહે છે, તેનો અભાવ નથી થતો. છતાં બુદ્ધિહીન, ભગવદ્‌–વિમુખ લોકો ભગવાનના તે સાકાર વિગ્રહોના દિવ્ય મહિમાને ન જાણીને, તેમને સાધારણ

વ્યક્તિવિશેષ માને છે, તે તેમની શ્રદ્ધાહીનતાનો એક નમૂનો છે. તેથી અમારાં સમસ્ત શાસ્ત્રોનો એ સિદ્ધાંત છે તથા જ્ઞાનવાન ભક્તોનો એ અનુભવ છે કે–ભગવાન અવ્યક્ત પણ છે, વ્યક્ત પણ છે, એક પણ છે, અનેક પણ છે, રૂપરહિત પણ છે, રૂપવાન પણ છે. અધિક શું કહીએ ? વિશ્વનાં આ બધાં જ રૂપ તે એકનાં જ છે. પરંતુ આ સિદ્ધાંતને સમજવા માટે હૃદયની પવિત્રતાની આવશ્યકતા હોય છે. પવિત્ર હૃદયવાળો માનવ જ શાસ્ત્રોનાં ગૂઢ રહસ્યોને સમજી શકે છે, બીજો નહિ. હરિઃ ૐ તત્સત્.

(૨૫)

नाहं प्रकाशः सर्वस्य, योगमायासमावृतः ।
मूढोऽयं नाभिजानाति, लोको मामजमव्ययम् ॥' (૭, ૨૫)

હું મારી યોગમાયાદ્વારા છુપાયેલો રહું છું. તેથી સર્વને પ્રત્યક્ષ થતો નથી. તેથી આ અજ્ઞાની, મૂઢ માનવ મને–જન્મરહિત, અવિનાશી, અખંડૈકરસ, પરમાત્માને પરમાર્થરૂપે જાણતો નથી, અર્થાત્ ભ્રાંતિથી મને જન્મવા–મરવાવાળો સમજે છે.

ભગવાન શ્રીકૃષ્ણ અર્જુનને કહે છે કે–હું સર્વ લોકોની સમક્ષ મારા વાસ્તવિક સ્વરૂપે પ્રગટ થતો નથી. કિંતુ મારા કેટલાક જ્ઞાનવાન ભક્તોની સમક્ષ જ પ્રગટ થાઉં છું. પોતે સર્વની સમક્ષ પ્રગટ કેમ થતા નથી ? તેના ઉત્તરમાં ભગવાન કહે છે કે–હું મારી યોગમાયા દ્વારા સમાવૃત રહું છું. મારી કોઈ અચિંત્ય પ્રજ્ઞાવિલાસનું નામ યોગ છે. તે જ અઘટિત-ઘટના-પટીયસી માયા છે. તેની ઓઠે હું છુપાયેલો રહું છું. તેથી સર્વ લોકો મને જોઈ શકતા નથી. વિદ્યમાન વસ્તુસ્વરૂપને ઢાંકી દેવું તથા અવિદ્યમાન મિથ્યાભાવોને દેખાડવા–એ યોગમાયાનો સ્વભાવ છે. માટે ઈશાવાસ્ય ઉપનિષદ્‌માં કહ્યું છે કે—

हिरण्यमयेन पात्रेण सत्यस्यापिहितं मुखम् ।

અર્થાત્ હિરણ્મય પાત્રથી સત્યનું દ્વાર આચ્છાદિત થઈ ગયું છે. એ હિરણ્મય પાત્ર જ યોગમાયા છે. તેથી તે માયા વસ્તુતઃ ભગવાન જેવા છે, તેનાથી વિપરીત બતાવે છે. તેથી મૂઢ માનવ ભગવત્સ્વરૂપના વિષયમાં અન્યથા અન્યથા કલ્પનાઓ કરતો રહે છે. તત્ત્વને અતત્ત્વ તથા અતત્ત્વને તત્ત્વ સમજીને, ગમે તેમ શાસ્ત્રવિરુદ્ધ બકવાદ કરતા રહે છે. અજન્મા ભગવાનને જન્મવાવાળા, અવિનાશીને મરવાવાળા, તથા મહાન પરબ્રહ્મને નાના જેવા–જીવભાવાપન્ન માને છે. તેથી તે સત્યાસત્યનો નિર્ણય કદાપિ કરી શકતો નથી. જો કે અસ્તિ, ભાતિ, પ્રિયરૂપે અંતરાત્મા ભગવાન સદા સર્વત્ર વિદ્યમાન છે, તથાપિ વિચાર–ચક્ષુહીન માનવ કહે છે કે–ભગવાનનું અસ્તિત્વ ક્યાં છે? અમને તો ભગવાન ક્યાંય દેખાતો નથી. તેથી તે મૂઢ આ નામરૂપાત્મક, પ્રતિક્ષણ પરિવર્તનશીલ, મિથ્યા દ્વૈતપ્રપંચને જ વાસ્તવિક સત્ય માનતા, દુઃખમય, તુચ્છ, વૈષયિક, ક્ષણિક સુખમાં આસક્ત બનીને સત્યસુખથી વંચિત રહે છે, પરંતુ ભગવાનનો જ્ઞાની ભક્ત ભગવાનની કૃપાથી મળેલી, જ્ઞાનની દિવ્ય જ્યોતિદ્વારા યોગમાયાના આવરણને દૂર હઠાવીને, ભગવાનના વાસ્તવિક સ્વરૂપનો સર્વત્ર અનુભવ કરતા, સદા વિશુદ્ધ આનંદમાં જ નિમગ્ન બન્યા રહે છે.

તૈત્તિરીય ઉપનિષદ્‌ની બ્રહ્માનંદવલ્લીમાં કહ્યું છે કે–**सत्यं ज्ञानमनन्तं ब्रह्म....निहितं गुहायाम् ।** અર્થાત્ તે સત્ય, જ્ઞાન તથા અનંતસ્વરૂપ બ્રહ્મ–ચિદાત્મા ગુહામાં છૂપાઈને બેઠો છે. તે ગુફા અન્નમય કોશથી માંડીને આનંદમય પર્યંત પાંચ કોશોની પરંપરારૂપ છે. જેવી રીતે ચર્મ–નિર્મિત કોશ તલવારને પોતાની અંદર છુપાવે છે, તેવી રીતે આ પાંચકોશ પણ પોતાની અંદર રહેલા

ચિદાત્મા-બ્રહ્મને છુપાવે છે. દૃશ્યમાન, હસ્તપાદાદિમાન, સ્થૂલ શરીર જ અન્નમય કોશ છે. તે અન્ન-જનિત વીર્યથી ઉત્પન્ન થયો છે, અને અન્નભક્ષણથી અભિવર્ધિત થયો છે. તેથી તેને અન્નમય કોશ કહે છે. અવિદ્યા-ભ્રાન્તિથી મૂઢ માનવ પોતાના વાસ્તવિક સ્વરૂપને ન જાણતાં, આ સાડા ત્રણ હાથના સ્થૂલ શરીરરૂપી અન્નમય કોશને જ 'હું' માને છે, તથા છાતી પર હાથ ઠોકીને 'આજ હું છું' એમ કહે છે. અને તેના જન્મમરણથી પોતાને જન્મમરણવાળો સમજે છે.

પરંતુ જ્ઞાનવાન ભક્ત આ ઈદં-પદાર્થ અન્નમય કોશને 'હું' (અહં-પદાર્થ) સમજતો નથી. તે વિચાર દ્વારા નિશ્ચય કરે છે કે-આ અન્નમય કોશ પહેલાં પણ ન હતો, પછી પણ નથી રહેતો, તેનાં આદિ તથા અંત પ્રત્યક્ષ છે. પરંતુ ક્ષેત્રજ્ઞ -ચિદાત્માનાં આદિ અંત કોઈ બતાવી શકતું નથી. તે અજન્મા તથા અવિનાશી છે. તેથી તે અન્નમય કોશ હું-આત્મા હોઇ શકું નહિ. જો અન્નમય કોશને આત્મા માનવામાં આવે, તો અકૃતાભ્યાગમ તથા કૃતનાશ નામના બે અનિષ્ટ દોષ ઉપસ્થિત થઇ જાય છે. આ દેહરૂપી આત્મા પૂર્વ જન્મમાં ન હતો, હમણાં જ પેદા થયો છે. તેથી પૂર્વજન્મનાં પુણ્યપાપ તેના દ્વારા કરવામાં આવેલાં ન હતાં. અને પોતે નહિ કરેલાં પુણ્ય-પાપોનાં સુખદુઃખરૂપી ફળનો ભોગ તે કરે, તેવું માનવાથી 'અકૃતાભ્યાગમ' (નહિ કરેલાની પ્રાપ્તિ) દોષ આવે છે. અને ભાવિજન્મમાં આ દેહરૂપી આત્મા રહેવાનો નથી, તે તો અહીંજ નષ્ટ થઈ જશે. માટીનું પૂતળું માટીમાં જ મળી જશે. ત્યારે તો તેના દ્વારા કરેલાં પુણ્યપાપોનું ફળ મળ્યા વિના જ તેનો નાશ માનવો પડશે. તેનું નામ 'કૃતનાશ' દોષ છે. અને અદૃષ્ટરૂપી કારણ વિના આ વર્તમાન દેહની ઉત્પત્તિ પણ શા

માટે થશે ? અને ભાવિ જન્મમાં આ દેહનાં સંચિત કર્મોનું ફળ કેવી રીતે ભોગવી શકાશે ? આ પ્રકારે અન્નમય કોશને આત્મા માનવાથી કર્મફળોની વ્યવસ્થા જ નષ્ટ થઈ જાય છે. તેથી આ અન્નમય કોશ કદી પણ આત્મા માની શકાય નહિ.

અન્નમય કોશની અંદર પ્રાણમય કોશ રહે છે. તે વાયુનો વિકાર–વિશેષ છે. સમગ્ર દેહમાં પગથી લઈને મસ્તક પર્યન્ત તે વ્યાપ્ત રહે છે, દેહમાં બલ આપે છે. તથા ચક્ષુ વગેરે ઈન્દ્રિયોનો પ્રવર્તક છે. ક્ષુધા, પિપાસા વગેરે તેના ધર્મો છે. મૂઢ જીવ તેના ધર્મોને પોતાનામાં માનતો કહે છે કે–હું ભૂખ્યો છું, તરસ્યો છું. પરંતુ જડ હોવાને કારણે આ પ્રાણમય કોશ પણ ચેતન આત્મા હોઈ શકતો નથી.

પ્રાણમય કોશની અંદર ત્રીજો મનોમય કોશ રહે છે. તે દેહાદિમાં અહંભાવ તથા ગેહાદિમાં મમ–ભાવ રાખે છે. કામ, ક્રોધ, તૃષ્ણા, વિચિકિત્સા વગેરે અનેક ભ્રાંતિમય અવસ્થાઓ તેની છે. તેથી વિકારવાન હોવાને કારણે આ મનોમય કોશ પણ અવિકારી આત્મા હોઇ શકતો નથી. પરંતુ મૂઢ માનવ પોતાના અવિકારી શુદ્ધ સ્વરૂપને ન જાણીને આ મનોમય કોશના કામાદિ ધર્મોનો પોતાના આત્મામાં આરોપ કરીને 'હું કામી છું, ક્રોધી છું, દુષ્ટ છું' ઇત્યાદિ કહેતો રહે છે. પરંતુ જ્ઞાનવાન ભક્ત પોતાને આ દૃશ્ય વિકારોનો દ્રષ્ટા, નિત્ય, શુદ્ધ, બુદ્ધ, મુક્ત તથા અસંગ ચિદાત્મા માને છે.

ત્રીજા મનોમય કોશની અંદર વિજ્ઞાનમય કોશ છે. ચિદાભાસ યુક્ત બુદ્ધિનું નામ વિજ્ઞાન છે. તે સુષુપ્તિમાં વિલીન થઈ જાય છે, તથા જાગ્રત્‌માં સમગ્ર શરીરમાં વ્યાપ્ત બનીને રહે છે. મનોમય કોશ કરણ છે, તો આ વિજ્ઞાનમય કોશ કર્તા

છે. તેથી તે પણ ચેતન આત્મા હોઈ શકતો નથી, કારણ કે આત્મા અકર્તા છે, તથા તેની ચૈતન્યદૃક્ જ્યોતિ કદી પણ લુપ્ત થતી નથી, જાગ્રત્ વગેરે સર્વ અવસ્થાઓમાં શાશ્વત રૂપે રહે છે. ચોથા વિજ્ઞાનમય કોશની અંદર આનંદમય કોશ રહે છે. જ્યારે પુણ્યભોગનો ઉદય થાય છે, ત્યારે ચિત્તની વૃત્તિઓ અંતર્મુખ-એકાગ્ર બની જાય છે. તથા જ્યારે તેમનામાં આત્માના આનંદનું પ્રતિબિંબ પડે છે, ત્યારે તે વૃત્તિઓ આનંદનો અનુભવ કરે છે. પુણ્ય-ભોગને સમયે વૃત્તિઓ અંતર્મુખ રહે છે, તથા તેના શમનને સમયે તે જ વૃત્તિઓ નિદ્રારૂપે વિલીન થઈ જાય છે, તેને આનંદમય કોશ કહે છે. આ પાંચમો કોશ ભોક્તા છે. આ પણ કાદાચિત્ક (કદી રહેનારો અને કદી ન રહે-નારો) હોવાથી બિંબભૂત, શાશ્વત, પૂર્ણ, આનંદરૂપ, અવિનાશી આત્મા હોઇ શકતો નથી. માટે મૂઢ પોતાને કર્તા, ભોક્તા માને છે, અને જ્ઞાનવાન પોતાને અકર્તા, અભોક્તા, અસંગ, અવિકારી માને છે.

માટે જ્ઞાનવાન ભક્તના આત્માનુભવનું વર્ણન શ્રીમદ્ ભાગવતના એકાદશ સ્કંધમાં આ પ્રકારે કર્યું છે—

'नात्मा जजान न मरिष्यति नैधतेऽसौ,
न क्षीयते सवनवित् व्यभिचारिणां हि।
सर्वत्र शश्वदनपाय्युपलब्धिमात्रं,
प्राणो यथेन्द्रियबलेन विकल्पितं सत्॥'

(૧૧,૩,૩૮)

અર્થાત્ આ પંચકોશાતીત, બ્રહ્મસ્વરૂપ આત્મા નથી તો કદી જન્મ લેતો કે નથી કદી મરતો. તે નથી વધતો કે નથી ઘટતો. પણ જેટલા પરિવર્તનશીલ દેહેન્દ્રિય, પ્રાણ વગેરે પદાર્થ છે—પછી ભલેને

તે ક્રિયા, સંકલ્પ અને તેમના અભાવરૂપે હોય–તે સમગ્રની ભૂત, ભવિષ્ય તથા વર્તમાન, આવવા જવાવાળી સમગ્ર અવસ્થાઓનો તે સાક્ષી છે, પ્રકાશક છે, સર્વમાં અનુગત છે, દેશ, કાલ તથા વસ્તુઓના પરિચ્છેદથી રહિત–અપરિચ્છિન્ન, અવિનાશી છે. તે ઉપલબ્ધિનો (જ્ઞાનનો) નથી કર્તા કે નથી વિષય; કિંતુ કેવલ ઉપલબ્ધિસ્વરૂપ છે. જેવી રીતે પ્રાણ એક જ રહે છે, પરંતુ સ્થાનભેદને લીધે તેનાં અનેક નામ પડે છે, તેવી જ રીતે જ્ઞાનરૂપ આત્મા એક હોવા છતાં પણ ઈન્દ્રિયોના સહયોગથી તેનામાં અનેકતાની મિથ્યા કલ્પના મૂઢ લોકો કહે છે.

આ પ્રકારે આત્મતત્ત્વનો યથાર્થ અનુભવ માનવ ત્યારે જ પ્રાપ્ત કરી શકે છે, જ્યારે તે ભગવાનના નિર્મલ ભક્તિયોગ દ્વારા સર્વ કલ્મષોનો નાશ કરીને ચિત્તને પવિત્ર બનાવે છે. તેથી શ્રીમદ્ ભાગવતમાં કહ્યું છે કે—

‘ यर्ह्यब्जनाभचरणैषणयोरुभक्त्या,
चेतोमलानि विधमेद् गुणकर्मजानि।
तस्मिन् विशुद्ध उपलभ्यत आत्मतत्त्वं,
साक्षाद् यथाऽमलदृशोः सवितुः प्रकाशः॥’

(૧૧,૩,૪૦)

અર્થાત્ જ્યારે ભગવાન પદ્મનાભ–નારાયણના સચ્ચિત્સુખમય ચરણકમલોને પ્રાપ્ત કરવાની ઇચ્છાથી તીવ્રભક્તિ કરવામાં આવે છે, ત્યારે તે ભક્તિ જ અગ્નિની પેઠે ગુણ તથા કર્મોથી ઉત્પન્ન થયેલાં, ચિત્તનાં સમગ્ર કલ્મષોને જલાવી દે છે. જ્યારે ચિત્ત શુદ્ધ થઈ જાય છે, ત્યારે આત્મતત્ત્વનો અપરોક્ષ અનુભવ થઈ જાય છે; જેવી રીતે નેત્રો વિકારરહિત થઈ જતાં સૂર્યના પ્રકાશની પ્રત્યક્ષ અનુભૂતિ થવા માંડે છે તેમ.

શ્રી હરિરૂપ આત્માનો અપરોક્ષ અનુભવ થઈ જતાં તે જ્ઞાનવાન ભક્ત તેની ધ્રુવા (અચલ) સ્મૃતિ દ્વારા આ દેહાદિ પંચકોશોના વિકારોથી કદાપિ પરાભૂત થતો નથી; પણ સદા નિર્વિકાર, અસંગ, આનંદપૂર્ણ જ બન્યો રહે છે. તેથી ઉત્તમ ભગવદ્-ભક્તના વિષયમાં શ્રીમદ્ ભાગવત એ જ કહે છે કે—

'देहेन्द्रियप्राणमनोधियां यो, जन्माप्ययक्षुद्भयतर्षकृच्छ्रैः।
संसारधर्मैरविमुह्यमानः, स्मृत्या हरेर्भागवतप्रधानः॥'

(૧૧,૨,૪૯)

અર્થાત્ અન્નમયાદિ કોશરૂપ સંસારના ધર્મો છે જન્મ, મૃત્યુ, ભૂખતરસ, શ્રમ-કષ્ટ, ભય, તૃષ્ણા વગેરે. તે ક્રમશઃ શરીર, પ્રાણ, ઇન્દ્રિય, મન તથા બુદ્ધિને પ્રાપ્ત થતા જ રહે છે. જે માણસ ચિદાત્મા ભગવાન શ્રી હરિની ધ્રુવા સ્મૃતિમાં એટલો તન્મય રહે છે કે-તેમના વારંવાર આવતાં જતાં છતાં તે તેમનાથી મોહિત થતો નથી, પરાભૂત થતો નથી, અર્થાત્ આ અનાત્મ ધર્મોનો પોતાના વિશુદ્ધ આત્મામાં આરોપ કરતો નથી, તે જ ઉત્તમ ભગવદ્-ભક્ત છે.

યોગમાયાદ્વારા ઉદ્ભાસિત આ પાંચ કોશોના આવરણોથી, રાહુગ્રસ્ત સૂર્યની પેઠે, તે શ્રીહરિ ચિદાત્મા આચ્છાદિત થઈ ગયો છે. જ્યાં સુધી માનવ આ આવરણરૂપ પ્રતિરોધોને વિવેક, વિચાર, ધ્યાન વગેરે દ્વારા દૂર હઠાવતો નથી, ત્યાં સુધી તેને સચ્ચિત્સુખમય શ્રીહરિની પ્રાપ્તિ થતી નથી. યોગમાયાનાં આ આવરણ બહુ જ બલિષ્ઠ છે, દુર્ભેદ્ય છે. તેમને કોઈ એક દૃઢ-નિશ્ચયી, વીતરાગ, ભગવત્કૃપાપાત્ર મહામાનવ જ હઠાવી શકે છે. તેથી ભગવાને ગીતામાં કહ્યું છે કે—

यततामपि सिद्धानां कश्चिन्मां वेत्ति तत्त्वतः।' (૭,૩)

અર્થાત્ યોગમાયાનાં આવરણોને દૂર હઠાવવા માટે પ્રયત્ન

કરનાર યોગીઓમાંથી કોઈ એક જ મહાભાગ પુરુષ આવરણ હઠાવીને મને તત્ત્વતઃ જાણી શકે છે.

આ વિષયને આપ એક દૃષ્ટાંત દ્વારા સ્પષ્ટ રીતે સમજી શકો છો—

કોઈ એક વખતે નારદજી પુણ્યભૂમિ ભારતનું ભ્રમણ કરતા કરતા, એક સત્સંગી ધાર્મિક નગરમાં આવી પહોંચ્યા. ત્યાં તેમણે એક સુંદર વિશાળ સત્સંગ-ભવન જોયું. તેમાં હજારોની સંખ્યામાં ભાવુક નરનારી સત્સંગ, ભજન, કીર્તન કરી રહ્યાં હતાં. ભગવાનને મળવા માટે વ્યાકુળ બનીને તેઓ આંસુ સારી રહ્યાં હતાં. ભગવાનની પ્રાર્થના કરતાં તેઓ કહી રહ્યાં હતાં કે-હાય, ભગવાન બહુ નિષ્ઠુર છે. તે અમને દર્શન કેમ નથી આપતા ? ક્યારે તેમની અમારા પર કૃપા થશે ? હે પ્રભો ! હે કૃપાનિધાન ! હવે અમને ઝાઝું ન તરસાવો. જલ્દી આવો અને અમારા વિરહ-સંતપ્ત હૃદયમાં આપના મિલનનું અમૃત છાંટીને તેને શીતલ બનાવો. ભગવન્ ! દીનબંધો ! અમને હવે આપના સિવાય બીજું કાંઈ ભાવતું નથી. નાથ ! હવે અમારા પર શીઘ્ર કૃપા કરો. અને આપના વ્યથિત ભક્તોના આતુર નયનોને પાવન દર્શન આપીને સુખી કરો. આ પ્રકારે નારદજીએ ત્યાં ભગવાનને મળવા તડપતા ભક્તોને જોઈને વિચાર કર્યો કે—વાસ્તવમાં ભગવાન બહુ કઠોર છે. આ ભક્ત લોકો દર્શન માટે કેટલા તલસે છે ? અને છતાં ભગવાન તેમને દર્શન આપતા નથી. તેથી શાસ્ત્રોમાં ભગવાનને માટે 'કરુણાસાગર, દયાનિધિ, દીનદયાળુ' ઇત્યાદિ જે વિશેષણો લખવામાં આવ્યાં છે, તે સર્વ વ્યર્થ ચાપલૂસી સિવાય તદ્દન જુઠાં માલમ પડે છે. એવો વિચાર કરીને નારદજી પોતાની યોગશક્તિ દ્વારા તરત જ દિવ્ય ધામ વૈકુંઠમાં પહોંચ્યા. અને શ્રી ભગવાનને મળીને કહેવા લાગ્યા.

કે-ભગવન્! આપ જલ્દી જ તે નગરમાં ચાલો; અને આપના પ્રેમી ભક્તોને દર્શન આપીને કૃતાર્થ કરો. નહિ તો હું આપનાં 'કરુણાસાગર' વગેરે વિશેષણો ઉપર હડતાલ ફેરવી દઈશ

ભગવાને કહ્યું-નારદ, એમ ન કરીશ. હું ત્યાં શીઘ્ર આવું છું સર્વ ભક્તોને દર્શન આપવા હું તૈયાર છું. એમ કહીને ભગવાન તરત જ નારદજી સાથે ચાલી નીકળ્યા. તે નગર પાંચ કોસ દૂર રહ્યું, અને એક રમણીય વટવૃક્ષની છાયામાં એકાંત જોઈને બેસી ગયા. અને નારદજીને કહેવા લાગ્યા-હવે તું શીઘ્ર જા, અને સર્વભક્તોને અહીં બોલાવી લાવ. અહીં આવશે તે સર્વ ભક્તોને હું દર્શન આપીશ. આપણે કરોડો ગાઉ ચાલીને અહીં આવ્યા છીએ. માટે તે ભક્તોએ પણ પોતાના નગરમાંથી થોડુંક ચાલીને તો બહાર આવવું જોઈએ ને? ગરુડ પોતાની અતિ વેગવાળી ચાલથી ચાલીને ચકલીની સામે આવે છે, તો ચકલીએ પણ પોતાની મંદતર ચાલથી ચાલીને ગરુડની સામે આવવું જ પડે છે. એ તો પ્રીતની રીત છે. બે પ્રેમીઓ એકબીજાને મળવા માટે શકિત અનુસાર સામાસામી દોડે છે. માટે તું ત્યાં જા, અને તેમને અહીં લઈ આવ. જો, સૌને લાવજે, કોઈ રહી ન જાય, કોઈને ના ન પાડીશ ભગવાનની વાત સાંભળીને નારદ બહુ પ્રસન્ન થયા અને કહેવા લાગ્યા-ભગવન્! આપ અહીં જ વિરાજો. હું આ ત્યાં ચ લ્યો. સર્વભક્તોને લાવું છું. આપનાં શ્રીચરણોમાં હજારો ભક્તોની ભીડ લાવીને ખડી કરી દઉં છું. એમ કહીને નારદ ચાલી નીકળ્યા, અને તે સત્સંગ ભવનમાં આવ્યા, જ્યાં હજારો નરનારી બેસીને ગીતા-પ્રવચન સાંભળી રહ્યાં હતાં. પ્રવચન પૂરુ થયું, એટલે ઊભા થઈને નારદજીએ કહ્યું-ભાવુક ભક્તો, વિશ્વાસ રાખો. હું નારદ છું. તમારી સૌની શ્રદ્ધાભકિત તથા ભગવાનના દર્શનની ઉત્કટ અભિલાષા જોઈને હું કરુણાસાગર ભગવાનને વૈકુંઠમાંથી અહીં તમારા નગરની

પાસે લઈ આવ્યો છું. તમારે માત્ર પાંચ કોશ જ ચાલવું પડશે. પાંચ કોશ દૂર ભગવાન બિરાજે છે. માટે ત્યાં આવીને આપ સૌ ભગવાનનાં પાવન દર્શન કરો, અને તમારા માનવ જીવનને ધન્ય તથા સફળ બનાવો. એમાં તમે એક ક્ષણનો પણ વિલંબ ન કરો. શીઘ્ર મારી સાથે ચાલી નીકળો. બોલો–વૈકુંઠનાથ ભગવાન શ્રીનારાયણની જય!

નારદજીની વાત સાંભળીને કેટલાક લોકો આપસમાં હસીને કહેવા લાગ્યા–આજકાલ સંસારમાં બહુ ઢોંગ ચાલી રહ્યો છે. ગમે તેવા મામૂલી લોકો સાધુનો વેષ પહેરીને ભગવાનનાં દર્શન કરાવવાના ઠેકેદાર બની ગયા છે. તે બેકાર ઢોંગી મનુષ્યો (નારદજીના સામે આંગળી ચીંધીને) કહે છે કે–પાંચ કોશ મારી સાથે ચાલો. અમે લોકો તેના જેવા બેકાર, કામધંધા વગરના થોડા જ છીએ કે ઘરનું કામકાજ છોડીને વગર વિચાર્યે ચાલી નીકળીએ! આપણે તો બજારમાં જવાનો સમય થયો છે. માલમ પડે છે કે આ સાધુએ જુઠ્ઠી કોરી ગપ મારીને કંઈક છેતરવાનો પેંતરો રચ્યો છે. તેમની તેવી વાત સાંભળીને બીજો એક માણસ બોલ્યો–અરે, ભાઈ, આ પાપપ્રધાન કળિયુગમાં ભગવાનનાં દર્શન થોડાં જ રસ્તામાં પડયાં છે! આ પ્રકારે અડધા કરતાં વધારે લોકો નારદજીનાં વચનમાં અશ્રદ્ધા કરીને પોતપોતાના ઘર તરફ જવા લાગ્યા. છતાં નારદજી બૂમો પાડીને કહેવા લાગ્યા કે–અરે ભાઈઓ, તમે મોટી ભૂલ કરી રહ્યા છો. આવો સુવર્ણ–અવસર તમને વારે વારે મળવાનો નથી, માટે તમે મારાં વચનો પર અશ્રદ્ધા ન કરો. વિશ્વાસ રાખીને મારી સાથે ચાલો, અને ભગવાનનાં દર્શનનો અલભ્ય લાભ મેળવો. પણ નારદજીની આ બૂમોને સાંભળી–ન સાંભળી કરીને, ઉપેક્ષાનો ભાવ કરીને, તેઓ પોતપોતાના યથેષ્ટ સ્થાને ચાલ્યા ગયા. તો પણ આશરે ૭૦૦–૮૦૦ માણસ નારદજીની

સાથે ચાલવા માટે તૈયાર થયાં. તેમણે વિચાર્યું-આ સાધુ તેજસ્વી દેખાય છે. તેમનું વચન સાચું પડે તેવો સંભવ છે. અને જો જૂઠું પડશે, ભગવાનનું દર્શન નહિ થાય, તો પણ પાંચ કોશ જવામાં આપણું શું જાય છે? જોઈએ તો ખરા કે આ કેવો તમાસો છે.

ભક્તોનો એટલો સમુદાય સાથે લઈને, તેમને ભગવાનના નામનું સંકીર્તન કરાવતા-કરાવતા, નારદજી નગર બહાર નીકળ્યા. નારદજીએ સંતોષ માન્યો કે-ચાલો, આટલા તો આટલા. આટલાને પણ જો હું ભગવાનનાં દર્શન કરાવી દઈશ, તો બહુ છે. તેઓ એક કોશ પહોંચ્યા હશે, ને ભગવાને પોતાની યોગમાયાને આદેશ કર્યો કે-જા તું જલ્દી, અને તેમની પરીક્ષા લે કે તેઓ મને જ ચાહે છે કે બીજી કોઈ દુનિયાની ચીજોને પણ ચાહે છે, કારણકે નિઃસ્પૃહ, નિર્મળ તથા નિરહંકાર ભક્ત જ મારાં દર્શન કરી શકે છે. સ્પૃહા, મમતા, અભિમાન વગેરે દોષોવાળો મારાં દર્શન કરી શકતો નથી. માટે ત્યાં જઈને તેમના માર્ગમાં કંઈક પ્રતિરોધક આવરણ નાંખ. ભગવાનનો આદેશ મેળવીને યોગમાયાએ તરત જ એક કોસની અવધિમાં ત્યાંની જમીન ચીરી નાંખી, અને તેમાં તાંબાના નવા, ચમકતા અસંખ્ય સિક્કા ભરી દીધા-જાણે કે કોઈ નવી ટંકશાળ જમીનમાંથી પ્રગટ થઈ હોય! તેને જોઈને, 'હરે રામ, હરે રામ' બોલનારા ભક્તોએ બહુ આશ્ચર્યપૂર્વક કહ્યું-'અરે દામ, અરે દામ' આ શું? અને જોતજોતામાં સેંકડો લોકો તે ખાડામાં ઉતરી પડયા અને પોતાની ધોતી પહોળી કરીને બન્ને હાથો વડે સિક્કાઓનો ઢગલો ભરીને ગાંસડીઓ બાંધવા લાગ્યા. એવું જોઈને નારદજી કહેવા લાગ્યા-હં, હં. અરે, આ શું કરી રહ્યા છો? છોડો તેને. તેમાં હાથ ન લગાવો. આ તો યોગમાયાનું, જૂઠું પ્રદર્શન છે. તેમાં લલચાશો નહિ. નહિ તો તમારે ભગવાનનાં દર્શનથી વંચિત રહેવું પડશે.

માટે નીકળો અહીંથી. મારી સાથે ચાલો. છતાં તે લોકો, જાણે નારદજીના વચન સાંભળ્યાં જ ન હોય તેમ, વજનદાર ગાંસડીઓને માથા પર મૂકીને ચૂપચાપ ચોરની પેઠે પોતાના ઘર તરફ જવા લાગ્યા. કોઈ વાચાલ વ્યક્તિ, સિક્કાઓની ગાંસડી બાંધતી, નારદજીને કહેવાને લાગી–બાવાજી, અમે બહુ ગરીબ છીએ મહા-મુશ્કેલીએ પરિવારનું પોષણ કરીએ છીએ. પૈસાની આટલી ગાંસડી અમને કદી મળી નથી. છોકરીનાં લગ્ન કરવાં છે. તૂટેલું મકાન નવું બનાવવું છે. એવાં વીસ કામ બાકી પડયાં છે. પણ પૈસા વિના તે કેવી રીતે થાય? તેથી અમે બહુ ચિંતામાં પડયા હતા. ભગવાને જ અમને અનેક ચિંતાઓમાંથી મુકત કરવા માટે જ પ્રસન્ન થઈને આ વિપુલ ખજાનો ખોલી આપ્યો છે–એમ જણાય છે. ભગવાનનાં દર્શન તો પાછળથી પણ થઈ જશે. પરંતુ માયાનું ફરી દર્શન થવું કઠિન છે. તમે તો ફક્કડ બાવા રહ્યા. તમને ગૃહસ્થી જંજાળની શી ખબર? જે તેના ચક્કરમાં ફસેલું હોય, તે જ તેની મુશીબતોને જાણી શકે. માટે મહારાજ! જે ગાંસડી બાંધવા માગે, તેને કૃપા કરીને બાંધવા દો. કોઈને ના ન પાડશો. એક વાર શું, અનેકવાર અહીં આવીને, કેટલીયે ગાંસડીઓ બાંધીને અમે ઘેર પહોંચાડી દઈશું. તેથી અમારી ગરીબાઈ સદાને માટે દૂર થઈ જશે.

નારદજી એવું દૃશ્ય જોઈને તથા તેમની વિચિત્ર વાતો સાંભળીને બહુ નિરાશ થયા, છતાં ધૈર્યપૂર્વક કેટલાક લોકોને સમજાવવા લાગ્યા. તેમાંથી લગભગ ૩૦૦–૪૦૦ માણુસ નારદજીનો ઉપદેશ માનીને તેમની સાથે ચાલવા લાગ્યા. બીજો કોસ પૂરો થયો. ત્યાં યોગમાયાએ ચાંદીના સફેદ સિક્કાઓનો મોટો ઢગલો લગાવી દીધો હતો. જેમણે તાંબાના સિક્કાની ઉપેક્ષા કરી હતી, તે પણ ચાંદીના કલદાર રૂપીઆને જોઇને ન રહી

શકયા. તેઓ પણ તેની ગાંસડીઓ બાંધવા લાગી ગયા. નારદજી ના પાડતા રહ્યા, સમજાવતા રહ્યા, પણ તેમનું સ ભળે છે કોણ? તો પણ કેટલાક માઈના લાલ સેંકડોની સંખ્યામાં હતા, જે નારદજીના ઉપદેશ અનુસાર આગળ જવા માટે તૈયાર થઈ ગયા.

જ્યારે તેઓ ત્રીજા કોસ પર પહોંચ્યા, ત્યારે ત્યાં યોગ-માયાએ હિરણ્યના હિતરમણીય સિક્કાઓની-ગીનીઓની એક આખી ખાણ જ-વિશાળ ટંકશાળ જેવી પ્રગટ કરી દીધી. તેને જોઈને તે લોકો એવા તો ચોંકી ગયા, અને લાલાયિત થઈ ગયા કે-**ગોવિન્દાય નમો નમઃ।** અર્થાત્ ભગવાનને તથા ભગવાનના દર્શનને તદ્દન ભૂલી ગયા. જેવી રીતે તરસ્યો મધુર પાણીને જોઈને અથવા ભૂખ્યો અન્નક્ષેત્રને જોઈને તેના પર તૂટી પડે છે, તેવી જ રીતે તે લોકો પણ દોડીને તેના પર તૂટી પડયા. તેઓ વિચારવા લાગ્યા-શી ખબર? ત્યાં પહોંચ્યાં પછી ભગવાન મળે કે ન મળે! પરંતુ આ અનાયાસે મળેલા નગદ-નારાયણને-સુવર્ણને છોડી દેવું, તે તો પહેલા નંબરની વજ્ર-મૂર્ખતા જ મનાય. તેથી લોકો કહે છે કે-આ અલભ્ય, પ્રત્યક્ષ સુવર્ણ-અવસર છે, આવું ચમકદાર, વિશાલ, પ્રિયદર્શન પહેલાં કદી કોઇને થયું નહિ હોય, સદ્ભાગ્યે અમને જ આ દર્શન મળ્યું છે. એ દર્શન હમેશને માટે ત્યારે જ બન્યું રહે, કે જ્યારે અમે તેની ગાંસડીઓ બાંધીને અમારે ઘેર ચૂપચાપ પહોંચાડિયે. એવું વિચારીને તે લોકો પણ ગાંસડીઓ બાંધવા લાગ્યા. આ પ્રકારે યોગમાયાએ નારદજીના આખા પ્રોગ્રામને ધૂળમાં મેળવી દીધો. નારદજીએ તો શ્રી ભગવાનને કેટલાયે હજારો ભક્તોની ભીડ ઉપસ્થિત કરવાનું કહ્યું હતું, પરંતુ યોગમાયાએ કેટલાક ગણતર લોકોને બાદ કરતાં બીજા સર્વને પોતાની તરફ આકર્ષી લીધા. એવું જોઈને નારદજી યોગમાયા પર તથા તે લોકો પર

બહુ જ ધૂંધવાયા, અને તેમને રોષપૂર્વક ખરું-ખોટું સંભળાવવા લાગ્યા કે—અરે મૂર્ખો, આ ભગવાનની યોગમાયાનું મિથ્યા પ્રદર્શન માત્ર છે. આ ખજાનો મૃગ તૃષ્ણાના જલની પેઠે કેવળ દેખવા પૂરતો જ છે. ઘરમાં તેની ગાંસડીઓ :પહોંચતાં વેંત જ ધૂળનો ઢગલો બની જવાની છે. જોજો, તમારી તે ધોબીના કૂતરા જેવી દશા થશે—ન :મળી માયા, ન મળ્યા રામ. ન ઇધરકે રહે, ન ઉધરકે રહે. માટે એને છોડીને મારી સાથે ચાલો. મારી વાત માનવાથી તમારૂં હિત જ થશે. માટે મારી વાત પર વિશ્વાસ રાખો.

પરંતુ તેમનામાંથી ૩૦-૪૦ માણસો જ નારદજીની વાત માનીને તેમની સાથે આગળ ચાલ્યા, અને બાકીના લોકો સુવર્ણની જ પ્રત્યક્ષ આરાધનામાં વ્યસ્ત બની ગયા. જ્યારે તેઓ આગળ ચોથા કોસ પર પહોંચ્યા, ત્યારે ત્યાં યોગમાયાએ હીરા, માણેક, નીલમ, મોતી વગેરે દિવ્ય ઝવેરાતનો ખજાનો ખોલી દીધો. તેનાં પ્રકાશમાન, સુંદર, મનમોહક રત્નોને જોઈ ને જેમણે ચાંદી તથા સોનાના સિક્કાનો પણ મોહ છોડી દીધો હતો, તેઓ પણ મંત્ર-મુગ્ધની પેઠે તેના પર લટ્ટુ બની ગયા. જલ્દી જલ્દી દોડીને, તેમને ઉઠાવીને, ગાંસડીઓમાં છૂપાવવા લાગ્યા, એવું જોઈ ને નારદજી તેમને શાન્તિપૂર્વક સમજાવતાં કહેવા લાગ્યા—ભાઈ ઓ, તમે લોકો હવે અંતિમ સીમા પર આવી પહોંચ્યા છો. માત્ર એક કોસ જ ચાલવાનું બાકી રહ્યું છે. ત્યાં પહોંચતાં તમને અનંત સૌન્દર્ય-લાવણ્ય-માધુર્યનિધિ ભગવાન શ્રીપતિ નારાયણનાં પુનિત તથા ભવ્ય દર્શન થશે. તેમના સત્ય તથા દિવ્ય દર્શનની સમક્ષ આ રત્નોનું દર્શન મિથ્યા છે, તુચ્છ છે, અસાર છે. ભગવાનનું દર્શન તમને શાશ્વત, વિશુદ્ધ આનંદ આપશે, અને આ રત્નોનું દર્શન

પ્રારંભની થોડીક ક્ષણોમાં સુખદ હોવા છતાં અંતે મહાન દુ:ખપ્રદ બનશે. જેવી રીતે જાદૂગરની બતાવેલી વસ્તુઓનું પ્રદર્શન સ્થાયી નથી, પણ ક્ષણભંગુર છે, તેવું જ આ છે. આ યોગમાયારૂપી જાદુગરણ તમારા ભગવાનના દર્શનમાં આવરણ નાંખી રહી છે, તેથી આપ લોકો સાવધાન થઈ જાઓ, આના મિથ્યા મોહનો પરિત્યાગ કરો, અને શાંતિ-પૂર્વક આગળ વધો. યાદ રાખો-પહેલાં તમે લોકો શું ચાહતા હતા અને શું કહેતા હતા? આ યોગમાયાના ચમકારથી શું તમે તમારા લક્ષ્યને એક ક્ષણમાં જ ભૂલી ગયા? માટે આગળ-પાછળનો વિચાર કરો, અને તે તમારા મહાન ઉદ્દેશને સિદ્ધ કરવા માટે આના તરફથી મુખ ફેરવી લઈને તૈયાર થઇ જાઓ.

નારદજીએ આમ સમજાવ્યું, છતાં વિવેક-વિચારશીલ, વાતના મક્કમ, તથા ભગવાનના ખરા ભક્ત-એવા બે ત્રણ માણસો જ આગળ જવા તૈયાર થયા. બાકીના સર્વ લોકો માયાના એ ચળકાટમાં જ ફસી ગયા. નારદજી તે બે ત્રણને જ સાથે લઈને, પાંચ કોસ પૂરા થતા હતા ત્યાં ભગવાનનાં શ્રીચરણોમાં પહોંચ્યા. એ બે ત્રણ જણે જ ભગવાનનાં પાવન દર્શન કરીને પોતાના જીવનને સફળ તથા ધન્ય બનાવ્યું: તે સમયે શ્રી ભગવાને હસીને નારદજીને પૂછયું-કેમ નારદ! કયાં ગઇ તે હજારો ભક્તોની ભીડ? નારદે ખીજાઈને કહ્યું-ગઈ તમારી યોગમાયાના જાુઠા, કપટી, ચમકાવે તેવા ખાડામાં! જ્યારે આપ બધું જાણો છો, તો પછી શું કરવા પૂછો છો? આપની યોગ-માયાએ જ રચેલો તે ફંદ હતો, જેણે અમારા ભકતોની ભીડને ખતમ કરી દીધી. શ્રીભગવાને ફરી કુતુહલપૂર્વક પૂછયું-કેમ નારદ, હવે તું મારાં પેલાં વિશેષણો પર હડતાલ ફેરવીશ કે? નારદજીએ કંઈક પશ્ચાત્તાપભર્યા સ્વરમાં તથા લજ્જાથી આંખો ઢાળીને કહ્યું

કે-પ્રભો ! આપની અદ્ભુત લીલાને કોણ જાણી શકે છે? મને વાસ્તવિકતાનો પૂરો પત્તો ન હતો. તેથી હું તે સમયે, કરુણાના ઉત્કટ વેગમાં તણાઈ ને, એવું બકી ગયો હતો. આપ સર્વ પ્રકારે સમર્થ છો. માટે આ અભિમાનીને કૃપા કરીને ક્ષમા કરો.

આ દૃષ્ટાંતનું તાત્પર્ય એ જ છે કે-ભગવાન-ચિદાત્મા યોગ-માયાના આ પાંચ કોશોનાં આવરણોમાં છૂપાઈ ગયા છે. તેથી સૌને તેમનાં પ્રત્યક્ષ દર્શન થતાં નથી. અને આ આવરણોનું અતિક્રમણ કરવું, તે સાધારણ કામ નથી, બહુ કઠિન કામ છે. આ આવરણો ક્રમશઃ એક પછી એક ચઢિયાતાં-બહુ દુર્ભેદ્ય છે. અન્નમય કોશનું આવરણ તાંબાના સિક્કાનું છે. પ્રાણમય કોશનું આવરણ ચાંદીના સિક્કાનું છે. મનોમય કોશનું આવરણ સુવર્ણના સિક્કાનું છે. અને વિજ્ઞાનમય કોશનું આવરણ ઝવેરાતના ખજાના જેવું છે. હજારો લોકો-મોટા મોટા પંડિતો પણ-કીર્તન, ભજન, શ્રવણ, પ્રવચન વગેરે કરતાં છતાં પણ આ :અન્નમય કોશનો-સ્થૂલ દેહનો અધ્યાસ છોડી શકતા નથી. તેમને તેમાં આત્મત્વની ભ્રાન્તિ સદા બની જ રહે છે, કેટલાયે લોકો તપ-તિતિક્ષા દ્વારા તેનો અધ્યાસ છોડયા પછી પણ પ્રાણમય કોશનો અધ્યાસ છોડવામાં સફલ થતા નથી. તેઓ પ્રાણના જીવનને જ પોતાનું જીવન માનીને વાસ્તવિક, ભગવદ્રૂપ, શાશ્વત જીવનનો અનુભવ કરી શકતા નથી.

વિવેક-વિચારદ્વારા પ્રાણમય કોશનો અધ્યાસ છોડનારા, પ્રયત્નશીલ સાધકો પણ મનોમય કોશના રાગદ્વેષ રૂપી જબર-દસ્ત આંધીમાં ફસાઈ ને હતાશ થઇને તથા બહુ ખિન્ન બનીને, મન પ્રત્યે મહાત્મા કબીરના શબ્દોમાં આમ કહે છે-

मन! तोहे किसविध मैं समझाऊँ?।
सोना होय तो सुहागा मंगाऊँ, बंकनाल रस लाऊ।
ज्ञान-शब्दकी फूँक चलाऊँ, पानी कर पिघलाऊँ।
घोडा होय तो लगाम लगाऊँ, ऊपर जीन कसाऊँ।
होय सवार तेरे पर बैठूँ, चाबुक दे के चलाऊ।

આ પ્રકારે આ કલ્યાણમાર્ગનું પરિપંથી, દુશ્મન મન બહુ સમજાવતાં છતાં સમજતું નથી. તેથી તે કોશનું અતિક્રમણ કરવું બહુ દુષ્કર છે. અભ્યાસ તથા વૈરાગ્ય દ્વારા તેનું અતિક્રમણ કરવા છતાં પણ વિજ્ઞાનમય કોશનું અતિક્રમણ અત્યંત જ કઠિન છે. કારણ કે તે ચતુર્થ કોશ અનિત્યમાં નિત્ય બુદ્ધિ, અશુચિમાં શુચિબુદ્ધિ, દુઃખમાં સુખબુદ્ધિ, અનાત્મામાં આત્મબુદ્ધિ વગેરે વિપરીત ભાવનાઓનો દુર્ભેદ્ય ખજાનો છે. નિદિધ્યાસનનો પરિપાક કર્યા વિના, કેવલ વેદાંતતત્ત્વનું શ્રવણ-મનન કરવાથી જ તેનું ભેદન થતું નથી. વર્તમાન સમયમાં પણ શ્રવણ-મનન કરવાવાળા હજારોમાંથી કોઈ એક કે બે જ વિરલા- જે સાચા જિજ્ઞાસુ તથા મુમુક્ષુ છે, તે નિદિધ્યાસન કરતા જોવામાં આવે છે. જેમની વૃત્તિઓ સંસારથી સર્વથા ઉપરત તથા અંતર્મુખ થઈ ગઈ હોય એવા, એકાંતવાસી, નિઃસ્પૃહ, નિરભિમાની, ભદ્ર માનવો જ નિદિધ્યાસન કરી શકે છે. બાકીના બહિર્મુખ લોકો તો વેદાંતના આમતેમના ગપગોળા લગાવીને, કેવળ મુખથી 'અહં બ્રહ્માસ્મિ' બોલીને, પોતાને બ્રહ્મવેત્તા તથા કૃતાર્થ માનતા, આ વિજ્ઞાનમય કોશના વિપરીત નિશ્ચયોમાં જ ફસાઈ રહે છે, તથા વાસ્તવિક બ્રહ્મસાક્ષાત્કારથી વંચિત રહે છે. જ્યારે વિદ્યાધિકારી સાધક બ્રહ્મસાક્ષાત્કારની સાચી લગન રાખીને, નિદિધ્યાસનનો પૂર્ણ પરિપાક કરે છે. ત્યારે જ

તે આ વિજ્ઞાનમય કોશનું અતિક્રમણ કરીને, પાંચમા આનંદમય કોશની સીમામાં પહોંચી જાય છે.

નિદિધ્યાસનના પરિપાકથી જ્યારે પરમ શાન્તિમય, બ્રાહ્મી-સ્થિતિનો લાભ થાય છે, તથા સાધકની ઉન્મની અવસ્થા થાય છે, ત્યારે તે આનંદમય કોશનું પણ સહજમાં અતિક્રમણ કરીને, પંચકોશાતીત, દ્વૈતપ્રપંચાતીત, પરબ્રહ્મ, સચ્ચિત્સુખમય, નિત્યશુદ્ધ, બુદ્ધ, મુક્ત, અસંગાદ્વય, ચિદાત્મા ભગવાનનો અપરોક્ષ અનુભવ કરીને, સદાને માટે કૃતાર્થ, ધન્ય તથા જીવન્મુક્ત બની જાય છે. આ જીવન્મુક્ત જ સાચા અર્થમાં બ્રહ્મવેત્તા તથા ઉત્તમ ભગવદ્‌-ભક્ત છે. માટે શ્રીમદ્ ભાગવતના એકાદશ સ્કંધમાં એવા સર્વોત્તમ ભગવદ્ ભક્તનાં લક્ષણ પરિચય માટે એવાં બતાવ્યાં છે કે -

न कामकर्मबीजानां यस्य चेतसि संभवः।
वासुदेवैकनिलयः स वै भागवतोत्तमः॥
न यस्य जन्मकर्मभ्यां न वर्णाश्रमजातिभिः।
सज्जतेऽस्मिन् अहंभावो देहे वै स हरेः प्रियः॥
न यस्य स्वः पर इति वित्तेष्वात्मनि वा भिदा।
सर्वभूतसमः शान्तः स वै भागवतोत्तमः॥

(૧૧,૨,૫૦-૫૧-૫૨)

જેના વિશુદ્ધ બ્રહ્મભાવપૂર્ણ મનમાં વિષયભોગની ઈચ્છા, કર્મપ્રવૃત્તિ, અને તેના બીજ-સ્વરૂપ વાસનાઓનો ઉદય થતો નથી, અને જે એકમાત્ર ભગવાન વાસુદેવમાં જ નિવાસ કરે છે, તે ઉત્તમ ભગવદ્‌-ભક્ત છે. જેને આ શરીરમાં ઉત્તમ કુલમાં જન્મવાને લીધે, તપસ્યા વગેરે કર્મને લીધે, તથા વર્ણ, આશ્રમ કે જાતિને લીધે અહંભાવ થતો જ નથી, તે નિશ્ચયપૂર્વક ભગવાનનો વહાલો ભક્ત છે. જે ધનસંપત્તિમાં 'આ મારું છે અને આ પારકું'

એવા પ્રકારનો ભેદભાવ રાખતો નથી, તથા જે આત્મામાં ભેદભાવ રાખતો નથી, અર્થાત્ 'બધાં જ શરીરોમાં એક જ હું આત્મા છું' એવો અભેદભાવ રાખે છે, સમસ્ત પદાર્થોમાં સમસ્વરૂપ પરમાત્માને દેખતો રહે છે, તથા જે કોઈ પણ સાંસારિક, શુભાશુભ ઘટનાઓથી વિક્ષિપ્ત ન બનતાં શાન્ત, આનંદમગ્ન બન્યો રહે છે, તે ભગવાનનો ઉત્તમ ભક્ત છે.

આ પ્રકારે જેણે યોગમાયાનાં અવિદ્યા, કામ, કર્મ વગેરે આવરણો પર વિજય મેળવ્યો છે, જેની પાવન દૃષ્ટિ સમક્ષ હિરણ્યમય પાત્રનું આવરણ દૂર થઈ ગયું છે, તે જ સર્વત્ર સદા સ્વસ્વરૂપ પરબ્રહ્મની આનંદમયી ભર્ગજ્યોતિનું જ દર્શન કરતો રહે છે. અને શરીરદૃષ્ટિએ તે સંસારમાં રહેતાં છતાં પણ બ્રહ્મદૃષ્ટિએ અસંગ, ઉદાસીન રહીને, ભેદમાં જ અભેદતત્ત્વનો અનુભવ તથા અનેકોમાં પણ તે એકનું જ અવલોકન કરે છે. અર્થાત્ તે ભગવત્સ્વરૂપમાં જ સર્વથા વર્તમાન રહે છે. એ જ વાત શ્રીભગવાને ગીતામાં પણ કહી છે—

सर्वभूतस्थितं यो मां भजत्येकत्वमास्थितः।
सर्वथा वर्तमानोऽपि स योगी मयि वर्तते॥

(૬,૩૧)

અર્થાત્ સમસ્ત ભૂતોમાં રહેલા મને—પરમાત્માને જે અભેદભાવ રાખીને ભજે છે, તે યોગી સર્વ પ્રકારે વર્તતો છતો પણ મારામાં જ વર્તે છે.

જે યોગમાયાનાં આવરણોથી મૂઢ તથા વિક્ષિપ્ત થઈ ગયો છે, તેવો તે માનવસમુદાય મને—પરમાત્માને યથાર્થરૂપે દેખી શકતો નથી. હું ભગવાન સર્વત્ર છું, સર્વમય છું, અજન્મા—અવિનાશી છું, સર્વનો આત્મા છું,—આ વાતને તે સમજી શકતો નથી. માટે

હે અર્જુન! તું આ યોગમાયાના મિથ્યા આવરણરૂપી પડદાને જ્ઞાનવિજ્ઞાનરૂપી શસ્ત્ર વડે ચીરી નાંખ, નષ્ટ કર, અને મારો અનન્ય ભક્ત બનીને નિષ્કામ કર્મયોગનું પાલન કર. હું મારા નિષ્કામ જ્ઞાનવાન ભક્તની સમક્ષ માયાનો બુરખો ઉતારીને પ્રગટ થાઉં છું. તે મને જુવે છે, અને હું તેને જોતો રહું છું. તે મારો આત્મા બની જાય છે, અને હું તેનો આત્મા બની જાઉં છું. આ પ્રકારે ક્ષીર-નીરની પેઠે અમે બંને-ભક્ત તથા ભગવાન એક, અદ્વય જ બની જઈએ છીએ. પછી તેમાં 'તું' અને 'હું' નો ભેદભાવ નથી રહેતો. માટે જ ઉત્તરગીતામાં કહ્યું છે કે—

'यथा जलं जले क्षिप्तं, क्षीरे क्षीरं घृते घृतम्।
अविशेषो भवेत्तद्वज्जीवात्मपरमात्मनोः॥' (२,२)

અર્થાત્ જેવી રીતે જળમાં જળ, દૂધમાં દૂધ, તથા ઘીમાં ઘી મેળવતાં તે એકરૂપ બની જાય છે, તેમાં કશી પણ ભિન્નતા રહેતી નથી, તેવી રીતે યોગમાયાનાં આવરણોથી મુક્ત જીવાત્મામાં તથા પરમાત્મામાં અભિન્નતા થઇ જાય છે, પછી તેમાં કશી વિલક્ષણુતા (વિશેષતા) રહેતી નથી. તે અભિન્નતામાં પછી કોઈ બાધક ઉપસ્થિત થતું નથી. હરિઃ ૐ તત્સત્.

(૨૬)

वेदाहं समतीतानि वर्तमानानि चार्जुन ।
भविष्याणि च भूतानि, मां तु वेद न कश्चन ॥ (७,२६)

હે અર્જુન! પહેલાં વ્યતીત થઈ ગયેલા અને વર્તમાનમાં અવસ્થિત, તથા ભવિષ્યમાં થનારાં સર્વભૂતોને-અર્થાત્ સર્વ ચરાચર પદાર્થોને હું યથાવત્ જાણું છું; પરંતુ મને પરમાત્માને ભક્તિ, જ્ઞાન વગેરે સાધનરહિત માનવ જાણુતો નથી.

આનંદકંદ પ્રભુ શ્રીકૃષ્ણ અર્જુનને કહે છે કે–હે ભારત! હું સદા અવિચલ, શાશ્વત, ચૈતન્ય જ્યોતિસ્વરૂપ છું. તેથી હું સમસ્ત વિશ્વને જાણું છું. ભૂત, ભવિષ્ય તથા વર્તમાન–આ ત્રણેય કાળોમાં અવસ્થિત, સમસ્ત, ચરાચર પદાર્થોનું હું અપરોક્ષ–યથાવત્ જ્ઞાન રાખું છું. જો, આ વિશ્વસૃષ્ટિ પરિવર્તનશીલ છે. વર્તમાનના પદાર્થો અતીત બનીને વિલીન થઈ જાય છે. અને જે આ સમયે જોવામાં નહિ આવનારા, ભવિષ્યના પદાર્થો છે, તે વર્તમાન તથા દૃષ્ટ બને છે, અને અતીત કોઈક વખત ભવિષ્યમાં આવે છે. માટે લોકો પહેલાં કહે છે–થશે, થશે. પછી કહે છે–થયા, થયા. અને અંતે બોલે છે–ગયા, ગયા. સંસારનું એ જ વિનશ્વર સ્વરૂપ સર્વત્ર જોવામાં આવે છે કે–હોવું, આવવું અને જવું. તેથી કહ્યું છે કે–**सर्वे भावाः क्षणपरिणामिनो ऋते चितिशक्तेः।** અર્થાત્ એક ચેતનશક્તિ, અંતરાત્મા, ભગવાનને છોડીને સંસારના સર્વ નામરૂપાત્મક પદાર્થો ક્ષણે ક્ષણે બદલાતા રહે છે. અને પદાર્થોને જવા દો, આપણી આ કાયાને જ જુવો. પહેલાં તે અદૃષ્ટ બીજરૂપે ખાદ્ય ભોજનાદિ પદાર્થોમાં હતી. પછી પિતાના શરીરમાં બીજરૂપે આવી. ત્યાર પછી તે વીર્યરૂપે માતાના ઉદરમાં ગઈ. ત્યાં તે વધવા લાગી. પછી તે શિશુરૂપે બહાર આવી. મોટા ઉંદરડા જેવી તે પથારી પર પડીને 'ઉંવાં, ઉંવાં' કરીને રડવા લાગી. તે સમયે તે એટલી અશક્ત હતી કે તે પોતાની ઉપર કરડનારી માંખીઓને પણ હાથથી ઉરાડી શકતી ન હતી. શૈશવ અવસ્થા પછી, તેની કૌમાર અવસ્થા આવે છે. હવે તે ઊછળવા લાગી, કૂદવા લાગી. કોઈકવાર તે ખડખડાટ હસે છે, કોઈકવાર તે મ્હોં-ફાટ રડે છે. ત્યાર પછી તે નવયુવક બન્યો. અભિમાનની માત્રા વધી જતાં તે અક્કડપણે ચાલવા લાગ્યો. બીજાને શેર, તો પોતાને સવાશેર સમજવા

લાગ્યો. પોતાની દિવાની જુવાનીના નશામાં ચકચૂર બનીને, બેભાનની પેઠે તે ઘૂમવા–ફરવા લાગ્યો. કેટલાક દિવસો પછી તેની તે જુવાની કપૂરની પેઠે ઊડી જાય છે. તેના કાળા વાળ હવે ખીચડી પેઠે ગંગા–જમુના બની જાય છે. પછી તે વૃદ્ધાવસ્થામાં પગ મૂકે છે. કાન સાંભળવાનું બંધ કરે છે. દાંત ઉખડી–ઉખડીને અલગ થઈ જાય છે. આંખોનું તેજ ઘટી જાય છે. મુખમાંથી લાળ ટપકવા માંડે છે. સ્વાદિષ્ઠ પદાર્થો ખાવાની ઇચ્છા તો તેની ચાલુ જ રહે છે, પરંતુ ઉદર–બજારમાં માલની ખપત ન થવાથી અથવા બળજબરીથી માલ લાદવાથી અનેક રોગો ઉત્પન્ન થશે તેવા ભયથી, તે બિચારો લાચાર જેવો બની જાય છે. અને એક દિન અકસ્માત જ તેનું પ્રાણુપંખી ઉડી જાય છે. તે ખાકનું પૂતળું ખાકમાં મળી જાય છે. આ પ્રકારે કોઈક વખત ભવિષ્યમાં અદૃષ્ટરૂપે રહેનાર આ દેહ–પદાર્થ વર્તમાનમાં દૃષ્ટ બનીને, પછી નષ્ટ થઈને, અતીત બની જાય છે. આ જ સંસારનું અદૃષ્ટ, દૃષ્ટ તથા નષ્ટ સ્વરૂપ છે.

શ્રી ભગવાન અતીત તથા ભવિષ્યના નષ્ટ તથા અદૃષ્ટ પદાર્થોનું પણ વર્તમાન કાળના પદાર્થોની પેઠે, અપરોક્ષજ્ઞાન રાખે છે. તેથી તેમને અમારાં શાસ્ત્ર સર્વજ્ઞ તથા સર્વવિત્ કહે છે. સર્વજ્ઞ એટલે સામાન્ય (પરોક્ષ)રૂપે સર્વ પદાર્થોના જ્ઞાતા. સર્વવિત્ એટલે વિશેષ (અપરોક્ષ)રૂપે સર્વ પદાર્થોના જ્ઞાતા. પ્રત્યેક પદાર્થમાં સામાન્ય તથા વિશેષ–બે પ્રકારનાં રૂપ રહે છે. દૃષ્ટાંત તરીકે–ઘટત્વ એ સામાન્યરૂપ છે, જે વિશ્વના અતીત વગેરે સકળ ઘટોમાં રહે છે. અને 'તદ્ઘટત્વં' એ વિશેષરૂપ છે, જે આ એક ઘટમાં જ રહે છે, બીજામાં નહિ.

સામાન્યરૂપે દુનિયાની ઘણી વાતો સાધારણ લોકો પણ

જાણે છે કે-ભારતમાં અકબર નામનો યવન બાદશાહ પણ થયો હતો. મેવાડના મહારાણા પ્રતાપે તેના છક્કા છોડાવ્યા હતા, વગેરે. પરંતુ વિશેષરૂપે અકબર તથા મહારાણા પ્રતાપ કેવા હતા-તે તેઓ જાણતા નથી. કારણ કે જીવોની દૃષ્ટિમાં કાળોનો ભેદ રહે છે. તેથી તેમની દૃષ્ટિ બહુ જ સંકુચિત રહે છે. પરંતુ મહાન ભગવાનની અનંતશક્તિ-સંપન્ન વિશાલ દૃષ્ટિમાં કાળોનો ભેદ રહેતો નથી. તેથી ભગવાન તે અતીત, ભવિષ્યત્-સર્વ પદાર્થોને અપરોક્ષરૂપે જાણી શકે છે. શું શું થઈ ગયું છે, અને શું શું થવાનું છે-તે સર્વ ભગવાનની દૃષ્ટિની સમક્ષ અપરોક્ષરૂપે અવસ્થિત રહે છે. જીવોની દૃષ્ટિમાં વર્તમાનનો પદાર્થ નાશ પામીને અતીત બની જાય છે, અને ભવિષ્યનો પદાર્થ વર્તમાનમાં અદૃષ્ટ બનીને રહે છે. પરંતુ ભગવાનની દૃષ્ટિમાં કોઈપણ પદાર્થ નથી તો નાશ પામતો કે નથી અદૃષ્ટ બનીને રહેતો. કાળનું શાસન જીવો પર ચાલે છે, ભગવાન પર નહિ. કારણ કે-ભગવાન તો કાળના પણ શાસક-મહાકાળ છે. તેથી ભગવાન ત્રિકાળદર્શી મનાયા છે. ભગવાનનું ત્રિકાળદર્શીપણું આપણે તેમના અવતારોનાં અનેકવિધ ચરિત્રોમાંથી પણ સમજી શકીએ છીએ. કૃષ્ણાવતારનું એક ચરિત્ર આવું હતું—

જે સમયે નિયમના ઉલ્લંઘનરૂપી અપરાધથી અર્જુનને બાર વર્ષ વનવાસ મળ્યો હતો, ત્યારની આ વાત છે. તે નિયમ નારદજીદ્વારા આ પ્રકારે કરાવવામાં આવ્યો હતો કે-જ્યારે એક ભાઈ એકાંતમાં દ્રૌપદીની પાસે હોય, ત્યારે બીજો ભાઈ ત્યાં જઈ શકે નહિ. જો તે કોઇ કારણવશ ત્યાં જાય, તો તેને બાર વર્ષનો વનવાસ ભોગવવો પડે. વનવાસના અવધિમાં અર્જુનનું આસામ-મણિપુર નરેશની કુમારી ચિત્રાંગદા સાથે લગ્ન થયું હતું. અને તેનાથી તેને એક બહુ બલવીર, મહાપરાક્રમી,

યશસ્વી, બભ્રુવાહન નામનો પુત્ર ઉત્પન્ન થયો હતો. પાછળથી તે પોતાના માતામહના રાજ્ય-સિંહાસનનો અધિકારી બન્યો હતો. જ્યારે તેને કૌરવો તથા પાંડવોના યુદ્ધના સમાચાર મળ્યા, ત્યારે તે બહુ જ પ્રસન્ન થયો. અને યુદ્ધ જોવા માટે ખૂબ ઉત્કંઠિત બનીને, પોતાની માતા પાસે આજ્ઞા માગવા ગયો. હર્ષિત બનીને વીરાંગના માતાએ કહ્યું-ક્ષત્રિયને માટે યુદ્ધ જ શ્રેષ્ઠ ધર્મ છે, તથા ખુલ્લી ગયેલું સ્વર્ગનું દ્વાર છે. તેથી તું યુદ્ધમાં જવા માગે છે, તો ખૂબ ખુશીથી જા.

જતી વખતે બભ્રુવાહને માતાને પૂછયું કે-માતેશ્વરિ! હું તમારી આજ્ઞા લઈને યુદ્ધમાં તો જઈ રહ્યો છું, પરંતુ હું કયા પક્ષની તરફેણમાં યુદ્ધ કરું ? તે બતાવો. માતાએ વિચાર્યું-પાંડવો પાંચ છે, અને કૌરવો સો છે. કૌરવો પાસે અગિયાર અક્ષૌહિણી સેના છે, અને પાંડવો પાસે સાત અક્ષૌહિણી સેના છે. માટે સંભવ છે કે પાંડવો કૌરવોથી હારી જશે. એવો વિચાર કરીને માતાએ બભ્રુવાહનને કહ્યું-બેટા! જે પક્ષ હારે, તેની તરફેણમાં તું યુદ્ધ કરજે. આ પ્રકારે માતાની સંમતિ મેળવીને બભ્રુવાહન યુદ્ધ માટે ચાલી નીકળ્યો. ત્યાં સર્વજ્ઞ ભગવાન શ્રીકૃષ્ણને બભ્રુવાહનની સઘળી હકીકત જ્ઞાત થઈ ગઈ. ભગવાને વિચાર કર્યો કે-અહીં તો વધારે હોવા છતાં કૌરવો હારી રહ્યા છે, અને થોડા હોવા છતાં પાંડવો જીતી રહ્યા છે. આ બલવીર બભ્રુવાહન અહીં આવીને કૌરવો તરફથી યુદ્ધ કરશે અને પાંડવોને હરાવશે, અને હારેલા કૌરવોને જીતાડશે. કારણકે બભ્રુવાહન પોતાના પિતા અર્જુન કરતાં પણ પરાક્રમમાં કમ નથી, કિંતુ ચઢી જાય તેવો છે. તેનું પરાક્રમ એટલી હદે વિખ્યાત છે કે-મેઘની પ્રચંડ ગર્જનાની પેઠે તેના હુંકારથી જ સેના ભાગી જાય છે. તેથી એ એકલો જ પાંડવ સેનાને સાફ કરી નાંખશે. જોકે આ પાંડવકુમાર બભ્રુવાહને

લડવું તો પાંડવોની તરફથી જોઈએ, પણ હવે તે માતાની આજ્ઞા અનુસાર કૌરવો તરફથી લઢશે. ઊલટું જ બની ગયું. એવો વિચાર કરીને પાંડવોની તથા તેમની સેનાની રક્ષા માટે તરત જ ભગવાને સાધુનો વેશ લીધો. હાથમાં ચીમટો, તુંબી, માથા પર લાંબાં લાંબાં લટુરિયાં, શરીર પર ભગવાં વસ્ત્ર, મસ્તકમાં પવિત્ર ભસ્મ, અને કંઠમાં રુદ્રાક્ષની માળા ધારણ કરીને, જ્યાં બભ્રુવાહન આવી રહ્યો હતો, તે રસ્તે તે ચાલી નીકળ્યા. વચમાં મળીને તેને પૂછ્યું–હે રાજન્! ક્યાં જઈ રહ્યા છો? બભ્રુવાહન આસ્તિક હતો. સાધુને જોઈને તરત જ તે રથમાંથી નીચે ઉતર્યો, અને પાસે જઈને સાધુનાં ચરણોમાં મસ્તક ઝુકાવીને વિનયપૂર્વક બોલ્યો–ભગવન્! હું યુદ્ધમાં જઈ રહ્યો છું. સાધુના વેશમાં ભગવાન બોલ્યા–અમે સાંભળ્યું છે કે તું મહાવીર તથા પરાક્રમી છે. ગમે તેને–તે ગમે તેટલો દૂર હોય, છતાં પણ તેનું સ્મરણ કરીને, તેને તારા બાણનું લક્ષ્ય બનાવી દે છે. વાત જ્યારે એવી છે, ત્યારે તું તારી કંઈક કરામત અમને પણ દેખાડ. ઠીક, બતાવ કે આ સમયે ભગવાન કૃષ્ણ ક્યાં છે, અને નમસ્કાર કરવા માટે તેમના ચરણોમાં એક બાણ ફેંક.

સાધુના કહેવાથી બભ્રુએ બાણ છોડયું. તે સમયની મંત્રશક્તિ તો જુવો. તે બાણ સમગ્ર બ્રહ્માંડમાં ઘૂમતું-ઘૂમતું બહુ જ જલ્દી સામે ઊભેલા સાધુવેષ ધારી ભગવાનનાં ચરણો પર આવીને પડયું. એવું જોઈને હાથ જોડીને પ્રણામ કરતાં બભ્રુવાહને સાધુને કહ્યું–આપ જ આ વેષમાં શ્રીકૃષ્ણ ભગવાન છો. શ્રીભગવાન બભ્રુવાહનની એવી આશ્ચર્યકારક, વિલક્ષણ શક્તિ જોઈને બહુ જ પ્રસન્ન થયા, અને વિચારવા લાગ્યા કે–આણે હવે મને ઓળખી લીધો છે. આ બહુ બળવીર છે. જો તે કૌરવપક્ષમાં રહેશે, તો નિઃસંદેહ પાંડવો હારી જશે. તેથી શ્રીભગવાને બભ્રુવાહનની

ખૂબ ખૂબ પ્રશંસા કરીને, તેને સારી રીતે સમજાવ્યો કે-તારે તારા પિતાની તરફ યુદ્ધ કરવું, કૌરવોના પક્ષમાં રહી યુદ્ધ ન કરવું, બભ્રુવાહને કહ્યું-ભગવન્! મારી માતાએ જેવું કહ્યું છે, તે અનુસાર જ હું યુદ્ધ કરીશ. ભલે મારે ગમે-તે પક્ષની તરફેણમાં લડવું પડે, પણ જે પક્ષ હારશે તેની તરફથી હું લઢવાનો. શાસ્ત્રોમાં કહ્યુ છે કે-पितुर्दशगुणा माता गौरवादतिरिच्यते। પિતા કરતાં માતાનું દશગણું ગૌરવ છે, માટે હું મારી માતાના વચનનું ઉલ્લંઘન કોઈપણ દશામાં કરી શકીશ નહિ.

ભગવાને વિચાર્યું કે-આ પોતાની માતાનો પરમભક્ત છે, તેથી તે મારી-ભગવાનની કે તેના પિતાની-કોઈની વાત માનશે નહિ. માટે તેને બીજી કોઈ યુક્તિથી વશ કરવો જોઈએ. એવો વિચાર કરીને ભગવાને કહ્યું-મેં સાંભળ્યું છે કે તું બહુ જ ઉદાર છે તથા દાની છે. તેથી હું જે કાંઈ માગું તે તારે મને આપવું જોઈએ. બભ્રુવાહને કહ્યું-ભગવન્! જો આપ આપના અસલી વેષમાં હોત અને મારી પાસે કાંઈ માગત, તો સંભવ છે કે હું ન આપત. પણ આપ સાધુબાવાનો વેષ ધારણ કરીને મારી પાસે માગી રહ્યા છો. માટે આપ જે માગશો, તે હું હર્ષપૂર્વક આપીશ. ભગવાને તરત જ માગ્યું કે-તું મને તારું માથું કાપી આપ. બભ્રુવાહને કહ્યું-ભગવન્! મને મારા વચનનું પાલન કરતાં આવડે છે. તેથી હું તમને મારું શિર આપીશ. પણ આપને પણ મારી અભિલાષા પૂર્ણ કરવી પડશે. ભગવાને કહ્યું-જરૂર હું તારી અભિલાષાઓને પૂર્ણ કરીશ. જલ્દી બતાવ, તારી શી શી અભિલાષાઓ છે? બભ્રુએ કહ્યું-એક યુદ્ધ જોવાની અને બીજી વિવાહની. પ્રસન્ન થઈને ભગવાને કહ્યું-હું તારી બંને અભિલાષાઓ પૂર્ણ કરીશ. કુરુક્ષેત્રના સમરાંગણમાં શમીવૃક્ષની ઊંચી ડાળી ઉપર તારું માથું કાપીને ટાંગી દઈશ,

અને તેમાં ચેતનાશક્તિ ભરી દઈશ. આ પ્રકારે તું યુદ્ધ પણ જોઈ શકીશ, અને જે પક્ષ હારતો જાય તેના તરફથી હુંકાર પણ કરી શકીશ. બીજી તારી વિવાહની ઇચ્છા છે. દુનિયામાં જેટલાં લગ્ન થશે, તે સૌમાં હું તને સાથીદાર બનાવીશ. તે બધાની સાથે તારો પણ વિવાહ થતો રહેશે. તેથી ભારતના ઉત્તર પ્રદેશમાં બભ્રુવાહનના વિવાહની પ્રથા હજી સુધી ચાલુ છે. તેમાં વરનો મામો એક હુંડી ઉપર સ્વસ્તિક બનાવીને, તેને વૃક્ષની ડાળીમાં ટાંગી-લટકાવી દે છે, અને તેમાં બભ્રુવાહનના શિરનો પરિચય કરાવીને વરવહુને તેનું દર્શન કરાવવામાં આવે છે.

આ પ્રકારે અંતર્યામી સર્વજ્ઞ ભગવાન ત્રણેય કાળોની સર્વ વાતોને જાણે છે, જો તે ન જાણતા હોત, તો પરાક્રમી બભ્રુવાહન પાંડવોની સેનાને સાફ કરી નાંખત. પરંતુ શ્રી ભગવાને આ પ્રકારે પાંડવોની રક્ષા કરીને પોતાની સર્વજ્ઞાતૃત્વ-શક્તિનો પરિચય આપ્યો. અને આ પ્રકારે ભગવાનનાં દિવ્ય-ચરિત્રોનું વર્ણન ભારત, પુરાણ વગેરે શાસ્ત્રોમાં અનેક જગ્યાએ મળશે. શ્રી ભગવાનનું એક બીજું ચરિત્ર એવું હતું કે-જ્યારે કૌરવપાંડવોનું યુદ્ધ થવાનું નકકી થઈ ગયું, ત્યારે દુર્યોધનને પોતાના શરીરને વજ્ર સમાન દુર્ભેદ્ય બનાવવાની ઉત્કટ અભિલાષા થઇ. તેથી તે વિદુરજીની અનુમતિથી અજાતશત્રુ યુધિષ્ઠિર પાસે તેનો ઉપાય પૂછવા ગયો. યુધિષ્ઠિરે કહ્યું-તે ઉપાય તો તમારા ઘરમાં જ છે, અતિશય સરળ છે. તે સમયની ઉદારતા તથા પ્રામાણિકતા તો જુવો. દુશ્મનને પણ સાચી તથા હિતકારી સલાહ આપતા હતા. યુધિષ્ઠિરે કહ્યું-તમે તમારી માતા ગાંધારીની પાસે નગ્ન બનીને, ઊભા રહેજો. કેટલાંય વર્ષોની બાંધેલી પટ્ટી ઉતારી નાંખીને, માતા તમારા પર દૃષ્ટિ કરશે. એટલા માત્રથી તમારું શરીર વજ્રની પેઠે દુર્ભેદ્ય-દૃઢ બની જશે. તમારી

માતાની આંખોમાં સંયમશક્તિની દિવ્ય રોશનીનો બહુ જબરદસ્ત પ્રભાવ છે. તેનો જ્યારે તમારા સમગ્ર શરીર પર સંચાર થશે, ત્યારે તમારું શરીર તમે ચાહશો તેવું બની જશે.

દુર્યોધનને વિશ્વાસ હતો કે યુધિષ્ઠિર કદી જુઠું બોલતા નથી, અને કોઈનું અહિત ચાહતા નથી. તે બહુ ભલા ભોળા પુરુષ છે. તેથી તેમનો એ સ્વભાવ થઈ ગયો છે કે-સર્વ પ્રાણીમાત્રનું ભલું કરવું. તેથી તે યુધિષ્ઠિરની સંમતિ અનુસાર પોતાની માતા પાસે જવા ચાલી નીકળ્યા ત્યાં સર્વજ્ઞ શ્રીભગવાને પોતાની દિવ્ય દૃષ્ટિથી આ સર્વ વૃત્તાંત જાણી લીધો. તરત જ તે માર્ગમાં દુર્યોધન સમક્ષ પ્રગટ થયા. કુશળ પ્રશ્ન પૂછયા પછી ભગવાને દુર્યોધનને પૂછયું–કહો, ક્યાં જઈ રહ્યા છો ? દુર્યોધને સમગ્ર વૃત્તાંત ભગવાનને કહી સંભળાવ્યો. શ્રીભગવાને કહ્યું–યુધિષ્ઠિરે જો કે ઠીક જ કહ્યું છે, પરંતુ તું અનેક બાળકોનો પિતા થઈને માતાની સન્મુખ નગ્ન ખડો રહીશ, તે વાત શું બરાબર છે ? તું જાતે જ સમજદાર છે. ધર્મને પણ જોવો જોઈએ. અને મર્યાદાનું પણ ધ્યાન રાખવું જોઇએ. ધર્મ તથા મર્યાદા વિરુદ્ધ આચરણ કરવું તે ઠીક નથી. માટે તારે તારા ગુહ્ય ભાગને પુષ્પોથી ઢાંકીને માતાની પાસે જવું જોઇએ. દુર્યોધને ભગવાનની તે વાત માની, અને ગુહ્ય ભાગને ઢાંકીને તે માતાની સામે જઇને કહેવા લાગ્યો કે-તમે પટ્ટી ખોલીને મારા શરીર પર દૃષ્ટિ ફેંકો. માતા ગંધારી બોલી–

यथाऽवदत्त्वां किल धमराज्ञः, तथैव पुत्रात्र सगागतः किम् ?।

હે પુત્ર દુર્યોધન ! જે પ્રકારે ધર્મરાજ યુધિષ્ઠિરે કહ્યું હતું, તે પ્રકારનો જ બનીને શું તું અહીં આવીને ખડો છે ને ? દુર્યોધને કહ્યું–હા, હા. હું તે પ્રકારે જ ખડો છું. માતા ગાંધારીએ આંખો ખોલીને દુર્યોધનના સમગ્ર શરીરને જોયું. પરંતુ તેનું ગુહ્યાંગ ઢાંકેલું હતું. અફસોસ પ્રગટ કરતી માતા ગાંધારી

કહેવા લાગી કે–અરે, તેં આ શું કર્યું ? કોની સંમતિથી ગુહ્યાંગ ઢાંકીને તું આવ્યો ? યુધિષ્ઠિર તો એવું કહે નહિ. શું તને માર્ગમાં દ્વારકાવાસી તે શ્રીકૃષ્ણ મળ્યા હતા ? એમ લાગે છે કે–આ કારતૂત તે છલીનાં જ છે. તેમણે જ તને આવી સલાહ આપી હશે. હવે તારું સમગ્ર શરીર વજ્ર સમાન બની જશે, પણ ગુહ્યભાગ સિવાય. તેટલો ભાગ તો જેવો હતો તેવો જ રહેશે. દુર્યોધને અફસોસપૂર્વક માથું હલાવતાં કહ્યું–હા, હા. તે જ મને રસ્તામાં મળ્યો હતો. કોણ જાણે ક્યાંથી તે વચમાં ટપકી પડ્યો ! તેણે જ મને આમ કરવાનું કહ્યું હતું. આશ્વાસન દેતાં માતાએ કહ્યું–દુર્યોધન, એમાં તારો દોષ નથી. તે ભાવિનો ભુલાવો હતો. જે થવાનું હોય, તે થાય જ છે.

सहायास्तादृशा एव यादृशी भवितव्यता।

અર્થાત્ જેવી શુભાશુભ ભવિતવ્યતા હોય છે, તેવા જ ખરા અથવા ખોટા સહાયક મળે છે.

આ ચરિત્રપરથી પણ ભગવાનની ત્રિકાળદર્શિતા સિદ્ધ થાય છે. જીવનું જ્ઞાન યોગમાયાથી સમાવૃત હોવાને કારણે બધું જાણી શકતું નથી, અરે–તે વાસ્તવમાં પોતાને જ જાણતો નથી, ભગવાનને પણ જાણતો નથી. પરંતુ ભગવાનનું વિશુદ્ધ જ્ઞાન અનાવૃત હોવાને કારણે 'વસ્તુતઃ હું શું છું, અને આ જગત્ શું છે, આ જીવો કેવા કેવા છે ?' આ સર્વ ભગવાન યથાવત્ જાણે છે. ભગવાનની માયા ઉપાધિ છે, તો જીવની અંતઃકરણ. તેથી ભગવાનમાં તથા જીવમાં ઉપાધિનો ભેદ મનાય છે, સ્વરૂપતઃ ભેદ નથી. એક કાચની હાંડી લો, અને એક માટીની બંનેમાં દીપક જલાવીને રાખો. કાચની હાંડી સ્વચ્છ છે, તેથી તેનો પ્રકાશ બહાર પણ ફેલાશે. અને માટીની હાંડી મલિન છે, તેથી તેનો પ્રકાશ અંદર જ રહેશે; બહાર નહિ જાય. આ દૃષ્ટાંતમાં

અને દીપકોના સ્વરૂપની એકતા છે. પરંતુ ઉપાધિની વિલક્ષણતાના હોવાને કારણે એકનો પ્રકાશ વિસ્તૃત થાય છે, અને બીજાનો સંકુચિત રહે છે. આ પ્રકારે ભગવાનની અતિવિસ્તૃત, વિશુદ્ધ, સત્ત્વમયી માયા ઉપાધિ હોવાથી ભગવાન સર્વ કાંઈ જાણી શકે છે, અને જીવોની અંતઃકરણ ઉપાધિ રાગદ્વેષાદિ દોષોથી મલિન હોવાને કારણે તેઓ સર્વ જાણવામાં સમર્થ થતા નથી. તેથી ભગવાન સર્વજ્ઞ તથા જીવો અલ્પજ્ઞ કહેવાય છે. આત્મજ્ઞાન દ્વારા ઉપાધિનો ત્યાગ કરીને જીવો પોતાના વાસ્તવિક, પૂર્ણ, બ્રહ્મસ્વરૂપને પ્રાપ્ત થાય છે. આ પ્રકારે અમારાં વેદાદિશાસ્ત્રોમાં જીવ તથા ઈશ્વરમાં ઔપાધિક ભેદ જ માન્યો છે, વાસ્તવિક નહિ.

એક વીતરાગ મહાત્મા ગંગાજીના તટ પર એકાંત સ્થળમાં રહીને વેદાંતનો ઉપદેશ આપતા હતા. તે ઉપનિષદોનો ડિંડિમ-ઘોષ સંભળાવતા હતા કે—**ब्रह्म सत्यं जगन्मिथ्या जीवो ब्रह्मैव केवलम्।** અર્થાત્ એકમાત્ર, ચિદાનંદ, જ્યોતિપૂર્ણ બ્રહ્મ જ સત્ય છે, ત્રિકાલાબાધિત છે, અખંડૈકરસ છે; અને આ નામરૂપાત્મક જગત્ મિથ્યા છે, બાધિત છે, પ્રતીયમાન હોવા છતાં પણ વિદ્યમાન નથી; અને આ જીવ વસ્તુતઃ કેવળ બ્રહ્મસ્વરૂપ જ છે. આ પ્રકારનો મહાત્માજીનો ઉપદેશ સાંભળીને એક પંડિત—જે દ્વૈતવાદી હતા—તે મહાત્માજીને કહેવા લાગ્યા—મહારાજ! જીવ અલ્પજ્ઞ છે, તે સર્વજ્ઞ ઈશ્વર કેવી રીતે બની શકે? મહાત્માજીએ તેને ઉપાધિદ્વયનું તથા તદુપલક્ષિત શુદ્ધ સ્વરૂપનું વિવેચન કરી સમજાવ્યું કે—અલ્પ (પિંડ) તથા સર્વ (બ્રહ્માંડ) ઉપાધિનો પરિત્યાગ કરી કેવલ 'જ્ઞ' (પૂર્ણ ચૈતન્ય) સ્વરૂપની એકતાને જ અમે સિદ્ધ કરીએ છીએ, પરંતુ તે દુરાગ્રહી હોવાને કારણે મહાત્માજીના ઉપદેશ-રહસ્યને ઠીક સમજી શક્યો નહિ. મહાત્માજીએ મનમાં વિચાર્યું. જ્યારે તે આ પ્રકારે સમજતો

નથી, ત્યારે તેને સ્થૂળ દૃષ્ટાંત દ્વારા સમજાવવો જોઈએ. તેથી મહાત્માજીએ પંડિતને કહ્યું કે-પંડિતજી! ગરમીને લઈને મારું ગળું સૂકાઈ જાય છે. તેથી શ્રી ગંગાજીનું શીતળ, મધુર, સ્વચ્છ જલ પીવાની ઈચ્છા થાય છે. માટે તમે આ કમંડલુ લઈને તેમાં ગંગાજળ ભરી લાવો. ગંગાજળ પીને, સ્વસ્થ બનીને પછી હું તમને વેદાન્તનું રહસ્ય સમજાવીશ. પરંતુ તમે કમંડલમાં ગંગાજળ જ લાવજો, બીજું પાણી ન લાવશો. કારણ કે હું ગંગાતટ પર જ રહું છું, વિચરું છું તથા ગંગાજળનું જ પાન કરું છું. પંડિતે કહ્યું-જ્યારે આપને એવો નિયમ છે, તો હું કમંડળમાં ગંગાજળ જ લાવીશ. એમ કહીને, તે ગંગામાં જઈને, કમંડળમાં જળ ભરીને, મહાત્માજી પાસે ઉપસ્થિત થયા, અને કમંડળ મૂકીને કહેવા લાગ્યા કે-ભગવન્! લ્યો. આ ગંગાજળ છે. પ્રેમપૂર્વક પીવો અને તૃષા શાન્ત કરો.

મહાત્માજી કમંડળ ઊઠાવીને જળને જોવા લાગ્યા. અને બનાવટી આશ્ચર્યપૂર્વક પંડિતને કહેવા લાગ્યા કે-પંડિતજી! આ તો ગંગાજળ નથી. ગંગાજળ તો તે કહેવાય છે કે-જેના તટ પર પત્થરના મોટા મોટા ઘાટ બનેલા હોય, અનેક ઘટાદાર વૃક્ષો ખડાં હોય, જેમાં અનેક નૌકાઓ ઘૂમતી રહેતી હોય, અનેક નરનારીઓ ડૂબકી મારીને સ્નાન કરતાં હોય, તથા અસંખ્ય મગર-મચ્છ રહેતા હોય. આમાં તો ઘાટનો એક નાનો પત્થર કે એક નાનું વૃક્ષ પણ નજરે પડતું નથી. એક પણ નૌકા ઘૂમતી દેખાતી નથી. ડૂબકી મારવાની તો શી વાત? પણ આમાં એક પગ પણ મૂકી શકાય તેમ નથી. અને એક નાની માછલી પણ રહી શકે તેમ નથી. માટે આ ગંગાજળ કેવી રીતે હોય?

મહાત્માજીની એવી વાત સાંભળીને પંડિત અટ્ટહાસ્ય કરતા

બોલ્યા–અરે ભોળાનાથ! મહાત્માજી! આ કમંડળના ગંગાજળમાં ઘાટ, વૃક્ષ, નૌકા વગેરે કેવી રીતે રહી શકે? કારણકે તેની ઉપાધિ આ કમંડળ બહુ જ નાનું છે. પણ આ છે ગંગાજળ. ત્યાંથી જ તેને ભરી લાવ્યો છું અને તે વિશાળ ભૂમિભાગરૂપ ઉપાધિ વડે વિશિષ્ટ, વિસ્તૃત, પ્રવાહિત ગંગાજળમાં સર્વ કાંઈ રહી શકે છે. આપ આટલા મોટા વિદ્વાન છો, અને આટલી નાની વાતને પણ સમજી શકતા નથી! મહાત્માજીએ આશ્ચર્યપૂર્વક કહ્યું–પંડિતજી, હું તો બધું જ સમજું છું. પરંતુ તમને હું આ દૃષ્ટાંતમાં સમજેલી વાતોને સિદ્ધાંતમાં સમજાવવા માગું છું. જેવી રીતે તે વિસ્તૃત ભૂમિભાગમાં ફેલાયેલું ગગાજળ અને આ કમંડળનું ગંગાજળ વસ્તુતઃ એક જ છે, કશો ફેરફાર નથી. મધુરતા, શીતલતા, સ્વચ્છતા, પાવનતા, વગેરે ગુણો બંનેમાં એક સરખા જ છે. તેવી રીતે જે અતિવિસ્તૃત બ્રહ્માંડનો અધિષ્ઠાતા–ઈશ્વરચૈતન્ય છે, તે જ અતિઅલ્પ પિંડનું અધિષ્ઠાતા જીવચૈતન્ય છે. ગંગાજળની પેઠે ચૈતન્યસ્વરૂપમાં કોઈ ભેદ નથી. સત્ત્વ, ચિત્ત્વ, આનંદત્વં, અસંગત્વ, નિર્વિકારત્વ વગેરે ધર્મો બંનેમાં સમાનરૂપે અવસ્થિત છે. કેવળ ઉપાધિદ્વયથી પ્રયુક્ત કાલ્પનિક ભેદ છે. ઈશ્વરની ઉપાધિ બહુ મોટી માયા તથા જ્ઞાન અનાવૃત હોવાને કારણે, તે સર્વ કાંઈ જાણી શકે છે. અને જીવની ઉપાધિ–અંતઃકરણ નાનું હોવાથી તથા જ્ઞાન સમાવૃત હોવાને કારણે તે સર્વ કાંઈ જાણવામાં સમર્થ થતો નથી. તેથી જીવાત્મા અલ્પજ્ઞ, અને ઈશ્વરાત્મા સર્વજ્ઞ છે. વેદાંતનાં મહાવાકયો અલ્પજ્ઞ તથા સર્વજ્ઞની એકતાનો ઉપદેશ આપતાં નથી, પણ જીવ તથા ઈશ્વરના ઉપાધિવિનિર્મુક્ત, વાસ્તવિક સ્વરૂપની એકતાનો ઉપદેશ આપે છે. તેથી સ્વરૂપની એકતા માનવામાં કંઈ પણ બાધા આપી શકતી નથી.

તેથી ભગવાન તથા ભગવાનના શ્રીવિગ્રહ અનાવૃત, અચિંત્ય,

જ્ઞાતૃત્વ–શક્તિથી વિશિષ્ટ હોવાને કારણે સર્વકાંઇ જાણવામાં સમર્થ બની શકે છે. તેમાં વૈકુંઠાધિપતિ, ભગવાન, શ્રીનારાયણનું આ એક ચરિત્ર પણ પ્રમાણ છે—

હિમાલયમાં ભસ્માસુર નામનો એક અસુર કૈલાસપતિ મહાદેવ પાસેથી વરદાન લેવા માટે ઉગ્ર તપ કરી રહ્યો હતો. તેના તપથી પ્રસન્ન થઇને આશુતોષ શંકર ભગવાને પ્રગટ થઇને તેને કહ્યું–तव तपःप्रभावात् प्रसन्नोऽस्मि. अभीप्सितं वरं ब्रूहि। તારા તપના પ્રભાવથી હું પ્રસન્ન છું. માટે તને જે ગમે તે વરદાન મારી પાસે માગ. ભસ્માસુરે હાથ જોડીને પ્રણામ કર્યા અને કહ્યું-આપ કૃપા કરીને આપના હાથમાં બાંધેલું ભસ્મકંકણ મને આપો. મનમોજી ભોળાનાથ શંકરે તરત જ તેને ભસ્મકંકણ આપ્યું. પછી ભગવાન શંકર ત્યાંથી જવા લાગ્યા. ભસ્મકંકણમાં બહુ વિલક્ષણ શક્તિ હતી. જેના ઉપર તેના પ્રકાશનું એક પણ કિરણ પડે, તે તરત જ બળીને ભસ્મ થઈ જાય–પછી ભલે તે દેવ, દાનવ, માનવ, કોઈપણ હોય. ભસ્માસુર રાક્ષસ હતો, દુષ્ટ હતો, કૃતઘ્ન હતો. તેણે સાંભળ્યું હતું કે–આ બાવા મહાદેવની પત્ની પાર્વતી રૂપયૌવનસંપન્ન, પ્રશસ્ત લાવણ્યમયી મહાસુંદરી છે. તેથી આ ભસ્મકંકણના પ્રભાવથી તે મહાદેવને જ ભસ્મ કરીને, તેમની પત્નીને પ્રાપ્ત કરવા માગતો હતો. એટલે તે મહાદેવની પાછળ પડયો. મહાદેવ પણ તેના દુષ્ટ અભિપ્રાયને જાણીને જોરપૂર્વક દોડીને કયાંક છુપાઈ ગયા. તે દુષ્ટ મહાદેવજીને અહીંતહીં શોધવા લાગ્યો.

વૈકુંઠાધિપતિ શ્રીનારાયણ ભગવાનને આ ઘટનાનો પત્તો લાગ્યો. તે તરત જ પોતાના અભિન્ન સખા મહાદેવની રક્ષા માટે, પાર્વતી દેવીના જેવું જ અત્યંત મનોહર સુંદરીનું રૂપ ધારણ કરીને તે રાક્ષસની સામે પ્રગટ થયા. મંદ મંદ સ્મિત

કરતાં તે દેવીએ કોકિલાવિનિંદિત મધુર સ્વરમાં કહ્યું-જેને તું ચાહે છે તે જ સુંદરી પાર્વતી હું છું. તારા જેવા હૃષ્ટપુષ્ટ, સ્વસ્થ યુવાનની સાથે રહેવા માટે હું તૈયાર છું. તે બુઢ્ઢા, ભાંગ-ધંતૂરો ખાનાર, સર્પધારી મહાદેવથી હું અકળાઈ ગઈ છું. માટે તું તે બુઢ્ઢાની પાછળ ન પડીશ. દેવીજીનાં એવાં મધુર વચન સાંભળીને, તથા તેના હાવભાવ, કટાક્ષ પ્રાપ્ત કરીને તે રાક્ષસ ન્યાલ થઈ ગયો. અને દેવીજીની સાથે સાથે આગળ જવા લાગ્યો. પછી દેવીસ્વરૂપ વિષ્ણુ ભગવાને એક વૃક્ષની શીતળ છાયામાં બેસીને તેને કહ્યું કે-મને તાંડવ નૃત્ય ખૂબ પ્રિય છે. જે મારી સામે તાંડવ નૃત્ય કરે છે, તેના ઉપર હું વિશેષરૂપે પ્રસન્ન થાઉં છું. તે બુઢ્ઢા મહાદેવ પણ મને પ્રસન્ન કરવા માટે મારી સામે પ્રતિદિન નાચ્યા કરતા હતા. તેથી તારે પણ મને રાજી કરવા માટે નાચવું પડશે ખુશ થઈને રાક્ષસ બોલ્યો-બહુ સરસ વાત કહી. જેમ તું કહીશ, તેમ તારો પ્રેમી હું કરવા તૈયાર છું. પણ હું જાણતો નથી કે તાંડવ નૃત્ય કેવી રીતે થાય? માટે આપ બતાવો તે અનુસાર હું નાચીશ. દેવીજીએ એક હાથ કમ્મર પર મૂકયો, અને બીજો હાથ માથા પર રાખીને ગોળ-ગોળ ચક્કરમાં નૃત્ય કરી બતાવ્યું, અને તે બોલ્યાં-તાંડવ નૃત્ય આમ થાય. તેનું નૃત્ય જોઈને તે બેભાન, કામુક રાક્ષસ તરત જ તે પ્રમાણે હાથ રાખીને નાચવા લાગ્યો. જે હાથ પર મહાદેવજીએ આપેલું ભસ્મકંકણ બાંધ્યું હતું, તે હાથ તેના માથા પર આવી ગયો, અને ભસ્મકંકણનો પ્રકાશ પડતાં જ તે રાક્ષસ બળીને ભસ્મ થઈ ગયો. ત્યારથી તેનું નામ ભસ્માસુર પડ્યું. કહે છે કે-આજ પણ કૈલાસ-માનસરોવરની યાત્રામાં ભસ્માસુરની ટેકરી આવે છે. ત્યાંના લોકો યાત્રીઓને આ વૃત્તાન્ત કહીને તેનો પરિચય કરાવે છે.

સમીપમાં છુપાયેલા મહાદેવે જ્યારે ભગવાન નારાયણનો તથા રાક્ષસનો સર્વ વૃત્તાંત પોતાની દિવ્ય દૃષ્ટિ દ્વારા જાણ્યો; ત્યારે તે દેવીસ્વરૂપ ભગવાન વિષ્ણુની પાસે ગયા. બંને મિત્રો ખૂબ હસતાં હસતાં પરસ્પર મળ્યા. તે સમયે વિષ્ણુ ભગવાન પ્રકૃતિના સ્વરૂપમાં હતા, અને શંકર ભગવાન પુરુષના રૂપમાં. બંનેના સંયોગથી એક 'શાસ્તા' નામનો દેવ પ્રગટ થયો. દક્ષિણ ભારતમાં લોકો તેને 'હરિહરપુત્ર' નામથી બોલાવે છે. દક્ષિણ ભારતના કેરલ વગેરે દેશમાં શાસ્તા–દેવનાં સેંકડો મંદિર બન્યાં છે. આસ્તિક લોકો તેમને શ્રદ્ધાપૂર્વક બહુ માને છે. કોઈ કોઈ મંદિરમાં શાસ્તાદેવના વિગ્રહના હાથની એક અંગુલિ મુખ પર રાખીને વિચારમગ્નરૂપે તેમનું દર્શન મળે છે. વિદ્વાન ભક્તોએ તેના નિગૂઢ વિચારનું પ્રદર્શન આ પ્રકારે કર્યું છે-

माता च विष्णुः पिता शिवो मे, ताभ्यामहं जात इति प्रसिद्धम् ।
अम्बेति गौरीमहमाह्वयामि तातस्त्रियो मातर एव सर्वाः ॥
विष्णोश्च मातुः किल धर्मपत्नीं लक्ष्मीं कथं नु अहमाह्वयामि ।
आस्येऽङ्गुलिं स्थाप्य विचारयन्तं शास्तारमीडे सकलार्थसिद्ध्यै॥

મારી માતા વિષ્ણુ છે, પિતા શિવ છે. આ બંનેનાથી હું ઉત્પન્ન થયો છું–એ વાત સર્વત્ર પ્રસિદ્ધ છે. પિતાની જેટલી સ્ત્રીઓ હોય, તે સર્વ પુત્રને માટે તો માતાઓ જ મનાય છે. તેથી હું પિતા શિવનાં પત્ની ગૌરીને–પાર્વતીને 'અંબા (માતા)' એ સંબોધનથી બોલાવું છું. પરંતુ માતા વિષ્ણુની પત્ની લક્ષ્મીને હું કયા સંબોધનથી બોલાવું? કારણકે–મૂળ તો ક્યાંયે માતાની પત્ની હોતી જ નથી. માતા સ્વયં પિતાની પત્ની છે. પત્નીને પત્ની કેવી રીતે હોય? પરંતુ મારી માતાની પત્ની લક્ષ્મી વિશ્વપ્રસિદ્ધ છે. તે મારે શી સગી થાય? હું તેના કયા સંબંધ-સૂચક નામ વડે બોલાવું?-મુખ પર આંગળી મૂકીને એવો

વિચાર કરતા શાસ્તાદેવની હું સકલ પદાર્થોની સિદ્ધિ માટે સ્તુતિ કરું છું.

આ ચરિત્રો દ્વારા ભગવાનના શ્રી વિગ્રહોમાં પણ વિપ્રકૃષ્ટ (દૂરના)–પરોક્ષ અર્થને પણ અપરોક્ષ હોય તેમ જાણવાની શક્તિ સિદ્ધ થાય છે. તેથી ભગવાને ગીતામાં યથાર્થ જ કહ્યું છે કે–હું સર્વને જાણું છું; પરંતુ મને કોઈ જાણતું નથી. યથાર્થ રીતે તે જ મને જાણી શકે છે કે જે જ્ઞાન, ભક્તિ, વૈરાગ્ય વગેરે સાધનસંપન્ન થઈને મારી કૃપા પ્રાપ્ત કરે છે. મારી ભક્તિ તથા કૃપા પ્રાપ્ત કર્યા વગર કોઈ પણ માનવ મને જાણી શકતો નથી. માટે ગીતામાં ભગવાને કહ્યું છે કે–भक्त्या मामभिजानाति। (૧૮,૫૫) ભક્તિ વડે જ મને જાણે છે. ગોસ્વામી તુલસીદાસ પણ કહે છે કે–હે પ્રભો! સો જાને તુમ દેહુ જનાઈ, જાનત તુમહિં તુમહિં હો જાઈ. ૐ

(૨૭)

इच्छाद्वेषसमुत्थेन द्वन्द्वमोहन भारत ।
सर्वभूतानि संमोहं सर्गे यांति परंतप ॥ (૭ ૨૭)

હે ભારત! હે પરંતપ! સંસારમાં ઈચ્છા તથા દ્વેષથી ઉત્પન્ન થતાં સુખદુઃખાદિ દ્વંદ્વરૂપ મોહથી સમસ્ત પ્રાણીઓ અતિ ભ્રાન્તિ તથા વ્યથાને પ્રાપ્ત થઈ રહ્યાં છે.

ભગવાન શ્રીકૃષ્ણ અર્જુનને કહે છે કે–હે ભારત! અર્થાત્ ભરતવંશભૂષણ! અથવા ભા–રત, અર્થાત્ 'ભા' એટલે બ્રહ્મ-વિદ્યારૂપ દીપ્તિ, તેમાં રત એટલે પ્રીતિમાન! હે અર્જુન! તું બ્રહ્મવિદ્યામાં ખૂબ પ્રીતિ રાખે છે, તેથી તને એનો લાભ મળી રહ્યો છે. માનવ સાચા હૃદયથી જેને ચાહે છે, તે તેને અવશ્ય જ મળે છે.

जा पर जाको सत्य सनेहू, मिलत ही ताको नहिं संदेहू।

બે પ્રકારનો પ્રકાશ છે. એક બહારનો ભૌતિક પ્રકાશ, અને બીજો અંદરનો આધ્યાત્મિક પ્રકાશ. બહારનો પ્રકાશ અંદરના અંધકારને દૂર કરી શકતો નથી. અંદરના અંધકારને અંદરનો પ્રકાશ જ દૂર કરી શકે છે. સત્સંગ, સંસારમાંથી ઉપરતિ, ભગવત્સ્મરણ તથા ભગવાનમાં જે નિષ્ઠા રાખે છે, તેને જ તે હૃદયનો મહાન પ્રકાશ પ્રાપ્ત થાય છે. તે પ્રકાશ દિવ્ય છે, મધુર છે, શાન્ત છે, સરસ છે, તથા હૃદયને પરમ પ્રમોદ આપનાર છે. જે મહાનુભાવ તેનો એકવાર પણ થોડીક ક્ષણ માટે અનુભવ કરી લે છે, તેને ફરી સંસારના સમસ્ત પદાર્થો રસહીન, ફિક્કા જ માલમ પડે છે. એવો સરસ પ્રકાશ એક માત્ર બ્રહ્મવિદ્યા જ છે. તેમાં જે કોઈ ઉત્કટ પ્રીતિ રાખે છે, તે અર્જુનની પેઠે 'ભારત' બની જાય છે. તે ભારત આ દુઃખમય સર્ગને (સૃષ્ટિને) આનંદપૂર્ણ સ્વર્ગ બનાવી દે છે. એવો ભારત 'પરંતપ' બની જાય છે. **परं-शत्रुं तापयति-उद्वेजयति इति परंतपः**, અર્થાત્ તે અજ્ઞાનરૂપી શત્રુને સંતપ્ત કરીને, ઉદ્વિગ્ન કરીને નષ્ટ કરી દે છે. અજ્ઞાન જ સૌથી મહાન શત્રુ છે. જે તેને નષ્ટ કરી દે છે, તેને વિશ્વ-વિજયી માની શકાય છે.

તેથી અર્જુન જ કેવળ ભારત તથા પરંતપ હતો-એમ નથી. આપ પણ અર્જુનની પેઠે બ્રહ્મવિદ્યામાં ઉત્કટ પ્રીતિ રાખીને ભારત તથા પરંતપ બની શકો છો. માટે હે સજ્જનો! તમે ભારત બનો. તમારા હૃદયને આધ્યાત્મિક દિવ્ય પ્રકાશથી ભરી દો, અને આ દુઃખમય સર્ગને આનંદમય સ્વર્ગ બનાવી દો. તે જ સંસારને બદલી શકે છે, જેને પોતાના મનને બદલતાં આવડે છે. જે પોતાના મનને બ્રહ્મના દિવ્ય, શાન્ત, આનંદથી ભરી દે છે, તેને સમગ્ર વિશ્વ આનંદમય જ પ્રતીત થવા લાગે છે.

नारायण जाके हृदय, सुंदर श्याम लखाय,
फूल पात फल डारमें ताको वही लखाय.
दर दिवार दर्पण भये, जित देखूं तित तोहिं,
कांकर पाथर ठीकरे, भये आरसी मोहिं,

સર્ગ તે છે, જે વિવિધ સમસ્યાઓ તથા વિષમતાઓથી ખદબદતો હોય. જે લોક તેનું સમાધાન બહારની ભૌતિકવાદની અભ્યુન્નતિ દ્વારા કરવા માગે છે, તે એવા છે કે જેઓ શીતલ જળના સ્નાન દ્વારા તાવને હઠાવવા માગે છે. જેવી રીતે શીતલ જળના સ્નાનથી જ્વર હઠતો નથી, પણ વધે છે, તેવી રીતે ભૌતિકવાદની અભ્યુન્નતિથી વિવિધ વિષમતાઓનું સમાધાન થવું તો દૂર રહ્યું, પણ ઊલટી તેમની દુ:ખનો વિસ્તાર કરનારી અભિવૃદ્ધિ જ થયા કરે છે. તેમનું સમાધાન તો કેવળ હૃદયના આધ્યાત્મિક ભાવથી પૂરિત સામ્યવાદ વડે જ થઈ શકે છે. જે લોકો આ મહાન સામ્યવાદને ન માનતાં, બહારના તુચ્છ સામ્યવાદને માને છે—જે સામ્યવાદ હિંસા, લોલુપતા, અહંમન્યતા વગેરે દુર્ગુણોને પ્રોત્સાહન આપે છે, તેમનું જીવન આ દ્વન્દ્વમય સર્ગનાં ભયાનક દુ:ખોના દાવાનળમાં જલતું જ રહેશે. જ્યારે તે આધ્યાત્મિક ભાવોથી પૂરિત સામ્યવાદમાં નિષ્ઠા રાખશે, પોતાના જીવનને તેના સરસ ઢાંચામાં ઢાળશે, ત્યારે જ તેઓ આ દ્વન્દ્વમય સર્ગનાં દુ:ખોથી છૂટકારો મેળવીને આનંદમય બની શકશે, અને વિશ્વમાં પણ દિવ્ય આનંદની પ્રશાન્તવાહિની મંદાકિની વહાવી શકશે.

અવ્યક્તરૂપ યોગમાયાનાં બે મુખ્ય સંતાન છે. એક ઈચ્છા અને બીજો દ્વેષ. આ બે ખૂબ બલિષ્ઠ છે, હઠાવતાં છતાં હઠતાં નથી. તે સમગ્ર સંસારમાં ફેલાયેલાં છે. સર્વત્ર પોતાની સત્તા જમાવીને બેઠાં છે. તેથી સ્વાભાવિક રીતે જ પ્રાણીમાત્રની અનુકૂળ

વિષયમાં ઇચ્છા રહે છે, અને પ્રતિકૂળ વિષયમાં દ્વેષ રહે છે. આ પદાર્થ મને પસંદ છે, મને તેની ખૂબ આવશ્યકતા છે, આ મને મળવો જ જોઈએ–આ ઇચ્છાનું સ્વરૂપ છે. આ પદાર્થ મને પસંદ નથી, તેની મને કંઈ જ આવશ્યકતા નથી, તેણે મારી પાસે ન રહેવું જોઈએ–આ દ્વેષનું સ્વરૂપ છે.

પોતપોતાની વિભિન્ન રુચિ તથા ભાવના અનુસાર એક જ પદાર્થ કોઈને અનુકૂલ પ્રતીત થાય છે, તો બીજાને પ્રતિકૂલ. એક કહે છે કે–જોઈએ; તો બીજો કહે છે–ના જોઈએ. તેથી એ નિયમ નથી કે–કોઇ એક જણને અનુકૂલરૂપે પ્રતીયમાન પદાર્થ સર્વને અનુકૂળ જ પ્રતીત થાય, અને પ્રતિકૂળ પદાર્થ સર્વને પ્રતિકૂળ જ લાગે. માટે જ વિદ્વાનોએ કહ્યું છે કે—

भिन्नस्पृहाणां प्रति चार्थमर्थं द्विष्टत्वमिष्टत्वमपव्यवस्थम् ।

અર્થાત્ ભિન્ન ભિન્ન સ્પૃહાવાળા પ્રાણીઓને પ્રત્યેક અર્થમાં કોઈને દ્વેષભાવ રહે છે તો કોઈને ઇષ્ટભાવ. એક વ્યક્તિ જેને ઇષ્ટ માને છે, બીજો તેને દ્વિષ્ટ માને છે. જેને એક દ્વિષ્ટ (ખરાબ) કહે છે, તેને બીજો ઇષ્ટ (સારી) કહે છે. એક માણસ સીનેમા જોવાનું ઇષ્ટ સમજે છે, તો બીજો તેને દ્વિષ્ટ સમજે છે. એક સિગરેટથી ઘૃણા કરે છે, તો બીજો પ્યાર. માટે સંસારના આ પદાર્થોમાં કોઈ વ્યવસ્થા નથી કે–એકને સારો લાગતો પદાર્થ સર્વને સારો લાગવો જ જોઈએ, અને એકને ખરાબ લાગતો પદાર્થ સર્વને માટે ખરાબ હોવો જ જોઇએ. અને ઇષ્ટ તથા દ્વિષ્ટ પદાર્થ પણ સદાને માટે ઇષ્ટ તથા દ્વિષ્ટ નથી રહેતા. આજનો ઇષ્ટ પદાર્થ કાલે દ્વિષ્ટ બની જાય છે. દ્વિષ્ટ કેટલીકવાર ઇષ્ટ બની જાય છે. જેને આપણે આજ અહીં અનુકૂલ માનીએ છીએ, તે કોઈ બીજે સમયે અથવા બીજે સ્થળે પ્રતિકૂલ બની જાય છે. કોઈક વખત

કોઈક જગ્યાએ ગરમી તથા ઠંડી આપણને અમૃત સમાન વહાલી લાગે છે, તો તે જ ગરમી તથા ઠંડી બીજે સમયે તથા અન્ય સ્થળે વિષ સમાન બૂરી લાગે છે. જેમની સાથે આપણે પહેલાં પ્યાર કરતા હતા, તેમના પર પાછળથી આપણે ઘૃણા કરવા માંડીએ છીએ. અને જેમના પર ઘૃણા કરતા હતા, તેમની સાથે પ્યાર કરવા લાગીએ છીએ. આ પ્રકારે સંસારના ઇષ્ટ અને દ્વિષ્ટનું દ્વંદ્વ પરિવર્તનશીલ મનાયું છે તે સદા એક સરખું બન્યું રહેતું નથી.

તેથી આ મૂઢ માનવ સંસારની આ ઈષ્ટ–દ્વિષ્ટની દ્વન્દ્વમય, મિથ્યા કલ્પનાઓ પાછળ રાત દિવસ પાગલ જેવો પડ્યો રહે છે. જ્યાં વસ્તુતઃ સુખ નથી, ઊલટું દુઃખ છે, ત્યાં સુખની કલ્પના કરીને સુખ ચાહતો રહે છે, તેની પ્રાપ્તિને માટે મૃગતૃષ્ણાના જલ માટે લોલુપ, ભ્રાન્ત હરિણની પેઠે, સદા દોડધામ મચાવે છે, અને જ્યાં વાસ્તવિક સ્થાયી સુખનો ભંડાર છે, દુઃખનું નામ નિશાન નથી, ત્યાં દુઃખની ભાવના કરીને તેનાથી વિમુખ બન્યો રહે છે. એ જ આ સર્ગનો સંમોહ છે, અર્થાત્ વિપરીત જ્ઞાન છે. હોય છે કંઈક, અને માને છે કંઇક બીજું.

અનુકૂલતા તથા પ્રતિકૂલતા—બીજા શબ્દોમાં, સગવડ તથા અગવડ—બંને સગી બહેનો છે. તેથી તે બંને આ સંસારમાં સાથે સાથે જ રહે છે, અને તે માનવોની સમક્ષ સંતાકૂકડીની રમત રમતી રહે છે. ક્ષણ ક્ષણમાં એક છૂપી જાય છે, તો બીજી પ્રગટ થાય છે. માનવ એક સાથે પ્રેમ કરે છે, તો બીજી સાથે ઘૃણા કરે છે. જેને ચાહે છે, તે ન મળતાં, અને જેને નથી ચાહતો તે મળતાં, માનવ વ્યથિત થઇ જાય છે. આ અનવસ્થિત સંસારમાં પ્રાણી ચાહે છે કંઈક, અને તેને મળે છે કંઈક. ઇષ્ટનો સંયોગ તથા અનિષ્ટનો વિયોગ ચાહે છે, પરંતુ થઈ જાય છે

વિપરીત-ઈષ્ટનો વિયોગ તથા અનિષ્ટનો સંયોગ. તેવું ઊલટું થતાં તેની ઇચ્છા તથા તેનો દ્વેષ વધારે પ્રબલ થાય છે. આ ઈચ્છા તથા દ્વેષ જ વિવિધ દુઃખોનું મૂળ તથા જન્મમરણના હેતુ મનાયા છે. તેમનો ત્યાગ કરવાથી જ માનવ દુઃખોથી તથા જન્માદિથી મુક્ત બની શકે છે. તેથી દ્વન્દ્વાભિનિવેશ જ દુઃખ છે, તથા દ્વંદ્વો પ્રત્યે વિમુખતા જ આનંદ છે. અને આ અસાર સંસારનું સ્વરૂપ જ દ્વંન્દ્વમય છે. માટે કવિ કુલગુરુ કાળિદાસે કહ્યું છે કે-

कस्यात्यन्तं सुखमुपनतं दुःखमेकान्ततो वा।
नीचैर्गच्छत्युपरि च दशा चक्रनेमिक्रमेण॥ (મેઘદુત)

જેવી રીતે ગાડી પૈડાની નેમિ ક્રમશઃ, કોઈકવાર ઉપર તો કોઈકવાર નીચે, ઝડપી ગતિએ આવતી-જતી રહે છે, તેવી રીતે આ સંસારમાં પ્રાણીઓની પાસે શુભાશુભ કર્મોની વેગવતી ગતિ દ્વારા સુખ તથા દુઃખ આવતાં-જતાં રહે છે. સદાને માટે કોઈને સુખ બન્યું રહેતું નથી, તેમ જ દુઃખ પણ એક ક્ષણે સુખ છે, તો બીજી ક્ષણે દુઃખ. દુઃખી કોઈકવાર સુખી થઈ જાય છે, તો સુખી કોઈકવાર દુઃખી થઇ જાય છે. અહીં હમણાં હસે છે, ત્યાં કોઇકવાર રડે છે. આ પ્રકારે સુખ-દુઃખાદિ દ્વન્દ્વો, રાતદિવસની પેઠે, સૂર્યના ઉદય તથા અસ્તની પેઠે, અથવા તડકા-છાંયડા પેઠે, એકની પાછળ બીજું, આવતાં જતાં રહે છે. અને અનુકૂલ સુખાદિમાં ઈચ્છા રાખીને તથા પ્રતિકૂલ દુઃખાદિમાં દ્વેષ રાખીને માનવ સદા અશાન્ત જ બન્યો રહે છે. માનવ શાશ્વત શાન્તિ ત્યારે જ અનુભવી શકે છે, કે જ્યારે તે નિર્દ્વન્દ્વ બની જાય. માટે વિચારવાન પુરુષે કોઇને અનુકૂલ કે પ્રતિકૂલ સમજવું જોઈએ નહિ. તેણે ન કોઈને ચાહવું

જોઈએ, કે ન કોઈના પર ઘૃણા રાખવી જોઇએ. વસ્તુત: કોઇ સારું નથી અને કોઈ ખરાબ નથી. બ્રહ્મદૃષ્ટિથી જોઈએ, તો સર્વ કાંઈ સારું જ છે. મિથ્યાત્વદૃષ્ટિએ જોઇએ, તો સર્વ કાંઇ ખરાબ જ ખરાબ છે. સદ્‌ઘન, ચિદ્‌ઘન, આનંદઘન, અવિનાશી અંતરાત્મા—જે બ્રહ્મ છે, તે જ માત્ર સારો પદાર્થ છે. તેથી તેમાં જ એકલામાં અભિનિવેશન બાંધવું જોઈએ. અંદર–બહાર સર્વત્ર તેનું જ અવલોકન કરવું જોઈએ. તે જ એકમાત્ર ચિંતન કરવા યોગ્ય છે, દ્રષ્ટવ્ય છે, શ્રોતવ્ય છે, વર્ણનીય છે તથા આસ્વાદયિતવ્ય છે. તેનાથી અન્ય આ નામરૂપાત્મક, મિથ્યા, દ્વૈત–જગત્‌ બહુ જ ખરાબ છે. તેથી તેની સર્વથા ઉપેક્ષા જ કરવી જોઈએ. તેથી તે દ્રષ્ટવ્ય નથી, ચિંતનીય નથી, વર્ણનીય નથી, તથા આસ્વાદન કરવા યોગ્ય નથી. તેમાં કદી ઈચ્છા તથા દ્વેષ રાખવાં જ ન જોઇએ. તે જ શાશ્વત સુખશાન્તિનો રાજમાર્ગ છે. તે જ પ્રશસ્ત માર્ગનું અવલંબન કરીને, અનેક તત્ત્વદર્શી સંત ભક્તો પરમ આનંદપૂર્ણ બની ગયા છે અને બનતા રહે છે.

વિવેકી માનવ ત્યારે જ શાશ્વત શાન્તિ તથા પૂર્ણ આનંદ પ્રાપ્ત કરી શકે છે, જ્યારે તે મરીને જીવવાની તથા જીવીને મરવાની કલા જાણે છે અથવા પ્રાપ્ત કરે છે. જેને આ દ્વન્દ્વમય સંસારથી મરતાં આવડે છે, તે જ આનંદપૂર્ણ બ્રહ્મમાં જીવતો રહી શકે છે. તથા જેને તે બ્રહ્મમાં જીવતાં રહેતાં આવડે છે, તે આ સંસારથી મરી શકે છે. જે આ ઘરને ઉજાડશે, તે જ તે ઘરમાં સ્થાયીરૂપે વસશે. નરકને ઉજાડયા વિના કોઈ પણ સ્વર્ગમાં વસી શકતો નથી. જે રણની તપેલી રેતીને ત્યજે છે, તે જ કેદારનાથ મહાદેવની શીતલતાનો લાભ પ્રાપ્ત કરી શકે છે. મર્યા વિના મુક્તિ મળતી નથી. જે મરે છે, તેને જ મુક્તિ મળે છે.

स्वयं मृत्वा स्वयं भूत्वा स्वयमेवावशिष्यते ।

સ્વયં મરીને તથા સ્વયં બનીને, સ્વયં તે જ પરિશિષ્ટ રહી જાય છે.

એક પોપટ હતો. મકાનના પિંજરામાં તેને પૂરવામાં આવ્યો હતો. તેને તેમાંથી છૂટવું હતું. કોને છૂટવું નથી ગમતું? કોને છુટ્ટી વહાલી લાગતી નથી? અર્થાત્ સૌ છૂટવા માગે છે અને છુટ્ટીને પસંદ કરે છે. નાનાં બાળકો પણ રવિવારનું નામ સાંભળીને પ્રમુદિત બની જાય છે. રવિનો વાર એટલે છુટ્ટી. જ્યારે જ્ઞાન સૂર્યનો પ્રકાશ હૃદયભવનમાં ફેલાઇ જાય છે, ત્યારે જ તેને અજ્ઞાનાન્ધકારથી તથા તેનાથી ઉત્પન્ન થતાં ઈચ્છાદ્વેષાદિ દ્વન્દ્વદુઃખોથી છુટ્ટી મળી શકે છે. તેથી આપણે વેદમંત્રો દ્વારા છુટ્ટીને માટે જ અંતર્યામી ભગવાન પ્રત્યે આ પ્રકારે પ્રાર્થના કરીએ છીએ કે-હે પ્રભો! હે ભગવન્! असतो मा सद् गमय, तमसो मा ज्योतिर्गमय, मृत्योर्मा अमृतं गमय।

અર્થાત્ અમને અસત્‌માંથી છુટ્ટી અપાવો અને સત્ તરફ લઈ જાઓ. અંધકારથી અલગ કરીને અમને પ્રકાશ તરફ લઈ જાઓ. મૃત્યુથી બચાવીને અમને અમૃત-અભય બનાવી દો. અસત્‌માં, અંધકારમાં, મૃત્યુમાં અમે અનાદિકાળથી ફસાયેલા પડયા છીએ, તેનાં વિવિધ કષ્ટ ભોગવી રહ્યા છીએ, તેથી તેમાંથી અમે સર્વ છૂટવા માગીએ છીએ. તેથી અમે ભગવાનને પોકારીને કહીએ છીએ કે-હે દયાનિધે! અમને તેમાંથી છોડાવ, અને સત્પ્રકાશ-અમૃતધામમાં જલ્દી પહોંચાડ.

તે પોપટ પણ છુટ્ટીનો પ્રેમી હતો તે એવી જ અભિલાષા રાખતો હતો કે હું આ પિંજરામાંથી કેવી રીતે અને કયારે છૂટું? એક દિવસ તે નગરમાં એક તત્ત્વદર્શી, બ્રહ્મનિષ્ઠ, વિદ્વાન મહાત્મા આવ્યા. અને તેમનું પ્રવચન સાંભળવા માટે નગરના હજારો કરતાં વધારે, ભાવુક, નરનારી જવા લાગ્યાં. તે

મહાત્માજીનું પ્રવચન બહુ જ સરસ, પ્રભાવશાળી તથા હૃદયગ્રાહી હતું. તેથી ધર્મપ્રેમી તથા ભગવત્સ્નેહી લોકો તેમનું મનનીય પ્રવચન સાંભળીને આનંદવિભોર બની જતા હતા. તેથી તેઓ તેમની મુક્તકંઠે પ્રશંસા કરતાં થાકતા નહિ. તેઓ આપસમાં કહેતા હતા કે–આપણા આ નગરમાં આવા બ્રહ્મવિદ્યાનો ઉપદેશ આપનારા, તથા દુઃખમય ભવબંધનોથી મુક્તિ અપાવનારા, કોઈ મહાત્મા હજી સુધી આવ્યા ન હતા. આપણા બધાંના સૌભાગ્યથી જ અહીં એવા મહાપુરુષનાં–સંતનાં પગલાં થયાં છે. તેથી તેમના દ્વારા પરમાર્થનો જેટલો લાભ ઊઠાવી શકાય, તેટલો તત્પર બનીને ઊઠાવવો જોઈએ.

આ પ્રકારની વાતો કરતા કેટલાક લોકો તે મકાનને ઘસાઈને પોતાને ઘેર જઈ રહ્યા હતા, ત્યારે તેમની કેટલીક વાતો પોપટના પણ કાનમાં પડી. બુદ્ધિમાન પોપટે તરત જ તે ભલા લોકોને કહ્યું–ભાઈઓ! જ્યારે એવા મુક્તિદાતા, પરમકૃપાળુ સંત આપણે ત્યાં પધાર્યા છે અને સૌને મુક્તિનો ઉપદેશ આપે છે, તો મારો પણ એક સંદેશ તેમની સેવામાં પહોંચાડશો, તો આપ લોકોનો મારા પર મોટો ઉપકાર થશે. હું પણ આ પિંજરાના બંધનમાંથી છૂટવા માગું છું. પરંતુ હું તેમાંથી કેવી રીતે છૂટી શકું? તેનો ઉપાય હું જાણતો નથી. કૃપા કરીને આપ તે મહાત્માજીને મારી તરફથી એટલું પૂછજો કે–હું કેવી રીતે છૂટું? મારે માટે મુક્તિલાભનો શો ઉપાય છે? દયાનિધિ સંત અવશ્ય કોઈ ને કોઈ ઉપાય કોઈ પણ ઢંગથી બતાવી દેશે. પોપટની વાત સાંભળીને તે પરોપકારી સત્સંગી માણસોએ તેનો સંદેશ પહોંચાડવાનું તથા તેનો ઉત્તર લાવવાનું અને તેને સંભળાવવાનું હર્ષપૂર્વક સ્વીકારી લીધું. બીજે દિવસે તે સત્સંગીઓ પ્રવચનથી પહેલાં એકાંતમાં આનંદપૂર્વક બેઠેલા તે મહાત્માની પાસે

પોપટનો સંદેશ લઈને ગયા, અને તેમણે પોપટનો તે સંદેશ કહી સંભળાવ્યો. સંદેશ સાંભળતાં વેંત જ મહાત્માજી બેભાન થઈ ગયા. હાથ પગ પછાડતા-પછાડતા આસન પરથી નીચે પડી ગયા. હવે તે જોતા ન હતા, સાંભળતા ન હતા. બોલતા ન હતા, બિલકુલ ગૂમ-સૂમ, શૂન્ય જેવા બની ગયા. મહાત્માજીની એવી દશા જોઈને તે ભક્ત લોકો બહુ જ ગભરાઈ ગયા. અને એવા વિચારથી ભયભીત બની ગયા કે-મહાત્માજીની આવી હાર્ટ-ફેઈલ જેવી દશા બનાવવાનો આરોપ અમારા પર ન લાગે. તેથી તેઓ જલ્દીથી ત્યાંથી ચૂપચાપ ભાગી નીકળ્યા. ભાગતા-ભાગતા તેઓ પેલા પોપટ પાસે આવ્યા, ત્યારે તેમની વાટ જોતા પોપટે તરત પૂછી નાંખ્યું કે-કહો, સજ્જનો ! મારી મુક્તિ માટે મહાત્માજીએ શો ઉપાય બતાવ્યો? પોપટની વાત સાંભળીને, તે લોકો મ્હોં બગાડીને કહેવા લાગ્યા-અરે, તારો સંદેશો એટલો ખરાબ હતો કે તેને સાંભળતાં જ મહાત્માજી બેભાન બની ગયા, નીચે પડી ગયા, જડ જેવા બની ગયા, અધમૂવા થઈ ગયા. તેથી અમે તારા સદેશાનો ઉત્તર કેવી રીતે લાવીએ ? ઉત્તર આપનાર મહાત્માના હોશ જ ગુમ થઈ ગયા હતા.

તેમની તેવી વાત સાંભળીને બુદ્ધિમાન પોપટે પોતાના સંદેશાનો ઉત્તર જલ્દી સમજી લીધો. અને પ્રસન્ન થઈને તે તેમને કહેવા લાગ્યો-અરે, ભલા માણસો, જાઓ, જાઓ, મને મારા સંદેશાનો ઉત્તર મળી ગયો. મહાત્માજીએ વિલક્ષણ ઢંગથી મુક્તિનો ઉપાય બતાવી દીધો છે. જો કે આપ લોકો તે ઉત્તરનો મર્મ સમજી શકયા નથી, તથાપિ હુ તેમની જ કૃપાથી સમજી ગયો છું.

હવે પોપટે પોતાના પિંજરામાં ગુરુમહાત્માની તે ક્રિયાવતી શિક્ષાને (ઉપદેશને) અપનાવી. અને તે પણ મહાત્માની પેઠે

બેભાન થઈ ગયો, પાંખો ફફડાવીને નીચે પડી ગયો, તથા જડ જેવો બની ગયો. ઘરવાળાંએ જ્યારે પોપટની એવી દશા જોઈ, તો પિંજરા પાસે આવીને તેઓ તેને બોલાવવા લાગ્યા–ગંગારામ! ગંગારામ! શું થયું? એકદમ તને શું થઈ ગયું? બોલ તો ખરો, આંખો તો ખોલ. લે આ લીલું મરચું, ખાઈ લે. પણ હવે તે સાચા ગુરુનો પાકો ચેલો બની ગયો હતો. તેથી તે બોલાવતાં છતાં બોલતો ન હતો. સંભળાવતાં છતાં સાંભળતો નહતો. ખવરાવતાં છતાં ખાતો ન હતો, અને હલાવતાં છતાં હાલતો ન હતો. ઘરવાળા લોકોએ તેને સચેત કરવા માટે અનેક ઉપાયો કર્યા, બહુ પ્રયાસ કર્યા. પણ પોપટ સચેત થયો નહિ. જીવતો છતાં મર્યા જેવો પડી રહ્યો. જ્યારે તેમને નિશ્ચય થઈ ગયો કે–એ મરી ગયો છે, તેનામાં જીવનનું કોઇપણ ચિહ્ન દેખાતું નથી, હવે તે આપણા કામનો રહ્યો નથી, ત્યારે તે સ્વાર્થી લોકોએ તરત જ પિંજરાનું દ્વાર ખોલી નાંખ્યું. તથાપિ તે બુદ્ધિમાન પોપટ ભાગી જવાના શુભ અવસરની વાટ જોતો પડયો રહ્યો. જ્યારે તેણે ગુપ્ત રૂપથી બરાબર નિરીક્ષણ કરી લીધું, કે ઘરનાં માણસો તેને મરેલો સમજીને, તેની આશા છોડીને, આમતેમ ચાલ્યાં ગયાં છે, ત્યારે તે તરત જ ત્યાંથી ભાગી ગયો. અને તે પિંજરાના દુઃખમય બંધનથી મુક્ત બનીને, સ્વતંત્ર થઈ ગંગાતટવાળા, હિમાલયના રમણીય અરણ્યમાં ચાલ્યો ગયો, અને મુક્તિના દિવ્ય આનંદનો અનુભવ સતત કરવા લાગ્યો.

સિદ્ધાંતમાં પોપટ છે આ માયામોહિત જીવાત્મા. તે અનાદિકાળથી આ દેહ, ગેહ વગેરેની આસક્તિરૂપ સંસાર–પિંજરના બંધનમાં ફસી ગયો છે, અને ઇષ્ટાનિષ્ટ દ્વન્દ્વોમાં ઇચ્છા–દ્વેષ રાખીને વિવિધ સંતાપોનો સતત અનુભવ કરી રહ્યો છે. તેનાથી છૂટીને મુક્તિધામનો અખંડૈકરસ, આનંદ પ્રાપ્ત કરવાની તેને

ઇચ્છા છે. પરંતુ તેની તે ઇચ્છા ત્યારે જ સફળ થાય છે, જ્યારે તે શ્રદ્ધાપૂર્વક સદ્‌ગુરુ મહાપુરુષના શરણમાં જાય, અને તેમના ઉપદેશોને શ્રદ્ધાપૂર્વક ધારણ કરીને, તેમનો અનુગ્રહ સંપાદન કરે. સદ્‌ગુરુની કૃપા વિના, ગમે તે હોય પણ તે મુક્તિ તથા શાશ્વત આનંદ પ્રાપ્ત કરી શકતો નથી. માટે અમારાં પ્રામાણિક શાસ્ત્રોમાં કહ્યું છે કે—

दुर्लभो विषयत्यागो दुर्लभं तत्त्वदर्शनम् ।
दुर्लभा सहजावस्था सद्गुरोः करुणां विना ॥

સદ્‌ગુરુની કૃપા વિના ઇષ્ટાનિષ્ટ વિષયોનાં ઇચ્છા દ્વેષનો ત્યાગ, પરમાર્થ તત્ત્વનું દર્શન, તથા સહજ સમાધિની દિવ્ય આનંદવાળી દશા પ્રાપ્ત કરવી અતિદુર્લભ છે. પરંતુ જ્યારે સદ્‌ગુરુની કરુણા થઇ જાય છે, ત્યારે તે દુર્લભ વસ્તુઓ પણ સુલભ બની જાય છે, તે નરનો નારાયણ બની જાય છે. એ અધિકારી મુમુક્ષુ સદ્‌ગુરુ મહાત્માનો કૃપાપૂર્ણ ઇશારો પ્રાપ્ત કરીને જીવતાં છતાં મડદું બની જાય છે. નિર્દ્વન્દ્વ, મસ્ત બની જવું, તે જ સંસારથી મરવું છે. કલ્પિત નામરૂપોની મિથ્યા દૃષ્ટિને ત્યાગીને, અંદરબહાર, અત્ર, તત્ર, સર્વત્ર પરમાર્થ-તત્ત્વના સતત અવલોકનની દિવ્ય આનંદમય, જ્યોતિર્મય, પાવન દૃષ્ટિ પ્રાપ્ત કરવી, તે જ મરીને જીવતા રહેવું છે.

જ્યારે હૃદયમાં તીવ્ર મુમુક્ષાનો ઉદય થાય છે, ત્યારે તે વિના વિલંબે પરમાર્થ તત્ત્વનો અપરોક્ષ અનુભવ પ્રાપ્ત કરી જ લે છે. જેવી રીતે, જ્યારે તીવ્ર ભૂખ લાગે છે, ત્યારે તે કોઈ પણ ઉપાયે ભોજન પ્રાપ્ત કરી જ લે છે, કદાચિત્ બીજો કોઈ બનાવનાર ન હોયતો તે પોતે સ્વયં બનાવવામાં પ્રવૃત્ત થાય છે. ઘરમાં ભોજનની સામગ્રી ન હોય, તો તેને માટે બજારમાં પણ દોડે છે. પૈસા વગેરે ન હોય, તો તેને માટે લજ્જાનો ત્યાગ કરીને ભીખ માંગવા પણ તૈયાર થઈ જાય છે. ક્ષુધાપીડિત માનવને

ભોજન વિના બીજું કાંઈ પણ કાર્ય કરવું ગમતું નથી. કોઈ તેને મશ્કરીમાં કહે કે-તું ભોજનની વાત જવા દે, અને તેને બદલે સુંદર સિનેમા જો, સરસ ગાયન સાંભળ, મોટરમાં બેસીને બગીચાની સૈર કર, અથવા એરોપ્લેનમાં બેસીને આકાશમાં ઉડ્ડયન કર. તેની તેવી વાતો સાંભળીને તે નાક તથા મ્હોં મચકોડશે, અને રોષભર્યા સ્વરે કહેશે કે-આગ લાગો તારા સિનેમામાં, અને ખાડમાં પડે તારું ગાયન. મને અત્યારે ભોજન સિવાય કશુંય સારું લાગતું નથી. મને માત્ર ભોજન જ જોઈએ છે, બીજું કશું નહિ. તે બધાથી તદ્દન ઉપરત બનીને, ભૂખ ભગાવવાની જ ચિંતા કરવા લાગી જાય છે. તે પ્રકારે જ્યારે હૃદયમાં તીવ્ર મુમુક્ષા જાગી ઊઠે છે, ત્યારે તે બધી વસ્તુઓથી તદ્દન ઉપરત બનીને મોક્ષલાભનાં-સાક્ષાત્કારનાં સાધનો સંપાદન કરવા માટે પ્રાણને હોડમાં મૂકીને લાગી જાય છે. કોઈપણ કાર્યમાં ઉત્સાહ તથા વિશ્વાસપૂર્વક પ્રાણ હોડમાં મૂકીને લાગી જવું, તે જ કાર્યની સફળતા છે.

એક આસ્તિક માણસ એક બ્રહ્મનિષ્ઠ મહાત્માની પાસે ગયો. અને તેણે મહાત્માને પ્રશ્ન કર્યો કે-ભગવન્! આપ કહો છો કે મુમુક્ષા સંપાદન કરો, મુમુક્ષુ બનો, મુમુક્ષુ બનશો એટલે તમે પરમ તત્ત્વનો અપરોક્ષ અનુભવ કરીને ભવબંધનથી મુક્ત બની શકશો. તો કૃપાનિધાન! કોઈ ઉદાહરણ દ્વારા સમજાવવાની કૃપા કરો કે મુમુક્ષા કેવી હોય છે, તેનું સ્વરૂપ કેવું હોય છે? મહાત્માજીએ કહ્યું-તેનું ઉદાહરણ કોઈક વખત અવસર આવશે ત્યારે બતાવીશું. પરંતુ અત્યારે તો કેટલી પ્રચંડ ગર્મી વરસી રહી છે; માટે ભાઈ, ચાલ, તું અમારી સાથે, શીતલ ગંગાસ્નાનનો આનંદ ઉઠાવ.

જ્યારે બંને ગંગાના ગહન જલમાં ઘુસીને સ્નાન કરવા

લાગ્યા, ત્યારે બલિષ્ઠ મહાત્માજીએ તેને પકડીને જલની અંદર દબાવ્યો. હવે તે જલમાં ખૂબ તરફડિયાં મારવા લાગ્યો, હાયતોબાહ મચાવવા લાગ્યો, જલની બહાર આવવા માટે પોતાની સમગ્ર શક્તિ ખરચવા લાગ્યો. મહાત્માએ પાંચ મિનિટ દબાવીને તેને છોડી દીધો. તે જલ્દી જલની બહાર મ્હોં કાઢીને, શ્વાસ લઈ ને, મહાત્માજીથી દૂર હઠી ગયો, અને પોતાની નાશજી પ્રગટ કરતો કહેવા લાગ્યો કે-અરે, મહારાજ! તમે આ શું કર્યું? આપનામાં શું તે સમયે કોઈ દૈત્યનો આવેશ તો ન હતો થયોને? હું બાલબચ્ચાંવાળો ગૃહસ્થ આદમી છું. વધારે વખત દબાવી રાખ્યો હોત, તો મારા પ્રાણ નીકળી જાત. આજકાલનો નવીન પ્રકાશનો નાસ્તિક માણસ હોત, તો તરત જ થાણામાં જઈ ને તે મહાત્મા પર પ્રાણહાનિના પ્રયત્નનો કેસ કરી દેત. પરંતુ તે પ્રાચીન સમયનો આસ્તિક, ધાર્મિક માણસ હતો. તેથી તે કેવળ એટલું કહીને જ ચુપ રહ્યો.

મહાત્માજીએ હસીને કહ્યું કે—મેં બીજું કશું નથી કર્યું. માત્ર તારા પ્રશ્નનો ઉત્તર આપ્યો છે, અને મુમુક્ષાને સમજાવવા માટે ઉદાહરણ ઉપસ્થિત કર્યું છે મહાત્માજીએ તેની જિજ્ઞાસાને શાન્ત કરવા ફરીથી કહ્યું કે-તારે ચુપચાપ ગંગાના પુનિત શીતલ જલમાં દબાયેલા પડી રહેવું હતું. તેમાંથી બહાર નીકળવા માટે આટલું જોર કરવાની શી જરૂર હતી? જલમાં શી વસ્તુની ખોટ હતી, કે જેને માટે તું આટલો તરફડતો હતો? તેણે કહ્યું-ભગવન્! ત્યાં પવન મળી શકતો ન હતો. તેથી હવા માટે હું તરફડિયાં મારતો હતો. તેને માટે જ આટલું તોફાન મચાવતો હતો. મહાત્માએ પૂછ્યું કે-શું તું ભગવાનને માટે તથા ભવબંધનમાંથી છૂટવા માટે એટલો તરફડાટ કોઈ દિવસ કરે છે? તેણે માથું હલાવીને, હાથ જોડીને, નમ્રતાપૂર્વક કહ્યું-ના,

ભગવન્! આવો તરફડાટ તો જીવનમાં કદી નથી કર્યો. મહાત્માએ કહ્યું-તેવું જ મુમુક્ષાનું સ્વરૂપ છે. એવી બેચેન બનાવનારી, તીવ્ર લગની લગાડનારી, મુમુક્ષાનો જ્યારે ઉદય થાય છે, ત્યારે તે અવશ્ય મુક્ત થઈ જાય છે, તથા પરમપદનો લાભ પ્રાપ્ત કરે છે. જ્યાં સુધી એવી મુમુક્ષા તથા ઉપરતિ પ્રાપ્ત થતી નથી, ત્યાં સુધી માનવ સંસારનાં ઇષ્ટાનિષ્ટ દ્વન્દ્વોમાં ફસાયેલો રહે છે, તથા અનેક પ્રકારના સંમોહોને પ્રાપ્ત કરીને સર્વદા સંતપ્ત બન્યો રહે છે. તેને કોઈ પણ દિવસ શાશ્વત શાન્તિ તથા સાચા આનંદનાં દર્શન થતાં નથી. હરિઃ ૐ તત્સત્.

(૨૮)

येषां त्वन्तगतं पापं जनानां पुण्यकर्मणाम् ।
ते द्वन्द्वमोहनिर्मुक्ता भजन्ते मां दृढव्रताः ॥ (७,२८)

પુણ્ય કર્મોનાં આચરણ કરનારા, જે મનુષ્યોનાં પાપ નષ્ટ થઈ ગયાં છે, તે રાગદ્વેષાદિ દ્વન્દ્વરૂપ મોહથી મુક્ત બનીને, અને દૃઢ વ્રત (નિશ્ચય વગેરે)વાળા બનીને મારું-પરમાત્માનું ભજન કરતા રહે છે.

ભગવાન શ્રીકૃષ્ણ અર્જુનને કહે છે કે-દ્વન્દ્વમોહથી કોણ નિર્મુક્ત બની શકે છે, અને દૃઢ વ્રતધારી બનીને મારું-ભગવાનનું કોણ ભજન કરી શકે છે. જેમનાં પુણ્ય કર્મો દ્વારા સમગ્ર પાપ નષ્ટ થઈ ગયાં છે, તેઓ જ પુણ્યકર્મવાન, પવિત્ર માણસો દ્વન્દ્વમોહથી વિમુક્ત બનીને, દૃઢ વ્રતવાળા થઈને, મારું ભજન કરી શકે છે. બીજા પાપપરાયણ લોકો દ્વન્દ્વમોહથી નિર્મુક્ત બની શકતા નથી, અને પ્રીતિ તથા એકાગ્રતાપૂર્વક ભગવાનનું ભજન પણ કરી શકતા નથી. જેમને ભગવાનમાં પ્રીતિ નથી,

ભગવાનનાં પાવન નામસ્મરણમાં રુચિ નથી, જે હોટેલ, સિનેમા તથા રેઈસમાં રુચિ રાખે છે, જેમને સત્સંગ તથા ભગવન્નામ સારાં લાગતાં નથી, આનંદ આપનાર ભગવદ્-ભજન જેમને દુ:ખપ્રદ માલમ પડે છે, તે મનુષ્યો પાપી છે.

જેવી રીતે જ્વરાગ્રસ્ત મનુષ્યને સ્વાદિષ્ઠ, ઉત્તમ ભોજનમાં રુચિ થતી નથી, કારણકે તેમાં જ્વર પ્રતિબંધક છે, તેવી રીતે સત્સંગ તથા ભજનમાં પાપ પ્રતિબંધક છે, તેમાં તે રુચિ કરવા દેતાં નથી. તેથી પાપોના વિનાશ માટે મનુષ્યે પુણ્યકર્મ કરવાં જોઈએ. પાપોને લઈને જ ભગવાનના ચિંતનમાં તન્મયતા થતી નથી, સત્સંગ સુધા સમાન સુસ્વાદુ લાગતો નથી, જ્ઞાનયજ્ઞમાં ઉપેક્ષા રહે છે. તેથી પુરાણોમાં મહર્ષિઓએ કહ્યું છે કે—

महापापवतां राजन् ज्ञानयज्ञो न रोचते।

હે રાજન્, મહાપાપી મનુષ્યોને જ્ઞાનયજ્ઞ રુચતો નથી.

જેવી રીતે ભોજનથી ક્ષુધાની નિવૃત્તિ થાય છે, અને જલપાનથી તરસની નિવૃત્તિ થાય છે, તેવી રીતે પુણ્ય કર્મોથી પ્રતિબંધક પાપકર્મોની નિવૃત્તિ થાય છે. માટે નિ:શ્રેયસાર્થી મનુષ્યે શરીરથી, વાણીથી તથા મનથી પુણ્ય કર્મો જ કરવાં જોઈએ. પુણ્યકર્મ તે છે, જેમને માટે બુદ્ધિની પ્રેરણા મળે, જે કરવાથી શિષ્ટ જન તથા શ્રીભગવાન પ્રસન્ન થાય, તથા પોતે જાતે પણ સંતોષ અનુભવે.

એ વાત સર્વત્ર યથાર્થ જોવામાં આવે છે કે-નિષિદ્ધ પાપકર્મો કરવાની બુદ્ધિની પ્રેરણા કોઈને મળતી નથી. હા, મૂઢ માનવ દૂષિત મનને વશીભૂત બનીને તેમને કરવા માટે તત્પર થાય છે, છતાં બુદ્ધિ તેને ભય, બદનામી, તથા દંડ ચોવીસે કલાક મૂર્તિમાન દેખાતી રહે છે. એક ચોર છે, દુરાચારી છે, ચોરી અને દુરાચાર કરતો રહે છે, પરંતુ તેમને કરવા માટે કદાપિ બુદ્ધિ પ્રેરણા આપતી નથી. ઊલટું તે હરસમય તેમનો વિરોધ કરતી

રહે છે. જેવી રીતે ભસ્મક રોગ (જેમાં ખાધેલું બધું તરત પચી જાય છે)નો રોગી ઉપર ઉપરથી મોટો તાજો-માજો દેખાય છે, પણ અંદર તે શક્તિહીન, અતિ શિથિલ બનતો રહે છે. તેવી રીતે નીચ મનુષ્યોની પાપકર્મો દ્વારા થનારી પ્રસન્નતા ઉપર ઉપરની તથા ક્ષણિક હોય છે અંદર તેને ગ્લાનિ, ભય, શોક વગેરે બન્યાં રહે છે. વાસ્તવિક તથા સ્થાયી પ્રસન્નતા તો પુણ્યકર્મો દ્વારા જ થાય છે, અને તેમને કરવા માટે જ ભીતરથી બુદ્ધિ સર્વને પ્રેરિત કરે છે.

બીજાનાં દુઃખો જાણવાં તથા તેમને યથાશક્તિ હઠાવવા માટે પ્રયત્ન કરવો, તે પુણ્યકર્મ છે. તેનાથી વિશ્વાન્તર્યામી ભગવાન પ્રસન્ન થાય છે. અને બીજાઓનું અહિત ચાહવું, કરવું, કહેવું તથા કષ્ટ આપવું-તે પાપ કર્મ છે. તેનાથી શ્રીભગવાન કુપિત થાય છે. તેથી જે વ્યક્તિ નિર્દ્વન્દ્વ બનીને, ભગવદ્-ભજન કરીને, શન્તિ પ્રાપ્ત કરવા ચાહે છે, તેને ભલા બનીને બીજાની ભલાઈ કરતા રહેવું જોઈએ. માટે જ વેદવ્યાસજીએ સમગ્ર પુરાણોના સારરૂપે ધર્મનો એ જ ઉપદેશ આપ્યો છે કે—

अष्टादशपुराणेषु व्यासस्य वचनं द्वयम् ।
परोपकारः पुण्याय पापाय परपीडनम् ॥

અઢારે પુરાણોમાં વ્યાસનાં સારરૂપે આ બે વચનો જ છે. પરોપકાર પુણ્ય ઉત્પન્ન કરે છે, અને બીજાઓને પીડા આપવાથી પાપ પેદા થાય છે. આ નિશ્ચયપૂર્વક સમજો. માનો કે આપણે કોઈનું ભલું કરી શકતા નથી, તો ઓછામાં ઓછું કોઈનું ખરાબ તો આપણે ન જ કરવું જોઈએ. એ જ માનવતાનો પુકાર છે. જે કોઈનું બૂરું ચાહતો નથી, બૂરું કહેતો નથી, કરતો નથી, તેનું કદાપિ બૂરું થતું નથી. અને જે કોઈનું ભલું ચાહતો નથી, કહેતો નથી, કરતો નથી, તેનું કદી ભલું થતું નથી. આ કુદરતનો નિયમ છે. જે કોઈ બીજાને દુઃખ દે છે, તે તેને જ દુઃખ આપે છે એમ નથી,

પણ તે સાથે સાથે પોતાને પણ દુઃખ આપી રહ્યો છે. તેવી જ રીતે જે કોઈ બીજાને સુખી કરે છે, તે તેને જ માત્ર નહિ, પણ પોતાનેયે સુખી કરી રહ્યો છે. જે કોઈ બીજાની નિન્દા કરે છે, તે તેની જ નહિ, પણ પોતાની પણ નિન્દા કરાવે છે. જેવું આપે છે, કરે છે, તેવું જ મેળવે છે. આ ઈશ્વરીય નિયમ છે સારું આપશો, કરશો, તો સારા બનશો. સારું પામશો, બૂરું આપશો, કરશો, તો બૂરા બનશો, બૂરું પામશો. આ હાથે દેવું, અને બીજા હાથે લેવું. જેવી રીતે પરોપકારમાં સ્વ-ઉપકાર રહેલો છે, તેવી રીતે પર-અપકારમાં પણ સ્વ-અપકાર રહેલો છે. માનવ સ્વભાવથી જ બીજા પાસેથી પોતાના ઉપકારની ઈચ્છા રાખે છે, અપકારની નહિ. તે ઈચ્છાની સફળતા માટે પણ તેણે પરોપકાર જ કરવો જોઈએ, પર-અપકાર નહિ.

તેથી અમારા ત્રિકાલદર્શી મહર્ષિઓએ માનવસમાજને પોતાના તથા પારકાના અભ્યુદય માટે પ્રતિદિન પુણ્યકર્મરૂપ પંચ મહાયજ્ઞ કરવાનો આદેશ આપ્યો છે. પંચ મહાયજ્ઞો આ છે- ઋષિયજ્ઞ, દેવયજ્ઞ, પિતૃયજ્ઞ, મનુષ્યયજ્ઞ તથા ભૂતયજ્ઞ. ઋષિ, દેવ, પિતૃ, મનુષ્ય તથા ભૂતપ્રાણી-આ પાંચરૂપે શ્રીભગવાન આપણને આ વિશ્વમાં સદા સર્વત્ર પ્રત્યક્ષ દર્શન આપી રહ્યા છે. દૈવી ગુણવાળા, તત્ત્વદર્શી ઉચ્ચ કોટિના મહાપુરુષો વિશ્વહિતૈષી જનો ઋષિ કહેવાય છે. સૂર્ય, ચંદ્ર, વાયુ, અંતરિક્ષ વગેરે સર્વ દેવો છે. નિરુક્તમાં કહ્યું છે કે-**द्योतनाद् दानाद् वा देवो भवति।** અર્થાત્ જે દ્યોતન કરે તથા અભીષ્ટ અર્થનું દાન કરે, તે દેવ છે. સૂર્યાદિ દેવોનું દ્યોતન તથા દાન વિશ્વપ્રસિદ્ધ છે. તે ઋષિઓની પેઠે ખૂબ ઉપકારી છે. આપણા શરીરોમા પણ તે દેવોની સત્તા છે. નેત્રોમાં સૂર્ય છે, જિહ્વામાં અગ્નિ તથા વરુણ છે, નાસિકામાં અશ્વિનીકુમાર છે વગેરે. **पालनात् पिता**-અર્થાત્ જે ઉત્પત્તિથી,

અન્નથી, વસ્ત્રથી, વિદ્યાથી પાલન કરે, તે પિતા છે. તેવા પિતા, જનની, જનક, ગુરુ વગેરે અનેક છે. ઋષિ, દેવ તથા પિતર દૃષ્ટ પણ છે, તેમ જ અદૃષ્ટ પણ છે. આ સર્વ રૂપોમાં આપણે ભગવાનની જ ભાવના રાખીને, યજ્ઞો દ્વારા તેમનું પૂજન કરીએ છીએ. આ રૂપોથી ભગવાન આપણી સામે પ્રત્યક્ષ છે. મનુષ્ય તથા ભૂતપ્રાણી પણ શ્રી ભગવાનનાં જ પ્રત્યક્ષ રૂપ છે. ઉચ્ચાવચ (ઊંચાં તથા નીચાં) અખિલ પ્રાણી માત્રના હૃદયમાં ચિદાત્મા—ભગવાનનો નિવાસ છે. ભગવાન ક્યાં નથી? સર્વત્ર છે. જ્યાં જુવો ત્યાં છે. જરા વિચારો અને સૂઝશે. તેને માટે જ્ઞાનચક્ષુ જોઈએ.

વેદ, ગીતા, ઉપનિષદ્ વગેરે સદ્ગ્રંથોનો પ્રતિદિન સ્વાધ્યાય કરવાથી તથા તેમનું વિશિષ્ટ વ્યક્તિ દ્વારા પ્રવચન સાંભળવાથી ઋષિરૂપે શ્રીભગવાન આપણા ઉપર પ્રસન્ન થાય છે. તેથી અમારા અતિમન્ય વેદોનો આદેશ છે કે—**स्वाध्यायप्रवचनाभ्यां न प्रमदितव्यम्।** (તૈ૦ ઉ. ૧, ૧૧, ૧) અર્થાત્ સ્વાધ્યાય તથા પ્રવચનમાં કદાપિ પ્રમાદ કરવો જોઈએ નહિ. જેવી રીતે માનવ અન્નજલમાં કદાપિ પ્રમાદ કરતો નથી, એક દિવસ માટે પણ તેમના વગર ચલાવી લેતો નથી, તે નિશ્ચયપૂર્વક સમજે છે કે—શરીરસ્થિતિ માટે અન્નજલ આવશ્યક છે, અતિ ઉપયોગી છે. તેવી રીતે દિવ્ય જીવનને માટે સ્વાધ્યાય તથા પ્રવચન આવશ્યક—છે, અતિ ઉપયોગી છે. તેમના દ્વારા પ્રાકૃત દુઃખમય જીવનનો ધ્વંસ તથા દિવ્ય આનંદમય જીવનનું નિર્માણ થાય છે, પોતે સારા બનીને બીજાને સારા બનાવી શકાય છે. તથી સ્વાધ્યાય તથા પ્રવચન પુણ્ય કર્મ છે. તેમની દ્વારા પાપોનો પ્રલય થાય છે. માટે સમજદાર માણસે તેમનો કદી ત્યાગ ન કરવો જોઈએ. ઊલટું પોતે જાતે તેમાં પ્રવૃત્ત રહીને બીજાઓને પણ પ્રવૃત્ત કરવા જોઈએ. વળી સેવા—સત્કારથી તથા સ્વાધ્યાય વગેરેથી ભગવત્સ્વરૂપ ઋષિઓના આપણને શુભ આશીર્વાદ પણ પ્રાપ્ત થાય છે. આ પ્રકારે ઋષિયજ્ઞ

આપણા જીવનના અભ્યુદય માટે આવશ્યક પુણ્ય કર્મ છે. તેથી તેને નિયમપૂર્વક કરવો જોઇએ.

આ પ્રમાણે દેવયજ્ઞ પણ પ્રતિદિન કરવો જોઈએ. હોમ કરવો, અર્થાત્ વેદમંત્રો દ્વારા શ્રદ્ધાપૂર્વક શુદ્ધ ઘૃત વગેરેની અગ્નિમાં આહુતિ આપવી, તે દેવયજ્ઞ છે. તેનાથી દેવગણ સંતુષ્ટ થાય છે. શુદ્ધ વાયુ મંડળનું નિર્માણ થાય છે. સાથે સાથે અનેક-વિધ રોગોના ફેલાયેલા કીટાણુઓનો પણ નાશ થાય છે. સંતુષ્ટ દેવ વૃષ્ટિ વગેરે દ્વારા આપણને અનેકવિધ ભોગો સમર્પણ કરે છે. તેથી શ્રીભગવાન ગીતામાં કહે છે કે–

देवान्भावयतानेन ते देवा भावयन्तु वः।
इष्टान् भोगान्हि वो देवा दास्यन्ते यज्ञभाविताः॥

યજ્ઞ દ્વારા તમે લોકો દેવતાઓને સંતુષ્ટ કરો, અને તે દેવલોક તમને સંતુષ્ટ કરે. યજ્ઞ દ્વારા સંતુષ્ટ થયેલા દેવો તમારે માટે પ્રિય ભોગોનું દાન કરશે. આ પ્રકારે દેવયજ્ઞ દ્વારા દેવોની તથા પ્રાણી માત્રની અભ્યુન્નતિ થાય છે. તેથી દેવયજ્ઞ પણ પાપ-પ્રધ્વંસક પુણ્યકર્મ છે. સેવા, શ્રાદ્ધ, તર્પણ–એ પિતૃયજ્ઞ છે. જીવિત માતાપિતાની સેવા, સત્કાર તથા આજ્ઞાપાલન અવશ્ય કરવાં જોઈએ. તેમની આજ્ઞાનું ઉલ્લંઘન કરીને, તેમના દિલને કદી દૂભવવું જોઈએ નહિ. આ વિષયમાં ભગવાન શ્રીરામે માનવસમાજ સમક્ષ કેટલો ઊંચો, પ્રશસ્ત, આદર્શ ઉપસ્થિત કર્યો હતો? મરેલા પિતૃઓને પણ શ્રાદ્ધ–તર્પણ દ્વારા પ્રસન્ન રાખવા જોઈએ. જેવી રીતે જ્ઞાનનો ખજાનો આપીને ઋષિઓએ તથા વિવિધ ભોગો આપીને દેવોએ આપણા ઉપર મહાન ઉપકાર કર્યો છે, તેવી રીતે પિતૃઓએ પણ આપણા ઉપર મહાન ઉપકાર કર્યો છે. તેથી આ યજ્ઞરૂપ પુણ્ય કર્મોદ્વારા તેમને સંતુષ્ટ કરીને આપણે ઉપકારનો બદલો ચૂકાવવો જોઈએ, કૃતજ્ઞ થવું જોઈએ. કૃતઘ્ન

નહિ. કૃતઘ્નતા બહુ મોટું પાપ છે. પરંતુ આજકાલના ઉચ્છૃંખલ, અસંસ્કારી લોકો મોટે ભાગે યજ્ઞોની ઉપેક્ષા કરીને કૃતઘ્ન જ બની રહ્યા છે. મજાકની ખાતર તેઓ કહે છે કે–વાહ રે વાહ! અમે અમારા ઢંગનો યજ્ઞ બરાબર કરી રહ્યા છીએ. સવારમાં પથારીમાંથી ઊઠતાં વેંત જ બેચાર સમાચારપત્રો વાંચી લઈએ છીએ, તે અમારો ઋષિયજ્ઞ છે. ચિરુટ તથા સિગારેટોનો ધૂમાડો કાઢીને અમે અગ્નિહોત્ર કરીએ છીએ, તથા ચા અને વિષકૂટ (બિસ્કૂટ) ખાઈને અમે પેટરૂપી પિતૃનું તર્પણ કરીએ છીએ. આ પેટ પણ સમગ્ર શરીરનું પાલન કરે છે, તેથી તે પિતર છે. આ તો તેમની ઉટાંગ–પટાંગ વાતો છે. તેમની સર્વથા ઉપેક્ષા કરવી જોઈએ.

ચોથો મનુષ્ય યજ્ઞ છે. અતિથિ સત્કાર, સેવા, દાન વગેરે દ્વારા મનુષ્ય યજ્ઞ સિદ્ધ થાય છે. આપણા દ્વાર પર કોઈ પણ ભૂખ્યો અતિથિ આવ્યો હોય–પછી તે સજાતીય હોય કે વિજાતીય, દેશીય હોય કે વિદેશીય, સારો હોય કે ખરાબ, તેને કદી પણ નિરાશ કરવો જોઈએ નહિ. પોતાની શક્તિ અનુસાર તેનામાં વિષ્ણુ–સ્વરૂપની ભાવના કરીને, તેને કંઈક ખવરાવી–પીવરાવીને સંતુષ્ટ કરવો જોઈએ. મનુષ્ય પર મનુષ્યોનો કેટલો ઉપકાર છે–તેનો આપ વિચાર કરો. આપની સામે ભોજનની થાળી આવે છે. તેમાં કોઈ પણ પ્રકારની ખાદ્ય સામગ્રી રાખવામાં આવી છે. શું તે સમગ્ર સામગ્રી આપના એકલાના જ પ્રયત્નથી બની છે? કદાપિ નહિ. તેના નિર્માણમાં સેંકડો નહિ–હજારો મનુષ્યોનો સહયોગ પ્રાપ્ત થયો છે. કેટલાયે મનુષ્યોએ ખેતરને બહુ જ પરિશ્રમ લઈને અન્નના ઉત્પાદન માટે યોગ્ય બનાવ્યું હશે. કોઈકે તેમાં બીજ વાવ્યું, કોઈકે જલનું સિંચન કર્યું, કોઈકે રક્ષણ કર્યું, કોઈકે ફસલ કાપી, કોઈકે અનાજ કાઢ્યું વગેરે. તેથી મનુષ્યમાત્રનો તે પોતાની સામગ્રીમાં કંઇ ને કંઈ હિસ્સો

અવશ્ય છે. તેથી તેને અતિથિ મનુષ્યને આપીને મનુષ્યના ઋણમાંથી મુક્ત થવું જ જોઈએ. તેથી આપણાં શાસ્ત્રોમાં અતિથિ–સત્કારનું ખૂબ મહત્ત્વ બતાવ્યું છે. રૂપિઆ–પૈસા વગેરે આપવામાં તો પાત્રાપાત્રનો વિચાર અવશ્ય કરવો પડે છે. પરંતુ ભોજનના તો સર્વ અધિકારી માન્યા ગયા છે. સર્વના શરીરમાં વૈશ્વાનરરૂપે ભગવાન વિરાજે છે. તેથી કોઈ પણ ભૂખ્યા અતિથિને ભોજન આપવું, તે ભગવાનનું જ પૂજન છે.

પશુ, પક્ષી, કીટ વગેરે પ્રાણીઓની પણ યથાશક્તિ સેવા કરવી જોઇએ. अनेकरूपरूपाय विष्णवे प्रभविष्णवे । ભગવાનનાં અનેકરૂપ છે, તે જ વિશ્વમાં વિવિધ રૂપોએ પ્રગટ થઈને આપણી સન્મુખ દર્શન આપી રહ્યા છે. અને તે પશુ વગેરે પ્રાણીઓ પણ આપણાં સહચારી છે, ઉપકારી છે, આપણી પેઠે તેઓ પણ ઘરમાં અભિમાન રાખે છે. એક સાધુ મહાત્મા કોઇના મકાન પર પહોંચ્યા. ત્યાં એક વિદુષી સ્ત્રી ખડી હતી. મહાત્માજીએ તેને પૂછયું. આ મકાન કોનું છે? સ્ત્રીએ કહ્યું–ઈંટોનું, પત્થરનું, ચૂનાનું વગેરેનું. મહાત્માએ પૂછયું. આનો અભિમાની કોણ છે? સ્ત્રીએ કહ્યું–તેના અભિમાની પણ બહુ છે. કબૂતર, કૂતરાં, બિલાડાં, કીડી વગેરે પણ માને છે કે–આ ઘર મારું છે. તે કોનું છે, તેની ખબર પડતી નથી. તાત્પર્ય એ છે કે–આ સમીપ રહેનારાં પ્રાણીઓનું પણ ઘરમાં મમત્વ છે. તેથી તેમને પણ ઘરની કંઈક ઉચિત સામગ્રી મળવી જ જોઇએ.

દાનનું બહુ મહત્ત્વ છે. આપ્યું છે, તેથી આપણને મળ્યું છે. જેમણે નથી આપ્યું, તેઓ કંગાલ–દરિદ્ર જ જોવામાં આવે છે. તેથી આપણે યથાશક્તિ દાન કરવું જ જોઇએ. વેદ ભગવાનનો આદેશ છે કે—

शतहस्त समहर, सहस्रहस्त संकिर। (અથર્વ. ૩,૨૪,૫)

હે માનવ, સેંકડો હાથોના ઉત્સાહ તથા શ્રમથી તું ધન કમા, અન્નાદિ પદાર્થોનું ઉત્પાદન કર, અને હજારો હાથોની ઉદારતાથી તું તેનો સદુપયોગ કર, અન્નાદિ પદાર્થોનું વિતરણ કર. અન્યત્ર પણ કહ્યું છે કે—

'न्यायोपार्जितवित्तस्य दशमांशेन धीमता।
कर्तव्यो विनियोगश्च ईशप्रोत्यर्थमेव च॥'

નીતિથી કમાયેલા ધનનો દશમો ભાગ, ૧૦૦ માંથી ૧૦ રૂપીઆ ભગવાનની પ્રસન્નતા માટે ધર્મકાર્યમાં વાપરવા જોઈએ, તેના દ્વારા પ્રાણીમાત્રની સેવા કરવી જોઈએ, દરિદ્ર નારાયણોને સંતુષ્ટ કરવા જોઈએ.

'भीतेभ्यश्चाभयं देयं, व्याधितेभ्यस्तथौषधम्।
देया विद्यार्थिनां विद्या, देयमन्नं क्षुधातुरे॥'

ભયભીતોને અભય, રોગીઓને ઔષધ, વિદ્યાર્થીઓને વિદ્યા, તથા ક્ષુધાતુરોને અન્ન આપવું જોઈએ.

'तन' पवित्र सेवा किये, 'धन' पवित्र कर दान।
'मन' पवित्र हरि भजन कर, होत त्रिविध कल्याण॥
जलसे यदि नौका भरी, धनसे भरा यदि धाम।
दोनों हाथ ऊलेचिये, तब होगा विश्राम॥

માટે-વિચારવાન પુરુષ ધનાદિ પદાર્થોમાં બહુ મમતા ન રાખે. વિચાર કરતાં જણાશે કે-મનુષ્ય કેવલ બે રોટલીનો અને સાડા ત્રણ હાથ જમીનનો જ માલિક છે. તેનાથી વધારે પદાર્થ જો આપણી પાસે હોય, તો તેની મમતા છોડી દેવી જોઈએ, અને જેમને તેની આવશ્કતા છે, તેમને તે હર્ષપૂર્વક આપવા

જોઈએ. તેથી શ્રીમદ્ ભાગવતમાં શ્રીબાદરાયણ મુનિએ ધર્મમય, ઉદાર, સામ્યવાદનું આ પ્રકારે વર્ણન કર્યું છે કે—

'यावता भ्रियते जठरं तावत्स्वत्वं हि देहिनाम्।
अधिकं योऽनुमन्येत स स्तेनो दण्डमर्हति ॥'

જેટલાથી પેટ ભરાઈ જાય, તેટલામાં જ દેહધારીઓનું સ્વત્વ છે, અર્થાત્ એટલું જ 'મારું છે' એમ તેઓ માની શકે છે. તેનાથી વધારે ધન, ધાન્ય વગેરે સામગ્રીઓને 'મારી મારી' કહીને, તેમાં આસક્તિ રાખીને, જે તેમના અર્થીઓને આપતો નથી, તે વિશ્વરૂપ ભગવાનનો ચોર છે. તેને પ્રકૃતિ દ્વારા કોઈને કોઈ રૂપે દંડ અવશ્ય મળવો જોઈએ. તેથી આપણી પાસે વધારે અન્ન હોય, તો તે ભૂખ્યાંને અવશ્ય આપતાં રહેવું જોઈએ; અધિક ભૂમિ હોય તો તે ભૂમિહીન ગરીબોને વહેંચી આપવી જોઈએ; અધિક બલ હોય, તો તેનો દેશની-સમાજની રક્ષા માટે વિનિયોગ કરવો જોઈએ; અધિક સંપત્તિ હોય, તો સમાજના અભ્યુદય માટે, દેશની આર્થિક અભ્યુન્નતિ માટે તથા દેશવાસીઓની અનેકવિધ ભલાઈ માટે તેનું વિતરણ (દાન) કરતા રહેવું જોઈએ. તેથી વર્તમાન સમયમાં દેશના માનનીય નેતાઓ દ્વારા જે ભૂમિદાન યજ્ઞ, શ્રમદાન યજ્ઞ, સંપત્તિદાન યજ્ઞ, વગેરે અનેકવિધ શુભ કાર્ય —સ્વતંત્ર ભારતના અભિનવ, પ્રશસ્ત નિર્માણ માટે—કરવામાં આવી રહ્યાં છે, તે સર્વ શાસ્ત્રાનુમોદિત તથા પ્રશંસનીય પુણ્ય કર્મો છે. તેમાં સર્વેએ પ્રવૃત્ત થવું જ જોઈએ. તેમના દ્વારા વિશ્વરૂપ ભગવાનની પ્રસન્નતા પ્રાપ્ત થાય છે, સંસારનો દ્વન્દ્વમોહ દૂર થાય છે; ત્યાગ, વૈરાગ્ય તથા પ્રેમના શુભ ભાવો પ્રગટ થાય છે અને આપણે નિર્દ્વન્દ્વ બનીને ભગવદ્-ભજન પણ કરી શકીએ છીએ. માટે તૈત્તિરીય ઉપનિષદ્માં કહ્યું છે કે-

'श्रद्धया देयं, अश्रद्धयाऽदेयं, श्रिया देयं,
ह्रिया देयं, भिया देयं, संविदा देयम् ।'

(૧,૧૧)

શ્રદ્ધાપૂર્વક આપવું જોઈએ, અશ્રદ્ધા પૂર્વક નહિ. પોતાના ઐશ્વર્ય અથવા સામર્થ્ય અનુસાર દાન કરવું જોઈએ. લોકલજ્જા માટે પણ આપવું જોઇએ, પરલોકાદિના ભયથી પણ આપવું જોઈએ. સંવિત્ અર્થાત્ મૈત્રી, દેશાભ્યુદય, દીન, હીન જનોના રક્ષણ આદિ શુભ કાર્યના નિમિત્તે પણ દેવું જોઇએ. તેથી શાસ્ત્રોમાં કહ્યું છે કે–

'अनुकूले विधौ देयं, यतः पूरयिता हरिः।
प्रतिकूले विधौ देयं, यतः सर्वं हरिष्यति॥

પ્રારબ્ધ અનુકૂળ છે, તો પણ યથાશક્તિ દાન કરવું જોઇએ, કારણ કે દાન દેવાથી શ્રીહરિ ભંડાર ભરપૂર રાખશે, કદી ખોટ નહિ આવવા દે. જો પ્રારબ્ધ પ્રતિકૂળ છે, તો પણ દાન આપવું જોઇએ, કારણ કે પ્રતિકૂળ પ્રારબ્ધ જે કંઈ છે તે સર્વ હરી લેશે. માટે તેના કરતાં તો પરોપકાર વગેરે શુભ કાર્યમાં દાન આપીને પુણ્ય કમાવું તે સારું છે; તેમાં લાભ છે.

'अदाता पुरुषस्त्यागी, धनं संत्यज्य गच्छति।
दातारं कृपणं मन्ये मृतोऽप्यर्थं न मुञ्चति॥'

વ્યાસ સ્મૃતિમાં વિલક્ષણ ઢંગથી દાનની પ્રશંસા તથા અદાનની નિંદાનો અભિપ્રાય રાખીને આ પ્રકારે કહ્યું છે કે—

દાન નહિ આપનારો 'ત્યાગી' (નિંદાના અર્થમાં) મનાય છે, કારણ કે તેને પ્રિય ધન છોડીને એક દિવસ વહેલું કે મોડું અહીંથી ખાલી હાથે જવું જ પડે છે. ઇચ્છા હોય તો પણ તે એક કોડી યે સાથે લઈ જઈ શકતો નથી અને દાન નહિ કરવાથી

તેણે પુણ્યનો પણ ત્યાગ કરી દીધો છે. અને પુણ્ય વિના જન્માંતરમાં પુણ્યજન્ય સુખસંપત્તિનો પણ તેણે ત્યાગ જ કર્યો છે. આ પ્રકારે તે દાનવિમુખ માણસ પૂરો ત્યાગી બની જાય છે. અને જે દાન કરે છે તે કૃપણ (પ્રશંસાના અર્થમાં) બની જાય છે. કારણ કે મર્યા પછી પણ તે ધનાદિને છોડતો નથી. અર્થાત્ દાન દ્વારા પુણ્ય પ્રાપ્ત કરે છે. અને પુણ્ય દ્વારા આપેલા ધનાદિ કરતાં અનેકગણું વધારે ધન જન્માંતરમાં પ્રાપ્ત કરી લે છે. આ પ્રકારે તે દાતા ધનાદિનો ત્યાગ કરતો નથી, પરંતુ દશને બદલે સોનો સંચય કરે છે. તેથી તે કૃપણ જેવો કહેવામાં આવ્યો છે.

કેટલાક લોકો જન્માંતરમાં માનતા નથી, પૂછે છે કે- જન્માંતરમાં શા માટે માનવું? તેમાં શું પ્રમાણ છે? પરંતુ તેનો ઉત્તર સહજ છે. જીવોની વિવિધ સુદૃઢ ઇચ્છાઓ, અતૃપ્ત વાસનાઓ જ જન્માંતરમાં પ્રમાણ છે. એ તો સર્વના પ્રત્યક્ષની વાત છે કે-આ મનીરામ પોતાના હૃદયમાં અનેક પ્રકારની કામનાઓની જાળ બિછાવીને બેઠું છે. જ્યાં કંઈ તે સુખ, સૌન્દર્ય જુવે છે, ત્યાં જ તે લટ્ટુ બની જાય છે, તેનું જ તે ચિંતન કરવા માંડે છે. તેથી જ તેને વિવિધ યોનિઓમાં ભટકવું પડે છે. તેની આ ઇચ્છાઓ-વાસનાઓ નિષ્ફળ જતી નથી, ફલરૂપે કર્મ અનુસાર તેને ચાહના પ્રમાણે વાસનાઓની તૃપ્તિ માટે જન્માંતર મળે છે. જો તેની ઇચ્છાઓ સમાપ્ત થઈ જાય, તો જન્માંતર પણ સમાપ્ત થઈ જાય, તરત જ મોક્ષ-લાભ મળે. માટે અમારી અતિધન્ય શ્રુતિ પણ કહે છે કે-

'यदा सर्वे प्रमुच्यन्ते कामा येऽस्य हृदि श्रिताः।
अथ मर्त्योऽमृतो भवति, अत्र ब्रह्म समश्नुते॥'

(ક. ઉ. ૨,૬,૧૪)

જ્યારે આ જીવના હૃદયમાં રહેલી કામનાઓનો વિધ્વંસ

થઇ જાય છે, ત્યારે આ મર્ત્ય અમૃત બની જાય છે, અહીં જ બ્રહ્મને પ્રાપ્ત કરી લે છે. અર્થાત્ તેને જન્માન્તરના ચક્રમાંથી મુક્તિ મળી જાય છે.

તેથી ગીતામાં શ્રીભગવાને જન્માંતરમાં પણ અભ્યુદયની પ્રાપ્તિ માટે તથા ક્રમશઃ પાપપ્રણાશ, સત્ત્વશુદ્ધિ વગેરે દ્વારા નિઃશ્રેયસ–મોક્ષ મેળવવા માટે યજ્ઞ, દાન, તપ વગેરેરૂપ પુણ્યકર્મ કરવાનો જ આદેશ આપ્યો છે.

'यज्ञदानतपःकर्म न त्याज्यं कार्यमेव तत्।
यज्ञो दानं तपश्चैव पावनानि मनीषिणाम्॥
(૧૮,૫)

યજ્ઞ, દાન તથા તપરૂપ પુણ્યકર્મ ત્યાગવા યોગ્ય નથી, કિંતુ તેમને નિઃસંદેહ કરવાં જ જોઈએ. કારણકે યજ્ઞ, દાન તથા તપ-આ ત્રણેય–બીજાઓની તો શી વાત?–પણ વિદ્વાન પુરુષોને પણ પવિત્ર કરનાર છે.

તેથી જ જ્ઞાનયોગીના વિષયમાં પણ એવું જ કહ્યું છે કે—

'न कर्माणि त्यजेद् योगी, कर्मभिस्त्यज्यते ह्यसौ।'

જ્ઞાનયોગીએ જાણીબુજીને યજ્ઞાદિ પુણ્યકર્મોનો ત્યાગ ન કરવો જોઈએ, પણ એવી ભૂમિકારૂઢ, મસ્ત, આનંદમયી દશાને પ્રાપ્ત કરવી જોઈએ કે કર્મ આપોઆપ જ તેને ત્યજી દે, કર્મ કરવાનું તેને ભાન જ ન રહે. ફળને વૃક્ષ પરથી તોડીને અલગ ન કરવું જોઈએ, પણ તે પાકીને જાતે જ ભલે વૃક્ષ પરથી ટૂટીને અલગ થઈ જાય. તોડવાથી ફળ કાચું તથા ખાટું રહે છે, પાકીને પોતે જ ગરી પડે છે ત્યારે તેમાં સુસ્વાદુ, પ્રશસ્ત રસનું નિર્માણ થાય છે. તેવી રીતે જ્ઞાનયોગી યજ્ઞાદિ પુણ્યકર્મો દ્વારા પાવનતાની ઉત્કૃષ્ટ, ઉન્મની ભૂમિકામાં જ્યારે આરૂઢ થાય છે, ત્યારે કર્મ જાતે

જ છૂટી જાય છે, અને તે યોગી પૂર્ણું બ્રહ્માનંદ-અદ્વય-મય બની જાય છે.

જ્યારે સિદ્ધ યોગીને માટે હોશ રહેવા સુધીનું પ્રયોજન ન રહે ત્યારે પણ લોકસંગ્રહ માટે પુણ્ય કર્મ કરવાનો આદેશ શાસ્ત્રોએ આપ્યો છે. તો સાધક–મુમુક્ષુ માટે શાસ્ત્ર પાપનો પ્રણાશ વગેરે અનેક પ્રયોજનો માટે શુભ કર્મ કરવાનો આદેશ આપે–તેમાં તો કહેવું જ શું ? માટે યજ્ઞયાગાદિ પુણ્ય કર્મો અવશ્ય કરવાં જોઈએ. પુણ્યકર્મ દ્વારા જ અનેકવિધ સિદ્ધિઓની પ્રાપ્તિ થાય છે, અને સંકટોમાંથી મુક્તિ વગેરે વિવિધ લાભો પણ પ્રાપ્ત થાય છે. આ વિષયમાં આપને આપણાં ઈતિહાસ-પુરાણોમાંથી અનેક પ્રકારનાં ઉદાહરણો મળશે.

રાજા રંતિદેવ જ્ઞાનવાન, ભક્ત તથા બહુ ઉદાર વિશાલ હૃદયવાળા હતા. સર્વમાં તે ભગવાનનાં જ દર્શન કરતા હતા. તેમની પાસેથી કોઈ કશું માગતો, તો તે તેને તે વસ્તુ તરત જ આપી દેતા. આ અતિ–ઉદારતાને કારણે તેમના નાનાભાઈ ગુરુએ તેમની પાસેથી સમગ્ર રાજ્ય માગી લીધું. રંતિદેવે પ્રસન્નતાપૂર્વક તેને રાજ્ય આપી દીધું. નાનાભાઈએ રંતિદેવના નિર્વાહ માટે માસિક વૃત્તિ બાંધી આપી. જેમ જ્યાં સાકર હોય છે, ત્યાં બોલાવ્યા વિના જ કીડીઓ સ્વતઃ પહોંચી જાય છે, તેવી રીતે જ્યાં ઉદાર મનવાળો દાતા હોય છે, ત્યાં યાચકો પણ જાતે જ પહોંચી જાય છે. માસિક વૃત્તિમાંથી પણ જેણે જે કાંઈ માગ્યું, તે તેને આપી દીધું. નાનાભાઈએ વધારે આપ્યું, તો તેને પણ વહેંચી દીધું. જેટલું મળે, તેટલું આપી દે. નાનાભાઈએ સમજાવ્યા કે–વહેંચી દેવાથી તો વિત્તાધિપતિ કુબેરનો પણ ખજાનો ખાલી થઈ જાય. આ તો રાજકોષ છે. અમે ક્યાં સુધી આપને આપતા રહીએ ? પરંતુ વિશાલ હૃદયવાળા રાજા રંતિદેવને એવી ટેવ જ

પડી ગઈ હતી. આદત એવી જ હોય છે, પછી તે સારી હોય કે ખરાબ, તે છોડાવી છૂટતી નથી. એક દિવસ તેમને એક મહીનાનો સામાન મળ્યો. એક યાચકે તે માગી લીધો. તરત જ તેમણે તે આપી દીધો. હવે તેમની પાસે ખાવા માટે કશું જ ન રહ્યું. ઉપવાસ શરૂ થયા. હવે નાનાભાઈએ વધારે આપવાનું બંધ કર્યું હતું. ભક્ત રાજા રન્તિદેવ શરીરની બાબતમાં પાકા પ્રારબ્ધવાદી હતા, પણ મનની બાબતમાં દૃઢ પુરુષાર્થનિષ્ઠ હતા. મનથી તે નિર્દ્વન્દ્વ બનીને સદા અચ્યુત, પૂર્ણાદ્વય, પરમાત્માનું જ ચિંતન કરતા રહેતા હતા. જેવું પ્રારબ્ધ હશે, તેવું શરીર રહેશે. ભાગ્ય અનુસાર જ સર્વ પ્રાણીઓને સુખદુ:ખ મળ્યા કરે છે. ભક્તપ્રવર નરસિંહ મહેતાની પેઠે તે કહેતા હતા કે—

सुख दुःख मनमां न आणिये, घट (शरीर) साथे रे घडियाँ।
टाल्यां ते कोईनां नव टले, रे रघुनाथनां जडियाँ॥

તેથી તેમના હૃદયમાં બહુ વૈરાગ્ય હતો, સંતોષ હતો, શાન્તિ હતી, દૃઢ નિશ્ચય હતો કે–આ સંસાર પક્ષીઓનો મેળો છે. માનવ એકલો આવ્યો છે, અને એકલો જ જાય છે.

यह चमन (संसार–बगीचो) यूंही चलेगा, और हजारो पक्षीगण,
अपनी अपनी बोलियां, सब बोल कर उड जायेंगे।
हंसते हंसते कट गई, या रोते रोते कट गई,
चार दिनकी जिंदगी, तकलीफ क्या? आराम क्या?

ભાગ્યની વાત વિલક્ષણ હોય છે. દાણા દાણા પર, બિંદુ બિંદુ પર, તથા તંતુ તંતુ પર ભોક્તાઓનાં નામ લખેલાં છે. કોઈ શેઠનો આંબાનો બગીચો છે. તેમાં સુંદર સ્વાદિષ્ઠ ફળ લાગેલાં છે. પરંતુ તેનો અભિમાની શેઠ તે ફળોને ખાઈ શકતો નથી. વૈદ્યે મના કરી છે કે–જો તું કેરી ખાઇશ, તો તને અમુક રોગ

થશે, અને તારે અમુક કષ્ટ ભોગવવું પડશે. તે બિચારો ખાઈ શકતો નથી. મનને મારીને રહે છે. કોઈ મુસાફર આવે છે, તો કેરી તોડીને ખાય છે અને પાણી પીને ચાલ્યો જાય છે. જેના ભાગ્યમાં જે હોય છે, તેને તે જ મળે છે; નથી હોતું તે જોર કરવાથી પણ નથી મળતું.

રાજા રંતિદેવને કેટલાય દિવસોના ઉપવાસ થયા. ભાઈએ પણ આપવાની ના પાડી. છતાં તે ધૈર્યપૂર્વક, આનંદપૂર્વક ભગવદ્-ભજન કરતા જ રહ્યા. કહે છે કે–આ પ્રકારે તેમને ૪૦ દિવસ વીતી ગયા, શરીર બહુ જ શિથિલ બની ગયું, અધમૂવા જેવી દશા થઈ ગઇ. સ્ત્રી, પુત્રો વગેરે પણ શાન્તિ રાખીને ભગવાનનું સ્મરણ કરતાં હતાં. જેવી રીતે ચંદન સાથે રહેવાથી લીંબડો પણ સુગંધિત બને છે, તેવી રીતે તેમનો પરિવાર પણ એવો જ સારો, કષ્ટસહિષ્ણુ, શાન્ત તથા ભજનરસિક બની ગયો હતો. હવે તેના ભાઈને દયા આવી. તેણે ઉત્તમ, સ્વાદિષ્ઠ ખીર વગેરેનું ભોજન મોકલ્યું. રંતિદેવે કહ્યું–આ વિશ્વંભર ભગવાને જ મોકલ્યું છે. આ ભગવાનનો પ્રસાદ છે. આવ્યો છે તો લઈ લો. તે સ્ત્રી, પુત્રો વગેરેની સાથે ખાવા તૈયાર થયા; એટલામાં એક બ્રાહ્મણ આવ્યો. તેણે કહ્યું–રાજન્! હું બહુ ભૂખ્યો છું. તારું નામ સાંભળીને અહીં આવ્યો છું. રાજાએ તરત જ પોતાની કડક ભૂખની પણ પરવા ન કરતાં, પ્રસન્ન મનથી તે અતિથિને પોતાના ભાગનું થોડુંક ભોજન આપી દીધું. તે તૃપ્ત બનીને ચાલ્યો ગયો. બચેલો પ્રસાદ લેવા રાજા રંતિદેવ બેઠા. એટલામાં એક શૂદ્ર આવ્યો. તેણે ભોજનની યાચના કરી. તેને પણ રાજાએ થોડુંક આપ્યું. રાજા સમદર્શી હતા. તે સમજતા હતા કે–આ બધાં શ્રીનારાયણનાં જ સ્વરૂપો છે. શ્રીનારાયણ જ આપે છે, શ્રીનારાયણ જ લે છે. લેવા-દેવાવાળું બીજું કોઈ નથી; તે જ છે. જે કંઈ ખાવાનું બચ્યું

હતું, તેને ખાવા માટે તે તૈયાર થયા. એટલામાં એક અવધૂત વેષધારી બાવો આવ્યો. તેણે કહ્યું-રાજન્! હું બહુ ભૂખ્યો છું. ખાવાનું જોઇએ છે. રાજાએ બહુ પ્રેમપૂર્વક જે કંઇ ખાવાનું રહ્યું હતું, તે તેને આપી દીધું. હવે બાકી રહેલું પાણી પીવા માટે તે તૈયાર થયા. એટલામાં એક ચાંડાલ આવ્યો, પાણી માટે તે બૂમ પાડવા લાગ્યો. રંતિદેવે પાણી પણ તેને આપી દીધું, અને પોતાના હૃદયમાં ખૂબ પ્રસન્ન થયા.

રાજાએ જોયું કે તે ચાંડાલ જોતજોતામાં જ મહાતેજસ્વી દેવ બની ગયો. તેણે પોતાનો પરિચય આપતાં કહ્યું કે-હું ધર્મરાજ છું. રાજન્! તમે મહાન છો, તમારો સ્વાર્થત્યાગ ખૂબ જ પ્રશસ્ત છે. હું તમારા પર બહુ જ પ્રસન્ન થયો છું. તમે મારી પાસે યથેષ્ટ વરદાન માગો. રંતિદેવે કહ્યું-મારે બીજું કંઈ જોઈતું નથી. મારામાં ભગવાનની અનન્ય ભક્તિ બની રહે, તે જ મારી એકમાત્ર ચાહના છે. ધર્મરાજે રંતિદેવને ભક્તિનું વરદાન દેતાં કહ્યું-તમને જલ્દી ભગવાનનાં દર્શન થશે. તે આટલું કહેતા હતા, તેવામાં પેલો બ્રાહ્મણ ત્યાં આવ્યો. તરત જ તેણે વિષ્ણુરૂપ ધારણ કર્યું. હાથમાં શંખ, ચક્ર, ગદા તથા પદ્મ શોભી રહ્યાં હતાં. રંતિદેવ ભગવાનનું દિવ્ય, તેજોમય દર્શન કરીને પ્રેમવિહ્વલ બની ગયા. ભગવાને કહ્યું-રાજન્! તમારા ત્યાગ તથા પ્રેમની પરીક્ષા લેવા માટે મેં આ રૂપ ધારણ કર્યું હતું. હું તમારા પર ખૂબ જ પ્રસન્ન થયો છું. એટલામાં તે શૂદ્ર તથા અવધૂત પણ ત્યાં આવ્યા. શૂદ્ર બ્રહ્માજીના રૂપમાં તથા લટૂરિયાં-બાવા શંકરના રૂપમાં પ્રગટ થયા, બ્રહ્મા, વિષ્ણુ તથા મહેશ્વર-આ ત્રણ દેવનાં દર્શન કરીને રાજા ખૂબ સંતોષ પામ્યા. તેનાં ભૂખ-તરસ મટી ગયાં. શિથિલ, ચીમળાઇ ગયેલું શરીર વિકસિત તથા સબલ બની ગયું.

શ્રીભગવાને રાજા રન્તિ દેવનાં ત્યાગ, તિતિક્ષા તથા ભક્તિની ખૂબ પ્રશંસા કરી. અને પોતાનાં વરદ કરકમલ રાજાના માથા

પર મૂકીને આશીર્વાદ આપ્યા. શ્રીભગવાને કહ્યું–અમે ત્રણેય દેવો એક જ છીએ. અમારામાં વસ્તુતઃ કશો ભેદ નથી.

सृष्टिस्थित्यन्तकरणीं ब्रह्मविष्णुशिवात्मिकाम्।
स संज्ञां याति भगवान् एक एव जनार्दनः॥

અર્થાત્ હું એક જ જનાર્દન ભગવાન વિશ્વની સૃષ્ટિ, સ્થિતિ તથા લય કરવા માટે બ્રહ્મા, વિષ્ણુ તથા શિવના વિગ્રહોને તથા નામને ધારણ કરું છું.

રંતિદેવે કહ્યું–ભગવન્! સર્વમાં મને ભગવદ્-ભાવના છે. હું કોઈને ઓછો સમજતો નથી, સર્વને બરાબર બ્રહ્મરૂપ જ માનું છું, ભગવાને કહ્યું–ઠીક, મારું દર્શન અમોઘ છે. તેથી તું મારી પાસેથી યથેષ્ટ વરદાન માંગ. રંતિદેવે કહ્યું–પ્રભો! મને ધર્મરાજ શાશ્વત, અનન્ય ભક્તિનું વરદાન આપી ગયા છે. તેનાથી બીજું આપની કૃપા સિવાય મારે શું જોઇએ? છતાં શ્રી ભગવાને અતિપ્રેમ પ્રગટ કરતાં આગ્રહપૂર્વક કહ્યું–મારી પાસેથી કંઈક તો વરદાન માગવું જ પડશે. રંતિદેવે કહ્યું–ભગવન્! જ્યારે આપનો આટલો બધો આગ્રહ છે, તો હું એટલું જ માગું છું કે–મને સમસ્ત વિશ્વના સમસ્ત પ્રાણીઓનું દુઃખ આપવામાં આવે, બધાં પ્રાણીઓ દુઃખથી મુક્ત બનીને સુખી થઈ જાય, અને તેમનું દુઃખ હું એકલો જ ભોગવતો રહું. શ્રી ભગવાને કહ્યું–રાજન્! એ તો તમારી મહાન ઉદારતા છે, દયાલુતા છે, ઉત્કટ વિશ્વપ્રેમ છે. પરંતુ વિચાર કરીને જોવામાં આવે, તો દુઃખ કાંઇ ખરાબ વસ્તુ નથી. એ એક મોટો હિતકારી પદાર્થ છે. તેજ અભિમાન વગેરે દોષોને નાશ કરનાર તથા વૈરાગ્ય વગેરે સદ્ગુણોનું ઉદ્ભાસક છે. સંસારમાં જો દુઃખ ન રહે, તો કોઇને સંસારથી વૈરાગ્ય થાય નહિ, અને વૈરાગ્ય વિના ભક્તિ તથા જ્ઞાનનો પરમ લાભ પણ કોઈને ન થાય. તેથી મેં આ સંસારને અશાશ્વત તથા દુઃખાલય બનાવ્યો છે.

આ દુઃખરૂપી રજ્જુ ભગવદ્વિમુખ, સંસારાસક્ત, પ્રાણીઓને બળજબરીથી ભગવાન તરફ ખેંચે છે. માટે પ્રાણીઓનાં શુભાશુભ કર્મ તેમની સાથે જ રહેવા દેવાં જોઈએ. તેમને સર્વથા દુઃખરહિત બનાવવાથી તેમનું હિત નહિ, પણ અહિત જ થશે. વિશ્વની શાસન–વ્યવસ્થામાં પણ ગરબડ પેદા થશે. તેથી તમારે તેવું વરદાન માગવું તે ઉચિત નથી.

ભગવાનની એવી રહસ્યમય વાણી સાંભળીને રાજા રંતિદેવ બહુ જ પ્રસન્ન થયા. હાથ જોડીને ફરી પ્રણામ કરતાં તેમણે કહ્યું–ભગવન્! ત્યારે તો આપની સ્વતંત્ર, સુખની ખાણરૂપ, અનપાયિની (સુસ્થિર) ભક્તિનું જ વરદાન મને આપો. એ જ હું આપ–દયાસાગર ભગવાન પાસેથી માગું છું. 'તથાસ્તુ' કહીને શ્રી ભગવાન ત્યાંથી અંતર્ધાન થઈ ગયા.

આ પ્રકારે માનવ જ્યારે અભિમાન, દ્વેષ, ઘૃણા, વિષય-લાલસા વગેરે દુર્ગુણોને હઠાવીને દયા, ઉદારતા, પ્રેમ, વૈરાગ્ય, તિતિક્ષા વગેરે સદ્‌ગુણોને ધારણ કરીને, યજ્ઞાદિ પુણ્યકર્મ કરતો રહે છે, ત્યારે તે પુણ્યકર્મ દ્વારા પાપોનો નાશ કરીને, નિર્દ્વન્દ્વ બનીને, ભગવદ્–ભજન કરી શકે છે. અને તે તેની દ્વારા ભગવદ્–દર્શન વગેરે અનેકવિધ સિદ્ધિઓને પ્રાપ્ત કરીને, પોતાના માનવ જીવનને કૃતાર્થ, ધન્ય તથા યશસ્વી બનાવી દે છે.

(૨૯–૩૦)

जरामरणमोक्षाय, मामाश्रित्य यतन्ति ये।
ते ब्रह्म तद्विदुः कृत्स्न–मध्यात्मं कर्म चाखिलम्॥
साधिभूताधिदैवं मां, साधियज्ञं च ये विदुः।
प्रयाणकालेऽपि च मां, ते विदुर्युक्तचेतसः॥

इति श्रीमद्भगवद्गीतासूपनिषत्सु ब्रह्मविद्यायां योगशास्त्रे
श्रीकृष्णार्जुन–संवादे ज्ञानविज्ञानयोगो नाम
सप्तमोऽध्यायः समाप्तः।

જે લોકો જરા-મરણ વડે ઉપલક્ષિત સંસારનાં વિવિધ દુઃખોમાથી છૂટવા માટે મને-સગુણ, સાકાર ભગવાનને શરણે આવીને, નિષ્કામ કર્મ, ભગવદ્ ભજન વગેરે દ્વારા યત્ન કરે છે, તે લોકો નિષ્પાપ, શુદ્ધ અંતઃકરણવાળા, તથા નિર્દ્વન્દ્વ બનીને તત્ પદ વડે લક્ષ્ય બનેલા, વિશ્વના અધિષ્ઠાન, પરબ્રહ્મને જાણે છે, અને પૂર્ણ અધ્યાત્મ તત્ત્વ, 'ત્વં' પદથી લક્ષ્ય સચ્ચિતસુખ-રૂપ પ્રત્યગાત્માને પણ જાણે છે, અને ઉક્ત બંને લક્ષ્યોના જ્ઞાનનાં સાધનભૂત ગુરૂપસદન, શ્રવણ, મનન વગેરે રૂપ નિખિલ કર્મોને પણ જાણે છે. તથા અધિભૂત, અધિદૈવ, તથા અધિયજ્ઞ સહિત તે સૌના આત્મારૂપ મારું-પરબ્રહ્મનું જ ચિંતન કરે છે, અર્થાત્ જેવી રીતે વરાળ, જલ, બરફ-સર્વ વસ્તુતઃ જલ સ્વરૂપ જ છે; જલથી પૃથક્ નથી, તેવી રીતે અધિભૂત, અધિદૈવ, અધિયજ્ઞ વગેરે સર્વ કાંઈ વાસુદેવ સ્વરૂપ જ છે-એવો દૃઢ નિશ્ચય કરીને, જે સમાહિત ચિત્તવાળા બનીને, અનન્ય ભાવથી મારૂં ભજન કરતા રહે છે, તેઓ અતિવિકટ પ્રાણોત્ક્રમણ સમયે પણ નિર્દ્વન્દ્વ રહીને, મારામાં તન્મય બનીને, કૃતાર્થ-મુક્ત બની જાય છે.

ભગવાન શ્રીકૃષ્ણ અર્જુનને કહે છે કે-જે લોકો મારો એક માત્ર વિશ્વાસ રાખીને, મારા શરણનું ગ્રહણ કરીને, મોક્ષ માટે પ્રયત્ન કરે છે, તેમનો પ્રયત્ન મોડો વહેલો જરૂર સફળ થાય છે. અનિષ્ટ પદાર્થોથી મોક્ષ પ્રાપ્ત કરવાની અભિલાષા સર્વને સ્વાભાવિક રીતે જ હોય છે. જરા-મરણથી ઉપલક્ષિત, આ દુઃખાલય સંસાર જ અનિષ્ટ છે. સર્વ તેનાથી છૂટવા માગે છે. જેવી રીતે અગ્નિનો આશ્રય કરવાથી શીતળતા દૂર થઈ જાય છે, ભોજનથી ભૂખ મટી જાય છે, તેવી રીતે જે અજર-અમર ભગવાનનો આશ્રય લે છે, તે જરા-મરણથી આપોઆપ જ છૂટી જાય છે.

'જરા' નો એક કલ્પિત અર્થ છે 'થોડુ, ઓછું.' 'જરા આપજો, બહુ નહિ' ઈત્યાદિ લોકવ્યવહારમાં પણ તેની આ અર્થમાં પ્રસિદ્ધિ છે. આ જરા-અવસ્થામાં એક તૃષ્ણાને બાદ કરીએ, તો બીજું બધું જરા-જરા જ રહે છે. થોડું ખાવું, થોડું દેખવું, ઓછું સાંભળવું, ઓછું ચાલી શકવું વગેરે. પરંતુ જરાનો વાસ્તવિક અર્થ છે. 'जॄ वयोहानिः' ધાતુ પ્રમાણે ક્ષીણ અવસ્થા. શરીરના સમસ્ત અંગોમાં ક્ષીણતા, શિથિલતા આવવી, તેને 'જરા' કહે છે. તેથી ગુજરાતી ભાષામાં જરાને 'ઘડપન, ઘડપણ' કહે છે. તેમાં ઘટવાનું જ હોય છે, વધવાનું નહિ. એવી જરાને કોઇ ચાહતું નથી, પરંતુ સમય આવતાં અસંયમને કારણે પણ જરા બળજબરીથી આવે છે.

જુવાન લોકો બુઢ્ઢાઓની આ ક્ષીણ અવસ્થાને જોઈને હસે છે. પણ તેમણે યાદ રાખવું જોઈએ કે-આ જવાની પણ 'જવાની' છે, રહેવાની નથી. એક દિવસ તમારી પણ એવી જ દશા આવવાની છે. જેમ ખીલેલાં પુષ્પોને ચીમળાઈ જતાં જોઈને કળીઓ કહે છે-અમે બચી ગઈ, અમારી વારી ન આવી. પરંતુ તે તેમની મૂર્ખતા છે. આજ નહિ તો કાલે, તેમની વ રી આવશે જ. તેવી રીતે આજના જુવાનોને કાલે બુઢાપાની વારી આવશે. સર્વ દિવસ એક સરખા જતા નથી-એ અટલ નિયમ છે. આ સંસાર શું છે? વારી વારીનો ખેલ જ છે. બાળકોને કોઈક વખત જુવાન બનવાની વારી આવે છે, તો જુવાનોને બુઢ્ઢા બનવાની વારી આવે છે, તો બુઢ્ઢાઓને મરી જવાની વારી આવે છે. ઠંડી પછી ગરમીની વારી, તો ગરમી પછી ઠંડીની વારી આવે છે. જેવી રીતે દિવસ પછી રાત્રિની વારી આવે છે, તેવી રીતે સુખ પછી દુઃખની વારી આવે છે. આ પ્રકારે સર્વત્ર વારી-વારીનો ખેલ દુનિયામાં હરદમ નજરે પડે છે. 'દુનિયા'નો

અર્થ એ જ છે કે–જેવાં 'દ્વ' અર્થાત્ બે પરસ્પર–વિરોધી સુખ-દુઃખાદિ દ્વન્દ્વરૂપ 'નયો' ને આવવા–જવાનું બરાબર બન્યું રહે.

આ જરા–અવસ્થા અર્થાત્ વાળ સફેદ થઈ જવા, તે કાલ-દેવનું વૉરંટ છે. તેને પ્રાપ્ત કરીને મનુષ્યને ભગવાનના ચિંતનમાં અનન્ય પ્રેમથી લાગી જવું જોઈએ, સાવધાન બનવું જોઈએ. માટે જ મહાત્માઓએ કહ્યું છે કે–

'कृतान्तस्य दूती जरा कर्णमूले,
समागत्य वक्तीति लोकाः ! श्रृणुध्वम् ।
परस्त्री–परद्रव्य–वाञ्छां त्यजध्वं,
भजध्वं रमानाथपादारविन्दम् ॥

આ જરા મૃત્યુ દેવતાની દૂતી છે. કાનની પાસે આવીને તે લોકોને કહે છે કે–હે લોકો ! સાવધાન થઈને સાંભળો. તમને પકડવા માટે હું આવી છું. હજી કંઈક સમય બાકી છે. એટલામાં તમે તમારા બચાવ માટે કંઈક પ્રયત્ન કરી શકો છો. બચાવનો પ્રયત્ન એ છે કે–તમે પરસ્ત્રી તથા પરદ્રવ્યની પાપમય ઈચ્છાનો ત્યાગ કરો, અને રમાનાથ ભગવાન શ્રીવિષ્ણુનાં ચરણ-કમળનું પુનિત ભજન કરો. તેથી જ તમારું પરિત્રાણ થઈ શકશે

રાજર્ષિ ભર્તૃહરિએ કષ્ટપ્રદ જરાની દુર્દશાનું વર્ણન આ પ્રકારે કર્યું છે—

'गात्रं संकुचितं गतिर्विगलिता, भ्रष्टा च दन्तावलिः,
दृष्टिर्नश्यति वर्धते बधिरता, वक्त्रं च लालायते ।
वाक्यं नाद्रियते च बान्धवजनो भार्या न शुश्रूषते,
हा कष्टं पुरुषस्य जीर्णवयसः पुत्रोऽप्यमित्रायते ॥'

વૃદ્ધ મનુષ્યની એવી દુર્દશા થઈ જાય છે કે તેનાં સર્વ ગાત્રો સંકોચાઈ જાય છે. ચાલવું–ફરવું મુશ્કેલીથી બને છે.

દાંતની પંક્તિ એક પછી એક પડવા લાગે છે. દૃષ્ટિ મંદ થઈ જાય છે-સ્પષ્ટ જોઇ શકાતું નથી. બહેરાશ વધતી જાય છે. મુખમાંથી લાળ ટપકવા માંડે છે. બંધુજન વચનનો આદર નહિ, પણ અનાદર કરે છે. તેઓ કહે છે કે-આ બુઢ્ઢાની અક્કલ મારી ગઈ છે. વચમાં નકામો કાગડાની પેઠે 'કાઉં, કાઉં' કરે છે-ઇત્યાદિ વચનો દ્વારા તેનો તિરસ્કાર કરે છે સ્ત્રી પણ સેવા કરતી નથી. અને જે પુત્રોને પોતાના માનીને પાળ્યા-પોષ્યા, ભણાવ્યા-ગણાવ્યા, મોટા કર્યા, પરણાવ્યા, તેઓ પણ પારકા બની જાય છે, તથા શત્રુ સમાન પ્રતિકૂળ આચરણ કરે છે. વૃદ્ધ મનુષ્ય માટે આ બહુ જ કષ્ટની વાત છે. આ વિષયમાં એક ઉદાહરણ સાંભળો—

એક ધનવાન શેઠ હતા. વૃદ્ધ થવાથી તેમણે અનુરાગવશ પોતાની સમગ્ર સંપત્તિ પોતાના પાંચ પુત્રોમાં વહેંચી દીધી, અને પોતાને માટે કાંઈ પણ ન રાખ્યું. સર્વ પુત્રો પોતપોતાનો હિસ્સો લઈને જુદા રહેવા લાગ્યા. સર્વેએ મળીને એવો નિર્ણય કર્યો કે-પ્રત્યેક ભાઈ વારાફરતી એક એક દિવસ પિતાજીને ભોજન કરાવે. અને પોતાના ઘરમાં રાખે. આ પ્રકારે તે વૃદ્ધ પ્રતિદિન એકબીજાને ત્યાં આવવા-જવાથી પરેશાન થવા લાગ્યો. તેણે એક દિવસ સર્વ પુત્રોને બોલાવ્યા અને કહ્યું કે-મારા આરામ માટે તમે મને એક જુદો ઓરડો આપો. મારાથી હવે આવવા-જવાનું બનતું નથી. અને મને ત્યાં જ નિયમપૂર્વક ભોજન મળે તેવો પ્રબંધ કરો. છોકરાઓએ વૃદ્ધને માટે એક પુરાણી, રદ્દી ઝુંપડીની ગોઠવણ કરી, અને તેમાં એક તૂટેલા ખાટલા પર નકામું ગોદડું પાથરી આપ્યું. બિચારો બુઢ્ઢો ત્યાં રહેવા લાગ્યો. તેના પરિવારનું કોઈપણ માણસ તેની ખબર રાખતું નહતું, બરાબર સેવા કરતું નહતું. તે ચાહતો હતો કે—

મને ગરમ–ગરમ, નરમ, સરસ ખાવાનું સમયસર મળે, પરંતુ તેને મળતું હતું ઠંડું, નીરસ, બેસ્વાદ ખાવાનું, અને તે પણ અનિયમિત સમય પર. સંસારમાં સારામાં સારા છેકરાઓ પણ હોય છે, અને ખરાબમાં ખરાબ છોકરાઓ પણ હોય છે. પરંતુ સારા કરતાં ખરાબ વધારે મળે છે. તે છોકરાઓ પણ તેવા ખરાબ ક્વોલિટીના હતા.

કેટલીક વાર વહૂઓની બેદરકારીથી તેને બિલકુલ ભોજન મળતું જ નહતું. બિચારાને ચતુર્થીને દિવસે નિર્જલા એકાદશી કરવી પડતી હતી. તેથી જગદ્‌ગુરુ શંકરાચાર્ય મહારાજે ઠીક જ કહ્યું છે કે—

✓ यावद्वित्तोपार्जनसक्तः, तावन्निजपरिवारो रक्तः।
पश्चाज्जर्जरभूते देहे, वार्तां कोऽपि न पृच्छति गेहे॥
भज गोविन्दं भज गोविन्दं गोविन्दं भज मूढमते!॥

મનુષ્ય જ્યાં સુધી ધન કમાવામાં સમર્થ રહે છે, ત્યાં સુધી તેનો પરિવાર તેના પર સ્નેહ રાખે છે. પછી જ્યારે તે બુઢ્ઢો થઈ જાય છે, ધન કમાવાનું સામર્થ્ય તેનામાં રહેતું નથી, ધનથી રહિત–અકિંચન થઈ જાય છે, ત્યારે તેનો પરિવાર તેનાથી એવું તો મુખ ફેરવી લે છે કે–તેની સાથે વાત પણ કરવા તેઓ માગતા નથી. માટે હે મૂઢ મતિવાળા આદમી! આ સ્વાર્થી પરિવારની પાછળ પાગલ ન બનીશ, તેની આસક્તિ છોડ, અને તે ગોવિંદ પ્રભુના ભજનમાં ચિત્ત જોડ. એજ કલ્યાણનો માર્ગ છે.

એક દિવસ તે વૃદ્ધ બહુ જ દુઃખી બનીને બહુ મુશ્કેલીથી છોકરાઓ પાસે ગયો, અને તેણે કહ્યું કે–મને સમયસર ખાવાનું પણ મળતું નથી, અને તે રોજ મળતું નથી. તેનો તમે લોકો સારો પ્રબંધ કરો. ત્યારે છોકરાઓએ તેની ઝુંપડીમાં એક

ઘંટડી લટકાવી દીધી, અને કહ્યું કે–જ્યારે ભોજન ન આવે, ત્યારે તમારે આ ઘંટડી વગાડવી. હવે તો બુઢ્ઢાને રોજ ઘંટડી વગાડવી પડતી હતી, કારણ કે તે વગાડયા સિવાય ભોજન મળતું જ નહિ. એક દિવસ તેનો પૌત્ર ત્યાં રમવા આવી પહોંચ્યો, અને ઘંટડી લઈને ચાલ્યો ગયો. પરિણામે કેટલાયે દિવસ થયા, બુઢ્ઢાને ભોજન મળ્યું જ નહિ. બિચારો અશક્ત બુઢ્ઢો ખાટલા પર પડયોપડયો કરાંજવા લાગ્યો.

તે સમયે તે ગામમાં એક પુરાણા–જૂના વખતના મહાત્મા આવ્યા. તેઓ પહેલાં કેટલીક વખત ત્યાં આવતા હતા. તેમણે લોકોને તે વૃદ્ધ શેઠના સમાચાર પૂછયા. લોકોએ તેના દુઃખનો વૃત્તાન્ત કહી સંભળાવ્યો. મહાત્માએ કહ્યું–જ્યારે તે આટલો દુઃખી છે, અશક્ત છે, તો હું તેની પાસે જઈશ, અને તેને કંઈક આશ્વાસન આપીશ. મહાત્મા એક બે ગૃહસ્થોને લઈને તે વૃદ્ધની પાસે ગયા. ત્યાં મહાત્માને જોઈને તે બાળકની પેઠે રડી પડયો. મહાત્મા તેની એવી પ્રત્યક્ષ દુર્દશા જોઈને દયાર્દ્ર બની ગયા. તેમણે આશ્વાસનપૂર્વક તેને વૈરાગ્યનો તથા ભક્તિનો ઉપદેશ આપ્યો, અને કહ્યું:–ભાઈ, જો. આ સ્વાર્થી સંસારમાં કોઈ કોઈનું નથી. માટે તું આ મિથ્યા, અસાર સંસારની આસક્તિ છોડીને શ્રદ્ધાપૂર્વક રામનામનો અખંડ જપ જપ્યા કર. તેનાથી જ તારું ભલું થશે. અને કહ્યું કે–યુક્તિ વિના મુક્તિ મળતી નથી માટે જેવાની સાથે તેવો વ્યવહાર કરવો જોઈએ. માટે તારી સારી સેવા થાય, તે માટે હું એક સરસ યુક્તિ રચું છું. હા, તેને માટે જૂઠું બોલવું પડશે. વાત એ છે કે-હું તારી પાસે એક લાકડાની મજબુત પેટી, તેમાં પત્થરો ભરીને, તેને મજબૂત તાળું લગાવીને, તારી પાસે રાખું છું. પાસે થોડીક જમીન પણ ખોદાવું છું. તું તારા પરિવારના દેખતાં એવી ગપ લગાવજે કે–મેં મારું ગુપ્તરૂપે જમીનમાં

છુપાવીને રાખેલું, સોના, ચાંદી વગેરેનું, આશરે ૩૦-૪૦ હજાર રૂપીઆનું ધન કાઢીને, આ પેટીમાં રાખ્યું છે. મારા ગુરુદેવ હરિદ્વારથી આવ્યા છે. તેમની સાથે હું ગંગાતટ પર જઈશ, અને દાન, પુણ્ય તથા ભજન કરતો કરતો, મારું બાકીનું જીવન ત્યાં આનંદપૂર્વક વ્યતીત કરીશ, અને અંતે આ શરીરને શ્રી ગંગાજીમાં જ છોડીશ. પરંતુ તું ખૂબ સાવધાન રહેજે. પરિવારના લોકો તે પેટીને હાથ ન અરાડી શકે. ચાવી પણ તારા હાથમાંથી નીચે ન મૂકીશ. નહિ તો તારું બધું પોલ ખુલી જશે, સઘળો ગોળ છાણ થઈ જશે. આ કલ્પિત ધનની લાલચથી તારી ખૂબ સેવા થવા લાગશે. પણ તું રામનામને કદી પણ ભુલીશ નહિ.

એવું કહીને તે મહાત્મા ત્યાંથી ચાલ્યા ગયા. અને તેમણે વૃદ્ધની પાસે પેટીનો પ્રબંધ કરાવ્યો. હવે ઘરવાળાંને ખબર પડી કે બુઢ્ઢાની પાસે ધન-માલથી ભરેલી એક પેટી છે. કોઈ દિવસ તેની પાસે નહિ આવનાર છોકરાઓ તથા વહુઓ ત્યાં આવવા લાગ્યાં. તેઓ પૂછવા લાગ્યાં-આમાં શું છે? બુઢ્ઢાએ શિખવાડ્યા પ્રમાણે કહી સંભળાવ્યું. છોકરા કહેવા ;લાગ્યા-પિતાજી, વેપારમાં અમને બહુ નુકસાન ગયું છે. આપ આટલું બધું દાન પુણ્યમાં ન ખરચશો. અમે આપને અહીંથી કદાપિ જવા દેવાના નથી. આપ અહીંથી ચાલ્યા જાઓ, તો અમારી આબરૂ શી? છોકરાઓએ થોડેક દૂર જઈને પોતાની સ્ત્રીઓને કહ્યું-તમે શું જુવો છો? હવે તેની ખૂબ સેવા કરો. ગરમ, નરમ, સરસ, શીરોપૂરી ખવડાવો, નહિ તો આટલી મોટી રકમ અહીંથી ચાલી જશે, હવે તો વહૂઓ પણ બુઢ્ઢા શ્વશુરની ખૂબ ખુશામત કરવા લાગી. તેમણે સુંદર પથારી પાથરી દીધી, સારાં કપડાં પહેરાવ્યાં. દિવસમાં કેટલીયે વાર ખબર પૂછવા લાગી. અને

હમેશાં પેરા ભરવા લાગી. કે—પેટી લઈને બુઢ્ઢો ચાલ્યો ન જાય. બુઢ્ઢો પણ હાથમાં રામ-રામની માળા ફેરવતો-ફેરવતો, મનમાં હસતો-હસતો, કહેતો હતો કે—આ મારી સેવા નથી, પણ આ પેટીના ધનમાલની સેવા થઇ રહી છે. પહેલાં પણ હું જ હતો, જેને કોઇ પૂછતું પણ ન હતું. વાહરે! સ્વાર્થી દુનિયા! સાધુ મહાત્માએ ઠીક રંગ જમાવ્યો.

છોકરાઓએ જ્યારે રહેવાનો બહુ આગ્રહ કર્યો, ત્યારે બુઢ્ઢાએ સ્વીકાર્યું કે—ભલે, હવે હું નહિ જાઉં. પરંતુ તેના ઘર-વાળાં માણસો રાત દિવસ તેની જ વાટ જોતાં હતાં કે ક્યારે તે શીઘ્ર મરી જાય, અને જલદી પેટીનો માલ તેમને મળે. એક દિવસ તેની આંખો સદાને માટે બંધ થઈ ગઇ. શરીરમાંથી તેનું પ્રાણપંખેરૂં ઉડી ગયું. ત્યારે સર્વેએ મળીને પહેલું કામ પેટી ખોલવાનું જ કર્યું. ખોલીને જુવે છે તો તેમાં નથી સોનું, નથી ચાંદી, નથી રૂપીઆ, પણ પત્થર અને ઈંટ ભરેલાં છે! ત્યારે પરિવારનાં માણસો કપાળ કૂટીને બોલ્યાં—હાય, બુઢ્ઢો અમને છેતરી ગયો. ત્યારે કોઈ સમજદાર પડોસીએ તેમને કહ્યું—તમે તેને પહેલાં ઠગ્યો, તો હવે તેણે તમને ઠગ્યા. જમા—ઉધાર બરાબર થઇ ગયું. એકના પછી બીજાની વારી આવે જ છે.

આ પ્રકારે આ જરાવસ્થા પણ અનેકવિધ કષ્ટોનો હેતુ હોવાથી, સમજદાર વિવેકી માણુસ તેનાથી પણ છૂટવા જ ચાહે છે. મરણુ પણ આ પ્રમાણે કષ્ટદાયક જ છે. તેથી લોકો તેનું નામ પણ સાંભળવા ઇચ્છિતા નથી, તેની સામે નફરત કરે છે. મરણુથી સર્વ લોકો ભયભીત રહે છે. થોડીક વ્યાધિ થઈ જતાં લોકોને મોતનો કાળો પડછાયો સામે દેખાવા લાગે છે. વૈદ્યો તથા ડૅાકટરોને પોકારીને કહે છે કે—અમને બચાવો, અમને મોતથી બચાવો. પણ તેઓ તેમને મોતથી કેવી રીતે બચાવવાના

હતા ? તેઓ પોતે પોતાની જાતને જ બચાવી શકતા નથી તો! તેથી કોઈ વિદ્વાન મહાત્માએ કહ્યું છે કે—

'मृत्योर्बिभेषि किं मूढ ! भीतं मुञ्चति किं यमः।
अजातं नैव गृह्णाति कुरु यत्नमजन्मनि॥'

અરે મૂઢ, મૃત્યુથી શું બીવે છે ? ડરવાથી શું તને તે છોડી દેશે ? ડરને લઈને આંખો બંધ કરી દેવાથી કબૂતરને શું બિલ્લી છોડી દે છે ? માટે તું મોતથી ડર નહિ. ડરવાથી તું નહિ બચે. હા, તું અત્યારથી એવો પ્રયત્ન કર કે પુનર્જન્મ લેવો જ ન પડે. જ્યારે જન્મ જ નહિ થાય, ત્યારે મૃત્યુ કેવી રીતે આવશે? કારણ કે જન્મવાનને જ મૃત્યુ હોય છે, જન્મરહિતને મૃત્યુ હોતું જ નથી.

આ પ્રકારે જરા–મૃત્યુથી ઉપલક્ષિત, આ નામરૂપાત્મક, દૃશ્ય, જડ, પરિચ્છિન્ન, સંસાર જ દુઃખમય છે. માટે તું એમાંથી છૂટવાની પ્રબલ ઈચ્છા રાખ. અને તેમાંથી છૂટવાનો ઉપાય છે એક માત્ર અજર, અમર ભગવાનનો આશ્રય. જેવી રીતે શીતલ છાયાનો આશ્રય લેવાથી મનુષ્ય ગરમીના દુઃખમાંથી છૂટી જાય છે, તેવી રીતે જે માણસ ભગવાનનો આશ્રય લે છે, તે જન્મમરણના દુઃખમય ચક્રમાંથી સદાને માટે છૂટી જાય છે. તેથી વૈરાગ્ય માટે મૃત્યુની, તથા સુખશાન્તિ માટે શ્રી ભગવાનની સ્મૃતિ હરદમ રાખવી જોઈએ. માટે નારાયણસ્વામીએ કહ્યું છે કે—

दो बातनको भूल मत, जो चाहत कल्याण।
'नारायण' इक मौत को, दूजा श्रीभगवान।

માટે જ્યારે આપણે માળા લઈને ભગવાનનું ભજન કરવા બેસીએ, ત્યારે આપણે એવો વિચાર કરવો જોઈએ કે-મોત આપણી પાછળ જ ખડું છે. તે ગળું દબાવવા તૈયાર થઈને

ઊભું છે. કારણ કે મૃત્યુની ભાવનાથી આપણા હૃદયમાં વૈરાગ્ય ઉત્પન્ન થાય છે, સંસારની આસક્તિઓ દૂર થઈ જાય છે, અને ભજનમાં ચિત્ત એકાગ્ર બને છે.

એક આસ્તિક શ્રદ્ધાળુ માણસ હતો. તેને ભજન કરવાની બહુ જ લાલસા હતી. પણ સંસારની વિવિધ ઉપાધિઓને કારણે તે ભજન કરી શકતો નહિ. તે ચાહતો હતો કે–ક્યારે આ દુનિયાની જંજાળ છૂટે, અને હું એકાગ્રતાપૂર્વક ભજન કરી શકું. તે એક એકાંતવાસી, ભજનાનંદી, મહાત્માની પાસે આવતો–જતો હતો. તેણે એક દિવસ પોતાનો હાથ બતાવતાં તે મહાત્માને પૂછ્યું– ભગવન્! કૃપા કરીને મને કહો કે મારું મોત ક્યારે થવાનું છે. મહાત્માએ તેને પૂછ્યું–એવું પૂછવાનો તારો ઉદ્દેશ શો છે? તું શો અભિપ્રાય રાખીને આ પ્રશ્ન કરી રહ્યો છે? તેણે કહ્યું–મહારાજ, મને એવી ખબર પડી જાય કે હવે જીવનમાં માત્ર પાંચ જ વર્ષ બાકી રહ્યાં છે, તો હું બેત્રણ વર્ષમાં જીવનની જંજાળ સમેટી લઉં, મારા ખભા પરથી દુનિયાનો ભાર ઉતારી દઉં, અને બધાથી નિવૃત્ત બનીને એકાંતમાં બેસીને છેલ્લાં બે વર્ષમાં ભગવાનનું ખૂબ ભજન કરું.

તેની વાત સાંભળીને મહાત્માએ મનમાં વિચાર્યું કે–આ ભજન કરવા માટે પોતાનું આયુષ પૂછી રહ્યો છે. તેથી शुभस्य शीघ्रं कर्तव्यम्। અર્થાત્ શુભ કાર્યની શરૂઆત જલ્દી જ કરવી જોઈએ. તેમાં થોડો પણ વિલંબ કરવો, તે ઠીક નથી. એવું વિચારીને તેમણે તેનો હાથ જોઈ ને કહ્યું–ભાઈ, તારું આયુષ તો આજે રાતે જ સમાપ્ત થઈ જવાનું છે. એટલે મૃત્યુ આજે રાતે જ આવીને તારું ગળું દબાવી દેશે. તે સાંભળીને તે વિશ્વાસુ ભક્ત દિઙ્મૂઢ બની ગયો. સીધો ચૂપચાપ તે પોતાને ઘેર ગયો, અને પોતાનાં ઘરનાં માણસોને કહી દીધું કે–આજ હું ભોજન

વગેરે કંઈ કરવાનો નથી. અને હું એકાંતમાં ભજન કરવા બેસું છું. કોઈ મને બોલાવે નહિ, તેનો ખ્યાલ રાખજો. વાત તો ઠીક છે. જેને ફાંસીની સજા થઈ જાય, તેને ભોજન વગેરે કેવી રીતે રુચે? ન જ રુચે. તે ઓરડો બંધ કરીને, મૃત્યુના ભયથી સંસારથી તદ્દન ઉપરત થઈને, એકાગ્રતાપૂર્વક ભગવાનનું ભજન, કીર્તન, ધ્યાન કરવા લાગ્યો. ભગવાનની આરાધનામાં તે એટલો તન્મય થઈ ગયો, કે તેને ખબર જ ન પડી કે સવાર ક્યારે ઊગ્યું. તેણે આશ્ચર્યપૂર્વક જોયું કે–હું મરી ગયો નથી, પણ જીવિત છું. સત્યવાદી મહાત્માનું વચન જૂઠું કેમ પડ્યું?

તે નાહી–ધોઈને જલ્દીથી મહાત્મા પાસે ગયો. અભિવાદન કરીને તેમને કહેવા લાગ્યો–મહારાજ, આપનું કહેવું અનૃત થયું. મહાત્માએ કહ્યું-ભાઇ મેં તો સત્યજ કહ્યું હતું, પણ તું એ બતાવ કે રાત્રિભર તું શું કરતો બેઠો હતો. તેણે કહ્યું–ભગવન! ભગવાનના ચિંતન સિવાય હું બીજું શું કરી શકું? કારણ કે આપે મૃત્યુનો એવો તો ભય પેદા કરી દીધો હતો કે તેને લઇને હું આખી રાત જાગતો જ રહ્યો અને ભગવાનનું ભજન કરતો રહ્યો. પણ મહારાજ! ગઈ રાતે મારી ભજનમાં એવી તન્મયતા થઈ થઈ હતી કે મેં મારી આખી જીંદગીમાં એવી તન્મયતાનો અનુભવ કદી કર્યો નથી. મહાત્માજીએ તેના કથનનો અનુવાદ કરતાં કહ્યું-ઠીક. તું આખી રાત ભજનકીર્તન જ કરતો રહ્યો. જો ભાઈ, ભજનનું સામર્થ્ય બહુ મોટું હોય છે. ભજનના પ્રભાવથી મૃત્યુ પણ ભાગી જાય છે, એવું શાસ્ત્રોમાં કહ્યું છે. ગઈ રાતે તારા શરીરનું મૃત્યુ જરૂર આવ્યું હશે, પણ ભજનની શક્તિથી તે પાછું વળી ગયું હશે, હવે આવતી રાતે તું સાવધાન રહેજે, અને પ્રેમથી એકાગ્રતાપૂર્વક રાત દિવસ ભજન કરતો રહેજે. નહિ તો મોત તારા શરીરને સમાપ્ત કરી દેશે. માટે તું આળસ–

પ્રમાદ ત્યજીને, મૃત્યુના ભયથી મુક્ત થવા માટે સદા ભજન-કીર્તન કરતો રહેજે. તે ભક્ત શ્રદ્ધાળુ હતો. તેણે મહાત્માજીના આ યુક્તિયુક્ત વચનને સત્ય માન્યું, અને સંસારનાં આવશ્યક કાર્યો કરતાં છતાં પણ મનમાં વૈરાગ્ય રાખીને સદા ભગવદ્-ભજન કરતો રહ્યો. તાત્પર્ય એ છે કે-વૈરાગ્ય વિના ભજનની સિદ્ધિ થતી નથી, તેથી વૈરાગ્યની તથા ભગવદ્-ભજનની સિદ્ધિ માટે મૃત્યુની ભાવના અવશ્ય કરવી જોઈએ. તેથી કોઈ ભક્ત મહાત્માએ કેવું સુંદર કહ્યું :છે કે—

'बिनु बिराग उपजत नहीं श्रीकृष्ण-चरण अनुराग।
हरिपद रति-बिन जगतमें जीवन निपट-अभाग॥

મોક્ષ પ્રાપ્તિ માટે ઈશ્વર કૃપા તથા પુરુષાર્થ-બંનેની આવશ્યકતા છે. જે પુરુષાર્થી છે, તે ઈશ્વર કૃપા પ્રાપ્ત કરી શકે છે. આળસુ માણસ કદી પણ ઈશ્વરકૃપા પ્રાપ્ત કરી શકતો નથી. જે પોતે પોતાની સહાયતા કરતો નથી, સદા આળસમાં પડયો રહે છે, તેને ઈશ્વર પણ સહાયતા કરતા નથી. જે પોતે પોતાની સહાયતા કરવા તૈયાર થાય છે, ઈશ્વર પણ તે પુરુષાર્થીને સહાયતા કરવા માટે પહોંચી જાય છે. માટે જે કોઈપણ માણસ આળસ-પ્રમાદનો સર્વથા પરિત્યાગ કરીને સાધનલાભને માટે પ્રયત્ન કરતો રહે છે, અને સાથે સાથે એવી દૃઢ વિશ્વાસમય ભાવના રાખે છે કે-હુ ભગવાનનો છું, ભગવાન મારા છે, ભગવાનની સાથે જ મારો એકમાત્ર, પારમાર્થિક, શાશ્વત સંબંધ છે, તેથી હું ભગવાનથી કોઈ પણ પ્રકારે પૃથક્ થઈ શકતો નથી. આ દેહ, ગેહ વગેરે દુનિયા સાથે મારે કોઇ શાશ્વત સંબંધ નથી. તેની સાથે પહેલાં પણ સંબંધ ન હતો, અને પછી પણ નહિ રહે. મધ્યમાં કેવળ કાલ્પનિક સંબંધ ભાસી રહ્યો છે. પણ ભગવાનની સાથે મારો ત્રૈકાલિક, અવિચ્છિન્ન સંબંધ છે. તેથી

હું તે સાચા સંબંધી ભગવાનનો જ આશ્રિત બનું છું, મુમુક્ષુ બનીને તેમનું જ શરણ ગ્રહણ કરુ છું.

ભગવાન મને ઓળખે છે, તો હું ભગવાનને ઓળખું છું. હું ભગવાનને જોઈ રહ્યો છું, તો ભગવાન મને જોઈ રહ્યા છે. આ પ્રકારે જે અનન્ય પ્રેમ દ્વારા ભગવાનનું અવલંબન કરીને પ્રયત્ન કરતો રહે છે, તેજ ભગવત્કૃપા પ્રાપ્ત કરવાનો અધિકારી બને છે.

અને તે ભગવત્કૃપા દ્વારા ભગવાનના વાસ્તવિક પૂર્ણ સ્વરૂપને જાણે છે. અર્થાત્ તેને અધ્યાત્મ તત્ત્વના અનુભવ દ્વારા જ કૃત્સ્ન (સંપૂર્ણ) બ્રહ્મસ્વરૂપનું દર્શન થઈ જાય છે. જ્યાં સુધી માણુસ પોતાના પારમાર્થિક સ્વરૂપને જાણુતો નથી, ત્યાં સુધી તેને પરમાત્મ-તત્ત્વનું પણ જ્ઞાન કદાપિ થતું નથી. અર્થાત્ જ્યારે તે પોતાની જાતને વાસ્તવિકરૂપે ઓળખે છે, ત્યારે તેને બ્રહ્મ-તત્ત્વ ઓળખવામાં કંઈપણુ વિલંબ લાગતો નથી. આ વેદાન્ત શાસ્ત્રનો યથાર્થ સિદ્ધાંત છે. માટે કઠોપનિષદ્‌માં ધર્મરાજે નચિકેતાને કહ્યું છે કે—

‘यदेवेह तदमुत्रं, यदमुत्र तदन्विह।
मृत्योः स मृत्युमाप्नोति य इह नानेव पश्यति॥’

જે સ્વરૂપ આ જીવમાં છે, તેજ તે પરમેશ્વરમાં છે. જે પરમેશ્વરમાં છે, તેજ આ જીવમાં છે. અર્થાત્ પિંડ તથા બ્રહ્માંડમાં એક જ ચેતન આત્મા રહેલો છે. જે કોઈ તે અદ્વય તત્ત્વમાં ભેદદૃષ્ટિ રાખે છે, તે મૃત્યુ પરંપરાને પ્રાપ્ત થતો રહે છે.

જે આ શરીરનો અધિષ્ઠાતા છે, પ્રકાશક છે, સત્તા સ્ફૂર્તિ આપનાર છે, તે વસ્તુતઃ કૃત્સ્ન છે. અર્થાત્ શરીર વગેરે ઉપાધિથી પ્રયુક્ત પરિચ્છેદથી રહિત છે, પૂર્ણ છે, એવું જે

'ત્વં' પદનું લક્ષ્ય-અધ્યાત્મ તત્ત્વ છે, તે જ સમસ્ત જગતનું કારણ-માયાનું અધિષ્ઠાન, નિર્ગુણ, શુદ્ધ, પરબ્રહ્મ 'તત્' પદનું લક્ષ્ય છે. 'તે જ હું પરમાત્મા છું' એવું તે જ જાણે છે, જે અન્ય સર્વ જગત્‌થી વિમુખ બનીને, એકમાત્ર સગુણ-સાકાર ભગવાનને શરણે જઇને, ફલેચ્છારહિત, ભગવાનને સમર્પિત, વિહિત કર્મ કરતો રહે છે, અને તેની દ્વારા જે પોતાના અંતઃકરણને શુદ્ધ તથા એકાગ્ર બનાવે છે. અને તે લક્ષ્યવિષયક અપરોક્ષ જ્ઞાનનાં સાધનભૂત અશેષ કર્મને પણ તે પ્રાપ્ત કરી લે છે. શ્રોત્રિય, બ્રહ્મનિષ્ઠ ગુરુ પાસે ગમન, શ્રવણ, મનન તથા નિદિધ્યાસન-આ સાક્ષાત્કારનાં અવ્યવહિત (નિકટનાં) પ્રાપ્તવ્ય સાધનભૂત અંતરંગ કર્મ છે. તેથી **तद्विज्ञानार्थं स गुरुमेवाभिगच्छेत् श्रोत्रियं ब्रह्मनिष्ठम्।** (મું. ૧,૨.૧૨), **आत्मा वा अरे द्रष्टव्यः श्रोतव्यो मंतव्यो निदिध्यासितव्यः।** (બૃ. ઉ. ૪,૫,૬) ઈત્યાદિ શ્રુતિઓએ પણ એજ કર્મ બતાવ્યાં છે. અર્થાત્ તે પરમાર્થ તત્ત્વના વિજ્ઞાન માટે મુમુક્ષુએ ગુરુની પાસે જવું જોઇએ. યાજ્ઞવલ્ક્ય મહર્ષિ મૈત્રેયીને કહે છે કે-અરે મૈત્રેયી! આત્માનો સાક્ષાત્કાર અવશ્ય કરવો જોઇએ. અહીં આત્મદર્શન ઉદ્દેશ્ય છે તે ઉદ્દેશ્યની સિદ્ધિ માટે શ્રવણ, મનન, તથા નિદિધ્યાસનનું ક્રમશઃ વિધાન છે. માટે પુર્વોક્ત શ્રુતિ તથા પ્રકરણ અનુસાર પ્રત્યગભિન્ન બ્રહ્મતત્ત્વના વેદનની સાથે સાથે આ અખિલ કર્મો સાધનભૂત હોઈ શકે છે, અન્ય નહિ. માટે તેમને અવશ્ય કરવાં જોઈએ.

જેવી રીતે અધ્યાત્મતત્ત્વ હું ભગવાન છું, તેવી રીતે અધિભુત, અધિદૈવ તથા અધિયજ્ઞ પણ હું જ છું. જે ઉત્પત્તિ-વિનાશશીલ, નામરૂપાત્મક ભાવ છે (પદાર્થ છે), તે બધા અધિભૂત છે, તેઓ પણ **सर्वं खल्विदं ब्रह्म** (છાં. ઉ, ૩, ૧૪, ૧) શ્રુતિ અનુસાર બાધસામાનાધિકરણ્ય-ન્યાયે ભગવત્સ્વરૂપ જ છે. અને સમસ્ત

પ્રાણીઓનાં ઇન્દ્રિયાદિકરણોના અનુગ્રાહક, સૂર્યમંડળમાં રહેલા હિરણ્યગર્ભ છે તે અધિદેવ છે. તે પુરુષ છે, અર્થાત્ જેનાથી આ સર્વ જગત્ પરિપૂર્ણ છે, અથવા જે સમસ્ત શરીરરૂપી પુરીઓમાં રહે છે, તે પુરુષ કહેવાય છે. તે અધિદૈવ પુરુષ પણ હું ભગવાન જ છું. અને આ દેહમાં જે જીવનયજ્ઞ ચાલી રહ્યો છે, તેના અધિષ્ઠાતા વિષ્ણુ છે. તે જ અધિયજ્ઞ પુરુષ છે. તે પણ હું ભગવાન જ છું.

આઠમા અધ્યાયમાં અર્જુન શ્રી ભગવાનને 'किं तद् ब्रह्म किमध्यात्मं' ઇત્યાદિ વડે 'તે બ્રહ્મ શું છે? અધ્યાત્મ શું છે?' વગેરે પ્રશ્નો કરશે, અને ભગવાન સ્વયં તે પ્રશ્નોનો ઉત્તર આપશે. તેથી તેનું વિશદ વિવેચન આઠમા અધ્યાયમાં થશે. આ પ્રકારે જેઓ મારા સર્વાત્મ, અપરિચ્છિન્ન, પરિપૂર્ણ, અખંડૈકરસ, સ્વરૂપમાં ચિત્તને નિરુદ્ધ કરે છે, તે જ્ઞાનયોગીઓ અતિ વિકટ મરણકાળમાં પણ મને યથાવત્ જાણતા, નિર્દ્વન્દ્વ તથા અખંડ આનંદમગ્ન બન્યા રહે છે,

जा मरिवे को जग डरे, सो मेरे मन आनन्द।
कब मरिहौं कब पाइहौं पूरण-परमानन्द।

મરણનાં કષ્ટોથી તે કદાપિ વ્યથિત થતા નથી. એવા જ્ઞાનયોગી, અનન્ય ભક્ત, મહાપુરુષોનું જ જીવન ધન્ય છે, સાર્થક છે, શ્રધ્યેય છે તથા અનુકરણીય છે.

હરિ ૐ તત્સત્ શિવોઽહં શિવઃ સર્વમ્ ।

ઇતિ મુંબઈ–વિલાપાર્લા સંન્યાસાશ્રમમાં શ્રીમત્પરમહંસ પરિવ્રાજકાચાર્ય, શ્રોત્રિય, બ્રહ્મનિષ્ઠ, મહામંડળેશ્વર, પૂજ્યપાદ શ્રીસ્વામી મહેશ્વરાનંદજી મહારાજ દ્વારા અભિવ્યક્ત થયેલી, શ્રીમદ્ભગવદ્ગીતાના સપ્તમ અધ્યાયની 'પ્રવચન સુધા' સમાપ્ત.

परांकृतनमद्बन्धं परं ब्रह्म नराकृति ।
सौन्दर्यसारसर्वस्वं, वन्दे नन्दात्मजं महः ॥
नमः शिवाय निःशेषक्लेश–प्रशमशालिने ।
त्रिगुणग्रन्थिदुर्भेद्य — भवबन्धविभेदिने ॥
नमामि यामिनी–नाथलेखाऽलंकृतकुन्तलां ।
भवानीं भवसन्तापनिर्वापणसुधानदीम् ॥
भुजङ्गमाङ्गशायिने विहङ्गमाङ्गगामिने ।
तुरङ्गमाङ्गभेदिने, नमो रथाङ्गधारिणे ॥
ॐ पूर्णमदः पूर्णमिदं पूर्णात्पूर्णमुदच्यते ।
पूर्णस्य पूर्णमादाय, पूर्णमेवावशिष्यते ।

ॐ शान्तिः शान्तिः शान्तिः ।

श्रीरस्तु तुष्टिरस्तु पुष्टिरस्तु सर्वाभीष्टसिद्धिरस्तु ।

पराकृतनमद्बधं, परं ब्रह्म नराकृति ।
सौन्दर्यसारसर्वस्वं, बन्दे नन्दात्मजं महः ॥ १ ॥

નમન કરનાર ભક્તોના બંધનને દૂર કરનાર, નરની આકૃતિમાં પર બ્રહ્મરૂપ, સૌન્દર્યના સારનું સર્વસ્વ, નંદના પુત્ર શ્રીકૃષ્ણરૂપ તેજને હું વંદન કરૂં છું. (૧)

नमः शिवाय निःशेष–क्लेश–प्रशम–शालिने ।
त्रिगुणग्रन्थिदुर्भेद्य–भव–बन्ध–विभेदिने ॥ २ ॥

સઘળા પ્રકારના ક્લેશોને શાન્ત કરનાર, ત્રણ ગુણોની ગ્રન્થિરૂપ દુર્ભેદ્ય સંસારબંધને કાપી નાંખનાર શિવને નમસ્કાર હો. (૨)

नमामि यामिनीनाथ–लेखालंकृत–कुन्तलाम् ।
भवानी भवसन्ताप–निर्वापण–सुधानदीम् ॥ ३ ॥

ચન્દ્રની લેખા વડે જેમના કેશ સુશોભિત થયા છે તેવાં. સંસારના સંતાપોને શાન્ત કરવામાં અમૃત નદીરૂપ, પાર્વતીજીને હું નમું છું. (૩)

भुजङ्गमाङ्गशायिने विहंगमाङ्गधामिने ।
तुरङ्गमाङ्गभेदिने, नमो रथाङ्गधारिणे ॥ ४ ॥

શેષનાગ પર શયન કરનાર, ગરૂડ પર સવારી કરનાર, ઘોડાના શીર્ષને ભેદનાર, સુદર્શન ચક્રને ધારણ કરનાર વિષ્ણુ-ભગવાનને નમસ્કાર હો !

ॐ पूर्णमदः पूर्णमिदं पूर्णात्पूर्णमुदच्यते ।
पूर्णस्य पूर्णमादाय पूर्णमेवावशिष्यते ॥ ५ ॥

તે પૂર્ણ છે, આ પૂર્ણ છે, પૂર્ણમાંથી પૂર્ણ પ્રગટે છે. પૂર્ણમાંથી પૂર્ણ લઈએ તો પણ પૂર્ણ જ બાકી રહે છે. (૫)

ॐ शान्ति शान्ति शान्तिः ।

श्रीरस्तु तुष्टिरस्तु पुष्टिरस्तु सर्वाभीष्ट सिद्धिरस्तु ।

લક્ષ્મી પ્રાપ્ત થાઓ, સંતોષ પ્રાપ્ત થાઓ, પુષ્ટિ પ્રાપ્ત થાઓ, સર્વ અભીષ્ટ વસ્તુઓની સિદ્ધિ થાઓ.